ત્રીજી શ્રેણી)

પુસ્તક : ૧૧૪

મંગળવાર, તા.૧૫મી માર્ચ, ૨૦૦૫

ફાલ્ગુન ૨૪, ૧૯૨૬ શાકે

થી

ગુરૂવાર, તા.૧૭મી માર્ચ, ૨૦૦૫

ફાલ્ગુન ૨૬, ૧૯૨૬ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

સત્તાવાર અહેવાલ

અગિયારમી ગુજરાત વિધાનસભા

સાતમું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત

ગુજરાત વિધાનસભા સચિવાલય

ગાંધીનગર

# અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર |
|---|---|
| **મંગળવાર,, તા.૧૫મી માર્ચ, ૨૦૦૫ / ફાલ્ગુન ૨૪, ૧૯૨૬ શાકે** | |
| **પહેલી બેઠક** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૧ - ૨૩ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૨૪ - ૨૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૨૫ - ૪૩ |
| **બીજી બેઠક** | |
| તારાંકિત પ્રશ્નો | ૪૪ - ૫૨ |
| અતારાંકિત પ્રશ્નો | ૫૩ - ૧૨૩ |
| મંત્રીશ્રીનું નિવેદન | ૧૨૪ - ૧૨૪ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૧૨૫ - ૧૨૬ |
| વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત | ૧૨૭ - ૧૨૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ) | ૧૨૮ - ૧૩૮ |
| **બુધવાર, તા.૧૬મી માર્ચ, ૨૦૦૫ / ફાલ્ગુન ૨૫, ૧૯૨૬ શાકે** | |
| **પહેલી બેઠક** | |
| સંસદીય બાબતોના મંત્રશ્રીનો પ્રસ્તાવ | ૧૩૯ - ૧૩૯ |
| ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૦૫ | ૧૪૦ - ૧૪૭ |
| મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૫. | ૧૪૮ - ૧૫૯ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૧૬૦ - ૧૬૦ |
| મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૫. | ૧૬૧ - ૧૭૧ |
| ગુજરાત રાજવિત્તીય જવાબદારી વિધેયક, ૨૦૦૫. | ૧૭૨ - ૧૭૩ |
| **બીજી બેઠક** | |
| તારાંકિત પ્રશ્નો | ૧૭૪ - ૧૮૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૮૬ - ૩૮૮ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૩૮૯ - ૩૮૯ |
| વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત | ૩૯૦ - ૩૯૦ |
| ગુજરાત રાજવિત્તીય જવાબદારી વિધેયક, ૨૦૦૫ | ૩૯૧ - ૪૦૩ |
| ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટી વિધેયક, ૨૦૦૫ | ૪૦૪ - ૪૦૬ |
| ગુજરાત આવશ્યક ચીજવસ્તુ અને ઢોર (નિયંત્રણ) વિધેયક, ૨૦૦૫ | ૪૦૭ - ૪૦૮ |

# અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર |
|---|---|
| ગણપત યુનિવર્સિટી વિધેયક, ૨૦૦૫ | ૪૦૯ - ૪૧૩ |
| ગુજરાત મેરીટાઈમ બોર્ડ (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયક, ૨૦૦૫ | ૪૧૪ - ૪૧૬ |
| ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના, મંત્રીઓના અને વિરોધપ | ૪૧૭ - ૪૨૦ |
| મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૫૮ | ૪૨૧ - ૪૨૧ |
| ગુજરાતના અધિનિયમો રદ કરવા બાબત વિધેયક, ૨૦૦૫ | ૪૨૨ - ૪૨૨ |
| **ગુરૂવાર, તા.૧૭મી માર્ચ, ૨૦૦૫ / ફાલ્ગુન ૨૬, ૧૯૨૬ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૪૨૩ - ૪૩૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૪૩૬ - ૪૯૩ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | ૪૯૪ - ૪૯૫ |
| મુખ્યમંત્રીશ્રીનું નિવેદન(નિયમ-૪૪) | ૪૯૬ - ૪૯૭ |
| શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વિધેયક, ૨૦૦૫ | ૪૯૮ - ૫૦૮ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૫૦૯ - ૫૧૩ |
| શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વિધેયક, ૨૦૦૫ | ૫૧૪ - ૫૧૮ |
| સેન્ટર ફોર એન્વાયર્નમેન્ટલ પ્લાનિંગ એન્ડ ટેક્નૉલૉજી યુનિવર્સિટી વિધેયક, ૨૦૦૫ | ૫૧૯ - ૫૨૨ |
| ગુજરાત સ્થાનિક સત્તામંડળોને લગતા કાયદા (સુધારા) વિધેયક, ૨૦૦૫ | ૫૨૩ - ૫૨૯ |
| ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયક,૨૦૦૫ | ૫૩૦ - ૫૩૦ |
| ગુજરાત દીવાની કોર્ટ વિધેયક,૨૦૦૫ | ૫૩૧ - ૫૩૩ |
| અતારાંકિત પ્રશ્નો | ૫૩૪ - ૬૫૧ |
| સભ્યશ્રીઓનું હાજરી પત્રક | ૬૫૨ - ૬૫૭ |


***

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા.૧૫મી માર્ચ, ૨૦૦૫**
**ફાલ્ગુન ૨૪, ૧૯૨૬ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

**માગણી ક્રમાંક:૨૫**

**શ્રી મંગુભાઈ છ. પટેલ (વન અને પર્યાવરણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું વનને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૧,૧૭,૬૩,૩૪,૦૦૦ અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૮૭,૪૭,૫૦,૦૦૦ની માગણી ક્રમાંક ૨૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૨૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ કો. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૧ રજૂ કરું છું.
**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧ રજૂ કરવામાં આવી. :**

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૨ અને ૩ રજૂ કરું છું.
**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨ અને ૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૪ રજૂ કરું છું.
**કાપ દરખાસ્ત ક્રમાંક: ૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક: ૭ રજૂ કરું છું.
**કાપ દરખાસ્ત ક્રમાંક: ૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ મં. વારલી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરું છું.
**કાપ દરખાસ્ત ક્રમાંક: ૯ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક:૨૬**

**શ્રી મંગુભાઈ છ. પટેલ (વન અને પર્યાવરણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પર્યાવરણ સેવાને લગતી વન અને પર્યાવરણ વિભાગની મૂડી ખર્ચ માટે રૂપિયા ૪,૫૪,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક ૨૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૨૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી મનિષ ન. ગિલીટવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરું છું.
**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી બળદેવજી ચ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૦ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક : ૯૬**

**શ્રી મંગુભાઈ છ. પટેલ (સામાજિક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું આદિજાતિ વિસ્તાર પેટા યોજનાને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૧૦,૨૧,૭૧,૯૩,૦૦૦ તથા મૂડી ખર્ચ માટે રૂપિયા ૨,૯૦,૧૭,૬૪,૦૦૦ની માગણી ક્રમાંક ૯૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૯૬ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ** : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૬ રજૂ કરવામાં આવી.**

**ડો. અનિલ જોષિયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક: ૩૧, ૩૨, ૩૩ અને ૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૧, ૩૨, ૩૩ અને ૩૪ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૧૦૨**

**શ્રી ઈન્દ્રવિજયસિંહ જાડેજા** માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ સેવાને લગતી શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૪,૬૪,૮૩,૫૫,૦૦૦ અને મૂડી ખર્ચ માટે રૂા. ૫૦,૦૦૦ ની માગણી ક્રમાંક ૧૦૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૧૦૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૪૦ રજૂ કરવામાં આવી.**

સન ૨૦૦૫–૨૦૦૬ના વર્ષના અનુદાનો માટેની માગણીઓમાંની મંગળવાર, તા.૧૫–૩–૨૦૦૫ (પહેલી બેઠક) (અગિયારમો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.

| અ. નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | વન અને પર્યાવરણ વિભાગ<br>માગણી નં.૨૫ | | |
| ૧. | ૨૪૦૬–વન નિર્માણ... પ્રાણીજીવન<br>૦૧–વન નિર્માણ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૧–એફએસટી.૨૭ મુખ્ય વન સંરક્ષક<br>રૂા.૧,૦૬,૩૦,૦૦૦<br>અં.પ્ર.નં.૮ પા.નં.૧૧–૧૨ | ૧૦૦ | વન પેદાશોની ચોરી થતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી છનાભાઈ ચૌધરી |
| ૨. | ––"–– | ૧૦૦ | મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરીનો કથળેલો વહીવટ સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી માધુભાઈ ભોયે |
| ૩. | ––"–– | ૧૦૦ | ડાંગ અને સાપુતારાના જંગલોમાં વસતા આદિવાસીઓ ઉપર વન ખાતાના અધિકારીઓ/કર્મચારીઓ દ્વારા થતી કનડગતો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી માધુભાઈ ભોયે |
| ૪. | ––"–– | ૧૦૦ | ગીરના જંગલમાં વસતા માલધારીઓ અને | શ્રી પુંજાભાઈ વંશ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | અન્ય લોકોને વન ખાતાના અધિકારીઓ/કર્મચારીઓ ધ્વારા થતી ભારે હેરાનગતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| *૫. | ––"–– | ૧૦૦ | જંગલોનો વિનાશ કરનારા તત્વો સામે સખતાઈથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૬. | ૨૪૦૬–વન નિર્માણ... પ્રાણીજીવન<br>૦૨–પર્યાવરણલક્ષી .... પ્રાણીજીવન<br>૧૧૦–વન્ય પ્રાણી જીવન<br>૦૧–વન્ય .. સંરક્ષણ<br>રૂા.૫૩,૨૫,૦૦૦<br>અં.પ્ર.નં.૮પા.નં.૪૭–૪૮ | ૧૦૦ | જંગલી જાનવરોને વિદ્યુત વાયરો/ઝેર આપી મારી નંખાતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લક્ષ્મણભાઈ પટેલ |
| ૭. | ––"–– | ૧૦૦ | જંગલોમાં ખુલ્લા કૂવામાં પડી જવાના કારણે હિંસક પ્રાણીઓનાં થતાં મૃત્યુ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જેશાભાઈ બારડ |
| *૮. | ––"–– | ૧૦૦ | વન્ય પ્રાણીઓની વૃધ્ધિ થાય અને જંગલોમાં તેઓ સુરક્ષિત રહે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૯. | ––"–– | ૧૦૦ | હિંસક પ્રાણીઓને જંગલોમાં પૂરતો ખોરાક પૂરો ન પાડી માનવ વસ્તીમાં આવી જતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શંકરભાઈ વારલી |
| *૧૦. | ––"–– | ૧૦૦ | જંગલમાં વસતા હિંસક પ્રાણીઓને ઉનાળામાં પૂરતાં ખોરાક–પાણી મળી રહે તેવું આયોજન હાથ ધરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| *૧૧. | ૪૪૦૬–વન નિર્માણ ... જોગવાઈ<br>૦૧–વન નિર્માણ<br>૧૦૧–વન ... વિકાસ<br>૦૧–એફએસટી–૫.ભૂમિ ....વન વૃધ્ધિ.<br>રૂા.૨૦,૧૫,૮૫,૦૦૦<br>અં.પ્ર.નં.૮ પા.નં.૮૫ | ૧૦૦ | રાજયમાં પાંખા થયેલાં જંગલોનું પુનઃનિર્માણ કરી જંગલોનું વિસ્તરણ કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| *૧૨. | ૪૪૦૬–વન નિર્માણ ... જોગવાઈ<br>૦૧–વન નિર્માણ<br>૧૦૧–વન ... વિકાસ<br>૧૮ આધુનિક ... પધ્ધતિ<br>(અંશત કે.પુ.યો.)<br>રૂા.૬,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૮ પા.નં.૯૭ | ૧૦૦ | જંગલોમાં વારંવાર લાગતી આગને કારણે મૂલ્યવાન જંગલો નાશ પામતાં અટકાવવા આગ બુઝાવવાના અદ્યતન સાધનો ઉપલબ્ધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| | | **માગણી નં.૨૬** | | |
| ૧૩. | ૨૨૧૫–પાણી પુરવઠો અને સ્વચ્છતા<br>૦૨–ગટરવ્યવસ્થા અને સ્વચ્છતા<br>૧૦૬–વાયુ ... નિવારણ<br>રૂા.૩,૬૯,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૮ પા.નં.૭–૮ | ૧૦૦ | સુરત–વડોદરા જેવા મહાનગરોમાં ઝેરી કેમિકલ્સવાળા ઉદ્યોગો ધ્વારા ફેલાતા અતિ ખરાબ વાયુ પ્રદૂષણથી માનવીને બચાવવા માટે સંબંધિત ઉદ્યોગો સામે સખતાઈથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મનિષ ગિલીટવાલા |
| *૧૪. | ––"–– | ૧૦૦ | અમદાવાદમાંથી પસાર થતી ખારીકટ કેનાલમાં તથા ગટરોમાં છોડાતા ગંદા અને પ્રદૂષિત પાણીથી માનવજીવન સામે ઉભો | |

| | | | | |
|---|---|---|---|---|
| | | | થયેલો ગંભીર ખતરો નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | |
| *૧૫. | --"-- | ૧૦૦ | પ્લાસ્ટિકની થેલીઓનો વધતો જતો બેફામ ઉપયોગ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| *૧૬. | --"-- | ૧૦૦ | નદીઓના જળમાં વધતું જતું પ્રદૂષણ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| *૧૭. | --"-- | ૧૦૦ | જળશુધ્ધિકરણ માટે કેન્દ્ર સરકાર તરફથી ફાળવવામાં આવતી રકમનો યોગ્ય અને પૂરેપૂરો ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| *૧૮. | --"-- | ૧૦૦ | પ્રદૂષણ ફેલાવતા એકમોની ચકાસણી કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| *૧૯. | --"-- | ૧૦૦ | પર્યાવરણમાં વધતું જતું પ્રદૂષણ અટકાવવા સત્વરે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૦. | --"-- | ૧૦૦ | અમદાવાદ, દહેગામ અને કલોલ જેવા શહેરોના મોટા ઉદ્યોગો ધ્વારા ગંદુ અને પ્રદૂષિત પાણી ખુલ્લેઆમ છોડવામાં આવતાં જનતાના સ્વાસ્થ્ય ઉપર પડતી ગંભીર અને વિપરીત અસરો દૂર કરવામાં તંત્રની ઘોર નિષ્ફળતા. | શ્રી બળદેવજી ઠાકોર |
| *૨૧. | --"-- | ૧૦૦ | અમદાવાદ શહેરમાં સતત વધતું જતું વાયુ પ્રદૂષણ તાકીદે અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| *૨૨. | --"-- | ૧૦૦ | ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કથળેલી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા. | |
| *૨૩. | --"-- | ૧૦૦ | ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ધ્વારા દોષિત ઉદ્યોગો સામે પ્રદૂષણ નિયંત્રણધારા હેઠળની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | |
| | | **<u>સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ</u>**<br>**<u>માગણી નં.૯૬</u>** | | |
| *૨૪. | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૧-પ્રાથમિક શિક્ષણ<br>૭૯૬-આદિજાતિ ... યોજના<br>૦૪-ઈડીએન-૩-પ્રાથમિક<br>....સુધારણા<br>રૂા.૬,૨૭,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪(૩)<br>પા.નં.૨૫ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોની પ્રાથમિક શાળાઓમાં ભૌતિક સુવિધાઓ વધારવામાં તંત્રની ઉદાસીનતા. | |
| *૨૫. | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૧-પ્રાથમિક શિક્ષણ<br>૭૯૬-આદિજાતિ ... યોજના<br>૨૧-પ્રાથમિક ...મરામત<br>રૂા.૬૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪(૩)પા.નં.૨૬ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોની પ્રાથમિક શાળાઓના બિસ્માર વર્ગખંડોની મરામતમાં થતો અસહય વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૬. | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૨-માધ્યમિક શિક્ષણ<br>૭૯૬-આદિજાતિ ... યોજના<br>૦૨-ઈડીએન-૧૮<br>બિનસરકારી ... વિકાસ<br>રૂા.૬,૯૮,૨૫,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪(૩)<br>પા.નં.૩૦ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાંની બિનસરકારી માધ્યમિક શાળાઓને પૂરતી નાણાકીય સહાય આપી શિક્ષણનો વ્યાપ વધે તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ભારતીબેન પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| *૨૭. | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૦૩–યુનિવર્સિટી....શિક્ષણ<br>૭૯૬–આદિજાતિ ....યોજના<br>૦૪–ઈડીએન.૨૮–સરકારી<br>.... વિકાસ<br>રૂા.૩,૯૭,૧૫,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪(૩)<br>પા.નં.૩૫–૩૬ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં આવેલી સરકારી કોલેજોમાં વર્ગખંડો વધારી, વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવવામાં પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૨૮. | ૨૨૧૦–તબીબી...આરોગ્ય<br>૦૩–ગ્રામીણ..એલોપથી<br>૭૯૬–આદિજાતિ... યોજના<br>૦૩–એચએલટી–૪૧<br>પ્રાથમિક.... બનાવવો<br>રૂા.૧૮,૬૮,૯૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪(૩)<br>પા.નં.૬૯–૭૦ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા તેના પેટાકેન્દ્રોમાં દવા અને ડોકટરોની ઘટ નિવારી ગ્રામીણ આરોગ્યની કામગીરી સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા. | ડૉ.અનિલ જોષીયારા |
| *૨૯. | ૨૨૧૬–આવાસન<br>૦૩–ગ્રામીણ આવાસન<br>૭૯૬–આદિજાતિ ...યોજના<br>૧૨–એચઅસજી–૧૫–એ<br>ગરીબી ... યોજના<br>રૂા.૩૦,૬૨,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪(૩)પા.ન.૯૪ | ૧૦૦ | આદિજાતિ ગ્રામીણ વિસ્તારોમાં સરદાર પટેલ આવાસ યોજના હેઠળ ગરીબોને પૂરાં પાડવામાં આવેલ આવાસોનું થતું હલકી કક્ષાનું બાંધકામ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| *૩૦. | ૨૨૨૫–અનુસૂચિત...કલ્યાણ<br>૦૨–અનુસૂચિત...કલ્યાણ<br>૭૨–બીસીકે–૨૦૮–<br>અનુસૂચિત... સહાય<br>રૂા.૧,૩૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪(૩) પા.નં.૧૩૪ | ૧૦૦ | અનુસૂચિત આદિજાતિની કન્યાઓને લગ્ન પ્રસંગે મામેરા અને મંગળસૂત્ર અંગે નાણાકીય સહાય આપવામાં ચાલતી ભેદભાવભરી નીતિ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૧. | ૨૫૭૫–ખાસ... કાર્યક્રમો<br>૦૧–ડાંગ જિલ્લો<br>૨૭૭–શિક્ષણ<br>રૂા.૧,૦૦,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪(૩)<br>પા.નં.૩૦૭ થી ૩૦૯ | ૧૦૦ | ડાંગ જિલ્લામાં શિક્ષણની પૂરતી સુવિધાના અભાવે બાળકોના અભ્યાસ ઉપર પડતી ગંભીર અસરો નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી માધુભાઈ ભોયે |
| ૩૨. | ૨૫૭૫–ખાસ.. કાર્યક્રમો<br>૦૧–ડાંગ જિલ્લો<br>૨૮૦–તબીબી<br>રૂા.૧૨,૮૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪(૩)<br>પા.નં.૩૧૦–૩૧૧ | ૧૦૦ | ડાંગ જિલ્લામાં તબીબી ક્ષેત્રે પૂરતી સવલત/સ્ટાફ આપવામાં તેમજ ડુંગરાળ વિસ્તારમાં નજીકના સ્થળેથી સારવાર મળે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી માધુભાઈ ભોયે |
| ૩૩. | ૨૫૭૫–ખાસ...કાર્યક્રમો<br>૦૧–ડાંગ જિલ્લો<br>૩૦૬–નાની ...કામો<br>રૂા.૭૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪(૩)<br>પા.નં.૩૨૦–૩૨૧ | ૧૦૦ | ડાંગ જિલ્લામાં નાની સિંચાઈના કામો સત્વરે પૂર્ણ કરી સિંચાઈની વધુ સવલતો મળે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી માધુભાઈ ભોયે |
| ૩૪. | ૨૫૭૫–ખાસ..કાર્યક્રમો<br>૦૧–ડાંગ જિલ્લો<br>૩૩૭–માર્ગો અને પુલ<br>રૂા.૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪(૩) | ૧૦૦ | ડાંગ જિલ્લામાં બિસ્માર માર્ગોની મરામત માટે પૂરતી રકમ ફાળવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી માધુભાઈ ભોયે |

| | | | | |
|---|---|---|---|---|
| | પા.નં.૩૨૯–૩૩૦ | | | |
| **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**<br>**માગણી નં.૧૦૨** | | | | |
| *૩૫. | ૨૨૧૭–શહેરી વિકાસ<br>૦૩–નાના ...વિકાસ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૨–યુડીપી–૨૬–પ્રાદેશિક...<br>યોજના<br>રૂા.૧,૪૭,૬૫,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬ પા.ન.૨૪–૨૫ | ૧૦૦ | નાના અને મધ્યમ નગરોના પ્રાદેશિક નકશા અને વિકાસ નકશાની કામગીરી ઝડપી બનાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જગદીશ ઠાકોર<br>(ડૉ.સી.જે.ચાવડા) |
| *૩૬. | ૨૨૧૭–શહેરી વિકાસ<br>૦૩–નાના .... વિકાસ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૩–મુખ્ય નગર નિયોજક<br>રૂા.૯,૧૪,૮૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬ પા.નં.૨૬–૨૭ | ૧૦૦ | ભૂકંપગ્રસ્ત વિસ્તારોમાં બંધાનાર એપાર્ટમેન્ટોના પ્લાનની મંજૂરી આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | |
| *૩૭. | ૨૨૧૭–શહેરી વિકાસ<br>૦૪–ગંદા ... વિકાસ<br>૧૯૧–સ્થાનિક ... સહાય<br>રૂા.૨૦,૨૮,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬ પા.નં.૪૧ | ૧૦૦ | ગંદા વસવાટવાળા વિસ્તારોના વિકાસ માટે ઝડપી અને પૂરતી નાણાકીય સહાય પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા. | |
| *૩૮. | ––"–– | ૧૦૦ | ગંદા વસવાટ વિસ્તાર વિકાસ માટે ફાળવેલી સહાય સમયસર ચૂકવી વિકાસના કામો ખોરંભે પડતાં અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| *૩૯. | ૨૨૧૭–શહેરી વિકાસ<br>૮૦–અન્ય ખર્ચ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૧–નગરપાલિકા .. કચેરી<br>રૂા.૧,૪૧,૮૫,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬ પા.નં.૪૪–૪૫ | ૧૦૦ | નગરપાલિકાઓમાં નિયમોનો ભંગ કરી અપાતી નિમણૂકો રદ કરવામાં તંત્રની નિફષ્ળતા. | |
| ૪૦. | ૨૨૧૭–શહેરી વિકાસ<br>૮૦–સામાન્ય<br>૮૦૦–અન્ય ખર્ચ<br>૧૪–જકાત... અનુદાન<br>રૂા.૧,૯૦,૭૧,૯૪,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬ પા.નં.૫૧ | ૧૦૦ | જકાત નાબૂદીની સામે નગરપાલિકાઓને વળતર પેટે કરવાની થતી ચૂકવણીમાં થતો અસહય વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાબુભાઈ શાહ |

*** આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.**

**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વન અને પર્યાવરણ વિભાગની માગણી ક્રમાંક ૨૫, ૨૬, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણી ક્રમાંક ૯૬ અને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની માગણી ક્રમાંક ૧૦૨ લઈને આવ્યા છે, તેમાં હું મારા વિચારો વ્યકત કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર જાહેરાતની સરકાર છે, એવું સમગ્ર ગુજરાતની જનતા કહે છે, પરંતુ આ વિધાનસભામાં નાણાની ફાળવણી જે ઝડપથી કરવામાં આવે છે અને તરત જ આંકડા બદલવામાં આવે છે, આવું પહેલી વખત અહીં બન્યું એવું દેખાય છે. નાણા વિભાગ આદિવાસી કલ્યાણ માટેની જાહેરાત જુદી કરે, વન મંત્રી કે આદિજાતિ કલ્યાણના મંત્રી જુદી માગણી લાવે એટલે ખ્યાલ આવતો નથી કે આદિજાતિ માટે શું બજેટ ફાળવવામાં આવે છે? નાણામંત્રીશ્રીએ પોતાના અંદાજપત્ર પ્રવચનમાં કહ્યું હતું કે આદિવાસીઓના વિકાસ માટે ૧૩૮૭ કરોડ ૨૦૦૫-૦૬ માં ફાળવ્યા છે અને નયા ગુજરાત પેટર્ન માટે ૪૧૪ કરોડ ફાળવવાની જાહેરાત કરી હતી. આ વિધાનસભાગૃહમાં બજેટ વખતે આ વાત કરવામાં આવી હતી, પરંતુ આનો કોઈ જગ્યાએ ઉલ્લેખ બજેટના પેલામાં દેખાતો નથી, ત્યારે ફકત આ જાહેરાત કરીને ગૃહને ગેરમાર્ગે દોરવાનું કામ સરકારે કર્યુ છે.

વાસ્તવિક સ્થિતિ જોતાં ગુજરાતનો જે વિસ્તાર છે એની સરખામણીમાં જોતાં ૧૭.૫૭ ટકા માટે સરકાર વાત જરૂર કરે છે, પણ ટોટલ આયોજન ૩૫૭૮૯ કરોડ છે તેની સામે પી.એસ.પી. માટે ૯૭૨ કરોડ ૫૦ લાખ અને ગુજરાત પેટર્ન માટે ૨૬૨ કરોડ મળી ટોટલ ૧૨૩૫ કરોડ એટલે કે ટોટલ બજેટના ૩.૪૫ ટકા જેટલા થાય છે. આમ સરકાર જાહેરાત કરે છે, પણ વાસ્તવિક રીતે જે ગ્રાન્ટ ફાળવવી જોઈએ તે ફાળવતી નથી.

નયા ગુજરાત પેટર્ન માટે આ સરકારે ખૂબ વખાણ કર્યા, જાહેરાત પણ ખૂબ કરી પણ છેલ્લા ૬ વર્ષના આંકડા દર્શાવે છે કે આ સરકાર કેટલી જાગૃત છે? ૧૯૯૯ થી ૨૦૦૪-૦૫ સુધી છેલ્લા ૬ વર્ષમાં ૧૩૭૬ કરોડ ફાળવ્યા હતા, બજેટમાં જોગવાઈ કરી હતી. એની સામે ૯૯૫ કરોડ જેટલી જ ગ્રાન્ટ ફાળવી. એટલે ૩૮૧ કરોડની ગ્રાન્ટ તો નાણા વિભાગે ફાળવી જ નહીં. જે ફાળવ્યા હતા, એમાંથી ખર્ચ કર્યો તે ૮૪૮ કરોડ એટલે ૫૨૭ કરોડ રૂપિયા જેટલા તો આ વિભાગે વાપર્યા જ નથી. આનાથી ખ્યાલ આવશે કે આદિજાતિ વિસ્તારોમાં વિકાસના કામો કેવી રીતે થઈ રહ્યાં છે? સરકાર બજેટ વખતે જાહેરાતો કરે છે પણ વાસ્તવિક રીતે જોગવાઈ કરવામાં આવતી નથી. ગુજરાત પેટર્નમાં પણ ૨૦ થી ૩૦ ટકા કરતાં ઓછી ગ્રાન્ટ વપરાઈ હોય એવું બન્યું છે. વન વિભાગમાં ૫ કરોડ, ઉર્જા વિભાગમાં ૧૧ કરોડ ૭૦ લાખ બચત રહેવા પામી છે. કૃષિ અને પશુપાલન અને ભૂમિ માટે આદિવાસી વિસ્તાર ડુંગરાળ છે અને જમીનના લેવલીંગની જરૂર છે ત્યારે એ વિસ્તારમાં પણ પૈસા વપરાતા નથી. ઉદ્યોગ ખાણ અને સામાજીક શિક્ષણમાં ૧૬ કરોડ, તબીબી જાહેર આરોગ્યમાં ૮ કરોડ, આવાસ માટે, રહેવાની લોકોને તકલીફ છે ત્યારે તેમાં પણ ૧૪.૫૦ કરોડ જેટલા વપરાયા વગરના પડી રહ્યા છે.

સિંચાઈ ક્ષેત્રે આદિવાસી વિસ્તારમાં જયારે ખાસ જરૂરિયાત છે અને નર્મદા અને કડાણાનું પાણી મળતું નથી ત્યારે આવા વિસ્તારામાં સિંચાઈની જરૂરિયાત છે ત્યારે ૪૫ કરોડ રૂપિયા ન્યુ ગુજરાત પેટર્નમાં વપરાયા વિનાના પડી રહયા છે, રસ્તા અને પૂલની વાત કરું તો રસ્તાઓ ઘણા જ ખરાબ છે ત્યારે પણ ૪ કરોડ રૂપિયા વપરાયા વિનાના પડી રહયા છે અને પાણી પુરવઠામાં ૧૮ કરોડ રૂપિયા વપરાયા વિનાના પડી રહયા છે. એમાં સામાજિક સેવાઓમાં ૫૭ કરોડ રૂપિયા અને આર્થિક સેવામાં ૯૬ કરોડ રૂપિયા વપરાયા વિનાના પડી રહયા છે. ગઈ વખતે ૨૦૦૪-૦૫ ના બજેટમાં ન્યુ ગુજરાત પેટર્નમાં ૨૧૧ કરોડ રૂપિયાની જાહેરાત કરી હતી અને બજેટ ફાળવણી વખતે ૧૩૧.૯૩ લાખની જાહેરાત કરી હતી અને ડિસેમ્બર સુધીમાં ૭૪ કરોડ રૂપિયા વાપરવાની વાત કરી હતી. આમાંથી જે ગુજરાત પેટર્નમાંથી ૮૦ કરોડ કયારે અને કઈ રીતે જતા રહયા એ ખબર પડતી નથી. સુજલામ્ સુફલામ્‌માં લઈ જવાની વાત કરી, પરંતુ મારે કહેવું છે કે જે પ્રભારી મંત્રીશ્રીના દરેક જિલ્લામાં તેમના અધ્યક્ષપણા નીચે કામ નાની સિંચાઈ ક્ષેત્રે મંજૂર કરે છે અને એ મંજૂર કર્યા પછી એવાં મોટાભાગનાં કામ રખડી ગયાં છે. અમારા માનનીય ધારાસભ્યશ્રીઓએ ખૂબ રજૂઆત કરી અને એના લીધે થોડુંક સરકારે સાંભળ્યું અને એમાંથી ૮૦ કરોડમાંથી ૪૪ કરોડ પરત આપવાની વાત કરી છે અને એ પણ ફકત કાગળ ઉપર જ છે અને હજુસુધી કોઈ નિર્ણય થયો હોય તેમ દેખાતું નથી. આજે માર્ચ થઈ ગયો અને હજુ પણ એ કામ ચાલુ થઈ શકયાં નથી. એટલે મારે કહેવું છે કે આ સરકાર આદિવાસી વિસ્તારમાં પૈસા ફાળવતી નથી અને જો ફાળવે છે તો એ ફાળવેલા પૈસા વપરાતા નથી અને આ ૩૬ કરોડ રૂપિયા બાકી રહયા એનો આજની તારીખે કોઈ જ પત્તો નથી. આમાં આ સરકારે જે કાંઈ જોગવાઈ કરી છે એમાં એ વાપરવાનું કોઈ જ નામનિશાન દેખાતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સ્તરનું આયોજન બોર્ડ છે એમાં આની સમીક્ષા પણ થતી હોય છે અને કેવી રીતે આયોજન કરવું એની પણ વાત થતી હોય છે, પરંતુ છેલ્લા ૨ાા વર્ષથી આની એકપણ મિટિંગ થઈ હોય એમ લાગતું નથી. નીતિવિષયક નિર્ણય લેવા માટે આદિજાતિ સલાહકાર પરિષદ છે એના માટે છેલ્લા ૨ાા વર્ષમાં એક વખત મિટિંગ થઈ હતી અને નીતિ વિષયક નિર્ણયના બદલે ફકતને ફકત પોતાના વિસ્તારનાં કામની વાત થઈ હતી અને આખી મિટિંગ વિખરાઈ ગઈ હતી.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય શિક્ષણની વાત કરીએ તો ૨૦૦૪-૦૫ ના વર્ષમાં પ્લાન અને નોન પ્લાનમાં ૭૯ કરોડ ૫૩ લાખ રૂપિયાનો અંદાજ કરવામાં આવ્યો હતો, ૨૦૦૫-૦૬ માં ૭૧ કરોડ ૫૭ લાખ રૂપિયાનો અંદાજ કરવામાં આવેલ છે અને આ રીતે એમાં ૮ કરોડ રૂપિયા ઓછા ફાળવ્યા છે. પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક શિક્ષણ માટે ૨૦૦૩-૦૪ માં ૪૨ કરોડ રપિયા ફાળવ્યા હતા, એની સામે ૨૦૦૫-૦૬ માં ૨૫ કરોડ રૂપિયા જ ફાળવ્યા છે અને એમાં ૧૭ કરોડ રૂપિયા ઓછા ફાળવ્યા છે. આદિવાસી વિસ્તારમાં પૂરતા ઓરડા નથી, બાળકોની શિષ્યવૃત્તિ મળતી નથી અને વિદ્યા સહાયકની જે ઘટ છે એ સરકાર ૧૦ હજારની ઘટની વાત કરે છે તો એમાં સૌથી વધારે ઘટ આદિવાસી વિસ્તારની છે. છેલ્લા બે વર્ષમાં જે ભરતી થઈ છે શિક્ષકોની એમાં ૧૧૫ જેટલા શિક્ષકો જ આ આદિવાસી વિસ્તારમાં ભર્યા છે, આદિવાસી વિસ્તારમાં વર્ગખંડો નિભાવવાનું, મરામતનું એ બધું જ બાકી છે. ખાસ કરીને સરકાર જાહેરાત કરે છે અને ગઈ વખતે એક માનનીય સભ્યશ્રીએ વાત કરી હતી કે અમારે એક વર્ગમાં ૧ થી ૬ ધોરણના છોકરાઓ હોય છે અને એક બાજુ એક ધોરણના છોકરાઓને ભણાવે અને બીજી તરફ ખુરશી ફેરવીને બીજા ધોરણના બાળકોને ભણાવે અને પછી ત્રીજી તરફ ખુરશી ફેરવીને ત્રીજા ધોરણના બાળકોને ભણાવે એવી સ્થિતિની વાત કરી હતી. ૧૯૮૦નો જે કાયદો છે એ

કાયદામાં પણ કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી અને બાળકોની સંખ્યાના ધોરણે જ શિક્ષકો ફાળવાય છે અને અમારા વિસ્તારમાં હજુ પણ માનનીય મંત્રીશ્રી તપાસ કરે કે એક ધોરણમાં ૨ થી ૩ ધોરણના છોકરાઓ એક વર્ગખંડમાં બેસે છે અને એક વર્ગ દીઠ એક શિક્ષકની અને એક વર્ગખંડની જે જાહેરાત કરી હતી એ આદિજાતિ વિસ્તારમાં એનો કોઈ અમલ થયો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આજે કોમ્પ્યુટરના શિક્ષણની ખૂબ જરૂરિયાત છે અને સરકારે ગયા વખતે ૪ કરોડ ૩૭ લાખ રૂપિયાની જોગવાઈ કરી હતી, પરંતુ ૪ કરોડ ૩૭ લાખ રૂપિયા વપરાયા નહીં અને આ વખતે જયારે મને લાગે છે કે મળશે ત્યારે એના માટેનું કોઈ આયોજન બજેટમાં કર્યુ નથી. સૈનિક શાળા માટે છેલ્લા ત્રણ વર્ષથી ૨ કરોડ રૂપિયા ફાળવવામાં આવે છે, એ સૈનિક શાળા શામળાજી ખાતે ચાલુ કરવાની હતી એ ચાલુ થઈ નથી અને હમણાં જ ગૃહમાં વાત કરી હતી કે આ શાળા ચાલુ થઈ ગઈ છે, પરંતુ વાસ્તવમાં આદર્શ નિવાસી શાળા ચાલુ હતી એમાં જ એ બાળકોને બેસાડાય છે, મૂળ જગ્યા એ તો એમના એમ જ છે એમાં કોઈપણ જાતનું ડેવલપમેન્ટ થયું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા આદિજાતિ વિસ્તારમાં બાળકોની નોંધણી કરવા માટે બાળકો વધારે આવે એના માટે. ખૂબ જાહેરાતો કરી, શાળા પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યા અને એનાથી શાળામાં બાળકોની પ્રવેશ સંખ્યામાં વધારો પણ થયો છે, પરંતુ બજેટમાં જોગવાઈ ૨૦૦૪-૦૫ માં ૭ કરોડ ૪૮ લાખ હતી અને ૨૦૦૫-૦૬ ના વર્ષમાં ૫ કરોડ ૯૮ લાખની એટલે કે એમાં ૧ાા કરોડ રૂપિયા ઓછા ફાળવવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિસ્તારમાં બંધારણની કલમ ૨૭૫(૧) હેઠળ પ્રાથમિક શાળાના ઓરડા, રસ્તાના કામ, આદર્શ નિવાસી શાળા, પ્રાથમિક શાળામાં સેનિટેશન, પીવાના પાણીની સગવડ, તેના માટે ૧૯૯૭ થી ૨૦૦૪-૦૫ સુધીમાં ૧૧૯.૮૯ લાખ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા, તેની સામે ફકત ૬૧ કરોડ ૪૪ લાખ રૂપિયા વપરાયા છે. ૫૧ ટકા જ ખર્ચ થયો છે. ૨૦૦૪-૦૫ માં ૧૭ કરોડ ૮૯ લાખ રૂપિયા ફાળવ્યા છે, તેની સામે ડિસેમ્બર સુધીમાં ફકત ૬ કરોડ રૂપિયા જ વાપરવામાં આવ્યા છે. વિદ્યા સાધના યોજનામાં સાઈકલ આપવા માટે સરકારે જાહેરાતો કરી છે. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે ગામમાં સ્કૂલ હોય તો સાઈકલ આપવાનું સરકારે બંધ કર્યુ છે, હવે અમારે ત્યાં ગામડાંમાં પાંચ થી છ કિલો મિટર સુધી અંદરના વિસ્તારોમાં જે ગામ હોય ત્યાં ચાલીને જવું પડે છે, સરકારે જયારે જાહેરાત કરી હતી ત્યારે સારી લાગતી હતી પણ આજે કેમ બંધ કરવામાં આવી? ૨૦૦૩-૦૪ માં પાંચ કરોડ અને ૪૦ લાખની જોગવાઈ કરવામાં આવી હતી તે હવે ૨૦૦૫-૦૬માં ૩ કરોડની જ જોગવાઈ કરવામાં આવી છે તો આ રીતે ૪૪ ટકાનો ઘટાડો કર્યો છે. એટલે ફકત જાહેરાતો કરે છે અને વાસ્તવિક પરિસ્થિતિ જોયા વગર નિર્ણય લઈ લે છે. સાઈકલ આપવાની બંધ કરી છે, આદિમ જૂથના વિદ્યાર્થીઓને શિક્ષણની તક આપવા માટે ૨૦૦૩-૦૪ માં ૮ કરોડ ૩૮ લાખની જોગવાઈ કરી હતી તેની સામે ૨૦૦૫-૦૬માં ૬ કરોડ ૭૫ લાખની જોગવાઈ કરી છે. એટલે બે કરોડ ઓછા ફાળવામાં આવ્યા છે. ધોરણ આઠ, નવ અને દસમાં અંગ્રેજી, ગણિત અને વિજ્ઞાન શીખવા માટે શિક્ષણ કેન્દ્રો શરૂ કરવા માટે ૨૦૦૪-૦૫ માં સાડા પંદર લાખની જોગવાઈ કરી હતી અને આ વર્ષે ૧૩ લાખની જ જોગવાઈ કરી છે. આશ્રમ શાળાઓ ૪૫૬ જેટલી છે અને ઉત્તર બુનિયાદી આશ્રમ શાળાઓ ૮૯ છે. તેમાં ૨૦૦૩-૨૦૦૪માં ૭૦ કરોડની જોગવાઈ હતી તેની સામે ૨૦૦૫-૦૬માં ૬૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. એટલે સાત કરોડ જેટલા ઓછા પૈસા ફાળવવામાં આવ્યા છે. ભૂમિહીન ખેત મજૂરોના બાળકોને કપડાં માટે જે આયોજન કર્યુ હતું, તેમાં ૨૦૦૪-૦૫ માં જે સુધારેલા અંદાજો હતા તે મુજબ સાડા અઢાર કરોડનો અંદાજ હતો તેની સામે ફકત ૧૧ કરોડ જ ફાળવવામાં આવ્યા છે. આમ અઢી કરોડ જેટલો ઘટાડો કર્યો છે. અનુસૂચિત જનજાતિના કામદારો માટે રેન બસેરા માટે જે સગવડ કરી હતી તેમાં ૧૯૯૭-૯૮ થી આ વાત ચાલે છે, અને દર વર્ષે દસ લાખની ફાળવણી કરવામાં આવે છે. એમાં કોઈ લાભ લેતું નથી અને આ પૈસા યોગ્ય રીતે વપરાતા નહીં હોય તેવું લાગે છે.

આદિજાતિ વિસ્તારમાં નાની સિંચાઈ હેઠળ ૨૦૦૩-૦૪ માં ૬૯ કરોડ ૪૦ લાખ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી હતી. તેની સામે ૨૦૦૫-૦૬ માં ફકત ૪૧ કરોડ રૂપિયા જ ફાળવવામાં આવ્યા છે. એટલે ૨૮ કરોડ રૂપિયા ઓછા ફાળવવામાં આવેલ છે. આદિજાતિ વિસ્તારમાં પાણીની ખાસ જરૂરિયાત છે ત્યારે સરકારે આટલો મોટો ઘટાડો, ૨૮ કરોડ જેટલો ઘટાડો કર્યો છે. આપણે જાણીએ છીએ કે આ વિસ્તારોમાં ચેક ડેમો માટે ૮૦-૨૦ ની યોજના કરી છે. પાણી માટેની નવી યોજના કરી છે અને હેન્ડ પંપ જોઈતા હોય તો બે હજાર, ચાર હજાર કે પાંચ હજાર રૂપિયા ભરે તો પાણી મળે છે, પીવાના પાણી માટેના પૈસા ભરે તો જ આ સરકાર પાણીની સગવડ આપે તેવું છે અને ૮૦-૨૦ની યોજનામાં લોકો પૈસા ભરી શકતા નથી અને આદિજાતિ વિસ્તારોમાં કામો થઈ શકતા નથી તે આ સરકાર જાણે છે ત્યારે આ યોજના રદ કરવા માટે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. આદિવાસી વિસ્તારોમાં પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે માટે વિના મૂલ્યે હેન્ડપંપ પૂરા પાડવા માટે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

ઉર્જા વિભાગમાં સરકાર ૨૪ કલાક લાઈટની જાહેરાતો કરે છે પણ આદિજાતિ વિસ્તારોમાં આજે પણ આદિવાસીઓના ૩૦ ટકા જેટલા ઘરોમાં વીજળીકરણ કરવાનું બાકી છે. ગયા વર્ષે જે બજેટ ફાળવવામાં આવ્યું હતું તે ૧૦૯ કરોડ ૫૧ લાખનું બજેટ હતું તે આ વખતે ૨૦૦૫-૦૬ માં ૭૭ કરોડ અને ૯૨ લાખ રૂપિયા ફાળવવામાં આવ્યું છે એટલે ૩૧ કરોડ જેટલું ઓછું બજેટ ફાળવવામાં આવ્યું છે. કેન્દ્ર સરકાર તરફથી ૪૨ કરોડ રૂપિયા પેટાપરાના વીજળીકરણ માટે મળેલા એમાં ૧૨૦૦ પેટા પરાનું વીજળીકરણ ટર્ન કી પ્રોજેક્ટ હેઠળ કરવાનું હતું તેમાંથી ૨૫૦ જેટલા જ પેટા પરાનું વીજળીકરણ કરવામાં આવ્યું છે. હજુ ૯૫૦ જેટલા પેટા પરાનું વીજળીકરણ પણ બાકી છે. આ તો ૧૯૯૮ના સરવે પ્રમાણેનો આંકડો છે. આજે તો હજુ એવા કેટલાયે ગામડાંના ઘરો છે કે જેણે દીવડો જોયો જ નથી. તેથી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આમાં પણ અંદર જઈને જૂએ, કે આદિવાસી વિસ્તારોમાં વીજળીકરણ માટે શું કરી શકાય તેમ છે. માર્ગ અને પુલોમાં પણ ૨૦૦૩-૦૪ માં ૨૬ કરોડની જોગવાઈ કરી હતી, ગયા વર્ષે પણ ૨૬ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી. ગઈ સાલ પણ ૨૬ કરોડની જોગવાઈ કરી હતી. આ વખતે ૩૩ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. એમાં સરકારે વધારો કર્યો છે પણ સાથે સાથે સરકારે નવી યોજનાઓ દાખલ કરીને જુદા જુદા પથોની વાત કરી એમાં ૬.૫૦ કરોડ રૂપિયા જવાના છે.

આદિવાસી વિસ્તારના મોટા ભાગના રસ્તાઓ તૂટેલા છે. માનનીય મંત્રીશ્રી આ વિસ્તારમાં આવેલા ત્યારે એવી વાત કરેલી કે અમે એવા રસ્તાઓ બનાવીશું કે ગ્લાસ પાણી લઈને જાય એમાંથી એક ટીપું પણ નીચે ન પડે. પરંતુ મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે તેઓ અમારા વિસ્તારમાં આવે અને જૂએ તો ખબર પડશે કે ગ્લાસમાંથી પાણીનું ટીપું તો શું પણ આખો ગ્લાસ હાથમાં ન રહે તેવી રસ્તાઓની પરિસ્થિતિ પેદા થયેલી છે. ગયા વરસે ચાર કરોડ રૂપિયાની બજૅટમાં જોગવાઈ કરી હતી તેમ છતાં રસ્તાઓ બનાવવામાં આવ્યા નથી, પૈસા ફળવાતા નથી તો રસ્તાઓ માટે પૈસા ફાળવવામાં આવે, રસ્તાઓ બનાવવામાં આવે તો આદિવાસી લોકો ગામડાંમાંથી શહેરો તરફ આવી શકે, તાલુકા લેવલે આવી શકે એના માટે રાજય સરકાર વિચાર કરે તેવી વિનંતી કરું છું.

સરદાર આવાસ યોજના માટે માનનીય મંત્રીશ્રીએ ગયા વખતે ૩૭૫ લાખની જોગવાઈ કરી હતી. આ વખતે ફક્ત ૨૫૦ લાખની જ જોગવાઈ કરવામાં આવી છે. એટલે કે ગયા વર્ષ કરતાં આ વરસે ૧૨૫ લાખની ઓછી જોગવાઈ કરવામાં આવી છે, તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે આજે ગામડાંમાં ગરીબ માણસો મકાન માટે ફાંફા મારે છે. સરકાર એકબાજુ પૈસા ફાળવતી નથી. આ વરસે સરકારે બજૅટમાં ઓછી જોગવાઈ કરી છે.

બીજી પણ એક વાત કરવા માગું છું કે એસ.સી., ઓ.બી.સી. ને મકાન બનાવવા માટે ૪૦ હજાર રૂપિયા આપવામાં આવે છે. જ્યારે આદિવાસીઓને ફક્ત ૩૬ હજાર રૂપિયા જ ફાળવવામાં આવે છે. શું આદિવાસી વિસ્તારમાં ઓછા પૈસામાં મકાન બની જાય છે? આ ભેદભાવ કેમ રાખવામાં આવે છે એ મને સમજાતું નથી.

વકીલો અને ડૉક્ટરો માટે એમ.બી.બી.એસ. થયેલ હોય એને ૬૫ હજાર રૂપિયા જ લોન સહાય આપવામાં આવે છે. જ્યારે પી.જી. કરે તો એને વધારે પૈસા મળવા જોઈએ એના બદલે એને ફક્ત ૫૦ હજાર રૂપિયા જ લોન સહાય આપવામાં આવે છે. કારણ કે પી.જી.માં વધારે સાધનોની જરૂર પડે તો એને વધારે લોન સહાય આપવી જોઈએ. વકીલની વાત કરું તો એ જો અમદાવાદ કે સુરતમાં પ્રેકટિસ કરે તો જ પ્રેકટિસ એલાવન્સ આપવામાં આવે છે. પહેલા વરસે એક હજાર રૂપિયા, બીજા વરસે ૮૦૦ રૂપિયા અને ત્રીજા વરસે ૬૦૦ રૂપિયા આપવામાં આવે છે. એના બદલે તમામ તાલુકાઓમાં જ્યાં જ્યાં પ્રેકટિસ કરે ત્યાં દરેકને લાભ મળવો જોઈએ. આમાં સરકાર અમુકને લાભ આપે છે અને અમુકને નથી આપતી એ ભેદભાવ દૂર કરવો જોઈએ.

ગાંધીનગરમાં બીરછા મુંડા ભવન બનાવવાની જાહેરાત કરી. આ ભવન બાંધવા માટે ૪ કરોડ ૯૦ લાખ રૂપિયા જે આદિવાસી વિકાસના પૈસા હતા એ આની અંદર વાપરીને એનો ખોટો ઉપયોગ કરવામાં આવ્યો છે. એ પૈસા જો આદિવાસી વિસ્તારમાં વપરાયા હોત તો ઘણી બધી જગ્યાએ પીવાના શુદ્ધ પાણીની સગવડ થઈ શકી હોત, રસ્તાઓની સગવડ કરી શક્યા હોત. આ બીરછા મુંડા ભવન ફક્ત ઑફિસ બેસાડવા માટે બનાવવામાં આવેલ છે. ગામડાંનો માણસ સચિવાલયે આવે અને એણે બીરછા મુંડા ભવન ખાતે જવું હોય તો રિક્ષાના ૧૫ રૂપિયા ખર્ચીને જવું પડે. એટલે સરકારે ગરીબ માણસોને સવલત મળવી જોઈએ એના બદલે હેરાન કેમ થાય તેવા પ્રયત્નો કર્યા છે.

ટ્રાયબલ કોરપોરેશનની જુદી જુદી યોજનાઓ હતી એ યોજનાઓનો લાભ કોઈને મળતો નથી. એમાંની મોટાભાગની યોજનાઓ મૃતઃપાય હાલતમાં છે. આજે હજારો અરજીઓ પેન્ડિંગ છે. સરકાર એના અંગે કોઈ નિર્ણય લેતી નથી, તેથી એનો લાભ પ્રજાને મળી શકતો નથી.

વિદેશ જવા માટે સરકારે ખૂબ જાહેરાતો કરી છે. મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે આઠ વર્ષમાં કેટલા માણસોને વિદેશ મોકલ્યા. આ વિભાગમાં આ વખતે ફક્ત દસ લાખ રૂપિયાની જ ફાળવણી કરવામાં

આવેલ છે. આ દસ લાખમાંથી ફક્ત બે માણસો જ જઈ શકે. ગયા વખતે એક પણ ગયો નથી. એની આગળના વરસે અમે રજૂઆતો કરી એના કારણે બે માણસોને પૈસા ફાળવ્યા હતા. જ્યારે એસ.સી. ની વસતિ ઓછી તેમ છતાં બે કરોડની ફાળવણી કરવામાં આવી છે. જ્યારે આદિવાસીભાઈઓની વસતિ વધારે તેમ છતાં ઓછી ફાળવણી કરવામાં આવી છે.

બેકલોગની જગ્યાઓ આજે ૨૮ હજાર જેટલી ખાલી છે. એના માટે કોઈ ચોક્કસ નિયમ કે તારીખ નક્કી કરવામાં આવી નથી. બીજી ઘણી યોજનાઓ છે. માનવ ગરિમા યોજના, દીકરી રૂડી સાચી મૂડી, સાત ફેરા સમૂહ લગ્નના આવી ઘણી બધી યોજનાઓ છે એ લગભગ બંધ હાલતમાં છે.

વન અને પર્યાવરણ વિભાગની વાત કરું તો ૨૦૦૪-૫માં ૧૪૬ કરોડ રૂપિયાનો સુધારેલ અંદાજ મૂકેલ છે. જ્યારે ૨૦૦૫-૬માં આ વખતે ૧૪૪ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે. એ રીતે ૧ કરોડ ૭૫ લાખ જેટલી ઓછી ફાળવણી કરવામાં આવી છે. મારે એ કહેવું છે કે આદિવાસી વિસ્તારમાં જે વન વિભાગ આવે છે એ વન વિભાગનો વિસ્તાર છે એ લગભગ આખા ગુજરાતના વિસ્તાર કરતાં ૫૩.૫૦ ટકા જેટલો છે. એના માટે બજેટની ફાળવણી છે એ ખૂબ ઓછી છે. ૨૦૦૩-૦૪ માં ૧૬ ટકા ફાળવણી કરવામાં આવી હતી જ્યારે આ વરસે ફક્ત ૧૫.૬ ટકા જ કરવામાં આવી છે. એટલે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે વન વિભાગનો મોટા ભાગનો વિસ્તાર આદિવાસી વિસ્તારમાં આવે છે ત્યારે આ વિસ્તાર માટે વધારે બજેટની ફાળવણી કરવી જોઈએ, પરંતુ આ સરકાર એ કરતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારે વનીકરણ માટે ૧૬૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. તેના માટે ૪૨,૭૮૦ હેકટર વન વિસ્તાર અને વન વિસ્તાર બહારનો સમાવવાનો વિચાર કરેલ છે અને ૧૨૦૦લાખ રોપાઓનું વિતરણ કરવાનું વિચાર્યું છે. સરકાર દર વખતે રોપા ઉછેરે છે. કોથળી લાવે છે, ખાતર નાખે છે, પાણી પીવડાવે છે, ખાડા ખોદે છે અને રોપાઓ મરી જાય છે. દર વખતની સતત પ્રક્રિયા છે. અમારા એક સભ્યે વાત કરી હતી કે આની તપાસ થવી જોઈએ. કારણ કે સરકારને દર વખતે કરોડો રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે. કોઈ રોપાઓ રહેતા નથી. સરકાર ગાંધીનગર લેવલે, જિલ્લા લેવલે, તાલુકા લેવલે મહોત્સવો કરે, ભારે ખર્ચ અને પ્રજાના પૈસે તાગડધિન્ના થઈ રહ્યા છે ત્યારે વાસ્તવિક રીતે ઝાડ રોપવા જોઈએ. થોડા ઓછા રોપાય તો ચાલશે પણ તેનું જતન થવું જોઈએ. એ ઝાડ ઉછરે એવો પ્રયત્ન થવો જોઈએ. આના માટે એક માનવદિનની વાત કરીએ તો સરકારે જાહેરાત કરી છે કે ૧૧૩ લાખ ૬૦ હજાર માનવદિનની રોજગારી પેદા કરીશું. આ માનવદિનની રોજગારી દિવસે દિવસે ઘટાડતા જાવ છો સાથે સાથે એ માણસોને પૂછવા જઈએ, ગામડાંમાં જે લોકો કામ કરે છે તેમને પૂરતી રોજી મળતી નથી. તેનું શોષણ થઈ રહ્યું છે. આ રીતે આ કામદારોનું રોજગારી માટે શોષણ થાય છે.

રસ્તા પહોળા કરવા માટે ઝાડ કાપવામાં આવી રહ્યાં છે એવી ગામડે ગામડે વાત ચાલતી હતી. રસ્તાઓ પહોળા નથી થયા પણ ઝાડ કપાઈને કયાં ગયા? તેનું શું થયું સરકારને કેટલી આવક થઈ એ સરકાર જણાવશે? ગરીબ માણસો જંગલમાંથી લાકડા લાવતા અને લાકડા વેચીને પોતાનું ગુજરાન ચલાવતા. (સમય સૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, એક જ મિનિટ.

**અધ્યક્ષશ્રી** : પછી પાછળથી બૂમો પડે છે.

**ડૉ. અનિલ જોષીયારા** : આ તો સરકાર જ લાકડા વેચે અને કોઈ હિસાબ ન આપે. રાજય સરકાર દ્વારા વન નિર્માણ, નિદર્શનો, વહીવટી ક્ષેત્રે દિવસે દિવસે કરોડો રૂપિયાનો ખર્ચ વધતો જાય છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બન્ને પક્ષની ફરિયાદ છે. શાસક પક્ષના સભ્યો કહે છે કે વિરોધ પક્ષના સભ્યો વધારે બોલ્યા.

**ડૉ. અનિલ જોષીયારા** : બોડા ડુંગરોને લીલા કરવા માટે વન મંત્રીશ્રીએ ટપક સિંચાઈની યોજનાની વાત કરી પણ મારે મંત્રીશ્રીને પૂછવું છે કે ફક્તને ફક્ત જુનાગઢ જિલ્લાના ડુંગરોને ટપક સિંચાઈની પદ્ધતિ આપવાથી આખા ગુજરાતના ડુંગરો લીલા થઈ જવાના છે? માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે તમામ આદિવાસી વિસ્તારના ડુંગરોનો વિચાર કરવામાં આવે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મહેન્દ્રભાઈ,.

**શ્રી મહેન્દ્ર લી. મશરૂ (જુનાગઢ)** : માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના માનનીય મંત્રીશ્રીઓ તેમના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે તેને સમર્થન આપું છું અને તેના સમર્થનમાં થોડી વાત કરવા માગું છું.

રાષ્ટ્રીય અર્થતંત્રમાં વન્ય સંપત્તિનું બહુ મોટું મહત્ત્વ રહ્યું છે અને સ્વાભાવિક રીતે રાજયના અર્થતંત્રમાં પણ તેનું એટલું જ મહત્ત્વ રહ્યું છે. ૧૯૬૦માં જ્યારે ગુજરાત રાજય અસ્તિત્વમાં આવ્યું ત્યારે આપણાં રાજયની અંદર ૧૫,૨૦૮ ચોરસ કિલોમીટર વન્ય વિસ્તાર હતો. હાલ ૧૯,૩૯૩ ચોરસ કિલોમીટર વન્ય વિસ્તાર છે. પરંતુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વન નીતિ પ્રમાણે ૩૩ ટકા વન વિસ્તાર હોવો જોઈએ તેના બદલે દુ:ખ સાથે

કહેવું પડે કે આપણી પાસે ૯.૮૫ ટકા જ વન વિસ્તાર છે, પરંતુ એક આશ્વાસન લેવા જેવું છે કે ભારતીય જનતા પાર્ટીની સરકાર અસ્તિત્વમાં આવ્યા પછી છેલ્લા વર્ષોમાં વન આચ્છાદિત વિસ્તાર ૧૦૫૮ ચોરસ કિલોમીટર જેટલો વધ્યો છે. એના માટે વન મંત્રીશ્રીને તથા રાજય સરકારને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે વન્ય સંપત્તિ અને વન્ય પ્રાણીઓની રક્ષા માટે ઘણું મોટું કામ કર્યું અને કરી રહેલ છે. ફૉરેસ્ટ ગાર્ડથી માંડીને બીટ ગાર્ડ, ક્લાર્કથી માંડીને સચિવ સુધીના લોકોએ રાત-દિવસ જોયા વગર વન્ય સંપત્તિની રક્ષા કરી છે. એ માટે એમને ધન્યવાદ આપું છું. આપણા રાજયની અંદર વન સંપત્તિ ઓછી છે, ખૂબ જ મર્યાદિત છે. છતાં પણ બળતણ માટે વન વિભાગ દ્વારા દર વર્ષે લગભગ ૧૩ લાખ ટન લાકડું આપવામાં આવે છે, કાગળ બનાવવા માટે ૧ લાખ ટન વાંસ આપવામાં આવે છે અને કાથો બનાવવા માટે ૪૦૦૦ ખેરના વૃક્ષો આપવામાં આવે છે અને એના કારણે આ જરૂરિયાતવાળા લોકોને આ બધી વસ્તુઓ મળી રહે છે એ આપણા સૌનું ગૌરવ છે કે, ગુજરાતને વન્ય પ્રાણીઓનો અમૂલ્ય વારસો મળ્યો છે. ગુજરાતની અંદર ગીરના જંગલની અંદર એશિયાઇ સિંહોનો વાસ છે. કચ્છના મોટા રણની અંદર ઘુડખર પ્રાણીઓ વસે છે. ભારતમાં લગભગ ૫૦૦ જેટલા વન્ય પ્રાણીઓ અને ૩૦૦૦ જેટલા પક્ષીઓ અસ્તિત્વ ધરાવે છે. ત્યારે ગુજરાતમાં ૪૦ જેટલા વન્ય પ્રાણીઓ અને ૪૨૫ જેટલા પક્ષીઓ અસ્તિત્વ ધરાવે છે. આ બધા જ વન્ય પ્રાણીઓ અને પક્ષીઓનું વન વિભાગ દ્વારા બરાબર જતન થઈ રહ્યું છે. રાજયના વન વિભાગ દ્વારા જૈવિક વિવિધ તાપમાન બરાબર જળવાય તેનો ખ્યાલ રાખવામાં આવી રહ્યો છે. ૪૦ જેટલા વન્ય પ્રાણીઓ અને ૪૨૫ જેટલા વન્ય પક્ષીઓ તેમજ લુપ્ત થતા ગોરલ, સુરખાબ, ખડમોર ઉપરાંત ૧૯ જેટલા દુર્લભ ઉભયજીવઓ આપણા રાજયમાં વસી રહ્યાં છે. આપણા રાજયની અંદર ૪ રાષ્ટ્રિય ઉદ્યાન તથા ૨૨ અભ્યારણ્યો અસ્તિત્વમાં છે અને આની અંદર હજારોની સંખ્યામાં વન્ય પ્રાણીઓ તથા ૩૨૭ સિંહો વસવાટ કરી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય વન મંત્રીશ્રીને એક બાબતમાં અભિનંદન આપવા છે તથા રાજય સરકારને તથા માનનીય મુખ્યમંત્રીશ્રીને એટલા જ અભિનંદન આપવા છે કે, કેન્દ્ર સરકારનું દબાણ હોવા છતાં, કેન્દ્ર સરકારના વન વિભાગનું દબાણ હોવા છતાં ગુજરાતમાંથી સિંહોનું સ્થળાંતર અટકાવવા માટે રાજય સરકારે પ્રતિજ્ઞા પૂરી કરી છે, સંકલ્પ કર્યો છે કે, ગુજરાતમાંથી સિંહોનું સ્થળાંતર નહીં કરવા દેવામાં આવે અને ગુજરાતની અંદરથી જે આપણા સિંહો છે એ આપણા માટે ખૂબ જ અગત્યની બાબત હોઈ અને ગુજરાત બહાર મધ્યપ્રદેશની અંદર કુલોનું જંગલ છે એ જંગલ લગભગ ગુજરાતના ગીરના જંગલ કરતાં અડધું છે, લગભગ ૭૦૦ ચોરસ કિલોમીટરનો વિસ્તાર કુલોના જંગલમાં છે અને આની અંદર વાઘની વસ્તી હોવાથી સિંહ અને વાઘ ા એક જ વિસ્તારમાં ન રહી શકે. ભૂતકાળની અંદર પણ રાજય સરકારે ભારત સરકારના દબાણથી ઉત્તર પ્રદેશના ચંદ્રપ્રભા અભ્યારણ્યની અંદર ગુજરાતના ૫ સિંહોને મોકલવામાં આવ્યા હતા. પરંતુ મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે, આ દુ:સાહસ દેખાયું અને પાંચે પાંચ સિંહોના મૃત્યુ થયાં અને એમનાં હાડકાં પણ મળ્યાં નથી. ભવિષ્યમાં આવા આ સિંહો ગુજરાતની બહાર ન જાય એ માટે રાજય સરકાર કટિબદ્ધ બને, હું તો મારા કોંગ્રેસના મિત્રોને કહેવા માગું છું કે આ જે કેન્દ્ર સરકાર આવી છે ત્યારે ગુજરાતના આ સિંહો કેન્દ્ર સરકારના દબાણ હેઠળ મધ્યપ્રદેશ ન જાય એના માટે આપ કેન્દ્ર સરકારને વિનંતી કરો અને આ સિંહો અહીં રહે એવા પ્રયત્ન કરો એવી મારી લાગણી અને વિનંતી છે.

સરદાર સરોવર પ્રોજેકટ હેઠળ લગભગ ૬ લાખ અને ૬૦ હજાર જેટલા વૃક્ષો ડૂબમાં ગયાં, પરંતુ આનંદની વાત એ પણ છે કે રાજય સરકારે અને વન વિભાગે આ ૬ લાખ ને ૬૦ હજાર વૃક્ષોને બદલે ૬ કરોડ વૃક્ષો એટલે કે ૯૦ ગણા વૃક્ષો વાવીને બહુ મોટી કામગીરી કરી છે અને બહુ મોટી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. ૨૦૦૪-૦૫ની અંદર ૫૭ હજાર હેકટરમાં ૧૨૧૩ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું અને ૧૦૬ ટકા સિદ્ધિ હાંસલ કરવામાં આવી હતી. આ વર્ષે પણ રાજય સરકારે વન વિભાગ દ્વારા ૪૨૭૮૦ હેકટરમાં રોપાઓનું વાવેતર કરી ૧૬૦ કરોડના ખર્ચે ૧૨૦૦ લાખ રોપાઓનું વાવેતર કરવાનો નિર્ધાર કર્યો છે એ પણ આનંદની વાત છે.

સામાજીક વનીકરણની વાત કરું તો બળતણ માટે લાકડું, રોજી અને આવક આ બધી દૃષ્ટિએ સામાજીક વનીકરણ માટે ૨૦૦૪-૦૫માં ૨૪૩૦ લાખ રૂપિયા ખર્ચ્યા હતા. આ વર્ષે ૨૮૬૫ લાખ રૂપિયાનું આયોજન કરવામાં આવ્યું હતું. વનના રક્ષણ માટે, ગેરકાયદેસર કપાણ થતા હોય, ગેરકાયદેસર હેરફેર થતી હોય, દવ લાગતો હોય આ બધાને નિવારવા માટે વાયરલેસ માળખું, વોચ ટાવર વગેરે માટે આ વર્ષે ૨૦૦૫-૦૬માં ૪૨૩ લાખ રૂપિયાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજયની અંદર ૧૯૯ વન વસાહતો આવેલી છે કે આ વન વસાહતો ન તો પંચાયતમાં છે કે ન તો શહેરમાં છે, ન તો મહેસૂલમાં છે. આ વન વસાહતોની અંદર રહેતા લોકોને રસ્તા, પાણી, શાળાઓ આ બધાની સુવિધા માટે આ વર્ષે ૧૪૨ લાખ રૂપિયાનું આયોજન કરવામાં આવ્યું છે. રાજય સરકારે વન વિભાગ બોડા ડુંગરોને પણ વન આચ્છાદિત કરવા માટેના પ્રયાસો હાથ ધર્યા છે. આ માટે ૨૩૦ લાખ રૂપિયાનું આયોજન કરવામાં આવ્યું છે. રાજય સરકારે વન વિભાગ દ્વારા વન વિકાસ નિગમની સ્થાપના કરી છે. રાષ્ટ્રીય કૃષિ પંચે ૧૯૭૩ની અંદર વન વિકાસ નિગમની

રચનાનું સૂચન કર્યુ હતું અને ૧૯૭૬માં આ નિગમની સ્થાપના કરવામાં આવી છે. આ નિગમ દ્વારા આદિવાસી વિસ્તારમાં બીજા બધા વિસ્તારોમાં ગૌણ વન પેદાશ ઉત્પન્ન કરીને રોજી આપવાનું આયોજન છે અને એના દ્વારા આજે હજારો પરિવારોને રોજી મળી રહી છે. વન વિકાસ નિગમ દ્વારા ટીમરૂ પાન, મહુડાના ફુલ, ગુંદર અને ઔષધીય રોપાઓનું પણ વાવેતર કરી અને આ રોજી પ્રાપ્ત થઈ રહી છે અને લોકો તેનો બરાબર ઉપયોગ કરી રહ્યા છે. વન વિભાગ દ્વારા ધનવંતરી પ્રોજેકટ પણ હાથ ધરાયો છે. ૧૯૭૬થી શરૂ થયેલ રાજય વન વિકાસ નિગમ દ્વારા ગૌણ વન પેદાશોનું એકત્રીકરણ કરીને આયુર્વેદ દવાઓ પણ બનાવવામાં આવી છે અને આયુર્વેદિક ઔષધો તૈયાર કરીને લોકો સુધી પહોંચાડવામાં આવી રહ્યાં છે. આના કારણે દર વર્ષે ૧ લાખ ૧૫ હજાર માનવદિનની રોજગારી પણ મળી રહી છે. ઔષધીય વનો પણ આ વિભાગ દ્વારા ઉભા કરી રહ્યા છીએ. આદિવાસી ભાઈઓની અર્થવ્યવસ્થા માટે ગૌણ પેદાશો ઉત્પન્ન કરાતા વૃક્ષોના વાવેતર માટે આ વર્ષના બજેટની અંદર ૧૪૫ લાખ રૂપિયાનું આયોજન કરવામાં આવ્યું છે એટલી ફાળવણી કરવામાં આવી છે. વન વિભાગ દ્વારા આદિવાસી કલ્યાણ યોજના, આ યોજના હેઠળ વન વિસ્તારમાં રહેતા આદિજાતિના લોકોને તેમની પેદાશોના ભાવ બરાબર, વાજબી મળી રહે અને વચેટીયાઓ એમની પેદાશોના ભાવ ખાઈ ન જાય એટલા માટે કોટવાડીયા કલ્યાણ યોજના પણ દાખલ કરવામાં આવી છે અને આ વર્ષે ૩૮ લાખ રૂપિયાનું બજેટમાં આયોજન કરવામાં આવ્યું છે. વન વિભાગ દ્વારા માનવીઓનું તો ધ્યાન રાખવામાં આવે છે એની સાથે સાથે તૃણ ભક્ષી પશુઓનું પણ ધ્યાન રાખવામાં આવે છે. આવા પશુઓ માટે અનામત અને બિન અનામત જંગલમાં પશુઓને ખાવાલાયક ઘાસનું પણ વાવેતર કરવામાં આવે છે અને એના સારા પરિણામો પણ મળ્યા છે. ઘાસનો જથ્થો પણ આવા પશુઓ માટે મોટા પ્રમાણમાં મળી રહ્યો છે. જેમાં વન નિર્માણ સામાજિક વનીકરણ યોજના હેઠળ પટ્ટા વાવેતર, ગ્રામવન, ફળાઉ ઝાડ ઉગાડવા જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે અને તેનાથી લોકોને સહાયક રોજી મળે છે. આ માટે રૂપિયા ૨૮૫૦ લાખની બજૅટમાં ફાળવણી કરવામાં આવી છે એના માટે માનનીય મંત્રીશ્રીને ધન્યવાદ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દરિયા કિનારે વનની જમીન આવેલ છે એની હાલત બહુ ખરાબ હોય છે. પરંતુ વન વિભાગે એને નવસાધ્ય કરવાનું બીડું ઝડપ્યું છે. દરિયાકાંઠે પવનના પ્રવાહના કારણે રેતી જમીન ઉપર આવી જાય છે અને એના કારણે દરિયાકાંઠાની જમીન રણમાં ફેરવાઈ જાય છે. પરંતુ આ જમીન પણ ફળદ્રુપ બને તે માટે ગત વર્ષના આયોજનમાં ૧૦૦ લાખ રૂપિયા હતા તેની સામે આ વર્ષે ૧૧૫ લાખની ફાળવણી કરવામાં આવી છે. વન વિભાગે ગ્રીન કાર્ડની યોજના પણ અમલમાં મૂકી છે. વનો તથા વન્ય પ્રાણીઓના રક્ષણ, વૃક્ષો કપાતા અટકાવવા માટે શહેરોમાં વિદ્યાર્થીઓ અને યુવાનો આ બધાને સાથે રાખીને દરેક વોર્ડ દીઠ કોરપોરેશનો અને નગરપાલિકાઓમાં Green Guard રચવાનો સરકારે નિર્ણય કર્યો છે અને નિમણૂંકો શરૂ કરી છે. સાથોસાથ કહી શકું કે વન રક્ષા માટે યુવક મંડળોની પણ રચના કરવામાં આવે. ગામડે ગામડે અને જ્યાં જ્યાં વન હોય ત્યાં વન યુવક મંડળની રચના કરીને એમને સાથે રાખવામાં આવે તો સામૂહિક રીતે ઘણાં સારાં કામો થશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગીર ફાઉન્ડેશનની વાત કરું તો પ્રાકૃતિક શિક્ષણ અને સંશોધન માટે ૧૯૮૩થી આ ગીર ફાઉન્ડેશન કાર્યરત છે. લોકોમાં પર્યાવરણ પ્રત્યેની જાગૃતિ આવે એ માટેનો મુખ્ય હેતુ રહેલો છે. આ ગીર ફાઉન્ડેશન દ્વારા સૃષ્ટિ નામનું સામયિક અને ફિલ્મો દ્વારા પણ લોકોની જાગૃતિનું કાર્ય થઈ રહ્યું છે. ગાંધીનગર પાસે ઈન્દ્રોડા પાર્ક ખાતે ૧૬૮ હેકટરમાં જંગલ પથરાયેલું છે. આ પાર્કમાં પશુ પક્ષીઓ કે જેની જાતિ લુપ્ત થઈ રહી છે એના રક્ષણનું કાર્ય થઈ રહ્યું છે અને ઈન્દ્રોડા પાર્કમાં National History Musuem એ ગુજરાતમાં પહેલું સ્થપાનાર છે. એમાં ૫૧૦ લાખ રૂપિયાનો ખર્ચ થશે.

ભારત સરકારના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા વર્ષમાં ૬૦ હજાર eco-club સ્થાપવાનું આયોજન થયું છે. ધોરણ પાંચ થી ધોરણ બારના વિદ્યાર્થીઓમાં ૫૦ વિદ્યાર્થીઓની એક eco-club એવી ગુજરાતમાં ૩૬૫૫ જેટલી eco-club ની સ્થાપના થઈ ચૂકી છે. અત્યારે વન વિભાગની સામે આવેલી વાત છે એ ખેતીને નુકસાન કરતા વન્ય પ્રાણીઓની છે. ખાસ કરીને રોઝ અને નીલ ગાય જે ખેતીને ખૂબ જ નુકસાન કરે છે અને ખેડૂત ભાઈઓની ફરિયાદ બિલકુલ સાચી છે. રાજય સરકાર દ્વારા ઘણા પ્રયત્નો થયા છે. પરંતુ એમાં અટકાવ થયો નથી અને કહેવામાં આવે છે કે દરેક ખેતરની પાસે ૫૦ ટકા પોતાનો ખર્ચ અને ૫૦ ટકા વન વિભાગના ખર્ચે કાંટાળી વાડ બનાવી લે. પરંતુ અનુભવે એવું દેખાય છે કે નીલ ગાય અને રોઝ એ કાંટાળી વાડ ઠેકીને ખેતરમાં જઈ શકે એટલી હાઈટથી ઠેકડો મારી શકે છે. પરંતુ મારું કહેવાનું છે કે આ નીલ ગાય અને રોઝને જંગલમાં રાખવા આપણે ખેતરને પાળ કે દીવાલ બનાવીએ એના કરતાં વન ખાતું પોતાના જંગલને દીવાલ બનાવે તો શું ખોટું? જો કે આ લાંબાગાળાનું આયોજન છે અને એ કરવા જેવું છે. આ વખતે બજૅટમાં આ માટે જે રકમની ફાળવણી કરી છે એ પણ ૭૦ લાખ કરી છે એ બહુ ઓછી છે. આ રકમ વધારવી જોઈએ એવું મારું માનવું છે. વનીકરણ માટે હજુ આપણે ઘણું કરવાનું છે. આજે રાજયમાં માત્ર ૯.૮૫ ટકા વન છે, વન વિસ્તાર વધારવાની જરૂર છે. મારું સૂચન છે કે ભગવાનના નામે, સંતોના નામે, આઝાદીના લડવૈયાઓના નામે, વીર શહીદ જવાનોના નામે ગામે ગામ વન વસાહતો ઊભી કરવી જોઈએ, વન ઊભાં કરવાં માટે સરકારે

પણ કાંઈ રકમ ફાળવી આપે તો લોકોને સાથે રાખીને આ કાર્ય કરવું જોઈએ, જેથી આપણે જે ઈચ્છીએ છીએ એ ૩૩ ટકા જંગલ થઈ શકે.

હું વન વિભાગના મંત્રીશ્રીને એક વાત કહેવા માગું છું કે વનોનું જતન કરવું હશે તો જે ઉદ્યોગોને જમીનો આપીએ છીએ એ વન વિસ્તારની બિલકુલ બાજુમાં ના આપી એનાથી દૂર આપો. કારણ કે જંગલને અડીને ઉદ્યોગોને જમીન આપવાના કારણે વન્ય જીવનને પારાવાર નુકસાન થાય છે અને વન્ય જીવો ખાસ કરીને લાયન જંગલની બહાર આવીને એ પણ પબ્લિક સાથે જાવા માંડ્યો છે. કોડિનારનો જે દરિયા કિનારો છે એ દરિયા કિનારાની પટીમાં લગભગ ૯૦ જેટલા સિંહો વસવાટ કરવા માંડ્યા છે, એ હવે જંગલમાં જાતા નથી, આ વન વિભાગ દ્વારા ઉદ્યોગોને લગતી જમીનો જંગલ વિસ્તારની નજીક ના આપે. એ માટે વન વિભાગે પણ અને મહેસૂલ વિભાગને કહીને આ બાબતે કોઈ ઠરાવ નક્કી કરવો જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી દુ:ખની વાત જીવદયાની, વન્ય જીવોની કરું તો રક્ષિત પશુ-પક્ષી-પ્રાણીઓનું વેચાણ થાય છે. પોપટ, દેવચકલી, સાપ, નોળિયા, સસલા, વાંદરા આ બધા પ્રાણીઓ રક્ષિત છે. પરંતુ જાહેરમાં વેચાતા હોય, એમને પાંજરે પૂરવામાં આવતા હોય, પરાણે જીવે ત્યાં સુધી જેલ આપવામાં આવતી હોય, છતાં પણ વન્ય વિભાગના પેટનું પાણી નથી હાલતું. આ બધું અટકાવવું જોઈએ એવું મારું માનવું છે. ગીર, આલેચ અને બરડો વિસ્તારમાં રહેતા માલધારી વર્ષોથી ત્યાં વસવાટ કરતા હોય એને વિગત દર્શક કાર્ડ આપવામાં આવ્યું નથી, એ કાર્ડ પણ આપવામાં આવે એવી મારી માગણી છે.

Save Forest Movement શરૂ કરવા માટે હું વન વિભાગને વિનંતી કરું છું. બીજી વાત માનનીય મંત્રીશ્રીના ધ્યાન પર મૂકવા માગું છું કે વન ક્ષેત્રની અંદર ઠેરઠેર ખુલ્લા કૂવા છે એના કારણે દીપડા અને વન્ય પશુઓ એમાં પડીને મોતને શરણે ભેટે છે. નાના સિંહબાળકો પણ પડી જાય છે. આ બધા ખુલ્લા કૂવા જાળીથી ઢાંકી દેવા જોઈએ એના માટેના હુકમો તાત્કાલિક બહાર પાડવો જોઈએ અને એનો અમલ ના કરે તો કાયદેસર પગલાં લેવાં જોઈએ, જેથી વન્ય પ્રાણીઓ બચી શકે આવું મારું સૂચન છે.

વન વિભાગની જે વીડીઓ છે એ વીડીઓ પણ ગૌશાળા અને પાંજરાપોળને ચળિયાણ માટે આપવી જોઈએ, આપવામાં આવે છે પરંતુ બહુ મુસીબતે આપવામાં આવે છે, એમને easily મળી શકે અને ઢોરનો નિભાવ થઈ શકે એ માટેના પણ વન વિભાગે આદેશો બહાર પાડવા જોઈએ.

પ્રદુષણ નિયંત્રણ બોર્ડની વાત કરવા માગું છું. એક દિવસ આ હાઉસમાં હું જ બોલ્યો હતો કે, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દાંતના ચોકઠાં વિનાના મોઢા જેવું છે, બચકું ભરે તો મીઠું લાગે, કાંઈ કામ જ ના કરે. પરંતુ મને લાગે છે કે માનનીય મંગુભાઈ આ વિભાગનો હવાલો સંભાળે છે ત્યારે આ વિભાગને કડક થઈને બહુ active કર્યુ છે અને અત્યારે પ્રદુષણ નિયંત્રણ બોર્ડ પણ કાંઈ કામ કરી રહ્યું છે. પરંતુ હજુ પણ રસાયણ, પેટ્રોરસાયણ, કૃત્રિમ ખાતર, જંતુનાશક દવાની આડસરથી વાપી, અમદાવાદ, મહેસાણા golden corridore ની અંદર સુવર્ણ પટ્ટી પર પણ વિષમ સમસ્યા છે એ દૂર કરવા માટે પણ આ બોર્ડે તાત્કાલિક કાંઈ કામ કરવું પડશે. આપણા રાજ્યમાં ૬૫ ટકા ઉદ્યોગો પ્રદુષિત ક્ષેત્રમાં આવે છે જેને control કરવા માટે પણ વન વિભાગ અને પ્રદુષણ નિયંત્રણ બોર્ડ કાંઈ પણ કામ કરવું પડશે. આપણા ગુજરાતમાં ૧૬૦૦ કિલોમિટરનો દરિયા કિનારો છે. ઔદ્યોગિક કચરો આ દરિયામાં પધરાવવામાં આવે છે આ માટે પણ વિભાગે કાર્ય કરવું પડશે. Gujarat Ecology Commission અને ગેમી પણ સારુ કામ કરે છે અને વન વિભાગની છેલ્લી વાત કરી દઉં કે જે પ્લાસ્ટિકના જબલા લઈને બધા શાકભાજી અને બધું લેયા કરે છે. પ્લાસ્ટિકના કારણે જંગલમાં જતો આ કચરો ભયંકર નુકસાન કરે છે તો આ બાબતમાં પણ વન વિભાગે જાગૃત્ત બનવાની જરૂર છે. (સમય સૂચક ઘંટડી) શહેરી વિકાસ વિભાગની વાત બે મિનિટમાં પૂરી કરું છું.

માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રીને અને મુખ્યમંત્રીશ્રીને પણ ખાસ અભિનંદન આપવા માગું છું કે રાજ્ય સરકારે જે જુનાગઢને ખાસ કિસ્સામાં કોરપોરેશનને દરજો આપ્યો છે માટે એમને ધન્યવાદ આપું છું. આઝાદી પછી ઝડપથી વધતા શહેરીકરણના કારણે ૩૮ ટકા લોકો શહેરોમાં વસે છે ત્યારે ઘણી મોટી સમસ્યા ઊભી થાય છે, પરંતુ રાજય સરકારે અને ખાસ કરીને શહેરી વિભાગના મંત્રીશ્રીએ પણ શહેરના લોકોને વધુ સુવિધા મળે તે માટે પૂરતા પ્રયત્ન કર્યા છે. વિદ્યુત સ્મશાન માટે વીજળી ખર્ચ પેટે ગયા વર્ષે ૫૫ લાખ ફાળવ્યા હતા, આ વર્ષે ૧૭૧લાખ ફાળવ્યા છે. એ માટે ધન્યવાદ આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા)**: માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણ મંત્રીશ્રી (અંતરાય) હું સાચું જ બોલું છું. તમારી જેમ જુઠું નથી બોલતો. સિનિયર મંત્રીશ્રી આવું કરતા હોય ત્યારે મારે શું કહેવુ?

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, કોઈની ટીકા ન કરવી જોઈએ.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નં. ૨૫, ૨૬, ૯૬ લાવ્યા છે એની ઉપર મારા વિચારો અને આદિવાસી અને વનનો નાશ કરનારી આ સરકારને સૂચન માટે હું ઊભો થયો છું. આંકડાની માયાજાળમાં હું પડવા માગતો નથી પણ ચિંતા એ છે કે સચવાવું જોઈએ. આદિવાસીનું કલ્યાણ થવું જોઈએ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : કોઈ પોઈન્ટ ઓફ ઓર્ડર નથી.

**શ્રી ધનરાજભાઈ કેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માધુભાઈએ જે હમણાં વાત કરી કે હું સાચું જ બોલું છું. તમારી જેમ જુઠું બોલતો નથી એ રેકર્ડ ઉપર રહે એટલે બધા જુઠું બોલે છે?

**અધ્યક્ષશ્રી** : બેસો પ્લીઝ, આમાં કયાં પોઈન્ટ ઓફ ઓર્ડર છે?

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણ મંત્રીશ્રી જે માગણી લાવ્યા છે, એમાં કેટલાક સુધારા અને કેટલાક સૂચન હું આ સરકારશ્રીને કરવા માગું છું. કારણકે આદિવાસીના નામે ગયા વખતે જાહેરાત થઈ કે ૨૦૮કરોડ આદિવાસીના કલ્યાણ માટે આ વર્ષે માનનીય મુખ્યમંત્રીશ્રી, વનમંત્રીશ્રી, વજુભાઈ વાળાએ જયારે બજેટ લાવ્યા ત્યારે ૪૧૪કરોડની જાહેરાત કરેલી અને મને કહ્યું હતું માધુભાઈ, હવે તો આદિવાસીનું કલ્યાણ થયુંને? આ આદિવાસીનું કલ્યાણ નથી. આદિવાસીને કેટલું નુકસાન થાય છે. હું નાણામંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે જે બજેટ ફાળવો એ પ્રમાણે આયોજન થાય. જિલ્લાવાઈઝ આયોજન થાય છે , તાલુકાવાઈઝ આયોજન થાય છે પણ એ પ્રમાણે ખર્ચ થતો નથી. છેલ્લે પૈસા ૧૫ મી માર્ચ થતાં હવે રહ્યા ૧૫ દિવસ. ૧૫ દિવસમાં ખોટા વાઉચર મૂકાય છે. ખોટા ખર્ચ થશે અને પૈસા જમા થશે. કાં તો કોઈના ખિસ્સામાં જશે. મારી નાણામંત્રીશ્રીને વિનંતી છે કે આદિજાતિ વિભાગની મને ચિંતા હતી. અને આશા હતી કે જયારે વન મંત્રીશ્રી આદિવાસી છે અને આદિવાસીઓ માટે ચિંતિત થશે એવું મને લાગતું હતું પણ મને દુ:ખ થાય છે. આદિવાસીઓને આજ સુધી દર વર્ષે બજેટમાં ૧૯૮૦થી આજ સુધી અગાઉની સરકાર વખતે આદિવાસીઓ માટે આશ્રમ શાળાઓ, બાલવાડી અને છાત્રાલયો માટે અલગ બજેટ ફાળવાતુ હતુ એમાં કાપ આવ્યો. હવે તો ખાનગીકરણ થવા માંડયુ એટલું જ નહીં પરંતુ જંગલની વાત કરું. હું જંગલમાં રહું છું. આજે ઘણા મિત્રોએ કહ્યું ગુજરાતમાં ૩૩ ટકા જંગલ હોવું જોઈએ પણ આંકડા ઉપર છે ૯ ટકા ખરેખર હું આપના દ્વારા આ સરકારને વિનંતી કરું છું કે તપાસ કરો. તપાસ સમિતિ મૂકો. સી.આઈ.ડી. મારફત તપાસ કરાવો. હું પુરાવા આપવા તૈયાર છું. જંગલને કેટલું નુકસાન થાય છે દિવસે દિવસે લાખો કરોડો રૂપિયાના જંગલો કપાઈ રહ્યા છે. પ્લાન્ટેશન થાય છે. હું આપના દ્વારા મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે જંગલ સાચવવુ હોય તો ઘણા રસ્તા છે. આદિવાસીના નામે કહેવાય કે આદિવાસીઓનું કલ્યાણ કરીએ, આદિવાસીને સાગની કે ખેરની હરાજી કરી આપીએ. મારે દુ:ખ સાથે કહેવું જોઈએ.

દર વખતે હરાજીની અંદર રિંગ થાય છે અને એનો દાખલા વલસાડ, ડાંગ અને એવા અનેક દાખલા મારી પાસે છે. તારીખ સાથે છે. વલસાડની અંદર ગઈ વખતે ૬ લાખનું વેચાણ થવાનું અને રિંગ કરવાના હતા. ફરીથી વિરોધ થયો અને જ્યારે માગણી થઈ ત્યારે ૬ લાખની સામે ૨૫ લાખ રૂપિયા ખેડૂતોને ઊપજ થઈ. એટલું જ નહિ વઘઈમાં દર ૩ મહિને હરાજી થાય છે. ૪૫, ૫૦-૫૦ ઘનમિટર એના લોટ રિંગ કરવામાં આવે છે. ગઈ વખતે ૨૬ મી તારીખે હરાજી થઈ. ૪૮ લોટ રિંગ કરવામાં આવી અને ફરી હરાજી કરવામાં આવી. ૪૮ લોટના કેટલા ૨૨ લાખ રૂપિયા ઉપજ્યા. ૨૨ લાખ રૂપિયા કયાં સુધી પહોંચ્યા, એની મને ખબર નથી. આ રીતે અમારા આદિવાસીઓના નામે થઈ રહ્યું છે.

આજે દક્ષિણ ગુજરાત કે ગુજરાત હોય, આજે ફોરેસ્ટ ખાતું એમ કહીએ છીએ કે ફોરેસ્ટ ખાતું એટલે લોકોને ખાઈ ગયું છે. એણે કાઈ બાકી રાખ્યું નથી, કારણ કે આજે પ્લાન્ટેશન થાય છે, એની અંદર જે પ્લાન્ટેશન એક રાઉન્ડ, એક રિંગની અંદર દર વર્ષે આંકડાની માયાજાળ જોઈએ તો પુષ્કળ છે. મારે આપના દ્વારા સરકારને વિનંતી કરવી છે કે આની મંગુભાઈ તપાસ કરાવે. દરેક રેન્જની અંદર દર વર્ષે ૨૫૦ હેકટરની અંદર પ્લાન્ટેશન થાય. આંકડા આપીએ છીએ. ડાંગની વાત કરું તો ૧૪ રેન્જ છે. એની અંદર દર વર્ષે એમ કહેવાય કે ૨૫૦ હેકટરની અંદર અમે નવા પ્લાન્ટેશન કરીએ છીએ. આટલા લાખો રોપાઓ રોપાયા છે, એ વાત કરી રેકર્ડ ઉપર છે. હું આપના દ્વારા તપાસ માગું છું, કારણ કે પુરવાર કરી આપવા તૈયાર છું. જ્યારે વઘઈમાં દવ થાય, જંગલો સળગે છે. જંગલમાં કયાં નુકસાન થયું એવું કહેવાય છે, પણ પુરવાર કરવા માગું છું. આજે જ મારી નોટિસ છે. ડાપુરનું જંગલ સળગ્યું છે. એની અંદર ખેર, સાગને નુકસાન થયું છે અને ચોર લોકોને બે નંબરનો ધંધો કરનારને રસ્તો કરી આપ્યો છે. આદિવાસીઓની ચિંતા મંગુભાઈને હોત તો મારી આપના દ્વારા વિનંતી છે કે આદિવાસીઓને અમે એનો પ્રયોગ કર્યો છે અને મંગુભાઈ કહે તો પુરાવો આપવા તૈયાર છું. વલસાડ જિલ્લાની અંદર વાંસદા તાલુકામાં ૧૯૯૦ માં બોરીયાસ, નવાનગર, વાંસિયા તળાવ ડુંગર હતા અને રસ્તો જોઈતો હતો. તે વખતે અધિકારીઓની સાથે સંકલન કરી ગામલોકો સાથે સમિતિ બનાવી અને આજે એ જંગલોની અંદર ચિત્તા રહેતા થઈ ગયા છે. એ રીતે જંગલો સાચવવા હોય તો આપના દ્વારા સરકારને વિનંતી છે કે આ ગામ સમિતિને સોંપો. જંગલ મંડળીઓને નહિ. જંગલ મંડળીઓની જાહેરાત કરી, કારણ કે ચૂંટણી હતી. દરેક જંગલ મંડળીઓને કૂપો આપીશું. મંગુભાઈને અને સરકારને પૂછવા માગું છું કે જંગલ મંડળીઓને ૨ કરોડ ૮૮ લાખ રૂપિયા સરકારને ટેક્સ, ઇન્કમટૅક્સ બાકી છે અને ખોટા સર્ટિફિકેટ આપીને એમને કૂપો અપાયા, એટલું જ નહિ પણ એમના માણસો છે. દુ:ખ સાથે કહેવું જોઈએ, જ્યારે અમે ૧૦૦ ટકા માલિકી હક્ક, જ્યારે ચીમનભાઈની સરકારે ૫૦ ટકા કર્યો અને શંકરસિંહ વાઘેલા સાહેબે ૧૦૦ ટકા માલિકી હક્ક આદિવાસીઓને આપ્યો છે.

સરકારને, આ ગૃહમાં અમે કહયું કે અમને સ્ટાફ આપો, પણ સાહેબ એકપણ સ્ટાફ આપ્યો નથી. એટલું જ નહીં આ જે માણસો છે એમને એમ કહેવાયું છે અને મારી પાસે પુરાવા છે, માગે ત્યારે આપવા તૈયાર છું. સાહેબ, એક ફોર્મની અંદર નાણામંત્રીશ્રીનું ધ્યાન દોરું છું. એક ફોર્મના ભારતીય જનતા પાર્ટીના નોમીનલ સભ્ય હોય એક ફોર્મ માલિકીનું આપવાનું હોય તેનો ૨૫ હજાર રૂપિયા ખર્ચ કરાવે છે. એટલું જ નહીં જયારે માલિકી અપાય છે ત્યારે એની ૨૫ ટકા ભાગીદારી હોય છે. આજે આ પરિસ્થિતિ કરી છે. ત્યારે હું માનનીય મંત્રીશ્રીને એમ કહેવા માગું છું કે જયારે તમે આદિવાસીઓનુ કલ્યાણ ઈચ્છતા હોય, જંગલને બચાવવા માગતા હોય અને જંગલનું રક્ષણ કરવા માગતા હોય તો ગ્રામ સમિતિઓ બનાવીને દરેક ગામને સોંપો અમે તેની જવાબદારી લેવા તૈયાર છીએ. અમે તૈયાર છીએ. ત્યારે મારે દુ:ખ સાથે કહેવું છે કે વાંસદા તાલુકાની અંદર વનીમ છે, તેની અંદર ફર્નિચર બને છે. ત્યાં ગઈ ચૂંટણીની અંદર આ માણસોએ કદાચ મંગુભાઈના કહેવા પ્રમાણે કામ ન કર્યુ એટલે તુરત જ ૪૦૦ મજૂરો કે જેમણે તેમના કહેવા પ્રમાણે કામ ન કર્યુ તેમની બદલી કરી. બહુ દુ:ખની વાત છે કે જે મજૂરો કામ કરતા હોય તેમના માટે રાજકીય રમત રમે છે. ત્યારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, (સમયસૂચક ઘંટડી) સાહેબ, બે મિનિટ આપો. આ સરકારને આંકડા સાથે અને દરેક રેન્જ, રાઉન્ડ અને દરેક બીટની અંદર આ સરકારને વિનંતી કરું છું કે સી.આઈ.ડી. મારફતે, ઉચ્ચ કક્ષાએ તપાસ કરવો, પુરાવા આપવા તૈયાર બેઠા છીએ. જે દિવસે અમે ખોટા પડીશું સરકાર જે શિક્ષા કરશે તે લેવા તૈયાર છીએ. ગરીબ કોટવાળીયાઓ બિચારાઓના ૨૨ લાખ રૂપિયા ગઈ વખતે આ કોટવાળીયાઓને ચુકવ્યા નથી અને તેના અધિકારીઓ ખાઈ ગયા છે, ખિસ્સા ભરી ગયા છે તેનો પણ વિચાર કરવો પડશે. સાહેબ એક કહેવત છે કે ગરીબની હાય તે કદી ન ખાલી જાય. સાહેબ જંગલ ખાતું આદિવાસીઓનું કલ્યાણ કરવાની વાત કરતું હોય તો હું એમ માનું છું કે આદિવાસીઓને •*(XXX) આદિવાસીઓના જંગલનો નાશ કરવામાં આવ્યો છે. ત્યારે આ સરકારને વાત કરવા માગું છું કે અને અભિનંદન આપવા જોઈએ.

**અધ્યક્ષશ્રી** : * (XXX) તે શબ્દ રેકર્ડમાંથી દૂર કરવામાં આવે છે.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, કાનજીભાઈ હતા ત્યારે જંગલનો નાશ થયો. મને એવી આશા હતી કે મંગુભાઈ આવ્યા એટલે જંગલ સારુ રહેશે. મારે અભિનંદન આપવા જોઈએ માનનીય દોલતભાઈને. દોલતભાઈનું નામ લઈએ એટલે ફોરેસ્ટ ખાતું સડસડાટ ચાલે. આજે આ નિષ્ઠાવાન માણસ હતો તેમને આ સરકાર એમ કહે કે એમને કામ નહીં આપીએ. આજે આ સરકાર ગરીબોની નથી. ગરીબોની વિરોધી સરકાર છે ભારતીય જનતા પાર્ટીની. ત્યારે મારે કહેવું જોઈએ કે ફકત રથ લઈને ફરવાનું કામ નથી. માનનીય નરોત્તમભાઈ કહેતા હતા કે ગામ તલાડીઓ કરી, સુજલામ સુફલામ યોજના લાવ્યા, ગામે ગામ પાણી આપ્યું, અમે તેના પુરાવા આપવા તૈયાર છીએ. સુજલામ સુફલામ થાય મલમ નરોત્તમભાઈ આ થયું છે. આ બાબતમાં આપના દ્વારા આપની આ સરકારને વિનંતી કરું છું અને મને ખાતરી આપો કે આ બાબતે તપાસ થવી જોઈએ. તપાસ થાય, શિક્ષાત્મક પગલાં લેવાય તેવી ગૃહ પાસે ખાતરી માગું છું.

**શ્રી બાબુભાઈ જ. પટેલ (દસક્રોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ મંત્રીશ્રી જે શહેરી વિકાસ અંગેની માગણી લઈને આવ્યા છે તેની અંદર સૂર પુરાવવા ઉભો થયો છું. આજે ગુજરાતની અંદર ૧૪૩ નગરપાલિકાઓ છે. આ નગરપાલિકાઓની મૂળ સુવિધાની કયારેય કોઈએ ચિંતા કરી નથી. આ મૂળ સુવિધાની અંદર પાણી પુરવઠા, ગટર વ્યવસ્થા, જાહેર આરોગ્ય, જાહેર રસ્તા, જાહેર દિવાબત્તીની સુવિધા પૂરી પાડવા માટે નગરપાલિકાઓ પાસે નાણાંકીય ભંડોળ ન હતું. તેનાથી આવા વિસ્તારોમાં નાગરિકોને જે હાડમારી અને મુશ્કેલી ભોગવવી પડતી હતી તે અંગે આ સરકારે ચિંતા કરીને બાજપાઈ નગર યોજના બનાવી અને બાજપાઈ નગર યોજના બનાવીને પ્રથમ તબક્કામાં ૧ કરોડ ૮૪ લાખ ૮૦ હજાર રૂપિયાની જોગવાઈ કરી અને નગરપાલિકાઓના વિકાસની વ્યવસ્થા શરૂ થઈ અને આ સરકારે નગરની ઓળખ ઊભી કરી કારણ કે કોંગ્રેસવાળા તો નગરને ભૂલી ગયા હતા, એમને નગરની ખબર ન હતી, નગરને તેઓ વિસરી ગયા હતા પણ આ સરકારે નગરને વિશેષ મહત્ત્વ આપ્યું અને નગર શું કહેવાય કોંગ્રેસને ખબર ન હોતી, નગર એટલે એનો ન એટલે નળ, ગ એટલે ગટર અને ર એટલે રસ્તા, આમ આ સરકારે નળ, ગટર અને રસ્તાની સુવિધા ઊભી કરી, આ સુવિધા એટલા માટે ઊભી કરી કે તે નાગરિકો માટે અનિવાર્ય છે. નાગરિકો માટેની મૂળભૂત સુવિધા છે, તેના ઉપર પ્રથમ વખત આ સરકાર તરફથી ધ્યાન આપવામાં આવ્યું અને આ સરકારે ક્રાંતિકારી પગલાં ભર્યા છે, અટલ બિહારી બાજપાઈએ યોજના નગર દ્વારા આ નગપપાલિકાઓના વિસ્તારોમાં કરેલા કામોની ક્રાંતિ એ આ ભાજપની સરકારને આભારી છે.

મિત્રો, અમે કરેલા કામો હું બતાવું, કે, ભાઈ, કોંગ્રેસની સરકાર ઔડામાં વીસથી પચીસ વર્ષ ચાલી છે પણ એમણે ફક્ત પંદર ટી.પી.ની સ્કીમો કરી, મારે ગૌરવ સાથે કહેવું છે કે, ભાજપની સરકારે સો ટી.પી.

• * (XXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

સ્કીમો પાડી અને પંદર લાખને રહેવા માટે માળખાકીય સુવિધાઓ ઊભી કરી. મેગા સીટી અમે બનાવી, મિત્રો, કોંગ્રેસના શાસનમાં ઔડાની કામગીરી તદ્દન નબળી હતી, વિકાસની કોઈ સુવિધા ન હતી, કોંગ્રેસના વહીવટીકર્તાઓમાં વિકાસની દૃષ્ટિ ન હતી જેથી ઘણા વર્ષો સુધી વિકાસ થયો નહીં અને મિત્રો, અમે ઔડાનો ૩૫૦કરોડ રૂપિયાનો રીંગરોડ બનાવ્યો, મારે કહેવું છે કે, હિન્દુસ્તાનની અંદર પહેલો બનાવ છે કે, જમીન સંપાદન કર્યા સિવાય અમદાવાદમાં અદ્યતન રીંગરોડ ૩૫૦ કરોડના ખર્ચે બનાવ્યો અને માનનીય અધ્યક્ષશ્રી, આઠ કિલોમીટરનો જે કાળો કાયદો હતો એની વાત કરીએ તો એ કાયદો નાબૂદ કરવાથી આ રીંગરોડ ઉપર જમીનના પૈસા વીઘાના ૨૦ હજાર કે ૨૫ હજાર નહોતા આવતા એના ૨૫ લાખ રૂપિયા આવ્યા. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : કોઈપણ માનનીય સભ્યશ્રી બેઠાં બેઠાં ટીકા કરશે તો હું એમને આ ગૃહમાંથી બહાર મોકલીશ.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે જમીનના વીઘાના ૨૦ હજાર કે ૨૫ હજાર નહોતા આવતા એ વીઘાના ૨૫ લાખ રૂપિયા આવ્યા અને ત્યાંનો ગરીબ ખેડૂત આ આઠ કિલોમીટરનો કાયદો નાબૂદ થવાથી ફક્ત બે વીઘા જમીન વેચી બીજે ૫૦ વીઘા જમીન લઈને આબાદ બન્યો છે. રીંગરોડ ઉપર પચીસ લાખમાં વીઘો જમીન વેચી બહાર એણે એ પૈસામાં પચાસ પચાસ વીઘા જમીન લીધી અને ખેડૂત એ રીતે સુખી થયો છે. માનનીય મિત્રો, મારે કહેવું છે કે, ઘાટલોડિયા નગર પંચાયતનો હું મેમ્બર હતો ત્યારે કોંગ્રેસની સરકાર હતી, ત્યારે ઘાટલોડિયામાં જુઓ તો રોડ ઉપર ગટરનું પાણી હોય, રસ્તા તૂટી ગયેલા હોય, લાઈટો હોય નહીં અને કોંગ્રેસની સરકારમાં કોઈ અમારું સાંભળતું ન હતું પણ આ ભાજપની સરકાર બન્યા પછી તમે આજે જુઓ તો ઘાટલોડિયા, ચાંદલોડિયા, વેજલપુર, મેમનગર, વસ્ત્રાલ, રાણીપ આ બધી નગરપાલિકાઓમાં તમને ન્યુ અમદાવાદના દર્શન થશે. આ ભાજપની સરકારમાં નગરપાલિકાઓનો વિકાસ દેખાયો છે અને આજે જે નગરો બન્યા છે એ ભાજપની સરકારની દેન છે. મારે એ પણ કહેવું છે કે, ભાજપની સરકારે જે કહ્યું છે એ કર્યુ છે, કોરપોરેશનનો પણ હું સભ્ય છું, કોરપોરેશનમાં અમારા ભાજપે જે વચનો આપ્યા હતા એ વચનોનાં કામ કરી બતાવ્યા છે, અમે એક વચન આપ્યું હતું કે, નદીના બંને છેડા ઉપર ગાંધીબ્રીજ, વિવેકાનંદબ્રીજ અને સરદારબ્રીજને પહોળો કરીને નવો બનાવીશું, શહેરમાં બધા રસ્તા અમે બનાવ્યા, આપણા શહેરને આંતરરાષ્ટ્રિય શહેર બનાવી અને સી.જી.રોડનું નિર્માણ કર્યુ.ટાઉન હોલ, ટાગોર હોલ, મ્યુઝિયમ વગેરેને નવું સ્વરૂપ આપ્યું. ન ભૂતો ન ભવિષ્યમાં થાય એવું કામ અમારા શાસન વખતે કોરપોરેશનમાં થયું. ૧૦૦ દિવસમાં ૧૦૦ કિલોમિટરથી રાસ્કાનું પાણી લાવીને આપ્યું. ૫૦ જેટલા બગીચાઓ બનાવ્યા, પ્રત્યેક ચાર રસ્તા ઉપર આઈ લાઈટસ ઉભી કરી, હોસ્ટિપલોમાં આઈલેન્ડ ઉભા કર્યા અને હોસ્પિટલની સુવિધાની વાત કરૂં તો વી.એસ.હોસ્પિટલમાં ૫૦ સીટો વધારી અને એ.એમ.ટી.એસ.ની વાત કરૂં તો ૭૫૦ બસો ધમધમીને ફરતી હતી ત્યાં આજે ૩૦૦ બસો પણ ફરતી નથી. આ કોંગ્રેસનું શાસન છે. વિકાસ કોને કહેવાય એ મારે આપને કહેવું છે. મારે મારા મિત્રોને કહેવું છે કે વિકાસ કોને કહેવાય એ શિખવું હોય તો ભારતીય જનતા પાર્ટી પાસે કલાસ ભરવા પડે. આ તમારા ચાલુ શાસનનો પત્ર લઈને આવ્યો છું કે જે કોરપોરેશનમાં તમે વચનો આપ્યા હતા એ વચનો વાંચી સંભળાવું છું. જો તમે એક પણ આમાંથી કામ કર્યું હોય તો હું રાજકારણ છોડી દઉં. એક કામ કર્યું હોય તો મને બતાવે. એમણે બન્ને એસ.ટી.સ્ટેન્ડ ઉપર ટ્રાફિક અંડર પાસ કરવાની વાત કરી હતી, તમામ રસ્તાઓ ઉપર રાહદારીઓ માટે ફૂટપાથ કરવાની વાત કરી હતી, દૂધેશ્વર અને સાબરમતીનો નવો બ્રીજ બનાવવાની વાત કરી હતી, નરોડા આર.ટી.ઓ.પાસે તળાવ બનાવવાની વાત કરી હતી, લાલ બહાદૂર શાસ્ત્રી સ્ટેડિયમને વિકસાવવાની વાત કરી હતી, ડોર ટુ ડોર કચરો ઉપાડવાની વાત કરી હતી, ટ્રાફિક સમસ્યાનો ઉકેલ લાવવાની વાત કરી હતી, જમાલપુર માર્કેટ છે ત્યાં ઓવર બ્રીજ બનાવવાની વાત કરી હતી એ બ્રીજ કઈ સાલમાં બનશે એ ખબર પડતી નથી. દરેક ઝોનમાં રાત્રી ખાણી-પીણીના બજારો બનાવવાની વાત કરી હતી, ગ્યાસપુર પાસે ડિઝનીલેન્ડ બનાવવાની વાત કરી હતી, સી.ટી.એમ. પાસે આકર્ષક પ્રવેશ દ્વાર બનાવવાની વાત કરી હતી. એમણે એમ કહ્યું હતું કે, બહારથી કોઈ વ્યકિત અમદાવાદ શહેરમાં એન્ટ્રી કરશેને ત્યારે મોટા પ્રવેશ દ્વારો હશે. એમાંનું આજે કંઈ નથી થયું. એમના કહેવા પ્રમાણે પૂર્વ વિસ્તારમાં વ્યાયમ શાળાઓ બનાવીશું, કોરપોરેશનની દક્ષિણ ઝોનની કચેરી મણીનગરમાં કરવાની વાત કરી હતી, ભ્રષ્ટાચારને નાથવાનું કામ કરીશું. અમદાવાદ શહેરના સર્વાંગી વિકાસના દસ્તાવેજો ૨૦૧૨ સુધીના નિષ્ણાંતો પાસે બનાવવામાં આવશે. પણ એમણે અમારા દસ ટકા અધૂરા રહેલા કામો બાકી હતા એ બે-બે વર્ષે પૂરા કર્યા. એટલું કામ કર્યું અને પછી નામ આપ્યા. એટલે એમણે ફોઈ બનીને નામ આપવાનું કામ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ મુખ્યમંત્રી છે એ ગુજરાતના ટ્રસ્ટી છે. આ ટ્રસ્ટીની દૃષ્ટિ છે એ વિકાસની દૃષ્ટિ છે. આ ટ્રસ્ટીની દૃષ્ટિ અહીંયા દેખાય રહી છે કે વિકાસની દૃષ્ટિ આવી હોયી જોઈએ. સાહેબ, આ દૃષ્ટિની વાત કરતા મને એક વાત યાદ આવી એ આ ગૃહ સમક્ષ કહેવા માગું છું. મહાભારતમાં એક પ્રસંગ છે, દ્રોણાચાર્યએ દૂર્યોધનને બોલાવ્યો અને એમને એમ કહેવામાં આવ્યું કે, પાંચ સારા લોકો શોધી લાવો. તો દૂર્યોધન આખું હસ્તીનાપુર ફરી વળ્યો પણ એક પણ સારો માણસ એમને ન દેખાયો. પછી યુધિષ્ઠિરને બોલાવવામાં આવ્યો અને એમને એમ કહેવામાં આવ્યું કે પાંચ દુર્જનો કે જે નુકસાન કરતા હોય, રસ્તાઓ

બગાડતા હોય, લોકોને દુ:ખ આપતા હોય એવા પાંચ લોકો શોધી લાવો. તો યુધિષ્ઠિરને એક પણ દુર્જન ન દેખાયો. હવે આટલા બધા આ સરકારે કામ કર્યા પછી એમની દ્દષ્ટિ દુર્યોધનની હોય તો કયાંથી સારાં કામો દેખાય?

**શ્રી જગદીશ ઠાકોર (દહેગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વન અને પર્યાવરણ, સામાજિક ન્યાય અને અધિકારી વિભાગ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની માગણીઓ લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું. સાત મહાનગરપાલિકાઓ અને ૧૪૧ નગરપાલિકાઓના વિકાસની વાત માનનીય મંત્રીશ્રી શહેરી વર્ષ ઉજવવાની વાત લઈને આવ્યા છે, સમતુલિત વિકાસ, મારો તારો રાખ્યા વગરનો વિકાસ, મારાવાળો બેઠો છે એટલે વધારે આપો અને મારા વિચારવાળો બેઠો છે એટલે એને ચાલવા ના દઉં આ વિચારસરણીથી સમતુલિત વિકાસ બનતો નથી. શહેરી વિકાસ વર્ષ આપણે ઉજવી રહ્યા છીએ ત્યારે ખાસ કરીને જે મોટા કોરપોરેશનો અમદાવાદ, રાજકોટ, બરોડા અને સુરત છે, એની આજુબાજુની નગરપાલિકાઓ છે એ શહેરી વિસ્તારમાં મોટા શહેરી વિસ્તારોમાં વસતિવધારાનું ભારણ બનતું જાય છે ત્યારે શહેરોમાં વસતિવધારાના ભારણને રોકવા માટે આ રાજ્ય સરકાર શું કરે છે એ આપના દ્વારા હું જાણવા માગું છું.

અમદાવાદ મહાનગરપાલિકા છે તો એની આજુબાજુ દહેગામ છે, માણસા છે, કલોલ છે અને અન્ય નગરપાલિકાઓ આવેલી છે આ નગરપાલિકાઓનો જે સુઆયોજિત વિકાસ થયો જોઈએ, મોટા શહેરોની આજુબાજુની નગરપાલિકાઓનો વિકાસ થવો જોઈએ એ વિકાસ ક્યાંય દેખાતો નથી, નગરપાલિકાઓ એના કર્મચારીઓના પગાર સમયસર આપી શકતી નથી, સફાઈ કામદારો ચાર ચાર છ-છ મહિના ઉપવાસ પર ઉતરે પછી એમને પગાર મળે છે. પાણી, સફાઈ, રોડ, રસ્તાની જે વ્યવસ્થા છે, ચોક્કસ, મુખ્ય રસ્તા આપણને ખૂબ સારા લાગે, બાયપાસ આપણને ખૂબ સારા લાગે પણ આંતરિક રસ્તાઓ જે નગરપાલિકાઓના છે એની દશા જોવા જેવી હોય છે. આ આંતરમાળખાકીય સુવિધાઓ જ્યાંસુધી ઉભી નહિ થાય ત્યાંસુધી મોટા શહેરો પર એનું ભારણ ખૂબ રહેવાનું છે ત્યારે આપનું ધ્યાન એટલા માટે દોરવા માગું છું કે આ શહેરી વિકાસ એ માત્ર તૂત છે, આ શહેરી વિકાસના નામે ફક્ત ઉજવણીઓ કરવાનું આ શહેરી વિકાસના નામે માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીના ફોટા લગાવવા, મોટા બેનરો લગાવવા અને એ લગાવીને જાણે ખૂબ મોટો યજ્ઞ કરી રહ્યા હોઈએ તેવો માત્ર દેખાડો આ સરકાર કરતી હોય તેવું દેખાય છે. નાણાકીય વર્ષ ૧૯૯૯થી માંડીને ૨૦૦૪ સુધી ક્યાંક ૪૭૬.૫૨ લાખ ફાળવાય છે, ક્યાંક ૩૫૦૦, ૩૩૦૦, ૨૮૩૬ લાખ રૂપિયા ફળવાય છે. રિવોલ્વીંગ ફંડની યોજના જે છે આ યોજનાઓમાં પણ ક્રમશ: ૧૯૯૯-૨૦૦૦થી માંડીને ત્યારે ૭૪૪.૧૬ લાખ હતા એ ૨૦૦૩-૦૪ માં ૧૩૦.૩૦ લાખ રૂપિયા ફાળવેલ છે. શૌચાલયોના બાંધકામો, ગંદા વિસ્તારની સુધારણા, સામાન્ય વ્યવસ્થાઓ માટે જે ફંડ મળે છે સામાન્ય વિકાસ માટેની નાની નાની લોન મળે છે પણ ૧૯૯૯-૨૦૦૦થી માંડીને ૧૪૨.૨૭ લાખ હતા એ ક્રમશ: ઘટતા ઘટતાં ૨૦૦૨-૦૩માં ૫૫ લાખ, ૨૦૦૩-૦૪માં ૧૯.૫૮ લાખ મળેલ છે. આ સરકાર ઉત્સવઘેલી સરકાર છે. સરકાર એ કર્મચારીઓને કર્મયોગી બનાવવાવાળી છે એટલે એમાં ચોક્કસ વધારો થયો છે, નગરપાલિકા અને કોરપોરેશનના કર્મચારીઓને તાલીમ આપવામાં ૧૯૯૯-૨૦૦૦માં ૨૬.૬૯ લાખ રૂપિયા ફાળવેલ છે અને એજ રીતે સૌથી મોટી આવક જે કર્મચારીઓની તાલીમ માટે થાય છે, ૧૯૯૯-૨૦૦૦માં ૭.૩૩ લાખ અને ૨૦૦૨-૦૩ માં કર્મચારીઓની તાલીમ માટે ૬૫ લાખ રૂપિયા, ૨૦૦૩-૦૪માં કર્મચારીઓની તાલીમ માટે ૩૧ લાખ રૂપિયા ફળવાય છે. એટલે તાલીમ માટે રૂપિયા છે પણ આંતર માળખાકીય સુવિધાઓ માટે રૂપિયા કયાંય સરકાર પાસે હોય એવું દેખાતું નથી.

શહેરોમાં અને નગરપાલિકાઓમાં લારી, ગલ્લા, પાથરણાં મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગના લોકો રોજી રળીને તેનું પોતાનું ગુજરાન ચલાવે છે એવો બહુ મોટો વર્ગ છે. શહેરોની વસ્તીની ટકાવારી પ્રમાણે જોઈએ તો ૩ ટકા લોકો એવા છે કે જે આ ધંધા ઉપર નભે છે. અમદાવાદમાં રોજી-રોટી આપણે આપી શકતા નથી. ભૂતકાળમાં એન.ડી.એ.સરકાર હતી આ દેશના સર્વોચ્ચ પદ ઉપર આ જ વિસ્તારમાંથી લોકસભાનું સભ્યપદ મેળવી અને નાયબ વડાપ્રધાન તરીકે માનનીય અડવાણી સાહેબ બેઠા હતા. કેમ આપણે મેટ્રો સીટી અમદાવાદને ડિકલેર કરાવી ના શક્યા? શું રજૂઆતો થઈ? શું કસર રહી આપણી પાસે? માનનીય અડવાણી સાહેબ બેઠા હતા ત્યારે જે અમદાવાદ તૂટ્યું હતું છેલ્લાં ઘણાં વર્ષોથી તે અમદાવાદને બેઠું કરવા માટે ભારત સરકારની યોજનામાંથી ક્યાંક લોખંડની એક ખીલી બનાવવાની ફેકટરી નહીં ક્યાંક વાંસની વાંસપટ્ટી બનાવવાનું કારખાનું નાંખ્યુ હોત તો પણ આપણને આનંદ થાત. શું વાતો કરીએ છીએ આપણે અહીંયા બેઠાં બેઠાં એકલા વખાણ કરવા. મારા અભ્યાસુ મિત્ર બાબુભાઈ જમનાદાસે ખૂબ મજાની વાત કરી, તે વાતો કરવાથી ક્યાંક દેખાય છે પક્ષના સંનિષ્ઠ કાર્યકરો અને મહેનતથી, પરસેવાના બળે સત્તા ઉપર આવવા માટેના સ્વપ્નાઓ કાર્યકરો લઈને બેઠેલાં હોય છે. તે સ્વપ્નાઓ લઈને બેઠેલાં કાર્યકરો નિરાશ થઈને ઘર પકડીને બેઠાં છે અને જેને સાઈકલના પણ ફાંફા હતા એવા ટપોરી ટાઈપના લોકો લેન્સર અને હોન્ડાસીટી ફેરવતા થઈ ગયા છે એટલા કરપ્શન નગરપાલિકાઓમાં દેખાય છે. આંકડાઓ સાથે હું રજૂ કરવા માંગુ છું. દહેગામ નગરપાલિકામાં બે વર્ષથી ભ્રષ્ટાચારના કેસો જોઈએતો ૬૯ રૂપિયે પથ્થર મળતો હતો. ૬૪ રૂપિયા અને ૪૩ પૈસે તે પથ્થર ૨૬૩

રૂપિયામાં ખરીદાય છે. જાડેજા સાહેબ, બે વર્ષથી માનનીય અમારા જિલ્લાના મંત્રી અનિલભાઈની હાજરીમાં લોક ભાગીદારીમાં ત્રણ ત્રણ વખત પ્રશ્નો આવે, માનનીય મુખ્યમંત્રીશ્રી પાસે ઓન લાઈનમાં જઈએ, માનનીય મંત્રીશ્રીને અસંખ્ય વખત રજૂઆતો કરીએ પણ અત્યાર સુધી દહેગામ નગરપાલિકા દ્વારા એન.એસ.ડી.પી યોજનામાં જે લાખો રૂપિયાના ભ્રષ્ટાચાર થયા છે તેની તપાસ એક આંકડો આગળ નથી વધતો. કારણ? કારણ તેમનાવાળા બેઠાં છે સાહેબ, દહેગામ નગરપાલિકામાં ધાબાની હરરાજી થાય તેમાં ૫૨.૧૧ ચોરસ મીટર ધાબાની અપસેટ પ્રાઈઝ મૂકી દોઢ લાખ રૂપિયા તે હરરાજી ૩ લાખ અને ૪૫ હજાર રૂપિયાની બોલી બોલાઈ તેમાં નગરપાલિકાના પ્રમુખ સહી ના કરે કારણકે રૂપિયા વધારે મળ્યાં તેમ કરીને હરરાજી ઉડાડી દેવામાં આવે. બીજુ ધાબું ૨૫૩.૫૧ ચોરસ મીટર તેની અપસેટ પ્રાઈઝ મૂકાઈ ૩ લાખ અને તેની હરરાજી રિંગ કરવામાં આવે, દેખાડો કરવામાં આવે. ૧૦ હજાર રૂપિયા ભરે તેને જ હરરાજીમાં ભાગ લેવો એવી પેપરમાં જાહેરાતો હોય અને તેની હરરાજીની કિંમત ઉપજે છે ૩ લાખ. અપસેટ પ્રાઈઝની સામે ૩.૦૭ લાખ રૂપિયા કિંમત ઉપજે અને ધાબું આપી દેવામાં આવે. જેની ખરેખર કિંમત થાય ૧૬ લાખ ૭૮ હજાર ૩૯૧ રૂપિયા. ૧૩ લાખ રૂપિયાનું નુકસાન. હરરાજીમાં દેખીતું નુકસાન અને છતાં પણ કંઈ ના થાય. કારણ? મારાવાળો છે.

ઈ-ગવર્નન્સની દુહાઇ દેતાં વેજલપુર નગરપાલિકામાં ૩૦ લાખ રૂપિયાનો ફિક્સ ડિપોઝિટનો ચેક. આ ફિક્સ ડીપોઝીટ કરવા માટે આપવામાં આવે, અને એ જયારે ફિક્સ ડીપોઝીટ કરવા માટે આપવામાં આવે ત્યારે એક વેપારી એના ખાતામાં રૂપિયા ભરવા જાય ત્યારે બેંક નગરપાલિકાના પ્રમુખનું ધ્યાન દોરે અને ત્યારે ૨૨ મી તારીખે બનાવ બને અને તેની ફરિયાદ ૧૫ દિવસ પછી થાય છે. કારણ કે ઉચાપત કરવી હતી, પણ ફાવી ન શકયા. આખા રાજયમાં વેજલપુરની ઈ-ગવર્નન્સની વાત કરવામાં આવે છે. રાણીપ અને બીજા વિસ્તારોમાં સ્નાનગૃહો બન્યા છે, એમાં આપના દ્વારા પૂછવા માગું છું કે ઔડાની કોઈ જાતની પરમિશન લેવામાં આવી છે? જે રૂપિયા આપવાના થયા, એ આપવાની વ્યવસ્થા ન થઈ હોય તો પણ આડેધડ વહીવટ કરીને ભંયકર ભ્રષ્ટાચાર થાય અને રૂપિયા ચૂકવાઈ જાય. (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, વન ખાતા ઉપર થોડી વાત કરું છું. (અંતરાય) એક જ મિનિટ આપો પ્લીઝ. સો મિલોનો ખૂબ અગત્યનો પ્રશ્ન છે. માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૮૨ પહેલા ૩૨ કિલોમીટર જંગલથી દૂર હોય એણે કોઈપણ જાતનું લાયસન્સ વગર સો મિલ કરવાની છૂટ હતી. જંગલો ઓછા હશે અને કંઈક જંગલો વધારે બનાવવા પડયા, એટલે નર્સરી અને રોડ ઉપરના ઝાડ ઉછેરવામાં આવ્યા એને ફોરેસ્ટ ગણવામાં આવે છે અને એને ગણવામાં આવ્યા એટલે ૧૯૮૨માં પત્ર લખ્યો અને પછી લાયસન્સ લેવાની શરૂઆત કરવાની વાત થઈ. એમાં ટીંબર મરચન્ટ અને ફેડરેશનને આ વાત વાજબી ન લાગી એટલે એ લોકો હાઈકોર્ટમાં ગયા. હાઈકોર્ટે યથાવત સ્થિતિ જાળવી રાખવી અને સરકારે કંઈક નિર્ણય લેવો એવું કહ્યું. ૧૯૯૪ માં હાઈકોર્ટે સરકારને પોલિસી બનાવવાની વાત કરી. ૧૯૯૪ થી આજ દિવસ સુધી પોલિસી નકકી કરી શકયા નહીં એ હું જાણવા માગું છું. ફેડરેશનને કેટલી વખત સરકારે બોલાવ્યું? ફેડરેશને કેટલા પત્રો સરકારને લખ્યા? બાલગુરૂ સાહેબના અધ્યક્ષસ્થાને કમિટી કયારે બની? માનનીય મુખ્યમંત્રીશ્રીએ ટીમ્બર એસોસિએશનને આશ્વાસન આપ્યું કે તમે ૧૬૦૦ સો મિલવાળા એકલા નથી. તમારા સૌ વતી સરકાર સુપ્રીમમાં ભલામણ કરશે, તો શું ભલામણ થઈ?

**અધ્યક્ષશ્રી** : માનનીય કાંતિભાઈ.

**શ્રી જગદીશ ઠાકોર** : એક જ મિનિટ. ૧૯૯૪ થી આજ દિવસ સુધી, આપના માધ્યમ દ્વારા પૂછવા માગું છું કે એકપણ મિટિંગ નથી મળી. એકપણ વાર સુપ્રીમમાં કે ભારત સરકારમાં રજૂઆત કરવાની થાય એ નથી કરી. આપનાથી માંડીને કેટલા મંત્રીશ્રી અને ધારાસભ્યશ્રીઓએ માનનીય મુખ્યમંત્રીશ્રીને આ ગંભીર પ્રશ્નનો ઉકેલ લાવવા માટેની વિનંતી કરી છે, પણ આ બાબતમાં એકપણ કામ થયું નથી. ગઈ વિધાનસભામાં પણ માનનીય મંત્રીશ્રીએ ખાતરી આપી હતી, ત્યારે આપના માધ્યમ દ્વારા વિનંતી કરું કે માનનીય મંત્રીશ્રી આ સો મિલો કે જેમાં અઢીથી ત્રણ લાખ કામદારોનો પ્રશ્ન બન્યો છે, ત્યારે અંગત રસ લઈને વિધાનસભામાં કંઈક જાહેરાત કરે એવી વિનંતી સાથે વિરમું છું.

**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની એમની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે તેને અનુમોદન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતની અંદર શાંતિ અને સલામતિ છે, માત્ર ગુજરાત એક એવું રાજય છે કે રોજગારી માટે આ રાજયના ગામોમાંથી, પરપ્રાંતમાંથી ગુજરાતના નગરોમાં આવીને રોજગારી મેળવે છે. એ અમદાવાદ હોય, વડોદરા હોય, સુરત હોય કે રાજકોટ હોય. તાપીથી વાપી સુધીના નગરોમાં રોજગારીની તકોની સલામતિ દેશ અને ગુજરાતના ગામડામાં બેકાર લોકોને જયારે તક દેખાતી હોય ત્યારે ગામડાનો વ્યકિત પોતાના ગુજરાન માટે શહેરની અંદર આવે છે. એ શહેરની અંદર આવતા હોય ત્યારે શહેરોની વસતિ પણ એ પ્રમાણમાં વધે છે.

૧૯૯૧ ની વસતિ જૂઓ અને ૨૦૦૧ ની વસતિ જૂઓ.આજની પરિસ્થિતિમાં ગુજરાતનાં નગરોમાં ૩૮ થી ૪૦ ટકા વસતિનું ધોરણ આ રાજયના ૫ કરોડ વસતિના ધોરણમાં ૨ કરોડ સુધી શહેરામાં વસતિનું ધોરણ જઈ રહયું છે. જયારે વસતિનું ધોરણ વધતું હોય ત્યારે એને પ્રાથમિક સુવિધાઓ પછી એ પાણી હોય, ગંદા પાણીનો નિકાલ હોય, વરસાદના પાણીનો નિકાલ હોય, રસ્તાઓ હોય કે ઝૂંપડપટ્ટીઓ પણ જે રીતે વધે છે એ રીતે વધતી જતી ઝૂંપડપટ્ટીની સમસ્યા અને એમાં રહેતા લોકોની વીજળીની જરૂરિયાતની વાત હોય, દીવાબત્તીની વાત હોય એ બધી જ સુવિધાઓને ધ્યાનમાં રાખીને આ ૨૦૦૫ નું વર્ષ ગુજરાત રાજયે શહેરી વિકાસના વર્ષ તરીકે ઉજવવાની વાત કરી છે. હમણાં મારા મિત્રશ્રી જગદીશભાઈ ઠાકોર વાત કરી રહયા હતા એમાં કયાંક દહેગામ નગરપાલિકાની વાત આવી, કયાંક નગરપાલિકામાં ભ્રષ્ટાચારની વાત એ દર્શાવી રહયા હતા ત્યારે દહેગામ નગરપાલિકાનો દાખલો આપીને સમગ્ર શહેરી વિભાગને બદનામ કરવું એ વાજબી નથી. ગઈકાલે આ ગૃહમાં માનનીય સભ્યશ્રી ફારૂકભાઈ શેખે એવી વાત કરી હતી કે એક વ્યકિતને તમે પકડયો નથી એમ કરીને રાજયના આખા ગૃહ વિભાગને બદનામ કરવાની વાત કરી એ રીતે આજે આ આખા શહેરી વિભાગને. બદનામ કરવાની વાત તેમણે કરી છે એ વાજબી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરોની સમસ્યાઓ એટલી બધી હતી એની સામે કોઈએ જોયું હોય તો આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી અને શહેરી વિકાસ મંત્રીશ્રીએ જોયું છે. વધતી જતી વસતિને ધ્યાનમાં રાખીને શહેરોના રસ્તાઓ સાંકડા હતા, પીવાના પાણીની સમસ્યા હતી, કયાંક ગટરનાં પાણી રોડ ઉપર આવતાં હતાં, કયાંક શહેરોમાં રસ્તાની બન્ને સાઈડે માટીનો પ્રશ્ન હતો, આ બધી પરિસ્થિતિ જોઈને આગામી દિવસોમાં આ સમસ્યાઓના સમાધાન માટે જે રીતે માળખાકીય આયોજન લઈને આવ્યા છે એ ખરેખર આવકારદાયક છે. વાતો કરવી એ બહુ સહેલી હોય છે, પરંતુ આ કામો જયારે શરૂ થશે, આગામી ૨-૩ માસમાં આ કામો જયારે શરૂ થવાનાં છે ત્યારે સામી પાટલી ઉપર બેઠેલા લોકોને ખબર છે કે આ કામ એમના વખતમાં તેઓ કરી શકયા નથી અને આવતા દિવસોમાં એ કામ થવાનાં છે ત્યારે એક ઈર્ષાના ભાગરૂપે તેમને ઈર્ષા થાય છે કે અમે આ કામો કરી શકયા નથી એ આવતા દિવસોમાં આ કામો આ સરકાર કરવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ચાર પ્રકારનાં નગરો છે એમાં 'અ' વર્ગનાં ૮ નગરો, 'બ' વર્ગનાં ૩૨ નગરો, 'ક' વર્ગનાં ૪૪ નગરો અને 'ડ' વર્ગનાં ૫૭ નગરો અને ૭ મહાનગરપાલિકાઓ સાથે કુલ મળીને ૧૪૮ શહેરી સ્થાનિક સંસ્થાઓ આ માળખાકીય સુવિધાઓ જોઈ રહી છે. કુલ મળીને આગામી દિવસોમાં ૨૦૦૧ ની વસતિના ધોરણે ૫૭ નવી નગરપાલિકાઓ બનવાની છે અને તે સંજોગોમાં ૨૦૫ સંસ્થાઓ શહેરી વિસ્તારના લોકોની સમસ્યાઓના સમાધાન અને પ્રશ્નોના નિરાકરણ માટે ૨૦૫ જેટલી સંસ્થાઓ કામ કરી રહી છે. ૨૦૦૪-૦૫ માં ૧૨૬.૬૪ કરોડ રૂપિયાની જોગવાઈ કરી હતી એની જગ્યાએ ચાલુ વર્ષે ૫૯૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરીને આ શહેરી વિસ્તારના પ્રશ્નો સામે આ રાજય સરકારે ચોકકસ ચિંતા કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મિલકતોનાં રજીસ્ટ્રેશન કોમ્પ્યુટરાઈઝેશન કરવાની વાત પણ આ વિભાગે એની દરખાસ્તમાં કરેલ છે. ૫૦ ટકા પરિવારોને, શહેરોમાં રહેનારાઓને પીવાનું પાણી જે અગાઉની સરકારોમાં ટેન્કરો મારફતે પાણી અપાતું હતું આજે એ ટેન્કરો બંધ થઈ ગયાં છે અને હવે આગામી દિવસોમાં ૫૦ ટકા નગરોમાં પાઈપ લાઈન દ્વારા પાણી લોકોને મળે, નાની નગરપાલિકા હોય, મોટી નગરપાલિકા હોય કે કોરપોરેશન હોય એના માટે આ સુવિધા આ રાજય સરકારે તેના આગામી બજેટમાં કરી છે.બાગ બગીચાની વાત હોય, શહેરના રસ્તાની વાત હોય, રસ્તાની બન્ને સાઈડે ફૂટપાથ બનાવવાની વાત હોય એ લક્ષ્યાંક પૂરો કરવા માટે શહેરોને સુંદર બનાવવાની યોજના શહેરી વિકાસ વિભાગમાં દર્શાવવામાં આવી છે. અર્બન મિશન તરીકે આગામી દિવસોમાં રાજય સરકારે જે સંકલ્પ કર્યો છે એ પણ સંકલ્પ આગામી દિવસોમાં પૂરો થાય એવું જોઈ રહયા છીએ.

શહેરોના માર્ગોના વિકાસ માટે સુવિધાપથ યોજના પણ કાર્યરત થવાની છે. નગરોના ઉભા માર્ગોને પણ મુખ્ય માર્ગ બનાવવા માટે ગૌરવપથની યોજના બનાવીને તેનો વિકાસ કરવા માટે નગર પાલિકાઓની ચિંતા પણ આ વિભાગે અને આ સરકારે કરી છે. આગામી ૨૦૦૭ ની સાલ સુધીમાં ૩૦૦ કરોડનું રોકાણ કરીને માથાદીઠ ૧૪૦ લીટર પાણી પ્રત્યેક વ્યકિતને મળે તેના માટેનું આયોજન પણ કર્યુ છે અને ચાલુ વર્ષના બજેટમાં પણ તેના માટેની જોગવાઈ રાજય સરકારે કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા દ્વારા સોળ નગરોને પીવાનું પાણી અત્યારે અપાઈ રહ્યું છે અને આગામી દિવસોમાં જે આયોજન છે તે પ્રમાણે ૪૮ નગરોને ૨૦૦૬ની સાલ સુધીમાં નર્મદા નહેરના પાણીથી પીવાનું પાણી શહેરના લોકોને મળે તે માટેનું આયોજન સરકારે વિચાર્યુ છે. એ જ રીતે ગટર વ્યવસ્થા માટે પણ નાની ૩૮ નગર પાલિકાઓમાં અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજ, કયાંક અધૂરી છે, કયાંક પૂરી થઈ છે, તો જે અધૂરી ગટર વ્યવસ્થા છે તેના માટે પણ આગામી દિવસોમાં બજેટમાં ૩૫ કરોડની જોગવાઈ કરી છે. નાની-નાની નગરપાલિકાઓની જે અધૂરી ગટર વ્યવસ્થા છે તેને કારણે ઘણી જગ્યાએ કેટલાક પ્રશ્નો ઉભા થાય છે તેનું પણ નિરાકરણ થાય તે માટે ચાલુ વર્ષના બજેટમાં ૩૫ કરોડની જોગવાઈ નાણા મંત્રીશ્રીએ કરી છે એ પણ આવકાર દાયક છે. તે જ રીતે નાની નગર પાલિકાઓમાં, નાના નગરોમાં જે સમસ્યાઓ છે તેના તરફ પણ જોવામાં આવેલ છે. શહેરના મુખ્ય ધોરી માર્ગો છે તેમાં સ્ટ્રીટ લાઈટ, ફૂટપાથની

વ્યવસ્થા અથવા આજુબાજુ હરિયાળી ઉભી કરવા માટેનું આયોજન કરી અને સો કરોડના ખર્ચે માર્ગ અને મકાન વિભાગ હસ્તક આ કામ થાય તે રીતે જોગવાઈ કરવામાં આવી છે. શહેરી ગરીબો માટે આગામી વર્ષોમાં ૩૦ હજાર આવાસો બનાવી અને શહેરોની અંદર ઝૂંપડપટ્ટીના કારણે જે પરિસ્થિતિ નિર્માણ થઈ છે તેના કારણે નવા ૩૦ હજાર આવાસોનું નિર્માણ કરવાનું આયોજન પણ આ વખતની યોજનામાં સમાવવામાં આવેલ છે, ઝૂંપડપટ્ટીમાં જે અસ્થાયી વસતિ છે તેને ધ્યાનમાં રાખીને પે એન્ડ યુઝ ટોઈલેટ, અને રેન બસેરાની યોજનાનો પણ આગામી આયોજનમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

ગુજરાતમાં કેટલાંક ઐતિહાસિક શહેરો પણ છે તેના માટે અલગ યાદી તૈયાર કરી અને આ નગરોમાં જે ઐતિહાસિક ઈમારતો છે તેની જાળવણી થાય અને તેને નગરના વિકાસમાં સ્થાન મળે તે રીતનો વિકાસ કરવા માટેની જોગવાઈ કરવામાં આવી છે. જુદી જુદી યોજના તળે શહેરોના વિકાસની ચિંતા શહેરી વિકાસ મંત્રીશ્રીએ જયારે કરી છે ત્યારે હું આઈ.કે. જાડેજા સાહેબનો પણ ખૂબ ખૂબ આભાર માનું છું કે શહેરોની જે મુખ્ય સમસ્યાઓ છે, પીવાના પાણીની, રસ્તાની, ગંદા પાણીના નિકાલની અને વરસાદી પાણીના નિકાલની તેના તરફ ખાસ ધ્યાન આપ્યું છે ત્યારે મારે માત્ર એક જ નમ્ર સૂચન કરવું છે કે આગામી દિવસોમાં રસ્તાઓ સારા બનાવવાના છે ત્યારે કયાંક પીવાના પાણીની પાઈપ લાઈન વર્ષો પહેલાની ૧૯૭૦-૭૨ કે ૭૫ના જમાનાથી જમીન નીચે ધરબાયેલી છે, તેમાં કયાંક કાર્બન જામેલા છે, કયાંક ક્ષાર બાઝેલા છે, કયાંક માટી કે મૂળિયા જામી ગયા છે, અને તેને કારણે એમાં લીકેજ થવાથી જાજરુના પાણી તેમાં અંદર ગયા છે અને તેથી આગામી સમયમાં આરોગ્યની સમસ્યા ઉભી થવાની છે એટલે એક સાથે જમીન નીચેની પાઈપ લાઈનો બદલી અને ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા દૂરસ્ત કરી અને પછી જ રસ્તાઓનું કામ આયોજન પૂર્વક કરવામાં આવે તો ચોકકસ આગામી દિવસોમાં આરોગ્ય વિષયક પ્રશ્નો ઉભા થવાના છે તે આપણે દૂર કરી શકીએ તેમ કહું તો ખોટું નથી.

મારે એક સજેશન એ કરવું છે કે જે સ્મશાનગૃહો છે તેમાં રાજયમાં ઘણાં સ્મશાનગૃહોમાં સ્મશાન સગડીઓ એટલા માટે આપવામાં આવેલ છે કે લાકડાનો વપરાશ ઓછો થાય, પરંતુ છેલ્લા બે વર્ષથી સમયસર આ સગડીઓની ખરીદી થઈ નથી, જો એની ખરીદી થાય તો અત્યારે જે લાકડાનો પ્રશ્ન છે અને જંગલ કાપવાની વાતો થાય છે એમાં પણ આપણે વન વિભાગને મદદરૂપ થઈ શકીએ એમ છીએ.

**શ્રીમુકેશ ભૈ. ગઢવી (દાંતા)** : માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણ મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ મંત્રીશ્રી અને શહેરી વિકાસ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેની ચર્ચામાં ભાગ લેવા માટે ઊભો થયો છું. આદિજાતિ અને વન એ બંને એકબીજાના સંલગ્ન છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મુકેશભાઈ, પહેલા મુદ્દા કહી દેજો.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : આ બંને વિભાગો આમ જોવા જઈએ તો એકબીજાને મદદ આપી શકે અને એકબીજાના પૂરક છે. પણ બંનેને પૂર્વ પશ્ચિમનો સબંધ થઈ ગયો છે. આદિજાતિ વિસ્તારમાં જે લોકો રહે છે એને મળવાપાત્ર સવલતો છે, એ પણ આમ આદમી છે. એ બીજી રીતે જોવા જઈએ તો આપણું ઘરેણું છે. સાહેબ અહીંયા પરિસ્થિતિ એવી થઈ છે કે એનો જે બીજો વિભાગ એની સાથે પૂરક કાયમી એની સાથેનો વ્યવહાર છે, એમાં આદિજાતિના ગામોને રસ્તા જોઈતા હોય તો વન વિભાગ એમ કહે છે કે રસ્તો અહીંયા નહિ થવા દઈએ. આદિજાતિ વિસ્તારને વીજળીની સુવિધા કરવાની થતી હોય તો વન વિભાગ કહે કે અમે નહિ કરવા દઈએ. સિંચાઇની સુવિધા કરવાની થતી હોય તો વન વિભાગ એમ કહે કે અમે નહિ કરવા દઈએ. પરંતુ જો જંગલમાંથી આદિવાસીઓને હિજરત કરવી છે તો વન વિભાગ કહે અમે સાથે આવીને હિજરત કરાવી દઈએ. જમીનોના કબજાની વાત કરીએ તો એમાં પણ એકબાજુ સરકાર ખૂબ મોટી મોટી જાહેરાતો કરે છે કે આદિજાતિ વિસ્તારની અંદર કરોડો રૂપિયાની યોજનાઓ મૂકવાના છીએ. કરોડો રૂપિયાની યોજનાઓ અત્યારે કાર્યાન્વિત છે. મારે માનનીય વન મંત્રીશ્રી મંગુભાઈ અહીંયા બેઠા છે. ગઈ વિધાનસભાની અંદર કરેલ જાહેરાત, કરેલ રજૂઆતના અનુસંધાને પરિણામ આવ્યું પરંતુ એક વર્ષ પછી પરિણામ આવ્યું છે. એ પોતે જાતે જોવા આવ્યા ત્યારે બંને વિભાગે થોડીક કામગીરી કરી અને એમાં થોડોક વેગ આવ્યો છે. આ રીતે બધી જગ્યાએ મંત્રીશ્રી પહોંચી ન શકે, બધી જગ્યાએ તેઓ જઈ પણ ન શકે. એના માટે આખું વહીવટીતંત્ર રચાયું છે. આ વહીવટી તંત્ર શા માટે રચાયું છે, અહીંયા અપાયેલી ખાતરીઓ, લોકોને પડતી મુશ્કેલીઓ નિવારવા માટે અધિકારીઓ અને પદાધિકારીઓ સામે પ્રજા પ્રશ્નો રજૂ કરે અને એનું નિરાકરણ થાય એના માટે આખું આયોજન ગોઠવ્યું છે. માનનીય સભ્યશ્રી હમણાં કહેતા હતા કે ભારત સરકારની આ બધી બાબતોમાં મંજૂરી મેળવવી પડે છે. મારે આજે કહેવું છે કે ભારત સરકાર પણ આ બધી કામગીરી કરવા તત્પર છે પણ રાજય સરકારોએ આ વિધાનસભા થકી અને કૅબિનૅટમાં નિર્ણય લઈને ભલામણ કરીને દરખાસ્ત મોકલવાની હોય છે. મારે એ જાણવું છે કે કેટલી દરખાસ્તો મોકલી છે. રૅશનલાઇઝેશન ઑફ સેન્ચુરીઝ માટે આપણે વારંવાર રજૂઆતો કરી છે. હમણાં માંડ માંડ અધિકારીઓ સંમત થયા અને મોકલ્યું છે. એમાં પણ આદિવાસીઓને વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે આપવાની થતી ખાણ ખનિજની લીઝો એમાં કરવાના થતા મજૂરો એના મજૂરો

માટેની મંજૂરીઓ એને પૂરક રોજી મળે એ વિસ્તાર ફૉરેસ્ટે કાઢી નાખ્યો. કારણ કે ત્યાં એમને ફક્ત હક્ક મળે છે. જંગલની જમીનો એમના બાપ-દાદા વાપરતા હતા.

જીવન ધારાના કૂવાની વાત કરતા હોઈએ, વીજળીકરણના લક્ષ્યાંકો આપવાની વાત કરતા હોય એમને કાયમી વસવાટના ભાગરૂપે વસવાટની વાત કરતા હોય તો બીજી બાજુ આ જમીનો એમના ચોપડે ચાલતી નથી. કારણ કે ગેરકાયદેસર રીતે જંગલ ખાતું દાખલ થઈ ગયું છે. અને ૭/૧૨ના ઉતારાની અંદર જંગલ ખાતામાં કબજેદાર તરીકે અદિવાસી છે અને જંગલ ખાતાની જમીન આદિવાસીઓ ખેડે છે. તેમને બહાર કાઢો, આ વાત શરૂ થઈ છે. સેન્ચ્યુરીના નામે, નેશનલ પાર્કના નામે સેન્ચ્યુરી અને નેશનલ પાર્ક તો એ લોકો હશે તો રહેવાના છે. રાજાઓના સમયમાં આના કરતાં વધારે જંગલો વિકાસ પામતા હતા અને આપણે સૌ જાણીએ છીએ કે અંબાજીના જંગલમાં ડુંગરોમાં વાઘ રહેતા હતા. આજે શિયાળ પણ રહેતું નથી. ઝાડ હતા એ બધા બોડા ડુંગરો થઈ ગયા છે. હું એમ નથી કહેવા માગતો કે ઝાડ કપાઈ ગયા, પણ પાણીનું સિંચન નહીં મળવાને કારણે ઝાડ સૂકાઈ ગયા અને સૂકું લાકડું ફૉરેસ્ટ કાપી શકે છે. એટલે એમાં વધારે પડવું નથી.

આદિવાસી ખેતી કરે તો તેમાં કયું પર્યાવરણ જોખમાઈ જાય છે? મને મગજમાં એ વાત નથી આવતી. નદીના વોકળામાં ખેડૂતો માત્ર સીઝનલ ખેતી કરે, ટમેટા વાવે, કાકડી વાવે. બે-ત્રણ મહિના માટે. ફૉરેસ્ટવાળા એમ કહે કે આ છોડ ઉખેડી નાખો અને લીઝવાળા ટ્રૅક્ટરો ભરીને રેતી લઈ જાય તેને કોઈ પૂછતું નથી. પરંતુ દેવીપૂજક કે આદિવાસી નદીમાં થોડું પાણી ચાલતું હોય અને તેમાં વાવેતર કરે તો એ મોટો ગુનેગાર બની જાય છે. મારે આપના થકી માનનીય મંત્રીશ્રીને અને કૅબિનૅટના મંત્રીશ્રીઓને એ સૂચન કરવું છે કે આ બધી જ વાત માટે એક હાઈલેવલ કમિટી નીમીને આ હાઈલેવલ કમિટી દ્વારા તપાસ કરાવે કે ખરેખર શું પરિસ્થિતિ છે? અમને પણ શોખ નથી થતો આ બધું કહેવાનો, પણ ખરેખર મુંજવણ એ છે કે ગરીબોની વાત આ સરકાર કરતી હોય તો આ બાબતમાં ચોક્કસ નક્કર પગલાં ભરવા પડશે.

બીજી વાત કહું તો પરિસ્થિતિ એટલી ગંભીર બનતી જાય છે દિવસે દિવસે કે શહેરોમાં આપણે એક વખત નિર્ણય કરેલ છે કે કોઈ પણ ઝૂંપડું જ્યારે તોડવું હોય તો તેને વૈકલ્પિક વ્યવસ્થા આપવી પડે અને તેમાંય પણ મારે ખાસ એ કહેવું છે કે અગાઉની સરકારે પરિપત્ર કરેલો છે કે ચોમાસામાં વરસતા વરસાદમાં ઝૂંપડું નહીં તોડવું જોઈએ. શિયાળો અને ચોમાસામાં ઝૂંપડું નહીં તોડવું જોઈએ કે તેમના કુટુંબો બરબાદ થઈ જાય. આપણે તે જ વખતે કાર્યક્રમ કરીએ છીએ. ઔડાએ ૨૪ કરોડ રૂપિયાનો એક એગ્રીમૅન્ટ કર્યો. અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન સાથે કે ગટરના કનૅક્શનના પૈસા અમે આપીશું. આજ દિન સુધી સરકાર આપી શકી નથી. આ સ્મશાનની સગડીઓની સબસિડી તેના માટે વિદ્યુત શુલ્કની સબસિડી હજુ સુધી મ્યુનિસિપલ કૉર્પોરેશન આપી શકી નથી. આ કયાં લઈ જવા માગીએ છીએ? મારી બન્ને માનનીય મંત્રીશ્રીઓને વિનંતી છે કે આ બાબતે થોડુંક હકારાત્મક વલણ અપનાવો. આપણે પણ અહીં રહીએ છીએ. આજે અમે છીએ, કાલે તમે છો. કાલે તમે છો, આજે અમે છીએ, આ બધા રાજકીય અવલોકનમાં મારે પડવું નથી પણ મારે એટલું ચોક્કસ કહેવું છે કે આ દિશામાં નો આ સરકાર નહીં વિચારે તો મુજ વિતી તુજ વિતશે ધીરી બાપુડીયા, એટલું કહીને વિરમું છું.

**ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના મંત્રીશ્રી માગણી નં. ૧૦૨ લઈને આવ્યા છે તેના સમર્થનમાં હું મારા વિચારો વ્યક્ત કરવા ઉપસ્થિત થઈ છું. ૨૦૦૧ની વસતિ પ્રમાણે ગુજરાતમાં ૩૭.૫ ટકા વસતિ શહેરોમાં રહેતી થઈ ગઈ છે. દેશ આઝાદ થયો ત્યારે માત્ર ૨૦ ટકા વસતિ શહેરમાં વસતી હતી. આ માઈગ્રેશનના કારણે અને વસતિ વધારાના કારણે શહેરીકરણ થઈ ગયું છે. આખા દેશભરમાં ગુજરાત શહેરીકરણમાં ત્રીજા ક્રમે આવે છે. આ જ પ્રમાણે જો ગતિ વધતી જશે તો લાગે છે કે ૨૦૨૫ની સાલ સુધીમાં ૫૦ ટકા વસતિ શહેરોમાં રહેતી હશે, ૫૦ ટકા વસ્તી ગામડાઓમાં રહેતી હશે. આના કારણે જો પહેલેથી આપણે આયોજનબદ્ધ શહેરોના વિકાસની ચિંતા નહીં કરીએ તો પરિસ્થિતિ ખૂબ ગંભીર હશે અને એના અગમચેતીના ભાગરૂપે ૨૦૦૫નું વર્ષ શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવાનું ભારતીય જનતા પાર્ટીની સરકારે નક્કી કર્યું છે એ બદલ સરકારને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ગામડા એ હ્દય કહેવાય છે. ગામડા એ હ્દય હોય તો શહેરો એ મસ્તિષ્ક છે. શરીરનું મસ્તિષ્ક દ્વારા સંચાલન થાય છે, મગજ દ્વારા થાય છે. મગજનો વિકાસ અને શહેરોના વિકાસનું આયોજન ખૂબ જરૂરી છે. આ નવી સહસ્ત્રાબ્ધિમાં રાષ્ટ્રના મહામહીમ રાષ્ટ્રપતિશ્રી એ.પી.જે. અબ્દુલ કલામે કહ્યું છે કે, હંમેશાં સ્વપ્નો ઊંચા જોવા, ઉંચુ વિચારવું, કલ્પના ખૂબ વધારે કરવી અને સ્વપ્નો ઊંચા રાખીશું તો જ એ દિશામાં જવા માટેનું માર્ગદર્શન મળશે અને દ્દષ્ટિ વધશે અને એટલા માટે જ આ દિશામાં સરકાર કામગીરી કરે છે. આ પરંપરા કાંઈ આપણા માટે નવી નથી. ગુજરાતમાં શહેરોનો વિકાસ આખા દેશભરના શહેરોનો વિકાસ એ પરંપરા મોંહેજો દડો અને હડપ્પા સંસ્કૃતિથી ચાલી આવે છે. ધોળા વીરામાં આપણે જોયું છે કે, હજારો વર્ષ પહેલાં ધોળાવીરા એક નગર હતું. એની સુયોજિત રચના કરવામાં આવેલ હતી અને ઉદાહરણરૂપ અને નમૂનારૂપ આ નગરની રચના નવી નથી. આપણે કયાંથી આ યોજના શીખ્યા છીએ? આપણે કયાંય શીખવા જવું પડે એવું નથી. Globalisation થઈ રહ્યું છે ત્યારે વિશ્વમાં નજર કરીએ તો હાલમાં ચીનમાં શાંધાઈ

જેવા અનેક શહેરો ખૂબ વિકાસ પામી રહ્યા છે. એ દિશામાં આપણે હરણફાળ નહીં ભરીએ તો આપણે કયાંય પાછળ રહી જઈશું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ૯ મહાનગરો અને ૧૪૧ નગરપાલિકાઓ છે. આ બધા જ નગરોમાં અને શહેરોમાં ઓછામાં ઓછી ૮ સુવિધાઓ હોયી જ જોઈએ એવી રીતનું આયોજન કરવાનો પ્લાન કર્યો છે એ ખૂબ આવકારદાયક છે. મારા સાથી મિત્રશ્રી બાબુભાઈએ નગર માટે કહ્યું કે, નળ, ગટર અને પાણીની વ્યવસ્થા હોય એને નગર કહેવાય. નળ, ગટર અને પાણી નહીં પરંતું એમાં હ્યુમન રીસોર્સ પણ ઉમેરો, માનવ સંપત્તિ ઉમેરાય અને માનવ સંપત્તિનો વિકાસ થાય. આ આયોજન આગામી બજેટમાં કર્યું છે. જ્યારે મારા સાથી સભ્યશ્રી જગદીશભાઈ ઠાકોર કહેતા હતા કે, માનનીય અડવાણીજી ચૂંટાઈને જાય છે અને શહેરોના વિકાસ માટે કાંઈ કર્યું નથી. ત્યારે મારે એમને યાદ અપાવવું છે કે, સાબરમતી શુદ્ધિકરણની યોજના ૧૦૦ કરોડ રૂપિયા કેન્દ્ર સરકાર તરફથી માનનીય અડવાણીજીના પ્રયત્નથી આવ્યા અને આ સાબરમતી શુદ્ધિકરણની યોજનાના ૧૦૦ કરોડ રૂપિયા અત્યારે કૉન્ગ્રેસના સમયમાં આ યોજના કયાં છે? એ એમને પૂછો. રાસ્કાવિયર યોજના આજે રૅકૉર્ડ યોજના બની છે. એ Defenceના Army Cantonmentમાંથી પસાર થાય છે અને Army Cantonmentમાંથી પસાર કરવા માટેની જવાબદારી લઈને માનનીય અડવાણીજીએ પ્રયત્નો કર્યા અને અમદાવાદ શહેરની ૪૦ લાખની પ્રજા પાણી પી રહી છે. એ માનનીય સભ્યશ્રીને યાદ નથી. શહેરોના વિકાસ માટેનું જે ફંડ હોય એ ફંડનું આયોજન ખૂબ સુંદર થયું છે. મનોરંજન કરના ૭૫ ટકા, Municipal Finance Board ને આપવામાં આવે છે. એનું Revolving Fund હોય છે. શહેરી વિસ્તારના ગરીબો માટેની પણ યોજના હોય છે અને નાણા પંચની ભલામણ અનુસાર ૧ ટકો એ કર આવકમાંથી અને રાજય સરકારનો ૧ ટકો આપવાના. પ્રોફેશનલ ટેક્સના ૫૦ ટકા નગરોને આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બાજપાઈ નગર વિકાસ યોજના. આ તમે કલ્પના નહોતી કરી. ૧૯૯૯માં આ સરકારે નગરોના વિકાસ માટે ચિંતા કરી અને બાજપાઈ નગર વિકાસ યોજના લઈ આવ્યા. સારામાં સારા નગર હોય, શ્રેષ્ઠ નગર હોય, એને પુરસ્કૃત કરીને પ્રોત્સાહિત કરવાની યોજના લઈને આવ્યા છે. Octroi Workers' યોજના, વિદ્યુત સ્મશાન ગૃહમાં વીજળીમાં અનુદાન, આમ કરીને આખા રાજયમાં કુલ ૧૧ વિદ્યુત સ્મશાન ગૃહો અત્યારે કાર્યરત છે. આવા આર્થિક સહયોગ સાથે શહેરોનો વિકાસ થઈ રહ્યો છે ત્યારે વિકાસની પરિભાષા શું હોય એ શીખવી હોય તો અમારા ઔડાના ચેરમેન માનનીય શ્રી સુરેન્દ્રભાઈ પટેલ પાસેથી શીખવી જોઈએ, જેમને અમદાવાદ મેનેજમેંટ દ્વારા બેસ્ટ મેનેજરનો એવોર્ડ મળ્યો, તમે સુરત જઈને જોઈ આવો, ૧૯૯૫ પહેલાનું સુરત અને આજે ૨૦૦૫નું સુરત, સુરતને ખુબસુરત જો કોઈએ કર્યું હોય તો ભારતીય જનતા પાર્ટીએ કર્યું છે. અમદાવાદ શહેરની કામગીરીની હું પુનરોકિત નહીં કરું કારણ કે માનનીય સભ્યશ્રી બાબુભાઈએ ખૂબ સુંદર રીતે વાત કરી છે. વ્યવસ્થા બદલાતા કેટલી વ્યથા વધી જાય છે એનું ઉદાહરણ અમદાવાદ શહેર છે. ૨૦૦૦ સુધીમાં અમદાવાદ શહેર એ વિશ્વ કક્ષાનું શહેર હતું અને આજે એક મોટું ગામડું બનીને રહી ગયું છે. મેગાસીટીની વાત કરે છે, મેગાસીટી થાય તો શહેરને લાભ થવાનો છે. પણ એ મેગાસીટી થવા માટેની આખી યોજના, એનો પ્રોજેકટ એ કોણે મૂકયો, કોણે રજૂઆતો કરી, એ ભારતીય જનતા પક્ષે રજૂઆતો કરી એના કારણે આજે મેગાસીટી બની રહ્યું છે. સાબરમતી રીવર ફ્રંટ યોજના જે આખા દેશભરમાં પહેલી યોજના બનવાની છે કે જે અમદાવાદ શહેરને વિશ્વ કક્ષાનું શહેર બનાવશે. સાબરમતી રીવર ફ્રંટ યોજનામાં પણ આ કોંગ્રેસના મિત્રોએ રોડા નાખ્યા. સાબરમતી રીવર ફ્રંટ યોજના, જેના કારણે શહેરનો વિકાસ વધશે, ટુરિઝમ વધશે અને સાથે સાથે સરફેસ વોટર પણ વધશે. હું એ કહેવા માગું છું ગઈ કાલે ર્ડા. દિનેશભાઈ કહેતા હતા કે શહેરમાં નર્મદાનું પાણી નાખ્યું છે એના કારણે મચ્છર વધી ગયા છે. એમની દૃષ્ટિ પર મને દયા આવે છે. રીવર લીંક પહેલી વખત આખા દેશભરમાં જો થયું હોય તો નર્મદાનું પાણી સાબરમતી નદીમાં નાખવામાં આવ્યું સરફેસ વોટર વધ્યું અને તમારા સંચાલિત કોર્પોરેશનના ૩૫ કરોડ રૂપિયા વીજળી બીલ તમારું બચ્યું છે એ તમને દેખાયું નથી. લોકો જે ગ્રાઉન્ડ વોટર પીતા હતા એના બદલે હવે સરફેસ વોટર પીતા થયા એ તમને દેખાયું નહીં, આ જ દેખાડે છે કે આ તમારી દૃષ્ટિ કયાં આવીને અટકી ગઈ છે.

મારે થોડાક સૂચનો કરવાં છે. ટી.પી. સ્કીમનો મતલબ જ એ છે કે આયોજનબધ્ધ વિકાસ થાય, ખૂબ સુંદર રીતે વિકાસ થાય પણ ટી.પી.સ્કીમના આધારે વિકાસ કરવામાં રોડ, રસ્તા, બાગ, બગીચા, સ્કૂલો, હોસ્પિટલો માટેના આરક્ષિત પ્લોટોમાં કયાંક કયાંક બાંધકામ થઈ જાય,અને ચોકકસ બાયલોજ સાથે બાંધછોડ થાય એ કયાંય ચલાવી ન લેવું જોઈએ. પાર્કિંગ સ્પેસ ફરજિયાત પણ પાર્કિંગ સ્પેસ ન રાખો અને પૈસા ભરી દો તો ચાલે, પરકોલેટીંગ વેલ કરવાનું છે પણ જો પરકોલેટીંગ વેલના કરો તો એના બદલે દંડ ભરો તો ચાલે, આવી બાંધછોડ ના કરવી જોઈએ, તો જ શહેરનો ટ્રાફિક અને જળસંચયનો પ્રશ્ન હલ થશે. ટી.પી. સ્કીમ મંજૂર કરવામાં પારદર્શકતા ખૂબ જરૂરી છે. મારા વિસ્તારમાં એરપોર્ટ હોવાને કારણે દરેક વખતે દરેક જણાએ એરપોર્ટ પાસેથી મંજૂરી લેવી પડે છે એના માટેની કંઈક વ્યવસ્થા ગોઠવવી જોઈએ. સૌથી પહેલો મહત્વનો પ્રશ્ન નરોડાથી નારોલ, આ ૧૩ કિલોમીટરના રસ્તામાં ટી.પી. સ્કીમ ન હોવાને કારણે યુ.એલ..સી.ના કાયદાને

કારણે અનિયમિત બાંધકામ થયું છે એના માટે કોઈ કમિટી બનાવી અને આનું એક સુનિશ્ચિત આયોજન કરવું જોઈએ.

બી.પી.એમ.સી. એકટના આધારે કોર્પોરેશન અને નગરપાલિકાઓ ચાલે છે. આઝાદ થયે ઘણો સમય થયો. હવે તો એકટને બદલે ગુજરાત મ્યુનિસિપલ એકટ આવે એવું આયોજન થાય એ ખૂબ જરૂરી છે. નાગરિક અધિકાર પત્રનો અમલ ખૂબ અસરકારક રીતે થાય અને આજે પણ આઝાદીના ૫૭ વર્ષ પછી પણ મારી બહેનો, શહેરની જે બહેનો છે એ જાહેરમાં શૌચ કરવા બેસતી હોય તો એ આ ગૃહમાં બેસતા બધા માટે ચિંતાનો વિષય હોવો જોઈએ અને એના માટે સુંદર આયોજન કરવું જોઈએ. ખારીકટ કેનાલ એ અમદાવાદ શહેરમાંથી પસાર થઈ રહી છે. ખારીકટ કેનાલના રીમોડલીંગ માટે ૩૫ કરોડ રૂપિયા મંજૂર કર્યા પણ અમદાવાદ કોર્પોરેશન દ્વારા ૧૦ કરોડની ફાળવણી ન થવાને કારણે એનું કામ અધૂરું રહી ગયું છે એના કારણે હું આપના મારફતે આ ગૃહને કહું છું કે સામે બેઠેલા સભ્યો પોતાના સંચાલિત કોર્પોરેશનને કહે કે ૧૦ કરોડની ફાળવણી થાય જેના કારણે ખારીકટ કેનાલનું અધૂરું રહી ગયેલું કામ પૂર્ણ થાય. આ ખારીકટ કેનાલ આજે ગટર બની ગઈ છે. એમાં સીવરેજ પાણી નાખવામાં આવી રહ્યું છે એટલા માટે આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રીને કહુ છું કે આના માટે ગંભીરતાથી વિચાર કરવામાં આવે, દરેક કોર્પોરેશન સ્વનિર્ભર થાય.

**વિરામ સવારના ૧૦-૩૦ થી ૧૧-૦૦**

**(સભાપતિશ્રી મહેન્દ્ર લી. મશરૂ અધ્યક્ષસ્થાને)**

**ડૉ. માયાબેન સુ. કોડનાની** :(ક્રમશઃ) માનનીય અધ્યક્ષશ્રી, મને થોડો વધારે સમય ફાળવ્યો તે બદલ હું આપનો ખૂબ ખૂબ આભાર માનું છું. શહેરી વિકાસ માટે સૌથી વધારે શહેરોમાં નડતી ટ્રાફિકની સમસ્યા છે. એના માટે શહેરી વિકાસ અને ગૃહ ખાતું સાથે મળીને કંઈક કેવી રીતે આયોજન કરી શકાય એના માટે એક યોજના બનાવવી જોઈએ. ખાસ કરીને અમદાવાદ શહેરમાં પૂર્વ વિસ્તાર નરોડા, રખિયાલ, ભાઈપુરા, અમરાઈવાડી, એનો વિકાસ થયો છે પણ એક મોટું ગામડું દેખાય છે. એનો આયોજનબદ્ધ વિકાસ થયો નથી. આ વિસ્તારના વિકાસની યોજના બનાવવી જોઈએ. કારણ કે રાજસ્થાન અને દક્ષિણ ભારત તરફ જતા બધા જ લોકોના વાહનો નરોડાથી નારોલ હાઈ-વે પરથી પસાર થાય છે. ત્યારે એક મોટા ગામડાંમાંથી પસાર થતા હોય એવી એ લોકોને અનુભૂતિ રહી છે. શહેરની પ્રતિભા વધારવા માટે નરોડાથી નારોલનો આખો હાઈ-વેનો જે વિસ્તાર છે એના વિકાસ માટે યોજના બનાવવી જોઈએ. નગરપાલિકા અને મહાનગરો સ્વનિર્ભર થાય, સ્વભંડોળ ઉપરાંત પોતાના ભંડોળની બચત કેવી રીતે થાય એની પણ યોજના બનાવવી જોઈએ. પાવર જનરેશન માટે કેપ્ટીવ પાવર પ્લાન્ટ બનાવે. નોન પોલ્યુટેડ ફયુઅલમાંથી એમના પાવર પ્રોજેકટો બને અને એનાથી પણ આગળ વધીને સોલાર એનર્જીના પાવર પ્રોજેકટો કેવી રીતે ઉપયોગી થાય એની યોજના બનાવવી જોઈએ. હું માનનીય મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું કે ગાંધીનગરને એમણે સોલાર સિટી તરીકે જાહેર કર્યું છે. એવી જ રીતે બધા જ નગરોને સોલાર એનર્જી વધુમાં વધે કેવી રીતે ઉપયોગી થાય એની ચર્ચા કરવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, જી.આઈ.ડી.સી.માં વિકાસ થતો નથી. જી.આઈ.ડી.સી. અત્યારે નગરો અને મહાનગરોની અંદર આવી જાય છે અને એની માળખાગત સુવિધા કોણ કરે એ પ્રશ્નાર્થ રહ્યો છે. એના કારણે નરોડા, ઓઢવ જી.આઈ.ડી.સી.માં મલ્ટી નેશનલ કંપનીઓ છે ત્યાં વિદેશથી લોકો આવે છે. પરંતુ એના રોડ અને રસ્તા નહિ હોવાના કારણે ખૂબ ખરાબ છાપ લઈને જાય છે. એના વિકાસ માટે જુદી કમિટી બનાવી એના આયોજન માટે વિચાર કરવો જોઈએ. (સમયસૂચક ઘંટડી)

માનનીય અધ્યક્ષશ્રી, વન વિભાગના બે સૂચનો છે. શહેરી વનીકરણ માટે આજે આપણે જોઈ રહ્યા છીએ કે શહેરોમાં પ્રદૂષણ ખૂબ વધી ગયું છે. અમદાવાદ ગુજરાતનું સૌથી વધુ પોલ્યુટેડ શહેર ગણાય છે. હું અભિનંદન આપું છું કે સી.એન.જી. બસોના આધારે પ્રદૂષણ ઘટાડવાની તૈયારી કરી છે. પણ હજુ વધારે વનીકરણ થાય એવા પ્રયત્નો કરવા જોઈએ. એર પોલ્યુશન ઘટ્યું છે પણ આજે ઔદ્યોગિક વસાહતો માટે જમીનના પોલ્યુશનનો મોટો પ્રશ્ન છે. એના માટે ચર્ચા કરવી જોઈએ. સો મીલોનો પ્રશ્ન ગંભીર છે. વિદેશથી મગાવીને લાકડું વહેરવામાં આવે છે એને લાઈસન્સ આપવામાં આવતું નથી.

**ડૉ. દિનેશ પરમાર (જામનગર (રુરલ)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા આજરોજ વિધાનસભામાં માગણી નંબર ૧૦૨ હેઠળ શહેરી વિકાસ સેવા માટે ૪૬૪,૮૩,૫૫,૦૦૦/- મહેસૂલી ખર્ચ અને ૫૦,૦૦૦ મૂડીખર્ચ મંજૂરી માટે રાખવામાં આવ્યા છે, એમાં હું મારા વિચારો વ્યકત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીએ વર્ષ ૨૦૦૫-૦૬ ના બજેટ પ્રવચનમાં જણાવ્યું છે કે આ વર્ષને વર્ષ ૨૦૦૫-૦૬ ને શહેરી વિકાસ વર્ષ તરીકે ઊજવવાનું આ સરકારે નક્કી કર્યુ છે. શહેરી વિસ્તારના ભાવિ આયોજનમાં ઉપકારક થાય તેવા સુધારા મ્યુનિસિપલ કોરપોરેશન, મ્યુનિસિપાલિટી અને ટાઉન પ્લાનિંગને લગતા જુદા જુદા કાયદા કરવા માટેનું નક્કી કર્યુ છે અને રાજ્ય સરકારે અભિયાન મીશનના ભાગરૂપે ગુજરાત શહેરી આંતર માળખાકીય ભંડોળની રચના કરવાનું જાહેર કર્યુ છે. મને શંકા ઊભી થાય છે આ સરકારના સંકલ્પ ઉપર

આ સરકાર જે રીતે વિચારી રહી છે એટલા માટે શંકા ઊભી થાય છે કે બજેટ ફાળવીને અને ફાળવણી ગત વર્ષની હોય એના કરતાં વધુ ફાળવણી કરી હોય અને કાંઈક નવી આકાંક્ષાઓ રાખતા હોય તો આપણે માની શકીએ કે કાંઈ નવું શરૂ કરવા ધારે છે, ગત વર્ષ કરતા ઘટાડો કરતા જતા હોય, મહત્ત્વના પાસામાં પણ પૈસા ઓછા ફાળવતા હોય અને પછી એવી વાત કરવામાં આવે કે વર્ષ ૨૦૦૫ને શહેરી વિકાસ વર્ષ તરીકે ઊજવવાનો સંકલ્પ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ માટે સુધારેલા અંદોજ પ્રમાણે ૭૩૩,૯૪,૯૦,૦૦૦/- રૂપિયા જે આગલા વર્ષ એટલે કે ૨૦૦૪-૦૫ ના વર્ષમાં ફાળવવામાં આવેલ. આ વર્ષની અંદર ૨૦૦૫-૦૬ માં ૪૭૨,૦૫,૬૮,૦૦૦/- રૂપિયા ફાળવ્યા છે, એટલે કે ૩૫.૬૮ ટકા ઘટાડો, એટલે ૨૨લાખ રૂપિયાનો ઘટાડો કરવામાં આવતો હોય અને મોટી મોટી વાતો કરતા હોય કે અમે શહેરી વિકાસ માટે આ કરીશું, તે કરી નાંખીશું એટલે મને શંકા ઊભી થાય છે એટલે ૨૬૧,૮૯,૨૨,૦૦૦/- રૂપિયા એટલે કે ૩૫.૬૮ ટકા જેવી માતબર રકમ ઊડાડી દેવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે ideology પરિબળો જે હોય એનું મનોબળ એવી રીતે રજૂ થતું હોય છે. એ મનોવૃત્તિ એવી રીતે રજૂ થાય છે - જેમ કે, ભગવાન બુદ્ધને સ્વીકારી લેવાના બુદ્ધની ideology ને ખતમ કરી નાંખવાની, ડો.આંબેડકરને સ્વીકારી લેવાના આંબેડકરની ideology ને ખતમ કરી નાંખવાની, ગાંધીજીને સ્વીકારી લેવાના ગાંધીજીની ideology ને ખતમ કરી નાંખવાની, સરદાર વલ્લભભાઈ પટેલને સ્વીકારી લેવાના એમની ideologyને ખતમ કરી નાંખવાની એવી જ રીતે શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ની ઊજવણી કરવાનું જાહેર કરવાનું અને રકમની અંદર મોટો ઘટાડો કરવાનો, આ એમની મનોવૃત્તિ સાબિત થાય છે. શહેરી વિસ્તારના કોઈ પાયાના કાર્યક્રમ માટે જે મહત્વની બાબત છે એના માટે ૨૦૦૩-૦૪ માં ૮૫ લાખની ગ્રાન્ટ સંસ્થાઓને ફાળવવામાં આવેલ. ૨૦૦૫-૦૬ માં ૭૪ લાખ એટલે ૧૧ લાખનો ઘટાડો. ગુજરાત નાણા બોર્ડને મનોરંજન કરમાંથી પ્રાપ્ત થતી નથી. ૯૮,૪૨,૪૫,૦૦૦/-રૂપિયા ફાળવવા જે ૨૦૦૩-૦૪માં ફાળવવામાં આવેલા હતા એ ૨૦૦૫-૦૬ ૪૧,૪૫,૦૦,૦૦૦/- એટલે ૫૮.૦૮ ટકા ઘટાડો કર્યો છે, આશરે ૫૭ કરોડનો ઘટાડો કર્યો છે તે બતાવે છે કે ગુજરાત રાજ્ય જે મનોરંજન કરમાંથી પ્રાપ્ત કરેલા પૈસા પણ જ્યાં વાપરવા જોઈએ મ્યુનિસિપાલિટી નાણા બોર્ડ ત્યાં વાપરવામાં આવતા નથી. મુકરર કરાયેલ પૂર્વ જરૂરિયાતોમાં શહેરી વિકાસમાં તેની મૂળભૂત સુવિધા જેવી કે પાણી પુરવઠો, ગટર વ્યવસ્થા અને રસ્તાઓ માટે ૫ કરોડ રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવતી હતી. બીજા વર્ષે બે કરોડ ફાળવ્યા, આ વર્ષે માત્ર એક લાખ રૂપિયા ફાળવવામાં આવ્યા છે એટલે ૯૯.૮૦ ટકા એટલે લગભગ યોજના બંધ કરી નાંખ્યા જેવું કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાબરમતીના સંત મહાત્મા ગાંધીજીની દાંડી યાત્રા જ્યારે પસાર થઈ રહી છે ત્યારે મારે કહેવું જોઈએ કે નદીના કિનારે આ આશ્રમ આવેલો છે એ નદી એટલી બધી ગંદી થતી જાય છે. કારણ કે નર્મદાનું પાણી ત્યાં લાવીને લોક કરી દેવામાં આવ્યું છે, સ્ટ્રેગનન કરી દેવામાં આવ્યું છે એને પ્રવાહી સ્થિતિમાં રાખવામાં આવ્યું નથી. બાજપાઈજીનું જેમ ડો. માયાબેન કોડનાનીએ મારું નામ લીધેલું એટલે માનનીય અધ્યક્ષશ્રી રેકર્ડ બરાબર રહે એટલે મારે કહેવું જોઈએ કે બાજપાઈની વાત છે. ભારત સરકારમાંથી પૈસા લાવતા હશે તો એ જે બાજપાઈજીની એ ગુજરાતમાં ભા.જ.પ.ની સરકાર હોવા છતાં એક રૂપિયો સાબરમતીના શુદ્ધિકરણ માટે ફાળવવામાં આવ્યા ના હોય તો એનાથી બીજી મોટી શરમજનક બાબત શી હોઈ શકે? એટલું મારે વિચારવું જોઈએ કે એનો એકપણ ખર્ચ કરવામાં આવતો નથી.

શહેરી વિકાસ નિગમની રચનાની પૂર્વ જરૂરિયાતની શરતો માટે ૩૦ લાખ રૂપિયા ૨૦૦૩-૦૪માં ફાળવ્યા, ૨૦૦૫-૦૬માં ૧૦ લાખ એટલે ૨૦ લાખ રૂપિયાનો ઘટાડો બાજપાઈ નગર વિકાસ યોજના, બાજપાઈજી આ દેશના સન્માનનીય નેતા છે. •* (XXX) પણ એ બાજપાઈજીના નામની જે યોજના હતી ૨૧,૬૧,૩૫,૦૦૦/- રૂપિયા એ ૨૦૦૪-૦૫ માં ૧૨ કરોડ રૂપિયા કરવામાં આવ્યાં (અંતરાય)

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## શબ્દો દૂર કરવા અંગે

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, irrelevant ભાષણ કરવાની પણ કોઈ મર્યાદા હોય. *(XXX) બાજપાઈજી આ ગૃહના સભ્ય નથી. આખી વાતને જે રીતે સાઈડ ટ્રેક કરીને આવા સિનિયર સભ્ય જેઓ આ સભાગૃહના સભ્ય ના હોય એના વિષે ઉલ્લેખ ના થાય એટલું તો એમને ખબર છે. એટલા માટે મારી વિનંતી છે કે એ શબ્દો જે બોલ્યા છે.

**સભાપતિશ્રી** : આપ શબ્દો પાછા ખેંચી લો.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય નેતા કહ્યું છે.

---

• * (XXX) માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો સ્પષ્ટ પોઈન્ટ ઓફ ઓર્ડર છે.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય નેતા તરીકેના શબ્દો પાછા ખેંચાવવા માગતા હો તો મને વાંધો નથી.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ શબ્દ વાંધા સાથે પાછા ખેંચી શકાય નહીં. જે આ સભાગૃહના સભ્ય ન હોય તેમના વિશે ઉલ્લેખ કરવો જોઈએ નહીં. તેની ટીકા પણ ન થાય. એ આપ જાણો છો.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, બાજપાઈ નગર વિકાસ યોજનાની વાત કરું છું.

**સભાપતિશ્રી**: દિનેશભાઈ, આપ બોલ્યા છો. બાજપાઈજી આદરણીય નેતા છે. સન્માનનીય નેતા છે.પણ પાછળના જે શબ્દો છે એ બરાબર નથી. એ શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) (ક્રમશઃ)

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, બાજપાઈ નગર વિકાસ યોજનામાં ૨૧,૬૧,૩૫,૦૦૦ રૂપિયા ૨૦૦૩-૨૦૦૪માં ફાળવેલ હતા એમાંથી ઘટાડો કરીને ૧૨કરોડ જ ફાળવ્યા છે. એટલે ૯કરોડનો મોટો ઘટાડો કર્યો છે. એટલે મારા કહેવાનો ઉદ્દેશ આ સન્માનનીય નેતાનું અપમાન થવા માટેનો નહોતો પણ જેમના નામની સાથેની યોજના છે એ યોજનામાં ઘટાડો થાય એ યોગ્ય ન કહેવાય એ દ્રષ્ટિએ. આધુનિક સ્મશાન ગૃહમાં એક કરોડ ભૂતકાળમાં ફાળવેલા. આ વર્ષે એક પણ પૈસો ફાળવ્યો નથી. સ્મશાનમાં તો બધાએ જવાનું છે. " જબ તુ આયો જગતમેં, જગ હસે તું રોએ, ઐસી કરની કર ચલો, કે તુમ હસે, જગ રોએ" પણ આ તો એવી કરણી કરી છે કે સ્મશાનમાં પણ પૈસા ફાળવવાના નહીં. શહેરી વિકાસ વિભાગ અમદાવાદની આર.ટી.ઓ. કચેરીની બાજુમાં રાણીપની સરવે નંબર ૩૫૯ની જમીન ૧૦૦૦૦ વારથી પણ વધુ જમીન હતી. આ જમીન સ્લમ કલીયરન્સ બોર્ડની માલિકીની હતી. આ સરકારે અધ્ધરોઅધ્ધર આ જમીન પ્રાઈવેટ બિલ્ડરને આપી દીધી. ૭ થી ૮કરોડની જમીન માત્ર અઢી કરોડમાં આપી છે. એની તપાસ માટે કૅબિનૅટની સબ કમિટી સુરેશ મહેતાના અધ્યક્ષસ્થાને રાખી(અંતરાય) ચાર વર્ષ થયા. અને પેટા સમિતિમાં પણ સુરેશ મહેતાનું અધ્યક્ષસ્થાન હોવા છતાં એના અભિપ્રાયને ગાંઠવામાં આવતો નથી અને કેમ આટલી બધી મહેરબાન છે? ગરીબના મકાનો ન બને અને ગરીબોને અન્યાય થાય.

**શ્રી ભૂપેન્દ્ર ગ. લાખાવાલા (વડોદરા શહેર)** : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ વિભાગની માગણી નં.૧૦૨ લાવ્યા છે જેને મારું સમર્થન આપું છું. રાજય સરકારે નકકી કર્યું છે ૨૦૦૫નું વર્ષ શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજાવવામાં આવશે અને એની શુભ શરૂઆત માનનીય મુખ્યમંત્રીશ્રીએ ટાઉનહોલમાં કરી દીધી છે. હું એ કહેવા માગું છું કે શહેરી વિકાસ વર્ષ અને એની પાછળનો જે સંકલ્પ છે આ શહેરની અને આ રાજયની જે કાંઈ વસ્તી વધી રહી છે. સાત મહાનગર હોય, ૧૪૧ નગરપાલિકા હોય આ રાજયની વસ્તીનો ૨૪ ટકા હિસ્સો એટલે કે બેકરોડ જેટલી વસ્તી આ શહેરમાં અને નગરપાલિકામાં વસે છે. આને કારણે જે મુશ્કેલી ઉભી થાય છે. આ સમસ્યાના ઉકેલ માટે રાજય સરકારે સંકલ્પ કર્યો છે. પછી એ પાણીની સમસ્યા હોય, ડ્રેનેજની સમસ્યા હોય, ગંદા વસવાટની સમસ્યા હોય, રોજગારી માટે આવતો નાગરિક ગામડાંમાંથી શહેરમાં આવે છે અને ઝૂંપડામાં રહે છે. એને કારણે જે મુશ્કેલી ઉભી થાય છે એ સમસ્યા હલ કરવી હોય તો સંકલ્પ જોઈએ. એ માટે શહેરી વિકાસ વર્ષ તરીકે ૨૦૦૫ ઉજવવાનું માનનીય મુખ્યમંત્રીશ્રી અને સરકારે નકકી કર્યું છે. હું એ કહી શકું કે આ સંકલ્પમાં જે કાંઈ કામગીરી સરકાર કરવાની છે એમાં ૪૩૪૪કરોડનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે. દસમાં નાણા પંચના કહેવા પ્રમાણે રાજય સરકારે ૩,૩૫૪ કરોડ રૂપિયાનું રોકાણ કરવાનું છે અને ગુજરાત અર્બન રિફોર્મ જે વર્લ્ડ બૅન્ક સાથેના પ્રોજેક્ટ છે. રાજયની નગરપાલિકાએ શહેરી પ્રોજેકટ મૂક્યા છે. વર્લ્ડ બૅન્ક પાસે ૧૫૦ મિલિયન ડોલરનો પ્રોજેક્ટ છે. આજે વર્લ્ડ બૅન્ક પાસે એનો પ્રાથમિક તબક્કામાં છે. કહેવાનો આશય એ છે કે આ ૨૦૦૫નું વર્ષ શહેરી વિકાસ વર્ષ અને એનાં માટેનાં નાણાકીય સાધનો જોઈએ એ ક્યાંથી ઊભાં થશે એનો આ દાખલો છે. આમ તો મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ હોય, કૉર્પોરેશન હોય, કરવેરા અને એના માટે કેન્દ્ર સરકારની યોજનાઓ, કેન્દ્ર સરકાર દ્વારા મળતી સહાયક યોજનાઓ એના દ્વારા નગરપાલિકા પોતાની આર્થિક સુવિધા ઊભી કરે છે અને એના દ્વારા નાની મોટી સેવાઓ રાજય સરકાર અને નગરપાલિકા પોતાના વિસ્તારમાં જે પેરીફરી વિસ્તાર છે, એમાં જે કઈ નાગરિકો રહે છે, એને પૂરી પાડે છે. સ્વચ્છ અને સુંદર, વિકાસલક્ષી અને ધબકતા શહેરનું નિર્માણ કરવાનું આ રાજય સરકારનું લક્ષ્ય છે અને એના માટે જે માળખાકીય સુવિધાની વાત કરી, પછી એ માળખાકીય સુવિધામાં 'અમૃતધારા' યોજના હોય કે 'ગટર વ્યવસ્થા' હોય આ બધા આયોજન માટે જે કઈ ખર્ચ થવાનો છે એ ખર્ચ હમણાં કહ્યું તે પ્રમાણે બજેટમાંથી થશે. નર્મદા નહેરના પાણી ૧૬ નગરપાલિકામાં પહોંચાડવામાં આવ્યા છે. ૪૮ નગરપાલિકાને નર્મદાના પાણી મળવાના છે, એના માટે રાજય સરકારે ૩૦૦ કરોડ રૂપિયાનું આયોજન કર્યુ છે. ગટર વ્યવસ્થા સામાન્ય રીતે નગરોમાં અન્ડરગ્રાઉન્ડ

હોતી નથી એના કારણે જે કંઈ આરોગ્યની સમસ્યા ઊભી થાય છે. અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજ લાઈન સિસ્ટમ ઊભી થાય, એના માટે સરકારે આયોજન કર્યુ છે.

વડોદરા શહેરના સયાજીરાવને હું યાદ કરું છું કે જેમણે વર્ષો પહેલાં પાણી સપ્લાય સિસ્ટમ ઊભી કરી હતી. ગ્રેવિટીથી વડોદરા શહેરને પાણી મળે, ૧૨ કિલોમિટર દૂરથી પાણી આવે, ગ્રેવિટીથી મળે એ પાણી શહેરની ૫ લાખની વસ્તી જ્યાં સુધી રહે ત્યાં સુધી પાણીની કોઈ સમસ્યા ઊભી ન થાય એ પ્રમાણેનું મહારાજાનું આયોજન હતું. ગટર વ્યવસ્થા પણ અન્ડર ગ્રાઉન્ડ એ સમયમાં હતી અને આજે વડોદરા શહેરની વસ્તી જે રીતે કૂદકેને ભૂસકે વધી રહી છે, એમાં આ જૂની ગટર વ્યવસ્થાના કારણે શહેરના નાગરિકોને લાભ મળી રહે છે.

ઘન કચરાના નિકાલ એના માટે પણ રાજયમાં આયોજન થયા છે. ખાસ કરીને જે કચરો એ કચરાને ભેગો કરીને નિકાલ કરવા માટેની જે કંઈ વ્યવસ્થા ઊભી થઈ છે, એ પછી ડમ્પર હોય કે કમ્પોસ્ટ ટ્રિટમૅન્ટ પ્લાન્ટ હોય વડોદરા શહેરમાં આ ઘન કચરાને ભેગો કરી કમ્પોસ્ટ ટ્રિટમૅન્ટ પ્લાન્ટ ઊભો કરવામાં આવ્યો છે, એમાંથી બનતું ખાતર એ બાગાયત માટે આપવામાં આવે છે. આ રીતનું સરસ આયોજન વડોદરા શહેરમાં થયું છે. જળસંચયનાં કામો પણ દરેક શહેરમાં થતાં હોય છે. નાના નાના જળસંચયનાં બ્લૉક છે, તેને કઈ રીતે ડેવલપ કરવા ત્યાં આગળ હરિયાળી ક્રાંતિ થાય, હરિયાળી વનસ્પતિ ઉગે એ પ્રમાણેના આયોજન કરવામાં આવ્યાં છે. રમત ગમતના મેદાનોમાં પણ શહેરોમાં જરૂરી છે, એના માટે સરકારશ્રીએ આયોજન કર્યુ છે. સ્મૃતિ વન હોય જેથી ગરીબો માટેની અર્બન સ્લમ પૉલિસી હોય, શહેરને પાઈપલાઈન દ્વારા ગેસ આપવાનું આયોજન રાજય સરકારે વિચાર્યુ છે. એમાં ૨૦૦૦ કરોડ રૂપિયાનું મૂડીરોકાણ થશે અને જે શહેરી નાગરિકો છે, એની ૫૦ ટકા વસ્તીને ગેસની પાઈપલાઈન દ્વારા જોડવામાં આવે તે પ્રમાણેનું સરકારનું આયોજન છે.

માનનીય અધ્યક્ષશ્રી, અગ્નિશમન સેવા હોય, શહેરી પરિવહન સેવા હોય આ બધા માટે સરકારનું આયોજન છે. (સમય સૂચક ઘંટડી) સાહેબ, બે મિનિટ કહીશ કે ગુજરાત અર્બન હેરિટેઝ ઈન્સ્ટિટ્યૂટની રચના પણ કરવામાં આવેલ છે. તેના દ્વારા જૂના સ્મારકોનું જતન થાય, ઐતિહાસિક વારસો ધરાવતી ઈમારતોની યાદી તૈયાર થાય, ત્યાં આગળ પર્યટન માટે નાગરિકો આવે તે પ્રમાણેનું આયોજન છે. ૩૫૦ નગરોને ડીજીટાઈસ કરવામાં આવ્યા છે. આ બધુ આયોજન આ સરકારે કર્યુ છે. સાહેબ, લોકભાગીદારી માટે કહીશ કે લોકભાગીદારી દ્વારા વિકાસના કામો થાય, સામાજિક વનીકરણ હોય, ટ્રાફીક સર્કલોને વિકસાવવાના હોય, પે એન્ડ યુઝ ટોઈલેટસ હોય આમાં વરિષ્ઠ નાગરિકો, મંડળો, મહિલા મંડળોનો સહયોગ તેમાં લેવામાં આવે છે જે સંકલ્પ થયો છે કે ૨૦૦૫નું વર્ષ શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવાનું અને તેનું પ્લાનિંગ થાય તેવું સરકારનું આયોજન છે.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણ, સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ, શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગની માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રીઓ આવ્યા છે ત્યારે તેમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર લગભગ પંદર ટકા વસ્તી આદિજાતિ વિસ્તારની પ્રજા આવેલ છે. અંબાજીથી લઈ ઉમરગામ સુધી પૂર્વની ખડકાળ પટ્ટી ઉપર આ પ્રજા વસી રહી છે. તેના વિકાસ માટે મારી દૃષ્ટિએ એમ કહી શકાય કે આપણે જેટલું કરીએ તેટલું ઓછું ગણી શકાય. આ રાજયની અંદર એક વખત સંત વિનોબાજીએ એમ કહયું કે દેશના ત્રણ વિભાગો એટલે કે આદિવાસી, દલિતો અને બહેનો કે જેને આપણા સૌની સહાનુભૂતિ અને લાગણીની જરૂર છે. આપણે બજેટ ઘણાં ફાળવ્યાં છે, ભારત સરકારના નાણાં પણ આવે છે. છતાંય મૂળ આયોજનની વ્યવસ્થા હોય છે તે વ્યવસ્થા ઉપર નજર કરતાં એમ લાગે કે આ આયોજનની અંદર ૨૦ ટકા ઘટાડો, કોઈમાં ૧૦ ટકાનો ઘટાડો કે પછી કોઈકમાં ૩૦ ટકાનો ઘટાડો, આટલી રકમ વણવપરાયેલી પડી રહે છે. એટલું જ નહીં આદિવાસી વિસ્તારો જે મને લાગે છે કે પછાત વિસ્તાર છે તેના માટે વર્ષોની મહેનત પછી ઘણું કરવાનું બાકી છે. આજે પણ તે લોકો ગુજરાતના શહેરી વિસ્તારોમાં પોતાની રોજી માટે ઉતરી આવે છે. આપણે સૌ તેના સાક્ષી છીએ.

શિક્ષકોની ઘટ વધારેમાં વધારે આદિવાસી વિસ્તારોમાં છે. શિક્ષણના વ્યાપ માટે, વિકાસ માટે આપણા બંધારણની કલમ-૨૭૫(૧) મુજબ જે કંઈ પ્રાથમિક શિક્ષણ માટેની સુવિધા, ઓરડા માટેની સુવિધા, સેનીટેશન આ બધી સગવડતાઓ ભારત સરકારે આપી છે. તેમાં વર્ષે આપણે પૂરું ખર્ચ કરી શકતા નથી. કન્યાઓને જે સાઈકલ આપવાનું આયોજન થયું છે તેમાં પણ ૪૫ ટકાનો ઘટાડો થયો છે. એટલું જ નહી આદિજાતિ વિદ્યાર્થીઓને શિક્ષણમાં તક પૂરી પાડવાની છે અને તે તકમાં પણ અનેક જાતનો ઘટાડો ખાસ કરીને શિષ્યવૃત્તિ, માનવ ગરિમા યોજના, હળપતિ ગૃહ નિર્માણની સહાયમાં પણ અનેક વિભાગોમાં ઘટાડો થયો છે. કુંવરબાઈનું મામેરૂં યોજના, સાત ફેરા સમૂહ લગ્ન યોજનામાં છેલ્લા ત્રણ વર્ષમાં સતત ઘટાડો થયો છે. આશ્રમશાળા શિક્ષણનું કામ માનવ જીવન માટે પાયાની જરૂરિયાત છે. મને લાગે છે કે પરિવર્તન આ સમાજ જીવનનું કરવું હોય તો પહેલી શરત એ છે કે તેને શિક્ષિત બનાવીએ. શિક્ષણ વિભાગના મારી પાસે આંકડા છે. છેલ્લા ત્રણ વર્ષમાં ૬.૮ કરોડનો ઘટાડો આશ્રમશાળાઓ, વિદ્યાલયો, નિવાસી સ્કૂલોમાં કરવામાં આવ્યો છે. આ ઉપરથી

આપણે જોઈ શકીએ છીએ કે, આમાં સતત આ વિભાગ દ્વારા ઘટાડો થઈ રહ્યો છે, એટલું જ નહીં પણ જંગલમાં રહેતા જે લોકો છે, જેમનું જીવન વર્ષોથી જંગલ સાથે જોડાયેલું છે એવા વિસ્તારોમાં રહેતા લોકોને, જમીન ખેડવાવાળાઓને જે સનદો આપવી જોઈએ એ મોટા પ્રમાણમાં સનદો હજી સુધી આપવામાં આવી નથી.

મારે એ વાત પણ કરવી છે કે, ગીર, બરડો અને આલેચ, ભારત સરકારમાં એમાં વસતા માલધારીઓ, ભરવાડ, ચારણ અને રબારીઓના કુટુંબોને આદિવાસીઓ ગણવામાં આવ્યા છે, હું વર્ષોથી જોતો આવ્યો છું અને મેં પોતે એ સમગ્ર વિસ્તારનો પ્રવાસ કર્યો છે, ત્યાંના એકેએક નેસમાં જાતે ફર્યો છું, અને જોયું છે તો એ લોકોની સાથે આજે જે વ્યવહાર છે એ માનવીય તરીકેનો વ્યવહાર નથી. માનનીય અધ્યક્ષશ્રી, રાજયે માલકાંન કમિશનનો રિપૉર્ટ, જ્યારે માનનીય ચીમનભાઈની સરકાર હતી તે વખતથી આ કમિશનનો રિપૉર્ટ રાજય સરકાર પાસે પડ્યો છે પણ એનો અમલ રાજય સરકાર કરતી નથી. એના જે મૂળભૂત અધિકારો છે, ત્યારે મારે એમ કહેવું છે કે, જે લોકો જંગલોમાં વસે છે એમની સાથે અન્યાય થઈ રહ્યો છે. અને એમની જોડે જે અન્યાય થઈ રહ્યો છે એના કારણે દિનપ્રતિદિન એમની સંખ્યામાં કેમ ઘટાડો થાય એ રીતનું રાજય સરકારનું વર્તન રહ્યું છે અને એની સાથે વન વિભાગ પણ જોડાયેલું છે. મારી દૃષ્ટિએ તો આ વન વિભાગ છે એ રાજયમાં બીજું પોલીસ ખાતું છે, અને જે એનો હક્ક ચાલે છે બે લોકો ઉપર ચાલે છે એક તો માલધારીઓ ઉપર અને બીજા આદિવાસીઓ ઉપર હક્ક ચાલે છે, આ વન વિભાગના અધિકારીઓ આ લોકો ઉપર રંજાડ કરે છે, આ રાજય સરકાર પાસે એના અનેક કિસ્સા રેકર્ડ ઉપર મોજૂદ છે એટલે એ વાતમાં હું બહુ ઊતરવા માગતો નથી પણ મારે એ કહેવું છે કે, આ જંગલ વિસ્તારના, ગીર, બરડો અને આલેચમાં જે માલધારીઓ વસે છે એની આઈડેન્ટીફાઈ કરવાનું કામ વન વિભાગના અધિકારીઓને સોંપવામાં આવે છે. અને એનું વલણ સ્પષ્ટ છે કે માલધારીઓ જંગલોમાંથી વહેલીતકે બહાર નીકળે એ લોકો ત્યાં રહે નહીં, એવી જાતનું વલણ વન વિભાગનું રહ્યું છે. જે લોકો સમજપૂર્વક બહાર ગયા છે, નેસની બહાર ગયા છે એમના બાળકો અને કુટુંબોની શું સ્થિતિ છે એ આ રાજયના માનનીય મંત્રીશ્રી તપાસે અને જુએ, અને માનનીય અધ્યક્ષશ્રી, મેં તો નેસની મુલાકાત લીધી છે અને જોયું છે, એટલું જ નહીં પણ એમના જે પ્રશ્નો જે છે, એમાં સાહેબ, શું વાત કરું, હસવાની વાત કે પોદડો સાથે ધૂળ લે અને જ્યારે ત્યાં વસતા માલધારીઓને પોતાનું ખાતર વેચવાનું હોય તો વન ખાતાના અધિકારીઓનું સર્ટિફિકેટ લેવું પડે કે આ ખાતરની અંદર માટી નથી જોડાયેલી, માનનીય અધ્યક્ષશ્રી, પોદડો સાથે ધૂળ લે એ વ્યાખ્યા પણ છે પણ આ ખાતર વેચવા માટેનું વન ખાતાના અધિકારીઓનું સર્ટિફિકેટ લે તો જ એ ખાતર બહાર વેચી શકે, આ જાતની પરિસ્થિતિ છે. આવા અનેક જાતના પ્રશ્નો છે અને માનનીય મંત્રીશ્રી અને રાજયના ધ્યાન ઉપર લાવવા માગું છું કે, જે લોકો neglected છે એ લોકો ઉપર ધ્યાન આપો અને એમને મદદ કરો અને એમને જે આટલા વર્ષોથી જે અન્યાય થઈ રહ્યો છે એ અન્યાય દૂર કરો એટલી વિનંતી કરીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, વન અને આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી જે એમના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એને અનુમોદન આપવા માટે અને મારા જે થોડાક સૂચનો અને વિચારો છે એ રજૂ કરવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી દર વખતે આદિજાતિ વિકાસ વિભાગ મારફતે ૨૦૦ કરોડની આજુબાજુનું આયોજન થતું હતું, આ વખતે બજૅટમાં ૩૬૫ કરોડ રૂપિયા જેટલું માતબર આયોજન થયું છે. ત્યારે વિશ્વાસપૂર્વક હું એક વાત કરવા માગું છું કે, આદિવાસી વિસ્તારના વિકાસ માટે સામૂહિક વિકાસ અને વ્યકિતગત વિકાસમાં ખૂબ મોટી સવલતો મળશે અને જે જોગવાઈઓ અને સહાયમાં કમી રહેતી હતી એ કમી દૂર થઈને આદિવાસીઓનો સારો વિકાસ થશે એટલા માટે આ સરકારને હું ધન્યવાદ આપું છું.

સાથે સાથે વન વિભાગની વાત કરું તો, માનનીય સભાગૃહના તમામ ધારાસભ્યશ્રીઓ વન અને આદિજાતિ માટે ચિંતિત છે, વન વિભાગ એ આદિવાસીઓની સાથે સંકળાયેલ વિભાગ છે વન અને આદિવાસીઓ એક સિક્કાની બે બાજુ છે અને રાજયના વિકાસમાં વન મોટો ભાગ ભજવે છે. રાજયના વરસાદ, પાણીનો જથ્થો અને રાજયની સમૃદ્ધિમાં વનનો ખૂબ મોટો હિસ્સો રહેલો છે, આજે આપણે સૌ ચિંતિત છીએ કે જંગલો બોડા થઈ ગયા. વન વિભાગનો કાયદો કડક છે છતાં પણ વન બોડા થઈ ગયા છે, જંગલોનો નાશ થઈ ગયો છે એ ચિંતાનો વિષય છે. આ એકાદ-બે વર્ષ કે પાંચ વર્ષનો ઉપસ્થિત થયેલો સવાલ નથી.

માનનીય અધ્યક્ષશ્રી ૫૦-૧૦૦ વર્ષ પહેલાંની વાત કરીએ તો અને ઈતિહાસમાં દૃષ્ટિપાત કરીએ તો વનોનું નિકંદન કાઢવામાં કેવા કેવા પ્રકારના કારસા રચાયા છે એ આપણી સમક્ષ મોજુદ છે. જો કદાચ આદિવાસીઓની ચિંતા કરતા હોય, આદિવાસી વિસ્તારની ચિંતા કરતા હોય, આદિવાસીને રોજગારી આપવાની ચિંતા કરતા હોય, શહેરોમાં વધતી વસતિની ચિંતા કરતા હોય, ઝૂંપડપટ્ટીની ચિંતા કરતા હોય ત્યારે ફકત વન માટેની જો ચિંતા કરી હોત અને જંગલોનો નાશ થયો ન હોત તો વન વિસ્તારમાં રહેલા આદિવાસીઓ છે એ માથે પોટલા લઈને શહેરો તરફ આવ્યા ન હોત અને ગેરકાયદેસર ઝૂંપડપટ્ટીનો વિકાસ થયો ન હોત. ૫૦ વર્ષ પહેલાના અમારા વડવાઓ તરફથી સાંભળવા મળેલી વાત અને અમારો પોતાનો ૨૦-૨૫ વર્ષનો જે અનુભવ છે

એ અનુભવની વાત કરૂં તો વનો સમૃધ્ધ હતા અને રાજા-રજવાડાઓ દ્વારા અને શરૂઆતના આઝાદીના સમયમાં વન વિભાગ તરફથી વનોની અંદર જે પ્રકારના વૃક્ષો વવાતા હતા અને જે રીતે વન સંપત્તિનું સંવર્ધન અને સંરક્ષણ થતું હતું એના કારણે વન વિસ્તારમાં રહેતા, આદિવાસી પટ્ટીના લોકો અને આદિવાસીઓને પોતાના વિસ્તારમાંથી રોજગારી માટે બહાર નીકળવાની જરૂર પડતી નહતી જેના લીધે શહેરોની ઝૂંપડપટ્ટીનો વિકાસ થયો ન હતો. માનનીય અધ્યક્ષશ્રી, લાંબી વાત મારે કરવી નથી પણ આપણે વનોની ચિંતા કરતા હોઈએ ત્યારે વન વિકાસ સાથે સંકળાયેલી બાબત છે એ પાણી છે. વન વિસ્તારમાંથી પાણીનો પ્રવાહ નીચેના વિસ્તારમાં આવે છે. હું દાખલો આપવા માગું છું. અગાઉ પણ મેં આ વાત કરેલી છે કે, એકદમ બોડો માણસ હોય માથે અને દાઢીએ વાળનું નામો-નિશાન ન હોય એની માથે જળનો એક લોટો રેડવામાં આવે તો કેટલો સમય સુધી એના માથા ઉપર અને શરીર ઉપર પાણી ટકશે? એના કરતા મારા જેવો ઓછા વાળ વાળો માણસ હોય એના માથા ઉપર એક લોટો પાણી રેડવામાં આવે તો સાવ વાળ વગરના માણસ કરતા ઓછા વાળવાળા માણસના માથા ઉપર અને શરીર ઉપર થોડો વાઘારે સમય સુધી પાણી ટકશે. પણ જો એના કરતા પણ વધારે વાળ વાળો અને જટાજૂટ વાળ હોય અને એના માથા ઉપર પાણી રેડવામાં આવે તો ૨૪ કલાક સુધી એના વાળ ભીના રહેશે અને એના વાળમાંથી પાણી ટપકતું રહેશે અને એનું શરીર ભીંજાયેલું રહેશે. એજ રીતે પાણીનો સવાલ છે ત્યારે આપણે વરસાદ, ખેતી, વીજળી, વન, આદિવાસી આ બધાની ચિંતા કરીએ છીએ ત્યારે આપણે જે રીતે છેલ્લા ૫૦ વર્ષમાં વનનો નાશ કરતા રહ્યા છીએ અને જે રીતે ઝાડ કાપવામાં આવ્યા છે, ડુંગરો બોડા કરવામાં આવ્યા છે અને જંગલો તરફ દુર્લક્ષ સેવવામાં આવ્યું છે એના લીધે આટલો બધો વરસાદ થવા છતા પણ ગુજરાતમાં પાણીનો પોકાર પડયો છે. વન સમૃધ્ધ હોત તો વનોમાં પડેલ પાણી ધીમે ધીમે નીચેના વિસ્તારોમાં આવ્યું હોત કારણ કે, વનો સમૃધ્ધ હોય અને એમાં વરસાદ પડે, પવન આવે અને જમીનમાં ફાટ પડે એના લીધે ભૂગર્ભમાં પાણી ઉતરે અને એ રીતે પાણી રીચાર્જ કરવા માટે ઝાડ મહત્વનો ભાગ ભજવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસીઓના વિકાસ માટે અને આદિવાસીઓને રોજગારી આપવાની વાત છે એમાં મારે બે-ત્રણ સૂચનો કરવા છે. આદિવાસીઓ જંગલ વિસ્તારમાં થતા લાખ, ગુંદર ટીમરું પાન, કૌચા, મુસડી વગેરે જેવી ઔષધિ વનસ્પતિ ઉપર નભે છે પરંતુ હમણાં હમણાં વન વિભાગ તરફથી નીલગીરીના વૃક્ષો વધારે વાવવામાં આવે છે ત્યારે મારૂં સૂચન છે કે નીલગીરી વાવવાનું સદંતર બંધ કરવું જોઈએ અને એને બદલે ઔષધિ પાકો છે એવા વૃક્ષો વાવવામાં આવે અને વન સંપત્તિનો વિકાસ કરવામાં આવે તો આદિવાસી લોકોને રોજગારી પણ મળશે અને એને લીધે જંગલના જાનવરો છે એ પણ પોતાનો ખોરાક મેળવી શકશે. આટલા મારા વન વિભાગ અને માનનીય વન મંત્રીશ્રીને સૂચનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, લાખ ઉત્પન્ન કરતા ઝાડ છે જેવાં કે ખાખરો, ધાવળો, ગુગળ, બાવળ અને કઢાઈ એવા જે વૃક્ષો છે એને વધારે પ્રમાણમાં વાવવામાં આવશે તો આદિવાસીઓને જંગલોમાં જ રોજગારીની સારામાં સારી તક મળશે.

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી)** : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી માગણી નંબર-૯૬ ની લઈને જે આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરવા ઉભી થઈ છું.

ગુજરાત પેટર્ન યોજના હેઠળ વર્ષ ૨૦૦૪-૨૦૦૫માં અંદાજેલ રૂા.૨૦૮ કરોડની જોગવાઈ સામે રૂા. ૪૧૪ કરોડ રૂપિયાની જોગવાઈ સૂચવી હોવાનું જણાવ્યું છે અને ૨૦૦૫-૦૬નું વર્ષ આદિજાતિ વિસ્તારના કલ્યાણના ક્ષેત્રે એક સિમાચિહ્ન બની રહેતું જણાયું છે. રાજ્યની કુલ વસતિમાંથી ૧૪.૭૬ ટકા વસતિ આદિજાતિઓની છે, આદિજાતિ પેટા યોજના હેઠળ રાજયની કુલ આદિજાતિ વસતિ ૭૪.૮૧ લાખમાંથી ૮૨.૦૫ એટલે કે ૬૧.૩૮ લાખ વસતિને જ આવરી લેવામાં આવેલ છે. આદિવાસી વિસ્તારના જિલ્લાઓ આપણા રાજયમાં પંચમહાલ, દાહોદ, સુરત, ભરૂચ, વલસાડ, નવસારી અને ડાંગ છે. વર્ગ-૩ની જગ્યાઓ જે ભરવામાં આવી છે એ ખરેખર વસતિના ધોરણે જે અનામત ૪૦ ટકા જગ્યાઓ છે એ પ્રમાણે એની ભરતી થવી જોઈએ ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંક -૧૫૮૨-૫૭૧ (૮) ગ-૩ તારીખ ૨૧-૧-૧૯૮૬ના વસતિના ધોરણે આ વર્ગ-૩ની જગ્યાઓની ભરતી થવી જોઈએ.

સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં હમણાં વિદ્યાસહાયકોની જે ભરતી કરવામાં આવી એમાં ફક્ત એક ટકા જ અનામત જગ્યાઓ ભરી છે, એટલે અમારા વિસ્તારના હજારોની સંખ્યામાં જે પી.ટી.સી. થયેલા શિક્ષકો હતા એમને તક ન મળી, એટલે દૂર સુધી ભાડું ખર્ચીને ગયેલા બધાજ વિદ્યા સહાયકો પોતપોતાના વિસ્તારમાં પાછા આવી ગયા. ખરેખર આ જિલ્લાઓમાં વિદ્યા સહાયકની ભરતી ૩૧-૧૨-૧૯૮૫ની અંતિત ૧૪ ટકા પ્રમાણે જે જૂનો બેકલોગ ભરેલો છે અને ખાલી થયેલી જગ્યાઓ ખરેખર એની વસતિના ધોરણે ભરવી જોઈએ. નામદાર હાઈકોર્ટે જે ચૂકાદો આપેલ છે તારીખ ૭-૭-૧૯૯૮ તથા તારીખ ૨૭-૧૦-૧૯૯૮થી બેકલોગની તમામ જગ્યાઓ છ માસમાં ભરી દેવા હુકમ કરેલ છે તેમ છતાં એસ.સી. એસ.ટી.ની કુલ ૨૮૦૦૦ બેકલોગની જગ્યાઓ ભરવાની થાય છે તે આજદિનસુધી ભરવામાં આવી નથી. આ જગ્યાઓ તાત્કાલિક ભરવાની કાર્યવાહી શરૂ થાય એવી મારી નમ્ર વિનંતી છે.

પ્રાથમિક શિક્ષણ વિભાગમાં રાજય સરકારે પ્રાથમિક શિક્ષણના વિકાસ માટેનો ખર્ચ કરવામાં છેલ્લાં ત્રણ વર્ષમાં ૧૬ કરોડ ૯૮ લાખ ૪૫ હજારનો નોંધનીય ઘટાડો કરેલો છે. રાજયમાં જાન્યુઆરી, ૨૦૦૫ની સ્થિતિએ દશ હજાર કરતાં પણ વધારે વિદ્યાસહાયકોની ઘટ છે એમાં સૌથી વધારે આદિવાસી વિસ્તારમાં ઘટ છે. મારા નવસારી જિલ્લામાં ૨૦૦૮ જેટલા શિક્ષકોની ઘટ છે. મારા વિસ્તારમાં પણ ચીખલી અને વાંસદા ટ્રાયબલ તાલુકાઓ છે, એકથી સાત ધોરણની શાળામાં એક શિક્ષક ફરજ બજાવતો હોય તો સાત સાત ધોરણને એ કઈ રીતે ન્યાય આપી શકતો હશે એ પણ આપ સૌ વિચારી શકો છો. આખું વર્ષ આ રીતે શાળાઓમાં એક શિક્ષક દ્વારા સાત સાત ધોરણો ચલાવાય છે ત્યારે બાળકોનું શિક્ષણ ખરેખર આ રીતે કથળી રહ્યું છે. શાળાના ઓરડાઓમાં રિપેરીંગ કરવા માટે ગ્રાન્ટ ફાળવવી જોઈએ એ પણ ફાળવેલ નથી. અમારા વિસ્તાર માટે જે મેં પ્રશ્ન પૂછયો હતો, ખૂબ લાંબી યાદી શાળાઓની આપી કે આટલી આટલી શાળાઓને રિપેર કરવાની તાત્કાલિક જરૂરિયાત છે, એના માટે કોઈ પૈસાની જોગવાઈ કરેલ નથી, એ જ રીતે નવા ઓરડા પ્રાથમિક શાળાઓના જે બનાવવામાં આવેલ એમાં પહેલાં એલ એન્ડ ટી. ના બનાવ્યા પછી સિન્ટેક્સ લાવ્યા અને સર્વશિક્ષા અભિયાનના ઓરડાઓ અમારા વિસ્તારમાં સો ઈંચ કરતાં પણ વધારે વરસાદ પડતો હોઈ તેવા સંજોગોમાં આવા ઓરડા બિલકુલ અનુકૂળ નથી. સર્વશિક્ષા અભિયાનના જે ઓરડાઓ છે એમાં ખૂબ જગ્યા જોઈતી હોય છે ત્યારે વિશાળ જગ્યા માટે આવા ઓરડા અને અંધારુ, નીચા અને ઉનાળામાં સખત ગરમી લાગે એવા હોય છે, આપ પણ ઓરડામાં જઈને એક કલાક બેસો તો આપને પણ એમ થાય કે આવા ઓરડાઓ બિલકુલ કામ નહિ આવે. ત્યારે તેની પેટન્ટ બદલવી જોઈએ. કેન્દ્ર સરકારે પ્રાથમિક શાળાના ઓરડા, રસ્તાઓ, આદર્શ નિવાસી શાળાઓ, પ્રાથમિક શાળામાં સેનીટેશન ,વાડી પોગ્રામ અને પીવાના પાણી માટે કેન્દ્ર સરકારે પૈસા ફાળવેલા હતા પણ તે પૈસાનો ખર્ચ પણ આ સરકારે પૂરેપૂરો કરેલ નથી ત્યારે આ સરકાર કેટલું ધીમી ગતિએ કામ કરે છે તે આપણને જોવા મળે છે. વિદ્યા સાધના સાઈકલમાં બે નિયમો તમે બહાર પાડ્યા છે કે જે ગામનો બાળક ગામમાં ભણતો હોય તેને સાઈકલ નહીં મળે. તો આપણા ગામ તો ૧૦-૧૦ હજારની વસતિવાળા એક એક મહોલ્લો તો ચાર કિલોમીટર, પાંચ કિલોમીટર દૂરથી બાળકો ભણવા આવે છે તો તેને જો આ સાઈકલ નહીં મળવાની હોય તો તેનો કોઈ અર્થ સરતો નથી. ફકત બીપીએલ લાભાર્થીઓને જ આ સાઈકલ મળે એવું આપે જણાવ્યું છે ત્યારે બીપીએલ લાભાર્થીઓમાં ખરેખર ગરીબ રહી ગયો અને જેની પાસે પૂરેપૂરી સાધન સામગ્રી છે તે નોંધાયેલો છે ત્યારે ગરીબને લાભ મળતો નથી ત્યારે આ નિયમમાં પણ સુધારો કરો એવી મારી વિનંતી છે. આદિજાતિ અને આદિજૂથના બાળકોને વિજ્ઞાન,ગણિત અને અંગ્રેજી વિષયો શીખવવા માટે કંઈક વધારાની વ્યવસ્થા કરવી જોઈએ. શાળામાં ફરજ પાડવામાં આવે છે કે અંગ્રેજી અને ગણિતમાં ઓછાં માર્ક આવે તો તેને વિષય છોડી દેવો. તો આ બાળકોને પણ અન્યાય થાય તેમ છે.

આરોગ્યની સુવિધામાં દવાઓ સિકલસેલ માટે આપ સાહેબે ૧ કરોડ ૩૯ લાખ ૧૯ હજારનાં ખર્ચની જોગવાઈ કરી છે તેને હું આવકારું છું પરંતુ એઈડસ જેવા ભયાનક રોગ આપણે ત્યાં છે. દિલ્હી ખાતે આપણાં આરોગ્ય મંત્રી શુષ્મા સ્વરાજે જિલ્લા પ્રમુખોની અમારી એક શિબિર કરી હતી પંચાયતના સભ્યોની. ત્યાં પણ તેમણે ખૂબ ભારપૂર્વક એમ જણાવેલું કે આજે એઈડસ રોગ છે તેની દવાઓ છે તે પુષ્કળ મોંઘી આવે છે. ગરીબ લોકો દવાઓ ખરીદી નહીં શકે અને આ રોગ પર જો કાબુ લાવવો હોય તો આના માટે વધારે ગ્રાન્ટ ફાળવવા માટે જોગવાઈ કરવી જોઈએ. આમાં જોગવાઈ નથી તો આમાં સુધારો કરીને જોગવાઈ કરે અને આ રોગ ઉપર કાબુ લાવવામાં આવે એવી મારી નમ્ર વિનંતી સાથે મારા સૂચનો પૂરાં કરું છું.

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા (રાજપીપળા)** : માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિકાસના મંત્રીશ્રી તેમજ વન વિકાસના મંત્રીશ્રી તેમની માગણી નં.૨૫,૨૬,૯૬ અને ૧૦૨ લઈને આવ્યા છે, તેમાં હું અનુમોદન આપવા માટે ઉપસ્થિત થયો છું.

ગુજરાત રાજયની ૨૦૦૦ની વસતિની ગણતરી પ્રમાણે આદિજાતિની વસતિ ૭૪.૮૧ લાખની છે, તેમાં ગુજરાતની કુલ વસતિના પ્રમાણમાં ૧૪.૭૬ ટકા જેટલી વસતિ આદિજાતિની છે. તેમાં ખાસ કરીને આદિવાસી સમાજ છે તેનો વસવાટ છે તે પૂર્વ પટ્ટીનો ડુંગરાળ વિસ્તાર અને જંગલમાં વસે છે ત્યારે માનનીય ઘણા સભ્યોએ જણાવ્યું કે વન અને આદિજાતિ આ એક સિક્કાની બે બાજુ છે ત્યારે આ આદિવાસી સમાજ, આ વનની અંદર જ્યારે વસવાટ કરે છે ત્યારે દરેકે દરેક વિસ્તારની અંદર જ્યાં આદિવાસી સમાજ વસેલો છે ત્યાં તેમની દરેક પ્રદેશોની ભૌગોલિક પરિસ્થિતિ દરેક જગ્યાએ અલગ પ્રમાણમાં છે ત્યારે હું વાત કરીશ કે આ આદિવાસીના ૧૧ જિલ્લાઓમાં ૪૩ તાલુકાઓમાં આ વસતિ વસી છે ત્યારે આદિજાતિ પેટા વિભાગ દ્વારા લગભગ ૫૨ વિભાગોના માધ્યમોથી આદિજાતિ વિકાસની ચિંતા કરવામાં આવે છે. આદિજાતિ પેટા યોજના દ્વારા મુખ્યત્વે શિક્ષણ જેમ કે આ ગુજરાતની અંદર જો શિક્ષણની ચિંતા કરી હોય તો આદિવાસી વિસ્તારની અંદર આ સર્વ પ્રથમ એવા મુખ્યમંત્રીશ્રી છે કે જેમણે સાગબારાની અંદર ડેડીયાપાડા વિસ્તારની અંદર આવીને પ્રવેશોત્સવ દ્વારા આ શિક્ષણની ચિંતા કરીને આ શિક્ષણ તે વિકાસની અને જ્યારે વિકાસની સાથે સાથે જાગૃતિની પણ વાત કરીએ ત્યારે આ શિક્ષણ તે પાયાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસીઓની અંદર જો શિક્ષણ હશે તો ચોકકસ એમનો વિકાસ થવાનો છે. હું કહીશ કે ભૂતકાળમાં માત્ર વાતો થઈ છે. ૪૫ વર્ષના શાસનમાં આ આદિવાસીઓની કેવી ચિંતા કરવામાં આવી છે તે આ સન્માનનીય ગૃહ જાણે છે. દરેકે દરેક વિસ્તારમાં, શિક્ષણની આશ્રમશાળાઓ અને છાત્રાલયો જે ચાલતા હતા એ માત્ર રાજકીય કેન્દ્રો બનાવ્યા હતા. એકપણ વિસ્તારમાં આ છાત્રાલયો અને આશ્રમશાળાઓ જે ચાલતા હતા તે યોગ્ય રીતે ચાલતા ન હતા, તેને આ ૫, ૧૦ વર્ષમાં કાર્યરત કરવામાં આવ્યા છે. કોંગ્રેસના શાસનમાં આ શિક્ષણને જયારે વ્યવસાય તરીકે લીધું હતું, હાલમાં અમે કહીએ છીએ, મુકેશભાઈ, કે છેલ્લા ૫, ૧૦ વર્ષમાં જે કામ થયું છે તેનાથી આ સમાજ જાગૃત બન્યો છે. મુખ્ય બાબત જો કોઈ હોય તો તે શિક્ષણ છે.

સાથે સાથે હું કહીશ કે આદિજાતિમાં સત્તાનું વિકેન્દ્રીકરણ કરીને જે ગુજરાત પેટર્ન નામની યોજના દાખલ કરવામાં આવી છે, જેમાં ગયા વર્ષે લગભગ ૨૦૮ કરોડ આપવામાં આવ્યા હતા અને આ વર્ષે ૪૧૪ કરોડ આપીને તેમાં ૧૦૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીને અભિનંદન આપીશ કે જેમણે આદિવાસીઓની ચિંતા કરીને આ ૨૦૦૫-૦૬ ના વર્ષમાં બજેટમાં વધારો કર્યો છે અને આદિવાસીઓની ચિંતા કરી છે. આનાથી આદિવાસીઓમાં ચોકકસ વિકાસ દેખાવાનો છે. ખાસ કરીને હું વનની પણ વાત કરીશ. (સમય સૂચક ઘંટડી)

**સભાપતિશ્રી** : માનનીય હર્ષદભાઈ, પ્રવચન પૂરું કરો. આપના સૂચનો લખીને મંત્રીશ્રીને આપી દેજો. પ્લીઝ, પ્લીઝ.

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, સીકલસેલ નામનો રોગ આદિવાસીઓમાં મોટા પ્રમાણમાં થાય છે, ત્યારે એનો પણ આરોગ્યના બજેટમાં સમાવેશ કરીને એ માટે લોક જાગૃતિ ઉભી કરવામાં આવે. ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં આ રોગ મોટા પ્રમાણમાં થાય છે, ત્યારે એની ચિંતા કરવી જોઈએ. હું એટલું કહીશ કે ગુજરાત પેટર્ન યોજનામાં જે યોજનાને જે બજેટ આપવામાં આવ્યું છે, ખાસ કરીને એ હેડ નકકી થાય અને એ હેડમાં તાલુકાની સમિતિ કે મંડળો જે છે એ મંડળોમાં આ હેડ નકકી કરવામાં આવે તો ચોકકસ અલગ અલગ ભૌગોલિક પરિસ્થિતિ જે છે, એના પ્રમાણમાં વિકાસનું સારું આયોજન થઈ શકશે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારાં છેલ્લાં ૨ સૂચનો છે.

**સભાપતિશ્રી .** : સમય નથી. પ્લીઝ, પ્લીઝ.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા)** : માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ અને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રીશ્રી તેમની માગણી ક્રમાંક ૨૫, ૨૬, ૯૬ અને ૧૦૨ લઈને આવ્યા છે, તેમાં મારા વિચારો વ્યકત કરવા હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ, પાણી, વીજળી, રસ્તા જેવી મુખ્ય સમસ્યાઓ છે. હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે ૨૦૦૪-૦૫ ના વર્ષમાં ૨૦૮ કરોડ ૮૦ લાખની જોગવાઈ કરવામાં આવી હતી, પરંતુ તેમાં પહેલેથી જ દસ ટકા કાપ મૂકવામાં આવ્યો હતો. એ બાબતે સરકારનું ધ્યાન દોરવા માગું છું કે આદિવાસી વિસ્તારની યોજનાઓમાં વધારે ખર્ચ કરવો જોઈએ અને તેમાં શરૂઆતથી જે કાપ મૂકવામાં આવે છે એ કાપ ન મૂકાવો જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૫-૦૬ ના વર્ષમાં બજેટમાં ૪૧૩ કરોડની ફાળવણીની જાહેરાત કરવામાં આવી છે, ખૂબ સારી વાત છે. પરંતુ તેમાં આયોજન ૩૬૪ કરોડનું કરવામાં આવ્યું છે. ૩૯ કરોડ રૂપિયાનો કાપ પહેલેથી જ મૂકવામાં આવેલો છે. હું માનનીય મંત્રીશ્રીનું એ પણ ધ્યાન દોરું છું કે આદિવાસી વિસ્તારોમાં જે પણ યોજનાઓ દાખલ થાય, એમાં શરૂઆતમાં જ જે કાપ મૂકવામાં આવે છે, એ કાપ ન મૂકાવો જોઈએ.

આદિવાસી વિસ્તાર એ ઉંમરગાંવથી અંબાજી સુધીનો વિસ્તાર છે જયાં સામાન્યમાં સામાન્ય ગરીબ માણસને જે સુવિધાઓ મળવી જોઈએ એ સમયસર ના મળે અને ગૃહના સભ્યશ્રીઓ એમ કહે કે પેલી સરકાર અને આ સરકારે શું કર્યુ, પણ મારે કહેવું છે કે આપણે જયાં બેઠા છીએ તો આપણે જ નકકી કરીએ કે આપણે શું કરવું છે? આપણે સૌ સાથે મળીને, ભેગા બેસીને વિચારીએ અને અત્યારે સારામાં સારું આના માટે શું થઈ શકે એવું કરીએ એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તારમાં ભારત સરકારના બંધારણની કલમ ૨૭૫(૧) હેઠળની ગ્રાન્ટની જોગવાઈ ૧૧૯ કરો.ડ રૂપિયા આપી હતી, પરંતુ એમાંથી ફકત ૬૧ કરોડ ૪૦ લાખ રૂપિયાનો જ ખર્ચ કરવામાં આવ્યો છે. તેમાં ૨૭૫(૧) હેઠળ ગામડાંમાં રસ્તા અને પાણી જેવી મુખ્ય સમસ્યાઓ છે કે એક ગામથી બીજા ગામને જોડવા માટે રસ્તો છે એ પંચાયત દ્વારા એની દરખાસ્ત કરવામાં આવે છે એ સમયસર દરખાસ્ત ના કરે અને સમયસર આ દરખાસ્ત ન કરવાને કારણે એ કેન્દ્ર સરકારની ગ્રાન્ટ પરત જાય છે. તો વિભાગ એની દરખાસ્ત સમયસર મોકલી આપે તો ગામડાંને આ રીતે રસ્તાનો લાભ મળી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તારમાં આશ્રમશાળાઓ ગુજરાતમાં ૪૫૬ જેટલી છે અને ૮૯ જેટલી ઉત્તર બુનિયાદી શાળાઓ ચાલે છે અને એમાં કુલ ૬૯૩૯૫ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે જેમાં પણ હાલમાં આ સરકારે છેલ્લા આ વર્ષે ખર્ચમાં ઘટાડો કર્યો છે કારણ કે દર વર્ષે વધારો કરવો જોઈએ એના

બદલે ઘટાડો કર્યો છે ત્યારે મારે મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે આદિવાસી વિસ્તારમાં સારી રીતે આશ્રમશાળાઓ અને ઉત્તર બુનિયાદી શાળાઓ ચલાવવી હોય તો આ આશ્રમશાળાઓની સુવિધા વધારવા માટે ઉચ્ચ શિક્ષણ આપવા માટે સરકારે જે ફલક માર્યુ છે કે સારામાં સારું શિક્ષણ આપી શકે. ત્યારે આદિવાસી વિસ્તારને સુવિધા ન આપી શકે, સારામાં સારી વ્યવસ્થા ન આપી શકે તો શિક્ષણ સારું આપવાની કયાંથી વાત થઈ શકે? આ આદિવાસી વિસ્તારમાં સારામાં સારું ઉચ્ચ શિક્ષણ મળે એ ધ્યાન દોરવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, નિવાસી શાળાઓની વાત કરું તો નિવાસી શાળાઓ છેલ્લા બે થી ત્રણ વર્ષથી હું જોઉં છું તો એના સ્ટાફમાં ૪૦ ટકાનો શિક્ષકોમાં કાપ આવ્યો છે. નિવાસી શાળા ખૂબ સારું મકાન ૨ થી ૩ કરોડ રૂપિયાનું બનાવેલ છે અને સુવિધા પણ સારી છે, પરંતુ શિક્ષકોની ઘટ ૪૦ ટકા જેટલી થવા ગઈ છે ત્યારે મારે એ ધ્યાન દોરવું છે કે આપણે જયારે ઉચ્ચ શિક્ષણ આપવાની વાત કરીએ છીએ ત્યારે એક શિક્ષકથી ધોરણ ૮,૯ અને ૧૦ ધોરણ ચાલતું હોય છે. માંડ માંડ કમસે કમ ચાર શિક્ષકોની જરૂરિયાત હોય અને એક કે બે શિક્ષકની શાળા ચાલતી હોય છે.. નિવાસી શાળાની સરકારની સારી યોજના છે અને એમાં વિદ્યાર્થીઓને રહેવા માટે સારા મકાનની સુવિધાઓ આપવામાં આવે છે, પરંતુ જયારે શાળામાં શિક્ષકો પૂરતા ના હોય તો શાળામાં શિક્ષણ કેવી રીતે આપી શકાશે?

માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે આદિવાસી વિસ્તારમાં ૩૦૫૪ માર્ગ અને પુલનું જે સદર છે એમાં ૨ થી ૩ વર્ષમાં બિલકૂલ સામાન્ય ગ્રાન્ટ આપવામાં આવે છે. ખરેખર જેની જરૂર છે કે એક ગામથી બીજા ગામને જોડવા માટેની ગ્રાન્ટ આપવામાં આવે છે એ છેલ્લા બે ત્રણ વર્ષમાં ઓછામાં ઓછી ગ્રાન્ટ આપવામાં આવેલ છે. ગુજરાત પેટર્નનમાં સારામાં સારી ૩૦૫૪ માં ગ્રાન્ટ આપવામાં આવે તો એક ગામથી બીજા ગામના નાના નાના રસ્તાઓ જોડી શકાય.

**શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી એમના વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં હું મારો સૂર પૂરાવું છું અને શહેરી વિકાસ પર્વ આ વર્ષે જે ઉજવવાનું છે તે અંગેના મારા વિચારો વ્યકત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ પર્વ માટે ૪૭૬ કરોડ રૂપિયા જેવી માતબર રકમ આ વર્ષના બજેટમાં જોગવાઈ કરીને શહેરી વિકાસની સમસ્યાઓ દૂર કરવા માટે માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી જે વિચારો અને આયોજન લઈને આવ્યા છે તેને હું ખૂબ ખૂબ આવકારું છું અને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિસ્તારની પ્રજાને અને શહેરી વિસ્તારની જે કાંઈ સમસ્યાઓ છે એમાં મહત્વની સમસ્યા હોય તો એ સમસ્યા શહેરી વિસ્તારની અંદર વસેલ ઝૂંપડપટ્ટીના પણ કેટલાક પ્રશ્નો છે. શહેરી જમીન ટોચ મર્યાદા કાયદો ૧૯૭૬નો હોવાથી સૂચિત જે સોસાયટીઓ છે, એટલે કે જે એન.એ. કરાવ્યા વગર અનઅધિકૃત બાંધકામમાં શહેરી વિસ્તારમાં મોટા પ્રમાણમાં વસવાટ થયેલો છે એવા વસવાટમાં વસતા લોકોને પ્રાથમિક સુવિધાઓ કાયદાકીય મર્યાદાને કારણે મળી શકતી નથી. અને તેઓ પ્રાથમિક સુવિધાથી વંચિત રહી જાય છે. આજે આ શહેરી વિસ્તારમાં જે ઝૂંપડપટ્ટીનો વિકાસ થયો છે તેની પાછળ અનેક કારણો છે, ગામડાંમાં દુષ્કાળને કારણે ખેતી ભાંગી જવાને કારણે રોજી રોટી માટે લોકો શહેરી વિસ્તારમાં આવે છે, પર પ્રાંતના લોકો પણ મજૂરી કામ માટે આવે છે, તેઓને શહેરી વિસ્તારમાં રહેવા માટે જમીનના ઉંચા ભાવો હોય ત્યારે સરકારી ખરાબો હોય, ટી. પી.ના રિઝર્વ પ્લોટ હોય, કે ટોચ મર્યાદાની જમીનમાં જે પોતાની જમીનના માલિક તરીકે શહેરી જમીન ટોચ મર્યાદામાં આવતા હોય, તેવી જમીનમાં આવા નાના અને ગરીબ માણસો વસવાટ કરતા હોય છે. અત્યારે કેટલાક બનાવો એવા બની રહ્યા છે કે ટોચ મર્યાદામાં આવતા માલિકોએ કોર્ટ કચેરી મારફત આ જમીન પોતાની માલિકીની ઠરાવી હોય ત્યારે એમાં વસવાટ કરતા ગરીબ લોકો, કે જે વીસ થી ત્રીસ વર્ષથી ત્યાં વસતા હોય છે ત્યારે આવા લોકોની ઝૂંપડપટ્ટી દૂર કરવાનો વારો આવે ત્યારે માનવતાની દૃષ્ટિએ આપણે ન કલ્પી શકીએ તેવી પરિસ્થિતિ પેદા થાય છે. એટલે આવા લોકોના ઝૂંપડાઓ, ખરાબામાં વસતા લોકોના ઝૂંપડાઓ માટે સરકારશ્રીને અને માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું કે આવા વિસ્તારોમાં વસતા લોકોને ધારાસભ્યોની ગ્રાન્ટમાંથી પ્રાથમિક સુવિધા મળી રહે તેવા કામો, ગટર, લાઈટ, રસ્તાઓ અને તેમના બાળકોને ભણવા માટે સારી શાળાઓ માટેની જોગવાઈ થાય તે માટે ધારાસભ્યની ગ્રાન્ટમાંથી આવા વિકાસના કામો કરવા માટેની શહેરી વિસ્તારના ધારાસભ્યોને છૂટ આપવી જોઈએ. આજે શહેરી વિસ્તારના ધારાસભ્ય તરીકે હું કહું કે મારા વિસ્તારમાં સૂચિત સોસાયટીમાં ટોચ મર્યાદાને કારણે વીસ વીસ વર્ષથી જેમનો વસવાટ થયો હોય, પચાસ વારના મકાનો હોય તેવા લોકો માટે મારે તેમના વિસ્તાર માટે બે લાખના કામો રસ્તાઓ કે બીજા વિકાસના કામો કરવા હોય તો તે હું કરાવી શકતો નથી. આ વસવાટ છે તે માત્ર મજબૂરીને કારણે આવા લોકો ત્યાં વસવાટ કરી રહ્યા છે, અને તે વસવાટ એટલા બધા ગંદા હોય છે કે ત્યાં રહેવું પણ એ લોકોને પોષાય તેવું હોતું નથી. પરંતુ મજબૂરીથી રહેવું પડે છે. શહેરી વિસ્તાર માટે વિકાસનું જે કંઈ આયોજન છે તેમાં માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું કે વધુમાં વધુ ગ્રાન્ટ આવા વિસ્તારોમાં વપરાય તેવું આયોજન કરે તેવી મારી વિનંતી છે.

મારે બીજું એક બહુ જ અગત્યનું સૂચન કરવું છે કે કલેકટર કચેરીમાં સંકલનની બેઠક જયારે બોલાવવામાં આવે છે ત્યારે શહેરી વિસ્તારના ધારાસભ્યો, પોતાની વાત કોરપોરેશનને લગતી હોય તો તે કરી શકતા નથી. અને તે કરવા માટે કમિશનર ત્યાં હાજર પણ હોતા નથી. તેથી મારું એક સૂચન છે કે સંકલનની બેઠકમાં શહેરી વિસ્તારના ધારાસભ્યોની પોતાના વિસ્તારના વિકાસના કામોની વાત સાંભળવા માટે કમિશનર પોતે ત્યાં હાજર રહે તેવી સૂચના આપવી જોઈએ તેવું મારું સૂચન છે. અને તેના માટેની જોગવાઈ કરવી જોઈએ.

રાજકોટમાંથી આજી નદી પસાર થાય છે તેમાં આજે ઈંટના ભઠ્ઠાઓ છે અને શહેરનો ઘન કચરો પણ બેફામપણે એમાં ઠલવાઈ રહ્યો છે. ઈંટના ભઠ્ઠામાં કામ કરતાં લોકો મજૂર વર્ગના લોકો છે અને તેઓ સ્વૈચ્છિક રીતે ત્યાંથી ખસી જવા માગે છે પણ તેમને સરકારી ખરાબો જે રાજકોટની બાજુમાં નવા ગામમાં છે તેમાં જમીન મળવા માટેની તેમની વર્ષો જુની માગણી છે. તો તે માટે શહેરી વિકાસ મંત્રીશ્રી અને મહેસૂલ મંત્રીશ્રી સાથે પરામર્શ કરી અને એક જગ્યા પર આ ઈંટના ભઠ્ઠા વાળાઓનો વસવાટ થાય તો રાજકોટને પર્યાવરણને લગતો પ્રશ્ન અને મુશ્કેલી છે તે દૂર થાય અને આજીમાં જે ગંદકી થઈ રહી છે તે સમસ્યા પણ હલ થઈ શકે તેમ છે. બીજું મારે જી.ઈ.બી.નું પણ સૂચન કરવાનું છે, રાજકોટ શહેરમાં આજે આડેધડ થાંભલાઓ નખાયેલા છે, હું કહું છું કે આ સભાગૃહમાં અહીં જે સન્માનનીય નેતાઓ બેઠા છે તેમાંથી કોઈપણ રાજકોટમાં આવે તો રાજકોટમાં આજે થાંભલાનું જંગલ ઉભું છે, જી.ઈ.બી.ના અધિકારીઓએ આડેધડ થાંભલાઓની લાઈનો નાખી છે. તેથી મારું સૂચન છે કે આ થાંભલાઓ જે આડેધડ નાખવાથી સમસ્યા ઉદભવી છે તેના માટે આયોજન કરીને પછી જ થાંભલાઓ નાખે અને આડેધડ ન નાખે તેવું મારું સૂચન છે.

**સભાપતિશ્રી** : માનનીય મંગુભાઈ.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, અમને પાંચ પાંચ મિનિટ આપો.

**સભાપતિશ્રી** : માનનીય બાબુભાઈ, હજી મારી પાસે ઘણા બધા નામો છે. મંત્રીશ્રીઓ એક કલાક બોલવાના છે. અઢી વાગ્યે બીજી બેઠક છે તેથી આપ સૌએ વાસ્તવિકતાનો સ્વીકાર કરવો જોઈએ.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હજુ લિસ્ટ ઘણું લાંબુ છે. સૌને બોલવાની પણ ઇચ્છા છે. ભૂતકાળની અંદર બધાને બોલવું હોય પણ બધાને બોલવા નહિ દઈ શકીએ. બંને બાજુથી બે બે જણ બોલે અને દરેકને ત્રણ ત્રણ મિનિટ આપીએ. જ્યારે બંને મંત્રીશ્રીઓ પોતાનામાંથી પાંચ પાંચ મિનિટ કાપી નાખે અને આ રીતે બેય બાજુ બે-બે સભ્યશ્રીઓને બોલવા આપો. બપોરની સેશન ન હોત તો બે કલાક વધારવામાં પણ વાંધો ન હોઈ શકે. દર વખતે આવું થાય છે. દરેક વખતે દરેક સભ્યશ્રીને બોલવાનો ચાન્સ ન મળે. આપણે પ્રોરેટા પ્રમાણે અહીંથી બે અને ત્યાંથી એકને બોલવું તેવું છે તેમ છતાં અમારા કરતાં ડબલ તમને બોલવાનો ચાન્સ મળે છે. થોડાક સૂચનો કરે.

**સભાપતિશ્રી**: બંને બાજુથી ત્રણ ત્રણ સભ્યશ્રીઓ પોતાના સૂચન કરે અને દરેકને ત્રણ મિનિટ જ આપવામાં આવશે.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા શહેરી વિકાસ વિભાગની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે હું મારાં સૂચનો રજૂ કરવા ઊભો થયો છું.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે કોળી, દેવીપૂજક અને પારાધી આ બધાને ભારતીય જનતા પાર્ટીની કેન્દ્ર સરકારે અને રાજય સરકારે એના અધિકારોથી વંચિત કરેલ છે. ૧૯૫૬માં આ જે ગરીબ લોકો હતા એ છૂટાછવાયા રહેતા હતા. એમને આદિવાસીનો દરજ્જો આપવામાં આવેલ અને આજે પણ ભચાઉ તાલુકા પંચાયતના પ્રમુખ છે તે એસ.ટી. ના છે. જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોમાં અનેક સભ્યશ્રીઓ, ગામડાંના સરપંચો અને શહેરી વિસ્તારમાં પણ એસ.ટી.ની સિટો છે. કલમના એકજ ઝાટકે એમને મળતા અધિકારોથી વંચિત કરી નાખવામાં આવ્યા છે. તો એ અધિકારો પરત આપવા માટે રાજય સરકાર કેન્દ્ર સરકાર સાથે પરામર્શ કરીને એમને મળતા અધિકારો પરત અપાવે.

બીજું વાઈલ્ડ લાઈફના નામે કચ્છનો એક ટીકર થી પલાસવા રસ્તો અટકાવવામાં આવ્યો છે. એના મુદ્દે કહેવા માગું છું કે લોથલ થી સિંધુનો મુખ્ય માર્ગ જેના દ્વારા જેસલને બચાવવા માટે નવઘણ આ રસ્તે ગયેલા અને ૧૮૫૯ની સવંતમાં આ રસ્તે ગયેલા. કૅપ્ટન મેકમર્ડો ૧૮૦૯ અને ૧૮૧૦માં આ રસ્તે થઈને કાઠિયાવાડ આવેલા એવો એમની ડાયરીમાં ઉલ્લેખ છે. સૌરાષ્ટ્ર રાજય વખતે ૧૯૫૩માં આ રસ્તે બસો ચાલતી હતી. મુંબઈ રાજય વખતે અમદાવાદથી ભુજ આ જ રસ્તે બસ ચાલતી હતી. આટલા પુરાવા હોવા છતાં પર્યાવરણ વિભાગે વાઈલ્ડ લાઈફના કારણે આ રસ્તાનું કામ અધૂરું મૂકવામાં આવ્યું છે ત્યારે એ રસ્તાને ફરીથી મંજૂરી આપવામાં આવે.

લાકડાની ૧૩૦૦ જેટલી સો મિલ સુપ્રીમ કોર્ટના કોઈ આદેશને કારણે બંધ પડેલી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું છે તે પ્રમાણે એમ્પાવર કમિટી પાસે જવાના છે. એ ઉપરાંત આયાતી લાકડાના આધારિત

આપણી જે સો મિલ છે તેના માટેની લાયસન્સની પ્રક્રિયામાં શા માટે જવાનું? તેના કારણે કંડલાના વિસ્તારમાં લગભગ ૫૦ હજાર કરતાં વધુ લોકોને રોજગારી આપતો આ ઉદ્યોગ છે તે જોખમમાં છે. આપણે ત્યાં અહીંનું કોઈ લાકડું કપાવાનું નથી. આયાતી લાકડાને વેચવા માટેની છે. એટલી સ્પષ્ટતા આ વિભાગ તરફથી કરવામાં આવે. એ જ રીતે વન પેદાશોમાં આપણે ઉપજ થવી જોઈએ. બાંબુ વગેરે વાંસના ભાવ આવવા જોઈએ. એવી જ વાત કરી છે. એન્વાયરમેન્ટને લાગેવળગે છે ત્યાં સુધી પર્યાવરણીય બોર્ડની ડીક્ષનરીમાં કચ્છની કોઈ નોંધ છે કે કેમ? ઉદ્યોગોને નામે ફાસ્ટ ટ્રેક સેલ રચવામાં આવેલ છે. પરંતુ પર્યાવરણના પ્રશ્નો કચ્છમાં આ ઉદ્યોગોને કારણે વધતા જાય છે. તેની જે પબ્લિક સુનાવણી હોવી જોઈએ એમાંની ભાગ્યે જ એકાદ ઈન્ડસ્ટ્રીઝમાં થઈ છે. કોલસા ઉદ્યોગને કારણે આજે જે વિષમ પરિસ્થિતિ છે તેનો દાખલારૂપ થઈ શકું તેમ છું. રજના વિસ્તારમાં મને લઈ જાવ અને પછી તમે તપાસ કરો કે આની શું અસર થાય છે. હું એ કોલસાના કારખાનામાં ગયેલો. મારા કાઉન્ટ્સ ૧૦૦ વધી ગયા. તો એ વિસ્તારમાં રહેતી પ્રજાની શું હાલત થતી હશે તેના ઉપર ધ્યાન આપે અને પર્યાવરણ ખાતું આરોગ્ય ખાતા સાથે પરામર્શ કરીને કેન્દ્રીય લૅબૉરૅટરી છે આ કોલસાની રજને કારણે માનવ શરીરને શું નુકસાન થાય છે તેની તપાસ કરીને પર્યાવરણીય પ્રશ્નોમાં પ્રજાની લાગણી છે તેને ન્યાય આપે એટલી મારે વાત કરવાની છે.

**શ્રી યોગેશભાઈ ના. પટેલ (રાવપુરા)** : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ મંત્રીશ્રી આઈ.કે. જાડેજાજી અને વન અને પર્યાવરણ મંત્રીશ્રી પોતાની માગણીઓ લઈને આવ્યા છે, તેને અનુમોદન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું. ૧૨૦૦ બેન્સા બંધ થયા છે. તેનાથી રોજના ૧૨ થી ૧૫ હજાર ઝાડ કપાય છે. તેનાથી લગભગ દર માસે ચાર-સાડાચાર લાખ ઝાડ કપાતા બંધ થયા છે. ખરેખર મંગુભાઈએ જે કાર્ય કર્યું છે એ આવકારદાયક છે.

મુખ્યમંત્રીશ્રીએ આ રાજયમાં પાણી માટે અનેક કાર્યક્રમો કર્યા છે. અમારે ત્યાં મહીસાગર નદીમાં ચેકડેમ બને છે. તેનાથી પાણી સ્ટોરેજ થવાનું છે. પરંતુ મહીસાગરના કાંઠે રેમન્ડ ગ્લોઝ નામની કંપની હાડકાં એસિડથી ધૂએ છે અને પાણી નદીમાં છોડે છે. એ સ્ટોરેજ પાણીની બાજુમાં જી.એસ.એફ.સી. રીફાઈનરી અને અમારા કૉર્પોરેશનના ફ્રૅંચ કૂવા આવ્યા છે તેમાં એ ઝેરી પાણી જાય છે અને અમારા શહેરમાં એ પાણી પીવાનું મળે છે. માટે આ કારખાનું તાત્કાલિક બંધ થવું જોઈએ. મેં આ હાઉસમાં વારંવાર આની રજૂઆતો કરેલી છે. અમારા વડોદરા શહેરમાં ૧૮ હજાર જેટલા મકાનો ખાલી પડ્યા છે. રાજયમાં લાખો મકાનો ખાલી છે. તેના માટે સરકાર જો કંઈક વિચારે અને કલેક્ટર અને કમિશનરની આગેવાની હેઠળ જો આ મકાનો ભાડે અપાય, એક માસનું ભાડું સરકાર લે અને ૧૧ માસનું ભાડું મકાન માલિક લે અને મકાન ખાલી કરાવી આપવાની બાંયધરી જો સરકાર આપે તો રાજયમાં મને લાગે છે કે મકાનો ભાડે મળતા નથી એ પ્રોબ્લેમનો નિકાલ થઈ શકે તેમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક અગત્યની બાબત એ છે કે જે ટાઉન પ્લાનર અને બિલ્ડીંગની પરવાનગી આપનાર અધિકારી જો ભ્રષ્ટ હોય તો રાજયમાં અર્બન વર્ષ ઉજવી રહ્યા છીએ તેમાં અનેક અવરોધો પેદા થાય તેમ છે. વડોદરા મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં ટેમ્પરરી પોસ્ટમાં એક ટાઉન પ્લાનરે, જે ટી.પી. ૬૦ અને ટી.પી. ૬૧અને ટી.પી.-૬ બનાવી તેમાં અનેક ભ્રષ્ટાચાર કર્યા હતા. જે જગ્યા કાયદેસર કાપવી જોઈએ ટી.પી.માં એ દ ણા કિસ્સામાં નથી કાપી. ઘણામાં કાપવી જોઈએ તેના કરતાં ઓછી કાપી છે. આ બધાને લીધે ૯૩ જેટલા કિસ્સામાં મેં મુખ્યમંત્રી પાસે આની વીજીલન્સની ઈન્કવાયરી માગેલી. આની ખાતાકીય તપાસ થઈ. આ ખાતાકીય તપાસમાં આનો રિપૉર્ટ કમિશ્નરશ્રી સભાને આપતા નથી અને ત્રણ માસ પહેલાં આ ટાઉન પ્લાનરને તેની કામગીરી સારી છે.તેવી દરખાસ્ત કમિશ્નરશ્રીએ સભાને મોકલેલી. સમગ્ર સભાએ ૩૦ ડિસેમ્બરે ટાઉનપ્લાનર ગોપાલ શાહન ૬૮ વિરુદ્ધ ૧ મતે કાઢી મૂક્યા. છતાં પણ કમિશ્નરે એને હાઈકોર્ટમાં બચાવવા માટે અનેક પ્રયાસો કર્યા છે. આ બહુ ગેરવાજબી છે અને મંત્રીશ્રીની પાસે અનેક રજૂઆતો કરી છે કે, આની તપાસ થાય અને જે પણ ચમરબંધીએ આમાં કોઈપણ ગુનો કર્યો હોય એ અધિકારી ગમે તેવી કક્ષાનો હોય એને સજા જવી જોઈએ. આ ટાઉન પ્લાનરે ફાઇનલ પ્લૉટમાંથી પણ રસ્તો કાઢ્યો છે પાછળની સોસાયટીઓ વેચાય એ માટે, આ કાયદામાં નથી. ટી.પી.૬માં અનેક ગેરરીતિઓ થઈ છે અને ફાઇનલ નથી થઈ. તેથી આ ટી.પી.સ્કીમ-૬ કૅન્સલ કરવા વિનંતી છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી અને માનનીય વન મંત્રીશ્રી વન વિભાગની માગણીઓ લઈને આવ્યા છે, એમાં મારા વિચારો અને સૂચનો કરવા માટે ઉપસ્થિત થયો છું.

**(અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)**

માનનીય અધ્યક્ષશ્રી, વન વિભાગ દ્વારા જે ગ્રામ પંચાયતો પાસેથી વિકાસના નામે રેવન્યૂ સરવે નંબર અને ગૌચરના ઠરાવો લઈને જે વનીકરણ કર્યું છે. એ મોટા ભાગના ગામોની અંદર ગૌચરની જમીન ઓછી

હોય છે અને ગામતળના વધુ પડતા પ્રશ્ન ઉપસ્થિત થાય છે. એટલે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. જે તમારા ડિપાર્ટમૅન્ટને જરૂર નથી અને વનીકરણ વિનાની બાકી છે. એવા સરવે નંબરો છે એ ગ્રામ પંચાયતને પરત સોંપવા માટે મંત્રીશ્રીને આપના દ્વારા વિનંતી કરું છું. ઈકો ડૅવલપમેન્ટની યોજના અત્યારે બંધ થઈ ગઈ છે. ઈકો ડૅવલપમેન્ટ પ્રોજૅકટ નીચે જે કાંઈ કાર્યવાહી કરવામાં આવી છે. એમાં ગંભીર રીતે ગેરરીતિઓ આચરવામાં આવી છે. એના માટે મેં વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરી છે. પરંતુ તેના ઉપર આજ સુધી વિભાગ દ્વારા કોઈ પગલાં લેવામાં આવ્યાં નથી. એમાં જે જવાબદારો હોય એમની સામે પગલાં લેવામાં આવે એવી વિનંતી કરું છું. સેખડા સમિતિની નિમણૂક કરવામાં આવેલ અને સેખડા સમિતિએ એનો અહેવાલ સરકારને આપી દીધો છે. વિભાગે ૭ ભલામણોનો સ્વીકાર કર્યો છે. આ બાબતે મેં તારાંકિત પ્રશ્ન પણ પૂછયો હતો એના ઉત્તરમાં જણાવવામાં આવ્યું હતું કે, ૭ ભલામણોમાંથી ૬ ભલામણોનો સ્વીકાર કરવામાં આવ્યો છે અને ૧ ભલામણનું સુપ્રીમ કોર્ટમાં ૧૯૯૫માં થયેલ એસ.સી.એ.ના કારણે અમલીકરણ થઈ શકતું નથી. માનનીય મંત્રીશ્રીને એ કહેવું પડે કે, જે કાયદેસર ગીરમાં રહેતા લોકોને અથવા ગીર બૉર્ડરમાં રહેતા લોકોને જે હક્કો આપવામાં આવ્યા છે એ હક્કો ભોગવવાથી વન વિભાગ દ્વારા એમને વંચિત રાખવામાં આવે એ વાજબી નથી અને ચલાવી શકાય પણ નહીં. સુપ્રીમ કોર્ટમાં એસ.સી.એ. કરવામાં આવી છે. એ સુપ્રીમ કોર્ટની અંદર રાજય સરકારની પ્રાથમિક જવાબદારી છે કે અગાઉ જે હક્કો આપવામાં આવ્યા છે એ હક્કોથી એમને વંચિત રાખવામાં ન આવે એવી સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરવામાં આવે એવી મારી વિનંતી છે. મારી માહિતી મુજબ આવી કોઈપણ રજૂઆત દ્વારા સુપ્રીમ કોર્ટનું ધ્યાન દોરવામાં આવ્યું નથી અને એકતરફી નિર્ણય કર્યો છે. જેના કારણે ગીર વિસ્તારમાં રહેતા તમામ લોકોને પારાવાર મુશ્કેલીઓ થાય છે. ત્યારે પોતાના હક્કો ભોગવવાથી વંચિત રાખવામાં ન આવે એવી કલેકટરશ્રીને વારંવાર રજૂઆત કરી છે. રાજય સરકાર કલેકટરશ્રીના અધ્યક્ષપદે કમિટિની રચના કરે અને એનો રિવ્યૂ કરવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉના અને તલાળા તાલુકાના ગામોને પારાવાર મુશ્કેલી થાય છે. આ હક્કો ભોગવવા માટેની વ્યવસ્થા કરવા રાજય સરકાર કાર્યવાહી કરે એવી માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું. જે વન વસાહતના ગામો છે, જેની સંપૂર્ણ જમીન છે એની માલિકી સરકારની છે. એ સેટલમેન્ટના ગામો છે. એમાં વારસાઈ એન્ટ્રીઓ પાડવામાં આવે છે. કારણ કે, આ જમીન વેચી શકાતી નથી. વારસાઈની મોટા ભાગની એન્ટ્રીઓ રેકર્ડ ઉપર પાડી નથી. તો એ એન્ટ્રીઓ પાડે. એમનું મૂળ નામ જે હોય અને એ ગુજરી જાય ત્યારે એના સીધી લીટીના વારસદારો હોય છે એમની વારસાઈની એન્ટ્રી પાડવામાં આવે એવી વિનંતી કરું છું.

**શ્રી ભાવિનભાઈ ન. શેઠ (એલીસબ્રીજ)** : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ મંત્રીશ્રી જે માગણીઓ અહીં લઈને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો પ્રગટ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જોઈ શકીએ છીએ કે શહેરી વિકાસ એટલે કે કોઈપણ શહેરનો વિકાસ એ અલગ અલગ પદ્ધતિથી થતો હોય છે. ઘણી વખત એવું થતું હોય છે કે લોકો ત્યાં રહેવા માટે આવ્યા અને ધીરે ધીરે નેચરલ કોર્સમાં જેમ જેમ જરૂરિયાત ઉભી થતી ગઈ એમ એમ જરૂરિયાતો પૂરી પડતી ગઈ અને એ પ્રમાણે શહેરોનો વિકાસ થતો ગયો અને એ પ્રમાણે શહેરો એવા જોવા મળે છે કે જે શહેરનો વિકાસ એ પ્રીપ્લાન વિકાસ થતો હોય એવું આપણને જોવા મળે, કહેવાનો આશય એ છે કે જયાં સત્તાધીશો પોતાની જવાબદારી સમજયા નથી, જયાં આગળ શહેરનો પ્રોપર વિકાસ થઈ શકયો નથી, જયાં આગળ ટી.પી. સ્કીમનું આયોજન એ સમયબદ્ધ રીતે પૂર્ણ કરવામાં આવ્યું નથી ત્યાં આગળ શહેરનો વિકાસ એ હેફેઝાર્ડ વિકાસ છે અને જેના કારણે ત્યાંના નાગરિકો ખૂબ જ મોટી મુશ્કેલીમાં ભવિષ્યમાં મૂકાય છે. જયાં ટી.પી. સ્કીમનો અમલ શકય નથી બનતો એના કારણે નાગરિકની પાયાની સુવિધાઓ જેવી કે સ્કૂલો, ગાર્ડન જેવી અનેક સુવિધાઓ રોડ, રસ્તા એ સુવિધાનો અમલ કરી શકાતો નથી અને જેના કારણે તેના ખરાબ ફળો નાગરિકોને ભોગવવા પડે છે.

બીજું જી.ડી.સી.આર.ની વાત કરી, ૧૯૯૫માં જ્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાતમાં આવી અને જ્યારે એણે કારોબાર સંભાળ્યો, ત્યારે જે જી.ડી.સીઆર.માં સુધારો કરવામાં આવ્યો અને એ સુધારો કરતી વખતે એ વસ્તીને ધ્યાનમાં રાખીને એની પ્રશંસા અને એનો મોડેલ તરીકે ઉપયોગ કરીને જોન્સ લ્યુઈસ નામના એક આર્કિટેકે કહ્યું કે આને મોડેલ તરીકે ઉપયોગ કરીને આજ પ્રકારના જી.ડી.સી.આર. એ અન્ય રાજયોમાં અપનાવવા જોઈએ અને એ પ્રકારનું આયોજન કરવું જોઈએ જે ગુજરાત માટે ગૌરવની વસ્તુ છે. એક બાબત હું આપનું ધ્યાન દોરવા માગુ છું કે હમણાં હમણાં જે જી.ડી.સી.આર.માં સુધારા કરવામાં આવ્યા એમાં ૧-૨ મુદ્દા એવા છે કે જે ફેરવિચારણા માટે થોડુંક વિઝન માગી લે એમ છે. હમણાં જે જી.ડી.સી.આર.માં જે સુધારા કરવામાં આવ્યા છે એ સુધારામાં એવું દર્શાવવામાં આવ્યું છે કે ૩૦ કે ૪૦ ફૂટથી નાના રોડ ઉપર, ફલેટો બની શકે નહીં, પરંતુ ફલેટોમાં રહેનાર લોકો કોણ છે?, ફ્લૅટોમાં રહેનાર લોકો મધ્યમવર્ગના લોકો છે. શહેરમાં જ્યારે નાના રસ્તા ઉપર બધા ફલેટો બનવાના બંધ થઈ જાય ત્યારે જગ્યાની શોર્ટેજ ઉભી થતા, જગ્યાના ભાવો વધ્યા છે અને જેના કારણે આવા મધ્યમવર્ગના લોકોને દૂર દૂર ઔડાના

વિસ્તારમાં રહેવા જવું પડે છે કારણ કે જેનું ટ્રાન્સપોર્ટેશન, રોજગારી કારણ કે બધાનો ધંધો શહેરોમાં હોય એ બધાનો ખર્ચ ખૂબ વધી જાય છે અને મધ્યમવર્ગના લોકોને ખૂબ ભોગવવું પડે છે. હું આપના મારફત કહેવા માગું છું કે આ કાયદાની ફેરવિચારણા કરવામાં આવે, બીજું કે આ કાયદાને કારણે બીજી એક વસ્તુ પણ ધ્યાનમાં આવી છે કે નાના જે પ્લોટો છે એ પ્લોટોમાં આવા કાયદાને કારણે પૂરતા એફ.એસ.આઈ. અને બિલ્ટઅપ ન મળવાને કારણે આ પાર્ટીઓને કંસ્ટ્રકશન કરાવવા માટે કોન્ડોનેશન કરાવવું પડે છે અને આ કોન્ડોનેશન જે તે અધિકારીની મુનસફી ઉપર આધારીત છે અને આપણે જાણીએ છીએ એમ જ્યારે જ્યારે અધિકારી પાસે જવું પડતું હોય ત્યારે ઘણા બધા અધિકારીઓ સામાન્ય સંજોગોમાં પરિસ્થિતિને જોઈને કોન્ડોનેશન કરી આપતા હોય છે પરંતુ જ્યારે અધિકારીના હાથની આ વસ્તુ હોય તે વખતે કોન્ડોનેશન કરવામાં તકલીફ પડતી હોય છે.

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી તેમની માગણી લઈને આ ગૃહ સમક્ષ આવ્યા છે, તેમાં મારાં સૂચનો રજૂ કરવા માટે ઊભો થયો છું.

મારે ખાસ કરીને પ્રદૂષણ પર અને કેમિકલયુકત પાણી જે જી.આઈ.ડી.સી. મારફતે છોડવામાં આવે છે એના ઉપર ખાસ ભાર મૂકવો છે. ગયા વર્ષે પણ આ જ ગૃહમાં પ્રદૂષણ અને કેમિકલયુકત પાણી માટે હું બોલ્યો હતો. પરંતુ દુ:ખ સાથે મારે કહેવું પડે છે કે બે લાખ મતદારોના પ્રતિનિધિ તરીકે ચૂંટીને મોકલતા હોય ત્યારે ગૃહમાં બોલ્યા પછી પણ જો એની કોઈ તપાસ ન થાય તો ખરેખર એક શરમજનક બાબત છે.

એશિયા ખંડના મોટામાં મોટા ઉદ્યોગો છે એ અમારા વાપીમાં આવેલા છે. માનનીય મંત્રીશ્રી પણ આનાથી સારી રીતે વાકેફ છે. ત્યારે મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે વાપી ઉદ્યોગ નગર દ્વારા જે પ્રદૂષિત પાણી, કેમિકલયુકત પાણી છોડવામાં આવે છે, ટ્રીટમેન્ટ પ્લાન્ટ એ માત્ર દેખાવ પૂરતો રાખ્યો છે, ત્યારે હાલ દમણગંગા અને કોલક નદીમાં જે પાણી છોડવામાં આવે છે એના થકી કૂવા અને બોરના પાણી ખરાબ થઈ ગયા છે. સાથોસાથ અમારા વિભાગની વલસાડ જિલ્લાની હાફૂસ કેરી એ માત્ર હિન્દુસ્તાનમાં જ નહિ, પરંતુ એ વિશ્વના બજારમાં એની કિંમત છે. જે રાજા તરીકે ઓળખાય છે. એ અમારી હાફૂસ કેરીની વાડીઓનું નિકંદન નીકળી ગયું છે. એથી વિશેષ જે અધિકારી વર્ગ બેઠો છે એ પણ ત્યાં સારી રીતે જાણે છે કે ફેકટરીઓમાથી પાણી છોડવામાં આવે છે. એટલું જ નહિ પણ બોર પણ બનાવવામાં આવે છે અને એ બોરમાં પોલ્યુશનવાળું પાણી સીધેસીધું છોડી દેવામાં આવે છે. એનાથી પણ ભૂગર્ભમાં રહેલું પાણી ખરાબ થઈ ગયું છે. નદીઓને આપણે માતા માનીએ છીએ. માતા માનીને એની પૂજા કરીએ છીએ અને એ નદીઓમાં જ્યારે પ્રદૂષિત પાણી, કેમિકલયુકત પાણી છોડવામાં આવે છે ત્યારે માત્ર અને માત્ર જે તે અધિકારી હોય અને સરકાર હોય એ માત્ર જોતી રહે છે એ ખરેખર દુ:ખનીય છે. હું માનું છું કે ગુજરાત પોલ્યુશન બોર્ડે જે તે ફેકટરી, ઉદ્યોગો જ્યારે આવું કેમિકલયુકત પાણી ઓકતા હોય છે ત્યારે એના ઉપર ધ્યાન રાખવું જોઈએ. પણ હું માનું છું કે કદાચ ફેકટરીવાળા સાથે આ પોલ્યુશન બોર્ડ અને જે તે જવાબદાર વ્યકિતઓ કદાચ મને લાગે છે કે એમનું સંકલન સારું હશે. જ્યારે જ્યારે ચૂંટણીઓ આવે છે ત્યારે ત્યારે વાપી ઉદ્યોગ નગરમાં ઘણા બધા નેતાઓ આવતા હોય છે. કદાચ એ પણ કારણ હોઈ શકે કે ગામડાંઓ જ્યારે પ્રદૂષિત થઈ રહ્યાં છે, ગામડાંમાં ખેતીનો નાશ થઈ રહ્યો છે ત્યારે માત્ર અને માત્ર જે કાંઈ જવાબદાર વર્ગ છે એ માત્ર જોઈ રહ્યો હોય એવું દેખાય છે. મને વિશેષ કહેતાં દુ:ખ થાય છે કે ખેતીવાડી જે અમારા વલસાડ જિલ્લામાં છે એ ખેતીવાડીમાં નજીકના ગામો છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પૂરું થયું. માનનીય શંકરભાઈ રાઠવા.

**શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી એમના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે મારા વિચારો રજૂ કરવા અને એને અનુમોદન આપવા માટે ઉપસ્થિત થયો છું

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના કુલ વિસ્તારમાં પોણા દસ ટકા વિસ્તાર જે વન વિસ્તારથી આચ્છાદિત છે અને વન વિભાગની અંદર ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયાના રિપોર્ટ મુજબ સને ૧૯૯૯ થી ૨૦૦૧ દરમ્યાનમાં જે સરવે કરવામાં આવ્યો અને એમાં ૨૧૮૭ ચોરસમિટર વન આચ્છાદિત કરવાનો કાર્યક્રમ થયો. આ વન વિભાગ જે છે એ વન વિસ્તારના જે જંગલો છે, જે ડુંગરો છે એ બોડા થઈ ગયેલા છે. એમાં વૃક્ષો નથી એના કારણો છે કે આ કોંગ્રેસના શાસનની અંદર જંગલ મંડળીઓ ઊભી કરવામાં આવેલી અને એ જંગલ મંડળીઓએ આ વૃક્ષ કાપવાનું, વૃક્ષનું છેદન કરવાનું કામ કર્યુ અને ગામડાની અંદર એને કહેવાતી મોકડાસ ચાલુ કરેલી અને જંગલ નાશ થઈ ગયેલું. આ જંગલ રહ્યાં નહિ અને એના કારણે બધા પ્રશ્નો ઉપસ્થિત થયા. પર્યાવરણ, પાણી અને વન વિભાગના પ્રશ્નો આ બધાના કારણે આવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે વનીકરણનું કામ શરૂ કર્યુ છે અને વનીકરણની અંદર ૧૨ લાખ વૃક્ષોનું વાવેતર કરીને અને રોપા આપવાના છે. સમૂહ વનો નિર્માણ કરવાના છે, સામાજિક વનીકરણ પણ

કરવાના છે, રોડની આજુબાજુ પણ વૃક્ષોને ઉછેરવા માટે આ સરકારનો વન વિભાગ પ્રયત્ન કરી રહ્યું છે. ઔષધી રોપા અને ગૌણ વન પેદાશના રોપાનું પણ આયોજન સરકાર કરી રહી છે. સાથે સાથે મારે એમ કહેવું જોઈએ કે મહુડાના જે ઝાડ છે એનું આયુષ્ય ઘણું લાંબુ છે અને એ મહુડાના ઝાડ કાપી નાંખવાનું કામ આ કોંગ્રેસવાળાએ કરેલું. આ સરકારે એવું નક્કી કર્યુ કે એમનો પ્લાન વ્યવસ્થિત કરવામાં આવે અને એનું વ્યવસ્થિત આયોજન કરવામાં આવે અને આ વર્ષે એમાં નક્કી કરવા માટે જે મહુડાના ઝાડનું વિશેષતઃ પ્રાધાન્ય આપવામાં આવે અને એનું એ પ્રમાણે કામ કરવામાં આવ્યું. સાથે સાથે ગ્રીન ગાર્ડ યોજનાની અંદર વાવેતર યોજના અને સાથે સાથે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : મંગુભાઈ પ્લીઝ, નો, નો, બેસો, પ્લીઝ, બંને દંડકશ્રીઓને હું વિનંતી કરું છું કે સમય છે નહિ, માટે માત્ર સભ્યશ્રીને ખુશ રાખવા માટે આવો આગ્રહ ના કરતા. મંગુભાઈ, પ્લીઝ બેસી જાઓ, ચાલો..

**શ્રી મંગુભાઈ છ. પટેલ (વન અને પર્યાવરણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા આદિજાતિ વિભાગ અને વન-પર્યાવરણમાં સત્તરેક જેટલા માનનીય ધારાસભ્યશ્રીઓએ પોતાનાં સૂચનો અને ચિંતા વ્યકત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એના માટે તમામ માનનીય ધારાસભ્યોનો હું આભાર માનું છું, જેમણે ચિંતા વ્યકત કરી છે અને જેઓએ રજૂઆત કરી છે એના પર, એના સૂચનો પર પણ હું પૂરેપૂરું ધ્યાન આપવાનો છું. મારાં આદિજાતિ વિભાગની વાત કરીએ તો અંબાજીથી માંડીને ઉમરગામ સુધી ૧૧ જિલ્લામાં ૨૦૦૧ની વસ્તી પ્રમાણે લગભગ ૭૫ લાખની આદિવાસી વસ્તી ડુંગરાથી આચ્છાદિત જંગલોમાં રહેતા આવેલા આદિવાસીઓ છે. એમના જે વિકાસની વાત છે એ વિકાસની ખૂબ હરણફાળ ભરવાની જરૂરિયાત છે અને એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ વખતના બજેટમાં આ વંચિતોના વિકાસ માટે રૂા.૧૩૮૭ કરોડનું આયોજન કરેલું છે એના માટે તમામ આદિવાસી પ્રજા એમને લાખ લાખ વંદન કરે છે, એટલું જ નહિ પણ લગભગ અઢીથી ત્રણ હજાર આદિવાસી ભાઈ-બહેનોએ અહીં ગાંધીનગર આવીને માનનીય મુખ્યમંત્રીશ્રીનો તેઓ આભાર માનીને ગયા છે, વિધાનસભાના કામકાજમાં ખૂબ વ્યસ્ત હોવા છતાં માનનીય મુખ્યમંત્રીશ્રી વ્યકિતગત એકેએકને મુલાકાત આપી એના માટે હું આભારની લાગણી પ્રદર્શિત કરું છું.

આદિજાતિ કલ્યાણની યોજના મુખ્ય ચાર સદરોમાં વહેંચવામાં આવી છે, શિક્ષણ સદર, આર્થિક ઉત્કર્ષ, આરોગ્ય અને ગૃહ નિર્માણ, વહીવટ અને નિર્દેશન. કોઈ તજજ્ઞ ચિંતકે કહ્યું છે કે પ્રગતિની પારાશીશી એ શિક્ષણ છે. મારા વિભાગમાં શિક્ષણ માટે અનેક યોજનાઓ આવેલી છે. આશ્રમશાળા ઉત્તર બુનિયાદી, બધી આશ્રમશાળાઓમાં ધોરણ ૧ થી ૭ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ગ્રાન્ટ ઈન એઈડના ધોરણે ૪૫૬ આશ્રમશાળાઓ અને ૮ થી ૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે, ૮૯ ઉત્તર બુનિયાદી આશ્રમશાળા વિદ્યાર્થીઓને વિના મૂલ્યે રહેવા જમવાની સગવડ અમારા વિભાગ તરફથી પૂરી પાડવામાં આવે છે. ૨૦૦૫-૨૦૦૬ માટે રૂપિયા ૬૩.૭૮કરોડની જોગવાઈ સૂચવવામાં આવેલ છે. નિવાસી શાળા, આદર્શ નિવાસી શાળા, ૮ જેટલી, ધોરણ -૬ થી ૧૨ સુધીના આદિવાસી બાળકોને શિક્ષણ આપવામાં આવે છે. ૪૦ આદર્શ નિવાસી શાળામાં ૪૩૦૦ બાળકો અભ્યાસ કરે છે. જેમાં રહેવા જમવાની ભણવાની મફત સગવડ છે.

૨૦૦૫-૨૦૦૬માં ૧૦.૧૪કરોડની આમાં જોગવાઈ સૂચવવામાં આવી છે. ધોરણ -૮ થી ૧૨માં ભણતા વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ૯૨૭ જેટલા છાત્રાલયો ચાલે છે. એમાં ૪૦૩૩૮ વિદ્યાર્થીઓને વિના મૂલ્યે રહેવા જમવાની સુવિધા આપવામાં આવે છે. કોલેજ કક્ષાએ ૫૦ જેટલા છાત્રાલયો જેમાં ૪૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ ભણે છે. ૨૦૦૫-૨૦૦૬માં ૨૪.૬૮કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ડ્રાય હોસ્ટેલની ૧૦ જેટલી કોલેજ અને ૨૪ જેટલી માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ૩૪ જેટલી ડ્રાય હોસ્ટેલમાં ૧૭૦૦ જેટલા વિદ્યાર્થીઓ એમાં રહીને ભણે છે. વિદ્યા સાધના યોજનામાં અહીં ધારાસભ્યશ્રીઓએ ચિંતા વ્યકત કરી જે ગામ મોટું છે એમાં પણ થોડો વિચાર કર્યા છે અંતર વધારે છે એમાં ચોકકસ વિચાર કરીને જયારે યોજના શરૂ થઈ એ વખતે ખાસ કરીને દીકરીને ઘરે કામમાં મુશ્કેલી પડે અને શાળામાં અભ્યાસનો સમય ઓછો પડે એ માટે યોજના શરૂ થઈ પણ ગામમાં રહેતા હોય, સામે સ્કૂલ હોય તો છતાં પણ સાઈકલ આપવામાં આવે, છાત્રાલયમાં રહેતા હોય તો પણ સાઈકલ આપવામાં આવે એમાં રીસ્ટીકશન લાવીને જે ગામમાં રહેતા હોય એને સાઈકલ આપવા માટે સમય મર્યાદા નક્કી કરીને રીસ્ટીકશન મૂકવામાં આવ્યું છે. ગામ મોટું હોય, વધારે અંતર હોય એ માટે ચોક્કસ અમે વિચારીશું. ગણવેશ માટે ૧ થી ૭ ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ૧૫૦ રૂપિયા બે જોડ ગણવેશ માટે આપવામાં આવે છે. ૧૧લાખ વિદ્યાર્થીઓ માટે ૧૬.૪૫કરોડની જોગવાઈ સૂચવવામાં આવી છે. સ્કોલરશીપની વાત કરું તો ધોરણ ૧ થી ૧૦ના વિદ્યાર્થીઓને ૭૫ થી ૨૦૦ રૂપિયા સુધીની શિષ્યવૃત્તિ આવક મર્યાદાને ધ્યાનમાં લીધા સિવાય આપવામાં આવે છે. ૨૦૦૪-૨૦૦૫માં ૯.૯૦કરોડનો ખર્ચ કરીને ૮ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો લાભ આપવામાં આવ્યો છે. ૨૦૦૫-૨૦૦૬માં ૧૧.૧૮લાખ વિદ્યાર્થી માટે ૧૨.૭૫કરોડની જોગવાઈ સૂચવવામાં આવી છે. આદિવાસીમાં અતિ પછાત જે છે એવા આદિમજાતિના ટોળધા, ટોરચા, કોટવાડીયા, પઢાર અને સીદી જાતિના ધોરણ ૧ થી ૧૦માં અભ્યાસ કરતા બાળકોને ૩૦૦ થી ૬૦૦ જેટલી શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. ૨૦૦૪-૨૦૦૫માં ૬.૮૩કરોડના ખર્ચે

૧૫૪૦૦૦ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. ૨૦૦૫-૨૦૦૬ માં ૧૫૫ વિદ્યાર્થીઓ માટે ૬.૭૫કરોડની જોગવાઈ સૂચવવામાં આવી છે. અનુસૂચિત જાતિમાં પોષ્ટ મૅટ્રિક અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભારત સરકારની પોષ્ટ મૅટ્રિક શિષ્યવૃત્તિ માટે ૧૩.૬૫કરોડની જોગવાઈ સામે ૧૧.૩૪કરોડના ખર્ચે ૬૧૪૬૪ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો લાભ આપવામાં આવ્યો છે. અહીં ડો. જોષીયારાએ વાત કરી ૪ ટકાના ઓછા વ્યાજની લોન વિદ્યાર્થીઓને વિદેશમાં ભણવા માટે આપવાની વાત કરી. ફકત બેની વાત કરી એ સાચી નથી. ૩ જેટલા વિદ્યાર્થીઓ પાયલોટનું શિક્ષણ મેળવે છે. એક છોકરી કોમ્પ્યુટર એંજિનિયર બનવા કેનેડા ગઈ છે અને એક છોકરો ડોકટરની ઉપાધિ પ્રાપ્ત કરવા માટે અમૅરિકા ગયો છે. આર્થિક સેવા માટેની અમારા વિભાગમાં ઘ ણી યોજના છે. માનવ ગરિમા યોજનાની પણ વાત થઈ એમાં ૩૦૦૦ રૂપિયા નાના અને લઘુ ઉદ્યોગકારો માટે આપવામાં આવે છે. પૂરેપૂરી સબસીડી છે ૨૦૦૪-૨૦૦૫માં ૧૪૮.૦૫નો ખર્ચ કરીને ૪૯૩૫ વ્યકિતઓને સહાય ચૂકવવામાં આવી છે. વર્ષ ૨૦૦૫-૨૦૦૬ માટે ૧૬૫લાખની જોગવાઈ કરીને ૫૫૦૦ વ્યકિતઓને આનાથી લાભ મળવાનો છે.

કુંવરબાઈનું મામેરું, દીકરી રૂડી સાચી મૂડી આ યોજનામાં પણ ૨૦૦૫-૦૬ માં ૩,૨૦૦ કુમારિકાઓને ૧૧૬ લાખની જોગવાઈ સૂચવેલ છે. દીકરી રૂડી સાચી મૂડી એ યોજનામાં ૨૦૦૫-૦૬માં ૧૩૦.૫ લાખની જોગવાઈ સૂચવેલ છે. આદિવાસી એરિયામાં જે ખેડૂતો છે, જેની પાસે ઓછી જમીન છે અને ઓછી જમીનમાં સારો પાક, રોકડિયો પાક મેળવી શકે એના માટે વાડી યોજના અમલમાં છે. આ યોજના હેઠળ અંદાજે ૧૫,૦૦૦ એકરમાં ફળાઉ ઝાડનું વાવેતર કરેલ છે. આ ઉપરાંત બાર પેટા વિસ્તારમાં સુગંધિત રોપાઓ જેવા કે: મેંથડા, પામરોઝ, લેમનગ્રાસ, મીંઢ અને તુલસીના રોપાનું કુલ ૩૯૮ એકરમાં વાવેતર કરી સુગંધી તેલોનું ઉત્પાદન કરેલ છે. અળશિયાની ખેતી માટે ૬,૦૮૯ જેટલા ખેડૂતોને લાભ આપવામાં આવેલ છે. ૨૦૦૪-૦૫ માં ૧૨,૬૩૧ એકરમાં ૭૯,૮૦૪ લોકોને આ વાડી યોજનાનો લાભ આપવામાં આવેલ છે અને વધુ ૧૨,૦૦૦ એકરમાં વાડી યોજનાનો અમલ કરવામાં આવનાર છે. આદિવાસી વિસ્તારમાં આદિવાસી મિત્રોએ મસરૂમની ખેતી ખૂબ સારી કરી છે, એના માટે ૧,૩૬૮ જેટલી વ્યક્તિઓને લાભ આપવામાં આવેલ છે. આદિવાસી વિસ્તારમાં પશુપાલન પણ ખૂબ સારી રીતે આદિવાસીઓ કરે છે. ૨૦૦૪-૦૫માં ૫,૯૫૧ કુટુંબોને દૂધાળાં ઢોરની સહાય પૂરી પાડવામાં આવી છે, જેના કારણે આદિજાતિ લોકોનું સ્થળાંતર પણ કઈક પ્રમાણમાં ઘટ્યું છે. ૨૦૦૫-૦૬ માં ૫,૦૦૦ વ્યક્તિઓને લાભ આપવાનું આયોજન થયેલ છે.

આદિવાસીઓમાં જે કઈ રોગનું પ્રમાણ છે, એના માટે મારા વિભાગ તરફથી આદિજાતિના લોકોને ટી.બી. થયો હોય તો ૨૫૦ રૂપિયા, કૅન્સર માટે ૫૦૦ રૂપિયા અને રક્તપિત્ત માટે ૪૦૦ રૂપિયા લેખે ચૂકવવામાં આવે છે. આમાં પણ ૬,૫૩૪ દર્દીઓને સહાય ચૂકવવામાં આવેલ છે. ૨૦૦૫-૦૬માં ૫,૨૦૦ દર્દીઓને સહાય ચૂકવવા ૧૩૨.૧૦ લાખની જોગવાઈ સૂચવેલ છે. અહીયાં ધારાસભ્યશ્રી ભારતીબેને સિકલસેલની વાત કરી છે. આદિવાસી વિસ્તારમાં લેપ્ટોસ્પાયરોસીસ, રક્તપિત્તનું પ્રમાણ ખૂબ જ છે. લેપ્ટોસ્પાયરોસીસ ખાસ કરીને ચોમાસામાં થાય અને એની અંદર માણસ બે-ત્રણ દિવસમાં મૃત્યું પામે. એ જ રીતે વારસાગત સિકલસેલ છે. મારા વિભાગમાં આખો ૮ કરોડનો પ્રોજેક્ટ બન્યો છે. આ વખતે બજેટમાં ૧ કરોડ ૪૯ લાખ રૂપિયા જે મૂકવામાં આવ્યા છે. સેવાકીય સંસ્થા છે, એમને સાથે રાખીને આ બાબતમાં ચોક્કસ સિકલસેલ આદિવાસીઓમાં જે ઘર કરી ગયો છે, જેમાં લગ્ન વખતે જેમ જન્મકુંડળી જોવામાં આવે, એની જગ્યાએ આદિવાસીમાં જ્યારે છોકરા, છોકરીના લગ્ન કરવાના હોય ત્યારે સિકલસેલ માટેનું કાર્ડ જોઈને એના લગ્ન થાય તો સિકલસેલને અટકાવી શકીએ. એવી સ્થિતિને ધ્યાનમાં રાખીને સરકારે મોટો પ્રોજેક્ટ બનાવ્યો છે.

ગુજરાત પેટર્નની મારે ખાસ વાત કરવાની છે. ઘણા બધા સભ્યોએ આ બાબતમાં ચિંતા કરી છે. છેલ્લા ૫ વર્ષથી આ ગુજરાત પેટર્ન એટલે આદિવાસી માટે આશીર્વાદરૂપ એવી યોજના થઈ છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ અને નાણા મંત્રીશ્રીએ આ ગુજરાત પેટનર્નની જે કોઈ આવશ્યકતા છે, એને જોઈને આ વખતે ૨૦૮ કરોડની જગ્યાએ ૪૧૪ કરોડ રૂપિયા ફાળવ્યા છે. અત્યાર સુધીમાં બધા આદિવાસી મિત્રોની વંચિત વિકાસની વાતો કરનારાં લોકોએ કુલ કેટલાં કામો કર્યાં છે. આ ૫ વર્ષમાં સામૂહિક અને વ્યક્તિગત જે કામો કહીએ, એમાં ૫૬,૦૦૦ કરતાં વધારે કામો આ આદિવાસી એરિયામાં થયાં છે, એ બધાએ કબૂલ કરવાં પડશે અને એના માટે હું એમ કહું છું કે ૪૧૪ કરોડ રૂપિયા મળ્યા છે, ત્યારે ચોક્કસ વ્યવસ્થિત ઉપયોગ થાય એની પૂરેપૂરી કાળજી રાખવાના છીએ. આ ગુજરાત પેટર્નમાં જુદાં જુદાં સદરે કામ થયાં છે. એની થોડી વાત કરવાની છે. સિંચાઈ સદરે ૩,૯૨૭ કામો માટે ૨૨૩.૬૬ કરોડનો ખર્ચ થયેલ છે. રસ્તા અને પુલોની વાત થઈ. માનનીય અધ્યક્ષશ્રી, ૨૫૭૯ કામો પૂર્ણ કરેલ છે. પાણી પુરવઠા અને હેન્ડપંપની વાત થઈ છે. તેમાં ૭૪૨૯ કામો પાણી પુરવઠાના પૂર્ણ થયેલા છે. બીજુ ઉર્જાની વાત થઈ તેમાં ૧૦૫૭ કામો ગુજરાત પેટર્નમાં થયેલ છે. વ્યકિતગત આવાસોમાં ૩૫૪૩ કામો થયાં છે. સાહેબ, શિક્ષણ ક્ષેત્રે કુલ ૪૯.૫૧ કરોડના કુલ ૨૪૪૩ કામો થયેલ છે જે કેન્દ્રની ગ્રાન્ટ આવે છે તેનો પણ પૂરેપૂરો ઉપયોગ થાય અને વાપરવામાં આવે તેવો મારા વિભાગનો પ્રયત્ન છે.

આદિજાતિ માટેની વાત પૂરી કરતાં પહેલાં માનનીય અનિલભાઈ જોષીયારાએ બે ચિંતા વ્યકત કરી છે. રેનબસેરાની વાત કરી છે. તેમાં ૧૪ લાખ રૂપિયા અમદાવાદ કોર્પોરેશનને આપેલા છે અને રેનબસેરાનો કબજો થોડાક જ દિવસોમાં મળવાની વાત છે. બીજું બિરસા મુંડાની વાત કરી. ત્યારે મારે કહેવું જોઈએ કે, આના માટે સ્વર્ગીય ચીમનભાઈ પટેલ જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે બધા જ ધારાસભ્યોએ એમની આગળ રજૂઆત કરીને ગુજરાતના જે આદિવાસી ભાઈ બહેનો છે તેમના માટેની એક જ જગ્યાએ ઑફિસ હોય અને તેના માટેની કંઈ વ્યવસ્થા હોય તો તે કરવી જોઈએ તેવી રજૂઆત કરતા આવેલ હતા. તે વખતથી રજૂઆત કરતા આવેલ હતા પણ તે વખતે કંઈ ના થયું. પણ જ્યારે માનનીય કેશુભાઈ પટેલ મુખ્યમંત્રીશ્રી બન્યા અને માનનીય વજુભાઈ વાળા જ્યારે નાણામંત્રી બન્યા ત્યારે આની ગ્રાન્ટ મળી અને આજે આ બિરસા મુંડા ભવન તૈયાર છે અને આદિવાસી ભાઈ બહેનો તેનો ઉપયોગ કરી રહ્યા છે.

વન અને પર્યાવરણની વાત કરું તો અત્યારે જે ભૌગોલિક સ્થિતિ છે તે પ્રમાણે અને વન નીતિ પ્રમાણે કહું તો ૩૩ ટકા ભૂમિ ઉપર વન હોવું જોઈએ. આજે આખા દેશની વાત કરું તો ૨૨ ટકા જંગલ વિસ્તાર છે. ગુજરાતમાં લગભગ ૯.૮૫ ટકા જેટલો વન વિસ્તાર છે. અહીં જૈવિક વનીકરણની દૃષ્ટિએ ગુજરાત આગવું સ્થાન ધરાવે છે. દક્ષિણના વિસ્તારોમાં આજે ૨૫૦૦ મિ.મિ.વરસાદ પટે છે અને કચ્છ જેવા વિસ્તારમાં ફકત ૨૫૦ મિ.મિ.વરસાદ પડે છે. અહીં વરસાદ ઓછો પડતો હોવા છતાં અનેક વનસ્પતિઓ અને વન્ય જીવોની ખૂબ જ વિવિધતા જોવા મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ફૉરેસ્ટ સર્વે ઑફ ઈન્ડિયાનો રિપૉર્ટ છે. ૨૦૦૧ જેમાં ગણીએ તો ૧૯૯૯ થી ૨૦૦૧સુધી ૨૧૮૭ ચો.કિલોમીટર વન વિસ્તાર વધ્યો છે. અત્યારે જે સરવે થયો છે તેમાં એક હેકટરદીઠ ૧૪ વૃક્ષો આવેલ છે અને એક વ્યકિતદીઠ પાંચ વૃક્ષો ગુજરાતમાં આવેલ છે અને તેના માટે વધારેમાં વધારે વન વિકાસ કેવી રીતે વધે તેના માટે વાર્ષિક કાર્યક્રમોનું આયોજન થયુ છે. વન આચ્છાદિત વિસ્તારોમાં વધારેમાં વધારે આપની સમક્ષ કહ્યું તેના માટે વધારે વિસ્તાર વધારવા માટે વનીકરણ યોજના છે. ૨૦ મુદ્દાના કાર્યક્રમમાં વન મહોત્સવ કરીને ૧૨૦૩ લાખ રોપાઓનું વિતરણ કરીને ૧૦૦ ટકા સિદ્ધિ મેળવી છે. આજે ૫૭ હજાર હેકટરમાં વાવેતર કરીને ૧૦૬ ટકા સિદ્ધિ હાંસલ કરી છે. ૨૦૦૫-૦૬માં ગુજરાતને હરિયાળું બનાવવા માટે ૧૬૦ કરોડની જોગવાઈ આ વર્ષે સૂચવાઈ છે. બીજું કે બોડા ડુંગરની ચિંતા થઈ. સમૂહ વન નિર્માણ અને સામાજિક વનીકરણ યોજના છે. ઔષધિ રોપા, ગૌણ વન પેદાશ આપતા રોપાની વાત થઈ છે. તેના વનો ઉભા કરવા માટે વન વિભાગ આયોજન કરી રહ્યો છે. દરિયા કિનારાની જે જમીન છે તેમાંથી રેતી ઉડીને જમીનમાં ખારાશ ન આવે તેના માટે પણ વૃક્ષોનું વાવેતર કરીએ છીએ. ગુજરાતમાં વન સંરક્ષણ યોજના છે. સહભાગી વન વ્યવસ્થા છે. ૧૭૦૫ જેટલી વન સમિતિઓ છે અને તેના સહયોગથી કુલ ૨ લાખ ૩૭ હજાર હેકટરમાં વન સહભાગી સમિતિઓ કાર્ય કરી રહેલ છે. તેમાં ૧૦૦ સમિતિઓનો વધારો કરવા માગીએ છીએ. વન વિભાગ એજન્સી દ્વારા, આજે ૧૪ જેટલી વન વિકાસ એજન્સીઓ છે તેમાં વધારો કરવા માગીએ છીએ.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંગુભાઈ, પાંચ મિનિટમાં પૂરું કરો.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભાગૃહના બધા જ સભ્યશ્રીઓની નીલ ગાય માટેની એવી લાગણી છે કે નીલ ગાયો ખેડૂતોને ખૂબ મોટું નુકસાન કરે છે. એના માટે પણ આ સરકાર ચિંતિત છે અને એનો નજીકના દિવસોમાં જ ચોક્કસ ઈલાજ શોધી રહ્યા છીએ, એના માટે ત્રણેક મીટિંગો માનનીય કૃષિ મંત્રીશ્રીના અધ્યક્ષપણા નીચે થઈ અને બે મીટિંગો તો એવી થઈ કે ગઈકાલે પણ માનનીય ધારાસભ્યશ્રીઓને સાથે રાખીને, ધારાસભ્યશ્રીઓના સૂચનો લઈને આમાં ખૂબ ઝડપથી અને ખૂબ ટૂક સમયમાં ચોક્કસ ઇલાજ શોધી શકીશું. એ રીતનું આખું આયોજન થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગાંડા બાવળની પણ અહીંયાં રજૂઆત થઈ તો આ ગાંડાબાવળની સમસ્યા પણ આ નીલ ગાયના જેવી છે, ગાંડા બાવળોનો જ્યાં ત્યાં ફેલાવો થતો હોય છે તેના માટે સરકારે હવે વન વિભાગની કોઈ મંજૂરી નહીં લેવાની એનો નિર્ણય કર્યો છે.

વન વિભાગ અંગે બે ત્રણ મિત્રોએ ચિંતા કરી એમાં એક તો જે સોમીલની વાત કરી તો સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ નવું લાઇસન્સ આપણે આપી નથી શકતા, એમ્પાવર કમિટી બનાવી છે, એમાં વારંવાર આપણે રજૂઆત કરી છે, કેન્દ્રના માનનીય મંત્રીશ્રીને પણ હું પણ બે વાર મળીને મેં પણ રજૂઆત કરી છે,

માનનીય માધુભાઈ ભોયેએ એક વાત કરી કે વનીલમાંથી ૪૦૦ લોકોને બીજે મોકલી દેવામાં આવ્યા છે તો માનનીય અધ્યક્ષશ્રી, ત્યાંનું કુલ મહેકમ છે એ ૨૩૦નું છે જેમાં રોજમદાર અને હંગામી ધોરણે મજૂરો પણ છે.ફક્ત ૧૮ અને એ પણ નવ નવની બેચ, એમ કરીને ૧૮ લોકોનું, પોરમાં શિક્ષણ વિભાગનો એક મોટો ઑર્ડર છે તેના માટે ત્યાં એમની ટ્રાન્સફર કરવામાં આવેલી છે અને હજુ એ માણસો ત્યાં હાજર પણ થયા નથી અને માનનીય સભ્યશ્રીએ કહ્યું કે, ૪૦૦ મજૂરોને બીજે મૂક્યા છે એ વાત બરોબર નથી, એમણે એ પણ વાત કરેલી કે એક ફોર્મમાં પૈસા લેવાય છે, એમણે અગાઉ પણ રજૂઆત કરેલી, તો મેં જાતે જઈને, જે એમણે ચાર જણાની વાત કરી હતી એમાં ત્રણ જણાને હું મળ્યો છું તો એકેય માણસે એવું નથી કહ્યું કે, અમારી પાસે

કોઈએ પૈસા લીધા છે, એટલે થોડીક સાચી રજૂઆત થાય તો એના ચોક્કસ ઇલાજ કરવા માટે હું અને મારો વિભાગ બેઠા છીએ.

પ્રદૂષણ અંગેની વાત કરું તો જેમ જેમ વસતિ વધતી જાય છે અને માણસોની જરૂરિયાત થતી જાય છે અને માણસના સ્વભાવ પ્રમાણે નવા નવા સંશોધન કરવાના હોય છે અને એને લીધે ઉદ્યોગો આવે છે અને એ ઉદ્યોગો સાથે કેટલીક ખરાબી પણ આવવાની છે એના કન્ટ્રોલ માટે, એની જાળવણી માટે લગભગ ૨૧ જેટલા આ પ્રદૂષણને અટકાવવા માટેના કાયદાઓ અને અધિનિયમો ઘડેલા છે એટલું નૅટવર્ક ગોઠવાયા પછી પણ કેટલીક વખતે એકશન લેવાની પણ જરૂર પડે છે,

ખાસ કરીને હવાનું પ્રદૂષણ માટેની વાત કરીએ તો ભારતમાં કુલ ૧૬ શહેરો એવાં છે કે જે પ્રદૂષિત છે અને એમાં અમદાવાદનો પણ સમાવેશ થયેલો છે. અમદાવાદમાં એકશન પ્લાન રચ્યા, અને એ એકશન પ્લાન પ્રમાણે કાર્યવાહી ચાલી રહેલી  છે. સી.એન.જી.નો જ્યારે વપરાશ વધી રહ્યો છે, અમદાવાદ જેટલામાં જ લગભગ ૫૦૦૦ જેટલા પ્રદૂષણ નિયંત્રણો ગોઠવાયેલા છે,

ગંદા પાણીના શુદ્ધિકરણ પ્લાન્ટની પણ અહીંયાં વાત થઈ છે, તો ગુજરાત રાજયમાં ૨૧ સંયુકત શુદ્ધિકરણ પ્લાન્ટ આવેલા છે. ત્રણ જેટલા સંયુક્ત પ્લાન્ટ બનાવવામાં આવી રહ્યા છે.  ગંદા પાણીના શુદ્ધિકરણ પ્લાન્ટ સ્થાપવાની બાબતમાં અન્ય રાજયોની સરખામણીમાં ગુજરાત રાજય આખા દેશમાં પ્રથમ નંબરે છે. ગુજરાત રાજયમાં સંયુક્ત શુદ્ધિકરણ પ્લાન્ટ માટે રાજય સરકાર ૨૫ ટકા સબસિડી આપે છે અને વન પર્યાવરણ મંત્રાલય, ભારત સરકાર પણ ૨૫ ટકા સબસિડી આપે છે એમ કરીને અહીંયાં  એ પ્લાન્ટો બનતા હોય છે. અંકલેશ્વર ખાતે ૫૪ કિલોમીટરની લાંબી પાઈપ લાઈન પીરાણામાંથી દરિયામાં ઊંડે સુધી, નરોડાથી પીરાણા સુધી ૨૬ કિલોમીટરની પાઈપ લાઈન નાખેલી છે.  નરોડા, ઓઢવ, નારોલ, વટવા વિસ્તારમાં ૧૨૦૦ જેટલા એકમો, શુદ્ધ કરેલા ઉદ્યોગો, ગંદા પાણીના નિકાલ માટે થયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, જોખમી કચરાની પણ વાત અહીંયાં કરવામાં આવી છે તો ૧૪૨ નગરપાલિકાઓ અને કોરપોરેશનમાં એ જોખમી કચરા માટેની  એક સંયુકત બેઠક માનનીય મહેસૂલ મંત્રીશ્રી અને માનનીય આરોગ્ય મંત્રીશ્રી સાથે પણ કરવામાં આવી હતી અને બધી જ નગરપાલિકાઓને કલેક્ટર જગ્યા ફાળવીને  એ દ ાન કચરાને એક જગ્યાએ ઠાલવે અને એને ટ્રિટમૅન્ટ અપાય, એના માટેનું પણ આયોજન કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલાક એવા ઉદ્યોગો છે એ પ્રદૂષણ કરતા હોય છે એવા જે ઉદ્યોગો છે એના ઉપર ગુજરાતમાં કુલ ૪૫૬૦૦ ઈન્સ્પેકશન કરવામાં આવ્યા છે અને એમાં ઘણી વાર કાયદાનું પાલન ન કરતા હોય એની સામે આકરા થઈને નોટિસો પણ આપવામાં આવી છે, કલોઝર પણ મૂકવામાં આવ્યું છે. આમ કરીને પર્યાવરણની સમતુલા રહે એના માટે વિભાગ પૂરેપૂરા પ્રયત્નો કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી જે માગણીઓ છે એના ઉપર ઘણી બધી માહિતી આપી છે ત્યારે તમામ માનનીય સભ્યશ્રીઓએ જે કાપ દરખાસ્ત મૂકી છે એ કાપ દરખાસ્તો પાછી ખેંચી લે અને આ સભાગૃહ મારી માગણી મંજૂર રાખે એવી હું વિનંતી કરૂં છું.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસની માગણીઓ અંગે માનનીય સભ્યશ્રીઓએ એમનાં હકારાત્મક અનેક સૂચનો કરેલાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું સમજી શકું છું કે, ૨૦૦૫નું વર્ષ શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવાનો જયારે નિર્ણય કર્યો છે ત્યારે કોંગ્રેસના મિત્રો પ્રત્યક્ષ નહીં પણ પરોક્ષ રીતે સહભાગી થવા ઈચ્છતા હશે એટલા માટે એક સિવાય કાપ દરખાસ્ત કોઈ મુવ થઈ નથી. જે માનનીય સભ્યશ્રી મારા મુરબ્બી બાબુભાઈએ કાપ દરખાસ્ત મુવ કરી છે એમણે પણ પછી શહેરી વિકાસ વિભાગ અંગે પોતાના વિચારો વ્યકત કર્યા નથી. ત્યારે હું તમામ મિત્રોને આવકારૂં છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાગરિકો અને શહેરોની ઉન્નત્તિ માટે આમ નાગરિકોની જાહેર સુખાકારી તેમજ માળખાકીય સુવિધાઓ પૂરી પાડવાની રાજય સરકારની પ્રતિબધ્ધતા સાથે આપણી તો એક ટેક સ્વચ્છતા, સુંદરતામાં ગુજરાત બને નંબર વન અને એ ખ્યાલ સાથે, વિચારો સાથે ૨૦૦૫નું વર્ષ શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવાઈ રહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશમાં મોખરે રહેલ ગુજરાતના શહેરીકરણની ઝડપને સ્વીકારીને પહોંચી વળવા માટે થઈને અને એની સાથે સાથે તમામ સુવિધાઓ પૂરી પાડવાની સાથે સ્વચ્છ, સુંદર અને વિકાસશીલ શહેરો અને ધબકતા શહેરોના નિર્માણ માટે થઈને ૨૦૦૫ના વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે. આ શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવાનું રાજય સરકારનું પગલું સમગ્ર દેશના કોઈ પણ રાજયમાં પ્રથમ વખત જયારે ઉજવાઈ રહ્યું છે ત્યારે મને ચોકકસપણે વિશ્વાસ છે કે આ પ્રકારની કાર્યશૈલી સાથે શહેરોની તાકાતમાં વધારો કરવાની સાથે સાથે રાજયના શહેરોના વિકાસની પ્રાથમિકતા માળખાકીય, સામાજિક ઉત્થાન માટેના કામો પૂર્ણ કરવાના નિર્ધાર સાથે શહેરી વિકાસ વિભાગની વિવિધ માગણીઓ લઈને હું જયારે આવ્યો છું ત્યારે સન્માનીય ગૃહના માનનીય સભ્યશ્રીઓ પણ એમાં સધિયારો આપશે.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશનો શહેરી વસતિનો સરેરાસ દર ૨૭.૭ ટકા જેટલો છે ત્યારે આપણા રાજયનો શહેરી વસતિનો સરેરાસ દર ૩૮ ટકા જેટલો છે અને આગામી ૧૫ વર્ષમાં ૫૦ ટકા સુધી પહોંચી જવાની સંભાવના ગુજરાતમાં છે. શહેરો તરફ આગવા લક્ષ દ્વારા માળખાકીય સુવિધામાં વધારો આવશ્યક બની રહે અને આવી તમામ પ્રકારની સુવિધાઓ વધુ વિકસાવવાથી રાજયનો સર્વાંગી વિકાસ ઝડપી બને એ હેતુ મહત્વના શહેરોનો વિકાસ અને માળખાકીય કાર્ય દ્વારા રહેલો છે. રાજયમાં ભૂતકાળમાં અનેક રાજવીઓએ શહેરો માટે દુરંદેશી દૃષ્ટિ સાથે સો વર્ષથી પણ વધારે જીવન વ્યવહાર પધ્ધતિનો વિચાર કરીને નગરોની પ્રાચીન સંસ્કૃતિની ધરોહર આગવા સ્વરૂપમાં આપણા સૌ સમક્ષ મૂકેલ છે. વડોદરા, ગોંડલ, પોરબંદર, મોરબી, ધાંગધ્રા, પાટણ, ભાવનગર વગેરે જેવા શહેરોમાં આપણે જોઈ શકીએ છીએ કે રાજયના નગરોમાં કરવામાં આવેલ વિકાસના વૈવિધ્યપૂર્ણ વારસાને અનુસરવા અને  આગળ વધારવા શહેરોના નિર્માણની કલ્પના હાલની સરકાર થકી એક દુરંદેશી દૃષ્ટિ ધરાવતા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના આગવા વિચારથી જયારે અમલમાં મૂકવાની શરૂઆત કરી છે ત્યારે આ ગૃહના સન્માનીય સભ્યશ્રીઓને જણાવતાં મને આનંદ થાય છે કે, ૨૦૦૫-૨૦૦૬ના બજેટમાં ગત વર્ષના બજેટ કરતા ૨૦૭.૮ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. જે બતાવે છે કે રૂા.૩૯૦.૮૦ કરોડની જોગવાઈ સાથે શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ને ઉજવવા માટે રાજય સરકારે ખૂબ ઝડપભેર કાર્યવાહી હાથ ધરેલી છે.

રાજયમાં ૧૪૧ નગરપાલિકાઓ અને સાત મહાનગરપાલિકાઓ, પાંચ શહેરી વિકાસ સત્તામંડળો, આઠ વિસ્તાર વિકાસ મંડળો અને ૧૧૬ મુકરર કરેલા સત્તામંડળોના એક વિરાટ આયોજિત જૂથ થકી નગરોના સુનિશ્ચિત વિકાસ સાથે કાયાપલટ કરવા રાજય સરકાર પાયાની આંતરમાળખાકીય સુવિધાઓના કામોમાં જનભાગીદારી તેમજ ખાનગી ક્ષેત્રને જોડીને આ તમામ શહેરોને તમામ નગરોને થનગનતા કરવા કાર્યરત બન્યું છે. આ અંગે પૂરતા નાણાકીય સાધનો ઉપલબ્ધ કરાવવા અને એની સાથે સાથે ગુજરાત શહેર આંતરમાળખાકીય ભંડોળની રાજયમાં પ્રથમ વખત રચના કરવાનો પણ શહેરી વિકાસ વિભાગ અને રાજય સરકારે નિર્ણય કરેલો છે.

**અધ્યક્ષશ્રી** : સમય વધારવાની જરૂર છે દંડકશ્રી આપ દરખાસ્ત કરો,

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહની બેઠકનો સમય મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય અને માગણીઓ પર મતદાન પૂરું થાય ત્યાં સુધી સમય લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરૂં છું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : અમે સંમત છીએ પણ સમય ફિક્સ નક્કી કરો તો સારું અમારે જમવા માટે જવાનું છે.

**અધ્યક્ષશ્રી .** : સભાગૃહ સંમત છે? (થોડીવાર બાદ) સભાગૃહનું કામકાજ મંત્રીશ્રીનો જવાબ અને માગણીઓ પર મતદાન પૂરું થાય ત્યાં સુધી લંબાવવામાં આવે છે.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ વિભાગ દ્વારા ૨૦૦૪-૦૫માં પણ આગવાં કાર્યો કરવામાં આવ્યાં છે. મારા મિત્રોએ બાજપાઈ નગર વિકાસ યોજના માટેના નવા વિચારો વ્યક્ત કર્યા છે. દેશના એકમાત્ર ગુજરાત રાજયમાં પહેલી વખત ૩૭૦૦ જેટલા કામો સાથે ૧૪૧.૫૪ કરોડના કામો પૂર્ણ કર્યા છે અને બીજા તબક્કાના કામો શરૂ થયાં છે. હાલમાં ગુજરાતની નગરપાલિકાઓને અત્યારસુધી પ્રથમ અને દ્વિતિય તબક્કાના કામો સાથે ક્યારેય ન અપાઈ હોય તેટલી નાણાકીય સહાય રૂા.૨૧૪ કરોડ રૂપિયા જેટલી નગરપાલિકાઓને ફાળવવામાં આવી છે. ગંદા વસવાટ સુધારણા માટે અહીંયાથી વિચારો વ્યક્ત કરવામાં આવ્યા છે. એન.એસ.ડી.પી. યોજના હેઠળ આ વર્ષે આ રાજયની ૧૭ નગરપાલિકાઓને આવરી લઈને રૂા.૧૫ કરોડના કામ હાથ ધરાયેલ છે. નાના અને મધ્યમ કક્ષાના શહેરોના સંકલિત વિકાસ માટે અત્યારસુધીના દશ-બાર વર્ષના ઈતિહાસમાં સૌથી વધારે પહેલી વખત આઈ.ડી.એસ. એન.ટી. યોજના તળે રાજયની પચાસ જેટલી નગરપાલિકાઓને અત્યારે આવરી લેવામાં આવેલ છે અને  ચાલુ અને નવા કામોના આયોજન માટે ૨૧.૫૪ કરોડના કામો હાથ ધરાયેલ છે. ટી.પી. યોજનાઓના કામો ઝડપભેર બનાવીને અહીંયા માનનીય સભ્યશ્રીઓએ સૂચનો કર્યા છે એ મુજબ ૩૧ જેટલી નગર રચના યોજના આ એક વર્ષના ટૂંકગાળામાં મંજૂર કરી છે. મને આ સન્માનનીય ગૃહના સભ્યોને જણાવતાં આનંદ થાય છે કે પહેલી વખત એવું બન્યું છે કે, રાજયની જે મહાનગરપાલિકાઓ છે એમાં તમામ મહાનગરપાલિકા વિસ્તારની વિકાસ યોજના મંજૂર થયેલ હોય તેવો આજનો આ પ્રથમ દિવસ છે.

ઈ-ગવર્ન્સ કાર્યક્રમ તળે જે પ્રમાણે ઈ-ગવર્ન્સ વર્ષ ઉજવ્યું છે એ મુજબ રાજયની ૧૪૧ નગરપાલિકાઓ અને તમામ મહાનગરપાલિકાઓની કમ્પ્યુટરાઈઝેશનની કાર્યવાહી હાથ ધરેલ છે. ૧૦૧ જેટલી નગરપાલિકાઓમાં આ કાર્યવાહી પૂર્ણ થયેલ છે જ્યારે બાકીની કાર્યવાહી અત્યારે આગળ ધપી રહી છે. એની અમલવારી ચાલી રહી છે. આના કારણે મારા સાથી વિપક્ષના સભ્યશ્રી પણ એ વાત સ્વીકારશે કે નગરપાલિકાઓના વહીવટમાં પ્રમાણિકતા, પારદર્શકતા અને અસરકારકતાનો ઉમેરો થયો છે. સાથોસાથ નાગરિકોને સરળતા પણ પ્રાપ્ત થઈ છે.  મને એક વાત કહેતાં આનંદ થાય છે કે, દેશના કોઈપણ રાજયમાં

તમામ નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓમાં જો કમ્પ્યુટરાઈઝેશનનું કામ હાથ ધરાયું હોય તો એ ફક્તને ફક્ત દેશનું એક ગુજરાત માત્ર રાજય છે. શહેરોની સુંદરતા, સ્વચ્છતાને ધ્યાનમાં રાખીને જનભાગીદારી અને જનચેતના સાથે બીજી ઓક્ટોબર ગાંધી જયંતીથી ૧૧મી જયપ્રકાશનારાયણ જયંતી સુધી સ્વચ્છતા અને મેરેથોન દોડની જે યોજના કરવામાં આવી એમાં હજારો નગરજનો આ લોકભાગીદારીના કાર્યમાં જોડાયા છે અને આપણે સ્વચ્છતાને કારણે આ કાર્ય આગળ ધપાવવા માગીએ છીએ એ કાર્યમાં ખૂબ મોટા પ્રમાણમાં આપણને સાથ અને સહકાર પ્રાપ્ત થયો છે. ગુજરાત શહેરી વિકાસ કંપની એટલે કે જી.યુ.ડી.સી. દ્વારા ભૂકંપગ્રસ્ત વિસ્તારમાં વિવિધ ૧૪ શહેરોના પુનઃવસન અને પુનઃનિર્માણની કામગીરી ચાલી રહી છે. આ કામગીરી પણ પૂર્ણતાના આરે છે. એશિયન ડેવલપમેન્ટ બેન્ક,એ હમણાં છેલ્લે જે મુલાકાત લીધી એમાં એમણે જે પ્રકારનો સંતોષ વ્યકત કર્યો છે. મિસ્ટર એમાઈલ, કેનેડાના છે, એમના શબ્દોમાં કહું તો "You have done an excellent reconstruction work. This could be achieved only through peoples' participation. This is because of the peoples' participation and the policy adopted by the Government of Gujarat. I congratulate the administration for taking up the reconstruction programme and having done it successfully. Many people would like to know your experiences particularly in the tsunami hit areas as your reconstruction experiences will be of immense help to them....." મી.મસાકી જાપાનના જે આવ્યા તેમણે જે શબ્દો વ્યકત કર્યા છે "We are impressed by the reconstruction and rehabilitation work which is particularly forward looking. It shows how quicklyl you have recovered from the disasters. I think it will be a model programme for many countries to follow. We are thinking how your experience can be useful to others particulars the Tsunami affected areas......" માનનીય અધ્યક્ષશ્રી, એ.ડી.બી.ના જુદા જુદા દેશોના સભ્યોએ જ્યારે આ પ્રકારનો વિચાર વ્યક્ત કર્યો હોય ત્યારે ગુજરાતમાં ભૂકંપગ્રસ્ત વિસ્તારમાં થયેલા કામોથી આપણે સૌ કોઈએ ગર્વ અનુભવીએ છીએ. ગત વર્ષે વિધાનસભામાં ચાર નગરપાલિકાઓની યોજના જ્યારે કરવામાં આવેલી મને આ ગૃહને જણાવતાં આનંદ થાય છે કે, રાજયની તમામ નગરપાલિકાઓના જુદા જુદા મોનીટરીંગ સિસ્ટમ દ્વારા પ્રથમ, દ્વિતિય અને તૃતીય નગરપાલિકા તરીકે પ્રથમ નવસારી, દ્વિતિય ભાયાવદર અને તૃતીય બારડોલી નગરપાલિકાએ શ્રેષ્ઠ નગરપાલિકા પ્રાપ્ત કરેલ છે. રાજયમાં પહેલી વખત જેમ છેવાડાના માનવી વંચિતોના વિકાસ માટે થઈને આ રાજય સરકાર કટિબદ્ધ છે તે જ પ્રકારે માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા રાજયના સફાઈ કર્મચારીઓ એટલે કે સ્વચ્છતા સાથે જોડાયેલી ૫૦ હજાર જેટલી વ્યકિતઓને ૧ લાખ રૂપિયાનું સુરક્ષા કવચ આપવાની પહેલી વખત રાજયમાં જોગવાઈ થયેલી છે. રાજયમાં હાઉસીંગ બોર્ડે એક વર્ષમાં રેકૉર્ડ બ્રેક રૂપિયા ૩૭.૫૦ કરોડની અને સ્લમ કિલયરન્સ બોર્ડે રૂપિયા ૬.૨૨ કરોડની રિકવરીની આવક પ્રાપ્ત કરેલી છે. આ બતાવે છે કે, કોઈ દિશા સાથે હાઉસીંગ બોર્ડ અને સ્લમ કિલયરન્સ બોર્ડની કામગીરી આપણે હાથ ધરવા માગીએ છીએ. જ્યારે ૨૦૦૫ના વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવાનો સમગ્ર રાજય સરકારે અને સમગ્ર ગુજરાતના એકે એક ગુજરાતીઓએ જ્યારે નિર્ણય કરેલો છે ત્યારે મારે કેટલીક નવી બાબતો માટે આ ગૃહને ધ્યાન દોર્યુ છે. રાજયની નગરપાલિકાઓમાંથી પસાર થતાં ૫૫૦ કિલોમીટરના રસ્તાઓનું પણ કામ હાથ ધરાયેલું છે અને આ માટે ૧૫૫ કરોડ જેટલી રકમ માર્ગ અને મકાન વિભાગને પ્રાપ્ત થયેલી છે. આ યોજના અન્વયે શહેરોમાં જે પ્રકારેની નાણાંકીય અડચણ રહેલી છે તે સ્થિતિમાં સરકાર દ્વારા એટલે કે માર્ગ અને મકાન વિભાગ દ્વારા પસાર થતાં રસ્તાઓને પહોળા અને મજબૂત કરવા, વરસાદી પાણીનો નિકાલ બંધ અથવા ખુલ્લી ગટર કરવી, ફૂટપાથ, સેન્ટ્રલ બસ, સ્ટ્રીટ લાઈટ વગેરે જેવી સુવિધાઓ આપવાનું કાર્ય હાથ ધરવાનું છે. દરેક નગરપાલિકામાં શહેરની અંદરના માર્ગોના વિકાસ માટે એક સુવિધા પથ અને એક ગૌરવ પથ બે રસ્તા રહેશે અને આ બન્ને રસ્તાઓમાં વિશિષ્ટ પ્રકારના કામો હાથ ધરશે. તેની સાથો સાથ તેની મકાનોની બાહ્ય દિવાલો, કલર કોડ, યોગ્ય સાઈન બોર્ડ, ફૂટપાથ હરિયાળી, સુંદરતા સુવિધાવાળા કામો નગરપાલિકા દ્વારા હાથ ધરવાના છે. ગુજરાતમાં ગરીબી રેખા હેઠળ જીવન જીવતા પરિવારો માટે આ વર્ષમાં ૩૦ હજાર નવા આવાસોના નિર્માણનાં કાર્યનો અમે સંકલ્પ કરેલો છે. સાથો સાથ વામ્બે યોજના અંતર્ગત નવા ૭૫૦૦ આવાસોનો પણ સંકલ્પ કરેલો છે. શહેરી વિસ્તારના વિકાસના કામોમાં પહેલી વખત ૨૦૦૫ના વર્ષમાં જાહેર અને ખાનગી ક્ષેત્રો વચ્ચે ભાગીદારી નિર્માણની પ્રક્રિયા હાથ ધરવાનો વિચાર નગરપાલિકા વિસ્તારમાં અમૃતધારા યોજના હેઠળ સમગ્ર શહેરી વિસ્તારમાં પીવા લાયક પાણી અને સ્થાનિક વિતરણ માટેની વ્યવસ્થા માટે થઈને ૨૦૦૭ સુધીમાં રૂપિયા ૩૦૦ કરોડના રોકાણ સાથેની માથાદીઠ ૧૪૦ લિટર સ્વચ્છ પીવાનું પાણી પૂરું પાડવાની યોજના હાથ ધરાયેલી છે અને આ યોજના હાલમાં આગળ ધપી રહેલ છે. ૪૮ નગરપાલિકાઓની માર્ચ-૨૦૦૬ સુધીમાં નર્મદા નહેરના પાણીથી જોડવામાં આવશે. અમૃતધારા યોજના હેઠળ ૨૦૦૫-૦૬ની જોગવાઈ સાથે આગામી વર્ષમાં રૂપિયા ૫૦ કરોડના ખર્ચે લગભગ ૩૫ થી ૪૦ જેટલી નગરપાલિકાઓને પ્રથમ તબક્કામાં આવરી લેવાનો નિર્ણય કરાયેલો છે. ઘણાં લાંબા વર્ષોથી ૧૦-૧૫-૨૦ વર્ષથી રાજયના ૨૧ એવા શહેરો છે કે જ્યાં ડ્રેનેજની લાઈનો બંધ જેવી સ્થિતિમાં પડેલી છે અથવા તો અધૂરાં

રહેલા કામો છે ૨૦૦૫ના વર્ષમાં આ ૨૧ જેટલી નગરપાલિકાઓના ડ્રેનેજનાં કામો પૂર્ણ કરવાનો નિર્ધાર અમે વ્યક્ત કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી મિત્રોએ સોલીડ વેસ્ટ માટે વિચારો વ્યકત કર્યા. સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ સુવિધા માટે તમામ નગરપાલિકાઓને મહદ્ અંશે જગ્યાની ફાળવણી થઈ ગઈ છે. આ અંગે રૂપિયા ૧૫.૨૦ કરોડની જોગવાઈ સૂચવેલી છે. આ ગૃહના સન્માનનીય સભ્યશ્રીઓને જણાવતાં મને આનંદ થાય છે કે નામદાર સુપ્રીમ કોર્ટના ચૂકાદા અન્વયે નગરોમાં ઘન કચરાના નિકાલ અંગે વ્યવસ્થાપન તમામ નગરોમાં હાથ ધરવામાં આવ્યું છે. એટલું જ નહીં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ યોજના અન્વયે ઘેર ઘેરથી કચરો ઉપાડવા અને તેના નિકાલ માટે સુવર્ણ જયંતિ રોજગાર યોજના અન્વયે મહિલાઓના જૂથ બનાવીને આ કાર્યમાં જોડવાનો નિર્ણય કરવામાં આવેલો છે. રાજય સરકારે હાથ ધરેલ સોલીડ વેસ્ટના કામમાં મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં ૯૨ ટકા જેટલી સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. નામદાર સર્વોચ્ચ અદાલતના ૯-૧૦-૨૦૦૪ ના હુકમમાં પણ એમણે જણાવેલ છે કે અન્ય રાજયોએ આ ક્ષેત્રે ગુજરાતે કરેલ કામગીરીમાંથી દાખલો લેવો જોઈએ અને એ દિશામાં કાર્યવાહી કરવી જોઈએ. રાજયમાં પ્રથમ વખત જાહેર આરોગ્યની કામગીરીની રચના કરવામાં આવેલી છે. એમાં સ્લમ અને અન્ય વિસ્તારોમાં માતાઓ અને બાળકોના મૃત્યુ દર ઘટાડવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

રાજયમાં કેટલીક મહાનગરપાલિકાઓમાં કારપેટ એરિયા બેઈઝડ પ્રોપર્ટી ટેકસની ફોર્મ્યુલાને સારો આવકાર પ્રાપ્ત થયો છે. અમદાવાદ, વડોદરા, સુરત જેવી મહા નગરપાલિકાઓમાં આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. નાગરિકોને સરળીકરણની સાથોસાથ ટેકસની વસૂલાત પણ આ કાર્યવાહીને લીધે સરળ બની છે. એ ધ્યાનમાં લઈને આગામી વર્ષમાં તમામ નગરપાલિકાઓ અને મહા નગરપાલિકાઓમાં આ કારપેટ એરિયા બેઈઝડ પ્રોપર્ટી ટેકસની ફોર્મ્યુલા દાખલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલી છે. ૨૦૦૫-૦૬ ના વર્ષમાં ઓકટ્રોય નાબૂદીના વળતર પેટે ૧૯૦ કરોડની જોગવાઈ સૂચવેલી છે. નગરપાલિકાઓમાં કેટલાક મિત્રોએ હિસાબો અને એમાં આધુનિકરણ અંગે પોતાના વિચારો વ્યકત કર્યા છે. નગરપાલિકામાં હિસાબી પદ્ધતિ અંગેના કોડમાં સુધારા કરીને નાણાકીય અને હિસાબી પદ્ધતિ એકસરખી રહે તે માટે મ્યુનિસિપલ એકાઉન્ટ કોડને અદ્યતન બનાવીને દ્વિનોંધી હિસાબી પદ્ધતિ અખત્યાર કરવાનો નિર્ણય કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુનિશ્ચિત આયોજન અને વિકાસ માટે ટાઉન પ્લાનીંગ મહત્વની બાબત છે. ૨૦૦૫ ના વર્ષમાં અ અને બ વર્ગની નગરપાલિકાઓમાં ટાઉન પ્લાનિંગ યોજના ફરજીયાત બનાવવાનું નકકી કર્યુ છે. શહેરોને હરિયાળા બનાવવા માટે પણ વિવિધ યોજના હાથ ધરેલ છે. રાજયની ૧૧૦ નગરપાલિકાઓમાં પહેલી વખત રૂપિયા ૭૦ કરોડના ખર્ચે આધુનિક અગ્નિ શામક સાધનો અને ઉપકરણો પૂરા પાડવા બજેટરી મેનેજમેન્ટ કાર્યમાં સક્ષમતા વધારવા માટેનો નિર્ણય કરેલ છે. ૨૦૦૫ ના વર્ષમાં ૧૧૦ જેટલા જિલ્લા કક્ષાની અને મોટા તાલુકા કક્ષાની નગરપાલિકાઓમાં આ ઉપકરણો પ્રાપ્ત થશે. શહેરીકરણની તૈયારી થાય એ માટે જુદા જુદા અભ્યાસક્રમોને અમલમાં મૂકવાનો નિર્ણય કરેલો છે. જેમાંનો એક અભ્યાસક્રમ ગુજરાત અર્બન ઈન્સ્ટિટયૂટની પણ ૨૦૦૫ ના વર્ષમાં રચના કરવામાં આવશે.

મેં પહેલા ઉલ્લેખ કરેલો છે એ મુજબ ગાંધીનગરને સોલાર સીટી બનાવી અલાયદુ સીટી બનાવવાનો નિર્ણય કરેલો છે. રાજયની તમામ નગરપાલિકાઓ પોતાની વેબસાઈટ મૂકે એ પ્રકારની કામગીરી હાથ ધરવામાં આવેલી છે. ચીફ ઓફિસરની કોમન કેડર હોવાને લીધે અને નગરપાલિકાઓ સ્વાયત્ત છે, એ સ્થિતિમાં ચીફ ઓફિસરની કોમન કેડરના લીધે જે લાભ પ્રાપ્ત થયો છે તેને ધ્યાનમાં રાખીને આગામી દિવસોમાં મ્યુનિસિપાલિટીના ઈજનેરો અને હિસાબી અધિકારીઓની પણ કોમન કેડર કરવાનો નિર્ધાર કરેલો છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એક મિનિટમાં પૂરું કરીશ. માનનીય જગદીશભાઈને કહ્યું હતું કે તમે જવાબ સાંભળવા હાજર રહેજો, પણ તેઓ નથી. દહેગામ નગરપાલિકા માટે તેમણે વિચારો વ્યકત કર્યા. મારે કહેવું નહોતું, પણ દહેગામ નગરપાલિકામાં બધા જ પક્ષોના, અપક્ષ, ભાજપ, કોંગ્રેસ એવા કેટલાક મિત્રો સંયુકત રીતે સત્તા ઉપર બેઠા છે. એ લોકોએ ભ્રષ્ટાચાર કર્યો છે એવી ફરિયાદ મળી છે. જિલ્લા કલેકટરશ્રીને આ પ્રકારની કાર્યવાહીની તપાસ કરવા માટેના હુકમો પણ થઈ ગયેલા છે અને એ મુજબ તપાસ ચાલી રહી છે. કોઈપણ વ્યકિત હશે, હોન્ડા લઈને આવતા હશે કે ફોર્ડ લઈને આવતા હશે, કોઈને પણ રાજય સરકાર બચાવવા માગતી નથી. તેમણે વેજલપુરની વાત કરી. ત્યાં જે કેસ બન્યો છે, એની પોલીસ ફરિયાદ થઈ ગઈ છે.

માનનીય મુકેશભાઈ ગઢવીએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ૫-૧૦ કરોડ બાકી છે એવી વાત કરી છે ત્યારે મારે કહેવું છે કે જયારે બધી જ મહા નગરપાલિકાઓ પીવાના પાણીનો ચાર્જ ભરે છે ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે ૮૩ કરોડ ૮૬ લાખ રૂપિયા એટલે કે ૮૩.૮ કરોડ રૂપિયા જેવી રકમ બાકી છે એ ભરતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બાકીના મારા સાથી મિત્રો તેમણે પોતાના વિચારો વ્યકત કર્યા છે તેમને પણ હું આવકારું છું. અમદાવાદને મેગાસીટી વિકસાવવાનો વિચાર વારંવાર મારા મિત્રોએ વ્યકત કર્યો છે. તો હું આવકારું છું અને અમદાવાદને મેગાસીટી જાહેર કર્યુ એ ખૂબ જ સારી બાબત છે, પરંતુ આ મેગાસીટી માટે

કેન્દ્ર સરકારે ૩૫ ટકા આપવાના હોય છે અને રાજય અને મહાનગરપાલિકાએ ૬૫ ટકા આપવાના હોય છે. આ મેગાસીટી બજેટના દિવસે જાહેર કરાયું એ દિવસથી કેન્દ્રના શહેરી વિકાસ વિભાગમાં અસંખ્ય વખત આ બાબત તેમને યાદ કરાવી છે, પરંતુ ત્યાં વિભાગમાં કોઈપણ પ્રકારનું અમદાવાદને મેગાસીટી અંગેનું કોઈ વિવરણ છે નહીં, ફકતને ફકત બજેટની જાહેરાત છે અને છતાં પણ બધા મિત્રો સાથે મળીને લાવે તો એને હું ચોકકસ આવકારીશ.

માનનીય અધ્યક્ષશ્રી, આ સિવાય અનેક એવી બાબતો એમાં નદી કિનારાના વિકાસ માટેનો વિચાર વ્યકત કર્યો છે જે ૨૦૦૫ ના વર્ષમાં પૂર્ણ કરવાનો છે, દરેક શહેરમાં એક સરસ મજાનું તળાવ ડેવલપ થાય, મજાનું રમતગમત મેદાન ડેવલપ થાય, શહેરી પરિવહન યોજના ખાસ કરીને સી.એન.જી. આપવાની યોજનાનો વિચાર વ્યકત કરવામાં આવ્યો છે, પે એન્ડ યુઝ ટોયલેટ માટેનો વિચાર ડો. માયાબેને વ્યકત કર્યો છે, બહેનો જાહેરમાં લેટરીન માટે બેસે છે તો દરેક શહેરમાં આવાં પે એન્ડ યુઝનાં ટોયલેટ ઉભાં કરવામાં આવે એ પ્રમાણેનો વિચાર વ્યકત કરવામાં આવ્યો છે.

૨૦૦૫ ના વર્ષમાં દરિયા કિનારાનાં શહેરો, સરહદી વિસ્તારનાં શહેરો, આદિવાસી વિસ્તારનાં શહેરો, તીર્થ સ્થળો ધરાવતાં શહેરોનો પણ વિચાર વ્યકત કર્યો છે. હું સમજું છું કે જે પ્રકારની લાગણી વ્યકત કરી છે અને મેં ૨૦૦૫-૦૬ માં કયા પ્રકારનાં કાર્યો હાથ ધરવાના છે એની જાણ કરી છે અને જયારે રાજય સરકારે આ તમામ પ્રકારનાં કાર્યો હાથમાં લીધાં હોય અને સમગ્ર દેશમાં કયાંય ના હોય એ પ્રકારનું કાર્ય હાથમાં લીધું હોય ત્યારે મારા સાથી પક્ષના મિત્રો પાસેથી ચોકકસપણે અપેક્ષા રાખું છું કે તેમણે રજૂ કરેલી કાપ દરખાસ્ત પાછી ખેંચીને મારી માગણી સર્વાનુમત્તે મંજૂર કરે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા હતા અને અમે એમાં સૂચનો કરેલ હતાં. અમને એમ હતું કે કદાચ અમારાં એ સૂચનોને એ સ્વીકારી લેશે, પરંતુ એમણે એ સ્વીકારેલ નથી એટલે અમે કાપ દરખાસ્ત પાછી ખેંચતા નથી.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧,૨,૩,૪,૬,૭,૯,૧૩,૨૦,૨૬,૨૮,૩૧,૩૨,૩૩,૩૪ અને ૪૦ મત પર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક:૨૫, ૨૬, ૯૬ અને ૧૦૨ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧-૧૪ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા.૧૫મી માર્ચ, ૨૦૦૫**
**ફાલ્ગુન ૨૪, ૧૯૨૬ શાકે**
**(બીજી બેઠક)**
**સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે ફરી મળ્યું**
**અધ્યક્ષશ્રી, પ્રો. મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## રાજયમાં કોર્ટોની સંખ્યા વધારવાના ધોરણો

***૧૧૮૩૬ શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-
તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સીવીલ જજ સિનિયર ડિવિઝનની કોર્ટો રાજયમાં કુલ કેટલી છે?
**ન્યાયતંત્ર મંત્રીશ્રી :**
૧૭૮ કોર્ટો.

**શ્રી માધાભાઈ લા. બોરીચા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે રાજયમાં ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સિવિલ જજ સિનિયર ડિવિઝનની કોર્ટો ૧૭૮ છે. તો આમાં હું એ જાણવા માગું છું કે કામના ભારણના બોજાને લીધે છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી કોર્ટોનો વધારો કરવામાં આવ્યો છે અને અત્યારે વધારાની કુલ કેટલી કોર્ટો માટેની વિભાગ પાસે ડિમાન્ડ છે? અને એ ડિમાન્ડ કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**શ્રી અશોક ભટ્ટ** : છેલ્લા બે વર્ષમાં જે કોર્ટો થઈ છે એ આખા રાજયમાં જોઈએ તો કુલ ૬૮૬ કોર્ટો છે, સિવિલ કોર્ટ, ફાસ્ટ ટ્રેક કોર્ટ અને બાકીની બધી કોર્ટો, અને એમાં ૬૭૭ કોર્ટો ચાલુ છે.

**શ્રી ભીખાભાઈ ગ. જોષી** : હું આપના દ્વારા એ પૂછવા માગું છું કે મારા મેંદરડા તાલુકાના ગરીબ માણસોને ન્યાય મેળવવા માટે જુનાગઢ ધક્કા ખાવા પડે છે, તો આ મેંદરડા તાલુકા મથક ઉપર કોર્ટ ખોલી અને લોકોને ન્યાય આપવા માગે છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : તેના માટે જુદો પ્રશ્ન પૂછવો પડશે સાહેબ.

**અધ્યક્ષશ્રી** : આ આખા રાજયનો પ્રશ્ન છે તેમાં બધા વ્યકિતગત માહિતી માગે તે ઠીક નથી.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, આખા રાજયમાં કુલ કેટલી ફાસ્ટ ટ્રેક કોર્ટ ગયા વર્ષમાં એટલે કે ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬માં ખોલવાની હતી અને એમાંથી કુલ કેટલી ખોલવામાં આવી, અને ૨૦૦૪-૦૫ માં કુલ કેટલા જજીસની રાજયમાં નિયુકિત કરવામાં આવી?

**શ્રી અશોક ભટ્ટ** : ગુજરાત રાજયમાં જજીસની કુલ ૬૯૬ના સંખ્યાબળની સામે ૬૨૬ ન્યાયધિશોની નિમણૂક કરેલ છે અને ૧૬૬ ફાસ્ટ ટ્રેક કોર્ટમાંથી ૧૬૫ ફાસ્ટ ટ્રેક કોર્ટ ચાલુ છે.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા ધરમપુર અને કપરાડા તાલુકામાં ૪ લાખ જેટલી વસતિ છે અને ફકત એક જ કોર્ટ ધરમપુરમાં છે. તો કપરાડા તાલુકામાં અલગ કોર્ટ આપવા માટે વિચારણા કરવા માગે છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ અંગે રાજય સરકાર પાસે કેટલીક અરજીઓ પડેલી છે અને બજેટમમાં પણ તે છે, પણ અત્યારે મારી પાસે પ્રશ્ન એ ઉભો થયો છે કે કયા તાલુકામાં કોર્ટ ખોલી છે અને કઈ શરૂ કરવી તેનો જવાબ આપવો મુશ્કેલ છે, એમ છતાં પણ તેઓ મને રૂબરૂ મળશે તો હું એમને પૂર્ણ માહિતી આપીશ.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે વિરમગામમાં તાજેતરમાં સિનિયર ડિવિઝનની કોર્ટ ચાલુ કરી છે. તો એ કોર્ટ સરકાર કાયમી ધોરણે ચાલુ રાખવા માગે છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : જે કોર્ટ ચાલુ છે એ ચાલુ જ રહેશે.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : ડિસેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ જિલ્લાવાર સિનિયર ડિવિઝનની કેટલી કોર્ટો આવેલી છે. છેલ્લા એક વર્ષમાં કયા કયા જિલ્લામાં કોર્ટ આપવામાં આવી છે. હાઈકોર્ટે આ નવી કોર્ટો બનાવવા અંગે પરમિશન આપી છે કે કેમ, જો હા તો કેટલી?

**શ્રી અશોક ભટ્ટ** : એનું લિસ્ટ ઘણું લાંબુ છે. લીંબડી માટે આસિસ્ટન્ટ કોર્ટની વાત કરતા હોય તો એ હાઈકોર્ટ પાસે પડતર છે.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : મકાન ન હોવાને લીધે કોઈ જગ્યાએ ફાસ્ટ ટ્રેક કોર્ટ ચાલુ કરવાની બાકી છે કે કેમ? એમાં જુનાગઢ જિલ્લામાં વેરાવળ તાલુકામાં મકાનના વાંકે કેટલી કોર્ટો ચાલુ કરવાની બાકી છે?

**શ્રી અશોક ભટ્ટ** : ફાસ્ટ ટ્રેક કોર્ટના મકાનનું બાંધકામ ચાલુ થઈ ગયું છે. આ વર્ષના અંત સુધીમાં પૂરું થઈ જશે. એટલે વેરાવળનો પ્રશ્ન પણ એમાં આવી ગયો છે.

**કાયદા વિભાગ અને તેની સંલગ્ન કચેરીઓમાં ફિક્સ પગારની જગાઓ અંગે**

***૧૨૭૨૨ શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી (ઘોઘા): માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

(૧) કરકસરની નીતિ પ્રમાણે હાલમાં સરકારમાં વર્ગ-૩ અને વર્ગ-૪ની સીધી ભરતીની જગ્યાઓ માટે ફિક્સ પગાર આપવામાં આવે છે તે વાત સાચી છે,

(૨) જો હા, તો આ ધોરણો કાયદા વિભાગમાં અને તેના હસ્તકની કચેરીઓમાં અમલ કરાવવા માગો છો, અને

(૩) જો ના, તો તેનાં કારણો શાં છે?

**કાયદા મંત્રીશ્રી:**

(૧) હા, જી.

(૨) હા, જી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી** : મારે આપના મારફત જાણવું છે કે હાલની રાજય સરકારની કરકસરની નીતિ પ્રમાણે શિક્ષણ વિભાગ, આરોગ્ય વિભાગ અને ગૃહ વિભાગમાં વર્ગ-૪ અને વર્ગ-૩ની ભરતી અનુક્રમે ૧૫૦૦ રૂપિયા અને ૨૫૦૦ રૂપિયાના ફિક્સ પગારથી કરવામાં આવે છે. પરંતુ કોર્ટ કચેરીઓમાં સરકારના પગાર ધોરણ પ્રમાણે વેતન આપવામાં આવે છે. જો આ વાત સાચી હોય તો આવો ભેદભાવ શા માટે?

**શ્રી અશોક ભટ્ટ** : હાઈકોર્ટ અને કોર્ટના કર્મચારીઓનો પ્રશ્ન આમાંથી પેદા થતો નથી. એમણે કાયદા વિભાગનો પ્રશ્ન પૂછ્યો છે, એ ન્યાયતંત્ર નીચે આવે છે.

**શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી** : કોર્ટના કર્મચારીઓ પણ રાજય સરકારના જ કર્મચારીઓ છે. તો આજદિન સુધી ત્યાં ફિક્સ વેતનનો અમલ કેમ કર્યો નથી? ગુજરાતમાં દરેક વિભાગ માટે અલગ અલગ કાયદા હોય છે તો એ ક્યારથી સમાન કરવા માગે છે?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે. એમાં કરકસરની નીતિ નાણા વિભાગે અપનાવી છે એ પ્રમાણે ૨૫૦૦ રૂપિયા ફિક્સ પગારે રાખવામાં આવે છે. હાઈકોર્ટની અંદર જે કર્મચારીઓ રાખવામાં આવે છે એ બંને વચ્ચે ભેદભાવ કેમ આ એમનો પ્રશ્ન છે. ન્યાયતંત્રનું મહેકમ હાઈકોર્ટ મંજૂર કરે એ પ્રમાણે આપીએ છીએ. જ્યારે કાયદા વિભાગની અંદર સચિવાલયના નિયમો છે એ પ્રમાણે સચિવાલયના કરકસરના નિયમ પ્રમાણે ૨૫૦૦ ફિક્સ પગારે રાખવાની નીતિ છે એ પ્રમાણે રાખવામાં આવે છે.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય મંત્રીશ્રીએ કરકસરની નીતિ પ્રમાણે કહ્યું એમાં આપણે ફિક્સ પગારથી કર્મચારીઓની ભરતી કરીએ છીએ. ૨૫૦૦ કે ૧૫૦૦માં ભરતી કરીએ છીએ. તો આ આપણું જે લઘ ુત્તમ ધોરણ છે એનાથી નીચે પગાર થાય કે લઘુત્તમ વેતનનો ભંગ કરનાર નથી એટલું મંત્રીશ્રી જણાવે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે જે નીતિ અપનાવી છે તે નીતિ કાયદા વિભાગને પણ લાગુ પડે છે અને એ અમે અમલમાં મૂકી છે.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : લઘુત્તમ વેતનનો આમાં ભંગ થાય છે કે નહીં એ પૂછયું છે.

**શ્રી અશોક ભટ્ટ** : આ પ્રશ્ન મારામાં નહીં આવે. શ્રમ વિભાગમાં આવે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : આ પ્રશ્ન ઉડાવી દેવાય છે. લઘુત્તમ વેતન દરેક વિભાગે પાળવાનું હોય છે. એટલે લઘુત્તમ વેતનનો ભંગ થાય છે કે નહીં એ માનનીય મંત્રીશ્રીએ જવાબ આપવો જોઈએ કે આનો ભંગ થાય છે અને ભંગ થતો હોય તો તેના માટેનું સરકારે કોઈ જુદું આયોજન કર્યું છે? દરેક વિભાગને લાગુ પડે છે. વિભાગ સિવાયના લોકો ખાનગી નોકરી આપે છે તેમને પણ આ લાગુ પડે છે. એટલે સભ્યશ્રીનો જવાબ આવી રીતે ઉડાવી દેવાય એ બરાબર નથી.

**શ્રી અશોક ભટ્ટ** : સભ્યશ્રીનો કોઈ જવાબ ઉડાવી દેવાનો મારો હેતુ પણ નથી. એમાં ચોક્કસ કહ્યું છે કે રાજય સરકારની નીતિ એક સરખી છે એટલા માટે એ કરકસરની નીતિ પ્રમાણે સીધી ભરતીથી જે લોકોને લેવામાં આવે છે તેમને ૨૫૦૦ના પગારથી લેવામાં આવે છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : પ્રશ્ન એ છે કે લઘુત્તમ વેતનનો ભંગ થાય છે કે નહીં માત્ર પ્રશ્ન એ છે તેનો જવાબ હા કે ના માં આપે તો પણ વાંધો નથી.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરી જ્યારે જ્યારે ગૃહમાં ચાલતી હોય છે ત્યારે માહિતી માટે જ પ્રશ્ન પૂછવામાં આવે છે. નીતિવિષયક નિર્ધારણ કરવા માટેનો પ્રશ્ન અહીં આવતો નથી. (અંતરાય) નો,નો.

**રાજયની માધ્યમિક શાળાઓમાં બોગસ પ્રમાણપત્રો દ્વારા શિક્ષકોની ભરતી અંગે**

***૧૨૩૬૩ શ્રી હેમાજી દ. રાજપૂત (વાવ)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયમાં માધ્યમિક શાળાઓમાં બોગસ શિક્ષકોની ભરતી થઈ છે તે વાત સાચી છે અને

(૨) જો હા, તો આવી કેટલી સંસ્થાઓ અને કેટલા શિક્ષકોએ ખોટા સર્ટી. લાવી સન-૨૦૦૪માં શિક્ષક થયા છે?

**શિક્ષણ મંત્રીશ્રી:**

(૧) હા, જી.

(૨) ૨૮ સંસ્થાના ૩૩ શિક્ષકો.

**શ્રી હેમાજી દ. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ હા,જી આપ્યો છે. એટલે તેમાં કઈ કઈ સંસ્થા છે? અને જિલ્લાવાર મારે નામ જાણવા છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૮ શાળાઓમાં ૩૩ શિક્ષકોની ભરતી કરવામાં આવી હતી. એટલે હું તેમની આખી યાદી બોલી જાઉં. ૨૮ શાળાની યાદી મારે બોલવાની છે સાહેબ, (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : વાંચો, જાણવું છે. મેં પૂછયું ત્યારે કહ્યું કે જાણવું છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : પંચમહાલ જિલ્લામાં છ શિક્ષકોની નિમણૂંક કરી છે. વલસાડમાં એક, સાબરકાંઠા જિલ્લામાં એક, સાબરકાંઠામાં એક, બનાસકાંઠામાં ત્રણ, દાહોદ જિલ્લામાં ૫(અંતરાય) એ પણ છે.

**અધ્યક્ષશ્રી .** : માનનીય મંત્રીશ્રી, તેમનો વિચાર બદલાયો છે. ટેબલ પર મૂકજો.

**શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજયમાં કુલ કેટલા બોગસ શિક્ષકો પકડાયા છે અને પકડાયા છે તેના ઉપર પોલીસ કેસ થયેલ છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : અત્યાર સુધીમાં જિલ્લા શિક્ષણાધિકારી પંચમહાલ દ્વારા ૩૦ શિક્ષકો પકડાયા છે. બુંદેલખંડ ઝાંસીમાંથી તેમણે બોગસ પ્રમાણપત્રો લીધા હતા. માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૧૫૫ શિક્ષકોને પકડ્યા છે. એ પણ ઝાંસીની બુંદેલખંડ યુનિવર્સિટીના છે અને એક ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારીએ એક શિક્ષકને પણ બોગસ સર્ટિફિકેટ માટે પકડ્યા છે અને એ ભોપાલની બરગતુલ્લા યુનિવર્સિટીમાંથી થયા છે. એમ કરીને અત્યાર સુધીમાં ૧૮૬ બોગસ સર્ટિફિકેટ લઈને શાળામાં દાખલ થયા હોય એવા શિક્ષકોની ધરપકડ કરવામાં આવી છે.

**શ્રી હરજીવન હી. પટેલ** : ૨૦૦૪માં તો ૨૮ સંસ્થામાં ૩૩ શિક્ષકો બોગસ ભર્યા છે. પ્રશ્ન-૩૭માં કુલ ૧૮૬ બોગસ શિક્ષકોની ભરતી થઈ છે. આ બહુ ગંભીર બાબત અને ગંભીર પરિસ્થિતિ છે. આવા બોગસ સર્ટિફિકેટ લાવ્યા છે તે ગુજરાતની બહારની કઈ યુનિવર્સિટીના હતા અને ગુજરાતની કઈ યુનિવર્સિટીના હતા અને બોગસ શિક્ષકોની ભરતી ન થાય તે માટે કોઈ આગોતરું આયોજન કરવા માગો છો કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે કોઈ પકડાયા છે એ બધા જ ગુજરાત બહારની યુનિવર્સિટીઓના હતા. ગુજરાતની એકપણ યુનિવર્સિટીનું પ્રમાણપત્ર આવ્યું નથી. મારે એ ચર્ચા કરવી છે કે, અત્યાર સુધીમાં કોઈપણ જગ્યાએ સર્ટિફિકેટ ચેક કરવા માટેની પદ્ધતિ નહોતી. ૧૯૬૦થી શરૂ કરીએ કે ૧૯૪૭થી શરૂ કરીએ. યુનિવર્સિટીના સર્ટિફિકેટ સાચા છે કે ખોટા છે એ ચેક કરવાની કોઈપણ પ્રકારની વ્યવસ્થા આપણે ત્યાં નથી. જી.પી.એસ.સી.માં જાઓ ત્યાં પણ ચેક થતા નથી, યુનિવર્સિટીમાં જાઓ ત્યાં પણ ચેક થતા નથી. પરંતુ આ બોગસ સર્ટિફિકેટ નીકળ્યા ત્યારે રાજય સરકારે શિક્ષણ વિભાગ મારફતે પરિપત્ર જારી કર્યો છે કે, જિલ્લા શિક્ષણાધિકારીઓએ માન્ય યુનિવર્સિટી હોય પણ જો બોગસ સર્ટિફિકેટ હોય તો તાત્કાલિક તપાસ કરવી અને તપાસ કર્યા પછી આગળની કાર્યવાહી કરવી.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે યુનિવર્સિટીના પકડાયા છે એ બોગસ સર્ટિફિકેટ કઈ સાલના હતા અને તેમણે ક્યારે નોકરી મેળવી હતી?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૮૩થી સીલસીલો શરૂ થયો તે છેક ૨૦૦૪ સુધી જારી છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માધ્યમિક શાળાના શિક્ષકોની ભરતીની પ્રક્રિયા છે એમાં જે તે ટ્રસ્ટી મંડળ, બોર્ડના સભ્ય મારફતે ભરતી પ્રક્રિયા થયા પછી બહાલી માટે જિલ્લા શિક્ષણાધિકારી પાસે જતું હોય છે. જે અત્યાર સુધીમાં બોગસ શિક્ષકો પકડાયા એ જે તે વખતના ડી.ઓ. પાસે બહાલી માટે ફાઇલ જાય ત્યારે ડી.ઓ.એ પૂરી તપાસ કરી નહીં અને એના કારણે આ થયું. આ ડી.ઓ.ની ક્ષતિના કારણે,

એમણે કાળજી લીધી નહીં એના કારણે આ બન્યું હોઈ શકે. જે તે વખતના ડી.ઓ.એ બહાલી આપી એટલે જે તે વખતના ડી.ઓ. ઉપર પણ રાજય સરકાર પગલાં લેવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું તેમ આજ સુધીમાં જ્યારથી માધ્યમિક શાળાઓ શરૂ થઈ ત્યારથી આજ સુધીમાં આવા સર્ટિફિકેટ ચેક કરવા માટે કાંઈ કશું નથી. રાજયમાં પણ નથી અને દેશમાં પણ કયાંય કશું નથી. આ એક વ્યકિતને બચાવવા માટેની વાત નથી. પરંતુ આ વહિવટી દૃષ્ટિએ જે ખામીઓ છે એ ખામીઓ દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ અને એટલા માટે રાજય સરકાર અને શિક્ષણ વિભાગ પ્રયત્ન કરી રહ્યા છે. જે ડી.ઓ. છે. તે બધા જ સર્ટિફિકેટ ચેક કરશે અને સાચા હશે તો જ એને બહાલી આપવામાં આવશે નહીંતર આપવામાં આવશે નહીં.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો સવાલ એ છે કે, જે શિક્ષકોના બોગસ સર્ટિફિકેટ છે એમને તો આપણે કાયદાની મર્યાદામાં રહીને સજા કરવાના છીએ. તો જે તે વખતના ડી.ઓ. પણ એટલા જ જવાબદાર ગણાય તો એમને પણ સજા થવી જોઈએ. બીજી વખત આવી કાર્યવાહી ન થાય એટલા માટે એમને પણ સજા થવી જોઈએ.

**અધ્યક્ષશ્રી** : અત્યાર સુધીમાં ચેક કરવાની વ્યવસ્થા નહોતી. સર્ટિફિકેટ ચકાસણી માટેની પદ્ધતિ નથી એટલા માટે કશું કરી શકાયું નથી.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ મંત્રીશ્રીએ હમણાં કહ્યું કે, આવી કોઈ વ્યવસ્થા નથી. પરંતુ જિલ્લા વિકાસ અધિકારી, માધ્યમિક શિક્ષણ બોર્ડના સભ્યો એ તમામની જવાબદારી હતી કે સર્ટિફિકેટ મંજૂરી આપતાં પહેલાં સાચાં છે કે ખોટાં એની તપાસ કરવી જોઈએ. શિક્ષણાધિકારીઓને સસ્પેન્ડ કરવા જોઈએ. મારે મંત્રીશ્રીને એ પૂછવું છે કે, આ બોગસ સંસ્થાઓ દ્વારા જેણે કર્યું એને શિક્ષા થાય, શિક્ષણાધિકારીઓ સામે થાય કે શિક્ષકો સામે થાય. પરંતુ આ સ્કૂલના ૧૦મા ધોરણમાં જે વિદ્યાર્થીઓ હતા એ ૧૦મા ધોરણના વિદ્યાર્થીઓ પરીક્ષાથી વંચિત રહ્યા છે એનું શું?

**અધ્યક્ષશ્રી** : એ પ્રશ્ન અહીં આવતો નથી... નો...નો... પ્રશ્ન ક્રમાંક- ૮

## કચ્છ જિલ્લામાં શાળાના શિક્ષકોની ઘટ

*૧૧૮૪૬ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાદીઠ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કેટલા શિક્ષકોની ઘટ છે, અને

(૨) આ શિક્ષકોની ઘટ રાજ્ય સરકાર ક્યારે પૂર્ણ કરશે?

**શિક્ષણમંત્રીશ્રી :**

(૧)

| તાલુકાનું નામ | સરકારી ઉ.મા. શાળાઓમાં શિક્ષકોની ઘટ | બિન સરકારી ગ્રાન્ટેડ ઉ.મા.શાળાઓમાં શિક્ષકોની ઘટ | કુલ |
|---|---|---|---|
| અબડાસા | ૦૪ | ૦૦ | ૦૪ |
| અંજાર | ૦૦ | ૦૧ | ૦૧ |
| ભચાઉ | ૦૧ | ૦૮ | ૦૯ |
| ભૂજ | ૧૨ | ૧૫ | ૨૭ |
| ગાંધીધામ | ૦૦ | ૧૦ | ૧૦ |
| લખપત | ૦૦ | ૦૧ | ૦૧ |
| માંડવી | ૦૩ | ૦૮ | ૧૧ |
| મુન્દ્રા | ૦૦ | ૦૩ | ૦૩ |
| નખત્રાણા | ૦૧ | ૦૬ | ૦૭ |
| રાપર | ૦૫ | ૦૫ | ૧૦ |
| કુલ | ૨૬ | ૫૭ | ૮૩ |

(૨) બિન સરકારી ગ્રાન્ટેડ ઉ.મા. શાળાઓમાં ૧૪ શિક્ષકોની ભરતી થયેલ છે. અન્યની કાર્યવાહી ચાલુ છે. સરકારી શાળાઓમાં ભરતીની મંજૂરી આપી દીધી છે. ભરતીની કાર્યવાહી ચાલુ છે.

**શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે, કચ્છ જિલ્લાની અંદર માધ્યમિક શાળાઓમાં સ્થાયી શિક્ષકો, લાયકાત ધરાવતા શિક્ષકોની રાજય સરકાર ભરતી કરવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લામાં સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૨૬ શિક્ષકોની ઘટ છે એમની ભરતીની પ્રક્રિયા માટે ૧૭-૧-૨૦૦૫થી ઉમેદવારોના નામો મંગાવ્યા છે. ૨૩-૨-૨૦૦૫એ રોજગાર વિનિયમ કચેરીમાંથી ૭૪૭ અરજીઓ પ્રાપ્ત થાય છે અને રોજગાર વિનિમય કચેરી બીજી એમાંથી ૧૭૧ અને પછાત વર્ગ કલ્યાણ અરજીઓમાંથી ૫૧ અરજીઓ આપણને પ્રાપ્ત થયેલ છે પણ મારે એટલા માટે એક વાત કરવી છે કચ્છ જિલ્લાના ધારાસભ્યશ્રીનો પ્રશ્ન બહુ ગંભીર પ્રશ્ન છે કે કચ્છ જિલ્લામાં ૩૮ જેટલી ઉચ્ચતર અને માધ્યમિક શાળાઓ આવેલી છે જેમાં મોટા ભાગના શિક્ષકો કચ્છ સિવાયના હોવાને કારણે એ બદલીઓ કરીને ચાલ્યા જાય છે જેના કારણે કચ્છને ખૂબ મોટું નુકસાન થઈ રહ્યું છે અને એટલે આખા રાજયની જેટલી ઉચ્ચતર માધ્યમિક અને સરકારી માધ્યમિક શાળાઓ એ બધાનો એક મે વેકેશનમાં કેમ્પ કરીને જે શિક્ષકોને જયાં જવું હોય એ વિષય પ્રમાણે એમને એમાં ગોઠવી આપવા માગીએ છીએ અને પછી કચ્છની અંદર જે ખાલી જગ્યાઓ રહે એ માત્ર કચ્છ જિલ્લાના વિદ્યાર્થીઓ અને ગ્રેજયુએટ થયેલા વિદ્યાર્થીઓ થકી ભરીશું તો જ એ કચ્છ જિલ્લાનો પ્રશ્ન ઉકેલાશે અને એટલા માટે મે વેકેશનમાં કેમ્પ કરીને આ પ્રકારના શિક્ષકોની બદલીઓ કરીને જે જગ્યાઓ વધશે એ જગ્યાઓ રાજય સરકારનો શિક્ષણ વિભાગ અચૂક ભરશે.

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે કચ્છ જિલ્લાની અંદર જિલ્લા ટ્રાન્સફર દ્વારા શિક્ષકો ચાલ્યા જાય છે જે હમણાં માનનીય મંત્રીશ્રીએ પણ કહ્યું તો જયાં સુધી કચ્છ જિલ્લાની અંદર શિક્ષકોની ઘટ હોય ત્યાં સુધી આવી જિલ્લા ટ્રાન્સફર ઉપર રોક લગાવવા માગો છો કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ ધારાસભ્ય અથવા તો કોઈપણ વ્યકિત જયારે બદલીનો વિષય લઈને આવે છે ત્યારે થોડીક મુશ્કેલી જરૂર અનુભવીએ છીએ પરંતુ મેં કહ્યું એમ કે આખા વિષયનો પ્રશ્ન છે, મે વેકેશનમાં આનો અંત લાવીશું અને કચ્છ જિલ્લાના જ શિક્ષકો હશે એટલે બદલી થવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત નહીં થાય.

**શ્રી શીવજીભાઈ ક. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લો ભૌગોલિક રીતે બહુ મોટો વિસ્તાર છે અને શિક્ષકોની ઘટને કારણે વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડી રહ્યો છે તો આ ઘટ છે એ સરકાર વહેલી તકે કેટલી સમયમર્યાદામાં ભરવા માગે છે એ આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે.

**અધ્યક્ષશ્રી** : જે જવાબ મંત્રીશ્રી આપે એ પહેલા બધા સાંભળો તો તમને બધાને ખ્યાલ આવશે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બીન સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૫૭ શિક્ષકોની ઘટ હતી એમાંથી ૨૮ની ભરતી થઈ ગઈ છે અને ૨૯ શિક્ષકો માટે અત્યારે હાલ ઈન્ટરવ્યુ લેવાઈ રહ્યા છે એટલે બિનસરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૧૦૦ ટકા શિક્ષકોની ભરતી થઈ જશે એટલે આ ચિંતાનો વિષય નથી પરંતુ સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો જે વિષય છે તે કહ્યું કે મે વેકેશનમાં કચ્છ જિલ્લાના વિદ્યાર્થીઓ દ્વારા એના શિક્ષકો દ્વારા એની ભરતી પૂર્ણ કરી દેવામાં આવશે.

**શ્રી સી. ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે કચ્છ જિલ્લાનો પ્રશ્ન છે પણ સમગ્ર ગુજરાતનો પણ પ્રશ્ન છે જયારે આ પરિસ્થિતિ છે ત્યારે આ સમગ્ર રાજય ધોરણે બદલી કેમ્પ કરવા માગો છો કે કેમ?

**અધ્યક્ષશ્રી :** નો નો, બેસો બેસો પ્લીઝ, માનનીય નીમાબેન

**ડૉ. નીમાબેન બ. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે જવાબમાં જણાવ્યું છે કે ભૂજમાં અત્યારે બીન સરકારી માધ્યમિક શાળાઓમાં ૧૫ શિક્ષકોની ઘટ છે અને સરકારીમાં ૧૨ શિક્ષકોની અને ગાંધીધામમાં બિન સરકારી ગ્રાન્ટેડમાં ૧૦ જગ્યાઓની ઘટ છે તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે આ કયા કયા વિષયના શિક્ષકો છે અને આ જે બીન સરકારી ગ્રાન્ટેડ શાળાઓ છે એમાં શિક્ષકોની ભરતી નથી થઈ શકી એનું શું કારણ છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એના કારણો નથી. એન.ઓ.સી. આપણે હમણાં આપી કારણ કે જયાં સુધી ફાજલ શિક્ષકોનો પ્રશ્ન ના ઉકેલાય ત્યાં સુધી આ એન.ઓ.સી. આપણે નથી આપતા અને જે હાજર કરે ત્યાર પછી એને એન.ઓ.સી. આપતા હોઈએ છીએ એટલે બીન સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૨૯ શિક્ષકોના ઈન્ટર્વ્યુ અત્યારે હાલ ચાલુ છે એટલે એ તો તરત જ ભરાઈ જવાના છે. આખાએ ગુજરાતમાં બધા જ જિલ્લાઓની અંદર સરકારી શાળાઓ એટલે માત્ર ચાર કે પાંચ જ જિલ્લાઓમાં સરકારી શાળાઓ છે અને મેં કહ્યું એમ કૅમ્પ કરીને આ શાળાના શિક્ષકોને એમને જે શાળામાં જવું હશે તે વિષય પ્રમાણે એમને આપી દેવામાં આવશે અને ત્યાર પછી બાકીની જગ્યાઓ આપણે વિષય પ્રમાણે ભરીશું

## રાજકોટ જિલ્લામાં સાક્ષરતાના લાભાર્થીઓ

*૧૧૨૬૮ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે અભણ લોકો વાંચતા લખતાં શીખે તે માટે જે સાક્ષરતા કાર્યક્રમ યોજેલ તેમાં રાજકોટ જિલ્લામાં તાલુકા વાઈઝ કેટલા સાક્ષરો થયા,

(૨) આમાં ભાઈઓ તેમજ બહેનો કેટલા, અને

(૩) આ સ્થિતિએ સરકારને સમગ્ર જિલ્લામાં યોજના પાછળ કુલ કેટલો ખર્ચ થયો?

**શિક્ષણ મંત્રીશ્રી**

| | | | |
|---|---|---|---|
| (૧) | ૧. | રાજકોટ | ૨૪૦૦ |
| | ૨. | ઉપલેટા | ૧૫૭૦ |
| | ૩. | ધોરાજી | ૧૦૮૬ |
| | ૪. | જામકંડોરણા | ૭૯૯ |
| | ૫. | વાંકાનેર | ૨૭૩૫ |
| | ૬. | જસદણ | ૪૩૦૧ |
| | ૭. | પડધરી | ૧૨૫૦ |
| | ૮. | માળીયા મીયાંણા | ૧૮૨૩ |
| | ૯. | ગોંડલ | ૨૧૫૦ |
| | ૧૦. | કોટડા સાંગાણી | ૧૨૬૬ |
| | ૧૧. | જેતપુર | ૧૯૦૬ |
| | ૧૨. | મોરબી | ૧૯૫૧ |
| | ૧૩. | લોધીકા | ૬૯૦ |
| | ૧૪. | ટંકારા | ૧૦૮૦ |

(૨) ભાઈઓ : ૧૨૩૯૨ બહેનોઃ ૧૨૬૧૫

(૩) રૂા. ૧,૮૧,૫૬,૨૬૬.

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારને અને શિક્ષણ ખાતાને ખૂબ અભિનંદન આપું છું કે જેને અક્ષરજ્ઞાન નથી મળ્યું એવા અભણ લોકોને ભણાવવા માટેનો કાર્યક્રમ અમલમાં આવ્યો છે. આ કાર્યક્રમ છેલ્લા કેટલા વર્ષથી અમલમાં આવ્યો છે અને આ કાર્યક્રમ કેટલા વર્ષ સુધી અમલમાં રહેશે અને આ કાર્યક્રમનું ચોક્કસ બજેટ નક્કી કરવામાં આવ્યું છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં જે પ્રશ્ન છે એમાં સાક્ષરતાના લાભાર્થીઓનો છે. એમાં બે પ્રકારના લાભાર્થીઓ છે. એક નિરંતર શિક્ષણ કાર્યક્રમ દ્વારા ચાલે છે તે અને રાજય સરકારે હમણાં છેલ્લા બે મહિનામાં જે સાક્ષરદીપ કાર્યક્રમ ચલાવ્યો તે છે. સાક્ષરદીપ કાર્યક્રમમાં ૬૩૩૯ પુરૂષો સાક્ષર બન્યા છે અને ૮૪૫૭ બહેનો સાક્ષર બની છે અને એમના પાછળ વહીવટી ખર્ચ સિવાય કોઈપણ પ્રકારનો ખર્ચ કરવામાં આવ્યો નથી.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને એક તો અભિનંદન આપું છું કે ગુજરાતની અંદરથી સૌ પ્રથમ પહેલી વખત આટલા અભણ માણસોને ભણતા કર્યા હોય તો ભારતીય જનતા પક્ષની સરકારે કર્યા છે. માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ અભણ માણસો છે એમને ભણાવવા માટે પી.ટી.સી. તાલીમ આપતી બહેનોનો પણ આમાં સમાવેશ કરવામાં આવેલ છે તે વાત સાચી છે કે કેમ અને એના કારણે સારું પરિણામ સારું લાવી શક્યા છીએ કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : લગભગ ૧૧૦૦૦ જેટલા વિદ્યાર્થી ભાઈ-બહેનો અને પ્રાથમિક શાળાના શિક્ષકો અને બી.એડ.ના કેટલાક વિદ્યાર્થીઓને આ કાર્યક્રમમાં જોડવામાં આવ્યા હતા અને એમને પહેલા તાલીમ આપવામાં આવી હતી અને ત્યાર પછી ૧૫ દિવસ ગામડાંમાં તેઓ રહ્યા, ત્યાં જમ્યા. પ્રાથમિક શાળાના બાળકોને દિવસે ભણાવે અને રાત્રે અભણ બહેનો અને ભાઈઓને ભણાવે. આના પરિણામે આટલા સુંદર પરિણામો આવ્યા છે. નવા બજેટમાં આ જ કાર્યક્રમ માટે રૂપિયા ૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા** : આ સાક્ષરદીપ યોજના આગળ વધારીને બાકી રહેતા ભાઈ-બહેનો છે એને આ અભ્યાસક્રમમાં જોડી શીખડાવવા માગો છો કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : અભ્યાસક્રમમાં જોડવા એના બદલે સ્વેચ્છાએ કામ વધારે સારું થાય છે. એટલા માટે સ્વેચ્છાએ આ કાર્યક્રમ ઉપાડવામાં આવ્યો છે અને આ વેકેશનમાં પણ છ-સાત મ્યુનિસિપલ કોરપોરેશનો છે એમાં પણ રાત્રે આ કાર્યક્રમ થાય એનું આપણે આયોજન કરી રહ્યા છીએ.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય મંત્રીશ્રીએ હમણાં એમના જવાબમાં કહ્યું કે ૧૫ દિવસમાં ૨૫૦૦૭ જેટલા અભણ લોકોને રાજય સરકારે વાંચતા લખતા શીખવ્યું. અભણ લોકો વાંચતા લખતા શીખ્યા એ બદલ શિક્ષણ મંત્રીશ્રીને અભિનંદન આપું છું. પરંતુ એક વિનંતી કરવા માગું છું કે ૧૫ દિવસમાં જે અભણ લોકોને લખતા વાંચતા શીખવ્યું છે એ લોકો દ્વારા પોસ્ટકાર્ડ મારફતે શિક્ષણનો પ્રચાર કરવા માગો છો કે કેમ? પોસ્ટકાર્ડ ઝુંબેશથી અભણ લોકોને શિક્ષણ આપવાની ઝુંબેશ કરવા માગો છો કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : ના.

**શ્રી રણછોડભાઈ ચ. ફળદુ** : રાજયમાં અભણ લોકોને અક્ષરજ્ઞાન આપવા માટે આ મહત્વાકાંક્ષી અભિયાન જ્યારે રાજય સરકારે અમલમાં મૂકયું છે. મૂળ પ્રશ્ન તો એ છે કે રાજયમાં જે અભણ લોકો છે એને અક્ષરજ્ઞાન આપવા માટેનું આ ક્રાંતિકારી કદમ ભારતીય જનતા પક્ષની સરકારે અમલમાં મૂકયું છે. તો એનું મૂળ હાર્દ શું છે? આ સાક્ષરતા અભિયાન ચલાવવા માટેનો રાજય સરકારનો ઉદ્દેશ શું છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : પૂરેપૂરું સમજાવવું પડે અને એના માટે પાંચ મિનિટ થાય. પહેલા તો આપણું બંધારણ ઘડાયું ત્યારે બંધારણમાં એવી જોગવાઈ કરી હતી કે ૬ થી ૧૪ વર્ષના બાળકોને મફત, ફરજિયાત અને સાર્વત્રિક શિક્ષણ આપીશું. પરંતુ આઝાદીના ૫૫ વર્ષ પુરા થયા છતાં એ કામ સરકાર ન કરી શકી. એટલે દોષ તમને દઉં? એ ન થઈ શક્યું એનું પરિણામ એ આવ્યું કે લગભગ એક કરોડ કરતા વધારે ભાઈઓ અને બહેનો અભણ રહ્યાં. કોઈપણ વ્યકિતને ભણવા માટેનો અધિકાર છે જ. આ અધિકાર એને પ્રાપ્ત થવો જોઈએ, જેમાંથી જાગૃત્તિ આવે છે, બહેનો કે ભાઈઓ લખતા-વાંચતા શીખે એટલે કોઈ અંગૂઠો કરાવી જાય તો ખોટા બદનામ ના થાય અને ખોટી રીતે એમની પાસે સહીઓ કરાવી ના જાય, છેતરી ના જાય એટલા માટે આ અભણને ભણાવવાનો પ્રયાસ રાજ્ય સરકાર કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલા માટે કહેવું છે કે એવી બહેનો જ્યારે હું આવા ૨૫ જેટલા ગામમાં ગઈ હતી ત્યારે એક બહેને એમ કહ્યું હતું કે અમે એટલા માટે ભણીએ છીએ કે જેના કારણે અંગૂઠામાંથી મુકત થયા છીએ, એટલું જ નહિ પણ દૂધ મંડળીમાં અમે અત્યાર સુધીમાં અમે જ્યારે દૂધ આપવા જતા હતા ત્યારે અમે વાંચી શકતા નહોતા કે અમારું દૂધ કેટલું થયું છે અને કિંમત કેટલી છે? આજે અમે જ્યારે આંકડા વાંચતા શીખ્યા છીએ ત્યારે હવે અમને કોઈ છેતરી નહિ જાય કે ઓછું દૂધ અને ઓછી કિંમત નહિ આપે. આવો એમનો પ્રતિભાવ હતો. કોઈ બહેન જયારે એસ.ટી.નું બોર્ડ વાંચી શકે છે ત્યારે છેતરામણી નથી થતી, સર..(અંતરાય)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : આ અભણને ભાષણ સંભળાવજો, અમારે સાંભળવું નથી. તમે ૧૦ વર્ષમાં શું ધંધા કર્યા છે એ અમને ખબર છે. રાજસ્થાનને બિહારની પાછળ લઈ ગયા આપણે..(અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : અર્જુનભાઈ ૫૦ વર્ષ સુધી અભણ હતા એનું પરિણામ છે.. (અંતરાય)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : રાજસ્થાન, મધ્યપ્રદેશ અને બધાની પાછળ રહી ગયા, ૧૦ વર્ષની અંદર (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : તમે કેવા સમજું છો એનો બદલો પ્રજાએ તમને, (અંતરાય) એટલે તો અહીંથી ત્યાં ગયા છો.(અંતરાય)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : આ ભાષણ સાંભળવાનું છે? અહીંયા કોઈ અભણ નથી, અભણને સમજાવજો આ..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, (અંતરાય) પ્લીઝ, (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : એ અધ્યક્ષનું કામ છે, અધ્યક્ષ ગમે ત્યારે રોકી શકે છે.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, માનનીય ઈશ્વરભાઈ, પ્લીઝ, માનનીય જયંતિભાઈ. (અંતરાય) પ્લીઝ, માનનીય અર્જુનભાઈએ (અંતરાય) જેઠાભાઈ પ્લીઝ, (અંતરાય) માનનીય અર્જુનભાઈએ વચ્ચેથી ઊભા થઈને જે શબ્દ પ્રયોગ કર્યો છે. *૧૦ વર્ષ સુધી શું ધંધા કર્યા છે* એ શબ્દ પ્રયોગ બરાબર નથી માટે માનનીય અર્જુનભાઈ એ શબ્દો પાછા ખેંચી લે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી મેં *શું ધંધા કર્યા છે એમ કહ્યું છે*, આરોપ નથી મૂકયો, માત્ર પ્રશ્ન પુછ્યો છે. મેં એવો કોઈ પ્રશ્ન ઓલો નથી કરેલો.

**અધ્યક્ષશ્રી .** : પ્લીઝ, શબ્દો પાછા ખેંચી લો.

**શ્રી અશોક ભટ્ટ** : શું ધંધા કર્યા છે એ બોલ્યા છે સાહેબ, તમે પાછા ખેંચો છો માનનીય અધ્યક્ષશ્રીએ જે આદેશ આપ્યો છે એનું એમણે પાલન કરવું જોઈએ સાહેબ, અધ્યક્ષશ્રીએ જે આદેશ આપ્યો છે, માનનીય અધ્યક્ષશ્રી I want to raise point of order મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે.

**અધ્યક્ષશ્રી**: પ્લીઝ, (અંતરાય) પ્લીઝ (અંતરાય)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : એ હા પાડો પછી વાત કરીશું, અત્યારે પ્રશ્નોતરી આગળ ચાલવી જોઈએ, માનનીય અધ્યક્ષશ્રી આ પ્રથા જ નથી કોઈ જગ્યાએ.(અંતરાય)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આવી કોઈ જગ્યાએ પ્રથા નથી. પ્રશ્નોત્તરી પૂરી થાય ત્યારે હું આના માટે દલીલ કરીશ.(અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીને બોલતા રોકવા કે નહીં એ કામ અધ્યક્ષશ્રીનું છે. વિરોધ પક્ષના નેતાનું નથી. તમે કોઈને વચ્ચેથી રોકી ન શકો.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા વિરોધ પક્ષના નેતાશ્રીને વિનંતી કરું છું કે અધ્યક્ષશ્રીએ આદેશ આપ્યો છે કે બોલેલા શબ્દો પાછા ખેંચી લેવા જોઈએ તો એમણે શબ્દો પાછા ખેંચી લેવા જોઈએ. સંસદીય પ્રણાલિકા જાળવવાની જવાબદારી વિરોધ પક્ષના નેતાશ્રીની પણ એટલી જ છે અને આપે જયારે આદેશ આપ્યો છે એ આદેશનું એમણે પાલન કરવું જોઈએ. આદેશનું પાલન કરાવવાની જ વાત છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નોત્તરીમાં વચ્ચે ઉભા થઈને ન બોલાય.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આપે આદેશ આપેલો છે. એ આદેશનું પાલન થાય એટલી જ મારી માગણી છે. હું આપના દ્વારા વિરોધ પક્ષના નેતાશ્રીને વિનંતી કરું છું કે સંસદીય પ્રાણલિકા જાળવવાની જવાબદારી બંને લોકોની છે. એમણે વચ્ચેથી ઉભા થવાની જરૂર નહોતી. પ્રશ્ન પૂછવાનો એમનો અધિકાર છે. (અંતરાય) સામેથી જવાબ આપતા હતા, જવાબ સાંભળો જોઈએ. હવે આપે જયારે શબ્દો પાછા ખેંચવા કહયું છે.(અંતરાય)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નોત્તરીનો સમય છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, એવું નથી કે પ્રશ્નોત્તરીનો સમય હોય એટલે અધ્યક્ષશ્રીના આદેશનું પાલન ન કરવું. એ કયા નિયમમાં છે?

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નોત્તરીના સમયમાં પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી શકાય નહીં. પ્રશ્નોત્તરીનો સમય બગાડવાનું આપ નકકી કરીને આવ્યા છો આપને મારી વિનંતી છે કે પ્રણાલિકા આપે જાળવવી જોઈએ. પ્રશ્નોત્તરીમાં પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી શકાય નહીં. પ્રશ્નોત્તરીનો સમય બગાડાય નહીં. ગમે તેમ ભાષણ કરવા માંડે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રીએ શબ્દો પાછા ખેંચવાનો આદેશ આપ્યો છે એટલે શબ્દો પાછા ખેંચી લેવા જોઈએ. તો સમય ન બગડે.આપના આદેશનું પાલન કરે. સમય તો તમે બગાડો છો. આપના આદેશનો વાંધો છે સાહેબ (અંતરાય) હવે પ્રશ્ન એ પણ નથી પણ પ્રશ્ન એટલો છે કે આપના આદેશનું પાલન કરવા માગતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, મારી આપના દ્વારા વિરોધ પક્ષના નેતાશ્રીને વિનંતી છે કે પ્રશ્નોત્તરીની એક મિનિટ પણ અમે બગાડવા માગતા નથી પણ આપના આદેશનું પાલન કરવું એ એમની જવાબદારી છે. એ જો એમ કહેતા હોય કે પાલન કરવાની જવાબદારી નથી માટે પાછા નહીં ખેંચુ તો બીજી વાત થાય.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, આપે અમારું રક્ષણ કરવું જોઈએ.

**અધ્યક્ષશ્રી** : ગૃહના દરેક સભ્યશ્રીનું રક્ષણ કરવામાં આવે છે પણ રક્ષણ આપીએ એનો અર્થ એવો નહીં કે ગમે તેવું વકતવ્ય અહીં આપવું. ગમે તેવું વકતવ્ય ન કરી શકાય.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, અમે આવા શબ્દો બોલીએ ત્યારે તમે વાંધો લેજો પણ અત્યારે અર્જુનભાઈ શબ્દો પાછા ખેંચી લે.

**અધ્યક્ષશ્રી** : ગૃહમાં કોઈપણ સભ્યશ્રીએ કોઈપણ શબ્દ પ્રયોગ કર્યો હોય તો દરેકને હું ટોકું છું. દરેકને ટોકું છું. હું કોઈને છોડતો નથી. પ્લીઝ... (અંતરાય) હું એકશન લઉં ઠીક નહિ લાગે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : આ સત્રમાં બિનજરૂરી પ્રણાલિકાઓ પડી છે. અમારી જવાબદારી છે?

**અધ્યક્ષશ્રી** : મેં અવાર-નવાર બધાને ટોક્યા છે. રેકર્ડ જોઈ લો. બંનેની જવાબદારી. બધાને ટોક્યા છે.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : આ ગૃહના તમામ સભ્યો સન્માનનીય સભ્યો છે. જેઓ વિશિષ્ટ હોદાઓ ધરાવે છે, જેઓ કોઈ પદ ધરાવે છે, જવાબદારી ધરાવે છે. એ લોકોએ પોતાનો વિવેક સમજીને ભાષાપ્રયોગ કરવો જોઈએ, એટલું ઔચિત્ય દાખવવું જોઈએ. આપે જ્યારે સૂચન કર્યુ છે, ત્યારે નાનમ ન હોવી જોઈએ.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નોત્તરી પછી ચર્ચા લેવામાં આવે તો સારું. પ્રશ્નોત્તરીનો સમય કિંમતી છે. કિંમતી સમય વ્યય ન થાય. માનનીય સભ્યશ્રીઓના અધિકાર ઉપર તરાપ ન લાગે, એટલા માટે પ્રશ્નોત્તરી ચાલુ કરો. એના પછી જે ચર્ચા કરવી હશે તે યોગ્ય રહેશે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ. મેં તમને એક આદેશ આપ્યો છે. આપ આદેશનું પાલન કરો તો ઠીક છે, નહિતર મારે એ અંગે કોઈ નિર્ણય કરવો પડે, એટલે આપને આગ્રહ કરું છું કે આપના બોલેલ શબ્દ છે તે પાછા ખેંચી લો.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મે માત્ર, હું રિપીટ કરું છું કે મેં એમ જ કહ્યું હતું કે આપે શું ધંધા કર્યા છે. એ શબ્દપ્રયોગ મેં કરેલો છે, એમાં મેં કોઈ આક્ષેપ કરેલ નથી. આના કરતા ઘ ણા આકરા શબ્દો બોલાયેલા છે. મારી વિનંતી છે કે આ પ્રણાલિકાની કમ્પ્લિટ વિરુધ્ધ થાય છે. પ્રશ્નોત્તરી

દરમિયાન કોઈપણ પ્રકારનો પૉઈન્ટ ઑફ ઑર્ડર અત્યાર સુધીમાં ઉઠાવાયેલ નથી. કોઈપણ પ્રકારનો પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉઠાવ્યો નથી. જે સભ્યના અધિકાર ઉપર તરાપ છે આપે....

**અધ્યક્ષશ્રી** : કોઈએ પૉઈન્ટ ઑફ ઑર્ડર નથી ઉઠાવ્યો.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : આપે આ બાબતની અંદર રેકર્ડ ચકાસીને પછી નિર્ણય કરવો જોઈએ અને હું આવા કોઈ શબ્દ બોલ્યો નથી કે મારે માફી માગવી પડે, મારે શબ્દ પાછા ખેંચવા પડે.

**અધ્યક્ષશ્રી** : માફી નથી માગવાની, શબ્દ પાછા ખેંચવાના છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ કોઈ પૉઈન્ટ ઑફ ઑર્ડર નથી. આપે આપની મેળે નિર્ણય આપેલ છે. જે કાઈ વાતાવરણ જોઈ, શબ્દ સાંભળી. આપે શબ્દો રીપીટેશન કરીને કહયું છે કે આ શબ્દો પાછા ખેંચવા જોઈએ. આપના આદેશનું પાલન કરવું જોઈએ. તમામ સભ્યોની ફરજ છે. શબ્દો પાછા ખેંચવા જોઈએ. અધ્યક્ષશ્રીના આદેશનું પાલન કરવું જોઈએ,આ રીતે તો કોઈ દિવસ હાઉસ ચાલી જ ન શકે. હાઉસની અંદર અધ્યક્ષશ્રીના આદેશનું પાલન કરવામાં ન આવે...

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ અસંસદીય શબ્દોની ભાષાની સૂચિમાં છે?

**અધ્યક્ષશ્રી** : દસ વર્ષ સુધી તમે શું ધંધો કર્યો છે તે શબ્દ પ્રયોગ બરાબર નથી માટે પાછા ખેંચવો જોઈએ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : અસંસદીય શબ્દોની સૂચિમાં આવે છે તે કહો. મારે તેટલું જ પૂછવું છે. તે મને કહો.

**શ્રી અશોક ભટ્ટ** :તેમના અવલોકન ઉપર મારે માનનીય અધ્યક્ષશ્રી, એક મિનિટ, મારે આપના દ્વારા વિરોધપક્ષના નેતાશ્રીને (અંતરાય) હું ઉપદેશ નથી આપતો, જ્ઞાન નથી આપતો.

**અધ્યક્ષશ્રી** :મારે નિર્ણય આપવો પડશે. બધાને વિનંતી કરી છે. હું ફરી આગ્રહ કરું છું માત્ર શબ્દો પાછા ખેંચી લેવાના છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : કોઈ આક્ષેપાત્મક શબ્દ પ્રયોગ કર્યો નથી.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** :માનનીય અધ્યક્ષશ્રી, હું એવું માનું છું કે આ બાબતમાં મને જે આગ્રહ આપ કરો કે શબ્દો પાછા ખેંચવાનો. આપને મારી એટલી જ વિનંતી કે અસંસદીય શબ્દોની સૂચિમાં જો કોઈ જગ્યાએ આ પ્રશ્ન મેં જે ઉભો કર્યો છે. માત્ર પ્રશ્ન જ પૂછયો છે. કદાચ કોઈ જગ્યાએ આવતું હોય તો મેં વારંવાર ત્યારે ત્યારે મારી ભાષા સુધારી છે. મારી સુધારવાની તૈયારી છે. હું આપને પણ વિનંતી કરું છું કે આપ પણ રેકર્ડ અગાઉના અધ્યક્ષશ્રીઓના નિર્ણય જોઈ જુઓ અને તેમાં કોઈ જગ્યાએ આપણને એમ લાગે કે અસંસદીય છે તો મારી પાછા ખેંચી લેવાની તૈયારી છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને વિનંતી કરવાની કે જે શબ્દો માનનીય અધ્યક્ષશ્રીને અયોગ્ય લાગે તે શબ્દો પાછા ખેંચવા કહી શકે છે. ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રી તે શબ્દો કાયમ માટે અસંસદીય શબ્દોની યાદીમાં આવે છે. એવા કેટલાક શબ્દ પ્રયોગો એ એવા હોય છે કે જે આજે યાદીમાં ન હોય તે હવે પછીની યાદીમાં ઉમેરાશે. એટલે વિરોધપક્ષના નેતાશ્રીને મારે કહેવું છે કે યાદીની અંદર હોય તે શબ્દો અસંસદીય નથી. અસંસદીય શબ્દો જાહેર કરવાનો અધિકાર તે માનનીય અધ્યક્ષશ્રીનો છે અને તે પ્રમાણે આપે વાપરેલા શબ્દો (અંતરાય) ભીખાભાઈ તમને સમજ ન પડે, મને સમજવાનો પ્રયત્ન કરો, હું વિરોધપક્ષના નેતાને સમજાવું છું. વિરોધપક્ષના નેતાને તમે સમજાવ્યું હોય તો મારે સમજાવવાની જરૂર ન હતી. તમારે સમજાવવાની જરૂર હતી દિનેશભાઈ. સિનિયર મેમ્બર તરીકે તમારે સમજાવવાની જરૂર હતી. નવા નેતાને કે જે શબ્દો માનનીય અધ્યક્ષશ્રી અસંસદીય કહે અને પાછા ખેંચવાના કહે તે યાદીમાં હોવા જરૂરી નથી. તે યાદીમાં હોવા જરૂરી નથી. એટલે મારો પ્રશ્ન છે યાદીમાં હોવા જરૂરી નથી. યાદીઅમાં હોય તે અસંસદીય નહીં તે શબ્દો હવે યાદીમાં આવશે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : આપ રેકર્ડ ચેક કરી જાઓ. આપને લાગે કે શબ્દો અસંસદીય છે તે રેકર્ડમાંથી રદ કરાવી શકશો. મને કોઈ તકલીફ નથી.

**શ્રી અશોક ભટ્ટ** : પ્રશ્ન છે આપે આપેલ આદેશ શબ્દો પાછા ખેંચવાનો છે. તે ખેંચવા માગે છે કે નહીં તે પ્રશ્ન છે. આપના આદેશનો અનાદર છે.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, તારાંકિત પ્રશ્નોત્તરીનો સમયમાં માનનીય સંસદીય મંત્રી વર્ષોથી આ ફલોર ઉપર કામ કરી રહયા છે.સાંભળજો, માનનીય વિરોધપક્ષના નેતા જે શબ્દો બોલ્યા છે એ અસંસદીય શબ્દોની યાદીમાં કયાંય છે નહીં. છતાં માનનીય અધ્યક્ષશ્રી આપના માનને ખાતર આપને લાગતું હોય તે આ શબ્દો અસંસદીય છે, આપ એ શબ્દો રેકર્ડમાંથી દૂર કરવાનો આદેશ આપો, અમે સહર્ષ સ્વીકારીશું પણ ટ્રેજરી બેચમાંથી કોઈ અમને સલાહ આપવા માગતા હોય તો એ સલાહ અમે સ્વીકારવા માગતા નથી.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે તમામ ગુજરાતના સભ્યો છીએ અને આપણે જાણીએ છીએ કે શબ્દ માનો કે ધંધો એટલે કે બીજનેશ, એ અસંસદીય શબ્દ નથી પણ કયા સંદર્ભમાં એ વપરાયો છે ગુજરાતી ભાષામાં, અને કઈ સ્થિતિમાં વપરાયો છે અને કયા સંજોગોમાં એ શબ્દનો પ્રયોગ થયો

છે એ રૂઢ છે, જે પ્રકારે બોલવામાં આવ્યો છે કે તમે કયા ધંધા કરો છો? એ રૂઢ છે, એ આખુંય તમે ધંધા કરો છો એ અસંસદીય શબ્દોની યાદીમાં ના હોય તો એ સમાવવામાં આવે, માનનીય અધ્યક્ષશ્રી, આ સંદર્ભ છે અને બીજું, સમગ્ર ગૃહ, અમે આ ગૃહમાં આવ્યા ત્યારથી આ પહેલી વખત આ જોઈ રહ્યા છીએ કે અધ્યક્ષશ્રીએ આદેશ આપ્યા પછી ગૃહનું અવમાન આ રીતે સતત અને લાંબા સમય સુધી ચાલુ રહ્યું હોય, હું વિનંતી કરું છું કે, વિપક્ષના નેતાશ્રીને પણ આ ગૃહને સતત ચલાવવા માટે પણ માનનીય અધ્યક્ષશ્રીએ જે આદેશ આપ્યો છે એનું પાલન કરે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, નિયમ ૩૬ ઉપર આપશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે નિયમ ૩૬માં એવી રીતે કોઈ શબ્દ પાછો ખેંચવાની જોગવાઈ નથી, માત્ર આ રેકર્ડમાંથી આપ રદ કરી શકો છો અને છતાં આપશ્રી નિર્ણય આપવા માગતા હોવ તો મને વાંધો નથી.

**અધ્યક્ષશ્રી** : હવે હું, (અંતરાય) બધાને પૂરો અવકાશ આપ્યો છે, હવે હું નિર્ણય જાહેર કરવા માગું છું. આપ જો શબ્દો પાછા ખેંચી લો તો સારુ છે, ગૃહને આનંદ થશે, એ શબ્દો આપ પાછા ખેંચી લો તો વધારે સારુ છે. (અંતરાય) નિયમ બધા જોયા છે, પ્લીઝ..

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપનું હું નિયમ ૩૬ તરફ ધ્યાન દોરું છું કે નિયમમાં કોઈ શબ્દ પાછા ખેંચવાની જોગવાઈ નથી, માત્ર આપને નિયમ જોઈ જવાની વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** : જોઈ લઉં છું.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપે જોયો નથી, આપ જોઈને નિર્ણય આપો, આને રદ કરવાનો અધિકાર છે આપને, આ નિયમમાં મારા શબ્દો પાછા ખેંચવાની કોઈ જગ્યાએ કયાંય જોગવાઈ નથી.

**અધ્યક્ષશ્રી** : હવે હું, પ્લીઝ, (અંતરાય) હું હજી આગ્રહ કરું છું કે એમના શબ્દો પાછા ખેંચી લે.(અંતરાય) મેં ઘણી ચર્ચા કરવા દીધી છે, ઘણી બધી વાતો થઈ ગઈ છે, પ્લીઝ, જો એમને શબ્દો પાછા ન ખેંચતા હોય તો માનનીય અર્જનભાઈને આજના દિવસની કાર્યવાહીમાંથી દૂર કરું છું.

(આ તબક્કે ગૃહમાં હાજર રહેલા માનનીય વિપક્ષના નેતાશ્રી સહિતના કોંગ્રેસના તમામ સભ્યશ્રીઓ પોતપોતાની જગ્યાએ ઊભા થઈને ' ભાજપ તેરી દાદાગીરી નહીં ચલેગી, નહીં ચલેગી,' જેવાં સતત સૂત્રોચ્ચાર કરવા લાગ્યા અને વેલમાં આવી જઈને કાગળો ફાડીને ફેંક્યા અને માઈકો તોડીને ટ્રેજરી બૅન્ચ તરફ ફેંક્યા.)

**અધ્યક્ષશ્રી** : હું અર્ધા કલાક માટે સભાગૃહને એડજોર્ન કરું છું.

**(સભાગૃહ બપોરના ૩.૨૫ થી ૩.૫૫ કલાક સુધી મુલતવી રહ્યું.)**

# અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

### મહેમદાવાદ તાલુકાની પી.ટી.સી. કોલેજના વિદ્યાર્થીઓના પ્રવેશ અને ફી

૧૧૮૨૬ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહેમદાવાદ તાલુકાના વાસણા મારગીયાની રંગઅવધુત અધ્યાપન મંદિરના પી.ટી.સી.ના વિદ્યાર્થીઓને જાન્યુઆરી-૦૫માં અન્ય કોલેજોમાં ટ્રાન્સફર કરવામાં આવેલ છે તે વાત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો તે વિદ્યાર્થીઓ કઈ કઈ કોલેજોમાં ટ્રાન્સફર કરાયા છે તથા તેમને ટ્રાન્સફર કરવાના શાં કારણો છે, | (૨) સંસ્થાની ગેરરીતીઓને ધ્યાને લઈને સંસ્થાનું એન.ઓ.સી. રદ કરવામાં આવતાં પત્રક-૧માં દર્શાવેલ કોલેજોમાં ટ્રાન્સફર કરાયા છે. |
| (૩) ટ્રાન્સફર થયેલ આ વિદ્યાર્થીઓએ ઉપરોકત અધ્યાપન મંદિરમાં ભરેલ ફી એમને પરત અપાવવા તેમજ જરૂરી પ્રમાણપત્રો જે કોલેજોમાં એમને ટ્રાન્સફર કરવામાં આવ્યા છે, તે કોલેજોમાં મોકલાવવા સરકારે કંઈ પગલાં લીધાં હોય તો તેવા પગલાં અને તેના પરિણામની વિગતો શું છે, અને | (૩) (૧) ટ્રાન્સફર થયેલ વિદ્યાર્થીઓની ફી તથા પ્રમાણપત્રો પરત કરવા તા. ૧૭-૧-૦૫ના રોજ યાદી દ્વારા સંચાલકને જાણ કરી<br>(૨) નાયબ શિક્ષણ નિયામકે તા. ૧-૨-૦૫ના રોજ સંસ્થાની રૂબરૂ મુલાકાત લઈ તાલીમાર્થીઓના પ્રમાણપત્રો તથા ફી પરત કરવા સંચાલકને તાકીદ કરી.<br>(૩) તા.૨-૨-૦૫ના રોજ પત્ર દ્વારા |

| | |
|---|---|
| | તાલીમાર્થીઓના પ્રમાણપત્રો તથા ફી પરત કરવા સંચાલકને જણાવ્યુ છે.<br>(૪) જીલ્લા શિક્ષણાધિકારી કચેરી, નડીયાદના બે મદદનિશ શિક્ષણ નિરીક્ષકોએ તાકીદની કાર્યવાહી માટે તા. ૧૪-૨-૦૫ના રોજ સંસ્થાની રૂબરૂ મુલાકાત લીધી. સંસ્થાએ તાલીમાર્થીઓના પ્રમાણપત્રો સબંધિત સંસ્થાઓને રૂબરૂ તથા રજી. એ.ડી. થી પરત કર્યા તે અંગેની લેખીત જાણ તા.૧૪-૨-૦૫ના પત્રથી જીલ્લા શિક્ષણાધિકારી, નડીયાદને કરી. |
| (૪) તેમજ પગલાં ન લીધાં હોય તો તેનાં શું કારણો છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**પત્રક-૧**

**વિદ્યાર્થીઓને ટ્રાન્સફર કરેલ કોલેજના નામ**

૧. આનંદબા પી.ટી.સી. કોલેજ, વલાદ, જી. ગાંધીનગર
૨. કપડવંજ કેળવણી મંડળ પી.ટી.સી. કોલેજ, કપડવંજ જી. ખેડા
૩. ઓમ પ્રાયમરી અધ્યાપન મંદિર, ચિલોડા, જી. ગાંધીનગર
૪. પી.ટી.સી. કોલેજ, સમુસર- કરંજ, જી. સુરત
૫. સદગુરુ કબીર સાહેબ અધ્યાપન મંદિર, દાસા, જી. દાહોદ
૬. ૪૨ ગામ ચરોતર કેળવણી મંડળ પી.ટી.સી. કોલેજ, ખંભાત
૭. સર્વ વિદ્યાલય પી.ટી.સી. કોલેજ, ગાંધીનગર
૮. દિવાળીબા પી.ટી.સી. કોલેજ, બોપલ, જી. અમદાવાદ
૯. એમ.ડી.મહેતા પી.ટી.સી. કોલેજ, ધ્રોળ જી. જામનગર
૧૦. ચાણક્ય અધ્યાપન મંદિર, ઘાટલોડિયા, અમદાવાદ
૧૧. ધી કેમ્બે એજ્યુકેશન સોસાયટી પી.ટી.સી. કોલેજ, ખંભાત
૧૨. પી.ટી.સી. કોલેજ, કાંકણપુર જી. પંચમહાલ
૧૩. એચ. કે. પી.ટી.સી. કોલેજ, નવરંગપુર, અમદાવાદ (સ્વનિર્ભર)
૧૪. ચરોતર એજ્યુ. સોસાયટી પી.ટી.સી. કોલેજ, મોગરી, જી. આણંદ
૧૫. પારૂલ ઈન્સ્ટીટ્યુટ ઓફ પી.ટી.સી. એજ્યુકેશન લીમડા જી. વડોદરા
૧૬. પી.ટી.સી. કોલેજ, પીપળીયા જી. વડોદરા
૧૭. ગો.વા.પ.ભ.મુ.કે. શાહ લાટીવાળા અધ્યાપન મંદિર, મોડાસા
૧૮. આરાધના પી.ટી.સી. કોલેજ, પાવી-જેતપુર જી. વડોદરા
૧૯. શારદા અધ્યાપન મંદિર, પાનસર, જી. ગાંધીનગર
૨૦. જે.એમ.શાહ પી.ટી.સી. કોલેજ, જંબુસર જી. ભરૂચ
૨૧. સ્વામીનારાણ પી.ટી.સી. કોલેજ, જેતલપુર જી. અમદાવાદ
૨૨. શ્રીમતિ બી.એમ.કંસારા પી.ટી.સી. કોલેજ, નવસારી
૨૩. પી.ટી.સી. કોલેજ, મોતીપુરા, હિંમતનગર
૨૪. પ્રિ. એસ.આર. ભટ્ટ અધ્યાપન મંદિર, મુબારકપુર, જી. ગાંધીનગર
૨૫. સતકેવલ અધ્યાપન મંદિર, સારસા જી. આણંદ

----------

**રાજ્ય સરકારના કર્મચારીઓના મૂળ પગારમાં મોંઘવારી ભથ્થું ભેળવવા અંગે**

૧૨૬૮૭ **શ્રી કાંતિલાલ રે. ગામીત (સોનગઢ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સરકારી અધિકારીઓ/કર્મચારીઓને કેન્દ્ર સરકારના ધોરણે પગાર ભથ્થાં આપવાની સરકારની નીતિ અમલમાં છે, તે વાત સાચી છે, | (૧) ના, જી. યથા સમયે ઘટીત નિર્ણય કરવામાં આવે છે. |

(૨) જો હા, તો કેન્દ્ર સરકારે ૫૦ ટકા મોંઘવારી ભથ્થું પગારમાં ઉમેરવાનો હુકમ કર્યો છે તેનો અમલ રાજ્યમાં નહીં થવાના શાં કારણો છે, અને
(૩) આનો અમલ ક્યારે થનાર છે?

(૨) અને (૩) યથા સમયે ઘટીત નિર્ણય કરાશે.

----------

**તજજ્ઞો દ્વારા વિધેયકની ચકાસણી અંગે**

૧૨૪૧૬ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર) :માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૩-૨૦૦૪ તથા ૨૦૦૪-૨૦૦૫માં તા. ૩૧-૧-૦૫ સુધીમાં રાજ્ય સરકારના કેટલા વિધેયકોના બીલો ચકાસણી માટે મળ્યા,
(૨) આ પૈકી વિભાગ દ્વારા કેટલા બીલોની ચકાસણી કરવામાં આવી,
(૩) કેટલા બિલો અન્ય તજજ્ઞોને સોંપવામાં આવ્યા,
(૪) તે માટેના કારણો શાં છે, અને
(૫) આ માટે કેટલી ફી કોને કોને ચુકવી?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૩-૨૦૦૪ દરમિયાન કુલ ૫૭ બિલો ચકાસણી માટે મળ્યા અને વર્ષ ૨૦૦૪-૨૦૦૫માં તારીખ: ૩૧-૧-૦૫ સુધીમાં કુલ ૩૯ બિલો ચકાસણી માટે મળેલ છે.
(૨) વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૩-૨૦૦૪ દરમિયાન ૪૦ બિલોની ચકાસણી કરવામાં આવી અને વર્ષ ૨૦૦૪-૨૦૦૫માં તા.૩૧-૧-૦૫ સુધી કુલ ૨૭ બિલોની ચકાસણી કરવામાં આવી.
(૩) વર્ષ ૨૦૦૩-૦૪ દરમ્યાન ૧૧ વિધેયકો તેમજ વર્ષ ૨૦૦૪-૦૫ દરમ્યાન ૩ વિધેયકો તજજ્ઞોને સોંપવામાં આવ્યા.
(૪) વિભાગમાં કામનું અતિશય ભારણ, વિધેયકો બંધારણીય જોગવાઈઓની દૃષ્ટિએ વિગતવાર ચકાસણી માંગી લે તેવા હતા, સમય મર્યાદામાં ચકાસણીનું કામ પૂરૂ કરવાનું હતુ તથા તજજ્ઞોના બહોળા કાયદાકીય જ્ઞાનનો લાભ લેવાનું ઉચિત જણાયું હતું.
(૫) શ્રી જે.પી.વસાવડા- રૂા. ૪૮,૪૫૦
શ્રી બી.એલ.મહેતા- રૂા. ૧,૬૩,૬૫૦

----------

**બનાસકાંઠા જિલ્લામાં વિધવા મહિલા સહાયના બાકી પડતર કેસ**

૧૧૦૬૨ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર સને ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ના વર્ષમાં તા. ૩૧મી જાન્યુઆરી-૦૫ સુધીમાં વિધવા પેન્શન યોજના નીચે કેટલી અરજીઓ આવી,
(૨) કેટલી અરજીઓ મંજૂર કરવામાં

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | ૨૦૦૩-૦૪ ની અરજીઓ | ૨૦૦૪-૦૫ ની અરજીઓ ૩૧મી જાન્યુઆરી-૦૫ સુધી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | કાંકરેજ | ૮૦ | ૪૬ | ૧૨૬ |
| ૨ | દિયોદર | ૨૭ | ૨૦ | ૪૭ |
| ૩ | અમીરગઢ | ૨૧ | ૭ | ૨૮ |
| ૪ | ડીસા | ૧૭૧ | ૧૦૮ | ૨૭૯ |
| ૫ | પાલનપુર | ૧૮૬ | ૮૯ | ૨૭૫ |
| ૬ | દાંતિવાડા | ૧૮ | ૧૨ | ૩૦ |
| ૭ | દાંતા | ૩૭ | ૨૩ | ૬૦ |
| ૮ | ભાભર | ૧૭ | ૧૧ | ૨૮ |
| ૯ | ધાનેરા | ૨૩ | ૧૨ | ૩૫ |
| ૧૦ | થરાદ | ૩૯ | ૨૫ | ૬૪ |
| ૧૧ | વાવ | ૨૪ | ૨૧ | ૪૫ |
| ૧૨ | વડગામ | ૯૮ | ૬૩ | ૧૬૧ |
| | કુલ | ૭૪૧ | ૪૩૭ | ૧૧૭૮ |

(૨) ૪૩૬ મંજૂર

આવી, કેટલી નામંજૂર કરવામાં આવી અને કેટલીનો નિર્ણય બાકીમાં છે,

૫૯૭ ના મંજુર
૧૪૫ અરજીઓ ચકાસણી હેઠળ હોઈ, નિર્ણય માટે બાકી છે.

(૩) મંજૂર થયેલી અરજીઓમાં કેટલાને વિધવા સહાયની કેટલી રકમ ચૂકવવામાં આવી, કેટલાને ચૂકવવાની બાકી છે, અને

(૩) ૩૬૦ અરજીઓમાં ૩.૮૬ લાખની રકમ ચુકવવામાં આવી. ૭૬ લાભાર્થીઓને સહાય ચુકવવાની બાકી છે.

(૪) સમયસર વિધવા પેન્શન નહી ચૂકવવાના શાં કારણો છે?

(૪) મંજુર અરજીઓના અરજદારોને બચતખાતા ખોલાવવા માટે જાણ કરવામાં આવેલ છે. તેવા લાભાર્થીઓના પોસ્ટઓફિસમાં બચતખાતા ખોલવાના બાકી હોવાના કારણે બાકી છે. ટૂંક સમયમાં જ ખાતા ખોલાવડાવી સહાય ચુકવવામાં આવશે.

----------

### વડોદરા જિલ્લાની આંગણવાડીમાં બાકી ચૂકવવાની રકમ

૧૧૨૬૫ **શ્રી યોગેશભાઈ ના. પટેલ (રાવપુરા) :માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) છેલ્લા ૨૦૦૧-૦૪ સુધી વડોદરા શહેર અને જિલ્લાની આંગણવાડીઓમાં બાળકોને નાસ્તા માટે અપાતી રકમ નથી ચૂકવાઈ તે હકીકત સાચી છે, અને

**જવાબ**

(૧) ના જી,
રાજ્ય સરકાર તરફથી વર્ષોવર્ષ ૨૦૦૧-૦૨, ૨૦૦૨-૦૩, ૨૦૦૩-૦૪ માં વડોદરા જિલ્લામાં મ્યુનિસિપલ કોર્પોરેશન અને બિનસરકારી સંસ્થાઓ માટે નીચે મુજબ ગ્રાન્ટ આપવામાં આવી છે.

| | ૨૦૦૧-૦૨ | ૨૦૦૨-૦૩ | ૨૦૦૩-૦૪ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| જિ.પં | ૮૦.૧૩ | ૫૦.૦૦ | ૩૦.૮૫ |
| મ્યુનિ.કોર્પો | ૪૪.૯૦ | ૩૬.૦૦ | ૨૭.૪૧ |
| બિનસરકારી સ્વૈ.સંસ્થા | ૧૫.૫૪ | ૧૯.૯૦ | ૧૯.૫૫ |
| | **૧૪૦.૫૭** | **૧૦૫.૯૯** | **૭૭.૮૧** |

(૨) જો હા, તો કેટલી રકમ ચૂકવવાની બાકી છે?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

----------

### કાયદા વિભાગ અને તેની સંલગ્ન કચેરીમાં અનુસૂચિત જનજાતિની જગ્યાએ નિમણૂંક કરવા અંગે

૧૨૪૦૯ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ કાયદા વિભાગ તથા તેને સંલગ્ન વિભાગ/ખાતામાં સેકશન અધિકારી (કાયદા)ની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

**જવાબ**

(૧) ૧૭ (સત્તર) જગ્યાઓ

(૨) આ પૈકી આ સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) ૫ (પાંચ)

(૩) ખાલી જગ્યાઓમાં અનુ.જનજાતિની કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે,

(૩) ૨ (બે) જગ્યાઓ ખાલી છે. જે પૈકી ૧(એક) જગ્યા તા. ૧૭-૪-૦૩ થી ખાલી અને ૧(એક) જગ્યા તા. ૩૦-૬-૦૪ થી ખાલી છે.

(૪) સરકારે ખાલી જગ્યાઓ ક્યારે ભરવા આયોજન કરેલ છે,

(૪) નિયમોનુસાર બઢતી માટે લાયક કર્મચારીઓ ઉપલબ્ધ થયેથી.

(૫) અનુસૂચિત જનજાતિના નાયબ સેકશન અધિકારીઓથી બઢતી આપીને કેટલી જગ્યાઓ

(૫) ૨ (બે) જગ્યાઓ ભરવાની થાય છે, જે પૈકી ૧ (એક) જગ્યા તા. ૧૭-૪-૦૩ થી તથા

ક્યારથી ભરવાની થાય છે. અને
(૬) આ જગ્યાઓ નહિ ભરવાના શાં કારણો છે?

૧(એક) જગ્યા ૩૦-૬-૦૪ થી.
(૬) બઢતી માટે લાયક કર્મચારીઓ ઉપલબ્ધ ન થવાથી.

----------

**વેચાણવેરા ખાતામાં નાયબ કમિશનરના ગેરવર્તન અંગે**

૧૧૬૬૧ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન વેચાણવેરા ખાતાના નાયબ કમિશનરો સામે ગેરવર્તન અંગે કેટલી ફરિયાદો મળેલ છે, અને
(૨) આ ફરિયાદો અન્વયે સરકાર દ્વારા શા પગલાં ભરવામાં આવ્યાં ?

**જવાબ**

(૧) પાંચ
(૨)-- બે ફરિયાદ પ્રાથિમક તપાસ હેઠળ છે.
-- બે ફરિયાદ પ્રકરણો પ્રાથમિક તપાસના અંતે બંધ કરવામાં આવેલ છે.
-- એક ફરિયાદમાં ખાતાકીય તપાસ હાથ ધરવાનો નિર્ણય લીધેલ છે.

----------

**કાયદા વિભાગ અને તેની સંલગ્ન કચેરીઓમાં ફિક્સ પગારની જગ્યાઓ અંગે**

૧૨૬૨૩ **શ્રી કરસનભાઈ ભી. પટેલ (ગણદેવી) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) કરકસર નીતિ પ્રમાણે હાલમાં સરકારમાં વર્ગ-૩ અને વર્ગ-૪ની સીધી ભરતીની જગ્યાઓ માટે ફિક્સ પગાર આપવામાં આવે છે તે વાત સાચી છે,
(૨) જો હા, તો આ ધોરણો કાયદા વિભાગમાં અને તેના હસ્તકની કચેરીઓમાં અમલ કરાવવા માંગો છો, અને
(૩) જો ના, તો તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧) હા, જી.
(૨) હા, જી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**અલંગશીપ બ્રેકીંગ ઈન્ડસ્ટ્રીઝ ભાવનગરના કામદારોના બાળકોના અભ્યાસ અંગે**

૧૧૪૬૨ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

અલંગશીપ બ્રેકીંગ ઈન્ડસ્ટ્રીઝ ભાવનગરના કામદારેના બાળકોના અભ્યાસ માટે તા. ૩૧-૧-૦૫ ની સ્થિતિએ સરકારે શી શી કાર્યવાહી કરેલ છે?

**જવાબ**

બાળકોના અભ્યાસ માટે જિલ્લા શિક્ષણ સમિતિ ભાવનગરની એક અને એક ખાનગી પ્રાથમિક શાળા હાલ કાર્યરત છે.

----------

**મહેસાણા જિલ્લાની શાળાઓમાં ગેરરીતિ અંગે તપાસ**

૧૧૯૬૮ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલી ગ્રાન્ટેબલ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ગેરરીતિઓ સંદર્ભે તપાસ કરવામાં આવી,
(૨) કેટલી શાળાઓમાં કઈ કઈ ગેરરીતિ પકડાઈ, અને

**જવાબ**

(૧) ૨૬૦ શાળાઓ
(૨) ૨૧ શાળાઓમાં નીચે મુજબની ક્ષતિઓ જોવા મળેલ છે.
(અ) શાળા લાયક મકાનનો અભાવ
(બ) પર્યાપ્ત શૈક્ષણિક સુવિધાઓનો અભાવ

(ક) ભૌતિક સુવિધાઓનો અભાવ
(ડ) શૈક્ષણિક અનિયમિતતાઓ

(૩) સરકારે આ શાળાઓ સામે શાં પગલાં લીધાં ?

(૩) આચાર્યોએ અને સંચાલકોએ અનિયમિતતા દૂર કરવા બાંહેધરી આપેલ છે.

----------

## ખેડા જિલ્લામાં વિદ્યાસહાયકોની ખાલી જગ્યાઓ

૧૧૩૫૭ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વિદ્યાસહાયકોની ભરતી તાલુકાવાર કેટલી કરવામાં આવી, અને

(૨) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ હજુ કેટલી જગ્યાઓ ભરવાની થાય છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકા | નિમણૂંક કરેલ વિદ્યાસહાયક |
|---|---|---|
| ૧. | મહુધા | ૫૩ |
| ૨. | નડીયાદ | ૬૬ |
| ૩. | કઠલાલ | ૩૧ |
| ૪. | કપડવંજ | ૫૧ |
| ૫. | માતર | ૧૨૨ |
| ૬. | મહેમદાવાદ | ૩૯ |
| ૭. | ખેડા | ૪૦ |
| ૮. | ઠાસરા | ૧૦૮ |
| ૯. | વીરપુર | ૧૯ |
| ૧૦. | બાલાસિનોર | ૩૬ |
| | કુલ | ૫૬૫ |

(૨) ૨૫૭.

----------

## કેન્દ્ર સરકારને પરત ચૂકવેલ રકમ અને વ્યાજ ચૂકવણી અંગે

૧૧૫૫૫ **શ્રી પુનાભાઈ ધે. ગામીત (વ્યારા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી, ૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેટલી રકમોની પરત ચૂકવણી કેન્દ્રને કરવામાં આવી અને કેટલી રકમોની માર્કેટ લોનોની પરત ચૂકવણી કરવામાં આવી,

(૨) આ બંને માટે કુલ કેટલી રકમની વ્યાજ ચૂકવણી કરવામાં આવી, અને

(૩) રીઝર્વ બેન્કને સાધનોપાય પેશગીઓની પરત ચૂકવણી માટે આ સમયગાળામાં કુલ કેટલી રકમો ચૂકવવામાં આવી અને ક્યારે ?

**જવાબ**

(૧) કેન્દ્રીય લોનની રૂા. ૮૯૩૧.૯૪ કરોડ અને માર્કેટ લોનની રૂા. ૩૪૭.૧૩ કરોડની પરત ચૂકવણી કરવામાં આવી.

(૨) આ બંને માટે રૂા. ૪૦૪૨.૨૯ કરોડ વ્યાજની ચૂકવણી કરવામાં આવી.

(૩) તા. ૩૧-૧-૨૦૦૩ થી. ૩૧-૧-૨૦૦૫ સુધીના બે વર્ષ, દરમ્યાન સાધનોપાય પેશગીઓની પરત ચૂકવણી માટે રૂપિયા ૯૬૪૧.૬૪ કરોડની ચૂકવણી કરવામાં આવી.

----------

## લાઠી તાલુકાની શ્રી શિશુમંદિર ટ્રસ્ટ શેખપીપરીયા શાળાને ધોરણ-૧૧ની મંજૂરી અંગે

૧૧૨૫૬ **શ્રી બેચરભાઇ વિ. ભાદાણી (લાઠી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) શ્રી શિશુમંદિર ટ્રસ્ટ- શેખપીપરીયા, તા. લાઠી, જિ. અમરેલી દ્વારા સ્વ. કે. ડી. ભાદાણી હાઈસ્કૂલ નોનગ્રાન્ટેડ હાઈસ્કૂલ હોવા છતાં ચાલુ સાલે નોનગ્રાન્ટેડ ધોરણ-૧૧ની મંજૂરી માગેલ અને તે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલીના અભિપ્રાય હોવા છતાં ના મંજૂર કરવામાં આવેલ

**જવાબ**

(૧) સ્વ. કે. ડી. ભાદાણી હાઈસ્કૂલ તરફથી ધોરણ-૧૧ની નોનગ્રાન્ટેડની માંગણી આવેલ નથી.

| | |
|---|---|
| આ વાત સાચી છે, અને | |
| (૨) જો હા, તો અપીલની તારીખ મળ્યા પહેલાં ધારણ-૧૧ની મંજૂરી વહેલા આપવાનાં કારણો શાં છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**ગાંધીનગર જિલ્લામાં ડી.પી.ઈ.પી. યોજના અન્વયે શાળા રીપેરીંગ તેમજ સુવિધાઓ**

૧૨૮૪૫ **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર ડી.પી.ઈ.પી. યોજના હેઠળ સને ૨૦૦૪ના વર્ષમાં નવા રૂમો/સીમ શાળાઓ/રીપેરીંગ અને બીજી અન્ય સુવિધાઓ પૂરી પાડવાની કેટલી અરજીઓ આવી છે, | (૧) ગાંધીનગર જિલ્લાનો સમાવેશ ડી.પી.ઈ.પી. અંતર્ગત થયેલ ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) આ પૈકી કેટલી મંજૂર થઈ અને કેટલી બાકી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ સુવિધાઓ કેટલા સમયમાં પૂરી કરવાનું આયોજન છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------------

**ઉના તાલુકામાં શાળાના વર્ગો વધારવાની મંજૂરી**

૧૧૨૭૮ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | **જવાબ** |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના ઉના તાલુકામાં આવેલ સરકારી ગ્રાન્ટ વાળી શાળાઓમાં ધો. ૧૧ તથા ધો.૧૨ના વર્ગો વધારવાની કેટલી માંગણીઓ છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં સરકારને મળી, | (૧) એક પણ નહિ. |
| (૨) મળેલ રજૂઆત અન્વયે સરકારે શી કાર્યવાહી કરી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) વર્ગોની મંજૂરી આપવામાં આવી છે કે કેમ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**કચ્છ જિલ્લાની ડિપ્લોમા/ડીગ્રી પોલીટેકનીકના મકાનના સમારકામ અંગે**

૧૨૭૯૭ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાની પોલીટેકનીક ડીપ્લોમા અને ડીગ્રી કોલેજ ભૂજને નુકસાન થયા બાદ આ મકાનોની કામગીરી તા. ૩૧/૧/૦૫ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૧) તા. ૩૧/૧/૦૫ની સ્થિતિએ પોલીટેકનીક સંકુલના મકાનો તથા ઈજનેરી કોલેજ સંકુલના મકાનોનું પુનઃબાંધકામ પ્રગતિ હેઠળ છે. |
| (૨) આ મકાનોમાં કેટલું નુકશાન અંદાજવામાં આવ્યું હતું, થયેલ નુકશાન પેટે આ સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે, અને | (૨) રૂા. ૧૬૮.૨૫ લાખ<br>છેલ્લા ત્રણ વર્ષમાં ફાળવેલ ગ્રાન્ટ :-<br>૨૦૦૨-૨૦૦૩ - --<br>૨૦૦૩-૨૦૦૪ - રૂા. ૧૯ લાખ<br>૨૦૦૪-૨૦૦૫ - રૂા. ૨૫૦ લાખ |
| (૩) કયાં સુધીમા આ કામગીરી પૂર્ણ કરવામાં આવશે? | (૩) ૨૦૦૫-૨૦૦૬ના વર્ષ સુધીમાં કામ પૂરૂ થવાની શકયતા છે. |

--------------

**રાજ્યના દરેક તાલુકા મથકે વિજ્ઞાન પ્રવાહની શાળા કાર્યરત કરવા અંગે**

૧૧૨૯૧ **શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા (હળવદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ રાજ્યમાં વિજ્ઞાન પ્રવાહની કુલ શાળાઓ કેટલી, | (૧) ૬૬૮ ( છસો અડસઠ ) |
| (૨) દરેક તાલુકા મથકે વિજ્ઞાન પ્રવાહની શાળા કાર્યરત છે કે કેમ, અને | (૨) ના, જી. |
| (૩) જો ના, તો આવા તાલુકામાં વિજ્ઞાન પ્રવાહની શાળા ચાલુ કરવા માટે રાજ્ય સરકારનું કોઈ આયોજન છે કે કેમ? | (૩) આવા તાલુકાઓમાંથી વિજ્ઞાન પ્રવાહની શાળા ચાલુ કરવા માટે દરખાસ્ત કરવામાં આવશે તો આ અંગે વિચારણા કરવામાં આવશે. |

--------------

**રાજુલા અને જાફરાબાદના અગરીયા વિસ્તારમાં શાળાના રુમો બનાવવા અંગે**

૧૧૩૩૧ **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ રાજુલા-જાફરાબાદ વિસ્તારમાં મીઠા ઉદ્યોગ સાથે સંકળાયેલ અગરીયાઓના બાળકો માટે અગરીયા વિસ્તારોમાં પ્રાથમિક શાળાનાં રુમો બનાવવા માટે આયોજન હાથ ધરાયેલ છે, તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કયાં-ગામો માટેના કેટલા કેટલા રુમો મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) પત્રક-૧ મુજબ. |
| (૩) મંજૂર કરાયેલ વર્ગખંડોનું કામ કયારે શરુ કરવામાં આવશે ? | (૩) જેમ બને તેમ જલ્દી. |

**પત્રક : ૧**

**અમરેલી જિલ્લાના મીઠા અગરીયા વિસ્તારમાં મંજૂર કરેલ ઓરડા**

| ક્રમ | તાલુકો | ગામનુ નામ | શાળાનું નામ | ઓરડાની સખ્યા |
|---|---|---|---|---|
| ૧ | રાજુલા | સમઢીયાળા | સમઢીયાળા | ૩ |
| | | ભેરાઈ | ભેરાઈ | ૩ |
| | | પીપાવાવ | પીપાવાવ | ૪ |
| | | નિંગાળા | નિંગાળા | ૨ |
| | | ખેરા | ખેરા | ૧ |
| | | પટવા | પટવા | ૧ |
| | | કથીવદર | કથીવદર | ૨ |
| | | વીશળીયા | વીશળીયા | ૪ |
| | | ચાંચ | ચાંચ | ૮ |
| | | કડીયાળી | કડીયાળી | ૧ |
| | | વિકટર | વિકટર | ૧ |
| ૨ | જાફરાબાદ | જાફરાબાદ | સાગર શાળા | ૧ |
| | | | ધારા બંદર | ૧ |
| | | કુલ | | ૩૨ |

----------

## જામનગર જિલ્લામાં શિક્ષકોની ઘટ

૧૧૩૫૧ **શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં કેટલા વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવી, | (૧) ૧૩૧૬ |
| (૨) આ સમયમાં કેટલા શિક્ષકોની ઘટ છે, અને | (૨) ૨૪ |
| (૩) આ ઘટ નિવારવા શું આયોજન કરેલ છે ? | (૩) નવી જગ્યાઓ મંજૂર થયેથી ઘટ નિવારવામાં આવશે. |

## નર્મદા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ

**૧૧૩૧૭ શ્રી મહેશભાઈ છો. વસાવા (દેડિયાપાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં કુલ કેટલા પ્રાથમિક શિક્ષકોની ડિસેમ્બર-૨૦૦૪ ની સ્થિતિએ ઘટ છે, | (૧) ૭૭ |
| (૨) કયા કયા તાલુકામાં કેટલા શિક્ષકોની ઘટ છે, | (૨) નાંદોદ- ૧૪<br>તિલકવાડા- ૪<br>સાગબારા- ૧૮<br>ડેડિયાપાડા- ૪૧ |
| (૩) આ ઘટ રહેવાનાં શાં કારણો છે, અને | (૩) ચાલુ શૈક્ષણિક વર્ષમાં વધારાના વિદ્યાર્થીઓના પ્રવેશના કારણે ઘટ ઉભી થવા પામી છે. |
| (૪) સરકાર આ ઘટ કેટલા સમયમાં ભરવા માંગે છે ? | (૪) નવી શિક્ષક જગાઓ મંજૂરી કરીને જેમ બને તેમ જલ્દી આ ઘટ ભરવામાં આવશે. |

-----------

## ભાવનગર જિલ્લામાં વેચાણવેરાની આવક

૧૧૩૩૪ **ડૉ.કનુભાઇ કળસરિયા (મહુવા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૧-૧-૦૪ થી તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં તાલુકા દીઠ વેચાણવેરાની કેટલી આવક થઈ,

(૧)

| તાલુકાનું નામ | આવક રૂ. કરોડમાં |
|---|---|
| ભાવનગર | ૧૩૯.૫૦ |
| ઘોઘા | ૩.૦૫ |
| શિહોર | ૧૦.૨૦ |
| વલ્લભીપુર | ૦.૧૦ |
| મહુવા | ૩.૪૦ |
| તળાજા | ૨.૧૨ |
| પાલીતાણા | ૦.૪૬ |
| બોટાદ | ૩.૦૩ |
| ગઢડા | ૧.૩૫ |
| ગારીયાધાર | ૦.૩૧ |
| ઉમરાળા | ૦.૧૪ |

(૨) ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં વેચાણવેરાના તા. ૧-૧-૦૪ થી તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં કેટલા કેસો કરવામાં આવ્યા, અને

(૨) ૩૦૪ આકારણીના કેસો.

(૩) તે કેસોમાંથી કેટલી આવક થઈ ?

(૩) રૂ. ૨,૪૬,૪૨૧

----------

## ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામ અંગે

૧૧૩૦૪ **શ્રી રાકેશ રાવ (માતર) : માનનીય શિક્ષણમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી ૨૦૦૫ની સ્થિતિએ ગુજરાત રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષનું ધોરણ-૧૨નું વિજ્ઞાન પ્રવાહનું પરિણામ કેટલા ટકા આવ્યું છે,

(૨) વિજ્ઞાન પ્રવાહના પરીણામમાં સતત ઘટતી જતી ટકાવારી પાછળ કયા કારણો જવાબદાર છે, અને

(૩) વિજ્ઞાન પ્રવાહનું પરિણામ સારું આવે તે માટે રાજ્ય સરકાર કેવા પ્રકારના પગલાં લઇ રહી છે ?

**જવાબ**

(૧) માર્ચ-૨૦૦૨ ૫૪.૩૯%
માર્ચ-૨૦૦૩ ૪૨.૮૧%
માર્ચ-૨૦૦૪ ૫૧.૧૬%

(૨) પરિણામની ટકાવારીમાં સતત ઘટાડો થયેલ નથી.

(૩) ૧. પરિણામમમાં સુધારો થયેલ છે પરંતુ પરિણામ ઉચું લઈ જવા માટે નીચે મુજબના પગલા ભરવામાં આવેલ છે.

- જુન-૨૦૦૫થી પ્રશ્નપત્રના નવા પરિરૂપનો અમલ.
- શિક્ષકોને તાલીમ.
- અભ્યાસક્રમમાં ફેરફાર.
- નબળા પરિણામ મેળવતી શાળાઓને અલગ તારવી નિદાનાત્મક અને ઉપચારાત્મક કાર્યવાહી.
- સંશોધન કાર્ય હાથ ધરી ભલામણો અનુસાર કાર્યવાહી.
- પ્રશ્નબેંક તૈયાર કરેલ છે.
- શાળાઓમાં વધુ કસોટીઓ રાખી પરીક્ષાનો ડર દૂર કરવાનો પ્રયત્ન.

----------

## રાજ્ય સરકારને એડીશનલ ટેક્ષની થયેલ આવક

૧૨૦૭૩ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ભૂકંપને અનુલક્ષીને કેન્દ્ર સરકારે અને રાજ્ય સરકારે લાદેલ એડીશનલ ટેક્ષની કેટલી રકમો ડિસેમ્બર-૦૪ સુધીમાં છેલ્લા બે વર્ષમાં સરકારને પ્રાપ્ત થઇ,

(૨) કયા કયા વર્ષમાં કેટલી રકમો પ્રાપ્ત થઇ, અને

(૩) આ રકમોનું રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) રૂા. ૨૪૨.૪૧ કરોડ.

(૨) ૨૦૦૨-૨૦૦૩માં રૂા. ૨૪૨.૪૧ કરોડ પ્રાપ્ત થયેલ છે. ૨૦૦૩-૨૦૦૪માં કોઇ રકમ પ્રાપ્ત થયેલ નથી.

(૩) ભૂકંપગ્રસ્ત ક્ષેત્રોમાં રાહત અને પુનર્વસન માટે ખર્ચ કરવામાં આવેલ છે.

----------

## મંત્રીમંડળના હંગામી કર્મચારીઓને હક્ક રજાનું રોકડમાં રૂપાંતર કરવાનું આયોજન

૧૧૬૭૯ **શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યના સરકારી કર્મચારીઓને નિવૃત્તિ પ્રસંગે કેટલી હક્ક રજાનું રૂપાંતર કરવાની મંજૂરી આપવામાં આવે છે,

**જવાબ**

(૧) ગુજરાત મુલ્કી સેવા રજા નિયમો-૨૦૦૨ના નિયમ-૬૪ની જોગવાઇ મુજબ સરકારી કર્મચારીને નિવૃત્તિ પ્રસંગે તેમના ખાતે જમા હક્ક રજાઓનું વધુમાં વધુ ૩૦૦ હક્ક રજાઓની મર્યાદામાં રોકડમાં રૂપાંતર કરવાની મંજૂરી આપવામાં આવે

છે.

| | |
|---|---|
| (૨) તે અન્વયે મંત્રીમંડળમાં તદ્દન હંગામી ધોરણે અને નિયમોમાં છૂટછાટ મૂકી ફરજ બજાવતા કર્મચારીઓને તેમની હક્ક રજાનું રોકડમાં રૂપાંતર આપવાની શું પધ્ધતિ છે, અને | (૨) મંત્રીમંડળમાં તદ્દન હંગામી ધોરણે અને નિયમોમાં છૂટછાટ મૂકી ફરજ બજાવતા કર્મચારીઓને ગુજરાત મુલ્કી સેવા રજા નિયમો-૨૦૦૨ના નિયમ-૬૪ની જોગવાઇ મુજબ તેમના ખાતે જમા હક્ક રજાનું રોકડમાં રૂપાંતર કરવાની મંજૂરી આપવામાં આવે છે. |
| (૩) આવા સીધી ભરતીના તદ્દન હંગામી કર્મચારીઓને ઉપરોકત નિયમમાં ખાસ કિસ્સામાં છૂટછાટ આપવા સરકારે શું આયોજન કરેલ છે ? | (૩) આ બાબતે કરવામાં આવેલ રજુઆત સરકારશ્રીની વિચારણા હેઠળ છે. |

----------

**રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં બોગસ પ્રમાણપત્ર દ્વારા શિક્ષકોની નિમણૂંક**

૧૧૮૪૮ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં જુદી જુદી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં રાજ્ય બહારની અમાન્ય યુનિવર્સિટીના બોગસ પ્રમાણપત્રને આધારે નોકરી મેળવી લેવાનું કૌભાંડ સરકારના ધ્યાને આવ્યું છે, તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો, હા, તો આ અંગેની વિગતો શું છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બોગસ પ્રમાણપત્રને આધારે નોકરી મેળવનારા શિક્ષકોની સંખ્યા કેટલી છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આ શિક્ષકો સામે સરકારે શું પગલાં લીધા છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**ઉમરગામ તાલુકામાં વધારે આંગણવાડીઓની મંજૂરી**

૧૧૩૫૦ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ(પારડી) :માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં વસ્તીના ધોરણે ૧૬૬ આંગણવાડીઓ મળવા પાત્ર છે જે સરકાર જાણે છે કે કેમ, અને | (૧) અને (૨) સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત વસ્તીના ધોરણે આંગણવાડી મંજુર કરવાની સત્તા કેન્દ્ર સરકારશ્રીને છે આથી વલસાડ જિલ્લાની વધારાની આંગણવાડીઓની જરૂરીયાત પ્રમાણે કેન્દ્ર સરકારને દરખાસ્ત કરવામાં આવેલી છે. |
| (૨) જો હા, તો આ આંગણવાડીની મંજૂરી આપવા શી કાર્યવાહી સરકારે કરી છે ? | |

----------

**નવસારી જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની ઘટ**

૧૧૬૬૭ **શ્રી આર. સી. પટેલ (જલાલપોર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧/૦૫ની સ્થિતિએ નવસારી જિલ્લામાં કેટલા પ્રાથમિક શિક્ષકોની ઘટ છે, અને | (૧) ૯૪ |
| (૨) આ ઘટ પુરવા શું આયોજન કરેલ છે ? | (૨) નવી જગ્યાઓ મંજૂર થયેથી ઘટ દૂર કરવામાં આવશે. |

----------

**પડધરી ટંકારા અને મોરબી તાલુકામાં વિધવા મહિલા સહાયના પડતર કેસ**

૧૧૨૮૪ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં વિધવા મહિલાઓના તારીખ ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ કેટલા પેન્શન કેસો પડતર છે, | (૧) ૩૦૨ અરજીઓ. |
| (૨) પડધરી-ટંકારા અને મોરબી તાલુકામાં તારીખ ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિધવા મહિલાઓને પેન્શનના કેસોમાં કેટલી રકમ ચૂકવવાની બાકી છે, અને | (૨) કોઈ રકમ ચૂકવવાની બાકી નથી. |
| (૩) આવી પેન્શન રકમ દર મહિને ચુકવાય તે માટે સરકારે શું આયોજન કરેલ છે ? | (૩) સહાયની રકમ દર મહિને લાભાર્થીના પોસ્ટ ઓફિસ બચત ખાતામાં જમા કરાવી લાભાર્થીઓને સહાય નિયમિતપણે ચૂકવવામાં આવી જ રહી છે. |

----------

**શાળાના શિક્ષકોના પ્રમાણપત્રની ચકાસણી**

૧૨૭૯૨ **શ્રી દીનુભાઈ બો. સોલંકી (કોડીનાર) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| શાળાઓમાં નોકરી મેળવતા શિક્ષકોના અસલ સર્ટીફિકેટોની ચકાસણી માટે હાલ કેવા પ્રકારની વ્યવસ્થા અમલમાં છે ? | વિદ્યાસહાયકોને નિમણૂંક બાદ તેમની અસલ માર્કશીટોની ચકાસણી સંબંધિત બોર્ડ/યુનિવર્સીટી સાથે કરાવવામાં આવે છે. બિન સરકારી માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની જગ્યાઓ માટે પસંદગી પામેલ ઉમેદવારોના અસલ પ્રમાણપત્રો ઈસ્યુ કરનાર ઓથોરીટી સાથે શાળામંડળે રૂબરૂમાં જઈ ખરાઈ કરાવી લેવાની સુચનાઓ અમલમાં છે જ્યારે સરકારી માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા ગુજરાત રાજ્ય બહારની યુનિવર્સિટીઓમાંથી ડીગ્રી મેળવેલ શિક્ષકો/કર્મચારીઓના ડીગ્રી પ્રમાણપત્રોની ખરાઈ/ચકાસણી કરાવી લેવા જિલ્લા શિક્ષણ અધિકારીઓને સૂચના અપાયેલ છે. |

----------

**કાયદા વિભાગ અને તેની સંલગ્ન કચેરીમાં અનુસૂચિત જનજાતિની જગ્યાએ નિમણૂંક કરવા અંગે**

૧૧૫૫૮ **શ્રી પરેશભાઈ ગો. વસાવા (નિઝર) :માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧/૦૫ની સ્થિતિએ કાયદા વિભાગ તથા તેને સંલગ્ન વિભાગ/ખાતાનાં સેકશન અધિકારી (કાયદા)ની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧) ૧૭ (સત્તર) જગ્યાઓ. |
| (૨) આ પૈકી આ સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, | (૨) ૫ (પાંચ) ખાલી. |
| (૩) ખાલી જગ્યાઓમાં અનુ. જનજાતિની કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, | (૩) ૨ (બે) જગ્યાઓ ખાલી છે, જે પૈકી<br>૧ (એક) જગ્યા તા. ૧૭-૪-૦૩થી ખાલી અને<br>૧ (એક) જગ્યા તા. ૩૦-૬-૦૪થી ખાલી છે. |
| (૪) સરકારે ખાલી જગ્યાઓ ક્યારે ભરવા આયોજન કરેલ છે, | (૪) નિયમોનુસાર બઢતી માટે લાયક કર્મચારીઓ ઉપલબ્ધ થયેથી. |
| (૫) અનુસૂચિત જનજાતિના નાયબ સેકશન અધિકારીઓથી બઢતી આપીને કેટલી જગ્યાઓ ક્યારથી ભરવાની થાય છે, અને | (૫) ૨ (બે) જગ્યાઓ ભરવાની થાય છે, જે પૈકી<br>૧ (એક) જગ્યા તા. ૧૭-૪-૦૩થી તથા<br>૧ (એક) જગ્યા તા. ૩૦-૬-૦૪થી. |
| (૬) આ જગ્યાઓ નહીં ભરવાના શાં કારણો છે ? | (૬) બઢતી માટે લાયક કર્મચારીઓ ઉપલબ્ધ ન થવાથી. |

**સાબરકાંઠા અને દાહોદ જિલ્લાની શાળાના વિદ્યાર્થીઓ શાળા છોડી જવા બાબત**

૧૧૯૫૯ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા અને દાહોદ જિલ્લામાં તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ ધોરણ ૧ થી ૭માં અભ્યાસ કરતા અધવચ્ચે શાળા છોડી જતા વિદ્યાર્થીઓની સંખ્યા જિલ્લાવાર કેટલી છે, અને | (૧) સને ૨૦૦૪-૦૫નું શૈક્ષણિક વર્ષ મે-૨૦૦૫માં પૂર્ણ થાય છે જે પૂર્ણ થયેથી માહિતી તારવવામાં આવશે. |
| (૨) આ દર ઘટાડવા અંગે આ સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારે જિલ્લાવાર કુલ કેટલો ખર્ચ કર્યો? | (૨) જિલ્લો — ખર્ચ<br>સાબરકાંઠા — ૬૯.૫૦ લાખ<br>દાહોદ — ૨૩૦.૫૩ લાખ |

---------------

**શિક્ષણ ક્ષેત્રે રાજ્યમાં બોગસ પ્રમાણપત્રથી નોકરી કરતાં શિક્ષકો તેમજ અધિકારીઓ સામે લીધેલ પગલાં**

૧૧૭૪૯ **શ્રી હરજીવન હી. પટેલ (ધાનેરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય બહારની યુનિવર્સિટીના બોગસ પ્રમાણપત્રને આધારે નોકરી કરતા ગુજરાતમાં જિલ્લા દીઠ કેટલાં શિક્ષકોને ઝડપી પાડ્યા, | (૧) કુલ--૧૮૬<br>(જિલ્લાવાર પત્રક-અ- મુજબ) |

પત્રક--અ

જિલ્લાદીઠ બોગસ સાબિત થયેલ શિક્ષકોની સંખ્યા દર્શાવતું પત્રક

| ક્રમ | જિલ્લાનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ (શ) | ૧૧ |
| ૨ | અમદાવાદ (ગ્રા) | ૦૩ |
| ૩ | બનાસકાંઠા | ૧૧ |
| ૪ | વડોદરા | ૧૭ |
| ૫ | ભાવનગર | ૦૩ |
| ૬ | ભરૂચ | ૦૬ |

| | | |
|---|---|---|
| ૭ | નર્મદા | ૦૦ |
| ૮ | વલસાડ | ૦૧ |
| ૯ | નવસારી | ૦૦ |
| ૧૦ | પંચમહાલ | ૩૦ |
| ૧૧ | દાહોદ | ૧૫ |
| ૧૨ | જૂનાગઢ | ૨૧ |
| ૧૩ | પોરબંદર | ૦૧ |
| ૧૪ | જામનગર | ૦૫ |
| ૧૫ | નડિયાદ | ૧૧ |
| ૧૬ | આણંદ | ૦૪ |
| ૧૭ | કચ્છ ભૂજ | ૦૦ |
| ૧૮ | મહેસાણા | ૦૭ |
| ૧૯ | પાટણ | ૦૨ |
| ૨૦ | રાજકોટ | ૧૪ |
| ૨૧ | હિંમતનગર | ૧૦ |
| ૨૨ | સુરત | ૦૧ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૦૪ |
| ૨૪ | ગાંધીનગર | ૦૭ |
| ૨૫ | ડાંગ-આહવા | ૦૦ |
| ૨૬ | અમરેલી | ૦૨ |
| | કુલ | ૧૮૬ |

(૨) આવા શિક્ષકો સામે શું શિક્ષાત્મક કાર્યવાહી કરી,

(૨) (અ) આવા શિક્ષકો સામે નોકરી સમાપ્ત કરવાની ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.
(બ) ફોજદારી કાર્યવાહી કરી.
(ક) સી. આઈ. ડી. ક્રાઈમને તપાસ સોંપી.

(૩) આવી કઈ કઈ યુનિવર્સિટીઓ છે કે જેનો બોગસ પ્રમાણપત્રોમાં ઉપયોગ થયો, અને

(૩) (અ) બુંદેલખંડ યુનિવર્સિટી, ઝાંસી
(બ) બરકતુલ્લા વિશ્વ વિદ્યાલય, ભોપાલ

(૪) આવા શિક્ષકોની ભરતી કરતી વખતે તે જિલ્લાના જવાબદાર અધિકારીઓએ ટ્રસ્ટ, મંડળો સામે સરકારે શું કાર્યવાહી કરી?

(૪) આ નિમણુંકો ઘણાં વરસોથી તબક્કાવાર થયેલ છે. નિમણુંક પામનાર શિક્ષકોએ અસલ પ્રમાણપત્રો રજુ કરેલ છે તે ખરેખર બોગસ છે કે કેમ તે જે તે રાજ્ય બહારની યુનિવર્સિટી સાથે ચકાસણી કરવામાં આવે તો જ જાણી શકાય. નિયમોમાં આવી કોઈ જોગવાઈ નથી તેથી રાજ્ય બહારની યુનિવર્સિટી સાથે નિમણુંક આપનાર અધિકારી ચકાસણી કરી શકે નહી તેવી સ્થિતિ હતી, તેથી કાર્યવાહી જરૂરી જણાયેલ નથી.

-----------

## પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે શિખવાતી ભાષાઓ

૧૨૪૧૪ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ ધોરણ ૧ થી ૭ સુધીમાં વિદ્યાર્થીઓને કુલ કેટલી અને કઈ કઈ ભાષા શીખવવામાં આવે છે, | (૧) ચાર<br>ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃત. |
| (૨) રાષ્ટ્રીય સ્તરે પ્રાથમિક શિક્ષણમાં વધારેમાં વધારે કેટલી ભાષા શીખવવી જોઈએ તે માટે કોઈ માર્ગદર્શિકા નક્કી થયેલ છે, અને | (૨) ના જી. |
| (૩) જો હા, તો તેની વિગત શું છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## ભાવનગરની ફાતિમા કોન્વેન્ટ શાળા શીફટીંગ અંગે

૧૨૮૪૭ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ભાવનગરની ફાતિમા કોન્વેન્ટ શાળાના પ્રાથમિક વિભાગમાં સને ૨૦૦૪ના નવા શરૂ થતા સત્રમાં બોમ્બે પ્રાયમરી એજ્યુકેશન એકટ અને રૂલ્સ અનુસારની જિલ્લા શિક્ષણાધિકારીની મંજૂરી મેળવ્યા વિના શીફટ કરવામાં આવેલ છે, તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો જિલ્લા શિક્ષણાધિકારીની મનાઈ હોવા છતાં તે કૃત્ય ચાલુ રાખવામાં આવેલ છે, તે અંગે રાજ્ય સરકારે શાં પગલાં લીધેલ છે?

**જવાબ**

(૧) તે જ શાળાના મકાનમાં પાળી પધ્ધતિ શરૂ કરેલ છે.

(૨) કારણ દર્શક નોટીસ આપેલ છે.

---------

## ભાવનગર જિલ્લામાં વિધવા પેન્શન સહાયના બાકી કેસ

૧૨૦૬૩ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં વિધવા પેન્શનના કેસ મંજૂર થયેલ હોય પરંતુ વિધવા સહાય ચુકવવાની બાકી હોય તેવા વર્ષ વાઈઝ અને તાલુકા વાઈઝ કેટલા કેસો છે, અને

(૨) જે વિધવા મહિલાઓને પેન્શન ચાલુ હોય પરંતુ તેમની ઉંમર ૪૦ વર્ષની થાય ત્યારે તેમને વિધવા પેન્શન બંધ કરવાનો સરકારે નિર્ણય કરેલ છે, વાત સાચી છે?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | ૨૦૦૩-૦૪ ના કેસો | ૨૦૦૪-૦૫ ના કેસો ૩૧-૧-૦૫ સુધીના |
|---|---|---|---|
| ૧ | ભાવનગર | ૩ | ૧૦૯ |
| ૨ | શીહોર | ૧ | ૧૫ |
| ૩ | ઘોઘા | ૦ | ૪ |
| ૪ | વલ્લભીપુર | ૨ | ૮ |
| ૫ | મહુવા | ૪ | ૩૪ |
| ૬ | તળાજા | ૦ | ૧૭ |
| ૭ | પાલીતાણા | ૦ | ૧૬ |
| ૮ | ગારીયાધાર | ૧ | ૩ |
| ૯ | ગઢડા | ૨ | ૧૨ |
| ૧૦ | બોટાદ | ૧ | ૧૬ |
| ૧૧ | ઉમરાળા | ૧ | ૪ |
| | કુલ... | **૧૫** | **૨૩૮** |

(૨) ૧૮ થી ૪૦ વર્ષની ઉમંરની વિધવા મહિલાઓને તાલીમ આપી સ્વરોજગાર માટે સાધન સહાય પૂરા પાડી પુનઃસ્થાપિત કરી તેઓને બે વર્ષ માટે સહાય આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

---------

## શાળાના બાળકોની વિમા સુરક્ષા

૧૨૭૭૨ **શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શાળાના બાળકોની વિમા સુરક્ષા માટે રાજ્ય સરકારે કોઈ યોજના હાથ ધરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ યોજનાની વિગતો શું છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાજ્યના પ્રાથમિક/માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓને અકસ્માતથી થતા અવસાન માટે વિમા રક્ષણ આપવા અંગેની યોજના "વિદ્યાદીપ વિમા યોજના" તરીકે ઓળખાય છે. જેમાં અકસ્માતથી અવસાન પામતા પ્રાથમિક/આશ્રમ શાળાના વિદ્યાર્થીના કિસ્સામાં રૂા. ૨૫,૦૦૦/- અને માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક

શાળાના વિદ્યાર્થીના કિસ્સામાં રૂા. ૫૦,૦૦૦/- તેમના વારસદારને આપવામાં આવે છે.

---------

**ટેકનીકલ શિક્ષણની ગુણવત્તા સુધારણા**

૧૨૭૭૮ **શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ (ગોધરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ ટેકનિકલ શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે રાજ્ય સરકાર શાં શાં પ્રયત્નો કરી રહી છે ? | ટેક્નીકલ શિક્ષણ માટે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે થતાં ફેરફારો અને ઉદ્યોગોમાં ઉભી થતી માંગને ધ્યાને લઈને ટેક્નીકલ શિક્ષણના અભ્યાસક્રમોના માળખામાં સુધારા કરવામાં આવી રહ્યા છે. |

---------

**રાજ્યમાં બોગસ પ્રમાણપત્ર દ્વારા વિદ્યાસહાયકોની નિમણૂકમાં થયેલ ગેરરીતિ**

૧૨૮૫૮ **ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ વિદ્યાસહાયક્ની થયેલ ભરતીમાં ખોટા સર્ટીફીકેટવાળા કેટલા કિસ્સા સરકારની ધ્યાનમાં આવેલ છે, | (૧) ૧૭. |
| (૨) વિદ્યાસહાયક્ની ભરતીમાં નેશનલ ગેઈમ્સમાં ભાગ લેનારને કેટલા ગુણ આપવામાં આવે છે, | (૨) ૫ ટકા ગુણ. |
| (૩) નેશનલ ગેઈમ્સના ખોટા સર્ટીફીકેટ મળવા અંગે કોઈ ફરિયાદ સરકારને મળી છે, અને | (૩) હા, જી. |
| (૪) શું શું પગલાં લીધાં? | (૪) ગાંધીનગરના આઠ અને ભાવનગરના ત્રણ સર્ટીફીકેટની ચકાસણી કરાવી છે. જે સર્ટીફીકેટ ખોટા જણાયા નથી. બાકીનાની ચકાસણીની કાર્યવાહી ચાલુમાં છે. |

-------------

**વેચાણવેરા ખાતામાં ૨૦ કરોડના કોમ્પ્યુટર હાર્ડવેરની ખરીદીમાં થયેલ ગેરરીતિ**

૧૧૨૭૬ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યના વેચાણવેરા ખાતામાં કમિશનરની સહી વિના ૨૦ કરોડના કોમ્પ્યુટર હાર્ડવેરની ખરીદીમાં આચરાયેલ ગેરરીતિથી સરકાર વાકેફ છે, | (૧) આ પ્રકારની ફરિયાદ સરકારશ્રીને પ્રાપ્ત થઇ છે. |
| (૨) જો હા, તો તેની વિગતો કઇ કઇ છે, આવી ખરીદી કોના હુકમથી થઇ, અને<br>(૩) જવાબદારો સામે સરકારે કયા પ્રકારના શિક્ષાત્મક પગલાંઓ લીધા ? | (૨) અને (૩)સરકારશ્રીને મળેલ ફરિયાદ તપાસ હેઠળ છે, તે પૂર્ણ થયેથી જરૂરી શિક્ષાત્મક પગલાં અંગે યોગ્ય નિર્ણય લઇ શકાશે. |

----------

**બનાસકાંઠા જિલ્લાની શાળાઓને ગ્રાન્ટેબલ કરવા અંગે મળેલ રજૂઆતો**

૧૧૪૩૪ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ નોન ગ્રાન્ટેડ કેટલી શાળાઓ છે, અને | (૧) પ્રાથમિક માધ્યમિક ઉચ્ચ. માધ્યમિક<br>૨૦૭ ૧૧૭ ૦૭ |
| (૨) નોન ગ્રાન્ટેડ શાળાઓને ગ્રાન્ટેડ કરવા માટે સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી રજૂઆતો મળી ? | (૨) પ્રાથમિક માધ્યમિક ઉચ્ચ. માધ્યમિક<br>એકપણ નહીં ૯ ૫ |

----------

**ધોરણ-૮ અને ૧૧ના નવા પાઠ્યપુસ્તકો સમયસર પ્રસિધ્ધ ન કરવા અંગે**

૧૧૪૬૬ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) ચાલુ સાલે ધો-૮ અને ૧૧ના નવા પાઠ્યપુસ્તકો ક્યારે પ્રસિધ્ધ કરી બજારમાં મુકવામાં આવ્યા, | (૧) ધોરણ-૮ના પાઠ્ય પુસ્તકો તા. ૧૩-૬-૦૪ના રોજ તથા ધોરણ-૧૧ના પાઠ્યપુસ્તકો તા.૨૫-૬-૦૪થી પ્રસિધ્ધ કરી બજારમાં મુકવામાં આવ્યા. |
| (૨) આવા પુસ્તકો બજારમાં ખૂબજ મોડા મૂકાવાથી ખાનગી પ્રકાશનોએ આ પુસ્તકો બજારમાં ઉંચા ભાવે વેચાણ માટે મૂક્યા તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૨) ના, જી. |
| (૩) જો હા, તો નવા પાઠ્યપુસ્તકો સમયસર પ્રસિધ્ધ ન થવાના કારણો શાં છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**રમત ગમત ક્ષેત્રે મહિલાઓ માટેની યોજના**

૧૨૭૮૭ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) :માનનીય રમત ગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) મહિલાઓ રમત ગમત ક્ષેત્રે સક્રિય રીતે ભાગ લે તે માટે કોઇ યોજના સરકાર દ્વારા તા. ૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ અમલમાં મૂકવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) જિલ્લા કક્ષાએ અને રાજ્ય કક્ષાએ પ્રતિવર્ષ યોજાતા મહિલા રમતોત્સવમાં નીચે મુજબની ૨૧ રમતોની સ્પર્ધાઓ યોજાય છે.<br>તરણ, ખો-ખો, કબડ્ડી, ટેબલ ટેનીસ, લોન ટેનિસ, બેડમિંટન, હેન્ડ બોલ, બાસ્કેટ બોલ, આર્ચરી, જિમ્નાસ્ટિક, ફેન્સિગ, બોલ બેડમિંટન, ક્રિકેટ, જૂડો, સોફ્ટ બોલ, હોકી, વોલી બોલ, યોગાસન, એથ્લેટિક્સ, દોરડાંખેંચ અને વેઇટ લિફટીંગ, વધુમાં રાષ્ટ્રીય કક્ષાની /શાળાકીય/ગ્રામિણ/મહિલા સ્પર્ધાઓમાં નીચે મુજબ શિષ્યવૃતિ આપવાની યોજના અમલમાં છે.<br>૧. રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેનાર/રાજ્ય કક્ષાએ પ્રથમ વિજેતા મહિલાને રૂા. ૪૮૦૦/-<br>૨. રાજ્ય કક્ષાએ દ્વિતીય વિજેતા મહિલાને રૂા. ૩૬૦૦/-<br>૩. રાષ્ટ્રીયકક્ષાએ તૃતીય વિજેતા મહિલાને રૂા. ૨૪૦૦/- |

----------

**રાજ્ય સરકારે વિકાસ માટે લીધેલ લોન અને વ્યાજના દર અંગે**

૧૧૩૨૨ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કઇ કઇ ગુજરાત વિકાસ લોનો લેવામાં આવી છે,<br>(૨) કેટલા વ્યાજના દરે, અને | (૧) અને (૨) પત્રક મુજબ |
| (૩) આ માટે કેટલી રકમોની ચૂકવણી કરવામાં આવે છે ? | (૩) આ લોનોની ચૂકવણી શરૂ થયેલ નથી. |

**પત્રક**
**વર્ષ-૨૦૦૩**

| અ.નં. | લોનનું નામ | લોનનો વ્યાજનો દર |
|---|---|---|
| ૧. | ૬.૯૫% ગુજરાત રાજ્ય વિકાસ લોન ૨૦૧૩ | ૬.૯૫ |
| ૨. | ૬.૭૫% ગુજરાત રાજ્ય વિકાસ લોન ૨૦૧૩ | ૬.૭૫ |
| ૩. | ૬.૪૦% ગુજરાત રાજ્ય વિકાસ લોન ૨૦૧૩ | ૬.૪૦ |
| ૪. | ૬.૩૫% ગુજરાત રાજ્ય વિકાસ લોન ૨૦૧૩ | ૬.૩૫ |
| ૫. | ૬.૨૦% ગુજરાત રાજ્ય વિકાસ લોન ૨૦૧૫ | ૬.૨૦ |
| ૬. | ૬.૦૦% ગુજરાત રાજ્ય સ્ટોક ૨૦૧૩ | ૬.૦૦ |
| ૭. | ૬.૨૦% ગુજરાત રાજ્ય વિકાસ લોન ૨૦૧૩ | ૬.૨૦ |
| ૮. | ૫.૮૫% ગુજરાત રાજ્ય વિકાસ લોન ૨૦૧૫ | ૫.૮૫ |

**વર્ષ-૨૦૦૪ (૩૧ ડિસેમ્બર, ૨૦૦૪ સુધી)**

| અ.નં. | લોનનું નામ | લોનનો વ્યાજનો દર |
|---|---|---|
| ૧. | ૫.૯૦% ગુજરાત રાજ્ય વિકાસ લોન ૨૦૧૭ | ૫.૯૦ |
| ૨. | ૫.૬૦% ગુજરાત રાજ્ય વિકાસ લોન ૨૦૧૪ | ૫.૬૦ |
| ૩. | ૫.૭૦% ગુજરાત રાજ્ય વિકાસ લોન ૨૦૧૪ | ૫.૭૦ |
| ૪. | ૬.૩૫% ગુજરાત રાજ્ય વિકાસ લોન ૨૦૧૩ | ૬.૩૫ |
| ૫. | ૭.૩૬% ગુજરાત રાજ્ય વિકાસ લોન ૨૦૧૪ | ૭.૩૬ |
| ૬. | ૭.૩૨% ગુજરાત રાજ્ય વિકાસ લોન ૨૦૧૪ | ૭.૩૨ |

----------

## રાજ્યમાં વિદ્યાસહાયકોની ભરતી

૧૧૬૫૯ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં કેટલા વિદ્યાસહાયકોની ભરતી તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ છે. | (૧) ૧૭૬૪૫. |
| (૨) વણ ભરાયેલ જગ્યા કેટલી બાકી રહેલ છે, અને | (૨) ૧૦૮૧૧. |
| (૩) બાકી રહેલ જગ્યા ક્યારે ભરવામાં આવશે ? | (૩) જેમ બને તેમ જલ્દી. |

----------

## જંબુસર તાલુકાના સ્તંભેશ્વર અને રૂપેશ્વર દેવસ્થાનના વિકાસ અંગે

૧૧૩૫૪ **શ્રી છત્રસિંહ પૂં. મોરી (જંબુસર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના સ્કંધ પુરાણના ઉલ્લેખ મુજબનું પૌરાણિક દેવસ્થાન સ્તંભેશ્વર અને રૂપેશ્વર મહાદેવના મંદિરોના વિકાસ માટે શું આયોજન કરવામાં આવેલ છે, અને | (૧) સરકાર સંચાલિત દેવસ્થાન ન હોવાથી વિકાસની જવાબદારી ટ્રસ્ટીઓની છે. |
| (૨) દર્શનાર્થીઓ અને પ્રવાસીઓ માટેની સગવડો પૂર્ણ કરવા માટે કોઇ આયોજન કરેલ છે કે કેમ ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**વિદ્યાલક્ષ્મી યોજના અન્વયે મળેલ લોક સહકાર અંગે**

૧૨૭૬૭ **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વિદ્યાલક્ષ્મી યોજના શું છે. આ યોજનાનો લાભ કોને મળે છે, અને | (૧) ૩૫ % થી નીચે સ્ત્રી શાક્ષરતાનો દર હોય તેવા ગામોની કન્યાઓ ધોરણ ૧ માં પ્રવેશ મેળવે તેઓને રૂા. ૧૦૦૦/-નો વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવે છે. આ બાળા ધોરણ ૭ નો અભ્યાસ પૂરો કરે, ત્યારે તેના વાલીને આ બોન્ડના નાણાં આપવામાં આવે છે. |
| (૨) આ યોજનામાં લોક સહકાર મળેલ છે કે કેમ? | (૨) હા, જી. |

----------

**ભરૂચ જિલ્લાની શાળામાં શિક્ષકો અને ઓરડાની ઘટ**

૧૨૮૪૦ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ ભરૂચ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ઓરડાની અને શિક્ષકોની કેટલી ઘટ છે, અને | (૧) ઓરડાઓની ઘટ-૪૨૭<br>શિક્ષકોની એકપણ ઘટ નથી. |
| (૨) આ ઓરડાઓની તથા શિક્ષકોની ઘટ પુરવા માટે સન ૨૦૦૫-૦૬ ના વર્ષમાં તાલુકાવાર કેટલા ખંડ, કઇ યોજના હેઠળ બાંધવાનું આયોજન કરેલ છે? | (૨) રાજ્ય કક્ષાની યોજના હેઠળ સન ૨૦૦૫-૦૬ ના વર્ષમાં પત્રક-૧ મુજબ ૧૧૦ ઓરડા બનાવવાનું આયોજન કરેલ છે.<br>શિક્ષકો માટે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**પત્રક-૧**

**ઓરડાઓના બાંધકામના આયોજનની વિગત દર્શાવતુ પત્રક**

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૦૫-૦૬નું આયોજન |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | આમોદ | ૦ |
| ૨ | અંકલેશ્વર | ૪૫ |
| ૩ | ભરૂચ | ૧૦ |
| ૪ | હાંસોટ | ૦ |
| ૫ | જંબુસર | ૪૫ |
| ૬ | વાગરા | ૦૫ |
| ૭ | વાલીયા | ૦૫ |
| ૮ | ઝઘડીયા | ૦ |
| | કુલ.. | ૧૧૦ |

----------

**ટોઈલેટ સાબુ માટે કેન્દ્રીય વેચાણવેરો ન ભરનાર એકમો**

૧૧૪૨૪ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નહાવાના ટોયલેટ સાબુનાં આંતર રાજ્ય વેચાણ માટે સેન્ટ્રલ સેલ્સટેક્ષમાં ઘટાડેલા દરની મુદત ૩૧-૩-૨૦૦૩નાં કે ૫છી પૂરી થયા છતાં કેટલાંક એકમો દ્વારા નીયત ૪ ટકાનો કેન્દ્રીય વેચાણવેરો ભરાયો નથી તે હકીકત સાચી છે, | (૧) તા. ૩૧-૩-૨૦૦૩ ૫છી પણ તા. ૧-૪-૨૦૦૩ થી ૭-૮-૨૦૦૫ સુધી રાહત અને રેમીશન સ્વરૂપે રાહત લંબાવી આપવામાં આવી હોવાથી, હકીકત સાચી નથી. |
| (૨) જો હા, તો કયા કયા એકમો દ્વારા નિયત ૪ ટકાના સેન્ટ્રલ સેલ્સટેક્ષ આંતર રાજ્ય વેચાણ સામે કેટલી રકમનાં વેચાણ અન્વયે ભરાયો નથી. | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૩) આંતર રાજ્ય વેચાણ સામે કેન્દ્રીય વેચાણવેરાના ઓછા દરનો લાભ કયા એકમોને ૨૦૦૨ એપ્રિલથી ૩૧ ડીસેમ્બર, ૨૦૦૪ સુધીમાં કેટ કેટલી રકમનાં વર્ષવાર વેચાણ સામે આપવામાં આવ્યો, અને

(૩)

| **એકમનું નામ** | નિરમા લી. | વીવીએફ લી. |
|---|---|---|
| ૨૦૦૨-૦૩ | ૩૨૦,૧૧,૨૨,૪૮૦ | ૧૮,૧૪,૬૫,૨૮૮ |
| ૨૦૦૩-૦૪ | ૩૬૭,૦૮,૧૬,૪૧૮ | ૧,૭૮,૮૪,૧૭૫ |
| ૨૦૦૪-૦૫ | ૩૬૫,૧૬,૦૭,૬૩૬ | ૮૪,૫૬,૭૭૬ |

(૪) નિયત કેન્દ્રીય વેચાણવેરો ન ભરનાર કયા કયા એકમો સામે દંડનીય કે વસુલાતની કામગીરી કરવામાં આવી?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

## રાજકોટ જિલ્લામાં સીન્ટેકસના શાળાના ઓરડા

૧૧૪૬૯ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ડીસે.-૨૦૦૪ની સ્થિતિએ રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષ દરમિયાન રાજકોટ જિલ્લામાં તાલુકાવાર સીન્ટેકસના કેટલા ઓરડાઓ મંજુર કર્યા,

(૨) તે પૈકી સીન્ટેકસના એક ઓરડાની કિંમત કેટલી છે, અને

(૩) કેટલા ઓરડાઓ હજુ ઊભા કરવાના બાકી છે?

**જવાબ**

(૧) ૧૧૧ ઓરડાઓ.

(૨) રૂા. ૧,૫૦,૦૦૦/-

(૩) તમામ ૧૧૧ ઓરડાઓના કામો પૂર્ણ થયેલ છે.

----------

## ઘોઘંબા તાલુકામાં પ્રાથમિક શાળાના ઓરડાની ઘટ

૧૧૩૪૬ **શ્રી ફતેસિંહ વ. ચૌહાણ (રાજગઢ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકામાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ પ્રાથમિક શાળાઓના કેટલા ઓરડાઓની ઘટ છે, અને

(૨) આ ઓરડાઓની ઘટ ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) ૨૦૨ ઓરડાની ઘટ છે.

(૨) જેમ બને તેમ જલ્દી.

----------

## ઉમરગામ તાલુકાની કોલેજના મકાનના બાંધકામ અંગે

૧૧૩૫૯ **શ્રી શંકરભાઈ મં. વારલી (ઉમરગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં વિનિયન અને વાણિજ્ય સરકારી કોલેજના બિલ્ડીંગ માટે જમીનની ફાળવણી ક્યારે કરવામાં આવી,

(૨) આ કોલેજ કયા મકાનમાં બેસે છે, અને

(૩) ફાળવેલ જમીન ઉપર સરકાર ક્યારે કોલેજના બિલ્ડીંગનું બાંધકામ શરૂ કરશે?

**જવાબ**

(૧) તા. ૨૦-૮-૦૧.

(૨) કે. ડી. બી. હાઈસ્કુલ, સરીગામના મકાનમાં.

(૩) જમીનનો કબજો સંભાળેલ છે અને બાંધકામ શક્ય તેટલી ઝડપથી પુરુ કરાશે.

----------

## વડોદરા જિલ્લામાં વિધવા સહાયના પડતર કેસો

૧૧૩૩૭ **શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ (સાવલી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલી વિધવા સહાયની અરજીઓ આવી,

**જવાબ**

(૧)

| | **તાલુકો** | **અરજીઓ** |
|---|---|---|
| (૧) | છોટા ઉદેપુર | ૮૧ |
| (૨) | કરજણ | ૮૯ |

| | | |
|---|---|---|
| (૩) | કવાંટ | ૬૬ |
| (૪) | સિનોર | ૩૫ |
| (૫) | જેતપુરપાવી | ૮૬ |
| (૬) | ડભોઈ | ૬૦ |
| (૭) | પાદરા | ૧૩૮ |
| (૮) | નસવાડી | ૧૮ |
| (૯) | સંખેડા | ૧૦૯ |
| (૧૦) | સાવલી | ૧૩૧ |
| (૧૧) | વાઘોડીયા | ૩૭ |
| (૧૨) | વડોદરા તાલુકો | ૧૦૫ |
| (૧૩) | વડોદરા શહેર | ૩૭૫ |
| | કુલ :- | ૧૩૩૦ |

| | |
|---|---|
| (૨) કેટલી અરજી મંજૂર થઈ, કેટલી રકમ ચૂકવાઈ, અને | (૨) ૨૩૭ અરજીઓ<br>રૂ. ૧૧.૧૨ લાખ |
| (૩) પડતર અરજીઓનો નિકાલ કરવા માટે સરકારનું શું આયોજન છે? | (૩) પડતર અરજીઓ ચકાસણી હેઠળ છે જેનો ચકાસણી કરી સત્વરે નિકાલ કરવામાં આવશે. |

----------

**જુનાગઢ જિલ્લાની કોર્ટોમાં બાંધકામના સુધારા-વધારા અંગે**

૧૧૪૨૬ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વેરાવળ ખાતે આવેલી ચાર ફાસ્ટ ટ્રેક કોર્ટનું જુનું કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા ચાર વર્ષથી ચાલુ છે. તે વાત ખરી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ કામ કેટલા સમયમાં પૂર્ણ કરવા માંગો છો, અને | (૨) ચાર ફાસ્ટ ટ્રેક કોર્ટસમાંથી બે ફાસ્ટ ટ્રેક કોર્ટસનું બાંધકામ પૂર્ણ થઈ ગયેલ છે. બાકીની બેનું બાંધકામ શક્ય તેટલું જલ્દી પૂર્ણ કરવામાં આવશે. |
| (૩) વેરાવળ સહિત જિલ્લાની કુલ-૬ તાલુકા કોર્ટોમાં જરૂરી સુવિધા મુજબ મુળ બિલ્ડીંગના ઉપરના ભાગે તાત્કાલિક બાંધકામ કરવા સરકાર માંગે છે કે કેમ? | (૩) ના, જી. |

----------

**રાજ્યમાં ફાસ્ટ ટ્રેક કોર્ટોના નવા ભવનો બનાવવા અંગે**

૧૨૭૫૮ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૧-૧-૦૫ની સ્થિતિએ કુલ કેટલી ફાસ્ટટ્રેક કોર્ટો શરુ થઈ છે, | (૧) ૧૬૫. |
| (૨) આ ફાસ્ટટ્રેક કોર્ટો માટે કેટલા તાલુકામાં નવા ભવનો બાંધવાનું આયોજન નક્કી થયું છે, અને | (૨) ૧૮. |
| (૩) તે પૈકી આ સ્થિતિએ કેટલા ભવનો પૂર્ણ થયા છે? | (૩) ૧. |

**ગીર અને કાંકરેજ ગાયોના સંવર્ધન પાછળ કરેલ ખર્ચ**

૧૧૬૭૧ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા): માનનીય ગૌસંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં ગીર અને કાંકરેજ ગાયોના સંવર્ધન માટે રાજ્ય સરકારે તા. ૩૧-ડિસેમ્બર ૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ કર્યો ? | રૂા. ૩૩,૯૨,૭૭૫/- |

--------------

**ભરૂચ જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની ખાલી જગ્યાઓ**

૧૧૨૬૦ **શ્રી રમેશભાઈ ના. મિસ્ત્રી (ભરૂચ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ભરૂચ જિલ્લામાં કેટલા પ્રાથમિક શિક્ષકોની જગ્યા તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ ખાલી છે, કયારે ખાલી જગ્યાઓ ભરવામાં આવશે ? | ૨૦૦<br>જેમ બને તેમ જલ્દી ભરવામાં આવશે. |

------------

**ગ્રેજ્યુએટ તાલીમી વિદ્યા સહાયકોને ઉંમરમાં છૂટછાટ મૂકવા અંગે**

૧૧૨૬૯ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ પ્રાથમિક શિક્ષકોની ભરતીમાં ગ્રેજ્યુએટ તાલિમી શિક્ષકોની ભરતીમાં છેલ્લા એક વર્ષમાં કેટલા માધ્યમિક શાળાની લાયકાતવાળા ઉમેદવારોને વિદ્યાસહાયક તરીકે લેવામાં આવ્યા છે, અને | (૧) ૭૭૫૧ |
| (૨) ગ્રેજ્યુએટ તાલિમી શિક્ષકોની ભરતીમાં વિદ્યાસહાયક તરીકે ઉમેદવારી માટેની વયમર્યાદામાં પી.ટી.સી.નાં ઉમેદવારો કરતા કોઈ છૂટછાટ મૂકવામાં આવી છે કે કેમ ? | (૨) ના, જી. |

--------------

**ઉચ્ચ ટેકનીકલ શિક્ષણ ક્ષેત્રે મહિલા પ્રોત્સાહનની યોજના**

૧૧૩૨૪ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ઉચ્ચ ટેકનીકલ શિક્ષણમાં મહિલાઓને પ્રોત્સાહિત કરવા છેલ્લા બે શૈક્ષણિક વર્ષમાં કઈ કઈ યોજનાઓ શરૂ કરવામાં આવી છે, અને | (૧) મહિલાઓ માટે કોઈ અલાયદી યોજનાઓ નથી પરંતુ ૨૦૦૪-૦૫ના વર્ષથી આટકોટ ખાતે ડીગ્રી ફાર્મસીના અભ્યાસક્રમવાળી કન્યાઓ માટેની સંસ્થા શરૂ થયેલ છે. |
| (૨) મહિલાઓએ કયા કયા વિષયોમાં રસ લઈ પ્રવેશ મેળવ્યા છે ? | (૨) મહિલાઓને જે વિષયમાં રસ પડે તેમાં પ્રવેશ મેળવે છે. |

--------------

**વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના અંગે ફાળવેલ રકમ**

૧૨૦૫૪ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૪-૦૫ માં વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના માટે જિલ્લાવાર કુલ કેટલી રકમની ફાળવણી કેટલી કન્યાઓ માટે કરવામાં આવી છે. | (૧) પત્રક-અ મુજબ |

(૨) ડીસેમ્બર, ૦૪ સુધીમાં કુલ કેટલી કન્યાઓને જિલ્લાવાર લાભ આપવામાં આવ્યો, અને

(૨) પત્રક-બ મુજબ.

(૩) આ સ્થિતિએ કુલ કેટલી આ અંગેની અરજીઓ પડતર છે ?

(૩) ૩૫ ટકા કરતાં ઓછી સાક્ષરતાવાળા ગામોમાં ધોરણ-૧ માં પ્રવેશ મેળવેલ કન્યાઓની યાદી મેળવી કન્યા દીઠ રૂા. ૧૦૦૦/- ના બોન્ડ ખરીદવામાં આવે છે અને જે તે કન્યાઓને ધો. ૭ પાસ કર્યેથી બોન્ડની વ્યાજ સહિતની રકમ ચૂકવવાની રહે છે.

**પત્રક : અ**

**વર્ષ--૨૦૦૪-૦૫માં વિદ્યાલક્ષ્મી યોજના માટે જિલ્લાવાર ફાળવેલ રકમ તથા કન્યાઓની યાદી**

| ક્રમ | જિલ્લાનું નામ | ફાળવેલ રકમ | લાભમળવા પાત્ર કન્યાઓની |
|---|---|---|---|
| | | રૂા. લાખમાં | સંખ્યા (૩૫ % સુધીની) |
| ૧ | અમદાવાદ | ૩૧.૪૪ | ૩૧૪૪ |
| ૨ | વડોદરા | ૬૫.૯૫ | ૬૫૯૫ |
| ૩ | રાજકોટ | ૨૫.૭૫ | ૨૫૭૫ |
| ૪ | સુરત | ૨૫.૧૬ | ૨૫૧૬ |
| ૫ | ખેડા | ૩૨.૮૨ | ૩૨૮૨ |
| ૬ | આણંદ | ૫૦.૭૩ | ૫૦૭૩ |
| ૭ | પંચમહાલ | ૮૭.૦૧ | ૭૨૧૬ |
| ૮ | દાહોદ | ૨૨૭.૫૯ | ૨૨૭૫૯ |
| ૯ | સાબરકાંઠા | ૬૫.૧૦ | ૬૫૧૦ |
| ૧૦ | જૂનાગઢ | ૩૬.૮૭ | ૩૬૮૭ |
| ૧૧ | પોરબંદર | ૬.૬૨ | ૬૩૭ |
| ૧૨ | મહેસાણા | ૧૪.૦૧ | ૧૪૦૧ |
| ૧૩ | પાટણ | ૫૧.૯૫ | ૫૧૯૫ |
| ૧૪ | ભાવનગર | ૫૯.૮૨ | ૫૫૨૯ |
| ૧૫ | જામનગર | ૧૮.૬૭ | ૧૮૩૧ |
| ૧૬ | અમરેલી | ૨૪.૭૨ | ૨૨૦૩ |
| ૧૭ | કચ્છ | ૪૯.૫૩ | ૪૯૫૩ |
| ૧૮ | ભરૂચ | ૬.૪૪ | ૬૪૪ |
| ૧૯ | નર્મદા | ૨૫.૫૭ | ૨૫૫૭ |
| ૨૦ | વલસાડ | ૫૧.૫૦ | ૫૧૫૦ |
| ૨૧ | નવસારી | ૧૫.૮૧ | ૧૫૮૧ |
| ૨૨ | બનાસકાંઠા | ૨૪૫.૮૬ | ૨૩૧૪૬ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૬૩.૦૪ | ૬૩૦૪ |
| ૨૪ | ગાંધીનગર | ૨.૮૭ | ૨૮૭ |
| ૨૫ | ડાંગ | ૨૬.૪૫ | ૨૬૪૫ |
| | કુલ : - | ૧૩૧૧.૨૮ | ૧૨૭૪૨૦ |

**પત્રક : બ**

**ડિસેમ્બર-૦૪-સુધીમાં જિલ્લાવાર લાભ આપવામાં આવેલ કન્યાઓની વિગતો**

| ક્રમ | જિલ્લાનું નામ | ખરીદેલ બોન્ડ સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૩૧૪૪ |
| ૨ | વડોદરા | ૫૦૨૨ |
| ૩ | રાજકોટ | ૨૦૨૯ |
| ૪ | સુરત | ૪૬૬ |
| ૫ | ખેડા | ૩૨૮૨ |
| ૬ | આણંદ | ૪૦૦૦ |
| ૭ | પંચમહાલ | ૪૧૫૭ |
| ૮ | દાહોદ | ૨૨૭૫૯ |
| ૯ | સાબરકાંઠા | ૬૪૩૮ |
| ૧૦ | જૂનાગઢ | ૩૬૮૭ |
| ૧૧ | પોરબંદર | ૩૯૯ |
| ૧૨ | મહેસાણા | ૧૪૦૧ |
| ૧૩ | પાટણ | ૧૯૫૫ |

| | | |
|---|---|---|
| ૧૪ | ભાવનગર | ૧૪૧૫ |
| ૧૫ | જામનગર | ૮૮૨ |
| ૧૬ | અમરેલી | ૨૨૦૩ |
| ૧૭ | કચ્છ | ૩૮૦૦ |
| ૧૮ | ભરૂચ | ૬૪૪ |
| ૧૯ | નર્મદા | ૨૪૮૨ |
| ૨૦ | વલસાડ | ૨૬૭૦ |
| ૨૧ | નવસારી | ૧૫૮૧ |
| ૨૨ | બનાસકાંઠા | ૧૭૨૭૫ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૩૯૦૦ |
| ૨૪ | ગાંધીનગર | ૨૮૭ |
| ૨૫ | ડાંગ | ૦ |
| | કુલ : - | ૯૫૮૭૮ |

-----------

**જરૂરિયાત વગરના કાયદાઓ રદ કરવાની કામગીરી**

૧૨૬૯૦ **શ્રી રણછોડભાઈ ચ. ફળદુ (કાલાવડ) :માનનીય વૈદ્યાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં જરૂરિયાત ન હોઈ અને અસ્તિત્વમાં હોઈ તેવા કુલ કેટલા અને કયા કયા કાયદાઓ/અધિનિયમો અમલમાં છે, | (૧) આ બાબત રાજ્ય કાયદા પંચ વખતોવખત ચકાસણી કરી ભલામણ કરી રહેલ છે. |
| (૨) તે પૈકી કેટલા કાયદાઓ/અધિનિયમો રદ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે, અને | (૨) આજદિન સુધી ૮૧ કાયદાઓ રદ કરેલ છે. |
| (૩) બાકીના કાયદાઓ/અધિનિયમો રદ કરવાની કાર્યવાહી કયારે હાથ ધરવામાં આવશે ? | (૩) કમીશનની ભલામણ મળ્યેથી બનતી ત્વરાએ. |

----------

**ધાનપુર તાલુકામાં પેટા તિજોરી શરૂ કરવા અંગે**

૧૦૬૮૪ **શ્રી બચુભાઈ ખાબડ (દેવગઢ બારિયા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લાના નવરચિત ધાનપુર તાલુકામાં પેટા તિજોરી શરૂ કરવા સરકારે શું આયોજન કરેલ છે, અને | (૧) સરકારી કામકાજ સંભાળી શકે તેવી બેંક શાખા શરૂ થયેથી. |
| (૨) આ મથકે પેટા તિજોરી કયારે શરૂ કરવામાં આવશે ? | (૨) આનુષાંગિક કાર્યવાહી પૂર્ણ થયે તુર્તજ. |

----------

**અમદાવાદ જિલ્લાની પ્રાથમિક શાળાઓના ઓરડાની ઘટ**

૧૧૮૪૦ **શ્રી કાંતિલાલ ૨ા. લકુમ (બાવળા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં કુલ કેટલા શાળાના ઓરડા બાળકોના શિક્ષણ કાર્યમાં ઉપયોગમાં આવે તેવા છે, | (૧) ૫૮૪૪ |
| (૨) આ સ્થિતિએ કુલ કેટલા ઓરડા ખૂટે છે, અને | (૨) ૯૩૯ |
| (૩) બાકીના આ શાળાના ઓરડા કયારે પૂરા થશે? | (૩) જેમ બને તેમ જલ્દી. |

----------

## એટ્રોસીટી એકટ અન્વયે એડવોકેટોની બે પેનલોની રચના

૧૦૫૮૯ **ડૉ. દિનેશ પરમાર (જામનગર (રુરલ) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) એટ્રોસીટી એકટ ૧૯૮૯ હેઠળ ૧૯૯૫માં બનેલા નિયમોના નિયમ-૪(૧) અન્વયે ખાસ અદાલતોમાં એટ્રોસીટીના કેસો ચલાવવા માટે દરેક જિલ્લામાં એડવોકેટની બે પેનલો રચવાની જોગવાઇ કરવામાં આવી છે, તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ રાજ્યના કયા કયા જિલ્લાઓમાં આવી વકીલોની બે પેનલો રચવામાં આવી છે, | (૨) તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ આવી વકીલોની પેનલ કોઇ જિલ્લામાં રચવામાં આવેલ નથી. પરંતુ એસ.સી. એસ.ટી. (પ્રિવેન્શન ઓફ એટ્રોસીટીસ) એકટની કલમ-૧૫ હેઠળ રાજ્ય સરકારે તમામ એડી. પબ્લીક પ્રોસીકયુટર્સને સદર કાયદા હેઠળની સ્પે.કોર્ટસમાં દાખલ થતા કેસો ચલાવવા સ્પે.પી.પી. તરીકે નિર્દિષ્ટ કરેલ છે. |
| (૩) કયા કયા જિલ્લામાં આવી પેનલો હજી સુધી રચાઇ નથી અને તે નહીં રચવાના શાં કારણો છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) સરકારે આ પેનલો રચવા શું આયોજન કરેલ છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## રાજ્ય સરકાર દ્વારા આયોજન લોન પેટે ચૂકવેલ વ્યાજ

૧૨૦૬૦ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ૧૦ અને ૧૧ મા નાણા પંચમાં પંચની ભલામણોને આધારે રાજ્ય આયોજન લોન પેટે કુલ કેટલી રકમોની વ્યાજ ચૂકવણી છેલ્લા બે નાણાકીય વર્ષમાં કરવામાં આવી, અને | (૧) નાણા પંચ દ્વારા રાજ્ય આયોજન લોન માટે કોઇ ભલામણો કરવામાં આવતી નથી. |
| (૨) આ લોન રાજ્ય સરકારને કેટલા તબક્કામાં મળી હતી? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## લઘુમતિ શાળાઓની મંજૂરી

૧૨૨૮૬ **શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ રાજ્યમાં લઘુમતિ સંચાલિત પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ કેટલી છે, | (૧) પ્રાથમિક શાળા: શૂન્ય; માધ્યમિક શાળા: ૪૫૩ |
| (૨) આ શાળાઓમાં લઘુમતિ સંચાલિત પ્રાથમિક અને માધ્યમિક શાળાઓને આ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સંખ્યામાં પ્રમાણપત્ર આપવામાં આવેલ છે, અને | (૨) પ્રાથમિક શાળા: શૂન્ય; માધ્યમિક શાળા: એકપણ નહીં. |
| (૩) આ સ્થિતિએ લઘુમતિ સંખ્યા તરીકે માન્યતા માટે કેટલી અરજીઓ હાલ પેન્ડીંગ છે? | (૩) પ્રાથમિક શાળા: શૂન્ય; માધ્યમિક શાળા: ૩૫ |

---------

**અમદાવાદ શહેર અને જિલ્લાની પ્રાથમિક શાળામાં ગ્રાન્ટેબલ અને નોન ગ્રાન્ટેબલ વર્ગની મંજૂરી**

૧૧૩૦૯ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેર અને જિલ્લા માટે સન ૨૦૦૪-૦૫ના શૈક્ષણિક વર્ષ તા.૩૧-૧-૦૫ સુધીમાં પ્રાથમિક શાળાઓમાં ગ્રાન્ટેબલ અને નોન ગ્રાન્ટેબલ વર્ગો શરુ કરવા માટે કેટલા કિસ્સાઓમાં સરકારે મંજૂરી આપી, અને

(૨) આ માટે કેટલી સંસ્થાઓની કેટલા વર્ગો માટે મંજૂરીની દરખાસ્તો આવી હતી?

**જવાબ**

(૧) (અ) ગ્રાન્ટેબલ એક પણ નહીં.

(બ) નોન ગ્રાન્ટેબલ :

| | અરજી | મંજૂર વર્ગો |
|---|---|---|
| અમદાવાદ (શહેર) | ૫૪ | ૧૦૩ |
| અમદાવાદ (ગ્રામ્ય) | ૯૦ | ૧૯૬ |

(૨)

| | અરજી | મંજૂર વર્ગો |
|---|---|---|
| અમદાવાદ (શહેર) | ૧૨૩ | ૩૫૨ |
| અમદાવાદ (ગ્રામ્ય) | ૧૦૦ | ૨૮૫ |

---------

**ભરુચ જિલ્લાની પ્રાથમિક શાળામાં શિક્ષકોની ઘટ**

૧૧૩૧૫ **શ્રી છોટુભાઈ અ. વસાવા (ઝગડિયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧મી ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ ભરુચ જિલ્લામાં કુલ કેટલી શાળાઓમાં પ્રાથમિક શિક્ષકોની ઘટ છે, | (૧) એકપણ નહીં. |
| (૨) કયા કયા તાલુકામાં કેટલા પ્રાથમિક શિક્ષકોની ઘટ છે, | (૨) એકપણ નહીં. |
| (૩) આ ઘટ રહેવાનાં શાં કારણો છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) સરકાર આ ઘટ કેટલા સમયમાં પૂરવા માગે છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ભરૂચ જિલ્લાની કોર્ટના સરકારી વકીલની નિમણૂંક**

૧૧૩૦૬ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય ન્યાય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભરૂચ શહેર અને જિલ્લામાં કેટલા સરકારી વકીલોની નિમણૂંક કરવાની તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ ૧ વર્ષથી બાકી છે, અને | (૧) ભરૂચ શહેર અને જિલ્લામાં ૭ (સાત) સરકારી વકીલોની નિમણૂંક કરવાની તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ ૧ વર્ષથી બાકી છે. |
| (૨) આ નિમણૂંક કેટલા સમયમાં કરવામાં આવશે? | (૨) નિમણૂંક અંગેની કાર્યવાહી ગતિમાં છે. |

---------

**રાજ્યની માધ્યમિક શાળાઓમાં બોગસ પ્રમાણપત્ર દ્વારા મેળવેલ નિમણૂંક તેમજ લીધેલ પગલાં**

૧૨૨૮૧ **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ૧૯૯૭ બાદ શિક્ષણ વિભાગમાં અન્ય રાજ્યોના અમાન્ય પ્રમાણપત્રો રજુ કરીને સેંકડો શિક્ષકોએ માન્ય બિન સરકારી માધ્યમિક શાળાઓમાં નોકરી મેળવી છે તે હકિકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) આવી નિમણૂંકો માટે શિક્ષકો અને જવાબદાર અધિકારીઓ સામે રાજ્ય સરકાર શું પગલાં લેવા માંગે છે? | (૨) કાર્યવાહી ચાલુ છે. |

---------

## રાજ્યમાં સંવર્ગવાર વેચાણવેરાની ખાલી જગ્યાઓ

૧૧૨૮૮ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૦૪ની અંતિમ વેચાણવેરા ખાતાની વર્ગ-૧-૨-૩ ની કુલ કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૧) તા.૩૧-૧૨-૨૦૦૪ની અંતિમની સ્થિતિએ નીચે મુજબની સંવર્ગવાર જગ્યાઓ ખાલી છે.

| સંવર્ગ | કુલ ખાલી જગ્યા | કેટલા સમયથી ખાલી છે. | | |
|---|---|---|---|---|
| | | વર્ષ | વર્ષ | વર્ષ |
| | | ૦૨-૦૩ | ૦૩-૦૪ | ૦૪-૦૫(ડિસે-૦૪ અંતિત) |
| વર્ગ-૧ | ૯૫ | ૫૦ | ૧૭ | ૨૮ |
| વર્ગ-૨ | ૨૪૨ | ૧૧૪ | ૬૩ | ૬૫ |
| વર્ગ-૩ | ૬૦૯ | ૪ | ૩૬૪ | ૨૪૧ |
| **કુલ** | **૯૪૬** | **૧૬૮** | **૪૪૪** | **૩૩૪** |

(૨) જે પૈકી સુરત શહેરમાં સંવર્ગવાર કેટલા સમયથી કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) તા.૩૧-૧૨-૨૦૦૪ની અંતિમની સ્થિતિએ નીચે મુજબની સંવર્ગવાર જગ્યાઓ ખાલી છે.

| સંવર્ગ | કુલ ખાલી જગ્યા | કેટલા સમયથી ખાલી છે. | | |
|---|---|---|---|---|
| | | વર્ષ | વર્ષ | વર્ષ |
| | | ૦૨-૦૩ | ૦૩-૦૪ | ૦૪-૦૫ (ડિસેમ્બર-૦૪ અંતિત) |
| વર્ગ-૧ | ૧૩ | ૧૦ | ૨ | ૧ |
| વર્ગ-૨ | ૨૮ | ૧૩ | ૧૧ | ૪ |
| વર્ગ-૩ | ૫૩ | ૦ | ૦ | ૫૩ |
| **કુલ** | **૯૪** | **૨૩** | **૧૩** | **૫૮** |

(૩) ખાલી જગ્યા ન ભરવાના કારણો શાં છે?

(૩) ખાલી જગ્યાઓ ભરવાની પ્રક્રિયા ચાલુ છે.

---------

## યાત્રાધામ અંબાજી ખાતેના સુવર્ણ કળશો

૧૨૭૮૧ **શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ પવિત્ર યાત્રાધામ અંબાજી શકિત પીઠમાં કુલ કેટલા સુવર્ણ કળશો છે,

(૧) ૩૫૮.

(૨) આ સુવર્ણ કળશો મૂકવા માટે સરકાર દ્વારા લોક ભાગીદારી કરવામાં આવી હતી તે વાત સાચી છે, અને

(૨) હા, જી.

(૩) જો હા, તો તેની વિગતો શી છે?

(૩) તાંબાના ખોળા ઉપર સોનાના વરખથી સુવર્ણ જડિત કળશો જુદા જુદા દાતાઓ દ્વારા સંપૂર્ણ લોકભાગીદારીથી દાનમાં મેળવી ધાર્મિકવિધિ સાથે અંબાજી મંદિર પર પ્રતિષ્ઠિત કરવામાં આવેલ છે.

---------

## સુરત જિલ્લામાં વિદ્યાસહાયકોની ખાલી જગ્યાઓ

૧૧૨૯૭ **શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર(પશ્ચિમ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરત જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શિક્ષકો (વિદ્યા સહાયક) ની કેટલી જગ્યાઓ જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ ખાલી છે, અને

(૧) પત્રક-અ મુજબ ૯૧ જગ્યાઓ.

**પત્રક-અ**

**સુરત જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શિક્ષકો**

**(વિદ્યાસહાયકો) ની જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ ખાલી જગ્યાઓ દર્શાવતું પત્રક.**

| અ.નં. | તાલુકાનું નામ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| ૧ | કામરેજ | ૪ |
| ૨ | ઓલપાડ | ૨ |
| ૩ | પલસાણા | ૧૦ |
| ૪ | ચોર્યાસી | ૧૩ |
| ૫ | ઉચ્છલ | ૦૯ |
| ૬ | વાલોડ | ૦૨ |
| ૭ | બારડોલી | ૦૫ |
| ૮ | મહુવા | ૦૩ |
| ૯ | વ્યારા | ૦૮ |
| ૧૦ | સોનગઢ | ૦૪ |
| ૧૧ | નિઝર | ૧૪ |
| ૧૨ | માંગરોળ | ૦૬ |
| ૧૩ | માંડવી | ૦૫ |
| ૧૪ | ઉમરપાડા | ૦૬ |
| | કુલ : | ૯૧ |

(૨) આ જગ્યાઓ સરકાર કયારે ભરવા માંગે છે? (૨) જેમ બને તેમ જલ્દી.

---------

**પવિત્ર યાત્રાધામ નજીક કતલખાના બંધ કરવા અંગે**

૧૨૮૬૧ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં આવેલ છ પવિત્ર યાત્રાધામોની ગરીમાને ધ્યાનમાં લઇ ૧૦ કી.મી.ની ત્રિજયામાં ચાલતાં ગેરકાનૂની કતલખાના બંધ કરાવવા કોઇ વિચારણા તા.૩૧મી ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ સરકાર દ્વારા કરવામાં આવી છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેની શી વિગતો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ નિર્ણયનો અમલ કયારે કરવામાં આવનાર છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**કપરાડા તાલુકામાં કોર્ટની સુવિધા અંગે**

૧૨૫૫૧ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) :માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં કોર્ટ આપવાની કાર્યવાહી તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ કયા તબકકે છે, અને | (૧) હાલ કોઇ કાર્યવાહી પડતર નથી. |
| (૨) આ કાર્યવાહી કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ચોટીલા અને સાયલા તાલુકામાં પ્રાથમિક શિક્ષકોની ઘટ**

૧૧૫૬૫ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ચોટીલા અને સાયલા તાલુકામાં તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ પ્રાથમિક શાળાના કેટલા શિક્ષકોની ઘટ છે, અને | (૧) ચોટીલા - ૦૫<br>સાયલા - ૦૩ |
| (૨) આ શિક્ષકોની ઘટ કેટલા સમયમાં ભરવામાં આવશે? | (૨) નવી વિદ્યાસહાયકોની જગ્યાઓ મંજુર થયેથી. |

---------

**કાયદા પંચના અહેવાલ મુજબ કાયદા રદ કરવા અંગે**

૧૨૩૩૮ **શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા) : માનનીય વૈદ્યાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં કાયદા પંચના અહેવાલો પ્રમાણે તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલા કાયદાઓ રદ કરવાનો નિર્ણય કર્યો છે, | (૧) ૩૮ કાયદાઓ. |
| (૨) કયા કયા કાયદાઓ રદ માટે કાયદા પંચે વૈદ્યાનિક અને સંસદીય બાબતોના વિભાગને ભલામણ કરી છે, અને | (૨) જૂના જરી પૂરાણા બીન ઉપયોગી અમલમાં રહેલા ૧૨૭ જેટલા કાયદાઓ અને સુધારા કાયદાઓ રદ કરવા ભલામણ કરી છે. |
| (૩) આ કાયદાઓ કયારે રદ કરવામાં આવશે? | (૩) ૧૨૭ કાયદાઓ પૈકી ૮૫ કાયદાઓની કાર્યવાહી પૂર્ણ થયેલ છે. જયારે બાકી રહેલ ૪૨ કાયદાઓ રદ કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ છે. |

---------

**જામનગર જિલ્લાના બાકી પેન્શન કેસો**

૧૧૩૧૮ **શ્રી ચીમનભાઈ ધ. સાપરિયા (જામજોધપુર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં તાલુકાવાર પેન્શનપાત્ર કર્મચારીઓને પેન્શન ચુકવવા અંગેની કેટલી અરજીઓ આવી, | (૧) તાલુકાવાર આવેલ અરજીઓ<br>૧. જામનગર ૫૫૫<br>૨. દ્વારકા ૬૫<br>૩. જામખંભાળીયા ૫૬<br>૪. કાલાવાડ ૫૦<br>૫. ભાણવડ ૩૬<br>૬. લાલપુર ૩૬<br>૭. ધ્રોળ ૩૮<br>૮. જોડીયા ૪૫<br>૯. જામકલ્યાણપુર ૩૨<br>૧૦.જામજોધપુર ૫૭<br>**કુલ : ૯૭૦** |
| (૨) આ સમયમાં કેટલા પેન્શનપાત્ર કર્મચારીઓને પેન્શન ચુકવવાના હુકમો કરવામાં આવ્યા, | (૨) આ સમયમાં કુલ ૮૮૧ પેન્શનપાત્ર કર્મચારીઓને પેન્શન ચુકવવાના હુકમો કરવામાં આવ્યા. |
| (૩) ચુકવવામાં થયેલ વિલંબના કારણો શું છે, અને | (૩) વિલંબ થયેલ નથી. |
| (૪) બાકી રહેલ કેસોનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે ? | (૪) તા. ૩૧-૧૨-૨૦૦૪ અંતિત મળેલ કોઈ કેસ નિકાલ કરવાનો બાકી નથી. |

------------

**બનાસકાંઠા જિલ્લામાં સાટા પધ્ધતિએ વેચાણ કરેલ શાળાની જમીન અંગે**

૧૨૮૫૧ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની મોજે-ધનીયાણા ખાતે રેવન્યુ સર્વે નં.૪૮ પૈકી દાનમાં મળેલ જમીન શ્રી પાલનપુર શિશુશાળા બાલમંદિર એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટે ધી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ, ૧૯૫૦ ની કલમ-૩૬ નો ભંગ કરી બીન પરવાનગીએ સાટા પધ્ધતિએ | (૧) ચેરીટીતંત્રમાં આ પ્રકરણે તપાસ પડતર છે. |

વેચાણ કરેલ છે તે વાત સાચી છે, અને

| | |
|---|---|
| (૨) જો હા, તો ટ્રસ્ટ સામે શાં પગલાં ભરવા માગો છો ? | (૨) ટ્રસ્ટ સામે કાયદેસરની જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. |

------------

**માંડવી, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકાની માધ્યમિક શાળાઓ ગ્રાન્ટેબલ કરવા અંગે**

૧૨૬૮૮ **શ્રી કાંતિલાલ રે. ગામીત (સોનગઢ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ માંડવી, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં કેટલી માધ્યમિક શાળાઓ આવેલી છે, | (૧) તાલુકો – માધ્યમિક શાળાઓ<br>માંડવી – ૧૭<br>સોનગઢ – ૦૭<br>ઉચ્છલ – ૦૬<br>નિઝર – ૦૫<br>**૩૫** |
| (૨) આ પૈકી કેટલી અને કઈ કઈ ગ્રાન્ટેબલ માધ્યમિક શાળાઓ નથી, અને | (૨) પત્રક મુજબ |
| (૩) આ નોન ગ્રાન્ટેબલ માધ્યમિક શાળાને સરકાર કેટલા સમયમાં ગ્રાન્ટેબલ કરવાનું આયોજન છે ? | (૩) નીતિ વિષયક બાબત છે. |

**પત્રક**

| **તાલુકાનું નામ** | **કઈ કઈ ગ્રાન્ટેબલ માધ્યમિક શાળા નથી** |
|---|---|
| માંડવી | ૧. સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ, દઢવાડા. |
| | ૨. મકનભાઈ લાલજીભાઈ પરમાર સાર્વજનિક હાઈસ્કુલ, મુ. પો. કરંજ. |
| | ૩. ફલાહી હાઈસ્કુલ, તડકેશ્વ. |
| | ૪. ધી માંડવી ઈંગ્લીશ મીડીયમ હાઈસ્કુલ, માંડવી. |
| સોનગઢ | ૧. નુતન વિદ્યામંદિર ઈંગ્લીશ મીડીયમ હાઈસ્કુલ, સોનગઢ. |
| | ૨. આશીર્વાદ સાર્વજનિક હાઈસ્કુલ, મુ. ગાળકુવા. |
| ઉચ્છલ | ૧. જ્ઞાન પ્રબોધિની વિદ્યામંડળની માધ્યમિક વિદ્યાલય, મુ. પો. નારણપુર. |
| | ૨. સરસ્વતિ વિદ્યાલય, મુ. પો. કરોડ. |
| | ૩. તાન પ્રબોધિની વિદ્યામંડળની માધ્યમિક વિદ્યાલય, ભડભુંજા. |
| | ૪. કોન્વેન્ટ એસ. ગુજરાતી સ્કુલ મુ. પાંખરી. |
| નિઝર | ૧. શ્રી સરસ્વતિ વિદ્યાલય, મુ. કુકરમુંડા. |
| | ૨. સમતા વિદ્યાલય, રાયગઢ. |

------------

**રાજ્યમાં તેમજ જૂનાગઢ જિલ્લામાં ૧૦% થી ઓછા પરિણામવાળી માધ્યમિક શાળાઓ**

૧૧૮૩૭ **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં ૧૦ ટકાથી ઓછું પરિણામ લાવતી માધ્યમિક શાળાઓ કુલ કેટલી, | (૧) વર્ષ – શાળાઓ<br>માર્ચ-૨૦૦૨ – ૯૦<br>માર્ચ-૨૦૦૩ – ૮૦૧<br>માર્ચ-૨૦૦૪ – ૪૧૧ |
| (૨) તે પૈકી જૂનાગઢ જિલ્લામાં કઈ કઈ શાળાઓનો તેમાં સમાવેશ થાય છે, અને | (૨) વર્ષવાર પત્રક સામેલ છે. |
| (૩) આ શાળાઓનું પરિણામ સુધારવા રાજ્ય સરકારે શાં પ્રયત્ન કરેલ છે ? | (૩)<br>૧. આચાર્યશ્રીઓની મિટીંગ કરી પરિણામ વધારવા માટે માર્ગદર્શન.<br>૨. નિદાન કસોટી.<br>૩. ઉપચારાત્મક શિક્ષણ.<br>૪. ગ્રાન્ટ કાપ.<br>૫. કર્મયોગી યોજના હેઠળ શિક્ષકોના તાલીમ વર્ગ. |

૬. શાળાઓને પ્રશ્નબેંક.
૭. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી ધ્વારા એકશન પ્લાન તૈયાર કરી માર્ગદર્શન આપવામાં આવેલ અને તજજ્ઞ રીપોર્ટ શાળાઓને વિતરણ કરવામાં આવેલ.
૮. રજાના દિવસે તેમજ સ્કુલ તાસમાં વધારાના વર્ગો ગોઠવી નબળા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી માસિક ટેસ્ટનું આયોજન કરવામાં આવેલ.
૯. રાત્રી વર્ગોની વ્યવસ્થા કરી શિક્ષકો મારફતે વધુ માર્ગદર્શન મળી રહે તેવા પગલાં ભરવા સૂચવેલ છે.
૧૦. ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવે છે.
૧૧. ગુજરાતી, ગણિત, સમાજવિદ્યા વિષયમાં સામાન્યતઃ પરિણામ ઓછું આવે છે તે અંગે બોર્ડ ધ્વારા આવી ઉત્તરવહીઓનું પૃથ્થકરણ કરી બાળકો કયા પ્રકારની કયા પ્રશ્નમાં કયા કયા વિષયોમાં ભુલો કરે છે તે તરફ ધ્યાન દોરી આ પ્રકારની ભૂલો ન થાય તે માટે સંબંધિત શાળાઓને જાણ કરવામાં આવી.
૧૨. રાજ્યકક્ષાએ તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની હાજરીમાં પરિસંવાદ યોજી દરેક જિલ્લાઓએ પોતાના જિલ્લાની આવી શાળાઓ માટે કાર્યશિબિર યોજી પરિણામ સુધારવા પ્રયત્નો કરવા જરુરી માર્ગદર્શન આપેલ છે.

**પત્રક**

**એસ.એસ.સી (ધોરણ-૧૦) જુનાગઢ જિલ્લામાં ૧૦% કરતાં ઓછું પરિણામ ધરાવતી શાળાઓની યાદી.**

**વર્ષ માર્ચ - ૨૦૦૨**

| ક્રમ | શાળાનું નામ |
|---|---|
| ૧ | શ્રી આદર્શ વિદ્યા વિનય મંદિર, ટીનમાસ. |
| ૨ | પી. ડી. શાહ એન્ડ એલ. પી. શાહ હાઈસ્કુલ, દિવરાણા. |
| ૩ | આદર્શ વિદ્યા મંદિર, કોયલાણા, તા. કેશોદ. |
| ૪ | શ્રી માધ્યમિક શાળા, નાની ઘણસારી, તા. કેશોદ. |
| ૫ | શ્રી માધ્યમિક શાળા, વેકરીયા, વિસાવદર. |
| ૬ | જય સુર્યાદેવ હાઈસ્કુલ, કેશોદ, કેશોદ. |
| ૭ | નાગદેવતા વિદ્યા મંદિર, માણેકવાડા, કેશોદ. |
| ૮ | શ્રી માધ્યમિક શાળા, સુખપુર, તા. જુનાગઢ. |
| ૯ | શ્રી વી. એચ. ખેતણી વિનય મંદિર, મોરવાડા, તા. ભેંસાણ. |
| ૧૦ | શ્રી એ. એમ. જી. વિનય મંદિર, ટીમ્બાવાડી, જુનાગઢ. |
| ૧૧ | શ્રી લાલ બહાદુર વિદ્યાલય, ગુંદેલી, તા. ભેંસાણ. |
| ૧૨ | શ્રી રામેશ્વર હાઈસ્કુલ, શર્મા (ઘેડ), તા. માંગરોલ. |
| ૧૩ | શ્રી માધ્યમિક શાળા, વિસનવેલ, તા. માલિયા હાટીના. |
| ૧૪ | માધ્યિક શાળા, ચિખલોદરા, માણાવદર. |
| ૧૫ | શંતશ્રી સેવાદાસજી કૃપા હાઈસ્કુલ, ધ્રાબાવાડ, કેશોદ. |
| ૧૬ | શ્રી ક્રિસ્ટલ હાઈસ્કુલ, મારમાત, માણાવદર. |
| ૧૭ | શ્રી આઈ. કે. હાઈસ્કુલ, કેશોદ. |
| ૧૮ | શ્રી કે. એમ. ભાલાણી વિનય મંદિર, સુંદરડા, કેશોદ. |
| ૧૯ | સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, ચોરવાડ. |
| ૨૦ | શ્રી માધ્યમિક શાળા, સંધા (ઘેડ) |
| ૨૧ | શ્રી માધ્યમિક શાળા, માથેરાવાડા, તા. કેશોદ. |

| | |
|---|---|
| ૨૨ | શ્રી સરસ્વતી વિદ્યા મંદિર, મોટી ઘનસારી. |
| ૨૩ | સર્વોદય હાઈસ્કુલ, મંગલપુર. |
| ૨૪ | ઐયુબ એજ્યુકેશન હાઈસ્કુલ, ચાખવા. |
| ૨૫ | સરસ્વતી હાઈસ્કુલ, રંગપુર. |
| ૨૬ | ગ્રામ પંચાયત સંચાલિત માધ્યમિક શાળા, ખાડીયા. |
| ૨૭ | શ્રી જ્ઞાનોદય વિનય મંદિર, ખામીદાણા, કેશોદ. |
| ૨૮ | શ્રી એસ. એસ. રાયજાદા વિનય મંદિર, ચંદિગઢ, તા. કેશોદ. |

**પત્રક**

## એસ.એસ.સી (ધોરણ-૧૦) જુનાગઢ જિલ્લામાં ૧૦% કરતાં ઓછું પરિણામ ધરાવતી શાળાઓની યાદી વર્ષ માર્ચ - ૨૦૦૩

| ક્રમ | શાળાનું નામ |
|---|---|
| ૧ | શ્રી આદર્શ વિદ્યા વિનય મંદિર, તિનમસ, તા. વંથલી. |
| ૨ | સર્વોદય હાઈસ્કુલ, મંગલપુર, તા. કેશોદ. |
| ૩ | માધ્યમિક શાળા, ચિખલોદ્રા, તા. માણાવદર. |
| ૪ | એ. એમ.જી. વિનય મંદિર, ટીમ્બાવાડી, તા. જુનાગઢ. |
| ૫ | શ્રી માધ્યમિક શાળા, સાન્ધા (ઘેડ) તા. માંગરોલ. |
| ૬ | શ્રી વિનય મંદિર, મંદોદરા, તા. માણાવદર. |
| ૭ | શ્રી વિનય મંદિર, ગલવાવ, તા. માણાવદર. |

**પત્રક - ૧**

## એસ.એસ.સી (ધોરણ-૧૦) જુનાગઢ જિલ્લામાં ૧૦% કરતાં ઓછું પરિણામ ધરાવતી શાળાઓની યાદી વર્ષ માર્ચ - ૨૦૦૪

| ક્રમ | શાળાનું નામ |
|---|---|
| ૧ | શ્રી વિનય મંદિર, સારંગપીપળી, તા. માણાવદર. |
| ૨ | શ્રી કૃષ્ણ વિદ્યાલય, માટીયાણા, તા. માણાવદર. |
| ૩ | શ્રી ગાંધી સ્મૃતિ વિદ્યામંદિર, નાન્દ્રોખી, તા. વંથલી. |
| ૪ | શ્રી બી.બી. સ્મારક ટ્રસ્ટ સંચા. મા. શાળા, કાજ, તા. કોડીનાર. |
| ૫ | ગાયત્રી કન્યા વિદ્યાલય, લોઢવા, તા. સુત્રાપાડા. |
| ૬ | શાહ એમ. એમ. હાઈસ્કુલ, કોડીનાર. |
| ૭ | શ્રી થાનીયાણા હાઈસ્કુલ, થાનીયાણા, તા. માણાવદર. |
| ૮ | આદર્શ નિવાસી શાળા (કન્યા), તલાલા (ગીર) |
| ૯ | શ્રી શાસ્ત્રી વિદ્યામંદિર, બંટીયા. |
| ૧૦ | શ્રી રામેશ્વર હાઈસ્કુલ, શર્મા (ઘેડ) તા. માંગરોલ. |
| ૧૧ | શ્રી એલ. કે. હાઈસ્કુલ, કેશોદ. |
| ૧૨ | શ્રી વિનય મંદિર, વેલવા, તા. માણાવદર. |
| ૧૩ | શ્રી માધ્યમિક શાળા, કોઠારીયા. |
| ૧૪ | ગ્રામ પંચાયત સંચાલિત મા. શા., ખડીયા, તા. જુનાગઢ. |
| ૧૫ | શ્રી ડી. ડી. વડાલીયા હાઈસ્કુલ, નાન્દ્રોખા, તા. માણાવદર. |
| ૧૬ | શ્રી વિનય મંદિર, ગલવાવ, તા. માણાવદર. |
| ૧૭ | ઐયુબી એજ્યુકેશન હાઈસ્કુલ, ચખવા, તા. માંગરોલ. |
| ૧૮ | રૂઝાન ગર્લ્સ હાઈસ્કુલ, પાંડવા, તા. વેરાવળ. |

------------

**રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની ગેરરીતીઓ અંગે દરોડા**

૧૧૩૪૧ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૩-૦૪ અને સન ૨૦૦૪-૦૫ માં તા. ૩૧-૧-૨૦૦૫ સુધીમાં રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પાડેલા દરોડાઓમાં કેટલી શાળાઓમાં વિવિધ પ્રકારની ગેરરીતીઓ જણાય છે, | (૧) ૭૨૪ - શાળાઓ |
| (૨) કેટલી શાળાઓ સામે ગેરરીતીઓ બાબતે કેવા પ્રકારના પગલાં લીધા છે, | (૨) ૭૨૪ - શાળાઓ<br>(૧) ગ્રાન્ટ બંધ કરવી / ગ્રાન્ટ કાપ<br>(૨) નોંધણી રદ કરવી<br>(૩) પોલીસકેસ કરવામાં આવેલ છે. |
| (૩) નાણાંકીય ગેરરીતીઓમાં સરકારની કેટલી રકમનો સમાવેશ થાય છે, | (૩) રૂ. ૩૦,૩૭,૨૩,૪૩૯/- |
| (૪) આ નાણાંની વસુલાત માટે કેવા પગલાં લીધા છે, અને | (૪) ગ્રાન્ટ કાપ સહિતની વસુલાતની કાર્યવાહી ચાલુ છે. |
| (૫) એ વાત સાચી છે કે દોષિત સંચાલકો સામે પગલાં લેવાનું સરકારે માંડી વાળ્યુ છે? | (૫) ના. જી. |

------------

**બહુચરાજી મંદિરના વિકાસ અંગે થયેલ કાર્યો**

૧૨૭૬૬ **શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી (ઘોઘા) : માનનીય દેવસ્થાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| બહુચરાજી માતા મંદિરના વિકાસની શું યોજના છે, તે પૈકી કેટલા કાર્યો પૂરા થયા છે ? | રૂા. ૧૧ કરોડનો માસ્ટર પ્લાન બનાવેલ છે. તે પૈકી ચાર કામો પુરા થયેલ છે. |

------------

**વાવ ખાતે નવી કોલેજની મંજૂરી અંગે**

૧૨૦૭૨ **શ્રી હેમાજી દ. રાજપૂત (વાવ) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ રાજ્યમાં કેટલી નવી કોલેજોને છેલ્લા એક વર્ષમાં મંજૂરી આપવામાં આવી, અને | (૧) ૪૯. |
| (૨) સરહદી વિસ્તાર વાવ ખાતે કોલેજ શરૂ કરવા સરકારે શું આયોજન કરેલ છે? | (૨) કોઇ સંસ્થા તરફથી કાયમી સ્વનિર્ભરતાના ધોરણે કોલેજ શરૂ કરવાની માંગણી મલ્યેથી વિચારણા કરવામાં આવશે. |

---------

**કચ્છ જિલ્લામાં સ્વૈચ્છિક સંસ્થાઓની માધ્યમિક શાળાઓની મંજૂરી અને ઘટ**

૧૧૮૪૭ **શ્રી ગોપાલભાઈ ગા. ઘુઆ (મુંદ્રા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતી તાલુકાદીઠ કઇ કઇ માધ્યમિક શાળાઓને રાજ્ય સરકારે મંજૂરી આપી છે, | (૧) સામેલ પત્રક મુજબ. |
| (૨) સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતી કઇ કઇ માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ છે, અને | (૨) ગ્રાન્ટ વગરની માધ્યમિક શાળાની મંજૂરી મળેલ છે જે તે સંસ્થા દ્વારા શિક્ષકોની નિમણૂંક થાય છે. |
| (૩) આ ઘટ પુરવા રાજ્ય સરકારે શું પગલાં લીધા? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં ગ્રાંટ વિનાની માધ્યમિક શાળાઓની તાલુકાદીઠ મંજૂરી આપી છે તેની યાદી.**

**પત્રક**

**વર્ષ-૨૦૦૩**

| તાલુકાનું નામ | માધ્યમિક શાળાનું નામ |
|---|---|
| ગાંધીધામ | (૧) આનંદ માર્ગ હાઇસ્કુલ, ગાંધીધામ |
| | (૨) કરૈલી સેકન્ડરી ઇંગ્લીશ સ્કુલ, ગાંધીધામ |
| | (૩) શ્રી સ્વામીનારાયણ વિદ્યાલય, ગાંધીધામ |
| | (૪) જૈનાચાર્ય અજરામર સરસ્વતી વિદ્યાલય, ગાંધીધામ |
| માંડવી | (૧) વીરાયતન વિદ્યાપીઠ, જખણિયા, તા.માંડવી |
| નખત્રાણા | (૧) અ.યુ.સ્વામીશ્રી ઘનશ્યામ જીવનદાસજી વિદ્યાલય, મંથલ, તા.નખત્રાણા |
| ભચાઉ | (૧) તેજાભાઇ મેમાભાઇ આહિર વિદ્યાલય, પાંકડસર, તા.ભચાઉ |

**વર્ષ-૨૦૦૪**

| તાલુકાનું નામ | માધ્યમિક શાળાનું નામ |
|---|---|
| ગાંધીધામ | (૧) ગ્રીન હીલ એકેડેમી માધ્યમિક શાળા, ગાંધીધામ |
| માંડવી | (૧) સહજાનંદ કન્યા વિદ્યાલય, પિયાવાવાડી વિસ્તાર, કોડાય, તા.માંડવી |
| ભૂજ | (૧) બી.એમ.સી.બી. પબ્લીક સ્કુલ, લાખોદ, (ગુજરાતી) તા.ભૂજ |
| | (૨) બી.એમ.સી.બી. પબ્લીક સ્કુલ, લાખોદ (અંગ્રેજી), તા.ભૂજ |
| | (૩) ધી. મુ. મેડીકલ એન્ડ એજયુ.રીલીફ સંચાલિત માધ્યમિક શાળા, ભૂજ |
| | (૪) શ્રી માલધારી મંગલ મંદિર હાઇસ્કુલ, ભુજોડી, તા.ભૂજ |
| | (૫) ચાણકય એકેડેમી, ભૂજ |
| | (૬) રસી મીડ માધ્યમિક શાળા, રાયઘણપર, તા.ભૂજ |
| મુન્દ્રા | (૧) શ્રી સાંદપની રૂષિ વિદ્યાલય, પ્રતાપપર, તા.મુન્દ્રા |

---------

**રાજ્યના દરેક તાલુકા મથકે પેટા તિજોરી કચેરી શરૂ કરવા અંગે**

૧૨૪૧૧ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ કેટલા તાલુકામાં પેટા તિજોરી કચેરીઓ નથી? | ૨૧ તાલુકામાં. |

---------

**રાજ્યની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકોની ખાલી જગાઓ**

૧૧૨૯૪ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન કેટલા વિદ્યાસહાયકોની નિમણૂંક કરવામાં આવી, અને | (૧) ૧૩૭૯૭. |
| (૨) આ સ્થિતિએ પ્રાથમિક શિક્ષકોની ઘટ કેટલી છે? | (૨) ૧૯૪૨ |

---------

**ઉમરાળા અને ગઢડા તાલુકામાં વિદ્યાસહાયકોની ઘટ**

૧૧૪૬૩ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં વિદ્યાસહાયકોની નિમણૂંક અન્વયે તાલુકાવાર કેટલા શિક્ષકોની ફાળવણી છેલ્લા બે વર્ષમાં કરવામાં આવી, અને | (૧) પત્રક-અ મુજબ. |

**પત્રક-અ**

**ભાવનગર જિલ્લામાં તાલુકાવાર વિદ્યાસહાયકોની નિમણૂંકની વિગતો દર્શાવતું પત્રક.**

| ક્રમ | તાલુકો | વર્ષ | |
|---|---|---|---|
| | | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ |
| ૧ | ભાવનગર | ૧૬ | ૩૦ |
| ૨ | ઘોઘા | ૧૦ | ૬૬ |
| ૩ | તળાજા | ૧૨ | ૪૦૫ |
| ૪ | મહુવા | ૪૬ | ૬૧૯ |

| | | | |
|---|---|---|---|
| ૫ | પાલીતાણા | ૧૭ | ૨૨૭ |
| ૬ | ગારીયાધાર | ૯ | ૧૭૮ |
| ૭ | શિહોર | ૨૫ | ૮૮ |
| ૮ | ઉમરાળા | ૯ | ૫૯ |
| ૯ | વલભીપુર | ૧૧ | ૧૨ |
| ૧૦ | ગઢડા સ્વા. | ૧૧ | ૯૧ |
| ૧૧ | બોટાદ | ૧૦ | ૧૦ |
| | **કુલ :** | **૧૭૬** | **૧૭૮૫** |

(૨) તે અન્વયે ઉમરાળા અને ગઢડા તાલુકામાં કેટલી જગ્યાઓ શિક્ષકોની કેટલા સમયથી ખાલી છે?

(૨) ઉમરાળા - ૩૯, ગઢડા - ૮૬ } જૂન-૨૦૦૪ થી

---------

**કલોલ તાલુકામાં સીરામીક ઉત્પાદનના એકમો પાસેથી વસુલ લેવાની બાકી વેચાણવેરાની રકમ**

૧૧૯૭૦ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) કલોલ તાલુકામાં સીરામીક ઉત્પાદન કરતા ઔદ્યોગિક એકમો પાસેથી તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વેચાણવેરાની કેટલી રકમ વસુલ કરવાની બાકી છે,

(૨) બાકી વેચાણવેરો કયારે વસુલ કરવામાં આવશે, અને

(૩) સમયસર વેચાણવેરો વસુલ ન કરવાનાં કારણો શાં છે?

**જવાબ**

(૧) વેચાણવેરાની કોઇ રકમ વસુલ કરવાની બાકી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્યમાં એલ એન્ડ ટી દ્વારા બનાવેલ શાળાના ઓરડાઓ**

૧૧૨૫૭ **શ્રી બેચરભાઇ વિ. ભાદાણી (લાઠી) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એલ.એન્ડ ટી. દ્વારા બનાવવામાં આવેલ પ્રાથમિક શાળાના રૂમો હાલ બેસી શકે તેવી સ્થિતિમાં નથી આ હકિકત સાચી છે, અને

(૨) જો હા, તો રાજ્ય સરકાર સર્વે કરી તમામ બંધાયેલ રૂમો બાબતે એલ.એન્ડ ટી. ની જવાબદારી નક્કી કરી શી કાર્યવાહી કરવા માંગે છે?

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં એલ.એન્ડ ટી. કંપની દ્વારા કોઇ ઓરડાઓ બનાવવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ગાંધીનગર જિલ્લાની શાળાઓને ગ્રાન્ટેબલ કરવાની મંજૂરી અંગે**

૧૨૮૪૬ **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ગાંધીનગર શહેર અને જિલ્લામાં નોન ગ્રાન્ટેબલ શાળાઓની છેલ્લા બે વર્ષમાં કેટલી મંજૂરીઓ આપી, અને

(૨) આ સમયમાં નોન ગ્રાન્ટેબલ શાળાઓમાંથી ગ્રાન્ટેબલ કઇ કઇ શાળાઓ તરીકેની કેટલી માન્યતા આપી?

**જવાબ**

(૧)

| વર્ષ | માધ્યમિક | | ઉચ્ચત્તર માધ્યમિક | |
|---|---|---|---|---|
| | ગાંધીનગર શહેર | ગાંધીનગર જિલ્લો | ગાંધીનગર શહેર | ગાંધીનગર જિલ્લો |
| ૨૦૦૩ | ૦૩ | ૧૦ | ૦૨ | ૦૬ |
| ૨૦૦૪ | ૦૦ | ૧૪ | ૦૩ | ૦૫ |

(૨) એક પણ નહીં.

---------

**નાણા પંચ દ્વારા રાજ્ય સરકારને ફાળવેલ રકમ**

૧૧૨૭૯ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) કેન્દ્ર સરકારના નાણા પંચે રાજ્ય માટે

**જવાબ**

(૧) કેન્દ્ર સરકારે નિમેલ નાણા પંચ કેન્દ્ર

સને ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ના વર્ષમાં રાજ્ય સરકારને ખરેખર કેટલી રકમ ફાળવવાની નક્કી કરેલ છે, અને

(૨) તે અન્વયે વર્ષવાર કેટ કેટલી રકમ ક્યારે મળી?

સરકારને તમામ રાજ્યોને કેટલી રકમ આપવી તેની ફોર્મ્યુલા નક્કી કરે છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્યના દરેક તાલુકા મથકે પેટા તિજોરી કચેરી શરૂ કરવા અંગે**

૧૨૭૯૮ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ કેટલા તાલુકામાં પેટા તિજોરી કચેરીઓ નથી?

**જવાબ**

૨૧ તાલુકામાં.

---------

**રાજ્યમાં વિદ્યાસહાયકોની ઘટ**

૧૧૨૯૨ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લા વાઇઝ કેટલા વિદ્યાસહાયક શિક્ષકોની ભરતી કરવામાં આવી,

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ.

**પત્રક-૧**

**છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લાવાર ભરતી કરેલ વિદ્યાસહાયકોની વિગતો.**

| ક્રમ | જિલ્લો | વિદ્યાસહાયકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૯૨૯ |
| ૨ | વડોદરા | ૫૩૨ |
| ૩ | રાજકોટ | ૬૯૩ |
| ૪ | સુરત | ૭૪૮ |
| ૫ | ખેડા | ૧૨૫૦ |
| ૬ | આણંદ | ૮૫૯ |
| ૭ | પંચમહાલ | ૪૦૭ |
| ૮ | દાહોદ | ૧૮૩૯ |
| ૯ | સાબરકાંઠા | ૮૪૬ |
| ૧૦ | જુનાગઢ | ૮૭૮ |
| ૧૧ | પોરબંદર | ૩૫૯ |
| ૧૨ | મહેસાણા | ૫૬૭ |
| ૧૩ | પાટણ | ૪૨૩ |
| ૧૪ | ભાવનગર | ૨૧૦૫ |
| ૧૫ | જામનગર | ૧૬૧૨ |
| ૧૬ | અમરેલી | ૬૭૧ |
| ૧૭ | કચ્છ | ૧૭૪૮ |
| ૧૮ | ભરૂચ | ૬૮૧ |
| ૧૯ | નર્મદા | ૪૯૧ |
| ૨૦ | વલસાડ | ૫૭૦ |
| ૨૧ | નવસારી | ૨૩૦ |
| ૨૨ | બનાસકાંઠા | ૨૭૫૧ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૧૨૫૨ |
| ૨૪ | ગાંધીનગર | ૫૦૩ |
| ૨૫ | ડાંગ | ૧૧૦ |
| | **કુલ :** | **૨૩૦૫૪** |
| | **નગરપાલિકા** | **૧૧૮૨** |
| | **એકંદર કુલ :** | **૨૪૨૩૬** |

(૨) તે પૈકી, કેટલા પી.ટી.સી. અને બી.એડ.ના વિદ્યાર્થીઓને લવાયેલ છે, અને

(૨) પત્રક- ૨ મુજબ.

**પત્રક-૨**

**ભરતી કરેલ પી.ટી.સી. અને બી.એડ. વિદ્યાસહાયકોની વિગતો.**

| ક્રમ | જિલ્લો | પી.ટી.સી. | બી.એડ. |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૮૭૫ | ૫૪ |
| ૨ | વડોદરા | ૫૩૨ | ૦ |
| ૩ | રાજકોટ | ૪૯૧ | ૨૦૨ |
| ૪ | સુરત | ૭૨૯ | ૧૯ |
| ૫ | ખેડા | ૧૧૩૬ | ૧૧૪ |
| ૬ | આણંદ | ૮૫૯ | ૦ |
| ૭ | પંચમહાલ | ૩૯૨ | ૧૫ |

| | | | |
|---|---|---|---|
| ૭ | પંચમહાલ | ૩૯૨ | ૧૫ |
| ૮ | દાહોદ | ૧૫૦૨ | ૩૩૭ |
| ૯ | સાબરકાંઠા | ૮૧૮ | ૨૮ |
| ૧૦ | જુનાગઢ | ૪૬૫ | ૪૧૩ |
| ૧૧ | પોરબંદર | ૭૬ | ૨૮૩ |
| ૧૨ | મહેસાણા | ૫૨૦ | ૪૭ |
| ૧૩ | પાટણ | ૩૭૯ | ૪૪ |
| ૧૪ | ભાવનગર | ૭૦૫ | ૧૪૦૦ |
| ૧૫ | જામનગર | ૫૬૬ | ૧૦૪૬ |
| ૧૬ | અમરેલી | ૩૦૮ | ૩૬૩ |
| ૧૭ | કચ્છ | ૨૭૬ | ૧૪૭૨ |
| ૧૮ | ભરૂચ | ૨૭૩ | ૪૦૮ |
| ૧૯ | નર્મદા | ૯૮ | ૩૯૩ |
| ૨૦ | વલસાડ | ૫૬૧ | ૯ |
| ૨૧ | નવસારી | ૨૨૯ | ૧ |
| ૨૨ | બનાસકાંઠા | ૨૧૭૮ | ૫૭૩ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૭૫૨ | ૫૦૦ |
| ૨૪ | ગાંધીનગર | ૪૯૩ | ૧૦ |
| ૨૫ | ડાંગ | ૯૦ | ૨૦ |
| | **કુલ** | **૧૫૩૦૩** | **૭૭૫૧** |
| | **નગરપાલિકા** | **૧૧૮૨** | **૦** |
| | **એકંદર કુલ** | **૧૬૪૮૫** | **૭૭૫૧** |

(૩) આ સ્થિતિએ રાજ્યમાં કેટલા શિક્ષકોની કેટલી ઘટ છે અને તે ઘટ પૂરવા શું આયોજન છે?

(૩) ૧૯૪૨ શિક્ષકોની ઘટ છે. શિક્ષકની નવી જગાઓ મંજૂર કરીને આ ઘટ પુરવામાં આવશે.

---------

## રાજ્યમાં ગ્રાન્ટેબલ માધ્યમિક શાળાઓની મંજૂરી

૧૧૩૩૩ **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ગુજરાત રાજ્યમાં ચાલુ વર્ષ ૨૦૦૪-૦૫ દરમ્યાન તા.૩૧-૧-૦૫ સુધીમાં કેટલી માધ્યમિક શાળાઓને ગ્રાન્ટેબલ કરવા માટે મંજૂરી આપવામાં આવેલ છે,

(૨) મંજૂરી અપાયેલ શાળા કયા જિલ્લાની અને કઇ સ્કુલ છે, અને

(૩) ગ્રાન્ટેબલ મંજૂરી માટે કેટલી અરજીઓ આવેલ હતી?

**જવાબ**

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ગ્રાન્ટેબલની મંજૂરી માટે અરજીઓ મંગાવેલ નથી.

---------

## ભાણવડ, ખંભાળીયા અને લાલપુર તાલુકામાં ડી.પી.ઈ.પી. યોજના હેઠળ શાળાના ઓરડા

૧૧૩૫૩ **શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લાના ભાણવડ, ખંભાળીયા અને લાલપુર એમ ત્રણ તાલુકામાં ડી.પી.ઈ.પી. હેઠળ કુલ કેટલા ઓરડા બનાવવામાં આવ્યા,

(૨) આ ત્રણ તાલુકામાં કુલ કેટલા ઓરડાની ઘટ છે, અને

(૩) આ ખૂટતા ઓરડા બનાવવા માટે શું આયોજન થયેલ છે ?

**જવાબ**

(૧)

| તાલુકા | ૨૦૦૩ | ૨૦૦૪ |
|---|---|---|
| ભાણવડ | ૦૭ | ૧૧ |
| ખંભાળીયા | ૧૧ | ૩૪ |
| લાલપુર | ૦૯ | ૧૭ |
| કુલ :- | ૨૭ | ૬૨ |

(૨) ભાણવડ તાલુકામાં ૪૦, ખંભાળીયા તાલુકામાં ૨૦૫ અને લાલપુર તાલુકામાં ૬૭ ઓરડાની ઘટ છે.

(૩) ડી.પી.ઈ.પી., સર્વ શિક્ષા અભિયાન, એન.પી.ઈ.જી.એલ. અને રાજ્ય સરકારની ગ્રાન્ટમાંથી ખૂટતા ઓરડાઓ બનાવવાનું આયોજન છે.

----------

## ભરૂચ અને નર્મદા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં મધ્યાહ્‌ન ભોજન અંગે

**૧૨૫૬૨ શ્રી મહેશભાઈ છો. વસાવા (દેડિયાપાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ભરૂચ અને નર્મદા જિલ્લામાં મધ્યાહ્‌ન ભોજન યોજનાની સુવિધા કયા કયા ગામની પ્રાથમિક શાળાઓમાં નથી, | (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ નીચે દર્શાવેલ ૨૧-પ્રા. શાળાઓમાં મ. ભો. યો. ની સુવિધા નથી : (૧) પડવાણીયા (૨) ખાટા આમલા (નવી વસાહત) (૩) વાંદરની વેલી (આંબો) (૪) વડપાન (૫) નવા માલજીપરા (૬) સમરપરા (૭) ટૃયણીયા (૮) કંચનપરી (પડાલ) (૯) રાજપરા (૧૦) ચાંદીયાપુરા (૧૧) રાજા કૂવા (૧૨) કોટીયામાઉ (૧૩) દુ:વાઘપરા (૧૪) મહુડીખાંચ (૧૫) વાલપોર (૧૬) કુંડ (૧૭) ચોકી (૧૮) રૂપનગર (૧૯) ઔરંગપુર ડી ંબી (૨૦) ટંકારી બંદર (૨૧) પાંચ પીપળા. |
| (૨) આ પ્રાથમિક શાળાઓમાં મધ્યાહ્‌ન ભોજન યોજના નહીં શરૂ કરવાનાં શાં કારણો છે, | (૨) ઉપર દર્શાવેલ ૨૧ પ્રાથમિક શાળાઓ પૈકી તા. ૧-૨-૦૫ થી રૂપનગર પ્રાથિમક શાળામાં તથા ૧-૩-૦૫ થી કોટીયા માઉ. દુ : વાઘપુર, મહુડી ખાંચ, ચોકીની પ્રાથમિક શાળામાં મ. ભો. યો. ના કેન્દ્રો શરૂ કરવામાં આવેલ છે. બાકીની ૧૪ પ્રાથમિક શાળાઓમાં નવા શૈક્ષણિક વર્ષથી મ. ભો. યો. કેન્દ્રો શરૂ કરવાનું આયોજન કરેલ છે. |
| (૩) સરકારનું આ શાળાઓમાં મ.ભો.યો. ક્યારથી શરૂ કરવાનું આયોજન છે, અને | (૩) ઉપર (૨) મુજબ. |
| (૪) કેટલા સમયમાં ? | (૪) ઉપર (૨) મુજબ. |

----------

## મહુવા તાલુકાની માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ખાલી જગાઓ

૧૧૩૩૫ **ડૉ.કનુભાઇ કળસરિયા (મહુવા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં સરકારી માધ્યમિક શાળાઓમાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ શિક્ષકોની કેટલી જગ્યા ખાલી છે, | (૧) ૦૪ (ચાર). |
| (૨) કઈ કઈ શાળાઓમાં કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨)સરકારી માધ્યમિક શાળા, સેંદરડા - ૦૧<br>સરકારી માધ્યમિક શાળા, ગુંદરણા - ૦૧<br>સરકારી માધ્યમિક શાળા, તરેડ - ૦૧<br>સરકારી માધ્યમિક શાળા, બોરડી - ૦૧ |
| (૩) ક્યારે ભરવામાં આવશે ? | (૩) વહેલાસર ભરવામાં આવશે. |

## માતર તાલુકાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓના અભ્યાસ અંગે

૧૧૩૦૫ **શ્રી રાકેશ રાવ (માતર) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી ૨૦૦૫ની સ્થિતિએ માતર તાલુકાના ભાલ વિસ્તારમાં વિદ્યાર્થીઓને માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ મેળવવા માટેની કોઈ જ વ્યવસ્થા નહિ હોવાથી વિદ્યાર્થીઓને અભ્યાસ છોડી દેવો પડતો હોવાની હકીકત ખરી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ખાસ કીસ્સામાં આ વિસ્તારને કોઈ સુવિધા રાજ્ય સરકાર આપવા માંગે છે કે કેમ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**પાટણ જિલ્લામાં તાલુકાવાર શાળાઓમાં ડ્રોપ આઉટ દર**

૧૧૨૭૩ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર ધો. ૧ થી ૭ અને ધો. ૧ થી ૧૦માં ડ્રોપ આઉટ દર કેટલો હતો, | (૧) તાલુકાવાર/જિલ્લાવાર અલગ ડ્રોપ આઉટ દર તારવવામાં આવતો નથી. |
| (૨) આ ડ્રોપ આઉટ દર ઓછો કરવા માટે રાજ્ય સરકારે છેલ્લા એક વર્ષમાં કયા પગલાં લીધાં, અને | (૨) ડ્રોપઆઉટ દર ઓછો કરવા રાજ્ય સરકાર દ્વારા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી રથ, વિદ્યાલક્ષ્મી યોજના, સેનીટેશન ફેસીલીટી, વોટર ફેસીલીટી, ખૂટતા ઓરડાઓનું બાંધકામ, કંમ્પાઉન્ડવોલ તથા મફત પાઠ્યપુસ્તક વિતરણ, વિદ્યાસહાયક ભરતી વગેરે યોજનાઓ અમલમાં મુકી છે. |
| (૩) કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) ૨૦૦૩-૦૪ માં રૂા. ૩૫૯.૬૩ લાખ.<br>૨૦૦૪-૦૫ માં રૂા. ૩૬૫.૬૧ લાખ. |

----------

**બનાસકાંઠા જિલ્લાની શાળાઓમાં સીન્ટેકસના ઓરડા**

૧૨૨૨૯ **શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) પ્રાથમિક શાળાઓ માટે સીન્ટેકસના કેટલા ઓરડાઓ તા. ૩૧-૦૧-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર બનાવવામાં આવ્યા,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકા | ઓરડાની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમીરગઢ | ૧૪ |
| ૨ | ભાભર | ૧૫ |
| ૩ | દાંતા | ૨૯ |
| ૪ | દાંતીવાડા | ૧૬ |
| ૫ | ડીસા | ૩૫ |
| ૬ | દિયોદર | ૨૦ |
| ૭ | ધાનેરા | ૨૦ |
| ૮ | કાંકરેજ | ૨૬ |
| ૯ | પાલનપુર | ૩૦ |
| ૧૦ | થરાદ | ૫૮ |
| ૧૧ | વડગામ | ૨૦ |
| ૧૨ | વાવ | ૨૬ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તેની અંદાજીત કિંમત કેટલી છે, અને | (૨) ઓરડાદિઠ કિંમત રૂા. ૧,૫૦,૦૦૦/- છે. |
| (૩) આ ઓરડાની ગુણવત્તા નબળી હોવા અંગે સરકાર શાં પગલાં ભરવા માંગે છે ? | (૩) ઓરડાઓની ગુણવત્તા નબળી નથી તેથી પગલાં લેવાના રહેતાં નથી. |

----------

**ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પ્રવેશમાં વિદ્યાર્થીઓનો ઘટાડો**

૧૧૮૪૯ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૦૫ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ શૈક્ષણિક વર્ષોથી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓની સતત ઘટતી જતી સંખ્યાના શાં કારણો છે, | (૧) વિજ્ઞાન પ્રવાહમાં ઓછો રસ. |
| (૨) આ બાબતે સરકારે કોઈ સંશોધન કર્યું છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો આગામી વર્ષોમાં વિજ્ઞાન પ્રવાહમાં શૂન્યાવકાશ સર્જાય તે પહેલાં સરકાર કોઈ પગલાં લેવા માંગે છે કે કેમ ? | (૩) હા, જી. |

**પારડી, ધરમપુર અને કપરાડા તાલુકામાં પ્રાથમિક શાળાના ઓરડાની ઘટ**

૧૨૪૮૮ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લાના પારડી, ધરમપુર અને કપરાડા તાલુકામાં ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ કેટલા ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાની ઘટ છે, અને

(૨) આ પ્રાથમિક શાળાના ઓરડા ક્યારે બનાવવામાં આવશે ?

**જવાબ**

(૧)

| | તાલુકો | ઓરડાની ઘટવાળા ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | પારડી | ૧૦ |
| ૨ | ધરમપુર | ૧૪ |
| ૩ | કપરાડા | ૫૪ |

(૨) જેમ બને તેમ જલ્દી.

----------

**ગોમતીઘાટ, ડાકોરનો વિકાસ**

૧૨૭૫૬ **શ્રી આર. સી. પટેલ (જલાલપોર) : માનનીય યાત્રાધામ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ડાકોરમાં ગોમતી ઘાટના વિકાસ માટે સન ૨૦૦૪માં કુલ કેટલો ખર્ચ થયો, અને

(૨) હવે ગોમતી ઘાટ વિકાસ માટે ભાવિ યોજના શું છે ?

**જવાબ**

(૧) રૂા. ૬૩ લાખ.

(૨) ગોમતી ઘાટના સંપૂર્ણ વિકાસ માટે ઈન્ટીગ્રેટેડ ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરેલ છે.

----------

**રાજ્યના દરેક તાલુકામાં પેટા તિજોરી કચેરી શરૂ કરવા અંગે**

૧૧૫૬૦ **શ્રી પરેશભાઈ ગો. વસાવા (નિઝર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તારીખ ૩૧-૧-૦૫ની સ્થિતિએ કેટલા તાલુકામાં પેટા-તિજોરીઓ ખોલવામાં આવી નથી, અને

(૨) આ માટે શા કારણો છે?

**જવાબ**

(૧) ૨૧ તાલુકામાં.

(૨) તાલુકા મથકે પેટા તિજોરી કચેરીઓ શરૂ કરવા માટે રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની મંજૂરી મેળવવાની અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કરવાની કાર્યવાહી પૂર્ણ થયેલ ન હોવાથી ૨૧-પેટા તિજોરી કચેરીઓ શરૂ થઈ શકી નથી.

----------

**ટ્રાયબલ વિસ્તારની શાળાઓમાં એન.ઓ.સી. આપવા બાબત**

૧૧૯૬૦ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી બાબતમાં એન.ઓ.સી. આપવાના ધોરણો શું છે,

(૨) આદિવાસી વિસ્તારની શાળાઓ માટે કોઈ અલગ ધોરણો છે કે કેમ, અને

(૩) જો હા, તો ટ્રાયબલ વિસ્તારની સ્કુલમાં વિષય પ્રમાણે શિક્ષક અને યોગ્ય શિક્ષણ વિદ્યાર્થીઓને મળે એ એન.ઓ.સી. આપતી વખતે ધ્યાનમાં લેવામાં આવે છે કે કેમ?

**જવાબ**

(૧) વર્ગોના પ્રમાણમાં.

(૨) ના, જી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**બનાસકાંઠા જિલ્લામાં વિદ્યાદીપ હેઠળના લાભાર્થી વિદ્યાર્થીઓ**

૧૧૭૫૦ **શ્રી હરજીવન હી. પટેલ (ધાનેરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તારીખ ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે

**જવાબ**

(૧) ૫૫૩૯૧૮

| | |
|---|---|
| વર્ષમાં વિદ્યાર્થીઓને સુરક્ષા માટે વિમા કવચ પુરૂ પાડતી વિદ્યાદીપ યોજના અન્વયે બનાસકાંઠા જિલ્લામાં અભ્યાસ કરતા કેટલા વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવ્યા, અને | |
| (૨) તે પૈકી આ સ્થિતિએ કેટલા વિદ્યાર્થીઓને વિમા કંપની દ્વારા ચૂકવણું થયેલ છે? | (૨) ૩૮. |

----------

**શાળાઓમાં શિક્ષકોમાં બઢતી તથા ઉચ્ચતર પગાર ધોરણોના નિયમોમાં ભેદભાવ**

૧૨૮૪૮ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં એક જ કેડરના એક સરખી ભરતીના નિયમોવાળા પ્રાથમિક શિક્ષકો હોવા છતાં પંચાયતના અને નગરપાલિકા-મહાનગરપાલિકાના શિક્ષકો વચ્ચે પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ તથા બઢતીના નિયમોમાં ભેદભાવ છે તેવી તારીખ ૩૧-૧૨-૦૪ સુધીમાં છેલ્લા ત્રણ વર્ષમાં ફરિયાદ રાજ્ય સરકારને મળી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેવો ભેદભાવ દૂર કરવા રાજ્ય સરકારે શાં પગલાં લીધા છે? | (૨) આ બાબત કાનૂની પ્રક્રિયા હેઠળ છે. |

----------

**માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની ગ્રાન્ટેબલ નવી શાળાઆ**

૧૨૦૬૪ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

તારીખ ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ગ્રાન્ટેબલ નવી કેટલી શાળાઓ કયા કયા જિલ્લામાં કેટલી શાળાઓ મંજૂર કરેલ છે?

**જવાબ**

| | વર્ષ ૨૦૦૩-૦૪ | વર્ષ ૨૦૦૪-૦૫ |
|---|---|---|
| માધ્યમિક શાળા | -- | -- |
| ઉચ્ચતર માધ્યમિક શાળાઓ | -- | ૧૧ (પત્રક સામેલ છે.) |

પત્રક

ઉચ્ચતર માધ્યમિક ગ્રાન્ટેબલ શાળાઓ

| ક્રમાંક | જિલ્લાનું નામ | સંખ્યા |
|---|---|---|
| (૧) | અમદાવાદ શહેર | ૦૧ |
| (૨) | બનાસકાંઠા | ૦૩ |
| (૩) | ભાવનગર | ૦૧ |
| (૪) | રાજકોટ | ૦૧ |
| (૫) | વડોદરા | ૦૧ |
| (૬) | સુરત | ૦૨ |
| (૭) | નવસારી | ૦૧ |
| (૮) | વલસાડ | ૦૧ |
| | કુલ : | ૧૧ |

----------

**રમતગમત ક્ષેત્રે મળેલ એવોર્ડ તેમજ રોકડ પુરસ્કાર અંગે**

૧૨૭૭૪ **શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| રાજ્યમાં રમતગમતનાં પ્રોત્સાહન માટે રાજ્ય | હા, જી. |

સરકાર દ્વારા કોઈ એવોર્ડ આપવામાં આવે છે કે કેમ, આ એવોર્ડ માટે પ્રમાણપત્ર સાથે રોકડ પુરસ્કાર આપવામાં આવે છે કે કેમ?

----------

**ગ્રાન્ટેબલ માધ્યમિક શાળાઓને મંજૂરી અંગે**

૧૧૭૪૭ **ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તારીખ ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સને ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ના શૈક્ષણિક વર્ષમાં કેટલી માધ્યમિક શાળાઓને ગ્રાન્ટેબલ કરવામાં આવી, અને

(૨) કયા કયા જિલ્લામાં કેટલી?

**જવાબ**

(૧) એક પણ નહી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**ડીગ્રી એન્જિનયરીંગ કોલેજોમાં ભરાયેલ સીટો**

૧૧૨૭૭ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તારીખ ૩૧-૧-૦૫ની સ્થિતિએ રાજ્યની સ્વનિર્ભર ડીગ્રી એન્જિનીયરીંગ કોલેજોમાં શિક્ષણ વર્ષ ૨૦૦૪-૨૦૦૫ સંસ્થાવાર કયા કોર્સમાં કેટલી એ.આઈ.સી.ટી. દ્વારા સીટો મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી કેટલી કેન્દ્રીય પ્રવેશ સમિતિની દ્વારા તથા કેટલી જે તે કોલેજ મેનેજમેન્ટ દ્વારા ભરવામાં આવી, અને

(૩) આ બાબતે સરકારે કોઈ ચકાસણી કામગીરી હાથ ધરેલ છે કે કેમ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૫ની સ્થિતિએ સન ૨૦૦૪-૫માં રાજ્યમાં સ્વનિર્ભર કોલેજોમાં એ.આઈ.સી.ટી.ઈ. દ્વારા કુલ ૭૨૨૬ બેઠકો મંજૂર થયેલ છે, જેનું વિગતવાર પત્રક સામેલ છે.

(૨) કેન્દ્રિય પ્રવેશ સમિતિ દ્વારા ૫૩૬૬ બેઠકો તેમજ મેનેજમેન્ટ દ્વારા કુલ ૧૬૧૯ બેઠકો ભરવામાં આવી છે.

(૩) હા, જી. સ્વનિર્ભર સંસ્થા દ્વારા મેનેજમેન્ટ કવોટામાં અપાયેલ પ્રવેશનો યુનિવર્સિટીમાં એનરોલમેન્ટ કરાવવા માટે કેન્દ્રિય પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની યાદીમાં ચકાસણી બાદ પ્રતિ હસ્તાક્ષર કરી આપવામાં આવે છે.

**<u>પત્રક</u>**

| ક્રમ | સંસ્થાનું નામ | અભ્યાસક્રમનું નામ | મંજૂર થયેલ બેઠકો |
|---|---|---|---|
| ૧. | નિરમા ઈન્સ્ટીયુટ ઓફ ટેકનોલોજી, અમદાવાદ | કન્સ્ટ્રકશન મેનેજમેન્ટ | ૬૦ |
| | | મીકેનીકલ એન્જિનીયરીંગ | ૬૦ |
| | | ઈલેકટ્રીકલ એન્જિનીયરીંગ | ૬૦ |
| | | ઈનફોર્મેશન ટેકનોલોજી | ૬૦ |
| | | કોમ્પ્યુટર એન્જિનીયરીંગ | ૧૨૦ |
| | | ઈલેકટ્રો. એન્ડ કોમ્યુ. એન્જિનીયરીંગ | ૧૨૦ |
| | | ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કન્ટ્રોલ એન્જિનીયરીંગ | ૬૦ |
| | | કેમિકલ એન્જિનીયરીંગ | ૬૦ |
| | | **કુલઃ-** | ૬૦૦ |
| ૨. | સાર્વજનીક કોલેજ ઓફ એન્જિનીયરીંગ એન્ડ ટેકનોલોજી, સુરત | ઈલેકટ્રીકલ એન્જિનીયરીંગ | ૬૦ |
| | | ઈનફોર્મેશન ટેકનોલોજી | ૬૦ |
| | | કોમ્પ્યુટર એન્જિનીયરીંગ | ૬૦ |
| | | ઈલેકટ્રો. એન્ડ કોમ્યુ. એન્જિનીયરીંગ | ૬૦ |
| | | ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કન્ટ્રોલ એન્જિનીયરીંગ | ૩૦ |
| | | કેમિકલ એન્જિનીયરીંગ | ૬૦ |
| | | ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ટેકનોલોજી | ૩૦ |
| | | ટેક્ષટાઈલ ટેકનોલોજી | ૩૦ |
| | | **કુલઃ-** | ૩૯૦ |

| | | | |
|---|---|---|---|
| ૩. | વી.વી.પી. એન્જિ. કોલેજ, રાજકોટ | મીકેનીકલ એન્જિનીયરીંગ | ૬૦ |
| | | ઈલેક્ટ્રીકલ એન્જિનીયરીંગ | ૬૦ |
| | | ઈનફોર્મેશન ટેકનોલોજી | ૬૦ |
| | | કોમ્પ્યુટર એન્જિનીયરીંગ | ૬૦ |
| | | ઈલેક્ટ્રો. એન્ડ કોમ્પ્યુ. એન્જિ. | ૧૨૦ |
| | | કેમિકલ એન્જિનીયરીંગ | ૩૦ |
| | | બાયો ટેકનોલોજી | ૩૦ |
| | | **કુલઃ-** | ૪૨૦ |
| ૪. | જી.એચ.પટેલ કોલેજ ઓફ એન્જિ. એન્ડ ટેકનોલોજી, વલ્લભવિદ્યાનગર | મીકેનીકલ એન્જિનીયરીંગ | ૬૦ |
| | | ઈલેક્ટ્રીકલ એન્જિનીયરીંગ | ૫૯ |
| | | ઈનફોર્મેશન ટેકનોલોજી | ૬૦ |
| | | કોમ્પ્યુટર એન્જિનીયરીંગ | ૬૦ |
| | | ઈલેક્ટ્રો. એન્ડ કોમ્પ્યુ. એન્જિ. | ૬૦ |
| | | કેમિકલ એન્જિનીયરીંગ | ૬૦ |
| | | મેક્ટ્રોનીક્સ | ૬૦ |
| | | **કુલઃ-** | ૪૧૯ |
| ૫ | શ્રી સદ વિદ્યામંડળ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, ભરૂચ | મીકેનીકલ એન્જિનીયરીંગ | ૬૦ |
| | | ઈલેક્ટ્રીકલ એન્જિનીયરીંગ | ૬૦ |
| | | ઈનફોર્મેશન ટેકનોલોજી | ૬૦ |
| | | કોમ્પ્યુટર એન્જિનીયરીંગ | ૬૦ |
| | | ઈલેક્ટ્રો. એન્ડ કોમ્પ્યુ. એન્જિ. | ૬૦ |
| | | કેમિકલ એન્જિનીયરીંગ | ૬૦ |
| | | **કુલઃ-** | **૩૬૦** |
| ૬. | શ્રી યુ.વી. પટેલ કોલેજ ઓફ એન્જિનીયરીંગ, મહેસાણા. | મીકેનીકલ એન્જિનીયરીંગ | ૬૦ |
| | | ઈનફોર્મેશન ટેકનોલોજી | ૬૦ |
| | | કોમ્પ્યુટર એન્જિનીયરીંગ | ૬૦ |
| | | ઈલેક્ટ્રો. એન્ડ કોમ્પ્યુ. એન્જિ. | ૬૦ |
| | | બાયો મેડીકલ એન્જિનીયરીંગ | ૬૦ |
| | | મેકાટોનીક્સ | ૬૦ |
| | | કુલ :- | ૩૬૦ |
| ૭. | સરદાર પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, વાસદ. | સિવિલ એન્જિ. | ૬૦ |
| | | મીકેનીકલ એન્જિનીયરીંગ | ૫૯ |
| | | ઈલેક્ટ્રીકલ એન્જિનીયરીંગ | ૬૦ |
| | | ઈનફોર્મેશન ટેકનોલોજી | ૯૦ |
| | | કોમ્પ્યુટર એન્જિનીયરીંગ | ૯૦ |
| | | ઈલેક્ટ્રો. એન્ડ કોમ્પ્યુ. એન્જિ. | ૯૦ |
| | | ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કન્ટ્રોલ એન્જિનીયરીંગ | ૫૯ |
| | | ઓટોમોબાઈલ એન્જિ. | ૬૦ |
| | | કુલ :- | ૫૬૮ |
| ૮. | શ્રી સી. યુ. શાહ કોલેજઓફ એન્જિનીયરીંગ, સુરેન્દ્રનગર. | મીકેનીકલ એન્જિ. | ૬૦ |
| | | ઈનફોર્મેશન ટેકનોલોજી | ૬૦ |
| | | કોમ્પ્યુટર એન્જિનીયરીંગ | ૯૦ |
| | | ઈલેક્ટ્રો. એન્ડ કોમ્પ્યુ. એન્જિ. | ૬૦ |
| | | બાયો મેડીકલ | ૬૦ |
| | | ઈલેક્ટ્રીક્લ એન્ડ ઈલેક્ટ્રોનીક્સ | ૬૦ |
| | | કુલ :- | ૩૯૦ |
| ૯. | સી. કે. પીડાવાલા કોલેજ ઓફ એન્જિનીયરીંગ, સુરત | મીકેનીકલ એન્જિ. | ૬૭ |
| | | ઈલેક્ટ્રીકલ એન્જિનીયરીંગ | ૬૦ |
| | | કોમ્પ્યુટર એન્જિનીયરીંગ | ૬૮ |
| | | ઈલેક્ટ્રો. એન્ડ કોમ્પ્યુ. એન્જિ. | ૨૫૫ |
| | | કુલ | ૬૦ |
| ૧૦. | સાંકળચંદ પટેલ કોલેજ ઓફ એન્જી., વિસનગર. | મીકેનીકલ એન્જિ. | ૬૦ |
| | | ઈલેક્ટ્રીકલ એન્જિનીયરીંગ | ૬૦ |
| | | ઈન્ફોર્મેશન ટેકનોલોજી | ૬૦ |
| | | કોમ્પ્યુટર એન્જિનીયરીંગ | ૬૦ |
| | | ઈલેક્ટ્રો. એન્ડ કોમ્પ્યુ. એન્જિ. | ૩૦૦ |
| | | કુલ :- | ૧૨૦ |
| ૧૧. | ડી.ડી.આઈ.ટી., નડીયાદ. | ઈન્ફોર્મેશન ટેકનોલોજી | ૭૫ |
| | | કોમ્પ્યુટર એન્જિનીયરીંગ | ૭૫ |
| | | ઈલેક્ટ્રો. એન્ડ કોમ્પ્યુ. એન્જિ. | ૧૫ |
| | | ઈન્સ્ટ્રુમેન્ટેશન કંટ્રોલ એન્જિ. | ૨૮૫ |
| | | કુલ :- | ૬૦ |
| ૧૨. | આત્મીય ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી એન્ડ સાયન્સ, રાજકોટ. | ઈલેક્ટ્રીકલ એન્જિનીયરીંગ | ૩૦ |
| | | ઈન્ફોર્મેશન ટેકનોલોજી | ૧૨૦ |
| | | કોમ્પ્યુટર એન્જિનીયરીંગ | ૧૨૦ |
| | | ઈલેક્ટ્રો. એન્ડ કોમ્પ્યુ. એન્જિ. | ૬૦ |

| | | | |
|---|---|---|---|
| | | ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કંન્ટ્રોલ એન્જી. | ૩૦ |
| | | મીકેનીકલ એન્જિ. | ૪૨૦ |
| | | કુલ :- | ૯૦ |
| ૧૩. | ચરોતર ઈન્સ્ટીટ્યુટ ઓફ ટોકનોલોજી, ચાંગા. | મીકેનીકલ એન્જિ. | ૬૦ |
| | | ઈલેક્ટ્રીકલ એન્જિનીયરીંગ | ૩૦ |
| | | ઈન્ફોર્મેશન ટેકનોલોજી | ૧૨૦ |
| | | કોમ્પ્યુટર એન્જિનીયરીંગ | ૧૨૦ |
| | | ઈલેકટ્રો. એન્ડ કોમ્યુ. એન્જિ. | ૪૨૦ |
| | | કુલ :- | ૬૦ |
| ૧૪. | એ.ડી.પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, કરમસદ. | મીકેનીકલ એન્જિ. | ૬૦ |
| | | ઈલેક્ટ્રીકલ એન્જિનીયરીંગ | ૬૦ |
| | | ઈન્ફોર્મેશન ટેકનોલોજી | ૬૦ |
| | | કોમ્પ્યુટર એન્જિનીયરીંગ | ૬૦ |
| | | ઈલેકટ્રો. એન્ડ કોમ્યુ. એન્જિ. | ૬૦ |
| | | ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી | ૬૦ |
| | | ઓટોમોબાઈલ એન્જી. | ૪૨૦ |
| | | કુલ :- | ૬૦ |
| ૧૫. | બિરલા વિશ્વકર્મા મહા વિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર. | ઈન્ફોર્મેશન ટેકનોલોજી | |
| | | કુલ :- | ૬૦ |
| ૧૬. | શ્રી એલ. સી. ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, ભાંન્ડુ, જિ. મહેસાણા. | મીકેનીકલ એન્જિ. | ૬૦ |
| | | ઈલેક્ટ્રીકલ એન્જિનીયરીંગ | ૬૦ |
| | | કોમ્પ્યુટર એન્જિનીયરીંગ | ૧૧૯ |
| | | ઈલેકટ્રો. એન્ડ કોમ્યુ. એન્જિ. | ૨૯૯ |
| | | કુલ :- | ૬૦ |
| ૧૭. | વાલીયા ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, વાલીયા. | ઈલેક્ટ્રીકલ એન્જિનીયરીંગ | ૬૦ |
| | | કોમ્પ્યુટર એન્જિનીયરીંગ | ૬૦ |
| | | ઈલેકટ્રો. એન્ડ કોમ્યુ. એન્જિ. | ૬૦ |
| | | મીકેનીકલ એન્જિ. | ૨૪૦ |
| | | કુલ :- | ૬૦ |
| ૧૮. | પારૂલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, લીમડા. | મીકેનીકલ એન્જિ. | ૬૦ |
| | | ઈલેક્ટ્રીકલ એન્જિનીયરીંગ | ૯૦ |
| | | ઈલેકટ્રો. એન્ડ કોમ્યુ. એન્જિ. | ૬૦ |
| | | કોમ્પ્યુટર એન્જિનીયરીંગ | ૩૦ |
| | | સીવીલ એન્જી. | ૩૦૦ |
| | | કુલ :- | ૬૦ |
| ૧૯. | બાબરીયા ઈન્સ્ટી. ઓફ ટેકનોલોજી, વરણામા, જિ. વડોદરા. | મીકેનીકલ એન્જિ. | ૬૦ |
| | | ઈલેક્ટ્રીકલ એન્જિનીયરીંગ | ૬૦ |
| | | ઈલેકટ્રો. એન્ડ કોમ્યુ. એન્જિ. | ૬૦ |
| | | કોમ્પ્યુટર એન્જિનીયરીંગ | ૬૦ |
| | | કુલ :- | ૨૪૦ |
| ૨૦. | મહાત્મા ગાંધી ઈન્સ્ટી. ઓફ ટેકનોલોજી, નવસારી જિ. નવસારી. | મીકેનીકલ એન્જિ. | ૬૦ |
| | | ઈલેક્ટ્રીકલ એન્જિનીયરીંગ | ૬૦ |
| | | ઈલેકટ્રો. એન્ડ કોમ્યુ. એન્જિ. | ૬૦ |
| | | કોમ્પ્યુટર એન્જિનીયરીંગ | ૨૪૦ |
| | | કુલ :- | ૬૦ |
| ૨૧. | અમદાવાદ ઈન્સ્ટી. ઓફ ટેકનોલોજી, અમદાવાદ જિ. અમદાવાદ. | મીકેનીકલ એન્જિ. | ૬૦ |
| | | ઈલેક્ટ્રીકલ એન્જિનીયરીંગ | ૬૦ |
| | | ઈલેકટ્રો. એન્ડ કોમ્યુ. એન્જિ. | ૬૦ |
| | | કોમ્પ્યુટર એન્જિનીયરીંગ | ૬૦ |
| | | કુલ :- | ૨૪૦ |
| | | કુલ સરવાળો :- | ૭૨૨૬ |

----------

**સરકારી પોલીટેકનીકને ડીગ્રી લેવલમાં અપગ્રેડ કરવા અંગે**

૧૧૪૬૭ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| અમરેલીની ડૉ. જીવરાજ મહેતા સરકારી પોલીટેકનીકને ડીગ્રી લેવલમાં રૂપાંતરીત કરવા માટે સરકારે શું આયોજન કરેલ છે ? | હાલ કોઈ આયોજન કરવામાં આવેલ નથી. |

## કન્યા કેળવણી નિધીની રચના અને ભંડોળ

૧૨૭૮૮ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કન્યા કેળવણીને ઉત્તેજન આપવા માટે રાજ્ય સરકારે કન્યા કેળવણી નિધીની રચના કરી છે તેના ઉદ્દેશો ક્યા છે, અને | (૧) રાજ્યમાં કન્યા કેળવણી અને સ્ત્રી સાક્ષરતા દરને ઉત્તેજન આપવા તથા કન્યા કેળવણીને પ્રોત્સાહન આપી સ્ત્રી સાક્ષરતા દર ઉંચો લઈ જવાના ઉદ્દેશથી કન્યા કેળવણી નિધીની રચના કરવામાં આવેલ છે. |
| (૨) ૩૧-૧૨-૦૪ની નિધીમાં કેટલું ભંડોળ જમા થયેલ છે? | (૨) રૂા. ૨,૫૪,૦૬,૩૭૮/-. |

--------

## રાજ્ય સરકાર દ્વારા લીધેલ લોન અને વ્યાજ ચૂકવણી

૧૧૩૨૩ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે કઈ કઈ લોનોની ચૂકવણી કરી, | (૧) માર્કેટ લોનની રૂા. ૩૪૭.૧૩ કરોડ, સેન્ટ્રલ લોનની રૂા. ૮૯૨૯.૦૦ કરોડ અને સંસ્થાકીય લોનોની રૂા. ૧૧૩૪.૨૨ કરોડ ચૂકવણી કરવામાં આવી. |
| (૨) આની સામે સરકારે ચાલુ નાણાંકીય વર્ષમાં કઈ કઈ અને કેટલી રકમની લોનો લીધી, અને | (૨) માર્કેટ લોન રૂા. ૨૦૨૦.૪૬ કરોડ એન.એસ.એસ.એફ. લોન રૂા. ૬૮૨૮.૧૭ કરોડ સંસ્થાકીય લોનો રૂા. ૩૬૬.૮૭ કરોડ અને ભારત સરકાર તરફથી મળતી લોન રૂા. ૭૧૩.૫૮ કરોડ લીધી. |
| (૩) જેનો વ્યાજનો દર શું છે ? | (૩) માર્કેટ લોનનો વ્યાજ સરેરાશ દર ૬.૫ ટકા, એન.એસ.એસ.એફ. લોનનો વ્યાજ દર ૯.૫ ટકા, સંસ્થાકીય લોનોના ૬.૪ થી ૧૦ ટકા સુધી અલગ અલગ વ્યાજ દર છે અને સેન્ટ્રલ લોનનો વ્યાજ દર ૯ ટકા છે. |

--------

## શાળાકીય સ્પર્ધામાં રાષ્ટ્રીયકક્ષાએ મળેલ એવોર્ડ

૧૨૭૬૯ **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) :માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય કક્ષાએ યોજાતી શાળાકીય સ્પર્ધામાં રાજ્ય સરકાર દ્વારા બાળકોને મોકલવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ સમયમાં રાષ્ટ્રીયકક્ષાએ ગુજરાતને કઈ સ્પર્ધામાં કેટલા એવોર્ડ મળ્યા ? | (૨) સામેલ પત્રક મુજબ. |

**પત્રક**

**વર્ષ-૨૦૦૩-૦૪માં ગુજરાતને રાષ્ટ્રીયકક્ષાની શાળાકીય રમતોમાં નીચે મુજબના એવોર્ડ (મેડલ) મળેલ છે :**

| ક્રમ | રમત | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧. | ક્રિકેટ | -- | ૧ | -- | ૧ |
| ૨. | જવાહરલાલ નહેરુ હોકી | -- | -- | ૧ | ૧ |
| ૩. | સ્વીમીંગ | ૪ | ૯ | ૭ | ૨૦ |
| ૪. | ટેનિસ | ૧ | ૨ | ૪ | ૭ |
| ૫. | બેડમિન્ટન | ૨ | ૩ | ૩ | ૮ |
| ૬. | જૂડો | -- | ૩ | ૮ | ૧૧ |
| ૭. | કુસ્તી | -- | ૧ | -- | ૧ |
| ૮. | બેઝબોલ | -- | -- | ૧ | ૧ |
| ૯. | એથ્લેટીકસ | ૧ | -- | ૩ | ૪ |
| ૧૦. | યોગ | ૦ | ૦ | ૨ | ૨ |
| ૧૧. | જીમનાસ્ટીક | ૦ | ૫ | ૨ | ૭ |
| ૧૨. | ટેબલ ટેનિસ | ૧ | ૨ | ૨ | ૫ |
| | કુલ | ૯ | ૨૬ | ૩૩ | ૬૮ |

**વર્ષ-૨૦૦૪-૦૫ (તા. ૩૧-૧૨-૦૪)ની સ્થિતિએ ગુજરાતને રાષ્ટ્રકક્ષાની શાળાકીય રમતોમાં નીચે મુજબના એવોર્ડ (મેડલ) મળેલ છે :**

| ક્રમ | રમત | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧. | ખો-ખો | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૨ |
| ૨. | હેન્ડબોલ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૨ |
| ૩. | સ્વીમીંગ | ૦૧ | ૦૪ | ૦૬ | ૧૧ |
| ૪. | ટેનિસ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૨ |
| ૫. | સ્કેટીંગ | ૩૪ | ૨૫ | ૧૫ | ૭૪ |
| ૬. | બેડમિન્ટન | ૦૦ | ૦૨ | ૦૧ | ૦૩ |
| ૭. | કુસ્તી | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૩ |
| | કુલ | ૩૬ | ૩૫ | ૨૬ | ૯૭ |

**કચ્છ જિલ્લામાં ભૂકંપ પછી શાળાના બાકી રહેલા ઓરડા**

૧૧૪૨૫ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં ભૂકંપથી ધ્વંશ થયેલ પ્રાથમિક શાળાનાં ઓરડાઓ ફરી બનાવવા કે વધારાના ઓરડાઓનું કામ હજી પૂર્ણ થયું નથી તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો, હા, તો કુલ કેટલા નવા ઓરડા બનાવવાની જવાબદારી કઈ કઈ સંસ્થાઓને કયા કયા ગામોએ આપવામાં આવી, | (૨) પત્રક મુજબ |
| (૩) જવાબદારી લેનાર વ્યક્તિ કે સંસ્થાઓએ તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં ઓરડાઓનું કામ પૂર્ણ કરી શિક્ષણ વિભાગ કે જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિને સુપ્રત કર્યા, | (૩) ખંડ (૨)માં દર્શાવ્યા સિવાયના ઓરડાઓના કામો પૂર્ણ કરી જિલ્લા શિક્ષણ સમિતિ, કચ્છને સુપ્રત કરેલ છે. |
| (૪) જો, ના, તો ભચાઉ તાલુકાના લાકડીઆ ગામે પ્રાથમિક કુમાર શાળા અને કન્યા શાળાના ધ્વંશ થયેલ કેટલા ઓરડા સામે કરેલા નવા ઓરડા તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં ઉપયોગમાં લેવાયા, અને | (૪) લાકડીઆ ગામની કુમાર શાળાના-૧૦ અને કન્યા શાળાના-૧૦ મળી કુલ-૨૦ ઓરડાઓ ઉપયોગમાં લેવામાં આવે છે. |

(૫) રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા કચ્છ જિલ્લામાં કેટલા નવા ઓરડા બનાવવા તા. ૩૧-૧-૦૫ સુધીમાં કેટલું ખર્ચ કરવામાં આવ્યું ?

(૫) ૨૩૮૧ નવા ઓરડાઓ બનાવવા પાછળ રૂા. ૨૮,૪૭,૮૮,૦૦૧/- રકમનો ખર્ચ થયેલ છે.

**પત્રક-૧**

## જિલ્લા પંચાયત કચેરી, શિક્ષણ શાખા, કચ્છભૂજ

## ૧૦૦ ટકા સ્વૈચ્છિક સંસ્થાના ખર્ચે ઓરડાઓના ચાલુ કામોની માહિતી

| ક્રમ | સ્વૈચ્છિક સંસ્થાનું નામ | તાલુકો | ગામનું નામ | શાળાનું નામ | બાંધેલ ઓરડા (પૂર્ણ કામો) | ચાલુ કામો (ઓરડાની સંખ્યા) | હાલ કયા સ્ટેજે છે ? |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | કર્ણાટક સરકાર પેકેજ (૨) | ભૂજ | ભૂજ | શાળા નં.૪ | ૦ | ૫ | સ્લેબ |
| ૨ | કર્ણાટક સરકાર પેકેજ (૨) | ભૂજ | ભૂજ | દીનદયાલ નગર | ૦ | ૯ | પાયો |
| ૩ | કર્ણાટક સરકાર પેકેજ (૨) | ભૂજ | ભૂજ | રઘુવંશી નગર | ૦ | ૮ | પ્લીન્થ |
| ૪ | કર્ણાટક સરકાર પેકેજ (૨) | ભૂજ | ભૂજ | ભા. ન. ભૂજ | ૦ | ૨ | ફીનીશીંગ |
| ૫ | કર્ણાટક સરકાર રીલોકેશન પેકેજ | ભૂજ | ભૂજ | ભૂજ મુન્દ્રા રીલોકેશન સાઈટ (ઈસ્ટ) | ૦ | ૧૦ | ફીનીશીંગ |
| ૬ | કર્ણાટક સરકાર રીલોકેશન પેકેજ | ભૂજ | ભૂજ | ભૂજ મુન્દ્રા રીલોકેશન સાઈટ (વેસ્ટ) | ૦ | ૧૦ | ફીનીશીંગ |
| ૭ | કર્ણાટક સરકાર પેકેજ (૩) | ભૂજ | ભૂજ | પિથોરાનગર | ૦ | ૨ | પ્લીન્થ |
| ૮ | સરકાર પેકેજ (૨)-૨, લોકસભા એમ.પી.લેડસ હુડ | ભૂજ | લોરીયા | લોરીયા ગ્રુપ | ૪ | ૨ | પૂર્ણ-પ્લીન્થ |
| ૯ | કર્ણાટક સરકાર પેકેજ (૨) | ભૂજ | મીસરીયાડા નેરી | મીસરીયાડા નેરી | ૦ | ૨ | ફીનીશીંગ |
| ૧૦ | કર્ણાટક સરકાર પેકેજ (૨) | ભૂજ | હોડકા | હોડકા | ૦ | ૨ | ફીનીશીંગ |
| ૧૧ | કર્ણાટક સરકાર પેકેજ (૨) | ભૂજ | એરંડાવાડી | એરંડાવાડી | ૦ | ૨ | ફીનીશીંગ |
(૩) જવાબદાર અધિકારીઓ સામે સરકાર શું પગલાં લેવા માગે છે ?

**જવાબ**

(૧) અને (૨)

સેલ્ટેક્ષ નંબર ૦૫૧૦૦૧૦૦૬૭ એ શીતલ બેવરેજીસનો છે. આ અંગે તપાસ કરવા જણાવેલ છે. તપાસના અંતે ચોરી કરવામાં આવે છે કે કેમ તે જાણી શકાશે.

(૩) તપાસ કરી કસૂરવાર જણાય તો પગલાં લેવામાં આવશે.

----------

## વિજ્ઞાન પ્રવાહના પ્રવેશમાં ઘટાડા અંગે

૧૨૭૮૩ **શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) વિજ્ઞાન પ્રવાહમાં સંખ્યા ઘટતી જાય છે એ વાત સાચી છે,

(૨) જો, હા. તો વિજ્ઞાન પ્રવાહમાં સંખ્યા વધે તે માટે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડે તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ કયા કયા પ્રયત્નો કર્યા, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટવાના કારણોનો અભ્યાસ કરવા સંશોધન કાર્ય હાથ ધરવામાં આવેલ અને તેના તારણો મેળવવામાં આવેલ છે. તેમજ બોર્ડ દ્વારા સંખ્યા ઘટવાના કારણો શોધીને વિદ્યાર્થીઓ ધો. ૧૧ વિજ્ઞાન પ્રવાહમાં વધુ પ્રવેશ મેળવે તે માટેના સઘન પ્રયત્નો શરૂ કરવામાં આવેલ છે.

- વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવે તે માટે જરૂરી માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરૂ પાડવા માટે દરેક જિલ્લા કક્ષાએ ઘનિષ્ઠ પ્રયાસો હાથ ધરવા માનનીય શિક્ષણમંત્રીશ્રીના અધ્યક્ષપણા હેઠળ સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાના આચાર્યો સાથેની એક બેઠક તા. ૧૧-૨-૦૫ના રોજ યોજેલ છે.
- માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓની તા. ૧૧-૨-૦૫ના રોજ માનનીય શિક્ષણ મંત્રીશ્રીના અધ્યક્ષપણા હેઠળ વીડીયો કોન્ફરન્સ યોજવામાં આવેલ છે.
- ધો. ૮ થી ૧૨ સુધી શાળાકીય અને જાહેર પરીક્ષાઓમાં અને પેટર્ન મુજબ પ્રશ્નપત્રના પરિરૂપ તૈયાર કરવામાં આવેલ છે.

- ધો. ૧૧ વિજ્ઞાન પ્રવાહમાં વધુ વિદ્યાર્થી પ્રવેશ મેળવે તે માટે ધો. ૮થી ૧૦ વિદ્યાર્થીઓને વિજ્ઞાન પ્રવાહ તરફ આકર્ષણ વધે તે માટેના કાર્યક્રમો હાથ ધરેલ છે.
- બોર્ડ દ્વારા વિદ્યાર્થી-વાલીઓને માર્ગદર્શન મળે તે માટેનું સાહિત્ય તૈયાર કરવામાં આવી રહેલ છે.

| | |
|---|---|
| (૩) સરકાર આ માટે શું કરવા માગે છે ? | (૩) સંખ્યા વધે તે માટે સઘન પ્રયત્નો. |

----------

**પ્રાથમિક શાળાઓમાં વર્ગદીઠ રેશીયો**

૧૧૩૦૨**શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર(પશ્ચિમ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં બાળકો દીઠ કે વર્ગદીઠ શિક્ષકો મૂકવા માટે કોઈ રેશીયો નક્કી કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શું છે ? | (૨) રાજ્યની માન્ય અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓ માટે વર્ગદીઠ એક શિક્ષકનો રેશીયો નક્કી કરવામાં આવેલ છે. તથા શાળામાં કુલ વિદ્યાર્થી સંખ્યા ૨૦૦ ઉપરાંત માટે એક વધારાનો શિક્ષક મળવાપાત્ર થાય છે. |

----------

**કચ્છ જિલ્લામાં શિક્ષા અભિયાન હેઠળ સ્કુલબેગની હલકી ગુણવત્તા તેમજ ગેરરીતી અંગે**

૧૨૮૬૨ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં સન ૨૦૦૩ તથા ૨૦૦૪ના વર્ષમાં સર્વ શિક્ષા અભિયાન હેઠળ કન્યાઓને આપવામાં આવેલ સ્કૂલબેગ હલકી કક્ષાની આપવામાં આવી છે તે ફરિયાદથી સરકાર વાકેફ છે, | (૧) કોઈ ફરિયાદ મળેલ નથી. |
| (૨) જો હા, તો આ સંબંધમાં થયેલ ગેરરીતી અંગે સરકારે શી તપાસ હાથ ધરી છે તેમજ આ અંગે કોને જવાબદાર ગણવામાં આવ્યા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જવાબદારો સામે શાં પગલાં તા. ૩૧-૧-૦૫ સુધીમાં લેવામાં આવ્યા છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**મુલતવી રહ્યા બાદ સભાગૃહ બપોરના ૩-૫૫ વાગ્યે મળ્યું.**
**સભાપતિશ્રી મહેન્દ્ર મશરુ અધ્યક્ષસ્થાને**

**સભ્યશ્રીઓને નેઈમ કરવા અંગે**

**શ્રી અશોક ભટ્ટ (વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના ખૂબ ગંભીર અવમાનની જે ઘટના આપણી નજર સમક્ષ બની, પ્રશ્નોતરી દરમ્યાન માનનીય અધ્યક્ષશ્રીએ જે આદેશ આપ્યો એ આદેશનું પાલન ન કરીને, વિરોધ પક્ષના નેતાશ્રીને જે આદેશ આપ્યો હતો એ આદેશ એમણે બોલેલ શબ્દો પાછા ખેંચવાનો હતો. એમણે એ શબ્દો પાછા ખેંચ્યા નહીં અને એમ કરીને એમણે માનનીય અધ્યક્ષશ્રીના આદેશનું અવમાન કર્યું. આપણે ત્યાં અધ્યક્ષશ્રીનો આ અધિકાર રહ્યો છે કે જયારે કોઈ સભ્ય આ સભાગૃહમાં અણછાજતું વર્તન કરે ત્યારે અને અધ્યક્ષશ્રીની નજર સમક્ષ આ બને ત્યારે નિયમ-૫૧ બહુ સ્પષ્ટ છે એ નિયમ

નીચે તેમને આ સભાગૃહની બહાર જવાનું કહ્યું, અને એ દરમ્યાન એમણે માનનીય અધ્યક્ષશ્રીનો આદેશ માન્યો નહીં. ત્યાર બાદ એથી પણ વધારે સોચનીય અને આ સભાગૃહની અંદર જે પ્રકારની ઘટના ન બનવી જોઈએ એ પ્રકારની ઘટના બની અને એ પ્રકારનું વર્તન થયું. માનનીય સભ્યશ્રી પરેશભાઈ વસાવા માનનીય શિક્ષણ મંત્રીશ્રી ઉપર ત્યાંથી ધસી આવ્યા, એક મહિલા મંત્રી ઉપર હુમલો કરવાનો પ્રયાસ કર્યો એના કરતાં વધારે અઘટિત ઘ ટના બીજી કોઈ આ સંસદીય બાબતમાં હોઈ શકે નહીં. ત્યાર બાદ સભ્યશ્રી પરેશભાઈ વસાવા, પરેશભાઈ ધાનાણી, જગદીશભાઈ ઠાકોર, ગોવાભાઈ રબારી, મનિષભાઈ ગીલેટવાલા, ભવાનભાઈ ભરવાડ સહીત કોંગ્રેસના ઉપસ્થિત રહેલ બધા સભ્યશ્રીઓએ સામી પાટલી ઉપરના માઈકો તોડીને ફેંકયા. આવી ઘટના આ અગાઉ પણ કોંગ્રેસ પક્ષ તરફથી માઈકો તોડવાની બની છે અને આ ત્રીજી વાર આવી ઘટના બની છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં દેશના દંડકશ્રીઓની પરિષદ મળી હતી એમાં સંસદીય બાબતોના મંત્રીશ્રીઓએ પણ કહ્યું કે આ પ્રકારની ઘટના જયારે બનતી હોય ત્યારે આવી ઘટના ન બનવી જોઈએ. એ રીતે એની વાત પણ મેં દંડકશ્રીઓને અને નેતાશ્રી આવ્યા પછી કહી હતી અને આ સભાગૃહમાં જે નુકસાન કર્યું છે એ નુકસાન માઈકો તોડયાનું નથી, એ નુકસાન સંસદીય પ્રણાલિકાનું છે અને સમગ્ર ગૃહનું અવમાન કર્યું છે એટલા માટે હું આપનું ધ્યાન દોરૂં છું કે, વિરોધ પક્ષના નેતા સહીત કોંગ્રેસના જે સભ્યશ્રીઓ હાજર રહ્યા હતા તે સૌને માટે હું નેઈમ કરવાનો પ્રસ્તાવ રજૂ કરૂં છું.

**સભાપતિશ્રી** : માનનીય અશોકભાઈએ જે પ્રસ્તાવ મૂકયો છે, આપણા ગુજરાત વિધાનસભાની એક પ્રણાલિ રહી છે આખા દેશમાં ગુજરાત વિધાનસભા ગૌરવવંતુ સ્થાન ધરાવે છે ત્યારે અત્યારનો આ બનાવ આપણી ગુજરાત વિધાનસભા માટે દુ:ખદ છે અને શરમજનક છે. વિરોધ પક્ષના માનનીય નેતાશ્રીને જયારે અધ્યક્ષસ્થાનેથી ઘણી વાર વિનંતીઓ કરવામાં આવી કે, આપે બોલેલા શબ્દો આપ પાછા ખેંચો અને એ આપણી પ્રણાલિ રહી છે કે ક્યારેક કોઈ વસ્તુ કે અરૂચિકર શબ્દો બોલાઈ ગયા હોય ત્યારે અધ્યક્ષશ્રી સભ્યશ્રીઓનું ધ્યાન દોરે છે અને સભ્યશ્રીઓ એનો અમલ કરતા હોય છે. આ એક આપણી પ્રણાલિ રહી છે, પરંતુ અધ્યક્ષસ્થાનેથી કરેલ વિનંતી સ્વીકારાઈ નહિ, વારંવાર વિનંતી છતાં પણ ન સ્વીકારાઈ, ત્યારપછી બીજી વિનંતી કરવામાં આવી અને કહેવામાં આવ્યું કે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને આજના દિવસની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવે, ખરેખર અધ્યક્ષસ્થાનેથી થયેલા આ બન્ને આદેશોનું તમામ સભ્યશ્રીઓએ પાલન કરવું જોઈએ અને વિરોધપક્ષના સન્માનનીય નેતા તરીકે તેમની જવાબદારી સવિશેષ થાય છે, પરંતુ એ પણ ન થઈ શક્યું અને અહીંયા કોઈને ન ગમે તેવું તોફાન થયું. માઈકો પણ ઉડ્યા અને એ રીતે આપણા ગૌરવને ન શોભે તેવું કાર્ય થયું છે. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ અહીંયા જે પ્રસ્તાવ રજૂ કર્યો છે તે પ્રમાણે હું વિરોધપક્ષના નેતાશ્રી તથા વિરોધપક્ષના હાજર રહેલા તમામ સભ્યશ્રીઓને નેઈમ કરું છું.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે અધ્યક્ષશ્રી નેઈમ કરે ત્યારે મારી એ ફરજ બને છે કે વિરોધપક્ષના નેતાશ્રી અને હાજર રહેલા તમામ કોંગ્રેસના સભ્યશ્રીઓએ જે અઘટિત વર્તન કર્યુ છે તેથી આ સત્રની સમાપ્તિ થાય ત્યાંસુધી તેમને નેઈમ કરવાનો હું પ્રસ્તાવ રજૂ કરું છું.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અશોકભાઈએ જે પ્રસ્તાવ રજૂ કર્યો છે તે પ્રસ્તાવને હું મારો ટેકો આપું છું.

**સભાપતિશ્રી** : સંસદીય બાબતોના મંત્રીશ્રી અશોકભાઈએ જે પ્રસ્તાવ મૂક્યો છે કે વિરોધપક્ષના નેતાશ્રી તથા વિરોધપક્ષના હાજર રહેલા તમામ સભ્યશ્રીઓને આ સત્રની સમાપ્તિ સુધી વિધાનસભાની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

# મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

### સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ લાભાર્થીઓને આપવામાં આવતા પૂરક પોષણમાં સુધારો કરવા બાબત

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (મહિલા અને બાળ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ અન્વયે નીચે મુજબનું નિવેદન કરું છું.

સંકલિત બાળ વિકાસ યોજના રાજયના ૨૨૭ આઈ.સી.ડી.એસ. ઘટકોમાં ૩૭૯૬૧ જેટલી આંગણવાડીઓના નેટવર્ક દ્વારા અમલી છે. સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત નીચેના લાભાર્થીઓને આવરી લેવામાં આવે છે.

છ વર્ષ સુધીના બાળકો
સગર્ભા મહિલાઓ અને ધાત્રી માતાઓ
કિશોરી શક્તિ યોજના હેઠળના ૪૦ આઈસીડીએસ ઘટકમાં ૧૧ થી ૧૮ વર્ષની કિશોરીઓ

આ યોજના છેક ૧૯૭૫થી રાજયમાં અમલી છે અને નીચેની સેવાઓ લાભાર્થીઓને આંગણવાડી ખાતે આપવામાં આવે છે.

૧. પૂર્વ પ્રાથમિક શિક્ષણ
૨. પૂરક પોષણ
૩. રોગ પ્રતિકારક રસીઓ
૪. આરોગ્ય તપાસ
૫. સંદર્ભ નિષ્ણાત સેવાઓ
૬. પોષણ આરોગ્ય શિક્ષણ

ચાલુ વર્ષમાં આ યોજના હેઠળ અત્યારસુધી ૧૮ લાખ જેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે.

ઉપરોક્ત સેવાઓ પૈકી પૂરક પોષણ આપવાની સેવાઓમાં સુધારો લાવવા માટેની નામદાર સુપ્રિમ કોર્ટની સૂચનાઓ છે અને સુપ્રિમ કોર્ટના તારીખ ૭-૧૦-૨૦૦૪ના હુકમો અન્વયે પ્રતિદિન દરેક બાળકદીઠ આપવાના થતા રેશનની કિંમતમાં સુધારો કરવાનું જણાવવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં આનંદ થાય છે કે, આ બાબત કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી અને હવે ભારત સરકાર તરફથી નિયત કરવામાં આવેલ દરેક કેટેગરીના લાભાર્થીદીઠ આપવાના થતાં નિયત કરેલ કેલેરીના પ્રમાણને જાળવી રાખવા માટે રેશનની કિંમતમાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આથી નીચે મુજબ સુધારો કરવામાં આવશે. આ સુધારાઓ તા.૧-૪-૦૫થી અમલમાં આવે તે રીતે નીચે મુજબનો નિર્ણય કરવામાં આવ્યો છે.

| કેટેગરી | નિયત પ્રમાણ | હાલના દર | સુધારેલા દર |
|---|---|---|---|
| ૦થી ૬ વર્ષના બાળકો | ૩૦૦ કેલેરી અને ૮ થી ૧૦ ગ્રામ પ્રોટીન | રૂપિયા.૧.૪૦ | રૂપિયા ૨.૦૦ ની મર્યાદામા |
| ગ્રેડ-૩ અને ૪ના બાળકો | ૬૦૦ કેલેરી અને ૨૦ ગ્રામ પ્રોટીન | રૂપિયા ૨.૩૫ | રૂપિયા ૨.૭૦ ની મર્યાદામા |

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

### ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો સન ૨૦૦૩-૦૪નો વાર્ષિક અહેવાલ

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (પાણી પુરવઠામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

### અશકતતા કમિશનર, ગુજરાત રાજયનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક અહેવાલ

**શ્રી રમણલાલ ઈ. વોરા ( સામાજિક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું અશકતતા કમિશ્નર, ગુજરાત રાજયનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો**

### ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક અહેવાલ

**શ્રી રમણલાલ ઈ. વોરા (શ્રમ અને રોજગારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના

કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

**ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૦૨-૨૦૦૩નો વાર્ષિક ઑડિટ અહેવાલ**

**શ્રી મંગુભાઈ છ. પટેલ (વન અને પર્યાવરણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૦૨-૨૦૦૩નો વાર્ષિક ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક ઓડિટ અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક અહેવાલ**

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો,ઑડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ઈન્ડિયન ઑઈલ કોરપોરેશન લિમિટેડનો સન ૨૦૦૦-૨૦૦૧નો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ઈન્ડિયન ઑઈલ કોરપોરેશન લિમિટેડનો સન ૨૦૦૦-૨૦૦૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ઊર્જા વિભાગની સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવવા બાબત અધિનિયમ અન્વયેની અધિસૂચના**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉર્જા વિભાગની સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવવા બાબત અધિનિયમ અન્વયેની તા.૧-૩-૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: જીએચયુ-૨૦૦૫ (૧૦)- જીઈબી-૧૦-૦૫-૭૦૯-ક સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૬૦૦૫ (અગ્રતા ક્રમ-૫) ના અનુસંધાને વધારાની માહિતી.**

**શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ (રાજય કક્ષાના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું તા.૪-૬-૨૦૦૪ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્ય ડો.માયાબેન કોડનાનીના "રમતગમત ક્ષેત્રે મહિલાઓની સિદ્ધિ અંગે" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૬૦૦૫ ( અગ્રતાક્રમ -૫ )ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૯૯૭૮ (અગ્રતા ક્રમ ૮) અનુસંધાને વધારાની માહિતી.**

**શ્રી પ્રભાતસિંહ પ્ર. ચૌહાણ (રાજય કક્ષાના ગૌસંવર્ધનમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું તા.૨૮-૨-૨૦૦૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્યશ્રી માધાભાઈ બોરીચાના "પાંજરાપોળોને સહાય તથા ગીર ઓલાદની ગાયોના જતન બાબત" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૯૯૭૮ (અગ્રતા ક્રમ-૮) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી**

# વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

**સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના અહેવાલની રજૂઆત**

**શ્રી કારૂભાઇ ના. ચાવડા**(સમિતિના પ્રમુખશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિનો ચોથો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો માટેની સમિતિના અહેવાલની રજૂઆત**

**શ્રી છત્રસિંહ પૂં. મોરી** (સમિતિના પ્રમુખશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો માટેની સમિતિનો ત્રીજો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

**શ્રી કારૂભાઇ ના. ચાવડા** (સમિતિના પ્રમુખશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે "આ સભાગૃહ સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના ચોથા અહેવાલ સાથે સંમત થાય."

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

**નાણા વિભાગ**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું નાણા વિભાગની સેવાને લગતી નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૬,૦૮,૦૫,૦૦૦/- ની અને મૂડી ખર્ચ માટેની રૂા. ૯,૦૦,૦૦૦/- ની માગણી ક્રમાંક:૧૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક :૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું કર વસૂલાત ખર્ચ (નાણા વિભાગ)ની સેવાને લગતી નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૧,૦૮,૭૩,૩૭,૦૦૦/- ની માગણી ક્રમાંક ૧૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક :૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું તિજોરી અને હિસાબ વહીવટની સેવાને લગતી નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૪૦,૨૧,૮૦,૦૦૦/- ની માગણી ક્રમાંક:૧૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક:૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પેન્શન ને અન્ય નિવૃત્તિ લાભ સેવાને લગતી નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૧૪,૬૦,૩૨,૫૫,૦૦૦/- ની માગણી ક્રમાંક:૧૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક :૧૭ રજૂ કરવામાં આવી.**

# અધ્યક્ષશ્રીની જાહેરાત

**ગિલોટીન અંગે**

**સભાપતિશ્રી** : મારે એક જાહેરાત કરવાની છે કે અનુદાનો માટેની માગણીઓ ઉપરની ચર્ચા અને મતદાન માટે આજે છેલ્લો દિવસ છે. સભાગૃહની આજની બેઠકનો સમય બપોરના ૨-૩૦ થી ૭-૦૦ વાગ્યા સુધીનો ઠરાવવામાં આવેલ છે. વિધાનસભાના નિયમોના નિયમ ૨૮૮(૨) મુજબ સભાગૃહની બેઠક મુલતવી રાખવાના ઠરાવેલ સમયના એક કલાક પહેલાં અનુદાન માટેની માગણીઓ ઉપરની સઘળી ચર્ચા પૂરી કરવાની થાય છે. આ જોગવાઈ અનુસાર સાંજે ૬-૦૦ કલાકે અનુદાન માટેની માગણીઓ ઉપરની સઘળી ચર્ચાનો અંત આવશે અને જે માગણીઓ ઉપર ચર્ચા ચાલતી હોય તે અને બાકીની બીજી બધી જ માગણીઓ એકી સાથે સભાગૃહના મત માટે રજૂ કરવામાં આવશે.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

## નાણા વિભાગ

**શ્રી સી. ડી. પટેલ (પેટલાદ)** :માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના અભ્યાસુ, ગુજરાતના વિકાસની ચિંતા કરનારા, વિકાસશીલ નાણા મંત્રીશ્રી માગણી નંબર ૧૪ હેઠળ નાણા વિભાગની સેવા માટે ૬,૦૮,૦૫,૦૦૦નું મહેસૂલી ખર્ચ અને ૯,૦૦,૦૦૦નું મૂડી ખર્ચ, માગણી નંબર ૧૫ હેઠળ કર વસૂલાતના ખર્ચની સેવા માટે ૧,૦૮,૭૩,૩૭,૦૦૦ના મહેસૂલી ખર્ચની, માગણી નંબર ૧૬ હેઠળ તિજોરી અને હિસાબ વહીવટની સેવા માટે ૪૦,૨૧,૮૦,૦૦૦ના મહેસૂલી ખર્ચ માટેની તથા માગણી નંબર ૧૭ પેન્સન અને અન્ય નિવૃત્તિના લાભો માટેની સેવા માટે ૧૪,૬૦,૩૨,૫૫,૦૦૦ના મહેસૂલી ખર્ચ માટેની માગણીઓ લઈને આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, કહેવત છે કે ત્રેવડ ત્રીજો ભાઈ, અને એમ પણ કહેવાય છે કે નાણા વગરનો નાથીયો અને નાણે નાથાલાલ, પણ માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના નાણા મંત્રીશ્રી આ રાજયની સેવાકીય પ્રવૃત્તિઓ વધુ સઘન બને તે માટે અને રાજયની વિકાસની માત્રા ચરમ સીમાએ પહોંચે અને સાથે સાથે વૈશ્વીકરણ અને ઉદારીકરણના વિકાસને માર્ગે ગુજરાત રાજ પથ પર આગળ વધે અને કેડી કંડારે તે માટે સુદ્રઢ નાણાકીય વહીવટનું આયોજન કરવામાં સફળ રહ્યા છે. અગિયારમી વખત ગુજરાત રાજયના નાણા મંત્રીશ્રી તરીકે બજેટ લઈને આવ્યા હતા ત્યારે એમણે પોતાની સ્પીચમાં કહ્યું હતું અને આપણે અભ્યાસપૂર્વક જોયું હતું કે આ દેશના આયોજન પંચે, અત્યાર સુધીના ઈતિહાસમાં ગુજરાત રાજયને, ગુજરાત રાજયના સેવાકીય મહેસૂલી અને મૂડી પ્રવૃત્તિ માટે થઈને અગિયાર હજાર કરોડ જેટલી માતબર રકમનું આયોજન તે સમયે મંજૂર કર્યુ હતું. માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના વહીવટમાં મહેસૂલી આવકમાં સતત વધારો થાય અને તેની સાથે સાથે મહેસૂલી ખર્ચમાં આયોજન બહારના ખર્ચમાં કરકસરના પગલાં લીધાં અને તેમના જ્ઞાન, કૌશલ્ય અને શકિતનો આ રાજયના વિકાસમાં એકે એક પાઈનો ઉપયોગ થાય અને છેવાડાના માનવી સુધી, ગરીબ માનવી સુધી અને ગામડાંના વિકાસ સુધી પહોંચે, કયાંક ભણવા ઈચ્છતી મારી નાની દીકરી સુધી પહોંચે, કયાંક દીકરીના આરોગ્યની ચિંતા હોય તો આદિવાસી વિસ્તારમાં રહેતા મારા ભાઈઓ છે તેમને આ પાઈએ પાઈનો લાભ મળે, તો બીજી બાજુ ગુજરાતમાં આવવા ઈચ્છતા ઉદ્યોગપતિઓ, ૨૦૦૩ ના સમિટ થી ૨૦૦૫ ના સમીટમાં ગુજરાતમાં આવતા ઉદ્યોગકારોને ગુજરાતમાં વેપાર ઉદ્યોગમાં મોકળું મેદાન મળે અને રાજયને પણ વેચાણ વેરાની આવક વધે, સામાન્ય ગરીબ લોકોને રોજી અને રોટી મળે, કયાંક સ્કીલ અને અનસ્કીલ લેબરને પણ કામગીરી મળે તેની ચિંતા પણ કરી છે. અને નાણાંકીય સદઉપયોગ ખૂબ સરસ રીતે કર્યો છે.

ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલે સૂચવ્યા પ્રમાણે સહાયિત અસ્કયામતો, મૂડી અસ્કયામતો ઉભી કરવા માટે ફાળવવામાં આવેલ ફંડ તરીકે જાહેર કરાતા અંદાજોમાં ૬૯૦ કરોડની રકમ મૂડી કામો માટે વપરાઈ છે. આથી બધી રકમને ધ્યાનમાં લેતા વાસ્તવિક મહેસૂલી ખાધ ૭૪૯ કરોડ જેટલી થઈ છે. જે મહેસૂલી આવક સામે મહેસૂલી ખાધનું પ્રમાણ માત્ર ૩.૨૨ ટકા છે તે અભિનંદનીય છે. તે જ નાણા મંત્રીશ્રીની સિદ્ધિનું સીધું પરિણામ છે. ૨૦૦૧ ની મહેસૂલી આવક અને ખર્ચની સરખામણીમાં મહેસૂલી ખાધ ૬૩૦૨ કરોડ હતી. એ સૂચારુ વહીવટ અને આયોજનના આધારે ૨૦૦૩-૦૪ના વર્ષમાં આવક વધીને ૧૮૨૪૭ કરોડ થઈ છે, મહેસૂલી ખર્ચ ૨૧૯૫૪ કરોડ થયો છે અને આમ ૩૭૦૭ કરોડની મહેસૂલી ખાધ રહી છે. પરંતુ મારે આનંદ સાથે આજે કહેવું છે કે ભવિષ્યનું આયોજન, આ ગુજરાતને એક આગવું સ્થાન આપવા માટે, આપણું ગુજરાત આગવું ગુજરાત બને તે માટે ચિંતા કરતા ગુજરાતના નાણા મંત્રીશ્રીએ આ અંદાજપત્ર ૨૦૦૫-૦૬ રજૂ કર્યુ છે. એમાં ૨૩૨૧૭ કરોડ રૂપિયા મહેસૂલી આવક અને ૨૪૬૫૬ કરોડ રૂપિયા મહેસૂલી ખર્ચ સામે મહેસૂલી ખાધ માત્ર અને માત્ર ૧૪૩૯ કરોડ જેટલી નહિવત ખાધ છે. આ ખાધ ૬૩૦૨ કરોડથી આટલી નીચે લાવેલા છીએ તે આ કરકસર ભરેલા આયોજનનું સીધું પરિણામ છે. મહેસૂલી ખાધમાં ઘટાડો તે રાજયના આયોજનની સિદ્ધિ છે. કોઈ પણ રાજયનો વિકાસ એવો કરવોજોઈએ કે એના કારણે સતત ખાધ ઘટે અને વ્યકિત વિકાસ infrastructure situation of the State well develop થાય અને એના દ્વારા સરકારની કામ કરવાની નીતિ રીતિ છે, એનો પણ અંદાજ આવતો હોય છે. આમાં જેમ બને તેમ ખાધમાં ઘટાડો કરતા કરતા ૨૦૦૫-૬માં એક પૂરાંતવાળુ બજૅટ આ સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રીએ આપ્યું છે, આ રાજયના નાણામંત્રીશ્રીએ આપ્યું છે. આ દેશમાં ગુજરાત પ્રથમ એવું રાજય હશે કે ટૂંકા ગાળામાં કુનેહપૂર્વક વહીવટ કરીને માનનીય મુખ્યમંત્રીશ્રીના આયોજન નીચે, સરકારના આયોજન નીચે, સરકારના મંત્રીશ્રીઓએ સાથે રહીને નાણામંત્રીશ્રીની દીર્ઘદ્દષ્ટિ તથા સૂચારુ આયોજન કર્યુ છે એના લીધે પૂરાંતવાળુ બજૅટ મળ્યું છે. આ બજૅટ સરકારની સિદ્ધિનું પ્રથમ સોપાન છે. તેથી હું માનનીય નાણામંત્રીશ્રીને અભિનંદન આપું છું.

સામાજિક સેવાઓ પાછળ ખર્ચ એ વિકાસ માત્ર છે. માત્ર વાતો કરવાથી નહિ કામ કરવાથી એ સિદ્ધ થયું છે. આ સરકારે જે કહ્યું હતું એ કરી બતાવ્યું છે. ચૂંટણી ઢંઢેરામાં સરકારે વાત કરી છે એનો આધાર

લઈને એકે એક વાત તરફ ધ્યાન આપ્યું છે. ૨૦૦૩માં આયોજન સદર હેઠળ ૪૪૫૦ કરોડ ખર્ચ હતો. ૨૦૦૪માં આયોજન સદર હેઠળ કુલ ૭૬૬૧ કરોડ થયો છે. અને આ વખતે ૧૧હજાર કરોડની વાર્ષિક યોજના મંજૂર કરીને ૨૫૦૦ કરોડ જેટલી માતબર રકમ નાણામંત્રીશ્રી લાવ્યા છે ત્યારે ૨૯.૩૪ ટકા જેટલી સિદ્ધિ હાંસલ કરવાની તક આપણને મળી છે.

રાજયની મહેસૂલ હેઠળની સેવાઓ અને એ સેવાઓ પાછળનો ખર્ચ એ મહત્ત્વનો ખર્ચ છે. એ મહત્ત્વના ખર્ચમાં એટલું ચોક્કસ કહીશ કે જ્યાં આગળ મૂડી હિસાબ હેઠળ સામાજિક સેવાઓ પાછળ ખર્ચ ૧૦૧૮ કરોડ હતો એ ૨૦૦૩-૨૦૦૪માં ૧૨૩૬ કરોડ અને આગામી વર્ષમાં ૨૩૭૬ કરોડ જેટલો એટલે કે ગયા વર્ષ કરતાં ૧૧૪૦ કરોડ જેટલો ખર્ચ સામાજિક સેવાઓ પાછળ કરવામાં આવ્યો છે.

સરકાર દેવું પણ કરે અને દેવું એ કરી શકે કે જેનામાં ચૂકવવાની તાકાત હોય હિંમત હોય. દેવું એ કરી શકે કે જેને વિકાસનું ફલક દૂર સુધી છેવાડાના માણસ સુધી લઈ જવું હોય એ કરી શકે. આ રાજય સરકાર આ રાજયના નાણામંત્રીશ્રીએ ઊંચા વ્યાજની લોન ભૂતકાળની સરકારોએ લીધી હતી. એ ઉંચુ વ્યાજ કેવું ક્યાંક ૨૦ ટકા, ક્યાંક ૨૨ ટકા, ક્યાંક ૨૬ ટકા તો ક્યાંક ૪૦ ટકા વ્યાજ ચૂકવ્યું હતું, એના પરિણામે આ ગુજરાતની વ્યકિતના માથા ઉપર દેવું વધતું જતુ હતું. ગરીબ વધારે ગરીબ બનતો જતો હતો, દેવાદાર વધારે દેવાદાર બનતો જતો હતો. સરકાર ઉપર દેવાના ડુંગર થઈ ગયા હતા. એમાંથી આ નાણામંત્રીશ્રીએ બહાર કાઢ્યા છે. એના માટે આંતરિક કોઠાસૂઝ જોઈએ, વિવેકબુદ્ધિનો સદ્ઉપયોગ જોઈએ અને એના લીધે ઊંચા વ્યાજની લોન હતી એ ભરપાઈ કરી છે. એ ભરપાઈ કરીને એમણે સિદ્ધ કર્યુ છે કે મોટામાં મોટી મૂડી વ્યાજ ખાધ પાછળ જતી હતી એ વ્યાજ ખાધ ઘટાડીને આજે આ રાજયને સદ્ધરતાના શિખર ઉપર પહોંચાડવાનું કામ માનનીય નાણામંત્રીશ્રીએ કર્યુ છે. મને જણાવતાં આનંદ થાય છે કે આ સેવાકીય પ્રવૃત્તિની સિદ્ધિમાં ક્યાંક ભૂકંપ જેવી ઘટનાઓ આવી હોય. ભૂકંપ આવ્યો ત્યારે મને એ સ્થિતિનો પણ ખ્યાલ છે. ગુજરાતના લોકોને પણ એ સ્થિતિનો ખ્યાલ છે. કચ્છ, સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના જે ગામોમાં ભૂકંપની ઘ ટનાઓ બની હતી એમાંથી બહાર આવવા માટેનું આયોજન કરવું જોઈએ, એના માટે પૈસા જોઈએ એના માટે પૈસા કયાંથી લાવવા અને એના માટે વગનો ઉપયોગ કરવો પડે એ કરીને આ સરકારે ખૂબ ટૂંકા સમયમાં આ ગુજરાતને ભૂકંપની આપત્તિમાંથી સંપત્તિમાં ફેરવી નાખ્યું છે. કચ્છના અમારા માનનીય ધારાસભ્યશ્રી નરેન્દ્રસિંહ જાડેજા વાત કરતા હતા. એમની જિલ્લા મધ્યસ્થ બેંક એ કલમ ૧૧ નીચે હતી એને કલમની બહાર નીકળવાની તક મળી છે. કચ્છનો વિકાસ થયો છે. વિકાસ માત્ર વધ્યો છે એટલું જ નહિ લોકોની સામાજિક સુખાકારી તેમજ આર્થિક સ્થિતિ સારી થઈ છે. એમાં પણ સરકારની સિદ્ધિ ગણાશે. આ જાહેર દેવું એક વખત વિકાસ માટે કર્યુ છે એ પૈસા ચૂકવાઈ ગયા છે ત્યારે અર્થશાસ્ત્રીઓના અભિપ્રાય મુજબ રાજયની નાણાકીય પરિસ્થિતિ, આજની સ્થિતિએ ગુજરાતની નાણાકીય પરિસ્થિતિ આદર્શ પરિસ્થિતિ છે, એટલા માટે કે જી.એસ.ડી.પી. સામે દેવું ૩૦ ટકા જેટલું હોવું જોઈએ. એમ માનનીય અર્થશાસ્ત્રીઓનો અને નાણા વિભાગના નિષ્ણાતોનો અભિપ્રાય છે ત્યારે આ રાજયનું જી.એસ.ડી.પી.ની સામે માત્ર ૩૧ ટકા દેવું છે. એટલે હું કહું કે આજની જે સ્થિતિ છે એ શ્રેષ્ઠ નાણાકીય સ્થિતિ છે, ત્યારે વિકાસની માત્રામાં આગળ વધવું ચોક્કસ આપણને અભિનંદનીય ઘટે. ગૅરન્ટી રીડમ્શન ફંડ આ પણ તેની સાથે જ સેપ્ટ ડેટ યોજના પણ છે અને જ્યારે આ યોજના નીચે સરકાર કામ કરી રહી હોય ત્યારે ગુજરાતની સૌથી મોટી યોજના માત્ર ગુજરાત જ નહીં, આ દેશના અનેક રાજયોને તેનાથી ફાયદો થવાનો છે. તેવી યોજનામાં સરકારે ખૂબ મોટું કામ કર્યું છે. આજે પૂ. મહાત્મા ગાંધીજીને હું યાદ કરીશ. સરદાર વલ્લભભાઈ પટેલને હું યાદ કરીશ. પૂ. ભાઈકાકાને પણ હું યાદ કરીશ. એટલા માટે યાદ કરીશ કે કચ્છને પાણી પહોંચાડવું હતું અને નર્મદા ડૅમ એ આપણાં ગુજરાતની જીવાદોરી કહેવાય એ સ્વપ્નને લઈને જ્યારે ભાઈકાકા, સરદાર વલ્લભભાઈ પટેલ આગળ વધી રહ્યા હતા ત્યારે બંધની ઉંચાઈ ૧૯૯૫માં ૮૦.૩૦ મીટરની હતી. તેની પાછળ જે પરિસ્થિતિ ઉભી થઈ ત્યાં આગળ કોર્ટ કેસો થયા અને સુપ્રીમ કોર્ટનો સ્ટે ઑર્ડર આવ્યો ત્યારે બંધનું કામ બંધ રહ્યું હતું. ત્યારે ગુજરાતમાં કેટલાય લોકો, કેટલાય ખેડૂતો પાણી માટે વલખાં મારતા આ રાજયના લોકો આંસુ સારતા હતા કે આમાંથી ક્યારે બહાર આવીશું? ગુજરાતની આ સરકારે તેમાંથી બહાર કાઢવાનો પ્રયત્ન કર્યો છે. આજે છેલ્લા ટૂંકા સમયમાં માત્ર આઠ વર્ષમાં ૧૨,૮૦૦ કરોડના ખર્ચ સાથે જ્યારે ૧૧૦.૨૧ મીટરની ઉંચાઈએ નર્મદાને મૂકેલ છે ત્યારે ગુજરાત પાણીથી તરબોળ થયેલ છે. એટલું જ નહીં, તેની સાથે વીજળી પણ ઉત્પન્ન થવાની છે. એ વીજળી વંચિતોના વિકાસમાં કામ લાગવાની છે. આજે ગુજરાતમાં અજવાળું પથરાવાનું છે. તેની પાછળ આ દીર્ઘદૃષ્ટા નાણામંત્રીએ કામ કર્યું છે તેમ હું ચોક્કસ કહીશ.

આની સાથે સાથે એક સુચારુ યોજના વેચાણવેરાની વાત કરીશ તો ગુજરાતના ક્ષેત્રમાં જ્યાં આગળ વેપારીઓને પૂરો લાભ મળવો જોઈએ કે વેચાણવેરો સમયસર ભરાય તો આવકનો મોટો હિસ્સો બની શકે. આ વેચાણવેરાના સમાધાનની યોજનાની દીર્ઘદૃષ્ટિ છે કે કોઈ પણ જગ્યાએ કયાંય પણ ડીસ્પ્યુટ પડે, વેપારી લેવલે, સરકારી લેવલે ત્યારે માત્ર એ ઝઘડાને કોર્ટના કંકાસમાં નહીં નાખતા વિકાસમાં કેવી રીતે પાથરવો એવી વિકાસની યોજના વેચાણવેરા સમાધાન યોજના ૨૦૦૫ જ્યારે માનનીય મંત્રીશ્રી અહીં લઈને આવ્યા છે ત્યારે

આ યોજના વેચાણવેરા સમાધાન યોજના-૨૦૦૫ તરીકે ઓળખાવાની છે. આ યોજના ગુજરાત વેચાણવેરા કાયદા ૧૯૫૬, બૉમ્બે સેલ્ફ મોટર સ્પિરિટ ૧૯૫૮ અને બાકીના વેરાને લાગુ પડે છે. આ લાગુ પડે છે ત્યારે તેમાં એક જોગવાઈ છે કે આ યોજનાની મુખ્ય જોગવાઈ મુજબ યોજનાના સમયગાળા દરમ્યાન બાકી વેરાની પૂરેપૂરી રકમ જો વેપારી ભરપાઈ કરે તો તેને વ્યાજ અને દંડની પૂરેપૂરી માફી આપવામાં આવશે. આમ આવક વધે, આવક ક્યારે વધે? એકમ ઉત્પાદન કરે તો. એકમ ઉત્પાદન કરે તો સામાન્ય ગરીબ, દલિત માણસને રોજી-રોટી મળવાની છે અને તેમાંથી ઉપભોકતાને જોઈતી વસ્તુ સરળતાથી પોતાના ઘર સુધી મળવાની છે.

**સભાપતિશ્રી** : એક મિનિટ, આપણે વિરામનો સમય રદ કરીને કામગીરી ચાલુ રાખીએ. તો વિરામનો સમય રદ કરીએ છીએ.

**શ્રી સી. ડી. પટેલ** : આમાં જ્યારે વેચાણવેરાની યોજના લઈને આવ્યા છીએ, બીજી બાજુ અગાઉ જ્યારે તિજોરીના તળિયા ખાલી હતા. આ પરિસ્થિતિ હતી. હું આ ગૃહનું ધ્યાન દોરવા માગું છું અને આ વિષય એટલા માટે મૂકવા માગું છું કે એક પરિસ્થિતિ એ હતી કે પગાર ચૂકવવાના પૈસા નહોતા. બીજું, આપણાં પેન્શન હોલ્ડરો કે જે લોકોની નોકરી પૂર્ણ થાય અને તેને એમ હોય કે મારી નોકરી પૂર્ણ થઈ છે અને હું શાંતિથી જીવન જીવી શકીશ. મારી બચત આ જે પેન્શનના રૂપમાં છે એ મને મળશે અને હું મારા પરિવાર સાથે જીવી શકીશ. અગાઉની સરકારમાં સ્થિતિ એ હતી કે પેન્શન માટેના પેપર્સ તૈયાર થાય, ક્યાંક એ પેપર્સ અહીં આવતા હશે કે કેમ, અહીં આવે તો એક-બે-ત્રણ-ચાર વર્ષ સુધી તેનો પત્તો ન ખાય. આ પત્તો નહીં ખાવાનું કારણ એ હતું કે, સરકાર પાસે આ પેન્શન ચૂકવવાના પૈસા ન હતા, કારણ એ હતું કે, એમની તિજોરીમાં મોટા મોટા બાકોરા પડ્યા હતા તેમાંથી ઊંદરોને બદલે હાથીઓ કાઢતા હતા અને એના પરિણામે આ સરકાર આવી ત્યારે એમણે જોયું કે આ બાકોરા પૂરવા પડશે. એમણે વિચાર કર્યો કે, જેમણે આખી જીંદગી પોતાનું કામ, પ્રજાનું કામ નિષ્ઠાપૂર્વક કર્યું છે, કર્મચારી તરીકે કરે કે અધિકારી તરીકે કરે એ જ્યારે નિવૃત્તિના આરે જાય ત્યારે ૧ મહિનાની અંદર પેન્શનની પૂરેપૂરી રકમ, એનું બીજી કોઈ કવેરી ન હોય તો, એને મળી જવું જોઈએ. આજે એક બાજુ નોકરીમાંથી એને રિટાયર્ડમેન્ટ મળે અને બીજા હાથમાં ચેક મળે. એ પોતાના બાળકો સાથે, પોતાના કુટુંબ સાથે પોતાના કામ-ધંધે, પોતાના વિષયમાં આગળ વધતો હોય છે. આ સરકારે કર્યું છે.

સરકારે ગરીબ માણસોની, દલિત માણસોની ચિંતા કરી છે. પાનના ગલ્લાવાળો હોય, વિડિયો પાર્લરવાળો હોય, સુથારી કામ કરતો હોય, લુહારી કામ કરતો હોય, હોટલ, રેસ્ટોરન્ટ લઈને બેઠો હોય તો એને વીજળી ઉપર માફી આપી છે. માત્ર કર વધારીને આવક નથી વધારી, સેવાઓ આપી છે અને આ સેવા દ્વારા સામાન્ય માનવીની ચિંતા કરીને એવું સરસ મજાનું નાણા વિભાગનું આ બજૅટ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે ત્યારે અભિનંદન આપી, સૂર પૂરાવી મારી વાતને વિરામ આપું છું.

**શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણામંત્રીશ્રી માગણી ક્રમાંક- ૧૪, ૧૫, ૧૬ અને ૧૭ લઈને ગૃહ સમક્ષ આવ્યા છે એ માગણીઓના અનુમોદનમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં જુદા જુદા વિભાગોની માગણીઓનો આજે બારમો અને છેલ્લો દિવસ છે. વિકાસના માર્ગે ગુજરાત રાજય ઉત્તરોત્તર દરેક ક્ષેત્રની અંદર સિદ્ધિના શિખરો સર કરી રહ્યું છે ત્યારે એમાં નાણા ખાતાનું પ્રદાન ઘણું મોટું છે. કારણ કે, રસ્તાઓની વાત હોય, સિંચાઈની વાત હોય, જુદી જુદી વાત હોય, લોકોને માળખાકીય સુવિધા પૂરી પાડવાની વાત હોય. આ તમામ ક્ષેત્રની અંદર ડગલેને પગલે નાણાકીય જરૂરિયાતો પડતી હોય છે અને આ નાણાકીય જરૂરિયાતો ગુજરાત રાજયે અનેકવિધ સમસ્યાઓ હોવા છતાં, એ દુષ્કાળની આપત્તિ હોય, એ જળ હોનારતની સમસ્યા હોય કે ભૂકંપનો કુદરતી કોપ હોય, છતાં પણ ગુજરાત રાજયે આવી ઉપરા ઉપરી આપત્તિઓ આવી હોવા છતાં પણ જન સામાન્યની લાગણીઓ સંતોષવામાં બિલકુલ ઊણું ઊતર્યું નથી અને એના માટે હું આ રાજયના દીર્ઘદૃષ્ટા નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાને ખૂબ ખૂબ અભિનંદન આપીશ અને અભિનંદન એટલા માટે આપીશ કે, આ રાજયની અંદર અત્યાર સુધીના નાણા મંત્રીશ્રીઓમાં ૧૧મી વખત સૌથી વધુવાર નાણાકીય બજૅટ રજૂ કરવાનું શ્રેય જાય છે. એટલું જ નહીં પણ ગુજરાતનો સર્વતોમુખી, સર્વગામી વિકાસ જે ઢબથી થાય છે એ ગુજરાતના સામાન્ય માનવી ઉપર, ગુજરાતના અદના માનવી ઉપર અને ગુજરાતના મધ્યમવર્ગના નાગરિક ઉપર એક પણ નયા પૈસાનો ટેકસ નાખ્યા વગર આ ગુજરાતનો વિકાસ સાધવામાં આવ્યો છે. ગુજરાત રાજયનો વિકાસ એ પદ્ધતિથી સધાઈ રહ્યો છે કે બાજુના પાડોશી રાજયોને પણ ગુજરાતની ઈર્ષા આવે છે. ગુજરાત રાજયનો વિકાસ અને આ વિકાસની નોંધ ફક્ત ભારતે જ નહીં પણ વિકસિત બીજા રાષ્ટ્રોએ પણ લીધી છે. આ નાણાકીય શિસ્ત, નાણાકીય ગેરવ્યવસ્થા ઉપર કે બિન જરૂરી ખર્ચ ઉપર નિયંત્રણ અને આ રાજયની કરકસરની તેમજ જવાબદારીપૂર્વક નાણા વાપરવાની પદ્ધતિને કારણે ખોટા ખર્ચ ઉપર નિયંત્રણ લાદવાના કારણે આ ગુજરાત રાજયે એક પણ નયા પૈસાનો પ્રજા ઉપર ટેકસ વધાર્યા સિવાય પ્રગતિ સાધી છે અને એનો વિકાસ દર ૧૪.૫ ટકા સાધવામાં આવ્યો છે. આ કોઈ જેવી તેવી બાબત નથી. કોઈને પણ ઈર્ષા આવે એવું આ ગુજરાતનું આર્થિક વ્યવસ્થાપન છે. મને કહેતાં આનંદ થાય છે કે

આજે સામેની પાટલી ખાલી છે એટલે કંઈ કહેવા જેવું નથી પણ નાણામંત્રીશ્રીની એમણે જે વાત કરી હતી અને ગયા વર્ષે એવો ટીકાનો પ્રહાર થતો હતો કે આ તમે ઓવરડ્રાફ્ટ લઈને આ રાજયનું શાસન ચલાવો છો તો નાણામંત્રીશ્રીએ જવાબ આપ્યો હતો કે કરજ કોણ કરી શકે કે જેને ત્રેવડ હોય એ કરજ કરી શકે અને એમનામાં ત્રેવડ છે. ગુજરાતના વિકાસ માટે કરજ કરવું પડે તો કરજ કરીને પણ અમારે ગુજરાતનો વિકાસ કરવો છે અને આજે ગુજરાતનો વિકાસ આપણે સાધી શકીએ છીએ.

ગુજરાત અનેક ક્ષેત્રની અંદર અવ્વલગામી રહ્યું છે. રસ્તાની વાત હાય કે પીવાના પાણીની વાત હોય, જળસંચયની વાત હાય કે લોકોના આરોગ્યની સવલતો અપવાની વાત હોય આખા ભારત દેશની અંદર એક પણ રાજય નથી એવું કે જેના ૬૫ થી ૭૦ ટકા ગામડામાં આંતર માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ હોય એવું એક માત્ર ગુજરાત રાજય છે અને આવનારા દિવસોની અંદર એક માત્ર ગુજરાત એ પ્રકારનું રાજય છે કે આ રાજયની અંદર ૧૪૩ મ્યુનિસિપાલિટીઓ અને ૭ કોર્પોરેશને આ ૧૫૦ જેટલા શહેરોને આ શહેરી વિકાસ વર્ષ નિમિતે આપણે એમની તમામ જરૂરિયાતો પૂરી કરવા માગીએ છીએ. આ જેવી તેવી વાત નથી. આ જરૂરિયાતો સંતોષવાનું કામ આ ગામડાઓ અને શહેરોના વિકાસનું કામ એ માત્ર અને માત્ર યોગ્ય નાણાકીય સ્ત્રોત ને કારણે પૂરું થવા પામ્યું છે. આ જેવી તેવી સિદ્ધિ નથી. કોઈપણ વિરોધ પક્ષના માણસોના પેટની અંદર તેલ રેડાય છે અને આજે બધાને આ સાંભળવું પડશે એટલે પૂર્વ આયોજનના ભાગરૂપે આવો કોઈક ખેલ પાડવામાં આવ્યો છે પણ કંઈ વાંધો નથી એમની ભાવના પણ એમની પણ આ પ્રવૃત્તિ કરનારા લોકોને લોકો માફ કરવાના નથી. એ લોકો થોડીક જવાબદારીપૂર્વક વર્ત્યા હોત તો અમને એનો આનંદ હોત. આટલી હદે ગુંડાગીરી અને જે લોકો મહાત્મા ગાંધીજીના નામે દુહાઈ લે છે, જે લોકો દાંડીકૂચ કરીને ૭૫ વર્ષ નિમિત્તે યાત્રા કરે, આ એમને શોભે એવી વાત છે કે આ ગૃહના અધ્યક્ષનું અવમાન થાય, આવું વલણ કરનારા લોકો અને આપણે તો સ્ત્રીઓનું સન્માન કરનારા લોકો છીએ. આ ગૃહની અંદર ગૃહની ગરિમાને કાલિમા લાગે એવું વર્તન આ ગૃહના સન્માનનીય શિક્ષણ મંત્રી ઉપર પ્રહાર કરવાની હદે ગુજરાત કયારેય આ લોકોને સાંખી નહીં લે અને વિરોધ પક્ષના નેતા માઈકની દાંડીનો ઘા કરે એક મહિલા મંત્રી ઉપર અદેખાઈ અને ઈર્ષાની પણ કોઈ હદ હોય. અમે ગુજરાતને વિકાસના માર્ગે આગળ વધારી રહ્યા છીએ. આ રાજયના મુખ્યમંત્રીશ્રીની નીગેબાની નીચે આ રાજય સર્વતોમુખી વિકાસના માર્ગે જઈ રહ્યું છે. એને રોકવાનો પ્રયાસ કોઈપણ કરશે તો આ ગુજરાતની સવા પાંચ કરોડની જનતા માફ નહિ કરે. માનનીય અધ્યક્ષશ્રી, મારું હૃદય વલોવાય છે. હું તો આ ગૃહનો પ્રથમ વખત સભ્ય બન્યો છું. પરંતુ આ ગૃહના નિયમો કેવા હોવા જોઈએ? આ ગૃહમાં આપની ચેર ઉપર 'સત્યમેવ જયતે' લખાયેલું છે. આપના પાછળ આ અહિંસાના પૂજારીનું તૈલચિત્ર છે. એનું હૃદય પણ આજે વલોવાતું હશે. એટલે આનો ઉલ્લેખ કરવો મને મુનાસિબ લાગ્યો છે.

મેં વાત કરી એ પ્રમાણે સતતને સતત નાણાકીય મહેસૂલી ખાધમાં ઉત્તરોત્તર ઘટાડો કરવામાં પણ આ ગુજરાત સરકાર અવલગામી બની છે. એટલે તો આજે કેન્દ્રમાં આયોજન પંચે આ ગુજરાત રાજયની ૧૧ હજાર કરોડની વાર્ષિક યોજનાને પણ મંજૂરી આપી છે અને ગયા વખતે પણ અમારા શિરે જે જવાબદારી હતી એ જવાબદારી અદા કરવામાં આ ગુજરાત રાજયનું નાણા તંત્ર સંપૂર્ણ સફળ નીવડયું છે.

આ બજેટમાં આ રાજયના નાણામંત્રીશ્રીએ પેન્શન અને નિવૃત્તનો લાભ લેનારા લોકો માટેની પણ વ્યવસ્થા કરી છે. પેન્શન અને નિવૃત્તિ માટે વર્ષ ૨૦૦૧-૦૨માં ૧૫ કરોડ ઉપરાંતનો ખર્ચ કરવામાં આવ્યો હતો. ગત વર્ષમાં ૧૭,૪૪ કરોડ ઉપરાંતની રકમ ખર્ચાશે એવો અંદાજ રાજય સરકારે રાખ્યો હતો. એટલે ખર્ચમાં પહેલાં પાંચ વર્ષમાં ૧૬.૧૩ ટકાનો વધારો થવા પામ્યો છે. આ રાજય સરકારે વય નિવૃત્તિ ભથ્થા, પેન્શન ભથ્થા, પેન્શનની રૂપાંતરિત રકમ, ગ્રેજ્યુઈટી, કુટુંબ પેન્શન, હાઈકોર્ટના જજોનું પેન્શન ખર્ચ, ભવિષ્ય નિધિમાં ફાળો અને અન્ય ખર્ચ એના અંદર સતત વધારો કરીને આ પેન્શનરોની ચિંતા આ બજેટમાં વ્યક્ત કરવામાં આવી છે. આ નાણા ખાતાના બજેટમાં ગુજરાત રાજયની અંદર જે ૩૧ નવા તાલુકા થયા એમાંથી ૧૦ નવરચિત તાલુકા મથકો ઉપર પેટા તિજોરી કચેરી ચાલું થઈ ચૂકી છે અને બીજી ૨૧ તાલુકા પેટા તિજોરી કચેરી ખોલવા માટેની નેમ વ્યક્ત કરવામાં આવી છે. તિજોરી સોફટવેરમાં પણ ૨૦૦૫ સુધીમાં આ કામગીરી પૂર્ણ થાય એના માટેની પણ આ બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે. આવકના સ્ત્રોતો વધારવામાં નાની બચતમાં તા. ૧-૪-૨૦૦૨થી રાજયને ૧૦૦ ટકા પ્રમાણે મળતી વ્યાજુકી લોન રાજય સરકાર માટે ખૂબ જ મહત્ત્વનો નાણાકીય સ્ત્રોત છે.

નાણાકીય વર્ષ ૨૦૦૪-૦૫ માટેની નાની બચતની વિવિધ યોજનાઓ દ્વારા રૂપિયા ૭૦૮૦ કરોડનું રોકાણ મેળવવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. જેની સામે ચાલુ નાણાકીય વર્ષમાં આઠ માસના સમયગાળામાં રૂપિયા ૪૬૮૩ કરોડની એટલે કે ૬૬.૧૪ ટકા રોકાણ ૫ર વ્યાજ. આ રીતે ૨૦૦૩-૦૪માં રાજય સરકારની વેચાણવેરાની કુલ રૂપિયા ૭૧૬૯.૫૮ કરોડની આવક થઈ હતી જે માટે વર્ષ ૨૦૦૪-૦૫ માં રૂા. ૮૧૬૦ કરોડના અંદાજ સામે નવેમ્બર ૨૦૦૪ સુધીમાં ૫૪૭૬.૩૬ કરોડ એટલે કે અંદાજેલ રકમના ૬૫ ટકા જેટલી રકમ આઠ મહિનાના અંતે થઈ હતી. ૨૦૦૫-૦૬માં આવક ૯૧૦૦ કરોડની થશે એવું અંદાજેલ છે.

છેલ્લા ત્રણ વર્ષમાં રાજયમાં વેચાણ વેરાની આવકમાં ૨૬.૯૩ ટકાના દરે આવક વધશે એવો રાજય સરકારે અંદાજ રાખ્યો છે એનું પણ આ બજેટની અંદર પ્રોવિઝન કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બે-ત્રણ બાબતો માનનીય મંત્રીશ્રીને સૂચનના સ્વરૂપની અંદર મૂકવી છે. મારે એક વાત નાણાખાતાની એ કહેવી છે કે નાણા વિભાગ યોજનાની ચકાસણી ચોક્કસ કરે પણ એની અંદર જે બિનજરૂરી વિલંબ છે એ ટાળે. કારણ કે વિલંબના કારણે કેટલીક યોજનાના સમયસર લાભ લોકોને મળવા જોઈએ એ આપી શકાતા નથી. માત્ર આના કારણે જ યોજના વિલંબમાં મુકાય છે એ વિલંબ ટાળવો જોઈએ અને યોજનાની યોગ્યતા તપાસીને જ યોજના મંજૂર કરવા જેવી હોય એ યોજના તાત્કાલિક મંજૂર થવી જોઈએ.

બીજી વાત મારે એ કહેવી છે કે, જ્યારે હું જે વિસ્તારમાંથી આવું છું એ પોરબંદરથી લઈને વેરાવળ સુધીનો વિસ્તાર જે માછીમારી માટેનો વિસ્તાર છે અને ત્યાંના માછીમારભાઈઓની લાંબા સમયની માગણી છે કે એમને ડિઝલ ઉપર સેલ્સટેકસ રીફંડ આપવામાં આવે છે એ રીફંડ ફેબ્રુઆરી-૨૦૦૫ સુધીમાં લગભગ ૨૧ કરોડ જેટલું ચુકવવાનું બાકી છે. આ માછીમારો તો સમાજના નબળા વર્ગના લોકો છે અને વિદેશી હૂંડિયામણ રળી આપતો ઉદ્યોગ બરાબર સરખી રીતે ચાલે એના માટે યોગ્ય તબકકે દર ત્રણ ત્રણ મહિને રીફંડ મળતું રહે એવી વ્યવસ્થા થાય એવી મારી ભલામણ છે. આ વાત સાથે માનનીય નાણામંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એ માગણીઓના અનુમોદન સાથે વિરમું છું, અસ્તુ.

**સભાપતિશ્રી** : માનનીય શંકરભાઈ.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી માગણીઓ લઈને આવ્યાં એને હું મારું સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કર માળખું એવું હોવું જોઈએ કે જેની અંદર કર વસૂલ કરવા ટાઈમે જ્યાં કર લેવામાં આવે છે તેને અસર પણ ના થાય અને રાજ્યની તિજોરી પણ ભરાય અને એટલા માટે જ ચાણક્યે પોતાની નીતિ શાસ્ત્રમાં કહ્યું છે કે જે રીતે ભમરો પુષ્પમાંથી રસ ખેંચે છે છતાં પુષ્પ સુકાતું નથી. આ વાત ચાણક્યે વર્ષો પહેલા કરેલી અને એ આ રાજ્ય સરકાર અત્યારે કરી રહી છે અને બીજી વાત ચાણક્યે એ કરી હતી કે પોતેપોતાનું જીવન એમણે લોકોની વચ્ચે મૂક્યું હતું અરીસાની જેમ એની પારદર્શકતા હતી. જ્યારે રાજ્યનો વહીવટ કરવા માટે બેઠા હોય ત્યારે ચાણક્ય વિષે એવું કહેવાય છે કે બે દીવા રાખતા અને રાજ્યનો વહીવટ કરતા હોય ત્યારે એક દીવો સળગાવતા અને પછી પોતાના વ્યકિતગત કામ હોય ત્યારે બીજો દીવો સળગાવતા. મારો કહેવાનો મતલબ એ છે કે રાજ્યના વહીવટમાં જે રાજ્યનું હોય એ રાજ્યના માટે વપરાય અને પોતાના વ્યકિતગત, આ ઉદાહરણ હું એ વિષય પર આપવા માગું છું કે આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી જે મુખ્યમંત્રીશ્રી તરીકે પોતાને મળતી ભેટો એ કહે છે કે નહિ, આ રાજ્યની અનામત છે, આ હું મારા વ્યકિતગત ઉપયોગ માટે ના કરી શકું. એટલી પારદર્શકતા જે ચાણક્યે મૂકી હતી એ ગુજરાતની રાજ્ય સરકાર અને રાજ્યના મુખ્યમંત્રીશ્રી પ્રજાની વચ્ચે મૂકી રહ્યા છે. નાણા વિભાગે કરનું માળખું સરળ બનાવ્યું છે અને બીજી વાત પ્રજાને કરની અંદર રાહત આપવા માટેનો એક અભિગમ અપનાવ્યો છે અને તે પણ સૌનો વિકાસ થાય.

માનનીય અધ્યક્ષશ્રી, CNG કીટ પર જે કર હતો એ સંપૂર્ણ માફ કર્યો, જેના આધારે પર્યાવરણની સુરક્ષા થશે અને પર્યાવરણની જાળવણી સાથે સાથે લોકોપયોગી થશે. લોકો આ અભિગમ તરફી આકર્ષાય અને આ અભિગમ તરફી આગળ વધે એના માટે રાજ્ય સરકારે બહુ સરસ આ વિષય લીધો છે. કરની માફ કરીને પ્રજાને અને પર્યાવરણને પણ એક મોટો ફાયદો કરી આપ્યો છે. બીજા વિષયે માફી જોઈએ તો વીજળી ઉપર જે વેચાણવેરો હતો એ સંપૂર્ણ નાબૂદ કરીને ૯૦ લાખ ગ્રાહકોને આનો એક મોટો ફાયદો કર્યો છે. બીજું આપણે બધા વીજળી પરની ડ્યૂટી ૨૨૯ કરોડ એના ઉપર સાહેબ રાહત આપી છે.એટલું જ નહીં પરંતુ કોંગ્રેસની સરકારમાં આજથી ૨૨ વર્ષ પહેલા ખેડૂતોના વીજ જોડાણ ઉપર જે ડયૂટી નાખી હતી વાત ગમે ત્યારે કરી શકે કે અમે ખેડૂતો માટેની વાત કરીએ છીએ. ખેડૂત વતી વાત કરીએ છીએ પરંતુ એમના શાસનમાં ખેડૂતો ઉપર કમરતોડ વીજ ડયૂટી નાખી હતી. ભા.જ.પા. સરકારે આ કર ડયૂટી, વીજ ડયૂટીને સંપૂર્ણપણે માફ કરી ૬.૫૧,૦૦૦ ખેડૂતો ગ્રાહકોને સીધો ફાયદો કરી આપ્યો છે હું રાજય સરકાર અને નાણામંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપું છું. મારે એ વાત ઉપર ધ્યાન દોરવું જોઈએ કે મહેસૂલી ખાધ ઘટી છે. એ સામાન્ય વાત નથી.

આપણા દેશમાં નાણા વિભાગમાં નવો ઈતિહાસ સર્જ્યો છે. અત્યાર સુધીમાં જે બજેટ બન્યા આખા દેશમાં એમાં આ એક અભૂતપૂર્વ ઘટના છે. ૨૦૦૧-૨૦૦૨માં મહેસૂલી ખાધ ૬૭૩૧.૫૪કરોડની હતી આ વર્ષે ૧૪૩૮.૬૬કરોડની અત્યારે થઈ ગઈ છે. આટલો ઘટાડો થયો છે. એ અભૂતપૂર્વ છે. દેશભરના બાકી રાજયો માટે દિશા સૂચન છે. અમુક સમયે મિત્રો વાતો કરતા હોય છે. આ દિશા ઉપર હું ધ્યાન દોરું છું કે કેટલાક વર્ષો પહેલાં રા.જ.પા.ના લોકો હતા એમને સમર્થન આપીને બેઠા હતા કોંગ્રેસના મિત્રો એ વખતે આ રાજયની મહેસૂલી ખાધ હતી એ ૪૦ ટકા હતી એ ૪૦ ટકાથી ઘટીને અત્યારે ૬ ટકાએ પહોંચી ગઈ છે. કોઈપણ વિરોધ કરવાવાળા વ્યકિતને અભિનંદન આપવાં પડે એવી સ્થિતિ છે. મારા મત વિસ્તારમાંથી શાળાના વિદ્યાર્થીઓ અહીં આવ્યા હતા ગૃહની કાર્યવાહી જોવા. પછી હું નીચે ગયો અને એમને મળ્યો અને મેં બધાને પરિચય આપ્યો સામે

પ્રેસવાળા બેસે છે, અહીં અધિકારીઓ છે, એ બધા વિશે હું નીચે જઈને સમજાવતો હતો. વાતવાતમાં કહ્યું નાણા વિભાગના અધિકારીઓ અહીં બેસે છે. એક વિદ્યાર્થીએ મને કહ્યું નાણા વિભાગ વાળા? મેં કહ્યું હા. તો કહે પેલા ટી.વી.માં બધા દેખાય છે એ? એટલે મારા મગજમાં પહેલા લાઈટ ન થઈ પણ પછી મારા મગજમાં આવ્યું કે હમણાં આજ તક સીરીયલ ઉપર દિલ્હીના અધિકારીઓ લાંચ લેતા ઝડપાયા એ આખા દેશની અંદર બતાવ્યું એના ઉપરથી આ બાળકના મગજમાં હતું કે આ નાણા ખાતાવાળા? આવા ખરાબમાં ખરાબ ઉદાહરણ કોંગ્રેસ સરકારમાં ચાલે છે. મારે અભિનંદન આપવા છે રાજય સરકારના અધિકારીઓ/કર્મચારીઓને કે જેમણે અલગ ઉત્તમ પ્રકારનું ઉદાહરણ પૂરું પાડીને રાજયમાં આવકની દ્રષ્ટિથી જોઈએ તો અગાઉના સમયમાં ૧૬૦૦૦કરોડની આવક હતી એની જગ્યાએ ૨૪૦૦૦કરોડ થઈ છે. વેચાણ વેરામાં ૨૦૦૧-૨૦૦૨માં ૫૮૫૭.૪૧કરોડની જગ્યાએ ૨૦૦૫-૨૦૦૬માં ૮૨૦૦કરોડ જેટલું થાય છે આ કામ ત્યારે થઈ શકે જયારે કર્મચારી/અધિકારીઓ ખંતથી કામ કરતા હોય આ નેતૃત્વ એવી દિશા આપે છે.

શરૂઆતમાં એક જ જવાબ મળતો પૈસા નથી અને ઓવર ડ્રાફ્ટ આપવો પડે. આપણી નાણાકીય સ્થિતિ ખરાબ છે. આ સ્થિતિની અંદરથી આજે રાજય સરકારે ઢગલાબંધ શિક્ષકો ભરી દીધા. આખા રાજયમાં, દેશમાં કોઈ જગ્યાએ એકી સાથે ન ભરાના હોય એટલા મોટા પ્રમાણમાં શિક્ષકો ભરી દીધા, ઓરડા આપ્યા, સિંચાઈ માટે ખેત તલાવડી, ચેકડેમ, નર્મદાની કેનાલ, સબ કેનાલ, માઈનોર, સબ માઈનોર, નર્મદા ડેમનું કામ હોય. અગાઉ રાજય સરકાર આવતી ત્યારે કોઈ એક વિષય લઈને ચાલતી. આ રાજય સરકાર ૧૨-૧૨ જેટલા વિષયો ઉપર એકીસાથે કામ કરે છે અને એ પણ યશસ્વી કામ કરે છે. કોઈ જગ્યાએ એવી વાત સાંભળવા મળતી નથી કે પૈસા નથી. ત્યારે વજુભાઈ સાહેબ પાસે જઈને કહીએ તો કહે કે માગોને, ભઈલા માગોને માગો એટલા આપીશું. આ સ્થિતિ શેના આધાર ઉપર ઊભી થઈ? સ્વચ્છ વહીવટના કારણે સ્થિતિ ઊભી થઈ. નાણાકીય ડિસિપ્લિનના કારણે આ સ્થિતિ નિર્માણ થતી હોય અને એ સહેલાઈથી નથી થતી. અત્યાર સુધીની સરકારોમાં લોકરંજન નીતિના નામે મારે સ્પેસિફિક કહેવું છે કે વાત કરવાની હોય ત્યારે વાત કરે કે લોકરંજન નીતિ અખત્યાર કરી છે, પણ લોકરંજન નીતિના નામે સસ્તી લોકપ્રિયતા મેળવવા માટે રાજય સરકાર આડેધડ ખર્ચા કરતી અને ૪૦ વર્ષનો ઈતિહાસ આપણી સામે છે. પ્રસિદ્ધિ મેળવવી હોય ત્યારે એવી જાહેરાત કરે કે એના કારણે સરકારની તિજોરી ઉપર મોટો બોજો આવે અને પ્રજાનું એની અંદર ભલું ન હોય. માત્ર સરકારને પ્રસિદ્ધિ મળતી હોય. આ સરકારે અભિગમ બદલી નાખ્યો. લોકોનું રંજન. લોકરંજન નીતિ તો રાખી, પરંતુ માત્ર પોતાની વ્યક્તિગત પ્રસિદ્ધિ માટે, સરકારનું સારું લાગે એટલા માટે નહિ, પણ રાજયનું ભલું કયાં થાય છે? રાજયની પ્રજાનું ભલું ક્યાં થાય છે? આ દિશાને કેન્દ્રસ્થાને રાખીને નિર્ણય કર્યો છે. એક વિષય જોઈએ તો નિર્ણય આને કહેવાય, નાણાકીય ડિસિપ્લિન કેવા પ્રકારનું હોય એક નાનકડું ઉદાહરણ આપીએ તો અહીથી સચિવાલયની અંદરથી રોજ કેટલાય અધિકારીઓ, કર્મચારીઓ હાઈકોર્ટમાં કેસ ચાલતો હોય એના અનુંસંધાનમાં જતા હોય છે. દરેક અલગ કાર લઈને જતા હોય છે. કેટલા બધા અધિકારી જાય. રાજય સરકારે એક નાનકડું સૂચન કર્યુ. દરેકે જવું હોય તો એક જગ્યાએ નોંધાવી દેવું કે કોણ કોણ હાઈકોર્ટમાં જશે. તો અહીથી બસ જશે, એની અંદર બેસીને જવું. એકી સાથે બધા જાય. એક બસમાં બધા અધિકારી, કર્મચારી હાઈકોર્ટમાં જાય અને જઈને પાછા આવે. ખર્ચ માત્ર એક ગાડીનો, નહિતર ૨૦-૨૦, ૨૫-૨૫, ૫૦-૫૦ ગાડીઓ રોજેરોજ જતી હોય અને ધુમાડો થતો હોય. આ કરકસર કરી છે, બચાવ કર્યો છે, ત્યાં સુધી કે મંત્રીમંડળ પણ કેટલું નાનું. આટલા નાના મંત્રીમંડળથી રાજયનો વહીવટ ચલાવવો, વહીવટ આપવો એ અભૂતપૂર્વ ઘટના છે. હું રાજયના મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું કે આપે હિંમતવાળું પગલું ભર્યુ છે, જેના કારણે આખા દેશને દિશા આપી શકે. આવું ઉત્તમ ઉદાહરણ અને આવું કામ કરવું એ કોઈ માઈકાંગલા માણસનું કામ નથી. મર્દ માણસો કરી શકતા હોય છે. રાજયની પ્રજાના હિતમાં કોઈપણ નિર્ણય કરવો હશે તો ભલે એની અંદર લોકપ્રિયતા ન મળતી હોય તો પણ એમાં પ્રજાનું ભલું હશે એ દિશામાં અમે આગળ વધીશું.

માનનીય નાણા મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે. મને લાગે છે કે ૧૦૦ ટકા આ સભાગૃહના તમામ સદસ્યશ્રી ભાઈઓ આની અંદર સંમત છે અને માગણીને હું સમર્થન કરું છું.

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી ધારાસભ્યશ્રીઓએ ઘણી જ ડીટેઈલમાં વાત કરી છે અને આ રાજયની આર્થિક પરિસ્થિતિ તમામ રીતે સદ્ધર છે, એ આંકડાકીય પ્રતીતિ પણ કરવાની છે. કોઈપણ રાજય હોય એ રાજયની અંદર જો એની મહેસૂલી ખાધ ઓછી હોય, મહેસૂલી ખર્ચ ઓછું હોય અને એની ટેક્સની આવક વધારે હોય તો જ એ રાજ્ય વિકાસનાં કામો પાછળ પોતે પૈસા ખર્ચી શકે અને આ ગુજરાત રાજ્યે છેલ્લા ૫ વર્ષની અંદર સાબિત કરીને બતાવ્યું છે કે દિવસેને દિવસે મહેસૂલી ખર્ચ ઓછું થતું જાય છે. રાજ્યની ટેક્સની આવક વધતી જાય છે, એના કરતા પણ સર્વશ્રેષ્ઠ વાત તો એ છે કે આ રાજય સરકારે છેલ્લા ૫ વર્ષની અંદર સામાન્ય માણસ ઉપર કે વેપારી ઉપર મુખ્ય અમુક લોકો સિવાયના ટેક્સ નાખ્યા વગર

રાજયની આવક વધારી છે અને આ રાજયની આવક ટેક્ષ નાંખ્યા વગર વધે. મારા મિત્રો હાજર છે નથી પણ જયાં બેઠા હોય ત્યાં સાંભળે. આ શીખવું હોય તો અહીં આવવાની જરૂર છે. ટેક્ષ નાંખવો નહીં છતાં આવક કેમ વધે તે અને આજે જે બજૅટની અંદર ૩૬૪૬૪ કરોડનું કુલ બજૅટ છે. તેમાં જે રીતે રાજય સરકારના સતત પ્રયત્નથી દિવસેને દિવસે મહેસૂલી ખાધની અંદર અને મહેસૂલી ખર્ચમાં ઘટાડો થયો છે. હું તેના આંકડા આપીશ. મહેસૂલી ખર્ચ ૨૦૦૧-૦૨માં ૨૦,૮૭૯ કરોડ હતો. તે મહેસૂલી ખર્ચ દિવસે ને દિવસે કર્મચારીઓના પગારને કારણે, વ્યાજ ચૂકવવાને કારણે, મોંઘવારીના કારણે અને ઈતર ખર્ચને કારણે મહેસૂલી ખર્ચમાં વધારો થાય. પણ આપણે પાંચ વર્ષની અંદર જોઈ શકીશું કે મહેસૂલી ખર્ચમાં વધારો નહીં પણ ઘટાડો થયો છે. ૨૦,૮૯૭ ૨૦૦૧-૦૨માં મહેસૂલી ખર્ચ હતો તે ૨૦૦૫-૦૬માં ૨૦,૦૨૧ કરોડનો થશે. આજે ૮૦૦ થી ૮૫૦ કરોડ રૂપિયાનો ખર્ચ પાંચ વર્ષના અંતે ઘટશે. ખરેખર ખર્ચ કોઈ જગ્યાએ ૫૦ થી ૬૦ ટકા વધે. ૨૦,૦૦૦ હોય તેમાંથી ૩૦,૦૦૦ કરોડ થાય. વધવાના બદલે આ ખર્ચ ઘટતો આવ્યો છે. તે રાજયની કરકસરની નીતિને કારણે મહેસૂલી ખર્ચ ઘટયો છે. મહેસૂલી ખાધ જોઈએ તો ૨૦૦૧-૦૨ માં ૬૩૦૨ કરોડ હતો તે ૨૦૦૫-૦૬નો અંદાજ ૧૪૩૯ કરોડનો રહ્યો છે. આ મહેસૂલી ખાધ ૪૦ ટકા હતી તે મહેસૂલી ખાધ ઘટીને ૬.૧૯ ટકા રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, આર્થિક વ્યવસ્થાને કારણે અને આર્થિક વ્યવસ્થાને કારણો હું આગળ આપીશ. આ રાજય સરકાર ૨૦૦૭-૦૮ની અંદર મહેસૂલી ખાધ શૂન્ય બનાવીને જ ઝંપશે. આખા હિન્દુસ્તાનની અંદર શૂન્ય મહેસૂલી ખાધવાળું રાજય હોય તો ગુજરાત રાજય તેમાં પહેલો નંબર મેળવશે. આપણે જોઈ શકીએ છીએ કે મહેસૂલી ખર્ચ બિનઆયોજન પાછળનો હોય કે આયોજનન પાછળનો હોય, જે આયોજન હોય અને બિનઆયોજન હોય તેમાં બે રીતે ખર્ચ થતા હોય છે. આ બિનઆયોજન પાછળનો ખર્ચ પૂરેપૂરો કર્યા પછી જે બાકીના પૈસા વધે તે પૈસા પ્લાનિંગની અંદર કે આયોજનની અંદર વાપરતા હોઈએ છીએ. બિન આયોજનનનો ખર્ચ દિવસે ને દિવસે વધતો જાય છે છતાં પણ રાજયની આવક એટલી બધી વધારે થતી જાય છે. રાજયની આવકને કારણે આપણે પ્લાનિંગ પાછળ વધારે પૈસા ફાળવી શકીએ છીએ અને તે સાબિત કરી બતાવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી ચાલુ સાલે વાર્ષિક યોજનાનું કદ ૮૫૧૮ કરોડ આપણે સૂચવ્યા હતા તે સુધારો કરીને ચાલુ વર્ષે પ્લાનિંગની વાત છે, પ્લાન છે તે ૧૦૬૦૦ કરોડ જેટલો થઈ જશે. ૧૦૬૦૦ ત્યારે જ થઈ શકે કે જ્યારે આપણી આવક વધુ અને ખર્ચ ઓછો હોય. તે જ પ્રમાણે અમે જ્યારે પ્લાનિંગ કમિશન પાસે ગયા અને પ્લાનિંગ કમિશન પાસે રાજયની પરિસ્થિતિની ચર્ચા કરી.ત્યારે આપણા ગુજરાત રાજયની પરિસ્થિતિ પ્લાનિંગ કમિશનના એકેએક સભ્યશ્રી જાણતા હતા, પ્લાનિંગ કમિશનના એકેએક સભ્યશ્રીએ જે આપણી ગુજરાત રાજયની ચેકડેમની યોજના હોય, ખેતતલાવડીની યોજના હોય, સુજલામ સુફલામની યોજના હોય, નર્મદાની પાણી માટેની યોજના હોય, આ તમામ ખેડૂતોને પાણી આપવા માટેની યોજનાના એની પાસે આંકડા હતા અને એની એ રીતે એના વખાણ કર્યા છે. આખા હિંદુસ્તાનમાં ગરીબી રેખાથી નીચે જીવવાવાળા લોકોની ટકાવારી ૨૬ ટકા છે જ્યારે ગુજરાત એક એવું રાજય છે કે જે ટકાવારી ૧૪ ટકા ઉપર આપણે લાવી શક્યા છીએ. ગરીબી રેખાથી નીચે જીવવાવાળાઓની સંખ્યા ઓછી કરી, માનનીય અધ્યક્ષશ્રી, મને ખ્યાલ છે કે હું જ્યારે ૧૯૮૫માં ધારાસભ્ય થઈને આવ્યો ત્યારે અહીં જ કહેતા હતા કે ૩.૫૦ કરોડની વસતિમાંથી ૧ કરોડ ૮૦ લાખ એટલે કે ૪૫ ટકા લોકો ગરીબીની રેખાથી નીચે જીવવાવાળા લોકો છે, આ કોંગ્રેસના માનનીય મિત્રોએ પચાસ પચાસ વર્ષ સુધી શાસન કર્યા પછી પણ જે ગરીબી રેખાથી નીચે જીવવાવાળાઓની સંખ્યા ૪૫ ટકા હતી એ આ ભાજપના દશ વર્ષના શાસનમાં ૧૪ ટકા ઉપર લાવીને આપણે બેઠા છીએ. અને આગામી વર્ષોમાં ગરીબી રેખાથી નીચે જીવવાવાળાઓની સંખ્યા શૂન્ય થઈ જશે.

માનનીય અધ્યક્ષશ્રી, આખા હિંદુસ્તાનમાં ઉદાહરણ ન હોય એવી રીતની વાત છે કે ભાજપની નીતિ રહી છે કે, 'હર હાથકો કામ દો, હર ખેતકો પાની' દરેક ખેતરને પાણી મળી રહે અને દરેકને કામ મળી રહે એનું બુદ્ધિપૂર્વક અને આયોજનપૂર્વક આ રાજય સરકાર આગળ વધી રહી છે. હિન્દુસ્તાનમાં કોઈ દિવસ કોઈએ આવું દૃષ્ટિપાત નહોતું કર્યુ કે પતંગ ઉત્સવ કરી, નવરાત્રી ઉત્સવ ઉજવી અને ૬૬ હજાર કરોડ રૂપિયાનું એમઓયુ કરીએ, ૧ લાખ ૬ હજાર કરોડનું એમઓયુ વેપારીઓ સાથે આપણે કરી શક્યા છીએ, બીજાને એમ લાગે કે ૧ લાખ અને ૬ હજાર કરોડના એમઓયુ કર્યા આની પાછળ રાજય સરકારે કોઈને કોઈ પ્રલોભનો આપ્યા હશે પણ અમારા ભાજપના શાસનમાં હું ગૌરવપૂર્વક કહેવા માગું છું કે, એક પણ વેપારીને એક પણ રૂપિયાનું કન્સેસન આપ્યા વગર ૧ લાખ ૬ હજાર કરોડના એમઓયુ કર્યા છે. આજે એમઓયુ થશે, ઉદ્યોગો સ્થપાશે અને એ ઉદ્યોગો સ્થપાશે એના કારણે ગુજરાતમાં અનેક ભાઈઓને એમાંથી રોજગારી મળવાની છે. બે વર્ષના પ્રયત્નોથી એક વાર ૬૬ હજાર અને બીજી વાર ૧૦૬ લાખના એટલે કે ૧ લાખ ૭૨ હજાર કરોડના ઉદ્યોગો જે ત્રણ કે ચાર વર્ષની લિમિટમાં આ રાજયમાં સ્થપાશે ત્યારે ગુજરાત રાજયની અંદર જે મજૂર છે, ક્લાર્ક છે, ટેકનિશિયન છે, જે વૈજ્ઞાનિક છે, જે કૉમ્પ્યુટરનું જ્ઞાન ધરાવે છે એવી એક પણ વ્યકિત કામ વગરની નહીં રહે, અમે ગુજરાતની પ્રજાને ખાતરી આપીએ છીએ અને ખાતરી આપવા માટે પણ છાતી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ભાજપની વાત રહી છે કે અમે જે  કરીએ છીએ એ જ બોલીએ છીએ અને જે બોલીએ છીએ એ કરી બતાવીએ છીએ, એ અમે હિંમતથી કહી શકીએ  છીએ. મારા મિત્રો, અહીં હાજર નથી પણ જ્યાં પણ બેઠા હોય ત્યાંથી  મારે એમને પૂછવાનું  છે કે  આટલા વર્ષો સુધી તમે આપેલા વચનો કયાં ગયા?  કેવી રીતે પૂર્ણ થયા?  હમ સત્તાપે આયેંગે, ગરીબી હઠાયેગે,  ગરીબી હઠી?  આ સત્તાવત સત્તાવન વર્ષના વહાણાં થઈ ગયા પછી પણ આ દેશમાં ૨૬ ટકાથી વધારે લોકોની સંખ્યા ગરીબી રેખાથી નીચે જીવવાવાળાની છે.  આજે કામગીરી કરી શકે કે જેનામાં રાષ્ટ્ર પ્રેમ છે, દેશ માટે પ્રેમ છે આ રાજયની પ્રજા માટે અથવા તો મારા માતૃભૂમિના સંતાનો માટે કંઈક કરી છૂટવું છે  એવી જેનામાં ભાવના હોય એ જ વ્યકિત યોગ્ય રીતે શાસન ચલાવી શકે. ભ્રષ્ટાચારના રાફડામાંથી નીકળેલા ભોરિંગો એ કોઈ દિવસ સારું શાસન ન કરી શકે એ હકીકત છે. એના કોંગ્રેસના કુળમાં કોઈ જણ નથી જેમ કહેવાય 'અસ્યમ કુળે ન જાત:'  એ કુળમાં સારૂં શાસન કરી શકે એવાને શોધવા જવું પડે એમ છે. આર્થિક આંકડા એક એક જોઈશું તો ૮૫૧૮ કરોડનું આયોજન હતું એને ૧૧૦૦૦ કરોડનું કરી આયોજન પંચે કોઈ પણ જાતના કાપકૂપ મૂકયા વગર. પહેલા જ ઘ ાએ સીધે સીધું મંજૂર કરી દીધું છે અને એક પણ સભ્યે કોઈ ટીકા કરી હોય કે  આ બાબતમાં આપણું ધ્યાન દોર્યું હોય એવું નથી. બધા સભ્યોએ હર્ષ-ઉલ્લાસ વચ્ચે ૧૧૦૦૦ કરોડની યોજના મંજૂર કરી છે. હું એમ કહું છું કે કોઈ રાજય એવું નથી હિન્દુસ્તાનમાં કે જેના આગલા વર્ષ કરતા આ વર્ષના આયોજનમાં ૨૯ ટકાનો વધારો થયો હોય. હું તો એમ કહું છું કે, ૧૧૦૦૦ કરોડના ભલે અમારા પ્લાન પાસ થયા પણ જયારે ૨૦૦૬ના માર્ચ મહિનાને અંતે આપણે જોઈશું તો ૨૯ ટકાનો વધારો નહીં હોય એ વધારો વધીને ૪૫ ટકા સુધી પહોંચી ગયો હશે. એટલી તાકાત આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં છે. આજે એક એક ભારતીય જનતા પાર્ટીનો ધારાસભ્ય જયારે ખેત તલાવડીની વાત હોય ત્યારે ગામડે ગામડે જઈને સમજાવે છે કે ભાઈ, તમારા ખેતરમાં તમે ખેત તલાવડી કરો, આપણા ગામમાં ચાલો સાથે મળીને ચેકડેમ કરીએ. આપણા ભારતીય જનતા પાર્ટીનો એક એક કાર્યકર્તા ખભે રેતીની બોરી લઈને બોરીબંધ બાંધવા માટે તૈયાર થયો છે. મારા મિત્રો નથી, નહીં તો એને પૂછવું છે કે આ જિંદગીમાં કોઈ દિવસ ધૂળની એક ગુણ લઈને પાણીને બચાવવા માટે થઈને આડી ધરી છે ખરી?  કોઈકને જીવતા જાગતા બલિદાનો દેવા માટે બોકડા બનાવવા માટે થઈને આડા ધર્યા હશે, પણ પાણી બચાવવા માટે એક ધૂળની બોરી આગળ ધરી હોય એવું કોઈ દિવસ બન્યું નથી. આજે એક એક ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર, એ ચૂંટાયેલો હોય કે ન ચૂંટાયેલો હોય પણ મારા રાજયમાં રહેતા નાગરિકોની આર્થિક સ્થિતિ સુધરે એના માટે થઈને સતત ચિંતિત હશે. આ પાણી માટેની વાત છે એજ પ્રમાણે મારા મિત્રો કહેતા હતા કે આ સરકાર ખેડૂત વિરોધી સરકાર છે, ખેડૂત વિરોધી સરકાર છે એટલે વીજળી નથી આપતા, વીજળીના ભાવો વધારે છે, ત્યારે મારે એમને કહેવું છે કે, વીજળીના આંદોલન માટે થઈને ગુજરાત રાજયમાં જે દિવસે ખેડૂતોએ આંદોલન કર્યુ ત્યારે અગિયાર-અગિયાર ખેડૂતોની લાશ પાડી દેનાર કોંગ્રેસની સરકાર હતી. પોતાના ભૂતકાળને યાદ નથી કરતા અને અમને કહેવા માટે થઈને આવે છે. આજે રાજય સરકારની આવકમાંથી ૬ લાખ ૪૮ હજાર ખેડૂતો  વીજ કનેકશન ધરાવે છે. આ ૬ લાખ ૪૮ હજાર ખેડૂતો પાછળ આજે રાજય સરકાર ૨૬ હજાર કરોડની સબસીડી ચૂકવે છે. એક ખેડૂત પાછળ ૪૦ હજાર રૂપિયા વાર્ષિક સબસીડી આ સરકાર આપે છે. આ ખેડૂતો માટે થઈને સુજલામ-સુફલામ યોજના હોય, ખેડૂતો માટે થઈને નર્મદા યોજના હોય કે બીજી કોઈ પણ યોજના હોય એના માટે ઈતિહાસમાં નહોતા વાપર્યા એટલા ૧૪૫૦ કરોડ રૂપિયા આ નર્મદા યોજના માટે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ફાળવ્યા છે. આજે અમે સમજીએ છીએ કે ગામડામાં ગરીબી દૂર થશે તો ગામડાના માણસનું ઓસિયાળાપણું દૂર થશે. ગામડાના માણસને શહેરમાં આવવું પડે છે એ શહેરમાં આવવાની પરિસ્થિતિ છે એ પરિસ્થિતિ નષ્ટ થાય એટલા માટે થઈને ગામડાને કેમ ઉત્કર્ષના માર્ગે લઈ જવું એનો વિચાર ભારતીય જનતા પાર્ટીની આ સરકાર કરે છે.

ગામડાની અંદર આજે માનનીય ઉર્જામંત્રીશ્રી સૌરભભાઈએ કહ્યું તેમ ૭૩૦૦ ગામોને જયોતિગ્રામ યોજના નીચે આવરી લીધા છે અને ડિસેમ્બર સુધીમાં ગુજરાત રાજયના ૧૮૦૦૦ ગામડાઓને આવરી લઈશું. ગુજરાત રાજયના ૧૮૦૦૦ ગામડાઓ છે એમાં ડિસેમ્બર સુધીમાં એક પણ ગામ એવું નહીં હોય કે જયાં એક પણ ઘરમાં વીજળીનું કનેકશન ન હોય અને ત્યાં ૨૪ કલાક વીજળી ન મળતી હોય. ડિસેમ્બર સુધીમાં થ્રી ફેઝ વીજળી ૨૪ કલાક મળે એવું આખા હિન્દુસ્તાનમાં કોઈ પણ રાજય પ્રસ્તાપિત થશે તો એ ગુજરાત રાજય હશે કે જયાં ભારતીય જનતા પાર્ટીની સરકાર ચાલે છે. વિશેષ તો નથી કહેવું, બહુ વાતો કરતા કે આ જ્યોતિગ્રામ યોજનામાં તમારું આમ છે અને બીજું છે, મારે એટલું જ કહેવાનું કે જે દિવસે ગામડે ગામડે દીવા થશેને ત્યારે તમારા બધાના ફ્યુઝ છે તે ઉડી જવાના છે, ગામડાના લોકો સમજે છે એ. આપણને બહુ રીતે વાતો કરે છે, આમાં કાપ મૂકો, આમાં કાપ મૂકો, બજેટની અંદર જે ટીકા માટેની વાત કરે છે એ માટે હું એમ કહુ છું કે, ભગવાન તમને ટીકા કરવા માટે થઈને હજી બીજા સો વર્ષ સુધી વધુને વધુ શક્તિ આપે, તમે ત્યાંજ બેસો, જરૂર પડશે તો આ પીલોની સીટો અમે બદલાવી વધુ પોચી સીટો થાય એવું ગોઠવી દઈશું કાયમ માટે થઈને, આજે વાસ્તવિક જે બાબત છે એ સ્વીકારીને ચાલવાને બદલે ટીકાજ કરવી? ટીકા કરવાથી કંઈ થતું નથી. આજે ગરીબ વર્ગના લોકોને બે રૂપિયે કિલો ઘઉં અને ત્રણ રૂપિયે કિલો ચોખા દેવાવાળી કઈ સરકાર હતી? ભૂતકાળની અંદર

આટલા વર્ષોની અંદર શાસન કર્યુ, કોઈએ આપ્યું છે બે રૂપિયે કિલો ઘઉં અને ત્રણ રૂપિયે કિલો ચોખા? એ આપનારી કોઈ સરકાર હોય તો એ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. બીજું અભિમાન તો કોઈના કોઈ દિવસ રહ્યા નથી. અમે પણ સામે બેસતા હતા અને અહીંયાથી જ્યારે બોલતા હતા ત્યારે અમે જોતાં હતાં, આજે કાપ દરખાસ્તો મૂકે છે એ તો આજે આખેઆખા કપાઈ ગયા છે, અહીંયા ૧૪૯ બેસતા હતા એમાંથી હવે ૪૮ રહ્યા છે, ૧૦૧ કપાઈ ગયા છે આ એટલા માટે થઈને કોઈપણ વાતની વાસ્તવિક પરિસ્થિતિ સ્વીકાર્યા વગર ફક્ત આપણે ટીકાજ કર્યા કરીશું તો એ ટીકાના કારણે ગ્રામ્ય વિસ્તારની અંદર રહેતાં લોકોને કોઈ સુવિધા નથી મળવાની. આ રાજ્ય સરકારે માનનીય આઈ.કે. જાડેજાએ કહ્યું કે કેટલા રસ્તા અમે બનાવીશું, આનંદીબહેને શિક્ષણની રીતે કહ્યું અમે આટલા પૈસા ખર્ચ કરીશું અને એકએક ગામડાના બાળકોને અમે શિક્ષણ આપીશું અને આજે એંશી હજાર વિદ્યાસહાયકોની ભરતી કરનાર હિંદુસ્તાનની અંદર કોઈપણ રાજય શોધી આવે કે જેણે ત્રણ વર્ષની અંદર એંશી હજાર શિક્ષકોની ભરતી કરી હોય, શેના માટે ભરતી કરીએ છીએ? ભરતી એટલા માટે કરીએ છીએ અમારા ગુજરાત રાજયની અંદર ગામડામાં રહેતી આ દીકરી કે દીકરો કે જેને બંધારણની અંદર એસ્યોરન્સ આપી છે, ખાતરી આપી છે કે એકપણ બાળક ભણ્યા વગરનું નહિ રહે અને મફત શિક્ષણ પામશે. આજે એના માટે થઈને ગામડાની અંદર એકપણ બાળક એવું નહિ હોય જે જગ્યાએ નિશાળ નહિ હોય, જ્યાં ક્લાસરૂમ હશે ત્યાં શિક્ષક હશે, જ્યાં શિક્ષક હશે ત્યાં ક્લાસરૂમ હશે આ યોજના લઈને આજે શિક્ષણ ખાતું ચાલે છે. આજે ગામડાના એકએક વિસ્તારને ડામર રોડથી જોડવા માટે થઈને રોડ એન્ડ બિલ્ડીંગ ડિપાર્ટમેન્ટ આગળ વધી રહ્યું છે,

સિંચાઈ વિભાગમાં ગુજરાત રાજય ગૌરવ લઈ શકે એમ છે કે હિંદુસ્તાનની અંદર કોઈપણ જગ્યાએ પાણી આપવા માટે થઈને આ હજાર કિલોમીટરની લાઈન જો પીવાના પાણીની હોય તો એ ગુજરાત રાજયની અંદર જ છે. બીજે ક્યાંય નથી, આજે નર્મદા યોજના હોવા છતાં પણ નર્મદાના વધારાના પાણીને ખેડૂતના ખેતર સુધી પહોંચાડી એના માટે છ હજાર કરોડની સુજલામ્-સુફલામ્ યોજના લઈને ભારતીય જનતા પાર્ટીની સરકાર જ આગળ વધી છે. કોઈ એમ કહે કે તમારા બજેટની અંદર ખેડૂત માટે કંઈ નથી અને આજે ગ્રામ્ય વિસ્તાર માટે કંઈ નથી પણ વાંચે તો ખરા? અગિયાર હજાર કરોડનો જે પ્લાન છે એની અંદર ૯૨ ટકા રકમ છે એ ગ્રામ્ય વિસ્તાર અને ખેડૂતો માટે છે, અમારે શહેરો માટે થઈને કંઈ રકમ આપવી પડે તેમ નથી, જે જગ્યાએ નગરપાલિકાઓ હશે ત્યાં રસ્તા, નળ, લાઈટ, ગટર એ નગરપાલિકાઓ કરશે, જ્યાં કોરપોરેશન છે એની અંદર રસ્તા, નળ, લાઈટ, ગટર એ બધું કોરપોરેશન કરે છે એમના ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં તો અમારે કંઈ કરવું પડતું નથી, શહેરના લોકોને કોઈ બે રૂપિયે કિલો અનાજ આપે એવી સંખ્યા બહુ ન્યૂનતમ, ઓછામાં ઓછી હશે અને છતાં પણ ગામડાનો વિકાસ થાય એની સાથોસાથ શહેરોનો પણ વિકાસ થાય, ગામડા અને શહેરો બન્ને સમકક્ષ રીતે વિકાસ પામે એટલા માટે થઈને આ વખતે નગરોના વિકાસ માટેની સ્પેશ્યલ યોજના લઈને પણ આ રાજય સરકાર આગળ ચાલી છે, આજે રાજય સરકાર આર્થિક બાબતની અંદર પણ પોતાની સદ્ધરતા કાયમ રહે. એટલા માટે થઈને હું કહીશ કે બીજા કોઈએ આ યોજના નથી કરી આ યોજના આપણી ગુજરાત રાજયે કરી છે તે ગુજરાત રાજયે જ્યારે બહારથી કરજ લે, કોઈ બૉન્ડ બહાર પાડે ત્યારે બૉન્ડ દશ વર્ષ પછી તેના પૈસા ભરપાઈ કરવાના હોય છે. આ પૈસા ભરપાઈ કરવાના હોય ત્યારે ગુજરાત રાજય પોતાના બજેટમાંથી અમુક રકમ તે સીંકીંગ ફંડ તરીકે ભેગી કરે છે. દર વર્ષે તે પૈસા જુદા કાઢે તે પૈસામાંથી વ્યાજ મળે, તે પૈસામાંથી આવક મળે એવું રિઝર્વ બેન્ક મારફતે આયોજન કરે. જ્યારે દશ વર્ષ પછી બૉન્ડની રકમ પરત કરવાની હોય ત્યારે આ સીંકીંગ ફંડના દશ વર્ષનાં એકત્ર થયેલાં પૈસા દશ વર્ષની અંદરથી તેમાંથી મેળવેલી વ્યાજ અને અન્ય આવકમાંથી તે જે લોન લીધી હોય તે ઑટોમૅટીક ભરપાઈ થઈ જાય. અત્યાર સુધી સ્થિતિ એવી આવે કે દશ વર્ષ પછી પૈસા ભરવાના થાય તો રાજય સરકાર એક સાથે પૈસા ભરી દે. આ પૈસા રાજય સરકારના કૉમન ફંડમાં ના રહે પરંતુ આ પૈસા રિઝર્વ બૅન્ક પાસે રહે. રિઝર્વ બૅન્ક આપણાં વતી બીજી જગ્યાએ તેનું રોકાણ કરે અને તેમાંથી જે આવક મળે તે આપણાં ખાતે જમા કરે અને જ્યારે બૉન્ડના પૈસા ભરવાના આવે ત્યારે બૉન્ડનાં પૈસા પૂરેપૂરા ભરી દઈ આના કારણે રાજય સરકારની જે વિકાસની યાત્રા છે તે વિકાસની યાત્રામાં આર્થિક રીતે કોઈ રૂકાવટ ના આવે એટલે આયોજન કરનાર આ ગુજરાત રાજય છે. મારે મારા મિત્રોને કહેવાય નહીં કે આટલા વર્ષ સુધી તમને કેમ ના સૂઝયું? એ તો જે સત્તા ઉપર હોય તે દેણું કરતો જાય અને પાછળ જે હશે તે ભરશે આવી જે વૃત્તિ છે તે વૃત્તિ ભાજપ પાસે નથી. આ અગાઉથી આ ચૅકીંગ કર્યુ છે તે જ રીતે ગેરંટી માટે થઈને પણ જ્યારે આપણે ગેરંટી આપી હોય અંદાજે આપણે ૧૬ હજારથી ૧૭ હજાર કરોડની ગેરંટી આપી છે અને કદાચ ગેરંટીને કારણે જો આપણે પૈસા પાછાં દેવાનો વારો આવે તો આ ગેરંટી ફંડ માટે થઈને પણ ગેરંટી રીડમ્શન ફંડ તે પણ આ રાજય સરકારે કર્યુ છે અને અત્યારે ૬૭૫ કરોડ રિઝર્વ બેન્કમાં આપણાં પડ્યા છે અને આવતા વર્ષ માટે થઈને ૩૦૦ કરોડ રૂપિયાની યોજના બીજી જમા કરાવવાના છીએ. આ ગેરંટી ફંડની અંદર કદાચ જો આપણે ભરવાના આવે, હજુ સુધી તો બહુ ઝાઝા પૈસા ભરવાના આવ્યા નથી. આજની તારીખે જેટલું ફંડ છે એટલી પણ રકમ પણ આપણે ભરવાનો વારો આવ્યો નથી પરંતુ આ બહાને આ ફંડ પણ ભેગું થાય અને કદાચ આકસ્મિક રીતે ગેરંટીના પૈસા દેવા પડે તો પણ તેને વાંધો ના

આવે. આ જે કહે છે બહુ કરજ કરો છો, બહુ કરજ કરો છો એટલા માટે થઈને કરજ કરવા માટે થઈને તો મેં બહુ સ્પષ્ટતાથી કહ્યું પણ કરજની સાથોસાથ બચત કેટલી કરી છે તેના પણ હું આંકડા આપીશ. જે ડેપ્ટ સ્વેપ્ટ યોજના છે કે દેણું નવું જૂનું કરી નાખો. વધારે વ્યાજવાળુ દેણું છે તેને ઓછાં વ્યાજવાળામાં ફેરવવા માટે થઈને આ રાજય સરકારે ૯૨૫ કરોડનું ઊંચા વ્યાજનું દેવું હતું તે દેવું ચૂકવી દઈ અને ઓછાં વ્યાજવાળુ દેવું લઈ અને જે દ્વારા આ છેલ્લાં બે વર્ષની અંદર કર્યો તેને કારણે ૯૭૯ કરોડ રૂપિયા વ્યાજના બચાવ્યા છે. આ પૈસા બચાવવા હોય તો આના માટે થઈને સતત કોન્સનટ્રેશન રાખવું પડે કે કયાંથી ઓછાં વ્યાજના પૈસા મળે છે, કયાંથી પૈસા વધુ વ્યાજના છે તો આગામી મહિના પછી કે બે મહિના પછી વધુ વ્યાજના પૈસા પાછાં આપી ઓછાં વ્યાજના પૈસા લઈ અને રાજય સરકારની કેમ બચત થાય તેને માટે થઈને આ રાજય સરકાર આગળ વધી છે. રાજય સરકારની અંદર આપણે જોઈ શકીશું કે કરવેરાની આવક ૨૦૦૦-૨૦૦૧માં જે ૯૦૪૬ કરોડ રૂપિયાની હતી તે પાંચ વર્ષના અંતે ૨૦૦૫-૨૦૦૬ની અંદર ૧૩૯૭૭ કરોડની આવક થશે. કોઈ પણ જાતના ટેકસના વધારા સિવાય ૬૦ ટકા તે કરવેરાની આવકની અંદર વૃદ્ધિ થશે. અત્યાર સુધી બધા કહેતા હતા એક એક ડિપાર્ટમૅન્ટ આપજો મોટર વ્હીકલ હશે, સેલટેક્ષ હશે. સેલટેક્ષની અંદર ગયા વર્ષની જે આપણી આવક હતી તે ગયા વખતે એક પણ રૂપિયાનો સેલટેક્ષની અંદર ટેકસ નહોતો નાખ્યો છતાં આ વર્ષે તે સેલટેક્ષની આવક ૧ હજાર કરોડ રૂપિયાની વધારે થઈ છે. આ કયાંથી કરી? આ જે લોકો કોઈને કંઈ આ સેલટેક્ષની અંદર જે ગેરરીતિ કરતા હતા આવા ગેરરીતિ કરવાવાળાને તેને પકડવામાં આવ્યા છે અને ગેરરીતિ કરતા અટકાવી અને રાજય સરકારની આવક વધારી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તમામ દ્રષ્ટિએ આપણે જોઈએ તો આ ગુજરાત રાજયમાં આ ભાજપની સરકાર અવ્યા પછી જ કામગીરી થઈ છે.હું અટલું સ્પષ્ટ કહીશ ક ભૂતકાળમાં ૫૦ વર્ષમાં કામગીરી થઈ નથી આજે છેલ્લા પાંચ વર્ષમાં એના કરતાં અનેકગણી વધારે આ ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યશ્રીઓ અને કાર્યકર્તાઓએ કરી બતાવી છે. હું બીજા સભ્યશ્રીઓએ કહયું છે એટલે વિશેષ તો કહેતો નથી, પરંતુ હું ચોકકસ એટલી વાત કહીશ કે ગુજરાત રાજયમાં સાથે મળીને કામ કરવામાં ભારતીય જનતા પાર્ટીના સત્તા ઉપર રહેલાઘ શાસન ઉપર રહેલા તમામ ધારાસભ્યશ્રીઓએ રાતદિવસ લોહીનું પાણી એક કરીને એકાગ્રતાથી આ રાજયની પ્રજા કેમ સુખી થાય એના માટે કાયમ ચિંતિત હોય છે. મને ખ્યાલ છે કે નાના મોટા પ્રશ્ન હોય, એકાદ સ્કૂલની ગ્રાન્ટ આપવાની હોય તો ધારાસભ્યશ્રી આવીને કહે છે કે અમારો ગરીબ વિસ્તાર છે, પછાત લોકો છે તો ગમે તેમ કરીને ગ્રાન્ટ આપો, ડેમ માટે મંજૂરી આપવાની વાત લઈને આવે, આ એક નાળું કે પુલિયું કરવાનું છે તો એના માટે આયોજન કરવાની વાત હોય, આવાં દરેક ધારાસભ્ય મંગળવારે જયારે મળવા આવે ત્યારે ૮-૧૦ કામ લઈને આવે છે અને એ કામ લઈને આવે છે અને એ કામ પાર પાડીને ગુજરાતની પ્રજાને કેમ સુવિધા મળે એના માટે સતત એમની ચિંતા હોય છે અને એ ચિંતત થયેલ ધારાસભ્યોનાં કામ જો આર્થિક રીતે રાજય સદ્ધર હોય તો જ એ કામ થઈ શકે અને એ તમામ ધારાસભ્યોનાં કામ થાય છે, ગુજરાતની પ્રજાનાં કામ થાય છે, એની ચિંતા કરવાવાળા ધારાસભ્યશ્રીઓ છે, રાજયનું આર્થિક પાસું સદ્ધર છે અને રાજય સરકારનો કામ કરવાનો ઈરાદો એ પણ એટલો જ શુધ્ધ અને ચોખ્ખો છે એના કારણે આ બધાં કામ થાય છે. હું માનનીય ધારાસભ્યશ્રીઓને વિનંતી કરું છું કે મારી જે દરખાસ્ત છે એ દરખાસ્તો બધી મંજૂર કરે.

**માગણી ક્રમાંક: ૧૪, ૧૫, ૧૬ અને ૧૭ મત માટે મૂકવામાં આવી અને વિના વિરોધે મંજૂર કરવામાં આવી.**

## સન ૨૦૦૫-૨૦૦૬ ના વર્ષના અનુદાનો માટેની ગિલોટીન માટેની માગણીઓ

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૫-૨૦૦૬ ના વાર્ષિક નાણાકીય પત્રકમાં કુલ ૧૯૬ માગણીઓનો સમાવેશ છે એમાંથી ૫૦ માગણીઓ ચર્ચા દ્વારા પસાર થઈ છે. આથી બાકીની ૫૬ માગણીઓ પૈકી ૨ માગણીઓ બિન મતપાત્ર હોવાથી તે સિવાયની માગણી ક્રમાંક:૧,૩, ૬, ૯, ૧૦, ૧૩, ૧૮, ૨૩,૨૪, ૨૭, ૩૦, ૩૧, ૩૩, ૩૪, ૩૯, ૪૦, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૮, ૭૦, ૭૨, ૭૩, ૭૫, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૪, ૮૫, ૮૮, ૯૦, ૯૧, ૯૩, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૧, ૧૦૩, ૧૦૪ અને ૧૦૬ ગિલોટીનથી મતદાન માટે રજૂ કરું છું.

માગણી ક્રમાંક: ૧,૩, ૬, ૯, ૧૦, ૧૩, ૧૮, ૨૩,૨૪, ૨૭, ૩૦, ૩૧, ૩૩, ૩૪, ૩૯, ૪૦, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૮, ૭૦, ૭૨, ૭૩, ૭૫, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૪, ૮૫, ૮૮, ૯૦, ૯૧, ૯૩, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૧, ૧૦૩, ૧૦૪ અને ૧૦૬ રજૂ કરવામાં આવી.

**શ્રી વજુભાઈ વાળા:** માનનીય અધ્યક્ષશ્રી, મારી આ માગણીઓ માનનીય સભ્યશ્રીઓ મંજૂર કરે એવી હું તેમને વિનંતી કરું છું.

માગણી ક્રમાંક: ૧,૩, ૬, ૯, ૧૦, ૧૩, ૧૮, ૨૩,૨૪, ૨૭, ૩૦, ૩૧, ૩૩, ૩૪, ૩૯, ૪૦, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૮, ૭૦, ૭૨, ૭૩, ૭૫, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૪,

૮૫, ૮૮, ૯૦, ૯૧, ૯૩, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૧, ૧૦૩, ૧૦૪ અને ૧૦૬ મત માટે મૂકવામાં આવી અને વિના વિરોધે મંજૂર કરવામાં આવી.

**અધ્યક્ષશ્રી** : હું વિધાનસભા સચિવાલયને લગતી માગણી ક્રમાંક ૩૫ અને ૩૬ રજૂ કરું છું.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આ સભાગૃહના માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે જયારે અધ્યક્ષસ્થાનેથી માગણીઓ રજૂ થઈ છે ત્યારે તે માગણીઓને સર્વાનુમતે મંજૂર કરવામાં આવે.

**માગણી ક્રમાંક ૩૫ અને ૩૬ સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૩૧ વાગ્યે પૂરું થતાં સભાગૃહ, સભાપતિશ્રીના આદેશાનુસાર બુધવાર, તા. ૧૬મી માર્ચ, ૨૦૦૫ ના રોજ સવાર ના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા.૧૬મી માર્ચ, ૨૦૦૫**
**ફાલ્ગુન ૨૫, ૧૯૨૬ શાકે**

**પહેલી બેઠક**

**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું**

**અધ્યક્ષશ્રી** : હવે હું ગૃહ સમક્ષ એક વાત મૂકું છું કે ગઈકાલે ગૃહમાં પ્રશ્નોત્તરી દરમ્યાન માનનીય વિરોધપક્ષના સભ્યશ્રીઓ અને નેતાશ્રીએ ટ્રેઝરી બેંચના સભ્યશ્રીઓને ઉદ્દેશીને બદનક્ષીકારક અને અશિષ્ટ ભાષામાં જે શબ્દોનું ઉચ્ચારણ કર્યુ હતું, તે શબ્દો પાછા ખેંચવા માટે મેં તેમને આદેશાત્મક વિનંતીઓ કરી હતી, તેમ છતાં પણ તેઓએ મારી આદેશાત્મક વિનંતીઓનો અનાદર કરીને એ શબ્દો પાછા ખેંચ્યા ન હતા. આ સભાગૃહની પ્રણાલિકા રહી છે કે જયારે કોઈપણ સભ્યશ્રી ચર્ચા દરમ્યાન આક્ષેપાત્મક, બદનક્ષીકારક કે અશિષ્ટ શબ્દપ્રયોગોનું ઉચ્ચારણ કરે છે ત્યારે સભાગૃહના કોઈ સભ્યશ્રી તેવા અસંસદીય શબ્દો સામે વાંધો લઈને એ ઉચ્ચારેલા શબ્દો પાછા ખેંચવા માટે અધ્યક્ષશ્રીનું ધ્યાન દોરે છે, ત્યારે અધ્યક્ષ સ્થાનેથી તે સભ્યને શબ્દો પાછા ખેંચવા માટે આદેશ આપવામાં આવે છે અને સભ્યશ્રી તેવાં ઉચ્ચારણો પાછાં ખેંચે છે. ભૂતકાળમાં આવા એક પ્રસંગે હાલના સંસદીય મંત્રીશ્રીએ ઉચ્ચારેલ શબ્દો પાછા ખેંચવા અધ્યક્ષસ્થાનેથી આદેશ કરવામાં આવ્યો હતો, ત્યારે તેમણે એવા શબ્દો પાછા નહીં ખેંચતાં અધ્યક્ષશ્રીએ તેમને નિયમ ૫૧ હેઠળ તે દિવસની ગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવાનો આદેશ આપ્યો હતો. તદ્નુસાર હાલના સંસદીય મંત્રી આદેશનું પાલન કરીને ગૃહ છોડી ગયા હતા. ગઈકાલે જયારે મેં વિરોધપક્ષના નેતાને ગૃહ છોડી જવા આદેશ આપ્યો હતો, ત્યારે તેઓશ્રીએ મારા આદેશનું પાલન કરવાને બદલે ગૃહની કાર્યવાહી અવરોધવાનું ચાલુ રાખ્યું હતું અને તેમના સહિત વિરોધપક્ષના હાજર રહેલા તમામ સભ્યોએ ગૃહમાં સૂત્રોચ્ચાર કરી, વેલમાં ધસી આવવાનું તથા કોંગ્રેસ પક્ષના માનનીય સભ્યશ્રી પરેશભાઈ વસાવા દ્વારા માનનીય શિક્ષણમંત્રીશ્રી ઉપર હુમલો કરવાનો પ્રયાસ કરવાનું જે કૃત્ય થયું હતું તે સભાગૃહની સુસ્થાપિત પરંપરા સાથે સુસંગત ન હતું. વિરોધપક્ષના કેટલાક સભ્યો દ્વારા માઈકો તોડીને ફેંકવાની પણ જે ઘટના બની હતી, તે સર્વાંગી રીતે વખોડવાલાયક અને ગૃહના અવમાન સમાન હતી. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી તથા વિરોધપક્ષના આગેવાન સભ્યો ગઈકાલે મને મારી ચેમ્બરમાં મળ્યા હતા અને તેમના સભ્યોએ કરેલ વર્તન બદલ દિલગીરી વ્યકત કરી છે ત્યારે મને લાગે છે કે સભાગૃહે ગઈકાલે વિરોધપક્ષના નેતાશ્રી સહિત હાજર રહેલા સભ્યોને સત્ર સમાપ્તિ સુધી ગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાનો જે નિર્ણય કર્યો છે, તેમાં પુન:વિચારણા કરવામાં આવે, તો મને લાગે છે કે આ સભાગૃહની ઉચ્ચ સંસદીય પરંપરાઓનું જતન થશે અને ભવિષ્યમાં આવા અનિચ્છનીય બનાવોનું પુનરાવર્તન થતું ટાળી શકાશે. આ તકે હું માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીને વિનંતી કરીશ કે ગૃહે ગઈકાલે કરેલ નિર્ણયમાં પુન:વિચારણા કરતો પ્રસ્તાવ રજૂ કરે.

# સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

### વિરોધપક્ષના નેતાશ્રી અને સભ્યશ્રીઓનું સસ્પેન્શન રદ કરવા અંગે

**શ્રી અશોક ભટ્ટ (વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સંસદીય બાબતોની ઉંચાઈ એ ઉદારતા ઉપર રહેલી છે, સંસદીય સંસ્કારોની ઉંચાઈ એ કેટલી ઉદારતા શાસક પક્ષ બતાવે છે તેની ઉપર રહેલી છે. મારો પક્ષ એ સંસદીય બાબતોની પ્રણાલિકાઓ માટે સંકલ્પબધ્ધ છે, એટલું જ નહીં, પરંતુ એ વિરોધપક્ષ માટે હંમેશાં સન્માનનીય રહયો છે અને એટલા માટે આવી અનેક ઘટનાઓના દાખલા હું આપી શકું છું, પરંતુ આજે એવી કોઈ ઘટના સંસદીય સંસ્કારમાં મારા પક્ષ દ્વારા જે બન્યું છે અને બનતું રહેવાનું છે એનાં અનેક ઉદાહરણ આપીને આ ગૃહનો સમય લેવા માગતો નથી, પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, આપે જયારે વિનંતી કરી છે ત્યારે હું આ સભાગૃહમાં, વિરોધપક્ષના નેતાશ્રી અને તેમના સભ્યશ્રીઓનું સસ્પેન્સન પાછું ખેંચવાનો પ્રસ્તાવ રજૂ કરું તે પહેલા કેટલીક વસ્તુઓ આ સભાગૃહ સમક્ષ કહેવા માગું છું. ગઈકાલે જે ઘટના બની તેમાં ત્રણ વસ્તુઓ જે કયારેય ન બને તેવી બની હતી તે કહેવા માગું છું. એક વસ્તુ તો એ હતી કે સામાન્ય રીતે મહિલાઓ પ્રત્યેનો આદર તે આપણા સંસ્કાર છે. અને મહિલા મંત્રીશ્રી જયારે જવાબ આપતા હોય ત્યારે એમના પ્રત્યે આદરનો અભાવ, અને તેના પરિણામે આપે એ શબ્દો પાછા ખેંચવાનો આદેશ આપ્યો, તે આદેશની અવગણના થઈ અને એ અવગણના કર્યા પછી સભાગૃહમાં જે પ્રકારનો માહોલ પેદા થયો તે આ

સભાગૃહે જોયો છે એટલે તેની વાત નથી કરતો, પરંતુ કયારેક તો આપણે નિર્ણય કરવો પડશે અને નિયમોમાં પણ તેનો ઉલ્લેખ કરવો પડશે, જો આ પ્રમાણેની પ્રવૃત્તિઓ ચાલતી રહે, સભાગૃહમાં માઈકો તૂટે, બહાર અધ્યક્ષશ્રીની કેબિનને પણ નુકસાન પહોંચાડાય, એક રૂપિયાનું પણ નુકસાન થયું હોય તો તે ગુજરાતની પ્રજાનું નુકસાન છે. પ્રજાનું નુકસાન આપણે ચૂંટાયેલા પ્રતિનિધિઓ કરીએ, તો તે કેટલે અંશે વાજબી છે એ પ્રશ્ન પણ આપણને પ્રજા પૂછવાની છે. ત્રીજી વાત, મેં ગઈકાલે May Erskine પાર્લામેન્ટરી પ્રેકટીસ વાંચી, કોલ એન્ડ શકધર વાંચ્યુ, અને આપણી કાર્યરીતિ પણ વાંચી, મને એક દાખલો ખૂબ દુ:ખ જનક લાગ્યો એટલા માટે હું કહ્યા વગર રહી શકતો નથી. આપણી વિધાનસભામાં વિશેષાધિકારના અનેક દાખલા છે, કોઈ સભ્ય વિધાનસભા ગૃહમાં આવતા હોય તેને રોકવા તે વિશેષાધિકારના ભંગની ગંભીર ઘટના ગણાય છે. પણ આવી ઘટના લોકસભામાં પણ નોંધાયેલી મળે છે, May Erskine પાર્લામેન્ટરી પ્રેકટીસમાં અને હાઉસ ઓફ કોમન્સમાં પણ તેના ઉદાહરણો મને મળ્યા, પણ કયાંય એવું ઉદાહરણ નથી મળ્યું કે કયાંય અધ્યક્ષશ્રીને અધ્યક્ષશ્રીની કાર્યવાહી કરવા માટે ગૃહમાં આવતા રોકવામાં આવ્યા હોય, આવું એક પણ ઉદાહરણ કોઈપણ પાર્લામેન્ટરી પ્રેકટીસના પુસ્તકોમાં ન મળ્યું, અને તેવું એક પ્રકરણ ગઈ કાલે આપણે ત્યાં નોંધાયું તે મારા માટે અને આ સભાગૃહ માટે ખૂબ અશોભનીય છે. આપને આ સભાગૃહમાં આવતા રોકયા તેમ છતાં પણ આપે જયારે અપીલ કરી છે ત્યારે હું આ પ્રસ્તાવ રજૂ કરું છું કે ગઈકાલે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સહિત વિરોધપક્ષના હાજર રહેલા તમામ સભ્યોને સત્ર સમાપ્તિ સુધી આ ગૃહની સેવામાંથી સસ્પેન્ડ કરવાનો જે નિર્ણય લેવામાં આવ્યો છે એમાં પુન: વિચારણા કરી અને વિરોધપક્ષના નેતાશ્રી અને વિરોધપક્ષના હાજર રહેલા તમામ સભ્યોને આ ગૃહની કાર્યવાહીમાં ભાગ લઈ શકે તે હેતુથી એમનું સસ્પેન્સન તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે, આ પ્રસ્તાવ કરતી વખતે પણ સ્પષ્ટતા કરવા માગું છું કે આ સભાગૃહમાં શાસક પક્ષ જે વિધેયક લઈને આવે તે વિધેયક ઉપર સંપૂર્ણ ચર્ચા થાય અને વિધાનસભાની કાર્યવાહી માટે સરકારે લાવેલા કાર્યો પુરા થાય ત્યાંસુધી વિરોધપક્ષોને અમે કયાંય રોકવા માગતા નથી, એમાં વિરોધપક્ષના સભ્યશ્રીઓ ભાગ લઈ શકે તેવી આપની પણ સંસદીય ઉદારતા છે અને એટલા માટે જ આપના પ્રતિ દૂર્ભાવ બતાવ્યા છતાં પણ આપે વિનંતી કરી છે ત્યારે મને લાગે છે કે આપની આ ઉદારતા પણ સંસદીય ઈતિહાસમાં સહિષ્ણુતાની બાબતમાં આપે અધ્યક્ષપદે રહી અને ગાંધી વિચારધારાનું જે પ્રાગટય કર્યુ છે તેને હું અભિનંદન આપું છું.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી અશોક ભાઈએ વિરોધપક્ષના નેતાશ્રી અને વિરોધપક્ષના હાજર રહેલા સભ્યશ્રીઓનું સસ્પેન્સન રદ કરવાનો જે પ્રસ્તાવ રજૂ કર્યો છે તેને હું મારો ટેકો આપું છું.

**પ્રશ્ન મત પર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

# વિધેયકો (સરકારી)

## સન ૨૦૦૫નું ગુજરાત વિધેયક ક્રમાંક:૨૮
## ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૦૫

### સન ૨૦૦૬ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજયના એકત્રિત ફંડમાંથી અમુક રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૨૮-સન ૨૦૦૫નું ગુજરાત વિનિયોગ વિધેયક આપની પરવાનગીથી હું દાખલ કરુ છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૨૮-સન ૨૦૦૫નું ગુજરાત વિનિયોગ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિનિયોગ વિધેયક કે જેને ૧૨ દિવસ સુધી એકે એક વિભાગ માટેની ચર્ચા થઈ છે. આ ચર્ચા થયા પછી આ તમામ માગણીઓ પણ મંજૂર થઈ છે. એ મંજૂર થયેલ માગણીઓ મુજબ આ મારું વિનિયોગ વિધેયક છે, તેથી હું આ સભાગૃહના તમામ સભ્યશ્રીઓને વિનંતી કરુ છું કે તેઓ આ વિનિયોગ વિધેયકને મંજૂર રાખે.

(આ તબક્કે વિરોધપક્ષના સભ્યશ્રીઓ સભાગૃહમાં હાજર થયા)

---

* **વિધેયક તા.૧૬મી માર્ચ, ૨૦૦૫ના ગુજરાત ગવર્નમેંન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.**

# અધ્યક્ષશ્રીની જાહેરાત

## વિનિયોગ વિધેયકની ચર્ચાનો સમય નક્કી કરવા અંગે

**અધ્યક્ષશ્રી** : મારે એક જાહેરાત કરવાની છે. હવે વિનિયોગ વિધેયક પર ચર્ચા હાથ ધરવામાં આવશે. આ વિધેયકની ચર્ચામાં ભાગ લેવા માટે કુલ ૧૩ સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપેલા છે. વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૮(૩) મુજબ આ વિધેયક ઉપર સઘળી ચર્ચા સભાગૃહની બેઠક મોડી રાખવામાં નક્કી કરેલ સમયના એક કલાક અગાઉ પૂરી થાય. પરંતુ આ વિધેયક બાદ અન્ય સરકારી વિધેયકો હાથ ધરવાના હોઈ નિયમમાં છૂટછાટ મૂકી આ વિનિયોગ વિધેયકની ચર્ચા માટે સવારનો ૯-૦૦ વાગ્યાનો સમય ઠરાવું છું. તથા આ વિધેયક ઉપર ચર્ચામાં ભાગ લેવા માટે મુદ્દા આપનાર સભ્યશ્રીઓની સંખ્યા જોતાં દરેક સભ્યશ્રીને ચર્ચામાં ભાગ લેવા માટે બે મિનિટનો સમય ફાળવું છું. તદઅનુસાર જે મુદ્દા ઉપરની ચર્ચા સમાપ્ત થયા બાદ વિધેયક સભાગૃહના મત ઉપર મૂકવામાં આવશે.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, ગઈકાલે જે ઘટનાઓ આ સન્માનનીય સભાગૃહમાં બની અને આપ સાહેબે અને સરકારે ગૃહનું માન જાળવ્યું એ બદલ મારા કોંગ્રેસ પક્ષ વતી અને અમારા સભ્યશ્રીઓ વતી હું દિલગીરી વ્યક્ત કરું છું.

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, ગઈકાલે જે ઘટના બની એ બદલ હું દિલગીરી વ્યક્ત કરું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય કુંવરજીભાઈ,

# સરકારી વિધેયકો

## સન ૨૦૦૫નું ગુજરાત વિધેયક ક્રમાંક:૨૮
## ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૦૫

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, ઘર વપરાશના વિદ્યુત ગ્રાહકોને માસિક ૧૦૦ યુનિટ સુધીના વીજ વપરાશ માટે રાહતનો લાભ ફરીથી આપવામાં તંત્રની નિષ્ફળતા. એ બાબતે હું કહેવા માગું છું કે જ્યારે મુખ્યમંત્રી તરીકે માનનીય કેશુભાઈ પટેલ હતા તે વખતે જે ૧૦૦ યુનિટ સુધીના દ ાર વપરાશનું વીજળી બિલ હતું તેના ઉપર ૨૫ ટકા રાહત આપવામાં આવતી. તેમાં બે મહિનાનું વીજળી બિલ આવતું તે બિલની સાથે કેશુભાઈના ફોટાવાળી એક પત્રિકા વિનંતી સાથેની જોડીને આપવામાં આવતી. તેમાં એવું લખવામાં આવતું કે જે ઘર વપરાશમાં ૧૦૦ કરતાં ઓછાં યુનિટ વીજ વપરાશ થશે તો તેની જે બચત એટલે કે ૨૫ ટકા જેવી રકમ છે એ જે તે ઘર માલિક તેના બાળકોના અભ્યાસ માટે વાપરી શકશે. આ ભારતીય જનતા પક્ષની સરકારમાં જે ૧૦૦ યુનિટના વપરાશ સુધી ૨૫ ટકા રાહત આપવામાં આવતી, સરકાર બદલાઈ, અત્યારે પણ ભારતીય જનતા પક્ષની સરકાર છે. પણ ૧૦૦ યુનિટ પર ૨૫ ટકા રાહત આપવામાં આવતી એ આ રાજય સરકાર દ્વારા બંધ કરી દેવામાં આવી છે. ફરી મારી વિનંતી છે કે આ ૧૦૦ યુનિટ સુધી ઘર વપરાશનું વીજળી બિલ આવતું તેના ઉપર ૨૫ ટકા રાહત આપવામાં આવતી એ રકમ બચતી તે તેના બાળકોના અભ્યાસ માટે વાપરવાની અગાઉની ભારતીય જનતા પાર્ટીની સરકારે સગવડતા આપેલી એ ફરી શરુ કરવા હું વિનંતી કરું છું.

**શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા)** : માનનીય અધ્યક્ષશ્રી, સને ૧૯૮૦ પહેલાંથી જંગલની જમીન ખેડતા ઈસમોને સનદો સત્વરે આપવામાં તથા ખેડૂતપોથીમાં માલિકી હક્ક દાખલ કરવામાં આ તંત્ર નિષ્ફળ ગયું છે. સરકારશ્રીને અવારનવાર આ બાબતની રજૂઆતો પણ ગૃહમાં થઈ છે અને સરકારશ્રીએ ખાતરી પણ આપી હતી કે આ બાબતે જે તે કલેકટરના અધ્યક્ષસ્થાને તેની જે કંઈ સનદો બાકી હોય તેનો સરવે કરીને જે ખેડૂતો હોય તેમને આ સનદ આપવી. એ રીતે અગાઉ પણ આ ગૃહમાં સરકારશ્રીએ ખાતરી આપી હતી. ત્યારે આપના દ્વારા સરકારશ્રીને વિનંતી છે કે ૧૯૮૦ પહેલાં જે આદિવાસી ખેડૂતો હતા તેમાં કેટલાકની સનદો ૧૯૯૨માં અપાઈ છે. તેના હુકમો પણ થયા છે છતાં આજ દિન સુધી તે ખેડૂતોને માલિકી હક્ક તરીકે આપવામાં આવેલ નથી. તો એ બાબત તંત્રને સાબદું કરે અને જે જિલ્લામાં અને તાલુકામાં જે લોકોની આપવાની સનદો બાકી હોય એ તાત્કાલિક મળે એવી આપના દ્વારા સરકારશ્રીને વિનંતી કરું છું.

**શ્રી પુનાભાઈ ઘે. ગામીત (વ્યારા)** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા સરકારનું ધ્યાન દોરવા માગું છું કે જ્યારે મતદાન થાય છે ત્યારે કેટલીક વખત મતદાતાઓને મુશ્કેલીઓ પડે છે. તેઓ મતદાન કરી શકતા નથી. મતદાન કરવા માટે ઓળખપત્ર પણ આપવામાં આવે છે. તેમ છતાં તેમને મતદાન કરવા દેવામાં આવતું નથી તો એવો કાયદો બનાવવો જોઈએ કે મતદાન કરતી વખતે મતદાતા મતદાનથી વંચિત ન રહી જાય, તેમનો મતદાન કરવા માટેનો અધિકાર ઝુંટવાઈ ન જાય એટલા માટે મતદાતાને રાજય સરકાર કંઈક સુવિધા કે સગવડતા આપવા માટે યોગ્ય વિચારણા કરે.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી)** : માનનીય અધ્યક્ષશ્રી, નશાબંધીમાં ઓછામાં ઓછા ત્રણ-ચાર કલાક જોઈએ.

**અધ્યક્ષશ્રી** : મુદ્દો બોલો, શું ફેરફાર કરવો છે? શું માગણી છે?

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી)** : માનનીય અધ્યક્ષશ્રી, નશાબંધી વિભાગમાં પોલીસ કર્મીઓની દ ાટ પૂરવા પસંદ થયેલ ઉમેદવારોની યાદી તૈયાર હોવા છતાં નિમણૂકના ત્વરિત હુકમો કરવામાં તંત્રની નિષ્ફળતા. આ બાબતે મારી રજૂઆત છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી ભવાનભાઈ, તૈયાર થઈને આવવું પડે.

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી)** : માનનીય અધ્યક્ષશ્રી, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓએ ગામડાઓના વિકાસના કામો કરવાના હોય છે. ગામડાના લોકો હંમેશાં પ્રતિનિધિઓ પાસે પોતાના વિસ્તારમાં શું શું જરૂરિયાતો છે? તેની રજૂઆત કરવા માટે આવતા હોય છે. ખાસ કરીને ગામડાઓમાં રસ્તા, પાણીની ખાસ જરૂર હોય છે. ત્યારે પ્રતિનિધિઓ પાસે આવીને લોકો રજૂઆત કરે છે. ત્યારે ખરેખર સંસ્થાઓમાં ખૂબ જ ઓછી ગ્રાન્ટ ફાળવવાના કારણે વિકાસના કામો થઈ શકતા નથી. એટલા માટે મારી ખાસ વિનંતી છે કે, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને વિકાસના કામો માટે વધારેમાં વધારે ગ્રાન્ટ ફાળવવી જોઈએ. તો જ ગામડાનો વિકાસ શકય બને એમ છે. ઘણીવાર સંસ્થાઓમાં પૂરતી ગ્રાન્ટ ન હોવાના કારણે પંચાયતોએ પોતાના ભંડોળમાંથી કર્મચારીઓને પગાર પણ ચૂકવવા પડતા હોય છે. ત્યારે આ રકમની જોગવાઈ રાખવી પડતી હોય છે. એટલા માટે અમારે લોકોના કામ કરવા હોય તો પણ થઈ શકતા નથી. એના પગાર માટે વ્યવસ્થા રાખવી પડે છે. એટલે મારી આપ સાહેબને વિનંતી છે કે, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના વિકાસના કામો માટે પૂરેપૂરી ગ્રાન્ટ ફાળવવા વિનંતી છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, નાના ઉદ્યોગો છે એ છેલ્લા કેટલાય સમયથી દિન-પ્રતિદિન, છેલ્લા ૫ વર્ષમાં ૧૨૦૦થી વધારે બંધ થઈ ગયા છે. એના કારણે રોજગારીનો મોટો પ્રશ્ન બન્યો છે. આજે યુવાન મિત્રોને રોજગારીની તક પૂરી પાડવાની હતી તેમાં વધારો થવાના બદલે આજે દ ાટાડો થઈ રહ્યો છે. એક બાજુ મોટા મોટા ઉદ્યોગો છે.

**અધ્યક્ષશ્રી** : આપ મુદ્દા પર આવો.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મુદ્દા ઉપર જ આવું છું. નાના ઉદ્યોગો ઉપરથી મોટા ઉદ્યોગો પર એ જ વાત કરું છું. ૧૨૦૦૦ કરોડથી વધારે જ્યારે એમને લાભ અપાતો હોય ત્યારે મારી આ સરકારને વિનંતી છે કે, જે નાના ઉદ્યોગો દિન- પ્રતિદિન બંધ થઈ ગયા છે, છેલ્લા કેટલાય વર્ષોથી એમાં વધારો થતો જાય છે. મારે આ સરકારને કહેવું છે કે, નાના ઉદ્યોગોની જેમ મોટા ઉદ્યોગો સબસિડી અને સેલ ટેક્સના લાભો આપો છો એ બંધ થયેલ ઉદ્યોગો માટે સરવે કરાવી અને આવા ઉદ્યોગોને રાહત આપવામાં આવે તો મને લાગે છે કે, એ લોકો ઊભા થઈ શકે. જેમ ફૉરેનની અંદર પરિસ્થિતિ એવી છે કે, એક ઉદ્યોગ હોય એ, એની ૧૫થી ૨૦ ઉદ્યોગની ક્ષમતા મુજબ ઉદ્યોગ હોય તો એનાથી વધારે કેપેસિટીનું લાયસન્સ આજે પણ મળતું નથી. ગુજરાતની અંદર પરંપરા છે કે મોટા ઉદ્યોગ આવે, ૨ ઉદ્યોગ આવે એની સામે ૨૦ ઉદ્યોગ બંધ થઈ જાય છે. ત્યારે સરકારને એ કહેવું છે કે આ પ્રક્રિયાના ભાગરૂપે મૂકવામાં આવે એનું ડૅવલપમેન્ટ કરવામાં આવે અથવા તો એને ન ચલાવવો હોય તો સરકાર બીજા કોઈને એ આપે અને એના કારણે આ ઉદ્યોગો ચાલે અને લોકોને રોજીરોટી મળે. એટલા માટે આ ઉદ્યોગો ફરીથી સ્થાપિત થઈ શકે એવી વ્યવસ્થા કરવા સરકારને વિનંતી છે. મારે ખાસ કહેવું છે કે, આ તમામ ઉદ્યોગોનો સરવે કરાવવો જોઈએ અને કયા પ્રકારના આ ઉદ્યોગો બંધ થયા છે એ જોવામાં આવે એવી વિનંતી છે.

**શ્રીજેસાભાઈ ભા.બારડ (સોમનાથ):** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સેવા આયોગ અને ગુજરાત ગૌણ સેવા અને ગુજરાત પંચાયત સિલેકશન બોર્ડ દ્વારા પરીક્ષાઓ લઈ અને જે ખાલી પડેલી જગ્યા માટે નિવૃત્ત થતા અધિકારીની પસંદગી કરવામાં આવી છે તો આપના દ્વારા સમયસર આ પસંદગીની કાર્યવાહી ન થતા એના હિસાબે આજે જે વેઈટીંગ લીસ્ટ બને છે એ બે બે પાંચ પાંચ વર્ષ સુધી વેઈટીંગ લીસ્ટ ઓવરએજ થઈ જાય છે એટલે એમાં ઘણી મુશ્કેલી પડે છે. સરકારશ્રીનો નિયમ જ એવો હોવો જોઈએ કે પસંદગી થયા પછી ૩ મહિનાની અંદર જે સિલેક્શનનો ઑર્ડર મળી જાય એવી વ્યવસ્થા કરવી જોઈએ. બીજી વાત એ છે કે દર વર્ષે બજૅટની જોગવાઈમાં નિવૃત્ત કર્મચારી અને ખાલી પડેલી જગ્યાઓમાં જે બજેટમાં જેટલી જોગવાઈ થાય એ જે

તે વર્ષમાં એની જગ્યા ભરાઈ જાય એવી પણ આપના દ્વારા વાત કરવા માગું છું. કેન્દ્રીય ધોરણે જે આઈ.એ.એસ. અધિકારીની નિમણૂક થાય છે, ૨૭ કેડર છે, દર શનિવારે એની જાહેરાત આપવામાં આવે છે તો આપના દ્વારા હું આ ગૃહને વાત કરવા માગું છું કે એવી રીતે આ ગુજરાતની અંદર પણ જેટલી જગ્યાઓ છે એને તાત્કાલિક અસરથી નીતિ નિયમ પ્રમાણે ભરતીની કાર્યવાહી પૂરી થાય તે પણ આપના દ્વારા કરવા માગો છો કે કેમ? જાહેર સેવા આયોગ અને ગુજરાત ગૌણ સેવા અને ગુજરાત પંચાયત સિલેકશન આ ત્રણે બોર્ડ એક નેજા નીચે કરવાની ઘણા સમયથી ગુજરાતમાં વાત ચાલે છે તો આપના દ્વારા હું એ વાત કરવા માગું છું કે આ કાર્યવાહી કયારે પૂરી કરવા માગો છો? આપના દ્વારા આ વિનિયોગ વિધેયકની મંજૂરી મળે એ જરૂરી છે અને એ આ પછી જ રાજયની તિજોરીમાંથી વિધાનસભાએ મંજૂર કરેલ ગ્રાન્ટ ખર્ચી શકાય છે એટલા માટે મારા જે વિષય છે એના ઉપર આપનું અને આ ગૃહનું ધ્યાન દોરું છું.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોના વિદ્યુત સંબંધી પ્રશ્નોનો સત્વરે નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા બાબત ખેડૂતોને એગ્રીકલ્ચર કનેકશનો જયારે આપવામાં આવે છે ત્યારે એના firm quotation ભરી દેવામાં આવે છે firm quotation ભર્યા પછી પણ લાંબા ગાળાના સમય સુધી એને કનેકશન મળતાં નથી અને કનેકશન ના મળે ત્યારે એ ખેડૂત ઑફિસે જયારે ધકકા ખાય ત્યારે પોલ નથી, વાયરો નથી, સાધનો નથી, કોન્ટ્રાકટર નથી આવા બહાના કરી અને એને કનેકશનો આપવા માટે તંત્ર નિષ્ફળ જાય છે. એની સામે તાત્કાલિક કાર્યવાહી કરવા માટે વિનંતી છે. તત્કાલ કનેકશનની અંદર જે પૈસા ભરાય છે એ તમામ પૈસા ખેડૂતોના ભરાય છે એમાં એક પણ રૂપિયો જી.ઈ.બી.બોર્ડનો કે સરકારનો જતો નથી ત્યારે આ તત્કાળ કનેકશન યોજનામાં વધારે સંખ્યામાં ખેડૂતોને તત્કાલ કનેકશન આપવા અને એ પણ મંજૂર થાય પછી તાત્કાલિક આપવાં જોઈએ. પી.ડી.સી. કનેકશનોનો પરિપત્ર પાછો ખેંચ્યો છે પણ હજી સુધી પી.ડી.સી. કનેકશનો પણ પાછાં આપવામાં આવ્યાં નથી એના કરતાં પણ આગળ વધીને જે નાના અને સીમાંત ખેડૂત છે જેનો આંકડો ૪ લાખ ૩૨ હજાર છે, નાના ખેડૂતો છે એને સરકારે હોર્સ પાવર દીઠ કરી વહેલામાં વહેલી તકે કોઈ નવી યોજના કરી અને આ ખેડૂતોને વિદ્યુત લેવલે મદદ કરવી જોઈએ. ખેડૂતોને ગામડામાં ૨૪ કલાકને બદલે ૬ કલાક પણ લાઈટ મળતી નથી ત્યારે ખેડૂતોને વિદ્યુત સંબંધી પ્રશ્નો છે, ખેડૂત છે એ માત્ર પાણી અને વીજળી બે ના આધારે જ ટકી શકે ત્યારે એને વીજળીની જે કંઈ સગવડ થાય એ આપના દ્વારા થાય એવી વિનંતી છે.

**શ્રી પરેશભાઈ ગો. વસાવા (નિઝર)** :માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસીઓની જમીન ખરીદવા/ વેચવા અંગેની કાર્યવાહીને લગતી ઘણા સમયથી પડતર ફાઈલોનો નિકાલ કરવામાં તંત્રની ઉદાસીનતા, માનનીય અધ્યક્ષશ્રી, આમાં મારું એક સૂચન કરવા ઉભો થયો છું કે તાલુકા પંચાયત હોય, જિલ્લા પંચાયત હોય ત્યાં ઘણી ફાઈલોનો નિકાલ થઈ જાય છે પરંતુ મામલતદાર કચેરીમાંથી કલેકટર કચેરીમાં જઈ અને ત્યાંથી આંટા ફેરા ખાઈને પછી એ ફાઈલ જયારે સરકારશ્રીમાં આવે છે એ સમયે ઘણી જ તકલીફ પડે છે અને એના કારણે ઘ ણી ફાઈલો ૭-૮ વર્ષથી પણ અટવાયેલી પડી છે, આવી ફાઈલોમાં સરકારશ્રી વહેલી તકે મંજૂરી આપે અને ફાઈલ વહેલામાં વહેલી પહોંચતી કરે એટલાં સૂચન કરીને બેસી જાઉ છું.

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, તમામ ખેડૂત સંગઠનોને સાથે રાખી વિદ્યુત સંબંધી પ્રશ્નોનું સત્વરે નિરાકરણ લાવવામાં તંત્રની નિષ્ફળતા.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના ખેડૂતોની ચારેય દિશાઓની સમસ્યાઓ અલગ અલગ છે. એની ભૌગોલિક દ્રષ્ટિએ પણ સમસ્યાઓ અલગ અલગ છે. જ્યારે ગુજરાતના તમામ સંગઠનોને સાથે રાખીને ચર્ચા કરીને ગવર્નમેન્ટની પોલિસીનો પ્રશ્ન હોય કે બોર્ડની પોલિસીનો પ્રશ્ન હોય, પરંતુ સંગઠનોને સાથે રાખીને નિર્ણય લે તો ગુજરાતના તમામ ખેડૂતોને ઉપયોગકર્તા રહેશે. અત્યારે થોડાં ઘણાં માણસોને મળીને ખેડૂતોનું હિત જોયા વિના નિર્ણય થાય છે અને એથી ખેડૂતોને બહુ મોટું નુકસાન થાય છે. પોલિસી લેવલના પ્રશ્નો કરતાં ખેડૂતોના ઘણાં નાના નાના પ્રશ્નો છે. એ બાબતે સંગઠનોને સાથે રાખીને એમને સાંભળવામાં આવે અને સાચી વાતને સમજવામાં આવે તો ઘણા પ્રશ્નો હલ થાય તેમ છે. નાના પ્રશ્નો ઘણા છે. ખેડૂતોની નાની નાની સમસ્યાઓ ઘણી બધી છે પણ એની વાત અહીં સુધી આવતી નથી, એમને સાંભળવામાં કે સમજવામાં આવતા નથી. આ વાત નહીં સમજાતા એમણે ઘણું બધું ભોગવવું પડે છે. અમારે ત્યાં બનાસકાંઠામાં ડાર્ક ઝોન મૂકેલો અને બોર બનાવી નાખ્યા હતા અને ડાર્ક ઝોન આવી ગયો એટલે એ દરમિયાન થોડી છૂટછાટો આપેલ હતી. પરંતુ એમાં પણ બોર કર્યા છે અને જે સમય આપ્યો હતો એમાં અરજી આપી છે છતાં ૨૫ ટકા લોકોને એનું એસ્ટિમેટ આપ્યું નથી. ખેડૂતો એની રાહ જોઈને બેઠા છે. ચાર-પાંચ લાખનું દેવું કરીને બોર કર્યા છે. એક વર્ષથી ફરે છે છતાં સરવે થતો નથી, એસ્ટિમેટ મળતા નથી. આના કારણે જમીન વેચવી પડે એવી હાલત છે. આ સમસ્યા બધી જગ્યાએ છે એવું નથી. દક્ષિણમાં ન પણ હોય અને દક્ષિણ ગુજરાતના ખેડૂતોને સાંભળીને નિર્ણય લઈ લો તો પ્રશ્ન તો ઊભો જ રહેશે. ગુજરાતના ચાર ઝોનમાં ખેડૂતોના સંગઠનો અને આગેવાનો સાથે મળીને ચર્ચા કરે, એવા ઘણા પ્રશ્નો છે. આપ પોલિસી લેવલની જાહેરાતો કરો છો, પણ નાના પ્રશ્નોનું નિરાકરણ લાવો તો ગુજરાતના ખેડૂતોના આશીર્વાદ મળશે. પરંતુ આજે તો તકલીફ છે.

**શ્રી મનીષ ન. ગીલીટવાલા (સુરત શહેર(પૂર્વ)** : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગો તથા ઘર વપરાશના ગ્રાહકોને સસ્તા દરે વીજળી મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. આજે લઘુ ઉદ્યોગોમાં જોઈએ તો કાપડ ઉદ્યોગ મૃતપાય અવસ્થામાં ચાલે છે. બીજા રાજયોમાં પાવરલૂમ મશીન દીઠ સો થી દોઢસો રૂપિયા વીજળી પાછળ લાગે છે. સુરતમાં ૫૦૦ થી ૮૦૦ રૂપિયા લગાવવામાં આવે છે. આ ઉદ્યોગોને બચાવવા માટે પાવરમાં રાહત કરવી જોઈએ એવું મારું સૂચન છે. સરકાર એનાથી વાકેફ છે. સરકાર એના ઉપર વિચારણા કરે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો મુદ્દો છે, માછીમારોના પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા. રાજય સરકારને અવાર-નવાર લેખિત, મૌખિક અને મંત્રીશ્રીઓને રૂબરૂ મળીને રજૂઆતો કરવામાં આવી છે કે દરિયામાં જે સાગરખેડૂતો જાય છે એ માછીમારી કરવા માટે જાય છે ત્યારે આપણી જળસીમામાં હોવા છતાં પાકિસ્તાનની મરીન સિક્યોરિટી મારફતે એમને પકડી જવામાં આવે છે અને જેલમાં ગોંધી રાખી શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવે છે. એ ખલાસી જ્યારે પકડાય છે ત્યારે એનું કુટુંબ છે એ સંપૂર્ણપણે નિરાધાર બની જાય છે. ઉપર આભ અને નીચે ધરતી જેવી એની સ્થિતિ થાય છે. એવા સંજોગોમાં જેટલો સમય ખલાસી પાકિસ્તાનની જેલમાં રહે ત્યાં સુધી એમના કુટુંબીજનોને દૈનિક ૫૦ રૂપિયા લેખે ભથ્થું આપવા માટેની મત્સ્યોદ્યોગ વિભાગની યોજના દાખલ કરવામાં આવી છે. એ યોજના દાખલ કર્યા પછી તા. ૩-૩-૦૫ ના તારાંકિત પ્રશ્નની યાદીમાં મેં પ્રશ્ન પૂછયો અને મને જવાબ આપવામાં આવ્યો છે કે, પાકિસ્તાનની જેલમાં માછીમાર છે એના કુટુંબીજનોને ૫૦ રૂપિયા દૈનિક ભથ્થું આપવાની યોજના છે? તો કહે, હા, જી. એમને કેટલા પૈસા ચૂકવવામાં આવ્યા? તો કહે કંઈ નહિ. આ તંત્રની અને સરકારની નિષ્કાળજી કેટલી છે એ આના ઉપરથી ખ્યાલ આવે છે. ધારાસભ્યશ્રી તરીકે પ્રશ્ન પૂછીએ છીએ ત્યારે વિભાગ એના ઉપર કાર્યવાહી કરે છે. પ્રાથમિક રીતે યોજના હોય એના ઉપર અમલીકરણ કરવાનું હોય. પ્રશ્ન પૂછયા પછી અમલીકરણ કરવામાં આવે એ જરા પણ વાજબી નથી. આ અંગે માનનીય મંત્રીશ્રીને તા. ૭-૩-૦૫ના રોજ પત્ર દ્વારા આ માછીમારોના કુટુંબીજનોને દૈનિક ૫૦ રૂપિયા લેખે ભથ્થું આપવાનું છે એ તાત્કાલિક અસરથી ચૂકવી દેવામાં આવે એવી રજૂઆતો કરી છે. અગાઉ પણ રજૂઆતો કરી છે અને માનનીય મંત્રીશ્રી અને અમારા વિરોધ પક્ષના નેતાશ્રીએ પણ ભારત સરકારમાં આ અંગે રજૂઆતો કરી છે.

અને ટી.વી. ચેનલની અંદર આજે સમાચારમાં સાંભળ્યું છે કે પાકિસ્તાન સરકારે માછીમારો અત્યારે જે છે એને છોડવા માટેનો નિર્ણય કર્યો છે, પરંતુ માછીમારને પકડી જાય છે એની સાથે સાથે એની બોટને પકડી લેવામાં આવે છે તો જેમની આજીવિકાનું સાધન છે એ ઝૂંટવી લેવામાં આવે તો એ રોજગારી કેવી રીતે મેળવે? ત્યારે આપના મારફત રાજ્ય સરકારને મારી વિનંતી છે કે પાકિસ્તાન સરકારે જેટલી બોટો પકડી છે એ તમામ બોટો છે એ પાછી આપે એના માટે આ ગુજરાત વિધાનસભામાં સર્વાનુમતે ઠરાવ કરીને ભારત સરકારને રજૂઆત કરવામાં આવે, સર્વાનુમતે ઠરાવ દ્વારા આ બોટો જે એ આજીવિકનું સાધન છે આ બોટો કરોડો રૂપિયાની બોટો થાય છે અને બોટો પાંચ-પાંચ કરોડની થાય છે એ હવે વસાવી ના શકે એટલે સમગ્ર ગુજરાતની પ્રજાની લાગણી છે કે પાકિસ્તાન સરકાર એ બોટો પાછી આપે. આ ગુજરાત વિધાનસભા સર્વાનુમતે ઠરાવ કરીને ભારત સરકારને જણાવવામાં આવે એવી આપના મારફત રાજ્ય સરકારને વિનંતી કરું છું અને દૈનિક ૫૦ રૂપિયા લેખે તાત્કાલિક અસરથી આ કુટુંબીજનોને ચૂકવવામાં આવે એવી આપના મારફત વિનંતી કરું છું.

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, વિનિયોગ વિધેયક ઉપર માનનીય સભ્યશ્રીઓએ પોતાના જે મુદ્દાઓ રજૂ કર્યા છે. એમાં માનનીયશ્રી કુંવરજીભાઈએ વાત કરી કે, ૨૫ ટકા જે વીજ કરની અંદર વીજ બિલની અંદર જે રાહતો આપવામાં આવતી હતી. આ વીજ દર ઉપર ફકત નાના લોકો નહિ પણ તમામ લોકોને એ ૨૦૦૦ની સાલની અંદર ૯૮માં ઠરાવ કર્યો હતો, ૨૦૦૦ની સાલની અંદર ૫ ટકા એમાં ઘટાડો કર્યો હતો. ત્યાર પછી અત્યારે પણ હમણાં જ આવા વખતે પણ એનાઉન્સ કર્યું છે આ વીજ દરની અંદર જે ઈલૅક્ટ્રિસિટી ડ્યૂટી હતી એની અંદર પણ ઘટાડો કરવામાં આવે છે એટલે આ જાહેર કર્યું ત્યારે લોકોને એમ હતું કે હું ૧૨૫ યુનિટ વાપરું છું એના બદલે ૧૦૦ યુનિટ વાપરીશ તો મને આટલો લાભ થશે. એટલે વીજળીની કરકસર કરવાની લોકોને આદત પડે એ દૃષ્ટિએ આ રીતે વાત કરવામાં આવી હતી. આજની તારીખે વીજની અંદર રાજ્ય સરકાર તરફથી રાહત અપાય જ છે.

બીજું, માનનીય માધુભાઈએ વાત કરી સનદ આપવામાં નિષ્ફળ ગઈ છે, તો જે આજની તારીખે જે કેન્દ્ર સરકાર વન વિભાગ માટે થઈને પરવાનગી આપે, એવા લોકોને આપણે આપીએ છીએ અને આજની તારીખે ૯૯.૪૩ ટકા લોકોને આપણે સનદો આપી દીધી છે. ૦.૫૭ ટકા લોકો જેનું કંઈનું કંઈ dispute છે કે બીજું છે એવા લોકોને સનદ નથી મળી, છતાં પણ ૦.૫૭ ટકાની અંદર જે દેવાનેપાત્ર હોય છતાં ના મળતી હોય એનું આપ ચોક્કસ કહેજો તો એને તાત્કાલિક સનદ મળે એના માટે રાજ્ય સરકાર તૈયાર છે. ભૂતકાળની અંદર આજે આદિવાસી વિસ્તારની અંદર રહેતા લોકો એના જન્મ પહેલાથી ત્યાં ખેતી કરતા હતા. પરંતુ જંગલ વિભાગે એની પાસેથી કબજો રહેવા દીધો હતો, પણ સનદ નહોતી આપતા, માલિકી નહોતા આપતા એના કારણે જે પ્રશ્નો ઊભા થતા હતા. એમાં ભૂતકાળમાં આ ઘણા વખતથી જૂના પ્રશ્નો હતા, એ જૂના પ્રશ્નોનો પણ અંત લાવી તમામ લોકોને સનદો મળે એ જાતનો નિર્ણય લેવામાં આવ્યો છે અને માનનીય માધુભાઈને

વિનંતી કરું છું કે હજુ પણ જે લોકો વનની અંદર પોતાનો કબજો ધરાવે છે અને પેઢીઓથી હજુ પણ જે લોકો ખેતી કરે છે એવા લોકોએ તો બીજે ક્યાંય નથી જવાનું, આ પહેલો હપતો જે અપાવ્યો છે. એવી રીતે હજુ બીજા હપતાની પણ જરૂર પડશે તો આપણે સૌ સાથે મળી વન વિભાગની અંદર ખેતી કરતા એકેએક કિસાનને સરકાર પોતે ખેતી કરે છે એને માલિકી મળે એ દિશાની અંદર કેન્દ્ર સરકારને આપણે રજૂઆત કરીએ, રાજ્ય સરકાર એના માટે તૈયાર છે, આપ પણ આ બાબતમાં પ્રયત્ન કરો એવી આપને વિનંતી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પુનાભાઈએજે વાત કરી મતદાર યાદીના કારણે મતદાન નથી કરી શકતા. આ જે કામગીરી છે એ ચૂંટણીપંચે આપણને છેલ્લા લગભગ ૭-૮ વર્ષથી એકેએક વ્યકિતને પોતાનું ઓળખકાર્ડ, Identity Card આપવા માટે આપણે પ્રયત્ન કર્યો છે, તમામ જગ્યાએ Identity Card આપી શકતા નથી. તમામ જગ્યાએ આઈ. કાર્ડ આપી શકાતાં નથી એને કારણે વારંવાર ચૂંટણી પંચે કહયું છે તમારી પાસે વાહનનું લાઈસન્સ, રેશનિંગ કાર્ડ હોય તો ચાલે છે. બાકીની ૭-૮ આઈટમોથી મતદાન કરવા દે છે. એટલા માટે કોઈપણ વ્યકિત મતદાનથી વંચિત રહે એ ચૂંટણી પંચ સ્વીકારતું નથી. ચૂંટણી પંચનો એવો આશય રહેલો છે કે એકેએક વ્યકિત મતદાન કરી શકે. મતદાન કરવા માટે પોતાનું ઓળખ કાર્ડ હોય , દાખલો હોય તો દાખલા મુજબ ચોક્કસ મતદાન આપવા માટે ચૂંટણી પંચ રસ્તો કાઢી દે છે. ભવાનભાઈએ નશાબંધીની ભરતીની વાત કરી. ભવાનભાઈ અનુભવી છે. જે ભરતી કરેલા છે એને જરા ચકાસી જોજો. હજી વધારવા છે? નશાબંધી ખાતામાં સરકારનો ખર્ચ વધવાનો છે છતાં પણ જે નક્કી કરેલ પોસ્ટ છે એ પોસ્ટ પ્રમાણે તમામ લોકોની નિમણૂક થાય એ માટે રાજય સરકાર પ્રયત્નશીલ છે.

ભારતી બહેને પંચાયતોને ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી અને જો ફાળવેલી હોય તો નિયમિત રીતે આપતા નથી. રાજય સરકાર તરફથી એના કોઈપણ વિભાગને જે ગ્રાન્ટ આપે છે એ ગ્રાન્ટમાં એનો બારમો ભાગ દર મહિને રાજય સરકાર તરફથી એના ખાતામાં જમા કરાવે છે. એ કરાવ્યા પછી પંચાયત હોય કે ગ્રામ વિકાસ એજન્સીએ કાર્યવાહી કરવાની હોય છે. આમ તો રાજય સરકાર ઈચ્છે છે કે એમાં રાજય સરકારે જે તે ખાતાને જે ગ્રાન્ટ ફાળવી હોય એ ગ્રાન્ટ એ જ મહિનામાં વપરાઈ જાય એ માટે હંમેશા ઈન્સીસ્ટ કરતા હોય છે. ભલામણ કરતા હોય છે કે તેમને ફાળવેલ ગ્રાન્ટ વાપરી નાખો છતાં ભારતીબહેનને વિનંતી કરીશ કે આપના વિસ્તારની અંદર ફાળવેલ ગ્રાન્ટનો વપરાશ ન થતો હોય તો ધ્યાન દોરજો. મામલતદાર, પંચાયત કે બીજા વિભાગ કે જેની સાથે કામ લેવાનું હશે એની પાસેથી રાજય સરકાર તાત્કાલિક પગલાં ભરશે.

બલવંતસિંહભાઈએ કહ્યું નાના ઉદ્યોગો બંધ પડવાથી યુવાનો બેકાર થાય છે. નાના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે. નાના ઉદ્યોગોને પ્રોત્સાહન અપાય, મોટા ઉદ્યોગોને પ્રોત્સાહન અપાય એ પ્રમાણે કેન્દ્ર સરકાર તરફથી બી.આઈ.એફ.આર. છે. એવી જ રીતે કોઈ યુનિટ વીક થયા પછી કેન્દ્ર સરકારમાં અરજી કરે અને વર્ષો પછી અંત આવે એના બદલે આ જ કેટેગરીના ઉદ્યોગો જો કોઈ હોય તો ગુજરાત બી.આઈ.એફ.આર. નક્કી કર્યા છે. એ નોર્મ્સ મુજબ એના જેટલા લાભો કેન્દ્રમાંથી મળવાપાત્ર હોય એ કેસ ચલાવ્યા વગર ગુજરાત સરકાર આવા લાભ આપવા માટે અલાયદી વ્યવસ્થા કરે છે. આના કારણે ઉદ્યોગોને લાભ મળે છે. આના કારણે ગુજરાત રાજય આવા વીક યુનિટ ચાલુ થાય, એનો ધંધો ચાલે લોકો બેરોજગાર ન થાય એટલા માટે ઠરાવ પણ કરેલો. આ ઠરાવના આધારે જે માંદા ઉદ્યોગ હોય એ ફરીથી કેમ ચાલુ થાય. એ માટે ઈલેકટ્રીસીટી ડયૂટીમાં રાહત આપવાની, સેલ ટેકસમાં રાહત આપવાની વાત હોય તો રાજય સરકાર રાહત આપીને પણ એ ઉદ્યોગ ફરીથી ચાલુ થાય એ માટેના પ્રયત્નો કરે છે. બલવંતસિંહભાઈ પોતે ઉદ્યોગક્ષેત્રે સંકળાયેલા છે તો હું એમને કહીશ કે નાના ઉદ્યોગોને જીવતદાન મળે એવા કોઈ સૂચન હોય તો મને ચોક્કસ કહેજો આમાં કોઈ પાર્ટીનો સવાલ નથી. ગુજરાતના લોકોના ભલા માટેનો સવાલ છે. એમના સૂચનોનો હું સ્વીકાર કરીશ. જસાભાઈએ વાત કરી ગૌણ સેવા પસંદગીની કાર્યવાહીમાં સમયસર ભરતી થતી નથી. આજે પ્રોસીઝર એવી છે કે જેને ચોકસાઈ કરવા માટે થોડો સમય લાગે પણ જસાભાઈને કહીશ કે પરીક્ષા આપી હોય ત્યારે માણસની ઉંમર માંડ પાત્રતાને યોગ્ય હોય છે. પછી નિમણૂક મોડી કરવામાં આવે તો પણ પરીક્ષા આપી હોય ત્યારે જે ઉમર હોય એ જ ગણાય. જે વર્ષ પછી કહે કે તમારી ઓવર એઈજ થઈ ગઈ છે.તો ઓવરએજને કારણે રિજેક્ટ કરતા નથી. એને નોકરી આપીએ છીએ અને આપે કહ્યું કે આ ત્રણેયને ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન એ બધાને ભેગું કરી દેવું જોઈએ. આપ એમ કહો છો, પણ આ એક મંડળ હોવા છતા આટલો બધો વિલંબ થતો હોય તો આ ત્રણેયને ભેગા કરીએ તો વિલંબ ત્રણ ગણો થાય. ચર્ચા વિચારણામાં હોય તો મારું કહેવાનું એ છે કે લાંબી પ્રોસિજર છે, એને આપણે ટૂંકી પ્રોસિજર કેવી રીતે કરીએ એ આપણે ઇચ્છીએ છીએ. રાજય સરકારને જ્યારે કર્મચારીની જરૂર હોય ત્યારે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, પબ્લિક સર્વિસ કમિશનને કહ્યું હોય કે તમે આટલા લોકોની નિમણૂક કરો, એમાં થતો વિલંબ અટકાવવા માટે આપના તરફથી કોઈ સૂચન હોય તો ચોક્કસ કહેજો. આપે જે ધ્યાન દોર્યુ છે તે બદલ ગૌણ સેવા અને પબ્લિક સર્વિસ કમિશનને કહીશું કે બને ત્યાં સુધી વહેલામાં વહેલી તકે લિસ્ટ રાજય સરકારને મળવું જોઈએ.

બહેનશ્રી ચંદ્રિકાબહેને વાત કરી. કનેક્શન તાત્કાલિક અપાતાં નથી. તત્કાલ કનેક્શન જલ્દી આપવું જોઈએ અને ઓછા સમય માટે થઈને વીજળી મળે છે. હવે જે ભૂતકાળને બદલે ભવિષ્યની અંદર તમામ રીતે

ગુજરાત ઈલેક્ટ્રિસિટી કંપની જે ઈલેક્ટ્રિસિટી આપે છે, એની સ્થિતિ દિવસેને દિવસે વધુ સારી થતી જાય છે. ગ્રામ્ય વિસ્તારની અંદર રેસીડેન્શિયલ ફિડર, એગ્રીકલ્ચર ફિડર બંને ફિડર જુદા કરી અને એ રીતે થઈ જશે. ત્યારપછી બરાબર રેગ્યુલર ઈલેક્ટિસિટી આજે મળે છે, એ મળ્યા પછી જો ક્યાંક ઈલેક્ટ્રિસિટીનો ડ્રોપ હોય તો એ ડ્રોપ નહિ થાય, રેગ્યુલર રીતે મળે એના માટેની વાત છે. સમજીએ છીએ. ગામડામાં ૨૪ કલાક વીજળી આપીએ અને ખેતરની જો ૮ કલાક વીજળી ન આપીએ તો પછી આર્થિક પાસું નબળું થવાનું છે. એ માણસ એના ઘરની અંદર દીવો, લાઈટ કરી શકવાનો નથી, એટલે પહેલી પ્રાયોરિટી એગ્રીકલ્ચરને આપીશું. એ જ પ્રમાણે ગ્રામ્ય વિસ્તારના લોકોને એટલી જ પ્રાયોરિટી આપી વધુમાં વધુ વ્યવસ્થા કરવા માટે રાજય સરકાર કટિબદ્ધ છે.

પરેશભાઈએ વાત કરી કે આદિવાસીઓની પડતર ફાઈલનો તાત્કાલિક નિકાલ કરવા માટેની વાત છે. આદિવાસી ભાઈઓની ફાઈલનો નિકાલ કરવા માટે થઈને આજે કલેકટરશ્રી, મામલતદારશ્રી અને અન્ય લોકોને સૂચના અપાયેલ છે. આના પ્રશ્ને તાત્કાલિક નિરાકરણ થાય છે, છતા પણ કયાંય ઈન્ડિવિઝ્યુઅલ ફરિયાદ હોય તો ચોક્કસ ધ્યાન દોરી વહેલામાં વહેલી તકે નિરાકરણ થાય એ રાજય સરકાર ઇચ્છે છે.

ગોવાભાઈએ વાત કરી કે ખેડૂતોના સંગઠનને સાથે રાખી નિર્ણય કરવો જોઈએ. ગોવાભાઈને કહીશ જે દિવસે જર્કે પોતાનો નિર્ણય આપવાનો હતો એ પહેલા આ નિર્ણય માટે થઈને તમારો શું અભિપ્રાય છે એ માટે થઈને કેન્દ્રની મંત્રીમંડળની પણ એક કમિટી બનાવી હતી. ગુજરાત રાજયના તમામ ખેડૂતો, તમામ વેપારીઓને અને જે ગ્રાહકોનું સંગઠન હતું એ તમામ લોકોને બોલાવી, સાંભળીને તમે શું ઇચ્છો છો. જે ઇચ્છતા હોય તે રાજય સરકાર તરફથી જર્કને કહી શકીએ, એના માટે થઈને સૂચન લીધાં હતાં આજની તારીખે જે ખેડૂત સંગઠનની વાત આવે છે, એ ખેડૂત સંગઠનની વાત માટે ધ્યાન દોરવામાં આવે છે. જરૂર પડે તો તેમને બોલાવી, તેમની સાથે વાતચીત કરી એના પ્રશ્નોનું કેમ નિરાકરણ થાય એના માટે રાજય સરકાર તૈયાર છે. હું આપને કહીશ અમારા મનની અંદર આ પાર્ટીનો ખેડૂત છે, કે આ પાર્ટીનો ખેડૂત છે તેવું રાખતા નથી. ગુજરાતના તમામ ખેડૂતો અમારા માટે થઈને કિસાનો છે અને કિસાનોના ઉત્કર્ષ માટે થઈને, વ્યાજબી વાતના નિરાકરણ માટેની માંગ છે, એ માંગનો વ્યાજબી પ્રત્યુત્તર મળે એના માટે રાજય સરકાર તૈયાર છે. આવા પ્રશ્નો આપની પાસે હોય તો ચોક્કસ મંત્રીશ્રીને કહેજો. નિર્ણય કરવામાં જરાય વિલંબ નહિ કરીએ, હું આપને ખાતરી આપું છું.

મનીષભાઈએ વાત કરી સસ્તા દરે ઉદ્યોગોને વીજળી આપવા માટેની વાત છે. આજની તારીખે વીજળી અપાય છે. એની અંદર ઈલેક્ટ્રિસિટીની અંદર ઈન્ડસ્ટ્રીઝ માટે થઈને ઓછામાં ઓછા દર છે. આજે કોમર્શિયલ દર કરતાં ઈન્ડસ્ટ્રીઝના દર ઓછા છે. આજે સિનેમાગૃહની અંદર, હોટલની અંદર જે ઈલેક્ટ્રિના દર લેવામાં આવે છે, એના કરતાં ઈન્ડસ્ટ્રીઝમાં ઓછા છે. આજે હમણાં હાઉસની અંદર બિલ રજૂ થવાનું છે. જાહેરાત કરી છે. ઈલેક્ટ્રિસિટી દર તમામ ક્ષેત્રે ઘટાડ્યા છે. ઈન્ડસ્ટ્રીઝની અંદર ઘટાડેલ છે, કોમર્શિયલની અંદર ઘટાડેલ છે, એજ્યુકેશનની અંદર ઘટાડેલ છે, રેસિડેન્શિયલની અંદર પણ ઘટાડેલ છે. આ તમામ ક્ષેત્રે વીજળીના દર ઘટાડેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પુંજાભાઈએ જે વાત કરી માછીમારો માટે આજે આ પ્રશ્ન જે છે તે દરિયાકાંઠાની અંદર રહેતા અને મત્સ્યોદ્યોગ સાથે સંકળાયેલા લોકો માટે ખૂબ મહત્વનો છે. કારણ કે દરિયામાં ગયા પછી કોઈ લીમીટ નથી હોતી, કોઈ રેખા નથી હોતી કે કોઈ સીમટમ્સ નથી હોતા. ઘણીવાર પાકિસ્તાની લોકો આપણી હદમાં રહેલા લોકોને પકડીને લઈ જાય છે અને લઈ ગયા પછી બોટ, જાળો પાછી આપતા નથી.હમણાં કેન્દ્ર સરકારે આ માછીમારો માટે નવા નિયમો અરસ પરસ પાકિસ્તાની બોટવાળા આવે તો તેને કેવી રીતે છોડવા અને આપણા બોટવાળા જાય તો તેને કેવી રીતે છોડવા તેના માટેની વાત છે. પરંતુ આપનાં કોઈ સૂચનો હોય તો આપ ચોક્કસ કહેજો. રાજય સરકાર તરફથી કેન્દ્રને મોકલીશું અને કેન્દ્રે નિર્ણય કરવાનો છે. બીજી વાત રહી કે આ જે કુટુંબો છે. માછીમારોને પકડવામાં આવે ત્યારે તેના પરિવારને રોજના ૫૦ રૂપિયા આપવાનું સરકારે નક્કી કરેલ છે. પૈસા ન અપાયા હોય તો ચોક્કસ ધ્યાન દોરજો. કલેકટરશ્રી અને બીજાને કહીને નિયમિત ૫૦ રૂપિયા મળે. પણ આ રાજય સરકાર ૫૦ રૂપિયામાં વધુ રસ નથી ધરાવતી. રાજય સરકાર આ માછીમારોને ખોટી રીતે પકડવામાં ન આવે અને આ જે માછીમારો છે તે કોઈ રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ કરવાવાળા નથી. પરંતુ દરિયામાં કોઈ સિમાચિહ્ન ન હોવાને કારણે કદાચ હોડી અડધો કે એક કિલોમીટર આગળ પાછળ જતી હોય છે પણ આવા નિર્દોષ લોકો ન પકડાય અને પકડાય તો તાત્કાલિક તેના માલ સામાન સાથે છોડી દેવા જોઈએ તેની સાથે અમારી રાજય સરકાર સંમત છે. તેને છોડી દેવા માટે કેન્દ્ર સરકાર બીજા રાષ્ટ્ર સાથે એટલે કે પાકિસ્તાન સાથે વધુમાં વધુ ચર્ચા કરી આવા લોકો હેરાન ન થાય તેના માટે થઈ રાજય સરકાર કટિબદ્ધ છે. આપના કોઈ સૂચનો હોય તો કહેજો. રાજય સરકાર તરફથી કેન્દ્રને રજૂઆત કરાશે. આપ પણ કેન્દ્રમાં રજૂઆત કરજો. આપણે બંને સાથે મળી પક્ષાંતરથી પર રહી માછીમારોની મુસીબત કેમ પૂરી થાય તેના માટે કેન્દ્ર દ્વારા પ્રયત્નો થાય અને માછીમાર પરિવારોને મુસીબત ન પડે અને નિયમિત ભથ્થા મળે અને

ભથ્થામાં પણ કોઈ વિચાર કરવાનો હોય તો વિચાર કરી માછીમાર પરિવારો સાવ નિરાધાર ન બને તે માટે રાજય સરકાર તત્પર છે. આ માટે અમારો પોઝીટીવ અભિગમ છે.

માનનીય અધ્યક્ષશ્રી,આટલી બધી સ્પષ્ટતાઓ પછી છેલ્લા બાર દિવસ થયા, આ જે એપ્રોપ્રીએશન બિલ છે તેના એક-એક વિભાગો ઉપર ચર્ચા થઈ છે. તો આ વિનિયોગ વિધેયક આ હાઉસ મંજૂર કરે તેવી આ હાઉસના તમામ સભ્યશ્રીઓને મારી વિનંતી છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, ૫૦ રૂપિયા લેખે દૈનિક ભથ્થું આપવાની યોજના છે તે આજદિન સુધી ચૂકવાયા નથી તો તે તાત્કાલિક અસરથી ચૂકવી આપવા માગે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, પુંજાભાઈ તમે બોલ્યા તે પહેલાં માનનીય ભૂપેન્દ્રસિંહભાઈએ કહયું કે શરૂ થઈ ગયું છે. આ હાઉસ પૂરું થાય તે પહેલાં બધાના પૂર થઈ જાય તેવું કરી દેશે.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૮૦ પહેલાં જે આદિવાસીઓ જંગલની જમીન ખેડતા હતા અને આજે ૧૯૯૨ સુધીમાં મારા ખ્યાલ મુજબ ૫૨૫૭૫ હેકટર જમીન ગુજરાતના આદિવાસીઓના નામે થયેલ નથી અને તેઓ કબજો ધરાવે છે. નામદાર હાઈકોર્ટે આદેશ આપ્યો છે અને આ અગાઉ આ સરકારમાં સરકારશ્રીએ ખાતરી આપેલ હતી કે જે તે કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને સમિતિ બનાવવામાં આવેલ છે. આ સમિતિ બનશે અને તેની ચકાસણી કરે અને પછી જમીનની સનદો આપવામાં આવશે, નામે કરવામાં આવશે. આ રીતે ખાતરી મળી હતી તો માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આ બાબતે તાત્કાલિક ખુલાસા કરાવીને અમલ થાય તેવી વિનંતી છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારના વન વિભાગ તરફથી જેટલી પરમીશન મળે તેટલી સનદો તાત્કાલિક મળે તેના માટે અમે સંમત છીએ. વહેલામાં વહેલી તકે મળે તે કહીશું. એટલે જે આવી ગયા હશે અને જે રહી ગયા હોય તેના માટે વ્યકિતગત ધ્યાન દોરજો. વનવાસી ભાઈઓ વર્ષોથી પોતે જે જમીન ખેડે છે તેના માલિક બનાવીને એકવાર સૈદ્ધાંતિક સ્વીકાર લીધો હોય તેની અમલવારી રાજય સરકાર તાત્કાલિક કરાવશે.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવાની છે કે ગૌણ સેવા પસંદગી મંડળમાં ૪૦૦ લોકોની પસંદગી થઈ અને લીસ્ટ બનાવ્યું અને તે પ્રમાણે ભરતી થઈ. રૉસ્ટરમાં જે આમાં રૉસ્ટરમાં જે અનામતની જગ્યા હતી એમાં વાંધો પડ્યા પછી કોર્ટમાં ગયા અને કોર્ટમાં ગયા પછી ઘ ણો બધો વિલંબ થયો છે અને કોર્ટના કારણે એની ઉંમર પણ પૂરી થઈ ગઈ છે તો એવા લોકોને આપશ્રીએ કહ્યું છે કે જે તે વખતે ઈન્ટરવ્યુ વખતે જે ઉંમર હતી એમાં કોઈ બાધ નહીં આવે, આ મારો એક પ્રશ્ન છે અને બીજો પ્રશ્ન છે કે, ગયા વર્ષે જે ગૌણ સેવા પસંદગી મંડળે યાદી તૈયાર થઈ ગયા પછી હજી પણ વિલંબમાં છે તો એનો કોઈ તાત્કાલિક નિર્ણય કરવા માગે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, ચોક્કસ, ગૌણ સેવા પસંદગી મંડળે કર્યુ હોય એ રાજય સરકારને જરૂર હોય એટલું જ એને લિસ્ટ મોકલાયું હોય અને એ વહેલી તકે નિમણૂકો થાય એ માટે રાજય સરકાર પ્રયત્ન કરશે અને અગાઉ જે કોર્ટમાં ગયા છે, એનું મેં કહ્યું, એ કોઈ પોતાને કારણે નથી થયું, જે કંઈ થયું છે એ લીગલી કારણોસર થયું છે એના માટે રાજય સરકાર ચકાસણી કરશે.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** :માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોએ જે કનૅક્શન firm quotation આપ્યા પછી પંદર દિવસની અંદર એને કનૅક્શન મળી જાય એવી નિયમબદ્ધ કોઈ વાત કરવા માગો છો? કેમકે firm quotation ભરાય એટલે એના પૈસા ભરાઈ જાય અને પૈસા ભરાઈ ગયા પછી છ છ મહિના સુધી કનૅક્શન મળતા નથી તો એના માટે કોઈ નિયમબદ્ધ પ્રોગ્રામ કરી બે મહિના કે ત્રણ મહિનામાં એને કનૅક્શન મળી જ જવાં જોઈએ.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, ચોક્કસ બને એમ વહેલામાં વહેલી તકે કનૅક્શન મળે એ માટે સૂચના આપીશું.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, ઉત્તર ગુજરાતમાં બે જિલ્લાઓમાં ડાર્કઝોન છે અને એની અંદર બોર કરેલા હતા અને ડાર્કઝોન આવી ગયો અને એપ્લિકેશન કરેલી હતી અને ડાર્કઝોન આવ્યા પછી ખેડૂતોના સંગઠનોને થોડાક સાંભળ્યા અને થોડાક ન સાંભળ્યા પણ હવે એમને સાંભળજો, એમની સાથે ચર્ચા કરીને નવેસરથી એપ્લિકેશનો મંગાવી, એના બોર છે એનું સર્વે થયું અને જોડાણ આપવાનું હતું પણ હજી ૨૫ ટકા માણસોને હજી સુધી એના એસ્ટીમેટ આપ્યા નથી, ખાલી બોર ઊભા છે તો એને કેટલા સમયમાં આવા માણસોને જોડાણ આપશો?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગોવાભાઈને વિનંતી કરું કે, બોર માટેના પ્રશ્નો ઉત્તર ગુજરાતમાં વધારે છે તો આપ ચોક્કસ આપના જે કોઈ સવાલો હોય એ એ રીતે કરજો, ઊર્જા મંત્રીશ્રી સાથે સંયુક્ત બેઠક કરી અને ખેડૂતોને વહેલામાં વહેલી તકે કનૅક્શન મળે એ રીતે રાજય સરકાર પ્રયત્નશીલ રહેશે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંક -૨૮ નું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ અને ૩ અને અનુસૂચિ, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંક -૨૮ નું ત્રીજું વાંચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી .** : સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંકઃ ૨૮નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૦૫નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૨૭.
## મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૫.
## મુંબઈ વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિધ્ધ થયેલા સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંક ૨૭ સન ૨૦૦૫ના મુંબઈ વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક આપની પરવાનગીથી હું દાખલ કરુ છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી સૌરભ પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંક ૨૭ સન ૨૦૦૫ના મુંબઈ વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભ પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, બજેટમાં માનનીય નાણામંત્રીશ્રી ઈલેકટ્રીસીટી ડયુટી સુધારા લાવ્યા હતા અને ૨૨૯ કરોડની રાહતો આપવામાં આવી હતી એના પછી હાઉસમાં ઘણી બધી ચર્ચા થઈ છે. આ બિલ એકટનું એમેન્ડમેન્ટ છે એટલે આજે હાઉસમાં પ્રસ્તુત કર્યુ છે અને એના ઉપર જે જે રાહતો આપવામાં આવી છે એના ઉપર ઘણી બધી ચર્ચા થઈ ગઈ છે.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર) :** માનનીય મંત્રીશ્રીને આ બિલમાં મારે એક સૂચન કરવું છે. આ નાણા બિલ છે એના ભાગરૂપે આ બિલ છે એટલે એમાં શિક્ષણમાં ડયુટી ઘટાડી છે એમાં સૂચન એવું છે કે, આપણી સરકારી પ્રાથમિક શાળાઓ છે એમાં ઈલેકટ્રીક બિલ ભરવા માટે આચાર્યોએ બિલના પૈસા ગામમાં ઉઘરાવવા પડે છે તો એ સ્થિતિ ન થાય એ માટે એની બધી ડયુટી માફ કરવાની વ્યવસ્થા કરી હોત તો સારું હતું તો એમાં કંઈ થઈ શકતું હોય તો માનનીય મંત્રીશ્રી ધ્યાનમાં લે એટલી મારી વિનંતી છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (પોરબંદર):** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીની બજેટમાં જે વિદ્યુત શુલ્કના ફેરફારો અંગે દરખાસ્ત હતી એના સંદર્ભે આ વિધેયક માનનીય ઉર્જામંત્રીશ્રીએ આજે રજૂ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યુત શુલ્કનો જે દર અહીંયા સૂચવેલ છે, માનનીય નાણામંત્રીશ્રીએ તેની દરખાસ્તમાં જણાવેલ હતું કે લગભગ ૨૨૯ કરોડ જેટલી રાહતો ગુજરાતની પ્રજાને મળવાની છે અને જે સુધારા થયા છે એ પ્રમાણે એવું આભાસી ચિત્ર રજૂ થાય છે કે વિદ્યુત શુલ્કમાં આપણે ખૂબ મોટી રાહતો આપી છે. પરંતુ માનનીય મંત્રીશ્રીને હું જણાવવા માગું છું કે, ગુજરાત એવું સદ્ભાગી રાજય છે કે ગુજરાતમાં માથાદીઠ વીજ વપરાશ બીજા રાજયોની સરખામણીમાં ઘણો ઉંચો છે. કોઈ પણ રાજયનો વિકાસ કેટલો થયો છે, એ રાજયની આર્થિક ક્ષમતા કેટલી છે, એની સમૃધ્ધિ કેટલી છે એ માપવું હોય તો એ રાજયનો જે માથાદીઠ વીજ વપરાશ છે એ વીજ વપરાશ કેટલો છે એના ઉપરથી માપી શકાય છે. આપણે સદ્ભાગી છીએ કે માથાદીઠ વીજ વપરાશ-દર બીજા રાજયોના પ્રમાણમાં આપણી સ્થિતિ સારી છે. પરંતુ જે એના ઉપર વિદ્યુત શુલ્કનું ભારણ છે

* **(વિધેયક તારીખ: ૧૪મી માર્ચ ૨૦૦૫ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.)**

એ આપણા દેશમાં સૌથી વધુમાં વધુ ગુજરાતમાં છે અને એના કારણે જે ઈલેકટ્રીસીટીનું કન્ઝમ્પશન પર કેપીટા વધવું જોઈએ એ વધી શકતું નથી એના કારણે ગુજરાતની પ્રગતિ પણ રુંધાય છે. આટલી રાહતો જાહેર કર્યા પછી પણ આપણા રાજયની જે સ્થિતિ છે એ પર કેપીટા જે વિદ્યુત ઉપર ટેકસ લેવાય છે એની અંદર એ આખા ભારતમાં છતા વધુમાં વધુ રહેવાનો છે ત્યારે આજે જે દરખાસ્ત આ વિદ્યુત શુલ્ક વિધેયક મારફત આપણી પાસે રજૂ થયું છે એ દરખાસ્ત પણ માલેતુજાર લોકો છે એને ફાયદો કરાવનારી છે. જે સમાજનો આમવર્ગ છે, ખાસકરીને ગામડામાં રહેતો માણસ છે, એ માણસને આ દરખાસ્તની અંદર કોઈપણ ફાયદો અપાયો નથી.

માનનીય સભ્યશ્રીએ હમણાં વાત કરી ગામડાની નિશાળોની અંદર વીજળીના કનેકશનો જે અપાયાં હોય એના ઉપર કોઈપણ પ્રકારનો ટેક્સ ન લેવાવો જોઈએ હું આપના મારફત ધ્યાન દોરવા માગું છું કે ગુજરાતની અંદર જ્યાં જ્યાં સ્મશાનની અંદર ઈલેકટ્રીક સ્મશાનગૃહો થયાં ત્યારે ૧૯૯૮ની અંદર અમારી શંકરસિંહ વાઘેલાજીની સરકારે આ સ્મશાનોની અંદર જે વીજળી વપરાતી હતી એની અંદર બિલની અંદર પૂરેપૂરી માફી અથવા સબસીડી રાજ્ય સરકારે આપી હતી. આ સરકારે આવીને આ વીજળીના જે સ્મશાનો છે, જે પર્યાવરણને લાભ કરે છે અને સ્મશાનને એક સાયન્ટિફિક ધોરણે ચલાવવાનું પ્રોત્સાહન આપે છે એ પણ પાછી લઈ લેવામાં આવી છે, મને આનંદ થાત, હિન્દુસ્તાનની સંસ્કૃતિની ધરોહરની વાતો કરનારી સરકાર જો આ વીજળી સ્મશાનમાં વપરાતી વીજળીના બિલમાં માફી અગર સબસીડી આપવાની જે અમે શરૂ કરેલી હતી એ જો ચાલુ રખાઈ હોત તો જરૂરથી અમે આ જે દરખાસ્તો આવરી લીધી છે એને આવકારી હોત. એના બદલે એ સબસીડી તો પાછી ખેંચાઈ પણ એના પર જે કંઈ ડ્યૂટી લાગે છે એ ડ્યૂટી ઘટાડવાની કે નાબૂદ કરવાની પણ વાત લવાઈ નથી. આ જે વીજળી સ્મશાનો ચાલે છે એ સ્મશાનો દર મહિને ઓછામાં ઓછાં બે લાખથી પાંચ લાખ રૂપિયા પ્રજામાંથી મેળવે છે અને એ રીતે ચલાવાય છે એના માટે કોઈ જોગવાઈ આપી નથી.

માનનીય સભ્યશ્રીએ જે વાત કરી અમુક સંસ્થાઓ એવી છે કે જ્યાં બાળકો રહે છે, આંગણવાડીઓ છે, જ્યાં પછાતવર્ગના છાત્રાલયો છે જે આદિવાસી છાત્રાલયો છે, કન્યા કેળવણી માટેના પ્રોત્સાહન આપવા માટે જે છાત્રાલયો છે અને ખાસ કરીને ગામડાઓમાં જે પ્રાથમિક શાળાઓ છે એની અંદર આ વિદ્યુતશૂલ્ક સંપૂર્ણ નાબૂદ થવો જોઈએ એ કોઈ દરખાસ્ત આવી નથી એના બદલે જે મોટામોટા ઉદ્યોગગૃહો છે એમને કેવી રીતે ફાયદો થાય એ માટેની બધીજ જોગવાઈ અહીંયા લઈ આવ્યા છે. સિનેમાગૃહની વાત થઈ, સિનેમાગૃહોની અંદર રાહત અપાઈ છે, જે લોકોને સિનેમાગૃહમાં જવું હોય તો એને બે પાંચ રૂપિયા વધારે આપવા પડે તો એની અંદર એમને કોઈ તકલીફ નહિ હોય કે મોટી હોટલોમાં જવું હશે તો એની અંદર કોઈને તકલીફ ન થવી જોઈએ પણ જે રાહતો આપવાની જગ્યાઓ છે જે અગાઉ મેં કહ્યું તે પ્રમાણે જે ઝુંપડપટ્ટીમાં રહે છે, નાના મકાનોમાં લોકો રહે છે અને સો યુનિટ સુધીની માસિક વીજળી વાપરે છે, અગાઉની સરકારોએ મહેનત કરી આખા દેશની અંદર સો ટકા વીજળીકરણનું લક્ષ્ય છે એ ગુજરાતે આખા ભારતની અંદર પહેલી વખત પ્રસ્થાપિત કર્યુ છે આ જે ઘરોની અંદર વીજળીના કનેકશનો લગાવેલા છે એ કનેકશનો કપાય નહિ એટલા માટે આ સરકારની પહેલાની સરકારે સો યુનિટ જે વીજળી વાપરતા હતા એ લોકોને પચીસ ટકા સુધી રાહત અપાઈ અને ઓછા ભાવની સબસીડી આપી અને એને કારણે એકસો પચીસ કરોડ રૂપિયા જેટલો લાભ સમાજના છેવાડાના લોકોને મળતો હતો. હું ગામડામાં જઉં છું ત્યારે મેં જોયું છે જે લોકો દશ વર્ષથી વીજળી કનેકશનો ધરાવતા હતા તેવા ખેતમજૂર તથા નબળા વર્ગના લોકોએ આજે વીજળીના કનેકશનો પાછા આપી દેવાનું કામ કર્યુ છે જે નાના ઘ ારો હોય એને એટલા બધા ઉંચા બિલો આવે છે કે એને કારણે આજે લગભગ ગામડાઓની અંદર છેલ્લાં ત્રણ વર્ષની અંદર વીજળીના કનેકશનો પાછા આપી દીધા હોય કે કપાઈ ગયા હોય એની સંખ્યા જો ઉર્જામંત્રીશ્રી ચકાસે તો આપને ખ્યાલ આવશે કે ક્યાંસુધી આ વીજળીના કનેકશનો નાના વર્ગમાંથી નાબૂદ થયાં છે.

મારા સાથી પક્ષના સભ્યો છે તે પોતાના મત વિસ્તારની અંદર પણ જઈને જોઈ આવે એટલે મારી આપના મારફતે વિનંતી એટલી હતી કે જે ઈલૅક્ટ્રીસીટી સુધારા વિધેયક છે તે ખૂબ અધૂરું છે અને જે રાહતો હું આપના મારફતે વિનંતી એટલી કરીશ કે તેની અંદર જે સુધારા લઈ આવ્યા છે તેમાં કૅપ્ટિવ પાવર યુનિટો જે ચલાવે છે તેને યુનિટ દીઠ ૩૦-૪૦ પૈસાનો ફાયદો કર્યો છે. મોટા ઉદ્યોગ ગૃહો છે તેને યુનિટ દીઠ ૧૦-૧૫-૨૦ પૈસા ફાયદો કર્યો છે તો મેં કહ્યું એવા ક્ષેત્રોનો વાંક શું છે? તેના ઘરની અંદર અંધારા કરવાના, ખેત મજૂરોના ઘરની અંદર અંધારા કરવાના, દલિત સમાજના લોકો જે રહે છે, ઝૂંપડપટ્ટીમાં જે રહે છે તેના ઘરમાં અંધારા કરવાના, ગ્રામ્ય વિસ્તારમાં અંધારા કરવાના અને તેના ભોગે આ મોટા ઉદ્યોગ ગૃહોને લાભ આપવાનો છે અને છતાંય ગુજરાતની અંદર જે પર યુનિટ પરકેપિટા જે ઈલૅક્ટ્રીસીટી ડ્યૂટીનો દર છે તે સમગ્ર ભારતમાં ઊંચો રાખવાનો આ કઈ બાબતનો ન્યાય છે?

હું આપના મારફતે ધ્યાન દોરવા માગું છું કે, ગામડાંઓને અંધારામાં રાખીને રાજયનો વિકાસ નહીં થઈ શકે. આ કોઈ જે દરખાસ્ત લઈ આવ્યા છે એક પણ બાબતમાં તર્ક સંગત નથી. સામાજિક ન્યાયનું જે સ્વપ્ન છે તેની અંદર અંતરાય ઊભું કરનારું છે. મારી આપને વિનંતી છે કે આ દરખાસ્તો છે તે જો થોડીક તર્ક સંગત બનાવીને લઈ આવ્યા હોત તો અમે તેમને ટેકો આપવા તૈયાર છીએ અને તેને માટે હું એ કહેવા માગું છું કે, જે લોકો ૧૦૦ યુનિટ જેટલી વીજળી વાપરે છે તેની ડ્યૂટી સંપૂર્ણપણે નાબૂદ કરી દેવાની અને તેને ૨૫ ટકા

વીજળીની અંદર જે બિલ આવે છે તેની ઉપર રાહત આપવાની. એટલે જે કલ્પના કરી હતી કે આ જે પૈસા આવે તે સમાજમાં નબળો વર્ગ છે તેના બાળકોને ખોરાક માટે વાપરી શકે, તેના બાળકોના ભણતર પાછળ વાપરી શકે અને તેના દ્વારા તેને આપણે મદદ કરી શકીએ.

બીજી મહત્ત્વની વાત એ છે કે, જે પ્રાથમિક શાળાઓ ગામડાંમાં છે અથવા શહેરની એકદમ નબળા વર્ગની અંદર રહેલી છે સરકારી પ્રાથમિક શાળા તેમાં લાઈટ અને પાણી આપવાની જવાબદારી રાજય સરકારની છે. તે પ્રાથમિક શાળાઓની અંદર વીજળીનું કનૅક્શન મફત આપવામાં આવે અને તેના બિલની જવાબદારી પણ રાજય સરકાર લે એવી જ રીતે પછાત વર્ગોના, દલિત બાળકોના છાત્રાલયો છે. આપણે આદિવાસી બાળકોના, અન્ય પછાત વર્ગોના બાળકોના જે છાત્રાલયો છે તે છાત્રાલયોની અંદર પણ જે તેના બિલ આવે છે તેને ઈલૅક્ટ્રીસીટી ડ્યૂટીમાંથી સંપૂર્ણપણે મૂકિત આપવી જોઈએ અને તેને વધારામાં સબસિડી આપવી જોઈએ જે અગાઉ પણ અપાતી હતી. ત્રીજી વાત છે કન્યા કેળવણી અને આપણી જે બાલવાડીઓ, આંગણવાડીઓ છે તે જે સંસ્થાઓ ચાલે છે તેની અંદર પણ વધારે ઈલૅક્ટ્રીસીટી ડ્યૂટીનો ફાયદો કરાવીને તે સંસ્થાઓ જે છે તેને પ્રોત્સાહન આપવું જોઈએ. આખરે આ સરકાર છે તે સરકારે બીજી રીતે પણ તર્ક સંગત આ દર થાય તેને માટે નિર્ણયો લેવા જોઈતા હતા. માનનીય ઊર્જા મંત્રીશ્રીને ખબર છે કે નગરપાલિકાઓ છે તે વીજળીનો વપરાશ રાત્રેના કરે છે. સ્ટ્રીટ લાઈટોની અંદર અને જકાત નાબૂદી પછી જે નગરપાલિકાઓની સ્થિતિ બની તેને કારણે આજે કેટલી નગરપાલિકાઓ, નાની નગરપાલિકાઓની અંદર રાત્રેના અંધારપટ છવાઈ ગયો છે અને લાઈટના તે લોકો બિલ ભરી શકતા નથી. રાત્રેના વીજળીની અંદર આખી દુનિયાની અંદર જ્યાં વપરાશ થાય છે ત્યાં બધી જ જગ્યાએ રાત્રીનો વપરાશનો દર બધી જગ્યાએ ઓછો હોય છે, તેને રાહત આપનારો હોય છે કારણકે વીજળીનું ઉત્પાદન ચાલુ રહે છે તેનો વપરાશ થતો નથી ઈન્સ્ટોલ્ડ કેપેસીટી હોય તેના પ્રમાણમાં તેનો ફીક્સ ખર્ચ આવતો જ હોય છે તો સુધારો કરીને દિવસ અને રાત્રીની અંદર ડિફરેન્શીયેટ કરી અને નાની નગરપાલિકાઓ છે જેના આજે વીજળીના કનેકશનો કપાઈ ગયાં છે અને અમુક નગરપાલિકાઓ તો એવી છે નાની નાની કે જયાં ૫ કરોડથી માંડીને ૩૫ કરોડ રૂપિયાનાં વીજળીનાં બિલ ચઢી ગયાં છે એ ભરી શકે તેમ નથી. એટલે એનો નગરપાલિકામાં રાત્રે જે વપરાય છે સ્ટ્રીટ લાઈટમાં એમાં જે વીજળીનો વપરાશ થાય છે એને વીજળીમાં આ જે શુલ્ક લેવાય છે એમાંથી મૂકિત આપે અને રાત્રે ઓછા ભાવથી વીજળી આપવી જોઈએ જેનાથી વધારાનો સરપ્લસ પાવર જતો હોય એનો પણ ઉપયોગ થઈ શકે અને એવી જ રીતે ખેડૂતોને પણ ૧૪ કલાક વીજળી ભલે ન અપાય, પરંતુ ૮-૧૦ કલાક વીજળી તો આપવી જોઈએ દિવસે અને રાત્રે કોઈ ખેડૂતોને પાવર જોઈતો હોય તો એ અરધા ભાવથી વાપરવા આપવાનો સરકારે નિર્ણય કરવો જોઈએ અને આ જે દરખાસ્તો છે એ તર્ક સંગત નથી એ બધી જ દરખાસ્તો તર્ક સંગત બનાવીને ફરી પાછી મૂકે અને એમાં માલેતુજાર લોકોને બદલે નાના વપરાશકારોનો ખ્યાલ રાખે એવી આપશ્રી મારફતે માનનીય ઉર્જા મંત્રીશ્રીને વિનંતી કરીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉર્જામંત્રીશ્રી જે વિદ્યુત શુલ્ક (ગુજરાત સુધારા) વિધેયક લઈને આવ્યા છે તેની ઉપર હું મારાં સૂચનો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારી પહેલાં અમારા નેતાશ્રી અર્જુનભાઈ જે સૂચનો કરી ગયા એને હું સમર્થન કરવાની સાથે એક બે વાત બીજી પણ કરવા માગું છું કે આમાં જે વિદ્યુત શુલ્ક અંગેની રાહતો આપવામાં આવે છે તેમાં જે ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં પ્રાથમિક શિક્ષણ માટે મારા બીજા માનનીય સભ્યશ્રીઓએ પણ સૂચનો કર્યા છે અને ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં જે કોમ્પ્યુટર અને ટેલિવિઝન આપવામાં આવ્યાં છે અને ઘણી જગ્યાએ એ ગામના લોકોની મદદથી ઘણી પ્રાથમિક શાળાઓમાં આ કોમ્પ્યુટર અને ટેલિવિઝનો મૂકાઈ ગયાં છે ત્યારે જે ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાઓ છે એને તમામ પ્રકારના વિદ્યુત શુલ્કમાંથી રાહત આપવી જોઈએ. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારનાં જે છાત્રાલયો છે એમાં પણ રાજય સરકાર તરફથી પછાતવર્ગનાં છાત્રાલયોને ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તેમાં કોઈપણ જગ્યાએ આ પછાત વર્ગનાં છાત્રાલયો માટે અલગથી વીજળીનાં બિલ માટેની કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી એના કારણે છાત્રાલયોમાં અને નિવાસી શાળાઓમાં છાત્રાલયો છે તેમાં ઘણાં બધાં મોટાં વીજળી બિલ આવે છે જેના કારણે એ છાત્રાલયો સરકારી હોય કે પછી કોઈ સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે સંચાલિત હોય એ આ બિલ ભરી શકતાં નથી જેના કારણે એ છાત્રાલયોમાં કાંતો આ જે સંસ્થાઓ છે એ વીજળી બિલ નહીં ભરી શકવાને કારણે છાત્રાલયોમાં એ પંખાઓની સુવિધા કરતા નથી અથવા તો લાઈટની પણ સુવિધા આપી શકતા નથી અને એટલા માટે જે નિવાસી શાળાઓ અને છાત્રાલયો છે એ તમામમાં આ જે વિદ્યુત શુલ્ક છે એમાંથી એમને સંપૂર્ણપણે રાહત આપવી જોઈએ અને એમાં સબસિડી પણ આપવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારી બીજી વાત એ છે કે મોટાભાગના ગ્રામ્ય સ્વિસ્તારોમાં જે સ્ટ્રીટ લાઈટો છે એ ગ્રામ પંચાયતો આર્થિક રીતે સધ્ધર નહીં હોવાના કારણે વીજળીનાં બિલ ભરી શકતી નથી અને મોટાભાગનાં ગામડાંમાં આ સ્ટ્રીટ લાઈટોનાં કનેકશન કપાઈ ગયાં છે અથવા તો મોટાં બિલ આવવાને કારણે એ ભરી શકતી નથી. એટલે ગ્રામ્ય વિસ્તારમાં આ સ્ટ્રીટ લાઈટો છે એને પણ આ વિદ્યુત શુલ્ક છે એમાંથી સંપૂર્ણપણે રાહત

આપવી જોઈએ. ખાસ કરીને જે જગ્યાએ ગામડાંમાં ને હમણાં જ અમારા નેતાશ્રીએ વાત કરી એ મુજબ ફકતને ફકત ગરીબ વર્ગના જે લોકો હતા એમને એક ટયુબ લાઈટ, એક બલ્બ કે એક પંખો વપરાતો હોય એના કારણે ખૂબ મોટું બિલ આવે છે અને નાછૂટકે આ બિલ નહીં ભરી શકવાને કારણે આ ગરીબ અને આર્થિક રીતે નબળા લોકો છે એ કાંતો બિલ ભરી શકતા નથી કાંતો એમનું વીજળીનું જોડાણ કપાઈ જાય છે. ત્યારે એ જે રાહતો ગ્રામ્ય વિસ્તારમાં અત્યારે આપવામાં આવી છે તે રાહતો ખૂબ ખાલી છેતરામણી રાહતો હોય તેવું લાગે છે. તેથી એમને તમામ પ્રકારના વિદ્યુત શૂલ્કમાંથી મૂકિત આપવી જોઈએ અને વિદ્યુત શૂલ્ક ન લેવું જોઈએ તેવી જોગવાઈ કરવી જોઈએ.

મારો એક મુદ્દો એ પણ છે કે આમાં એવા શબ્દો છે કે શૈક્ષણિક હેતુઓ માટે કામ કરતી હોય તેવી શૈક્ષણિક સંસ્થાઓને રાહત આપવાની વાત છે, હું એમાં પણ મારા થોડાંક સૂચનો કરવા માગું છું, અત્યારે ખાસ કરીને જયારે શિક્ષણમાં વ્યાપારીકરણ થઈ રહ્યું છે ત્યારે સરકાર સંચાલિત હોય અથવા સરકારની સહાય થી શૈક્ષણિક સંસ્થાઓ ચાલતી હોય એમાં ભલે રાહત વધારે અપાય, અને જે ફકત અને ફકત કમાણી માટે સેલ્ફ ફાઈનાન્સથી જે લોકો ચલાવતા હોય એમાં રાહતમાં કાપ મુકીને, અથવા એને વિદ્યુત શૂલ્કની ઓછી રાહત આપીને, જે સરકારી અથવા સરકાર સહાયિત હોય અથવા સરકાર મારફત ચલાવાતી કોઈપણ શૈક્ષણિક હેતુ માટે ચાલતી હોય તેવી સંસ્થાઓને વધારે રાહત અપાય તેવી મારી માનનીય મંત્રીશ્રીને નમ્ર વિનંતી છે. અને અગાઉ મેં વાત કરી તે ખાસ ગ્રામ પંચાયતોની સ્ટ્રીટ લાઈટો છે એમાં વિદ્યૂત શૂલ્કમાં સંપૂર્ણ મૂકિત આપવી જોઈએ તેવા મારા સૂચન સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉર્જા મંત્રીશ્રી, મુંબઈ વિદ્યુત શૂલ્ક અધિનિયમ ૧૯૫૮ વધુ સુધારવા બાબતનું વિધેયક લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

મારા પૂર્વ વકતાઓ, વિરોધપક્ષના નેતાશ્રી અને કુંવરજીભાઈએ વાત કરી તે વાત હું દોહરાવતો નથી. પણ આ જે વિદ્યુત શૂલ્કની રાહતો આપવામાં આવી છે તે રાહતો જોઈએ તો શૈક્ષણિક હેતુઓ માટે ૧૫ ટકા વિદ્યુત શૂલ્ક ભરવાની વાત છે, વિદ્યાર્થીઓ માટે, અને બીજા વાણિજિયક હેતુ માટે જે લોકો ઉપયોગ કરે છે એમાં ૪૫ ટકા સુધીની જે જુદી જુદી રાહતો છે એમાં હું તો એ જાણવા માગું છું કે ૨૨૯ કરોડ જેવી રાહતો આ માનનીય ઉર્જા મંત્રીશ્રીએ આપી છે. તો માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતમાં જે સળગતો પ્રશ્ન છે તે ખેડૂતો સાથેનો પ્રશ્ન છે, મારે વાત કરવી છે કે ૧૯૯૦માં આ સળગતા પ્રશ્નની અંદર જયારે મીટર પ્રથા ચાલતી હતી તેમાં જે સંજોગો હતા અને જે વાતાવરણ હતું તેની વચ્ચે જે વિદ્યુત ભારણ હતું તેના હિસાબે ખેડૂતોના વાજબી પ્રશ્નો સાંભળી અને તે વખતના મુખ્ય મંત્રી શ્રી અમરસિંહભાઈએ હોર્સ પાવર દીઠ વિદ્યુત શૂલ્ક લેવાની પ્રથા દાખલ કરી હતી અને મીટર પ્રથા નાબૂદ કરી હતી. અને એ વખતે આવો ઐતિહાસિક નિર્ણય એમણે લીધો હતો. ત્યારબાદ ૧૯૯૭માં હોર્સ પાવર દીઠ જે ૬૦૦ રૂપિયા હતા તેમાં માનનીય શંકરસિંહજી વાઘેલાએ ૬૦૦ ના બદલે ઘટાડો કરી અને ૫૦૦ રૂપિયા હોર્સ પાવર દીઠ લેવાનું નકકી કર્યુ હતું. મારો કહેવાનો અર્થ એ છે કે આજે પણ મુખ્ય કોઈ મુદ્દો હોય તો તે ખેડૂતોના પ્રશ્નો અંગેનો સળગતો પ્રશ્ન છે. કિસાન સંઘની પણ માગણી છે, અને કિસાનોની પણ મુખ્ય માગણી એ છે, ઉર્જા ખાતુ જેમણે સંભાળ્યું છે તેમના માટે એક વાત હું જાહેરમાં કહીશ કે તેઓ હોંશિયાર છે, પોતાના કોમ્પ્યુટર માઈન્ડથી કેલકયુલેશન કરે છે, ઉદ્યોગપતિ છે, પણ તેમને પણ એક બે વાત મેં કરી છે, મારા અત્યારસુધીના બેવર્ષના ગાળામાં મારા કામની વાત મેં એમને નથી કરી, પણ એક વાત મેં એમને એ કરી છે કે ગુજરાતમાં ૩૭ લાખ ખેડૂતો છે તેમને જો તમારે એક જ વાતમાં બોલવાનું બંધ કરવું હોય તો તમારે આ ઐતિહાસિક નિર્ણય લેવો પડશે, માનનીય ઉર્જા મંત્રીશ્રીએ ઐતિહાસિક નિર્ણય લેવો પડશે અને ૪ લાખ ૩૬ હજાર સિમાન્ત ખેડૂતો છે. આમાં કોઈ મોટી વાત નથી. બે થી અઢી લાખ સીમાંત ખેડૂતો ત્રણ થી પાંચ હોર્સ પાવરનું કનૅકશન ધરાવે છે અને મોટરો વાપરે છે. એને તમે સો ટકા માફી આપી દો. તો એ એક મોટો ઐતિહાસિક નિર્ણય લેખાશે. હું આ ૨૨૯ કરોડની વાત નથી કરતો. આ તો ફક્ત ૧૦૦ કરોડની જ વાત છે. આ ૧૦૦ કરોડની રાહત આપશો તો તમારી સામે કોઈને બોલવાનું અથવા તો ફરિયાદ કરવાનું નહિ આવે. આ સીમાંત અને નાના ખેડૂતોને ફ્રી વીજળી આપવામાં આવશે તો એ ગુજરાતનો એક ઐતિહાસિક નિર્ણય લેખાશે અને આપ ઊર્જા મંત્રી તરીકે એક ઇતિહાસ રચી શકશો તેવી આ સભાગૃહ મારફત વિનંતી કરું છું. માનનીય મંત્રીશ્રી એનું કેલકયુલેશન કાઢે, મેં પોતે તો કાઢ્યું છે.

મારે આ તબક્કે બીજી પણ એક વાત કરવી છે. મીટર પ્રથા દાખલ કરી છે એમાં તમે ઉધામો શા માટે કરો છો. એમાં પણ મુશ્કેલીઓ છે. તમારે એક વાત જરૂરથી સાંભળવી પડશે, એટલા માટે કે દેશ અને ગુજરાતનો જે વિકાસ છે એ વિકાસ કરવામાં ખેડૂતોનો સૌથી મોટો ફાળો છે. દેશના વિકાસમાં ૭૦ થી ૭૨ ટકાનો ફાળો આ ખેડૂતોનો છે. તમે અત્યારે ખેડૂતોને ૧૧૦૦ કરોડની સબસિડી આપો છે એ કંઈ નવાઈ નથી. ભવિષ્યમાં તમારે એ બે હજાર કરોડ રૂપિયા સબસિડી પણ આપવી પડશે. તમે ખેડૂતોને ૨૦૦૦ કરોડની સબસિડી નથી આપી શકતા પરંતુ વાયબ્રન્ટના નામે બહારથી ઉદ્યોગો આવે છે એને સેલ્સટેકસમાં પાંચ-સાત

વર્ષની રાહત આપવામાં આવે છે. એના દ્વારા એક એક યુનિટને બે થી ત્રણ હજાર કરોડનો લાભ મળે છે. ત્યારે ખેડૂતોને તમારે લાભ આપવો પડશે.

જયોતિગ્રામની વાત કરું તો એમાં ૨૪ કલાક વીજળી આપવામાં આવે છે. એની અંદર ગુજરાતના બધા જ ગામડાં આવી જશે. પરંતુ મારે કહેવું છે કે જે ખેતરોની અંદર ખેડૂતો રહે છે એના માટે પણ આ વ્યવસ્થા કરવી પડશે. માનનીય મંત્રીશ્રીએ આ ગૃહમાં જણાવ્યું કે એમના માટે પણ આ ગૃહ પૂરું થયા બાદ તાત્કાલિક વ્યવસ્થા કરવામાં આવશે. એની સાથે સાથે મારે બીજી વાત એ કરવી છે કે ૨૪ કલાકમાં ખેડૂતને તમે કયા ટાઇમે વીજળી આપવા માગો છો. કયા ફિડરમાં કેટલા કલાક વીજળી આપશો. અમારે ૧૨ કલાકથી ઓછી વીજળી ન જોઈએ. મોટા અને નાના તમામ ખેડૂતોને તમારે ૧૨ કલાક વીજળી આપવી જ પડશે. આ ૧૨ કલાકનું શેડયુલ નક્કી કરવું પડશે. ગીરની અંદર ખારા પાણી થઈ ગયા છે તેથી ગીરના જે સિંહો છે, જે સાવજ છે એ દરિયા કિનારે આવી ગયા છે. સુત્રાપાડા ગામ છે એની સીમમાં તમે રાત્રે જાવ તો ત્યાં તમને અવશ્ય દર્શન થાય જ. કિસાન સંઘ વાળા માનનીય કનુભાઈ બેઠા છે એમને તમે પૂછજો તો કહેશે. તમે ખેડૂતને રાત્રે લાઈટ આપો એની પાસે બે વીઘા કે પાંચ વીઘા જમીન હોય એ રાત્રે ખેતરમાં પાણી પાવા જાય ત્યારે પેલો સિંહ એને ફાડી ખાય, માણસ જેવો માણસ મરી જાય અને એને પાછું કંઈ વળતર ન મળે. એટલે તમારે શેડયુલ પણ નક્કી કરવું પડશે અને ૧૨ કલાક વીજળી આપવાની વાત પાકી કરવી પડશે.

મારે બીજી પણ એક વાત ઊર્જા મંત્રીશ્રીને કરવી છે. તત્કાળ વીજ જોડાણની યોજના છે એ ખૂબ જ સારી યોજના છે. પરંતુ એમાં નાના અને સીમાંત ખેડૂતો બે થી ત્રણ લાખ જેવા છે એ સિવાય બાકીના પૈસાદાર ખેડૂતો છે. એટલે કે ૪ લાખ ૩૬ હજાર ખેડૂતો છે એમાંથી ૫૦ ટકા પૈસાદાર ખેડૂતો હશે એને તમે બે લાખનું એસ્ટીમેટ આપો એ તો એક મિનિટમાં ભરી દે છે. એ પછી એને વીજળી કનૅક્શન આપવાની વાત છે એમાં ઘણો જ ટાઇમ નીકળી જાય છે. તેથી એમાં પણ શેડયુલ નક્કી કરવાની જરૂર છે. એક વખત પૈસા ભરાઈ જાય એટલે એક મહિનામાં એને કનૅક્શન મળવું જ જોઈએ. માનનીય મંત્રીશ્રી મગજ હલાવવાનું કહે છે ત્યારે તેઓ તેમના અધિકારીઓને સૂચના આપી દે કે પૈસા ભરાયા પછી એક મહિનામાં કનૅક્શન મળી જ જવું જોઈએ. પૈસા ભર્યા પછી લેઈટ થાય છે એનો ઊર્જા મંત્રીશ્રીને કદાચ ખ્યાલ નહિ હોય. આ યોજના બરાબર છે પરંતુ એમાં જે વિલંબ થાય છે એ વિલંબ ન થાય અને ખેડૂતોને ન્યાય મળે તેવું કરવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી એક સૌરાષ્ટ્રની એ વાત કરવી છે કે સૌરાષ્ટ્રમાં રેગ્યુલર વિદ્યુત કનેકશનો ૧૯૯૦નો વારો ચાલે છે. ઉત્તર ગુજરાતમાં ૧૯૯૪નો ચાલે છે. અહીં ૧૯૯૫-૯૬નો ચાલે છે. તો અમારે ૧૯૯૦નો શા માટે? તમારું કૉમ્પ્યુટર ત્યાં પણ ફીટ કરો. અમને તો ન્યાય મળે. ૯૦-૯૫-૯૬ નહીં, એક જ લાઈન. ડાર્કઝોન આખી દુનિયામાં છે. ભલે ડાર્ક ઝોનમાં પણ તેનો વિચાર કરો. પણ અમને સૌરાષ્ટ્રને જે અન્યાય થયો છે તે દૂર થાય તે માટે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને વાત કરવા માગું છું.

વિદ્યુત વાયર છે, એક વાત મારી નજરમાં આવી છે કે ગામડાંઓમાં અત્યારે ઘણી નગરપંચાયતો થઈ છે, મહાનગરપાલિકાઓ થઈ છે. ખેતીમાંથી બિન ખેતી થયા હોય અને ૧૧ કે.વી.નું વાયરીંગ નીકળ્યું હોય, ત્યાં ૨૫ વર્ષ પહેલાં કંઈ નહોતું. આજે ત્યાં રહેણાંક થઈ ગયા છે. શાળાઓ અને કૉલેજો આવી છે. ત્યાં ભારે વિદ્યુત વાયર પસાર થતો હોય ત્યાં કોઈ સોસાયટી હોય તે પૈસા આપીને ભરવાની વાત ન હોય..

**અધ્યક્ષશ્રી** : આખા બિલ ઉપર ન બોલાય. આ બિલ ઉપર જે મુદ્દો આવતો હોય તે બોલો. આ બિલની જે મેઈન કલમો છે, તેના ઉપર બોલો.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : આ છેલ્લી વાત છે. વગર પૈસે વિદ્યુત બોર્ડ પોતે પોતાના ખર્ચે આ વાયરીંગ ફેરવે છે એવી આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને વાત કરવા માગું છું. એટલા માટે કે જે રાહતો મળે છે. પ્રોપર ચેનલથી પ્રોપર માણસ સુધી જાય, આનાથી વિદ્યુત શુલ્કનો ફાયદો થવાનો છે. ૨૨૯ કરોડ જે આપ્યા છે તેના બદલે મેં કહ્યું તેમ નાના અને સિમાન્ત ખેડૂતોને ૧૦૦ કરોડ આપશો તો ઈતિહાસ લખાશે અને આવનારા ઈતિહાસમાં કોઈ ખેડૂતનો દીકરો કહી ન શકે એવી વાત કરીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સૌરભ પટેલ સાહેબ આમ તો બુદ્ધિશાળી છે અને કોમ્પ્યુટર મગજવાળા છે. તે જે વિધેયક લઈને આવ્યા છે...

**અધ્યક્ષશ્રી** : નટુભાઈ, જેના ઉપર બોલવાનું છે, તે કલમો જોઈ લો.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : જોઈ લીધી. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે વિધેયક લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું. સૌરભ પટેલ બુદ્ધિશાળી અને કોમ્પ્યુટર મગજવાળા છે. પણ અમુક જગ્યાએ કૉમ્પ્યુટર મગજ બંધ થઈ જાય છે. તો નાના માણસોને જ્યાં લાભ આપવાનો હોય ત્યાં કૉમ્પ્યુટર મગજ ચલાવો. એ બંધ ન કરશો. મોટા લોકોને નહીં આપો તો ચાલશે. પણ નાના માણસોને લાભ થાય એવું કરો. એટલે ઉદ્યોગોને જે રાહત આપવાની વાત ચાલે છે ત્યાં નાની જે પંચાયતોના ઘણાં રૂપિયા બાકી છે. નવું કનૅક્શન જોડવાનું હોય, પાણી પુરવઠા માટે તે જોડી આપતા નથી. ભલે રાહત દરે આપે નહીં તો જૂના બિલો માફ કરી દો. નાની નાની પંચાયતો જૂના બિલો કઈ રીતે ભરી શકે? તેમાં પાણી ફેરનું બીજું કનૅક્શન લેવાનું

હોય તો આ લોકો નથી આપતા. તો એ લોકોને રાહત આપીને મફત આપવું જોઈએ. નાના સિમાન્ત ખેડૂતોના કનેકશનો કાપી નાખે છે. તેમાં ફરીથી જોડી આપતાં નથી. પૈસા બાકી હોય તો, તેમાં પણ રાહત આપવી જોઈએ અને નાના ખેડૂતો તાત્કાલિક કઈ રીતે ભરી શકે, કારણ કે ખેતીમાં ખોટ જાય છે. બરાબર લાભ મળતો નથી. ઉદ્યોગો આઘું પાછું કરીને લાભ મેળવી શકે છે કારણ કે ઉદ્યોગપતિઓને ખબર હોય કે લાભ કઈ રીતે લઈ શકાય. તો નાના ખેડૂતોને રાહત આપવી જોઈએ એવી મારી વિનંતી છે. અમુક ખેતી વાડીમાં ૧૦, ૧૫ કે ૩૦ની મોટર હોય છે. ઉંડા પાણી હોય તો તેમાં બિલમાં વિલંબ તો તેમાં પણ રાહત આપીને બિલ ચૂકવે પણ તેમાં પણ રાહત આપવી જોઈએ. બે હોર્સપાવર કે ત્રણ હોર્સપાવરની ખેતીની મોટર છે એ નાના ખેડૂતોને લાભ થાય તો એ મંજૂર ન કરી શકે, એ મંજૂર કરવું જોઈએ. પાણી ઊંડા હોય તો ન ચાલે પણ જ્યાં પાણી છીછરા હોય ત્યાં ચાલે. એમને ૨, ૩ એચ.પી.ની મોટરો મફત આપવી જોઈએ. આ કરવાથી એક ફૅકટરી જેવું થઈ જાય અને કેટલાય લોકોને રોજીરોટી મળે. મોટા મોટા ઉદ્યોગોને રાહત આપવાની. આવું નહીં કરવાનું, કુદરત માફ નહીં કરે. નાના ખેડૂતો હોય, સીમાંત ખેડૂતો હોય એમને ૨, ૩ એચ.પી.ની મોટરોના બિલ જ નહીં ભરવાના, એમને મફત આપી દો. ૨, ૩ એચ.પી.ની મોટરોમાં બિલ આવે પણ કેટલું? મોટા મોટા ઉદ્યોગપતિઓને આપી દીધું. એટલે હવે ફરી પાછો આ બાજુ બેસવાનો વારો આવશે એટલે આ વિચારો. નાના ખેડૂતોને રાહત આપવાની છે. પણ શ્રી સૌરભભાઈ, આપણે તો મોટા માણસોને જ રાહત આપીએ છીએ. નાના ઉદ્યોગો હોય એમના બિલ માફ કરી દેવા જોઈએ અને એ રીતે એ ઉદ્યોગો ચાલુ કરવા જોઈએ જેથી ઘણા લોકોને રોજીરોટી મળશે. ઘણી જગ્યાએ આ શહેરોમાં અથવા મોટા સીટીમાં નાના ઉદ્યોગો બંધ પડી ગયા છે એમને રાહત આપીને ચાલુ કરવા જોઈએ જેથી ઘણો ફાયદો થાય તેમ છે. કેટલો બધો ખર્ચ કરીને ઉદ્યોગ કર્યો હોય, મોટા મોટા બિલ્ડીંગો કર્યા હોય અને એ બંધ થઈ જાય તો એને ચાલુ કરવા માટે રાહત આપવી જોઈએ. માનનીય મંત્રીશ્રી આ વિદ્યુત શુલ્ક વિધેયક લઈ આવ્યા છે પણ એમાં સારું કરો એવી મારી વિનંતી છે.

**શ્રી હરજીવન હી. પટેલ (ધાનેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઊર્જા મંત્રીશ્રી ગુજરાત વિધેયક ક્રમાંક-૨૭ મુંબઈ વિદ્યુત શુલ્ક લઈને આવ્યા છે એને મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બધી રજૂઆતો સાંભળતો હતો. ૧૯૯૦-૧૯૯૫માં પણ હું વિધાનસભામાં હતો. સરકાર એ વખતે કૉન્ગ્રેસની હતી. એ વખતે હું હીરાનો વ્યવસાય કરતો હતો. ડાયમન્ડ એસોસિએશનવાળાએ ગુજરાત સરકારને વિનંતી કરી હતી કે, વિદ્યુત શુલ્ક ૬૦ ટકાથી ઘટાડીને ૩૦ ટકા કરો. એ વખતે ઘણા સંઘર્ષને અંતે, ૫ વર્ષ પછી એ શુલ્ક ઘટાડવામાં આવી હતી. આજે આ સરકારે એ ૪૦ ટકા હતી એ ઘટાડીને ૩૦ ટકા કર્યા, ૨૫ ટકા હતા એના ૧૫ ટકા કર્યા. ગુજરાત સરકારે આ શુલ્ક ઘટાડીને ઘણી રાહત આપી છે. વિરોધપક્ષના નેતાશ્રી કહેતા હતા કે, ઑક્ટ્રૉય નાબૂદી કર્યા પછી નગરપાલિકાઓ દેવાદાર થઈ ગઈ છે. ઑક્ટ્રૉય નાબૂદી કર્યા પછી એના વિકલ્પ તરીકે નાણાં આપવાની સરકારે વ્યવસ્થા કરેલી છે. પરંતુ નગરપાલિકાઓના વહીવટને કારણે સ્ટ્રીટ લાઈટના બિલ ન ભરે તો આ મુશ્કેલી સર્જાતી હોય છે. છતાં પણ સરકારના શુલ્કના પૈસા ચૂકવી દે તો એને રેગ્યુલર વીજળી આપવા માટે ગુજરાત સરકારે નિર્ધાર કર્યો છે. મને જણાવતાં આનંદ થાય છે કે, ભારતીય જનતા પાર્ટીની ૧૯૯૫માં સરકાર આવી. પંચાયતોના નબળા વારીગૃહો ચાલતા હતા. એ વખતે વારીગૃહોના પૈસા ન ભરવાના કારણે ગ્રામ પંચાયતના પીવાના પાણીના બોર ચાલતા હતા એ કપાઈ જતા હતા. ૧૯૯૫માં આ ભારતીય જનતા પાર્ટીના કેશુભાઈ પટેલની સરકારમાં એમણે ગામડાઓના વારીગૃહના પૈસાના બિલ ભરવાના હતા એ ટોટલ ૧૦૦ ટકા માફ કર્યા. આજે પણ કોઈપણ ગ્રામ પંચાયત પાસેથી વારીગૃહના પૈસા લેવામાં આવતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જેસાભાઈ કહેતા હતા કે ખેડૂતોને મફત વીજળી આપવી જોઈએ. ભૂતકાળની અંદર ઘણા રાજયોમાં ચૂંટણી આવી ત્યારે કૉન્ગ્રેસે પહેલેથી જાહેર કર્યું કે, ખેડૂતોને મફત વીજળી આપીશું. એવું પંજાબમાં કર્યું, આંધ્રમાં કર્યું અને સરકાર આવ્યા પછી ફરીવાર એનો એ ભાવ ચાલુ કરી દીધો. ખેડૂતોના વોટ લેવા માટે એમને છેતરવાની વાત કરી હતી. આજે ગુજરાતની અંદર ગુજરાત વીજ નિયમન પંચે જે હોર્સ પાવર પ્રમાણેના ભાવ નકકી કર્યા હતા ૧૭૬૦ રૂપિયા હોર્સ પાવર દીઠ ભાવ નકકી કર્યા હતા. ગુજરાત સરકારે એના માટે નકકી કર્યુ, વિચાર કર્યો કે આ ભાવ ખેડૂતોને પોસાય નહીં કોઈપણ કાળે જેના કારણે આ સરકારે ૯૬૦ રૂપિયા કર્યા, એના પછી ફરી વખત કિસાન સંઘની રજૂઆતને કારણે એનાથી પણ ભાવ ઘટાડીને ઓછા કર્યા છે. મીટર મૂકવાની વાત કરી છે, હોર્સ પાવર પ્રમાણે જે ખેડૂત વાપરે એના માટે સંમતિ હતી તે વખતે સ્વૈચ્છિક જે પોતે જૂન સુધીમાં મીટર સ્વીકારે એના માટે યુનિટના ૫૦ પૈસાનો દર ગુજરાત સરકારે નકકી કર્યો હતો. આજે જ્યોતિ ગ્રામ યોજના દ્વારા પણ વિરોધ પક્ષના નેતાશ્રી એમ કહેતા હતા કે ગામડાના લોકોને અંધારામાં રાખવાના છે? આ સરકારે આજની તારીખમાં આજના છાપામાં વાંચો , રૅકૉર્ડ ઉપર વાંચો કે ૮ હજાર લોકોનો જયોતિ ગ્રામ યોજનામાં સમાવેશ કર્યો છે. જેમાં ગામમાં રેવન્યુ વિલેજમાં રહેતા એના કરતા પરામાં રહેતા છેવાડાના માનવી સુધી આ સરકારે જયોતિ ગ્રામ યોજના દ્વારા લાઈટની વ્યવસ્થા કરી છે. થ્રી ફેઈઝની વ્યવસ્થા કરી છે, નાના નાના ઉદ્યોગો ત્યાં સ્થપાશે એના માટે કયારેય

એમણે સારી વાત કહેવાની નહીં, આજે જે ગુજરાત સરકારે વિદ્યુત શુલ્ક ૪૦ પૈસાને ઘટાડીને ૨૫ પૈસા અને ૭૦ પૈસા જે યુનિટે લેવાતા હતા એના ૪૦ પૈસા ક્ર્યા, ૭૦ પૈસા યુનિટ અને ૪૦ પૈસા યુનિટમાં ડીફરન્સ એમાં ૫૦ ટકા જેટલો ઘટાડો કર્યો છે. આ બિલને હું સમર્થન આપુ છું. મારું એક સૂચન છે કે હમણાં વિરોધપક્ષ તરફથી જે સૂચનો મળ્યા છે એમાં મારું એક પોઝીટીવ સૂચન છે કે ૩૦-૪ પહેલા જે ખેડૂતે બોર બનાવ્યા છે ખેતી માટે એને પણ ૩૦-૪ પહેલાના જળસંપત્તિ નિગમ દ્વારા એ જો સાબિત કરે કે આ ૩૦-૪ પહેલા બોર બનેલા છે એને આપણે તત્કાલમાં કનેકશન આપવા પણ ત્યાર બાદ જયારે આપે જે વખતે નકકી કર્યુ હતું કે તત્કાલ કનેકશન મેળવવા માટે પોતે ૫૦૦રૂપિયા ભરીને અરજી કરી શકે એવા સમયે ખેડૂત જયારે અરજી આપ્યા પછી તાત્કાલિક બોર બનાવે છે, જે ખેડૂત બે બે અઢી લાખ રૂપિયા ખર્ચી ચૂકયો છે એના માટે ફેરવિચારણા કરીને જે બોર બનાવી ચૂકયો છે, બે અઢી લાખ રૂપિયા ખર્ચી ચૂકયો છે એનો ફરીથી તત્કાલ યોજનામાં સમાવેશ કરવા મારું સૂચન છે.

**શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉર્જા મંત્રીશ્રી સન ૨૦૦૫નું મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત સુધારા ) વિધેયક લાવ્યા છે એમાં મારા કેટલાક વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

સરકાર આદિવાસીઓ ગરીબો અને ખેડૂતલક્ષીની વાત આપણે કરીએ છીએ, ગામડાની અંદર ૧૮૦૦૦ ગામડાની અંદર અને ૮૦૦૦ ગામની અંદર આજે પેપરમાં એવું હતું કે ગ્રામ જયોતિ યોજનામાં ૮૦૦૦ ગામડાઓ આ સરકાર લેવાના છે એવું વાંચ્યું મેં, અમારા ડાંગથી શરૂઆત કરી જયોતિ ગ્રામ યોજનાની, મારે આપના દ્વારા સરકારનું ધ્યાન દોરવું છે કે ડાંગની અંદર ૩૧૧ ગામોમાં અમે માત્ર ૨૭૭ ગ્રામ જયોતિ યોજના અને જેની અંદર આજે પણ ૫ લાખ ૭૭ હજાર લોકોના બાકી છે અને જે લોકોના કનેકશનો કપાઈ ગયેલાં છે, કારણ કે અમારા આદિવાસીઓ, આ લોકોને કંઈ પંખા કે ટી.વી. કે એ.સી. હોતું નથી પણ કદાચ એ લોકો પાસે રેડિયો અથવા લેમ્પ હોય એના ડબલ બિલ આવ્યા અને ડબલ બિલ આવવાથી એ લોકો પૈસા એના ભરી ના શક્યા એના કારણે ૫૭૦૦ જેટલા કનેકશનો કપાઈ ગયાં છે. અમે સંકલનમાં પણ રજૂઆત કરી છે, સરકારશ્રીનું પણ ધ્યાન દોર્યુ છે તો એ બાબત હું આપના દ્વારા વિનંતી કરું છું કે આદિવાસી વિસ્તાર જયાં ડુંગરાળ છે, આજે મહારાષ્ટ્ર સરકારે ખેડૂતો અને ગરીબ લોકોને મફત વીજળી આપવાનો કાયદો કર્યો છે અને ત્યાં આગળ છેવાડા ઉપર મારા બાજુમાં જે ખેડૂતો છે એ લોકો ગમે ત્યાં આજે એનો કૂવો હોય કે બોર હોય ત્યાં સુધી સરકારના ખર્ચે લાઈન આપે છે. આદિવાસી હોય કે કોઈપણ ખેડૂત હોય એ ખેડૂતોને ખેતી માટે મફત વીજળી આપે છે. અગાઉ જે રીતે બધા કહેતા કે કોંગ્રેસની સરકારે કંઈ કર્યુ નથી તો મારે એમનું ધ્યાન દોરવું છે કે ગ્રામ જયોતિ યોજના ગરીબ મજૂર અને ગરીબમાં ગરીબ માણસ હોય તો એને દોઢ પોઈન્ટ સુધીની મફત વીજળી આપવાનું કામ એ કોંગ્રેસે કર્યુ છે. કોંગ્રેસે જે કર્યું છે એમાં સુધારા વધારા આપણી આ સરકારે કર્યા છે. કારણ કે હું જાણું છું કે આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રી એવા બાહોશ છે કે તેઓ ગુજરાતમાં જાદુની લાકડી ફેરવે એટલે તરત જ થઈ જાય. મારે કહેવું છે કે આપણે પતંગ ઉડાવીએ, રાસ-ગરબા કરીએ અને એના અંદર લાખો અને કરોડો રૂપિયા ખર્ચીએ એના કરતાં આ ગુજરાતના ગરીબ લોકો છે. મારે પટેલ સાહેબને કહેવું છે કે એમનું મગજ કમ્પ્યુટર જેવું છે. માનનીય નાણામંત્રીશ્રી તો દરિયાદિલ છે એટલે મારી વિનંતી છે કે એવી જાહેરાત કરે કે ગુજરાતના ખેડૂતોના જે બિલો છે એ માફ કરે અને ગુજરાતના ગરીબ લોકોને મફત વીજળી મળે.

**અધ્યક્ષશ્રી** : વિધેયકની કલમ હોય, એના ઉપર બોલો.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : ગ્રામ જ્યોતિ યોજનામાં મારાં સૂચનો છે. તત્કાલ યોજનામાં સરકારે જાહેરાત કરી અને લોકોને એવું લાગ્યું કે..

**અધ્યક્ષશ્રી** : બિલ ઉપર થોડું બોલવું પડે. બધું આડું બોલો છો.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : બિલ ઉપર જ બોલું છું. મહારાષ્ટ્ર સરકારે ગરીબ અને ખેડૂતો માટે ઝૂંપડા સુધી, ગામડાં સુધી મફત વીજળી આપી છે. મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાણામંત્રીશ્રી અને માનનીય ઉર્જા મંત્રીશ્રી આજે વિચાર કરીને, એમણે ગઈ ચૂંટણીમાં જાદુ કર્યો અને બહુમતિ આવી એમ આ વખતે સામી પાટલીએ જ બેસવું હોય તો આ અંગે વિચાર કરે અને ગુજરાતના ખેડૂતોના અને ગરીબ લોકો તેમજ ઉદ્યોગોના દેવા માફ કરીને મફત વીજળી આપે એવી મારી વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** : બધા સભ્યશ્રીઓને મારે વિનંતી કરવાની છે કે જ્યારે બોલવા ઊભા થાય ત્યારે ઓછામાં ઓછું બિલ ઉપર શું છે એ જોવું પડે. બિલમાં શું સુધારો છે એ જોવું પડે અને પછી બોલે. એટલા માટે બધાને વિનંતી કરું કે, મુદ્દા ઉપર (અંતરાય) ૧૦ ટકા થાય પણ બધું બોલવું એ ઠીક નહીં.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત સુધારા) વિધેયક ૨૦૦૫ લઈને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે. આ પહેલા પણ માનનીય નાણામંત્રીશ્રીએ પોતાનું અંદાજપત્ર પ્રવચન રજૂ કર્યું ત્યારે આ જ બાબતને વિધાનસભા સમ મૂકી હતી. એ

વખતે એમણે એમ કહ્યું હતું કે અમે જુદી જુદી રીતે ૪૦૦ કરોડની વીજ વપરાશ માટે રાહતો આપી છે. એ વખતે પણ ઉદ્દેશ એ જ હતો કે આ રાહતો આપવા પાછળ, આ વિદ્યુત શુલ્ક ઓછું કરવા પાછળ ઉદ્દેશ શું છે? એ લાવવા પાછળનો ઉદ્દેશ શું છે? જે દિવસે એમણે ૬૫ લાખ જેટલા મકાનોમાં ૫૮ કરોડની રાહતો આપી, તા. ૪-૪-૦૪ થી ૯૦ લાખ જેટલા લોકોને ૨૬૦ કરોડની રાહતો આપી. આ ૪૦૦ કરોડ અને આજે આપેલી ૨૬૦ કરોડની વીજ રાહત. એ રાહત આપવાનો ઉદ્દેશ માનનીય મંત્રીશ્રીએ બિલમાં, નાણામંત્રીશ્રી વજુભાઈએ એમના બજેટમાં કહ્યું કે, ૩૨ ઉપરોકત તમામ રાહતોના કારણે આ સરકારને વીજ કરની આવકની અંદાજેલ રકમમાં ૨૨૯ કરોડનો ઘટાડો થશે. પરંતુ આ કારણે શૈક્ષણિક સંસ્થાઓ, ઉદ્યોગ, વેપાર ધંધા અને અર્થતંત્ર ચેતનવંતુ બનશે.બહુ સાચી વાત છે. પણ મારે એમ કહેવું છે આપના દ્વારા કે વિદ્યુત શુલ્કનું જ્યારે બિલ લાવી રહ્યા છો ત્યારે નાના નાના સુધારા આપણે અગાઉ ૪૦૦ કરોડના કર્યા, આજે ૨૬૦ કરોડના લઈને આવ્યા છે તો એક સંરક્ષણ નીતિ, એક વાત વારંવાર નવી નવી વાત લઈને આવવું ના પડે એના માટે આપણી પાસે ફિક્સ છે? હમણાં ભાઈશ્રી જેસાભાઈ  વાત કરતા હતા અને અમારે સૌરભભાઈ જોડે અવારનવાર વાત થાય. એ સાચી વાત છે કે એમનું કોમ્પ્યુટર માઈન્ડ છે એના કારણે કામગીરી જીઈબીની, જીઈબી બોર્ડમાંથી એનું ઉત્પાદન, એમાંથી મોંઘી પડતી વીજળી, સૌથી મોંઘી વીજળી લેવી આ બધી જ પ્રક્રિયાનો આમાં વિચાર કરવો પડશે. ચાર વર્ષ સુધી આ વિભાગ મેં પણ ચલાવ્યો છે અને મને ખબર છે કે વીજળી આપવા કેવી પરિસ્થિતિ છે અને કેવા સંજોગો છે?  ત્યારે મારે એક વાત ઉપર ધ્યાન દોરવું છે કે આમાં આપણે હોટલોને પણ સબસિડીની રાહત આપવા વિચાર્યું. બીજી જગ્યાએ પણ રાહત આપવા વિચાર્યું છે ત્યારે મારે લાંબી વાત નથી કરવી. પરંતુ હજુ એક વાત કરવી છે કે અહીંયા તમે જે શૈક્ષણિક હેતુ માટે વપરાતી જગ્યાના સંદર્ભમાં પછી ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારમાં, એમાં ગ્રામ્ય વિસ્તારમાં ૧૫ ટકાની વાત કરી છે અને શહેરી વિસ્તારમાં તમે ૨૦ ટકાની વાત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી કહેવું છે કે જ્યારે આ બિલ લઈને આવ્યા છે, જ્યારે આ ઉદ્દેશો લઈને આવ્યા છે તો ગામડાઓની જે સ્કૂલોની અંદર જે પરિસ્થિતિ છે એમાં પછી હાઈસ્કૂલ હોય, માધ્યમિક સ્કૂલ હોય, કોમ્પ્યુટરની આપણે વાત કરી છે. સ્કૂલની અંદર કોમ્પ્યુટર મૂક્યા છે એ સ્કૂલો-શાળાઓ કયા સંજોગોમાં ચાલે છે એનું જો અવલોકન કર્યું હોત તો હું માનું છું કે માનનીય મંત્રીશ્રીએ એવી જાહેરાત કરી હોત કે આ  શુલ્ક નહિ પણ તમામ શુલ્ક ઘટાડીને આ ગામડાની માધ્યમિક સ્કૂલો અને છાત્રાલયોને અમે ફ્રી ઑફ વીજળી આપીશું, આ વિચારવાની જરૂર છે. શા માટે નથી વિચાર્યું એનું મને દુઃખ છે. એનાથી આગળ વધીને એમણે જે વાત કરી હોટલો, નિવાસી હોટલોની વાત કરી છે. વાણિજ્ય હેતુ માટે, હોલ, પ્રેક્ષકગૃહ, સિનેમાગૃહની વાત કરી છે ત્યારે મારે કહેવું છે કે એની સાથે ગામડામાં આવેલી હાઈસ્કૂલો, હોટલો, પશુ દવાખાના અને શહેરમાં આવેલી હૉસ્પિટલો એટલા માટે આ હૉસ્પિટલ એ પણ એક ગરીબ માણસ માટેની જરૂરિયાત છે. એને વિદ્યુત શુલ્ક માફ કરો એને ઓછા ભાવે વીજળી આપે તો એટલી ગામડાના દર્દીને પણ ફાયદો થવાનો છે.

શહેરમાં દવા લેવા માટે હાર્ટએટેકના પેશન્ટ હોય એને ૩ લાખ રૂપિયાનું બિલ હોય પણ જો સરકાર તરફથી એટલી મદદ મળતી હોય તો એને એ બિલમાં પણ ઘટાડો થાય ત્યારે મારે આપના દ્વારા કહેવું છે કે એ વિદ્યુત શુલ્ક બિલ લઈને આવ્યા, અગાઉના ૪૦૦ કરોડ માનનીય વજુભાઈ વાળાએ વાત કરી એ અને આજે આ વારંવાર વિદ્યુત શૂલ્ક માટે અને વિદ્યુત શુલ્કમાં ગુજરાતમાં સૌથી મોંઘી વીજળી એ એટલે મેં કહ્યું કોલ બેઈજ છે, આપણી પાસે હાઈડ્રો બેઈજ નથી. આપણે એસ્સાર પાસે કયા ભાવે વીજળી લઈએ છે? એસ્સાર સાથે એગ્રીમેન્ટ કર્યો હતો એ એગ્રીમેન્ટ પ્રમાણે એણે આપણને ૩૦૦ પાવર્સ આપવાના અને ૨૦૦ પાવર્સ એણે રાખવાના હતા. આજે પરિસ્થિતિ ઊલટસુલટ છે એના કારણે આપણે એસ્સારને સૌથી વધુ ભાવ આપવો પડે છે ત્યારે મારે આપના દ્વારા એક જ વાત કરવી છે કે ખેડૂતની વિદ્યુત શુલ્કમાં વાત નથી એટલે નહિ કરું. પરંતુ છાત્રાલય, દવાખાનું અને એક બહુ સ્પષ્ટ વાત જે માનનીય મંત્રીશ્રીના ધ્યાન બહાર રહી છે, વિરોધપક્ષના નેતાએ વાત કરી છે, નગરપંચાયત અને નગરપાલિકાની સંસ્થાઓને ભયંકર તકલીફ કર્તા છે. ૩ લાખની આવક સામે ૩ લાખ જીઈબીનું બિલ, અગાઉના બિલો એ ભરી શક્યા નથી ત્યારે મેં પણ માનનીય મંત્રીશ્રી સમક્ષ રજૂઆત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, નગરપાલિકામાં આજે રાત્રે આ સંસ્થામાં જીઈબી બોર્ડ લાઈટ કાપી નાંખે, પૈસા ભરાણા નથી એ વાત સાચી છે પણ લાઈટ કપાઈ જાય છે ત્યારે ના બનતા બનાવો બને છે અને બનાવો જ્યારે બનતા હોય ત્યારે નગરપાલિકાના પ્રમુખોની પણ એક મિટિંગ શહેરી વિભાગ સાથે ગોઠવવી પડે. નગરપાલિકાના જે બિલો કપાઈ ગયા છે તો એમાંથી ઘટાડીને રસ્તો કરવો જોઈએ. નગરપાલિકા પણ એક સંસ્થા છે તથા વિદ્યુત શુલ્કમાં માફી આપી હું એટલું જ કહીશ કે આ તમામ બિલો નવેસરથી વિચારવાની જરૂર છે અને નવી વિચારણા સાથે આ બિલ લઈને આવે.

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વિધેયક ક્રમાંક-૨૭માં જે સુધારા લાવ્યા છે એને અનુમોદન આપું છું. આમાં સુધારો કરવાથી અનેક ગણો ફાયદો ગ્રાહકોને થશે. એ ફાયદા સામે એ ફાયદો પ્રજા સુધી પહોંચવાનો છે. હું સમજું છું કે બોર્ડને આમાં ૩૦૦ કરોડનું નુકસાન જવાનું છે.તો ખરેખર ગુજરાત વિદ્યુત બોર્ડ એની સ્થાપના થયા પછી અત્યાર સુધીમા જે આ રાજયના ઉર્જા મંત્રી, રાજયના મુખ્યમંત્રીશ્રીની દેખરેખ નીચે સુધારો થઈ રહ્યો છે એ ગૃહના તમામ સભ્યશ્રીએ સ્વીકારવા જેવો છે. જે આજે સુધારો થશે એ બોર્ડનો વહીવટ અને કામગીરી હોય જયોતિ ગ્રામ યોજના હોય આજે ગામડાંમાંથી બીજા ગામનું પેટા પરું જયારે બનેલું હોય મને યાદ છે કે ૨૦-૨૦ વર્ષ સુધી આ પેટા પરું લાઈટ વગર રહેતું. પરંતુ હવે ભૂકંપમાં જે ગામ અલગ બન્યા, ગામમાં એનું ઘર થાય એ પહેલાં ગામમાં વીજળી આપવામાં આવી છે. આજે ખરેખર આ જ ગૃહમાં ગુજરાત વિદ્યુત બોર્ડે જે કલમ-૩૪ અને ૩૫ દંડ લેવાની પદ્ધતિમાં સુધારો કર્યો છે. જેને કારણે જે આ વાત જાણે છે. ગામડાંના ખેડૂતો સુધી આ સુધારાને જે સમજે છે એમાં કેટલાક ફાયદા થશે. મારે મંત્રીશ્રીને કહેવું છે કે જે તારીખથી તમે જે સુધારો કર્યો છે ત્યાર પહેલા તમે જે ખેડૂતને અલગ પદ્ધતિથી દંડ દેવામાં આવ્યો એનું જે બીલ ઉધારવામાં આવ્યું ખરેખર સુધારાની તારીખ કરતા આવા બીલો અગાઉના મળ્યા છે ખરેખર કાયદાની કલમ-૩૪ અને ૩૫ ના અગાઉના બીલો મળ્યા છે એક જાહેરાત કરવી જોઈએ કે આ બીલનો પણ આ જ અમલ થાય જેને કારણે ખેડૂતોને પાંચ લાખનું બીલ સીધું એક લાખનું કે એંસી હજારનું થઈ જશે. તો આ ખેડૂત ભરવાનો. પાંચ લાખ ખેડૂત ભરી શકે તેમ નથી પણ એ જો અમલ કરવામાં આવે તો ખેડૂત ભરવાનો. પી.ડી.સી.માં સુધારો કર્યો એકેએક ગ્રાહકને સાઈઠ સાઈઠ હજાર, સિત્તેર-સિત્તેર હજાર ભરીને પી.ડી.સી. કનેકશન ચાલુ કરાવવું પડતું હતું. લાઈન ઉભી હોવા છતાં ડેડ લાઈન ગણીને લાઈનનો ચાર્જ લેતા. મંત્રીશ્રીને અભિનંદન આપવાં જોઈએ. જેસાભાઈએ કીધું કે આ નિર્ણય સારામાં સારો છે. આ બધું વ્યકિતના ધ્યાનમાં આવવાની વાત છે. હું તો કહું છું કે આ મંત્રીશ્રીએ રાજયમાં ખેડૂતોને, અન્ય ઉદ્યોગોને બધાના સૂચનમાંથી રાજયના હિતમાં જે રસ્તો કાઢયો છે એનાથી દરેક ખેડૂત પી.ડી.સી. કનેકશન વર્ષો પહેલા ખેડૂત ચાલુ કરાવી શકતો નહોતો એ ચાલુ કરાવી શકશે. ગૌરવ સાથે કહું છું કે મારા વિસ્તારના ૩ ગામોએ આવતા મહિને એક કાર્યક્રમ રાખ્યો છે જિલ્લાના એસ.ઈ.ને બોલાવીને એડવાન્સ બીલ સંયુકત ગામ સાથે ડબલ ઉપર ભરવા માગે છે. મારા વિસ્તારમાં આ કાર્યક્રમ ૩ ગામોમાં થશે. આવતા દિવસોમાં. એક સાથે એડવાન્સ બીલ આપવાની આ ખેડૂત ઉદારતા કયારે બતાવે? આજે એણે જે જે નિર્ણય લીધો છે એ નિર્ણયને ખરેખર આવકારું છું. હજીપણ ખેડૂતના હિતમાં જે સુધારા કરવા પડતા હોય એ સુધારા કરે અને બીલ અને ઉર્જા વિભાગને છેલ્લા વર્ષમાં થયેલ કામગીરી મુખ્યમંત્રીશ્રી વ્યકિતગત આની ઉપર ધ્યાન દઈ રહ્યા છે. કે તેઓ ઉર્જા વિભાગ ઉપર ધ્યાન દઈ રહ્યા છે. શું શું કરવું પડે. મહારાષ્ટ્રની અંદર ચૂંટણી લડાઈ, પંચાયતમાં લડાઈ, બિલ માફીની વાત આવી. આજે મહારાષ્ટ્રમાં શું પરિસ્થિતિ થવા જઈ રહી છે એ આપણે બધા જોઈએ છીએ. ખરેખર આ ગૌરવની બાબત છે. આ ગૃહના તમામ સભ્યોને કહેવું છે કે આજે ઉર્જા વિભાગની અંદર જે જે સુધારા થઈ રહ્યા છે, એમાં હજુ પણ સૂચનો કરે, સૂચનો આવકાર્ય હોય, સૂચનો સારાં હોય તો કોઈપણ સરકાર સ્વીકારવા તૈયાર છે. ફરીથી આ બિલ લાવ્યા છે એના માટે મંત્રીશ્રીને અને રાજય સરકારને અભિનંદન આપું છું.

**અધ્યક્ષશ્રી** : હું બે સભ્યોને મુબારકબાદી પાઠવું છું. કુંવરજીભાઈ બાવળીયા અને ભુરાભાઈ કટારાનો જન્મ દિવસ છે. તેમને ખૂબ ખૂબ શુભેચ્છા.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : આભાર.

**( વિરામનો સમય ૧૦-૩૦ થી ૧૧-૦૦ )**

**( વિરામ બાદ )**
**( સભાપતિશ્રી મહેન્દ્ર લી. મશરૂ અધ્યક્ષ સ્થાને )**

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઊર્જા મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે અને એમાં વિદ્યુત શુલ્ક જે છે, એમાં ઘટાડાની બાબત બજેટમાં આવી. આ રાજયની અંદર ગુજરાત વિદ્યુત બોર્ડની રચના થઈ અને મારે આપની મારફત સન્માનનીય ગૃહના ધ્યાન ઉપર લાવવા માગું છું કે ૧૯૭૫ માં મકરંદભાઈ દેસાઈ જેવા સ્વપ્નદ્રષ્ટા વીજમંત્રી હતા કે જેમણે કેન્દ્ર સરકારના વીજનું નિયંત્રણ કરતી જે નિયંત્રિત સત્તા હતી, એની પાસેથી ગુજરાતના સંખ્યાબંધ પાવર સ્ટેશનો માટેની મંજૂરી મેળવેલી. એ મંજૂરીનું કામ પણ હજુ સુધી ગુજરાત વિદ્યુત બોર્ડ પૂરું કરી શકેલ નથી, નહિતર આના કરતાં પણ તમે વધુ રાહતો આપી શકત.

મારું કહેવાનું એ છે કે હું ઓબ્ઝર્વેશન કરવા માગતો નથી કે કઈ સરકાર વચ્ચે હતી, પરંતુ જે જે સરકારોએ કામ કર્યુ હોય એની ચોક્કસ પ્રશંસા કરીએ. માનનીય ચીમનભાઈ પટેલના સમયમાં કેટલા વીજનું ઉત્પાદન કરવામાં આવ્યું. માનનીય શંકરસિંહ વાઘેલાએ એની સ્થાપિત શકિતમાં નોંધપાત્ર વધારો નહિ, પરંતુ

જે એક્ઝિસ્ટિંગ કેપેસિટી હતી, એને વધુ કાર્યશીલ બનાવી અને વધુ ઉત્પાદન મેળવેલું. હરજીવનભાઈ કહેતા હતા હમણા માનનીય કેશુભાઈના વખતમાં પીવાના પાણી અને વારિગૃહોને રાહતો આપવામાં આવી, પરંતુ એમાં હું મારું સબમિશન કરવા માગું છું કે એ વખતે એના યુનિટ ફિક્સ હતા. આટલા યુનિટ માટે મળી શકે, કારણ કે એના માટે જુદો પ્રસ્તાવ કરીને અમે લાવ્યા હતા કે ગામડાની અંદર એ વારિગૃહો ખાસ કરીને જ્યાં પાણી ઊંચું હોય, ત્યાં વીજળી વપરાય નહિ. ઉત્તર ગુજરાતના મહેસાણા વગેરેમાં જ્યાં પાણીનું સ્તર ખૂબ ઊંડું હોય, એટલા યુનિટમાં પૂરું થાય નહિ, એટલે યુનિટ વાપરવાની છૂટ આપેલી. વીજ વપરાશની અંદર આપણે ઉત્પાદન કરીએ છીએ, એના કરતાં વધુ રકમની વીજળી આપણે ખરીદ કરવી પડે છે. વિદ્યુત મંત્રીના બાબતની પ્રશંસા થઈ. હું પણ પ્રશંસક છું, કારણ કે સોફેસ્ટિકેટેડ અને હકારાત્મક છે, પરંતુ એમનું આ વિભાગમાં ચાલે ખરું? સરકારની અંદર ચાલે ખરું? પૂછવા માગું નિર્ણય જે કઈ લેવાનો હોય એ ઉચ્ચ કક્ષાએથી લેવામાં આવતો હોય, એના કારણે જે કઈ બોજ આવે એ વિભાગ ઉપર આવે, જે ખાનગી કંપની પાસેથી પી.પી.એ. કરેલ અને પાવર પરચેસ એગ્રીમૅન્ટ માટે એક વખત ઉત્સાહમાંને ઉત્સાહમાં માનનીય જાડેજા અને સૌરભભાઈએ પત્રકાર પરિષદમાં કહ્યું કે રા.જ.પ.ના શાસનમાં આ પાવર પરચેઝ એગ્રીમેન્ટ થયો હતો તેના કારણે ૫૫૦ કરોડનો બોજો આપણે ઘટાડી શકયા છીએ. તેમ કરીને કહ્યું હતું. ત્યારે મારે વિવેકપૂર્વક ફરીથી ધ્યાન દોરવું છે કે, આ એગ્રીમેન્ટ રાજપના શાસનમાં નહોતો થયો પરંતુ હાલના બહુચર્ચિત એસ્સાર પાવર પ્રોજૅકટ સાથેનો પાવર પરચેઝ એગ્રીમેન્ટ ભારતીય જનતા પાર્ટીની ૧૯૯૬ની સરકારમાં છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, પોઈન્ટ ઑફ ઑર્ડર છે. આ બિલ ઉપરની ચર્ચા છે, બિલ ઉપરની ચર્ચાની અંદર.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અશોકભાઈ જે ટાંકી રહ્યા છે તેમના ભૂતકાળના પ્રવચનો વાંચે કે બિલ ઉપરની ચર્ચામાં કયાં કયાં જવાતું હોય છે. એટલા માટે

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, બિલ ઉપર ચોકકસ બોલે

**સભાપતિશ્રી** : માનનીય બાબુભાઈ, અશોકભાઈનો પોઈન્ટ ઑફ ઑર્ડર છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય બાબુભાઈ બિલ ઉપરની ચર્ચામાં બિલની મર્યાદામાં રહેવાનું હોય છે. તેઓ સિનિયર સભ્ય છે અને જાણ છે. તેઓ મર્યાદા ન ઓળંગે તેવી મારી વિનંતી છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, સસ્તી વીજળી આપી શકાય તે વાત ઉપર આવવા માગું છું. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી મને વિશેષ નજરમાં રાખે છે, તેઓને મારા પ્રત્યે લાગણી છે એટલા માટે જયારે હું બોલતો હોઉ ત્યારે મારી એકાગ્રતામાં ભંગ પાડે ને પાડે જ. કારણકે તેમની કાર્યપધ્ધતિથી પરિચિત છું. એમની એકાગ્રતા ભંગ કરી શકતું ન હતું. આપના મારફત ધ્યાન દોરવું છે કે મોટા ભાગની મારી સ્પીચ હશે તેમાં તેઓ વચ્ચે ઈન્ટરફીયર થયા હશે જ.

માનનીય અધ્યક્ષશ્રી, હું કહેવા માગું છું કે પાવર પરચેઝ એગ્રીમેન્ટ એસ્સાર સાથે થયો તેના કારણે ત્યારે કોની સરકાર હતી તેટલું જ મેં કહ્યું છે. એક પાવર પરચેઝ એગ્રીમેન્ટ રા.જ.પ.ના શાસન વખતે પણ થયેલો પણ તે લાઈનમાં હતો. પરંતુ પાવર પરચેઝ એગ્રીમેન્ટ થયો માનનીય કેશુભાઈ પટેલ સાહેબના સમયમાં. ગુજરાત વિદ્યુત બોર્ડ અને સરકારના પ્રકાશનોમાં તેનો ઉલ્લેખ થાય છે. ૫૦૦ મેગાવોટનો આ પેટકોક આધારિત પાવર સ્ટેશન હતું. આ પેટકોક આધારિત પાવર સ્ટેશન અમલમાં આવવાનું કે કેમ? કારણકે તે થયું હોત ત્યારે આ ગુજરાત વિદ્યુત બોર્ડની વાત કરીને સન્માનનીય એચ.એલ.પટેલ સાહેબને યાદ કરવા જોઈએ. આ પાયો રાજયની અંદર પાવર જનરેશનનો પાયો છે તે તેમની ચેરમેનશીપ નીચેનું વિદ્યુત બોર્ડ હતુ. તેમને ધુવારણ વગેરેની અંદર શ્રી એચ.એલ.પટેલ સાહેબે નાંખેલો. કોલસા આધારિત બાષ્પ વીજમથકોની અંદર તેમને કોયલીની નવી રિફાઈનરી થયેલી અને તેની અંદરથી રીસીડીયલ ફયુલ કે જે કચરો હોઈ તેમાંથી વાપરીને ત્યાં વીજ ઉત્પાદન થતું. ધુવારણનું વીજમથક સો ટકા કેપીસીટી હોય તેના કરતાં વધુ કેપીસીટીથી વધુ વીજ ઉત્પાદન કરતું. તો આ પેટકોક પણ રિફાઈનરીના કચરામાંથી બનતું એક પ્રકારનું બળતણ છે તેના આધારિત કોઈ ખાનગી કંપની સાથે વીજ કરાર થયો હતો. તે આવ્યા ન તેના કારણે આપણને નુકસાન થઈ રહ્યું છે. મૂળ ભાવે પેટકોક જે વાપરવાનો હતો તે ભાવે આપણે અન્ય પાવર સ્ટેશનો માટે આ પેટકોક શા માટે મેળવી નથી શકતા? તે કંપની કદાચ મોટું ઔદ્યોગિક ગૃહ છે તે પોતાની સગવડોનો વિચાર કરે અને તેમાં કોઈ દંડનીય જોગવાઈ ન હોય તેના કારણે ન કરે તે સ્વાભાવિક છે. પણ આ રાજયને સસ્તી વીજળી આપવી હોય તો આ બધી બાબતો છે તેનો વિચાર કરવામાં આવે તો એના કરતાં વધુ આ તો બહુ લિમિટેડ સ્કોપમાં આપે છે. આપણે સુરત શહેરી વિસ્તારમાં વીજ કનૅકશન ઘર વપરાશમાં આપતા તેનો દૂરુપાયોગ થતો તેના કારણે આપણે તે સગવડ બંધ કરી. જરૂરી હતું એટલા માટે કેટલીક બાબતોમાં નિર્ણય લેવાયા હોય અને તેનો દૂરુપયોગ થતો હોય તો.. આજે ખેતીના ચાર લાખ કરતાં વધુ જોડાણો હશે. તેમા વીજ વપરાશ કેટલો છે તેના આંકડા ટેલી કરવા માટે આપના મારફત સૂચન આપું છું અને અગાઉ પણ સૂચન આપ્યા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, એક ખેડૂત વર્ષમાં વધુમાં વધુ ત્રણ પાક લઈ શકતો હોય છે અને એને એક પાક દીઠ વધુમાં વધુ સાત પાણી આપવા પડે અને કેટલાક પાકમાં તો પાંચ પાણીથી એ પાક થતા હોય છે અને

પાણી આપવાના વધુમાં વધુ ૩ દિવસ જાય એટલે ૭x૩x૩ એટલે ૬૩ દિવસ કરતાં એ ખેડૂત કયારેય એક વર્ષમાં વધારે વીજળી વાપરતો નથી અને પાણીની સગવડ હોય તો, નહીં તો ક્યાંક બે કે એક પાક ખેડૂત લેતો હોય છે પણ બધાનું એક કોમ્પોસેશન જો લેખીએ તો ૬૩ દિવસ વીજળી, અને ચૌદ કલાક એ પ્રમાણે ગણીએ તો ૮૦૦ કલાક કરતાં વધુ વીજળી આપણે એને આપી શકતા નથી. અહીયાં ઘણીવાર કહેવાય છે કે ૬ કે ૭ કલાક પણ વીજળી એને મળતી નથી કયાંય પૂરા વૉલ્ટેજ સાથે વીજળી મળતી નથી. તો આપ એગ્રીકલચર ફીડરનું મોનીટરિંગ કરી અને ગ્રાહકોને વીજળી જાય એના તો હોર્સપાવર નક્કી છે તો કેટલા કલાક અને કેટલા હોર્સપાવર વીજળી વપરાઈ એના આંકડા તો માનનીય મંત્રીશ્રી, આપની ઑફિસમાંથી કૉમ્પ્યુટર પરથી એકત્રિત કરી શકો છો, પણ આ નથી થતું. એના બદલે રાજયમાં જે વીજ ચોરી થાય, માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૮૦-૮૫ વચ્ચે રેસામાંથી વીજપ્રવાહ ઓછો આવતો હતો એ નવ ટકા હતો આજે અત્યારે એ ૨૪ ટકા કરતાં પણ વધી ગયો છે. આ બધો જ વીજરેસાના, લાઈનલોશ વગેરેનો ઘટાડો છેને એ એગ્રીકલચર સૅકટર ઉપર નાખી દેવામાં આવે છે અને ખેડૂતો આટલી વીજળી વાપરી રહ્યા છે અને અમે આટલી સબસિડી આપી રહ્યા છીએ, અને ખેતીનું જે સૅકટર છે એની જે વગોવણી જાણેઅજાણે થઈ રહી છે. એના તરફ માનનીય મંત્રીશ્રીનું ધ્યાન આપના દ્વારા દોરવા માગું છું કે, એ પણ ખેડૂત પુત્ર છે, અને હું પણ ખેડૂત પુત્ર છું, પણ વેપાર ઉદ્યોગમાં જતા હોઈએ છીએ પણ અમારો બેઝ છે એ ગામડાનો છે અને ગામડાના ખેડૂતને નહેરથી પાણી આપી શકતા હોવ તો એ વીજળીની પરવા ન કરે અને એટલા માટે એગ્રીકલચર મંત્રીશ્રી આ વખતે ૧૫૦ કરોડ રૂપિયા ટપક સિંચાઈની નવી બાબતમાં મેળવી શક્યા છે. ૧૫૦૦ કરોડની વાત નહીં કરો, બજૅટમાં આયોજન મંડળે જે અનુમતિ આપી છે એ તો ૧૫૦ કરોડ રૂપિયાની પ્લાનિંગમાં મંજૂરી આપી છે, આ બાબત સારી છે અને જૂની અમારી પણ એ માગણી છે અને મારી પોતાની પણ રજૂઆત હતી તો આ વીજળીનો વપરાશ ઘટ છે, માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને કોઈ ટૅલિવિઝન, અને ટેલિવિઝનને અમે વ્યંગમાં ઈડીયટ બૉક્સ કહીએ છીએ. એર કન્ડીશન ચલાવવા કે પંખા ચલાવવા માટે કે ફ્રીઝ ચલાવવા માટે વીજળી નથી જોઈતી પણ આ દેશમાં રહેતા લોકોના પેટનો ખાડો પૂરવા માટે જે અનાજ પકવવું જોઈએ એ અનાજ પકવવા માટે, અનાજનું ઉત્પાદન મેળવવા માટે ખેડૂત વીજળીનો વપરાશ કરતો હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, પાવર સ્ટેશનો, આપણા ત્યાં લીગ્નાઇટ બેજ ચોથું બાષ્પભવન આપ જે ઊભું કરી રહ્યા છો, આજથી ૫૦ વર્ષ પહેલાં એડવાન્સ્ડ કન્ટ્રીઝોએ ૭૫ હોર્સપાવરથી નીચેના પાવરો ઑફસૅટ કરીને ભંગાર કરી નાખ્યા હતા. નાઈવલી લીગ્નાઇટે જે ભૂલ શરૂઆતમાં કરી હતી એ ભૂલની આપણે શરૂઆત કરી, આપણા પાનન્ધ્રોના ત્રણે પાવરસ્ટેશનોના ત્રણ યુનિટો છે એ ૬૦થી લઈને ૭૫ના છે, આજે શું છે? એનું વીજઉત્પાદન કેટલું છે? એનો વહીવટી ખર્ચ કેટલો છે, કદાચ એ બળતણનો ખર્ચ ઓછો આવતો હોય તો પણ એના ઉપરનો જે સ્ટાફ વગેરે છે એનું ભારણ કેટલું છે? વધુ ખર્ચ કરીને ઓછું ઉત્પાદન અને એનું મેઈન્ટેનન્સ એ વખતે આ સભાગૃહમાં ૧૯૮૩ની અંદર મેં ધ્યાન દોરેલું ત્યારે આઈએમપીડી હતું ત્યારે આ વિભાગ ઉદ્યોગ વિભાગ સાથે હતો. ટેકસાસની અંદર લીગ્નાઇટની માઈન્સ છે એની પીટમાઈન્સ ઉપર એ વખતે ૮૦૦ - ૮૦૦ મેગાવોટના બે વીજમથકો કાર્યરત હતા, અને બીજા બે થતા હતા, ૩૨૦૦ મેગાવોટના પાવર સ્ટેશનો લીગ્નાઇટના ખાણના થઈ શકે તો આપણી ખાણ પાસે કેટલું પાવર જનરેશન આપણે કરીએ છીએ, વી આર બર્નીંગ ઓફ કરન્સી. એ વિભાગ એમની પાસે નથી, પાવર તો એમણે એમની પાસેથી લેવાનો છે. ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોરપોરૈશન અત્યારે પાવર સ્ટેશનો ઉભા કરી રહ્યું છે એ ૧૨૫ મેગાવોટના બે યુનિટો છે એટલે કયારેય પણ ગુજરાતમાં સસ્તાદરે વીજળી મળે એ બાબતમાં આપણે જાણ્યે અજાણ્યે દૂર જતા જઈએ છીએ એટલા માટે કે આજે આપણે ૯૪૬૦ કરોડ રૂપિયાની વીજળી જે ૨૦૦૨-૨૦૦૩માં ખરીદી હતી એમાંથી ૫૩૦૬ કરોડની વીજળી તો ખાનગી ઉત્પાદકો પાસેથી ખરદેલી છે. આપણે વીજળી ખરીદીએ છીએ, આપણું જે ઉત્પાદન ખર્ચ છે એના ૫૦ ટકા વીજળી ખાનગી ઉત્પાદકો પાસેથી ખરીદીએ છીએ અને જયારે એનો અંદાજ સુધારવામાં આવે..(અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આપની સૂચના છતાં પણ બિલ ઉપર જે હોય એના બદલે આ રીતે વિષય ઉપર વાત કરે છે. વિધેયક ઉપર જેટલું બોલવું હોય એટલી છૂટ છે. બિલની અંદર રાહત આપી છે એમાં કોઈ એ ચર્ચા નથી કરતા.(અંતરાય)

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી બિલ ઉપરની અગાઉની ચર્ચા જોઈ લે (અંતરાય) વિષય છે એને ચાતરીશ નહીં એની આ ગૃહને ખાતરી આપવા માગું છું.

**શ્રી વજુભાઈ વાળા** : કોઈ જોવાની જરૂર નથી. અગાઉ ચર્ચા કેવી થઈ છે એનું જજમેન્ટ આપવાની જરૂર નથી. (અંતરાય)

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી શા માટે અકળાય છે એ સમજાતું નથી. હું તો રચનાત્મક સૂચનો કરું છું.(અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : આ બિલ ઉપરની વાત છે, રચનાત્મક સૂચનોના દિવસો ગયા. એ ઉર્જા ઉપરની ચર્ચા હતી ત્યારે કરવા જોઈતા હતા. (અંતરાય)

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી એમ માનતા હોય કે દિવસો ગયા તો એ દિવસો કયારેય જતા નથી. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : હું સૂચનની વાત કરું છું. સૂચન ઉર્જા વિભાગની ચર્ચા હતી ત્યારે કરવા જોઈએને?

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા અધિકાર ઉપર તરાપ મારી શકાય નહીં.(અંતરાય)

**સભાપતિશ્રી** : માનનીય સભ્યશ્રી બાબુભાઈ, આપ તો સિનિયર સભ્યશ્રી છો એટલે આપ જે બિલ છે, એના ઉપર જ બોલો. આપે પણ ગૃહના સંચાલનમાં સહકાર આપવો જોઈએ.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ તો માત્ર એક શૈક્ષણિક સંસ્થાઓ ઉપર વીજનો દર છે એમાં થોડીક રાહતો આપી છે. શરણાઈ તો બધા વગાડી શકે સાંબેલું વગાડે તો ખબર પડે. એ જે રાહતો આપે છે એ રીતે ખેડૂતોનો વીજ કર નાબૂદ કરવાની વાત કરે તો ખબર પડે. અમે એ કર્યું હતું અને ૧૦૦ રૂપિયા ઓછો કરી બતાવ્યો હતો અને છતાં અમારે ઓવરડ્રાફ્ટ લેવો પડયો ન હતો. આ કામમાં અમારા વખતમાં કરજનું પ્રપોસન બહું મર્યાદિત હતું. અમારા વખતમાં કરજનું ભારણ માનનીય નાણામંત્રીશ્રી આપના સમયમાં જેટલું વધ્યું છે એટલું ન હતું, અને આ કઈ રીતે થઈ શકે કે આ વીજ ઉત્પાદન ઓછા ભાવે મેળવે તો થઈ શકે. આજે આપણે કોલ ઈન્ડિયાને બદલે આયાતી કોલસાનો વધુમાં વધુ વપરાશ આપણા પાવર સ્ટેશનોમાં કરી રહ્યા છીએ. આપણું કોલ લિંકેજીસ છે એ કોલ ઈન્ડિયાને ફાળવેલ છે એનો પૂરેપૂરો ઉપયોગ ખૂબ જરૂરી છે કારણ કે પરિવહન રેલવે મારફત થાય છે એ રેલવે મારફત થતું પરિવહન પ્રમાણમાં સસ્તું પડતું હોય છે. આપણી એ સગવડ હતી કે આપણા માટે થઈને માઈન્સ પરથી લોડીંગ કરી આપે અને અહીં આવે એના માટે ઘટ હોય તો આપણે એને જવાબદાર ઠરાવતા અને આપણે કલેમ પણ કોલ ઈન્ડિયાની પાસેથી લઈ શકતા. આયાતી કોલસો મંગાવીને વાપરીએ છીએ એની અંદર એનું ઉત્પાદન છે એ કેટલું વધારી શક્યા? જે ૨૦૦૨-૨૦૦૩માં આપણી જે સ્થાપિત શકિત છે એના પ્રમાણમાં ૬૭.૨ ટકા આપણે ઉત્પાદન લેતા હતા એનો અંદાજ ૨૦૦૩-૨૦૦૪ ૬૯.૯નો કર્યો પણ સુધારેલો અંદાજ ૬૭.૫ જ આવ્યો એટલે પોઈન્ટ બે ટકાનો માત્ર વધારો. આ જનરેશન છે એના બદલામાં તમારો લાઈનલોસ કેટલો થાય છે? ટ્રાન્સપોર્ટેશન કોસ્ટ કેટલી વધી છે? એ આંકડા માંડો તો હિસાબમાં કયાંક એનું ધ્યાન દોરી શકો.

૨૦૦૪-૦૫ની અંદર ૭૦ ટકા લોડ ફેક્ટરના અંદાજો કાઢેલ, ૨૦૦૪-૦૫ તો પૂરું થઈ ગયેલ છે, કાં તો પૂરું થવામાં છે એના આંકડા તમે જૂઓ ૭૦ ટકા સુધી તમે પહોંચ્યા છો ખરા? અંદાજો તો આપણે કાઢીએ, ખૂબ સારું કરવાની ભાવનાથી આપણે કરતા હોઈએ પણ ક્યારેક સારું આપણને બળતણ મળે, અનુકૂળ વાતાવરણ મળે અને ખાનગી ઉત્પાદકો પાસેથી વધુમાં વધુ વીજળી ખરીદીને ગુજરાત વિદ્યુત બોર્ડનો વહીવટ ચાલી રહ્યો છે. એમાં ગુજરાતની પ્રજાને સસ્તી વીજળી આપવાની વાત એ કઈ રીતે થઈ શકે? આપી શકો તો સારું, એટલા માટે કે એમની જે ભાવના છે એની અમે પ્રશંસા કરીએ છીએ પણ માત્ર અમે કર્યુ છે અમે કર્યુ છે, અગાઉની સરકારમાં અમરસિંહભાઈએ મિટર પદ્ધતિ દાખલ કરી હતી પછી શંકરસિંહજીના વખતના ૧૦૦ રૂપિયાનો અમે ઘટાડો કર્યો છે, વારીગૃહોના પાણીના બિલો ઓછાં કરવા માટે આત્મારામ પટેલને અમારે યાદ કરવા પડે એમનો આગ્રહ હતો કે ઉત્તર ગુજરાતની અંદર પાણીના તળ ઉંડા છે, તમારા મર્યાદિત યુનિટોની માફીથી અમે પૂરું કરી શકીએ નહિ એટલા માટે થઈને (અંતરાય) આપ મને કહો છો એટલા માટે વાત કરું તો અગાઉના બિલોની અંદર વિસ્તૃત ચર્ચાની અંદર હજી તો મારે કેટલીક બાબતો કહેવી છે.

**સભાપતિશ્રી** : માનનીય બાબુભાઈ, બિલો ઘણા છે મને લાગે છે કે આપે જે કહેવાનું છે એ બધુ કહી દીધું છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : મેં તો રચનાત્મક સૂચનો કર્યા છે પરંતુ એના જે ભયસ્થાનો છે એ હું કહેવા જઈ રહ્યો છું,

**સભાપતિશ્રી** : માગણી પરની ચર્ચા વખતે આપે ઘણું બધું કહી દીધું હશે, આપ પણ સમજો છો, આપ સિનિયર મેમ્બર છો, મંત્રીશ્રી પણ રહી ચૂક્યા છો. અહીંયા સમયની પણ મર્યાદા હોય છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, એક પણ મુદ્દા સિવાયની જો હું વાત કરું તો કોઈપણ સભ્ય પોઈન્ટ ઓફ ઓર્ડર કરીને મને અટકાવી શકે છે અને આપ પણ જરૂર પડ્યે એ દૂર કરી શકો છો..

**સભાપતિશ્રી** : હું સમજી શકું છું. આપ સરકારી વિધેયક પર બોલી શકો છો અને આપને બોલવાનો વીસ-બાવીસ મિનિટ જેટલો સમય આપ્યો પણ છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારાં થોડાંક સૂચનો કરીને મારી વાત પૂરી કરીશ. આપણે ત્યાં સબ સ્ટેશનો વધારે થયાં અને એના પરથી પણ એનું જે લોડ ફેક્ટર છે દરેક સબ સ્ટેશન ઉપરનું વીજનું ભારણ છે એ ઘટતું જાય છે એ એનું કારણ છે પણ આપણે સબ સ્ટેશનોનો વધારો કર્યો એને કારણે ગ્રાહકોની સેવા આપવાની જે બાબત છે એમાં કંઈ સુધારો-ઈમ્પ્રુવમેન્ટ થયો છે ખરો?, જ્યોતિગ્રામ યોજનાની આપણે ખૂબ વાતો કરી, ચોવીસ કલાક સિંગલ ફેઝ આપવા માટે તો આપણે બંધાયેલા છે, ૧૯૯૬ના

ઓક્ટોબરની ૩૧મી તારીખથી સતત ૧૯૯૮ના માર્ચ મહિના સુધી જ્યાંસુધી રા.જ.પ.ની સરકાર હતી ત્યાંસુધી સિંગલફેઝ ચોવીસ કલાક વીજળી અપાતી હતા

**શ્રી વજુભાઈ વાળા** : આ તમારી રા.જ.પ.ની સરકારના ગુણગાન ગાવાની વાત નથી, બહુ સ્પષ્ટ વાત છે માનનીય સભ્યશ્રી બિલ પર જરાય નથી આવતા, માનનીય અધ્યક્ષશ્રી, આપે ત્રણ ત્રણ વાર સૂચના આપેલ છે છતાં પણ માનનીય સભ્યશ્રી બિલ પર નથી બોલતાં બિલની વાત ક્યાંય પણ નથી આવતી.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ગામડાની પ્રજાને અંધારામાં રાખવાની વાત અને આવી જે ભારતીય જનતા પાર્ટીની વ્યવસ્થા છે.. હું બે મિનિટમાં મારી વાત પૂરી કરું છું. મારી સરકારની બાબતો છે એ એમનાથી સહન ન થતી હોય એ સ્વાભાવિક છે પણ એ હકીકત છે એનો તમે ઈન્કાર પણ નહિ કરી શકો.

**શ્રી વજુભાઈ વાળા** :તમારી સરકારનું સાંભળવા માટે આ હાઉસ ન હોય અને તમારી સરકાર પાછી જતી રહી છે જેનું નામનિશાન નથી એની તમે વાત કરો છો..

**સભાપતિશ્રી** : બાબુભાઈ, આપનું પ્રવચન હવે પૂરું થયું. નેકસ્ટ માનનીય જગદીશભાઈ.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : સૌરભભાઈના અભિગમને અમે એપ્રિસિએટ કરીએ છીએ.

**સભાપતિશ્રી** : માનનીય જગદીશભાઈ,

**શ્રી બાબુભાઈ મે. શાહ** : ફરી એકવાર કહું છું કે સૌરભભાઈના અભિગમને અમે એપ્રિસિએટ કરીએ છીએ. (અંતરાય) મારી એકાગ્રતાનો ભંગ થાય છે (અંતરાય)

**સભાપતિશ્રી .** : માનનીય બાબુભાઈ આપનું પ્રવચન પૂરું થયું. બાબુભાઈ પ્લીઝ. માનનીય જગદીશભાઈ.

**શ્રી જગદીશ ઠાકોર(દહેગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત વિધેયક ક્રમાંક:૨૭ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

## પોઈન્ટ ઓફ ઓર્ડર

### વિધેયકના વિષયની મર્યાદામાં રહીને ચર્ચા કરવા બાબત

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર))** : માનનીય અધ્યક્ષશ્રી, આપણા આખાય સન્માનનીય ગૃહને અને મને લાગે છે કે, આપણું ધ્યાન બરાબર કેન્દ્રીત રહે અને ખરેખર આપણે કારણકે આ સભાગૃહનું રેકોર્ડ ભવિષ્યમાં કેટલા બધા નવા સભ્યો આવશે અને ત્યારે આ વાંચશે એટલે બિલની અંદર ઉદ્દેશ્યો અને કારણોમાં તેના બિલનો સ્કોપ પણ લખ્યો છે અને મને લાગે છે કે આ બિલ છે તે અત્યારની નાણાંકીય વ્યવસ્થાનું બિલ છે એટલે એકદમ ફોર્મલ જે વ્યવસ્થા નાણાંકીય બજેટમાં જાહેરાત થઈ છે તે વ્યવસ્થાને બિલના રૂપમાં લાવવું પડે એટલા માટે મને લાગે છે કે હું બધાને કોઈ ટીકા કરવા નથી કહેતો સભ્યશ્રીઓની લાગણી પણ તેના ખાતામાં જે કંઈ હોય તે પણ હોઈ શકે. મને લાગે છે કે ક્યાંક તેને માટેની એવી વ્યવસ્થા બધા સ્વીકારીએ જેમાં બિલની અંદર જે સેકસન છે તેમાં ક્યાંક થોડુંક દા.ત.બાબુભાઈએ કહયું કે વિદ્યુત નીચા ભાવે મળે તો ભાવ ઘટે તે વાત સાચી. તે બિલની અંદર આપણે કહી શકીએ પણ એવી બાબતો ભલે ના હોય તો પણ સહેજ કહે તો વાંધો નહીં પણ માત્ર અને માત્ર જે વસ્તુ કયાંય નથી એવી ઊર્જા વિભાગની માગણીઓ ઉપર ચર્ચા ચાલતી હોય એવી રીતે બિલની ચર્ચા મને લાગે છે કે, ભવિષ્યની અંદર આપણી આ ચર્ચાનો રૅકૉર્ડ રહેશે તેને માટે પણ આ સારું નહીં કરીએ એવું લાગે છે એટલા માટે આ બધી વાત માન્ય રાખતા હોય તો આપણે બધા થોડી આપણી જાતને સંયમિત કરીએ એવી મારી લાગણી છે.

## વિધેયકો (સરકારી) (ક્રમશ:)

### મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૫. (ક્રમશ:)

**શ્રી બાબુભાઈ મે. શાહ** : ૧૧ રૂપિયાના ભાવે તેમણે વીજ કરાર કર્યા હતા એટલે મારે કહેવું પડ્યું. અમે કોઈ વીજ કરાર કર્યા નહોતા એટલે મારે કહેવું છે.

**સભાપતિશ્રી** : મારી બધા સભ્યશ્રીઓને વિનંતી છે કે આજના બીઝનૅસમાં ઘણાં બિલો પસાર કરવાનાં છે, બિલોની સાથે, બિલોને લગતી ચર્ચા થાય, રાજકીય અવલોકનો ઓછા થાય અને કામ છે તે ઝડપભેર પૂરું કરીએ તે માટે હું દરેક સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે બિલોની દ્રષ્ટિએ જ આપ આપનું પ્રવચન આપો.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેન્દ્રભાઈએ જે વાત કરી તેમાં સૂર પુરાવું છું. રેકૉર્ડ ઉપર જે વિગતો મૂકાતી હોય છે અમારા જેવા પહેલા સત્રમાં આવેલા ધારાસભ્યો અગાઉનું રેકૉર્ડ વાંચીને, બોલવાની તૈયારી સાથે, લેસન કરીને કરતા હોય છે. આ બન્ને માટે જરૂરિયાત છે. બન્ને પક્ષને આ વાત ખૂબ ગંભીરપણે લાગુ પડે છે અને આ ગૃહના જે નીતિ-નિયમો છે તે જેટલી જવાબદારી અમારી પક્ષે આવે છે તેનાથી અધિકગણી જવાબદારી ટ્રેઝરી પક્ષે આવે છે. એટલે તે પણ તે બાબતમાં વિચારે અને આ ગૃહની કાર્યવાહીમાં આપણે જે રીતે જવા માગીએ છીએ તે રીતે જવાની પહેલ કરીશું તો તેનાથી આ ગૃહની ગરિમા પણ જળવાશે અને આવતા દિવસોનું આ ગૃહનું ભાથુ છે તે આપણે ખૂબ સમૃદ્ધ ભાથુ આપી શકીશું.

માનનીય મંત્રીશ્રી ૨૧૬ કરોડની રાહતો લઈને જ્યારે આવ્યા છે ત્યારે માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા વિનંતી કરવા માગું છું કે, કેટલાક આપણા વિભાગો એવા છે કે જેમાં વેપાર કરાતો નથી. વેપારની દ્રષ્ટિથી જે વિભાગોને જોવામાં નથી આવતા તેમાં માનનીય નરોત્તમભાઈએ તેમની માગણીના પ્રત્યુત્તરમાં કહ્યું હતું પાણીમાં કેટલા કરોડ ખર્ચાયા છે તે અગત્યનું નથી પણ જે જરૂરિયાત છે પાણી આપવાનું જરૂરિયાત વાળુ બન્યું છે તેમ ખેડૂતોને સમૃદ્ધ કરવા માટે તેની આજીવિકા ચાલે અને સમગ્ર ગુજરાતના ૧૮ હજાર ગામડાંઓમાંથી સૌથી વધુમાં વધુ જો રોજી રોટી આપવાવાળો જો કોઈ વર્ગ હોય તો તે ખેડૂત છે. એવા ખેડૂતને રાહત આપવામાં સરકારને થોડી ખોટ થાય તો ચાલે. એ એટલા માટે કે ગુજરાતના વેપારી જગતને સમૃદ્ધ બનાવવા માટે જે ઔદ્યોગિક ગૃહો છે એની પાસે નાણાં જી.ઈ.બી.નાં નીકળતાં હોય એના માટે સેટલમેન્ટ આવે, બીજું આવે, એ પૈસા ના ભરાય તો માફી આપવામાં આવતી હોય કે જે કાંઈ હોય કે કોર્ટ લિટિગેશન થતું હોય અને વર્ષો સુધી કરોડો રૂપિયા પરત ના આવતા હોય ત્યારે સાચા ખેડૂતોને બોલાવીને ચર્ચા કરીને વધુમાં વધુ રોજી રોટી આપવાનો પ્રશ્ન છે એમાં ખેડૂતોને ખૂબ રાહત આપવા માટે આપના દ્વારા વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેન્દ્રભાઈએ અને ડો. ચંદ્રિકાબેને વાત કરી છે કે ગામડાંમાં પ્રાથમિક શાળાનું જે શિક્ષણ છે એમાં કોમ્પ્યુટર આપવામાં આવ્યાં છે, સાયન્સ અને બીજા જે પ્રયોગો કરવામાં આવતા હોય છે એમાં જે વીજઉપકરણો વપરાય છે. તો આ જે સંસ્થાઓમાં જે વખતે શિક્ષકો કાર્યક્રમો આપતા હોય છે ત્યારે આપણે કોમ્પ્યુટર ચાલુ રાખી શકીએ છીએ ખરા? એના માટેનાં આપણે કનેકશનો આપ્યાં છે, પરંતુ પરા વિસ્તારમાં શાળાઓ છે એટલે ૮ કલાક, તો માત્ર ૮ કલાક વીજળી રાત્રે મળતી હોય ત્યારે દિવસે આ શાળાના કોમ્પ્યુટરો લાઈટ વિના બંધ હોય છે.(અંતરાય) આપણે આ કોમ્પ્યુટરો આપ્યાં છે તો એનો ખરા અર્થમાં વપરાશ થાય એના માટેની મારી આપના મારફત વિનંતી છે કે શૈક્ષણિક સંસ્થાઓમાં વહેલામાં વહેલી તકે ૨૪ કલાકની લાઈટની સુવિધા કરે અને બીજું કે શાળામાં શિક્ષકો, આચાર્યશ્રીઓ અને રાજકીય આગેવાનો કાર્યક્રમમાં જતા હોય છે ત્યારે પંખાઓ ના હોય તો લોકફાળો થાય, બીજી કોઈ જરૂરિયાત હોય તો લોકફાળો થાય, વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા હોય તો લોકફાળો થાય, પરંતુ બિલમાં સરકારે નકકી કર્યુ હોઈ એમાં લોકફાળો ના લઈ શકે અને શિક્ષકો ઉઘરાવે તો લોકો આપી પણ ના શકે. એટલે સંપૂર્ણ માફી આ સંસ્થાઓમાં મળે એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, થોડીક નગરપાલિકાઓ હશે કે પંચાયતો હશે કે જેમનાં ૧૯૯૨ પહેલાંનાં વારિગૃહોનાં બિલ બાકી છે. અત્યારે જે પરિસ્થિતિ આવી છે કે આ પીવાના પાણીના વારિગૃહોના બિલોની વાત છે અને સ્ટ્રીટ લાઈના બિલોની વાત છે. હવે જયારે આ થોડીક પંચાયતો અને થોડીક નગરપાલિકાઓનો જયારે પ્રશ્ન બનતો હોય અને બહુ મોટું લાંબું બિલ ના થતું હોય તો વર્ષોથી આવા પૈસા ખૂબ ઓછી જગ્યાએ બાકી છે અને એ બાકીના લેણા પરત આવે એવો પ્રયત્ન પણ કરી રહયા છે, પરંતુ સમૃદ્ધ નગરપાલિકા અને સમૃદ્ધ કોરપોરેશનો કે આવકવાળા હશે એ કદાચ એ પરત કરી શકશે, પરંતુ જેની પરત કરવાની શકિત જ નથી એનાં લેણાં માંડવાળ કરવાં જોઈએ. આ એટલા માટે જરૂરી છે કે જેને બોર બનાવે ૧૦-૧૦ વર્ષ થઈ ગયા છે, પરંતુ ૧૯૯૨ પહેલાંના પૈસા ભરવાના બાકી છે અને એને કનેકશન મળતાં નથી. આ પીવાના પાણીનો પ્રશ્ન છે એ પણ આપણે ધ્યાનમાં લેવું પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિસ્તારમાં ઝૂંપડાંવાળા માટે વીજ સહાયમાં વધારો એટલા માટે કરવો પડશે કે શહેરી વિસ્તારમાં ૧૯૯૯-૨૦૦૦ થી માંડીને અત્યારસુધીમાં જોઈએ તો ક્રમશ: ઘટાડો સહાયમાં થતો ગયો છે. શહેરી વિસ્તારમાં ગરીબોની સંખ્યા વધતી જાય છે અને વીજ સહાયની સુવિધામાં ક્રમશ:૧૯૯૯-૨૦૦૦ થી ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ માં આ બજેટ ઘટતું જાય છે. વિસ્તાર વધે છે અને યોજનામાં રકમ ઘટે છે. એટલા માટે આપના દ્વારા મંત્રીશ્રીને સૂચન કરવા માગું છું કે આ બાબતમાં હકારાત્મક વલણ લઈને શહેરી વિસ્તારની ઝૂંપડપટ્ટીમાં આ માટેની સહાય વધારે એવી વિનંતી છૈ.

માનનીય અધ્યક્ષશ્રી, વારિગૃહોનાં જે વીજ જોડાણ આપ્યાં છે એમાં ફકત એનો ઉપયોગ પીવાના પાણી માટે જ થાય છે. કેટલીક જગ્યાએ એવું જાણમાં આવ્યું છે કે મિટરો ખૂબ જૂનાં થઈ ગયાં હોય અને મિટરો ચેક કરવા માટે અધિકારીઓ આવ્યા પછી અધિકારીઓ એ મિટર લઈ ગયા અને આ મિટરો સાથે તમે ચેડાં કર્યા છે એમ કરીને એક એક લાખ રૂપિયાના દંડ સાથેનાં બિલ ફટકારવામાં આવ્યાં. તો આ વારિગૃહોના બિલના પૈસા તો આપણે લેતા નથી. જો એનો બીજો કોઈ ગેરવપરાશ કર્યો હોય એવા લોકોને તમે દંડો એ વાજબી વાત

છે પણ વર્ષો જૂના મીટરો જોવામાં આવે, અને જયારે વર્ષો જૂના એ મીટરોમાં ખરાબી થઈ ગઈ હોય, અને પંચાયત તરફથી તેની જાણ કરવામાં કસૂર રહી ગઈ હોય, તો તે બાબતને હકારાત્મક રીતે લઈ અને વીજ વપરાશના જે ખોટા બિલો આપવામાં આવ્યાં છે એમાં પણ સરકાર કંઈક વિચારે. અને એમાં પણ આવી જે બાબતો ધ્યાન ઉપર આવી હોય તેના જોડાણો ચાલુ કરવા માટે માનનીયમંત્રીશ્રી મંજૂરી આપે એટલી જ આપના દ્વારા વિનંતી કરું છું.

**શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજય કક્ષાના ઉર્જા મંત્રીશ્રી સૌરભભાઈ સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક ૨૭, મુંબઈ વિદ્યુત શૂલ્ક ગુજરાત સુધારા વિધેયક લઈને આવ્યા છે તેને અનુમોદન આપવા માટે ઉભો થયો છુ, અનુમોદન એટલા માટે હું આપું છું કે આ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકારની રચના થઈ ત્યારથી સતત અને સાતત્યપૂર્ણ રીતે એક પછી એક, વીજ ગ્રાહકોને સ્પર્શે, તેને રાહતો મળે, તેઓ પોતાના કામ ધંધા, શિક્ષણ, આરોગ્ય વિષયક જે કંઈ પ્રવૃત્તિઓ કરતા હોય તે પ્રવૃત્તિમાં તેમને પ્રોત્સાહન મળે, ઉત્તેજન મળે, તે દિશામાં પગલાં લેવાની શરૂઆત થઈ, અને એ પગલાંના કન્ટીન્યુએશનમાં આ સતત ચાલતી પ્રક્રિયાના ભાગ રૂપે આજનું આ વિધેયક લઈને આવ્યા છે. બાકીની ચર્ચાઓ તો બજેટ વખતે થઈ છે, જનરલ બજેટ વખતે પણ થઈ છે અને ઉર્જાના બજેટ વખતે પણ થઈ છે. પણ મુખ્ય વાત જે છે તે એ, કે અહીં કયારેક કયારેક એવું કહેવામાં આવ્યું કે આ આટલા વિભાગોને સ્પર્શે છે, આટલા વિભાગોને નથી સ્પર્શતું, તો સાતત્ય કયાં છે તે હું બતાવવા માગું છું. સૌથી પહેલો સુધારો આવ્યો તે ડોમેસ્ટિક ગ્રાહકો માટેનો હતો, જે ઘરગથ્થુ વપરાશકારો હતા તેમને ૫૮ કરોડની રાહતો આપી. અને તે આ સરકાર આવી ત્યારથી શરૂઆત થઈ છે. છેલ્લા ૧૮ વર્ષથી ઈલેકટ્રીસિટી ઉપર સેલ્સટેકસ હતો તે ૨૦૦૨ ની સાલમાં તેની માફી આપી અને ૨૬૦ કરોડ રૂપિયાનો ફેર પાડયો, આવી જ રીતે અહીંથી ખેડૂતોની વાત થતી હતી. ત્યારે તેના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે ઈરિગેશન ઉપર, ખેડૂતો જે સિંચાઈ કરે તે સિંચાઈ ઉપર ઈલેકટ્રીસિટી ઉપર જે ડયુટી હતી તે ૨૨ વર્ષથી ચાલતી હતી. તે પણ દૂર કરવામાં આવી, અને એમ કરીને રાહત આપી, કયારેક ૯૦ લાખ, કયારેક ૬૫ લાખ તો કયારેક ૧૨ લાખ એમ કરીને કુલ, જે આ નીતિ ચાલી આવી એમાં ૪૦૦ કરોડની રાહતો આજ સુધીમાં અપાઈ છે, અને આ નવી રાહતો ૨૨૯ કરોડની છે. બજેટ વખતે વાત થઈ છે અને જે રાહતો અપાઈ છે એમાં જે મોટામાં મોટી રાહતો આખા બજેટમાં જો કોઈ હોય તો તે આ ઈલેકટ્રીસિટી ડયુટીની રાહતો છે. આ તો જ થઈ શકે કે જયારે આવતી આવક યોગ્ય રીતે સરકારની તિજોરીમાં જમા થાય, આવકની ચોરી ન થાય, અને એટલે એવે વખતે તેનું ધ્યાન રાખ્યા પછી જ આ થઈ શકે, આજ સુધી અહીં બાકીના બધા મિત્રો કહેતા હતા, જી.ઈ.બી. ની જયારે જયારે વાત નીકળે ત્યારે, કે આમાં ઘ ટાડો કરવો જોઈએ, આમાં ઘટાડો કરવોજોઈએ. પણ દરેક વખતે વીજ ચોરી ઘટાડી અને તેના કારણે આગળ આગળ ઉર્જા વિભાગમાં તેની શરૂઆત કરી શકયા,

હું બે ત્રણ મુદ્દાઓ, કલમોમાં જે સુધારા છે અને જેના માટે છે તે માટે એટલી જ વાત આ ગૃહના ધ્યાન ઉપર મુકવા માગું છું. સેકસન ૨.૧.(ક) અહીંથી જયારે કહેવામાં આવ્યું કે શૈક્ષણિક હેતુ માટે, અને તે પણ ગ્રામ્ય વિસ્તારના શૈક્ષણિક હેતુ માટેની વાત છે. એની ઈલેકિટ્રસિટી ડયુટી ઘટાડી અને જે ૨૦ ટકા હતી એ ૧૫ ટકા કરી છે. એવું જ જ્યારે અહીંથી કહેવામાં આવતું હતું કે આ તો ફાયદો કોને થવાનો છે? એમાં બે વિભાગ છે. સર્વિસ અન્ડરટેકીંગ આપવાનો, સૌથી મોટો ફાયદો સ્લેબથી હોય આ ૩૦ ટકામાંથી ૧૫ ટકા કર્યા છે. સર્વિસ અન્ડરટેકીંગ જેમાં રિપેરીંગ વાળા જેમાં ઈલેકિટ્રસિટી ડેટા પ્રોસેસવાળા જે લોકો સર્વિસ પૂરી પાડે છે, જે નાના લોકો છે એ કોઈ મૂડીપતિ નથી કે કોઈ ઉદ્યોગપતિ નથી. એવાને સૌથી વધારે ફાયદો આપ્યો છે. તેથી એના ખર્ચમાં ઘટાડો થશે એનો ફાયદો છેક નીચે સુધી થવાનો છે. નાના માણસો કામ કરે છે, સર્વિસ આપવાની કામગીરી કરે છે એને ફાયદો મળવાનો છે. એવી રીતે રેસીડયુઅરી કેટેગરી છે એ બે-ચારમાં આપી છે. આ રેસીડયુઅરી કેટેગરી છે એમાં ૪૫ થી ૩૫ ટકા ઈલેકિટ્રસિટી ડ્યૂટી કરવામાં આવી છે. એમાં જેનો સમાવેશ થાય છે. અહીંયા સામેથી ઉલ્લેખ થતો હતો કે આ તો કોઈક મોટા માણસોને ફાયદો કરાવી આપ્યો છે. આ રેસીડયુઅરી કેટેગરી જેનો સમાવેશ થાય છે એનો હું આ તકે ઉલ્લેખ કરવા માગું છું. નાના દુકાનદારો છે, વ્યવસાયકારો છે,નાના વેપારીઓ છે જે લોકો સંશોધનનું કામ કરે છે. રીપ્રોસેસીંગ યુનિટસ, ગોસરી સ્ટોર્સ, ટેલિફોન કેબલ, એસ.ટી.ડી. પી.સી.ઓ. નાના દવાખાના, નાના પ્રોફેશનલ્સ સ્ટોર્સ, પ્રોવિઝન સ્ટોર્સ, ઝેરોક્ષ કામ કરવાવાળા આ એકદમ નાના લોકો છે. નાના દુકાનદારો, પ્રોફેસનલ વેપારીઓ છે એના માટે જે પહેલા ૪૫ ટકા હતી એ ૩૫ ટકા કરી છે. એની વાત આ વિધેયકમાં લઈને આવ્યા છે ત્યારે એને હું મારો ટેકો આપું છું. એવી રીતે જે આઠ સ્લેબ હતા એના બદલે ચાર સ્લેબ કર્યા છે. ૭૦ પૈસામાંથી ૪૦ પૈસા જે કેટેગરી સેલ્ફ જનરેશન છે.૭૦ પૈસામાંથી ૪૦ પૈસા થયા. ત્યાં ૩૦ પૈસા ઘટ્યા છે. કુલ ૮ ના ૪ સ્લેબ થયા છે એ આપના ધ્યાન ઉપર મૂકવા માગું છું. આ જે એકટના પ્રોવિઝન છે એતો ખાસ તો બજૅટને સંલગ્ન અને એની સાથે આ વખતના બજૅટનો સૌથી મોટો ભાગ આ વિધેયક છે એમાં સમાવેશ થાય છે ત્યારે આ વિધેયકને અનુમોદન આપીને અને સર્વાંગી આખીય નીતિની પ્રક્રિયાનો સતત ચાલતો એક ભાગ છે એ ભાગ હજુ આગળ વધી

શકે એ માટે જે પગલાં છે જે વિધેયક લઈને આવ્યા છે એ ઉત્તમ પગલાં અને આવતા દિવસોમાં વિકાસ અને સમૃદ્ધિની દિશાને પકડનારું ગુજરાત છે એ દિશામાં લઈ જનારું વિધેયક છે એને અનુમોદન આપીને વિરમુ છું.

**શ્રી હેમાજી દ. રાજપૂત (વાવ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉર્જામંત્રીશ્રી જે સુધારા લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

અમારો વાવ અને થરાદ તાલુકો એકદમ પછાત છે. અમે દસ-દસ વર્ષથી વીજળીના કનૅક્શન માટે માગણી કરેલી છે. એ આજ સુધી મળેલ નથી. અમે તત્કાલ વીજ જોડાણમાં એક ગામમાંથી ૨૫ જણાએ માગણી કરી એમાં બે ખેડૂતોના સરવે કામ કરવામાં આવ્યા અને બાકીના ૨૩ને એમ કહેવામાં આવ્યું કે તમારા કૂવામાં પાણી નથી એટલે સરવે કામ નહિ કરવામાં આવે. સાહેબ આમાં એક કૂવામાં તો મોટર ચાલે જ છે. તો ફરીથી આ અંગે સરવે કરવામાં આવે અને આ તત્કાલ વીજ જોડાણ છે એ તાત્કાલિક આપવામાં આવે. આ વાવ થરાદનો પ્રશ્ન છે એમાં એમ કહેવામાં આવે છે કે તમારે ત્યાં પાણી નથી એમ કરીને સરવે નથી કર્યો તો એ ફરીથી કરવામાં આવે તેવી વિનંતી છે. તો પણ ૨૫માંથી બે સરવે કર્યા છે અને ૨૩ બાકી છે. તેમાં ૩૦૦-૪૦૦ માગણીદારોનો ફરી સરવે કરાવો.

ખેડૂતોની વાતો, ખેડૂત પુત્રની અને ખેતીની વાતો કરો છો, ખેતી કેવી હોય, ખેડૂતના દીકરા હશો પણ આ બધું કાગળ ઉપર જઈને વાતો કરો છો, હું તો ખેતી કરનારો માણસ છું. નાનામાં નાના ખેડૂત અને ખેતમજૂર સાથે સંકળાયેલો છું. એટલે હું વિનંતી કરું છું કે એ લોકોની ૧૦-૧૦ વર્ષની માગણી છે. તો જે બાકી રહી ગયા છે તેનો સરવે કરાવીને આઠ કલાક વીજળી આપો છો તેની જગ્યાએ બાર કલાક વીજળી આપો. અમારે ત્યાં મોટી ખેતી છે. ૫૦ ટકા ખેતી થાય છે અને ૫૦ ટકા ખેતી થતી નથી. ૧૦૦ ટકા હમણાં ગામડાંમાં વીજળી રાત્રે મળવા માંડી. વાવ-થરાદ તાલુકામાં ૮૦ ટકા ખેડૂતો ખેતરમાં રહે છે. એ લોકોને રાત્રે તેમના છોકરાઓને ભણવા માટે કે તેમના ધંધા માટે બે કલાક ખેતરોમાં વીજળી આપવામાં આવે. ગામમાં કોઈ છે નહીં, ૪૦૦ ઘર ખેતરમાં રહે છે. તો તેમને માગણી છે, તેમના છોકરાઓના અભ્યાસ માટે, વલોણા માટે બે કલાક રાત્રે વીજળી અપાય એવું મારું સૂચન છે. ઉર્જા મંત્રીની વાત છે એટલે અધ્યક્ષશ્રી રોકે કે બીજી વાત ન કરવી પણ મહેસૂલ મંત્રીશ્રીને વિનંતી છે કે ૮૨ ગામો અછતમાં ગયા છે. 'ફુડ ફૉર વર્ક'ના લાખો રૂપિયા જિલ્લામાં આવ્યા છે તેનો ગેરઉપયોગ થાય છે અને અછતના મજૂરો હિજરત કરવા માંડ્યા છે. ત્યારે મારું સૂચન છે કે અછતના કામો ચાલુ થાય, આટલું કહીને બેસી જાઉં છું.

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સુધારા વિધેયક લાવ્યા છે તેમાં મારા પણ સૂચનો કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, સુધારા લાવ્યા પણ અમને વિશ્વાસ એવો હતો કે સુધારામાં કંઈક ગામડાંના ગરીબ માણસોનો, ખેડૂતોનો કે જે ઉદ્યોગથી રોજી-રોટી બેરોજગારોને મળે છે એવામાં ક્યાંકને ક્યાંક રાહત લાવ્યા હશે. પરંતુ આમાં તો પોતપોતાને લગતું હોય અને ફાયદો થતો હોય એ જાતનો સુધારા અને ફાયદા કર્યા છે. જેને લાભ આપ્યો છે તેમાં ગુજરાતનો ગરીબ માણસ, મજૂર માણસ કે ખેડૂતને કોઈ લાભ થતો નથી. તે એટલું જ લાવ્યા હોત કે ખેડૂતને આપણે વીજળી તો નથી આપી શકતા, ખેડૂતના ૧૨ માસના પૈસા લઈએ છીએ. દર માસના હોર્સપાવરના પૈસા લઈએ છીએ. ચોમાસામાં વરસાદ વરસે છે ત્યારે ખેડૂત પાવરને અડતો નથી. તો એ ચાર મહિનાની રાહત આપીએ. વીજળી વાપરતો નથી એટલા પૂરતી રાહત આપી હોત તો અમને એમ લાગત કે સરકારને ખેડૂતો પ્રત્યે બે-પાંચ ટકા લાગણી છે. ખેડૂતને કૂવા ઉપર એક જ ગોળાની છૂટ છે. એક-બે વધારે ચલાવતા હશે પણ તેમના કોઈ પણ અધિકારી-કર્મચારી જાય તો એક ગોળાથી વધારે લાઈટ હોય, ખેડૂત ત્યાં રહેતો હોય, આપણે જાણીએ છીએ કે સાચો ખેડૂત ૭૦ ટકા ખેડૂત ખેતરમાં રહે છે. રોઝ, ભૂંડ આવી ગયા છે. એટલે જાતે રહ્યા સિવાય ખેતી થાય તેમ નથી. ખેડૂતના ફાર્મ હાઉસ ઉપર, ઘર કે ઝૂંપડા ઉપર થતી બે-ત્રણ લાઈટ આઠ કલાક કે પાંચ કલાક વીજળી આપે છે તેમાં ચાર લાઈટો કરવાની રાહત આપી હોત તો એમ થાત કે એક ટકો ખેડૂતો પ્રત્યે લાગણી છે. પણ એમને એક ટકો પણ લાગણી નથી.

ઉદ્યોગોની વાત કરીએ તો મેં વારંવાર કહ્યું છે કે શિક્ષિત બેરોજગાર યુવાનોને રોજી આપવી હોય તો લાઈટના ભાવમાં હીરા ઉદ્યોગ ઉપર રાહત આપો. એક ઝોન કરીને સબસિડી આપો તો હજારો નહીં પણ લાખો બેરોજગારોને રોજી આપી શકીએ એવી ગુજરાત, સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાતના કેટલાય વેપારીઓ વસેલા છે કે બેરોજગારોને રોજી આપી શકે છે. પરંતુ માત્રને માત્ર બીજા રાજય કરતાં આપણે ત્યાં લાઈટના ભાવ ધારે છે, એની કનડગત વધારે છે. એનું કાંઈપણ થાય. કારીગરે મીટર તોડી નાખ્યું એટલે સીધો ચોરીનો દંડ ઠોકી દે છે એટલે આ સમસ્યાથી બધા ગુજરાત છોડીને જવા માંડયા, ઘણા બધા માણસો બેકાર થવા માંડયા. આની અંદર કંઈપણ વિચાર્યું હોત તો આપણે કમસેકમ રોજી તો આપી શકત અને નાના ઉદ્યોગોને આપત કે જેનાથી પર્યાવરણને બિલકુલ નુકસાન થતું નથી. સોસાયટીની અંદર પણ આ કામ થઈ શકે છે. એના ઘરમાં, એક રૂમમાં પણ આ ઉદ્યોગ ચાલી શકે છે. પરંતુ એના માટે કોઈપણ વિચાર કર્યો નથી.

ગરીબોની આપણે ખૂબ વાતો કરી. પ્રાથમિક શાળાઓ છે, ગામે ગામ મંદિરો છે કે, દુષ્કાળની પરિસ્થિતિ આવી છે, બેરોજગારોને, વગર ઉદ્યોગે, ખેતી વગરના ઉદ્યોગો છે ત્યાં ભગવાનના મંદિરોમાં પણ લાઈટ કરી શકતા નથી. કારણ કે, બિલ ભરાતું નથી. એમના મીટરો કાપી ગયા છે. મંદિરો પૂરતી રાહત આપી હોત તો કોઈને કાંઈક તો થાત કે ગામડાના ગોદરાના મંદિરોમાં આ થોડીક રાહત સરકારે આપી. પરંતુ એટલા પૂરતું પણ એમણે કશું ધ્યાન આપ્યું નથી. એટલું જ નહીં પણ જે ગામડાના એસ.સી., એસ.ટી. કે બક્ષી પંચના માણસો વરસાદ ન હોવાના કારણે કે, રોજી ન મળવાના કારણે જે બધા જ બહારગામ ગયા છે, શહેરોમાં રોજીરોટી રળવા આવ્યા છે. એ બિલ નથી ભરી શકયા, એના મીટર સહિત ઉપાડી ગયા છે. કમસેકમ મીટર પાછું મૂકવાની રાહત આપી હોત તો પણ એમ થાય કે, આ સરકારે ગરીબ માણસો માટેનું ઉખાડેલું મીટર પાછું ચોંટાડવાની રાહત આપી છે અને એમને લાગત કે આ સરકારને ગરીબો માટે ૨, ૫ ટકા લાગણી છે આજે એવું તમને કહેત. પરંતુ એમાં કશું જ નથી, કોઈપણ જાતની નથી. એટલું જ નહીં પરંતુ એમની પાસે આંકડા છે, બી.પી.એલ.ના લાભાર્થીઓના, એ ગરીબમાં ગરીબ માણસો છે, એનું સરવે થયું છે, એને બી.પી.એલ.નો નંબર આપેલો છે, એવા માણસોના ઘર વપરાશમાં લાઈટમાં કદાચ રાહત આપી હોત તો પણ એમ થાત કે ગરીબોના ઘરમાં થોડુંક અજવાળું કરવાનું આ સરકારે વિચાર્યું છે. પરંતુ એમાંનું કશું જ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સિનેમામાં સુખી માણસો જઈને મનોરંજન કરે તો એમને પૂરું વળતર, બીજું સુખી માણસો હોલ ભાડે લે તો એમાં પૂરું વળતર. બીજું ઘણું બધું કે જેમાં ખેડૂતોને લાગે વળગે નહીં. એવી તમામ જગ્યાએ રાહતો. ૪૫ ટકાથી ૩૦ ટકા બધી જ રાહતો છે. આ તમે આપો એનો વાંધો નથી. પરંતુ જે જરૂરિયાત છે, આ રાજયની અંદર સરકાર તરફથી ટાંપીને બેઠા છે કે, નવું વર્ષ આવ્યું છે, બેજટ આવશે અને એની અંદર કાંઈક લાભ થશે, અમારા ઘરમાં પણ કાંઈક અજવાળું થશે. પરંતુ કોઈ નામોનિશાન નહીં. એ અજવાળું કરવા જ નથી માગતા એમ કહું તો પણ કશું ખોટું નથી. કારણ કે, આની અંદર કોઈપણ રાહત નથી કે ગરીબ કે જે ખેડૂત ખેતરમાં રહેતો હોય, એના ઝૂંપડામાં લાઈટ કરી શકે એવો એક પણ સુધારો નથી.

શહેરોની વાત કરું તો આજે ઓકટ્રોયની આવક બંધ થઈ છે, નગરપાલિકાઓની આર્થિક પરિસ્થિતિ ખૂબ ભીંસમાં છે. કારણ કે, જે ઓકટ્રોયની આવક મેઈન હતી એ તો બંધ થઈ ગઈ છે. આજે પાણી વગર નગરપાલિકાની અંદર કેટલાય બોર બંધ છે. કારણ કે, બિલ ન ભરે એટલે એમનું સીધું જ મીટર કાપી નાખે અને પછી રોજ છાપામાં આવે કે આમ કરી દઈશું, આમ કેસ કરી દઈશું. કમસેકમ નગરપાલિકાના પાણીના બોરને રાહત આપી હોત તો પણ એમ થાય કે, શહેરમાં વસતા ગરીબ માણસો એમનું પોતાનું સાધન વસાવી શકતા નથી, એ ટેન્કરથી પાણી લઈને પી શકતા નથી એટલે એ ગંદુ પાણી પીવે છે. એ ચોખ્ખું પાણી પીવે એના માટે પણ એના બોર ચાલુ રહે એ માટે કાંઈક રાહત આપી હોત તો કહેત કે, આપ શહેરોને માનો છો. આ શહેરોના ગરીબો માટે તો કમસેકમ વિચારવું હતું? ગામડાનું કશું ન દેખાયું તો કાંઈ નથી. પરંતુ એના માટે કોઈ જાતની વાત નથી. શહેરોની અંદર કેટલીય નગરપાલિકાઓ એવી છે કે, બિલ ભરી શકતી નથી. દરેકને બિલ ભરવું છે. કોઈપણ પાર્ટીની નગરપાલિકા હોય, હું પક્ષાપક્ષીમાં નથી જતો. એને બિલ ભરવું છે, એને તમારો ઠપકો સાંભળવો નથી. પણ એની પાસે આવક નથી. એની ઓકટ્રોયની મેઈન આવક બંધ કરી. એ આવક ઉપર જ આખું શહેર ચાલતું હતું. હાઉસ ટેકસ, બીજા ટેકસ, એના ખર્ચા વધ્યા છે, લાઈટ બિલો વધી ગયા છે. લાઈટ બિલ કરતાં એના બીજા ટેકસ ડબલ થઈ ગયા છે. એટલે એ ભરી શકે એવી કોઈપણ શકયતા નથી અને ખરેખર તો નગરપાલિકાના બોર ચાલે છે એને ગામડાના વારીગૃહોને ૧૦૦ ટકા રાહત છે એમ આપવી જોઈએ. બીજામાં ટેકસ નાખો એનો વાંધો નથી. પરંતુ આ ગરીબ માણસો છે એને પાણીનો પ્રશ્ન છે. નગરપાલિકાના તમામે તમામ વારીગૃહને ફ્રી કરવા જોઈએ. કારણ કે એ પણ માણસો છે એ પણ ગામડામાં, આપણામાંના જ ત્યાં જઈને વસે છે તો એ ફ્રી કરવી જોઈએ એવી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

દવાખાના છે, ગામની અંદર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર છે , પ્રાથમિક સારવાર કેન્દ્રો છે , પશુ દવાખાનાઓ છે એના અંદર બિલ ન ભરવાને કારણે, કારણે કે એની અલગ ગ્રાન્ટ કોઈ આવતી નથી. આવી નાની નાની સંસ્થાઓ છે, જે લોકહિતના ઉપયોગી છે, ગરીબ માણસને સીધી ટચ થાય છે, ગરીબ માણસની સીધી જરૂરિયાત છે ત્યાં આગળ કોઈ બજેટ જોગવાઈ નથી હોતી કે તમારું આ લાઈટ બિલ ભરજો, અથવા તો એની લાઈટ ઉડી જાય છે, રોજ ફોલ્ટ થાય છે ત્યારે વીજળીનો આંતરે દહાડે ફોલ્ટ થાય છે, મોટર, પંખા બળી જાય છે આવી કેટલીએ વસ્તુ એવી છે કે લાઈટના અભાવે બળી ગઈ અને બિલ ભરી શકતા નથી માટે અંધારામાં રહે છે તો એવી સંસ્થાઓને માફ કરવી જોઈએ. સાથે સાથે ખેડૂતને હવે ૮ કલાક જ લાઈટ આપો છો તો પછી એને ૪ દીવા કરવા દો. શું કામ અંધારામાં રાખો છો? એટલી પણ તમે રાહત કરો અને ૮ કલાકના પૈસા તો ભરે છે, કેટલાક ખેડૂતો એવા પણ છે કે વર્ષમાં તમારો છ મહિના પણ પાવર નથી વાપરતા તો એમને આપવું જોઈએ.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, ભઈ પતી ગયું, મોટાભાઈ પતી ગયું, હવે મારો વારો છે, મને કંઈક તો બોલવા દો, માનનીય અધ્યક્ષશ્રી, આ અર્જુનભાઈ આવ્યા એટલે એમનો આભાર માનું છું. •(xxxx) પણ આજે આવી ગયા એટલે ખૂબ આનંદ થયો. તમે નહોતા એટલે મને દુ:ખ થતું હતું.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર..

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : ભાઈ જગદીશભાઈ, આમાં મિત્રતા છે. આ ના લેતા.

**શ્રી જગદીશ ઠાકોર :** શબ્દ રેકોર્ડ ઉપરથી કઢાવવા પડે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : દૂર કરી નાખો. કંઈ બોલ્યો હોય તો દૂર થઈ જાય, અરે યાર બસ, અમે સ્વીકારી લઈએ છીએ, અમે કંઈ તમારી જેમ જીદ નથી કરતા. અર્જુનભાઈ મિત્ર છે એટલે બોલ્યા, એમાં કંઈ દુ:ખ થયું હોય તો સોરી કહી દઈએ બસ.

**સભાપતિશ્રી** : શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે કંઈ વીજળી સુધારા બિલ લઈને આવ્યા છે એમાં મારો સંપૂર્ણ ટેકો આપીને અને ગુજરાતને જે કંઈ લાભ છે એ તમામને મારો સંપૂર્ણ ટેકો આપીને હું ચર્ચા કરું છું આમાં કોંગ્રેસના મિત્રોને ગમશે નહીં, કારણ કે તમે એમને પૂછો તો ખરા કે આપણે ગમે ત્યારે દિલ્હીની અંદર જઈએ છીએ ત્યારે ત્યાં જનરેટર એવા લગાવેલા છે દિલ્હી સરકારમાં કે ત્યાં કોઈ ચર્ચા કરવી હોય કે વાત કરવી હોય તો સંભળાય જ નહીં, આપણું માથું ફાટી જાય, એમની સરકાર જ્યાં ચાલે છે ત્યાં, એમને એટલું તો પૂછો કે ત્યાં શું છે? દિલ્હી એ દેશનું પાટનગર છે અને પાટનગરમાં જ્યારે વીજળી નથી મળતી અને વીજળી આપવાના ધાંધીયા છે ત્યારે ત્યાં ઉદ્યોગો કેવી રીતે ચાલતા હશે? ત્યાંના લોકોને કેવી રાહત મળતી હશે એ તો કોને ખબર પડે? એમની સત્તા છે ત્યાં, એમને જરા કહો કે તમારી સત્તા છે ત્યાં તો તમે સારી રીતે વીજળી આપો. ગુજરાતની ચિંતા શું કામ કરો છો? ગુજરાતમાં તો ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે તો ૨૪ કલાક વીજળી આપવાનો પ્રયત્ન કર્યો છે અને ઈન્ડિયા ટુડે જેવા પ્રેસના રિપોર્ટરે એની નોંધ લીધી છે કે ગામડાના લોકો ભાગીને શહેરમાં જતા હતા એનો અટકયા છે અને ગામડાના લોકો ગામડામાં જ સ્થાયી થવાની વાત થઈ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ મારા મિત્રો બોલે છે એમને કહો મને (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મને રક્ષણ આપો.

**સભાપતિશ્રી** : માનનીય જેઠાભાઈ, આ બિલને લગતી વાતો જ કરો.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, મને રક્ષણ આપો. કારણ કે બધા મારા મિત્રો હુમલો કરે છે.

**સભાપતિશ્રી :** માનનીય જેઠાભાઈ આપ આપની વાત ચાલુ રાખો, આ બાજુ જોઈને વાત કરો.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, મારું એ કહેવું છે કે જયાં જયાં કોંગ્રેસની સરકારો છે, આદેશની અંદર જયા જયાં કોંગ્રેસની સરકારો છે, ત્યાંની વીજળીના બિલો છે, ત્યાંના ભાવો છે એ મગાવીને આ હાઉસમાં મૂકવામાં આવે તો આમની પોલની ખબર પડે કે કયાં કયાં કેવી સરકારો ચાલે છે અને કેટલા બિલો આવે છે અને કેટલા ભાવો ચાલે છે. ભારતીય જનતા પક્ષની સરકાર આવ્યા પછી, માનનીય સૌરભભાઈ પટેલને અભિનંદન આપીશ કે એમના આવ્યા પછી વીજળીનું તંત્ર એટલું સુધર્યું છે અને સારી કામગીરી થઈ છે. કોંગ્રેસના મિત્રોએ પણ એમને અભિનંદન આપ્યા છે. એટલા માટે મારે આપને વિનંતી કરવાની છે કે આજ સુધી કોંગ્રેસના મિત્રોએ ૫૦ વર્ષ સુધી શાસન કર્યું અને ગુજરાતની પ્રજાને મૂર્ખ બનાવીને વોટ લઈ આવ્યા અને હાઉસમાં આવીને હજુ મૂર્ખ બનાવવાની વાત કરે છે. મારે કહેવું છે કે ભારતીય જનતા પક્ષની સરકારે આવ્યા પછી શિક્ષણ ક્ષેત્રે સૌથી વધારે રાહતો જો કોઈ સરકારે આપી હોય તો નરેન્દ્ર મોદીની સરકારે આપી છે. અત્યાર સુધી શાળાઓ, છાત્રાલયો, કોલેજો, હાઈસ્કૂલો, પ્રાથમિક શાળાઓ કે જ્યાં બિલ ભરવાના પૈસા ન હતા ત્યાં ભારતીય જનતા પક્ષની સરકારે રાહતો આપી છે જે કાંઈ કામ કર્યું છે એ ઐતિહાસિક કામ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપીએ એટલા ઓછા છે. (સમય સૂચક ઘંટડી) હજી શરૂઆત નથી કરી. મને ડિસ્ટર્બ કરે છે.

**સભાપતિશ્રી** : બિલ ઉપર આવી જાઓ, માનનીય જેઠાભાઈ.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : જરા શાંતિ રાખો તો કંઈક બોલું. ભારતીય જનતા પક્ષની સરકાર આવ્યા પછી જે કાંઈ કામગીરી થઈ છે એ ગુજરાતની પ્રજાએ જોઈ છે, નિહાળી છે અને પ્રજાએ કોંગ્રેસ મૂકીને ૧૨૮ સીટ અને બીજી બે સીટ હમણાં આપી અને એમણે બે સીટ ખોઈ નાખી. એમ ૧૩૦ સીટ થઈ. વન થર્ડ સીટ ક્યારે થઈ હોય? એમનામાં લોકોને વિશ્વાસ નથી રહ્યો. લોકોએ એમને જાકારો આપ્યો છે. (અંતરાય) આજ સુધી સિનેમામાં લોકોને મનોરંજન કરવા માટે ટિકિટના ભાવ, વીજળીના ભાવના કારણે મોટા આપવા પડતા

• * (xxx) આ શબ્દો માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

હતા. સિનેમા ગૃહોમાં માનનીય મંત્રીશ્રીએ અને ભારતીય જનતા પક્ષની સરકારે સુધારો કરીને બિલમાં રાહત આપી છે. ગોવાભાઈ, આ રાહતો આજ સુધીની તમારી સરકારોને ન દેખાઈ અને અમારી સરકારને દેખાઈ. આ સમજો તો સારું.

**સભાપતિશ્રી** : આપ ગોવાભાઈને યાદ ન કરો. મારી સામે જોઈને બોલો.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : એમને વાંધો નહિ પડે, માનનીય અધ્યક્ષશ્રી.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ હાઉસમાં એક ગોવાભાઈ અને બીજા જેઠાભાઈ એ બે સમજી જાય તો કોઈને સમજવાની જરૂર નથી. (અંતરાય)

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, આજે અહીંયા રેસ્ટોરન્ટ, હોટલો, વિગેરેમાં આજ સુધી કોઈએ નથી કર્યું એવું ભા.જ.પ.ની સરકારે કર્યું છે. આજે કોઈપણ માણસ હોટલમાં જમવા જતો હતો એમાંથી પણ રાહત આપી છે. વધુમાં, જ્યાં જ્યાં વોટર સપ્લાયના વારિગૃહો છે એમાં માનનીય નરોત્તમભાઈને ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે વારિગૃહોના બિલો માફ કરવાનું કામ કર્યું. આ કામ જો કોઈએ કર્યું હોય તો એ ભા.જ.પ.ની સરકારે કર્યું છે. વોટર સપ્લાય સ્કીમો છે, મોટા મોટા પ્રોજેકટો ચાલે છે, વારિગૃહોમાં વીજળીની રાહત આપી હોય તો ભા.જ.પ.ની સરકારે આપી છે. (અંતરાય) મારે વિનંતી કરવાની છે કે કોંગ્રેસના મિત્રો શાંતિથી સાંભળે. અહીં રાડો પાડવાથી કોઈ ફાયદો થવાનો નથી. ફરી ઈચ્છા હોય તો મેદાનમાં જશો તો ખબર પડશે, ઊભી પૂંછડીએ ભાગવાનો વારો આવશે. ગુજરાતની પ્રજા તમને ભગાડશે. શાંતિથી સાંભળો. હું જ્યારે કહું છું ત્યારે એમને કહું છું કે ભગવાન માથે રાખીને બોલજો. પણ આ ભગવાનને પણ વેચીને ખાઈ જાય એવા લોકો છે. એમને શું કહેવું? આજનું જે બિલ માનનીય સૌરભભાઈ લઈને આવ્યા છે એને મારો ટેકો આપું છું.

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઊર્જામંત્રીશ્રી ગુજરાત શુલ્ક સુધારા વિધેયક ૨૦૦૫ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જામંત્રી Master of Business Management છે અને ગુજરાતના તમામ વિસ્તારો માટે એ ચોક્કસ વિચાર કરશે, પણ જે કર રાહતો ૨૨૯ કરોડની લઈને આવ્યા છે એમાં જે લોકો પાસે કંઈક છે એમને આ કર રાહતો મળી છે, જે સિનેમા, રેસ્ટોરંન્ટ, ઉદ્યોગોને કર રાહતો મળે છે પણ ગામડાનો માણસ જેને એરકન્ડીશન, ફ્રીઝ નથી, પંખા, વોશિંગ મશીન નથી ચલાવવા પણ બે બલ્બ ચલાવે છે એવા માણસને કર રાહતની જરૂર છે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આ જે ગામડાના આદિવાસી માણસો છે એમને કરમાં સંપૂર્ણ માફી માનનીય મંત્રીશ્રી આપે. ખાસ કરીને ઉત્તર ગુજરાતમાં જ્યારે પાણીના તળ બિલકુલ ઊંડાં ગયાં છે અને બીજે ગુજરાતના વિસ્તારોમાં નર્મદાનું પાણી મળવાનું છે ત્યારે અમારાં વિસ્તારમાં ખેડૂતોને ખૂબ મુશ્કેલી છે. એમના ઘરના બિલ પણ ભરી શકતા નથી ત્યારે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે એક તો એમને પાણીના તળ ઊંડા જતાં હેન્ડપંપ મૂકવાની પરવાનગી આપે, એમાં એ કનેકસન ફ્રી આપે અને જે નાના ખેડૂત છે, ગરીબ આદિવાસી માણસને સીંગલ ફેઈઝ મોટર ચલાવવાની પરવાનગી આપે અને સરકારશ્રી એના પૈસા નક્કી કરે. જેમ હોર્સ પાવરમાં ૫ હોર્સ પાવર, ૩ હોર્સ પાવર માટે પૈસા ફિક્સ હતા, એમ આમાં પણ માનનીય સૌરભભાઈ આ ફિક્સ ભાવ નક્કી કરે, ૨૦૦૦, ૩૦૦૦ એમને જે ઠીક લાગે તેમ. ખાસ કરીને ઉત્તર ગુજરાત અને ટ્રાયબલ વિસ્તાર પટી છે એમાં ખેડૂતોને ખૂબ મોટી રાહત થઈ ગણાશે. કેશુભાઈની સરકાર વખતે ૨૫ ટકા રાહત આપવામાં આવતી હતી એ રાહત પણ પાછી મળે એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે ઉત્તર ગુજરાત અને અમારો આદિવાસી વિસ્તાર છે એમાં સબસ્ટેશનો ખૂબ ઓછાં છે એને લીધે પાવર મળતો નથી અને મિટરો મૂક્યા છે એ ખૂબ સેન્સીટીવ મિટર છે તો મંત્રીશ્રીને મારી વિનંતી છે કે વસ્તીના ધોરણે આ સબસ્ટેશનોનો વિચાર કરવામાં આવે અને જ્યાં ઓછા સબસ્ટેશનો છે ત્યાં પૂરતા સબસ્ટેશનો કરીને પૂરતો પાવર મળે અને ગુજરાતમાં ૩૦ ટકા કરતાં પણ ઓછું વીજળીકરણ થયું છે એ વિસ્તારનું વીજળીકરણ પણ કરે એટલી જ મારી વિનંતી છે.

**શ્રી ધારશીભાઈ લ. ખાનપુરા (કાંકરેજ)** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે મંત્રીશ્રી એમનું સુધારા વિધેયક લાવ્યા છે ત્યારે હું પણ મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારો વિચાર છે એ ખેડૂતોના હ્રદયમાંથી આવે છે. કોઈ ખેડૂતોના આક્ષેપ કરવા નથી આવતા પણ અત્યારે ખેડૂતોની શી મુશ્કેલી છે એને લગતું છે. અત્યારે ખેડૂતોમાં વીજળી વેરણ છે. જ્યારે ખેડૂતને આઠ કલાક વીજળી મળે છે ને ખેડૂત ૧૨ મહિનાના બિલ ભરે છે ત્યારે એ ૫-૬ મહિના જ વીજળી વાપરે છે અને બિલ પૂરું લેવાય છે માટે એમને આઠ કલાક કરતાં વધારે વીજળી ના ફાળવો તો એ ખેડૂત, ગુજરાતના મોટાભાગના ખેડૂતો આમાં હશે અને સૌ મુશ્કેલી જાણે છે. કદાચ સમય મર્યાદાના હિસાબે બોલી નથી શકતા પણ દર્દ તો સૌના મનમાં છે ત્યારે મારી વિનંતી છે કે ખેડૂતોને વીજળી વધારે આપવી પડે. ખેડૂતને ૧૨-૧૪ કલાક વીજળી કરી આપો એવું મારું એક સૂચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો પ્રશ્ન એવો છે કે જ્યારે ઉદ્યોગોને વીજળી આપો અને ઉદ્યોગોના વીજળી બિલ મોટા ચડી જાય તો એ માલધારી હોય એટલે કોર્ટમાં વકીલ રાખે અને એમના બિલ ઓછા-વધતા કરી શકે, પણ આપણે બધા ગરીબ ખડૂતો છીએ તે કોર્ટમાં આશરો લઈ શકતા નથી. જયારે એને પૂરું બીલ ભરવું પડે છે ત્યારે મારી વિનંતી છે કે આવા ખેડૂતોને રાહત આપવી જોઈએ. સો ટકામાં ખેડૂતોને વીજળી મોંધી મળે છે. જી.ઈ.બી.ના અધિકારીઓ સરવે કરવા જાય ત્યારે એમ કહે છે કે આ કૂવામાં પાણી નથી. પાણી ખેડૂતે કાઢવાનું છે કે કર્મચારીએ? એટલે મારે એ કહેવું છે કે જયાં જયાં ખેડૂતોએ લાઈટ માગી હોય, પાણીનું તો ખેડૂત જુએ છે બોર્ડવાળા પાણી કાઢવાના નથી. સો ટકા પૈસા ભરે છે તો બોર્ડવાળા હેરાન ન કરે એવું મારું સૂચન છે. બીજું સૂચન છે વીજળી કેમ મોંધી થઈ છે એના ઘણા કારણો છે એમાં મટિરિયલ ખરીદીમાં વાંધા પડતા હોય છે. કોલસો ઓછો આવતો હોય છે એના હિસાબે આપણને વીજળી મોંધી પડે છે. એ બાબત ઉર્જા મંત્રીશ્રી ધ્યાન આપશે તો જરૂર સસ્તી વીજળી કરી શકશે એવું મારું સૂચન છે.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી)** : માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા મંત્રીશ્રી મુંબઈ વિદ્યુત શુલ્ક ગુજરાત સુધારા વિધેયક ક્રમાંક-૨૭ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

આ વિધેયકની જે જોગવાઈ છે નાણામંત્રીશ્રીએ જે રાહતનો ધોધ વરસાવ્યો એને કાયદાનું રૂપ આપવા માટે વિધેયક લાવવું આવશ્યક છે એવું નાણામંત્રીશ્રીએ કહ્યું. આ વિધેયકની જે જોગવાઈ છે એ જોગવાઈમાં મનોરંજન ગૃહને થિયેટરને રાહત આપવામાં આવી એ વિધેયકની જોગવાઈથી હોટલોને રાહત આપવામાં આવી, આ જોગવાઈથી કોમર્શિયલ યુઝના ઔદ્યોગિક હેતુ વપરાશ માટેની જે સંસ્થાઓ છે એના માટે રાહતની જોગવાઈ કરવામાં આવી. રાહતની પરંપરાની શરૂઆત કરી છે એ માટે માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું કે શરૂઆત કરી. હું તો આ વિધેયક ઉપર માત્ર મંત્રીશ્રી પાસેથી એટલું જાણવાની અપેક્ષા રાખીશ કે મનોરંજન ગૃહને રાહત આપી. તો મનોરંજન ગૃહ મહત્વના છે કે ઈલેકટ્રીક સ્મશાન ગૃહ? હોટલો મહત્વની છે કે ગરીબોના ઝૂંપડા? ઉદ્યોગો જ મહત્વના છે કે આ રાજયના ૭૦ ટકા ખેડૂતો? આ બીલમાં શૈક્ષણિક સંસ્થાઓને જે વિદ્યુત શુલ્કમાં રાહત આપવાની જોગવાઈ કરી છે ૧૫ ટકાની જોગવાઈ છે. શિક્ષણ તો પાયાની જરૂરિયાત છે. આ શૈક્ષણિક સંસ્થામાં આપણે ૧૫ટકા રાહત આપવાની જોગવાઈ કરી છે પરંતુ આ રાજયની અંદર આજે પણ ઘણી એવી શાળાઓ છે કે જે શાળામાં વીજળીનું કનેકશન નથી. આપના મારફત મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે આ જે જોગવાઈ કરી છે એ જોગવાઈમાં જે શાળાને કનેકશન નથી એ શાળાને મફત કનેકશન આપવાની જોગવાઈ કરી હોત તો વધુ આનંદ થાત. શૈક્ષણિક સંસ્થાઓને ૧૫ ટકા રાહત, શિક્ષણ માટે તો સમાજની ભૂખ જાગી છે એવું મંત્રીશ્રીએ કહ્યું ત્યારે શિક્ષણનો વ્યાપ વધે એ માટે ૧૫ ટકાના બદલે વધુ વધારો કર્યો હોત તો સારું હતું. આ જોગવાઈના આધારે માનનીય મંત્રીશ્રીએ મનોરંજન ગૃહને વિદ્યુત શુલ્કની અંદર રાહત આપવાનું ઠરાવ્યું. કોઈ પાર્ટીના હોલ હોય, પ્રેક્ષક ગૃહ હોય, સિનેમા હોય, થિયેટર હોય એનો જે વીજળી વપરાશ થાય. એ વીજળી વપરાશની અંદર ૪૫ ટકા જેટલી રાહતો આપવામાં આવી છે. હું પૂછવા માગું છું કે શું આ સિનેમાગૃહો, થિયેટરો એટલે કે મનોરંજનની બાબતો જીવન જીવવામાં આવશ્યક છે? જીવનની જરૂરિયાત માટે જરૂરી છે? માણસ જ્યારે જિંદગી જીવતાં કંટાળે, હારે, થાકે ત્યારે એના મગજને થોડું રિલેક્સ કરવા માટે, શાંત કરવા માટે થઈને મનોરંજન તરફ પ્રેરાય, પરંતુ આ માણસ થાકે છે શું કામ? હારે છે શુકામ? એટલા માટે કે એની જે જીવન જરૂરિયાત છે, એની જીવન જરૂરિયાતની અંદર વીજળી એ આવશ્યક સેવાઓ થઈ ગઈ છે. અજવાળા સિવાય માણસ આગળ પગ મૂકી શકતો નથી, ત્યારે ગરીબોના ઝૂંપડા માટે થઈને ક્યાંક રાહતોની જોગવાઈ કરી હોત તો વધુ આનંદ થાત. આ જોગવાઈની અંદર હોટલ માટે થઈને આપણે રાહતોની જોગવાઈ કરી છે. હોટલોનો ઉપયોગ માત્ર ઉદ્યોગપતિઓ કરી શકે. આજે ગરીબો માટે એક ઝૂંપડું પણ દોહ્યલું છે, ત્યારે એક વાત યાદ આવે છે. ક્યાંક કોઈએ કહ્યું છે કે; "ગરીબોના કુબામાં તેલનું ટીપું છે દોહ્યલું ત્યાં અમીરોની કબર ઉપર ઘીના દીવા થાય છે". આ બિલનો સાર આવો નીકળે. આપની મારફત મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ બિલની અંદર જે રાહતની શરૂઆત કરી છે, તે પરંપરા આગળ વધારતા આ રાજયની અંદર જે દવાખાનાં આવ્યાં છે, સરકારી હોસ્પિટલો આવી છે, એની અંદર ક્યાંક વીજળી વપરાશના બિલમાં રાહતો આપી હોત તો ગરીબો, કિસાન માણસ એની આવશ્યક જરૂરિયાત છે, પોતાનું એણે આરોગ્ય સુધારવાનું છે, એ સુધરી શકત. હવે થઈ રહ્યું છે તે ખર્ચમાં અન્ય રીતે દવાઓમાં કાપ મૂકીએ, ડૉક્ટરી સેવામાં કાપ મૂકીએ એના બદલે આવી સુવિધા વધારીને ખર્ચ આરોગ્ય વિભાગમાં ઘટે. આવી જો જોગવાઈ થાય તો માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું. પંચાયત વિભાગના જે વિશ્રામ ગૃહો છે, એના બિલ પંચાયત વિભાગ પાસેથી લઈએ. આ સહકારી સંસ્થા, એ સંસ્થાની જે વિદ્યુત શુલ્કની વીજ વસૂલાત કરીએ છીએ, એની અંદર જો રાહતો આપવામાં આવી હોત તો વધુ આનંદ થાત.

આંગણવાડી એની અંદર જો વીજળીનું કનેક્શન ન હોય ત્યાં નિ:શુલ્ક વીજળીનું કનેક્શન આપી અને વિદ્યુત શુલ્કની અંદર રાહતોની જોગવાઈ કરી હોત તો વધુ આનંદ થાત. એક મહત્ત્વની બાબત છે લોહી. લોહીની કઈ ફૅક્ટરીઓ નથી. રક્તદાન એ મહાદાન. દરેક વ્યક્તિ અન્યના જીવનને બક્ષવા માટે થઈને પોતાનું

લોહી આપે એ લોહી માત્ર બ્લડ બૅન્કની અંદર સુરક્ષિત હોય. આ બ્લડ બૅન્કની અંદર વિદ્યુત શુલ્કની અંદર રાહતોની જોગવાઈ કરવામાં આવી હોત તો વધુ આનંદ થાત.

મેં વાત કરી ઈલેક્ટ્રિક સ્મશાન ગૃહની. આજે શહેરોની અંદર ગીચતા વધી રહી છે. લાકડાના અભાવે વિદ્યુત સ્મશાન ગૃહની ઉપયોગિતા આવશ્યક થઈ ગઈ છે. તેવા સંજોગોમાં ભૂતકાળમાં થોડા મહિનાઓમાં વાંચ્યું કે વિદ્યુત શુલ્કનો ચાર્જ નહિ ભરી શકવાના કારણે વિદ્યુત સ્મશાન ગૃહો બંધ થઈ રહ્યાં છે. સ્વૈચ્છિક સંસ્થાઓને અને અન્યને આપવા માટે જાહેરાત આવી રહી છે. આ દુઃખદ બીના છે. આપની મારફત મારે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવાની કે ઈલેક્ટ્રિક સ્મશાન ગૃહને નિઃશુલ્ક રાહતની જોગવાઈ કરી હોત તો ગુજરાતની પ્રજાને ચોક્કસ આનંદ થાત. આ રાજયના વિકાસ દરની અંદર આજે ૮૦ ટકા ઉપરાંત જો કોઈનો ફાળો હોય તો ખેડૂતોનો છે. ઉદ્યોગોનો આ વિકાસ દરની અંદર ફાળો ૫ ટકા છે. આ બિલની ચર્ચા દરમ્યાન ક્યાંક રજૂઆત થઈ.

માનનીય અધ્યક્ષશ્રી, આ ચર્ચામાં ધ્યાન ઉપર આવ્યું કે હમણાં પરસ્પર પ્રેસમાં નિવેદનો આવે, સરકાર કહે છે કે અમારે એસ્સાર જેવા ઉદ્યોગગૃહ પાસેથી કરોડો રૂપિયા લેવાના બાકી છે અને એસ્સારનું પ્રતિનિધિ મંડળ મિડિયા સમક્ષ જઈને કહે કે અમારે ગુજરાત સરકાર પાસેથી પૈસા લેવાના બાકી છે.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં હકીકત શું છે તેની ખબર પડતી નથી. આનો માનનીય મંત્રીશ્રી ખુલાસો કરશે તો વધુ આનંદ થશે. આપણે ઉદ્યોગગૃહોને લાભ આપવાની વાત કરીએ છીએ. ઉદ્યોગો વિકસશે સારી વાત છે. જે ઉદ્યોગગૃહ આપણા રૂપિયા પચાવી પાડવાની વૃત્તિ રાખે તેની પાસેથી વસૂલાત કરી રાજયના વિકાસદરમાં જેનો મહત્વનો ફાળો છે તેવા ખેડૂતો માટે વિદ્યુત શુલ્કમાં વધુ રાહત આપવાની જોગવાઈ થશે તો ઘણો આનંદ થશે. શહેરી વિસ્તાર માટે આજે સરકાર ચાલુ વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવા જઈ રહી છે. આજે ગુજરાતની નગરપાલિકાઓની પરિસ્થિતિ કે તેઓને સ્ટ્રીટ લાઈટના બીલ ભરવાના પૈસા નથી. પાણીના વોટર સપ્લાય સ્ટેશનો ચલાવવા માટે પૈસા નથી. માનનીય નરોત્તમકાકા વારંવાર નગરપાલિકાઓને ધમકી આપે છે કે પૈસા ભરો નહીંતર પાણી બંધ કરી દઈશું. ઉર્જામંત્રી વારંવાર આછી પાતળી મીઠી ધમકી દઈ દે કે તમે વીજળીનું બિલ ભરો નહીંતર લાઈટ કાપી નાંખીશું. અમે અમરેલીમાં તો પૂનમના પાંચ દિવસ પહેલાં વગર વીજળીએ વાપરવાનો ઉપયોગ કરી દીધો છે. કુદરતના ભરોસે.

**અધ્યક્ષશ્રી** : માનનીય પરેશભાઈ મુદ્દા પર આવો. પ્લીઝ મુદ્દા ઉપર નહીં ચાલો તો બેસાડી દઈશ.નો.નો. જોગવાઈની વાત કરો.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, વીજળીની વાત થાય છે.

**અધ્યક્ષશ્રી** : નો.નો. જોગવાઈની વાત કરો. આમાં કયાં વીજળી આવે છે.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી જોગવાઈ કરી હોત તો, રાહત આપી હોત તો.

**અધ્યક્ષશ્રી** : જે જોગવાઈ છે તેની વાત કરો. નો.નો. મારે બેસાડી દેવા પડે તે ઠીક નહીં લાગે.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : ઓ.કે. માનનીય અધ્યક્ષશ્રી, મૂળ બિલ ઉપર વાત કરું છું. આ બિલની અંદર માનનીય મંત્રીશ્રીએ જોગવાઈ કરી છે તે જોગવાઈની અંદર સિનેમાગૃહો, પ્રેક્ષકગૃહો, થિયેટરો, હોલ, પ્રાઈવેટ ઉપયોગના હોલ માટે, નિવાસી હોટલો, રેસ્ટોરાંઓ, અલ્પાહારગૃહો માટે રાહતની જોગવાઈ કરી છે. પરંતુ જે જીવન જરૂરિયાતની વસ્તુ છે, જે લોકોની આવશ્યક સેવા છે એવા મુદ્દા પર કયાંક દોર કરી રાહતોની પરંપરા કરી છે તે પરંપરાને ધોધ સ્વરૂપે વાસ્તવિક વહેવડાવે તેવી બિલની અંદર મારી લાગણી વ્યકત કરી વિરમું છું.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, આજે જયારે બિલમાં સુધારો લઈ આવ્યા છીએ અને તેમાં ૧૮ જેટલા ધારાસભ્યશ્રીઓએ પોતાના વિચારો રજૂ કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, ઈલેકટ્રીક ડયુટી વર્ષોથી લેતા આવ્યા છે. ઘણા બધા નાણામંત્રીશ્રીઓ જયારે પોતાનું બજેટ રજૂ કરતા ત્યારે એક ઈચ્છા ધરાવતા હોય કે આપણા રાજયના વિકાસ માટે આપણે પ્લાન એકસપેન્ડીચર કેમ વધારે વધે તેની કોશિષ કરતા આવતા હોય છે. ૧૯૯૬ પછી ગુજરાત રાજયની સ્થાપના થઈ. આ હાઉસમાં ઘ ણા મુખ્યમંત્રીશ્રીઓ આવ્યા અને ઘણા નાણામંત્રીશ્રીઓ આવ્યા અને આ હાઉસમાં ઘણા નાણામંત્રીશ્રીઓએ પોતાના બજેટ પ્રવચનો રજૂ કર્યા છે. દરેકે કોશિષ કરી આવક કેમ વધે. માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસની સરકાર આવતી હતી ત્યારે આવક વધારવા માટે એક સાધનનો ઉપયોગ સૌથી મોટો કર્યા હોય તો તે સાધન તે ઈલેકટ્રીક ડયુટીનો દર વધારવાનો હતું. ત્યારે મારે આ હાઉસની અંદર એક જ સવાલ પૂછવો છે કે કોંગ્રેસના કોઈપણ નાણામંત્રીએ એક ટકાનો પણ ઈલેકટ્રીક ડયુટીમાં ઘટાડો કર્યો છે?

માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે થોડીક વિગતો છે. ઘણી બધી શિખામણો આપવામાં આવી કે ઘર વપરાશમાં વીજળી ડયૂટીમાં ઘટાડો કરો, ખેડૂતોમાં ઇલૅકટ્રીક ડ્યૂટીમાં ઘટાડો કરો, હોટલોમાં ઘટાડો કરો, ત્યારે વિચાર તો કરો ૧૯૮૩થી મારી પાસે આંકડા છે. કયારેય ઈતિહાસમાં કોઈએ ઘટાડો કર્યો નથી, આપણા

માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાએ આ હાઉસમાં ઓછામાં ઓછા ૭૦૦ કરોડનો એમાં ઘટાડો કર્યો છે. આપણે આંકડા ઉપરથી જોઈ શકીએ છીએ કે રહેણાંકના વિસ્તારમાં કોંગ્રેસની સરકારોએ આવક વધારવા માટે વીસ ટકા, પચીસ ટકા અને ચાલીસ ટકાની ઈલેકટ્રીડયુટી કરી હતી. તા. ૧-૧૦-૨૦૦૦એ અને તા. ૧-૧૧-૨૦૦૨એ એમાં ઘટાડો કરવામાં આવ્યો અને એને કારણે ગુજરાતની પ્રજાને ઘણો લાભ થયો છે. કોંગ્રેસમાં ઈલેકટ્રી ડ્યૂટી નાખી એટલું જ નહીં પણ એના ઉપર આવક પણ કરે, ચાર ટકા સેલ્સટેકસ લગાડતા. માનનીય અધ્યક્ષશ્રી, હિન્દુસ્તાનના ૨૧ રાજયોમાં નથી કે જેણે ઈલેકટ્રીડયુટી આ હોય, આ સેલ્સટેકસનો દર આપણા ત્યાં માનનીય નાણામંત્રીશ્રીએ ઘટાડી અને ચાર ટકા નાબૂદ કર્યો અને એ રીતે ૨૬૦ કરોડ રૂપિયાનો લાભ આપ્યો. આની અંદર ઘરવપરાશ પણ આવી જાય, ખેડૂતો પણ આવી જાય, પાનના ગલ્લાવાળા પણ આવી જાય. આ ૨૬૦નો ઘટાડો એક જ સ્ટ્રોકે કર્યો, કોમર્શીયલ અને રેસીડયુરીમાં ૧૯૮૩માં ૬૦ ટકાનો હતો અને એમને એ ૬૦ ટકા ઓછો ન લાગ્યો એટલે કૂદકો મારીને ૭૦ ટકા કરી નાખ્યો, તા. ૧-૪-૨૦૦૨ના રોજ એમાં પંદર ટકાનો ઘટાડો કર્યો અને એ રીતે ૬૨ કરોડ રૂપિયાનો ઘટાડો આપ્યો અને આ રીતે ૩૯૬ કરોડ રૂપિયાનો ઘ ટાડો કરવામાં આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસે ખેડૂતોને પણ ન છોડ્યા અને ખેડૂતો ઉપર પાંચ ટકા નાખતા હતા અને એ પાંચ તા. ૧-૭-૨૦૦૪થી એ પાંચ ટકા નાબૂદ કર્યા એ આ માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય નાણાં મંત્રીશ્રીએ કાર્ય કર્યુ છે. ભાઈ, આ તો કેવી વાત છે? ગાંડી સાસરે ન જાય અને ડાહીને શિખામણ આપે એવી વાત છે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૨૯ કરોડની વાત કરું તો, કોંગ્રેસ પક્ષના માનનીય સભ્યશ્રીઓ કહેતા હતા કે શિક્ષણમાં મફત કરી આપવું જોઈએ. અરે, ભાઈ, આપની પાસે પણ તક હતી તો એ તકનો લાભ કેમ ન લીધો? અરે, ભાઈ, શિક્ષણમાં આ વખતે પાંચ ટકાનો ઘટાડો કર્યો અને એ રીતે ૧૦.૯૦ કરોડ રૂપિયાનો ફાયદો આપ્યો. આજે સૌથી મોટો વર્ગ જે છે એ રેસીડયુરી વર્ગ છે એ વર્ગમાં નાના મોટા બધા આવી જાય, પાનના ગલ્લાવાળા, ટ્રેઈલર, નાની હોટલવાળા, સુથારી કામ કરતા માણસો, નાની ઑફિસ ચલાવતા હોય તેઓ પણ આવી જાય, છાપા વેચવાવાળા અને નાની ઘંટીઓ ચલાવનારા પણ એમાં આવી જાય, આ બધામાં રેસીડયુરી અને કોમર્શિયલમાં આપણે સૌથી મોટો ફાયદો આપ્યો છે. ૪૫ ટકાથી, જે તેઓ ૭૦ ટકા રાખતા હતાને એમાં અમારા માનનીય નાણા મંત્રીશ્રીએ ગઈ સાલ, બે વર્ષ પહેલાં પંદર ટકા ઘટાડી એ ૪૫ ટકા કરી અને એ ૪૫ ટકામાં આ વખતે બીજા દશ ટકાનો ઘટાડો કર્યો અને એ રીતે ૩૫ ટકા ઉપર આપણે આવ્યા છીએ. હવે આપણે ભેગું કરીને જોઈએ તો દરેક જણને લાભ આપવામાં આવ્યો છે. કમનસીબી એવી હતી કે કોંગ્રેસના સભ્યશ્રીઓ છેક હાઈટ ઉપર પહોંચી ગયા. હવે એ હાઈટ ઉપરથી એક સાથે મોટો કુદકો મરાય નહીંને, એટલે માનનીય નાણામંત્રીશ્રીએ બહુ હોંશિયારીપૂર્વક દરેક વર્ગને ધીમે ધીમે રાહતો આપવાનું નકકી કર્યું અને ધીમે ધીમે રાહતો આપીને ૭૦૦ કરોડનો લાભ આપ્યો છે.

આજની તારીખે હાઉસમાં હું ખાતરી આપું છું કે આ સરકાર ઈલેકિટ્રસિટી ડયુટીમાં કાયમ માટે આવતા દિવસોમાં ભાવ ઘટે એના માટે ચોકકસ ડયુટી ઘટે એવી પૂરેપૂરી કોશીશ કરશે. ડયુટીમાં હું એક બીજો દાખલો આપું મોટા મોટા ઉદ્યોગોની વાત કરે છે, કેપ્ટીવ પાવર પ્લાન્ટ કોને હોય? એ મોટા ઉદ્યોગોને હોય. એ મોટા ઉદ્યોગોની ડયુટી પોઈન્ટ ૨૦ પૈસા હતી પર યુનિટ એ માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીએ ૨૦ની ૪૦ કરી છે એના કારણે કરોડો રૂપિયાની આવક વધવાની છે. કમનસીબી કે, આ સરકાર આવ્યા પછી કોઈ પણ કંપનીને પાંચ વર્ષથી વધારે એકઝમ્શન આપ્યું નથી કેપ્ટીવમાં કોઈ એમ ન કહી શકે કે મને એક વર્ષ વધારે આપ્યું છે. ઈતિહાસ જુઓ તમારી સરકારમાં તમે ૧૫-૧૫ વર્ષ સુધી એકઝમ્શન આપ્યું છે. આ ૧૫ વર્ષ આપવાનું કારણ શું? આનો જવાબ આપો અહીંયા અમે તમારી પાસેથી જવાબ માગીએ છીએ કે આ મોટા ઉદ્યોગોને ૧૫ વર્ષ સુધી એકઝમ્શન આપવાનું કારણ શું? આ સરકારે એક પણ વર્ષ વધારે કોઈને આપ્યું નથી. એક જ નીતિ રાખી છે નાના ઉદ્યોગો માટે એજ નીતિ અને મોટા ઉદ્યોગો માટે પણ એજ નીતિ રાખી છે. આમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી અને એનું અમને ગૌરવ છે. આજની તારીખે નાણામંત્રીશ્રીએ કેટલું ધ્યાન રાખ્યું છે એ હું આપને કહું, આ ૭૦૦ કરોડનો ઘટાડો તો આપ્યો પણ ૨૦૦૧ની સાલમાં ૧૨૬૫ કરોડની આવક હતી, ૨૦૦૧-૨૦૦૨માં ૧૬૫૦ કરોડ થઈ. આ ૪૦૦ કરોડની રાહત આપ્યા પછી પણ ૨૦૦૨-૨૦૦૩માં ૧૩૭૭ કરોડ થઈ અને ગઈ સાલ ૨૦૦૩-૨૦૦૪માં ૧૫૮૫ કરોડ થઈ અને રાહત આપ્યા પછી પણ આ વર્ષે ૧૭૦૦ કરોડ થશે અને આવતી સાલમાં ૨૨૯ કરોડની રાહત આપ્યા પછી અમે ૧૭૭૦ કરોડની આવકનો અંદાજ રાખ્યો છે. આવક વધારો, પણ કેવી રીતે? ટેકસ વધારીને નહીં, વહીવટ સુધારીને. આ એક જ વાત છે કે વહીવટ સુધારીને આવક વધારો અને ભારણ ઘટાડો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રીઓ, તમે બધા બોલતા હતા ત્યારે માનનીય મંત્રીશ્રી શાંત હતા. હવે જયારે માનનીય મંત્રીશ્રી બોલે છે, ત્યારે એમાં એ ખોટું બોલતા નથી. જવાબ આપી રહ્યા છે, એટલે તમારે થોડી સાંભળવાની શકિત કેળવવી પડશે. તમે ઓછા શકિતશાળી છો, એવું મને લાગે છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપ વિચાર તો કરો કે આટલી રાહત આપી છે એ નાના દુકાનદારને આપી છે, નાના નાના ગોડાઉનો હોય, નાના નાના વેપારીઓ હોય, ગામના પ્રોફેસરો હોય, વકીલો

હોય, ડોકટરો હોય, શહેરોમાં-નગરપાલિકાઓમાં વકીલો હોય, ડોકટરો હોય, રીસર્ચ ઈન્સ્ટીટયુટ હોય, નાની નાની લાઈબ્રેરીઝ હોય, શિક્ષણ સંસ્થાઓ હોય, ટેલીફોન બુથ હોય, સર્વિસ કેબલ હોય, હોસ્પિટલો હોય, ટીવી સ્ટેડીયો હોય, પેટ્રોલ પંપો હોય, ગેસ સ્ટેશનો હોય, પ્રોવિઝન સ્ટોર્સ હોય શું આ બધા નાના માણસો નથી? હું એમ પૂછું છું કે, આ લોકોને રાહત આપવામાં તમને વાંધો શું છે? રાહત આપી છે તો તમારે વખાણ કરવા જોઈએ અને તમારે વખાણ કરીને કહેવું જોઈએ કે આ નાના માણસોને આવતા દિવસોમાં વધારે રાહત આપો.

માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીને અભિનંદન આપું છું, એનું કારણ એ છે કે, એમણે બહુ સાચી વાત કરી છે, એમણે કહ્યું છે કે ગુજરાત એક રાજય છે કે જેનું પર યુનિટ કન્ઝમ્પ્શન સૌથી વધારે છે અને એમણે કહ્યું કે રાજયનો વિકાસ અને પર યુનિટ કન્ઝમ્પ્શન આ બન્ને જોડે જતું હોય છે એટલે એમણે આડકતરી રીતે મુખ્યમંત્રીશ્રીને અને સરકારને અભિનંદન આપ્યા કે આ રાજયનો વિકાસ આખા હિન્દુસ્તાનમાં સૌથી વધારે છે, એમણે ઈનડાયરેક્ટલી કહ્યું કે રાજયનો વિકાસ એ ડાયરેક્ટ પર યુનિટ કન્ઝમ્પ્શન સાથે જોડાયેલ હોય છે, કન્ઝમ્પ્શન પર ઈન્ડિવિઝ્યુલ્સ અને એ ૧૫૦૦ યુનિટ કન્ઝમ્પ્શન ઓફ પર ઈન્ડિવિઝ્યુલ્સ ગુજરાતનું છે એ હિન્દુસ્તાનમાં ક્યાંય નથી અને ૨૦૦૨માં આ કેન્દ્ર સરકારે ટારગેટ આપ્યો છે દરેક રાજ્યને કે ૨૦૧૨ સુધીમાં તમે ૧૫૦૦ પર પહોંચજો અને અમે અત્યારે ૧૫૦૦ ઉપર પહોંચ્યા છે. આ બે વર્ષ પહેલાં ૧૦૦૦-૧૧૦૦ પર રમતું હતું આ સ્પષ્ટપણે બતાવે છે કે આપણા રાજ્યનો વિકાસ કેટલો ઝડપથી થઈ રહ્યો છે. ઘણા બધા સભ્યશ્રીઓએ ઘણી બધી વાતો કરી એટલે નાના મોટા બને એટલી કોશિષ કરું છું જવાબ આપવાની.

માનનીય સભ્યશ્રી જેસાભાઈએ સબસીડીની વાત કરી, હિન્દુસ્તાનમાં ખેડૂતોને જો સબસીડી અપાતી હોય તો ગુજરાત સૌથી વધારે સબસીડી આપે છે કોઈપણ સરકાર, આ મફત વીજળી ખેડૂતોને આપે છે સરકાર, એ પણ એટલી સબસીડી નથી આપતી, આજે ગુજરાત પોતાના ખેડૂતો પાછળ ૧૫૦૦ થી ૧૮૦૦ કરોડ રૂપિયાની સબસીડી આપે છે,

બીજું સભ્યશ્રીઓને મારે જણાવવું છે કે ગઈસાલ જયારે વધારે વરસાદ પડ્યો હતો અને ત્રણથી ચાર મહિના હતા ત્યારે ૪૦૦ કરોડ રૂપિયા જેટલી વીજળી જી.ઈ.બી. એ ખરીદીને આપી છે અને એમાં જી.ઈ.બી. એ નુકશાન કર્યુ છે પણ આ ખેડૂતોના લાભ માટે અમે જોયું છે કે ખેડૂતોને વીજળી આપવી જ જોઈએ એમનો જ્યારે પાક સૂકાતો હતો ત્યારે વીજળી આપવી જોઈએ અમે ગમે ત્યાંથી ખરીદીને ૪૦૦ કરોડ રૂપિયાની સબસીડી આપી છે, ખેડૂતો માટે ઈતિહાસમાં ક્યારેય નહિ પણ આ સરકારે પાંચ ટકા ઈ.ડી. જે રાખવામાં આવી હતી એ તારીખ ૧-૭-૨૦૦૪થી રદ કરવામાં આવી છે, થોડીક રજૂઆતો આવેલ છે, આ લોકોએ વીજળીની બહુ ચિંતા કરી અને એમાં જી.ઈ.બી.ની ભાગીદારી છે એટલે હું આ વિષય કાઢું છું કે મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની કરી છે એમાં જે હમણાં ચિંતા કરી કે પાણી ઉંડા જતા રહ્યા છે, પાણી ખારાશવાળા થઈ ગયા છે, પાણી આવતા નથી આ બધી જે ચિંતા કરી, ઉત્પાદનની ચિંતા કરી, ખારા પાણીની ચિંતા કરી, એના માટે વીજળી બચાવવા, પાણી બચાવવા અને ખેડૂતોનું ઉત્પાદન વધારવા માટે સારો પાક ખેડૂતોને આવે એના માટે ભવિષ્યની ચિંતા કરવા માટે ટપક પદ્ધતિની આ યોજના અમે દાખલ કરી છે અને એમાં જી.ઈ.બી. પૂરેપૂરો એ વિસ્તારના ખેડૂતોને સહકાર આપે છે.

પંચાયતના બિલોની રાહતોની વાત કરી, નગરપાલિકાના બિલોની રાહતોની વાત કરી , સમાધાન યોજના કેમ લાવ્યા? એક આદત પડી ગઈ હતી, આખા રાજ્યની અંદર કોઈ ગ્રામપંચાયત બિલ ન આપે, કોઈ નગરપાલિકા બિલ ન આપે, કમનસીબે આજે જી.ઈ.બી.ના ૧૫૦૦ કરોડ રૂપિયા સલવાઈ ગયા છે એકબાજુ આવક બતાવીએ અને બીજીબાજુ પૈસા ન આવે આ કઈ જાતનો વહીવટ કહેવાય? મને કહેતાં આનંદ થાય છે અમે કડક થયા, જુના બિલ પર કડક ન થયા, પણ એકઝીસ્ટીંગ જે એમનું દર માસિક બિલ હોય એના પર ચોક્કસ અમે કડક થયા અને મને કહેતાં આનંદ થાય છે કે આજની તારીખે ૧૪૧ જેટલી નગરપાલિકાઓ છે એમાં ૧૨૦ થી ૧૨૫ નગરપાલિકાઓ પોતાના સ્ટ્રીટલાઈટના બિલો રેગ્યુલરલી ભરે છે હું મારા વિસ્તારનો દાખલો આપું તો વલ્લભીપુર ગ્રામપંચાયતનું છ મહિના સુધી મેં કનેકશન કાપ્યું હતું પછી ગામના લોકો ભેગા થયા અને ગ્રામ પંચાયતે નક્કી કર્યુ કે ના આપણે પૈસા- બિલ તો ભરાવવા પડે અને આજની તારીખે એ લોકો છેલ્લા ચાર - છ મહિનાથી રેગ્યુલર દરેક બિલોના હપ્તા ભરે છે.એટલે ગ્રામ પંચાયતે પણ વહીવટ કરવો પડે.

નગરપાલિકા, કોરપોરેશન તે પણ ઈન્ડીપેન્ડન્ટ બોડી છે. તે લોકોએ પણ વહીવટી કરવો પડે એટલે આ જે મફત લેવાની આદતો છે તે આપણે દૂર કરવી પડશે અને હું આપને એક વસ્તુ ચોકકસપણે કહું કે આજની તારીખમાં નગરપાલિકા કે ગ્રામ પંચાયત ઉપર આપણે ઈલૅક્ટ્રીસીટી ડ્યૂટી લેતા નથી તે ચોકકસપણે આપણે રાહત આપીએ છીએ. ૧ ટકાની સ્ટ્રીટ લાઈટ ડયૂટી નથી લેતા. વોટર વર્કસ ઉપર ડયૂટી નથી લેતા. આ કોઈની ઈલૅક્ટ્રીસીટી ડયૂટી નથી લેતા મૂળ જે એનર્જી ચાર્જીસ જે રેગ્યુલેટરી કમિશને નક્કી કર્યા છે તે જ રેગ્યુલેટરી કમિશનના આધારે જ આપણા ભાવ લઈએ છીએ અને આજની તારીખે સમાધાન યોજના આપી છે તેની અંદર કહ્યું છે કે તમને ૧૦૦ ટકા વ્યાજ માફ કરી દઈશું, તમને જોઈએ એટલા હપ્તામાં આપીશું પણ મૂળ રકમ હપ્તે હપ્તે ભરો અને આનંદની વાત છે કે મહેસાણાથી માંડીને ઘણી બધી નગરપાલિકાઓ જૂના

એમાઉન્ટો સંપાદન યોજનામાં ભરવા માંડ્યા. આનંદની વાત તો એ છે કે, જી.ઈ.બી.ના સ્પેશ્યલ ડિસ્કાઉન્ટ રેઈટ છે આજની તારીખમાં નગરપાલિકાઓ કહે છે આ લો બે વર્ષનાં પૈસા અમને ડિસ્કાઉન્ટ આપો આવી પોઝીશન આવી છે અને તેનું ગૌરવ લેવું જોઈએ. હું એમ કહું છું કે આપણે આપણા વિસ્તારની અંદર જે કોઈ નગરપાલિકા ચાલતી હોય, જે કોઈ પાર્ટીની નગરપાલિકા ચાલતી હોય તેને સ્પષ્ટપણે કહેવું જોઈએ કે વહીવટ સુધારણાની જવાબદારી તમારી છે અને તેમાં બિલકુલ સહકાર આપવો જોઈએ નહીં. હા, કોઈ જગ્યાએ પીવાના પાણીની તકલીફ થાય અને નગરપાલિકા વહીવટ સુધારવા તૈયાર થતા હોય તો મારી પાસે આવજો ગમે ત્યારે તેની તકલીફ દૂરી કરી દઈશું. પૉઝિટીવ એટીટયુટ સાથે આવજો. કોઈ ચિંતા કરવાની જરૂર નથી.દાનત ચોખ્ખી હોવી જોઈએ અને તમારી દાનત ચોખ્ખી હશે તો આ રાજય સરકાર આઉટ ઓફ વે જઈને મદદ કરશે.

માનનીય સભ્યશ્રીએ ડાર્ક ઝોનની વાત કરી. ડાર્ક ઝોન માટે ૪-૧૦ થી ૯-૧૦-૨૦૦૪ સુધી જાહેર ખબર આપવામાં આવી હતી અને ૩૧-૩-૦૪ સુધીની અંદર જે કોઈએ બોર કર્યા છે આ ડાર્ક ઝોનની અંદર તે આપણે સંપૂર્ણપણે તેને આપણે તેની અંદર સમાવેશ કરવામાં આવ્યો છે. બહેને એસ્સારના ભાવની વાત કરી. મારે એક જ વાત કહેવી છે કે આ મોટા ઉદ્યોગોની સામે જે કોઈ અમે લડાઈ લડી છે તેને માટે તાકાત જોઈએ અને મારે મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવાં છે, હકીકતમાં અભિનંદન આપવાં છે કે કોઈ સરકારની હિંમત નથી ચાલી ઉદ્યોગો જોડે શિંગડા પકડીને લડવાની અને આ મુખ્યમંત્રીશ્રીએ જે લડત લડી છે તેનું અમને બધાને ગૌરવ છે. આજે જ્યારે પાવર પરચેઝ એગ્રીમેન્ટની વાત કરીએ છીએ ત્યારે પાવર પરચેઝ એગ્રીમેન્ટ ખાનગી કંપનીઓ જોડે કર્યા છે. આ હિન્દુસ્તાનનું એક રાજય તો બતાવો કે જેણે ૨૦-૨૦ વર્ષના કરેલા કરારો રિવાઈઝ કર્યા હોય. એક રાજય તો બતાવો એક કંપની જોડે તો બતાવો. કમનસીબી કેવી છે આયોજન કરે બીજા અને ભોગવવું પડે બીજાને. મારે એક જ વસ્તુ પૂછવી છે કે આ એસ્સારનો પાયો નાખવામાં આવ્યો ક્યારે? પાયો નાંખ્યો ત્યારે કયા મુખ્યમંત્રી ગયા હતા અને જ્યારે કંપની ઉભી થઈ અને ચાર વર્ષથી કાગળો જુઓ અને તે પછી એમ થાય કે એક હજાર કરોડ રૂપિયા કોઈએ નાખ્યા હોય તેને આપણે ઉડાડી દેવાનું? મંજૂરી આપી કાગળો ઉપર તમે અને જ્યારે સ્વિચ ચાલુ કરવાની થઈ ત્યારે અમારી સરકાર બેઠી હતી તે અમારી કમનસીબી હતી. જો ચાર વર્ષ પહેલાં અમે હોત તો આ કંપનીઓજ ઉભી થઈ ના હોત અને એસ્સારની જોડે ૬૦ કરોડ રૂપિયાનું પાવર પરચેઝ એગ્રીમેન્ટ રિવાઈઝ કર્યુ અને મને કહેતાં આનંદ થાય છે કે પહેલી વખત તો રિવાઈઝ કર્યા પણ ફરધન કમિટીની સ્થાપના કરી છે અને અમે ફરીથી કહીએ છીએ હજી રિવાઈઝ કરો. છે કોઈનામાં હિંમત આ કરવાની? જીપેકની સ્થાપના કરી ત્યારે કોણ હતું. જીપેકનો ખાડો ખોદ્યો, પ્લાન્ટ નાંખ્યો, પ્લાન્ટનું ઉત્પાદન થયું, પીપીએ સાઈન કર્યા તેમાં કયાંય વચ્ચે ભાજપ સરકાર નથી અને એ જ જીપેકને અમે ૨૪૦ કરોડ રૂપિયા જેટલો વાર્ષિક ઘટાડો કર્યો છે. એના કારણે આ જે ખરીદી ૧૦ થી ૧૧ રૂપિયાની હતી એ ખરીદીના ભાવ ઘટયા છે અને એના કારણે પ્રજાને લાભ મળે છે. ચિંતા કરે છે કે વીજળીના ભાવ ઘટાડો, વીજળીના ભાવ ઘટાડો, તો આ કોલસો જે આવે છે એ બહારથી આવે છે અને એ બહારથી આવતા કોલસા ઉપર અને ભાડા ઉપર આ કોંગ્રેસની કેન્દ્ર સરકારે વધારો કર્યો છે અને એનાથી જી.ઈ.બી. ઉપર ૩૦૦ કરોડ રૂપિયાનો ભાર પડયો છે અને એનાથી અમારી કમર તૂટી ગઈ છે. તો તમે જો દિલ્હી જઈને અમને આ ૩૦૦ કરોડ રૂપિયાની રાહત અપાવી શકો તો તમે મને જેટલી સલાહ આપો કે આ આ જગ્યાએ ઘટાડો કરો તો એ દરેકમાં હું ઘ ટાડો કરવા તૈયાર છું, પરંતુ પહેલાં તમે કેન્દ્રમાં જઈને એ ૩૦૦ કરોડ રૂપિયા ઘટાડી લાવો. તમે દિલ્હીથી એ ઘટાડો કરાવી આવો તો તમે જયાં કહો ત્યાં એ ૩૦૦ કરોડ રૂપિયાની રાહત આપવાની મારી તૈયારી છે.(અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, તકલીફ થાય છે, ઈચ્છા તો ઘણી જવાની છે, પરંતુ એપોઈન્ટમેન્ટ મળે તો જાય ને? ઘણી ઈચ્છા છે, કમનસીબી છે કે આપણા લોકો અહીં આગળ વાતો કરે છે કે ઘટાડો કરો, પરંતુ કમનસીબે તેમને એ ખબર નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક વિશેષ વાત ધ્યાન ઉપર મૂકું કે આવતા દિવસોમાં ગેસના ભાવમાં વધારો આવે એવી શકયતા છે. તો તમે તમારી પૂરેપૂરી વગ વાપરીને ઘટાડો કરો, આ વાત અત્યારથી જ તમને કહું છું અને હાઉસના રેકર્ડ ઉપર મૂકું છું કે તમારી વગ વાપરીને એ કરજો. અમે તો જયારે રામનાયક હતા ત્યારે અનેકવાર તેમની પાસે દિલ્હી ગયા છીએ અને રામનાયક ઉપર દબાણ કરીને, પેટ્રોલિયમ મિનિસ્ટ્રી ઉપર દબાણ કરીને અમે જોયું છે કે આ ભાવ વધવા દીધા નથી.(અંતરાય) એટલે આવતા દિવસોમાં આપસૌને વિનંતી છે કે આપ જરા જાગૃત્ત થાઓ અને જાગૃત્તિ લાવ્યા પછી ના વધે એટલું જોજો.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપણે ૧-૦૦ વાગ્યા સુધીમાં આ બે બિલ પસાર કરવાનાં છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું બીજી એક વાત કરું કે અહીંયાં થોડીક વાત કરવામાં આવી કે ઈમ્પોર્ટેડ કોલસો વધારે વાપરવાનું ચાલુ કર્યુ છે. તો આપણે એ કોલસો માસિક ૬૦ થી ૬૦ હજાર ટનથી વધારે વાપરતા નથી અને એ વાપરવાનું કારણ એ છે કે કચરો કવોલિટીનો કોલ મોકલે છે એટલે અને દુઃખ એ વાતનું છે કે આજની તારીખમાં સેન્ટ્રલ અમને દબાણ કરે છે કે આ ઈમ્પોર્ટેડ કોલનો વપરાશ વધારો. અમારી કમનસીબી છે કે ભારતીય જનતા પાર્ટીની સરકાર હતી ત્યારે અમારી પાસે ૧૬ દિવસનો સ્ટોક રહેતો

હતો અને આજે અમને ૪ દિવસના સ્ટોક ઉપર લાવી દીધા છે એવી અમારી પરિસ્થિતિ કરી દીધી છે અને અમારા બે માણસો તો કાયમ દિલ્હીમાં જ રહેતા હોય છે. તો અમને મદદ કરજો.

માનનીય અધ્યક્ષશ્રી, પેટકોકની વાત કરી તો આ પેટકોકમાં સલ્ફરનું કન્ટેઈન આવે છે અને જો આપણે આ પેટકોક વાપરીએ તો એનાથી આપણા પ્લાન્ટ ૧૦ વર્ષમાં ખખડી જાય અને બીજું કે આ ખાનગી કંપની પાસેથી લેવાનો થાય અને ખાનગી કંપની તો આપણને એ બજાર ભાવે આપવાની છે. તો આપણને એ બજાર ભાવે તો ના પોષાય અને ના લેવાય, છો, પછી એ સગા હોય.

માનનીય અધ્યક્ષશ્રી, એક જાણકારી આપું કે આ સરકારે ગૃહ ઉદ્યોગ વધારવા માટે ૨ હોર્સ પાવરનો લોડ હોય તો તમે એ રેસિડેન્શિયલ ટેરીફ દ્વારા કરી શકો છો. તો આ લાભ કોને આપ્યો છે કે આપણે એમાં ઉદ્યોગના ભાવ લગાવતા નથી. કોઈને ૨ હોર્સ પાવરનો લોડ કરવો હોય અને ઘરવપરાશની હીરાની ઘંટીથી માંડીને એ બીજા નાના ગૃહ ઉદ્યોગ કરી શકે છે.એટલે આ અનેક અનેક ફાયદા છે. એટલે મારે કહેવું છે કે માનનીય નાણા મંત્રીશ્રી જે સુધારા લાવ્યા છે એના માટે હું માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને માનનીય મુખ્યમંત્રીશ્રીને પણ અભિનંદન આપવા જોઈએ કે આપણે ધીમે ધીમે જે ભાર જૂની સરકાર દ્વારા મૂકવામાં આવ્યો હતો એ ધીમે ધીમે આ સરકાર ઘટાડતા ગયા છીએ. એટલે અમે જે આપીએ છીએ એ તમે ધીમે ધીમે સ્વીકારતા જાઓ અને આવતા દિવસોમાં સૂચનો કરો કે અહીંયાં અહીંયાં આટલું આટલું કરો અને આપણે એવું ગુજરાત રાજય બનાવીએ કે જયાં ઈલેકટ્રીસીટી ડયુટીના રેઈટ હિન્દુસ્તાનમાં સૌથી ઓછા હોય એવું ગુજરાત રાજય આપણે બધા ભેગા થઈને બનાવીએ એવી અપેક્ષા છે. એટલે મારી વિનંતી છે કે આ સુધારા લાવ્યા છીએ એ સર્વાનુમત્તે પસાર કરે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૨૭-સન ૨૦૦૫નું મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ અને કલમ ૩, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૨૭-સન ૨૦૦૫નું મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૨૭-સન ૨૦૦૫નું મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

## ૨૦૦૫નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૧
## ગુજરાત રાજવિત્તીય જવાબદારી વિધેયક, ૨૦૦૫.

**મહેસૂલી ખાધમાં ક્રમિક ઘટાડો, રાજવિત્તીય સ્થિરતાને સુસંગત હોય તેવી કાયમી દેવા વ્યવસ્થા, સરકારના રાજવિત્તીય કામકાજમાં અને મધ્યમ મુદતના રાજવિત્તીય માળખામાં રાજવિત્તીય નીતિના સંચાલનમાં વધુ પારદર્શિતા દ્વારા રાજવિત્તીય વ્યવસ્થાપન અને રાજવિત્તીય સ્થિરતામાં દૂરદર્શિતા સુનિશ્ચિત કરવા માટે રાજય સરકારની જવાબદારીઓ માટેની અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતોની જોગવાઈ કરવા બાબત વિધેયક.**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિધ્ધ થયેલ સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૧૧, સન ૨૦૦૫નું ગુજરાત રાજવિત્તીય જવાબદારી વિધેયક હું આપની પરવાનગીથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

---

* વિધેયક ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૦૫ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૧૧-સન ૨૦૦૫નું ગુજરાત રાજવિત્તીય જવાબદારીઓ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ છે તે ગુજરાત રાજયની નાણાકીય પરિસ્થિતિ સુધરે અને વ્યવસ્થિત થાય તેના માટેનું બિલ છે. આ બિલ માટે કેન્દ્ર સરકારે આપણને ભલામણ કરી છે કે આવા પ્રકારનું તમે બિલ રાખો, આ બિલ રાખવાથી રાજય સરકારની આર્થિક પરિસ્થિતિ સદ્ધર થાય અને આ બિલનો ડ્રાફટ છે તે રિઝર્વ બેંકે આપણને મોકલાવ્યો છે. આ બિલની ૧૨ માં નાણા પંચે પણ આપણને ભલામણ કરી છે કે દરેક રાજયની આર્થિક પરિસ્થિતિ વ્યવસ્થિત રીતે રહે એટલા માટે આવા પ્રકારનું બિલ જરૂરી છે. એટલે કેન્દ્ર સરકારે જેનું સૂચન કર્યું છે અને ૧૨માં નાણાં પંચની પણ ઈચ્છા છે અને રિઝર્વ બેંકે મોડેલ એકટ તરીકે જે બિલ આપ્યું છે તે બિલ હું લઈને આવ્યો છું. આજની તારીખે કર્ણાટક, તામિલનાડુ, કેરલ, પંજાબ અને યુ.પી. ની સરકારોએ આ fiscal responsibility billને અપનાવેલ છે. મહારાષ્ટ્રમાં પણ આ બિલ હાઉસમાં મૂકાઈ ગયેલ છે અને હજુ મંજૂર થવાનું બાકી છે, આ બિલને કારણે આપણા રાજયની અંદર મહેસૂલી ખાદ્ય છે તે દ ાટે, આપણા રાજયની રાજકીય નાણાંકીય ખાદ્ય છે તે ઘટે, આપણે જાહેર દેવું કેવી રીતે અને કેટલી મર્યાદા સુધી કરવું, એના માટેની વાત આમાં છે. અને સરકારે આપેલ ગેરંટી છે એમાં પણ મર્યાદાઓ આમાં છે, અમર્યાદિત રીતે ગેરંટી ન આપી શકાય તેના માટે થઈને આમાં ચાર પાયાના સિદ્ધાંતો સ્વીકાર્યા છે. કેન્દ્ર સરકારે જેનું સૂચન કર્યુ છે તે મંજૂર કરવા માટેનું આ બિલ છે. આ બિલની અંદર રાજકીય વાત નથી કે પ્રજાકીય વાત નથી. એમાં ફક્ત એકજ વાત છે. આપણે મહેસૂલી ખાદ્ય ઘટાડવી હોય તો આપણે મહેસૂલી ખર્ચ કરતાં મહેસૂલી આવક વધારવી જોઈએ. મહેસૂલી આવક વધે અને ખર્ચ ઘટે એના લીધે જે પૈસા સરપ્લસ રહે એ આરોગ્ય માટે શિક્ષણ માટે અને આપણા રાજયના હિતાર્થે વાપરી શકીએ એ દૃષ્ટિથી સમગ્ર હિંદુસ્તાનના દરેક રાજયો ધીમે ધીમે આ બિલને સ્વીકારે છે. આપણો પાંચમો કે છઠ્ઠો વારો છે. તો આ સભાગૃહના સભ્યશ્રીઓને વિનંતી કરુ કે મારા આ બિલને સ્વીકારે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર)** : માનનીય નાણામંત્રીશ્રી ગુજરાત રાજવિત્તિય જવાબદારીઓ માટેનું બિલ લઈને આવ્યા છે. ભારત સરકાર દરેક રાજયની ચિંતા કરતી હોય, દરેક રાજય પોતે સદ્ધર થાય, એ પોતે જે કામ કરે છે એમાં દેવું થયું હોય, પછી મહેસૂલી ખાદ્ય હોય કે બિન આવકોનો ઘટાડો થયો હોય . આ તમામ ક્ષેત્રે ચિંતા કરતી હોય ત્યારે માનનીય નાણામંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે એ બિલની મર્યાદામાં રહીને અમુક વિગતોથી આ સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું.

આંતરિક દેવાની ચૂકવણીની વાત કરું તો ૧૯૯૭-૯૮માં માત્ર ૫૦૭ કરોડ રૂપિયા જ હતું એ આજે ૨૦૦૩-૨૦૦૪માં ૫૩૨૫ કરોડ રૂપિયા થયું છે. એટલે એમાં ૪૮૧૫ કરોડનો વધારો થયો છે. અહીંયા દેવાની ચિંતા કરતા હતા. આપણે એની તરફ નજર નાખીએ તો ૨૦૦૨-૦૩ના અંતે ૪૬૭૭૧ કરોડ રૂપિયાનું દેવું હતું એ આજે વધીને ૨૦૦૪-૫ માં ૫૫૩૧૮ કરોડ રૂપિયા થયું છે. એટલે એમાં પણ ૧૮.૨૭ ટકા જેવો વધારો થયો છે. બીજી બાજુ મહેસૂલી ખાદ્યની ચિંતા કરવામાં આવી છે. આ ખાદ્ય ઘટાડવાનું ભારત સરકારે પણ આપણને કહ્યું છે. ૨૦૦૨ની અંદર મહેસૂલી ખાદ્ય ૬૩૦૨ કરોડ હતી એ દિન પ્રતિદિન વધી રહી છે. ૨૦૦૨-૨૦૦૩માં ૩૫૬૯ કરોડ હતી. ૨૦૦૩-૦૪માં ૩૭૦૮ કરોડ હતી. જ્યારે ૨૦૦૪-૨૦૦૫માં ૩૮૬૯, એટલે છેલ્લા ત્રણ વર્ષમાં મહેસૂલી ખાદ્ય ગુજરાત સરકારની હતી એમાં ૩૦૪ કરોડનો વધારો થયો છે. રાજય સરકારે ઘણા બધા પગલાંની જાહેરાત કરી છે. ૨૦૦૪-૨૦૦૫ની અંદર બિન કર આવકમાં ઘટાડો થયો છે. મહેસૂલી આવકમાં ૬૦૦ કરોડનો ઘટાડો થયો છે. રાજયમાં કુલ મહેસૂલી પરવાના છે એના ઉપર ૧૦૪૬ કરોડ રૂપિયાનું વ્યાજ ૧૯૯૩-૯૪માં ચૂકવવામાં આવતું હતું એ વધીને ૨૦૦૩-૦૪માં ૫૮૦૫ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયેલ છે. ૨૦૦૪-૨૦૦૫માં ૬૦૮૩ કરોડ પહોંચેલ છે. ૨૦૦૫-૦૬માં ૬૧૪૫ કરોડ ખર્ચવામાં આવવાની છે. કુલ રાજયનો ખર્ચ છે એમાં ૧૭ ટકા મહેસૂલી અને ૨૫ ટકા જેટલી રકમ આમાં થાય છે. તેની સરખામણીમાં આજે ૪૦ ટકા કરતાં વધારે થઈ છે. વ્યાજની ચૂકવણીની જે રકમો છે છેલ્લા પાંચ વર્ષમાં ૫૦ ટકા વધારે થાય છે. જે કેગનો રિપોર્ટ છે એના ઉપર આધારિત છે કે રાજકોષીય મહેસૂલી ખાદ્ય છે એ ૬૮.૧૮ છે. રાજકોષીય જવાબદારી જથ્થાબંધ ઉત્પાદન છે એ ૩૦.૪૦ છે. રાજકોષની મહેસૂલી આવક ૨૨૧.૬૨ છે. રાજયના રોકાણનું વળતર છે એ માત્ર ૦.૫૬ છે. આ બધી વાત એટલા માટે મૂકું છું

**અધ્યક્ષશ્રી** : માનનીય બલવંતસિંહ આપનું પ્રવચન ચાલુ રહેશે.

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧.૦૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બપોરના ૨.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા.૧૬મી માર્ચ, ૨૦૦૫**
**ફાલ્ગુન ૨૫, ૧૯૨૬ શાકે**

**બીજી બેઠક**

**સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે મળ્યું.**
**પ્રો. મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

### ભાવનગરની સર ટી. હૉસ્પિટલના બર્ન્સ વૉર્ડમાં એરકંડીશન મશીન બંધ હોવા બાબત

***૧૧૯૭૨ શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ભાવનગરની સર ટી. હૉસ્પિટલમાં કેટલા સમયથી બર્ન્સ વૉર્ડમાં એ.સી. બંધ છે તેના શાં કારણો છે અને

(૨) નિયમિત એ.સી. ચાલુ રહે તે માટે સરકારે શી વ્યવસ્થા કરી છે?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી:**

(૧) મશીન ચાલુ છે.

(૨) એ.સી. મશીન ચાલુ રહે તે માટે નિભાવ કરાર કરેલ છે.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ** : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગરની સર ટી. હૉસ્પિટલમાં બર્નીંગ વૉર્ડનું જે એ.સી. છે એ વારંવાર બંધ થઈ જાય છે. અત્યારની પરિસ્થિતિમાં ચાલે છે પણ મારે એ જાણવું છે કે આ કોન્ટ્રાકટ કોને આપવામાં આવ્યો છે? છેલ્લા બે વર્ષમાં એ.સી. કેટલી વખત બંધ થયું છે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, બર્ન્સ વૉર્ડમાં ૧૫ જેટલા એ.સી. રહેલા છે અને સમગ્ર વર્ષ દરમ્યાન આ બધા જ એ.સી. ચાલુ રહેલા છે. કોઈને કોઈ રીતે ક્યારેક કોઈ ફોલ્ટ આવ્યો હોય તો તે રિપેર કરવામાં આવ્યો છે. આમાં વાર્ષિક કોન્ટ્રાકટ હોય છે અને બર્ન્સ વૉર્ડના એ.સી. મશીનના મેન્ટેનન્સ માટે વાર્ષિક કોન્ટ્રાકટ મેસર્સ શિવમ્ રેફ્રીજરેટર ભાવનગરને તા. ૧-૪-૨૦૦૪થી તા. ૩૧-૩-૨૦૦૫ સુધી આપવામાં આવેલ છે.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અમારે ત્યાં ભાવનગરમાં જનરલ જે કેસો બનતા હોય છે તે ઉપરાંત અલંગને કારણે પણ બર્ન્સ કેસો વધારે આવતા હોય છે. એ સંદર્ભમાં જાણવું છે કે આ બર્ન્સ વૉર્ડમાં પથારીઓ કેટલી છે, તેમાં કુલ કેટલા એ.સી. મશીનો ફાળવવામાં આવ્યા છે? ગત વર્ષ દરમ્યાન કેટલા દર્દીઓએ અહીં સેવાનો લાભ લીધો? પી.જી.ના કારણે રેસીડન્ટ ડોકટર્સની અવેલેબિલીટી છે કે કેમ? બર્ન્સ પછી પ્લાસ્ટીક સર્જનની આવશ્યકતા રહેતી હોય છે, તેને બચાવવા માટે, તો તેની વ્યવસ્થા ઉપલબ્ધ છે કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : ગત એક વર્ષ દરમ્યાન ૩૫૫ દર્દીઓએ આ બર્ન્સ વૉર્ડનો લાભ લીધેલો છે. ૧૮ પથારીઓ રહેલી છે અને માનનીય સભ્યશ્રીએ જે પ્રમાણે લાગણી વ્યક્ત કરી તે મુજબ અલંગ અને બાકીના કેસોને કારણે બર્ન્સ વૉર્ડની સગવડતા ખૂબ સારી રીતે ડેવલપ કરવામાં આવી છે. બર્ન્સ વૉર્ડમાં સ્ત્રી વૉર્ડ, પુરુષ વૉર્ડ, સેપરેટ કૅબિન, ઑપરેશન વિભાગ અને બાકીની વ્યવસ્થા કરવામાં આવી છે. ડૉકટરને પણ તેમણે કહ્યું તે મુજબ સંપૂર્ણપણે પ્લાસ્ટીક સર્જન સાથેની બાકીની વ્યવસ્થા હાથ ધરાઈ છે.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : આ ૧૫ એ.સી. મશીનો પૈકી છેલ્લા છ મહિનામાં ૨૪ કલાક કરતાં વધારે બંધ રહ્યા હોય એવાં કેટલાં મશીનો છે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : ૧૫ એ.સી. મશીનો ખૂબ સારી સ્થિતિમાં છે એટલા માટે ૨૪ કલાકથી વધારે સમય સુધી એ.સી. બંધ થયું હોય એવી સ્થિતિ થઈ નથી. તાત્કાલિક અસરથી એ બધા જ મેન્ટેનન્સ કોન્ટ્રાકટ હોવાથી રિપેર કરવામાં આવ્યા છે અને સમગ્ર વર્ષ દરમ્યાન આ જે ૧૫ એ.સી. મશીનો છે તેને ચાલુ સ્થિતિમાં જાળવી રાખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : ૨૪ કલાકથી વધારે સમય સુધી બંધ નથી રહ્યું ને?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : ના,જી.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે ૧૫ મશીનો છે તો મશીનો ક્યારે ખરીદવામાં આવ્યા અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો? બીજો સવાલ એ છે કે રીપૅરીંગનો વાર્ષિક કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે તો વાર્ષિક કોન્ટ્રાકટ કેટલી રકમનો આપવામાં આવ્યો છે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, સર ટી. હૉસ્પિટલમાં ૭૧ જેટલા એ.સી. મશીનો છે. તેની સાથે સાથે સ્ટેન્ડબાય મશીનો રહેતા હોય એટલે એકાદ એ.સી. મશીન રીપૅરીંગમાં લેવું પડતું હોય તો બાકીનું એ.સી. મશીન ફીટ કરીને કાર્યવાહી કરવામાં આવતી હોય છે. માનનીય સભ્યશ્રીને જણાવું છું કે બર્ન્સ વૉર્ડના એ.સી. ગુજરાત મેરીટાઈમ બોર્ડના ડોનેશનથી તા. ૧૫-૩-૯૯ના રોજ પૂરા પડાયેલ છે. એ ૧૫ મશીનો ચાલુ હાલતમાં છે. ખર્ચ માટે પૂછયું છે બર્ન્સ વૉર્ડના એ.સી. મશીનના રીપૅરીંગ પાછળ આ વર્ષમાં ૧૦,૮૦૦ રૂપિયા જેટલો ખર્ચ કરવામાં આવ્યો છે.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રીને એ પૂછવું છે કે, વાર્ષિક કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે તો કેટલી રકમનો આપવામાં આવ્યો છે? આ પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે એ.સી. બંધ હતા કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે પણ એ.સી. ચાલુ જ હતા અને આજે પણ એ.સી. ચાલુ છે. વાર્ષિક કોન્ટ્રાકટ છે એ માઈનોર વર્ક હોય ત્યાં સુધી હાથ ધરે છે. મોટું બદલવાનું હોય તો પરચેઝ ઈન્ડેન્ટ દ્વારા આરોગ્ય વિભાગના નિયમો મુજબ આરોગ્ય વિભાગે કાર્યવાહી કરવાની થાય છે.

### સીવીલ હોસ્પિટલોમાં ગરીબોને અદ્યતન સારવાર મફત આપવા બાબત

***૧૨૨૯૩ શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજયના શહેરોની સીવીલ હોસ્પિટલોમાં ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને અદ્યતન સારવાર મફત મળી રહે તે માટે અદ્યતન મશીનો વસાવવાનું સરકારે નક્કી કરેલ છે તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ આ અંગે રાજય સરકારે શી કાર્યવાહી કરેલ છે?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) વિવિધ સાધનો વસાવેલ છે.

**શ્રી મોહંમદફારુક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રીને એ પૂછવું છે કે, અમદાવાદ, વડોદરા અને સુરત ત્યાં બધા મશીનો છે. પણ જયારે એ બંધ પડે છે ત્યારે ડોકટરો પ્રાઈવેટ કન્સલ્ટીંગની ચીઠ્ઠી લખી આપે છે. એનો વાંધો નથી. ગરીબ અને મધ્યમવર્ગના દરદી હોય તો આ સીવીલ હોસ્પિટલમાં કેમ જાય છે? લાભ થાય એટલા માટે. આ ચીઠ્ઠી લખી આપે છે એનો જે ખર્ચ થાય એ સરકાર ભોગવવા તૈયાર છે કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં મારા આરોગ્ય વિભાગની માગણીના સમયે મેં વાત કરેલ હતી કે, આ વર્ષે રાજય સરકારે લગભગ ૯ કરોડ રૂપિયા જેટલા, સમગ્ર ગુજરાતની સીવીલ હોસ્પિટલો અને અન્ય હોસ્પિટલોમાં રહેલા મશીનોના મેઈન્ટેનન્સ માટેનો કોન્ટ્રાકટ આપેલ છે. અત્યાર સુધીમાં કયાંય પણ કોઈ મશીન બંધ રહેતા નથી. એની કાર્યવાહી કરવામાં આવે છે. સીવીલ હોસ્પિટલ કેમ્પસમાં ઓલ્ટર્નેટીવ એરેન્જમેન્ટ, સગવડ થઈ જતી હોય છે. બહાર લઈ જવાનું થતું હશે અને ગરીબ હશે એના માટે સહાનુભૂતિપૂર્વક વિચારણા કરવામાં આવશે.

**શ્રી કનુભાઇ મે. ભલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, અમારા જુનાગઢની સીવીલ હોસ્પિટલમાં ડાયાલીસીસ માટેના ૨ મશીન છે. એમાંથી એક મશીન ઘણા વખતથી બંધ છે. એનો રીપેરીંગનો ખર્ચ ૫૦ હજાર જેટલો છે તો એ ફાળવવામાં આવશે કે કેમ? અને આ રકમ ફાળવીને મશીન કયારે ચાલુ થશે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ફાળવેલા ન હોય તો પણ એને ચાલુ કરાવી દઈશું.

**શ્રી યોગેશભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, અમારી સયાજીરાવ હોસ્પિટલમાં ૧૩ કરોડ રૂપિયાના નવીન સાધનો આપ્યા છે. પરંતુ ચોમાસામાં દવાખાનાના ધાબામાં વોટર પ્રૂફીંગ ન થવાના કારણે, ચોમાસાના વરસાદના પાણી છેક નીચે સુધી ઉતર્યા છે, એનાથી મશીન ખરાબ થઈ ગયા છે. તો ધાબાનું વોટર પ્રૂફીંગ માટે કોઈ રકમ આપવા માગો છો કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, વિવિધ હોસ્પિટલોમાં વિવિધ બાબતો રહેલી હોય છે. આ સભાગૃહને હું ચોક્કસપણે જણાવીશ કે, W.H.O. એ જુન ૨૦૦૪માં આખા દેશના તમામ રાજયોનો સરવે રિપોર્ટ તૈયાર કર્યો છે. એમાં હોસ્પિટલોની ૪ બાબતોનો સમાવેશ કર્યો છે. એમાં સરકાર દ્વારા ઉભી કરેલ

માળખાકીય સુવિધાઓ, બીજું એના ઉપભોકતા, ત્રીજું ઉપભોકતાઓનો સંતોષ અને ચોથું પરિણામ. સમગ્ર દેશની અંદર W.H.O. ના સરવેમાં આ ચારેય બાબતોમાં ગુજરાત નંબર એકના સ્થાને રહેલું છે. સાધનોની બાબત છે ત્યારે ગૃહના સભ્યશ્રીઓને જણાવીશ કે, સમગ્ર દેશની અંદર ૨૨ જેટલા અદ્યતન સાધનો ધરાવતું ગુજરાત રાજય નંબર એકના સ્થાને છે.

**શ્રી યોગેશભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સાધનો આપેલાં છે પરંતુ ચોમાસાના પાણીના લીધે એ ખરાબ થયા છે, ચોમાસાના પાણીનું વોટર પ્રૂફીંગ ન થવાના કારણે તે સાધનો બગડી ગયાં છે એના માટે કોઈ રકમ આપવા માગો છો કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, સાધનોના રીપેરીંગનો પ્રશ્ન છે. બિલ્ડીંગ રીપેરીંગ માટેની વ્યવસ્થા માટે માનનીય સભ્યશ્રી મારું ધ્યાન દોરશે તો ચોક્કસપણે જોવડાવી લઈશ.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રીએ બીલો પોવર્ટી લાઈન ગરીબ દર્દીઓને વિનામૂલ્યે સહાય આપવી. પણ સાધનો ખરાબ હોવાના લીધે મોટા મોટા ખર્ચ ગરીબ માણસો કરી શકતા નથી. બી.પી.એલ.ના કાર્ડ રજૂ કરવા છતાં એની સારવાર થતી નથી. તો આવી બાબતો માટે કોઈ ભંડોળ રાખીને સુપ્રીન્ટેન્ડેન્ટ ઓફ હોસ્પિટલને ફાળવી મશીન બંધ હોય તો પ્રાઈવેટમાં સારવાર કરાવવાની હોય તો એ જવાબદારી સરકાર ઉઠાવવા માગે છે કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ચોક્કસપણે આ કાર્યવાહી શરૂ કરવા માગે છે. ઓકટોબર ૨૦૦૪માં ગુજરાતમાં પહેલી વખત તમામ જિલ્લા હોસ્પિટલોમાં રોગી કલ્યાણ સમિતિની રચના કરવામાં આવેલ. આ રોગી કલ્યાણ સમિતિમાં આ બધી જ બાબતો આવરી લેવામાં આવી છે.

**શ્રી કાળુભાઇ હી. માલીવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા એ જાણવા માગું છું કે પંચમહાલ જિલ્લામાં ગોધરા સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ૪ માસમાં સિવિલ સર્જન દ્વારા સાધનોની અપૂર્તતા છે એની યાદી મૂકવામાં આવી છે એની કયાં સુધીમાં પૂર્તતા કરવામાં આવશે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન છે.

**શ્રી હરજીવન હી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદમાં જે સિવિલ હોસ્પિટલ છે એ એશિયાની પ્રથમ નંબરની હોસ્પિટલ છે એની અંદર વિવિધ પ્રકારના ઈન્સ્ટિટયૂટ આવેલા છે એમાં કેન્સર વિભાગ છે, કીડની ઈન્સ્ટિટયૂટ છે , યુ. એન. મહેતા હાર્ટ યુનિટ છે આની અંદર સરકાર જયારે સો ટકા ગ્રાન્ટ આપતી હોય ત્યારે ગરીબ દર્દીઓને ત્યાં જવાનું મોઘું પડે છે તો ગરીબ દર્દીઓ માટે વિભાગમાં સરકાર સો ટકા ગ્રાન્ટ આપતી હોય તો આવા ગરીબ દર્દીઓ માટે મફતમાં સારવાર કરવા વિચારો છો કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારની ચાલતી હોસ્પિટલો અને રાજય સરકારની સહાયથી ચાલતી હોસ્પિટલોમાં ગરીબ દર્દીઓ જે બી.પી.એલ. કાર્ડ ધારકો છે એમને તમામ પ્રકારની સુવિધા મફત આપવામાં આવે છે એની સાથે સાથે સુપ્રિન્ટેન્ડશ્રીને પણ અમૂક પાવર આપેલ છે કે જેની પાસે બી.પી.એલ. કાર્ડ ન હોય અને એને લાગે કે આ વ્યકિતને મદદ કરવા જેવી છે તો પણ કરી શકે એની સાથોસાથ સભ્યશ્રીએ પૂછયું છે ત્યારે હું ચોકકસપણે જણાવીશ કે ગયા એક વર્ષમાં માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી આવા દર્દીઓને ૩ કરોડ ૯ લાખ અને ૨૦ હજાર રૂપિયાની સહાય કરવામાં આવી છે.

**ડૉ. નીમાબેન બ. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, સિવિલ હોસ્પિટલ ભુજમાં હમણાં ૨૦૦ બેડ ચાલુ થઈ ગયા છે. મેં રૂબરૂ મુલાકાત લીધી હતી અને ૨ હજાર જેટલા પેશન્ટની ઓ.પી.ડી. પણ છે પણ મારે એક પ્રશ્ન પૂછવો છે કે જે સ્પેશિયાલીસ્ટ સર્વિસીસ છે એના માટેના ડૉકટર કચ્છમાં મળતા નથી તો આમાં કંઈ ફેરફાર કરી અને ખાનગી ડૉકટરને મૂકી અને એવી સ્કીમ મૂકવા માગો છો કે કેમ? ૬૦:૪૦ કે ૬૦ ટકા હોસ્પિટલને ચાર્જ અપાય અને ૪૦ ટકા ડૉકટરને મળે એવી કોઈ આકર્ષક સ્કીમ મૂકવામાં આવે તો ન્યૂરોસર્જન , નેફ્રોલોજીસ્ટ એવા આપણને ડૉકટર મળે અને આપણી પાસે જે સારામાં સારા સાધનો આ હોસ્પિટલની અંદર છે એનો ઉપયોગ આપણે કરી શકીએ.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીની લાગણી સાચી છે પરંતુ સભ્યશ્રી પણ ડૉકટર છે અને બધી જ બાબતથી વાકેફ છે ત્યારે સરકારે ગત વર્ષે એક તો વર્ગ-૧ની સીધી નિમણૂક આપવાને કારણે ૧૦-૧૧ ટકા વધારે જગ્યાઓ ભરાયેલી છે એની સાથોસાથ પાર્ટ ટાઈમ અને ઓનરરીની પણ સગવડ ઉપલબ્ધ કરેલી છે અને આ પહેલા પણ ગૃહમાં મેં જણાવ્યું છે એ મુજબ આ પ્રકારના જે ઈન્ટીરીયલ વિસ્તાર છે કચ્છ છે, બનાસકાંઠા, અમરેલી, જુનાગઢ જેવા વિસ્તારો છે આ બધા વિસ્તારો માટે એક આગવી સ્કીમ ચોકકસપણે વિચારણા હેઠળ રહેલી છે.

**મેડીકલ ટુરિઝમ ક્ષેત્રે હોસ્પિટલોનો ઉપયોગ થવા બાબત.**

***૧૧૮૬૫ શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે
:

મેડીકલ ટુરિઝમ ક્ષેત્રે રાજયમાં કેટલી હોસ્પિટલોને ઉપયોગમાં લેવા વિચારણા હાથ ધરવામાં આવી છે?

**આરોગ્ય મંત્રીશ્રી :**

સારી ગુણવત્તા ધરાવતી સરકારી/બિન સરકારી હોસ્પિટલોમાં સમાવેશ કરવામાં આવશે.

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ મેડીકલ ટુરિઝમ એ આવતા દિવસો માટેનું ગુજરાતનું એક અગત્યનું હબ સેન્ટર બનવાનું છે તો આજે જે હોસ્પિટલો એમણે ખાનગી અને સરકારી લેવાની ચર્ચા કરી છે તો એનો માપદંડ શું છે અને કુલ મળીને મેડીકલ ટુરિઝમ માટે એનો વિકાસ કરવા માટે રોડમેપ કોઈ રાજય સરકારે નકકી કર્યો છે? કર્યો હોય તો એ શું છે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મેડીકલ ટુરિઝમ માટે ગુજરાતમાં અનેક પ્રકારની શકયતાઓ રહેલી છે અને શકયતાઓમાં વધુ સક્ષમતા પ્રાપ્ત થાય એના માટે ૨૦૦૩-૦૪માં વાયબ્રંટ ગુજરાતના યોજાયેલ આ કાર્યક્રમના ફળસ્વરૂપ જૂદાજૂદા પ્રદર્શન અને બાકીની કાર્યવાહી એના માટેના ઈન્ટરનેશનલ અને નેશનલ લેવલના ડીસ્કશન માટે અને બાકીની કાર્યવાહી હાથ ધરેલી હતી. સરકારની સાથોસાથ આખી જે બધી પ્રક્રિયાઓને આખરી સ્વરૂપ આપવા માટે એક આ પ્રકારની મેડીકલ ટુરિઝમ ગુજરાત કાઉન્સિલની રચના કરવાનું વિચારણાને આધીન છે અને બહુ જ ટૂંકા દિવસોમાં કાર્યવાહીને સરકાર અંતિમ સ્વરૂપ આપવા માગે છે. અનેક એવા રોગ છે કે જે રોગો માટે આજે પણ બહારના દેશના દર્દીઓ પણ સારવાર માટે અહીં આવે છે પરંતુ એની સાથોસાથ એક યોગ્ય લીંકેજ સિસ્ટમ ગોઠવાય , એક પદ્ધતિ ગોઠવાય એના માટે કાર્યવાહી કરી રહ્યા છીએ. સુરત, વડોદરા, અમદાવાદ, રાજકોટ વગેરે શહેરોમાં આ પ્રકારના હેલ્થ ઈન્સ્ટિટયૂટ, ખાનગી વિકાસ થયો છે એની સાથોસાથ સરકારે ગવર્નમેન્ટ હેલ્થ ઈન્સ્ટિટયૂટને પણ આ પ્રક્રિયાની અંદર સાંકળીને એક સઘન કાર્યવાહી કરવા માગે છે.

**શ્રી પંકજભાઈ વિ. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે નડિયાદની અંદર મુળજીભાઈ પટેલ ન્યુરોલોજીકલ હોસ્પિટલ કિડનીના રોગ અને કિડનીના ટ્રાન્સપ્લાન્ટ માટે એશિયાની બેસ્ટ હોસ્પિટલ છે તો એમાં આનો સમાવેશ કરવા માગો છો કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : હા, જી.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે માહિતી આપી અને આપણા માટે આનંદની વાત છે કે આ ક્ષેત્રમાંથી પણ હવે સારી રીતે ઘણું બધું હૂંડિયામણ કમાઈ શકીશું અને વધારે લોકોને રોજગારી મળશે. મારે માનનીય મંત્રીશ્રીનું એ વાત પર ધ્યાન દોરવું છે કે આ મેડીકલ ટુરિઝમના કારણે આપણા જે અહીંયા મધ્યમવર્ગના અને બાકીના દર્દીઓ છે એને પણ પરવડે એવી ફી થઈ જાય તો એમને સારવારથી વંચિત રહેવાનો વારો ન આવે. એના માટે કોઈ બેલેન્સિંગ સિસ્ટમ લોકલ દર્દીઓ અને બાકીના એન.આર.આઈ. માટે ગોઠવવાની મોનિટરીંગ સિસ્ટમ વિચારી છે ખરી?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે એ બે પ્રકારનો છે, સમજવા જેવો છે. મેં પહેલા જ કહ્યું કે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનિઝેશનના રિપોર્ટ મુજબ દર્દીઓ વધુમાં વધુ સારી સારવાર અહીંયા મેળવે છે. સાથોસાથ પ્રાઈવેટ હેલ્થ ઈન્સ્ટિટયૂટો ગુજરાતમાં ડેવલપ થઈ રહી છે. એને સ્કોપ આપીએ કે જેના કારણે બહારના લોકો આવવાના કારણે ગુજરાતના અનેક ક્ષેત્રોમાં, એ પછી પ્રવાસ, રોજગાર કે હેલ્થનું સેકટર હોય એમાં લાભ થાય અને ગુજરાતના લોકોને પણ ફાયદો થવાનો છે. હું એક દાખલો આપું કે પીડીયાટ્રીક કાર્ડીયાક સ્કૂલ હેલ્થમાં આપણી પાસે સુવિધા ન હતી. એના કારણે આપણા બાળકોને હૈદરાબાદ, મદ્રાસ અને બોમ્બે જવું પડતું હતું. થોડા સમય પહેલા અમદાવાદમાં આ સગવડ વિકસી છે ત્યારે દર્દીઓની હાલાકી ઓછી થાય, ઓપરેશનનો ખર્ચ એટલો જ થવાનો છે અને હાલાકી ઓછી થશે અને ઓવર ઓલ એન્વાયરમેન્ટમાં ફેર પડવાનો છે. એટલે મેડીકલ ટુરિઝમનો ગરીબ દર્દીઓને સારો લાભ પ્રાપ્ત થવાનો છે.

**શ્રી સી. ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે મેડીકો ટુરિઝમના ખ્યાલ માટે આપણે કેટલી નાણાકીય જોગવાઈ કરી છે એની વિગતો આપે.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : રાજય સરકાર આ કાર્યને પરોક્ષ રીતે બધી મદદ કરવા માગે છે. એના માટે કોઈ વિશેષ જોગવાઈની આવશ્યકતા અત્યારે જણાતી નથી.

**ડૉ. દિનેશ પરમાર** : મેડીકો ટુરિઝમ બાબતે સરકાર પાસે ઈન્ફ્રાસ્ટ્રકચર જબરું છે. આપણી પાસે તજજ્ઞો, નિષ્ણાંતો અને સુપર સ્પેશિયાલીસ્ટો ઘણા છે. આધુનિક ઘણાં સાધનો પણ વસાવેલા છે. એવી રીતે હોસ્પિટલોમાં આધુનિક લકઝુરીઅસ એકોમોડેશન માટેની વ્યવસ્થા કરી અને ગલ્ફ કન્ટ્રી અને વિદેશ કરતાં આપણી અહીંની મેડીકલ સર્વિસીસ સારી છે અને સસ્તી છે. એટલે લોકો આકર્ષાય એના લીધે હૂંડિયામણનો

વધુમાં વધુ લાભ મળે. સરકારી હોસ્પિટલોમાં આવી લકઝુરીઅસ એકોમોડેશનની વ્યવસ્થા તૈયાર કરી એના જુદા વધારે પડતા ચાર્જ રાખી અને સારી ફેસિલિટી આપે આકર્ષણ કરવા માગે છે કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : આ પ્રકારે પણ વિચાર હાથ ધરાયો છે. મેં કહ્યું એ પ્રમાણે ગવર્નમેન્ટ સારા ઈન્સ્ટિટયૂટ સિવિલ કેમ્પસ જેવા અને બાકીના ઈન્સ્ટિટયૂટને, જામનગરની હોસ્પિટલ પણ ખૂબ સારી છે એનો સમાવેશ કરવા માગે છે. સાથો સાથ પેઈંગ પેશન્ટ સિસ્ટમ પણ આપણે દાખલ કરવા માગીએ છીએ અને આ યોજના પણ આપણા વિચારાધીન રહેલી છે.

**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ** : હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મેડીકલ ટુરિઝમ ક્ષેત્રે રાજયની હોસ્પિટલોને જો માન્યતા આપવામાં આવે તો આ જે પ્રાઈવેટ હોસ્પિટલો છે તેમાં ગરીબ દર્દીઓ માટે ૧૦ ટકા રાહત દરે કરવાનું સરકાર ફોર્સ પાડવા માગે છે કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : સભ્યશ્રીનું સૂચન સારું છે. ગુજરાત મેડીકલ ટુરિઝમ કાઉન્સિલની રચના કરાયા પછી જે પાસાંઓની વિચારણા કરીશું એમાં આ પાસાંનો પણ વિચાર કરાશે.

**શ્રી બિમલ શાહ** : આ મેડીકલ ટુરિઝમની વાતને એપ્રિશિએટ કરવા જેવી છે. એમણે જે દિશામાં પ્રયત્ન કર્યો છે તે બદલ અભિનંદન આપું છું. આ માટે ગુજરાતની કેટલી હોસ્ટિપલમાં કાર્યવાહી કરવામાં આવી છે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : વિવિધ પ્રક્રિયામાં અત્યારે આ બાબતે ઉપયોગ થઈ રહ્યો છે. કાર્ડિયોલોજીમાં પણ થઈ રહ્યો છે.રીનલ રીપ્લાન્ટેશન, ડેન્ટલ કેર, કેટરેક, પ્લાસ્ટીક સર્જરી, ની રીપ્લેસમેન્ટ, જોઈન્ટ આ બધામાં થઈ રહ્યો છે અનેક બાબતો કેન્સર ઈન્સ્ટિટયૂટ અને બાકીનામાં પણ થઈ રહ્યો છે. અત્યારે લગભગ રાજય સરકારના લીસ્ટ મુજબ ૨૫ થી ૩૦ જેટલી એવી હોસ્પિટલ છે જેને મેડીકલ ટુરિઝમ કાઉન્સિલ સાથે સાંકળીને એને સઘનતા આપી શકાય.

**ડૉ. અતુલ કે. પટેલ** : માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે કીડની ટ્રાન્સપ્લાન્ટ માટે ગુજરાતની કઈ કઈ હોસ્પિટલને માન્યતા આપવામાં આવી છે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માન્યતા અત્યારે હજુ આપવામાં આવેલ નથી. પરંતુ આ પ્રકારનો એક International Standard Health Institutes જે કોઈ ઊભી કરી છે એ રાજ્યમાં તમામને આમાં સાંકળી લેવાશે. પરંતુ ૨૦૦૩-૦૪ માં વાયબ્રન્ટ ગુજરાત કાર્યક્રમ હમણાં જ્યારે યોજ્યો ત્યારે ૨૦૦૪ ના વાયબ્રન્ટ કાર્યક્રમના સમયે રાજ્યની લગભગ ૯ થી ૧૦ એવી Private Health Institutes હતી જેણે આ કાર્યમાં ઉત્સાહભેર ભાગ લીધો છે.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (મુખ્યમંત્રીશ્રી)** : ગૃહને એક માહિતી ઉપયોગી થશે એટલા માટે - મેડિકલ ટુરિઝમમાં એક મહત્ત્વનું પાસું છે એ Insurance Scheme છે. દુનિયાના અન્ય દેશોના નાગરિકો એમણે પોતાના મેડિકલ હેલ્થ માટે બીજા કોઈ દેશમાં જાય અને ત્યાં જો એને Insurance Scheme નો લાભ મળતો હોય તો એ પ્રોત્સાહિત થઈ શકે છે. આ બાબતમાં જ્યારે આજે અનેક ક્ષેત્રોમાં આર્થિક બાબતમાં સમજુતીઓ થતી હોય છે. મેં ભારત સરકારને વિનંતી કરી છે કે Insurance બાબતમાં ભારત સરકારે initiative લેવું જોઈએ અને દુનિયાના જે દેશોમાં લોકો હિન્દુસ્તાનની અંદર આરોગ્ય સારવાર માટે આવે તો એમના દેશની જે Insurance Company છે એમાં એની સવલતો સામેલ થાય. ભારત સરકાર જો આ initiative લે તો આ કામને વધારે બળ મળે એવી એક વ્યવસ્થા સંભવ છે અને આ Internation Level ઉકેલવાનો વિષય છે. કેટલાક દેશોએ આ કર્યુ છે. હમણાં હું યુગાન્ડાના હેલ્થ મિનિસ્ટરને મળ્યો હતો, એમની પણ આ બાબત તૈયારી છે. પરંતુ આ એમનો એક પ્રોબ્લેમ છે કે એમની જે insurance Company છે એ Insurance Company ને જો ભારત સરકાર કોઈ assurance આપે. આર્થિક Insurance હોતું નથી. આ એક વ્યવસ્થા બને તો આમાં આપણને ખૂબ મોટો લાભ થતો હોય છે. By and large આપણું જે નર્સિંગ સેકટર છે એની અસર દુનિયાભરમાં એમાં પ્રસરાણી છે કે Human view point ખૂબ હોય છે, approach સારો રહે છે. સેવા ભાવના દર્શન થાય છે. બીજું neat and clean environment જે હોસ્પિટલો હોય ત્યારે એના મેસેજ પણ પહોંચ્યાં છે. પરિણામે Occupancy પણ હવે દાખલા તરીકે, Knee operation દુનિયાના અનેક દેશોમાં ૪૦ કરતા નીચી ઉંમર માટે પ્રતિબંધ મૂક્યો છે. કારણ કે ૪૦ ઉપરના લોકોની ૧૫ - ૧૫ વર્ષની લાઈન છે એના કારણે knee operation માટે હિન્દુસ્તાનમાં લોકો આવવા માગે છે. પરંતુ એમનો પ્રોબ્લેમ છે અને એથી collectively આપણે બધા મળીને જો પ્રયાસ કરીશું તો હું માનું છું કે આપણને બહુ મોટો લાભ થશે.

**શ્રી શીવજીભાઈ ક. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, ભૂજમાં ૧૩૦ કરોડના ખર્ચે અદ્યતન હોસ્પિટલ બનાવવામાં આવેલ છે. એ હોસ્પિટલનો આમાં સમાવેશ કર્યો છે કે નહિ? એ હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હા,જી.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે ગુજરાતે આર્યુવેદની દૃષ્ટિએ સમૃદ્ધ છે તો મેડિકલ ટુરિઝમમાં આર્યુવેદના ભાગનો પણ સમાવેશ છે કે નહિ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ચોક્કસપણે સમાવાય છે અને ૨૦૦૪ નો વાયબ્રન્ટ કાર્યક્રમ જ્યારે હાથ ધરાયો ત્યારે આ પ્રકારની કાર્યવાહી જોડવામાં આવેલી અને એના માટે ખૂબ સારો પ્રતિસાદ પણ પ્રાપ્ત થયેલ છે.

## સોનગઢની સેન્ટ્રલ પલ્પ મીલ દ્વારા કોટવાળિયા પરિવારોને આપેલ વાંસનો જથ્થો આપવા બાબત

***૧૨૮૦૩ શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કરાર અન્વયે સોનગઢની સેન્ટ્રલ પેપર પલ્પ મીલ્સ દ્વારા વાંસ કાપીને રાજ્ય સરકારને આપવાનો જથ્થો મેળવી આદિવાસી કોટવાળિયા પરિવારોને ટોપલા અને વાંસની આનુષંગિક વસ્તુઓ બનાવવા વ્યાજબી ભાવે વાંસ આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તે સેન્ટ્રલ પલ્પ મીલ્સ પાસેથી છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧/૧૨/૦૪ની સ્થિતિએ વર્ષવાર કેટકેટલા ટકા કે નંગ વાંસ મેળવી કેટલા પરિવારોને કેટકેટલા વાસ આપવામાં આવ્યા?

**આરોગ્ય મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં કોટવાળીયા પરિવારોને નીચે મુજબ વાંસ આપવામાં આવ્યા.

| વર્ષ | વાંસનું ઉત્પાદન | કોટવાળીયા પરિવારોની સંખ્યા | ફાળવેલ વાંસ |
|---|---|---|---|
| ૦૨-૦૩ | ૧૧૯૪૪૬૬ | ૪૧૩૨ | ૪૯૯૯૬૪ |
| ૦૩-૦૪ | ૯૩૧૭૫૭ | ૪૮૬૩ | ૩૬૧૩૨૭ |
| ૦૪-૦૫ (૩૧-૧૨-૦૪ સુધી | ૩૪૫૬૩૦ | ૮૯ | ૮૯૦૦ |

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય વનમંત્રીશ્રીને પૂછવા માગું છું કે મારા પ્રશ્નના બીજા ખંડની અંદર મેં કેટકેટલા ટન નંગ વાંસ મેળવી આપવાની વિગત માગી હતી. આ કરાર અન્વયે આ સેન્ટ્રલ પલ્પ મીલ્સ દ્વારા રાજ્ય સરકારને વિના મૂલ્યે વાર્ષિક કેટલા ટન વાંસનો જથ્થો આપવાનો છે અને આ વર્ષેની અંદર કેટલા ટન વાંસનો જથ્થો મેળવવામાં આવ્યો?

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નમાં સહેજ ભૂલ છે, ટકા શબ્દ લખ્યો છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : ટન શબ્દ નથી આવતો એનો કોઈ પ્રાસ નથી મળતો અને એમાં એ રીત અનુસાર અમુક ટન આપવા માટેની જોગવાઈ છે એટલી સ્પષ્ટતા કરી એમને આ કરાર અન્વયે કેટલા ટન વાંસ રાજ્ય સરકારના આ વિભાગને સેન્ટ્રલ પલ્પ મીલ્સ દર વર્ષે એને આપવાના છો અને આ વર્ષમાં કેટલા ટન વાંસ મેળવવામાં આવ્યો?

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નમાં ગૂંચવાડો ઊભો થયો છે ટકા અને ટનમાં.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમનો જે પ્રશ્ન છે એ કોટવાળીયાને કેટલા વાંસ આપ્યા છે એની વિગત મેં પૂરી આપી છે. અને જવાબ પ્રમાણે ૨૦૦૨-૨૦૦૩માં ૧૧૯૪૪૬૬ જેટલા વાંસ ઉત્પન્ન થાય છે અને અમે વિતરણ કર્યું એ ૧૧૮૯૪૪૮ જેટલા. મારા વિભાગમાંથી કોટવાળીયા જ નહીં વાંસફોડિયા, આદિવાસી, અપંગોને વાંસ આપવામાં આવે છે. આ રીતે વાંસનુ વિતરણ કરવામાં આવે છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં સ્પેસીફીક પ્રશ્ન પૂછયો છે કે આ કરાર અનુસાર વાર્ષિક કેટલા ટન વાંસ રાજય સરકારને વિનામૂલ્યે આ સેન્ટ્રલ પલ્પ ઓઈલ મિલ આપવાની હોય છે આ અનુસાર આ વર્ષમાં કેટલા ટન વાંસ મેળવવામાં આવ્યો?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે પેપર મિલને આપીએ છીએ એ લોપ્સ અને ટોપ્સ આપીએ છીએ. ૧૮ ફૂટનો વાંસ વન વિભાગને મળી જાય છે. સેન્ટ્રલ પેપર પલ્સ મિલ પાસેથી છેલ્લા ૩ વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ (અંતરાય) વાંસ ટનમાં નથી આપતા. નંગમાં અપાય છે. લોપ્સ એન્ડ ટોપ્સને કાઢી નાખીને આપવામાં આવે છે.(અંતરાય)

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ તૈયારી કરીને આવવું જોઈએ.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું જવાબ આપું છું એમને. છેલ્લા ત્રણ વર્ષમાં એટલે ૨૦૦૨-૨૦૦૩માં જે ૧૦૭૭૭૭ વાંસના ટુકડા આપ્યા છે એમાં (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આમાં જે મૂળ પ્રશ્ન છે એમાં ટકા છે માટે આ પ્રશ્નમાં આપ ટન નહીં પૂછી શકો. ઓરીજીનલ ફાઈલમાં છે. (અંતરાય) તમે જોઈ શકો છો.(અંતરાય) પ્લીઝ, બેસો, આમાં મને ડાઉટ લાગ્યો કે

સાચું શું છે એટલે ઓરીજીનલ ફાઈલ મંગાવી અને આપે પ્રશ્ન પૂછયો છે એમાં ટન નથી પણ ટકા શબ્દ લખ્યો છે. તમારી ભૂલ હશે પણ જે હોય તે.(અંતરાય)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે કેટલા ટન આપવાનો કરાર કર્યો છે એનો જવાબ આપવો જોઈએ.

**અધ્યક્ષશ્રી** : હવે પેટા પ્રશ્ન આવે છે. મંગુભાઈ તમે પ્રશ્ન સાંભળો અને પછી જવાબ આપો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીને નિરાતે પ્રશ્ન પૂછું. હકારાત્મક છે. ૧ કરોડ ૭ લાખ ટન જે વાંસના ટુકડા છે, એ પેપર મિલ માટેના છે, પરંતુ પેપર મિલ સાથે કરાર જ્યારે થયો, ત્યારે વાર્ષિક અમુક ટન દર વર્ષે વિનામૂલ્યે આ વિભાગને આપવાના છે અને મંત્રીશ્રીએ કહ્યું કે વાંસફોડિયા માટે જ નહિ, પણ કોટવાળિયા માટે પણ આનો ઉપયોગ થવાનો છે, એટલે પૂરતા પ્રમાણમાં વાંસ ઉપલબ્ધ થાય તો જ વન વિભાગ આ વાંસને આપી શકે. આ વાંસ ઉપર વન વિભાગનો પહેલો અધિકાર છે, એટલા માટે થઈને હકારાત્મક રીતે પૂછવા માગું છું કે આ વિભાગને પેપર પલ્પ મિલે એના કરાર અનુસાર આપવા જોઈતા વાંસ આપેલ છે કે કેમ? એટલા માટે પૂછું છું કે કરાર અનુસાર વાર્ષિક એમણે કેટલા ટન વાંસ આપણને આપવાના થાય છે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમનો કરાર થયેલ એ કરાર એવો છે કે આ પેપર મિલને વાર્ષિક ૩૫,૦૦૦ મેટ્રિકટન જેટલો માલ, ૩૫ હજારથી ૧ લાખ મેટ્રિકટન માલ પલ્પ પેપર મિલ્સને આપવાનો છે, જે એમને આપવામાં આવે છે. લોપ એન્ડ ટોપ આપવામાં આવે છે. ૧૮ ફૂટથી ઉપરનો અને નીચેનો ૩ ગાંઠી જે ભાગ છે એ વન વિભાગે લઈ લે છે અને બાકીનો એમને આપવાનો છે.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે સોનગઢ પેપર મિલને સન ૨૦૦૦ માં કરાર આપણો એગ્રીમૅન્ટ બંધ થતો હતો, ત્યાર પછીથી અત્યારે જે વાંસ આપવામાં આવે છે એ કાટસ બામ્બુ અને માનવેલ વાંસ મંત્રીશ્રી કહે છે કે લોપ એન્ડ ટોપ એ લોપ એન્ડ ટોપ નથી. આની ખાતરી કરવા તમે આવો. ૩૦-૩૦, ૫૦-૫૦ રૂપિયે નંગ જાય. કાટસ બામ્બુ ટુકડા પાડીને વાંસ અપાય છે. કોટવાળિયાને અને વાંસફોડિયાને અપાય છે એ વાંસ ૨૫ થી ૩૦ રૂપિયે જાય છે, એવા વાંસનો ટુકડો મળે છે. એવા ડાંગના જંગલમાંથી લગભગ હજારો ટન જાય છે અને આદિવાસીઓ મજૂરી કરવા માટે જાય છે, ત્યારે માત્ર ૩૦ થી ૪૦ પૈસા ટનના ચૂકવાય છે. કિલો લેખે ચૂકવાય છે. આ બાબતે સોનગઢ પેપર મિલ્સનો જે જે સને ૨૦૦૦ માં એગ્રીમૅન્ટ પૂરો થતો હતો, ત્યારે રાજય સરકારે અને ભારત સરકારે આ એગ્રીમૅન્ટ કરવો જોઈએ, તેને માટે રિકવેસ્ટ છે. બીજી વાત કોટવાળિયા અને વાંસફોડિયાને રાજય સરકાર તરફથી નક્કી કરવામાં આવેલ છે કે એને વિનામૂલ્યે અથવા તો ઓછામાં ઓછી કિંમતે ફી લઈને દર વર્ષે ૧૨૦૦ વાંસ કોટવાળિયા અને વાંસફોડિયાને આપવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ઉપર આવો.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : એટલે મારે જાણવું છે કે આ સોનગઢ પેપર મિલને કદાચ ખબર ન હોય તો આપને,ગૃહને વિનંતી કરું છું કે અમારા ડાંગનું જે રિઝર્વ ફોરેસ્ટ છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ક્રમાંકઃ ૫, માનનીય ગોવાભાઈ.

## ડીસા અને પાલનપુર નગરપાલિકાઓમાં ફાળવેલ ગ્રાન્ટ

***૧૨૨૪૩ શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) ડીસા અને પાલનપુર નગરપાલિકાઓને તા. ૩૧/૧/૨૦૦૫ સુધીમાં છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) ફાળવેલ ગ્રાન્ટ પૈકી ડીસા અને પાલનપુર નગરપાલિકાઓ દ્વારા પછાત વિસ્તારોમાં રકમ વાપરવામાં આવી નથી તે અન્વયે સરકાર શી કાર્યવાહી કરવા માગે છે?

**શહેરી વિકાસ મંત્રીશ્રી :**

(૧).ડીસા નગરપાલિકાને રૂપિયા ૩,૦૦,૬૭,૮૦૦/-, પાલનપુર નગરપાલિકાને રૂપિયા ૧,૨૫,૧૪,૫૫૭/-

(૨).પછાત વિસ્તારો માટે મહ્દઅંશે ગ્રાન્ટ વાપરી દીધી છે. બાકી વધતી થોડી રકમ બનતી ત્વરાએ વાપરવા કહેવાશે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં ડીસા અને પાલનપુર નગરપાલિકાને ગ્રાન્ટનો જવાબ આપ્યો છે. મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ડીસા અને પાલનપુર નગરપાલિકાની અંદર જે ગ્રાન્ટના આંકડા આપ્યા છે. કેટલી ગંદા વસવાટ સુધારણા માટે ગ્રાન્ટ હતી? કેટલી વાપરી? કયા કામમાં? હાલ તમે લખેલ છે કે મહ્દઅંશે ગ્રાન્ટ વાપરવાની બાકી છે. મહ્દઅંશે કેટલી બાકી છે અને કયા કામની બાકી છે, એ વિગત આપશો તો ખ્યાલ આવે. મારી આપને વિનંતી છે કે આ ગ્રાન્ટ મારા વિસ્તારમાં ગંદા વસવાટમાં બિલકુલ વપરાઈ નથી. ડીસાની અંદર ૩,૦૦,૬૭,૮૦૦/- ની ગ્રાન્ટ ફાળવાઈ છે,

તેમાં ગંદા વસવાટનું કોઈ પણ કામ થયું નથી. બાકી ગ્રાન્ટ છે. ગંદા વસવાટની દરખાસ્તને બોર્ડે મંજૂર કરેલ છે તે કામ કરાવવા માગો છો કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ડીસા નગરપાલિકા જે પ્રમાણે પત્રકમાં બતાવ્યું છે તે મુજબ ગ્રાન્ટ ફાળવાણી છે. તે મુજબ જુદી જુદી ગ્રાન્ટો નિશ્ચીત સમય મર્યાદામાં માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો તે મુજબ બાજપાઈ નગર વિકાસ યોજના અને જિલ્લા આયોજન મંડળની ગ્રાન્ટ જે વિવિધ કામો રસ્તા, પાણી, ગટર અને બાકીની કાર્યવાહી માટે વપરાયેલ છે. જયાં સુધી માનનીય સભ્યશ્રીએ ગંદા વિસ્તાર માટેની ગ્રાન્ટ વપરાણી તે પ્રશ્ન પૂછયો છે તેમાં જણાવવાનું કે ડીસા વિસ્તારની ૧૩ જેટલા પછાત વિસ્તારો રહેલા છે. આ ૧૩ જેટલા પછાત વિસ્તારો જેવા કે ટેકરા વિસ્તાર, શીવનગર વિસ્તાર, વાંદીવાસ, હરદોલીયાવાસ, ભોંયવાસ, તેરવીનાળા વિસ્તાર, આવણીવાસ, શૈનીવાસ, ચમારચોક, ઠાકોરવાસ, ભોળાનગર, હુસેનીચોક આ વિસ્તારોમાં ગંદા વિસ્તારની ગ્રાન્ટ જુદી જુદી યોજનાઓ તળે કોઈ એકલા આ જ વિસ્તારની નહીં પણ મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ જે ગ્રાન્ટ આપે છે તે ભેગી કરીને આપે છે અને તેમાં આ ગ્રાન્ટ વપરાયેલ છે. તે જ પ્રમાણે પાલનપુર નગરપાલિકાને જે ગ્રાન્ટ ફાળવાયેલ છે તેમાં મદઅંશે નહીં પણ મહદઅંશેની ગ્રાન્ટ વપરાયેલ છે. બાકીની જે ગ્રાન્ટ છે તે સતત ચાલતી પ્રક્રિયા છે અને તેના કારણે બાકીની ગ્રાન્ટો વાપરવા માટેની કાર્યવાહી હાથ ધરાશે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ડીસાની કેટલી ગ્રાન્ટ બાકી છે તે જણાવશે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, બંનેનો પ્રશ્ન છે. તેમને ડીસાનું જાણવું છે. ડીસા નગરપાલિકાને દસમા અને અગિયારમા નાણાપંચમાં ૬૩.૨૪ લાખ રસ્તા,પાણીના કામોની ગ્રાન્ટ બાકી છે. જિલ્લા આયોજન મંડળના ૧૦ લાખ રૂપિયા રોડના કામ માટેની ગ્રાન્ટ ખર્ચ કરવાની બાકી છે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, આ કામ ચાલુ છે તેના ૩૧માર્ચ સુધીમાં પૈસા આપી દેશો?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, જે ગ્રાન્ટ ફાળવી છે તે બધા જ આપવા માગીએ છીએ. સવાલ એ છે કે જે કામ જે તે નગરપાલિકા કરતી જાય અને વર્ક કમ્પલીશન સર્ટિફીકેટ આપે તે મુજ ગ્રાન્ટ વપરાતી હોય છે. માનનીય ગોવાભાઈ પર્સનલ કાળજી લઈ કામો ઝડપથી કરાવશો તો ઝડપથી ગ્રાન્ટ મળી જશે.

**શ્રી હરજીવન હી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રી દ્વારા પાલનપુર અને ડીસાને જે ગ્રાન્ટ ફાળવી છે તેમાં ડીસાને ૩,૦૦,૬૭,૮૦૦/- અને પાલનપુરને ૧,૨૫,૧૪,૫૫૭/- ફાળવી છે. પાલનપુર શહેર મોટું છે. તેમાં કયા હેડે આ ગ્રાન્ટ ફાળવી છે અને આ પ્રશ્ન ચર્ચાયો છે તો પાલનપુર અને ડીસા નગરપાલિકાને ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ માં ઓકટ્રોય પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી છે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : નગરપાલિકામાં પાલનપુરને ઓકટ્રોય પેટે ૨,૦૧,૯૪,૬૪૭ ડીસા નગરપાલિકાને અને ડીસા નગરપાલિકાને ૨,૦૧,૯૪,૬૪૭/- ગ્રાન્ટ ફાળવેલ છે તે સિવાય પાલનપુરને સાત ટકા પ્રમાણે ૪૨,૦૯,૦૯૫ અને ડીસા નગરપાલિકાને ૩૪,૪૦,૧૧૧/- ની ગ્રાન્ટ ફાળવેલ છે.

**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ જે ગ્રાન્ટની ફાળવણી થાય છે તે વસ્તીના ધોરણે થતી હોય તેવું માનું છું. વસ્તીના ધોરણે ફાળવણી થતી હોય તો પાલનપુરની રકમ જોઈએ તો ૧,૨૫,૧૪,૫૫૭/- ફાળવી છે. તો ગ્રાન્ટની માગણી ન થઈ કે હજુ ચૂકવવાની બાકી છે? ચૂકવવાની બાકી હોય તો કેટલા સમયમાં ચૂકવવામાં આવશે અને અછતની અંદર સરકારશ્રીએ કોઈ ગ્રાન્ટ ફાળવી છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : આમાં અછતનો સવાલ નહીં આવે.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આવશે. સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે તેમાં બે વર્ષનો નિશ્ચીત સમયગાળો માનનીય ગોવાભાઈએ પૂછયો છે. પત્રક ઉપરથી એવું લાગે છે કે પાલનપુર નગરપાલિકાને ગ્રાન્ટ ઓછી મળી છે. પરંતુ નિશ્ચીત સમય મર્યાદાનો પ્રશ્ન પૂછયો હતો. ડીસાને બાજપાઈ વિકાસ યોજનાનો ઈન્સ્ટોલમેન્ટ તે દરમ્યાન મળ્યો હતો. જયારે પાલનપુર નગરપાલિકા.....

માનનીય અધયક્ષશ્રી, પાલનપુર નગરપાલિકાને એ બે વર્ષની પહેલાં બાજપાઈ નગર વિકાસ યોજનાની ગ્રાન્ટ મળી ગયેલી હતી એટલે આ આંકડો ઓછો લાગે છે અને જે પ્રમાણે અછતની વાત માનનીય સભ્યશ્રીએ કરી છે તો પાલનપુર નગરપાલિકાને અત્યાર સુધીમાં ૨,૨૮,૦૯,૭૫૨ રૂપિયાની ગ્રાન્ટ મળેલી છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, પાલનપુર અને ડીસા નગરપાલિકમામાં બાજપાઈ નગર વિકાસ યોજના અંતર્ગત કેટલી ગ્રાન્ટ ચૂકવાઈ અને એ ચૂકવાયેલી ગ્રાન્ટમાંથી કેટલી ગ્રાન્ટનો ખર્ચ થયો છે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા**: માનનીય અધ્યક્ષશ્રી, પાલનપુર નગરપાલિકાને બાજપાઈ નગર યોજનાનો પ્રથમ તબકકામાં કુલ ૧૩૭.૬૩ લાખની ગ્રાન્ટ અને લોન ચૂકવવામાં આવી અને એમાંથી

નગરપાલિકા દ્વારા સામાન્ય વિસ્તારમાં રસ્તાના કામોના ૨૬ લાખ રૂપિયા અને પાણીના કામોમાં ૯૪.૧૧ લાખ રૂપિયા અને ગંદા વિસ્તારોનો અને વીજળીનો ખર્ચ થયો છે. ડીસા નગરપાલિકામાં પ્રથમ તબકકામાં ૧૪૯.૩ લાખની ગ્રાન્ટ ચૂકવામાં આવી છે એમાંથી સામાન્ય વિસ્તારમાં પાણીના કામોમાં ૫૭.૨ લાખ રૂપિયા અને ગટરના ૩૦ લાખ રૂપિયા અને રસ્તાના ૪૫.૫૨ લાખ રૂપિયા અને અન્ય બાકીના કામો મળીને જે જાહેર શૌચાલયો અને પાણી અને ગંદા વિસ્તારના કામો હાથ ધર્યા છે.

**શ્રી પ્રવિણભાઈ છ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ પૂછવા માગું છું કે, આ ડીસાને જે રીતે ગ્રાન્ટ ફાળવવામાં આવી છે એજ પ્રમાણે આદિવાસી વિસ્તારોમાં નગરપાલિકા આવેલી છે એને માટે ધારા ધોરણો શું છે?

**અધ્યક્ષશ્રી .** : આ પ્રશ્ન આમાં નહીં આવે.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ પાલનપુર નગરપાલિકામાં પછાત વિસ્તારમાં જે કામ થયું છે એમાં કેટલાક કામોમાં ગેરરીતિ થઈ છે એ સરકાર જાણે છે? અને જો ગેરરીતિ થઈ હોય તો અને એમાં ફરિયાદ મળી હોય તો કયા લેવલે તપાસ કરાવવા માગો છો?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : પાલનપુર નગરપાલિકામાં કેટલાક કામોમાં ગેરરીતિ થયાની ફરિયાદ મળેલ છે અને એ માટે નગરપાલિકા નિયામક અને કલેકટર દ્વારા તપાસની કાર્યવાહી ચાલે છે.

## આદિવાસી બાંધકામ મજૂરો માટે રેન બસેરા યોજના

***૧૨૦૭૬ શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) વર્ષ ૨૦૦૪ના અંતે રાજયમાં આદિવાસી બાંધકામ મજૂરો માટે રાજય સરકારે રેન બસેરાની વ્યવસ્થા કરી છે કે કેમ, અને

(૨) જો હા, તો આ અંગે રાજય સરકારે ૨૦૦૪ના કેલેન્ડર વર્ષમાં શી શી કાર્યવાહી કરી?

**આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી:**

(૧) વર્ષ ૨૦૦૪ના અંતે રાજયમાં આદિવાસી બાંધકામ મજૂરો માટે રાજય સરકારે અમદાવાદ ખાતે રેન બસેરાની વ્યવસ્થા કરી છે.

(૨) અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા અમદાવાદના મણિનગર વિસ્તારના સ્વ.નાથાલાલ ઝગડા ઓવર બ્રીજ નીચેના ગોડાઉન નં.૮, ૯ની જગ્યા ફાળવવામાં આવતાં આ જગ્યાએ રેન બસેરાની આવશ્યક સુવિધાઓ ઉભી કરવા રૂા.૪.૮૯ લાખની રકમ રાજય સરકારે અમદાવાદ મહાનગરપાલિકાને ફાળવેલ છે.

વર્ષ ૨૦૦૪ના કેલેન્ડર વર્ષમાં અમદાવાદ મહાનગરપાલિકા તરફથી રેન બસેરાની જગ્યામાં નીચેની ભૌતિક સુવિધાઓના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે.

(૧) પાણીની સુવિધા માટે પાણીના નળ કનેકશન
(૨) રસોડા માટે પ્લેટફોર્મ, પાણીયારૂં, બહારની બાજુ ચુલા.
(૩) લાઈટની સુવિધાઓ
(૪) ફલોરીંગ ઉપર કોટા સ્ટોન
(૫) બારીઓમાં વેન્ટીલેશન-જાળીઓ ફીટ કરી એકઝોસ્ટ ફેન લગાડવા
(૬) પે એન્ડ યુઝ જાજરૂ બાથરૂમ
(૭) રંગ રોગાન

વધુમાં આ રેન બસેરાની આજુબાજુમાં અનધિકૃત દબાણો દૂર કરવા અંગે અમદાવાદ મહાનગરપાલિકા સાથે પરામર્શ કરીને કાર્યવાહી કરવામાં આવી રહી છે. જે પૂર્ણ થયેથી રેન બસેરાનો કબજો મેળવવામાં આવનાર છે.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મને સંતોષકારક જવાબ મળી ગયેલ છે એટલે એમાં વધારે પૂછવા માગતો નથી.

## સરકારી હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતિ બનાવવા બાબત

***૧૨૮૮૨ શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર(પશ્ચિમ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) અગાઉ જિલ્લાની સરકારી હોસ્પિટલોમાં સલાહકાર સમિતિઓ રહેતી હતી તેના બદલે રોગી કલ્યાણ સમિતિ બનાવવાની વાત સાચી છે, અને

(૨) જો હા, તો સમિતિનું ગઠન તેમજ દર્દીના હિતમાં ફાયદાની વિગત શું છે?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી:**

(૧) હા, જી.

(૨) લોક ભાગીદારીથી કાર્યો હાથ ધરવા, સક્ષમ લોકો અને અન્ય વિવિધ સ્ત્રોતો દ્વારા આર્થિક સહયોગ પ્રાપ્ત કરી તેને હોસ્પિટલના દર્દીઓના હિતાર્થે વાપરવાની અને આ રીતે દર્દીઓને ઉત્તમ તબીબી સેવાઓ પુરી પાડવા જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને રોગી કલ્યાણ સમિતિની રચના કરવામાં આવેલ છે. આ સમિતિમાં સરકારી, બિન સરકારી તેમજ સામાજિક કાર્યકરોનો સમાવેશ કરવામાં આવેલ છે.

**શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ રોગી કલ્યાણ સમિતિમાં ધારાસભ્યશ્રીઓનો અને સંસદસભ્યશ્રીઓનો સમાવેશ કરવામાં આવેલ છે કે કેમ? માનનીય અધ્યક્ષશ્રી, બીજો મારો પ્રશ્ન એ છે કે આ રોગી કલ્યાણ સમિતિ દ્વારા કેવા પ્રકારના કામો હાથ ધરવામાં આવશે અને લોકોને એનો શું ફાયદો થશે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હોસ્પિટલમાં સ્વચ્છતા અને સુંદરતા પ્રસ્થાપિત થાય અને એ કાર્યમાં જન ભાગીદારીને જોડી શકાય એ માટે રાજય સરકારે એક સારા પ્રકારનો નિર્ણય કર્યો છે. જેને સાર્વત્રિક આવકાર પણ પ્રાપ્ત થઈ રહ્યો છે. જે પ્રમાણે સભ્યશ્રીએ પૂછયું છે એ મુજબ આમાં સ્થાનિક ધારાસભ્યશ્રીનો સમિતિમાં સમાવેશ કરવામાં આવેલ છે અને એની સાથે સાથે અન્ય સભ્યોની પણ એમાં જોગવાઈ કરવામાં આવેલ છે. મુખ્યત્વે આશય જન ભાગીદારીને જોડવાનો છે, જેમ હમણાં માનનીય સભ્યશ્રીએ પૂછયું એ મુજબ રોગી કલ્યાણ સમિતિને એ પ્રકારના પાવર્સ આપવાના છે કે, કોઈ માઈનોર રિપેરીંગ વર્ક કે કોઈ બિલ્ડીંગ વર્ક કરવાનું હોય, કોઈ મશીનનું રિપેરીંગ કરવાનું હોય કે બાકીનું કોઈ કામ હોય તો એમાં સમિતિ નિર્ણય કરી શકે. એની સાથે સાથે અનેક એવા સારા ઘરના દર્દીઓ સરકારમાં સારવાર લે છે અને સારવાર લીધા પછી જયારે સ્વસ્થતા પ્રાપ્ત કરે છે ત્યારે સંતોષ વ્યકત કરે છે અને કોઈ પાંચ હજાર, પચ્ચીસ હજાર કે લાખ રૂપિયા આપવાની જયારે ઓફર કરે છે ત્યારે એની પ્રક્રિયા અત્યાર સુધી ૬-૧૨ મહિનાની રહેતી હતી. હવે એ પ્રક્રિયા એવા પ્રકારની કરી છે કે કોઈ પણ લોકોએ કોઈ પણ સહાય હોસ્પિટલને કરવી હશે તો સીધા જ ત્યાં રોગી કલ્યાણ સમિતિને કરી શકશે. જિલ્લા કલેકટરશ્રી એના ચેરમેન રહેવાના છે અને ટ્રસ્ટ રજીસ્ટ્રેશન એકટ નીચે એનું રજીસ્ટ્રેશન થવાનું છે. માનનીય અધ્યક્ષશ્રી, એક દાખલો આપુ કે, સીવીલ હોસ્પિટલ કેમ્પસમાં અત્યાર સુધી મેડીકલ સ્ટોલ એવા હતા જેની એક પણ રૂપિયાની આવક હોસ્પિટલને કે રાજય સરકારને થતી ન હતી. ટેન્ડર સિસ્ટમ કરી ૧ કરોડ ૬૧ લાખનું ટેન્ડર મંજૂર કર્યું છે અને એના બધા જ પૈસા રોગી કલ્યાણ સમિતિમાં સીવીલ હોસ્પિટલની પાછળ ગરીબ દર્દીઓ અને હોસ્પિટલની સુવિધા માટે ઉપયોગમાં આવવાના છે.

**શ્રી ધનસુખભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે, સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં આવી રોગી કલ્યાણ સમિતિ બનાવવા માગો છો કે કેમ, અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં કોઈ ટ્રસ્ટ મદદરૂપ થવા માગે તો એમાં શું કરવા માગો છો?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા કક્ષાએ નિર્ણય અત્યારે કર્યો છે અને આગળ ઉપર સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં પણ આપણે જન ભાગીદારીને ચોકકસપણે જોડવા માગીએ છીએ. બીજું એમણે કહ્યું કે, સામૂહિક કેન્દ્રોમાં કોઈ ટ્રસ્ટ કે કોઈ સંસ્થા કે કોઈ લોકો મદદ કરવા માગતા હોય તો સરકારનું મન ખુલ્લું છે, ગમે ત્યારે સભ્યશ્રી લઈને આવશે તો હં એમને પસર્નલી મદદ કરીશ.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ** : માનનીય અધ્યક્ષશ્રી, આ રોગી કલ્યાણ સમિતિમાં કેટલા ધારાસભ્યોને લેવામાં આવ્યા છે કારણકે બોર્ડ-નિગમોની રચના સરકાર કરવા માગતી નથી તો આવી સલાહકાર સમિતિમાં તો મૂકે તો આ રોગી કલ્યાણ સમિતિમાં કેટલા ધારાસભ્યશ્રીઓને લેવામાં આવ્યા છે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : કમળાનો રોગચાળો ચાલે છે એમની દૃષ્ટિ જો પીળી હોય તો એ પ્રકારની આ સમિતિ નથી.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : રોગી કલ્યાણ સમિતિની રચના ક્યારે કરવામાં આવી છે અને એના ઉદ્દેશો કયા કયા પ્રકારના છે અને કલેકટર કયા નિયત સમયે આ સમિતિની બેઠક બોલાવશે કારણકે કલેકટર ઘ ણી વખતે વર્ષ વર્ષ સુધી આવી સમિતિઓ બોલાવતા નથી એટલે એનો નિશ્ચિત સમય કરવા માગો છો કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** :માનનીય અધ્યક્ષશ્રી, તારીખ ૧૪-૯-૨૦૦૪ના રોજ આ સમિતિ બનાવવા માટેનો નિર્ણય કરેલો છે જે પ્રકારની વ્યવસ્થા કરી છે એ મુજબ જિલ્લા કલેકટર એના અધ્યક્ષ સ્થાને રહેશે અને અધિકારીઓ અને પદાધિકારીઓ અને બીજા સભ્યશ્રીઓ એમાં સભ્યો રહેશે, એમણે નાણાકીય વ્યવસ્થાનું પુછયું છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** :ઘણી વખતે કલેકટર વર્ષમાં એક બે વખત આવી મિટિંગો કરતા હોય છે તો નિયત સમયમાં કરાવવા માગો છો કે કેમ અને વર્ષમાં કેટલા દિવસોમાં બોલાવવા માગો છો?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : નિયત સમયમાં મિટિંગ મળે એ પ્રકારની કાળજી લેવામાં આવશે.

**ગીરના માલધારીઓના વિદ્યાર્થીઓને અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્રો ન મળવા બાબત**

***૧૨૮૮૯ શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : **માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ગીર પૂર્વ વિભાગ તથા પશ્ચિમ વિભાગમાં રહેતા કાયમી માલધારીઓને અનુસૂચિત જનજાતિના ગણવામાં આવ્યા છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ માલધારીઓના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્રો આપવામાં આવતા નથી તો આવા પ્રમાણપત્રો ન આપવાના શાં કારણો છે?

**આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) ભારત સરકારશ્રીના ૨૯-૧૦-૫૬ના જાહેરનામાની તારીખે અરજદાર ગીર, બરડા અને આલેચના જંગલના નેસ વિસ્તારમાં વસવાટ કરતા હોવાના કે ત્યારબાદ જન્મેલા ઈસમોના માતા-પિતા તા. ૨૯-૧૦-૫૬ની તારીખે ઉકત વિસ્તારોમાં વસવાટ કરતા હોવાના સરકારશ્રી દ્વારા નિયત કરેલ આધાર પુરાવા રજુ ન કરવાના કારણે આવા પ્રમાણપત્રો આપી શકાતા નથી.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, ગીર, બરડા અને આલેચમાં રહેતા માલધારીઓને અનુસૂચિત જનજાતિમાં ગણવામાં આવ્યા છે એવો મારો સવાલ છે એમાં જવાબમાં છે હાજી, અને બીજો સવાલ કે અનુસૂચિત જનજાતિઓના પ્રમાણપત્રો આપવામાં આવતા નથી તો એમાં સરકાર જવાબ આપે છે કે આધારપુરાવા રજૂ ન કરવાના કારણે આવા પ્રમાણપત્રો આપી શકાતા નથી તો મારે રાજય સરકાર અને મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે તારીખ ૨૯-૧૦-૧૯૫૬ના ઉક્ત વિસ્તારમાં વસવાટ કરતા હોવાના સરકારશ્રી દ્વારા નિયત કરેલ આધાર પુરાવા રજૂ ન કરવાના કારણે આવા પ્રમાણપત્રો આપી શકાતા નથી એ આધાર પ્રમાણપત્રમાં ૧૯૫૬ની મતદારયાદી હતી એ માગવામાં આવી છે એ જંગલના માલધારીઓ માટે મળી શકે નહિ, આપણા રેકર્ડમાં પણ નથી, નાયબ કલેકટરશ્રીની કચેરીમાં નથી, જિલ્લા કલેકટરની કચેરીમાં પણ નથી તો આ જે આધાર પુરાવા છે એમાં ફેરફાર કરીને હાલ જે કંઈ એમની જોગવાઈ છે મલકાન સમિતિએ એમને વેરીફાઈ કર્યા છે એવા કુટુંબો એને અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્રો આપણે આપવા માગીએ છીએ કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર,એ સૂચવ્યા પ્રમાણે ૧૯૫૬ની યાદીમાં નેસ વિસ્તારમાં વસવાટ કરતા હોવા જોઈએ, આના માટે જુનાગઢ જઈને કલેકટર સાથે બે વાર મિટિંગો કરી છે, ધારાસભ્યશ્રી પણ એમાં ઉપસ્થિત હતા પણ કેન્દ્ર સરકારે જે ગાઈડલાઈન આપી છે એને માન્ય રાખવી પડે, ગાઈડલાઈનમાં એવું પણ હતું કે પેરન્ટ શબ્દની વ્યાખ્યાની વાત હતી તો ત્યાં કેન્દ્ર સરકારમાં પેરન્ટ શબ્દની વ્યાખ્યા પણ આપણે પૂછાવી છે અને એમાં પૂર્વજોની પણ વાત કરી છે પૂર્વજો રહેતા હોય પણ એણે આદિજાતિની પ્રમાણપત્ર મેળવેલું હોવું જોઈએ અને એવા લોકોને પ્રમાણપત્ર આપવામાં કોઈ વાંધો નથી.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ઘણી બધી વિસંગતતાઓ છે માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે તેમ જુનાગઢ આવ્યા હતા, પોરબંદર કલેકટર, જુનાગઢ કલેકટર, જિલ્લાના વહીવટી અધિકારીઓ તમામ હાજર હતા અમે પણ હાજર હતા પણ આટલી બધી વિસંગતતાઓ હોવાના કારણે સર્ટીફિકેટ મળી શકતા નથી અમુક કુટુંબમાં પરિવારના એક વિદ્યાર્થીને આપવામાં આવ્યું છે, એક ભાઈના છોકરાને આપ્યું છે અને બીજા ભાઈનો છોકરો હોય એ માગવા જાય તો એને મળતું નથી એટલે નિયત સમયમાં આમાં જે મુશ્કેલીઓ છે એ મુશ્કેલી નિવારી અને ભારત સરકાર જો આમાં આવતું હોય તો રાજય સરકાર ભારત સરકારને આ આધાર પુરાવા ન મળી શકતા હોય એવું આપણે કહીને ભારત સરકારની ગાઈડ લાઈનમાં સુધારો કરાવીને અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્રો આવા કુટુંબોને આપવા માગો છો કે નહિ એવી હું માનનીય મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરું છું કારણકે આ પ્રશ્નમાં ગંભીરતા છે અને છેલ્લાં દશ બાર વર્ષથી આ પરિસ્થિતિ છે.આ છેલ્લાં ૧૦ થી ૧૨ વર્ષથી આ પરિસ્થિતિ છે તેના બાળકોને મુશ્કેલી છે અને તેમને પ્રમાણપત્રો મળતા નથી તો ભારત સરકારમાં આ જે તકલીફ છે તે દૂર કરાવીને આ જાતિના લોકોને પ્રમાણપત્ર આપવા માગીએ છીએ કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારને પણ આપણે વારંવાર લખ્યું છે ૧૯૫૬ની યાદી છે તે નહીં મળતી હોય પણ ત્યાં રહે છે એવો કોઈ પુરાવો વિગત દર્શક કાર્ડની હમણાં મલકાન પંચની વાત કરી. ખાલી મલકાન પંચના વિગત દર્શક કાર્ડના આધારે આપણે નથી આપી શકતા.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન ઘણા વખતથી ગૂંચવાય છે. ૧૯૫૬ નહીં પરંતુ તેના પહેલાની સાલથી આ માલધારીઓ ત્યાં રહે છે અને પિતા, દાદા તે બધાજ ત્યાં રહેતા હોય પણ તેમની પાસે એમ કહે કે મસવારીની પહોંચ લઈ આવો. હવે મસવારીનો રૅકૉર્ડ જંગલ ખાતા પાસે પણ નથી તો આ માલધારીઓ ૧૯૫૬ પહેલાંની પહોંચો કયાંથી સાચવે? અને તેની પહેલાંના જે પુરાવાઓ છે તે ચકાસવા માટે સરકારે આના માટે એક કોમ્પ્રીહેન્સીવ પંચ બનાવી અને જેટલા નેસની અંદર રહેતાં હતા કે નહીં તેની ૧-૨-૫-૧૦ જેટલા પુરાવા હોય તે ચેક કરીને તેની ભલામણ કેન્દ્ર સરકારમાં મોકલે તો આનો ઉકેલ આવી શકે તેમ છે. તો આના માટે કોઈ ઉચ્ચ કક્ષાનું પંચ બનાવી આ જે નક્કી કરવા માટે આટલા કુટુંબો આદિવાસી છે અને તેના પછી ઉત્તરોત્તર તેમાં જે વારસદારો છે તે આપોઆપ આદિવાસી બને છે એવો કોઈ નિર્ણય રાજય સરકાર કરી અને તે બાબતમાં આગળ વધવા માગે છે કે કેમ તે આ બધાજ સભ્યશ્રીઓની લાગણી છે.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં એક કમિટી બની હતી તેનો પણ અહેવાલ આવેલો છે. હું પોતે આ વિસ્તારમાં રહેતા બધા સમાજના આગેવાનો જોડે અનેક મિટીંગ કરી ચૂક્યો છું. કોઈને કોઈ કારણસર ગયા ૪૦-૫૦ વર્ષમાં આખા પ્રશ્નને ગૂંચવવા સિવાય કશું થયું જ નથી અને આ બધાની લાગણી સાથે હું સહમત છું. બધાએ આ પ્રશ્નને ચૂંથી નાખ્યો છે, તેમાં ભારત સરકારના કાયદા પણ આપણને નડી રહ્યા છે એટલે કોઈ સર્વગ્રાહી રીતે વિચાર કરવો પડે એવું છે. અત્યાર પૂરતું મેં તેમને પ્રેકટીકલ થવા માટે કહ્યું છે કે હાલ તે લોકો નેસડામાં રહે છે જેને માટે કોઈ સબૂતની જરૂર નથી. તેને માટે શું પ્રોબ્લેમ છે તેની પણ મેં વિગતો મંગાવી છે અને હું સ્વયં આખા વિષયમાં જાતે ઈન્વોલ થઈને ગયા એક દોઢ વર્ષથી મથામણ કરી રહ્યો છું. ભારત સરકારની મદદ માટે પણ પ્રયાસ ચાલી રહ્યો છે. પણ સાચી દિશામાં રસ્તો નીકળે તે ગૃહની લાગણી છે અને આપણે બધા સાથે મળીને પ્રયાસ કરીશું.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ હૈયા-ધારણા આપી છે એટલે વિશેષ ના કહેતાં તેના બે ભાગ છે એક લોકો નેસ વિસ્તારમાં અત્યારે હાલ ચાલુ રહે છે અને જંગલ ખાતાએ જે કુટુંબોને બહાર કાઢ્યા છે તે રેકર્ડ ઉપર છે.જેને જંગલ ખાતાએ બહાર કાઢ્યા છે તે લોકોની નેસો પણ અત્યારે હાલ ચાલુ છે એટલે પુરાવા તરતજ મળી શકે એવા છે. એટલે માનનીય મુખ્યમંત્રીશ્રીની પૂરી લાગણી છે અમે આભાર માનીએ છીએ અને બહુ સ્પષ્ટ ચીમનભાઈની સરકાર વખતે મલકાન પંચ નીમ્યું ત્યારે બહું કલીયર ગાઈડ લાઈન આપેલી છે અને કેટલાંક દાખલાઓ અપાયા અને અચાનક બંધ થઈ ગયું એટલે વહેલી તકે થાય અને તે માટે આભાર માનીએ છીએ. આમાં ઝડપ કરાવે એટલી વિનંતી કરું છું.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં સ્પષ્ટતા કરી છે ત્યારે મારે એક જ વાત કરવી છે કે મલકાન કમિટી પછી મામલતદારના સર્ટીફિકેટ, સમાજ કલ્યાણ અધિકારીના સર્ટીફિકેટના આધારે આ લોકોને સરકારી નોકરી મળી છે અને હવે અત્યારે આ સર્ટીફિકેટ ખોટાં છે તેમ કરીને નોકરીઓમાંથી દૂર કરીને તેની તપાસ ચાલુ થાય છે તો આ પ્રશ્નને આપણે પૂર્ણ લઈ જવા માગીએ છીએ ત્યારે આવા કર્મચારીઓને હેરાન કરવામાં ના આવે અને આ લોકોને નોકરીમાં ચાલુ રાખવામાં આવે એવી મારી વિનંતી છે.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : માનનીય અધ્યક્ષશ્રી, ચંદ્રિકાબહેનની માગણી હતી કે, સર્ટીફિકેટ વેરીફીકેશનનું કંઈક કરો. આજે તદ્દન ૧૮૦ ડિગ્રીનો ટન લીધો. આવું ચાલતું હશે? ગઈકાલે કહે છે , રજૂઆત કરે છે કે સર્ટીફિકેટ વેરીફીકેશન થવા જોઈએ અને આજે આપ કહો છો કે આ સર્ટીફિકેટનો ઓળીયો ઘોળીયો કરીને પૂરું કરો. આમ ચાલે બહેન?

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : એ તો વાત એવી કરી છે સર્ટીફિકેટ મામલતદારે પોતે સાચા આપ્યા છે અને તેને આધારે નોકરી મળી છે તેને ના થવું જોઈએ. ખોટાં સર્ટીફિકેટના આધારે ના થવું જોઈએ તેમ નથી.

**શ્રી ગોવાભાઈ હ. રબારી:** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહયું છે અને પોતે ઈન્વોલ્વ થયા એટલે મને વિશ્વાસ છે કે આ ઘણા સમયનો પ્રશ્ન છે એ અમે કબૂલ કરીએ છીએ અને એનું નિરાકરણ આવશે એવી મને આશા છે. આ પ્રશ્ન ઘણો જ ગૂંચવાયેલો છે અને એમાં ઉંડે ઉતરીને જોયું નથી, બાકી મલકાન કમિટીએ દરેકને કાર્ડ આપી દીધેલ છે દરેક કૂટુંબને અને આજે જે સમસ્યા છે એ મારે ધ્યાન ઉપર મૂકવી છે કે બે ભાઈઓ હોય એમાં એકને માન્યતા મળેલ છે અને બીજાને એ માન્યતા મળતી નથી. આજે જે લોકો આ સર્ટિફિકેટોના આધારે નોકરી કરે છે એમની નોકરી રદ કરતા નથી, પરંતુ એટલી બધી એમને પરેશાની કરે છે, હેરાનગતિ કરે છે કે અમે તમને આમ કરીશું, ખોટું સર્ટિફિકેટ છે તો નોકરીમાંથી દૂર કરી દઈશું, આવી હેરાનગતિઓનો ભોગ એમને ડિપાર્ટમેન્ટ તરફથી બનવું પડે છે એ ન બનવું પડે અને નોકરીમાંથી છૂટા ના થાય એવી પણ માનનીય મુખ્યમંત્રીશ્રી સૂચના આપે. આ પ્રશ્ન નાનો છે, પરંતુ એમાં કોઈની જીંદગીનો સવાલ છે. આજે એમને ખૂબ જ હેરાનગતિ છે અને જંગલનો કોઈ રેકર્ડ નથી. એના માટે અમે પણ ૨૦ વર્ષથી પ્રશ્ન લઈને ફરીએ છીએ. તો જે તે વખતે કાર્ડ આપેલ છે અને એનાં જ આ પરિવાર છે. તો આને આવરી લે એવી મારી વિનંતી છે.

**અધ્યક્ષશ્રી :** પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. હું દશમી, અગિયારમી, બારમી, તેરમી અને ચૌદમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકું છું.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### કપડવંજ અને કઠલાલ તાલુકામાં વૃક્ષોનું વાવેતર કરવા બાબત

૧૧૫૭૨ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લાના કપડવંજ અને કઠલાલ તાલુકામાં કેટલા વૃક્ષોનું વાવેતર જાન્યુ.-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કરવામાં આવ્યુ, અને | (૧) વન વિભાગ દ્વારા ખેડા જિલ્લાના કપડવંજ અને કઠલાલ તાલુકામાં કુલ ૧૦૯૨૨૫ વૃક્ષોનું વાવેતર જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કરવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે તા. ૩૧-૧-૦૫ ની સ્થિતિએ કેટવા વૃક્ષો જીવંત છે ? | (૨) તે અન્વયે તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ કુલ ૬૯૧૬૯ વૃક્ષો જીવંત છે. |

----------

### તાલાળાથી માધુપુર-જામવાળા રસ્તાનું કામ બંધ હોવા બાબત

૧૨૨૯૦ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર (તલાલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાનાં તાલાળા તાલુકામાં તાલાળાથી માધુપુર રસ્તાનું સાઈડીંગ કામ તથા માધુપુરથી જામવાળા રસ્તાનું કામ શરુ થયા પછી બંધ થયેલ છે, તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) કયા કારણોસર આ કામ બંધ રાખવામાં આવેલ છે, | (૨) ભૂકંપ બાદની પરિસ્થિતિના કારણે. |
| (૩) આ કામ બંધ રાખેલ છે તો એજન્સી સામે કોઈ પગલાં લીધેલ છે કે કેમ, અને | (૩) ના, જી. |
| (૪) આ કામ કેટલા સમયમાં પૂર્ણ કરાશે? | (૪) શક્ય તેટલુ ઝડપથી. |

----------

### કચ્છ જિલ્લામાં એસ.જી.આર.વાય. યોજનાની તાલીમો

૧૨૮૦૬ **શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં એસ.જી.આર.વાય.ની તાલીમો કચ્છ જિલ્લાના શહેરી વિસ્તારમાં કેટલી કરવામાં આવી, | (૧) ૧૦ તાલીમ વર્ગો |

| | |
|---|---|
| (૨) કેટલી તાલીમો પૂર્ણ થયા બાદ કેટલી તાલીમોના વહીવટી ખર્ચ સ્વૈચ્છિક સંસ્થાઓને ચૂકવવામાં આવ્યા, | (૨) ૧૦ તાલીમ વર્ગોના રૂપિયા ૧,૧૭,૫૦૦/- |
| (૩) કેટલી રકમ ચૂકવવાની બાકી છે, અને | (૩) કોઈ નહીં.. |
| (૪) ન ચૂકવવાના કારણો શાં છે અને કેટલા સમયમાં ચૂકવવામાં આવશે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**માંડવી તાલુકાના ગવાસીથી ખંજરોલી ગામને જોડતો વરઈ ખાડીનો પુલ બનાવવા બાબત**

૧૨૪૧૯ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ માંડવી તાલુકાના ગવાસીથી ખંજરોલી ગામને જોડતો વરઈ ખાડી પરનો પુલ બનાવવા માટે દરખાસ્ત કરવામાં આવી છે એ વાતથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) અને (૨) આ કામનો બજેટમાં સમાવેશ કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો આ પુલ બનાવવા માટે શી કાર્યવાહી કરવામાં આવી છે, અને | |
| (૩) સરકાર આ પુલ કેટલા સમયમાં બનાવવા માંગે છે? | (૩) પુરતી નાણાંકીય જોગવાઈ થયા બાદ કામ હાથ ધરવાનું આયોજન છે. |

----------

**ભાવનગર જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના કામ**

૮૩૮૮ **શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી (ઘોઘા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં કુલ કેટલા ગામોને લાભ મળેલ છે, | (૧) અને (૨) ૪૧ ગામ/પરાના મંજુર થયેલ કામો પૈકી ૩૭ ગામ/પરાના કામો પુર્ણ થતાં ડામર રસ્તાનો લાભ મળેલ છે. ૪ ગામ/પરાના કામો બાકી છે. |
| (૨) કેટલા ગામોમાં કામ બાકી છે, અને | |
| (૩) આ કામ કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૩) વર્ષ ૨૦૦૫-૦૬માં પુર્ણ કરવાનું આયોજન છે. |

----------

**ગાંધીનગરના સરકારી આવાસો ખાલી હોવા બાબત**

૧૨૯૫૨ **ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ડીસે.-૦૪ની સ્થિતિએ ગાંધીનગર શહેરમાં આવેલ સરકારી આવાસો પૈકી કેટલા આવાસ (રહેણાંક) ખાલી છે, | (૧) ૧૭૧૦. |
| (૨) બે વર્ષ કરતાં વધારે સમયથી કેટલા આવાસ ખાલી છે, | (૨) ૪૨૫. |
| (૩) કાયમી ધોરણે આ રહેણાંકના આવાસો કર્મચારીઓને ફાળવવા સરકાર કોઈ વિચારણા કરે છે કે કેમ, અને | (૩) ના, જી. |
| (૪) જો હા, તો કઈ રીતે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------------

## ૧૧ મી વિધાનસભાના સભ્યશ્રીઓને રહેણાંકના રાહતદરના પ્લોટ ફાળવવા બાબત

૧૨૮૧૦ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી): માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ ૧૧મી વિધાનસભાનાં કેટલા સભ્યોને ગાંધીનગરમાં રાહતદરે રહેણાંકના પ્લોટ ફાળવવામાં આવ્યા છે, | (૧) શુન્ય. |
| (૨) પ્લોટ ફાળવવાની કાર્યવાહી હાલ કયા તબક્કે છે, અને | (૨) પ્લોટ ફાળવવાની બાબતે નીતિ નક્કી કરવાની પ્રક્રિયા હેઠળ છે. |
| (૩) બાકી રહેલા સભ્યોને કેટલા સમયમાં ફાળવવામાં આવશે ? | (૩) નીતિ નક્કી થયેથી તુરંત. |

----------

## સાવરકુંડલા તાલુકામાં ભેકરાગામે જંગલ ખાતાની વીડી

૧૧૬૫૬ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાવરકુંડલા તાલુકામાં ભેકરા ગામે જંગલ ખાતાની વીડી આવેલ છે. જે બીનઅનામત હતી તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો બીન અનામતમાંથી અનામત કરવાના શાં કારણો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બીન અનામતમાંથી અનામત કરવાથી ભેકરા ગામના માલધારીઓને ખૂબ મુશ્કેલી પડેલ છે તો ફરી આ વીડીને બીન અનામત કરવા સરકાર માંગે છે કે કેમ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## *રાજ્યના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો સ્વયંસેવી સંસ્થાઓને આપવા બાબત*

૧૨૬૯૭ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા..૩૧-૧-૦૫ની સ્થિતિએ જિલ્લા પ્રમાણે કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો, સ્વયંસેવી સંસ્થાઓને ચલાવવા માટે આપવામાં આવ્યા, | (૧) ૧ (એક) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર<br>૩ (ત્રણ) સામૂહિક આરોગ્ય કેન્દ્ર. |
| (૨) તે કયા કયા કેન્દ્રો છે, અને | (૨)<br>(૧) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર,ચાણસદ, જિલ્લો,વડોદરા<br>(૨) સામૂહિક આરોગ્ય કેન્દ્ર, મોટાફોફળીયા,જી. વડોદરા.<br>(૩) સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ગોલાગામડી, જી.વડોદરા.<br>(૪) સામૂહિક આરોગ્ય કેન્દ્ર, શામળાજી, જી. સાબરકાંઠા. |

(૩) તે કઈ કઈ સંસ્થાઓને સોંપવામાં આવે છે?

(૩)

| | કેન્દ્રનું નામ | સંસ્થાનું નામ. |
|---|---|---|
| (૧) | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ચાણસદ. | બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ અમદાવાદ |
| (૨) | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, મોટા ફોફળીયા | શક્તિ કૃપા ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરા. |
| (૩) | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ગોલાગામડી | મંગલગ્રામ સેવાનિધિ(ટ્રસ્ટ) વડોદરા |
| (૪) | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, શામળાજી. | ઓલ ઈન્ડીયા મુવમેન્ટ ફોર સેવા, ગાંધીનગર. |

---------------

**પાલીતાણાનો ખારી નદી ઉપર આવેલ ઓવન પુલ નવો બનાવવા બાબત**

૧૧૮૫૬ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) પાલીતાણા નગરની વચ્ચે ખારી નદી પર આવેલ ઓવન બ્રીજની મુદત ટેકનીકલ રીતે પૂર્ણ થઈ છે કે કેમ,

(૨) જો, હા, તો નવો પુલ બનાવવાનું સરકારનું આયોજન છે કે કેમ, અને

(૩) જો, હા, તો, કયા વર્ષના બજેટમાં તેની જોગવાઈ કરવામાં આવશે?

**જવાબ**

(૧) પુલ સારી સ્થિતિમાં હોવાનો અભિપ્રાય આવેલ છે.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

-----------

**કુટુંબ કલ્યાણ યોજના હેઠળ વીમા કવચ પૂરૂં પાડવા બાબત**

૧૨૯૭૦ ડૉ. **અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં નાણાકીય વર્ષ ૨૦૦૩-૨૦૦૪ અને ૨૦૦૪-૨૦૦૫માં તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ કુટુંબ કલ્યાણ વીમા યોજના હેઠળ કુલ કેટલા ગરીબ પરિવારોને આરોગ્ય વીમા કવચ પુરૂં પાડવામાં આવ્યુ,

(૨) વર્ષ વાઈઝ શું જોગવાઈ કરવામાં આવી હતી, અને

(૩) કેટલો ખર્ચ તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં થયો ?

**જવાબ**

(૧) અને (૨) "યોજના આખરી થયેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી."

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**જૂનાગઢ જિલ્લાની નગરપાલિકાઓમાં ચીફ ઓફિસરની ખાલી જગ્યા**

૧૨૫૬૬ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાની કેટલી નગરપાલિકાઓમાં ચીફ ઓફિસરની જગ્યાઓ ખાલી છે,

(૨) ચીફ ઓફિસરની જગ્યાઓ ખાલી હોવાને કારણે નગરપાલિકાના અગત્યનાં કામો ખોરંભાયા છે, તે સરકાર જાણે છે, અને

**જવાબ**

(૧) ૨ (બે) માંગરોળ, બાંટવા

(૨) અગત્યના કામો ખોરંભાયા નથી. જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

| | |
|---|---|
| (૩) જો, હા, તો આ ખાલી જગ્યા ભરવા સરકાર શાં પગલાં ભરવા માંગે છે? | (૩) (૧) માંગરોળ નગરપાલિકામાં મુખ્ય અધિકારીની જગ્યા ઉપર નિયમિત મુખ્ય અધિકારીની નિમણૂંકના હુકમ કરવામાં આવેલ છે.<br>(૨) બાંટવા નગરપાલિકામાં મહેસૂલી સંવર્ગના અધિકારીને હવાલો સોંપીને કામગીરી લેવામાં આવે છે. |

---------

### *રાજ્યની મહાનગરપાલિકાના વિકાસ નકશાઓ*

૧૨૯૦૨ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત): માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની કેટલી મહાનગરપાલિકા વિસ્તારના વિકાસ નકશાઓ મંજૂર કરવામાં આવ્યા છે, અને | (૧) ૨ (બે), |
| (૨) કઈ કઈ મહાનગરપાલિકાઓના ? | (૨) (૧) રાજકોટ મહાનગરપાલિકા<br>(૨) સુરત મહાનગરપાલિકા. |

---------

### જિલ્લા હોસ્પિટલોમાં રીજીયોનલ ડાયગ્નોસ્ટીક કેન્દ્ર ખોલવા બાબત

૧૨૮૮૪ **શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યની જિલ્લા હોસ્પિટલ ખાતે રીજીયોનલ ડાયગ્નોસ્ટીક સેન્ટર ઊભા કરવામાં આવે છે તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલા જિલ્લામાં આ સુવિધા ઊભી કરવામાં આવેલ છે, અને | (૨) છ જિલ્લામાં. |
| (૩) આ સુવિધા જાહેર જનતાના ઉપયોગ માટે ક્યારે મૂકવામાં આવશે ? | (૩) ઉપલબ્ધ સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. |

---------

### જામનગર જિલ્લામાં વન તલાવડીઓ

૧૧૮૬૧ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી (જામનગર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૦૨-૨૦૦૩ અને ૨૦૦૩-૨૦૦૪માં કુલ કેટલી વન તલાવડીઓ બની છે, અને | (૧) જામનગર જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૦૨-૨૦૦૩ અને ૨૦૦૩-૨૦૦૪માં કોઈ વન તલાવડી બનાવવામાં આવેલ નથી. |
| (૨) તેનો કેટલો ખર્ચ થયો? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### *સરકારી હોસ્પિટલોમાં ઝડપી સેવાનાં પગલાં લેવા બાબત*

૧૨૯૬૮ **શ્રી રણછોડભાઈ ચ. ફળદુ (કાલાવડ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યના સરકારી દવાખાનાઓ/હોસ્પિટલોમાં સ્વચ્છતા રહે, સમયસર કામગીરી શરૂ થાય, ઝડપથી તબીબી સારવાર ઉપલબ્ધ થાય એ માટે સરકારે ક્યા ક્યા પ્રકારનું આયોજન કરેલ છે, અને | (૧) રોગી કલ્યાણ સમિતિની રચના કરી તેને આવી કામગીરી સોંપવામાં આવેલ છે. |

(૨) ઉક્ત કામગીરીમાં ક્ષતિઓ બદલ ક્યા ક્યા પ્રકારના પગલાં લેવામાં આવે છે?

(૨) આ સમિતિઓ સ્વાયત્ત હોઈ પોતાની કક્ષાએ યોગ્ય પગલાં લેશે તેમજ રાજ્ય સરકાર પણ ચાંપતી નજર રાખે છે અને ક્ષતિ બદલ નિયમોનુસાર પગલાં લે છે.

------

## માતૃબળ સંજીવની સુરક્ષા કીટનું વિતરણ કરવા બાબત

૧૨૮૯૨ **શ્રી દીનુભાઈ બો. સોલંકી (કોડીનાર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકારે માતૃબળ સંજીવની સુરક્ષા કીટનું વિતરણ હાથ ધર્યું છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો આવી સુરક્ષા કીટો કોના ઉપયોગ માટે કેટલા જિલ્લામાં અને કેટલી સંખ્યામાં હાલ સુધીમાં ઉપલબ્ધ બનાવી છે, અને બાકીનાનું શું આયોજન છે ? | (૨) પ્રજનન સ્વાસ્થ્ય સંબંધી નિદાન-સારવાર કરી શકાય તે માટે પેટા આરોગ્ય કેન્દ્રના સ્ત્રી આરોગ્ય કાર્યકરને ૨૪ જિલ્લાઓમાં ૩૯૫૫ જેટલી માતૃબળ સંજીવની સુરક્ષા કીટનું તા. ૩૧-૧-૨૦૦૫ સુધીમાં વિતરણ કરવામાં આવેલ છે. બાકીની કીટ યુનીસેફમાંથી મળ્યેથી વિતરણ કરવાનું આયોજન છે. |

------

## સુરત શહેર અને જિલ્લામાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળના કેસ

૧૨૮૭૮ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં સુરત જિલ્લા અને શહેરમાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ અંગેના કુલ કેટલા કિસ્સાઓ પકડાયા, | (૧) કુલ ૪૧ કિસ્સાઓ પકડાયા. |
| (૨) ગુન્હાહીતો સામે શાં પગલાં લેવામાં આવેલ છે, અને | (૨) ૨૯ કિસ્સામાં કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવેલ છે. ૧૧ કિસ્સામાં કોર્ટમાં કેસ દાખલ કરવાની કાર્યવાહી ચાલુ છે. ૧ કિસ્સામાં નમૂનો ડેમેજ હોવાથી લોકલ હેલ્થ ઓથોરીટીએ કેસ મુકવાની મંજૂરી આપેલ નથી. |
| (૩) ભેળસેળ અટકાવવા સરકારે શાં પગલાં લીધા? | (૩) ભેળસેળ અટકાવવા માટે અવારનવાર ખાદ્ય નિરીક્ષકો દ્વારા તથા ફ્લાઈંગ સ્કવોર્ડના ખાદ્ય નિરીક્ષકો દ્વારા તપાસ કરાવી નમૂનાઓ લઈ જ્યાં ભેળસેળ જણાય ત્યાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. |

------------

## નગરપાલિકાઓના વહીવટમાં ઈ-ગવર્નન્સ સેવાઓ શરૂ કરવા બાબત

૧૧૮૫૮ **શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નગરપાલિકાઓના વહીવટમાં સરળતા, ગતિશીલતા અને પારદર્શકતા લાવવા માટે રાજ્ય સરકારે નગરપાલિકાઓમાં ઈ-ગવર્નન્સ સેવાઓ શરૂ કરી હોવાની બાબત સાચી છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો ૨૦૦૪-૦૫ દરમ્યાન કેટલી નગરપાલિકાઓને ઈ-ગવર્નન્સ સેવાઓ હેઠળ આવરી લેવામાં આવી છે? | (૨) ૯૧. (તા. ૩૧-૧-૦૫ સુધીમાં) |

--------

## મીંઢોળા નદી પર ચોરવાડ અને કનાળા ગામને જોડતો કોઝવે બનાવવા બાબત

૧૨૯૪૦ **શ્રી પરેશભાઈ ગો. વસાવા (નિઝર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ સોનગઢ તાલુકામાં મીંઢોળા નદી પર ચોરવાડ અને કનાળા ગામને જોડતો કોઝવે સરકાર બનાવવા માંગે છે, | (૧) સદર કોઝવેનું કામ ન્યુ ગુજરાત પેટર્નમાં જુન-૨૦૦૪માં પૂર્ણ થયેલ છે. જ્યારે એપ્રોચની કામગીરી બાકી છે. |
| (૨) જો હા, તો આ કોઝવેની કામગીરી સરકાર કેટલાં સમયમાં શરૂ કરીને પૂર્ણ કરવા માંગે છે, અને | (૨) અને (૩) વર્ષ ૨૦૦૫-૦૬માં હાથ ધરવાનું આયોજન છે. |
| (૩) આ કોઝવે અત્યાર સુધી ન બનાવવાનાં કારણો કયા છે ? | |

----------

## પંચમહાલ જિલ્લામાં જંગલની જમીનોની સનદો આપવા બાબત

૧૧૧૧૦ **શ્રી ફતેસિંહ વ. ચૌહાણ (રાજગઢ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ૧૯૮૦ પહેલાંની જંગલની જમીનોની સનદો કેટલા ખેડૂતોને આપેલ છે, | (૧) મહેસુલ ખાતા દ્વારા કુલ-૩૦૫ (ત્રણસો પાંચ) સનદોનું વિતરણ કરવામાં આવેલ છે. |
| (૨) બાકી રહેતા ખેડૂતોને ક્યારે સનદ આપવામાં આવશે, અને | (૨) કોઇ ખેડૂતને સનદ આપવાની બાકી રહેતી નથી. |
| (૩) ૧૯૮૦ પહેલાંનો કબજો ધરાવતા ખેડૂતોને વન વિભાગ કબજો છોડાવે છે ત્યારે સરકાર શાં પગલાં ભરવા માગે છે ? | (૩) રાજ્ય સરકારના તા. ૬-૧૦-૯૨ના ઠરાવ મુજબના પુરાવા ધરાવતા ૧૯૮૦ પહેલાંના કબજેદારોની ખેડાણવાળી જમીનો વન વિભાગ દ્વારા છોડાવવામાં આવતી નથી. |

----------

## રાજકોટ જિલ્લાની સરકારી હોસ્પિટલો ખાનગી ટ્રસ્ટોને સોંપવા બાબત

૧૧૭૬૫ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૫ સુધીમાં રાજકોટ જિલ્લાની કઈ કઈ સરકારી હોસ્પિટલો ખાનગી ટ્રસ્ટોને સોંપવાની કાર્યવાહી ચાલે છે, અને | (૧) ના, જી. |
| (૨) કિંમતી મિલકતો સાથે સરકારી હોસ્પિટલો ટ્રસ્ટને સોંપવાના કારણો શાં છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## આરોગ્ય મંત્રીશ્રીની હોસ્પિટલોની મુલાકાત

૧૨૯૪૭ **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આરોગ્ય મંત્રીશ્રીએ તા. ૧-૧-૦૪ થી ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કઈ કઈ હોસ્પિટલોની અચાનક મુલાકાત લીધી છે, | (૧) ૧. સિવિલ હોસ્પિટલ, અમદાવાદ<br>૨. કોટેજ હોસ્પિટલ, ઉંઝા<br>૩. કોટેજ હોસ્પિટલ, વાંસદા<br>૪. જનરલ હોસ્પિટલ, નડિયાદ<br>૫. માનસિક આરોગ્યની હોસ્પિટલ, જામનગર<br>૬. જનરલ હોસ્પિટલ, પાલનપુર |

| | |
|---|---|
| | ૭. જનરલ હોસ્પિટલ, ગાંધીનગર<br>૮. જનરલ હોસ્પિટલ, જૂનાગઢ<br>૯. જનરલ હોસ્પિટલ, બાપુનગર |
| (૨) આ મુલાકાતમાં મુખ્ય મુખ્ય શી ખામીઓ જણાઇ છે, અને<br>(૩) આ ખામીઓ દુર કરવા શાં પગલાં લેવાયા છે? | (૨) અને (૩) આ મુલાકાત દરમ્યાન હોસ્પિટલ દ્વારા દર્દીઓને ઉત્તમ પ્રકારની સારવાર આપવામાં આવે અને સેવાઓની ગુણવત્તામાં સુધારો થાય તે હેતુથી માળખાકીય સવલતો અને સેવાકીય ગુણવત્તામાં જ્યાં ઉણપ જણાઇ તે બાબતમાં જરૂરી અવલોકનો માન. મંત્રીશ્રી દ્વારા કરવામાં આવેલ અને જેની પૂર્તતા હાથ ઉપર છે. |

----------

**વ્યારા તાલુકાના લખાલી ગામથી ઢોંગીઆબા સુધીનો રસ્તો રીકાર્પેટીંગ કરવા બાબત**

૧૧૫૭૩ **શ્રી પુનાભાઈ ધે. ગામીત (વ્યારા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સુરત જિલ્લાનાં વ્યારા તાલુકાનાં લખાલી ગામથી ઢોંગીઆબા સુધીનો રસ્તો રીકાર્પેટીંગ કરવાનો છે તે સરકાર જાણે છે, | (૧) રસ્તો વાહનવ્યવહાર યોગ્ય છે. |
| (૨) જો હા, તો આ રસ્તાની રીકાર્પેટીંગની કામગીરી સરકાર કેટલા સમયમાં શરૂ કરવા માંગે છે, અને<br>(૩) આ કામગીરી અત્યાર સુધી શરૂ ન કરવાના કારણો શાં છે ? | (૨) અને (૩) હાલ આયોજન નથી. |

----------

**ભાણવડ શહેર અને લાલપુર શહેરને બાયપાસ રોડ આપવા બાબત**

૧૩૦૨૫ **શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભાણવડ શહેર અને લાલપુર શહેર માટે બાયપાસ રોડ માટેનું શું આયોજન છે, | (૧) લાલપુર શહેરના બાયપાસની પથરેખા મંજૂર કરવામાં આવેલ છે. ભાણવડ શહેરના બાયપાસનું આયોજન હાલમાં નથી. |
| (૨) આ બાબતે અગાઉ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલી રજૂઆત મળી, અને | (૨) શૂન્ય. |
| (૩) આ પૈકી ભાણવડ શહેરના કામચલાઉ બાયપાસના કામ માટે ચાલુ વર્ષમાં કોઇ આયોજન છે? | (૩) ના, જી. |

----------

## ગાંધીનગર શહેરમાં ઓછા ફોર્સથી અપાતું પાણી

૧૧૭૧૧ **શ્રી બેચરભાઇ વિ. ભાદાણી (લાઠી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર શહેરમાં પીવાનું પાણી ઓછા ફોર્સથી છોડવામાં આવે છે તે હકીકત સાચી છે, અને | (૧) અને (૨) ગાંધીનગર શહેરમાં પીવાનું પાણી ઓછા ફોર્સથી છોડવામાં આવે છે તે હકીકત સાચી નથી. પરંતુ અમુક વિસ્તારમાં ઓછા ફોર્સથી પાણી આવે છે એવી ફરિયાદ મળેલ છે અને તે દૂર કરવા સરકારે નીચે મુજબના ટૂંકા ગાળા અને લાંબાગાળાનું આયોજન કરેલ છે.<br>(૧) જે તે વિસ્તારની હયાત પાઇપ લાઇનના માળખાને સંગીન બનાવવાનું આયોજન કરેલ છે.<br>(૨) ચરેડી/સરિતા ઉદ્યાન વોટર વર્કસ ખાતે વધારાના પંપસેટ મુકવાનું આયોજન કરેલ છે.<br>(૩) શહેરના ત્રણથી ચાર સેકટરોના જુથ વચ્ચે પાણીની ઓવર હેડ ટાંકી બનાવીને પાણી પુરવઠો આપવાનું આયોજન કરેલ છે. |
| (૨) જો હા, તો આ ફરીયાદ દૂર કરવા સરકારે લાંબા ગાળાનું અને ટૂંકા ગાળાનું શું આયોજન કરેલ છે? | |

----------

## સુરેન્દ્રનગર જિલ્લામાં શહેરી વિસ્તારોની બી.પી.એલ. યાદી બનાવવા બાબત

૧૦૭૮૭ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડીસે-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન સુરેન્દ્રનગર જિલ્લામાં શહેરી વિસ્તારની બી.પી.એલ. યાદી બનાવવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો ના, તો કેટલા સમયથી બનાવવામાં આવેલ નથી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) શહેરી વિસ્તારની બી.પી.એલ. યાદી સરકાર ક્યારે બનાવવા માંગે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટીમાં જુદી જુદી કેડરની જગ્યાઓ મંજૂર થવા બાબત

૧૨૪૨૭ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટીમાં-(સુડા) તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ જુદી જુદી કેટેગરીની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલી છે, | (૧) ૭૦. |
| (૨) આ પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલી છે, અને | (૨) ૪૪. |
| (૩) ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ? | (૩) શક્ય તેટલું વહેલી તકે ભરવામાં આવશે. |

----------

**અમદાવાદ જિલ્લાના બદરખા બાવળા રોડને પહોળો કરવા બાબત**

૧૧૮૨૦ **શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લાના બદરખાથી બાવળાને જોડતો રોડ આવેલો છે શોર્ટકટનો આ રસ્તો હોઇ ટ્રાફીક પણ ખૂબજ છે અને રસ્તો ત્રણ મીટરનો છે, સાઇડો ખુબજ નીચી છે. આ રસ્તાને પહોળો કરવા માંગો છો, અને | (૧) અને (૨) વાહનવ્યવહારનાં ધોરણો મુજબ સદર એક માર્ગીય રસ્તાને પહોળો કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ નથી. |
| (૨) પહોળો કરવા માંગતા હોય તો કેટલો મીટર અને ક્યારે કરવામાં આવશે ? | |

----------

**મહેસાણા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત હોવા બાબત**

૧૨૯૬૪ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રો તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તાલુકાવાર કાર્યરત છે, અને | (૧) ૧૨-સામૂહિક આરોગ્ય કેન્દ્રો.<br>૪૮-પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો. |
| (૨) છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા સામૂહિક આરોગ્ય કેન્દ્રો નવા મંજૂર કરવામાં આવ્યા ? | (૨) ૨ (બે) સામૂહિક આરોગ્ય કેન્દ્રો. |

----------

**પડધરી પંચાયતના ગેસ્ટ હાઉસને સ્ટેટ ગેસ્ટ હાઉસમાં ફેરવવા બાબત**

૧૨૦૮૨ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાના પડધરી પંચાયતના ગેસ્ટ હાઉસને સ્ટેટમાં ફેરવવા માટેની દરખાસ્ત આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યારે સરકાર આ પંચાયત ગેસ્ટ હાઉસને સ્ટેટ ગેસ્ટ હાઉસમાં ફેરવવા માંગે છે, અને | (૨) અને (૩) પંચાયત હસ્તકનું રેસ્ટ હાઉસ રાજ્ય (મા.xમ) વિભાગને સોંપવાની દરખાસ્ત વિચારણા હેઠળ છે. |
| (૩) જો હા, તો કેટલા સમયમાં ? | |

----------

**ભૂજ શહેરમાં ભૂકંપમાં નાશ પામેલી દુકાનોના માલિકોને સહાય ચૂકવવા બાબત**

૧૨૮૭૪ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભૂકંપગ્રસ્ત કચ્છ જિલ્લાના ભૂજ શહેરમાં ભૂકંપને કારણે પડી ગયેલ આશરે ૧૦૦૦ જેટલી એપાર્ટમેન્ટ નીચે આવેલી દુકાનધારકોને ડીસેમ્બર-૨૦૦૪ ની સ્થિતિએ કોઇપણ પ્રકાર સહાય કે નાણાંકીય મદદ પૂરી પાડવામાં આવી નથી તે હકીકત સાચી છે. | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેનાં શાં કારણો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ સહાય ક્યાં સુધીમાં પૂરી પાડવામાં | (૩) ભૂજ શહેરની એપાર્ટમેન્ટ નીચેની |

| | |
|---|---|
| આવનાર છે, અને તેની જવાબદારી કોને સોંપવામાં આવી છે ? | દુકાનો માટે કોઇ સહાય ચુકવવાની બાકી નથી. |

----------

**નાબાર્ડ યોજના હેઠળ પંચાયતના બાકી રસ્તા પૂરા કરવા અંગે**

૧૦૭૨૮ **શ્રી મહેશભાઈ છો. વસાવા (દેડિયાપાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાબાર્ડ યોજના દ્વારા સહાયિત નર્મદા જિલ્લાના દેડીયાપાડા, સાગબારા, તિલકવાડા અને રાજપીપળા તાલુકાના ડીસે.-૦૪ ની સ્થિતિએ શરૂ કરવામાં આવેલ પંચાયતના રસ્તાઓ અધૂરા પડ્યા છે, સરકાર આ ફરિયાદ જાણે છે, | (૧) સાગબારા તાલુકાના ૬ કામ મેટલ સપાટી કામગીરી પૂર્ણ, ડામર બાકી. એક કામમાં મેટલ અને ડામર સપાટીનું કામ બાકી છે. |
| (૨) આ રસ્તાઓ અધૂરા રહેવાના શાં કારણો છે, અને | (૨) ભૂકંપ બાદની પરિસ્થિતિના કારણે. |
| (૩) અધૂરા રસ્તાઓ પૂર્ણ કરવા સરકારે શું આયોજન કરેલ છે ? | (૩) વર્ષ ૨૦૦૫-૦૬માં પૂર્ણ કરવાનું આયોજન છે. |

----------

**મધ્યસ્થ ઔષધ ભંડાર તંત્ર દ્વારા ખરીદાતી દવાઓના નમૂનાનું પરિક્ષણ**

૧૨૯૬૧ **શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર (મેઘરજ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન મધ્યસ્થ ઔષધ ભંડાર તંત્ર દ્વારા ખરીદાતી દવાઓના કુલ કેટલા નમૂનાઓ પરીક્ષણ માટે લેવામાં આવેલ, | (૧) ૩૯૫૩ નમૂનાઓ લેવામાં આવ્યા. |
| (૨) જે પૈકી કુલ કેટલા નમૂનાઓ અપ્રમાણસર જાહેર થયા, | (૨) ૪૮૫ નમૂનાઓ અપ્રમાણસર જાહેર થયા. |
| (૩) નમૂના અપ્રમાણસર થવાના કયા કારણો હતા, અને | (૩) નિશ્ચિત કરેલ ધારાધોરણો ન હોવાથી અપ્રમાણસર થયેલ. |
| (૪) તે અંગે કેટલી કંપનીઓ સામે પગલાં લેવામાં આવેલ છે ? | (૪) ૮૦ કંપનીઓ સામે પગલાં લેવામાં આવેલ છે. |

----------

**ઓકટ્રોય નાબૂદીના વિકલ્પે નગરપાલિકાઓને આપવામાં આવતી ગ્રાન્ટની રકમ**

૧૧૭૬૮ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની નગરપાલિકાઓને ઓકટ્રોય નાબુદ કરવાને કારણે સરકાર દ્વારા કુલ કેટલી રકમોની ગ્રાન્ટ ડીસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ નગરપાલિકાઓને આપવામાં આવી છે, અને | (૧) કુલ રૂા. ૫,૨૦,૨૮,૪૨,૦૨૬/- |
| (૨) સને ૨૦૦૨-૨૦૦૩ તથા ૨૦૦૩-૨૦૦૪ના નાણાકીય વર્ષમાં કુલ કેટલી રકમો આ માટે નગરપાલિકાઓને આપવામાં આવી છે ? | (૨) સને ૨૦૦૨-૦૩ માં રૂા.૧,૬૮,૦૦,૦૦,૦૦૦/ સને૨૦૦૩-૦૪માં રૂા.૧,૫૯,૯૫,૩૮,૫૧૦/- |

----------

**માંડવીથી પીપલવાળા ગામને જોડતો રસ્તો બિસ્માર હાલતમાં હોવા બાબત**

૧૧૭૬૧ **શ્રી કાંતિલાલ રે. ગામીત (સોનગઢ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સુરત જિલ્લાના માંડવીથી પીપલવાળા ગામને જોડતો રસ્તો બિસ્માર હાલતમાં છે તે સરકાર જાણે છે,<br>(૨) જો હા, તો આ રસ્તો સરકાર કેટલા સમયમાં રિકાર્પેટીંગ કરવા માંગે છે, અને<br>(૩) આ રસ્તો અત્યાર સુધી ના બનાવવાનાં શાં કારણો છે ? | (૧)(૨)અને (૩) રસ્તાને સામાન્ય મરામત કરીને વાહન વ્યવહાર યોગ્ય રાખેલ છે. |

---------

**હાલોલ અને જાંબુઘોડા તાલુકામાં વન વિભાગની જમીનમાંથી રસ્તા બનાવવા બાબત**

૧૨૪૬૩ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) હાલોલ તેમજ જાંબુઘોડા તાલુકાઓમાં વન વિભાગની જમીનમાંથી રસ્તાઓ પસાર થતા હોય તેવા કેટલા રસ્તાઓ માટે જમીનની માંગણી સરકારમાં પડતર છે, | (૧) રસ્તાઓ માટે જંગલ જમીનનો ઉપયોગ કરવા માટેની બે દરખાસ્તો પડતર છે. |
| (૨) આ જમીન સરકાર આપવા માંગે છે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો ક્યાં સુધીમાં? | (૩) સંપૂર્ણ દરખાસ્ત રજૂ થયા બાદ ભારત સરકાર તરફથી મંજૂરી મળ્યેથી. |

----------

**રાજ્યમાં વસ્તી આયોગની રચના**

૧૨૮૭૩ **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં રાજય વસ્તી આયોગની સરકારે રચના કરી છે કે કેમ, અને | (૧) હા. |
| (૨) જો હા, તો આ અંગે શી કામગીરી થઇ છે? | (૨) રાજ્ય વસ્તી પંચની પ્રથમ બેઠક તારીખ ૭--૧૦-૨૦૦૪ના રોજ મળેલ, જેમાં રાજ્યની વસ્તી વિકાસ અંગે સભ્યશ્રીઓ દ્વારા જુદા જુદા સૂચનો કરવામાં આવ્યા હતા, તે અન્વયે જુદા જુદા ત્રણ કાર્યદળો રચવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. |

----------

**વરતેજ ગામના સામૂહિક આરોગ્ય કેન્દ્રનું મકાન તોડી પાડવા બાબત**

૧૨૮૯૫ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર તાલુકાના ગામ વરતેજ ખાતેના સામૂહિક આરોગ્ય કેન્દ્રનું જર્જરિત અને ઉપયોગમાં નહી લેવાતુ મકાન તોડી પાડવા તા. ૧૦-૩-૯૮ના રોજ કરવામાં આવેલી દરખાસ્તને સરકારે મંજૂરી આપેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) નવુ મકાન બાંધવા અંગે રાજ્ય સરકારે શો નિર્ણય કર્યો છે ? | (૨) નકશા-અંદાજોને વહીવટી મંજૂરી આપેલ છે. |

----------

## ધાનેરા પાસેનો રેલ્વેનો પુલ પહોળો કરવા બાબત

૧૨૬૯૪ **શ્રી હરજીવન હી. પટેલ (ધાનેરા): માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડીસા-ધાનેરા માર્ગ ઉપર ધાનેરા પાસેનો રેલ્વેનો વર્ષો જુનો રેલ્વે લાઇન ઉપર પુલ બનાવેલ છે. તે ઘણો જ સાંકડો છે. તો આ પૂલને પહોળો કરવાનું કોઇ આયોજન છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો કેટલા સમયમાં આ કામ શરૂ કરવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## પાદરા તાલુકામાં ઓ.એન.જી.સી.ના ભારેખમ વાહનોથી રસ્તા તૂટવા બાબત

૧૨૬૯૩ **શ્રી પુનમ ર. પરમાર (પાદરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાદરા તાલુકામાં ઓ.એન.જી.સી. ના કુવાઓના ભારેખમ વાહનોની અવરજવરના કારણે રસ્તા તૂટી ગયા છે તે સરકાર જાણે છે, અને | (૧) મા. મ. વિભાગ હસ્તકના રસ્તાઓને ભારે વાહનોથી નુકશાન થાય છે. |
| (૨) જો હા, તો તે રીપેર કરવા માટે ઓ. એન. જી. સી. સાથે પરામર્શ કરીને સરકાર શાં પગલાં લેવા માંગે છે ? | (૨) ઓ. એન. જી. સી. તરફથી સહયોગ આપવામાં આવશે તો રસ્તાઓની સુધારણા તબક્કાવાર કરવામાં આવશે. |

----------

## ભીલાડ નેશનલ હાઇવેથી સેલવાસ-નરોલીને જોડતો રાજ્ય રસ્તો ખરાબ હોવા બાબત

૧૦૮૧૦ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના ભીલાડ નેશનલ હાઇવેથી સેલવાસ નરોલીને જોડતો રસ્તો (એસ.આર.) ઘણો ખરાબ છે તે સરકાર જાણે છે કે કેમ, અને | (૧) અને (૨) રાજ્ય હસ્તકનો રસ્તો જરૂરી પેચવર્ક કરીને વાહનવ્યવહાર યોગ્ય રાખેલ છે. |
| (૨) જો હા, તો તાત્કાલિક આ રસ્તો સરકાર રીપેર કરવા માંગે છે કે કેમ ? | |

----------

## જામનગર જિલ્લામાં રોપા વાવવા બાબત

૧૨૯૫૭ **શ્રી ચીમનભાઈ ધ. સાપરિયા (જામજોધપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ જામનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વન વિભાગ તરફથી કયા કયા તાલુકામાં કેટલા રોપા વાવવામાં આવેલ છે, | (૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ જામનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વન વિભાગ તરફથી તાલુકાવાર કુલ ૬૦.૫૬ લાખ રોપા વાવવામાં આવેલ છે. (સામેલ પત્રક મુજબ) |
| (૨) તે પૈકીના કેટલા રોપા ઉછેરેલ છે, અને | (૨) ૩૮.૦૯ લાખ રોપા ઉછરેલ (જિવંત) છે. (સામેલ પત્રક મુજબ) |
| (૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) તેની પાછળ કુલ રૂા. ૬૮૪.૯૪ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

**પત્રક**

| ક્રમ | વર્ષ | તાલુકાનું નામ | વાવેતર વિસ્તાર હે.માં | છેલ્લા બે વર્ષમાં વાવવામાં આવેલ રોપાની સંખ્યા (લાખમાં) | જીવંત રોપા (લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૩-૦૪<br>૨૦૦૪-૦૫ | જામનગર | ૧૩૬૧.૭૯ | ૮.૮૫ | ૪.૦૪ |
| | | ધ્રોલ/જોડીયા | ૧૭૮૬.૦૦ | ૧૮.૩૫ | ૧૧.૦૬ |
| | | કાલાવાડ | ૪૫૩.૦૦ | ૪.૭૬ | ૩.૭૦ |
| | | લાલપુર | ૩૭૯.૦૦ | ૨.૪૩ | ૨.૧૧ |
| | | ભાણવડ | ૧૩૯.૦૦ | ૦.૬૪ | ૦.૪૨ |
| | | જામજોધપુર | ૭૬૧.૦૦ | ૪.૯૫ | ૪.૦૪ |
| | | ખંભાળીયા | ૧૧૩૨.૬૧ | ૮.૬૧ | ૪.૯૫ |
| | | કલ્યાણપુર | ૫૧૮.૦૦ | ૫.૨૪ | ૩.૨૪ |
| | | દ્વારકા | ૬૫૮.૦૦ | ૬.૭૩ | ૪.૫૩ |
| | | કુલ | ૭૧૮૮.૪૦ | ૬૦.૫૬ | ૩૮.૦૯ |

--------------

### લાકડાં વહેરવાની સો મીલો

૧૨૫૭૦ **શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ચકલાસી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧.૧.૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં લાકડાં વહેરવા તથા સાઈઝો તૈયાર કરવાની કેટલી સો મીલો આવેલી છે,

(૨) કેટલા સમયથી બંધ છે, અને

(૩) રાજ્યમાં સો મીલો બંધ હોવાથી કેટલા માણસોની રોજી રોટી છીનવાઈ ગઈ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧.૧.૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં લાકડાં વહેરવા તથા સાઈઝો તૈયાર કરવાની અધિકૃત લાયસન્સ ધરાવતી ૩૬૯૫ સો મીલો આવેલી છે,

(૨) આ સો મીલો ચાલુ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

### ગુજરાત પેટર્ન અંતર્ગત બનાસકાંઠા જિલ્લાની દરખાસ્તો

૧૨૯૪૯ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન ગુજરાત પેટર્ન અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાંથી કેટલી દરખાસ્તો મંજુરી માટે આવી,

**જવાબ**

(૧), (૨), (૩) અને (૪)

| | વર્ષ ૨૦૦૨-૨૦૦૩ | વર્ષ ૨૦૦૩-૨૦૦૪ | વર્ષ ૨૦૦૪-૨૦૦૫ (જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ) | કુલ |
|---|---|---|---|---|
| ગુજરાત પેટર્ન અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં મંજૂરી માટે આવેલ દરખાસ્તો | ૧૮૫ | ૨૦૨ | ૩૩૩ | ૭૨૦ |
| મંજૂર થયેલ દરખાસ્તો | ૮૩ | ૧૪૩ | ૩૨૪ | ૫૫૦ |
| મંજૂરી અપાયા વિનાની દરખાસ્તો | ૧૦૨ | ૫૯ | ૯ | ૧૭૦ |

(૨) કેટ કેટલી દરખાતોને મંજૂરી અપાઈ છે,
(૩) મંજૂરી અપાયા વિનાની દરખાસ્તો કેટલા સમયથી પડતર છે તથા તે પડતર રહેવાનાં શા કારણો છે, અને
(૪) એ કારણોના નિવારણ માટે સરકારે જો કાંઈ પગલાં લીધેલ હોય તો તેવા પગલાંની શું વિગતો છે, તેમજ જો પગલાં ન લીધેલ હોય તો તેના શાં કારણો છે ?

આયોજનની દૃષ્ટીએ વધુ સંખ્યામાં દરખાસ્તો તૈયાર કરવામાં આવે છે, જે પૈકી ગુજરાત પેટર્નની જોગવાઈને અનુરૂપ જ કામો જિલ્લા આદિજાતિ વિકાસ મંડળ દ્વારા મંજૂર કરવામાં આવે છે. બાકી રહેલ કામો આપોઆપ પડતા મુકાયેલા ગણી લેવાય છે, જે પછીના વર્ષે જિલ્લા આદિજાતિ વિકાસ મંડળ સમક્ષ રજૂ કરી મંજૂર કરી શકાય છે.

--------------

## અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં મશીનો બંધ હોવા અંગે

૧૧૮૫૨ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં રૂા. ૧૫ લાખથી વધુ કિંમતના તારીખ ૩૦-૯-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં એક માસથી વધુ સમય માટે કયા કયા મશીનો બંધ હતા | (૧) (૧)એમ.આર.આઈ. મશીન અને (૨) આઈ.આઈ.ટી.વી. મશીન બંધ હતાં. |
| (૨) આ મશીનો કયા કારણે બંધ હતા, | (૨) (૧) એમ.આર.આઈ. મશીન કેન્યુટર એરર ગ્રેડીયન્ટની કોઈલને કારણે તથા (૨) આઈ.આઈ.ટી.વી.નું ટયુબહેડ અને મોનીટર બદલવાના |
| (૩) આ મશીનો બંધ રહેવાને લીધે કેટલા ઓપરેશન ન થઈ શક્યા, અને | (૩) શૂન્ય. |
| (૪) આ મશીનો કાર્યરત કરવા હાલ શી કાર્યવાહી ચાલે છે ? | (૪) (૧) એમ.આઈ.આર. મશીન હાલમાં કાર્યરત છે તથા (૨) આઈ.આઈ.ટી.વી. મશીન રીપેરીંગ માટે કાર્યવાહી ચાલુ છે. |

--------------

## રાજ્યમાં વનીકરણ યોજના અંતર્ગત રોપા ઉછેરવા બાબત

૧૧૫૬૭ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય વન અને પર્યવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં વર્ષ ૨૦૦૪-૦૫માં તારીખ ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ વનીકરણ યોજના અંતર્ગત રાજ્યમાં કુલ કેટલા રોપાઓનો ઉછેર કરવામાં આવ્યો, | (૧) રાજ્યમાં વર્ષ ૨૦૦૪-૦૫માં તારીખ ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ વનીકરણ યોજના અંતર્ગત રાજ્યમાં કુલ ૧૧૬૪.૨૦ લાખ રોપાઓનો ઉછેર કરવામાં આવ્યા. |
| (૨) તે પૈકી કેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું, અને | (૨) તે પૈકી ૩૫૩.૬૨ લાખ રોપાઓનું ખાતારાહે વાવેતર કરવામાં આવ્યું. |
| (૩) કેટલા રોપા તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં હયાત છે ? | (૩) તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં ૨૯૨.૪૯ લાખ રોપા હયાત છે. |

------------

## રાજ્યમાં રક્તપિત્તના કેસો

૧૨૮૭૨ **શ્રી અમીત ચાવડા (બોરસદ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં રક્તપિત્તના કેસો હજુ પણ જોવા મળે તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો રક્તપિત્તની નાબૂદી માટે રાજ્ય સરકારે શા પ્રયાસો હાથ ધર્યા છે ? | (૨) રાજ્ય સરકારે રક્તપિત્તની નાબુદી માટે નીચે મુજબના પ્રયાસો હાથ ધરેલ છે. |

-રક્તપિત્તના કેસો શોધી કાઢવા માટે રક્તપિત્ત નિર્મુલન અભિયાન અને નવતર રક્તપિત્ત નિર્મુલન અભિયાન હાથ ધર્યું.

-સ્પેશ્યલ એકશન પ્રોજેકટ ફોર એલીમીનેશન ઓફ લેપ્રસી (સાપેલ પ્રોજેકટ)

-રક્તપિત્ત જનજાગૃતિ અભિયાન દ્વારા રોગ અને સારવાર વિશે માહિતીનો પ્રચાર-પ્રસાર

-રક્તપિત્ત દર્દીઓના કાર્યકરોને રક્તપિત્તની તાલીમ આપી.

------------

**ચોટીલા અને સાયલા તાલુકામાં વૃક્ષો ઉછેરવા બાબત**

૧૨૯૩૫ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વન વિસ્તરણ યોજના અન્વયે કેલેન્ડર વર્ષ ૨૦૦૩ અને ૨૦૦૪ના વર્ષમાં ચોટીલા અને સાયલા તાલુકામાં કેટલા વૃક્ષો ઉછેરવામાં આવ્યા, | (૧) ૧,૩૨,૯૫૦ વૃક્ષો ઉછેરવામાં આવ્યા. |
| (૨) તે પૈકી કેટલા વૃક્ષો રોડ સાઈડમાં ઉછેરવામાં આવ્યા, | (૨) રોડ સાઈડમાં ૭૦૫૦ વૃક્ષો ઉછેરવામાં આવ્યા. |
| (૩) વૃક્ષોના વાવેતર પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, | (૩) રોડ સાઈડ વૃક્ષોના વાવેતર પાછળ રૂા. ૨,૧૫,૧૩૬/- નો ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૪) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કેટલા વૃક્ષો હયાત છે, અને | (૪) તા. ૩૧-૧૨-૦૪ની સ્થતિએ ૩૯૮૫ વૃક્ષો રોડ સાઈડમાં હયાત છે. |
| (૫) કેટલા વૃક્ષના રોપાઓ સ્ટોકમાં છે ? | (૫) સ્ટોકમાં રોપાઓ શૂન્ય છે. |

------------

**ભરૂચ શહેરનો ગોલ્ડન બ્રીજ જર્જરીત હાલતમાં હોવા બાબત**

૧૨૦૭૯ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભરૂચ અંકલેશ્વર શહેરને જોડતો આશરે ૧૦૦ વર્ષ જુનો ગોલ્ડન બ્રીજ ધરતીકંપ અને નદીના વહેણને કારણે જર્જરીત થયેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો સરકારે સદરહુ બ્રીજના બાંધકામ માટે શું આયોજન કરેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**કચ્છ જિલ્લાના નખત્રાણા અને નલીયા સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ખાલી જગ્યાઓ**

૧૧૮૬૯ **શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ કચ્છ જિલ્લાના નખત્રાણા તથા નલીયા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ડૉકટરો, ટેકનીશીયનો, કલાર્ક તથા નર્સની કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) ડૉકટરોની-૩, ટેકનીશીયનની-૧, સીનીયર કલાર્કની-૧ અને નર્સની-૬ જગ્યાઓ ખાલી છે. |
| (૨) આ ખાલી જગ્યાઓ ભરવા શું આયોજન છે? | (૨) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી. |

------------

**અમદાવાદ શહેરમાં કમળાનો રોગ ફાટી નીકળવા બાબત**

૧૨૭૦૨ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાજેતરમાં અમદાવાદ શહેરમાં કમળાનો રોગ ફાટી નીકળ્યો છે તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કયા કયા વિસ્તારોમાં કેટલા કમળાના કેસો મળ્યા છે, અને કમળો થવાના શા કારણો છે, | (૨) તા. ૩૧-૧૦-૦૪ થી તા. ૨૬-૨-૦૫ દરમ્યાન નીચે મુજબ કમળાના કેસો મળ્યા.<br>વોર્ડનું નામ — કમળાના કેસો<br>-કાલુપુર વોર્ડ — ૧૦૩<br>-દરિયાપુર વોર્ડ — ૧૬૩<br>-શાહપુર વોર્ડ — ૭૧<br>-રાયખડ વોર્ડ — ૮૩<br>-જમાલપુર વોર્ડ — ૧૫૭<br>-બહેરામપુરા વોર્ડ — ૧૨૦<br>-દાણી લીમડા વોર્ડ — ૧૪૬<br>-વટવા વોર્ડ — ૧૧૭<br>કુલ.... ૯૬૦<br>પીવાના પાણીમાં ગટરનું પાણી મીક્સ થતાં, પીવાનું પાણી દુષિત બનતાં કમળાના કેસો નોંધાયેલ છે. |
| (૩) આ કમળાના દર્દીઓને તાકીદની કેવી સેવાઓ આપવામાં આવી છે, | (૩) કમળાના દર્દીઓને સ્થળ પર મોબાઈલ ડીસ્પેન્સરી દ્વારા તબીબી સારવાર આપવામાં આવે છે તેમજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત ચેપી રોગ હોસ્પિટલમાં પેશાબ તથા લોહીની લેબોરેટરી તપાસ કરી, લેબોરેટરી તપાસમાં કમળો પૂરવાર થાય તો જરૂરી તબીબી સારવાર વિના મૂલ્યે આપવામાં આવે છે. |
| (૪) કમળાના રોગને કારણે કેટલા માણસોના મૃત્યુ થયા છે, અને | (૪) ૧ (એક) |
| (૫) આ કમળાનો રોગ અટકાવવા સરકારે શાં પગલાં લીધા છે? | (૫) આ રોગ અટકાવવા નવેમ્બર-૦૪થી રાજ્ય સરકારે જે તે વિસ્તારની ડ્રેનેજ લાઈનો સાફ કરવા, પીવાના પાણીનું લીકેજ અટકાવી, પાણીની પાઈપો બદલવા, પાણીની રેસીડ્યુઅલ ક્લોરીન ટેસ્ટ અને બેકટેરીયોજીકલ ટેસ્ટ કરાવવા, કલોરીન ટેબલેટનું વિતરણ કરાવવા, જનજાગૃતિ માટે આરોગ્ય પત્રિકાની વહેંચણી, જંતુનાશક દવાનો છંટકાવ, વાસી, બિન વાસી આરોગ્યપ્રદ ખોરાકનો નાશ કરવા જેવા વિવિધ પગલા લીધા છે. |

----------

**ઉમરગામ ટાઉનમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ**

૧૧૫૭૧ **શ્રી શંકરભાઈ મં. વારલી (ઉમરગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં ઉમરગામ ટાઉનમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર કરેલ છે, | (૧) સંવર્ગવાર મંજૂર જગ્યાઓ. |

| સંવર્ગ | મંજૂર જગ્યાઓ |
|---|---|
| વર્ગ-૧ | ૦ |
| વર્ગ-૨ | ૩ |
| વર્ગ-૩ | ૧૩ |
| વર્ગ-૪ | ૧૦ |
| | ૨૬ |

(૨) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ કેટલી જગ્યાઓ સંવર્ગવાર કેટલા કેટલા સમયથી ખાલી છે, અને

(૨) સંવર્ગવાર ખાલી જગ્યાઓ.

| સંવર્ગ | ખાલી જગ્યા | ક્યારથી ખાલી |
|---|---|---|
| વર્ગ-૨ | ૨ | એક તા. ૧૫-૧-૦૩ |
| | | એક તા. ૩-૮-૦૪ |
| વર્ગ-૩ | ૪ | એક તા. ૯-૪-૦૩ |
| | | ત્રણ તા. ૧-૨-૨૦૦૦ |
| વર્ગ-૪ | ૪ | તા. ૧-૨-૨૦૦૦થી |

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) સરકારની પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ અને લાયક ઉમેદવાર ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ.

----------

## મહુવા તાલુકાના જેસર ગામથી સાવરકુંડલાને જોડતો રસ્તો તૂટી જવા બાબત

૧૧૫૭૬ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના જેસર ગામથી અમરેલી જિલ્લાના સાવરકુંડલાને જોડતો ધોરી માર્ગ ઘણા વર્ષોથી તૂટી ગયેલ છે તે રીસરફેઈસ કરવા માટે સરકારે શી કાર્યવાહી કરી છે, | (૧) જરૂરીયાત મુજબની લંબાઈમાં રીસરફેસની કામગીરી મંજુર કરેલ છે. |
| (૨) આ રસ્તો કુલ કેટલી લંબાઈનો છે, અને તેમાંથી છેલ્લા કેટલા વર્ષોથી રીસરફેઈસ નથી કરવામાં આવ્યો, અને ડિસેમ્બર-૨૦૦૪ સુધીમાં કેટલા કિ.મી.નો રસ્તો રીસરફેઈસ કરેલ છે, અને | (૨) ૪૦ કિ.મી. લંબાઈના રસ્તા પૈકી ૧૨.૪૦ કી.મી. લંબાઈમાં રીસરફેઈસ કરેલ છે. |
| (૩) બાકી રહેતો આ મુખ્ય માર્ગ બન્ને જિલ્લાને સાંકળે છે તે ક્યાં સુધીમાં રીસરફેઈસ કરી પૂર્ણ કરવામાં આવશે? | (૩) મંજુર થયેલ કામોનો ઈજારો નક્કી થયેથી જેમ બને તેમ જલ્દીથી. |

----------

## વન વિસ્તારોમાં ગેરકાયદેસરના દબાણોના લીધે વન્ય પ્રાણીઓ રહેણાંક વિસ્તારમાં પ્રવેશી હિંસક હુમલા કરવા બાબત

૧૨૨૩૩ **શ્રી રાકેશ રાવ (માતર) :માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ રાજ્યમાં વન વિસ્તારોમાં થયેલ ગેરકાયદેસરના દબાણો દૂર નહિ થવાના કારણે જંગલી જાનવરો રહેણાંક વિસ્તારોમાં પ્રવેશી માણસો ઉપર હિંસક હુમલા કરતા હોવાની હકીકત ખરી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો સરકારે શાં પગલાં લીધાં ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## રાજ્યની નગરપાલિકાઓનું મહેકમ વિષયક વહીવટી માળખુ સુદૃઢ કરવા બાબત

૧૧૮૬૭ **શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યની નગરપાલિકાઓનું મહેકમ વિષયક વહીવટી માળખુ સુદૃઢ કરવા માટે રાજ્ય સરકાર તરફથી શાં પગલાં ભરવામાં આવેલ છે ? | સરકારે તારીખ ૨૨-૧-૨૦૦૪ના ઠરાવથી નગરપાલિકાઓના મહેકમનું લઘુત્તમ માળખું નક્કી કરેલ છે. |

----------

## બનાસકાંઠા જિલ્લામાં રસ્તાને આપેલા જોબનંબરો

૧૨૪૨૩ **શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર માર્ગ અને મકાન ખાતા દ્વારા છેલ્લા બે વર્ષમાં રસ્તાના જોબ નંબરો અપાયેલ હોય તેવા કેટલા રસ્તાઓ તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છે, અને

(૨) તે અન્વયે કેટ કેટલા રસ્તાના કામો હાથ ધરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) અને (૨) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ વર્ષ ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫માં તાલુકાવાર અપાયેલ જોબનંબરોની સ્થિતિ નીચે મુજબ છે.

| તાલુકો | મંજુરકામો | હાથ ધરાયેલ કામો |
|---|---|---|
| કાંકરેજ | ૬ | ૪ |
| ભાભર | ૬ | ૪ |
| દિયોદર | ૫ | ૫ |
| વાવ | ૧૧ | ૧૦ |
| ધાનેરા | ૬ | ૩ |
| ડીસા | ૧૬ | ૧૪ |
| દાંતા | ૪ | ૩ |
| પાલનપુર | ૯ | ૯ |
| થરાદ | ૪ | ૨ |
| વડગામ | ૧૩ | ૧૦ |
| દાંતીવાડા | ૨ | ૨ |
| અમીરગઢ | ૨ | ૧ |

----------

## વાંસદા રાષ્ટ્રીય ઉદ્યાન, ડાંગ ડેડિયાપાડા અભ્યારણ અને રતનમહાલના રીંછ અભ્યારણમાંથી વસાહતીઓને હટાવવા બાબત

૧૨૦૭૭ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા વાંસદા રાષ્ટ્રીય ઉદ્યાન, ડાંગ ડેડિયાપાડા અભ્યારણ અને રતનમહાલના રીંછ અભ્યારણોમાંથી વસાહતીઓને હટાવવામાં આવ્યા છે તે વાત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ કઈ કઈ જગ્યાએથી કેટલાં વસાહતીઓને હટાવવામાં આવ્યા, કયા કયા કારણોસર, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) રાજ્ય સરકારે આ વસાહતીઓના પુનઃસ્થાપન માટે શું શું પગલાં લીધાં છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ હેઠળ બાળકોની ચકાસણી

૧૨૮૮૩ **શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર (પશ્ચિમ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ રાજ્યમાં શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ હેઠળ કેટલા બાળકોના આરોગ્યની તપાસણી કરવામાં આવી, અને | (૧) કુલ ૮૫,૧૧,૯૫૬. |
| (૨) આ તપાસણી અનુસંધાને કયા પ્રકારની કાર્યવાહી થઈ? | (૨) પ્રાથમિક શાળાના બાળકોની આરોગ્ય તપાસણી દરમ્યાન પ્રથમ સ્થળ સારવાર, સંદર્ભ સેવા અન્વયે જિલ્લાની સિવિલ હોસ્પિટલમાં સારવાર, ચશ્મા વિતરણ, ખાસ પ્રકારની આરોગ્ય સેવાની જરૂરિયાતવાળા બાળકોને હૃદય, કિડની તથા કેન્સરની હોસ્પિટલોમાં તજજ્ઞો દ્વારા તપાસ |

તથા સારવાર વિના મુલ્યે આપવામાં આવી.

----------

**જૂનાગઢ જિલ્લામાં સુત્રાપાડાની કણજોતરના રસ્તાનું કામ બંધ હોવા બાબત**

૧૨૨૯૧ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર (તલાલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાનાં સુત્રાપાડા તાલુકામાં સુત્રાપાડાથી કણજોતર સુધીની રસ્તાની પહોળાઇ વધારી તેના ઉપર ડામર સપાટી કરવાનું કામ કઇ એજન્સીને, કયારે આપવામાં આવેલ હતું, | (૧) મે.પરિશ્રમ બિલ્ડર્સ, વેરાવળ તા.૪-૬-૨૦૦૧. |
| (૨) આ એજન્સીએ કામ ચાલુ કર્યા પછી શા માટે બંધ કરવામાં આવ્યું, | (૨) ભૂકંપ બાદની પરિસ્થિતિ. |
| (૩) આ કામ બંધ થયા પછી આ એજન્સી સામે કોઇ કાર્યવાહી થયેલ છે કે કેમ, | (૩) અને (૪) : ના, જી. |
| (૪) જો ના, તો આ એજન્સી સામે કોઇ કાર્યવાહી સરકાર કરવા માંગે છે કે કેમ, અને | |
| (૫) આ કામ ફરી ચાલુ કરવા અંગે સરકારનું શું આયોજન છે? | (૫) કામ ટૂંકમાં શરૂ કરીને પૂર્ણ કરવાનું વિચારેલ છે. |

---------

**ગીર તથા આજુબાજુના જંગલોના વિસ્તારમાં રહેતા ખેડૂતોને રેવન્યુ હક્કો ન મળવા બાબત**

૧૨૮૯૦ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના ગીર તથા આજુબાજુના જંગલ વિસ્તારમાં રહેતા ગામડાઓના ખેડૂતોને સેટલમેન્ટ ખેડૂતોના રેવન્યુ હક્કો ન મળવાથી પારાવાર મુશ્કેલીઓ પડી રહી છે તે હકિકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ અંગે સરકારે કયા કયા પગલાંઓ લીધા? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**બારડોલી તાલુકામાં રોપ ઉછેર કેન્દ્રમાં રોપા ઉછેરવા બાબત**

૧૨૪૨૦ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં કયા કયા રોપ ઉછેર કેન્દ્રમાં છેલ્લા બે વર્ષમાં કેટલા રોપા કયા કયા ગામે ઉછેરવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ સુરત જિલ્લામાં બારડોલી તાલુકામાં નીચે જણાવેલ રોપ ઉછેર કેન્દ્રમાં છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ ના રોપા ઉછેરવામાં આવ્યા.

| વર્ષ | રોપ ઉછેર કેન્દ્રનું નામ/ગામ | ઉછેરવામાં આવેલ રોપાની સંખ્યા |
|---|---|---|
| ૨૦૦૩-૦૪ | તેન | ૧૧૩૦૫૦ |
| | ઉવા | ૩૭૩૦૦ |
| | મોરી | ૪૯૬૦૦ |
| | **કુલ :** | **૧૯૯૯૫૦** |
| ૨૦૦૪-૦૫ | તેન | ૧૭૨૨૫૦ |
| | ઉવા | ૫૦૦૦૦ |
| | **કુલ :** | **૨૨૨૨૫૦** |
| | **એકંદરે કુલ :** | **૪૨૨૨૦૦** |

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૨) તેની પાછળ નીચે પ્રમાણે ખર્ચ થયો.

| વર્ષ | રોપ ઉછેર | થયેલ ખર્ચ |
|---|---|---|

| | કેન્દ્રનું નામ/ગામ | |
|---|---|---|
| ૨૦૦૩-૦૪ | તેન | ૧૭૪૦૭૯ |
| | ઉવા | ૬૧૦૯૦ |
| | મોરી | ૭૪૬૩૦ |
| | **કુલ :** | **૩૦૯૭૯૯** |
| ૨૦૦૪-૦૫ | તેન | ૧૮૫૮૦૦ |
| | ઉવા | ૪૩૮૩૦ |
| | **કુલ :** | **૨૨૯૬૩૦** |
| | **એકંદરે કુલ :** | **૫૩૯૪૨૯** |

(૩) આ રોપા રોપેલ છે તેમાં આયુર્વેદીક રોપા અને ફળાઉ રોપ કયા ગામે કેટલા પ્રમાણમાં રોપાયા?

(૩) આ રોપા રોપેલ છે તેમાં આયુર્વેદીક રોપા અને ફળાઉ રોપા નીચે દર્શાવેલ ગામે નીચે પ્રમાણે રોપાયા.

| વર્ષ | ગામ/સ્થળ | આયુર્વેદીક રોપા | ફળાઉ રોપા |
|---|---|---|---|
| ૨૦૦૩-૦૪ | કેનાલ ઉવાથી સેજવાડ | - | ૩૫૦ |
| | કેનાલ સેજવાડ થી શિકેર | - | ૨૦૦ |
| | કેનાલ બાબલાથી પુણનાકા | ૯૭ | ૭૫૬ |
| | રસ્તા મોતા સેવણી રોડ | ૬૦ | ૧૨૦ |
| | ગ્રામ વાટીકા/કોતર તરભોણ | - | ૧૦૭૬ |
| | ફાર્મ લેન્ડ ઉવા | - | ૧૫૦ |
| | મોતા | - | ૩૦૦ |
| | **કુલ :** | **૧૫૭** | **૨૯૫૨** |
| ૨૦૦૪-૦૫ | ગ્રામવાટીકા ભામૈયા | - | ૩૦૦ |
| | ફોરશોર તેન | - | ૧૦૦ |
| | ફોરશોર ફાર્મ લેન્ડ. નાંદીડા | ૭૦ | ૨૫૫ |
| | પર્યાવરણ વાઘેચા | - | ૧૦૦ |
| | વળતર વનીકરણ ઉવા | ૨૫ | ૪૦૦ |
| | **કુલ :** | **૯૫** | **૧૧૫૫** |

---------

## ભાવનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં દીપડો દેખાવા બાબત

૮૩૮૯ **શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી (ઘોઘા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ભાવનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં હિંસક પ્રાણી દિપડો વારંવાર આવે છે તે વાત સાચી છે,

(૨) ભાવનગર જિલ્લાના ગુંદી ગામમાં દેખાયેલ દિપડો હજુ સુધી પકડાયેલ નથી તે વાત સાચી છે, અને

(૩) સરકાર આ બાબતે શાં પગલાં લેવા માંગે છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) હા, જી.

(૩) તા.૧૬-૧-૦૫ના રોજ ગુંદી ગામે દેખાયેલ દીપડો પકડવા વન ખાતાએ પાંજરુ ગોઠવેલ હતું પરંતુ દીપડો પકડાયેલ નથી. તેમજ તે પછી ઘણા દિવસો સુધી દીપડો દેખાયાની કોઇ ફરિયાદ આવી નથી તેથી આ દીપડો જંગલ

વિસ્તારમાં પરત ચાલ્યો ગયો હોવાની શકયતા છે. આમ છતાં ખાતા દ્વારા નીચે મુજબ વ્યવસ્થા કરાયેલ છે.
(૧) જે વિસ્તારોમાં દિપડો ઘસી આવવાનો બનાવ બને ત્યારે તુર્તજ જે તે વિસ્તારમાં વન વિભાગના અધિકારી અને કર્મચારીઓ ઘટના સ્થળ પર પહોંચી દિપડાને પકડવા પાંજરા ગોઠવવાની વ્યવસ્થા કરે છે જરૂર પડે રેસ્કયુ ટીમની મદદ પણ લેવામાં આવે છે.
(૨) જે વિસ્તારોમાં હિંસક પશુઓ ત્રાટકવાની સંભાવના હોય છે તેવા વિસ્તારોમાં લોકોને જાગૃત કરી તેમના સહકાર અને વન વિભાગના કર્મચારીઓ મારફત આવા બનાવો ન બને તેના માટે તકેદારી પણ રાખવામાં આવે છે.

---------

**ટ્રસ્ટો તથા હોસ્ટેલો માટે સરકારી આવાસની ફાળવણી કરવા બાબત**

૧૨૯૫૩ **ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લામાં ડિસે-૦૪ની સ્થિતિએ સરકારી કવાટર્સ પૈકી કેટલા કવાટર્સ કયા સેકટરોમાં શૈક્ષણિક ટ્રસ્ટો અથવા વ્યકિતગત રીતે હોસ્ટેલ માટે કેટલી સંખ્યામાં ફાળવેલ છે,

**જવાબ**

(૧) ગાંધીનગર શહેરમાં ડિસે-૦૪ની સ્થિતિએ શૈક્ષણિક ટ્રસ્ટો અથવા વ્યકિતગત રીતે હોસ્ટેલ માટે ૧૦૦ આવાસો સેકટર વાર નીચે મુજબ ફાળવેલ છે.

| સેકટર નંબર | આવાસ |
|---|---|
| ૬ | ૧૫ |
| ૧૩ | ૫૧ |
| ૧૭ | ૬ |
| ૨૨ | ૧ |
| ૨૩ | ૧ |
| ૨૮ | ૬ |
| ૨૯ | ૨૦ |
| | **૧૦૦** |

**પ્રશ્ન**

(૨) ફાળવણી થયેલ કવાટર્સ જે તે સંસ્થા અથવા વ્યકિત ગત પેટા ભાડુઆતને આપેલ છે કે કેમ, અથવા રાહતદરે ફાળવ્યા બાદ વ્યાપારી ધોરણે ઉપયોગ કરેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો સરકારે શાં પગલાં લીધાં?

**જવાબ**

(૨) આવો કોઇ કિસ્સો ધ્યાને આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સાવરકુંડલા શહેરમાં આયુર્વેદિક હોસ્પિટલ ન હોવા બાબત**

૧૧૬૫૭ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સાવરકુંડલા શહેરમાં આયુર્વેદિક હોસ્પિટલ નથી તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો સાવરકુંડલા શહેરને આયુર્વેદિક હોસ્પિટલ કયાં સુધીમાં આપવામાં આવશે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) હાલમાં સાવરકુંડલા ખાતે હોસ્પિટલ શરુ કરવાનું આયોજન નથી.

---------

**૨૦૦૫ નું વર્ષ શહેરી વિકાસ વર્ષ તરીકે મહાનગરપાલિકાઓમાં આયોજન**

૧૨૬૯૯ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૫ ને સરકારે શહેરી વિકાસ વર્ષ જાહેર કર્યુ છે તે અનુસંધાને રાજ્યની મહાનગરપાલિકાઓમાં સરકારનું શું આયોજન છે, અને

(૨) દરેક શહેરને સરકાર તરફથી કેટલી ગ્રાન્ટ મળવાની છે?

**જવાબ**

(૧) વિવિધ વિકાસકીય અને જન ભાગીદારી, તેમજ લોક સુખાકારીના કામો હાથ ધરવાનું.

(૨) અંદાજપત્રીય જોગવાઇ મુજબની.

---------

**પોરબંદર તાલુકાના માધવપુરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ફેરવવાની દરખાસ્તો**

૧૨૫૬૭ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ પોરબંદર તાલુકાના માધવપુરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ફેરવવા સરકારે શી કાર્યવાહી કરી?

**જવાબ**

નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવાની સર્વગ્રાહી વિચારણા સમયે ધ્યાને રખાશે.

---------

**સુધારેલો રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમનો અમલ**

૧૨૯૦૪ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સુધારેલો રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ કયારથી અમલમાં છે, અને

(૨) આ કાર્યક્રમ અંતર્ગત રાજ્યમાં ડોટસ પધ્ધતિ હેઠળના લક્ષ્યાંક સામે સિધ્ધિ કેટલી છે?

**જવાબ**

(૧) તા.૨-૧૦-૧૯૯૩ થી અમલમાં છે.

(૨) લક્ષ્યાંક અને સિધ્ધિની વિગત.

| | | લક્ષ્યાંક | સિધ્ધિ |
|---|---|---|---|
| ૧ | સ્પુટમ પોઝીટવ નવા કેસો શોધવા | ૭૦ ટકા | ૭૧ ટકા |
| ૨ | નવા સ્પુટમ પોઝીટવ કેસોમાંથી રોગમુકત કરવા | ૮૫ ટકા | ૮૬ ટકા |

---------

**ભુકંપગ્રસ્ત જિલ્લાઓમાં વિશ્વબેંકની સહાયથી જિલ્લા પંચાયતની કચેરી અને તાલુકા પંચાયત કચેરીના મકાનો બાંધવા બાબત**

૧૨૮૮૫ **શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ભુકંપ અસરગ્રસ્ત જિલ્લાઓમાં વિશ્વબેંક સહાયથી કેટલી જિલ્લા પંચાયત કચેરી અને તાલુકા પંચાયત કચેરીના મકાનો બાંધવાનું મંજૂર થયેલ,

(૨) આ પૈકી કેટલા મકાનોના કામ પૂર્ણ થયા, અને

(૩) કેટલા મકાનોના કામ બાકી છે?

**જવાબ**

(૧) ૨ જિલ્લા પંચાયત કચેરી અને ૧૮ તાલુકા પંચાયત કચેરીના મકાનો બાંધવાના કામો મંજૂર થયેલ છે.

(૨) ૨૦ મકાનોના.

(૩) શુન્ય.

------------

**વન ઔષધી ઉધાનોનો વિકાસ**

૧૧૮૬૩ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી (જામનગર) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં કેટલા વન ઔષધી ઉદ્યાનો આવેલા છે,

(૨) તેના વિકાસની યોજના સરકાર વિચારી

**જવાબ**

(૧) ૯ (નવ).

(૨) હા જી.

રહી છે કે કેમ, અને
(૩) તેની વિગતો શી છે ?

(૩) ચાલુ વર્ષ રાજ્ય સરકારે રાજપીપળા તથા ગાંધીનગર ઉધાનો માટે રૂા. ૧૭.૮૦ લાખની જોગવાઈ કરેલ છે. વર્ષ ૨૦૦૫-૦૬ માં વધુ બે ઉધાનો માટે રૂા.૩૦ લાખની જોગવાઈ કરી છે. નેશનલ મેડીસીનલ પ્લાન્ટ બોર્ડ ધ્વારા રૂા. ૨૦.૦૦ લાખની રકમ ગાંધીનગરના ઉધાનના વિકાસ માટે મંજુર થયેલ છે.

------------

## યુરોપિયન કમિશન સહાયિત પ્રોજેકટ

૧૨૮૯૩ **શ્રી દીનુભાઈ બો. સોલંકી (કોડીનાર): માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) યુરોપિયન કમિશન સહાયિત પ્રોજેકટ હાલ કેટલા જિલ્લાઓમાં વિસ્તારવામાં આવ્યો છે, અને
(૨) આ પ્રોજેકટ અંતર્ગત મુખ્યત્વે કઈ કઈ કામગીરી હાથ ધરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) : આ પ્રકારના કોઈ પ્રોજેકટસ હાલ કાર્યાન્વિત નથી.

------------

## રાજ્યમાં એઈડ્ઝના દર્દીઓ

૧૨૮૭૯ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ)** : **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૪ ના અંતિત એચ.આઈ.વી. પોઝીટીવના (એઈડ્ઝ) કેટલાં દર્દીઓ નોંધાયેલ છે, અને
(૨) જે પૈકી સુરત શહેર અને જિલ્લાના તાલુકાવાર કેટલા દર્દીઓ છે ?

**જવાબ**

(૧) ૧૩૭૫ દર્દીઓ.

(૨) જે પૈકી સૂરત શહેર અને જિલ્લાના તાલુકાવાર એઈડ્ઝના દર્દીઓની વિગત નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧ | સૂરત શહેર | ૩૪૦ |
| ૨ | ઓલપાડ | ૮ |
| ૩ | માંગરોળ | ૨ |
| ૪ | ઉમરપાડા | ૦ |
| ૫ | નિઝાર | ૨ |
| ૬ | ઉચ્છલ | ૧ |
| ૭ | સોનગઢ | ૭ |
| ૮ | માંડવી | ૯ |
| ૯ | કામરેજ | ૧૩ |
| ૧૦ | ચોર્યાસી | ૬૯ |
| ૧૧ | પલસાણા | ૧ |
| ૧૨ | બારડોલી | ૮ |
| ૧૩ | વ્યારા | ૩ |
| ૧૪ | વાલોદ | ૪ |
| ૧૫ | મહુવા | ૩ |
| | **કુલ :** | **૪૭૦** |

------------

## રાજ્યની મહાનગરપાલિકાઓમાં ઈ-ગર્વનન્સ પ્રથા અપનાવવા બાબત

૧૧૮૫૯ **શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યની કઈ કઈ મહાનગરપાલિકાઓએ ઈ-ગર્વનન્સ પ્રથા અપનાવી છે, અને

**જવાબ**

(૧) મહદઅંશે સર્વે મહાનગરપાલિકાઓએ ઈ-ગર્વનન્સ પ્રથા અપનાવી છે.

(૨) મહાનગરપાલિકાઓમાં ઈ-ગર્વનન્સમાં કઈ કઈ બાબતોને આવરી લેવામાં આવી છે ?

(૨) સામાન્ય રીતે નીચે દર્શાવેલ બાબતોને ઈ-ગર્વનન્સ પ્રથા હેઠળ આવરી લેવાય છે. ફરિયાદ નોંધણી, બિલ્ડીંગ પ્લાનની મંજૂરી, જન્મ મરણની નોંધણી, જન્મ મરણ સર્ટિફીકેટ, ગુમાસ્તા ધારા અન્વયે નોંધણી, લાયસન્સ રીન્યુની કાર્યવાહી, પ્રોપર્ટી ટેક્ષ, વ્હીકલ ટેક્ષ, હોકર્સ લાયસન્સ, આકારણીનું સ્ટેટસ અને છેલ્લી સ્થિતિ જાણવાની સવલત, ઓકટ્રોય બાબત તેમજ વહીવટી બાબતોનો સમાવેશ થાય છે.

------------

**સોનગઢ તાલુકાના બંધારપાડા ગામથી ઘોડચીત, રામપુરા, સોનગઢનો રસ્તો બિસ્માર હાલતમાં હોવા બાબત**

૧૨૯૪૧ **શ્રી પરેશભાઈ ગો. વસાવા (નિઝર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૫ ની સ્થિતિએ સોનગઢ તાલુકાના બંધારપાડા ગામથી વાયા ઘોડચીત રામપુરા થઈને સોનગઢનો રસ્તો બિસ્માર હાલતમાં છે તે સરકાર જાણે છે,

(૨) જો હા, તો આ રસ્તાની કામગીરી અંગે સરકારે અત્યાર સુધીમાં શી કાર્યવાહી કરી,

(૩) આ રસ્તાની કામગીરી સરકાર કેટલા સમયમાં શરુ કરીને પૂર્ણ કરવા માંગે છે, અને

(૪) આ રસ્તો અત્યાર સુધી ન બનાવવાનાં કારણો કયા છે ?

**જવાબ**

(૧) રસ્તો વાહન વ્યવહાર યોગ્ય છે.

(૨), (૩) અને (૪) : હાલ આયોજન નથી.

------------

**વિદ્યા સહાય યોજના નીચે કન્યાઓને સાયકલ આપવા બાબત**

૧૧૭૫૮ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) વિદ્યા સાધના યોજના હેઠળ ડિસેમ્બર-૦૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન વર્ષવાર રાજ્યમાં કેટલી કન્યાઓને સાયકલ આપવામાં આવી, અને

(૨) કેટલી કન્યાઓને સાયકલ આપવાની બાકી છે ?

**જવાબ**

(૧)

| **વર્ષ ૨૦૦૩-૦૪** | **૩૫૯૦૮** |
|---|---|
| વર્ષ ૨૦૦૪-૦૫ ડિસેમ્બર-૦૪ ની સ્થિતિએ | ૧૫૫૬૩ |

(૨) એક પણ નહીં.

------------

**ગાંધીનગર જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં રસ્તાના કામ**

૧૨૯૪૮ **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લામાં ડીસે. ૦૪ ની સ્થિતિએ પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ કયા કયા રસ્તાના કામો પ્રગતિમાં છે,

(૨) ગાંધીનગર જિલ્લામાં કયા કયા ગામોનો આ યોજનામાં સમાવેશ કરવાનું આયોજન છે,

(૩) આ આયોજન હાલ કયા તબકકે છે, અને

(૪) આ યોજના હેઠળ કેટલી ગ્રાન્ટ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં ફાળવવામાં આવી અને કેટલી

**જવાબ**

(૧) ડીસેમ્બર-૦૪ ની સ્થિતિએ સોજા આબુનગર રોડ અને હુડકોનગર રસ્તાના કામો પ્રગતિમાં છે.

(૨) ગાંધીનગર જિલ્લામાં ૫૦૦ થી વધુ વસ્તીના ગામો/પરા રસ્તાથી વંચીત નથી. આથી આયોજન કરવાનો પ્રશ્ન નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) છેલ્લા બે વર્ષમાં રૂા. ૧૫.૦૦ લાખની ગ્રાંટ ફાળવેલ છે. હવે કોઈ ગ્રાંટ ફાળવવાની

| | |
|---|---|
| ફાળવવાની બાકી છે ? | રહેતી નથી. |

------------

**વ્યારા તાલુકાના છીડીયા ગામથી બાલપુર સુધીનો રસ્તો બિસ્માર હાલતમાં હોવા બાબત**

૧૧૫૭૪ **શ્રી પુનાભાઈ ઢે. ગામીત (વ્યારા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સુરત જિલ્લાના વ્યારા તાલુકાના છીડીયા ગામથી બાલપુર સુધીનો રસ્તો બિસ્માર હાલતમાં છે તે સરકાર જાણે છે, | (૧) રસ્તો વાહનવ્યવહાર યોગ્ય છે. |
| (૨) જો હા, તો આ રસ્તાનો જોબનંબર આપીને સરકાર રસ્તો કેટલા સમયમાં બનાવવા માંગે છે, અને | (૨) અને (૩) હાલ આયોજન નથી. |
| (૩) આ રસ્તાની કામગીરી કેટલા સમયમાં શરુ કરવામાં આવશે? | |

------------

**ભાણવડના બરડા ડુંગર વિસ્તારમાં વન તળાવો અને ચેકડેમ બનાવવા બાબત**

૧૩૦૨૬ **શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના ભાણવડના બરડા ડુંગર વિસ્તારમાં કુલ કેટલા વન તળાવો/ચેકડેમો તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાવવામાં આવેલ છે, અને | (૧) જામનગર જિલ્લાના ભાણવડના બરડા ડુંગર વિસ્તારમાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વન તળાવ બનાવેલ નથી પણ ૨૨ ચેકડેમ બનાવવામાં આવેલ છે. |
| (૨) તે પાછળ કેટલો ખર્ચ બે વર્ષમાં કરવામાં આવેલ છે? | (૨) તે પાછળ છેલ્લા બે વર્ષમાં રૂા. ૪૫.૨૩ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

------------

**લાઠીને વાજપાઈ નગર વિકાસ યોજનાની રકમ ચૂકવવા બાબત**

૧૨૦૯૭ **શ્રી બેચરભાઇ વિ. ભાદાણી (લાઠી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ લાઠી જિ. અમરેલીએ વાજપાઈ નગર વિકાસ યોજના અંતર્ગત બીજા તબક્કાના ૯૦ ટકા કામો પૂર્ણ કરેલ હોવા છતાં રકમની ચુકવણી થયેલ નથી આ વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો બાકી રહેતી લેણી રકમ સરકાર ક્યારે ચુકવવા માંગે છે? | (૨) યોગ્ય નાણાકીય આયોજન થયે. |

------------

**સુરત શહેરની ટી.પી. સ્કીમો મંજૂર થવા બાબત**

૧૨૪૨૮ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત શહેરની અને સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ કેટલી સ્કીમો બનાવવામાં આવી, તે પૈકી કેટલી સરકારમાં રજૂ થઈ છે, | (૧) તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ સુરત શહેરની ૬૩ અને સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટીની ૨૧ એમ કુલ ૮૪ ટી.પી. સ્કીમો બનાવવામાં આવી, તમામ ૮૪ ટી.પી. સ્કીમો સરકારમાં રજુ થઈ. |
| (૨) આ ટી. પી. સ્કીમોમાં કેટલી મંજુર કરવામાં આવી અને કેટલી બાકી છે, અને | (૨) ૮૩ ટી.પી. સ્કીમો મંજુર કરવામાં આવી અને ૧ ટી.પી. સ્કીમ બાકી છે. |
| (૩) બાકીની ટી.પી. સ્કીમો કેટલા સમયમાં | (૩) સત્વરે. |

મંજુર કરવામાં આવશે?

------------

**રાજકોટ જિલ્લાના પંચાયતના રસ્તાઓને સ્ટેટ હસ્તક લેવા બાબત**

૧૨૦૮૩ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં પંચાયતના રસ્તાઓને સ્ટેટમાં ફેરવવા માટે કેટલી દરખાસ્તો આવી, | (૧) ૬ રસ્તાઓની રાજ્ય (મા.મ.) વિભાગમાં સોંપવા દરખાસ્ત આવેલ છે. |
| (૨) કયા કયા રસ્તાઓને સરકાર સ્ટેટ રસ્તામાં ફેરવવા માગે છે, અને | (૨) ધોરાજી ફરેડી-નાનીપરબડી રોડ રાજ્ય (મા.મ.) વિભાગને સોંપવાનું નક્કી થયેલ છે. |
| (૩) તે ક્યાં સુધીમાં સ્ટેટ રસ્તામાં ફેરવવામાં આવશે? | (૩) વર્ષ ૨૦૦૫-૦૬માં રાજ્ય (મા.મ.) વિભાગને સોંપવામાં આવશે. |

------------

**ભૂજ શહેરમાં જ્યુબીલી ગ્રાઉન્ડમાં બેસતી સરકારી કચેરીઓ**

૧૨૮૭૫ **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભૂજ શહેરમાં ભૂકંપ આવ્યા બાદ જુદી જુદી કચેરીઓ શહેરી વિસ્તારમાં આવેલ જ્યુબીલી ગ્રાઉન્ડમાં બેસે છે તે પૈકી મોટા ભાગની કચેરીઓ પોતાના મકાન બંધાઈ ગયા છતાં ખસેડાતી નથી તે હકીકત સાચી છે, | (૧) ના. જી, આ હકીકત સાચી નથી. |
| (૨) જો હા, તો શહેરી વિસ્તારમાં આવેલ જ્યુબીલી ગ્રાઉન્ડ તેના મૂળ ઉપયોગ માટે ખાલી થઈ શકતુ નથી તે હકીકત પણ સાચી છે, અને | (૨) હા, જી. |
| (૩) જો હા તો આ ફરિયાદ દૂર કરવા સરકારે શાં પગલાં લીધા છે? | (૩) હાલમાં જ્યુબીલી ગ્રાઉન્ડમાં બેસતી મોટાભાગની કચેરીઓના પોતાના મકાનો બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. શક્ય તેટલી ઝડપે કામગીરી પૂર્ણ થતાં જ્યુબીલી ગ્રાઉન્ડ ખાલી થઈ શકશે. |

------------

**મધ્યસ્થ ઔષધ ભંડાર તંત્ર દ્વારા કંપનીઓ સામે રીકવરી કરવાની નોટીસ**

૧૨૯૬૨ **શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર (મેઘરજ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ના પૂરા થતા ત્રણ વર્ષ દરમ્યાન મધ્યસ્થ ઔષધ ભંડાર તંત્ર દ્વારા રીકવરી માટે કુલ કેટલી કંપનીઓ સામે નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ છે, | (૧) ૧૩૫. |
| (૨) રીકવરી કયા કારણોસર કરવાની થાય છે, | (૨) (અ) પેઢી માલ સપ્લાય કરવામાં નિષ્ફળ જાય તો<br>(બ) પેઢીઓ દ્વારા સપ્લાય કરેલ દવાઓના જથ્થામાંથી અંશતઃ બેચો અપ્રમાણસર થવાથી. |
| (૩) કેટલી કંપનીઓ પાસેથી કુલ કેટલી રકમ વસુલ કરવામાં આવેલ છે, | (૩) ૧૩૦ કંપનીઓ પાસેથી રૂા. ૨,૬૭,૮૧,૪૩૫-૦૦ની રકમ વસુલ કરવામાં આવેલ છે. |
| (૪) બાકી રહેતી રીકવરી બાબત કેવાં પગલાં લેવામાં આવેલ છે, કેટલા સમયબાદ, અને | (૪) (૧)પેઢી દ્વારા માલ સપ્લાય કરવામાં આવ્યેથી તેમના બીલમાંથી રીકવરી કરવામાં આવે છે.<br>(૨) પેઢીની મધ્યસ્થ ઔષધ ભંડાર તંત્રમાં જમા સીકયોરીટી ડીપોઝીટ/અર્નેસ્ટમની ડીપોઝીટ/ |

| | |
|---|---|
| | બેન્ક ગેરંટીમાંથી રીકવરી કરવામાં આવે છે. (૩) રેવન્યુ રાહે રીકવરી કરવામાં આવે છે. આ માટે કોઈ સમય મર્યાદા નક્કી કરેલ નથી. |
| (૫) આ અંગે કોઈ ચોક્કસ નીતિ અનુસરવામાં આવે છે કે કેમ? | (૫) હા, ટેન્ડર તેમજ ભાવકરારની શરતો મુજબ ઉપરોક્ત પેટા પ્રશ્ન ક્રમાંક (૪) માં દર્શાવ્યા મુજબની કાર્યવાહી કરવામાં આવે છે. |

-------------

**મહાનગર પાલિકાઓમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને આવાસ આપવા બાબત**

૧૧૭૬૯ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા..૧-૪-૦૪ થી તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ રાજ્યની મહાનગરપાલિકાઓમાં ગરીબી રેખા નીચે જીવતા લોકો માટે કેટલા આવાસોના નિર્માણની કાર્યવાહી થઈ છે, | (૧) સુરત મહાનગરપાલિકા દ્વારા ૬૪૭ આવાસોના નિર્માણની કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| (૨) આમાંથી કેટલા લોકોને આવાસ અર્પણ થયા છે, અને (૩) હજુ કેટલા લોકોને આવાસો આપવા પાત્ર છે? | (૨) અને (૩) સદર આવાસોના બાંધકામ પૂર્ણ થવાના તબ્બકે બી.પી.એલ. લાભાર્થીઓનો સર્વે કરાવી/જાહેરાત આપી અરજીઓ મંગાવી આવાસોની ફાળવણી કરવામાં આવશે. |

---------------

**માંડવીથી રેગામા ગામને જોડતો રસ્તો બિસ્માર હાલતમાં હોવા બાબત**

૧૧૭૬૨ **શ્રી કાંતિલાલ રે. ગામીત (સોનગઢ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત જિલ્લાના માંડવી રેગામા ગામને જોડતો રસ્તો બિસ્માર હાલતમાં છે તે સરકાર જાણે છે, | (૧) રસ્તો વાહન વ્યવહાર યોગ્ય છે. |
| (૨) જો હા, તો આ રસ્તાને સરકાર કયાં સુધી જોબ નંબર આપશે, અને (૩) આ રસ્તાનું કામ કેટલા સમયમાં શરુ થશે? | (૨) અને (૩) હાલ આયોજન નથી. |

-----------

**હાલોલના સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ઓર્થોપેડીક વિભાગ શરૂ કરવા બાબત**

૧૨૯૫૮ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં હાલોલ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ઓર્થોપેડીક વિભાગ શરુ કરવા કોઈ આયોજન છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તે ક્યાં સુધીમાં શરુ કરવામાં આવશે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**ભાવનગર શહેર પાસે નારીગામે અને બુધેલ ગામે સર્કલ બનાવવા**

૧૨૮૯૭ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભાવનગર શહેરમાં પ્રવેશતા પહેલા નારીગામ પાસે આવતી નારી ચોકડીને તથા તે જ રીતે બુધેલ પાસે મળતાં ચાર રસ્તાને સર્કલ તરીકે વિકાસ કરવા કોઈ આયોજન છે કે કેમ, અને | (૧) આ પૈકી નારી ચોકડીને સર્કલ તરીકે વિકાસાવવાનું આયોજન વિચારેલ છે. |

(૨) જો હા, તો કેટલા સમયમાં ?

(૨) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી જેમ બને તેમ જલ્દીથી.

---------

### *ધાનેરા થરાદ રોડનું બે માર્ગીય કામ પૂરું કરવા બાબત*

૧૨૯૪૪ **શ્રી હરજીવન હી. પટેલ (ધાનેરા)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

ધાનેરા-થરાદ રોડ રાજ્ય ધોરીમાર્ગ બે તાલુકાને જોડતો માર્ગ હોઈ ધાનેરાથી પાંચ કિ.મી. દૂર દ્વિમાર્ગી રોડનું કામ પૂર્ણ થયેલ છે,તો બાકીનું ૧૦ કિ. મી. મેટલીંગ કરેલ કામ થરાદ સુધી એકમાર્ગી છે, તે દ્વિમાર્ગી કેટલા સમયમાં કરવામાં આવશે ?

**જવાબ**

શક્ય તેટલુ ઝડપથી પૂર્ણ કરવાનું વિચારેલ છે.

---------

### વલસાડ જિલ્લામાં બોગસ ડીગ્રીધારી ડૉકટરોની ધરપકડ કરવા બાબત

૧૨૬૯૫ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં બોગસ ડીગ્રી ધરાવતા અને દવાખાનાઓ પર બોગસ તક્તી લગાવી પ્રેકટીસ કરતા કેટલા ડૉકટરોની ધરપકડ કરવામાં આવી, અને

(૨) તેની સામે સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) એક પણ નહિં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### બનાસકાંઠા જિલ્લામાં ૧૯૮૦ પહેલાની જંગલની જમીનના કબજેદારોની મુશ્કેલીઓ બાબત

૧૨૯૫૦ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા)** : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના વન વિસ્તારની જમીનના સને ૧૯૮૦ અગાઉના કબજેદારોના વન વિભાગ તરફથી થતા હસ્તક્ષેપ અટકાવવા, જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન, સરકારને કેટકેટલી અરજીઓ મળી, અને

(૨) એ અરજીઓના સંદર્ભે સરકારે શાં પગલાં લીધા?

**જવાબ**

(૧)

| વર્ષ | અરજીની સંખ્યા |
|---|---|
| ૨૦૦૨-૦૩ | શૂન્ય |
| ૨૦૦૩-૦૪ | શૂન્ય |
| ૨૦૦૪-૦૫ | ૦૨ |
| **કુલ** | **૦૨** |

(૨) એક અરજીના અરજદારને સરકારના તારીખ ૬-૧૦-૯૨ના ઠરાવ પ્રમાણે જમીન મળવાપાત્ર નથી અને બીજી અરજીના બન્ને અરજદારોનું ખેડાણ અભયારણ્ય વિસ્તારમાં આવતું હોઈ ભારત સરકારની સૂચનાઓ/શરતો મુજબ તેઓને પણ મંજૂરી મળવાપાત્ર નથી.

---------

### *એશિયન ડેવલપમેન્ટ બેન્ક દ્વારા માર્ગ અને મકાન વિભાગને માર્ગ મરામત અને નવીનીકરણ માટે ફાળવેલ રકમ*

૧૧૮૫૩ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી)**: **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ ૨૦૦૩-૨૦૦૪ અને ૨૦૦૪-૨૦૦૫ના વર્ષમાં તા.૩૧-૧૨-૦૪ સુધીમાં એશીયન ડેવલપમેન્ટ બેંકે માર્ગ અને મકાન વિભાગને કુલ કેટલી રકમ માર્ગ મરામત અને નવીનીકરણ માટે ફાળવી, અને

**જવાબ**

(૧) ગુજરાત ઈમરજન્સી અર્થક્વેક રીહેબીલીટેશન પ્રોગ્રામ હેઠળ એશીયન ડેવલપમેન્ટ બેક દ્વારા ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીને રસ્તાની સુધારણા/નવીનીકરણ માટે લોન આપેલ છે. જે અંતર્ગત રૂા.૧૩૫.૭૨ કરોડનાં મંજુર કામો સામે

સને ૨૦૦૪-૦૫નાં વર્ષ દરમ્યાન ખર્ચ આધારિત નાણાકિય ફાળવણી જીએસડીએમએ દ્વારા કરવામાં આવશે.

(૨) તા.૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં એ.ડી.બી.ની આ મળેલ રકમમાંથી અમદાવાદ શહેર અને જિલ્લામાં કેટલા માર્ગો મંજૂર કરવામાં આવ્યા અને કેટલી રકમની ફાળવણી કરવામાં આવી ?

(૨) અમદાવાદ જિલ્લાના ૫૦ રસ્તાનાં રૂા. ૯૯૮.૦૮ લાખની અંદાજી કિંમતના કામો મંજુર કરવામાં આવ્યા.

------

## રોઝ અને ભૂંડના ત્રાસમાંથી ખેડૂતોને મુક્ત કરવા બાબત

૧૧૫૬૮ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

રાજ્યમાં રોઝ અને ભૂંડના ત્રાસમાંથી ખેડૂતોને મુક્ત કરવા માટે સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

રાજ્યમાં રોઝ અને ભૂંડના ત્રાસમાંથી ખેડૂતોને મુક્ત કરવા સરકાર દ્વારા નીચે મુજબના પગલાં લેવામાં આવે છે.

(૧) સરકારી ધારાધોરણ મુજબ વન્ય પ્રાણીઓ દ્વારા માનવ સંપત્તિ તથા માનવજાતને થતા નુક્સાન અટકાવવાની યોજના અન્વયે વનખાતા તરફથી કાંટાળા તારની વાડ બાંધી આપવાની યોજના અમલમાં છે. જે યોજનામાં ખેડૂત લાભાર્થીઓની ખેતીની જમીન ઉપર કાંટાળા લોખંડના તારની વાડ બનાવી આપવામાં આવે છે. કાંટાળી તારની વાડ બનાવવા માટે જે ખર્ચ થાય છે. તેના અંદાજીત ખર્ચના ૫૦ ટકા રકમ લાભાર્થી દ્વારા ભરવાથી વિભાગ દ્વારા કાંટાળા તારની વાડ બનાવવામાં આવે છે.

(૨) વન વિભાગના કર્મચારીઓ દ્વારા જંગલી જાનવરોને હાંકીને ભગાડી મૂકવાની કાર્યવાહી કરવામાં આવે છે.

(૩) લોકોને વન્ય પ્રાણી સંરક્ષણ અને સંવર્ધન માટે વન્યપ્રાણી સંરક્ષણ ધારા-૧૯૭૨ની વધુ જાણકારી મળે તેવી કામગીરી કરવામાં આવે છે.

## ચોટીલા અને સાયલા તાલુકામાં વન તલાવડીઓ બનાવવા બાબત

૧૨૯૩૬ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) વન વિભાગ દ્વારા તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચોટીલા અને સાયલા તાલુકામાં કેટલી વન તલાવડીઓ બનાવવામાં આવેલ છે, અને

(૨) આ કામો માટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) વન વિભાગ દ્વારા તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચોટીલા અને સાયલા તાલુકામાં ૬૪ વન તલાવડીઓ બનાવવામાં આવેલ છે.

(૨) આ કામો માટે રૂા. ૧૧.૨૯ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

## ભરૂચ સીવીલ હોસ્પિટલમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ

૧૨૦૮૦ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ ભરૂચની સીવીલ હોસ્પિટલમાં સંવર્ગવાર કેટલો સ્ટાફ છે,

**જવાબ**

(૧)

| સંવર્ગ | કુલ જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૧૩ |
| વર્ગ-૨ | ૧૯ |
| વર્ગ-૩ | ૮૬ |
| વર્ગ-૪ | ૫૭ |

| | |
|---|---|
| (૨) સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૨) વર્ગ-૧ ની ચાર, વર્ગ-૨ની ચાર, વર્ગ-૩ની છ અને વર્ગ-૪ની ચાર મળીને કુલ-અઢાર જગ્યાઓ તબક્કાવાર છેલ્લા એકથી પાંચ વર્ષથી ખાલી છે. |
| (૩) આ જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૩) બનતી ત્વરાએ. |

----------

**ભૂજની નવી હોસ્પિટલ શરૂ કરવા બાબત**

૧૧૮૭૦ **શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| કચ્છ જિલ્લાના મુખ્ય મથક ભૂજની હોસ્પિટલ પ્રધાનમંત્રી રાહત કોષમાંથી જે હોસ્પિટલ બનાવવામાં આવેલ છે તે હોસ્પિટલને પૂરતા નિષ્ણાત ડૉક્ટરો સાથે ક્યારે શરૂ કરવામાં આવશે. | તા. ૫-૩-૨૦૦૫ થી સંપૂર્ણ કાર્યરત થઈ ગયેલ છે. |

----------

**રાજ્યમાં નેત્રદાનની પ્રવૃત્તિ માટે ચક્ષુ બેંકો**

૧૧૮૬૮ **શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| રાજ્યમાં નેત્રદાનની પ્રવૃત્તિ માટે ડીસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ કેટલી ચક્ષુ બેન્કો ઉપલબ્ધ છે? | ૮ (આઠ). |

----------

**જોબવર્કથી હલકી દવાઓ વેચવાની ફરિયાદ**

૧૨૪૨૫ **શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| રાજ્ય સરકારે દવા ઉત્પાદન કંપનીઓના ઉત્પાદન લાયસન્સ આપવા અંગે નક્કી કરેલા ધારા ધોરણો મુજબ ઉત્પાદન લાયસન્સ મેળવી અન્ય શહેરોમાં જોબવર્કથી દવાઓનું ઉત્પાદન કરાવી હલકી દવાઓ બજારમાં વેચાય છે તેવી કેટલી ફરિયાદો રાજ્ય સરકારને છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧-૦૫ સુધીમાં મળી ? | કોઈ ફરિયાદ મળેલ નથી. |

----------

**જૂનાગઢ જિલ્લાના તાલાલા, સુત્રાપાડા અને વેરાવળ તાલુકામાં રસ્તાને આપેલ જોબનંબર**

૧૨૨૯૨ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર (તલાલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના સુત્રાપાડા, તાલાલા અને વેરાવળ તાલુકાનાં તા. ૩૦-૧૧-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા અને ક્યા ક્યા રસ્તાઓને જોબનંબર આપવામાં આવ્યા, | (૧) માર્ગ અને મકાન વિભાગની યોજનામાં વર્ષ ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ (તા. ૩૦-૧૧-૦૪ સુધી) માં પરિશિષ્ટ-૧ મુજબ ૧૭ રસ્તાના ૧૯ જોબનંબર આપવામાં આવ્યા. |
| (૨) તે પૈકી કેટલા રસ્તાઓનાં જોબનંબર રદ કરવામાં આવ્યા, રદ કરવાનાં કારણો શું છે, | (૨) એક પણ નહી. |
| (૩) કેટલા રસ્તાનાં કામશરૂ થયા અને કેટલા રસ્તાના કામ પૂરા કરવામાં આવ્યા, અને | (૩) બધાજ કામો શરૂ કરવામાં આવેલ છે અને પાંચ રસ્તાના કામ પૂર્ણ થયેલ છે. |
| (૪) સદરહુ બાકી રહેતા રસ્તાના કામો કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૪) વર્ષ ૨૦૦૫-૦૬ માં પૂર્ણ કરવાનું આયોજન છે. |

**પરિશિષ્ટ**
**રસ્તાઓની વિગત**

| અ.નં. | તાલુકો | રસ્તાનું નામ |
|---|---|---|
| ૧ | વેરાવળ | છાત્રોડા ડારી નવાપરા રોડ |
| ૨ | વેરાવળ | વેરાવળ ડાભોર તાતીવેલા આંબલીયા રોડ |
| ૩ | વેરાવળ | સોનારીયા નાવદ્રાઅનીડા જશાધાર રોડ |
| ૪ | વેરાવળ | દેહા વાવડી સુપાસી સીડોકર રોડ |
| ૫ | વેરાવળ | કોડીદ્રા ગુણવંત રોડ |
| ૬ | વેરાવળ | એસએચ થી સવની મીઠાપુર રોડ |
| ૭ | તાલાળા | રમરેસી ચિત્રાવડ હરિપુર રોડ |
| ૮ | તાલાળા | રાયડી રામપરા આકોલવાડી હડમતીયા રોડ |
| ૯ | તાલાળા | ગુંદરણ પ્રેમનગર રોડ |
| ૧૦ | તાલાળા | આકોલવાડી વાડલા રોડ |
| ૧૧ | તાલાળા | બોરવાવ એપ્રોચ રોડ |
| ૧૨ | સુત્રાપાડા | સુત્રાપાડા ઉબરી રોડ |
| ૧૩ | સુત્રાપાડા | રામપરા લાખાપરા રોડ |
| ૧૪ | સુત્રાપાડા | આલીધ્રા એપ્રોચ રોડ |
| ૧૫ | વેરાવળ | વેરાવળ તલાલા રોડ |
| ૧૬ | વેરાવળ | સોમનાથ દેહોત્સર્ગ રોડ |
| ૧૭ | સુત્રાપાડા | વેરાવળ સુત્રાપાડા ધામણેજ રોડ |

----------

**સુરત સિવીલ હોસ્પિટલમાં ડૉક્ટરોની બેકાળજીથી દર્દીનાં મૃત્યુ થવા બાબત**

૧૨૪૨૧ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત સિવીલ હોસ્પિટલમાં ડૉક્ટરોની બેકાળજીથી દર્દીના મોત થયાના કેટલા બનાવો તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બન્યા, | (૧) એકપણ નહિ. |
| (૨) સિવીલ હોસ્પિટલના ડૉક્ટરોને આવા બનાવો બનવાથી ખાનગી સિક્યુરીટીની સેવા લેવી પડી એ વાતથી સરકાર વારેફ છે કે કેમ, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો હા, તો આવા બેકાળજીથી થયેલ દર્દીના મોત માટે જવાબદાર ડૉક્ટર સામે શાં પગલાં ભરવામાં આવ્યા ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**ગાંધીનગર શહેરમાં સર્કલો રીનોવેશન કરવા બાબત**

૧૨૯૫૪ **ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ ની સ્થિતિએ ગાંધીનગર શહેરમાં સર્કલ "રીનોવેશન" સરકારે કર્યા છે કે સંસ્થાઓએ કર્યા છે, અને | (૧) જનભાગીદારીથી. |
| (૨) જો સંસ્થાઓએ કર્યા હોય તો ક્યા ક્યા સર્કલો કઈ કઈ સંસ્થાઓએ આ રીનોવેશનની કામગીરી પૂર્ણ કરેલ છે ? | (૨) ૧. ઘ.૭ જંકશન-કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશન લી. ગાંધીનગર<br>૨. ઘ.૩ જંકશન-કર્ણાવતી મેડીકલ અને એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ.<br>૩. ચ.૫ જંકશન-સીન્ટેક્ષ ઈન્ડ.લિ. (ભારત વિજય મિલ્સ) કલોલ. |

૪. ચ.૨ જંકશન-ગાયત્રી પરિવાર ટ્રસ્ટ, સેક્ટર-૧, ગાંધીનગર.
૫. સરકીટ હાઉસ જંકશન-ગુજરાત વિદ્યુત બોર્ડ, ગાંધીનગર
૬. ઈન્દ્રોડા જંકશન-રીલાયન્સ ઈન્ફોકોમ લી. ગાંધીનગર.

----------

**સાવરકુંડલા મહુવા સ્ટેટ રોડ બાઢડાથી હાડીડા સુધીનો રસ્તો ખરાબ હોવા બાબત**

૧૩૦૪૫ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સાવરકુંડલા મહુવા સ્ટેટ હાઈવે રોડ બાઢડા થી હાડીડા સુધી રસ્તો અતિ ખરાબ છે, તે સરકારશ્રી જાણે છે,

(૨) જો હા, તો આ રસ્તો સ્ટેટ હાઈવેનો હોવાથી તેમજ બે બંદરોને જોડતો રસ્તો છે, જેથી મજબુતીકરણ યોજનામાં સમાવેશ કરવા માંગો છો કે કેમ, અને

(૩) જો હા, તો કયાં સુધીમાં અતિ ખરાબ રસ્તાનું કામ શરૂ કરી પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) રસ્તો વાહનવ્યવહાર યોગ્ય છે, મજબુતીકરણનુ હાલ આયોજન નથી.

----------------

**પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોને ખાનગી ટ્રસ્ટોને આપવા બાબત**

૧૨૮૮૮ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો સામુહિક આરોગ્ય કેન્દ્રોને ખાનગી ટ્રસ્ટને સોંપવાનો નિર્ણય તાજેતરમાં લીધો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોને કઈ શરતોથી ખાનગી ટ્રસ્ટોને સોંપવાનો નિર્ણય લીધો છે, અને

(૩) તા. ૩૧-૧-૦૫ ની સ્થિતિએ કેટલા ટ્રસ્ટોને કયા કયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો આપવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ના, જી. આ પ્રકારે આરોગ્ય કેન્દ્રોનો વહીવટ ખાનગી સંસ્થા- ટ્રસ્ટને સોંપવાની પ્રથા ઘણાં સમયથી અમલમાં છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, પરંતુ રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ અને ધારાધોરણ પ્રમાણે વહીવટ કરવાની તેમજ રાજ્ય સરકારના આરોગ્ય વિષયક વિવિધ કાર્યક્રમોનો અસરકારક અમલ કરવાની શરતે સોંપવામાં આવે છે.

(૩)

| | **આરોગ્ય કેન્દ્રનું નામ** | **સંસ્થાનું-ટ્રસ્ટનું નામ** |
|---|---|---|
| (૧) | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ચાણસદ, જી. વડોદરા. | બોચાસણ વાસી અક્ષર પુરુષોતમ પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ |
| (૨) | સામુહિક આરોગ્ય કેન્દ્ર, મોટાફોફળીયા, જી. વડોદરા | શક્તિ કૃપા ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરા. |
| (૩) | સામુહિક આરોગ્ય કેન્દ્ર, ગોલાગામડી, જી. વડોદરા | મંગલ ગ્રામ સેવા નિધી (ટ્રસ્ટ) વડોદરા |
| (૪) | સામુહિક આરોગ્ય કેન્દ્ર, શામળાજી, જી. સાબરકાંઠા. | ઓલ ઈન્ડીયા મુવમેન્ટ ફોર સેવા, ગાંધીનગર. |

----------------

**આરોગ્ય તંત્ર દ્વારા ઈન્ટીગ્રેટેડ ડીસીજ સર્વેલન્સ કાર્યક્રમ**

૧૨૯૦૫ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યના આરોગ્ય તંત્ર દ્વારા ઈન્ટીગ્રેટેડ ડીસીજ સર્વેલન્સ કાર્યક્રમ અમલમાં મુકાયો છે ખરો, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો રાજ્યના કેટલા જિલ્લાઓમાં તેનો અમલ થયેલ છે ? | (૨) રાજ્યના તમામ જિલ્લાઓમાં તેનો અમલ થયેલ છે. |

----------------

**તબીબી અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ માટે શિક્ષણ સાથે ચારિત્ર ઘડતરના પગલાં લેવા બાબત**

૧૨૮૮૬ **શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકારે તબીબી અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ માટે શિક્ષણ સાથે ચારિત્ર ઘડતર અંગે કોઈ પગલાં લીધેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે? | (૨) દરેક કોલેજોમાં વિવિધ કાર્યક્રમો કરવા સુચનાઓ કરેલ છે. |

----------------

**ધન્વંતરી આરોગ્ય સપ્તાહની ઉજવણી**

૧૧૮૬૪ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી (જામનગર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં સન, ૨૦૦૪ માં ધન્વંતરી આરોગ્ય સપ્તાહની ઉજવણી કયાં, કયાં થઈ, અને | (૧) સમગ્ર રાજ્યમાં. |
| (૨) કેવા પ્રકારના કાર્યક્રમો થયા ? | (૨)<br>- આયુર્વેદ સારવાર નિદાન કેમ્પો<br>- ઔષધિય વનસ્પતિ પ્રદર્શનો<br>- ધન્વન્તરી પુજન<br>- ઉપર મુજબના કાર્યક્રમ ઉપરાંત, સુવર્ણપ્રાસન વિધિ, વ્યસન મુક્તિ, અને વક્તૃત્વ સ્પર્ધાનુ આયોજન. |

----------------

**રાજ્ય ગ્રામ્ય રસ્તાઓની સુધારણાનો કાર્યક્રમ**

૧૨૮૯૪ **શ્રી દીનુભાઈ બો. સોલંકી (કોડીનાર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યના ગ્રામ્ય રસ્તાઓની સુધારણા માટે વર્ષ ૨૦૦૪-૦૫માં રાજ્ય સરકારે કોઈ વિચારણા કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |

(૨) જો હા, તો હાલ કયા તબક્કે છે ? (૨) કામગીરી વિવિધ તબક્કે છે.

----------------

**શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ દ્વારા બાળકોના આરોગ્યની તપાસણી**

૧૧૮૬૦ **શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ રાજ્યમાં શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ હેઠળ કેટલા બાળકોના આરોગ્યની તપાસણી કરવામાં આવી, અને | (૧) કુલ-૮૫,૧૧,૯૫૬ |
| (૨) આ તપાસણી અનુસંધાને કયા પ્રકારની કાર્યવાહી થઈ ? | (૨)પ્રાથમિક શાળાના બાળકોની આરોગ્ય તપાસણી દરમ્યાન પ્રથમ સ્થળ સારવાર, સંદર્ભ સેવા અન્વયે જિલ્લાની સિવિલ હોસ્પિટલમાં સારવાર, ચશ્મા વિતરણ, ખાસ પ્રકારની આરોગ્ય સેવાની જરૂરીયાતવાળા બાળકોને હ્રદય, કિડની તથા કેન્સરની હોસ્પિટલોમાં તજજ્ઞો દ્વારા તપાસ તથા સારવાર વિના મુલ્યે આપવામાં આવી. |

---------------

**સાગબારા અને ડેડિયાપાડા ખાતે આવેલ જંગલ વિભાગની લાટીની જમીનનાં ભાડાના દર**

૧૨૯૪૨ **શ્રી પરેશભાઈ ગો. વસાવા (નિઝર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ નર્મદા જિલ્લાના સાગબારા અને ડેડિયાપાડા ખાતે આવેલ જંગલ ખાતાનાં લાકડાની લાટી (પીઠા) માટે કેટલી જમીન ક્યારથી અને કયા ભાડાના દરથી રાખવામાં આવેલ છે, | (૧) તા. ૩૧-૧-૦૫ ની સ્થિતિએ જમીન ભાડે રાખવામાં આવેલ નથી. |
| (૨) આ જમીનનાં ભાડાના દર વધારવા જમીન માલિકો તરફથી છેલ્લા બે વર્ષમાં કેટલી ફરિયાદો મળી છે અને તેની વિગતો શી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ બાબત અંગે ઘણા લાંબા સમયથી નિર્ણય ન લેવાના કારણે પડતર છે તેના કારણો કયા છે અને તે માટે જવાબદાર સામે શાં પગલાં લીધાં? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------------

**જસદણ તાલુકામાં ભાડલા-બોઘરાવદર-ઢાંઢીયા-ઢાંઢણી રસ્તાનું કામ**

૧૧૭૬૬ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાનાં જસદણ તાલુકાના ભાડલા-બોઘરાવદર-ઢાંઢીયા-ઢાંઢણી રસ્તાનું કામ કયારે મંજુર કરવામાં આવ્યું, | (૧) કામની વહીવટી મંજુરી તા.૩૦-૪-૯૯ થી આપેલ છે. |
| (૨) કેટલી રકમ ફાળવવામાં આવી, અને | (૨) ચાલુ વર્ષે રૂા. ૫.૦૦ લાખની બજેટ જોગવાઈ છે. |
| (૩) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ આ રસ્તાનું કામ કયા તબક્કે છે? | (૩) રસ્તાની કુલ લંબાઈ ૧૭.૬૦ કિ.મી. પૈકી ૧૫.૭૪ કિ.મી. માં ડામર સપાટી સુધીનું કામ પૂર્ણ. બાકી ૧.૮૬ કિ.મી. લંબાઈમાં જમીન સંપાદનની કામગીરી પ્રગતિમાં છે. |

-------------------

**વ્યારા તાલુકાના જેસીંગપુર ગામથી કરંજવેલ ગામને જોડતો રસ્તો બિસ્માર હાલતમાં હોવા બાબત**

૧૧૫૭૫ **શ્રી પુનાભાઈ ઢે. ગામીત (વ્યારા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સુરત જિલ્લાના વ્યારા તાલુકાના જેસીંગપુર ગામથી વાયા કપડવણ થઈને કરંજવેલ ગામને જોડતો રસ્તો હાલમાં બિસ્માર હાલતમાં છે તે સરકાર જાણે છે, | (૧) રસ્તો વાહનવ્યવહાર યોગ્ય છે. |
| (૨) જો હા, તો આ રસ્તાને જોબનંબર આપીને સરકાર રસ્તો કયાં સુધીમાં રસ્તો બનાવવા માંગે છે, અને<br>(૩) આ રસ્તાની કામગીરી કેટલા સમયમાં શરૂ કરીને પૂર્ણ કરવામાં આવશે ? | (૨) અને (૩) હાલ આયોજન નથી. |

--------------

**રાજ્ય ધોરી માર્ગ રંધોવાથી ઢસા, અમરેલી થી સાવરકુંડલા, અમરેલી થી ધારી વગેરે રસ્તા બિસ્માર હોવા બાબત**

૧૨૪૨૯ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર(ઉત્તર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય ધોરી માર્ગ રંધોવાથી ઢસા-અમરેલી થી સાવરકુંડલા/અમરેલીથી ધારી-જાફરાબાદ-મહુવા-પીપાવાવ-ઉના-કોડીનારને જોડતા રસ્તાઓ બિસ્માર હાલતમાં છે તે સરકાર જાણે છે,<br>(૨) જો હા, તો આ રસ્તાઓ કયારે બનાવવામાં આવશે, અને | (૧) અને (૨) રસ્તાઓ વાહન વ્યવહાર યોગ્ય છે. |
| (૩) આ રસ્તાઓના કામો મંજૂર કરવામાં આવ્યા છે કે કેમ ? | (૩) હા, જી. |

--------------

**અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં કેન્સરના દર્દીઓના મૃત્યુ**

૧૨૮૭૭ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ | | |
|---|---|---|---|
| (૧) અમદાવાદ સિવિલ હોસ્પિટલોમાં આવેલી કેન્સર હોસ્પિટલમાં સને ૨૦૦૨, ૨૦૦૩ અને ૨૦૦૪નાં વર્ષમાં કેન્સરના કેટલા દર્દીઓ મૃત્યુ પામ્યા, અને | (૧) | સને ૨૦૦૨ | ૭૩૯ દર્દીઓ |
| | | સને ૨૦૦૩ | ૮૦૩ " |
| | | સને ૨૦૦૪ | ૮૪૨ " |
| (૨) તે પૈકી કેટલા ગુટખા તથા પાન મસાલાને કારણે મૃત્યુ પામનાર દર્દીઓ હતા ? | (૨) | સને ૨૦૦૨ | ૬૧ દર્દીઓ |
| | | સને ૨૦૦૩ | ૬૬ " |
| | | સને ૨૦૦૪ | ૬૫ " |

--------------

**જિલ્લાની સિવિલ હોસ્પિટલોમાં સીટી સ્કેન, કાર્ડિયોગ્રાફી અને સોનોગ્રાફી મશીનો ન હોવા બાબત**

૧૧૭૭૦ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર સિવિલ હોસ્પિટલોમાં સીટી સ્કેન, કાર્ડિયોગ્રાફી, સોનોગ્રાફીના મશીનો ઉપલબ્ધ છે, અને | (૧) તા. ૩૧/૧૨/૦૪ની સ્થિતિએ જિલ્લાવાર સિવિલ હોસ્પિટલોમાં નીચે મુજબના મશીનો ઉપલબ્ધ છે. |

| | જિલ્લા | સાધનો |
|---|---|---|
| ૧. સીટી સ્કેન | ૪ | ૪ |

| | | |
|---|---|---|
| ૨. કાર્ડિયોગ્રાફી | ૨૫ | ૧૧૩ |
| ૩. સોનોગ્રાફી | ૨૫ | ૬૭ |

(૨) જ્યાં આ મશીનો ઉપલબ્ધ નથી ત્યાં આ મશીનો કયારે આપવામાં આવનાર છે?

(૨) જે તે હોસ્પિટલની જરૂરિયાત મુજબપુરા પાડવામાં આવશે.

--------------

**સોનગઢ તાલુકાના ચોરવાડ ગામના પારિયાથી અગાસવાણ ગામને જોડતો રસ્તો બિસ્માર હાલતમાં હોવા બાબત**

૧૧૭૬૩ **શ્રી કાંતિલાલ રે. ગામીત (સોનગઢ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સોનગઢ તાલુકાના ચોરવાડ ગામના પારિયાથી અગાસવાણ ગામને જોડતો રસ્તો બિસ્માર હાલતમાં છે તે સરકાર જાણે છે,

(૨) જો હા, તો આ રસ્તો સરકાર કેટલા સમયમાં રિકાર્પેટીંગ કરવા માંગે છે, અને

(૩) આ રસ્તો ના બનાવવાના શાં કારણો છે?

**જવાબ**

(૧), (૨) અને (૩) રસ્તો ચાલુ મરામત કરી વાહન વ્યવહાર યોગ્ય રાખેલ છે.રિકાર્પેટીંગનું હાલ આયોજન નથી.

--------------

**ભાવનગર તાલુકાના ફુલસર બસ સ્ટેન્ડથી બુધેલ વરતેજ રોડનું નવીનીકરણ કરવા બાબત**

૧૨૮૯૮ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ભાવનગર તાલુકાના ફુલસર બસ સ્ટેન્ડથી બુધેલ વરતેજ રોડને જોડતા રસ્તાનું નવીનીકરણ સરકાર ક્યારે કરવા માંગે છે, અને

(૨) તે માટે સરકરે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૫-૦૬માં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૨) કામને જોબનંબર આપી મંજુર કરેલ છે.

--------------

**ધાનેરા તાલુકાના થાવર-વાસણ બોર્ડર રોડને ડામર કામ કરવા બાબત**

૧૨૯૪૫ **શ્રી હરજીવન હી. પટેલ (ધાનેરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

ધાનેરા તાલુકાના થાવર-વાસણ બોર્ડર એમ.ડી.આર. રોડ છે જેના ઉપર વાહન વ્યવહારની અવરજવર ઘ ણીજ વધારે પ્રમાણમાં હોવાથી ડામર સપાટી સંપુર્ણ તૂટી જવા પામેલ છે તેમજ અમુક જગ્યાએ રોડ દબાઈ જવાના કારણે જંપ પડી ગયેલ છે તો બજેટમાં સમાવેશ કરીને આ ડામર સપાટીનું કામ કેટલા સમયમાં કરવાનું સરકારનું આયોજન છે ?

**જવાબ**

રસ્તો વાહન વ્યવહાર લાયક છે અને રીસરફેસીંગ કરવાનું હાલ કોઇ આયોજન નથી.

--------------

**બનાસકાંઠા જિલ્લામાં વન વિભાગે બનાવેલ ચેકડેમો, તળાવો**

૧૨૯૫૧ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

પ્રશ્ન

(૧) જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન, બનાસકાંઠા જિલ્લાના વન વિસ્તારમાં કેટકેટલા ચેકડેમો તથા તળાવોની કામગીરી કરવાનું વન વિભાગે કયારથી સ્વીકારેલ છે,

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન જુદી જુદી યોજનાઓ હેઠળ ૧૬૭ ચેકડેમ અને ૧૧૭ વન તલાવડી બનાવવાની કામગીરી સ્વીકારવામાં

આવેલ છે.

(૨) સ્વીકારેલ કામગીરી પૈકી કેટલા ચેકડેમો તથા તળાવોની કામગીરી પૂર્ણ થયેલ છે,
(૩) કેટલા ચેકડેમો તથા તળાવોની કામગીરી અધુરી છે,
(૪) કેટલા ચેકડેમો તથા તળાવોની કામગીરી શરૂ થવા પામેલ નથી, અને
(૫) કામગીરી શરૂ ન થવા તેમજ અધૂરી રહેવા પાછળના શું કારણો છે, એ કારણોના નિવારણ માટે સરકારે જો કંઈ પગલાં લીધેલ હોય તો તેવા પગલાંની અને તેના પરિણામની વિગતો શું છે, અને જો કાંઈ પગલાં ન લીધા હોય તો શા કારણો છે ?

(૨) ઉપરોક્ત પૈકી ૧૩૬ ચેકડેમ અને ૧૧૭ તલાવડી બનાવવાની કામગીરી પૂર્ણ થયેલ છે.
(૩) ૩-ચેકડેમની કામગીરી પ્રગતિમાં છે.

(૪) ૨૮ ચેકડેમ બનાવવાની કામગીરી આયોજન હેઠળ છે.
(૫) કામગીરી શરૂ ન થવા પાછળના કારણો.
(અ) ૨૬ ચેકડેમ સરદાર પટેલ જળસંચય યોજના હેઠળ તેમજ ૨ ચેકડેમ ટ્રાયબલ એરીયા સબ પ્લાન હેઠળ મંજુર થયેલ છે.
- સરદાર પટેલ જળ સંચય યોજના હેઠળ ચેકડેમ બનાવવાની દરખાસ્તને ગુજરાત જળસંપતિ વિકાસ નિગમ લી.ના સંચાલક મંડળ ધ્વારા ગ્રાહ્ય રાખવામાં આવેલ છે તેમજ ૨ ચેકડેમ ટ્રાયબલ એરીયા સબ પ્લાન હેઠળ મંજુર થયેલ છે જે અન્વયે આગળની પ્રક્રિયા ગતિમાં છે
-પગલાં ન લેવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

## ચોટીલા માતા, તરણેતર, જરીયા મહાદેવ અને સૂરજદેવળ યાત્રા ધામમાં વૃક્ષ વાવેતર કરવા બાબત

૧૨૯૩૭ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

ચોટીલા-તાલુકાના ચોટીલા ચામુંડા માતા, તરણેતર, જરીયામહાદેવ અને સુરજદેવળ યાત્રાધામોમાં વૃક્ષ વાવેતર દ્વારા હરીયાળો પ્રદેશ બનાવવા કોઇ આયોજન કરવામાં આવેલ છે ?

**જવાબ**

ચોટીલા-તાલુકાના ચોટીલા ચામુંડામાતા અને જરીયામહાદેવ યાત્રાધામોમાં વૃક્ષ વાવેતર દ્વારા હરીયાળો પ્રદેશ બનાવવા આયોજન કરવામાં આવેલ છે. તરણેતર અને સુરજદેવળમાં પણ વૃક્ષારોપણ માટે રોપ વિતરણની યોજના છે.

--------------

## કચ્છ જિલ્લાના નખત્રાણાથી પાન્ધ્રો સુધીના રાજ્ય ધોરી માર્ગને મજબુતી કરણ કરવા બાબત

૧૧૮૭૧ **શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાના નખત્રાણાથી પાન્ધ્રો સુધીના રાજ્ય ધોરી માર્ગને મજબૂતી કરણ કરવાનું સરકારનું કોઇ આયોજન છે કે કેમ, અને
(૨) જો હા, તો આ કામ ક્યારે શરૂ કરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) નાણાકીય ઉપલબ્ધતા અનુસાર તબક્કાવાર જરૂરી કાર્યવાહી કરવાનું આયોજન છે.

--------------

# અતારાંકિત પ્રશ્નો

## દશમી અતારાંકિત યાદી

### ભૂકંપમાં જી-૫ કેટેગરીના જોખમી રીતે ઉભેલાં બિલ્ડીંગો ધ્વંશ કરવા અંગે

અતારાંકિતઃ૨૩૩૩(૩૦-૬-૦૪) **ડૉ. નીમાબેન બ. આચાર્ય (અંજાર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (સામાન્ય વહીવટ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) ભૂકંપમાં જી-૫માં આવેલ અનેક જાહેર બિલ્ડીંગો આજે પણ જોખમી રીતે ઉભાં છે એ વાત સાચી છે,

(૨) જો હા, તો આવી બિલ્ડીંગો પડવાથી જાનહાનીના છેલ્લા બે વર્ષમાં મે, ૨૦૦૪ની સ્થિતિએ કેટલા કિસ્સાઓ બન્યા છે, અને

(૩) સરકાર આવા બિલ્ડીંગો ધ્વંશ કરવા માગે છે કે કેમ ?

**મુખ્ય મંત્રીશ્રી (સામાન્ય વહીવટ)** (૪-૨-૦૫) :

(૧) હા, જી.

(૨) આવા કિસ્સા બનેલ નથી.

(૩) હા, જી.

---------

### રાજ્યમાં રાસાયણિક ખાતરથી કૃષિ પેદાશો પર થતી અસર નિવારવાના ઓર્ગેનીક ફાર્મીંગ

અતારાંકિતઃ૨૮૨૪(૮-૧૨-૦૪) **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં રાસાયણિક ખાતરથી કૃષિ પેદાશોથી થતી વિપરીત અસર નિવારવા આગામી રવિ મોસમમાં ચોક્કસ વિસ્તારોમાં ઓર્ગેનીક ફાર્મીંગ કરવા સરકારે નિર્ણય કર્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કયા કયા વિસ્તારોમાં આ કાર્યક્રમો હાથ ધરાનાર છે, અને

(૩) આ કામગીરીની જવાબદારી કોને સોંપાઈ છે ?

**કૃષિ મંત્રીશ્રી** (૨૭-૧-૦૫) :

(૧) કોઈ ચોક્કસ કાર્યક્રમ હાથ પર લેવાનો નિર્ણય કરેલ નથી, પરંતુ ઓર્ગેનીક ફાર્મીગને પ્રોત્સાહન આપવા માટે ખાતા દ્વારા પ્રચાર અને પ્રસાર કરવામાં આવે છે.

(૨) ચોક્કસ વિસ્તારો આઈડેન્ટીફાય કરવામાં આવેલ નથી.

(૩) ખેતીવાડી ખાતુ, બાગાયત ખાતુ, કૃષિ યુનિવર્સિટીઓ, ગુજરાત એગ્રો તથા સર્ટીફીકેશનની કામગીરી **APEDA** અને માન્ય કરેલ સંસ્થાઓ દ્વારા પ્રોત્સાહનની કામગીરી અને નોડલ એજન્સી તરીકે ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ કામગીરી કરે છે.

----------

### રાજ્યમાં બી.ટી. કપાસ બિયારણ તૈયાર કરવા અંગે

અતારાંકિતઃ૨૮૨૫(૬-૧૨-૦૪) **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં બી.ટી. કપાસ બિયારણ તૈયાર કરવા કેન્દ્ર સરકારે ગુજરાત કૃષિ યુનિવર્સિટીને સંશોધન કરવા જણાવ્યું છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ બાબત હાલ કયા તબક્કે છે, અને

(૩) રાજ્ય સરકારે તેનો શો અભિપ્રાય આપ્યો છે ?

**કૃષિ મંત્રીશ્રી** (૨૯-૧-૦૫) :

(૧) રાજ્યમાં બી.ટી. કપાસ વિતરણ તૈયાર કરવા કેન્દ્ર સરકારશ્રીએ અવિભાજીત ગુજરાત કૃષિ યુનિવર્સિટી અથવા નવસારી કૃષિ યુનિવર્સિટીને બી.ટી. કપાસના બીજ પર સંશોધન કરવા માટે કોઇ નિર્દેશ આપેલ નથી..

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## રાજ્યની શાળાઓમાં દરોડા પાડવા અંગે

અતારાંકિતઃ૨૪૫૧(૨૧-૬-૦૪) **શ્રી છોટુભાઈ અ. વસાવા (ઝગડિયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧).રાજ્યમાં કયા કયા ગામોમાં પ્રાથમિક, માધ્યમિક શાળાઓમાં તા. ૩૦-૬-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા દરોડા પાડવામાં આવ્યા,

(૨).આ દરોડામાં કયા પ્રકારની ગેરરિતીઓ કેટલી સ્કુલમાં જણાઈ આવેલ છે, અને

(૩).આ અંગે શાં પગલાં ભરવામાં આવ્યા ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૯-૧-૦૫) :

(૧).અમદાવાદ શહેર, ૩૫૦ દરોડા.

(૨).૩૨૫ સ્કુલો, પત્રક - અ - સામેલ છે.

(૩).ગ્રાન્ટ બંધ કરવી અથવા ગ્રાન્ટ કાપ આપવો. શાળાઓની નોંધણી રદ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. પોલીસ ફરિયાદ કરવામાં આવેલ છે.

### પત્રક - અ -
### શાળાના દરોડા દરમ્યાન જોવા મળેલ ગેરરીતિઓ

(૧) સરાસરી હાજરી જળવાયેલ નથી.
(૨) ભરતી કાર્યવાહીની અનિયમિતતા.
(૩) શાળાના મકાન ભાડા બાબતે અનિયમિતતા.
(૪) ડેડસ્ટોકમાં જોવા મળેલ અનિયમિતતા.
(૫) સેવાપોથીની અનિયમિતતા.
(૬) શાળાની માન્યતા, વર્ગોની મંજુરી, ઈન્ડેક્ષ નંબરના આધારો રજુ કરેલ ન હોય.
(૭) રમત - ગમતના મેદાનની અને ભૌતિક સુવિધા નથી.
(૮) બોગસ વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવેલ નથી.
(૯) નાણાકીય અનિયમિતતા.
(૧૦) મંજૂર વિના કરેલ શાળાના મકાન સ્થળ ફેરફાર.
(૧૧) ખોટી શૈક્ષણિક લાયકાતની બાબત.
(૧૨) ફરજ વગર પગાર ચૂકવવામાં આવેલ છે.
(૧૩) પરીક્ષામાં ખોટા આવેદનપત્રો આપેલ હોય.
(૧૪) શાળાના આચાર્ય શાળા મંડળના સભ્ય હોય.

-----------

## પંચમહાલ જિલ્લાની શાળાઓમાં શિક્ષકોની ભરતીમાં થયેલ કૌભાંડ

અતારાંકિતઃ૨૫૯૮(૩૧-૮-૦૪) **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તાજેતરમાં પંચમહાલ જિલ્લાની માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતીમાં ઝાંસી યુનિવર્સિટીના બોગસ પ્રમાણપત્રો રજુ કરી ભરતી કૌભાંડ આચરાયું તે શું સરકાર જાણે છે, અને

(૨) જો હા, તો તે માટે વ્યાપક તપાસ કરી સમગ્ર રાજ્યમાં કૌભાંડીઓ સામે શાં પગલાં લેવા માંગે છે?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૯-૧-૦૫) :

(૧) હા, જી.

(૨) શાળાની માન્યતા રદ કરવી, ગ્રાન્ટ અમાન્ય/બંધ કરવી, પોલીસ કેસ કરવા, શિસ્તભંગના પગલાં ભરવા અને નિમણૂંક રદ કરવી. જેવા પગલાં લેવાની બાબત વિચારણા હેઠળ છે.

------------

### બિન તાલીમી પ્રાથમિક શિક્ષકોને તાલીમ આપવા અંગે

અતારાંકિતઃ૨૭૧૦(૨૩-૯-૨૦૦૪) **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧).સને ૧૯૯૦-૯૧ના બિન તાલીમી પ્રાથમિક શિક્ષકોને પી.ટી.સી. તાલીમથી વંચિત રાખવા પાછળના કારણો કયા છે, અને

(૨).આ પ્રાથમિક શિક્ષકોને ક્યારે તાલીમ આપવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૩-૨-૦૫) :

(૧).આવા બિન તાલીમી પ્રાથમિક શિક્ષકોને વેકેશન દરમ્યાન ટુંકી મુદતની તાલીમ આપી પી.ટી.સી.ની લાયકાત આપવામાં આવી છે.

(૨). પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

------------

### પાટણ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા અંગે થયેલ ખર્ચ

અતારાંકિતઃ૨૭૫૨(૧૮-૧૦-૦૪) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧).તા. ૩૦/૮/૨૦૦૪ની સ્થિતિએ પીવાના પાણીની સુવિધાથી વંચિત એવી પાટણ જિલ્લામાં કુલ કેટલી પ્રાથમિક શાળાઓ છે,

(૨).આ શાળાઓમાં પીવાના પાણીની સુવિધા કરવાનું રાજ્ય સરકારનું શું આયોજન છે, અને

(૩).વર્ષ ૨૦૦૪-૦૫માં આ અંગે કેટલો ખર્ચ થનાર છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨-૨-૦૫) :

(૧).પાટણ જિલ્લાની ૧૩૦ શાળાઓ પીવાના પાણીની સુવિધાથી વંચિત છે.

(૨).પ્રાથમિક શાળાઓને પાયાની પ્રાથમિક સુવિધાઓ જેમ કે પીવાનું પાણી, કંપાઉન્ડ વોલ, વીજળીકરણ, સંડાસ-બાથરૂમ જેવી ભૌતિક સવલતો પુરી પાડવાના કાર્યક્રમ અંતર્ગત આયોજન યોજના ઈડીએન-૩ હેઠળ સરકારશ્રી દ્વારા આયોજન કરવામાં આવે છે.

(૩).વર્ષ ૨૦૦૪-૦૫ માં આ યોજના હેઠળ ૧૦૯ પ્રાથમિક શાળાઓમાં અગ્રતાના ધોરણે પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવા સારૂ ૨૩૯.૩૪ લાખનો ખર્ચ કરવાનું આયોજન છે.

------------

### વહીવટી કરકસરથી નાણાકીય બચાવ

અતારાંકિતઃ૨૦૫૨(૨૯-૫-૦૪) **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

સરકારના વહીવટી કરકસરના પગલાંને કારણે તા. ૧/૪/૦૩થી તા. ૩૧/૩/૦૪ ના વર્ષમાં કેટલો નાણાકીય બચાવ થયો ?

**નાણા મંત્રીશ્રી** (૧-૨-૦૫) :

કુલ રૂા. ૧૨૫,૦૪,૨૮,૦૬૭-૦૦નો બચાવ થયો.

------------

### રાજ્ય સરકાર દ્વારા લીધેલ ઓવર ડ્રાફટ

અતારાંકિતઃ૩૦૩૮(૧૮-૧-૦૫) **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારે કેટલી રકમનો ઓવરડ્રાફટ લેવો પડેલ છે,

(૨) તા. ૧-૪-૦૪ બાદ તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં કેટલી વખત ઓવર ડ્રાફટ લેવા પડેલ છે, અને

(૩) ઓવર ડ્રાફટ લેવાના શાં કારણો છે ?

**નાણા મંત્રીશ્રી** (૨-૧-૦૫) :

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## અંત્યોદય યોજના હેઠળ ગરીબોને અનાજ આપવા અંગે

અતારાંકિત:૨૬૭૨(૩-૯-૦૪) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જુલાઈ-૨૦૦૪ની સ્થિતિએ અંત્યોદય યોજના હેઠળ છેલ્લા બે વરસમાં કયા કયા જિલ્લાના કેટલા અંત્યત ગરીબોને અનાજ પુરૂં પાડવામાં આવ્યુ, અને

(૨) જુલાઈ-૨૦૦૪ની સ્થિતિએ રાજ્યના દરેક જિલ્લામાં અંત્યત ગરીબોની સંખ્યા કેટલી છે ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૫-૨-૦૫)

(૧)

| અ.નં. | જિલ્લાનું નામ | જુલાઈ-૨૦૦૩ની સ્થિતિએ અંત્યોદય યોજના હેઠળ અંત્યત ગરીબોને પુરૂં પાડવામાં આવેલ અનાજના સંદર્ભમાં ગરીબ કુટુંબોની સંખ્યા | જુલાઈ-૨૦૦૪ની સ્થિતિએ અંત્યોદય યોજના હેઠળ અંત્યત ગરીબોને પુરૂં પાડવામાં આવેલ અનાજના સંદર્ભમાં ગરીબ કુટુંબોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | એફ.સી. અમદાવાદ | ૯૪૭૩ | ૯૫૪૬ |
| ૨ | અમદાવાદ | ૧૧૨૫૯ | ૧૧૮૦૭ |
| ૩ | અમરેલી | ૯૬૩૬ | ૧૫૧૯૭ |
| ૪ | આણંદ | ૧૨૮૧૩ | ૧૩૩૩૬ |
| ૫ | બનાસકાંઠા | ૧૫૭૦૮ | ૨૨૧૪૬ |
| ૬ | વડોદરા | ૧૭૫૬૧ | ૧૭૯૮૧ |
| ૭ | ભરૂચ | ૧૧૭૫૬ | ૧૧૨૧૭ |
| ૮ | ભાવનગર | ૧૭૭૩ | ૧૪૮૮૪ |
| ૯ | દાહોદ | ૭૫૭૦ | ૭૫૭૦ |
| ૧૦ | ડાંગ | ૧૫૦૦ | ૧૭૦૦ |
| ૧૧ | ગાંધીનગર | ૫૯૪૯ | ૯૪૫૪ |
| ૧૨ | ગોધરા (પંચમહાલ) | ૧૩૯૧૮ | ૧૩૯૧૮ |
| ૧૩ | જામનગર | `૫૭૩૭ | ૭૧૮૫ |
| ૧૪ | જુનાગઢ | ૧૨૦૧૯ | ૧૨૭૫૨ |
| ૧૫ | ખેડા | ૧૬૭૪૫ | ૨૫૧૭૪ |
| ૧૬ | કચ્છ | ૧૬૮૭૦ | ૨૩૭૦૬ |
| ૧૭ | મહેસાણા | ૬૫૭૮ | ૭૨૫૬ |
| ૧૮ | નર્મદા | ૫૮૫૦ | ૫૯૦૦ |
| ૧૯ | નવસારી | ૧૨૬૪૯ | ૧૮૬૭૪ |
| ૨૦ | પાટણ | ૮૧૮૯ | ૮૨૮૦ |
| ૨૧ | પોરબંદર | ૩૨૫૨ | ૪૭૬૪ |
| ૨૨ | રાજકોટ | ૧૧૯૯૫ | ૧૪૧૮૪ |
| ૨૩ | સાબરકાંઠા | ૧૪૯૮૦ | ૨૩૫૪૩ |
| ૨૪ | સુરત | ૨૩૫૦૦ | ૨૩૫૫૦ |
| ૨૫ | સુરેન્દ્રનગર | ૮૯૮૦ | ૧૧૮૭૦ |
| ૨૬ | વલસાડ | ૧૧૩૭૩ | ૧૧૩૮૫ |
| | કુલ :- | ૨૮૭૬૩૩ | ૩૪૬૯૭૯ |

(૨)

| અ.નં. | જિલ્લાનું નામ | અંત્યોદય અન્ન યોજના હેઠળ આવરી લીધેલ કુટુંબોની સંખ્યા (જુલાઇ ૨૦૦૪ની સ્થિતિએ) |
|---|---|---|
| ૧ | એફ.સી. અમદાવાદ | ૧૫૨૨૭ |
| ૨ | અમદાવાદ | ૧૮૭૮૪ |
| ૩ | અમરેલી | ૧૬૩૩૧ |
| ૪ | આણંદ | ૨૩૧૦૫ |
| ૫ | બનાસકાંઠા | ૨૫૧૪૫ |
| ૬ | વડોદરા | ૧૯૫૬૮ |
| ૭ | ભરૂચ | ૧૮૫૭૭ |
| ૮ | ભાવનગર | ૧૬૩૬૫ |
| ૯ | દાહોદ | ૧૧૩૫૭ |
| ૧૦ | ડાંગ | ૩૩૫૫ |
| ૧૧ | ગાંધીનગર | ૧૦૭૫૨ |
| ૧૨ | ગોધરા (પંચમહાલ) | ૧૩૯૧૮ |
| ૧૩ | જામનગર | ૧૧૪૩૮ |
| ૧૪ | જુનાગઢ | ૧૩૩૪૩ |
| ૧૫ | ખેડા | ૨૬૦૪૨ |
| ૧૬ | કચ્છ | ૨૩૭૦૬ |
| ૧૭ | મહેસાણા | ૧૧૦૮૪ |
| ૧૮ | નર્મદા | ૧૨૪૭૨ |

| | | |
|---|---|---|
| ૧૯ | નવસારી | ૨૩૬૬૦ |
| ૨૦ | પાટણ | ૧૨૩૮૪ |
| ૨૧ | પોરબંદર | ૪૮૮૨ |
| ૨૨ | રાજકોટ | ૧૭૯૫૪ |
| ૨૩ | સાબરકાંઠા | ૨૩૫૪૩ |
| ૨૪ | સુરત | ૩૯૩૦૨ |
| ૨૫ | સુરેન્દ્રનગર | ૧૭૮૦૯ |
| ૨૬ | વલસાડ | ૧૧૫૧૦ |
| | કુલ :- | ૪,૪૧,૬૧૩ |

--------

## નિરોણા ડેમના મગરો ડુંગરાળ પ્રદેશમાં જવા બાબત

અતારાંકિતઃ૨૮૯૮(૧૦-૧૨-૦૪) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકામાં આવેલા નિરોણા ડેમમાં પાણી સુકાઈ જતા તેમાં વસતા મગરો ડેમ છોડી ડુંગરાળ પ્રદેશોમાં જઈ મોતને ભેટી રહ્યા છે તે સરકાર જાણે છે, અને

(૨) આ મગરો વાડીમાં ઘુસી જઈ ભય ફેલાવે છે અને પાલતુ પ્રાણીના શિકાર કરે છે, તેથી આ મગરોને સુરક્ષિત સ્થળમાં મૂકવા વનખાતાએ શી વ્યવસ્થા કરી છે?

**વન મંત્રીશ્રી** (૧૦-૧-૦૫)

(૧) કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકામાં આવેલા નિરોણા ડેમમાં પાણી ઉપલબ્ધ છે, નખત્રાણા તાલુકામાં આવેલ નિરોણા ડેમમાં પાણી સુકાઈ જવાથી મગરના મોત થયા હોય તેવા કોઈ રીપોર્ટ મળેલ નથી.

(૨) એક મગર નિરોણા ગામની એક વાડીમાં ઘૂસવાના સમાચાર મળતા તેને પાછા નિરોણા ડેમમાં મુક્ત કરવામાં આવેલ છે. મગર દ્વારા કોઈ પણ પાલતુ પ્રાણીના શિકારનો કોઈ બનાવ બનેલ નથી. મગરો વાડીમાં ઘૂસી જઈ ભય ન ફેલાવે તે માટે નીચે મુજબના પગલા લેવામાં આવેલ છે.

(૧) મગરને પાછા નિરોણા ડેમમાં મુક્ત કરવાનું.
(૨) નિરોણા ડેમ ઉપરાંત બીજા સ્થળે મૂકવા.
(૩) એવા બનાવ થયા હોય તો વન વિભાગને જાણ કરવાની લોકજાગૃત્તિ કેળવવી.

------

## એક્સ-રે ફિલ્મોની ખરીદીમાં ગેરરીતિ થવા બાબત

અતારાંકિતઃ૨૬૯૭(૨૨-૯-૦૪) **શ્રી સિધ્ધાર્થ મા. પરમાર (રાજકોટ ગ્રામ્ય): માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્ય સરકારે ૨૦૦૩-૨૦૦૪ વર્ષ દરમિયાન રૂપિયા ૧,૬૩,૪૦,૫૨૮.૮૯ પૈસાની એક્સ-રે ફિલ્મોની ખરીદી કરેલ જેમાં ગેરરીતિ થઈ છે જેના આધારે તપાસ શરૂ કરવામાં આવેલ છે. હાલ આ તપાસ કયા તબક્કા ઉપર છે. કોઈ અધિકારીની જવાબદારી નકકી કરવામાં આવી છે કે કેમ,

(૨) જો નિવૃત્ત થયા પછી ફોજદારી કેસ કરવાની વાત હોય તો આવા કેટલા કેસમાં ફોજદારી કરવામાં આવેલ છે, અને એ કેસો કેટલા વર્ષ સુધી ચાલેલ છે, અને

(૩) તપાસ પૂર્ણ કરવાની કોઈ નકકી સમયમર્યાદા હોય છે કે કેમ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૫-૨-૦૫) :

(૧) એક્સ-રે ફિલ્મોની ખરીદીમાં ગેરરીતિઓ થવા અંગેની પ્રાથમિક તપાસ ચાલુ છે. આથી જવાબદારી નક્કી કરી શકાયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) હા, જી.

------

## અમદાવાદ સિવિલ હોસ્પિટલની સફાઈ કરવા બાબત

અતારાંકિતઃ૨૮૪૪(૨૪-૧૨-૦૫) **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં સફાઈનું સ્તર તદ્દન કથળી ગયું છે, ગંદકી જામી ગઈ છે, બારીના છજાં પર, દિવાલપર પુષ્કળ મેડીકલ કચરો જામી ગયો છે. તે હકીક્ત સરકાર જાણે છે,

(૨) આ હોસ્પિટલને સ્વચ્છ રાખવાની જવાબદારી કોની છે, અને
(૩) આ હોસ્પિટલને કાયમી ધોરણે સ્વચ્છ રાખવા ઉચ્ચકક્ષાએ શું નવીન આયોજન કરવામાં આવ્યું છે?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૧-૨-૦૫) :
(૧) આ બાબત સાચી નથી સફાઈ નિયમિત કરવામાં આવે છે.
(૨) આ જવાબદારી સીનીયર સેનેટરી અધિક્ષકને સોંપવામાં આવેલ છે.
(૩) સ્વચ્છતા માટે ખાનગી કોન્ટ્રાકટ આપવામાં આવેલ છે.

------

**આયુર્વેદિક દવાના એકમો બંધ થવા બાબત**

અતારાંકિતઃ૨૮૪૬(૧૦-૧૨-૦૪) **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -
(૧) રાજ્યમાં કામ કરતાં આશરે ૭૦ આયુર્વેદિક દવાના એકમો ઓકટો-૨૦૦૪ની સ્થિતિએ બંધ પડી ગયા છે તે ગંભીર હકીક્ત સરકાર જાણે છે,
(૨) આટલી મોટી સંખ્યામાં ઉદ્યોગ બંધ પડી જવાના શા કારણો છે, અને
(૩) આ એકમો ફરી કામ કરતા થાય તે માટે સરકારે શી વ્યવસ્થા કરી છે?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૫-૨-૦૫) :
(૧) હા, જી.
(૨) કેન્દ્ર સરકારના ધારા હેઠળના શિડયુલ-ટી ની જોગવાઈ ન સંતોષતા હોવાથી કાયદાની જોગવાઈ મુજબની પૂર્તતા ન થાય ત્યાં સુધી ઉત્પાદન બંધ કરવાની નોટિસ આપવામાં આવેલ છે.
(૩) કુલ : **૫૫૮** એકમો પૈકી હાલ **૩૩૫** એકમો નિયમની જોગવાઈ સંતોષતા ન હતા તેઓને વિગતવાર સમજણ આપવામાં આવી છે આ એકમો જેમજેમ ધારાની જોગવાઈ પ્રમાણે પૂર્તતા કરશે તેમતેમ ઉત્પાદનની પરવાનગી આપવામાં આવશે.

------

**સિવિલ હોસ્પિટલ અમદાવાદનો બાયોમેડિકલ વેસ્ટ ખુલ્લામાં ફેંકવા બાબત**

અતારાંકિતઃ૨૮૪૮(૧૦-૧૨-૦૪) **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -
(૧) સિવિલ હોસ્પિટલ અમદાવાદના મેડીકલ સુપ્રીટેન્ડેટ તથા ચીફ મેટ્રનને જૈવીક કચરો (બાયોમેડીકલ વેસ્ટ)ને ખુલ્લામાં ફેંકી દેવા બદલ સપ્ટેમ્બર-૨૦૦૩માં શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી તે હકીક્ત સાચી છે,
(૨) આ કાર્યવાહી થયા પછી પણ હાલ આ હોસ્પિટલમાં જૈવીક કચરાનો યોગ્ય નિકાલ થતો નથી તે હકીક્ત સરકાર જાણે છે, અને
(૩) જો હા, તો સરકાર આ બાબતમાં શી કાર્યવાહી કરવા માંગે છે?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૨૭-૧-૦૫) :
(૧) ના, જી.
(૨) યોગ્ય નિકાલ થાય છે.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------

**રાજ્યની બ્લડ બેંકમાં એચઆઈવી-ટેસ્ટની વ્યવસ્થા**

અતારાંકિતઃ૨૮૫૦(૧૦-૧૨-૦૪) **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -
(૧) રાજ્યમાં હાલમાં નોંધાયેલી ૧૬૦ પૈકી ૮૮ બ્લડ બેંકમાં એચ.આઈ.વી. ટેસ્ટની વ્યવસ્થા નથી તે હકીક્ત સરકાર જાણે છે.
(૨) બ્લડ બેંકમાં એચ.આઈ.વી. ટેસ્ટની સુવિધા ફરજીયાત હોવા છતાં આ વ્યવસ્થા ન હોવાનાં શા કારણો છે,
(૩) આ સુવિધા વિનાની બ્લડ બેંકો કઈ કઈ છે, અને
(૪) આ બ્લડ બેંકોમાં આવી સુવિધા કયાં સુધીમાં ઉભી કરવામાં આવશે?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૪-૨-૦૫) :

(૧) રાજ્યમાં નોંધાયેલી તમામ ૧૬૨ બ્લડ બેંક પાસે એચ.આઈ.વી. ટેસ્ટની વ્યવસ્થા છે.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------

**અમદાવાદની સિવિલ હોસ્પિટલના બર્ન્સ વોર્ડમાં એરકન્ડીશન મશીન ચાલુ કરવા બાબત**

અતારાંકિત:૨૮૫૧(૮-૧૨-૨૦૦૪) **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર): માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧).તારીખ ૩૦-૧૧-૦૪ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં બર્ન્સ વોર્ડમાં એરકન્ડીશન મશીન છેલ્લા બે વર્ષથી બંધ છે તે હકીક્ત સાચી છે,
(૨).જો હા, તો દાઝેલા દર્દીઓ ભારે હાલાકી ભોગવી રહ્યા છે તે સરકાર જાણે છે, અને
(૩).આ મશીન હવે કયારે શરૂ થનાર છે?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૨૭-૧-૦૫) :

(૧) ના, જી.
(૨) મશીન તારીખ ૧૬-૧૧-૨૦૦૪થી બંધ છે, હાલ શિયાળાની સીઝન ચાલતી હોઈ દાઝેલા દર્દીઓને ભારે હાલાકી ભોગવવી પડે તેમ નથી,
(૩) હાલમાં મરામતનું કામ ચાલુ છે.

------

**અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ધંધાદારી લોહી વેચનારા ઈસમો**

અતારાંકિત:૨૮૫૩(૧૦-૧૨-૨૦૦૪) **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સિવિલ હોસ્પિટલ, અમદાવાદના ઝાંપા પાસે તથા હોસ્પિટલની આજુબાજુ ધંધાદારી લોહી વેચનારા ઈસમો ૩૦૦ રૂપિયામાં એક બોટલ લોહીનો વેપાર કરી રહ્યા છે તે ગંભીર હકીક્તથી સરકાર વાકેફ છે,
(૨) આ બાબતની ફરિયાદ સુપ્રી.ને કરવામાં આવી હોવા છતાં ગુન્હાહિતો માથાભારે હોવાથી તેની સામે પોલીસ ફરિયાદ કરવાનું ટાળવામાં આવે છે તે હકીક્ત સાચી છે,
(૩) આ ગુન્હાહિત વેપાર કરનારા ઈસમો કોણ કોણ છે, તેની સામે શાં પગલાં લેવાયા છે,
(૪) કેલેન્ડર વર્ષ ૨૦૦૩ અને ઓકટો-૨૦૦૪ સુધીમાં કેટલા ધંધાદારી ઈસમોને પકડી પાડવામાં આવ્યા, અને
(૫) સિવિલ હોસ્પિટલને ધંધાદારી ઈસમોથી મુક્ત કરવા શી વ્યવસ્થા થઈ છે?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૫-૨-૦૫) :

(૧) આવી કોઈ જ ફરિયાદ મળેલ નથી, પરંતુ વર્તમાન પત્રમાં પ્રસિદ્ધ થયેલ સમાચાર અન્વયે પોલીસ તપાસ કરવા સંબંધિત પોલીસ સ્ટેશનને જણાવેલ છે.
(૨) ના, જી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪) શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે આવા કોઈ ગુન્હા નોંધાયેલ નથી.
(૫) સિવિલ હોસ્પિટલની સલામતિ વ્યવસ્થા સંભાળતા જિલ્લા કમાન્ડન્ટશ્રી, હોમગાર્ડ તથા સ્થાનિક પોલીસને તકેદારી રાખવા તથા જરૂરી પગલાં લેવા સુચનાઓ આપેલ છે.

------

**રાજ્યમાં રકતદાન તથા ચક્ષુદાન યોજનાને પ્રોત્સાહન**

અતારાંકિત:૨૮૫૪(૨૪-૧૨-૨૦૦૪) **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં રક્તદાન તથા ચક્ષુદાનને પ્રોત્સાહન મળે તે માટે પ્રોત્સાહક યોજના રાજ્ય સરકારે શરૂ કરી છે તે હકીક્ત સાચી છે, અને
(૨) જો હા, તો આ પ્રોત્સાહક યોજનાનો અસરકારક અને વધુ સારી રીતે અમલ થાય તે માટે શું આયોજન કરવામાં આવ્યું છે?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૪-૨-૦૫) :

(૧) અંશતઃ હા, જી રક્તદાન પ્રવૃત્તિ માટે પ્રોત્સાહક યોજના છે જ્યારે ચક્ષુદાન માટે નથી.

(૨) રક્તદાન પ્રોત્સાહન માટે રાજ્યમાં ગુજરાત સ્ટેટ કાઉન્સીલ ઓફ બ્લડ ટ્રાસફયુઝન તંત્રની રચના કરેલ છે તે તંત્ર દ્વારા રક્તદાન પ્રવૃત્તિ કરતી માન્ય સ્વૈચ્છિક સંસ્થાઓને અનુદાન આપવામાં આવે છે. ચક્ષુદાન પ્રોત્સાહન માટે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------

## કચ્છ જિલ્લામાં કીડનીના રોગનું વધુ પ્રમાણ

અતારાંકિતઃ૨૮૮૭(૨૪-૧૨-૨૦૦૪) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લામાં સામાન્ય ધોરણ કરતા કીડનીના રોગનું પ્રમાણ પાંચથી આઠ ગણું જોવા મળ્યુ છે તથા અબડાસા/લખપત તાલુકામાં વિશેષ કેસો નોંધાયા છે તે ગંભીર હકીક્ત સરકાર જાણે છે,

(૨) કચ્છ જિલ્લામાં સ્ત્રીઓમાં ૨૦ ટકા તથા પુરૂષોમાં ૧૫ ટકા કીડનીના રોગનું પ્રમાણ નોંધાયુ છે તે હકીક્ત સરકાર જાણે છે,

(૩) આ સમસ્યા માટે સરકારે શું આયોજન કર્યું છે, અને

(૪) આ જવાબદારી કોને સોંપી છે?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૪-૨-૦૫) :

(૧) આ વાત સાચી નથી. કચ્છ જિલ્લામાં અન્ય જિલ્લાઓની જેમ જ કીડનીના રોગનું પ્રમાણ છે. અબડાસા/લખપત તાલુકામાં વિશેષ કેસો નોંધાયા છે તે વાત પણ ખરી નથી.

(૨) આ વાત ખરી નથી.

(૩) કચ્છ જિલ્લામાં તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં લેબોરેટરી તપાસ કરી તબીબી અધિકારીઓ દ્વારા પ્રાથમિક સારવાર આપવામાં આવે છે. આ માટે આઈ.પી.ડી.-આર.સી.એચ. તરફથી વધારાની સુવિધાઓ-સ્ટાફ, માળખાકીય સુવિધાઓ, દવાઓ તથા નાણાંકીય સવલતો પૂરી પાડવામાં આવે છે. જિલ્લાની મુખ્ય હોસ્પિટલમાં પૂર્ણકાલીન પેથોલોજીસ્ટ, પૂર્ણકાલીન ફીઝીશીયન અને પૂર્ણકાલીન સર્જનની સેવાઓ ઉપલબ્ધ હોઈ સમગ્ર જિલ્લામાંથી આવતા જટિલ કેસોની જિલ્લાની મુખ્ય હોસ્પિટલમાં લેબોરેટરી તપાસ, એકસરે, સોનોગ્રાફી વગેરે નિદાન કરી સારવાર આપવામાં આવે છે કીડનીના વધુ જટિલ કેસોને કીડની ઈન્સ્ટીટયુટ અમદાવાદ કે નડિયાદ ખાતે વધુ સારવાર માટે ખસેડવામાં આવે છે. આ માટે સરકારી ધારાધોરણ પ્રમાણે એમ્બ્યુલન્સની સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

(૪) કચ્છ જિલ્લા માટે આ જવાબદારી મુખ્ય જિલ્લા તબીબી અધિકારીસહ સિવિલ સર્જન-કચ્છ અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીને સોંપવામાં આવી છે. જેનું નિયંત્રણ વિભાગીય નાયબ નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ, રાજકોટ દ્વારા કરવામાં આવે છે.

------

## ભૂજની નર્સિંગ સ્કૂલ પુનઃ શરૂ કરવા બાબત

અતારાંકિતઃ૨૯૨૧(૭-૧-૨૦૦૫) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે : -

(૧) સને-૨૦૦૧ના ધરતીકંપને કારણે ભૂજની નર્સિંગ સ્કૂલની વિદ્યાર્થીનીઓને કામચલાઉ ધોરણે અન્યત્ર ખસેડાયેલ હતી તે હકીક્ત સાચી છે.

(૨) જો હા, તો ભૂજની અદ્યતન નવી હોસ્પિટલ શરૂ થઈ ગઈ હોવા છતાં નર્સીંગ સ્કૂલ પુનઃ શરૂ ન કરવાના શા કારણો છે, અને

(૩) આ નર્સિંગ સ્કૂલ પુનઃશરૂ કયારે થનાર છે?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૧-૨-૨૦૦૫) :

(૧) હા.

(૨) તારીખ ૧૮-૧૦-૨૦૦૪ થી ભૂજની જનરલ નર્સિંગ સ્કૂલ ન્યુ જી.કે. જનરલ હોસ્પિટલ કેમ્પસમાં શરૂ થઈ ગયેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------

**ભાવનગર ખાતે દુધાળા પ્રાણીઓને અપાતા ઓક્સિટોસીન ઈન્જેકશનોનો જથ્થો પકડવા અંગે**

અતારાંકિત:૨૯૩૭(૭-૧-૦૫) **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ (જૂનાગઢ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ભાવનગર ખાતે દુધાળા પ્રાણીઓને દુધ ખેંચવા માટે ગેરકાયદે વપરાતા હલકી ગુણવત્તાવાળા ૧,૮૦,૦૦૦ ઓક્સિટોસીન ઈન્જેકશનોનો મોટો જથ્થો ઓગષ્ટ-૨૦૦૪માં પકડી પાડવામાં આવ્યો હતો તે હકીકત સાચી છે,

(૨) આ ઈન્જેકશનોનો જથ્થો ક્યાંથી મેળવવામાં આવ્યો હતો અને તેના ગુનાહિતો સામે શી કાર્યવાહી કરવામાં આવેલ છે,

(૩) આવા હલકી ગુણવત્તાવાળા ઈન્જેકશનો વેચતા વેપારીઓ સામે શી કાર્યવાહી થઈ છે, અને

(૪) ઓક્સિટોસીનના ગેરકાનૂની વેપારને બંધ કરવા ઔષધ નિયંત્રણ નિયમન તંત્ર દ્વારા શી વ્યવસ્થા હાથ ધરવામાં આવી છે ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૫-૨-૨૦૦૫) :

(૧) હા, જી.

(૨) આ ઈન્જેકશનોનો જથ્થો ક્યાંથી મેળવવામાં આવેલ તેની કોઈ માહિતી મળી શકેલ નથી. પરંતુ જે જગ્યાએથી જથ્થો જપ્ત કરેલ તેની સામે નામદાર કોર્ટમાં કેસ દાખલ કરવા અંગેની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

(૩) આ કિસ્સામાં પરવાના ધરાવતા હોય તેવા દવાના કોઈ વેપારીઓ સંડોવાયેલ હોય તેવું માલુમ પડેલ નથી.

(૪) ઓક્સિટોસીન ઈન્જેકશનના ગેરકાનૂની વેપારને બંધ કરવા તંત્ર દ્વારા તમામ અધિકારીઓને સઘન તપાસ કરી જે કોઈ વ્યક્તિ આવુ વેચાણ કરતા કે કાર્યવાહી કરતા માલુમ પડે તો તેની સામે કાયદેસરના પગલાં લેવા માટે સૂચના આપવામાં આવેલ છે.

-----------------

**અમદાવાદ શહેરમાં એલ. પી. જી. થી ગેરકાયદેસર રીતે ચાલતા વાહનો**

અતારાંકિત:૨૮૩૩(૯-૧૨-૦૪) **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) અમદાવાદ શહેરમાં એલ. પી. જી. બોટલથી ગેરકાયદેસર રીતે ચાલતા કેટલાં વાહનો ઓકટોબર, ૦૪ની સ્થિતિએ એક વર્ષમાં પકડવામાં આવ્યા,

(૨) આવા વાહન ચાલકોને શી શિક્ષા કરવામાં આવી,

(૩) કેટલા વાહનો જપ્ત કરવામાં આવ્યા, અને

(૪) એલ. પી. જી. બોટલથી ચાલતા વાહનો સદંતર બંધ કરવા શી ઝુબેશ કરવામાં આવી છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** (૩૦-૧-૦૫) :

(૧) ૧૧૧

(૨) વાહન ચાલકોને રૂા.૧૫,૨૦૦/- અને માલિકોને રૂા.૧૭,૨૦૦/-ની રકમનો દંડ કરવામાં આવેલ છે.

(૩) ૪૩

(૪) વાહન વ્યવહાર તથા પોલીસ ખાતા દ્વારા ચેકીંગ કરવામાં આવે છે.

--------------

**મહાત્મા ગાંધીના વિચારના પ્રચાર પ્રસાર માટે કેદીઓની પરીક્ષા લેવા અંગે**

અતારાંકિત:૨૮૪૦(૯-૧૨-૦૪) **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) ૨૦૦૪ના વર્ષ દરમિયાન સાબરમતી જેલનાં કુલ ૬૩ કેદીઓ ગાંધી વિચાર પરીક્ષા આપી રહ્યાં છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો મહાત્મા ગાંધીના વિચારોના પ્રચાર પ્રસાર અર્થે રાજ્યની અન્ય જેલોમાં પણ આ પ્રકારની પરીક્ષા યોજવા/વ્યવસ્થા કરવા શી વિચારણા હાથ ધરવામાં આવી છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૪-૨-૦૫) :

(૧) ૨૦૦૪ના વર્ષ દરમિયાન તા. ૧૦-૧૦-૨૦૦૪ના રોજ ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્વારા સાબરમતી મધ્યસ્થ જેલમાં મહાત્મા ગાંધી વિચાર પરીક્ષાનું આયોજન કરેલ હતું. આ પરીક્ષામાં ૬૩ કેદી ભાઈઓએ ફોર્મ ભરેલ હતા. પરંતુ ખરેખર ૩૨-કેદીઓએ પરીક્ષા આપેલ હતી. અન્ય ૩૧-કેદીઓ રજા ઉપર હતા. પૂજ્ય મહાત્મા ગાંધીજીના વિચારોનું સિંચન તથા તેઓના જીવન

વિષેની જાણકારી સજા ભોગવતા કેદીઓને પ્રાપ્ત થાય તેવા આશયથી આ પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ છે.

(૨) આ પરીક્ષાઓ આ સંસ્થાઓ દ્વારા દર વર્ષે ગાંધી જયંતિ (૨ જી ઓકટોબર) ના રોજ પૂજ્ય ગાંધી જન્મની ઉજવણીના ભાગરૂપે યોજવામાં આવે છે જેથી આ હેતુ માટે અમદાવાદ મધ્યસ્થ જેલની જેમ રાજ્યની અન્ય મધ્યસ્થ અને જીલ્લા જેલોએ કેદીઓ માટે આ સંસ્થાના સહયોગથી આ પ્રકારની પરીક્ષાઓ યોજવા વિચારણા છે, જેથી આગામી ઓકટોબર માસમાં આયોજન હાથ ધરવામાં આવશે.

--------------

**રાજ્યમાં અપમૃત્યુના બનાવો**

અતારાંકિતઃ૨૮૯૯(૨૪-૧૨-૦૪) **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૧૮-૧૧-૦૪ સુધીમાં જિલ્લાવાર અપમૃત્યુના કેટલા બનાવો પોલીસ દફતરે નોંધવામાં આવ્યા, અને

(૨) સામૂહિક આત્મહત્યાના કેટલા બનાવો વર્ષવાર બન્યા ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૧-૨-૦૫) :

(૧) રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૧૮-૧૧-૦૪ સુધીમાં જિલ્લાવાર અપમૃત્યુના નીચે મુજબના બનાવો પોલીસ દફતરે નોંધવામાં આવ્યા છે.

| અ. નં. | શહેર/જીલ્લો | ૨૦૦૧ | ૨૦૦૨ | ૨૦૦૩ | ૨૦૦૪ ૧૮-૧૧-૦૪ |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૭૨૧ | ૬૬૫ | ૬૭૨ | ૬૮૭ |
| ૨ | રાજકોટ શહેર | ૭૫૬ | ૭૨૯ | ૭૭૭ | ૭૩૭ |
| ૩ | સુરત શહેર | ૩૩૧ | ૩૪૦ | ૩૨૭ | ૩૨૧ |
| ૪ | વડોદરા શહેર | ૫૫૭ | ૫૭૬ | ૫૧૯ | ૫૫૧ |
| ૫ | અમદાવાદ રૂરલ | ૨૯૭ | ૨૮૧ | ૨૮૨ | ૨૯૩ |
| ૬ | ખેડા | ૭૮ | ૭૪ | ૮૩ | ૮૧ |
| ૭ | આણંદ | ૧૬૯ | ૧૭૮ | ૧૬૬ | ૧૪૭ |
| ૮ | ગાંધીનગર | ૨૮૧ | ૨૬૯ | ૪૩૭ | ૩૮૩ |
| ૯ | સાબરકાંઠા | ૧૯૦ | ૨૦૪ | ૧૯૯ | ૧૮૯ |
| ૧૦ | મહેસાણા | ૧૨૫ | ૧૩૩ | ૧૧૦ | ૧૨૪ |
| ૧૧ | જામનગર | ૭૭૪ | ૭૮૦ | ૭૮૯ | ૭૩૩ |
| ૧૨ | રાજકોટ રૂરલ | ૮૫૭ | ૮૭૯ | ૯૩૫ | ૭૬૪ |
| ૧૩ | સુરેન્દ્રનગર | ૨૦ | ૨૪ | ૧૯ | ૧૯ |
| ૧૪ | બનાસકાંઠા | ૧૧૨ | ૧૩૬ | ૯૨ | ૯૫ |
| ૧૫ | કચ્છ ભૂજ | ૪૯૭ | ૫૦૮ | ૫૮૮ | ૪૮૭ |
| ૧૬ | પાટણ | ૫૮ | ૪૩ | ૪૫ | ૨૬ |
| ૧૭ | અમરેલી | ૨૯૮ | ૨૬૬ | ૨૭૪ | ૨૩૩ |
| ૧૮ | ભાવનગર | ૮૮૭ | ૮૭૮ | ૮૫૯ | ૭૪૨ |
| ૧૯ | જુનાગઢ | ૮૨૩ | ૭૭૧ | ૯૩૮ | ૮૨૫ |
| ૨૦ | પોરબંદર | ૨૪૮ | ૨૫૩ | ૨૪૭ | ૨૩ |
| ૨૧ | વડોદરા રૂરલ | ૩૨૧ | ૩૫૯ | ૩૬૯ | ૩૭૫ |
| ૨૨ | ભરૂચ | ૧૪૮ | ૧૧૭ | ૧૨૪ | ૧૦૧ |
| ૨૩ | નર્મદા | ૫૯ | ૫૫ | ૪૮ | ૪૧ |
| ૨૪ | ગોધરા | ૨૧૭ | ૨૨૫ | ૨૩૩ | ૨૪૮ |
| ૨૫ | દાહોદ | ૧૧૩ | ૯૨ | ૮૬ | ૯૬ |
| ૨૬ | સુરત રૂરલ | ૨૫૫ | ૨૮૬ | ૨૮૩ | ૨૬૬ |
| ૨૭ | વલસાડ | ૯૮ | ૯૨ | ૯૫ | ૧૦૦ |
| ૨૮ | નવસારી | ૬૪ | ૯૭ | ૯૪ | ૮૧ |
| ૨૯ | આહવા ડાંગ | ૧૩ | ૨૧ | ૨૦ | ૧૭ |
| ૩૦ | પશ્ચિમ રેલ્વે વડોદરા | ૧૧૧૮ | ૧૧૭૯ | ૧૨૧૨ | ૧૦૧૨ |
| | કુલ સરવાળો ... | ૧૦૪૮૫ | ૧૦૫૧૦ | ૧૦૯૨૨ | ૯૮૦૭ |

(૨) રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૧૮-૧૧-૦૪ની સ્થિતિએ જિલ્લાવાર સામુહિક અત્મહત્યાના નીચે મુજબના બનાવો પોલીસ દફતરે નોંધાયેલ છે.

| અ. નં. | શહેર/જીલ્લો | ૨૦૦૧ | ૨૦૦૨ | ૨૦૦૩ | ૨૦૦૪ ૧૮-૧૧-૦૪ |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૧ | ૩ | ૫ | ૪ |
| ૨ | રાજકોટ શહેર | ૧ | ૧ | ૧ | ૦ |
| ૩ | સુરત શહેર | ૦ | ૧ | ૧ | ૧ |
| ૪ | વડોદરા શહેર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | અમદાવાદ રૂરલ | ૧ | ૦ | ૩ | ૩ |
| ૬ | ખેડા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | આણંદ | ૧ | ૩ | ૦ | ૦ |
| ૮ | ગાંધીનગર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | સાબરકાંઠા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | મહેસાણા | ૦ | ૧ | ૧ | ૧ |
| ૧૧ | જામનગર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | રાજકોટ રૂરલ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૩ | સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | બનાસકાંઠા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૫ | કચ્છ ભૂજ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૬ | પાટણ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૭ | અમરેલી | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૮ | ભાવનગર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૯ | જુનાગઢ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૨૦ | પોરબંદર | ૧ | ૦ | ૦ | ૦ |
| ૨૧ | વડોદરા રૂરલ | ૧ | ૦ | ૩ | ૦ |
| ૨૨ | ભરૂચ | ૦ | ૦ | ૨ | ૧ |
| ૨૩ | નર્મદા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૪ | ગોધરા | ૨ | ૦ | ૨ | ૧ |
| ૨૫ | દાહોદ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૬ | સુરત રૂરલ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૭ | વલસાડ | ૦ | ૦ | ૧ | ૨ |
| ૨૮ | નવસારી | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૯ | આહવા ડાંગ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૦ | પશ્ચિમ રેલ્વે વડોદરા | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ સરવાળો ... | ૮ | ૯ | ૧૯ | ૧૫ |

--------------

**જૂનાગઢ શહેરના જાહેર માર્ગો ઉપર ફરતા પાગલોને માનસિક રોગની હોસ્પિટલમાં દાખલ કરવા બાબત**

**અતારાંકિતઃ૨૯૬૧(૧૨-૧-૦૫) શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ(જૂનાગઢ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -**

(૧) જૂનાગઢ શહેરમાં કેટલા પાગલો જાહેર રસ્તા પર નવેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ ફરી રહ્યા છે,

(૨) પાગલોને પોલીસ મારફતે માનસિક રોગોની હોસ્પિટલમાં દાખલ કરવા શી કાર્યવાહી થઈ છે, અને

(૩) શહેરના જાહેર માર્ગો ઉપર ફરતા તમામ પાગલોને કેટલા સમયમાં હોસ્પિટલમાં મુકવામાં આવનાર છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૫-૨-૨૦૦૫) :

(૧) જૂનાગઢ શહેરમાં નવેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ પાગલો જાહેર રસ્તા ઉપર ફરી રહ્યા અંગેની કોઈ હકીકત જાહેર ન હોઈ હકીકત નીલ છે,

(૨) હકીકત જાહેર થયેલ ન હોવાથી માનસિક રોગોની હોસ્પિટલમાં દાખલ કરવાની કાર્યવાહી થયેલ નથી.

(૩) પાગલો જાહેર માર્ગો ઉપર ફરી રહ્યા અંગેની હકીકત જાહેર થયેથી મેન્ટલ હેલ્થકેર એકટની જોગવાઈ મુજબ પગલાં લેવામાં આવશે.

----------------

**ભૂકંપગ્રસ્ત કચ્છ જિલ્લાના ઉદ્યોગોના પુનઃસ્થાપન માટેની લોન અને સબસીડી અંગે ફરિયાદો બાબત**

અતારાંકિતઃ૨૦૩૧(૧૯-૫-૨૦૦૪) **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -**

(૧) રાજ્યના ભુકંપગ્રસ્ત વિસ્તારનાં ઉદ્યોગોના પુનઃસ્થાપન પેકેજ અન્વયે કચ્છ જિલ્લામાં લોન અને સબસીડીની મંજૂરી અને નાણાકીય ફાળવણી સામે સંખ્યાબંધ ફરિયાદો મળેલ છે તે હકીકત સાચી છે,

(૨) કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલા એકમો/વ્યક્તિઓને આવા પેકેજનો લાભ મળ્યો, અને

(૩) લાભ લેનાર અસરગ્રસ્ત એકમો, વ્યકિતઓએ તા. ૩૧-૩-૨૦૦૪ સુધીમાં મળેલ લોન કે સબસીડીની વ્યવસ્થાને કારણે ઉદ્યોગોનું પુનઃસ્થાપન કરી કેટલું ઉત્પાદન કર્યું અને કેટલા લોકોને સીધી કે આડકતરી રોજગારી મળે છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** (૫-૨-૨૦૦૫) :

(૧) હા.

(૨) કચ્છ િજલ્લામાં તાલુકાવાર નીચે મુજબના એકમો/વ્યક્તિઓને ઉદ્યોગ અને ખાણ વિભાગના વિવિધ પેકેજોના લાભ મળેલ છે.

| ક્રમ | તાલુકો | ઉદ્યોગ પેકેજ હેઠળ લાભ મેળવેલ એકમોની સંખ્યા | કુટિર ઉદ્યોગના પેકેજ હેઠળ લાભ મેળવેલ વ્યક્તિઓની સંખ્યા | પ્રવાસન પેકેજ હેઠળ લાભ મેળવેલ એકમોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ભચાઉ | ૬૫ | ૬૫૯ | ૦૭ |
| ૨ | ગાંધીધામ | ૧૭૭ | ૧૮૧ | - |
| ૩ | ભૂજ | ૧૪૮ | ૭૩૪૯ | ૧૬ |
| ૪ | અંજાર | ૫૨ | ૧૦૩૩ | ૩૦ |
| ૫ | અબડાસા | ૦૫ | ૧૩૪૭ | - |
| ૬ | રાપર | ૦૪ | ૬૫૨ | ૦૧ |
| ૭ | નખત્રાણા | ૦૧ | ૭૫૦ | ૦૩ |
| ૮ | મુન્દ્રા | ૧૯ | ૬૫૦ | ૦૧ |
| ૯ | માંડવી | ૧૧ | ૬૫૩ | ૦૩ |
| ૧૦ | લખપત | - | ૮૫૩ | - |

(૩) **(અ) ઉદ્યોગ પેકેજ :-**

ભૂકંપ અસરગ્રસ્ત ઔદ્યોગિક એકમો પુનઃસ્થાપન કરી ઉત્પાદનમાં ગયેલ હોય તેવા ૪૮૨ એકમો છે.

રોજગારીની વિગત :-

સીધી રોજગારી ૭૦૩૬

આડકતરી રોજગાર ૩૫૧૮

કુલ : ૧૦૫૫૪

ઉત્પાદનની વર્ષવાર વિગત

૨૦૦૧-૨૦૦૨ રૂા. ૫૧૯૬૨.૬ લાખ

૨૦૦૨-૨૦૦૩ રૂા. ૭૨૩૯૫.૩ લાખ

૨૦૦૨-૨૦૦૪ રૂા. ૭૯૩૩૭.૧ લાખ

**(બ) કુટિર ઉદ્યોગો માટેનું પેકેજ :-**

કુટિર ઉદ્યોગ પેકેજ હેઠળના નાના પાયાના વેપાર, સેવા તથા કુટિર ઉદ્યોગોનો સમાવેશ થાય છે, આથી, તેના પુનઃસ્થાપન બાદ ઉત્પાદનની વિગતો મેળવવામાં આવતી નથી.

સદરહુ પેકેજનો લાભ કુલ ૧૪૧૨૭ વ્યક્તિઓને મળેલ છે અને કુલ ૨૮૨૫૪ વ્યક્તિઓને સીધી કે આડકતરી રીતે રોજગારી મળેલ છે.

**(ક) પ્રવાસન સહાયક પેકેજ :-**

કચ્છ જિલ્લાના કુલ ૬૧ પ્રવાસન એકમોને આ પેકેજનો લાભ મળેલ છે. ભૂકંપ સહાય મેળવ્યા બાદ તા. ૩૧-૩-૨૦૦૪ સુધીમાં ૪૯ પ્રવાસન એકમો કાર્યરત થઈ ગયેલ છે અને અંદાજે ૨૬૦ થી વધુ લોકોને સીધી કે આડકતરી રોજગારી મળે છે.

-----------------

## જામનગર શહેરમાં બ્રાસપાર્ટસ અને બ્રાસ ભઠ્ઠીના કારખાનાઓ અંગે

અતારાંકિત:૨૨૪૫(૨૮-૬-૦૫) **ડૉ. દિનેશ પરમાર (જામનગર (રુરલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર શહેરમાં તા. ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ કુલ કેટલા બ્રાસ પાર્ટસ, બ્રાસભઠ્ઠીના કારખાનાઓ નોંધાયેલા છે,

(૨) તે પૈકી કેટલા કારખાનાઓ કાર્યરત છે, અને કેટલા કારખાનાઓ બંધ પડ્યા છે,

(૩) આ કારખાનાઓ બંધ થવાના કારણો શા છે, અને

(૪) કારખાનાઓ પુનઃકાર્યરત થાય તે માટે સરકાર શું કરવા માગે છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** (૧-૨-૦૫) :

(૧) જામનગર શહેરમાં તા. ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ ૨૮૧૯ બ્રાસ પાર્ટસ, બ્રાસભઠ્ઠીના એકમો નોંધાયેલ છે,

(૨) બંધ એકમો માટે કોઈ અલગથી રજીસ્ટ્રેશન થતું નથી. પરંતુ સર્વે વખતે બંધ એકમની જાણ થાય છે. હાલ ૨૬૪૪ એકમો કાર્યરત જણાયા છે.

(૩) એકમો બંધ થવા માટેના કારણોમાં વૈશ્વિક હરીફાઈ, ઉંચા વીજદર, અનિયમિત પાવર પુરવઠો, મંદીના કારણે માલની ઓછી માંગ, કાચામાલની કિંમતમાં વધારો, સમયસર પેમેન્ટ ન થવું વગેરે ગણી શકાય.

(૪) રીઝર્વ બેન્કની ગાઈડ લાઈન મુજબ બંધ એકમો પૂન : કાર્યરત થાય તે માટેની યોજના નાણાંકીય ધિરાણ કરતી સંસ્થાઓ તથા સીડબી અમલ કરે છે. જેમાં પ્રોજેક્ટ રીવાઈવલ કરવા, લોનની પરત ચૂકવણીમાં હપ્તા કરવા, ચઢેલ વ્યાજમાં હપ્તા, વીજ બીલોની ચૂકવણી માટે ગાળો વધારવો, વર્કીંગ કેપીટલની નાણાંકીય સંસ્થા દ્વારા મદદ, બેન્ક ગેરંટી વિના મુલ્યે કરવી, વધારાની જમીન મોર્ગેજ કરવા મંજૂરી, આવી યોજના બાયફર અને જી બાયફરમાં સમાવેશ કરાયો છે.

--------------

## જામનગર શહેરમાં પ્લાસ્ટિક બટન બનાવવાના કારખાનાઓ અંગે

અતારાંકિત:૨૨૪૬(૨૮-૬-૦૫) **ડૉ. દિનેશ પરમાર (જામનગર (રુરલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર શહેરમાં તા. ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ કુલ કેટલા પ્લાસ્ટિક બટન બનાવાના કારખાનાઓ નોંધાયેલા છે,

(૨) તેમાંથી કેટલા કારખાનાઓ કાર્યરત છે, અને કેટલા કારખાનાઓ બંધ છે,

(૩) બંધ કારખાનાઓ બંધ થવાના કારણો શાં છે, અને

(૪) આ બંધ કારખાનાઓ પુનઃકાર્યરત થાય તે માટે સરકાર શી કાર્યવાહી કરવા માંગે છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** (૫-૨-૦૫) :

(૧) કુલ : ૨૨૮ એકમો.

(૨) ૨૦ એકમો કાર્યરત છે, જયારે ૨૦૮ એકમો બંધ છે. (તા. ૧-૧૦-૦૪ની સ્થિતિએ)

(૩) પ્લાસ્ટીક બટન બનાવવા વપરાતા કાચામાલ તરીકે એક્રેલીક સ્ક્રેપની આયાત પર્યાવરણની નીતિના કારણે બંધ થતાં, તેમાં ભાવ વધારો થવાથી તેમજ પોલીયેસ્ટર બટન બનાવતા મોટા એકમોએ આધુનિક મશીનરી સાથે ઉત્પાદન શરૂ કરતાં હરિફાઈમાં નાના એકમો બંધ થયાં, તે મુખ્ય કારણો છે.

(૪) આ માટે કોઈ ચોક્કસ યોજના નથી, પરંતુ ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક : બીએફઆર-એચપીસી-૧૦૨૦૦૩-૩૫૩૭-પી, તા. ૧૨-૫-૦૪થી માંદા ઔદ્યોગિક એકમોને પુનઃ સ્થાપિત કરવા માટે સહાય યોજનાનો લાભ આ એકમો લઈ પુનઃ કાર્યરત થઈ શકે છે.

--------------

## કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવતી લિગ્નાઈટ ખનિજની રોયલ્ટીના દર બાબત

અતારાંકિત:૨૬૬૯(૩-૯-૦૪) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) કેન્દ્ર સરકાર દ્વારા લિગ્નાઈટ ખનિજની રોયલ્ટી હાલમાં કયા દરે આપવામાં આવે છે,

(૨) સને ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ના વર્ષમાં તા.૩૧-૭-૦૪ સુધીમાં આવી રોયલ્ટી પેટે રાજ્ય સરકારને કેટલી રકમ ક્યારે મળી,

(૩) રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ આ રોયલ્ટીમાં વધારો કરવા કોઈ રજુઆતો કરી છે કે કેમ, અને

(૪) જો ના, તો કેમ નહીં ?

**મુખ્ય મંત્રીશ્રી (ખાણ અને ખનિજ) (૫-૨-૦૫)**

(૧) કેન્દ્ર સરકાર દ્વારા લિગ્નાઈટ ખનિજની રોયલ્ટીના દર નક્કી કરવામાં આવે છે, જે પ્રતિ મે. ટન રૂા. ૫૦.૦૦ છે.

(૨) લિગ્નાઈટ ખનિજની માઈનીંગ લીઝોના પટ્ટેદારો પાસેથી સને ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ના વર્ષમાં તા.૩૧-૭-૦૪ સુધીમાં રોયલ્ટી પેટે રાજ્ય સરકારને નીચેની વિગતે રકમ મળેલ છે.

| વર્ષ | રોયલ્ટી પેટે મળેલ રકમ (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૩-૦૪ | ૫,૩૬૧-૯૦ |
| ૨૦૦૪-૦૫ (૩૧.૭.૦૪ સુધી) | ૭૭૩-૩૭ |
| **કુલ.** | ૬,૧૩૫-૨૭ |

(૩) ના, જી.

(૪) લિગ્નાઈટ ખનિજની રોયલ્ટી છેલ્લે તા.૧૫-૩-૨૦૦૧ના રોજ નક્કી થયેલ હોઈ, એમ.એમ.ડી.આર એક્ટ, ૧૯૫૭ની જોગવાઈ અનુસાર લિગ્નાઈટ ખનિજની રોયલ્ટીમાં ત્યાર પછી રિવીઝન તા.૧૫-૩-૨૦૦૪માં ડ્યુ થયેલ હોઈ, તે પહેલા રજુઆતનો પ્રશ્ન ઉપસ્થિત થતો ન હતો. તેમજ કેન્દ્ર સરકાર દ્વારા લિગ્નાઈટ ખનિજના રોયલ્ટીના દરમાં વધારો કરવા અંગે સ્ટડી ગ્રુપનો અહેવાલ મેળવવામાં આવેલ છે, જે કેન્દ્ર સરકારની વિચારણા હેઠળ છે.

-------------

**ભુજ તાલુકામાંથી-ચાઈના ક્લે અને વ્હાઈટ ક્લે મળી આવવાની શક્યતા બાબત**

અતારાંકિતઃ૨૮૭૯(૯-૧૨-૦૪) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે -**

(૧) કચ્છ જિલ્લામાં ભુજ તાલુકાથી રાપર તાલુકાના ફતેહગઢ સુધીના ૩૦૦ ચો. કિ.મી.ના વિસ્તારમાં મોટા જથ્થામાં ચાઈના ક્લે અને વ્હાઈટ ક્લે મળી આવવાની ભુસ્તર વૈજ્ઞાનિકો દ્વારા શક્યતા દર્શાવવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ ખનિજોને જમીનમાંથી શોધી કાઢવા નવે-૨૦૦૪ સુધીમાં વિસ્તૃત સંશોધન શરુ કરવામાં આવ્યું છે તે હકીકત પણ સાચી છે, અને

(૩) જો હા, તો તેની શી વિગતો છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ખાણ અને ખનીજ) (૨૮-૧-૦૫)**

(૧) હા, જી.

(૨) હા, જી.

(૩) ખાતા દ્વારા વિસ્તૃત સંશોધન ૨૦૦૧-૦૨ અને ૨૦૦૨-૦૩ દરમ્યાન કુલ ૯૯.૭૪ ચો. કિ.મી. વિસ્તારના મોજે. મમુઆરા ધાણોટી, નાડાપા, ડગાળા, મોડસર મોખાણા તા. ભુજ, અંજારમાં કરાયેલ છે. જેમાં, ૬.૮૮.ચો.કિ.મી. વિસ્તારમાં અંદાજે ૨૦ લાખ મે. ટન ચાયના ક્લેનો જથ્થો પ્રાપ્ત થઈ શકે તેમ છે ૨૦૦૪-૦૫ની ક્ષેત્રીય મોસમમાં ભૂજ અને અંજારમાં તાલુકામાં એક પ્રાથમિક સંશોધન ટૂકડી અને ભૂજ જિલ્લામાં એક વિગતવાર સંશોધન ટુકડી દ્વારા ચાઈના ક્લે-વ્હાઈટ ક્લે ખનિજના સંશોધનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

------------

**મુન્દ્રા તાલુકાના ઝરપરા ગામની નાગમતિ નદીમાંથી થઈ રહેલ ગેરકાયદેસર રેતીનું વહન**

અતારાંકિતઃ૨૯૦૭(૨૯-૧૨-૦૪) **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ખાણ અને ખનીજ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લામાં મુન્દ્રા તાલુકાના ઝરપરા ગામની નાગમતિ નદીમાંથી ગેરકાયદેસર રીતે મોટા પાયે રેતી ઉપાડવામાં આવી રહી છે. તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ ગુન્હાહીત પ્રવૃતિ અટકાવવા તત્કાલ શાં પગલાં લેવાયાં છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ખાણ અને ખનીજ) (૫-૨-૦૫)**

(૧) કચ્છ જિલ્લાના મુન્દ્રા તાલુકાના ઝરપરા ગામની નાગમતિ નદીમાંથી ગેરકાયદેસર રીતે મોટા પાયે રેતી ઉપાડવામાં આવી રહી છે. તે હકીકત સાચી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રોજગાર અને તાલીમ કચેરી દ્વારા માલની ગુણવત્તાની ચકાસણી**

અતારાંકિત:૨૭૯૮(૪-૧૧-૦૪) **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રોજગાર અને તાલીમ નિયામકની કચેરી દ્વારા સને ૨૦૦૩-૦૪ના વર્ષમાં ટેન્ડર નોટીસ નં.૩ અન્વયે જે તે કંપનીના મંજુર થયેલ ટેન્ડર અન્વયે તે માલની ગુણવત્તાની ચકાસણી કરવામાં આવી હતી કે કેમ,

(૨) જો હા, તો આ ચકાસણી કોના કોના દ્વારા ક્યારે કરવામાં આવી,

(૩) હલકી કક્ષાની ગુણવત્તાવાળી વસ્તુઓ અંગે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) કઈ કઈ કંપનીઓ દ્વારા હલકા પ્રકારનો માલ પુરો પાડવામાં આવેલ હતો ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી (૪-૨-૦૫) :**

(૧) હા, જી.

(૨) માલની ગુણવત્તાની ચકાસણી રોજગાર અને તાલીમ નિયામકની કચેરીના સબંધિત અધિકારીશ્રીઓ/કર્મચારીઓ દ્વારા માલની ડીલીવરી સમયે કરવામાં આવેલ છે.

(૩) લાગુ પડતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રાજ્યમાં તળાવો ઊંડા કરવાની કામગીરી**

અતારાંકિત:૨૭૬૪(૧૪-૧૦-૦૪) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં તા.૩૦-૮-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કેટલા તળાવોને ઊંડા કરવાનું સરકારનું આયોજન હતું ?

(૨) આની સામે કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા,

(૩) કેટલા તળાવોને ઊંડા કરવાના બાકી છે, અને

(૪) આ તળાવોને ઊંડા કરાવવા માટે વર્ષવાર જિલ્લાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જળસંપત્તિ મંત્રીશ્રી (૨-૨-૦૫) :**

(૧) રાજ્યમાં તા.૩૦-૮-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જળસંપત્તિ વિભાગ દ્વારા ૨૪૧૯ તથા કૃષિ અને સહકાર વિભાગ દ્વારા ૪૪૦ એમ મળી કુલ ૨૮૫૯ તળાવો ઊંડા કરવાનું સરકારનું આયોજન હતું.

(૨) આની સામે જળસંપત્તિ વિભાગના ૮૨૩ તથા કૃષિ અને સહકાર વિભાગના ૪૨૫ એમ મળી કુલ ૧૨૪૮ તળાવો ઊંડા કરવામાં આવ્યા.

(૩) કુલ જળસંપત્તિ વિભાગના ૧૫૯૬ તથા કૃષિ અને સહકાર વિભાગના ૧૫ એમ મળી કુલ ૧૬૧૧ તળાવો ઊંડા કરવાના બાકી છે.

(૪) આ તળાવો ઊંડા કરવા માટે જળસંપતિ વિભાગ દ્વારા રૂા.૪૨૮૮.૭૯ લાખ તથા કૃષિ અને સહકાર વિભાગ દ્વારા રૂા.૧૩૬૦.૦૬ લાખ એમ મળી કુલ. રૂા. ૫૬૪૮.૮૫ લાખ જેટલો ખર્ચ કરવામાં આવ્યો.

**પત્રક-૧**

**રાજ્યમાં તળાવો ઊંડા કરવાની કામગીરી બાબત**

**(જળસંપત્તિ વિભાગની સંકલિત માહિતી દર્શાવતું પત્રક)**

| અનુ. નં. | જિલ્લો | પ્રશ્ન ક્રમાંક નં.૧ તા.૩૦-૮-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા તળાવો ઊંડા કરવાનું આયોજન હતું ? | પ્રશ્ન ક્રમાંક નં.૨ આની સામે કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા ? | પ્રશ્ન ક્રમાંક નં.૩ કેટલા તળાવોને ઊંડા કરવાના બાકી છે ? | પ્રશ્ન ક્રમાંક નં.૪ આ તળાવોને ઊંડા કરાવવા માટે વર્ષવાર જિલ્લાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | | | તળાવો ઊંડા કરવા પાછળ થયેલ કુલ ખર્ચ રૂા.લાખમાં. (કોલમ-૬,૭,૮નો સરવાળો) |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | વર્ષ ૨૦૦૨-૨૦૦૩ રૂા.લાખમાં | વર્ષ ૨૦૦૩-૨૦૦૪ રૂા.લાખમાં | વર્ષ ૨૦૦૪-૨૦૦૫ રૂા.લાખમાં | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | વલસાડ | ૩૯ | ૦૪ | ૩૫ | - | ૭.૬૫ | - | ૭.૬૫ |
| ૨ | ડાંગ | ૧૦ | - | ૧૦ | - | - | - | - |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ભરૂચ | ૨૦ | - | ૨૦ | - | - | - | - |
| ૪ | સુરત | ૫૧ | ૦૮ | ૪૩ | - | ૩૭ | - | ૩૭ |
| ૫ | નવસારી | ૪૩ | ૦૭ | ૩૬ | - | ૩૮ | - | ૩૮ |
| ૬ | ખેડા | ૧૬ | ૦૪ | ૧૨ | - | ૪.૨૭ | ૭.૦૩ | ૧૧.૩૦ |
| ૭ | આણંદ | ૦૭ | ૦૧ | ૦૬ | - | - | - | - |
| ૮ | રાજકોટ | ૪૬ | ૨૦ | ૨૬ | ૧૪.૯૧ | ૧૨.૫૮ | ૯.૭૫ | ૩૭.૨૪ |
| ૯ | વડોદરા | ૭૭ | ૫૨ | ૨૫ | ૭૩.૫૧ | ૭૨.૬૦ | - | ૧૪૬.૧૧ |
| ૧૦ | જુનાગઢ | ૩૪ | ૨૪ | ૧૦ | ૫૪.૫૨ | ૩૯.૦૬ | - | ૯૩.૫૮ |
| ૧૧ | પોરબંદર | ૫૬ | ૨૭ | ૨૯ | ૭૮.૨૧ | ૧.૮૪ | - | ૮૦.૦૫ |
| ૧૨ | ભાવનગર | ૧૬૨ | ૧૦૨ | ૬૦ | ૧૭૦.૧૮ | ૬૮.૮૭ | - | ૨૩૯.૦૫ |
| ૧૩ | અમદાવાદ | ૨૨૦ | ૧૧૩ | ૧૦૭ | ૧૧૧.૯૧ | ૧૫૯.૫૯ | ૬૭.૨૫ | ૩૩૮.૭૫ |
| ૧૪ | ગાંધીનગર | ૮૪ | ૨૧ | ૬૩ | ૧૦૪.૮૦ | ૬૭.૬૦ | ૬૨.૬૨ | ૨૩૫.૦૨ |
| ૧૫ | સાબરકાંઠા | ૪૪ | ૩૫ | ૦૯ | - | ૧૦૪ | ૨૭.૭૫ | ૧૩૧.૭૫ |
| ૧૬ | બનાસકાંઠા | ૪૪૬ | ૧૦૩ | ૩૪૩ | - | ૪૭૬.૪૩ | ૨૦૮.૫૭ | ૬૮૫ |
| ૧૭ | મહેસાણા | ૭૨૭ | ૨૧૦ | ૫૧૭ | ૭૬.૯૦ | ૯૦૮.૫૭ | ૫૩૬.૩૭ | ૧૫૨૧.૮૪ |
| ૧૮ | પાટણ | ૩૩૭ | ૯૨ | ૨૪૫ | - | ૩૨૯.૨૯ | ૩૫૭.૧૬ | ૬૮૬.૪૫ |
| ૧૯ | જામનગર | - | - | - | - | - | - | - |
| ૨૦ | સુરેન્દ્રનગર | - | - | - | - | - | - | - |
| ૨૧ | અમરેલી | - | - | - | | - | - | - |
| ૨૨ | કચ્છ | - | - | - | - | - | - | - |
| ૨૩ | પંચમહાલ | - | - | - | - | - | - | - |
| ૨૪ | દાહોદ | - | - | - | - | - | - | - |
| ૨૫ | નર્મદા | - | - | - | - | - | - | - |
| | **કુલ...** | **૨૪૧૯** | **૮૨૩** | **૧૫૯૬** | **૬૮૪.૯૪** | **૨૩૨૭.૩૫** | **૧૨૭૬.૫** | **૪૨૮૮.૭૯** |

**પત્રક-૨**

## રાજ્યમાં તળાવો ઊંડા કરવાની કામગીરી બાબત (કૃષિ અને સહકાર વિભાગની સંકલિત માહિતી દર્શાવતું પત્રક)

| અનુ. નં. | જિલ્લો | પ્રશ્ન ક્રમાંક નં.૧ તા.૩૦-૮-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા તળાવો ઊંડા કરવાનું આયોજન હતું ? | પ્રશ્ન ક્રમાંક નં.૨ આની સામે કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા ? | પ્રશ્ન ક્રમાંક નં.૩ કેટલા તળાવોને ઊંડા કરવાના બાકી છે ? | પ્રશ્ન ક્રમાંક નં.૪ આ તળાવોને ઊંડા કરાવવા માટે વર્ષવાર જિલ્લાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | | | તળાવો ઊંડા કરવા પાછળ થયેલ કુલ ખર્ચ રૂા.લાખમાં. (કોલમ-૬,૭,૮નો સરવાળો) |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | વર્ષ ૨૦૦૨-૨૦૦૩ રૂા.લાખમાં | વર્ષ ૨૦૦૩-૨૦૦૪ રૂા.લાખમાં | વર્ષ ૨૦૦૪-૨૦૦૫ રૂા.લાખમાં | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | વલસાડ | ૦૨ | ૦૨ | - | ૧.૯૯ | - | - | ૧.૯૯ |
| ૨ | ડાંગ | - | - | - | - | ૪.૫૮ | - | ૪.૫૮ |
| ૩ | ભરૂચ | ૦૩ | ૦૩ | - | ૩.૯૮ | ૧.૯૪ | - | ૫.૯૨ |
| ૪ | સુરત | ૦૩ | ૦૩ | - | ૫.૯૭ | - | - | ૫.૯૭ |
| ૫ | નવસારી | ૦૨ | ૦૩ | -૧ | ૫.૯૦ | - | - | ૫.૯૦ |
| ૬ | ખેડા | ૦૬ | ૧૭ | -૧૧ | ૫.૭૪ | ૨.૪૨ | - | ૮.૧૬ |
| ૭ | આણંદ | ૦૫ | ૦૬ | -૧ | ૯.૮૪ | ૧૪.૨૪ | - | ૨૪.૦૮ |
| ૮ | રાજકોટ | ૩૭ | ૪૫ | -૮ | ૪૬.૫૬ | ૭૫.૯૨ | - | ૧૨૨.૪૮ |
| ૯ | વડોદરા | ૦૭ | ૦૮ | -૧ | ૧૦.૮૦ | ૨.૮૮ | - | ૧૩.૬૮ |
| ૧૦ | જુનાગઢ | ૨૯ | ૩૩ | -૪ | ૧૬.૯૩ | ૭૧.૭૫ | - | ૮૮.૬૮ |
| ૧૧ | પોરબંદર | ૧૧ | ૦૪ | +૭ | ૮.૪૬ | - | - | ૮.૪૬ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૨ | ભાવનગર | ૩૫ | ૩૦ | +૫ | ૨૮.૫૮ | ૬૪.૪૯ | - | ૯૩.૦૭ |
| ૧૩ | અમદાવાદ | ૩૭ | ૨૮ | +૯ | ૩૮.૯૩ | ૩૩.૭૭ | - | ૭૨.૭૦ |
| ૧૪ | ગાંધીનગર | ૧૫ | ૧૪ | +૧ | ૧૦.૬૫ | ૩૫.૯૬ | - | ૪૬.૬૧ |
| ૧૫ | સાબરકાંઠા | ૨૭ | ૩૯ | -૧૨ | ૫૯.૬૪ | ૯૦.૮૦ | - | ૧૫૦.૪૪ |
| ૧૬ | બનાસકાંઠા | ૨૬ | ૨૪ | +૨ | ૧૯.૧૦ | ૭૬.૨૮ | - | ૯૫.૩૮ |
| ૧૭ | મહેસાણા | ૨૬ | ૧૭ | +૯ | ૧૫ | ૪૩.૫૬ | - | ૫૮.૫૬ |
| ૧૮ | પાટણ | ૨૫ | ૨૬ | -૧ | ૨૩.૯૪ | ૬૨.૧૫ | - | ૮૬.૦૯ |
| ૧૯ | જામનગર | ૨૯ | ૨૮ | +૧ | ૨૫.૪૭ | ૬૪.૦૯ | - | ૮૯.૫૬ |
| ૨૦ | સુરેન્દ્રનગર | ૩૫ | ૩૨ | +૩ | ૧૪૧.૩૭ | ૬૬.૯૭ | - | ૨૦૮.૩૪ |
| ૨૧ | અમરેલી | ૩૪ | ૧૮ | +૧૬ | ૨૪.૯૬ | ૨૮.૪૪ | - | ૫૩.૪૦ |
| ૨૨ | કચ્છ | ૩૩ | ૨૭ | +૬ | ૩૫.૦૫ | ૩૪.૫૩ | - | ૬૯.૫૮ |
| ૨૩ | પંચમહાલ | ૦૯ | ૧૬ | -૭ | ૯.૨૭ | ૩૦.૦૪ | - | ૩૯.૩૧ |
| ૨૪ | દાહોદ | ૦૧ | ૦૧ | - | - | ૩.૧૯ | - | ૩.૧૯ |
| ૨૫ | નર્મદા | ૦૩ | ૦૧ | +૨ | ૩.૯૩ | - | - | ૩.૯૩ |
| | **કુલ...** | **૪૪૦** | **૪૨૫** | **૧૫** | **૫૫૨.૦૬** | **૮૦૮.૦૦** | - | **૧૩૬૦.૦૬** |

------------------

**મહીસાગર નદી ઉપર આંકલાવ તાલુકાના ઉમેટા ગામ પાસે આડબંધ બાંધવા અંગે**

અતારાંકિત:૨૯૩૦(તા. ૭-૧-૦૫) **શ્રી અમીત ચાવડા (બોરસદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) મહીસાગર નદી ઉપર ઉમેટા તા. આંકલાવ જિ. આણંદ પાસે આડબંધનું કામ ચાલે છે.
(૨) જો હા, તો યોજનાનું એસ્ટીમેન્ટ કેટલું છે,
(૩) તા. ૩૦-૧૧-૨૦૦૪ સુધીમાં કેટલો ખર્ચ થયેલ છે,
(૪) આ યોજનાથી કયા વિસ્તારને લાભ થનાર છે,
(૫) આ યોજનાથી કાંઠાના સેંકડો ગામોના ભૂગર્ભ જળ અને જમીનમાં ખારાશ વધવાની સંભાવના છે, એ વાત સાચી છે, અને
(૬) જો હા, તો આ ગામોનું નુકશાન અટકાવવા સરકાર દ્વારા શાં પગલાં વિચારેલ છે?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૪-૨-૦૫) :

(૧) હા, જી.
(૨) રૂા. ૩૦.૫૪ કરોડ.
(૩) રૂા. ૬૬,૮૨,૮૬૧-૦૦.
(૪) વડોદરા જિલ્લો વડોદરા તાલુકાના છ ગામો.
આણંદ જિલ્લો આંકલાવ તાલુકાના સાત ગામો. કુલ : તેર ગામોને લાભ થનાર છે.
(૫) ના જી,
(૬) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------------

**આણંદ જિલ્લામાં કાંસના કામો**

અતારાંકિત:૨૯૭૯(૭-૧-૨૦૦૫) **શ્રી અમીત ચાવડા (બોરસદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૦-૧૧-૨૦૦૪ ની સ્થિતિએ કેટલા કિલોમીટરનો કાંસ આવેલ છે.
(૨) તા. ૩૦-૧૧-૨૦૦૪ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લામાં કાંસના કયા કામોમાં કેટલો ખર્ચ થયેલ છે, અને
(૩) હાલમાં કાંસ સફાઈ બાબતની કેટલી રજુઆતો પેન્ડીંગ છે?

**જળ સંપત્તિ મંત્રીશ્રી** (૪-૨-૨૦૦૫) :

(૧) ૧૦૪૩.૬૩ કિ.મી. નો કાંસ આવેલ છે.
(૨) વર્ષ ૨૦૦૨-૦૩ ૧૧.૨૧ લાખ
વર્ષ ૨૦૦૩-૦૪ ૮૩.૬૧ લાખ પત્રક સામેલ છે
વર્ષ ૨૦૦૪-૦૫ ૧૧.૨૪ લાખ.

(૩) આણંદ સિંચાઈ વિભાગ -૨૫
પેટલાદ સિંચાઈ વિભાગ -૨૯
કુલ : ૫૪

**(પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)**

---------------

**ધ્રાંગધા તાલુકાના કોંઢ ગામની ફાજલ જમીન**

અતારાંકિતઃ૨૫૯૪(૧૭-૮-૦૪) **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) મોજે કોંઢ તા. ધ્રાંગધા જિ. સુરેન્દ્રનગરમાં બસ્સો એકર જમીન ફાજલ છે તે શું સરકાર જાણે છે,
(૨) ડેપ્યુટી કલેકટરે તેમના પત્ર વશી નં. ૭/૨૦૦૪, તા. ૧૫-૭-૨૦૦૪ દ્વારા ફાજલ જમીન નથી તેમ દર્શાવેલ છે તે સાચુ છે,
(૩) સદર ફાજલ જમીન કોને-કોને કયા કયા હેતુઓ માટે ફાળવવામાં આવી છે, અને
(૪) જો ના, તો તેનો હાલમાં શો ઉપયોગ થાય છે?

**મહેસૂલ મંત્રીશ્રી** (૪-૨-૨૦૦૫) :

(૧) અને (૨) જુલાઈ-૨૦૦૪ની સ્થિતિએ તેમજ હાલમાં પણ આવી કોઈ જમીનો કોંઢ મુકામે ફાજલ નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

**રાજકોટ તાલુકા મામલતદાર દ્વારા સીમાંત ખેડૂતના દાખલા આપવામાં ગેરરીતિ**

અતારાંકિતઃ૨૭૯૨(૧-૧૧-૦૪) **શ્રી સિધ્ધાર્થ મા. પરમાર(રાજકોટ ગ્રામ્ય): માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજકોટ તાલુકા મામલતદાર દ્વારા સને-૨૦૦૦ થી ઓકટોબર-૨૦૦૪ સુધીમાં કુલ કેટલા સિમાન્ત ખેડૂતોના દાખલા આપવામાં આવેલ છે,
(૨) આ દાખલાઓમાં કોઈ ગેરરીતિઓ થયેલ છે? અને
(૩) જો હા, તો સંબંધિત મામલતદાર સામે શી કાર્યવાહી કરવામાં આવી છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૧-૨-૦૫) :

(૧) કુલ : ૧૧૩૪
(૨) આ બાબતે આસી. કલેકટરશ્રી, રાજકોટને તપાસ સોંપવામાં આવી છે.
(૩) હાલ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

**રાજ્યમાં નોંધાયેલ ખેડૂત ખાતેદારો**

અતારાંકિતઃ૨૮૭૬(૮-૧૨-૦૪) **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી): માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

રાજ્યમાં તા. ૩૦-૧૧-૨૦૦૪ની સ્થિતિએ જિલ્લાવાર કુલ કેટલા ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે?

**મહેસૂલ મંત્રીશ્રી** (૫-૨-૦૫) :

રાજ્યમાં તા. ૩૦-૧૧-૨૦૦૪ ની સ્થિતિએ જિલ્લાવાર આ સાથેના પત્રક મુજબ ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે.

**પત્રક**

| અ.નં. | જિલ્લાનું નામ | ખેડૂત ખાતેદારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૮૨૬૧૨ |
| ૨ | અમરેલી | ૨૩૬૨૫૧ |
| ૩ | આણંદ | ૧૮૦૫૩૮ |
| ૪ | બનાસકાંઠા | ૨૮૫૪૫૧ |
| ૫ | ભરૂચ | ૧૪૬૨૩૬ |
| ૬ | ભાવનગર | ૨૫૬૨૩૧ |
| ૭ | દાહોદ | ૧૭૪૭૪૮ |
| ૮ | ડાંગ-આહવા | ૧૨૭૧૨ |

| | | |
|---|---|---|
| ૯ | ગાંધીનગર | ૨૨૬૩૩૮ |
| ૧૦ | જામનગર | ૨૬૫૦૭૮ |
| ૧૧ | જૂનાગઢ | ૨૭૩૪૧૪ |
| ૧૨ | કચ્છ-ભૂજ | ૨૧૬૩૦૮ |
| ૧૩ | ખેડા | ૪૦૫૫૭૫ |
| ૧૪ | મહેસાણા | ૪૬૯૦૩૫ |
| ૧૫ | નર્મદા | ૫૪૦૧૬ |
| ૧૬ | નવસારી | ૩૫૦૯૦૨ |
| ૧૭ | પંચમહાલ | ૧૯૭૩૮૨ |
| ૧૮ | પાટણ | ૧૬૬૩૦૫ |
| ૧૯ | પોરબંદર | ૮૦૬૭૩ |
| ૨૦ | રાજકોટ | ૫૨૪૪૦૬ |
| ૨૧ | સાબરકાંઠા | ૩૦૦૭૬૩ |
| ૨૨ | સૂરત | ૨૮૧૭૪૦ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૨૨૭૦૧૬ |
| ૨૪ | વડોદરા | ૨૮૫૮૭૧ |
| ૨૫ | વલસાડ | ૧૪૦૨૩૨ |
| | કુલ : | ૬૦૩૯૮૩૩ |

-----------

## રાજ્યમાં વસૂલવામાં આવતું જમીન મહેસુલ કીરાયુ

અતારાંકિતઃ૨૮૭૭(૮-૧૨-૦૪) **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં નાણાકીય વર્ષ ૨૦૦૩-૦૪ માં જમીન મહેસુલ કિરાયુ વસુલવામાં આવતું હતું,

(૨) રાજ્યમાં નાણાકીય વર્ષ ૨૦૦૪-૦૫ માં જમીન મહેસુલ કિરાયુ (ફી) માં ભાવ વધારો કરવામાં આવ્યો છે કે કેમ, અને

(૩) જો હા, તો ભાવ વધારાથી રાજ્ય સરકારને નાણાકીય વર્ષવાર કેટલી આવક વધવાનો અંદાજ છે?

**મહેસૂલ મંત્રીશ્રી** (૨૮-૧-૦૫) :

(૧) રાજ્યમાં તા. ૧-૮-૯૭ થી ખેતીની જમીન ઉપરનું જમીન મહેસુલ વસુલ લેવાનું બંધ કરવામાં આવેલ હોઈ નાણાંકીય વર્ષ ૨૦૦૩-૦૪ માં તેને વસુલ લેવાનો પ્રશ્ન રહેતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------------

## દક્ષિણ ગુજરાતમાં વરસાદના પાણીથી તૂટી જતા રસ્તાઓ બાબત

અતારાંકિતઃ૨૦૫૩(૧-૫-૦૪) **શ્રી કરસનભાઈ ભી. પટેલ (ગણદેવી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) દક્ષિણ ગુજરાતમાં વરસાદનું પ્રમાણ ખૂબ હોવાથી અતિ ગુણવત્તાવાળા રસ્તા પણ તૂટી જાય છે, તે સરકાર જાણે છે,

(૨) જો હા, તો પાણીના નિકાલ માટે ડ્રેનેજ કે અન્ય કોઈ વ્યવસ્થા કરવા માંગો છો?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૫-૨-૦૫) :

(૧) અને (૨) અતિગુણવત્તા વાળી કામગીરી હોઈ પરંતુ અપૂરતી નાણાંકીય જોગવાઈના કારણે ડિઝાઈન મુજબની ક્રસ્ટ તથા ડ્રેનેજ વ્યવસ્થા ન હોઈ તે રસ્તાઓ તૂટી જાય છે, પરંતુ મર્યાદિત નાણા અને મોટી જરૂરીયાતના કારણે પૂરતી ક્રસ્ટ અને ડ્રેનેજની જોગવાઈ કરવી કાયમ શકય બનતું નથી.

----------------

**ઝઘડીયા અને વાલીયા તાલુકામાં રાજ્ય અને પંચાયત હસ્તકના રસ્તા**

અતારાંકિતઃ૨૦૮૫(૨-૭-૦૪) **શ્રી છોટુભાઈ અ. વસાવા (ઝગડિયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) મે. ૨૦૦૪ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં ઝઘડીયા અને વાલીયા તાલુકામાં રાજ્ય અને જિલ્લા પંચાયત હસ્તક કયા કયા રસ્તાઓ આવેલા છે,
(૨) આ રસ્તાઓ પર પુલો અને નાળા કેટલા આવેલા છે,
(૩) તે પૈકી કેટલા જર્જરીત હાલતમાં છે,
(૪) આ જર્જરીત હાલતમાં પુલો-નાળા સરકાર નવા બનાવવા કે રીપેર કરવા માગે છે કે કેમ, અને
(૫) જો હા, તો કેટલા સમયમાં?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૫-૨-૦૫) :

(૧) મે, ૨૦૦૪ ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં ઝઘડીયા અને વાલીયા તાલુકામાં આવેલ રાજ્ય વિભાગ હસ્તકના રસ્તાઓ પરિશિષ્ટ ૨ મુજબ તથા જિલ્લા પંચાયત હસ્તકના પરિશિષ્ટ ૧ મુજબ છે.
(૨) આ રસ્તાઓ પર કુલ ૪૧ પુલો અને ૧૦૮૦ નાળા આવેલા છે.
(૩), (૪) અને (૫) આ પુલો /નાળા વાહનવ્યવહાર લાયક છે.

**(પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)**

-----------

**જામનગર તાલુકાના સરમત ગામનો બિસ્માર એપ્રોચ રોડ**

અતારાંકિતઃ૨૩૬૧(૨-૭-૦૪) **ડૉ. દિનેશ પરમાર (જામનગર(રુરલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) મે, ૦૪ની સ્થિતિએ જામનગર તાલુકાના સરમત ગામનો એપ્રોચ રોડ સંપૂર્ણપણે બિસ્માર હાલતમાં છે તે સરકાર જાણે છે,
(૨) જો હા, તો તેને રીપેર નહી કરવાના કારણો શાં છે,
(૩) આ હાઈવેથી સરમત સુધીના રસ્તાને રીકાર્પેટ કરવાનો ખર્ચ કેટલો થનાર છે, અને
(૪) કેટલા સમયમાં આ રસ્તાનું કામ પૂરું કરવાનું આયોજન છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૫-૨-૦૫) :

(૧) રસ્તો વાહન વ્યવહાર યોગ્ય છે.
(૨) અને (૩) સદર રસ્તાનું ખાસ મરામતમાં કામ હાથ ધરી પૂર્ણ કરવામાં આવેલ છે, જેનો ખર્ચ રૂા. ૧૦.૧૫ લાખ.
(૫) કામ પૂર્ણ થયેલ છે.

----------------

**કરણજણ ઓવરબ્રીજનો પાંચમો ગાળો તૂટી જવા બાબત**

અતારાંકિતઃ૨૬૨૫(૩૧-૮-૦૪) **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કરજણ ઓવરબ્રીજનો પાંચમો ગાળો તૂટી પડેલ છે તે શું સરકાર જાણે છે,
(૨) અગાઉ આ બ્રીજના તકલાદીપણા માટેના અહેવાલોથી ઉહાપોહ થયો હતો તે સરકાર જાણે છે,
(૩) જો હા, તો એ અંગે સરકારે શી કાર્યવાહી કરી,
(૪) બાંધકામ કરનાર અને દેખરેખ રાખનાર અધિકારીઓને આ માટે જવાબદાર ઠેરવી કોઈ કાર્યવાહી કરવા માંગે છે કે કેમ, અને
(૫) જો હા, તો શી કાર્યવાહી કરવામાં આવી છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૫-૨-૦૫) :

(૧) હા, જી.
(૨) અને (૩) ના, જી.
(૪) અને (૫) હાલ ગુણવત્તા નિયમનની તપાસ ચાલુ છે, તેમનો નિર્ણય આવ્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

------

**રાજકોટ, કોટડા અને લોધીકા તાલુકામાં પંચાયત અને રાજ્ય હસ્તકના રોડના જોબનંબર**

અતારાંકિતઃ૨૬૯૮(૨૨-૯-૦૪) **શ્રી સિધ્ધાર્થ મા. પરમાર (રાજકોટ ગ્રામ્ય): માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજકોટ જિલ્લાના રાજકોટ, કોટડા અને લોધીકા તાલુકાઓમાં તા. ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચાયત અને રાજ્ય હસ્તકના કેટ કેટલા રોડ બનાવવા માટે જોબનંબર આપોલ છે, અને

(૨) જોબ નંબર આપેલ રોડની કામગીરી હાલ કયા તબક્કામાં છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૫-૨-૦૫) :

(૧) તા. ૩૧-૩-૨૦૦૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ફાળવેલ જોબનંબર

| તાલુકા | રાજ્ય | પંચાયત | કુલ |
|---|---|---|---|
| રાજકોટ | ૨ | ૨ | ૪ |
| કોટડા | ૧ | -- | ૧ |
| લોધિકા | ૨ | ૧ | ૩ |
| | ૫ | ૩ | ૮ |

(૨) ઉપરોક્ત ૮(આઠ) કામો પૈકી ચાર કામ પૂર્ણ ત્રણ કામ પ્રગતિમાં અને એક કામ અન્ય યોજનામાં પૂર્ણ કરેલ છે.

------

**ચોટીલાથી થાન તરફ જતા રસ્તા વચ્ચેનો પુલ તૂટવા બાબત**

અતારાંકિતઃ૨૬૯૯(૨૨-૯-૦૪) **શ્રી સિધ્ધાર્થ મા. પરમાર (રાજકોટ ગ્રામ્ય): માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલાથી થાન તરફ જતા રસ્તા વચ્ચે હાલ જે પુલ તૂટી ગયેલ છે તે પુલ કેટલા સમય પહેલા બનાવવામાં આવેલ હતો, અને

(૨) આ પુલ તૂટી જવાનું કારણ શું છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૫-૨-૦૫) :

(૧) આશરે ૨૯ વર્ષ પહેલાં બાંધવામાં આવેલ હતો.

(૨) આ પુલ ભૂકંપ દરમ્યાન નુકશાન થવા પામેલ હતો, પરિણામે નબળો પડી ગયો હતો જે મુખ્ય કારણ છે.

------

**હાલોલ તાલુકાના ધારીયાથી બાકરોલ સુધીના રોડનાં ગાબડાં પૂરવા બાબત**

અતારાંકિતઃ૨૭૨૨(૪-૧૦-૦૪) **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ધારીયા તા. હાલોલથી બાકરોલ તા. રાજગઢ શિવરાજપુર-મુવાડા રોડ ઉપર અતિવૃષ્ટિમાં પડેલા મોટાં ગાબડાં પુરાયાં નથી તે સરકાર જાણે છે, અને

(૨) તા. ૧૫-૯-૨૦૦૪ સુધી ગાબડાં પુરાયાં નથી તે તે અંગે સરકાર શાં પગલાં ભરવા માંગે છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૭-૧-૦૫)

(૧) અને (૨) ચોમાસા બાદ આ રસ્તાની મરામતની કામગીરી હાથ ધરી પૂર્ણ કરવામાં આવેલ છે.

------

**કેશોદ નગરપાલિકાને આપેલ જુદા જુદા પ્રકારની ગ્રાન્ટ**

અતારાંકિતઃ૨૫૫૯(૯-૮-૦૪) **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ): માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષ દરમ્યાન સરકારે કયા કયા હેતુ માટે કેશોદ નગરપાલિકાને કેટ કેટલી ગ્રાન્ટ ફાળવણી કરેલ છે, અને

(૨) તેમાંથી વર્ષવાર કેટ કેટલી ગ્રાન્ટનો ઉપયોગ થયો અને કેટલી ગ્રાન્ટ વણ વપરાયેલ રહી ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૧-૨-૦૫) :

(૧) છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષ દરમ્યાન સરકારે જુદા જુદા હેતુઓ માટે નીચે મુજબની ગ્રાન્ટ ફાળવણી કરેલ છે.

| અ.નં. | વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|---|
| ૧. | સને ૨૦૦૧-૨૦૦૨ | રૂા. ૨,૧૭,૪૭,૫૬૮/- |
| ૨. | સને ૨૦૦૨-૨૦૦૩ | રૂા. ૨,૧૫,૯૨,૭૦૪/- |

| | | |
|---|---|---|
| ૩. | સને ૨૦૦૩-૨૦૦૪ | રૂા. ૨,૩૫,૧૪,૧૫૬/- |
| | કુલ- | રૂા. ૬,૬૮,૫૪,૪૨૮/- |

(૨) છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષ દરમ્યાન જુદા જુદા હેતુ માટે નીચે મુજબ ગ્રાન્ટનો વપરાશ થયેલ છે.

| અ.નં. | વર્ષ | વપરાયેલ અનુદાન | વણ વપરાયેલ અનુદાન |
|---|---|---|---|
| ૧. | સને ૨૦૦૧-૨૦૦૨ | રૂા. ૨,૧૭,૪૭,૫૬૮/- | -- |
| ૨. | સને ૨૦૦૨-૨૦૦૩ | રૂા. ૨,૧૫,૧૬,૨૦૪/- | રૂા. ૭૬,૫૦૦/- |
| ૩. | સને ૨૦૦૩-૨૦૦૪ | રૂા. ૨,૨૭,૯૯,૫૧૯/- | રૂા. ૭,૧૪,૬૩૭/- |
| | કુલ- | રૂા. ૬,૬૦,૬૩,૨૯૧/- | રૂા. ૭,૯૧,૧૩૭/- |

(વિગતવાર પત્રક પૂરક માહિતી આ સાથે સામેલ રાખેલ છે.)

| | | વર્ષવાર ફાળવેલ ગ્રાન્ટની વિગત | | | વર્ષવાર વપરાયેલ ગ્રાન્ટની વિગત | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| અ.નં | યોજનાનું નામ | ૨૦૦૧-૨૦૦૨ | ૨૦૦૨-૨૦૦૩ | ૨૦૦૩-૨૦૦૪ | ૨૦૦૧-૨૦૦૨ | ૨૦૦૨-૨૦૦૩ | ૨૦૦૩-૨૦૦૪ | વણ વપરાયેલ અનુદાન |
| ૧. | એસ.જે.એસ.આર.વાય. | ૨,૩૩,૩૧૩.૦૦ | ૨,૧૭,૮૦૫.૦૦ | ૪,૨૪,૮૬૮.૦૦ | ૨,૩૩,૩૧૩.૦૦ | ૨,૧૭,૮૦૫.૦૦ | ૪,૨૪,૮૬૮.૦૦ | -- |
| ૨. | ૧૦મા, ૧૧મા નાણાપંચની ગ્રાન્ટ | ૨,૬૩,૦૦૦.૦૦ | ૧૩,૩૯,૭૦૦.૦૦ | ૮,૯૩,૧૦૦.૦૦ | ૨,૬૩,૦૦૦.૦૦ | ૧૩,૩૯,૭૦૦.૦૦ | ૮,૯૩,૧૦૦.૦૦ | -- |
| ૩. | વાજપાઈ નગર વિકાસ યોજના | ૪૩,૧૦,૨૬૩.૦૦ | ૨,૭૧,૮૭૮.૦૦ | ૯,૬૬,૬૮૦.૦૦ | ૪૩,૧૦,૨૬૩.૦૦ | ૨,૭૧,૮૭૮ | ૯,૬૬,૬૮૦.૦૦ | -- |
| ૪. | પ્રોત્સાહક ગ્રાન્ટ | ૫૯,૯૦૦.૦૦ | -- | -- | ૫૯,૯૦૦.૦૦ | -- | -- | -- |
| ૫. | પગારભથ્થા ગ્રાન્ટ | ૮,૩૨,૭૭૮.૦૦ | ૫,૨૬,૮૦૬.૦૦ | ૨૨,૮૨,૮૨૬.૦૦ | ૮,૩૨,૭૭૮.૦૦ | ૫,૨૬,૮૦૬.૦૦ | ૨૨,૮૨,૮૨૬.૦૦ | -- |
| ૬. | માર્ગ સુધારણા ગ્રાન્ટ | ૩૫,૭૧૫.૦૦ | ૩૫,૭૧૫.૦૦ | ૩૫,૭૧૫.૦૦ | ૩૫,૭૧૫.૦૦ | ૩૫,૭૧૫.૦૦ | ૩૫,૭૧૫.૦૦ | -- |
| ૭. | માથાદીઠ મૂળભૂત ગ્રાન્ટ | ૮૦,૦૯૦,૦૦ | -- | -- | ૮૦,૦૯૦,૦૦ | -- | -- | -- |
| ૮. | સ્વચ્છતા અને આરોગ્યની ગ્રાન્ટ | ૧,૦૦,૦૦૦.૦૦ | ૧,૦૦,૦૦૦.૦૦ | ૧,૫૦.૦૦૦.૦૦ | ૧,૦૦,૦૦૦.૦૦ | ૧,૦૦,૦૦૦.૦૦ | ૧,૫૦,૦૦૦.૦૦ | -- |
| ૯. | ઓક્ટ્રોય ગ્રાન્ટ | ૧,૫૮,૩૨,૫૦૯.૦૦ | ૧,૭૮,૨૪,૨૮૭.૦૦ | ૧,૭૨,૭૧,૮૨૮.૦૦ | ૧,૫૮,૩૨,૫૦૯.૦૦ | ૧,૭૮,૨૪,૨૮૭.૦૦ | ૧,૭૨,૭૧,૮૨૮.૦૦ | -- |
| ૧૦. | ચૂંટણી અનુદાન | -- | ૭૬,૫૦૦,૦૦ | -- | -- | -- | -- | ૭૬,૫૦૦,૦૦ |
| ૧૧. | મનોરંજન કર | -- | ૮,૮૭,૬૩૩.૦૦ | ૮,૯૧,૩૫૧.૦૦ | -- | ૮,૮૭,૬૩૩.૦૦ | ૪,૪૯,૪૦૩.૦૦ | ૪,૪૧,૯૪૮.૦૦ |
| ૧૨. | શહેરી ગરીબી યોજના | -- | ૩,૧૨,૩૮૦,૦૦ | ૩,૨૭,૩૮૦.૦૦ | -- | ૩,૧૨,૩૮૦,૦૦ | ૧,૬૫,૦૫૯.૦૦ | ૧,૬૨,૩૨૧.૦૦ |
| ૧૩. | વ્યવસાયવેરા ગ્રાન્ટ | -- | -- | ૧,૧૦,૩૬૮.૦૦ | -- | -- | -- | ૧,૧૦,૩૬૮.૦૦ |
| ૧૪. | કેબલ ટીવી. | -- | -- | ૧,૬૦,૦૪૦.૦૦ | -- | -- | ૧,૬૦,૦૪૦.૦૦ | -- |
| | કુલ- | ૨,૧૭,૪૭,૫૬૮.૦૦ | ૨,૧૫,૯૨,૭૦૪.૦૦ | ૨,૩૫,૧૪,૧૫૬.૦૦ | ૨,૧૭,૪૭,૫૬૮.૦૦ | ૨,૧૫,૧૬,૨૦૪.૦૦ | ૨,૨૭,૯૯,૫૧૯.૦૦ | ૭,૯૧,૧૩૭.૦૦ |

-----------------------

## રાજ્યમાં વીજ ઉત્પાદન અને ખાદ્ય

અતારાંકિત:૨૯૦૦(૨૪-૧૨-૦૪) **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

(૧) નાણાંકીય વર્ષ ૨૦૦૪-૦૫ માં નવેમ્બર. ૦૪ ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલી વીજળીનું ઉત્પાદન થયું,

(૨) તે અન્વયે વીજળીની કેટલી ખાદ્ય રહી છે. અને

(૩) આ ખાદ્ય પુરી કરવા સરકારે કેટકેટલી વીજળી કોની કોની પાસેથી શા શા ભાવે ખરીદેલ છે?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૨૭-૧-૦૫) :

(૧) કેન્દ્રીય હિસ્સા સહિત કુલ ૩૮૧૬૨.૫૭૭ મીલીયન યુનીટ.

(૨) આશરે ૧૯૦૦ મે. વોટ.

(૩) સરકારે નાણાંકીય વર્ષ ૨૦૦૪-૦૫માં નવે. ૦૪ સુધીમાં રાજ્યની જે તે સમયે જરૂરી વીજ માંગ સંતોષવા કેન્દ્રીય સાહસો તેમજ નિયત ખાનગી વીજ ઉત્પાદકો સિવાય અન્ય પાસેથી નીચે મુજબ વીજળી ખરીદેલ છે.

| એકમનું નામ | વીજ ખરીદી (મી. યુનીટસ) | વીજદર (યુનીટ દીઠ રૂપિયામાં) |
|---|---|---|
| પાવર ટ્રેડીંગ કોર્પો. ઓફ ઈન્ડિયા. | ૬૩૫.૯૨ | ૨.૨૪ |
| છત્તીસગઢ રાજ્ય વીજળી બોર્ડ. | ૯૦.૯૯ | ૨.૩૯ |
| એનવીવીએનએલ (એનટીપીસી) | ૯૦.૭૪ | ૨.૩૦ |
| કેપ્ટીવ વીજ ઉત્પાદકો | ૧૫૫.૧૯ | ૧.૮૯ |
| કુલ : | ૯૭૨.૮૪ | ૨.૨૦ |

------

## ગાંધીનગર શહેરમાં ઘરવપરાશ માટેના ગેસની પાઈપલાઈનની કામગીરી

અતારાંકિત:૨૯૦૫(૨૯-૧૨-૦૪) **શ્રી બેચરભાઇ વિ. ભાદાણી (લાઠી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

(૧) ગાંધીનગર શહેરમાં ઘરવપરાશના હેતુ માટે ગેસની પાઈપલાઈનની કામગીરી ચાલુ છે એ વાત સાચી છે,

(૨) જો હા, તો તેની વિગતો શું છે, અને

(૩) ગાંધીનગર શહેરને ઘરવપરાશના હેતુ માટે કયાં સુધીમાં ગેસ આપવાનું આયોજન છે?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૨૭-૧-૦૫) :

(૧) હા.

(૨) ગાંધીનગર શહેરમાં ગેસ વિતરણ માટે રાજ્ય સરકાર દ્વારા મે. ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. ને "ના વાંધા પ્રમાણપત્ર" આપવામાં આવેલ છે. સદરહુ કંપની ગાંધીનગર શહેરમાં ઘર વપરાશ માટે પાઈપલાઈન મારફત ગેસ વિતરણની કાર્યવાહી કરશે અને તે માટે સદરહુ કંપની દ્વારા પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલટન્ટની નિમણૂંક કરેલ છે, તેમજ ગેસ પાઈપલાઈન નાંખવા માટેના રૂટનાં ડીટેઈલ એન્જીનીયરીંગ સર્વેની કામગીરી ગતિમાં છે.

(૩) મે/જુન ૨૦૦૫ સુધીમાં ૧૦૦૦ ઘરના જોડાણ પૂર્ણ કરવાનું બી.પી.સી.એલ.નું આયોજન છે.

------

**<u>અતારાંકિત યાદીમાં સમાવેલ પ્રશ્નો અને તેના જવાબો</u>**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૨૩૩૩ | ૧ |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૨૮૨૪, ૨૮૨૫ | ૨ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૨૪૫૧,૨૫૯૮,૨૭૧૦,૨૭૫૨ | ૪ |
| ૪ | નાણા વિભાગ | ૨૦૫૨,૩૦૩૮ | ૨ |
| ૫ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૨૬૭૨ | ૧ |
| ૬ | વન અને પર્યાવરણ વિભાગ | ૨૮૯૮ | ૧ |
| ૭ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૨૬૯૭, ૨૮૪૪, ૨૮૪૬, ૨૮૪૮, ૨૮૫૦,૨૮૫૧, ૨૮૫૩, ૨૮૫૪, ૨૮૮૭, ૨૯૨૧, ૨૯૩૭ | ૧૧ |
| ૮ | ગૃહ વિભાગ | ૨૮૩૩, ૨૮૪૦, ૨૮૯૯, ૨૯૬૧ | ૪ |
| ૯ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૨૦૩૧, ૨૨૪૫, ૨૨૪૬, ૨૬૬૯, ૨૮૭૯, ૨૯૦૭ | ૬ |
| ૧૦ | શ્રમ અને રોજગાર વિભાગ | ૨૭૯૮ | ૧ |
| ૧૧ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૨૭૬૪, ૨૯૩૦, ૨૯૭૯ | ૩ |
| ૧૨ | મહેસૂલ વિભાગ | ૨૫૯૪, ૨૭૯૨, ૨૮૭૬, ૨૮૭૭ | ૪ |
| ૧૩ | માર્ગ અને મકાન વિભાગ | ૨૦૫૩, ૨૦૮૫, ૨૩૬૧, ૨૬૨૫, ૨૬૯૮, ૨૬૯૯, ૨૭૨૨ | ૭ |
| ૧૪ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૨૫૫૯ | ૧ |
| ૧૫ | ઉર્જા અને પેટ્રોકેમીકલ વિભાગ | ૨૯૦૦, ૨૯૦૫ | ૨ |
| | | કુલ : | ૫૦ |

-------

# અગિયારમી અતારાંકિત યાદી

**સુરેન્દ્રનગર જિલ્લામાં પશુ દવાખાના**

અતારાંકિત : ૨૧૪૯ (૨૨-૬-૨૦૦૪) **શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા (હળવદ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :**

(૧) તા. ૩૧-૩-૦૪ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં પશુઓ માટેના કેટલા દવાખાનાઓ હયાત છે,
(૨) કયા કયા તાલુકામાં કયા કયા ગામોમાં પશુ દવાખાનાના મકાનો સરકારના પોતાના છે કે ભાડાના છે, અને
(૩) નવા પશુ દવાખાનાઓ ખોલવા સરકારે કોઈ વિચારણા કરી છે કે કેમ ?

***પશુપાલન મંત્રીશ્રી (31-7-04)***

(૧) તા. ૩૧-૩-૦૪ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૨ પશુ દવાખાના તથા ૫ શાખા પશુદવાખાના મળી કુલ-૨૭ દવાખાના હયાત છે.
(૨) પત્રક આ સાથે સામેલ છે.
(૩) ચાલુ વર્ષે નવા પશુ દવાખાના શરૂ કરવાનું આયોજન કરેલ નથી.

**પત્રક**

| અ. નં. | તાલુકાનું નામ | પશુ દવાખાના | | શાખા પશુ દવાખાના | |
|---|---|---|---|---|---|
| | | સ્થળ | મકાનની વ્યવસ્થા | સ્થળ | મકાનની વ્યવસ્થા |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | વઢવાણ | રતનપર | મ્યુનિસિપાલીટીના મકાનમાં | - | - |
| | | ખોડુ | ગ્રામ પંચાયતના મકાનમાં | | |
| | | કોઠારીયા | રામરોટી આશ્રમના મકાનમાં | | |
| ૨ | લીંબડી | લીંબડી | સરકારી મકાનમાં | રાણાગઢ | ગ્રામ પંચાયતના મકાનમાં |
| | | હડાળા (ભા) | સરકારી મકાનમાં | પાણશીણા | ગ્રામ પંચાયતના મકાનમાં |
| ૩ | સાયલા | સાયલા | સરકારી મકાનમાં | | |
| | | ડોળીયા | સરકારી મકાનમાં | | |
| ૪ | ચોટીલા | ચોટીલા | સરકારી મકાનમાં | | |
| | | થાનગઢ | સરકારી મકાનમાં | | |
| | | આણંદપુર | ભાડાના મકાનમાં | | |
| ૫ | મૂળી | મૂળી | સરકારી મકાનમાં | સડલા | ગ્રામ પંચાયતના મકાનમાં |
| | | સરા | સરકારી મકાનમાં | | |
| ૬ | ધ્રાંગધ્રા | ધ્રાંગધ્રા | સરકારી મકાનમાં | | |
| | | રાજસીતાપુર | સરકારી મકાનમાં | | |
| ૭ | હળવદ | હળવદ | સરકારી મકાનમાં | માલણીયાદ | સરકારી મકાનમાં |
| | | ચરાડવા | સરકારી મકાનમાં | નવા દેવળીયા | સરકારી મકાનમાં |
| | | ટીકર (રણ) | સરકારી મકાનમાં | | |
| ૮ | પાટડી | પાટડી | દૂધ મંડળી મકાનમાં | | |
| | | બજાણા | સરકારી મકાનમાં | | |
| | | દસાડા | સરકારી મકાનમાં | | |
| ૯ | લખતર | લખતર | સરકારી મકાનમાં | | |
| ૧૦ | ચુડા | ચુડા | સરકારી મકાનમાં | | |

**રાજ્યમાં બી. ટી. કપાસનું બિયારણ નિષ્ફળ જવા અંગે**

અતારાંકિત : ૨૮૨૬ (૬-૧૨-૦૪) **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે **:**

(૧) રાજ્યમાં ૨૦૦૪ના વર્ષમાં બી. ટી. કપાસનું બિયારણ મોટા પાયે નિષ્ફળ જતા બી. ટી. કપાસની સાથે પરંપરાગત કપાસ પણ ઉગાડવા કૃષિ તજજ્ઞોએ સલાહ આપી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ નિષ્ણાત તજજ્ઞોના અભિપ્રાયનો અમલ કરવા સરકારે શી વ્યવસ્થા કરી છે ?

***કૃષિ મંત્રીશ્રી (3-2-05)***

(૧) ના, જી

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

**ભુજ તાલુકાના ચપરેડી ગામે જંતુનાશક દવાના વિકલ્પે ગૌમૂત્રનો ઉપયોગ**

અતારાંકિતઃ૨૮૮૪(૮-૧૨-૦૪) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) કચ્છ જિલ્લાના ભૂજ તાલુકાના ચપરેડી ગામમાં ખેતી માટે જંતુનાશક દવાના વિકલ્પે ઉપયોગમાં લેવા ગૌમૂત્રનું સ્ટોરેજ ટેન્ક ઉભું કરવામાં આવ્યું છે તે હકિકત સાચી છે.

(૨) જો હા, તો આ ગૌમૂત્રથી કૃષિક્ષેત્રે ક્રાંતિકારી સફળ પ્રયોગ કરી પરિણામલક્ષી ઉત્પાદનો મેળવાઈ રહ્યા છે તે હકિકત પણ સાચી છે, અને

(૩) આ પદ્ધતિનો રાજ્યમાં વ્યાપક ઉપયોગ થાય તે માટે ગુજરાત કૃષિ યુનિવર્સિટી મારફત સંશોધન કરવા સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને

(૪) જો હા, તો તેની શી વિગતો છે ?

***કૃષિ મંત્રીશ્રી (9-2-05)***

(૧) હા, જી.

(૨) ગૌમૂત્રની બનાવટોની અસરકારકતા ઓછી અને ધીમી જણાયેલ છે જેથી ક્રાંતિકારી સફળતા ગણી શકાય નહિ.

(૩) હા.

(૪) ગૌસેવા આયોગના નાણાંકીય સહાયથી તત્કાલિન ગુજરાત કૃષિ યુનિવર્સિટી દ્વારા ગૌમૂત્રને વિવિધ પાકની જીવાતોના નિયંત્રણ માટેના ઉપયોગ અંગે સંશોધન હાથ ધરેલ, જંતુનાશક દવાઓની સરખામણીમાં ગૌમૂત્રની બનાવટોની અસરકારકતા ઓછી અને ધીમી જણાયેલ. આ ઉપરાંત ગૌમૂત્ર અને તેની બનાવટો માટે જંતુનાશક દવાઓની સરખામણીમાં છંટકાવની સંખ્યા વધારે રાખવાની જરૂરિયાત જણાયેલ.

--------------

**રાજ્યમાં બી. ટી. કપાસનું બિયારણ નિષ્ફળ જવા અંગે**

અતારાંકિત : ૨૮૮૫ (૮-૧૨-૦૪) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે **:**

(૧) રાજ્યમાં ૨૦૦૪ના વર્ષમાં કચ્છ જિલ્લાને બાદ કરતા કપાસ ઉગાડતા ખેડૂતોનું બી. ટી. કપાસનું બિયારણ નિષ્ફળ ગયું છે, તે ગંભીર હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના શા કારણો છે, અને

(૩) આ બિયારણ વેચતી કંપની પાસેથી નુકસાની વસુલ કરવા સરકારે શી વ્યવસ્થા કરી છે ?

**કૃષિ મંત્રીશ્રી**

(૧) ના, જી

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ગાંધીનગર જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ**

અતારાંકિત:૨૫૨૧ (૯-૮-૦૪) **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) તા. ૩૦-૬-૦૪ની સ્થિતિએ ગાંધીનગર શહેર અને જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં કેટલા શિક્ષકોની ઘટ છે.

(૨) તે પૈકી કેટલા ફાજલ શિક્ષકોને નિમણુક આપી હાજર કરવામાં આવ્યા, અને

(૩) બાકી રહેલ ખાલી જગ્યાઓ સરકાર ક્યારે ભરવા માંગે છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૧-૨-૦૫)

(૧) તા. ૩૦-૬-૨૦૦૪ની સ્થિતિએ ગાંધીનગર શહેર અને જિલ્લામાં શિક્ષકોની ઘટ અંગે છેલ્લા ત્રણ વર્ષમાં નીચે દર્શાવ્યા મુજબની પરિસ્થિતિ છે.

| વિગત | માધ્યમિક | | | | ઉચ્ચતર માધ્યમિક | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૨૦૦૨ | ૨૦૦૩ | ૨૦૦૪ | કુલ | ૨૦૦૨ | ૨૦૦૩ | ૨૦૦૪ | કુલ | |
| ગાંધીનગર શહેર વિસ્તાર | - | - | ૫ | ૫ | - | ૨ | ૨ | ૪ | ૦૯ |
| ગાંધીનગર જિલ્લો (શહેર વિસ્તાર સિવાય) | ૨૩ | ૨૦ | ૨૮ | ૭૧ | ૫ | ૧૨ | ૩ | ૨૦ | ૯૧ |
| કુલ : | ૨૩ | ૨૦ | ૩૩ | ૭૬ | ૫ | ૧૪ | ૫ | ૨૪ | ૧૦૦ |

(૨)

| વિગત | માધ્યમિક | | | | ઉચ્ચતર માધ્યમિક | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૨૦૦૨ | ૨૦૦૩ | ૨૦૦૪ | કુલ | ૨૦૦૨ | ૨૦૦૩ | ૨૦૦૪ | કુલ | |
| ગાંધીનગર શહેર વિસ્તાર | - | - | - | - | - | - | - | - | - |
| ગાંધીનગર જિલ્લો (શહેર વિસ્તાર સિવાય) | ૨૩ | ૧૪ | - | ૩૭ | ૫ | ૬ | - | ૧૧ | ૪૮ |
| કુલ : | ૨૩ | ૧૪ | - | ૩૭ | ૫ | ૬ | - | ૧૧ | ૪૮ |

(૩) બાકી રહેલ ૫૨ (બાવન) જગ્યાઓ ભરવા રાજ્ય સરકારે એન.ઓ.સી. આપી છે, અને જગ્યા ભરવાની કાર્યવાહી ચાલુ છે.

---

**રાજ્યમાં કન્યા કેળવણી રથયાત્રા અને શાળા પ્રવેશોત્સવ અંગે મળેલ ફરિયાદો**

અતારાંકિત:૨૬૬૪ (૩-૯-૨૦૦૪) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) રાજ્ય સરકારને જુલાઈ-૦૪ ના અંત સુધીમાં કન્યા કેળવણી રથયાત્રા અને શાળા પ્રવેશોત્સવ-૨૦૦૪ અંગે કોઈ ફરિયાદો મળી છે કે કેમ?

(૨) જો હા, તો જિલ્લાવાર રાજ્ય સરકારે કયા કયા પગલાં લીધાં,

(૩) આવી ફરયિાદોના ભવિષ્યમાં નિવારણ માટે કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને

(૪) આ ફરિયાદો અંગે જવાબદાર અધિકારીઓ સાથે કોઈ પગલાં ભર્યાં કે કમ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૯-૧-૦૫)

(૧) હા, જી.

(૨) મહેસાણા **જિલ્લો :** એક કિસ્સામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેસુલ) મારફતે તપાસ કરાવેલ છે, તપાસ અહેવાલ અનુસાર આક્ષેપિત અધિકારીઓ સામેના આક્ષેપો સાબિત થતા નથી. તેવો અહેવાલ શિક્ષણ વિભાગને તા. ૧૮-૧-૦૫ થી મોકલેલ છે. બીજામાં કેળવણી નિરીક્ષકને વાર્ષિક ઈજાફો છ માસ સુધી બંધ કરવાની શિક્ષા કરેલ છે. તથા ત્રીજા કિસ્સામાં સી.આર.સી. કો. ઓર્ડિનેટરને તાકીદ આપેલ છે.

અમરેલી **જિલ્લો :** ચોથા કિસ્સામાં ધારી તાલુકામાં બી.આર.સી. કો. ઓર્ડિનેટર તરીકે ફરજ બજાવતા કર્મચારીને બી.આર.સી. કો. ઓર્ડિનેટરના હોદ્દા । ઉપરથી દૂર કરી બદલી કરેલ છે.

(૩) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓને કાર્યક્રમ અંગે જિલ્લામાં યોગ્ય તકેદારી રાખવા જણાવેલ છે.
(૪) ઉપર ખંડ-૨ માં આપેલ જવાબ મુજબ.

**--------------**

**ફાજલ શિક્ષકોની ઉચ્ચ અધિકારીઓ સામે ગેરશિસ્ત**

અતારાંકિત : ૨૮૬૮ (૮-૧૨-૦૪) **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) ફાજલ શિક્ષકોને અન્યત્ર સમાવવા માટે અમદાવાદ ખાતે તા. ૨૪-૯-૨૦૦૪નાં રોજ એક કેમ્પ યોજવામાં આવ્યો હતો તે હકીકત સાચી છે,
(૨) જો હા, તો આ કેમ્પમાં ફાજલ શિક્ષકોએ ભેગાં થઈને ડેપ્યુટી શિક્ષણ કમિશ્નર તથા જિલ્લા શિક્ષણ અધિકારીને સખત ઘેરાવ કરી સુત્રોચાર કર્યા હતાં તથા આ અધિકારીઓની ગાડીની બોનેટ પર ચઢી ગયા હતા તે હકીકત સરકાર જાણે છે,
(૩) આવી ગેરકાનૂની પ્રવૃત્તિ અને ગેરશિસ્ત કરનાર ફાજલ શિક્ષકો કોણ હતા, તેની સામે પોલીસ ફરિયાદ થઈ છે કે કેમ, અને
(૪) તેની સામે શા સખત શિક્ષાત્મક પગલાં લેવાયા છે ?

***શિક્ષણ મંત્રીશ્રી (11-2-05)***

(૧) હા જી,
(૨) હા જી,
(૩) શ્રીમતી સાધનાબેન દવે, ફાજલ શિક્ષક વ્ય. શિક્ષક (લઘુલાયકાત) ગણેશ વિદ્યાલય, નિકોલ, અમદાવાદ અને અન્ય ફાજલ કર્મચારીઓની સમુહની નેતાગીરી લીધેલ હતી. પોલીસ ફરિયાદ કરવામાં આવેલ નથી.
(૪) કર્મચારીને છાજે નહિ તેવું વર્તન કરેલ તે અંગે ધોરણસરની કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ છે.

**--------------**

**પંચમહાલ જિલ્લાના સુરા ગામે ચેકડેમ અને બોર પાઈપ લાઈનના કામમાં ભ્રષ્ટાચાર**

અતારાંકિત :૨૬૨૨ (૩-૯-૦૪) **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) : માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) પંચમહાલ જિલ્લાના સુરા ગામે ચેકડેમ અને બોર પાઈપ લાઈનના કામે ભ્રષ્ટાચાર થયેલો છે તે સરકાર જાણે છે,
(૨) રૂ ા. ૧૦ લાખમાં ફક્ત બોર પાઈપ લાઈન થયેલ છે તે સાચુ છે, અને
(૩) જો હા, તો તે અંગે સરકાર શું કરવા માગે છે ?

**વન મંત્રીશ્રી** (૭-૨-૦૫)

(૧) ભ્રષ્ટાચાર થયેલ હોવાનું જણાયેલ નથી.
(૨) ના જી
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**--------------**

**વડોદરા શહેરમાં તાંત્રિક વિધિ માટે ઘુવડનો બલી ચઢાવવા બાબત**

અતારાંકિત : ૨૮૭૨ (૨૪-૪-૨૦૦૪) **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) વડોદરા શહેરના નિઝામપુરા વિસ્તારમાં જુલાઈ, ૨૦૦૪માં તાંત્રિક વિવિધમાં બલી ચડાવવા પાંખ કપાયેલું તથા તારથી પગ બાંધી દેવાયેલું ઘુવડને એસ.પી.સી.એ. વડોદરાએ બચાવી લીધું હતું તે હકીકત સાચી છે,
(૨) આ ગન્હાહીત કામના આરોપી સામે શાં પગલાં લેવાયા છે, અને
(૩) તાંત્રિક વિધિમાં ઘુવડના બલી અટકાવવા શાં કડક પગલાં લેવાયા છે ?

**વન મંત્રીશ્રી** (૧૧-૨-૦૫)

(૧) વડોદરા શહેરના નિઝામપુરા વિસ્તારમાંથી ઘુવડ બિન વારસી હાલતમાં મળી આવેલ. આ કામે સઘસન તપાસ કર્યા બાદ કોઈ ગુન્હેગાર આરોપી મળી આવેલ નથી.
(૨) વડોદરા શહેરના નિઝામપુરા વિસ્તારમાંથી ઘુવડ બિન વારસી હાલતમાં મળી આવેલ. આ કામે સઘસન તપાસ કર્યા બાદ કોઈ ગુન્હેગાર આરોપી મળી આવેલ નથી.
(૩) આ બનાવ બાદ આ વિસ્તારમાં દેખરેખ ગોઠવી ક્ષેત્રિય સ્ટાફ દ્વારા અવાર-નવાર ફેરણું કરી તકેદારી રાખવામાં આવે છે.

**--------------**

**મેડીકલ અને ડેન્ટલની પ્રવેશ પરીક્ષા બાબત**

અતારાંકિત :૨૫૬૫ (૧૧-૯-૦૪) **શ્રી વેચાતભાઈ હ. બારિયા(પાવી-જેતપુર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** કૃપા કરશે કે :

(૧) તાજેતરમાં રાજ્યમાં મેડીકલ અને ડેન્ટલની પ્રવેશ પરીક્ષાની ઉત્તર વહીઓ અમદાવાદના બદલે વડોદરામાં અને અન્ય એજન્સી દ્વારા તેમજ પોલીસની હાજરીમાં તપાસવામાં આવી છે. તે બાબત સરકાર જાણે છે,
(૨) જો હા, તો આ કાર્યવાહી કાયદેસર અને સરકારની સુચના મુજબ કરવામાં આવેલ હતી કે કેમ,
(૩) જો ના, તો તેની તપાસ કરાવી સંબંધિત કોલેજો સામે સરકાર શાં પગલાં ભરવા માંગે છે, અને
(૪) આવી પ્રવેશ પરીક્ષા માટે કાયમી ધોરણો કેવા પ્રકારની વ્યવસ્થા કરવાનું આયોજન છે ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૯-૨-૦૫)

(૧) રાજ્યમાં સ્વર્નિભર મેડીકલ અને ડેન્ટલ પ્રવેશ પરીક્ષા જી.એસ.એફ. મેડીકલ અને પેરા મેડીકલ એસોસીએશને લીધેલ જેનું સુપરવીઝન જસ્ટીસ આર. જે. શાહ (નિવૃત્ત) કમીટીએ કરવાનું હતું
(૨) સરકારશ્રીએ આ બાબતે કોઈ સુચના આપવાની ન હતી.
(૩) આ બાબત જસ્ટીસ આર. જે. શાહ (નિવૃત્ત)ના કાર્યક્ષેત્રમાં આવતી હોવાથી સમિતિએ પગલાં લીધેલ છે.
(૪) બાબત નામદાર સુપ્રિમ કોર્ટમાં પડતર છે.

**--------------**

**અમદાવાદ સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં અપૂરતો સ્ટાફ**

અતારાંકિત : ૨૮૪૩ (૮-૧૨-૦૪) **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં અદ્યતન ટ્રોમાં સેન્ટરમાં અપૂરતો મેડીકલ અને પેરામેડીકલ સ્ટાફ છે તે હકીકત સરકાર જાણે છે,
(૨) ઓક્ટોબર-૨૦૦૪ની સ્થિતિએ કેટલો મેડીકલ અને પેરામેડીકલ સ્ટાફની જરૂર છે,
(૩) આ સ્ટાફનાં અભાવે ગરીબ દર્દીઓને આ અદ્યતન કેન્દ્રની સુવધિ I પ્રાપ્ત થઈ શકતી નથી તે હકીકત સરકાર જાણે છે, અને
(૪) આ સેન્ટરમાં અપૂરતા મેડીકલ અને પેરામેડીકલ સ્ટાફની વ્યવસ્થા ક્યારે થશે ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૯-૨-૦૫)

(૧) હા, જી
(૨) મેડીકલમાં - ૮૧, પેરા મેડીકલમાં - ૨૪
(૩) હાલમાં ઉપલબ્ધ સ્ટાફ પાસેથી સેવાઓ લઈ ગરીબ દર્દીઓને અદ્યતન કેન્દ્રની સુવિધા આપવામાં આવે છે.
(૪) સત્વરે.

**--------------**

**અમદાવાદ શહેરમાં શૈક્ષણિક સંસ્થા નજીક ગુટખાનું વેચાણ**

અતારાંકિત : ૨૮૫૬ (૧૦-૧૦-૦૪) **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) અમદાવાદ શહેરની કઈ કઈ શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ મીટર ત્રિજ્યામાં હાલ ગુટખાનું વેચાણ વર્તમાન સ્થિતિએ ચાલુ છે.
(૨) શૈક્ષણિક સંસ્થા ફરતે ગુટખા વેચાણ બંધ કરાવવા શાં પગલાં લેવાયા છે ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૩૧-૧-૦૫)

(૧) કેન્દ્ર સરકારના તા. ૧-૯-૨૦૦૪ની અધિસૂચના અનુસાર શૈક્ષણિક સંસ્થાની આજુબાજુના ૧૦૦ વારની ત્રિજ્યા સુધીના વિસ્તારમાં સિગારેટ તમાકુ ઉત્પાદનના વેચાણ પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે.

(૨) ખોરાક અને ઔષધ નિયમન તંત્ર હેઠળના ફ્લાઈંગે સ્કવોર્ડ દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારોમાં પી.એફ.એ. એક્ટ હેઠળ ખાદ્ય પદાર્થના નમુના લેવાની કામગીરી સાથે, તે રૂટ ઉપર આવતી શૈક્ષણિક સંસ્થાઓ ફરતે ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ગુટખા વેચાણ કરતા ફેરીયા જણાય તો તેમની પાસેના ગુટખાનાં પાઉચ-પેકીંગ જપ્ત કરી નાશ કરવામાં આવે છે, તેમજ શૈક્ષણિક સંસ્થાની ફરતે ૧૦૦ વારની ત્રિજ્યામાં ગુટખાનું વેચાણ નહિ કરવા તાકીદ કરવામાં આવે છે.

--------------

**અમદાવાદ શહેરમાં બી.આઈ.એસ.નાં માર્કા વિનાનાં વેચાતા પાણીના પાઉચ**

અતારાંકિત : ૨૮૫૯ (૮-૨-૦૪) **શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) અમદાવાદ શહેરમાં બી.આઈ.એસ. નાં માર્કા વિનાનાં પાણીના પાઉચ હાલ ખુલ્લેઆમ વેચાઈ રહ્યા છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આવા ગેર કાનૂની પાણીના પાઉચ વેચાતા અટકાવવા શી વ્યવસ્થા થઈ છે,

(૩) તે જવાબદારી કોને સોંપાઈ છે, અને

(૪) સપ્ટેમ્બર-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા પાઉચ જપ્ત થયા, કેટલા અને કયા કયા ઉત્પાદકો સામે શા પગલાં લેવાયા ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૩૧-૧-૦૫)

(૧) બી.આઈ.એસ. ફરજીયાત થયું ત્યારબાદ બી.આઈ.એસ. માર્કા વગરનાં પાણીના પાઉચ હાલમાં વેચાતા નથી.

(૨) હેલ્થ ફ્લાઈંગ સ્કવોર્ડ વિભાગ દ્વારા બી.આઈ.એસ.ના માર્કા વિનાના પાણીના પાઉચના વેચાણને અટકાવવા અવારનવાર પી.એફ.એ. એક્ટ હેઠળ નમુનાઓ લેવામાં આવે છે.

(૩) આ જવાબદારી હેલ્થ ફ્લાઈંગ સ્કવોર્ડ વિભાગને સોંપાઈ છે.

(૪) પાણીના પાઉચ પેકીંગ તથા મીનરલ વોટર પેકીંગ કરતાં ૧૯ ધંધાઓને સીલ મારવામાં આવેલ છે. લેવામાં આવેલ નમુના પૈકી ૧૮ નમુનામાં ગેરરીતિ જણાતા ઉત્પાદકો, વેચાણકારો સામે કોર્ટમાં કાર્યવાહી ચાલુ છે.

--------------

**પોરબંદરની ભાવસિંહ હોસ્પિટલમાં સર્પદંશ તથા ઝેરી દવા માટેનું વેન્ટીલેટર મશીન બંધ હોવા બાબત**

અતારાંકિત : ૨૮૬૧(૧૦-૧૨-૨૦૦૪) **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) પોરબંદરની ભાવસિંહજી હોસ્પિટલમાં સર્પદંશ તથા ઝેરી દવા પીનારા દર્દીને વેન્ટીલેટર નામના સાધનનો ઉપયોગ કરી શકનાર ટેકનીશીયન ઉપલબ્ધ ન હોવાથી બંધ હાલતમાં છે તે સરકાર જાણે છે,

(૨) જો હા, તો તેને કારણે દર્દીઓ ભારે હાલાકી અનુભવે છે અને કટોકટીમાં આવેલ દર્દી મોતને ભેટી રહ્યા છે તે બાબત પણ સરકાર જાણે છે, અને

(૩) જો હા, તો આ ટેકનીશીયનની જગ્યા ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૨૯-૧-૦૫)

(૧) ના જી, આ વેન્ટીલેટર મશીન ત્યાં મુકેલ બે એનેસ્થેટીસ્ટ દ્વારા ઉપયોગમાં લેવામાં આવેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

### રાજકોટ શહેરમાં એસ. ટી. સ્ટેન્ડ પાસે ઊભા રહેતા ખાનગી વાહનો ઉપર થયેલ કેસ

અતારાંકિત :૨૭૨૯(૧૪-૧૦-૦૪)**શ્રી સિધ્ધાર્થ મા. પરમાર (રાજકોટ ગ્રામ્ય) માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :

(૧) રાજકોટ શહેરમાં એસ. ટી. સ્ટેન્ડ પાસે ઊભા રહેતા ખાનગી વાહનો ઉપર છેલ્લા ૨ વર્ષમાં તા. ૩૦-૯-૦૪ની સ્થિતિએ કુલ કેટલા કેસ કરવામાં આવ્યા છે, અને

(૨) આવા નો-પાર્કિંગ ઝોન (એરીયા)માં કયા કયા પ્રકારના વાહન ચાલકો ઉપર કેસ કરવામાં આવ્યા છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૧૦-૨-૦૫)

(૧) ૩૭૨૫

(૨) લકઝરી, મીની બસ, મેટાડોર, જીપ કાર તથા અન્ય વાહનો.

--------------

### વડોદરા ખાતે પટવર્ધન એસ્ટ્રોલોજી દ્વારા ધી મેજીક રેમેડીઝ એક્ટના ભંગ બાબત

અતારાંકિત : ૨૮૩૬ (૯-૧૨-૦૪) **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :

(૧) ધી મેજીક રેમેડીઝ એક્ટની જોગવાઈ અનુસાર જાદુઈ ઈલાજ પર પ્રતિબંધ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો વડોદરા ખાતેના કોઠી ચાર રસ્તા પાસે રોગ અને તકલીફોનાં જાદુઈ ઈલાજ કરી આપતો ચમત્કારીત બોલતો પથ્થર-પટવર્ધન એસ્ટ્રોલોજી ઈન્સ્ટીટ્યુટ દ્વારા ઘણા વર્ષોથી વેચવામાં આવી રહ્યો છે તે હકીકત સરકાર જાણે છે,

(૩) જાહેર જનતા સાથે છેતરપીંડી કરતાં આ ગુન્હાહીત ઈસમો કોણ કોણ છે,

(૪) તેની ધરપકડ કરી શી શિક્ષા થઈ છે, અને

(૫) આ ગુન્હાહીત સંસ્થાને ચલાવી લેવા બદલ કોને જવાબદાર ગણી શી શિક્ષા થઈ છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૧૧-૨-૦૫)

(૧) ધારામાં સમાવિષ્ટ રોગોનો જાદૂઈ ઈલાજ કરવા પર પ્રતિબંધ છે.

(૨) ના, બોલતો પથ્થર દ્વારા રોગના જાદુઈ ઈલાજનો દાવો કરવામાં આવતો નથી. વિવિધ ગ્રહોના પથ્થર વેચવામાં આવે છે અને તેથી ઔષધ અને જાદૂઈ ઈલાજો (વાંધાજનક જાહેરાતો)નો ધારો ૧૯૫૪ની કોઈપણ જોગવાઈનો ભંગ થતો જણાયેલ નથી.

(૩) લાગુ પડતું નથી.

(૪) લાગુ પડતું નથી.

(૫) લાગુ પડતું નથી

--------------

### રાજ્યની મધ્યસ્થ જેલોમાં આજીવન કેદની સજા પૂરી થયેલા કેદીઓ જેલમાં રાખવા બાબત

અતારાંકિત : ૨૮૩૯ (૯-૧૨-૦૪) **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :

(૧) રાજ્યની મધ્યસ્થ જેલોમાં ચૌદ વર્ષ પૂરા વીતાવ્યા પછી પણ સંખ્યાબંધ આજીવન કેદીઓને જેલમાં ચાલુ રાખવામાં આવ્યા છે, જે ફરિયાદ સરકાર જાણે છે,

(૨) ઓક્ટોબર, ૦૪ની સ્થિતિએ આવાં કેટલાં કેદીઓ કઈ કઈ જેલોમાં ચાલુ છે,

(૩) આવા કેદીઓને મુક્ત ન કરવા બદલ કોને જવાબદાર ગણી શી શિક્ષા થઈ છે, અને

(૪) હવે પછી આ બાબતમાં શી પાક્કી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૫-૨-૦૫)

(૧) ચૌદ વર્ષની સજા પૂરી થયેલા આવા માત્ર બે કેદીઓ છે, જે સરકારની જાણમાં છે.

(૨) ઓક્ટોબર-૨૦૦૪ની સ્થિતિએ અમદાવાદ મધ્યસ્થ જેલમાં ૧(એક) અને વડોદરા મધ્યસ્થ જેલે ૧ (એક) એમ આવા કુલ બે કેદીઓ હતા. તે પૈકી તા. ૪-૧-૦૫ના રોજ એક કેદી મુક્ત થયા છે.

(૩) ગુનાની ગંભીરતા ધ્યાને લેતાં મુક્ત કરેલ ન હોઈ કોઈને શિક્ષા કરવાનો પ્રશ્ન નથી.

(૪) આજીવન કેદીઓ કોરા-૧૪ વર્ષ પૂરા કરે તેની ૬ મહિના પહેલાં જેલ સલાહકાર સમિતિની બેઠક યોજી સંબંધિતોનાં અભિપ્રાયો સાથેની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા અને મંજૂરી માટે વેળાસર મોકલવાની સૂચનાઓ બધી જેલોને આપેલ છે. તે પ્રમાણેની વ્યવસ્થા બરાબર છે.

## સાબરકાંઠા જિલ્લામાં પકડાયેલો દારૂ અને દારૂના અડ્ડા

અતારાંકિત : ૩૦૧૭ (૨૭-૧-૦૫) **શ્રી દિપસિંહ શં. રાઠોડ (પ્રાંતિજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :

(૧) સાબરકાંઠા જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૦૩ અને ૨૦૦૪માં કેટલો દારૂનો જથ્થો કયા વાહનોમાં પકડાયો, અને

(૨) જિલ્લાનાં કુલ કેટલા ગામોમાં દારૂના અડ્ડા પકડાયા અન તેમાં કયા કયા આરોપીઓ પકડાયા ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૨૫-૨-૦૫)

(૧)

| વર્ષ | વિદેશી દારૂ | | દેશી દારૂ | |
|---|---|---|---|---|
| | જથ્થો (બોટલમાં) | કિંમત રૂા. | જથ્થો (લીટરમાં) | કિંમત રૂ ા. |
| ૨૦૦૩ | ૯૦,૫૩૧ | ૨,૬૧,૭૭,૮૧૮/- | ૨૨,૨૦૯ | ૪,૪૨,૭૪૦/- |
| ૨૦૦૪ | ૬૦,૨૨૬ | ૧,૮૬,૩૬,૦૯૬/- | ૧૮,૮૬૦ | ૩,૭૭,૫૪૦/- |

ડર, ફીયાટ વગેરે જેવા કુલ ૧૭૭ વાહનોમાં તથા ૨૦૦૪ના વર્ષમાં સ્કુટર, મોટરસાયકલ, રીક્ષા, ટ્રક, ટેમ્પો, જીપ, મારૂતિ, એમ્બેસેડર, ફીયાટ, ટાટાસુમો વગેરે જેવા કુલ ૧૮૨ વાહનોમાં પકડાયેલ છે.

ઉક્ત જથ્થો ૨૦૦૩ના વર્ષમાં સ્કુટર, મોટરસાયકલ, રીક્ષા, ટ્રક, ટેમ્પો, જીપ, મારૂતિ, એમ્બેસે

(૨) સાબરકાંઠા જિલ્લાના ગામોમાં કોઈ દારૂના અડ્ડા આવેલ નથી. પરંતુ ચોરી છુપીથી દારૂની ગેરકાયદેસર પ્રવૃતિ કરતાં ઈસમો પર નશાબંધી/પોલીસ ખાતાએ પ્રોહીબીશન અંગે રેઈડો કરી, ૨૦૦૩ના વર્ષમાં નશાબંધી ખાતાએ ૧૧૦ ગામોમાંથી ૧૩૫૯ કેસો શોધી, ૧૪૫૫ આરોપીઓને પકડેલ છે, જ્યારે પોલીસ ખાતાએ ૭૧૫ ગામોમાંથી ૨૪૦૭ કેસો શોધી, ૩૨૮૫ આરોપીઓને પકડેલ છે, ૨૦૦૪ના વર્ષમાં નશાબંધી ખાતાએ ૧૫૫ ગામોમાંથી ૧૬૫૯ કેસો શોધી, ૧૭૧૨ આરોપીઓને પકડેલ છે, જ્યારે પોલીસ ખાતાએ ૯૧૧ ગામોમાંથી ૨૩૯૯ કેસો શોધી, ૩૩૧૨ આરોપીઓને પકડેલ છે.

--------------

## સાબરકાંઠા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા બેન્કોને મોકલવામાં આવેલ લોન કેસો બાબત

અતારાંકિત :૨૦૭૨ (૨૫-૬-૦૪) **શ્રી રણજિતસિંહ ન. ચાવડા (હિંમતનગર): માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) સાબરકાંઠા ખાતેના જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાંથી સને ૨૦૦૨-૨૦૦૩ અને મે-૨૦૦૪ની સ્થિતિએ, જુદા જુદા કેટલા કેસોની બેન્કોમાં ભલામણ કરવામાં આવી.

(૨) તે પૈકી કેટલા લોન કેસો મંજુર કરીને લોન રીલીઝ કરવામાં આવી.

(૩) લોન રીલીઝ કરેલ કેસો પૈકી કેટલા કેસોમાં સબસીડી ચુકવવાની બાકીમાં છે, અને

(૪) કુલ રકમ બેન્કમાં કેટલી બાકી થવા જાય છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** : (૧૧-૨-૦૫)

પ્રશ્ન ખંડ (૧) અને (૨)ની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | ભલામણ કરેલ કેસો | તે પૈકી લોન મંજુર કરેલ કેસો | તે પૈકી લોન રીલીઝ કરેલ કેસો |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૨-૦૩ | ૧૫૨૨ | ૯૩૦ | ૭૩૬ |
| ૨ | ૨૦૦૩-૦૪ | ૨૧૦૭ | ૧૧૨૭ | ૧૦૧૧ |
| | ૨૦૦૪-૦૫ (મે-૦૪ની સ્થિતિએ) | ૪૧૫ | ૪૫ | ૩૨ |

(૩) કુલ ૪૧૧ કેસોમાં,

(૪) લોન મંજુર કરતી બેન્કો, આ માહિતી જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને રજુ કરતી નથી.

## આદીત્યાણા વિસ્તારનો વિશિષ્ટ ચોકમાટી ઉદ્યોગના વિકાસ બાબત

અતારાંકિત :૨૮૭૮ (૯-૧૨-૦૪) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે :

(૧) પોરબંદર જિલ્લાના આદીત્યાણા વિસ્તારમાં ગુજરાતનો વિશિષ્ટ ચોકમાટી ઉદ્યોગ હાલમાં મૃતપાય અવસ્થામાં આવી પડેલ છે તે ગંભીર ફરિયાદથી સરકાર વાકેફ છે.
(૨) જો હા, તો તેના શા શા કારણો છે, અને
અતારાંકિત : ૨૮૦૭ (૯-૧૧-૦૪) **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) તા. ૩૧-૧૦-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા રસ્તાના જોબનંબર આપવામાં આવ્યા, અને
(૨) કેટલા કામો ચાલુ થયા છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૦-૨-૦૫)

(૧) પત્રક મુજબ ૬૭ કામોના જોબનંબર આપવામાં આવ્યા.
(૨) ૫૮ (અઠ્ઠાવન) કામો ચાલુ થયા છે.

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૩૧-૧૦-૦૪ની સ્થિતિએ રસ્તાના જોબનંબરની સંખ્યા | | | તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ ચાલુ કામોની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | રાજ્ય | પંચાયત | કુલ | રાજ્ય | પંચાયત | કુલ |
| ૧ | ભાવનગર | ૬ | ૫ | ૧૧ | ૪ | | |
| ૨ | સિહોર | ૧ | ૨ | ૩ | ૧ | | |
| ૩ | ઉમરાળા | ૩ | ૨ | ૫ | ૨ | | |
| ૪ | ગઢડા | ૪ | ૨ | ૬ | ૪ | | |
| ૫ | બોટાદ | ૨ | ૧ | ૩ | ૧ | | |
| ૬ | વલ્લભીપુર | ૧ | ૧ | ૨ | ૧ | | |
| ૭ | ગારીયાધાર | ૧ | ૪ | ૫ | ૧ | | |
| ૮ | પાલીતાણા | ૬ | ૩ | ૯ | ૪ | | |
| ૯ | મહુવા | ૭ | ૬ | ૧૩ | ૭ | | |
| ૧૦ | તળાજા | ૬ | -- | ૬ | ૬ | | |
| ૧૧ | ઘોઘા | ૩ | ૧ | ૪ | ૩ | | |
| | | ૪૦ | ૨૭ | ૬૭ | ૩૪ | ૨૪ | ૫૮ |

**ગાંધીનગર શહેરમાં રહેણાંક વિસ્તારમાં ચાલતી હોસ્પિટલ/દવાખાના કોમર્શીયલ ઝોનમાં ખસેડવા બાબત**

અતારાંકિત :૨૮૬૪(૮-૧૨-૦૪) **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય પાટનગર યોજના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) ગાંધીનગર શહેરના રહેણાંક વિસ્તારમાં ચાલતી હોસ્પિટલો/દવાખાનાને જિલ્લા કલેકટર ગાંધીનગર મારફતે કોમર્શીયલ ઝોનમાં ખસેડી લેવા સપ્ટેમ્બર, ૦૪માં નોટિસો અપાઈ છે તે હકીકત સાચી છે,
(૨) જો હા, તો કઈ કઈ હોસ્પિટલો/દવાખાનાને નોટિસ અપાઈ છે,
(૩) કઈ હોસ્પિટલો/દવાખાના કોમર્શીયલ ઝોનમાં ઓક્ટોબર, ૦૪ સુધીમાં ખસી ગયા છે,
(૪) ખસી ન જનાર એકમો સામે શી કાર્યવાહી થઈ છે, અને
(૫) તમામ એકમો ક્યાં સુધીમાં ખસેડી લેવાશે ?

**પાટનગર યોજના મંત્રીશ્રી** (૧૧-૨-૦૫)

(૧) ના જી. આવી હોસ્પિટલો/દવાખાનાને કોમર્શીયલ ઝોનમાં ખસેડી લેવા કલેકટર, ગાંધીનગરે કોઈ નોટિસો આપેલ નથી. પરંતુ રાહતદરે અને હરાજીથી ફાળવેલ રહેણાંક હેતુના પ્લોટ ઉપરના મકાનમાં રહેણાંક
(૨) સિવાયનો અનધિકૃત ઉપયોગ થતો હોઈ સનદની શરતોના ભંગ બદલ નોટિસ આપી કાર્યવાહી કરવામાં આવે છે.
(૩) ખંડ (૧), (૨) ના જવાબની વિગત જોતાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી
(૪) ખંડ (૧), (૨) ના જવાબની વિગત જોતાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી
(૫) ખંડ (૧), (૨) ના જવાબની વિગત જોતાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

**--------------**

**ભાવનગર જિલ્લામાં અનુસૂચિત જાતિના વકિલોને સહાય**

અતારાંકિતઃ ૨૮૦૫ (૯-૧૧-૦૪) **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) તા. ૩૧-૧૦-૨૦૦૪ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં કેટલા અનુસૂચિત જાતિના વકિલોને સહાય/લોન આપવાની બાકી છે, અને
(૨) સને ૨૦૦૩-૨૦૦૪ના વર્ષમાં આ માટેની કેટલી અરજીઓ આવી છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૯-૨-૦૫)

(૧) ૫ (પાંચ) વકીલોને સહાય/લોન આપવાની બાકી છે.
(૨) વર્ષ ૨૦૦૩-૨૦૦૪માં ૪ (ચાર) અરજીઓ મળેલ છે.

**--------------**

**વડોદરાના સુરસાગર તળાવમાં માછલીઓના મરણ થવા બાબત**

અતારાંકિત :૨૭૧૮ (૪-૧૦-૦૪) **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) વડોદરામાં તા. ૨૦-૯-૨૦૦૪ના રોજ સુરસાગર તળાવમાં સફાઈ દરમ્યાન મોટા પ્રમાણમાં માછલીઓ મૃત્યુ પામેલ છે તે હકીકત સાચી છે, અને
(૨) જો હા, તો માછલીઓના ક્યા કારણસર મૃત્યુ થયેલ છે, અને
(૩) માછલીઓના સંરક્ષણ માટે સરકારે શા પગલાં ભર્યા છે ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૯-૨-૦૫)

(૧) હા જી, સુરસાગર તળાવમાં સફાઈ દરમ્યાન તીલાપીઆ પ્રજાતિની માછલીઓ મૃર્તુ પામેલ છે.
(૨) (અ)તળાવમાં તળીયાનાં ભાગે જુદા જુદા અંતરે એરડીફ્યુઝ ગોઠવવામાં આવેલ જેથી કામગીરી દરમ્યાન તળીયાના ભાગે રહેલ કાગળ, દૂષિત કચરો વલોવાના કારણે તળીયે રહેલા ઝેરી વાયુઓ પાણીમાં ભળવાની શક્યતાના કારણે ડીઝોલ્વ ઓક્સીજનનું પ્રમાણ ઘટી જવા પામેલ અને માછલીઓના મરણ થયેલ છે.

(બ) તળીયાનું પાણી વલોવાથી પાણીમાં કચરો તેમજ કાદવ ભળવાના કારણે.

(ક) તીલાપીયા માછલીઓ ઘણી જ ઝડપી વૃદ્ધી કરે છે અને ઝડપી પ્રજનન કરતી માછલી છે જેથી વસ્તી વધારાને કારણે અને ઓછા ડીઓના કારણે મરણ પામેલ છે.

(૩) વડોદરા મ્યુનિસિપલ કોપોર્રેશન દ્વારા સંરક્ષણનાં મુદ્દા બાબતે મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રી તથા ઝુ સુપ્રીટેન્ડન્ટશ્રી કાંકરીયા અમદાવાદના સુચવેલ ઉપાયો/પગલાં ભર્યા છે.

(અ) પાણીમાં ઓક્સીજનની માત્રા સમયાંતરે ચેક કરવામાં આવે છે.

(બ) પાણીમાં ઓક્સીજનની માત્રા જળવાઈ રહે તે માટે સુરસાગરમાં સપાટી ઉપર ફુવારા ગોઠવેલ છે. જેથી પાણીમાં ડીઓનું પ્રમાણ જળવાઈ રહે.

(ક) સુરસાગરમાં અકસ્માત બાદ બોટીંગ બંધ કરેલ તે ફરીથી ચાલુ કરી, પાણીમાં ઓક્સીજનનું પ્રમાણ વધે તે માટે આયોજન હાથ ધરેલ છે.

(ડ) તીલાપીયા ઝડપી બ્રીડીંગ કરતી હોવાથી તેની સંખ્યા પાણીના જથ્થાના પ્રમાણમાં વધારે થઈ ન જાય તે માટે અમુક સમાયાંતરે વધારાની માછલીઓ દૂર કરી ઓછી સંખ્યામાં માછલી રાખવા કાર્યવાહી કરવામાં હાથ ધરાશે.

(ઇ) તળાવમાં તહેવારોના પ્રસંગે વિસર્જન દરમ્યાન પાણી દૂષિત થતું અટકાવવા અસરકારક જરૂરી પગલાં ભરવા ઘટતી કાર્યવાહી હાથ ધરેલ છે.

(ઈ) તળાવના તળીયે રહેલ કચરો સંપૂર્ણ સૂકો કર્યા બાદ દૂર કરી શકાય અથવા પાણીનું લેવલ જ્યારે ઘટે ત્યારે ખુલ્લા થયેલ માટીનો કાદવ કાઢવામાં આવનાર છે.

--------------

**અમદાવાદ શહેરના બિલ્ડર તથા ડેવલપર્સને રજીસ્ટ્રેશન નંબર આપવા બાબત**

અતારાંકિત : ૨૮૬૩ (૨૪-૧૨-૦૪) **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) અમદાવાદ શહેરનાં બિલ્ડર તથા ડેવલપર્સના રજીસ્ટ્રેશન કરવા સરકારે નિર્ણય કયોર્ છે તે હકીકત સાચી છે,
(૨) જો હા, તો આ કામગીરી ક્યારે શરૂ કરી પૂર્ણ થશે, અને
(૩) આ કામગીરી કોને સોંપાઈ છે ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૯-૨-૦૫)

(૧) અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની મંજૂર પુનરાવર્તિત વિકાસ યોજનાની જોગવાઈ મુજબ ડેવલોપર માટે રજીસ્ટ્રેશન કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.
(૨) આ કામગીરી શરૂ થયેલ નથી. ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે.
(૩) સમુચિત સત્તામંડળે કરવાની થાય છે.

--------------

**ગુજરાતના માછીમારોની પાકિસ્તાન સિક્યૂરીટી દ્વારા ધરપકડ**

અતારંકિત :૨૮૩૧ (૬-૧૨-૦૪) **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) રાજ્યના કુલ ૪૫ માછીમારોની પાકિસ્તાન સિક્યૂરીટી એજન્સીએ સપ્ટેમ્બર-૨૦૦૪માં ધરપકડ કરી છે તે હકીકત સાચી છે.
(૨) જો હા, તો ઓક્ટોબર ૨૦૦૪ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલા માછીમારો પાકિસ્તાન દ્વારા પકડી કેદ કરવામાં આવ્યા છે.
(૩) આ તમામ માછીમારોને મુક્ત કરવા રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ ક્યારે અને કેટલી રજૂઆત કરેલ છે, અને
(૪) રાજ્ય સરકારને શા પ્રતિભાવ મળ્યા છે ?

**મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** (૨૯-૧-૦૫)

(૧) રાજ્યના ૪૫ નહીં પણ ૮૬ માછીમારોની પાકિસ્તાન મરીન સિક્યૂરીટી એજન્સીએ સપ્ટેમ્બર, ૨૦૦૪માં ધરપકડ કરી છે.

(૨) ઓક્ટોબર, ૨૦૦૪ની સ્થિતિએ રાજ્યના કુલ ૩૩૫ માછીમારો પાકિસ્તાન દ્વારા પકડી કેદ કરવામાં આવ્યા છે.

(૩) આ તમામ માછીમારોને મુક્ત કરવા માટે રાજ્ય સરકારે ઓક્ટોબર, ૨૦૦૪ સુધીમાં કુલ ૨૦ વખત નીચેની વિગતે કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆતો કરેલ છે.

| ક્રમ | પત્ર ક્રમાંક | તારીખ |
|---|---|---|
| ૧ | ૩૩૮૯ | ૧-૧-૦૪ |
| ૨ | ૩૫૨૨ | ૧૩-૧-૦૪ |
| ૩ | ૩૬૪૪ | ૧૯-૧-૦૪ |
| ૪ | ૩૮૮૩ | ૫-૨-૦૪ |
| ૫ | ૩૯૬૦ | ૧૦-૨-૦૪ |
| ૬ | ૩૯૭૨ | ૧૨-૨-૦૪ |
| ૭ | ૩૯૮૧ | ૧૩-૨-૦૪ |
| ૮ | ૪૧૨૪ | ૧-૩-૦૪ |
| ૯ | ૩૨૩૭ | ૧૭-૩-૦૪ |
| ૧૦ | ૪૪૭૬ | ૨૪-૩-૦૪ |
| ૧૧ | ૧ | ૧-૪-૦૪ |
| ૧૨ | ૭૨૦-૦૪ | ૯-૪-૦૪ |
| ૧૩ | ૧૯૯ | ૧૫-૪-૦૪ |
| ૧૪ | ૩૮૬ | ૨૮-૪-૦૪ |
| ૧૫ | ૩૨૩૭ | ૨૯-૪-૦૪ |
| ૧૬ | ૩૨૩૭ | ૧૧-૫-૦૪ |
| ૧૭ | ૭૫૯ | ૨૦-૫-૦૪ |
| ૧૮ | ૮૯૦ | ૨૮-૫-૦૪ |
| ૧૯ | ૩૨૩૭ | ૧૫-૬-૦૪ |
| ૨૦ | ૩૨૩૭ | ૧૧-૯-૦૪ |

(૪) રાજ્ય સરકારને સારા પ્રતિભાવ મળેલ છે.

--------------

**રાજ્યના માછીમારોને પાકિસ્તાની જેલમાંથી છોડાવવા અંગે**

અતારાંકિત : ૨૮૮૦(૧૦-૧૨-૦૪) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) નવેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ પાકિસ્તાનની કેદમાં સબડતા રાજ્યના ૭૫૦ માછીમારોને મુક્ત કરવા રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ કોઈ રજૂઆતો કરી છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની શી વિગતો છે ?

**મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** (૨૯-૧-૦૫)

(૧) નવેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ રાજ્યના ૭૫૦ નહીં પરંતુ ૬૮૪ માછીમારો પાકિસ્તાનની કેદમાં છે. તેઓને મુક્ત કરાવવા રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ પ્રસંગોપાત રજૂઆતો કરી છે.

(૨) તેની વિગતો નીચે મુજબ છે :

| ક્રમ | પત્ર ક્રમાંક | તારીખ |
|---|---|---|
| ૧ | ૩૩૮૯ | ૧-૧-૦૪ |
| ૨ | ૩૫૨૨ | ૧૩-૧-૦૪ |
| ૩ | ૩૬૪૪ | ૧૯-૧-૦૪ |
| ૪ | ૩૮૮૩ | ૫-૨-૦૪ |
| ૫ | ૩૯૬૦ | ૧૦-૨-૦૪ |
| ૬ | ૩૯૭૨ | ૧૨-૨-૦૪ |
| ૭ | ૩૯૮૧ | ૧૩-૨-૦૪ |
| ૮ | ૪૧૨૪ | ૧-૩-૦૪ |

| | | |
|---|---|---|
| ૯ | ૩૨૩૭ | ૧૭-૩-૦૪ |
| ૧૦ | ૪૪૭૬ | ૨૪-૩-૦૪ |
| ૧૧ | ૧ | ૧-૪-૦૪ |
| ૧૨ | ૭૨૦-૦૪ | ૯-૪-૦૪ |
| ૧૩ | ૧૯૯ | ૧૫-૪-૦૪ |
| ૧૪ | ૩૮૬ | ૨૮-૪-૦૪ |
| ૧૫ | ૩૨૩૭ | ૨૯-૪-૦૪ |
| ૧૬ | ૩૨૩૭ | ૧૧-૫-૦૪ |
| ૧૭ | ૭૫૯ | ૨૦-૫-૦૪ |
| ૧૮ | ૮૯૦ | ૨૮-૫-૦૪ |
| ૧૯ | ૩૨૩૭ | ૧૫-૬-૦૪ |
| ૨૦ | ૩૨૩૭ | ૧૧-૯-૦૪ |
| ૨૧ | ૨૪૬૭ | ૮-૧૧-૦૪ |
| ૨૨ | ૨૫૪૯ | ૨૫-૧૧-૦૪ |
| ૨૩ | ૨૬૭૬ | ૮-૧૨-૦૪ |

--------------

## ભરૂચ જિલ્લામાં આવેલ આદિજાતિના કુમાર અને કન્યા છાત્રાલયો અંગે

અતારાંકિત : ૨૦૯૦ (૩૦-૧૨-૦૪) **શ્રી છોટુભાઈ અ. વસાવા (ઝગડિયા) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) ભરૂચ જિલ્લામાં ક્યા ક્યા ગામોમાં આદિજાતિના કુમાર અને કન્યા છાત્રાલયો આવેલા છે ?
(૨) ક્યા ક્યા છાત્રાલયોમાં તા. ૩૧-૩-૦૪ સુધીના ત્રણ વર્ષમાં ક્યા અધિકારી દ્વારા ચેકિંગ કરવામાં આવ્યું.
(૩) આમાં કઈ કઈ ક્ષતિઓ માલૂમ પડી, અને
(૪) આ અંગે સરકારે શાં પગલાં ભર્યા ?

**આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** (૯-૨-૦૫)

(૧) ભરૂચ જિલ્લામાં કુલ ૪૪ આદિજાતિના છાત્રાલયો આવેલા છે. જેમાં ૨૪ કુમાર અને ૨૦ કન્યા માટેનાં છાત્રાલયો છે. જે પૈકી આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળના ગામોમાં ૩૦ ચાલે છે, જ્યારે ૧૪ બિન આદિજાતિ વિસ્તારમાં ચાલે છે. કુમાર અને કન્યા છાત્રાલયોની ગામવાર વિગત પત્રક-૧ અને પત્રક-૨ મુજબ છે.
(૨) છેલ્લા ત્રણ વર્ષમાં કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીના તાબા હેઠળના જિલ્લા તકેદારી અધિકારીશ્રી, આદિજાતિ વિકાસ ભરૂચ ઉપરાંત કમિશનરશ્રી, આદિજાતિ કચેરી વર્ગ-૧, વર્ગ-૨ના અધિકારીશ્રીઓ દ્વારા તા. ૩૧-૩-૦૪ સુધીના ત્રણ વર્ષમાં કરવામાં આવેલ ચેકિંગ અંગેની વિગતો આ સાથે સામેલ પત્રક-૩,૪,૫,૬,૭ મુજબ છે.
(૩) છેલ્લા ત્રણ વર્ષમાં કરવામાં આવેલ ચેકિંગ દરમ્યાન ભરૂચ જિલ્લાના છાત્રાલયોમાં જોવા મળેલ ક્ષતિઓ અંગેની વિગતવાર માહિતી આ સાથેના પત્રક-૩ થી ૭ માં કોલમ-૮માં દર્શાવવામાં આવેલ છે.
(૪) છેલ્લા ત્રણ વર્ષમાં ભરૂચ જિલ્લામાં આવેલ છાત્રાલયોના કરવામાં આવેલ ચેકિંગ દરમ્યાન જોવા મળેલ ક્ષતિઓ પૈકી ગંભીર પ્રકારની ક્ષતિઓવાળા છાત્રાલયો માટે સંબંધિત સંસ્થાઓ સામે શિક્ષાત્મક પગલાંરૂપે કારણદર્શકની નોટિસ આપીને ગ્રાન્ટ અટકાવવા, ગ્રાન્ટ કપાત કરવા, સંખ્ ા ઘટાડો કરવા,

છાત્રાલયોની માન્યતા રદ કરવા સુધીના પગલાં સરકારે લીધેલ છે. છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કુલ-૬ છાત્રાલયોને કારણદર્શક નોટીસો આપવામાં આવેલ છે. જેની વિગતો પત્રક-૬ અને ૭ માં દર્શાવેલ છે. જે મુજબ ૨ (બે) છાત્રાલયોની માન્યતા રદ કરવામાં આવેલ છે અને ૨ (બે) છાત્રાલયની દસ ટકા ગ્રાન્ટ કપાત કરવામાં આવેલ છે તે પૈકી ૧ (એક)માં નો સંખ્યા ઘ ટાડો કરવામાં આવેલ છે અને ૧ (એક) છાત્રાલયની ૫ ટકા ગ્રાન્ટ કપાત કરવામાં આવેલ છે. આમ એકંદરે રૂા.૩૭૬૦૦/-ની ગ્રાન્ટ કપાત કરવામાં આવેલ છે. જ્યારે ૧ છાત્રાલયને અપાયેલ કારણદર્શક નોટીસ અન્વયે નિર્ણય અંગેની કાર્યવાહી ચાલુ છે. વિગતવાર માહિતી આ સાથે સામેલ પત્રક-૩ થી ૫ કોલમ-૯ તથા પત્રક-૬/૭ ના કોલમ-૭ મુજબ છે. (પત્રક-૧ થી ૭ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

**અગિયારમી અતારાંકિત યાદીમાં સમાવેલ પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૨૧૪૯, ૨૮૨૬, ૨૮૮૪, ૨૮૮૫ | ૪ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૨૫૨૧, ૨૬૬૪, ૨૮૬૮ | ૩ |
| ૩ | વન અને પર્યાવરણ વિભાગ | ૨૬૨૨, ૨૮૭૨ | ૨ |
| ૪ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૨૫૬૫, ૨૮૪૩, ૨૮૫૬, ૨૮૫૯, ૨૮૬૧ | ૫ |
| ૫ | ગૃહ વિભાગ | ૨૭૨૯, ૨૮૩૬, ૨૮૩૯, ૩૦૧૭ | ૪ |
| ૬ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૨૦૭૨, ૨૮૭૮ | ૨ |
| ૭ | શ્રમ અને રોજગાર વિભાગ | ૨૭૬૧ | ૧ |
| ૮ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૨૦૭૦, ૨૩૦૯, ૨૪૩૫, ૨૪૮૧, ૨૭૫૦, ૨૭૮૮, ૨૭૯૦, ૨૮૨૨, ૨૮૨૩ | ૯ |
| ૯ | મહેસૂલ વિભાગ | ૨૦૩૪ | ૧ |
| ૧૦ | માર્ગ અને મકાન વિભાગ | ૨૦૨૦, ૨૦૪૦, ૨૦૪૩, ૨૦૪૪, ૨૧૭૭, ૨૨૭૮, ૨૨૮૨, ૨૪૨૬, ૨૬૩૨, ૨૭૩૮, ૨૭૭૨, ૨૮૦૭, ૨૮૬૪ | ૧૩ |
| ૧૧ | સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ | ૨૮૦૫ | ૧ |
| ૧૨ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૨૭૧૮, ૨૮૬૩ | ૨ |
| ૧૩ | બંદરો અને મત્સ્યોદ્યોગ વિભાગ | ૨૮૩૧, ૨૮૮૦ | ૨ |
| ૧૪ | આદિજાતિ વિકાસ વિભાગ | ૨૦૯૦ | ૧ |
| | | કુલ : | ૫૦ |

**--------------**

# બારમી અતારાંકિત યાદી

**યાત્રાધામ પાલીતાણાના વિકાસ પાછળ થયેલ ખર્ચ**

અતારાંકિત ૨૮૧૬ (૧૦-૧૧-૨૦૦૪) **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ(ગઢડા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ભાવનગર જિલ્લાના પાલીતાણા યાત્રાધામના વિકાસમાં ૩૧-૧૦-૦૪ની સ્થિતિએ બે વર્ષમાં કેટલા નાણાં ફાળવવામાં આવ્યા, અને

(૨) કેટલા નાણાં વાપરવામાં આવ્યા ?

**યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (૫-૨-૨૦૦૫)

**રકમ**

(૧) રૂા. ૧૧,૯૭,૭૧૫-૦૦

(૨) રૂા. ૧૧,૯૭,૭૧૫-૦૦

---------

## રાજયમાં ખાતેદાર ખડૂતની અકસ્માત વીમાની રકમની ચૂકવણી

અતારાકિત ૨૯૦૮ (૪-૧-૨૦૦૫) **શ્રી ગોપાલભાઈ ગા. ઘુઆ (મુંદ્રા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજયમાં તા. ૨૬-૧-૨૦૦૪ થી તા. ૩૧-૫-૨૦૦૪ સુધીના સમયગાળાનું ખાતેદાર ખેડૂત અકસ્માત વીમાનું પ્રિમીયમ સરકારે મંજુર કરવા છતાં વહિવટ તંત્ર ધ્વારા ભરવામાં આવ્યું ન હતું ત હકીકત સાચી છે.

(૨) જો હા, તો તેને કારણે આ સમયગાળામાં અકસ્માત મૃત્યુ પામનાર રાજયના ખેડૂતોને કરોડો રૂપિયાનું વિમાની રકમનું ચુકવણું થઈ શકયું નથી તે ગંભીર હકીકત પણ સાચી છે.

(૩) જો હા, તો આવી ગંભીર ક્ષતિ માટે રાજયના કયા વરિષ્ઠ અધિકારીને જવાબદાર ગણી તેની સામે શી કાર્યવાહી હાથ ધરી છે, અને

(૪) મૃતકના વારસોને વિમાની રકમ નિયમિત રીતે ચૂકવવા સરકાર ધ્વારા શી વ્યવસ્થા થઈ છે અને તે કયાં સુધીમાં ચૂકવવામાં આવશે?

**કૃષિ મંત્રીશ્રી (૯-૨-૨૦૦૫)**

(૧) ખેડૂતો અને રાજયના વહિવટી હીતમાં ખાતેદાર ખેડૂતોને આકસ્મિક મૃત્યુ/કાયમી અપંગતતાના કિસ્સામાં રક્ષણ આપવાની યોજનાના ઢાંચામાં ફેરફાર કરવાની બાબત સરકાર ધ્વારા વિવિધ વિભાગોના પરામર્શમાં વિચારણાધીન હોઈ તા. ૨૬-૧-૦૪ થી તા. ૩૧-૫-૦૪ના સમયગાળામાં આ યોજના હેઠળનું વિમા કંપનીને પ્રિમીયમ ભરેલ નથી.

(૨) ખંડ-૧માં દર્શાવેલ સમયગાળા માટે આ યોજના હેઠળના લાભો મળી શકે તે માટે સરકારે સૈદ્યાંતિક નિર્ણય કરેલ છે.

(૩) ખંડ-૧ની હકીકત મુજબ ખેડૂતો અને રાજયના વ્યાપક હિતમાં બાબત વિચારણાધીન હોવાથી તે માટે ગંભીર ક્ષતિ થયાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ખંડ-૨ મુજબના નિર્ણયનો અમલ થયેથી મળવાપાત્ર લાભાર્થીઓને મળવાપાત્ર રકમ ચૂકવી શકાશે.

----------------

## પંચમહાલ જિલ્લામાં ઝેરી ઘાસ ખાવાથી દુધાળા પ્રાણીઓના મૃત્યુ

અતારાંકિત : ૨૯૪૦ (૪-૧-૨૦૦૫) **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ** (જુનાગઢ) **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) પંચમહાલ જિલ્લામાં ઝેરી ઘાસ ખાવાને કારણે જુલાઈ-ઓગષ્ટ ૨૦૦૪માં દુધાળા પ્રાણીઓના મૃત્યુના કિસ્સાઓ નોંધાયા છે તે હકીકત સાચી છે.

(૨) જો હા, તો કુલ કેટલા પ્રાણીઓના મૃત્યુ થયા, અને

(૩) આવું ઝેરી ઘાસ દૂર કરવા તથા પશુ પાલકોને તેની સમજ આપવા સરકાર ધ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી છે.

**પશુપાલન મંત્રીશ્રી (તા. ૮-૨-૨૦૦૫)**

(૧) હા જી,

(૨) ૩૭૦ પ્રાણીઓના મૃત્યુ થયા હતાં.

(૩) સદર બાબતે નીચે મુજબના પગલાં લેવામાં આવેલ છે.

પશુપાલન ખાતાના પશુ ચિકિત્સા અધિકારી તથા વેટરનરી કોલેજ આણંદ ખાતેની તજજ્ઞો અને વિદ્યાર્થીઓની ટીમો ધ્વારા પંચમહાલ ડેરીના પશુ ચિકિત્સકો તથા અન્ય સ્ટાફની ટીમો બનાવી નાઈટ્રેટ ઝેરના મારણની દવાઓ તથા જીવન રક્ષક દવાઓ સાથે અસરગ્રસ્ત વિસ્તારોમાં સારવાર અંગેની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી. અને તે ટીમો ધ્વારા નાઈટ્રેટ પોઈઝનીંગ તથા અન્ય ઘાસચારાના કારણે થતી ઝેરી અસરની સ્થળ ઉપર જે તે સમયે સમજ તથા આવા સંજોગોમાં ચારો કેવી રીતે આપવો અને નિરણ કેવી રીતે કરવું? તેની સમજ આપેલ હતી અને ઘાસમાં રસાયણિક ખાતરના ડોઝ કયારે કયારે કેવી રીતે આપવા તેની પણ સમજ આપવામાં આવેલ હતી અને તે માટે પશુપાલકોને નાઈટ્રેટ ઝેર અંગે જાણકારી મળી રહે તે હેતુથી દૈનિક સમાચાર પત્રોમાં પ્રેસનોટ આપવાનું તથા પત્રિકાઓ છપાવી વિતરણ કરવામાં આવેલ હતું. આ ઉપરાંત પંચમહાલ જિલ્લામાં જુદી જુદી યોજનાઅો અંતર્ગત વિસ્તરણ ઝુંબેશ, પશુ સંવર્ધન શિક્ષણ શિબિર, ગ્રામ સભા વિગેરેમાં પશુપાલકોના પશુઓને

નાઈટ્રેટ ઝેરથી બચાવવા અંગે તથા અન્ય રોગોને તેની સામે ઉપચાર અંગે કેવા પગલાં લેવા જોઈએ તેની વિસ્તૃત સમજ આપવામાં આવેલ હતી.

વધુમાંંજ઼ ઝેરી ઘાસ ખાવથી અસરગ્રસ્ત જાનવરો તથા અન્ય રોગ અંતર્ગત, ૬,૫૭૨ જાનરોને જરૂરી સારવાર આ ટીમો ધ્વારા કરવામાં આવેલ હતી તેમજ ચોમાસાની ઋતુ દરમ્યાન જાનવરોમાં વાતાવરણની અસરને કારણે તથા આવા સંજોગોમાં ગળસુંઢા જેવો રોગ ન ઉદ્ભવે તે માટે અગમચેતીના પગલાં લઈ કુલ ૨,૦૨,૦૩૬ જેટલા પશુઓને રસીકરણ કરવામાં આવેલ હતું.

-----------------

### અગિયારમા નાણા પંચના નાણાંની ફાળવણી અંગે

અતારાંકિત : ૩૦૫૯ (૩૧-૧-૨૦૦૫) **શ્રી છોટુભાઈ વસાવા** (ઝઘડીયા): **માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજયના કયા કયા વિધાનસભ્યોને તેમના વિસ્તાર માટે સને ૨૦૦૪-૦૫ના વર્ષ માટે ૧૧મા નાણા પંચના કેટલા નાણાં ફાળવવામાં આવ્યા, તેની વિગતવાર માહિતી શું છે,

(૨) કયા વિધાનસભ્યોને સને ૨૦૦૪-૦૫માં તેમના વિસ્તાર માટે ૧૧મા નાણાં પંચના નાણાં ફાળવવામાં આવ્યા નથી,

(૩) આ વિધાનસભ્યોને ૧૧મા નાણાં પંચના નાણાં નહિ ફાળવવાના શા કારણો છે,

(૪) સરકાર સને ૨૦૦૪-૦૫માં આ વિધાનસભ્યોને ૧૧મા નાણાં પંચના નાણાં ફાળવવા માગે છે કેમ, અને

(૫) જો હા, તો કેટલા સમયમાં ફાળવશે?

**નાણાં મંત્રીશ્રી (૧૯-૨-૨૦૦૫)**

(૧) અગિયારમા નાણાં પંચની ગ્રાન્ટની ફાળવણી વિધાનસભ્યોને કરવામાં આવતી નથી.

(૨) લાગુ પડતું નથી.

(૩) લાગુ પડતું નથી.

(૪) લાગુ પડતું નથી.

(૫) લાગુ પડતું નથી.

------------------

### રાજય સરકારનું દેવું તથા વ્યાજ

અતારાંકિત : ૩૧૫૪ (૨૮-૧-૨૦૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ** (માંડવી) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ રાજય સરકાર પર લોનનું દેવું કેટલી રકમનું છે, અને

(૨) આ લોન ઉપર વ્યાજ કેટલું ચૂકવવામાં આવે છે?

**નાણાં મંત્રીશ્રી (૯-૨-૨૦૦૫)**

(૧) અંદાજીત રૂપિયા ૫૬,૪૩૮ કરોડ

(૨) અંદાજીત રૂપિયા ૫૪૫૩.૬૩ કરોડ

---------------

### ભરૂચ શહેરમાં ગેસ ધારકોની તબદીલી તથા ગેસ બાટલા ન મળવાની ફરિયાદ

અતારાંકિત : ૩૦૬૧ (૧૯-૧-૨૦૦૫): **શ્રી છોટુભાઈ વસાવા** (ઝઘડીયા): **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ભરૂચ શહેરમાં સને-૨૦૦૨માં ઈન્ડીયન ગેસ કંપનીના કેટલા ગેસ ધારકોને એચ.પી.ગેસ કંપનીના ડીલરો પાસે રાજય સરકારની સૂચનાથી તબદીલ કરવામાં આવ્યાં,

(૨) આવી તબદીલી કરવાનાં શા કારણો છે,

(૩) તબદીલ થયેલાં ગ્રાહકોને નિયમિત ગેસ પૂરવઠો પુરો પાડવામાં આવતો નથી એ હકીકત સરકાર જાણે છે, અને

(૪) આ અંગે સરકાર શા પગલાં લેવા માંગે છે?

**અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી (૮-૨-૨૦૦૫)**

(૧) રાજય સરકારની સૂચનાથી તબદીલ કરવામાં આવેલ નથી પરંતુ, આઈઓસી કંપની, અમદાવાદ ધ્વારા અને સને-૨૦૦૨માં ઈન્ડીયન ગેસ કંપનીના ડીલરોના ૧૨૦૦ ગેસ ધારકોને એચ. પી. ગેસ કંપનીના ડીલરને ત્યાં તબદીલ કરવામાં આવ્યાં.

(૨) આ. પી. ગેસ કંપનીની આર. બી. ગેસ એજન્સીના ફકત ૧૭૩૮ જોડાણો હોવાથી સદર એજન્સીને પોષણક્ષમ વળતર મળી રહે તે હેતુથી ઓઈઓસી કંપની ધ્વારા તબદીલ કરવામાં આવ્યાં છે.

(૩) અને (૪) એચ. પી. સી. એલ. કંપનીને તબદીલ થયેલ ૧૨૦૦ ગ્રાહકો પૈકી ૬૦૫ ગ્રાહકોએ એચ. પી. સી. એલ. કંપનીના ગેસ એજન્સીના જોડાણ મેળવેલ છે. જયારે બાકીના ૫૯૫ ગ્રાહકોએ એચ. પી. એલ. કંપની ગેસ એજન્સીનો તા. ૩૧-૧-૦૫ સંધીમાં સંપર્ક કરેલ નથી. એચ. પી. સી. એલ. કંપની ગેસ એજન્સી આજની તારીખે પણ આ ગ્રાહકોને તેમનું જોડાણ આપવા ખુશી છ અને ૫૯૫ ગ્રાહકોને ગેસ અજન્સીનો સંપર્ક કરી નોંધણી કરાવી લે તે માટે લેખિત સૂચના ગેસ એજન્સીને આપવામાં આવેલ છે. આ ગ્રાહકોને ગેસ પુરવઠો નિયમિત પૂરો પાડવામાં આવતો નથી તેવી કોઈ રજૂઆત મળેલ નથી.

**રાજયમાં વ્યાજબી ભાવની દુકાનેથી કુંટુંબદીઠ કેરોસીન આપવાના અલગ - અલગ ધોરણો**

અતારાંકિત : ૩૦૭૭(૧૯-૧-૨૦૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ રાજયમાં કુટુંબદીઠ કેરોસીન વાજબી ભાવની દુકાનોથી આપવાનું જિલ્લા વાઈઝ ધોરણ રાજય સરકારે શું રાખ્યું છે,

(૨) જિલ્લા વાઈઝ અલગ અલગ વિતરણના ધોરણો રાખવાનાં કોરણો શાં છે, અને

(૩) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લા વાઈઝ અને માસ વમઈઝ કેટલું કેરોસીન ફાળવવામાં આવ્યું છે ?

**અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી (૮-૨-૨૦૦૫)**

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ રાજયમાં નોન ગેસ રેશનકાર્ડ ધારકોને કેરોસીની ફાળવણીનું નીચે મુજબનું ધોરણ છે.
   (૧) અમદાવાદ/વડોદરા શહેર-૧૫ લીટર
   (૨) અમદાવાદ જિલ્લના (ઔડા વિસ્તાર)-૧૨ લીટર
   (૩) અન્ય તમામ વિસ્તાર/જિલ્લાઅ ોમાં -૧૦ લીટર

(૨) અગાઉ કેરોસીનની ફાળવણી જિલ્લાઓનું ઔદ્યોગિકરણ, શહેરીકરણ, જિલ્લાઓમાં આવેલ રેશનકાર્ડ, ઉપાડનું વલણ, બળતણની વૈકલ્પિક ઉપલબ્ધી વગેરે પાસાઅ ોને લક્ષ્યમાં લઈને એતિહાસિક ધોરણે કરવામાં આવતી હતી અને જિલ્લા કક્ષાએથી વિતરણ પ્રમાણ નકકી કરવામાં આવતું હતું. જેમાં જિલાઓ તરફથી ગ્રામ્ય વિસ્તારોમાં ૫ થી ૧૦ લીટર અને શહેરી વિસ્તારોમાં ૧૦ થી ૨૦ લીટર પ્રતિકાર્ડ સ્થાનિક માંગણી અનુસાર જે તે જિલ્લા સમાહર્તા ધ્વારા કેરોસીનની ફાળવણી કરવામાં આવતી હતી. આ અસમાનતા ક્રમશ: દુર કરવાના હેતુસર ઓકટોબર-૨૦૦૧થી કાપ મૂકી અમદાવાદ શહેર અને વડોદરા શહેરને સાસિક ૧૫ લીટર અમદાવાદના ઔડા વિસ્તાર માટે ૧૨ લીટર અને તે સિવાય તમામ જિલ્લાઓ વિસ્તારમાં નોન ગેસ કાર્ડધારકોને ૧૦ લીટર વિતરણ પ્રમાણ રાજયકક્ષાએથી નકકી કરવામાં આવેલ છે.

(૩) પત્રક-૧ અને પત્રક-૨ મુજબ.

**પત્રક - ૧**

**સને ૨૦૦૩ના વર્ષ દરમ્યાન જિલ્લાવાર અને માસવાર કરાયેલ કેરોસીનની ફાળવણીની વિગતો દર્શાવતું પત્રક (આંકડા કિલોમીટરમાં)**

| અ.નં. | જિલ્લાનું નામ | જાન્યુ. | ફબ્રુ. | માર્ચ | એપ્રિલ | મે | જૂન | જુલાઈ | ઓગષ્ટ | સપ્ટે. | ઓકટો. | નવે. | ડિસે. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૬૯૦૪ | ૬૯૦૪ | ૬૮૯૯ | ૬૭૧૫ | ૬૭૧૫ | ૬૮૩૫ | ૭૪૪૯ | ૭૩૭૮ | ૭૩૯૪ | ૭૪૦૭ | ૭૩૬૬ | ૭૩૬૬ |
| ૨ | અમદાવાદ જિલ્લો | ૩૯૫૯ | ૩૯૫૯ | ૩૯૫૨ | ૩૮૪૫ | ૨૭૦૧ | ૩૯૧૫ | ૪૦૭૦ | ૪૦૪૦ | ૩૮૭૨ | ૩૮૭૯ | ૩૮૫૮ | ૩૯૩૫ |
| ૩ | અમરેલી | ૨૮૨૨ | ૨૮૨૨ | ૨૭૭૬ | ૨૭૦૧ | ૨૭૦૧ | ૨૭૧૫ | ૨૭૭૫ | ૨૭૫૫ | ૨૭૬૬ | ૨૭૭૧ | ૨૭૫૬ | ૨૭૦૬ |
| ૪ | આણંદ | ૨૭૦૭ | ૨૭૦૭ | ૨૬૩૩ | ૨૫૬૩ | ૨૫૬૩ | ૨૬૧૦ | ૨૫૭૨ | ૨૫૫૩ | ૨૫૩૫ | ૨૫૪૦ | ૨૫૨૫ | ૨૪૨૯ |
| ૫ | બનાસકાંઠા | ૩૯૫૭ | ૩૯૫૭ | ૩૯૦૧ | ૩૭૯૬ | ૩૭૯૬ | ૩૮૬૫ | ૩૭૮૬ | ૩૭૫૯ | ૩૭૮૮ | ૩૭૯૫ | ૩૭૭૩ | ૩૭૮૩ |
| ૬ | ભાવનગર | ૪૩૧૧ | ૪૩૧૧ | ૪૫૪૪ | ૪૪૨૨ | ૪૪૨૨ | ૪૫૦૩ | ૪૪૦૩ | ૪૩૭૧ | ૪૩૯૭ | ૪૪૦૫ | ૪૩૮૦ | ૪૩૨૫ |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ભરૂચ | ૨૦૭૮ | ૨૦૭૮ | ૨૦૩૪ | ૧૯૭૯ | ૧૯૭૯ | ૨૦૧૫ | ૧૯૭૫ | ૧૯૬૧ | ૧૯૬૦ | ૧૯૬૪ | ૧૯૫૨ | ૧૯૪૧ |
| ૮ | દાહોદ | ૧૮૨૯ | ૧૮૨૯ | ૧૭૯૦ | ૧૭૪૨ | ૧૭૪૨ | ૧૭૭૪ | ૧૭૪૮ | ૧૭૩૫ | ૧૭૩૫ | ૧૭૩૮ | ૧૭૨૯ | ૧૭૦૫ |
| ૯ | ડાંગ | ૩૩૮ | ૩૩૮ | ૩૪૪ | ૩૩૫ | ૩૩૫ | ૩૪૧ | ૩૩૯ | ૩૩૬ | ૩૩૫ | ૩૩૫ | ૩૩૪ | ૩૩૧ |
| ૧૦ | ગાંધીનગર | ૧૭૯૧ | ૧૭૯૧ | ૧૮૬૮ | ૧૮૧૮ | ૧૮૧૮ | ૧૮૫૧ | ૧૭૭૦ | ૧૭૫૭ | ૧૭૪૩ | ૧૫૯૭ | ૧૭૩૬ | ૧૬૨૩ |
| ૧૧ | જામનગર | ૩૪૧૭ | ૩૪૧૭ | ૩૩૫૦ | ૩૨૬૧ | ૩૨૬૧ | ૩૩૨૦ | ૩૩૪૪ | ૩૩૧૯ | ૩૩૨૨ | ૩૩૨૮ | ૩૩૧૦ | ૩૩૪૬ |
| ૧૨ | જુનાગઢ | ૩૯૮૯ | ૩૯૮૯ | ૪૦૧૨ | ૩૯૦૪ | ૩૯૦૪ | ૩૬૭૧ | ૩૯૫૪ | ૩૯૨૫ | ૩૯૫૮ | ૩૬૬૩ | ૩૯૪૩ | ૩૯૩૪ |
| ૧૩ | ખેડા | ૩૧૫૮ | ૩૧૫૮ | ૩૧૨૬ | ૩૦૪૩ | ૩૦૪૩ | ૩૦૯૮ | ૩૦૯૮ | ૩૦૭૫ | ૩૦૪૮ | ૩૦૫૪ | ૩૦૩૭ | ૩૦૩૮ |
| ૧૪ | કચ્છ | ૩૦૩૩ | ૩૦૩૩ | ૩૦૯૭ | ૩૦૧૪ | ૩૦૧૪ | ૩૦૬૯ | ૩૦૧૮ | ૩૦૨૬ | ૨૯૬૬ | ૨૯૭૨ | ૨૯૫૬ | ૨૯૧૮ |
| ૧૫ | મહેસાણા | ૨૬૮૦ | ૨૬૮૦ | ૨૭૪૯ | ૨૬૭૬ | ૨૬૭૬ | ૨૭૨૫ | ૨૬૭૬ | ૨૬૫૭ | ૨૬૮૬ | ૨૬૯૧ | ૨૬૭૫ | ૨૬૮૭ |
| ૧૬ | નવસારી | ૧૮૯૩ | ૧૮૯૩ | ૧૮૮૩ | ૧૮૩૨ | ૧૮૩૨ | ૧૮૬૫ | ૧૮૩૮ | ૧૮૨૪ | ૧૮૦૪ | ૧૮૦૭ | ૧૭૯૭ | ૧૭૮૩ |
| ૧૭ | નર્મદા | ૭૯૩ | ૭૯૩ | ૭૮૨ | ૭૬૧ | ૭૬૧ | ૭૭૫ | ૭૨૪ | ૭૧૯ | ૭૧૯ | ૭૨૦ | ૭૧૭ | ૭૫૭ |
| ૧૮ | પંચમહાલ | ૨૬૫૮ | ૨૬૫૮ | ૨૬૨૬ | ૨૫૫૬ | ૨૫૫૬ | ૨૬૦૨ | ૨૫૫૪ | ૨૫૩૫ | ૨૫૩૨ | ૨૫૩૭ | ૨૫૨૩ | ૨૫૭૩ |
| ૧૯ | પાટણ | ૨૦૩૮ | ૨૦૩૮ | ૨૧૦૯ | ૨૦૫૨ | ૨૦૫૨ | ૨૦૯૦ | ૨૦૮૧ | ૨૦૬૬ | ૨૦૪૬ | ૨૦૫૦ | ૨૦૩૮ | ૨૦૨૮ |
| ૨૦ | પોરબંદર | ૯૮૯ | ૯૮૯ | ૯૭૩ | ૯૪૭ | ૯૪૭ | ૯૦૭ | ૯૨૫ | ૯૧૮ | ૯૩૮ | ૯૪૦ | ૯૩૫ | ૯૪૩ |
| ૨૧ | રાજકોટ | ૬૨૨૨ | ૬૨૨૨ | ૬૧૨૧ | ૫૯૫૭ | ૫૯૫૭ | ૬૦૬૬ | ૫૯૪૪ | ૫૯૦૦ | ૫૭૭૮ | ૫૭૮૯ | ૫૭૫૭ | ૫૭૨૨ |
| ૨૨ | સાબરકાંઠા | ૩૫૬૨ | ૩૫૬૨ | ૩૬૬૮ | ૩૫૭૦ | ૩૫૭૦ | ૩૬૩૫ | ૩૬૨૫ | ૩૫૯૯ | ૩૬૦૦ | ૩૬૦૭ | ૩૫૮૭ | ૩૫૯૧ |
| ૨૩ | સુરત | ૭૬૦૧ | ૭૬૦૧ | ૭૪૪૧ | ૭૨૪૧ | ૭૨૪૧ | ૭૩૭૩ | ૬૯૪૭ | ૬૮૯૫ | ૬૮૫૦ | ૬૮૬૩ | ૬૮૨૪ | ૬૮૯૮ |
| ૨૪ | સુરેન્દ્રનગર | ૨૭૯૧ | ૨૭૯૧ | ૨૭૯૪ | ૨૭૧૯ | ૨૭૧૯ | ૨૭૬૯ | ૨૭૬૭ | ૨૭૪૭ | ૨૭૬૩ | ૨૭૬૮ | ૨૭૫૨ | ૨૭૬૩ |
| ૨૫ | વડોદરા | ૪૭૫૫ | ૪૭૫૫ | ૪૮૪૯ | ૪૭૧૯ | ૪૭૧૯ | ૪૮૦૪ | ૪૯૩૩ | ૪૮૮૦ | ૪૮૯૭ | ૪૯૦૬ | ૪૮૭૮ | ૫૦૫૧ |
| ૨૬ | વલસાડ | ૨૧૭૬ | ૨૧૭૬ | ૨૧૩૦ | ૨૦૭૩ | ૨૦૭૩ | ૨૧૧૦ | ૨૧૨૬ | ૨૧૧૧ | ૨૧૧૫ | ૨૧૧૫ | ૨૧૦૩ | ૨૦૯૧ |
| | કુલ... | ૮૨૪૫૧ | ૮૨૪૫૧ | ૮૨૪૫૧ | ૮૦૨૪૧ | ૮૦૨૪૧ | ૮૧૩૩૯ | ૮૧૪૪૧ | ૮૦૮૪૧ | ૮૦૫૪૩ | ૮૦૨૪૧ | ૮૦૨૪૧ | ૮૦૨૪૧ |
| | ફીશરીઝ.... | ૧૨૦૦ | ૧૨૦૦ | ૧૨૦૦ | ૧૨૦૦ | ૧૨૦૦ | ૧૦૨ | - | ૬૦૦ | ૮૯૮ | ૧૨૦૦ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| | એકંદરે કુલ.. | ૮૩૬૫૧ | ૮૩૬૫૧ | ૮૩૬૫૧ | ૮૧૪૪૧ | ૮૧૪૪૧ | ૮૧૪૪૧ | ૮૧૪૪૧ | ૮૧૪૪૧ | ૮૧૪૪૧ | ૮૧૪૪૧ | ૮૧૪૪૧ | ૮૧૪૪૧ |

## પત્રક - ૨
## સને ૨૦૦૪ના વર્ષ દરમ્યાન જિલ્લાવાર અને માસવાર કરાયેલ કેરોસીનની ફાળવણીની વિગતો દર્શાવતું પત્રક
## (આંકડા કિલોમીટરમાં)

| અ.નં. | જિલ્લાનું નામ | જાન્યુ. | ફબ્રુ. | માર્ચ | એપ્રિલ | મે | જૂન | જુલાઈ | ઓગષ્ટ | | સપ્ટે. | ઓકટો. | નવે. | ડિસે. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૭૩૨૭ | ૭૩૨૭ | ૬૪૪૬ | ૭૦૭૫ | ૭૦૭૪ | ૬૯૧૬ | ૬૮૬૫ | ૬૮૩૬ | ૦ | ૬૪૮૪ | ૬૮૨૭ | ૬૮૪૨ | ૬૮૦૮ |
| ૨ | અમદાવાદ જિલ્લો | ૩૯૩૦ | ૩૯૩૦ | ૩૯૫૪ | ૩૮૩૧ | ૩૮૩૬ | ૩૦૧૩ | ૨૭૨૮ | ૩૭૨૧ | ૦ | ૩૭૪૭ | ૩૭૩૩ | ૩૭૪૧ | ૩૭૨૨ |
| ૩ | અમરેલી | ૨૭૦૩ | ૨૭૦૩ | ૨૭૪૧ | ૨૬૩૭ | ૨૬૪૧ | ૨૬૭૧ | ૨૬૫૯ | ૨૬૨૮ | ૦ | ૨૬૩૫ | ૨૫૮૨ | ૨૫૮૮ | ૨૫૭૫ |
| ૪ | આણંદ | ૨૪૨૭ | ૨૪૨૭ | ૨૪૨૭ | ૨૩૪૫ | ૨૩૫૦ | ૨૩૫૪ | ૨૩૪૭ | ૨૩૨૭ | ૦ | ૨૩૪૩ | ૨૩૩૨ | ૨૩૩૭ | ૨૩૨૫ |
| ૫ | બનાસકાંઠા | ૩૭૭૯ | ૩૭૭૯ | ૩૮૫૧ | ૩૭૨૦ | ૩૭૩૦ | ૩૭૭૯ | ૩૮૩૨ | ૩૮૩૯ | ૦ | ૩૮૬૫ | ૩૮૫૦ | ૩૮૫૮ | ૩૮૩૯ |
| ૬ | ભાવનગર | ૪૩૨૧ | ૪૩૨૧ | ૪૩૫૪ | ૪૨૧૮ | ૪૨૨૩ | ૪૦૯૦ | ૪૦૭૧ | ૪૦૪૯ | ૦ | ૪૦૭૬ | ૩૯૯૬ | ૪૦૦૫ | ૩૯૮૫ |
| ૭ | ભરૂચ | ૧૯૩૮ | ૧૯૩૮ | ૧૯૧૯ | ૧૮૫૩ | ૧૮૫૬ | ૧૮૯૦ | ૧૮૭૯ | ૧૮૬૧ | ૪૮ | ૧૮૭૪ | ૧૮૬૯ | ૧૮૭૩ | ૧૮૬૩ |
| ૮ | દાહોદ | ૧૭૦૩ | ૧૭૦૩ | ૧૭૭૧ | ૧૭૧૩ | ૧૭૧૫ | ૧૬૪૭ | ૧૬૩૦ | ૧૬૩૫ | ૦ | ૧૬૪૭ | ૧૬૧૩ | ૧૬૧૭ | ૧૬૦૯ |
| ૯ | ડાંગ | ૩૩૧ | ૩૩૧ | ૩૩૧ | ૩૧૯ | ૩૨૦ | ૩૨૦ | ૩૧૯ | ૩૨૦ | ૦ | ૩૨૩ | ૩૨૩ | ૩૨૩ | ૩૨૨ |
| ૧૦ | ગાંધીનગર | ૧૭૧૨ | ૧૭૧૨ | ૧૭૧૨ | ૧૬૫૩ | ૧૬૩૮ | ૧૬૪૦ | ૧૬૩૨ | ૧૬૦૫ | ૦ | ૧૬૨૯ | ૧૬૨૨ | ૧૬૨૬ | ૧૬૧૮ |
| ૧૧ | જામનગર | ૩૩૪૩ | ૩૩૪૩ | ૩૩૬૮ | ૩૨૬૦ | ૩૨૬૪ | ૩૩૧૩ | ૩૩૦૪ | ૩૩૨૩ | ૦ | ૩૩૪૬ | ૩૩૬૧ | ૩૩૬૮ | ૩૩૫૧ |
| ૧૨ | જુનાગઢ | ૩૯૩૦ | ૩૯૩૦ | ૩૯૬૮ | ૩૮૪૩ | ૩૮૪૮ | ૩૯૩૬ | ૩૮૯૪ | ૩૯૨૩ | ૦ | ૩૧૫૦ | ૩૯૩૫ | ૩૯૪૩ | ૩૯૨૪ |
| ૧૩ | ખેડા | ૩૦૩૪ | ૩૦૩૪ | ૩૦૨૬ | ૨૯૧૫ | ૨૯૧૯ | ૨૯૨૫ | ૨૯૦૮ | ૨૯૨૪ | ૦ | ૨૯૪૪ | ૨૯૩૦ | ૨૯૩૬ | ૨૯૨૨ |
| ૧૪ | કચ્છ | ૨૯૧૫ | ૨૯૧૫ | ૨૯૩૬ | ૨૮૩૬ | ૨૮૪૦ | ૨૯૫૦ | ૨૯૩૪ | ૨૯૧૬ | ૦ | ૨૯૩૬ | ૨૭૧૮ | ૨૭૬૪ | ૨૭૧૦ |
| ૧૫ | મહેસાણા | ૨૬૮૪ | ૨૬૮૪ | ૨૬૮૪ | ૨૫૮૯ | ૨૬૦૭ | ૨૬૨૨ | ૨૬૧૦ | ૨૫૭૯ | ૦ | ૨૫૯૭ | ૨૫૭૭ | ૨૫૮૩ | ૨૫૭૦ |
| ૧૬ | નવસારી | ૧૭૮૧ | ૧૭૮૧ | ૧૭૬૪ | ૧૭૧૦ | ૧૭૧૭ | ૧૭૨૪ | ૧૭૨૦ | ૧૬૯૬ | ૪૮ | ૧૭૦૮ | ૧૭૦૨ | ૧૭૦૬ | ૧૬૯૮ |
| ૧૭ | નર્મદા | ૭૫૬ | ૭૫૬ | ૭૪૦ | ૭૧૫ | ૭૧૬ | ૭૨૬ | ૭૨૩ | ૭૨૧ | ૦ | ૭૨૬ | ૭૨૮ | ૭૩૦ | ૭૨૭ |
| ૧૮ | પંચમહાલ | ૨૫૭૦ | ૨૫૭૦ | ૨૭૮૫ | ૨૬૮૮ | ૨૬૯૧ | ૨૭૪૩ | ૨૭૫૮ | ૨૭૬૮ | ૧૨ | ૨૭૮૭ | ૨૭૭૮ | ૨૭૮૪ | ૨૭૭૦ |
| ૧૯ | પાટણ | ૨૦૨૬ | ૨૦૨૬ | ૨૦૧૩ | ૧૯૫૭ | ૧૯૫૯ | ૧૯૬૧ | ૧૯૬૫ | ૧૯૬૭ | ૦ | ૧૯૮૦ | ૧૯૭૨ | ૧૯૭૬ | ૧૯૬૭ |
| ૨૦ | પોરબંદર | ૯૪૨ | ૯૪૨ | ૯૪૨ | ૯૧૦ | ૯૧૧ | ૯૦૪ | ૯૦૨ | ૮૧૯ | ૦ | ૮૯૭ | ૮૮૦ | ૮૮૨ | ૮૭૭ |
| ૨૧ | રાજકોટ | ૫૭૧૪ | ૫૭૧૪ | ૫૯૦૨ | ૫૭૫૬ | ૫૭૬૩ | ૫૯૭૭ | ૫૯૫૭ | ૫૯૨૨ | ૦ | ૫૯૬૨ | ૫૮૯૩ | ૫૯૦૬ | ૫૮૭૬ |
| ૨૨ | સાબરકાંઠા | ૩૫૮૭ | ૩૫૮૭ | ૩૬૨૪ | ૩૪૯૮ | ૩૪૦૨ | ૩૪૩૮ | ૩૪૯૨ | ૩૪૦૪ | ૦ | ૩૫૦૧ | ૩૪૮૭ | ૩૪૯૪ | ૩૪૭૭ |
| ૨૩ | સુરત | ૬૮૯૦ | ૬૮૯૦ | ૬૯૧૫ | ૬૬૮૦ | ૬૬૮૮ | ૬૮૯૪ | ૬૭૫૨ | ૬૩૨૫ | ૫૮ | ૬૩૬૮ | ૬૧૯૯ | ૬૨૧૨ | ૬૧૮૨ |
| ૨૪ | સુરેન્દ્રનગર | ૨૭૬૪ | ૨૭૬૪ | ૨૮૫૫ | ૨૭૫૮ | ૨૭૬૨ | ૨૮૦૬ | ૨૮૨૫ | ૨૮૪૧ | ૦ | ૨૮૬૦ | ૨૮૫૧ | ૨૮૫૮ | ૨૮૪૩ |
| ૨૫ | વડોદરા | ૫૦૪૫ | ૫૦૪૫ | ૫૦૩૧ | ૪૮૬૦ | ૪૮૬૬ | ૫૯૫૧ | ૫૯૨૭ | ૬૦૧૫ | ૩૬ | ૬૦૫૬ | ૫૬૯૨ | ૫૯૨૫ | ૫૮૯૬ |
| ૨૬ | વલસાડ | ૨૦૮૯ | ૨૦૮૯ | ૨૧૮૨ | ૨૧૦૫ | ૨૧૦૮ | ૨૦૯૪ | ૨૦૧૧ | ૧૯૮૯ | ૪૮ | ૨૦૦૩ | ૧૯૯૪ | ૧૯૯૮ | ૧૯૮૮ |
| | કુલ... | ૮૦૨૪૧ | ૮૦૨૪૧ | ૮૦૨૪૧ | ૭૮૪૪૪ | ૭૮૪૪૪ | ૭૯૨૮૪ | ૭૯૬૪૪ | ૭૯૦૨૫ | ૨૫૦ | ૭૮૪૪૪ | ૭૮૪૪૪ | ૭૮૮૩૫ | ૭૮૪૪૪ |
| | ફીશરીઝ.... | ૧૨૦૦ | ૧૨૦૦ | ૧૨૦૦ | ૧૨૦૦ | ૧૨૦૦ | ૩૬૦ | ૦ | ૬૧૯ | ૦ | ૧૨૦૦ | ૧૨૦૦ | ૮૦૯ | ૧૨૦૦ |
| | એકંદરે કુલ.. | ૮૧૪૪૧ | ૮૧૪૪૧ | ૮૧૪૪૧ | ૭૯૬૪૪ | ૭૯૬૪૪ | ૭૯૬૪૪ | ૭૯૬૪૪ | ૭૯૬૪૪ | ૨૫૦ | ૭૯૬૪૪ | ૭૯૬૪૪ | ૭૯૬૪૪ | ૭૯૬૪૪ |

**નોંધ :** માહે ઓગષ્ટ-૨૦૦૪માં કી.લી. કેરોસીનનો જથ્થો "ફલડ" અન્વયે કેન્દ્ર સરકાર તરફથી વધારાનો મળેલ છે.

## મુન્દ્રા તાલુકામાં કારાઘોઘા વિસ્તારમાં ઔષધ ગાર્ડન બનાવવા બાબત

અતારાંકિત : ૨૯૦૯ (૧૮-૧-૨૦૦૫) **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જીલ્લામાં મુન્દ્રા તાલુકામાં કારાઘોઘા વિસ્તારમાં નાણાકીય વર્ષ ૨૦૦૩-૦૪ ના વર્ષમાં બસો જેટલી ઔષધિય વનસ્પતિઓ ઉગાડવા ઔષધ વન શરૂ કરાયું છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ ઔષધ વનની શી વિગતો છે, અને

(૩) આ ઔધષ વનનો ઉપયોગ કયાં કયાં અને કઈ રીતે કરવાનો છે ?

**વન મંત્રીશ્રી** (૧૧-૨-૦૫)

(૧) ના, જી

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------------

## ઝાંઝરડા ગામ વિસ્તારની અનામત વીડીમાં ગેરકાયદેસર વૃક્ષો કાપવા બાબત

અતારાંકિત : ૨૯૨૦ (૭-૧-૨૦૦૫) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) અમરેલી જિલ્લામાં રાજુલા તાલુકાના ઝાંઝરડા ગામ વિસ્તારમાં આવેલ અનામત વીડીમાં સને ૨૦૦૪ના કેલેન્ડર વર્ષમાં કુલ ૧૮૦૦ વૃક્ષો ગેરકાયદેસર કાપી નંખાયા છે તે ગંભીર હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) આટલી મોટી સંખ્યામાં વૃક્ષો કાપનાર ગુન્હાહીતો કોણ કોણ છે ને તેની સામે શાં પગલાં લેવાયા છે,

(૩) આ વૃક્ષો છેદનમાં મદદગારી કરવા વન ખાતાના કર્મચારી/અધિકારી સંડોવાયેલા છે કે કેમ,

(૪) તેની સામે શાં પગલાં લેવાયા છે, અને

(૫) અનામત વીડીઓને સુરક્ષા આપવા શાં પગલાં લેવાયા છે?

**વન મંત્રીશ્રી** (૯-૨-૦૫)

(૧) હા, જી

(૨) પ્રાથમિક તપાસ દરમિયાન સદરહુ ગુનાના તહોમતદારો રાજુલા ગૌશાળાના વહીવટદારશ્રી તથા મેનેજરશ્રી જણાયા છે, તેઓ સામે ભારતીય વન અધિનિયમ, ૧૯૨૭ હેઠળ ગુનો નોંધવામાં આવે છે.

(૩) અને (૪) તે વિસ્તારના રેન્જ ફોરેસ્ટ ઓફિસ, રાઉન્ડ ફોરેસ્ટર તથા બીટગાર્ડની નિષ્કાળજી જણાયેલ છે જેથી તેમને ફરજ મોકુફી હેઠળ મુકવામાં આવેલ છે અને ખાતાકીય તપાસની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(૫) ક્ષેત્રિય સ્ટાફ દ્વારા ફેરણું કરવામાં આવે છે.

--------------------

## વડોદરા શહેરમાં તાંત્રિક વિધિ માટે ઘુવડનો બલી ચઢાવવા બાબત

અતારાંકિત : ૨૯૪૩ (૭-૧-૨૦૦૫) **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ (જૂનાગઢ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) વડોદરા શહેરના નિઝામપુરા ડીલકસ પાસે આવેલ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના મકાનમાં જુલાઈ, ૨૦૦૪માં તાંત્રિક વિધિ માટે વપરાતું એક ઘુવડ મળી આવ્યું હતુ તે હકીકત સાચી છે,

(૨) આ ઘુવડની પાંખો કપાયેલી હતી, તથા પગમાં તાર બાંધેલી હાલતમાં હતું તુ હકીકત પણ સાચી છે, અને

(૩) જો હા, તો રક્ષિત વન્ય પક્ષી ઘુવડનો તાંત્રિક વિધિ માટે ગેરકાનૂની વેપારને અટકાવવા વન ખાતાએ શાં વિશિષ્ટ પગલાં લીધા છે?

**વન મંત્રીશ્રી** (૧૧-૨-૨૦૦૫) :

(૧) આ મકાન પાસે એક ઘુવડ મળી આવેલ છે.

(૨) હા, જી.

(૩) આ બનાવ બાદ આ વિસ્તારમાં દેખરેખ ગોઠવી ક્ષેત્રિય સ્ટાફ ધ્વારા અવાર-નવાર ફેરણું કરી તકેદારી રાખવામાં આવે છે.

---------

## ગીરના દલખાણીયા રેન્જમાં સિંહનું અકુદરતી મૃત્યું

અતારાંકિત: ૨૯૪૫ ( ૧૧-૧-૨૦૦૫ ) **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ(જૂનાગઢ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ગીરના દલખાણીયા રેન્જમાં ઓગષ્ટ, ૨૦૦૪માં એક સિંહ અકુદરતી રીતે મૃત્યુ પામેલી હાલતમાં મળી આવ્યો હતો તે હકીકત સાચી છે,
(૨) આ સિંહનું મૃત્યુ કયા કારણોથી થયેલ છે, અને
(૩) તે માટે શી કાર્યવાહી થઈ ?

**વનમંત્રીશ્રી** : (૧૧-૨-૨૦૦૫) :

(૧) ના, જી.
(૨) ગીરના દલખાણીયા રેન્જમાં એક સિંહની પીઠમાં ઉપર ઘાવ પડેલ જેમાં પડેલ જીવાતને કારણે ધા ઉંડે સુધી પહોંચી જતાં સિંહ બિમાર તથા અશકત થઈ મૃત્યુ પામેલ છે.
(૩) પોસ્ટમોર્ટમ કરવામાં આવેલ અને વિશેરાના પૃથ્થકરણમાં ઝેર જણાઈ આવેલ નથી.

-----------------

## વડોદરા શહેરની સીમમાં કુતરા ધ્વારા વન્ય જીવોના શિકાર કરતી ટોળકી

અતારાંકિત : ૨૯૪૭ (૧૧-૨-૨૦૦૫) **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ (જૂનાગઢ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) વડોદરા શહેરની સીમમાં લક્ષ્મીપુરા ખાતે, જૂન, ૨૦૦૪માં ખૂંખાર કૂતરા દોડાવી વન્ય જીવોનો શિકાર કરતી ટોળકી પકડાઈ હતી તે હકીકત સાચી છે,
(૨) જો હા, તો આ શિકારીઓ કયાંના વતની હતા, તેમણે કેટલા શિકાર કર્યા હતા, અને
(૩) શિકારીઓ સામે શાં પગલાં લેવાયા છે, અને
(૪) આ શિકારીઓ ફરીથી શિકાર ન કરે તે માટે સરકારે શી વ્યવસ્થા કરી છે ?

**વન મંત્રીશ્રી** (૧૧-૨-૨૦૦૫) :

(૧) ના, જી.
(૨) (૩) અને (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

## ડુંગરી ગામે દિપડીનું મૃત્યુ

અતારાંકિત : ૨૯૪૮(૧૧-૧-૨૦૦૫) **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ(જૂનાગઢ) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) સુરત જિલ્લાના મહુવા તાલુકાના ડુંગરી ખાતે જુલાઈ-૨૦૦૪માં એક દીપડી મૃત હાલતમાં મળી આવી હતી તે હકીકત સાચી છે,
(૨) આ દીપડીના મૃત્યુ બદલ કોને આરોપી બતાવાયા છે તથા તેને શી શિક્ષા થઈ છે, અને
(૩) રક્ષિત વન્યજીવ દીપડીના રક્ષણ માટે શી વ્યવસ્થા કરી છે ?

**વન મંત્રીશ્રી** : (૧૧-૨-૨૦૦૫):

(૧) હા, જી.
(૨) આ દિપડીનું મૃત્યુ કુદરતી હોવાથી, આરોપી અંગનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) જંગલ વિસ્તારમાં તથા જંગલ બહારના વિસ્તારોમાં વસતા લોકોમાં વન્ય પ્રાણી પ્રત્યે જાગૃતિ લાવવા માટે વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી કરી લોકોને વન્ય પ્રાણીઓ માટે સમજણ આપવામાં આવે છે, તેમજ જંગલ વિસ્તારમાં કે બહાર વન્ય પ્રાણીનો શિકાર ન થાય તે માટે કર્મચારીઓ/અધિકારીઓ પેટ્રોલીંગ કરી તકેદારી રાખે છે.

---------------

## રાધનપુર તાલુકાના મેમદાવાદ-જાવંત્રી ગામમાં નીલગાયની હત્યા

અતારાંકિત : ૨૯૫૧ (૧૧-૧-૨૦૦૫) **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ(જૂનાગઢ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાધનપુર તાલુકાના મેમદાવાદ જાવંત્રી ગામની સીમમાં શિકારીઓએ દેશી બંદૂક વડે રક્ષિત નીલગાયની ઓકટોબર, ૨૦૦૪માં હત્યા કરી હતી તે હકીકત સાચી છે,
(૨) આ ગુનાહિત કામના આરોપી કોણ હતા, તેની સામે શાં પગલાં લેવાયાં છે, અને
(૩) આ વિસ્તારમાં નીલગાયની હત્યા/શિકાર ન થ ાય તે માટે વન ખાતાએ શાં કડક પગલાં લીધા છે ?

**વન મંત્રીશ્રી** : (૯-૨-૨૦૦૫) :

(૧) હા, જી.

(૨) આ ગુના કામના આરોપીઓ નીચે મુજબ છે :

૧ રાઉમાં ઉમરભાઈ જુસાભાઈ, રહે. મેમદાવાદ
૨ વ્હોરા ઉસ્માનભાઈ બાટલી, રહે. રાધનપુર
૩ રાઉમાં દિનુભાઈ ભયાભાઈ, રહે. મેમદાવાદ
૪ રાઉમા ભયાભાઈનો દીકરો, રહે.મેમદાવાદ
૫ રાઉમા કલાભાઈ જુસાભાઈ, રહે. મેમદાવાદ
૬ રાઉમા હારુભાઈ રાયશીભાઈ, રહે. મેમદાવાદ
૭ ઘાંચી ઈબ્રાહીમભાઈ અકકલભાઈ, રહે. મેમદાવાદ
૮ ઘાંચી ઈમામ અકકલભાઈ, રહે. મેમદાવાદ
૯ રાઉમાં ઈબ્રાહીમભાઈ જુસલભાઈ, રહે. મેમદાવાદ

ઉપરોકત તમામ આરોપીઓ સામે વન્ય પ્રાણી સંરક્ષણ ધારા-૧૯૭૨ની કલમ-૯ હેઠળ ગુનો નોંધવામાં આવેલ છે તથા અટક કરીને નામ.જયુડી.ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ સાહેબ, રાધનપુરની કોર્ટમાં રજૂ કરેલ હતા, જે નામ. કોર્ટે તમામ આરોપીઓને જામીન ઉપર મુકત કરેલ છે..

(૩) વન સંરક્ષકશ્રી, કચ્છ વન વર્તુળ, કચ્છ-ભુજ ધ્વ ારા પાટણ જિલ્લાના હદના તમામ ક્ષેત્રિય અધિકારીઓ/કર્મચારીઓને કોઈ પણ ઈસમ ધ્વારા વન્ય પ્રાણીઓની હત્યા કરવાની કોશિષ/શિકાર કરવામાં ન આવે તે સારું સઘન પેટ્રોલીંગ કરવા સૂચના આપવામાં આવેલ છે અને આવો કોઈ ગુનો માલુમ પડે, તો ગુનેગારો સામે કાયદેસરના સખ્ત પગલાં લેવા સખ્ત સૂચના આપવામાં આવેલી છે.

---------------

## વિસાવદર તાલુકાના લીલાપુર ગામની સીમમાં મોરની સામૂહિક હત્યા

અતારાંકિત : ૨૯૫૨(૧૮-૧-૨૦૦૫) **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ (જૂનાગઢ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) જૂનાગઢ જિલ્લાના વીસાવદર તાલુકાના લીલાપુર ગામની સીમમાં તા.૧-૧-૨૦૦૪ થી ૫-૧-૨૦૦૫ સુધીમાં દાણામાં ઝેર ભેળવી રાષ્ટ્રીય પક્ષી મોરની સામૂહિક હત્યા કરવામાં આવી છે તે વાત સાચી છે,

(૨) આ ગુનાહિત કિસ્સામાં કેટલા મોરના મૃત્યુ થયા હતા,

(૩) આ કામના આરોપી કોણ છે, તેની સામે શાં પગલાં લેવાયાં છે, અને

(૪) રાષ્ટ્રીય પક્ષી મોરના શિકાર/હત્યા ન થાય તે માટે શાં પગલાં લેવાયા ?

**વન મંત્રીશ્રી** (૧૧-૨-૨૦૦૫) :

(૧) હા, જી.

(૨) આ ગુન્હાહિત કિસ્સામાં મોર નર-૪ તથા મોર માદા-૩ એમ કુલ-૭ મોરના મૃત્યુ થયેલ હતા.

(૩) આ ગુન્હા હિત કિસ્સામાં આરોપી તરીકે શ્રી ગોવિંદ દાના દેવીપૂજક તથા ચતુર ગોવિંદ દેવીપૂજક, તમામ રહે.જેતલવડની તા.૧-૧૨-૨૦૦૪ના રોજ અટક કરી પૂછપરછ કરતાં તેમણે ગુનો કબુલ કરેલ છે. તેની સામે રેન્જ ગુના નં.૧/૨૦૦૪-૦૫, તા.૧-૧૨-૨૦૦૪થી ગુનો નોંધવામાં આવેલ છે અને તા.૨-૧૨-૨૦૦૪ના રોજ આ કામ સબબ વિસાવદર કોર્ટમાં આરોપીઓને વધુ રીમાન્ડની માંગણી માટે રજૂ કરવામાં આવેલ હતા, પરંતુ નામદાર કોર્ટ ધ્વારા રીમાન્ડની માગણી નકારતા જેલ હવાલે કરવામાં આવેલ છે.

(૪) (૧) કુદરતી વ ાતાવરણમાં વન્ય પ્રાણીઓન્ ું સંરક્ષણ અને સંવર્ધન થાય તે માટે માનવ સમાજ ધ્વારા ગેરધોરણે શિકાર કે કનડગત ન થાય તે માટે મોબાઈલ ટુકડી ધ્વારા તથા સ્થાનિક સ્ટાફ ધ્વારા જંગલમાં અને બોર્ડર ઉપર રેવન્યુ ગામમાં સતત ફેરણું કરવામાં આવે છે.

(૨) ગેરધોરણે શિકાર કે અન્ય પ્રવૃતિ ન થાય તે માટે સરકાર ધ્વારા વન્યપ્રાણી સંરક્ષણ ધારા ૧૯૭૨ અમલમાં મુકેલ છે, જે અંતર્ગત કસુરદારને કોર્ટ ધ્વારા સતા ધરાવતા અધિકારીઓ ધ્વ ારા દાખલારૂપ શિક્ષા મળે તે માટે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે છે.

## ગીધ પક્ષીને બચાવી લેવા સરકારનું આયોજન

અતારાંકિત : ૨૯૫૩ (૧૧-૧-૨૦૦૫) **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ (જૂનાગઢ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) વન્ય જીવન અધિનિયમ-૧૯૭૨માં રક્ષિત તથા લુપ્ત થતી પક્ષી જાતી ગીધને બચાવી લેવા તથા તેની વસતિ વૃધ્ધિ માટે સરકારે રાજયમાં વૈજ્ઞાનિક પ્રયોગો/કામગીરી હાથ ધરી છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ કામગીરી હાલ રાજયમાં કયાં કયાં ચાલી રહી છે, તથા તેની જવાબદારી કોને સોંપાઈ છે, અને

(૩) હાલ કામગીરી કયા તબકકામાં છે ?

**વનમંત્રીશ્રી** : (૧૧-૨-૨૦૦૫) :

(૧) રાજય સરકાર ધ્વારા ગીધ પક્ષીને બચાવવા માટે જાગૃતિ અભિયાન તથા સર્વે વિગેરેની કામગીરી હાથ ધરવામાં આવી રહેલ છે.

(૨) આ કામગીરી રાજયમાં વન વિભાગ ધ્વારા સમગ્ર રાજયમાં હાથ ધરવામાં આવેલ છે. જેમાં બીન સરકારી સંલગ્ન સંસ્થાઅ ોનો સહયોગ લેવામાં આવી રહયો છે.

(૩) (ક) ગીધને નુકસાન કરતી પશુ સારવારમાં ઉપયોગમાં લેવાતી દવા ડિકલોફેનિકના વપરાશમાં ઘટાડો કરવા માટેના પ્રયાસ કરવામાં આવી રહેલ છે.
(ખ) ગીધની જુદ ા જુદા વિસ્તારમાંની સંખ્યાનો અંદાજ લેવામાં આવી રહેલ છે.
(ગ) જનજાગૃતિ અભિયાન માટેના પગલાં લેવામાં આવી રહેલ છે.

---------------

## કચ્છ જિલ્લાના ચિંકારા અભ્યારણ અને સરોવરનું કદ ઘટાડવા બાબત

અતારાંકિત : ૩૦૮૩ (૨૭-૧-૨૦૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

કચ્છ જિલ્લાના ચિંકારા અભ્યારણ્ય અને નારાયણ સરોવર સેન્ચ્યુરીનું કદ ઘટાડવાની કોઈ દરખાસ્ત કેન્દ્ર સરકાર સમક્ષ કરવામાં આવે છે કે કેમ,

**વન મંત્રીશ્રી** : (૯-૨-૨૦૦૫) :

ના, જી.

--------------------

## બોગસ ડોકટરોને પકડી પાડવા બાબત

અતારાંકિત : ૨૫૨૪ (૪-૮-૨૦૦૪) **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૦-૬-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તબીબી વ્યવસાય કરવાનું પ્રમાણપત્ર કે લાયસન્સ ન હોવા છતાં ડોકટર તરીકે પ્રેકટીસ કરતાં કેટલા બોગસ ડોકટરોને રાજયમાં જિલ્લાવાર પકડી કેસો કરવામાં આવ્યા,

(૨) આવા કેસો કર્યા પછી પણ એવા ડોકટરોએ પોતાની પ્રેકટીસ બંધ નથી કરી તેવા કેટલા કિસ્સાઅ ો જિલ્લાવાર ધ્યાન પર આવ્યા છે, અને

(૩) તેઓની સામે શાં પગલા લેવામાં આવ્યા ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૧૯-૨-૨૦૦૫)

(૧) આ સાથેના પત્રક-અ મુજબ.

(૨) કોઈ કિસ્સો ધ્યાને આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક-અ**

| ક્રમ | જિલ્લાનું નામ | પકડવામાં આવેલ ડોકટરોની સંખ્યા |
|---|---|---|
| ૧ | વડોદરા | ૧૦ |
| ૨ | પંચમહાલ (ગોધરા) | ૬ |

| | | |
|---|---|---|
| ૩ | ભરૂચ | ૨૩ |
| ૪ | ભાવનગર | ૪ |
| ૫ | સાબરકાંઠા | ૧૦ |
| ૬ | દાહોદ | ૪ |
| ૭ | આહવા-ડાંગ | ૨ |
| ૮ | સુરત | ૪૧ |
| ૯ | પાટણ | ૩ |
| ૧૦ | નર્મદા | ૨ |
| ૧૧ | ગાંધીનગર | ૩ |
| ૧૨ | અમરેલી | ૨ |
| | **કુલ ...** | **૧૧૦** |

---------------

**અમદાવાદ શહેરમાં પ્રેકટીસ કરતા બોગસ સેકસોલોજીસ્ટો સામે પગલાં**

અતારાંકિત : ૩૦૫૦ (૧૮-૧-૨૦૦૫) **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) અમદાવાદ શહેરમાં આશ્રમ રોડ સહિત કેટલા અને કયા કયા બોગસ સેકસોલોજીસ્ટો ડીસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ પ્રેકટીસ કરી રહયાં છે,

(૨) આ ગુન્હાહિતો સામે શા પગલા ભરવામાં આવ્યા, તેને માટે કોણ જવાબદાર છે, તેને શી શિક્ષા કરવામાં આવી છે, અને

(૩) તમામ ગુન્હાહિત ડોકટરોને પકડી તેની ગુન્હાહિત પ્રેકટીસ કયાં સુધીમાં બંધ કરવામાં આવશે?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** : (૧૯-૨-૨૦૦૫)

(૧) એકેય નહીં

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------------

**શેરડીના રસમાંથી ગોળ બનાવવા માટે હાનિકારક કેમિકલનો ઉપયોગ અટકાવવા બાબત**

અતારાકિત ૩૯૫૨ (૧૮-૧-૨૦૦૫) **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ(મુંદ્રા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) શેરડીના રસમાંથી ગોળ બનાવવા તેને સફેદ કરવા સોડિયમ હાઈડ્રોસલ્ફેટ તથા ઓકઝાલિક એસિડ જેવા તીવ્ર અને સ્વાસ્થયને ભારે નુકસાનકાર પદાર્શ વપરાય છે, તે હકીકત સરકાર જાણે છે.

(૨) આ કેમિકલથી સ્વાસ્થયને શું નુકસાન થાય છે, અને

(૩) આવા નુકસાનકારક કેમિકલનો ઉપયોગ બંધ કરવા સરકારે શી કાર્યવાહી કરી છે?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી :** (૭-૨-૨૦૦૫)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

**અમદાવાદમાં સેટેલાઈટ વિસ્તારમાંથી કતલખાને લઈ જતાં પશુઓને ઉગારી લેવા બાબત**

અતારાંકિત : ૨૯૨૩ (૧૨-૧-૨૦૦૫) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) શ્રીમતી ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટની બાતમીના આધારે ડીસે.૨૦૦૪ પોલીસે અમદાવાદ સેટેલાઈટ વિસ્તારમાંથી સોળ જેટલા મુંગા પશુઓને કતલખાનામાં જતાં ઉગારી લીધા હતા તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ગુન્હાહિતોનું વાહન જપ્ત કરવામાં આવ્યું છે કે કેમ?

(૩) ગુન્હાહિત સામે શાં પગલાં લેવાયા છે, અને

(૪) ગેરકાનૂની કતલખાનાને શોધી તેની સામે શાં પગલાં લેવાયા છે?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** : (૧૧-૨-૨૦૦૫)

(૧) હા, જી.

(૨) આ ગુનામાં મેટાડોર નં.જીજે-૩-એક્ષ-૧૦૫૯નું વાહન કબજે કરવામાં આવેલ છે.

(૩) ગુનાહિત સામે સેટેલાઈટ પો.સ્ટે.ગુ.ર.૩૩૨૪/૦૪થી મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ-૧૯૫૪ અને પ્રાણી ક્રુરતા અધિનિયમ-૧૯૬૦ની કલમ ૫, ૧૧ અન્વયે ગુનો નોંધવામાં આવેલ છે.

(૪) આ માટે અધિકારીઓને બાતમીદારોથી માહિતી મેળવી આવી કોઈ પ્રવૃતિ જણાઈ આવે તો કાયદેસર કાર્યવાહી કરવા સુચના આપેલ છે.

-----------------

**પાદરા ગંભીરા રોડ ઉપર મુંજપુર ચોકડી પાસેથી ગેરકાયદેસર કતલખાને લઈ જવાતાં ગૌવંશ પકડવા બાબત**

અતારાંકિત:૨૯૨૪(૧૨-૧-૨૦૦૫) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) ડીસે.૨૦૦૪માં આણંદ જીલ્લાના પાદરા-ગંભીરા રોડ ઉપર મુંજપુર ચોકડી પાસે ગૌ-રક્ષા સમિતિના કાર્યકરોએ ગેરકાનુની કતલખાનામાં ક્રુરતાપૂર્વક બાંધીને લઈ જવાતા પંદર (૧૫) ગૌવંશને વાછરડા પોલીસની મદદથી પકડી પાડવામાં આવ્યા હતા તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આરોપી સામે શી કાર્યવાહી થઈ છે,

(૩) ગૌવંશ ખરીદ વેચાણ કરનારા સામે શી કાર્યવાહી થઈ છે, અને

(૪) બંને વાહનો જપ્ત કરવામાં આવ્યા છે કે કેમ ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** (૯-૨-૨૦૦૫)

(૧) હા, હકીકત સાચી છે.

(૨) આરોપીઓ વિરૂધ્ધ પાદરા પો.સ્ટે.ફ.ગુ.૨૫૦/૦૪ તથા ૨૫૭/૦૪ના બે ગુના દાખલ કરી આરોપીઓની અટક કરી કોર્ટ હવાલે કરેલ છે.

(૩) ખરીદ વેચાણ કરનારા આરોપીઓની અટક કરી કોર્ટમાં મોકલી આપેલ છે.

(૪) હા, બંને વાહનો જપ્ત કરવામાં આવેલ છે.

---------------

**વૌઠાના તથા તરણેતરના મેળામાં પ્રતિબંધિત બિભત્સ ડાન્સ કરવા બાબત**

અતારાંકિત : ૨૯૨૫ (૧૨-૧-૨૦૦૫) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) નવેમ્બર-૨૦૦૪ના કારતક માસમાં વૌઠામાં ભરાયેલ મેળો તથા સપ્ટેમ્બર-૨૦૦૪માં ભરાયેલ પ્રસિધ્ધ તરણેતર મેળામાં યુવતિઓને લાવી બિભત્સ કેબ્રે ડાન્સના શો યોજાયા હતા તે હકીકત સરકાર જાણે છે,

(૨) પ્રતિબંધિત એવા આ પ્રકારના ડાન્સના જુદા જુદા મેળામાં શો યોજતી ગુન્હાહિત ટોળકી કામ કરી રહી છે, તે હકીકત સાચી છે,

(૩) જો હા, તો આ ગુન્હાહિતો કોણ છે, તેને પકડી શા પગલાં લેવાયા છે, અને

(૪) રાજયનાં સાંસ્કૃતિક મેળાઓમાં આવા બિભત્સ શો ન યોજાય તે માટે કોને જવાબદારી સોંપી છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** (૯-૨-૨૦૦૫)

(૧) ના, જી.

(૨) ના, જી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

**કચ્છ જિલ્લામાં પાકિસ્તાની નાગરીકોની ઘુસણખોરી અંગે**

અતારાંકિત:૨૯૨૭(૨૭-૧-૨૦૦૫) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) કચ્છ જિલ્લામાં પચ્છમ અને ઉગમણી બન્નીને જોડતા રણ વિસ્તારમાં તથા લખપત તાલુકામાં પાકિસ્તાનથી ઉંટ પર સામાન લાદી કચ્છમાં ઘુસણખોરી થવાની ઘટના નવેમ્બર-૦૪માં બનવ ા પામી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કિસ્સાની શી વિગતો છે,
(૩) આરોપીઓને પકડી પાડવામાં આવ્યા છે કેમ, અને
(૪) આવી ઘુસણખોરી અટકાવવા પોલીસ તંત્રએ શી વ્યવસ્થા ગોઠવી છે?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** (૧૧-૨-૨૦૦૫)
(૧) ના, જી.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪) આ પ્રકારની ઘુસણખોરી અટકાવવા માટે બોર્ડરના પોલીસ સ્ટેશનના તેમજ એલ.આઈ.બી./એલ.સી.બી.ના અધિકારી/કર્મચારી સતર્ક છે અને બોર્ડરના વિસ્તારમાં સઘન પેટ્રોલીંગ કરવામાં આવે છે જેનું મૂલ્યાંકન સીનીયર અધિકારીઓ ધ્વારા થતું હોય છે. ઘુસણખોરીના બનેલ અગાઉના બનાવોમાં જે ઈસમોએ આશરો પૂરો પાડેલ તેવા ઈસમોની યાદી બનાવી પોલીસ સ્ટેશનને આપવામાં આવેલ છે જેના ઉપર એલ.સી.બી./એલ.આઈ.બી. તથા પોલીસ સ્ટેશન ધ્વારા આ ઈસમો ઉપર સતત દખરેખ રાખવ ામાં આવે છે.

----------------

## મોરબી ન્યુ પેલેસ વિસ્તારમાં રાષ્ટ્રીય પક્ષી મોરની હત્યાની ફરિયાદ પોલીસ ધ્વારા નહી નોંધવા અંગે

અતારાંકિત:૨૯૨૮ (૧૨-૧-૨૦૦૫) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) મોરબીના ન્યુ પેલેસ વિસ્તારમાં ડીસેમ્બર-૨૦૦૪ના પ્રથમ સપ્તાહમાં રાષ્ટ્રીય પક્ષી મોરનો શિકાર થયા પછી પોલીસે ફરીયાદ નોંધી નથી અને શિકારીઓન છોડી મૂકયા છે તે હકીકત સાચી છે,
(૨) જો હા, તો ફરજ બજાવવામાં નિષ્ફળ જનાર તથા આરોપીને મદદગાર પોલીસ કર્મચારીઓ સામે શાં પગલાં લેવાય ા છે, અને
(૩) આ કિસ્સામાં ફરિયાદ નોંધી આગળની શી કાર્યવાહી કરવામાં આવનાર છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** (૧૧-૨-૨૦૦૫)
(૧) ના, જી.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------------

## ભરૂચ રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર-૮ ઉપરથી કતલખાને જતા પ્રાણીઓને મદદનીશ પશુપાલન અધિકારી ધ્વારા પકડવા અંગે

અતારાંકિત : ૨૯૩૯ (૧૨-૧-૨૦૦૫) **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ (જૂનાગઢ) : માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) જુલાઈ ૨૦૦૪ના ભરૂચ રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.૮ પરણી ૪ વાહનોમાં ક્રુરતાપૂર્વક ભરીને ગેરકાનૂની કતલખાનામાં લઈ જવાતા ૪૨ પ્રાણીઓને મદદનીશ પશુપાલન અધિકારીએ બચાવી લીધા હતા, તે હકીકત સાચી છે,
(૨) જો હા, તો ગુનાહિતો સામે શાં પગલાં લેવાયા છે,
(૩) આ વાહનોને જપ્ત કરવામાં આવ્યા છે કે કેમ, અને
(૪) આ સ્થળ પર વાહનોનું ચેકીંગ સઘન બનાવવા સરકાર ધ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી છે?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** (૧૦-૨-૨૦૦૫)
(૧) હા, કુલ ૪ વાહનો પકડી ૩૮ પશુઓને બચાવવામાં આવ્યા છે.
(૨) કુલ ૧૫ આરોપીઓની અટક કરી મુદત અંદર મેજિ.કસ્ટડીમાં મોકલી આપેલ છે જેમાં ૮આરોપી વિરૂધ્ધ તા.૨૯-૭-૦૪ના રોજ, તેમજ બીજા ૭ આરોપી વિરૂધ્ધ તા.૧૪-૮-૦૪ના રોજ ચાર્જશીટ કરવામાં આવેલ છે. જે તમામ ગુન્હા હાલ કોર્ટમાં પેન્ડીંગ છે.
(૩) હા, જ.
(૪) જિલ્લાની હદમાં ઓલ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આવેલ ચેકપોસ્ટ ઉપર વાહન ચેકીંગ કરવામાં આવે છે.

--------------

**ગોંડલ તાલુકાના બિલીયાળા ગામ પાસે ગેરકાનૂની કતલખાનામાં લઈ જવાતા પકડાયેલ ગૌ-વંશ અંગે**

અતારાંકિત : ૨૯૫૪ (૧૨-૧-૨૦૦૫) **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ(જૂનાગઢ) : માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના બિલયાણા ગામ પાસેથી જુલાઈ-૦૪ના છેલ્લા સપ્તાહમાં અમદાવાદના ગેરકાનુની કતલખાનામાં લઈ જવાતા ૧૫ બળદો ક્રુરતાપૂર્વક ટ્રકમાં ભરીને લઈ જવાતા બચાવી લેવાયા હતા તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ કામના આરોપી કોણ હતા અને તેની સામે કયા કાયદા અન્વયે શાં પગલાં લેવાયાં છે,

(૩) ગેરકાનૂની કામમાં સંડોવાયેલ ટ્રક જપ્ત થયો છે કે કેમ, અને

(૪) ગૌવંશના વેચાણ કરનારા તથા દલાલો સામે શાં પગલાં લેવાયા છે?

**મુખ્યમંત્રીશ્રી(ગૃહ)** (૧૦-૨-૨૦૦૫)

(૧) આ પશુઓને કતલખાતે લઈ જવાતા ન હતા. પરંતુ ૧૫ બળદોને ટ્રકમાં ખીચોખીચ ભરી તેમને હેરાફેરી દરમ્યાન મુશ્કેલી પડે તે રીતે ત્રાસદાયક રીતે ટ્રકમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જતાં મળી આવતાં ગોંડલ તાલુકા પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૩૦૯૫/૦૪, પશુ પ્રત્યે દ ાતકીપણાની કલમ-૧૧(ડી) મુજબનો ગુન્હો દાખલ કરેલ છે.

(૨) આ કામના ગુન્હામાં.

(૧) ફિરોજ જીવાભાઈ સંધિ, રહે, નવાગઢ (૨) નુરમામદ આદમભાઈ સુમરા, રહે.ધોરાજી (૩) અસરફ જમાલભાઈ કાંચતરા, રહે. બગસરા (૪) વસીમ હનીફ સિપાઈ રહે.નવાગામઓને પશુ પ્રત્યે ઘાતકીપણાની કલમ -૧૧(ડી) મુજબનો ગુના દાખલ કરી તા.૨૯-૭-૦૪ના રોજ અટક કરી કોર્ટ હવાલે કરેલ છે.

(૩) હા, જી.

(૪) આ કામે વેચાણ કરનાર કે દલાલ ન હતા જેથી કોઈ પગલાં લેવાયેલ નથી.

----------------

**અમદાવાદ શહેરના સારંગપુરના વિસ્તારમાં ગર્ભવતી ગાય ઉપર એસીડ ફેંકવા બાબત**

અતારાંકિત : ૨૯૫૬(૧૯-૧-૨૦૦૫) **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ (જૂનાગઢ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી(ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) અમદાવાદ શહેરના સારંગપુર વિસ્તારમાં જુલાઈ, ૨૦૦૪માં એક ગર્ભવતી ગાય તથા અન્ય ચાર સહિત કુલ પાંચ ગાયો પર જલદ એસીડ છાંટવામાં આવ્યો તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો અધમ કૃત્ય કરનારા ઈસમો કોણ હતા અને તેની સામે શી કાર્યવાહી કયા કાયદા અન્વયે થઈ છે, અને

(૩) અમદાવાદ શહેરમાં ગાય, આખલા, કુતરા જેવા પ્રાણીઓ પર જલદ એસીડ નાંખવાના સતત બનતા બનાવો સામ શાં પગલાં લેવાયા છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** (૧૦-૨-૨૦૦૫)

(૧) હા.

(૨) આ સંબંધે ખાડીયા સે.ગુ.ર.નં.૩૦૫૩/૦૪, પ્રાણી હિંસા નિવારણ અધિનિયમ-૧૯૬૦ની કલમ-૧૧ (૬) મુજબ તા.૨૯-૭-૦૪ના રોજ ગુન્હો દાખલ કરવામાં આવેલ છે, જેમાં કોઈ આરોપી મળી આવેલ ન હોઈ, તા.૧૯-૧૦-૦૪ના રોજ 'એ' ફાયનલ ભરવામાં આવેલ છે, જે તા.૩૦-૧૦-૦૪ના રોજ કોર્ટ નં.૧૬ ધ્વારા મંજુર કરવામાં આવેલ છે.

(૩) આવા બનાવો સંબંધે નિયમોનુસાર કાયદેસર કાર્યવાહી કરવામાં આવે છે.

-----------------

**જેતપુર તાલુકાના ઉચાંપાણ-જાંબુધોડા માર્ગ ઉપરથી કતલ માટે લઈ જવાતી ગાયો પકડવા અંગે**

અતારાંકિત:૨૯૬૩ (૧૨-૧-૨૦૦૫) **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ (જૂનાગઢ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૨૪-૬-૦૪ના રોજ બાતમીના આધારે પાવી-જેતપુર તાલુકાના ઉચાંપાણ-જાંબુધોડા માર્ગ ઉપરથી ઉચાંપાણથી ગોધરા તરફ ટેમ્પામાં ભરી ગેરકાનૂની કતલખાનામાં લઈ જવાતી ૧૦ ગાયોને પોલીસે બચાવી લીધી હતી તે હકીકત સાચી છે,

(૨) આ ગુનાહિત કિસ્સામાં આરોપી સામે કયા અધિનિયમ હેઠળ ગુના નોંધવામાં આવ્યા છે,

(૩) વાહન તથા ગાયો હાલમાં કયાં રાખવામાં આવ્યા છે,
(૪) ગાયોને કતલખાનામાં ધકેલવાના ઈરાદાથી વેચનાર દલાલ સામે શી કાર્યવાહી થઈ છે, અને
(૫) ગૌવંશ સંરક્ષણ માટે શી કાર્યવાહી થઈ છે ?

**મુખ્યમંત્રીશ્રી(ગૃહ)** (૧૦-૨-૨૦૦૫) :

(૧) હા, જી.
(૨) પશુ સંરક્ષણધારા અત્યાચાર અધિનિયમ ૧૯૬૦ની કલમ ૧૧(૬) તથા ૧૯૫૪ની કલમ-૫, ૬, ૮ મુજબ પકડાયેલ આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.
(૩) નામદાર કોર્ટના હુકમ આધારે માલીકને વાહન પરત સોંપેલ છે. જાંબુધોડાના ભણસાલી સેવા ટ્રસ્ટમાં ગાયોને મોકલી આપેલ છે.
(૪) આ કામે બે આરોપીઓને અટક કરવામાં આવેલ છે.
(૫) આવા ગુના અટકાવવા તાબાના અધિકારીઓ/કર્મચારીઓને સુચના આપવામાં આવેલ છે.

----------------

## બી.આર.સી.ઉધના રોડ ઉપરથી કતલ માટે જતાં ગૌવંશને હિંસા નિવારણ સંઘ અને વિશ્વ હિન્દુ પરિષદ ધ્વારા પકડવા અંગે

અતારાંકિત : ૨૯૬૪ (૧૨-૧-૨૦૦૫) **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ (જૂનાગઢ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) સુરત જિલ્લાના અનાવલથી સુરત ખાતેના ગેરકાનૂની કતલખાનામાં કતલના હેતુસર ગાય અને ગૌવંશ ભરીને લઈ જવાતા બે ટેમ્પા હિંસા નિવારણ સંઘ અને વિશ્વ હિન્દુ પરિષદે ઓગષ્ટ, ૨૦૦૪માં બી.આર.સી. ઉધના રોડ ઉપરથી પકડી પાડયા હતા તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ પ્રાણીઓ કોના કતલખાનામાં પહોંચાડવાના હતા, અને
(૩) ગૌવંશની કતલ માટે વેચાણ કરનાર વેપારીઓ કોણ કોણ હતા અને તેની સામે શાં પગલાં લેવાયા છે?

**મુખ્યમંત્રીશ્રી(ગૃહ)** (૯-૨-૨૦૦૫)

(૧) ના, આવો કોઈ બનાવ સુરત શહેર ખાતે નોંધાયેલ નથી.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

## દારૂમાં ગોળના ઉપયોગને કારણે પ્રમાણિક વેપારીઓને થતી હેરાનગતિ

અતારાંકિત : ૩૦૪૧ (૩૧-૧-૨૦૦૫) **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ(જૂનાગઢ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજયમાં મોલાસીસ પર પ્રતિબંધ હોવાથી દારુ ગાળવામાં ગોળનો વ્યાપક ઉપયોગ થઈ રહયો છે તે હકીકત સાચી છે,
(૨) જો હા, તો પ્રમાણિકતાથી ગોળનો વેપાર કરતા વેપારીઓને દારુના ઉત્પાદનમાં જવાબદાર ગણી સંબંધિત ખાતા ધ્વારા વ્યાપક હેરાનગતિ કરવમાં આવી રહી છે તે ફરિયાદીથી સરકાર વાકેફ છે,
(૩) પ્રમાણિકતાથી ગોળનો વેપાર કરતા વેપારીને રક્ષણ પુરુ પાડવા અને તેને હેરાનગતિ ન થાય તે માટે શી વ્યવસ્થા થઈ છે, અને
(૪) આ જવાબદારી કોને સોંપાઈ છે ?

**મુખ્યમંત્રીશ્રી(ગૃહ)** (૧૯-૨-૨૦૦૫) :

(૧) ના, જી.
(૨) પ્રમાણિકતાથી ગોળનો વેપાર કરતા વેપારીઓને નશાબંધી/પોલીસ ખાતા ધ્વારા કોઈ હેરાનગતિ કરવામાં આવતી નથી.
(૩) પ્રમાણિકતાથી ગોળનો વેપાર કરતા વેપારીને હેરાનગતિ ન થાય તે માટે સરકારશ્રીના તા.૧૧-૭-૯૫ના પરિપત્ર ક્રમાંક: આરટીજી/૧૦૯૫/૮૪૭/મ થી તથા કમિશ્નર અને અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી નશાબંધી અને આબકારીની કચેરીના તા.૨૪-૩-૦૩ના પરિપત્ર ક્રમાંક:

કમિ/આરબી/૬૨૨/૦૩થી નશાબંધી અમલીકરણની કામગીરી સંભાળતા સ્ટાફને સુચનાઓ આપવામાં આવેલ છે.

(૪) આ જવાબદારી ગૃહ વિભાગ હસ્તકના નશાબંધી અને આબકારી ખાતા તથા પોલીસ ખાતાને સોંપાયેલ છે.

----------

## કચ્છ જિલ્લામાં પોસડોડા અને દારૂના પરવાના માટેની અરજીઓ

અતારાંકિત : ૩૦૯૩(૩૧-૧-૨૦૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) :માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં પોસડાડા, દારૂનાં પરવાનાં માટે કુલ કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામા ં આવી, કેટલી ના મંજુર કરવામાં આવી અને કેટલી પડતર છે,

(૩) કેટલી અરજીઓમાં સીવીલ સર્જન ધ્વારા અભિપ્રાય આવ્યો ને કેટલી અરજીઓમાં અભિપ્રાય આપવામાં ન આવ્યો,

(૪) અભિપ્રાય ન આપવાના કારણો શા શા છે, અને

(૫) અરજીઓ ના મંજુર અને પડતર રહેવાના કારણો શા શા છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** (૧૯-૨-૨૦૦૫) :

(૧) **અ** પોસપોડા માટે કુલ ૫ અરજીઓ આવેલ છે.
**બ** વિદેશી દારૂના વેચાણ માટેના એફ.એલ.૧ અને એફ.એલ.ર પરવાના મેળવવા માટે કુલ ૪ અરજીઓ તથા વિદેશી દારૂની પરમીટ મેળવવા માટેની કુલ ૨૩૬ અરજીઓ આવેલ છે.

(૨)

| અરજીનો પ્રકાર | મંજૂર | નામંજુર | પડતર |
|---|---|---|---|
| પોસડોડા | - | ૪ | ૧ |
| એફ.એલ.૧, ૨ પરવાના (વિદેશી દારૂના વેચાણ માટે) | ૧ | - | ૩ |
| દેશી દારૂની પરમીટ (અંગત વપરાશ માટેની) | ૨૩૦ | - | ૬ |

(૩) વિદેશી દારૂની પરમીટો મેળવવા માટે આવેલ તમામ ૨૩૬ અરજીઓમાં સિવિલ સર્જન ધ્વારા અભિપ્રાય આવ્યો.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) **અ** પોસડાડાના વેચાણ માટેના પોપી-૨ પરવાના માટેની અરજીઓ જિલ્લા નશાબંધીસમિતિએ ભલામણ કરેલ નથી તેવી ૪ (ચાર) અરજીઓ ના-મંજૂર કરેલ છે. જયારે ૧ (એક) અરજી અંગેની માંગેલ જરૂરી માહિતી આવવા પર બાકી છે.
**બ** વિદેશી દારૂના વેચાણ માટેના એફ.એલ.૧ અને ૨ પરવાના મેળવવા માટેની ત્રણ પડતર અરજીઓ પૈકી એક રજૂઆતમાં છે, જયારે બે અરજીઓ અંગે ખૂટતી વિગતો મેળવવા પત્ર વ્યવહાર ચાલુ છે.
**ક** વિદેશી દારૂની પરમીટ મેળવવાની નવી ૫ (પાંચ) અને રીન્યુ માટેની ૧(એક) એમ કુલ-૬ (છ) પડતર અરજીઓ અંગે અરજદાર/પરમીટદાર પાસેથી જરૂરી ખુટતી માહિતી પૂરી પાડી શકયા ન હોઈ પડતર છે.

--------------

## કચ્છ જિલ્લામાં લુંટ, ઘાડ, બળાત્કાર, ખુન, ચોરી, ચીલઝડપ, છેડતી અને ગુનાઓના બનાવો અંગે

અતારાંકિત :૩૦૯૮ (૨૭-૧-૨૦૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લામાં ૨૦૦૪ના વર્ષમાં લુંટ, ધાડ, બળાત્કાર, ખુન, ચોરી, ચીલઝડપ, છેડતી, આર્થિક ગુનાઓના કેટલા બનાવો પોલીસ સ્ટેશન વાર બન્યા,

(૨) તેમાંથી કેટલા કીસ્સા વણ ઉકેલ્યા રહયા છે,

(૩) તેનાં કારણો શા શા છે, અને

(૪) તેનાં માટે શી શી કાર્યવાહી કરવામાં આવી છે?

**મુખ્યમંત્રાશ્રી (ગૃહ)** (૧૦-૨-૨૦૦૫)

(૧)

| અ.નં | પો.સ્ટે. | લુંટ | ધાડ | બળાત્કાર | ખુન | ચોરી | ચીલઝડપ | છેડતી | આર્થિક ગુના |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ભુજ સીટી | ૧ | - | ૨ | ૩ | ૮૯ | ૨ | ૫ | ૧૫ |
(૩) સામાજિક શૈક્ષણિક પછાત વર્ગની ૫૨ તથા અનુસૂચિત જાતિની ૪૬૮ અરજીઓ પડતર છે,

(૪) ગ્રાન્ટના અભાવે તથા અનુસૂચિત જાતિના કિસ્સામાં માનવ ગરિમા યોજના ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમને તબદિલ કરવામાં આવી હોવાથી તથા રોકડ સહાયના બદલે કીટ્સ આપવાનું ઠરાવેલ હોવાથી.

------------

**વડોદરા શહેરમાં ગીચવસ્તીમાં એલ.પી.જી. ગેસ સ્ટેશનો બાબત**

અતારાંક્તિઃ **૨૯૭૧ (૧૯-૧-૨૦૦૫) શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) વડોદરા શહેરમાં ગીચ વસ્તીવાળા વિસ્તારમાં અચાનક એલ.પી.જી. ગેસ સ્ટેશનો શરૂ થઇ ગયેલ છે, તે શું સરકાર જાણે છે,

(૨) જો હા, તો આ અંગે પરવાનગી આપવામાં આવેલ છે કે કેમ,

(૩) જો ના, તો તે અંગે શા પગલાં લેવા માંગે છે,

(૪) આ અંગે કોઇ ઝડપી વ્યવસ્થા ઊભી કરી વડોદરાને ટાઇમ બોમ્બ બનતું અટકાવવા માંગે છે કે કેમ, અને

(૫) તે માટે શું આયોજન થયેલ છે ?

**ઉર્જા મંત્રીશ્રી (૧૬-૨-૨૦૦૫) :-**

(૧) વડોદરા શહેરમાં આવા કોઇ એલ.પી.જી. ગેસ સ્ટેશનો શરૂ થયેલ નથી.

(૨) ઉપર પ્રમાણે વિગત હોઇ, પરવાનગી આપવાનો પ્રશ્ન નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**જામનગર જિલ્લામાં ખાનગી ધોરણે બંદરો વિકસાવવાનું આયોજન**

અતારાંક્તિ **: ૩૧૧૬ (૨૭-૧-૨૦૦૫) શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ કચ્છ જિલ્લાનાં માંડવી થી મુંબઇ - જામનગર - દ્વારકા સુધી ફેરી સર્વીસ શરૂ કરવાનું આયોજન કયા તબક્કે છે,

(૨) આ ફેરી સર્વીસ શરૂ કરવા કઇ કઇ કંમ્પની કે સંસ્થાએ ક્યારે ક્યારે માંગણી કરી છે અને તેની વિગતો શી શી છે, અને

(૩) આ ફેરી સર્વીસ ક્યારે શરૂ કરવાનું આયોજન છે ?

**મુખ્યમંત્રીશ્રી (બંદરો) (૧૬-૨-૨૦૦૫) :-**

(૧) હાલના તબક્કે કોઇ આયોજન નથી.
(૨) અગાઉ મેસર્સ કચ્છ મરીન સર્વીસ પ્રા. લી., માંડવી (કચ્છ) દ્વારા ૧૯૯૮ માં માંડવી-ઓખા-મુંદ્રા-માંડવી અને મુંદ્રા-રોઝી પીયર (જામનગર) રૂટ પર ફેરી સર્વીસ કરવા માંગણી કરેલ હતી જેને ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા પરવાનગી આપવામાં આવેલ હતી. પરંતુ, પુરતા પેસેન્જર ન મળતાં આર્થિક રીતે પોષાય તેમ ન હોવાથી ડીસેમ્બર, ૨૦૦૧ માં ફેરી સર્વીસ ચલાવવા માટે કંપનીએ અસંમતી દર્શાવેલ હતી.
(૩) હાલના તબક્કે કોઇ આયોજન નથી.

------------

**સ્ત્રી કર્મચારીનું જાતિય શોષણ અટકાવવા ફરિયાદ નિવારણ સમિતિની રચના અંગે**

અતારાંક્તિ **: ૩૦૪૪ (૩૧-૧-૨૦૦૫) શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) સુપ્રિમ કોર્ટે ૧૯૯૭ માં તથા ત્યારબાદ ગુજરાત હાઇકોર્ટે સરકારી/અર્ધસરકારી નોકરીમાં સ્ત્રી કર્મચારીનું જાતીય શોષણ અટકાવવા ફરિયાદ નિવારણ સમિતિની રચના કરવા ચીફ સેક્રેટરીને આદેશ કર્યો છે, તે હકીકત સાચી છે,
(૨) જો હા, તો આ આદેશ મુજબ રાજ્યમાં આ સમિતિની રચના થઇ છે કે કેમ, અને
(૩) જો ના, તો આ સમિતિની રચના ક્યારે કરવામાં આવશે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (૧૮-૨-૨૦૦૫) :-**

(૧) હા જી,
(૨) હાજી,
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**અતારાંક્તિ યાદીમાં સમાવેલા પ્રશ્ન અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૩૦૦૯ | ૧ |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૨૯૮૦, ૩૧૦૯, ૩૧૧૦, ૩૧૧૧ | ૪ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૨૦૦૮, ૨૨૬૯, ૨૩૭૮, ૨૬૫૯, ૨૬૬૦, ૨૭૫૮, ૨૮૧૪, ૩૦૧૦, ૩૦૧૧, ૩૦૨૬ | ૧૦ |
| ૪ | નાણા વિભાગ | ૩૦૩૯ | ૧ |
| ૫ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૩૧૩૧ | ૧ |
| ૬ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૨૮૪૭, ૨૮૫૮, ૨૮૬૦, ૨૮૬૨, ૨૮૮૬, ૨૮૮૮, ૨૯૧૫, ૩૦૫૩, ૩૦૫૪, ૩૦૭૩, ૩૧૭૬, ૩૧૭૯, ૩૧૮૦ | ૧૩ |
| ૭ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૨૫૦૪ | ૧ |
| ૮ | શ્રમ અને રોજગાર વિભાગ | ૨૮૦૩ | ૧ |
| ૯ | કાયદા વિભાગ | ૨૧૦૮, ૨૩૭૭, ૩૧૬૧, ૩૧૬૩ | ૪ |
| ૧૦ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૩૨૧૭ | ૧ |
| ૧૧ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ | ૨૧૯૮ | ૧ |
| | વિકાસ વિભાગ | | |
| ૧૨ | મહેસૂલ વિભાગ | ૨૧૧૦, ૨૨૯૪ | ૨ |
| ૧૩ | માર્ગ અને મકાન | ૨૪૧૭, ૩૦૦૬, ૩૦૨૧, ૩૦૬૯, ૩૧૬૬ | ૫ |
| ૧૪ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૨૩૦૬, ૨૪૨૨ | ૨ |

| | | | |
|---|---|---|---|
| ૧૫ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | ૨૯૭૧ | ૧ |
| ૧૬ | બંદરો અને મત્સ્યોદ્યોગ વિભાગ | ૩૧૧૬ | ૧ |
| ૧૭ | મહિલા અને બાળ કલ્યાણ વિભાગ | ૩૦૪૪ | ૧ |
| | | કુલ :- | **૫૦** |

-------------

# ચૌદમી અતારાંકિત યાદી

## નવસારી જિલ્લામાં નાણા ધીરધાર કરનાર લાયસન્સ ધરાવતા ઈસમો

**અતારાંકિતઃ૨૬૦૩(૧૧-૮-૦૪) શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) : માનનીય સહકાર મંત્રીશ્રી જણાવવા** કૃપા કરશે કે -

(૧) નવસારી જિલ્લામાં તા. ૩૦-૬-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નાણાં ધીરધાર કરવાનું લાયસન્સ ધરાવતા ઈસમોની તાલુકાવાર સંખ્યા કેટલી છે, અને

(૨) ગેરકાયદેસર નાણાં ધીરધાર કરનાર ઈસમો કેટલા આ ઈસમો સામે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટ-કેટલી વખત દરોડા પાડી શી કાર્યવાહી કરવામાં આવી ?

**સહકાર મંત્રીશ્રી** (૨૮-૨-૦૫) :

(૧) નવસારી જિલ્લામાં તા. ૩૦-૬-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નાણાં ધીરધાર કરનાર લાયસન્સ ધરાવનાર ઈસમોની તાલુકાવાર સંખ્યા નીચે પ્રમાણે છે.

| તાલુકો | તા. ૩૦-૬-૦૪ના અંતે | ૩૦-૬-૦૪ના અંતે |
|---|---|---|
| નવસારી | ૩૫ | ૩૭ |
| ચીખલી | ૯ | ૯ |
| ગણદેવી | ૨૧ | ૨૫ |
| વાસંદા | ૧૭ | ૧૮ |
| કુલ પરવાનેદારો | ૮૨ | ૮૯ |

(૨) ગેરકાયદેસર નાણાં ધિરધાર કરનાર ઈસમો શોધવા માટે જાહેર જનતા તરફથી મળતી ફરીયાદોના આધારે તેમજ ધિરાણની શક્યતા ધરાવતા ગરીબ અને ઔદ્યોગિક વિસ્તારોમાં તેમજ શંકાના આધારે શાહુકાર ધારા હેઠળ તપાસ કરવામાં આવે છે. તદ્ઉપરાંત પગારના દિવસોમાં કારીગરો મજુરી કામ કરતા હોય તેવા વિસ્તારોમાં વોચ જાપ્તો ગોઠવીને આવા ગેરકાયદેસર ધિરાણની પ્રવૃત્તિ અટકાવવા માટે છેલ્લા બે વર્ષમાં નીચે મુજબના પગલા લેવામાં આવેલ છે.

| અ.નં. | તપાસની વિગત | ૩૦-૬-૦૩ના અંતે | ૩૦-૬-૦૪ના અંતે | કુલ |
|---|---|---|---|---|
| ૧ | સ્વૈચ્છિક તપાસ શંકા તપાસ | ૨૨૭ | ૭૯ | ૩૦૬ |
| ૨ | ફરીયાદ તપાસ | ૦૧ | -- | ૦૧ |
| ૩ | વોચ જાપ્તાની કામગીરી | -- | ૦૬ | ૦૬ |
| ૪ | છુપા ધિરાણના શોધેલ કેસો | ૧૧ | ૦૬ | ૧૭ |
| ૫ | પોલીસ કેસ | ૫ | ૩ | ૮ |

---------

## કચ્છ જિલ્લામાં પશુઓની આરોગ્ય સુવિધા માટે મહેકમ

**અતારાંકિત : ૩૧૦૭ (૧૮-૧-૦૫) શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧/૧૨/૦૪ની સ્થિતિએ પશુઓની આરોગ્ય સુવિધા માટે સેન્ટર વાઇઝ મંજુર થયેલ મહેકમ અને હાજર મહેકમ કેટલું છે,

(૨) મંજુર થયેલ મહેકમ પૈકી કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, ખાલી રહેવાના કારણો શું છે, અને

(૩) અને આ જગ્યા કેટલા સમયમાં ભરવાનું સરકારનું આયોજન છે ?

**પશુપાલન મંત્રીશ્રી** (૧-૩-૦૫) :

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧/૧૨/૦૪ની સ્થિતિએ પશુઓની આરોગ્ય સુવિધા માટે સેન્ટર વાઈઝ મંજુર થયેલ મહેકમ અને હાજર મહેકમની વિગતો પત્રક (*અ)માં દર્શાવ્યા મુજબની છે.

(૨) મંજુર થયેલ મહેકમ પૈકીની ખાલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને ખાલી રહેવાના કારણો શાં છે. તેની વિગતો પત્રક *(બ)માં દર્શાવ્યા મુજબની છે.

(૩) આ જગ્યાઓ ઉમેદવારો ઉપલબ્ધ થતાં સત્વરે ભરવામાં આવશે.

* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

----------

## કચ્છ જિલ્લામાં નવા પશુ દવાખાના ખોલવા વિચારણા

અતારાંકિત : ૩૧૦૮ (૨૭-૧-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લામાં પશુઓ માટેના કેટલા દવાખાનાઓ સરકારી અને સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કાર્યરત છે,

(૨) આ દવાખાનાઓ કયા કયા ગામે કોના કોના દ્વારા સંચાલિત છે,

(૩) કયા કયા ગામોમાં પશુ દવાખાનાના મકાનો ભાડાનાં છે, અને

(૪) નવા પશુ દવાખાનાઓ ખોલવા સરકારે કયા કયા ગામ માટે વિચારણા કરેલ છે ?

**પશુપાલન મંત્રીશ્રી** (૨૪-૨-૦૫)

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૪ના રોજ નીચે જણાવ્યા અનુસાર સરકારી અને સ્વૈચ્છિક સંસ્થા દ્વારા સંચાલિત પશુ દવાખાનાઓ કાર્યરત છે.

(અ) રાજ્ય સરકાર દ્વારા સંચાલિત
(વેટરનરી પોલીકલીનીક) ૧

(બ) જિલ્લા પંચાયત દ્વારા સંચાલિત
(૧) પશુ દવાખાના ૩૦
(૨) પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર ૨૯

(ક) સ્વૈચ્છિક સંસ્થા દ્વારા સંચાલિત ૩

કુલ : ૬૩

(૨) પત્રક-૧ આ સાથે સામેલ છે. વેટરનરી પોલીકલીનીક ભૂજ, રાજ્ય સરકાર દ્વારા સંચાલિત છે જ્યારે ૩૦ પશુ દવાખાના અને ૨૯ પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો જિલ્લા પંચાયત સંચાલિત છે. અન્ય ત્રણ પશુ દવાખાનાઓ નીચે જણાવેલ સ્વૈચ્છિક સંસ્થા દ્વારા સંચાલિત છે.

| અ.નં. | પશુ દવાખાનાનું સ્થળ | સંચાલન કરતી સંસ્થા |
|---|---|---|
| ૧. | પશુ સારવાર કેન્દ્ર, પ્રાગપુર | શ્રી ભગવાન મહાવીર રક્ષા કેન્દ્ર, પ્રાગપુર. |
| ૨. | પશુ સારવાર કેન્દ્ર, લુણી | શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર, લુણી. |
| ૩. | ફરતુ પશુ સારવાર કેન્દ્ર, કોડાય | શ્રી સહજાનંદ વિકાસ ટ્રસ્ટ, કોડાય |

(૩) નીચે જણાવેલ પશુ દવાખાના ભાડાના મકાનમાં છે.

| | |
|---|---|
| ૧. | પશુ દવાખાનું, ચોબારી, તા. ભચાઉ |
| ૨. | પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર, જનાણ, તા. ભચાઉ. |
| ૩. | પશુ દવાખાનું, સુખપર રોહા, તા. નખત્રાણા |
| ૪. | પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર, પત્રી, તા. મુંદરા |
| ૫. | પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર, રામપુર વેકરા, તા. માંડવી. |

(૪) નવા પશુ દવાખાનાઓ ખોલવા કોઈ વિચારણા કરેલ નથી.

## પત્રક-૧

## જિલ્લામાં તાલુકાવાર પશુ સારવાર સંસ્થાઓની વિગત દર્શાવતું પત્રક

| જીલ્લો | ક્રમ | તાલુકો | વેટરનરી પોલી કલીનીક | પશુ દવાખાના | શાખા પશુ દવાખાના | ફરતા પશુ દવાખાના | પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર | કુલ પશુ સારવાર સંસ્થાઓ |
|---|---|---|---|---|---|---|---|---|
| કચ્છ | ૧ | ભુજ | ભુજ | ભુજ, ભીરંડીયાળા લોડાઈ | -- | ખાવડા (બન્ની) | ખાવડા, કેરા, ઢોરી, ચકાર દેસલપર | ૧૦ |
| | ૨ | મુન્દ્રા | -- | મુન્દ્રા, ભદ્રેશ્વર | -- | -- | ભુજવર, પન્ની | ૪ |
| | ૩ | માંડવી | -- | માંડવી, બીદડા, ગઢસીસા | -- | માંડવી | ગોધરા, કોટડી (મહાદેવપુરી), રામપરવેકરા | ૭ |
| | ૪ | અબડાસા નલીયા | -- | નલીયા, કોઠારા | -- | અબડાસા (નલીયા) | બીટા, ડુમરા, વાયોર, મોથાળા | ૭ |
| | ૫ | લખપત | -- | માતાના મઢ,દ ાડુલી | -- | લખપત (દયાપર) | બરંદા, મેઘપર | ૫ |
| | ૬ | નખત્રાણા | -- | નખત્રાણા, નિરોણા, નેત્રા, સુખપરરોહા | -- | -- | રવાપર | ૫ |
| | ૭ | રાપર | -- | રાપર, ભીમાસર, કીડીયાનગર | -- | ખડીર | બેલા, ફત્તેહગઢ, સુવઈ, પલાસવા, રામવાવ | ૯ |
| | ૮ | ભચાઉ | -- | ભચાઉ, ચોબારી | -- | ભચાઉ | અઘોઈ, જનાણ, જંગી, લાકડીયા | ૭ |
| | ૯ | અંજાર | -- | અંજાર, દુધઇ | -- | -- | રતનાલ, લાખાપર | ૪ |
| | ૧૦ | ગાંધીધામ | -- | ગાંધીધામ | -- | -- | ખેડોઈ | ૨ |
| | | કુલ : | ૧ | ૨૪ | -- | ૬ | ૨૯ | ૬૦ |

------------

### માંડવી, નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાઓમાં ખેત વિષયક સહકારી મંડળીઓ

અતારાંકિત : ૩૧૧૩ (૨૦-૧-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી)** : માનનીય સહકાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માંડવી, નખત્રાણા- અબડાસા અને લખપત તાલુકામાં કુલ કેટલી ખેત વિષયક સહકારી મંડળીઓ છે,

(૨) તે પૈકી કઈ કઈ મંડળી ફડચામાં ગઈ છે અને ફડચામાં ગયેલ મંડળીઓમાંથી કેટલી મંડળીઓને પુનઃજીવીત કરવા માટે માંગણીઓ આવી, અને

(૩) કઈ કઈ મંડળીઓને ફડચામાં લેવા દરખાસ્તો થઈ છે, અને આવી દરખાસ્તો હાલ કયા કયા તબક્કે છે?

**સહકાર મંત્રીશ્રી** (૨-૩-૦૫) :

**(૧)** તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેત વિષયક સહકારી મંડળીઓની તાલુકાવાર સંખ્યા નીચે મુજબ છે.

| તાલુકો | તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ |
|---|---|
| માંડવી | -- |
| નખત્રાણા | -- |
| અબડાસા | ૧ |
| લખપત | ૧ |
| કુલ. -- | --- |

૨

(૨) છેલ્લા બે વર્ષ દરમ્યાન નખત્રાણા તાલુકા અનુ.જાતિ ખેતી સહકારી મંડળી લી. મુ. ઉગેડી, તા. નખત્રાણા તા. ૩૧-૩-૦૪થી ફડચામાં ગયેલ છે. પુનઃજીવીત કરવાની કોઈ માંગણી થયેલ નથી.

(૩) કોઈ દરખાસ્તો મળેલ નથી.

-----------

## માંડવી, નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકામાં મજૂર કામદાર મંડળીઓ

અતારાંકિત :૩૧૧૪ (૨૪-૧-૨૦૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી)** : માનનીય સહકાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ માંડવી, નખત્રાણા- અબડાસા અને લખપત તાલુકામાં કેટલી મજૂર કામદાર મંડળીઓ છે,

(૨) તેમાંથી કઈ કઈ મંડળીઓ ફડચામાં ગઈ છે, ફડચામાં ગયેલ મંડળીઓમાંથી કેટલી મંડળીઓને પુનઃજીવીત કરવા માટે માંગણીઓ આવી,

(૩) આવી દરખાસ્તો કયા કયા તબક્કે છે, અને

(૪) આ પૈકીની કઈ કઈ મંડળીઓ અનુસુચિત જાતિ, જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓની છે ?

**સહકાર મંત્રીશ્રી** (૧-૩-૦૫) :

(૧) માંડવી ૧૩
નખત્રાણા ૧૬
અબડાસા ૧૬
અને
લખપત ૧૦

(૨) એક પણ નહીં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## કચ્છ જિલ્લામાં પશુઓને વિવિધ રોગચાળા માટે રસીકરણ

અતારાંકિત : ૩૧૭૧(૨૭-૧-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલા અને ક્યા ક્યા પશુઓને વિવિધ રોગચાળા વિરૂધ્ધ વર્ષવાર તથા માસવાર રસીકરણ કરવામાં આવ્યુ.

(૨) રસીઓના જથ્થાના અભાવે ક્યા કયા તાલુકાના ક્યા ક્યા ગામમાં રસીકરણ થઇ શક્યુ નહી,

(૩) રસીકરણ માટે વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી, અને

(૪) કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**પશુપાલન મંત્રીશ્રી** (૨-૩-૦૫) :

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં પશુઓને વિવિધ રોગચાળા વિરુધ્ધ કરવામાં આવેલ રસીકરણની તાલુકાવાર, વર્ષવાર, માસવાર માહિતી સામેલ રાખેલ *પત્રકો મુજબ છે.

(૨) માંગણી મુજબની રસી સમયમર્યાદામાં મળેલ હોઇ આવો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) રસીકરણ માટે વર્ષવાર નીચે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

સને ૨૦૦૨-૦૩ રૂા. ૧૯૯.૯૧ લાખ
સને ૨૦૦૩-૦૪ રૂા. ૩૩૬.૪૩ લાખ
સને ૨૦૦૪-૦૫ રૂા. ૩૯૯.૦૦ લાખ
(જાન્યુ-૦૫ અંતિત)

(૪) રસીકરણ માટે વર્ષવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો છે.

સને ૨૦૦૨-૦૩ રૂા. ૧૯૯.૯૧ લાખ
સને ૨૦૦૩-૦૪ રૂા. ૩૩૬.૪૩ લાખ
સને ૨૦૦૪-૦૫ રૂા. ૩૫૦.૧૬ લાખ
(જાન્યુ-૦૫ અંતિત)

*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

------------

**બિન ગ્રાન્ટેડ કોલેજોમાં કન્યાઓ પાસેથી શિક્ષણ ફી લેવા અંગે**

અતારાંકિત : ૨૯૨૨(૧૮-૧-૦૫) **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૧-૮-૧૯૮૫ ના શિક્ષણ વિભાગના ઠરાવની જોગવાઇ મુજબ બિન સરકારી તથા બિન ગ્રાન્ટેડ કોલેજોમાં અભ્યાસ કરતી કન્યાઓને શિક્ષણ ફી માંથી સંપૂર્ણ માફી આપવામાં આવી છે તે હકીકત સાચી છે.

(૨) જો હા, તો રાજ્યમાં આ આદેશનું ઉલ્લંઘન કરી જુદી જુદી કુલ-૧૮૫ ખાનગી કોલેજોમાં કન્યાઓ પાસેથી ખુલ્લે આમ ફી ઉઘરાવાઇ રહી છે તે ગંભીર હકીકતથી સરકાર વાકેફ છે,

(૩) આ કોલેજો કઇ કઇ છે અને તેની સામે શાં પગલાં લેવાયાં છે અને

(૪) સદર કોલેજોમાં મફત કન્યા કેળવણી માટેની જવાબદારી કોને સોંપાઇ છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૨-૨-૦૫) :

(૧) ના, જી.

(૨) (૩) અને (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રાથમિક શાળામાં શિક્ષકો અને ઓરડાની ઘટ**

અતારાંકિત :૩૦૨૫(૧૮-૧-૦૫) **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૧૨-૦૪ ના રોજ સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા પ્રાથમિક શિક્ષકોની તથા શાળાના રૂમોની ઘટ પ્રાથમિક શાળાઓમાં છે, અને

(૨) શિક્ષકો અને શાળાના રૂમોની ઘટ ક્યારે ભરવામાં આવનાર છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૮-૨-૦૫) :

(૧) પત્રક-અ- મુજબ

(૨) જેમ બને તેમ જલદી

**પત્રક-અ**

| ક્રમ | તાલુકાનું નામ | શિક્ષકોની ઘટ | ઓરડાની ઘટ |
|---|---|---|---|
| ૧ | વઢવાણ | ૧૦ | ૨૮૭ |
| ૨ | લીંબડી | ૩ | ૮૩ |
| ૩ | ચુડા | ૩ | ૩૭ |
| ૪ | મુળી | ૭ | ૧૧૮ |
| ૫ | સાયલા | ૩ | ૧૫૩ |
| ૬ | ચોટીલા | ૫ | ૨૭૦ |
| ૭ | હળવદ | ૫ | ૧૯૫ |
| ૮ | ધ્રાંગધ્રા | ૭ | ૧૫૦ |
| ૯ | લખતર | ૮ | ૯૧ |
| ૧૦ | પાટડી | ૨ | ૬૧ |
| | કુલ.. | ૫૩ | ૧૪૪૫ |

------------

**કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓનો નબળો અભ્યાસ**

અતારાંકિત : ૩૧૯૪ (૨૮-૧-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લામાં ધો-૧ થી ૪ માં વાંચી પણ ન શકે તેવા વિદ્યાર્થીઓ માટેનો સર્વે તાલુકાવાર તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યારે ક્યારે કરવામાં આવ્યો,

(૨) તાલુકાવાર આવા વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી હતી.

(૩) જે વિદ્યાર્થીઓ નાપાસ થયા છે તેમનો વર્ગ જુદો પાડી આગળનાં ધોરણમાં લઇ જવા સરકારે શું વ્યવસ્થા કરી છે, અને

(૪) આવા વિદ્યાર્થીઓની અભ્યાસની નબળી સ્થિતિનાં કારણો શાં શાં હતા ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૮-૨-૦૫)

(૧) છેલ્લા ત્રણ વર્ષમાં એકજવાર આ કાર્યક્રમ તા. ૧૫-૧-૨૦૦૪ થી યોજવામાં આવ્યો હતો.

(૨) પત્રક-અ-મુજબ.

(૩) જે વિદ્યાર્થીઓ નાપાસ થયા હોય તેઓ પર શિક્ષકો દ્વારા વ્યક્તિગત રીતે ધ્યાન આપવામાં આવે છે, તથા આવા વિદ્યાર્થીઓના વાલીઓનો સંપર્ક સાધીને તેમની શિક્ષણ પ્રત્યેની રૂચિ વધારવાના પ્રયત્નો કરવામાં આવે છે.

(૪) વાલીઓની શિક્ષણ પ્રત્યેની ઓછી જાગૃતિ, આર્થિક નબળી પરિસ્થિતિ અને વિદ્યાર્થીઓની શાળામાં અનિયમિતતા વગેરે.

**પત્રક-અ**

**જિલ્લા પંચાયત કચેરી, શિક્ષણ શાખા, કચ્છ-ભૂજ તાલુકાવાર વાંચન, લેખન,ગણનમાં નબળા બાળકોની સંખ્યા**

| ક્રમ | તાલુકો | ધોરણ-૧ | ધોરણ-૨ | ધોરણ-૩ | ધોરણ-૪ |
|---|---|---|---|---|---|
| ૧ | ભુજ | ૨૦૩૨ | ૧૮૦૨ | ૨૧૬૪ | ૧૬૩૮ |
| ૨ | માંડવી | ૯૮૪ | ૮૭૩ | ૧૧૮૫ | ૮૩૮ |
| ૩ | મુંદ્રા | ૪૯૮ | ૪૪૧ | ૬૨૦ | ૨૧૮ |
| ૪ | અંજાર | ૭૨૧ | ૬૩૯ | ૮૧૭ | ૫૮૬ |
| ૫ | ભચાઉ | ૧૩૮૬ | ૧૨૨૯ | ૧૭૧૬ | ૯૨૮ |
| ૬ | રાપર | ૧૩૦૯ | ૧૧૬૧ | ૧૫૦૬ | ૯૫૭ |
| ૭ | અબડાસા | ૭૪૦ | ૬૫૬ | ૯૨૦ | ૬૬૦ |
| ૮ | નખત્રાણા | ૯૮૨ | ૮૭૧ | ૧૨૮૦ | ૯૮૪ |
| ૯ | લખપત | ૫૧૦ | ૪૫૨ | ૫૯૭ | ૪૭૩ |
| ૧૦ | ગાંધીધામ | ૭૩૩ | ૬૫૦ | ૭૭૯ | ૫૯૯ |
| | કુલ | ૯૮૯૫ | ૮૭૭૪ | ૧૧૫૮૪ | ૭૮૮૧ |

--------

**માંડવી-નખત્રાણા તાલુકાની પ્રાથમિક સુવિધાથી વંચીત પ્રાથમિક શાળાઓ**

અતારાંકિત :૩૨૦૦ (૨૮-૧-૨૦૦૫)m**શ્રી છબીલદાસ ના. પટેલm(માંડવી) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧/૧૨/૨૦૦૪ સ્થિતિએ કચ્છ જિલ્લાનાં માંડવી-નખત્રાણા તાલુકાઓની કઇ કઇ શાળાઓ વીજળી, પાણી, શૌચાલય જેવી પ્રાથમિક સગવડોથી વંચિત છે, અને

(૨) શાળા વાઇઝ કઇ કઇ સગવડો ક્યાં સુધી પુરી પાડવાનું સરકારનું આયોજન છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧-૩-૨૦૦૫) :

(૧) પત્રક*-૧ મુજબ.

(૨) પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક સુવિધાઓ વિકસાવવા સારુ આયોજન યોજના હેઠળ રાજ્ય કક્ષાએ થતા આયોજન અનુસાર તબક્કાવાર શાળાઓને આવરી લેવા આયોજન હાથ ધરવામાં આવશે.

* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

-----------------

**રાજ્યમાં વિદ્યાદીપ યોજનાના લાભાર્થી વિદ્યાર્થીઓ**

અતારાંકિત:૩૨૨૫(૧૦-૨-૨૦૦૫) **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં વર્ષ ૨૦૦૩-૨૦૦૪ અને ૨૦૦૪ ડીસેમ્બર સુધીમાં પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં ભણતા અકસ્માત મૃત્યુ પામેલા વિદ્યાથીઓના કેટલા કેસમાં વિદ્યાદીપ યોજનામાં નાણાં ચુકવવામાં આવ્યા,

(૨) ખાનગી પ્રાથમિક શાળામાં ભણતા બાળકોને પણ આમાં આવરી લેવાયા છે કે કેમ, અને

(૩) આ યોજના માટે ઉપરોકત સમયમાં કેટલી રકમ ચૂકવવામાં આવી ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૫-૨-૨૦૦૫) :

(૧) ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪ ડીસેમ્બર સુધી મંજુર થયેલ કેસોની વિગત

| | |
|---|---|
| પ્રાથમિક | ૧૯૨ |
| માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક | ૦૭૭ |
| કુલ : | ૨૬૯ |

(૨) હા, જી.
(૩) રૂપિયા : ૮૬,૫૦,૦૦૦/-.

-----------------

## રાજ્ય સરકારને થયેલ આવક અને ખર્ચ

અતારાંકિત :૩૧૫૫(૨૮-૧-૨૦૦૫) **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) વર્ષ ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫માં તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ રાજ્યની આવક કેટલી રહી, અને
(૨) તે પૈકી વહીવટી ખર્ચ કેટલો થયો ?

**નાણા મંત્રીશ્રી** (૨૨-૨-૨૦૦૫) :

(૧) સને ૨૦૦૩-૦૪ના વર્ષમાં રાજ્યની આવક રૂા. ૪૦૧૪૬.૬૪ કરોડ તથા તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ રાજ્યની આવક રૂા. ૨૩૦૦૯.૪૨ કરોડ હતી.
(૨) તે પૈકી વહીવટી ખર્ચ ૨૦૦૩-૦૪ના વર્ષમાં રૂા. ૨૫૫૭.૩૩ કરોડ હતો. જ્યારે તા. ૩૧-૧૨-૨૦૦૪ સુધીનો વહીવટી ખર્ચ રૂા. ૧૭૮૨.૫૪ કરોડ હતો.

-----------------

## રાજ્યમાં જાહેર વિતરણ વ્યવસ્થા મજબુત કરવા કેન્દ્ર સરકારે આપેલ આદેશો

અતારાંકિત : ૩૦૪૮ (૧૧-૧-૦૫) **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને વ્યાજબી ભાવની દુકાનો પર સધન ચેકીંગ કરવા, ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની અધિકૃત ઓળખ કરી જાહેર વિતરણ વ્યવસ્થા મજબૂત બનાવવા સપ્ટેમ્બર-૨૦૦૪માં આદેશ આપ્યો છે તે હકીકત સાચી છે,
(૨) જો હા, તો આ આદેશનો અમલ કરવા સરકારે શી વ્યવસ્થા ગોઠવી છે, અને
(૩) આ જવાબદારી કોને સોપાઇ છે ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૨૫-૨-૨૦૦૫) :

(૧) ના, જી.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------------

## કચ્છ જિલ્લામાં સસ્તા અનાજની દુકાનોની વ્યવસ્થા અંગે

અતારાંકિત : ૩૦૭૮ (૯-૧-૨૦૦૫) **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કયા કયા ગામોની સસ્તા અનાજની દુકાનો અન્યત્ર વ્યવસ્થામાં ચાલુ છે તથા આ વ્યવસ્થા ક્યારથી શરૂ કરવામાં આવી છે, અને
(૨) આવા ગામોમાં ગામ વાઇઝ સસ્તા અનાજની દુકાનો ફરીથી ક્યારે શરૂ કરવામાં આવશે ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૨૮-૨-૨૦૦૫) :

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ૪૧ ગામોની વાજબી ભાવની દુકાનો નજીકની અન્ય દુકાનો સાથે જોડવામાં આવેલ છે. પત્રક સામેલ છે.

**પત્રક**

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | વ્યાજબી ભાવની દુકાન ક્યારથી બંધ છે. | કયા કારણથી બંધ છે. | હાલે કેટલા કિલોમીટર દુર કયા ગામે જોડવામાં આવી છે. |
|---|---|---|---|---|---|
| ૧. | ભુજ | ૧. ભુજ | ૧૫ વર્ષથી | મંડળીએ રાજીનામું આપતાં | ભુજ સ્થાનિકેથી ૧ કી.મી. દુર |
| | | ૨. બળદીયા | ૯ વર્ષથી | દુકાન રદ થતાં | બળદીયા સ્થાનિકે અન્ય દુકાન પરથી વિતરણ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | કરવામાં આવે છે. |
| | | ૩. નાગોર | ૭ વર્ષથી | વિવાદ અપીલના કારણે | રાયઘણપર ગામેથી મળે છે. ૨.૫ કી.મી. |
| | | ૪. શેરવો | ૪ વર્ષથી | રાજીનામાને કારણે | ૭ કી.મી. દુર ભગાડીયા ગામે |
| | | ૫. સુમરાસર શેખ | ૩ માસ | પરવાનો રદ કરેલ છે. | કુનરીયા ગામે ૪ કી.મી. દુરથી |
| | | ૬.ધ્રોબાણા (ખાવડા) | ૪ માસ | ગેરરીતિના કારણે પરવાનો રદ કરેલ છે. | કુરન ગામે જોડવામાં આવેલ છે. ૩ કી.મી. |
| | | ૭. ભીડગેટ, ભુજ | ૯૦ દિવસ માટે પરવાના મોકુફ | ગેરરીતિના કારણે | સ્થાનિકેથી ૯૦ દિવસની મુદત પુરી થતાં દુકાન પુનઃ ચાલુ થયેલ છે. |
| | | ૮. કોડકીરોડ, ભુજ | ઉપર મુજબ | ગેરરીતિના કારણે | સ્થાનિકેથી ૯૦ દિવસની મુદત પુરી થતાં દુકાન પુનઃ ચાલુ થયેલ છે. |
| | | ૯. હોસ્પીટલ રોડ, ભુજ | ઉપર મુજબ | ગેરરીતિના કારણે | સ્થાનિકેથી ૯૦ દિવસની મુદત પુરી થતાં દુકાન પુનઃ ચાલુ થયેલ છે. |
| | | ૧૦.મહેંદી કોલોની, ભુજ | ઉપર મુજબ | ગેરરીતિના કારણે | સ્થાનિકેથી ૯૦ દિવસની મુદત પુરી થતાં દુકાન પુનઃ ચાલુ થયેલ છે. |
| | | ૧૧. ભુજોડી | -- | હાલના દુકાનદારે રાજીનામું આપેલ છે. | માધાપર |
| ૨. | માંડવી | ૧૨. લડુવા | ૨ વર્ષથી | રાજીનામાને કારણે | વીરાણી સ્થાનિકે વિતરણ |
| | | ૧૩. ભોજીયા | ૩ વર્ષથી | રાજીનામાને કારણે | સાભરાઇ સ્થાનિકેથી વિતરણ |
| | | ૧૪. ઉનડોઠ મોટી | ૩ વર્ષથી | રાજીનામાને કારણે | મોટી પદમપર સ્થાનિકેથી વિતરણ |
| | | ૧૫.નાના આસંબીયા | ૨ વર્ષથી | રાજીનામાને કારણે | મોટા આસંબિયા સ્થાનિકે વિતરણ |
| ૩. | અંજાર | ૧૬. મોટી ખડોઇ | -- | રાજીનામાને કારણે | મોટી ખડોઇ સ્થાનિકે વિતરણ |
| | | ૧૭. તુણા | તારીખ ૧૫-૧૨-૦૦ થી | રાજીનામાને કારણે | સંઘડ સ્થાનિકે વિતરણ |
| | | ૧૮.બીટા વલાડીયા | વારસાઇ | અવસાનના કારણે | બાજુના ગામે જોડેલ છે, સ્થાનિકેથી વિતરણ કરવામાં આવે છે. |
| | | ૧૯. વીડી | દુકાન રદ ૩ માસથી | ગેરરીતિના કારણે | -- |
| ૪. | ગાંધીધામ | ૨૦. અંતરજાળ | ૫ વર્ષથી | રાજીનામાના કારણે | આદિપુર ૩ કી. મી. દુરથી. |
| | | ૨૧. કંડલા | ૨ વર્ષથી | રાજીનામાના કારણે | કંડલા સ્થાનિકેથી વિતરણ થાય છે. |
| | | ૨૨.નરશી ભોજરાજ-ગાંધીધામ | ૪ વર્ષથી | ગેરરીતિના કારણે | સ્થાનિકેથી વિતરણ કરવામાં આવે છે. |
| | | ૨૩.ઇફકો ગાંધીધામ | ૨ વર્ષથી | રાજીનામાને કારણે | સ્થાનિકેથી વિતરણ કરવામાં આવે છે. |
| ૫. | ભચાઉ | ૨૪. કડોલ | જુન-૦૩ થી | રાજીનામાને કારણે | મનફરા સ્થાનિકે વિતરણ વ્યવસ્થા કરેલ છે. |
| | | ૨૫. જુના કટારીયા | દુકાન રદ ૪ માસથી | ગેરરીતિના કારણે | બાજુના ગામે ૪ કી.મી. દુર જોડેલ છે. સ્થાનિકે વિતરણ કરવામાં આવે છે. |
| | | ૨૬. ગઢડા (ખડીર) | ૯૦ દિવસ માટે પરવાનો મોકુફ | ગેરરીતિના કારણે | જનાણ ગામે જોડવામાં આવેલ છે. સ્થાનિકે વિતરણ વ્યવસ્થા ગોઠવેલ છે. |
| ૬. | રાપર | ૨૭. કાનમેર | ૨ વર્ષથી | રાજીનામાને કારણે | કુંભારડી સ્થાનિકે વિતરણ કરવામાં આવે છે. |
| | | ૨૮. ખાડેક | ૨ વર્ષથી | રાજીનામાને કારણે | કુંભારડી સ્થાનિકે વિતરણ કરવામાં આવે છે. |
| | | ૨૯. ગાગોદર-૧ | જુલાઇ-૨૦૦૪ | ગેરરીતિના કારણે રદ કરવામાં આવેલ છે. | સ્થાનિકેથી વિતરણ કરવાની વ્યવસ્થા કરવામાં આવે છે. |
| | | ૩૦. ગાગોદર-૨ | જુલાઇ-૨૦૦૪ | ગેરરીતિના કારણે રદ કરવામાં આવેલ છે. | સ્થાનિકેથી વિતરણ કરવાની વ્યવસ્થા કરવામાં આવે છે. |
| | | ૩૧.કીડીયાનગર-૧ | જુલાઇ-૨૦૦૪ | ગેરરીતિના કારણે રદ કરવામાં આવેલ છે. | સ્થાનિકેથી વિતરણ કરવાની વ્યવસ્થા કરવામાં આવે છે. |
| | | ૩૨.કીડીયાનગર-૨ | જુલાઇ-૨૦૦૪ | ગેરરીતિના કારણે રદ કરવામાં આવેલ છે. | સ્થાનિકેથી વિતરણ કરવાની વ્યવસ્થા કરવામાં આવે છે. |
| | | ૩૩. બાલાસર | જુલાઇ-૨૦૦૪ | ગેરરીતિના કારણે રદ કરવામાં આવેલ છે. | સ્થાનિકેથી વિતરણ કરવાની વ્યવસ્થા કરવામાં આવે છે. |
| | | ૩૪. ત્રંબો | જુલાઇ-૨૦૦૪ | ગેરરીતિના કારણે રદ કરવામાં આવેલ છે. | સ્થાનિકેથી વિતરણ કરવાની વ્યવસ્થા કરવામાં આવે છે. |
| | | ૩૫. ભીમાસર | જુલાઇ-૨૦૦૪ | ગેરરીતિના કારણે રદ કરવામાં આવેલ છે. | સ્થાનિકેથી વિતરણ કરવાની વ્યવસ્થા કરવામાં આવે છે. |
| ૭. | નખત્રાણા | ૩૬. અંગીયાનાના | ૨ વર્ષથી | બિનવારસુ મૃત્યુ થતાં | દેવપર સ્થાનિકે વિતરણ કરવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. |
| | | ૩૭. આમારા | ૬ માસથી | મૃત્યુના કારણે | રતડીયા સ્થાનિકે વિતરણ કરવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. |
| ૮. | લખપત | ૩૮. માતાના મઢ | તા. ૬-૨-૦૨ થી | રાજીનામાના કારણે | સીયોત સ્થાનિકે વિતરણ કરવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. |
| | | ૩૯. વર્માનગર | તા. ૮-૨-૦૩ થી | રાજીનામાને કારણે | ૩ કી.મી. દુર પાન્ધ્રો ગામે સ્થાનિકે વિતરણ. |
| ૯. | અબડાસા | ૪૦. સુથરી | જુલાઇ- | મૃત્યુના કારણે | સાંધણ સ્થાનિકે વિતરણ કરવાની વ્યવસ્થા |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | ૦૪થી | | કરવામાં આવેલ છે. |
| | | ૪૧.ખીરસરા વીંઝાણ | મે-૦૪થી | મૃત્યુના કારણે | કોઠારા સ્થાનિકે વિતરણ કરવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. |

(૨) સરકારના તા. ૨-૮-૦૪ના ઠરાવની જોગવાઇ મુજબ દુકાનો માટે અરજીઓ મેળવવાની જાહેરાત આપવાની કાર્યવાહી ચાલુમાં છે જ્યારે ગેરરીતિ કે અન્ય કારણોસર જે દુકાનો બંધ છે તે માટે જાહેરાત આપવાની કાર્યવાહી સત્વરે પૂર્ણ કરી દુકાન શરૂ કરવામાં આવશે.

---------------

**માંડવી, નખત્રાણા, અબડાસા અને લખતર તાલુકામાં નવા રેશનકાર્ડ આપવા અંગે**

અતારાંકિત : ૩૧૩૨ (૩૧-૧-૨૦૦૫) : **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ માંડવી, નખત્રાણા, અબડાસા, લખતર તાલુકાઓમાંથી છેલ્લા બે વર્ષમાં ગામવાર નવા રેશનકાર્ડ માટે કેટલી અરજીઓ આવી,
(૨) તે પૈકી કેટલા નવા રેશનીંગ કાર્ડ કાઢી આપવામાં આવ્યાં,
(૩) જો નવા રેશનીંગ કાર્ડ કાઢી આપવામાં ન આવ્યા હોય તો તેના કારણો શાં છે,
(૪) ફાટેલા રેશનીંગ કાર્ડો બદલવા માટે કેટલી અરજીઓ આવી, અને
(૫) તે પૈકી કેટલા રેશનીંગ કાર્ડ બદલી આપવામાં આવ્યા ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૨૩-૨-૨૦૦૫) :

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ માંડવી, નખત્રાણા, અબડાસા, લખતર તાલુકાઓમાંથી છેલ્લા બે વર્ષમાં ગામવાર નવા રેશનકાર્ડ માટે નીચે મુજબની તાલુકાવાઇઝ અરજીઓ આવી.

| માંડવી | નખત્રાણા | અબડાસા | લખતર | કુલ |
|---|---|---|---|---|
| ૫૯૫૪ | ૧૦૬૩ | ૧૫૫ | ૯૦૧ | ૮૦૭૩ |

(૨) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ માંડવી, નખત્રાણા, અબડાસા, લખતર તાલુકાઓમાં છેલ્લા બે વર્ષમાં નવા રેશનકાર્ડ માટે નીચે મુજબની વિગતે તાલુકાવાઇઝ કાઢી આપવામાં આવેલ છે.

| માંડવી | નખત્રાણા | અબડાસા | લખતર | કુલ |
|---|---|---|---|---|
| ૨૭૯૮ | ૧૦૫૨ | ૧૫૫ | ૭૯૦ | ૪૭૯૫ |

(૩) બાકી રહેતી અરજીઓમાં દસ્તાવેજી આધારોની અધુરાશના કારણે થતાં સ્થાનિક તપાસ દ્વારા ખરાઇ, અને અધુરાશની પૂર્તતા ન થવાના કારણે બાકી રહેલ છે.

(૪) ફાટેલા રેશનીંગ કાર્ડો બદલવા માટે નીચે મુજબ તાલુકાવાઇઝ અરજીઓ આવેલ છે.

| માંડવી | નખત્રાણા | અબડાસા | લખતર | કુલ |
|---|---|---|---|---|
| ૫૯૪ | ૭૬૪ | ૬૨૫ | ૭૧૬ | ૨૬૯૯ |

(૫) તે પૈકી નીચે મુજબ (તાલુકાવાઇઝ) રેશનીંગકાર્ડ બદલી આપવામાં આવેલ છે.

| માંડવી | નખત્રાણા | અબડાસા | લખતર | કુલ |
|---|---|---|---|---|
| ૫૯૪ | ૭૬૪ | ૬૨૫ | ૬૭૫ | ૨૬૫૮ |

-----------------

**લખપત તાલુકાના કપુરાશી, કોરીયાણી અને મોટીછેર ગામોમાં રેશનકાર્ડની સંખ્યા**

અતારાંકિત : ૩૧૩૪ (૨૭-૧-૨૦૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) લખપત તાલુકામાં કપુરાશી, કોરીયાણી અને મોટીછેર ગામોમાં તા. ૨૬-૧-૨૦૦૧ની સ્થિતિએ કેટ કેટલા રેશનીંગકાર્ડ ગામવાર નોંધાયેલ હતા, અને

(૨) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કેટલા રેશનીંગકાર્ડ નોંધાયેલ છે ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૨૩-૨-૨૦૦૫) :

(૧) લખપત તાલુકામાં તા. ૨૬-૧-૨૦૦૧ની સ્થિતિએ નીચે મુજબ ગામવાર રેશનીંગકાર્ડ નોંધાયેલ હતા.

| કોરીયાણી | કપુરાશી | મોટીછેર | કુલ |
|---|---|---|---|
| ૧૭૦ | ૩૦૨ | ૯૦ | ૫૬૨ |

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ નીચે મુજબ ગામવાર રેશનીંગકાર્ડ નોંધાયેલ છે.

| કોરીયાણી | કપુરાશી | મોટીછેર | કુલ |
|---|---|---|---|
| ૨૫૬ | ૩૮૩ | ૧૨૧ | ૭૬૦ |

----------------

**કચ્છ જિલ્લામાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળના ઘઉં અન્યત્ર વેચી મારવાના કૌભાંડો**

અતારાંકિતઃ૩૧૩૫ (૨૭-૧-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં રેશનીંગના ઘઉં તેમજ અન્ય યોજનાની કુપનોના ઘઉં અન્યત્ર વેચી મારવાના કૌભાંડો છેલ્લા બે વર્ષમાં કેટલા પકડવામાં આવ્યા,

(૨) કયા કયા પ્રકરણોમાં તપાસ ચાલુ છે,

(૩) આ પ્રકરણોમાં પ્રકરણવાર કેટ કેટલી ગેરરીતિઓ બહાર આવી છે,

(૪) કઇ કઇ વ્યક્તિ, અધિકારી, કર્મચારી, દુકાનદાર સામે પ્રકરણવાર શા શા પગલાં ભરવામાં આવ્યા છે, અને

(૫) કયા કયા પ્રકરણમાં કેટ કેટલી રીકવરી કઇ કઇ બાબતે કોની કોની પાસે કરવામાં આવી છે?

**માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૨૩-૨-૦૫) :

(૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં રેશનીંગના ઘઉં માટેના કોઇ કૌભાંડો ધ્યાને આવેલ નથી પરંતુ રાપર તાલુકામાં ગત અછત વર્ષ ૨૦૦૩ અને કેન્દ્ર સરકાર પુરૂસ્કૃત એસ.જી.આર.વાય. યોજના હેઠળ એમ બે કૌભાંડો પકડવામાં આવ્યા છે.

(૨) (A) અછત વર્ષ-૨૦૦૩ દરમ્યાન રાહત કામના શ્રમિકોને કામ પેટે આપવાના અનાજમાં ગેરરીતિ કરી વાજબી ભાવની દુકાનદારો, મામલતદાર કચેરીના કર્મચારીઓ તેમજ ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ ગોડાઉનના કર્મચારીઓએ સાંઠગાંઠ કરી કૌભાંડ આચરેલ તેની તપાસ પૂર્ણ થયેલ છે. તેના વિગતવાર અહેવાલ ઉપર કાર્યવાહી ચાલુ છે. આ અંગે વિશેષ તપાસ પોલીસ તરફથી કરવામાં આવી રહેલ છે. (B) એસ.જી.આર.વાય. યોજના હેઠળ કામના બદલામાં કુપન પર વિતરણ થયેલ અનાજમાં ગેરરીતિ અંગે તપાસ ચાલુ છે, આ અંગે વિશેષ તપાસ પોલીસ તરફથી કરવામાં આવી રહેલ છે.

(૩) અછત વર્ષ-૨૦૦૩

(A) રાપર તાલુકામાં ગત અછત વર્ષ દરમ્યાન શ્રમિકોને કામના બદલામાં આપવાના ઘઉંના જથ્થાની ખોટી પરમીટો મેળવી, પરમીટોમાં છેકછાક કરી, પરમીટોના આંકડામાં સુધારો કરી જથ્થો વધારી તથા ખોટી રીતે રીન્યુઅર મેળવી મામલતદાર કચેરી, પુરવઠા નિગમના ગોડાઉનનો સ્ટાફ તથા રાપર તાલુકાના વાજબી ભાવની દુકાનદારો દ્વારા મેળાપીપણું કરી ખોટી રીતે જથ્થો મેળવી કાળા બજારમાં વેચી નાખે છે.

(B) એસ.જી.આર.વાય. યોજના

રાપર તાલુકામાં મામલતદાર કચેરીએથી દુકાનદારો દ્વારા રજુ કરાયેલ એસ.જી.આર.વાય.ના કુપનો આધારે અનાજની પરમીટ મેળવી, પરમીટમાં સુધારા કરી કુલ્લે ૬ (છ) દુકાનદારો દ્વારા ૩,૦૫,૦૬૦ કિલોગ્રામ અનાજના જથ્થાની ગેરરીતિ કરેલ છે.

(૪) ૧. અછત વર્ષ-૨૦૦૩

આ કૌભાંડમાં સંડોવાયેલ સરકારશ્રી કર્મચારીઓ અને વાજબી ભાવની દુકાનદારો સામે નીચેની વિગતે પગલાં ભરવામાં આવેલ છે.

(A)FIR નં.૬૦/૦૪ તા.૨-૭-૨૦૦૪

(૧) શ્રી કે.કે. નિનામા, નાયબ મામલતદાર પુરવઠા રાપર

(૨) શ્રી આર.આર.કાયસ્થ ગોડાઉન મેનેજરશ્રી રાપર

વાજબી ભાવના દુકાનદાર :-

(૧) શ્રી ધર્મેન્દ્રસિંહ બી. વાઘેલા(વા.ભા.દુ.) બાલાસર

(૨) શ્રી પ્રાણલાલ હેમચંદ વોરા(વા.ભા.દુ.) ગાગોદર

(૩) શ્રી અમરચંદ કુંવરજી વોરા(વા.ભા.દુ.) કીડીયાનગર

(૪) શ્રી નાનાલાલ ચુનીલાલ વોરા(વા.ભા.દુ.) કાનમેર, ગાગોદર

(૫) શ્રી સંચાલકશ્રી જેસડા જુથ સહકારી મં.(વા.ભા.દુ.) ત્રંબૌ
(૬) શ્રી અમૃતલાલ વી. વોરા(વા.ભા.દુ.) કીડીયાનગર

(B) FIR નં.૭૪/૦૪ તા.૨૬-૭-૨૦૦૪
(૧) શ્રી કે.કે. નિનામા, નાયબ મામલતદાર પુરવઠા રાપર
(૨) શ્રી આર.આર.કાયસ્થ ગોડાઉન મેનેજરશ્રી રાપર
(૩) શ્રી પ્રાણલાલ પુરુષોત્તમ ઠક્કર. (વા.ભા.દુ.) ભીમાસર તા.રાપર
આ અંગે પોલીસ તપાસ ચાલુ છે. ઉપરાંત આ કૌભાંડમાં સંડોવાયેલ ક્ર. નં. (૧) અને (૨) ના કર્મચારીઓને ફરજ મોકુફ કરવામાં આવેલ છે અને વાજબી ભાવના નીચે જણાવેલ દુકાનદારોના દુકાનના પરવાના/ અધિકારપત્ર રદ કરવામાં આવેલ છે.

વાજબી ભાવની દુકાનદાર :-
(૧) શ્રી ધર્મેન્દ્રસિંહ બી. વાઘેલા(વા.ભા.દુ.) બાલાસર તા.રાપર
(૨) શ્રી પ્રાણલાલ હેમચંદ વોરા(વા.ભા.દુ.) ગાગોદર તા.રાપર
(૩) શ્રી અમરચંદ કુંવરજી વોરા(વા.ભા.દુ.) કીડીયાનગર તા.રાપર
(૪) શ્રી નાનાલાલ ચુનીલાલ વોરા(વા.ભા.દુ.) ગાગોદર (કાનમેર), તા. રાપર
(૫) શ્રી સંચાલકશ્રી જેસડા જુથ સહકારી મં.(વા.ભા.દુ.) ત્રંબો તા. રાપર
(૬) શ્રી અમૃતલાલ વી. વોરા(વા.ભા.દુ.) કીડીયાનગર તા. રાપર

(૨) એસ.જી.આર.વાય. યોજના
આ કૌભાંડમાં સંડોવાયેલ સરકારશ્રી કર્મચારીઓ અને વાજબી ભાવની દુકાનદારો સામે નીચેની વિગતે પગલાં ભરવામાં આવેલ છે.

(C) FIR નં.૧૨૯/૦૪ તા.૨૧-૧૨-૨૦૦૪
(૧) શ્રી એમ.બી.પટેલ ગોડાઉન ક્લાર્ક, રાપર
(૨) શ્રી આર.આર.કાયસ્થ ગોડાઉન મેનેજરશ્રી રાપર
(૩) શ્રી ડી.કે.ઠાકોર ઇન્ચાર્જ ના.મા. પુરવઠા, રાપર
(૪) શ્રી એમ.એસ દવે ના.મા. પુરવઠા, રાપર
(૫) શ્રી કે.કે. નિનામા, નાયબ મામલતદાર પુરવઠા રાપર
(૬) શ્રી એ. બી.વ્યાસ ક્લાર્ક મામલતદાર કચેરી રાપર

વાજબી ભાવના દુકાનદાર :-
(૧) શ્રી પ્રાણલાલ હેમચંદ વોરા (વા.ભા.દુ.) ગાગોદર
(૨) શ્રી નાનાલાલ ચુનીલાલ વોરા (વા.ભા.દુ.) કાનમેર, ગાગોદર
(૩) શ્રી અમૃતલાલ વી. વોરા (વા.ભા.દુ.) કીડીયાનગર
(૪) શ્રી અમરચંદ કુંવરજી વોરા (વા.ભા.દુ.) કીડીયાનગર
(૫) શ્રી મયુરકાંત એસ. મકવાણા (વા.ભા.દુ.) આણંદપર
(૬) શ્રી દશરથસિંહ બી. વાઘેલા (વા.ભા.દુ.) બેલા
(૭) શ્રી લક્ષ્મણસિંહ જે. વાઘેલા (વા.ભા.દુ.) બેલા
(૮) શ્રીમતી કપિલાબા એચ.વાઘેલા (વા.ભા.દુ.) લોદ્રાણી
આ અંગે પોલીસ તપાસ ચાલુમાં છે. ઉપરાંત આ કૌભાંડમાં સંડોવાયેલ વાજબી ભાવના નીચે જણાવેલ દુકાનદારોના દુકાનના પરવાના ૯૦ (નેવું) દિવસ માટે મોકુફ રાખવામાં આવ્યા છે. અને આગળની કાર્યવાહી ચાલુમાં છે.
(૧) શ્રી મયુરકાંત એસ. મકવાણા (વા.ભા.દુ.) આણંદપર
(૨) શ્રી દશરથસિંહ બી વાઘેલા (વા.ભા.દુ.) બેલા
(૩) શ્રી લક્ષ્મણસિંહ જે.વાઘેલા (વા.ભા.દુ.) બેલા
(૪) શ્રીમતી કપિલાબા એચ.વાઘેલા (વા.ભા.દુ.) લોદ્રાણી
(૫) આ બન્ને યોજના હેઠળ થયેલ ગેરરીતિની તપાસ પોલીસ ખાતા તરફથી થઇ રહેલ છે. પોલીસ અધિક્ષકશ્રી કચ્છ ભૂજના પત્ર આરબી,અતાપ્ર.૩૧૩૫ ૨૦૦૫ તા.૧૩/૨/૨૦૦૫થી જણાવ્યા મુજબ નીચેની વિગતે રીકવરી કરવામાં આવેલ છે.
(૧) રાપર પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં.૬૦/૨૦૦૪
(૨) રાપર પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં.૧૨૯/૨૦૦૪ હેઠળ
(૧) શ્રી પ્રાણલાલ હેમચંદ વોરા(વા.ભા.દુ.) ગાગોદર પાસેથી રૂા. ૨૪,૦૦,૦૦૦/- રોકડા ઉપરોક્ત બન્ને ગુન્હા કામે રીકવર કરવામાં આવેલ છે.

(૨) શ્રી જયંતીલાલ મંગલજી ઠક્કર રે.ભૂજ પાસેથી રૂા.૫૦,૦૦૦/- ગુન્હા રજી. નં.૬૦/૨૦૦૪ કામે કબ્જે કરવામાં આવેલ છે.
(૩) શ્રી રોહીત રસીકલાલ કાયસ્થ, ગોડાઉન મેનેજર રાપર પાસેથી રૂા. ૧,૧૦,૦૦૦/- રોકડા ગુન્હા રજી. નં.૧૨૯/૨૦૦૪ કામે કબ્જે કરવામાં આવેલ છે.

-----------

**નળ સરોવરની આજુબાજુના ગામના લોકો દ્વારા પક્ષીઓનો શિકાર કરી તેને વેચવા બાબત**

અતારાંકિતઃ૩૦૪૫(૧૮-૧-૦૫) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ): માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) નળ સરોવરની આજુબાજુમાં આવેલા દુરજી, વેકરીયા, શણાસર અને કઠેચી ગામના રહીશો પક્ષીઓનો શિકાર કરી તેના માંસનું વેચાણ કરે છે તે ફરીયાદથી સરકાર વાકેફ છે,
(૨) આ શિકારીઓને ઝડપી લેવા નળ સરોવરમાં શી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે, અને
(૩) આ સમસ્યાના કાયમી ઉકેલ માટે સરકારે શા પગલાં લીધા છે ?

**વન મંત્રીશ્રી** (૨૩-૨-૨૦૦૫)

(૧) આવી ફરીયાદ મળેલ નથી પરંતુ ક્યારેક આ વિસ્તારોમાં પક્ષીઓને પકડવાના ગુનાઓ બનતા હોય છે.
(૨) સ્થાનિક સ્ટાફ તથા પોલીસની મદદથી આ વિસ્તારમાં રાત્રી ફેરણું તથા નાકાબંધીની રક્ષણાત્મક કામગીરી કરવામાં આવે છે.
(૩) (૧) સઘન રક્ષણાત્મક પગલાં લેવામાં આવે છે.
(૨) આસપાસના ગામના લોકોના આર્થિક તેમજ સામાજિક વિકાસ માટે જુદી જુદી યોજના હેઠળ વિવિધ કામો શરૂ કરેલ છે.
(૩) લોકો શિકારની પ્રવૃત્તિ ન કરે તે માટે રોજગારી વધારવાના પ્રયત્નો કરવામાં આવેલ છે.

---------

**મધ્યપ્રદેશ સરકાર દ્વારા ગુજરાતના સિંહોની માંગણી**

અતારાંકિતઃ૩૦૪૬(૧૮-૧-૦૫) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) મધ્યપ્રદેશમાં કુનો-પાલપુર અભ્યારણ્ય માટે ગુજરાતના સિંહોની માંગણી મધ્યપ્રદેશ સરકારે ઓગષ્ટ/ સપ્ટેમ્બર, ૨૦૦૪માં કરી છે તે હકીકત સાચી છે,
(૨) જો હા, તો આ માંગણી પ્રતિ રાજ્ય સરકારે શું વલણ લીધું છે, અને
(૩) ગુજરાતની પ્રજામાં સિંહોને ખસેડવા માટે તીવ્ર વિરોધ ઉભો થયો છે તે સરકાર જાણે છે ?

**વન મંત્રીશ્રી** (૧૯-૨-૦૫) :

(૧) ના, જી.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) હા, જી.

-----------

**કચ્છ જીલ્લામાં તાલુકાવાર રોપા ઉછેર**

અતારાંકિત :૩૦૭૯ (૨૦-૧-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ વન વિભાગ દ્વારા કચ્છ જિલ્લામાં તાલુકા અને ગામવાર છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા રોપા ઉછેરવામાં આવ્યા અને કેટલો ખર્ચ થયો,
(૨) એમાંથી ગામવાર કુલ કેટલા રોપા હયાત છે, અને
(૩) આ ઉછરેલ રોપાઓનું કઈ કઈ જગ્યાએ કેટલી સંખ્યામાં રોપાવવામાં આવ્યા છે ?

**વન મંત્રીશ્રી (૨૨-૨-૦૫):**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ વન વિભાગ દ્વારા કચ્છ જિલ્લામાં તાલુકા અને ગામવાર છેલ્લા બે વર્ષમાં કુલ ૨૦૮.૭૮ લાખ રોપા નર્સરીમાં ઉછેરવામાં આવ્યા અને રૂા. ૫૦૪.૩૫ લાખનો ખર્ચ થયો. (પત્રક *સામેલ છે.)
(૨) એમાંથી કુલ ૧૦૩.૨૬ લાખ રોપા હયાત છે
(૩) આ ઉછરેલ રોપાઓ પૈકી કુલ ૧૩૬.૪૦ લાખ રોપાઓ ખાતાકીય વાવેતરમાં રોપવામાં આવ્યા છે જે પ્રશ્ન એકના જવાબના પત્રકે દર્શાવેલ છે.

*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

-------------

**જૂનાગઢ જિલ્લામાં વન્ય પ્રાણીઓએ ખેડૂતોના પ્રાણીઓનો કરેલ શિકાર**

અતારાંકિત :૩૦૮૧ (૨૦-૧-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -**

(૧) જૂનાગઢ જિલ્લાનાં કયા કયા ગામોમાં તા. ૩૧/૧૨/૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીરના વન્ય પ્રાણીઓએ ખેડૂતોના પશુઓના મારણ કર્યા,

(૨) કેટલા પશુઓને ઈજા પહોંચાડી અને સ્થાનિક રહેવાસીઓ ઉપર હિંસક હુમલાઓ કર્યા, અને

(૩) આવા બનાવો ફરીવાર ન બને તે માટે સરકારે શાં પગલાં ભર્યા ?

**વન મંત્રીશ્રી (૨-૩-૦૫)**

(૧) તારીખ ૩૧/૧૨/૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીરના વન્યપ્રાણીઓએ પશુઓના મારણ કર્યાની વિગત દર્શાવતા ગામોનું પત્રક આ સાથે સામેલ છે.

(૨) વન્યપ્રાણી દ્વારા ૪૭ માનવ ઈજા, ૫ માનવ મૃત્યુ તથા ૧૩૮૦ માલઢોરના મારણ થયેલ છે.

(૩) અભયારણ્ય બહાર ખેતરમાં, બગીચામાં, ગામમાં વન્યપ્રાણીઓની રંજાડ અંગેની લોકોની ફરીયાદ મળતાં તુરંતજ સ્થાનિક સ્ટાફ ત્યાં પહોંચી આ વન્યપ્રાણીને પાંજરામાં પકડવાની વ્યવસ્થા કરે છે, આવા બનાવો ન બને તે માટે ક્ષેત્રિય સ્ટાફ દ્વારા સતત પેટ્રોલીંગ કરી વન્યપ્રાણી પર દેખરેખ રાખવામાં આવે છે. વન્યપ્રાણી દ્વારા પાલતુ પશુઓના મારણ મોટેભાગે રાત્રે થતા હોવાથી લોકોને પોતાના પશુઓને સલામત રીતે રાખવા જરૂરી સૂચના આપવામાં આવે છે.

------------

**ગીરના વન્યપ્રાણીઓએ પશુઓના મારણ કર્યાની વિગત દર્શાવતા ગામોનું પત્રક**

૧/૧/૨૦૦૩થી ૩૧/૧૨/૨૦૦૩

પાટી, ખંઢેરી, ભુવાટીબા, મોરવાડ, કરણજોતર, છાગોડી, બાદલપુરા, આજોલ, લાખપર, કાલીભડા, કરસાણા, ઝઝારપુર, બીજ, ગોરખમઢી, કુકરાશ, સુત્રાપાડા, લોઢવા, ઉબરી, કીંબડી, બોસન, ખંભાળીયા, વાવડી, આદ્રી, અમરાપુર (સુત્રાપાડા), ધામણેજ, બાબરાગર, અમરાપુર (ગાળીયા), પ્રશ્નાવડા, નવાપરા, આછીદ્રા, ભેમળા, સવની, નાખડા, કાજલી, રોબરા, ગેરોળી, કદવાર, રામપરા, મંડોર, સુખપુર, સોનારીયા, લુંભી, શીંગસર, ખાંભા, પાંસલી, દેદા. એભલવડ, અલીદર, અમરાપુર, અમરગઢ, અંબાળા, આંબળાશ અનીડા, આંકોલવાડી, બદક, બાકુલા, બામણાસા, બરડીયા, બથેશ્વર, ભાખા, ભીમદેવળ, ભોજદે, બાલાશ્રમ, બોરવાવ, છતરીયા, ચિત્રાવડ, ડેડકડી, દેવાની દેવડી, દેવગામ, ધણેજ, ધાવા, દુધાળા, ઈશ્વરાયા, ગાભા, ધાંટવડ, ગોહેલની ખાણ, ગુંદાળા, હડમિતયા, હિરપુર, હરમડીયા, જલંધર, જામવાળા, જેપુર, જેતલવડ, કડદોદરા, કાજ કાલસારી, કડવાસણ, કંસારીયા, કરશનગઢ, કાગમા, કેનેડીપુર, ખાંભા ખીમપાદર, કોડીનાર, ધોટડચ, લાડુડી, લાલપુર, લીલવા, લુશાળા, માધુપર, માઈયામ, માલણકા, માલજીજવા, માણંદિયા, મંડોરણા, માધુપુર, મઢ, મોણીયા, મોરૂકા, મુ. રાવણી, નગડલા, નાના વાડા, પીપળવા, પીયાવા, પ્રેમપરા, રાજપરા, રાજાવડ, રમેરી, રાનીધાર, રસુલપરા, રાતીધાર, રાયડી, રોણીયા, સાંગોદ્રા, સરખડી, રસાઈ, સાસણ, શીવતળી, સુરજગઢ, સુગાડા, સુખપુર, સુરવા, તાલાલા, વાડલા, વલાદર, વેકરીયા, વિસાવદર, વિઠલપુર, ઝીઝુડા. કોઠારીયા, ધ્રાબાવડ, ગરાળ, ચીખલકુબા, રામપરા, ધોડાવડી, ઈટવાયા, અંજાર, કાજરડી, ગાંગડા, સોખડા, જરગલી, સનવાવ, રાજપરા, જસાધાર, ગીર-ગઢડા, કોબ, ખત્રીવાડા, જંજવડ, ફાટસર, વાસોજ, ધાગરણ, નાથડ, નગડીયા, કોદીયા, ધોકડવા, સનખડા, ચીખલી, નાઠેજ, ખીલાવડ, લામધાર, ખડા, ઉમેજ, રસુલપરા, સીમર, નવા ઉગલા, નાળીયા માંડવી, રામેશ્વર, દ્રોણ, નવાબંદર, ના. મોલી, વડવીયાળા, જાખરવાડા, ઉના વેળાકોટ, સામતેર, નવાજાખીયા, જુનાઉગલા, લેરીયા, પાલડી.

૧/૧/૨૦૦૪ થી ૩૧/૧૨/૨૦૦૪

ઓખાજ, અકાળા-ગીર, પાણીકુવા, પાટણ, અગોડા, વડોદરા-ડોડીયા, કાનાસાગીર, વડોદરા-ઝાલા, મોબતપરા, પીખોર, બળવેલા, સારસવા, નાવડા, ઈલાજ,જુનાવાંદીર-વડ, બોળાસ, ગુણપુર, બોળાશ, વીચેદર, મીઠાપુર, આંબલમઢ, વાવડી, ઈશ્વરીયા, દૂધાળા, દવભાવડ, ઘેરીયા, કંટાળા, પંકવા, પાનવા, આદ્રી, લાંછડી, આંબળાશ, આંકોલવાડી, બાબરીયા, બામણશા, ભાખા, ભંડોરીયા, ભોજદે, છાછર, છારા, ચિત્રાવડ, ડેકડીયાળી, ધાવા, ગલીયાવડ, ધાંટવડ, ગોહિલની ખાણ, ગુંદીયાળી, હરીપુંર, હરમડીયા, જલંધર,જાંબુડી, જામવાળા, જસાપુર, જાવલડી, જેપુર, કાલાવડ, કાલસારી, લુછાળા, માલજીજવા, માલણકાં, માલાશ્રમ, મંડોરણા, માનપુર, મોરવડ, નગડલા, પીંછી, પીપળીયા, પીયાવા, પ્રેમપરા, રાજપરા, રમરેચી, સોંગોદરા, સરકડીયા, સુરજગઢ, સુરવા, તાલાલા, વાડલા, વીસાવદર, રાણીધાર, ખીરધાર, ખાંભા, લાલપુર, બથેશ્વર, વેલણું, નગદલા, બાકોલા, સીંધાઈ, ગઢાડી, સેમરવાવ, ગાંભા, બોરવાવ, કાસોરીયા, અમરાપુર, બરડીયા, વિરપુર, રામણી, આણંદપુર, પ્રેમપરા, કેનેડપુર, વેકરીયા, લાડુડી, મોટી ફાફડી, નાજાપુર, છતરીયા, નાનાવાડા, ખાચરીયા, ગુશીયા, વેળવા, વલાદર, દાત્રાણ. જુનાઉગલા, વાજડી, વાસોજ, ટીંબરવા, જંગવડ, ખીલાવડ, સનખડા, નગડીયા, શીમર, ગાંગડા, વડવીયાળા, ઈટવાયા, સોનારીયા, ભાડસી, ઉના, રસુલપરા, ચીખલકુબા, ખડા, બોરીદર, ગોદાવરી, નાડિયા-માંડવી, ભેભા, ઉંટવાડા, નાથડ, ઉમેદપરા, જાંખરવારા, નાનાસમઢીયાળા, ગીરગઢડા, ગરાડ, બરડીયા, તાણખાણ, કાજરડી, દ્રોણ, નવાબંદર, નીતલી, સાણાવાકીયા, વડલી, જરગલી, પચવાળા, કોડીદર, ચીખલી, ખત્રીવાડા, સોંદરડી, રાજસ્થળીનેસ, પાલડી, કોઠારીયા, જસાધાર, કોદીયા, ખજુદ્રા, વેળાકોટ.

-------------

### આણંદ જિલ્લાના બોરસદ તાલુકામાં ગૌ-હત્યા અંગે નોંધાયેલા ગુન્હા બાબત

અતારાંકિત :૨૯૨૯(૧૨-૧-૨૦૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) ડીસે.૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લાના બોરસદ તાલુકામાં ગૌ-હત્યાનો કોઇ ગુનો નોંધાયેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ અંગે શી કાર્યવાહી કરવામાં આવેલ છે, અને

(૩) નાસતા ફરતા આરોપીઓની ધરપકડ માટે શાં પગલાં લેવામાં આવેલ છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૨૩-૨-૨૦૦૫) :

(૧) હા, જી.

(૨) બોરસદ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૯૫/૦૪, ઇ.પી.કો.કલમ-૩૨૬, ૩૨૩,૫૦૪,૧૧૪,૪૨૯, બી.પી.એક્ટ ૧૩૫ મુજબના ગુનાના કામે ૪ (ચાર) આરોપીઓ પકડવામાં આવેલ છે.

(૩) કોઇ ઇસમો નાસતા ફરતા નથી.

------------

### હિંમતનગરમાંથી ગેરકાનૂની રીતે કતલખાને લઇ જવાતા ઘેટાં-બકરાંને બચાવવા બાબત

અતારાંકિતઃ ૨૯૫૭ (૨૦-૧-૨૦૦૫) **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ (જૂનાગઢ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) સને ૨૦૦૪ના પર્યુષણ તહેવારો દરમિયાન હિંમતનગર શહેરમાંથી ટ્રકમાં ક્રૂરતાપુર્વક અમદાવાદના ગેરકાનૂની કતલખાનામાં લઇ જવાતા ૨૪૮ ઘેટાં-બકરાંને સ્થાનિક જૈન અગ્રણીઓની સમયસુચકતાને કારણે બચાવી લેવાયા હતા તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ ઘેટાં-બકરાંને ક્યા સુરક્ષિત સ્થળે રાખવામાં આવ્યા છે, અને

(૩) ગુનાહિતો સામે શાં પગલાં લેવાયાં છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૧-૩-૨૦૦૫) :

(૧) હા.

(૨) તા.૧૬-૯-૦૪ના રોજ ઈડર પાંજરાપોળમાં મુકવામાં આવેલ હતાં.

(૩) તહોમતદારો વિરુધ્ધ હિંમતનગર ટાઉન પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં.૨૩૩/૦૪ ઇ.પી.કો.ક.૨૯૫ તથા મુંબઈ પશુ સંરક્ષણ ધારા-૧૯૫૪ની કલમ ૫, ૬, ૮ તથા પશુઓ તરફ ઘાતકી વર્તન

અટકાવવા માટેનો ધારો ૧૯૬૦ની કલમ ૧૧(ડી)ઇ.એફ. અને એમ.વી.એક્ટ કલમ ૧૭૭ મુજબની કાર્યવાહી કરવા નામદાર કોર્ટને રીપોર્ટ કરેલ છે.

------------

**આદિજાતિનું બનાવટી પ્રમાણપત્ર મેળવી નોકરી મેળવવા માટેની સી.આઇ.ડી. ક્રાઇમની તપાસનો અહેવાલ તથા તે અન્વયે પગલાં**

અતારાંકિત :૩૦૦૫ (૨૭-૧-૨૦૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) વર્ષ ૨૦૦૪ દરમ્યાન સી.આઇ.ડી. (ક્રાઇમ) દ્વારા તપાસ પૂર્ણ કરીને, બનાવટી બોગસ આદિજાતિનું પ્રમાણપત્ર રજુ કરીને પોલીસ ખાતામાં નોકરી મેળવવા અંગેનો અહેવાલ (ગૃહ વિભાગ) સરકારને મળેલ છે તે વાત સાચી છે,

(૨) જો હા, તો સી.આઇ.ડી. (ક્રાઇમ)ના અહેવાલના આધારે કેટલાં અને ક્યા સંવર્ગના પોલીસ કર્મચારી/અધિકારીઓ સામે ક્યા શિક્ષાત્મક પગલાં લીધા, અને

(૩) પગલાં ન લીધા હોય તો પગલાં ભરવામાં થતા વિલંબના કારણો શાં છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૧૯-૨-૨૦૦૫) :

(૧) હા, જી.

(૨) અને (૩) : વધુ તપાસ ચાલુ છે.

------------

**સાબરકાંઠા જિલ્લામાં જલબા હાઇવે ઉપર પકડાયેલા વાહનો**

અતારાંકિત : ૩૦૧૬ (૨૭-૧-૨૦૦૫) **શ્રી દિપસિંહ શં. રાઠોડ (પ્રાંતિજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) સાબરકાંઠા જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૦૩ અને ૨૦૦૪ માં જલબા હાઇવે પોલીસે કુલ કેટલા વાહનો પકડ્યા,

(૨) કેટલા વાહનોને આર.ટી.ઓ.એ મેમો આપ્યા, અને

(૩) કેટલા વાહનોને કોર્ટના મેમો આપ્યા ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૨૪-૨-૨૦૦૫) :

(૧) કુલ ૧૨૬ વાહનો પકડાયા.

(૨) કુલ ૫૭૫૮ મેમો.

(૩) શૂન્ય.

------------

**મહત્વની ચેકપોસ્ટ પરના ભ્રષ્ટ આર.ટી.ઓ. અધિકારીઓ સામે પગલાં**

અતારાંકિત : ૩૦૪૨ (૩૧-૧-૨૦૦૫) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યની જુદી જુદી મહત્વની ચેકપોસ્ટ પરના છ આર.ટી.ઓ. અધિકારીના નિવાસસ્થાને ડીસેમ્બર, ૨૦૦૪ માં દરોડા પાડવામાં આવ્યા હતા તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ અધિકારીઓ પાસે કેટલી બેનામી સંપત્તિ મળી આવી છે,

(૩) આ ભ્રષ્ટ અધિકારીઓ કોણ કોણ છે, અને

(૪) ભ્રષ્ટ અધિકારીઓ સામે રાજ્ય સરકારે શાં પગલાં લીધાં છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૨૫-૨-૨૦૦૫) :

(૧) હા, જી.

(૨) દરોડા દરમ્યાન આક્ષેપિતો પાસેથી મળેલ સંપત્તિ બેનામી છે કે કેમ તેની તપાસ ચાલુ છે.

(૩) (૧) શ્રી ડી.ટી.મહેતા, મોટર વાહન નિરીક્ષક, વર્ગ-૨ (હાલ વયનિવૃત્ત)

(૨) શ્રી એમ.એચ.લાલાણી, મોટર વાહન નિરીક્ષક, વર્ગ-૨

(૩) શ્રી ટી.વી.દાંત્રોલીયા, સહાયક મોટર વાહન નિરીક્ષક, વર્ગ-૩

(૪) શ્રી આર.વી.ઝાલા, સહાયક મોટર વાહન નિરીક્ષક, વર્ગ-૩

(૫) શ્રી બી.એસ.પટેલ, સહાયક મોટર વાહન નિરીક્ષક, વર્ગ-૩

(૬) શ્રી આર.એમ.પટેલ, સહાયક મોટર વાહન નિરીક્ષક, વર્ગ-૩

(૪) તમામ અધિકારીઓ સામે જામનગર એ.સી.બી. પો.સ્ટે. ગુ.ર.નં.૮/૨૦૦૪ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે, જેની તપાસ ચાલુ છે.

આ અક્ષેપિતો પૈકી એક અધિકારી હાલ નિવૃત્ત છે. બીજા ત્રણ અધિકારી અગાઉથી ફરજમોકૂફી પર છે અને અન્ય એક અધિકારીને ફરજમોકૂફ કરવામાં આવ્યા છે.

------------

**વિજીલન્સ કમિશનને જનતા દ્વારા ફરિયાદ કરવાના આયોજન બાબત**

અતારાંકિત :૩૦૪૩ (૩૧-૧-૨૦૦૫) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) સરકારી કચેરીમાં અરજદારને હેરાનગતી થતી હોય, તેનું કામ વિલંબમાં પડતુ હોય કે ખોટી કાર્યપધ્ધતિ અપનાવાતી હોય તો ગુજરાત વિજિલન્સ કમીશનને ફરીયાદ કરવા સરકારે આયોજન ક્ર્યુ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ આયોજનની શી વિગતો છે, અને

(૩) આ યોજનાની જાહેર જનતાને પૂરી જાણકારી મળે તે માટે શી વ્યવસ્થા થઇ છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૧-૩-૨૦૦૫) :

(૧) હા, જી.

(૨) (૧) અરજદારને સરકારી કચેરીમાં હેરાનગતી થતી હોય, તેનું કામ વિલંબમાં પડતુ હોય કે ખોટી કાર્યપધ્ધતિ અપનાવાતી હોય તો અરજદાર તકેદારી આયોગને રજૂઆત કરી શકે છે. આ રજૂઆત ઉપર તકેદારી આયોગ યોગ્ય તે વિચારણા કરીને ફરીયાદમાં નક્કર આધાર પુરાવા મળેલ હોય, તેમાં આક્ષેપિત સામે પોલીસ કેસ દાખલ કરવાની અથવા ખાતાકીય તપાસ શરુ કરવા અંગે સરકારશ્રીના સંબંધિત વિભાગ/ખાતાના વડાને ભલામણ કરે છે. આયોગની ભલામણને આધારે સંબંધિત સક્ષમ અધિકારીશ્રી દ્વારા જરુરી કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

(૨) જે કિસ્સામાં કાર્યપધ્ધતિમાં સુધારા વધારાની જરુર હોય તેમાં કોઇ પણ વ્યક્તિ આ અંગેની માહિતી આયોગને આપી શકે છે અને આયોગ તેના ઉપર યોગ્ય વિચારણા કરી કાર્યપધ્ધતિમાં સુધારા વધારા કરવા માટે સરકારને ભલામણ કરે છે અને સરકાર દ્વારા યોગ્ય વિચારણા હાથ ધરવામાં આવે છે.

(૩) અરજદાર તરફથી આયોગને જે રજુઆત મળે છે તે બાબતે આયોગ દ્વારા વિચારણા કરી કાર્યવાહી હાથ ધરવામાં આવે છે અને તેની જાણકારી અરજદારને અને જાહેર જનતાને મળી રહે તે માટે આયોગ તેની વેબ સાઈટમાં પ્રસિધ્ધ કરે છે.

------------

**ભરુચ જિલ્લામાં અવસાન પામેલ પોલીસ કર્મચારીઓના વારસદારોને રહેમરાહે નોકરી બાબત**

અતારાંકિત :૩૦૫૮(૨૭-૧-૨૦૦૫) **શ્રી છોટુભાઈ અ. વસાવા (ઝગડિયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) ભરુચ જિલ્લામાં ડીસેમ્બર-૦૪ની સ્થિતિએ છેલ્લા ચાર વર્ષમાં મરણ પામેલા પોલીસ કર્મચારીઓના કુલ કેટલા વારસદારોને રહેમરાહે નોકરી પર લેવામાં આવ્યા,

(૨) કેટલા રહેમરાહે નોકરી પર લેવાના બાકી છે, અને

(૩) કેટલા સમયમાં આ વારસદારોને રહેમરાહે નોકરી પર લેવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૧-૩-૨૦૦૫) :

(૧) ૦૮.

(૨) ૨૨.

(૩) આશ્રિતો પાસેથી ખૂટતી માહિતી/દસ્તાવેજો આવ્યા બાદ નિયમ અનુસાર ચકાસણી બાદ, દરખાસ્તો જરુરી કાર્યવાહી અર્થે ગૌણ સેવા મંડળને મોકલી આપવામાં આવશે.

------------

**કચ્છ જિલ્લામાં પાક રક્ષણ માટે હથિયારના પરવાના માંગતી અરજીઓ**

અતારાંકિત :૩૦૯૬ (૨૭-૧-૨૦૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં પાકના રક્ષણ માટે છેલ્લા બે વર્ષમાં કેટલા ખેડૂતોએ તાલુકાવાર હથિયાર પરવાના માટે માંગણી કરી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી ના મંજૂર કરવામાં આવી અને કેટલી પડતર છે,

(૩) ના મંજૂર અને પડતર અરજીના કારણો શા છે, અને

(૪) કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૩-૩-૨૦૦૫) :

(૧) અને (૨) : આ અંગેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | માંગણી | મંજૂર | નામંજૂર | પડતર |
|---|---|---|---|---|---|
| ૧. | ભૂજ | ૪૨ | ૦૫ | ૨૮ | ૦૯ |
| ૨. | માંડવી | ૨૧ | ૦૦ | ૧૨ | ૦૯ |
| ૩. | મુંદરા | ૦૫ | ૦૦ | ૦૩ | ૦૨ |
| ૪. | અંજાર | ૦૯ | ૦૧ | ૦૮ | ૦૦ |
| ૫. | ભચાઉ | ૨૪ | ૦૪ | ૧૦ | ૧૦ |
| ૬. | રાપર | ૧૮ | ૦૫ | ૧૦ | ૦૩ |
| ૭. | ગાંધીધામ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૮. | નખત્રાણા | ૧૯ | ૦૦ | ૧૬ | ૦૩ |
| ૯. | અબડાસા | ૧૫ | ૦૦ | ૦૯ | ૦૬ |
| ૧૦. | લખપત | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ |
| | **કુલ :** | **૧૫૫** | **૧૬** | **૯૭** | **૪૨** |

(૩) **નામંજૂરીના કારણો :-**

૧. પોલીસ ખાતાના નકારાત્મક અભિપ્રાયને કારણે.

૨. અરજદાર પાસે ખેતીની જમીન વિશેષ પ્રમાણમાં ન હોવાના કારણે.

૩. જે તે વિસ્તારમાં જંગલી જાનવરોનો ત્રાસ હોવાના આધારો રજુ થયેલ ન હોવાના કારણે.

૪. અરજદાર સામે ગુન્હા નોંધાયેલ હોવાના કારણે.

૫. અભ્યારણ્યમાં આવતી જમીનો માટે જંગલ ખાતાનું પ્રમાણપત્ર રજૂ ન કરવાના કારણે.

**પડતર રહેવાના કારણો :-**

૧. પોલીસ ખાતાનો અભિપ્રાય બાકી હોવાના કારણે.

૨. મામલતદારશ્રીનો અભિપ્રાય બાકી હોવાના કારણે.

૩. અરજદાર દ્વારા ખૂટતા આધારો રજૂ ન થવાના કારણે.

(૪) પૂર્તતા થયે નિકાલ કરવામાં આવશે.

**સંખેડા તાલુકામાં આવેલી મુલ્યવાન પીળી માટીની ચોરી અટકાવવા બાબત**

અતારાંકિત :૨૯૭૨(૩૧-૧-૨૦૦૫) **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે -

(૧) સંખેડા તાલુકામાં મુલ્યવાન પીળી માટી આવેલી છે, તે સરકાર જાણે છે,
(૨) જો હા, તો તેની ચોરી થતી હોવાને કારણે સરકારને નુકશાન થાય છે તે વાત સાચી છે,
(૩) જો હા, તો આ અંગે સરકાર કોઇ તપાસ કરવા માંગે છે કે કેમ,
(૪) કોઇ સમિતિ તપાસ માટે મોકલવા માંગે છે કે કેમ, અને
(૫) આ અંગે વ્યાપક પગલાં લેવા સરકાર દ્વારા કેવું આયોજન કરવામાં આવ્યું છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ખાણ-ખનીજ) (૨૫-૨-૨૦૦૫) :

(૧) પીળી માટી નીચે ઓળખાતુ હોય તેવું કોઇ ખનીજ સંખેડા તાલુકામાં મળી આવતું નથી.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**હીરા વિકાસ બોર્ડને સઘન બનાવવા માટેનું આયોજન**

અતારાંકિત : ૨૯૯૩ (૧૯-૧-૨૦૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

(૧) નવેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ રાજ્ય સરકારે હીરા વિકાસ બોર્ડ કયારે અને કયાં બનાવેલું છે,
(૨) ૨૦૦૨-૦૩ અને ૨૦૦૩-૦૪ના નાણાંકીય વર્ષોમાં નવેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ બોર્ડ માટે કુલ કેટલી જોગવાઇ કરવામાં આવી, અને
(૩) આ બોર્ડને સઘન બનાવવા માટે રાજ્ય સરકાર શું કરવા માંગે છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) (૨૨-૨-૦૫) :

(૧) ગુજરાત હીરા વિકાસ બોર્ડની રચના તા.૧૬-૧-૯૦ના રોજ કરેલ છે. આ બોર્ડની કચેરી ગાંધીનગર ખાતે ઉદ્યોગભવનમાં આવેલ છે.

(૨)

| વર્ષ | જોગવાઇ | કરેલ ખર્ચ |
|---|---|---|
| ૨૦૦૨-૦૩ | ૧,૫૪,૦૦,૦૦૦/- | ૧,૦૦,૩૦,૬૫૯/- |
| ૨૦૦૩-૦૪ | ૧,૪૯,૦૦,૦૦૦/- | ૬૨,૦૦,૭૦૨/- |

(૩) બોર્ડની કામગીરી સઘન બનાવવા માટે ખાનગી મૂડીરોકાણથી સુરત ખાતે એક અને અમદાવાદ ખાતે બે ડાયમંડપાર્ક બનાવવાનું, રાજ્યના દરેક હીરા ઉદ્યોગ કલ્સ્ટરમાં ડાયમંડ તાલીમ સંસ્થાઓ ખોલવાનું રાજ્યમાં સેમીનાર, પ્રદર્શન યોજવાનું તેમજ હીરા ઉદ્યોગના કારીગરોને વીમા રક્ષણ યોજના અને હીરાની ઘંટી માટે લોન આપવા અંગેની સઘન કામગીરી બોર્ડ મારફત હાથ ધરવા સરકારનું આયોજન છે.

------------

**રાજ્યમાં જવેલરી પાર્ક બનાવવા આયોજન**

અતારાંકિત :૩૦૦૦ (૨૭-૧-૨૦૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ ) જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્ય સરકાર દ્વારા જવેલરી પાર્ક બનાવવાનું આયોજન છે, તે હકીકત સાચી છે,
(૨) જો હા, તો કયા સ્થળે અને કેટલા ખર્ચે,
(૩) નવેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ આ પાર્ક બનાવવાના કામની પ્રગતિ શું છે, અને
(૪) આ પાર્ક કયાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) (૨૨-૨-૦૫) :

(૧) હા, જી.

(૨)

| સ્થળ | રૂા.કરોડના મૂડીરોકાણથી |
|---|---|
| સુરત | ૪,૬૦૦/- |
| અમદાવાદ | ૨૩૨/- |
| ગાંધીનગર | ૧૪૧/- |

(૩) સુરતમાં સંસ્થાને જમીન ડિસેમ્બર-૨૦૦૪ માં સોંપી દેવાઇ છે અન્ય સ્થળે સંસ્થા દ્વારા જમીન મેળવવાની કાર્યવાહી ચાલુ છે.

(૪) સુરત ખાતે ડિસેમ્બર-૨૦૦૭ સુધીમાં અને અમદાવાદ તેમજ ગાંધીનગર ખાતે જમીન પ્રાપ્ત થયા બાદ.

----------

**કચ્છના અગરિયાઓને મકાન બાંધી આપવાની યોજના**

અતારાંકિત :૩૦૫૧(૩૧-૧-૨૦૦૫) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ ) જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છના મીઠાના અગરિયાઓને કેન્દ્ર સરકાર તથા ગુજરાત સરકારની ૭૦ :૩૦ ની ભાગીદારીથી ૨૩૦ ચો.ફૂટના રૂા.૪૦,૦૦૦ ની કિંમતના મકાન બાંધી આપવાની યોજનાની જુલાઇ-૨૦૦૪માં જાહેરાત કરવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ યોજનાની પ્રમુખ હકીકત શી છે,

(૩) આ યોજનાની શરુઆત કયારે કરવામાં આવશે, અને

(૪) આ જવાબદારી કોને સોંપાઇ છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) (૨૩-૨-૦૫) :

(૧) હા, સાચી છે.

(૨) (અ) જે અગરિયાઓ સળંગ ૫-વર્ષ સોલ્ટ વર્કસમાં કામ કરતા હોય તેઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે.

(બ) આ અગરિયાઓને ૨૨.૨૦ ચો.ફૂટનું મકાન પુરું પાડવામાં આવશે. જે માટેની જમીન રાજ્ય સરકાર દ્વારા વિના મૂલ્યે પૂરી પાડવામાં આવશે.

(ક) આ મકાન રૂા.૫૦,૦૦૦/-ની કિંમતનું રહેશે, જેમાં ૭૦ ટકા લેખે રૂા.૩૫,૦૦૦/- ભારત સરકાર તરફથી અને ૩૦ લેખે રૂા.૧૫,૦૦૦/- રાજ્ય સરકાર તરફથી ચુકવાશે.

(૩) આ યોજના શરુ કરવામાં આવી છે.

(૪) આ યોજના અંતર્ગત મકાન બાંધકામની કામગીરી સ્વૈચ્છિક સંસ્થાઓ હાથ ધરશે, જયારે આ યોજનાનું સંકલન ભારત સરકાર તરફથી ડેપ્યુટી સોલ્ટ કમિશ્નર, અમદાવાદ અને રાજ્ય સરકાર તરફથી ઉદ્યોગ કમિશ્નરશ્રી, ગાંધીનગર દ્વારા કરવામાં આવશે.

------------

**ભૂકંપના કારણે મીઠાના એકમો અને અગરિયાઓને થયેલ નુકશાન**

અતારાંકિત :૩૧૦૨ (૩૧-૧-૨૦૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ ) જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ તા.૨૬-૧-૨૦૦૧ના આવેલ ભૂકંપથી કચ્છ જિલ્લામાં તાલુકાવાઇઝ ૧૦ એકર સુધીનાં મીઠાનાં એકમો અને અગરીયાઓને કેટલું અને શું શું નુકશાન થયું,

(૨) નાના એકમો અને અગરીયાઓની સહાય મેળવવા તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૩) કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી સહાયની રકમ ચૂકવવામાં આવી,

(૪) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ પડતર છે, અને

(૫) નામંજૂર થવાના અને પડતર રહેવાનાં કારણો શા છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) (૧-૩-૦૫) :

(૧)

| ક્રમ | તાલુકા | એકમો | નુકશાન રૂા.લાખમાં |
|---|---|---|---|
| ૧ | અબડાસા | ૨૨ | ૮.૪૪ |
| ૨ | ભચાઉ | ૧૨૩ | ૩૮.૧૬ |
| ૩ | ગાંધીધામ | ૧૯૨ | ૯૨.૦૦ |
| ૪ | મુન્દ્રા | ૭૩ | ૩૦.૯૫ |
| ૫ | રાપર | ૬૬ | ૮.૩૫ |
| ૬ | અંજાર | ૧૭૮ | ૧૦૫.૮૯ |
| | | **કુલ : ૬૫૪** | **૨૮૩.૭૯** |

કુવા મશીન, ઓઇલ એન્જીન, ઇલેકટ્રીક મોટર અને માટીકામ (પાળો) ને નુકશાન થયું છે. અગરનું પાણી શોષાઇ જવાથી મીઠા ઉત્પાદનને નુકશાન થયું છે.

(૨)

| ક્રમ | તાલુકા | આવેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | અબડાસા | ૨૨ |
| ૨ | ભચાઉ | ૧૨૩ |
| ૩ | ગાંધીધામ | ૧૯૨ |
| ૪ | મુન્દ્રા | ૭૩ |
| ૫ | રાપર | ૬૬ |
| ૬ | અંજાર | ૧૭૮ |
| | | **કુલ : ૬૫૪** |

(૩) ૬૪૯ અરજીઓ મંજૂર કરવામાં આવી અને રૂા.૩૧.૯૨ લાખ ચૂકવવામાં આવ્યા.
(૪) પાંચ અરજીઓ નામંજૂર કરવામાં આવી અને પડતર અરજીઓ શૂન્ય છે.
(૫) જે અરજીઓમાં વિગતોનો અભાવ હતો તે નામંજૂર કરવામાં આવેલ છે. પડતર અરજીઓ નથી.

------------

## રાજ્યમાં નોટરી દ્વારા દસ્તાવેજોની નોંધણીની વધારે ફી લેવા અંગે

અતારાંકિત : ૨૦૦૭ (૨૮-૫-૦૪) **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧-૩-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં નોટરી દ્વારા વધુ ફી લેવાની કેટલી ફરિયાદો જિલ્લાવાર મળી છે, અને
(૨) આ અંગે સરકારે શાં પગલાં લીધા છે ?

**કાયદા મંત્રીશ્રી** (૨૮-૨-૦૫) :

(૧) તા.૩૧-૩-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં નોટરી દ્વારા વધુ ફી લેવાની અમદાવાદ જિલ્લામાં-૧ અને ભરૂચ જિલ્લામાં-૧ ફરિયાદ મળી છે.
(૨) આ અંગે સરકાર પક્ષે તપાસ ચાલુ છે.

------------

## ફાસ્ટ ટ્રેક કોર્ટના જજોની ભરતી અંગે

અતારાંકિત:૨૪૧૧ (૧૫-૭-૦૪) **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) :માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સરકારી વકીલો તથા ફાસ્ટ ટ્રેક કોર્ટના જજોની ભરતી ગત નાણાંકીય વર્ષ ૨૦૦૩-૦૪ માં થઇ છે કે કેમ,
(૨) જો હા, તો આ ભરતી માટે શું કાર્યવાહી અપનાવાઇ છે, અને
(૩) અનુસૂચિત જાતિ તથા જનજાતિની ભરતી ઓછી અગર બિલકુલ થઇ નથી તે હકીકત સાચી છે કે કેમ ?

**ન્યાયતંત્ર મંત્રીશ્રી** (૨૩-૨-૦૫) :

(૧) હા, જી.
(૨) ફાસ્ટ ટ્રેક કોર્ટના જજોની પસંદગી ગુજરાત હાઇકોર્ટ દ્વારા થાય છે ત્યારબાદ નિમણૂંક સરકાર દ્વારા થાય છે. આ નિમણૂંક કેન્દ્રીય પુરસ્કૃત યોજના હેઠળ છે. સરકારી વકીલોની નિમણૂંક માટે સી.આર.પી.સી. ની જોગવાઇ પ્રમાણે યાદી બને છે.
(૩) અનામતની નીતિ લાગુ પડતી ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## જેતપુર પાવી તાલુકાના ભાંભર અને જોગપુરા સિંચાઇ તળાવોના પાણી વહી જવા અંગે

અતારાંકિત:૨૯૭૫ (૭-૧-૨૦૦૫) **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જેતપુર પાવી તાલુકામાં આવેલ ભાંભર અને જોગપુરા (કુ) સિંચાઇ તળાવનાં પાણી કોતરોમાં વહીને ખાલી થઇ ગયા છે, તે સરકાર જાણે છે, અને
(૨) જો હા, તો આ અંગે તપાસ કરાવી સરકાર જવાબદાર સામે પગલાં ભરવા માંગે છે કે કેમ ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૨૮-૨-૦૫) :

(૧) જેતપુર પાવી તાલુકામાં આવેલ ભાંભર અને જોગપુરા સિંચાઇ તળાવના એચ.આર. ગેટમાંથી ચોમાસા બાદ લીકેજના કારણે પાણી નહેરમાં જ વહીને અંશતઃ ખાલી થયેલ છે. જે સરકાર જાણે છે.

(૨) આ લીકેજનું પાણી કેનાલમાં જતું હોઇ, સરદહું પાણીનો રવિ સિઝનમાં સિંચાઇ માટે ઉપયોગ કરેલ છે. રવિ સિઝનમાં આ પાણીથી અનુક્રમે ૭૨.૯૩ હેકટરમાં અને ૧૬.૨૯ હેકટરમાં સિંચાઇ ચાલુ છે. તેમજ સદરહુ તળાવોમાં ભર સપાટી (પાણીનો જથ્થો) અનુક્રમે ૧૨૪.૮૦ મીટર (૪૦ એમ.સી.એફ.ટી.) અને ૧૦૨.૭૦ મી (૭૮-૮૬ એમ.સી.એફ.ટી.) જેટલું પાણી ભરાયેલ, ત્યારબાદ લીકેજ અને સિંચાઇથી તા.૧૨-૧-૦૪ના રોજ તળાવોમાં ભર સપાટી (પાણીનો જથ્થો) અનુક્રમે ૧૨૦.૦ મીટર (૧૨-૮૦ એમ.સી.એફ.ટી.) અને ૯૯.૦ મીટર (૨૭.૯૪) એમ.સી.એ.ટી.) પાણી સંગ્રહાયેલું હતું.

------------

## કચ્છ જિલ્લાના સમસ્યાગ્રસ્ત ગામોને પીવાનું પાણી આપવા અંગે

અતારાંકિત :૩૨૧૦ (૨૭-૧-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કચ્છ જીલ્લામાં પીવાના પાણીની કાયમી સમસ્યાવાળા કયા કયા ગામો અને પેટા પરાં છે, અને

(૨) એ પૈકી નર્મદાનું, મચ્છુનું કાયમી ધોરણે પીવાનું પાણી કયા કયા ગામોને અપાયું છે અને બાકી રહેતા પીવાના પાણીની સમસ્યાવાળા ગામોને પીવાનું પાણી કયારે અને કઇ રીતે આપવાનું આયોજન છે?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૨૫-૨-૦૫) :

(૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કચ્છ જીલ્લામાં ૯ તાલુકાના પીવાના પાણીની કાયમી સમસ્યાવાળા કુલ ૪૯ ગામો અને ૪૪ પરા છે, (પત્રક-૧ મુજબ)

(૨) નર્મદા-મચ્છુનું કાયમી ધોરણે કુલ-૨૧ ગામ/૧૪ પરાને પાણી અપાયું છે અને બાકી રહેતા ૨૮ ગામ તથા ૩૦ પરાને વર્ષ ૨૦૦૫-૦૬માં નર્મદા પાઇપ લાઇનથી પાણી આપવાનું આયોજન હવે પછી કરવામાં આવનાર છે. (*પત્રક-૨ મુજબ)

* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

------------

## કચ્છ જિલ્લામાં નર્મદા કેનાલનું બાકી કામ

અતારાંકિતઃ૩૨૧૨(૩૧-૧-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જીલ્લામા તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ નર્મદા યોજનાની કેનાલનું કામ કયા તબક્કે છે,

(૨) કેનાલ, નહેર, શાખા નહેરોનું આયોજન ક્યાંથી ક્યાં સુધી કેટલા કિ.મી. તબક્કાવાર પુરૂં કરવાનું આયોજન છે, અને

(૩) તબક્કાવાર કેટ કેટલો ખર્ચ અંદાજવામાં આવ્યો છે?

**મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** (૨૨-૨-૦૫) :

(૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કચ્છ શાખા નહેરની કચ્છ જિલ્લામાં આવતી ૨૭૬ કિ.મી. લંબાઇમાંથી ૨૧ કિ.મી. લંબાઇના ટેન્ડરો મંજુરી હેઠળ હતા (જે હવે મંજૂર કરવામાં આવ્યા છે) જયારે બાકીની ૨૫૫ કિ.મી. લંબાઇ અંગે બાંધકામ પૂર્વેની કામગીરી પ્રગતિ હેઠળ હતી.

(૨) કચ્છ જીલ્લામાં કચ્છ શાખા નહેરનું કામ તબક્કાવાર વર્ષ ૨૦૦૬-૦૭માં ૯૧ કિ.મી. પૂર્ણ કરવાનું અને વર્ષ ૨૦૦૭-૦૮ માં ૧૮૫ કિ.મી. પૂર્ણ કરવાનું આયોજન છે. વિતરણ પધ્ધતિના કામો તબકકાવાર વર્ષ ૨૦૦૬-૦૭ માં ૩૦,૦૦૦ હેકટર પૂર્ણ કરવાનું તથા વર્ષ ૨૦૦૭-૦૮ માં ૮૨૭૧૮ હેકટર વિસ્તારના કામો પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩)

| | |
|---|---|
| ૧ સને ૨૦૦૪-૨૦૦૫ | રૂા. ૨ કરોડ |
| ૨ સને ૨૦૦૫-૨૦૦૬ | રૂા.૧૪૪ કરોડ |
| ૩ સને ૨૦૦૬-૨૦૦૭ | રૂા.૭૫૬ કરોડ |
| ૪ સને ૨૦૦૭-૨૦૦૮ | રૂા.૫૩૫ કરોડ |
| કુલ | રૂા.૧૪૩૭ કરોડ |

## રાજ્યમાં નર્મદા કેનાલોનું પૂરૂ થયેલું કામ અને થયેલ ખર્ચ

અતારાંકિત : ૩૨૧૪ (૩૧-૧-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ નર્મદા યોજનાની કેનાલોનું કામ કચ્છ જિલ્લા સિવાય જિલ્લાવાર કયા કયા તબકકે છે,

(૨) જિલ્લાવાર કેટલા કિ.મી. કેનાલો, શાખા કેનાલોનું કામ કેટલા ખર્ચે પુરૂ થયું છે,

(૩) કેટલું કામ કેટલા ખર્ચે કરવાનું બાકી છે, અને

(૪) કેટલા સમયમાં પૂરૂં કરવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) (૨-૩-૦૫) :

(૧) તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ નર્મદા યોજનાની કેનાલોના કામની જિલ્લાવાર સ્થિતિ પત્રક-૧ મુજબ છે.

(૨) જિલ્લાવાર પૂર્ણ થયેલ મુખ્ય કેનાલ, શાખા કેનાલોની લંબાઇ તથા તે કામ માટે થયેલ ખર્ચની વિગત પત્રક-૨ મુજબ છે.

(૩) નર્મદા યોજનાની મુખ્ય નહેર, શાખા નહેરો અને તેની વિતરણ પધ્ધતિની નહેરોના બાકી કામ અને તે અન્વયે થનાર ખર્ચની વિગત નીચે મુજબ છે.

| બાકી કામની વિગત | થનાર ખર્ચ રૂ.કરોડમાં |
|---|---|
| નહેરોની બાકી લંબાઇ ૧૨૮૯ કિલોમીટર | ૩૩૨૦ |
| વિતરણ પધ્ધતિના નહેરોના કામો ૧૮૩૨૫૬૦ હેકટર<br>(૨૩૩૬૭૬ હેકટર વિસ્તારમાં વિશાખા, પ્રશાખા નહેરોના કામો પૂર્ણ થયેલ છે.) | ૫૭૮૦.૦૦ |

(૪) નર્મદા યોજના હેઠળની નર્મદા મુખ્ય નહેર, શાખા નહેરો અને તેમની વિતરણ પધ્ધતિની નહેરોનું કામ વર્ષ ૨૦૦૭-૦૮ સુધીમાં પૂરૂ કરવાનું આયોજન છે.

### પત્રક-૧
### જિલ્લાવાર નહેરોની કુલ લંબાઇ, પૂર્ણ થયેલ નહેરોની લંબાઇ તથા બાકી કામવાળી નહેરોની વિગત દર્શાવતું પત્રક.

| અ.નં. | જિલ્લાનું નામ | પૂર્ણ થયેલ નહેરોની લંબાઇ કિ.મી.માં | બાકી નહેરોની લંબાઇ કિ.મી.માં | કુલ લંબાઇ કિ.મી. |
|---|---|---|---|---|
| ૧ | નર્મદા | ૨૬૫ | ૫૩૪ | ૭૯૯ |
| ૨ | ભરૂચ | ૧૪૦૪ | ૫૫૨૧ | ૬૯૨૫ |
| ૩ | વડોદરા | ૨૭૧૬ | ૮૬૨૩ | ૧૧૩૩૯ |
| ૪ | પંચમહાલ | ૮૭ | ૧૪૯ | ૨૩૬ |
| ૫ | ખેડા | ૨૨૯ | ૧૧૦૪ | ૧૧૩૩ |
| ૬ | ગાંધીનગર | ૧૬૪ | ૪૫૮ | ૬૨૨ |
| ૭ | અમદાવાદ | ૩૦૩ | ૭૬૭૨ | ૭૯૭૫ |
| ૮ | મહેસાણા | ૧૩૨ | ૨૩૧૯ | ૨૪૫૧ |
| ૯ | સુરેન્દ્રનગર | ૩૨ | ૨૨૪૦૧ | ૨૨૪૩૩ |
| ૧૦ | ભાવનગર | ૨૩ | ૪૧૮૦ | ૪૨૦૩ |
| ૧૧ | રાજકોટ | ૪૨ | ૧૩૭૬ | ૧૪૧૮ |
| ૧૨ | પાટણ | ૩૬ | ૫૨૫૮ | ૫૨૯૪ |
| ૧૩ | બનાસકાંઠા | ૦ | ૧૨૬ | ૧૨૬ |
| ૧૪ | આણંદ | ૦ | ૧૨૨<br>હેકટર<br>૩૦૧<br>સિંચાઇ | ૧૨૨ હેકટર<br>૩૦૧ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | વિસ્તાર | |
| | **કુલ :** | **૫૪૩૩** | **૫૯૭૨૧** | **૬૪૯૫૪** |

**પત્રક-૨**

**નર્મદા યોજનાની નહેરોના જિલ્લાવાર બાંધકામ અને તે માટે થયેલ ખર્ચની વિગત દર્શાવતું પત્રક.**

| અ.નં. | જિલ્લાનું નામ | પૂર્ણ થયેલ નહેરોની લંબાઇ કિ.મી.માં. | પૂર્ણ થયેલ નહેરોનું ખર્ચ રૂ.કરોડમાં |
|---|---|---|---|
| ૧ | નર્મદા | ૨૬૫ | ૧૯૫ |
| ૨ | ભરૂચ | ૧૪૦૪ | ૩૧૬ |
| ૩ | વડોદરા | ૨૭૧૬ | ૧૦૮૨ |
| ૪ | પંચમહાલ | ૮૭ | ૬૧૦ |
| ૫ | ખેડા | ૨૨૯ | ૬૧૫ |
| ૬ | ગાંધીનગર | ૧૬૪ | ૫૫૬ |
| ૭ | અમદાવાદ | ૩૦૩ | ૫૫ |
| ૮ | મહેસાણા | ૧૩૨ | ૩૬૨ |
| ૯ | સુરેન્દ્રનગર | ૩૨ | ૩૧૯ |
| ૧૦ | ભાવનગર | ૨૩ | ૩૭ |
| ૧૧ | રાજકોટ | ૪૨ | ૬૮ |
| ૧૨ | પાટણ | ૩૬ | ૧૫૦ |
| | **કુલ :** | **૫૪૩૩** | **૪૩૬૫** |

------------

**કચ્છ જિલ્લામાં જિલ્લા અને તાલુકા પંચાયતના પેન્શનના બાકી કેસો**

અતારાંકિત : ૩૧૪૦ (૨૭-૧-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોમાં તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ નિવૃત્ત કર્મચારીઓના પેન્શન અંગેના કુલ કેટલા કેસો કેટલા સમયથી નિકાલ વગરના બાકી છે, અને

(૨) કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** (૧૪-૨-૦૫) :

(૧) કુલ-૪૧ કેસ.

| વર્ષ | કેસોની સંખ્યા |
|---|---|
| ૧૯૮૬ | ૧ |
| ૧૯૯૪ | ૧ |
| ૧૯૯૫ | ૨ |
| ૧૯૯૬ | ૧ |
| ૧૯૯૭ | ૩ |
| ૧૯૯૮ | ૨ |
| ૧૯૯૯ | ૧ |
| ૨૦૦૦ | ૫ |
| ૨૦૦૧ | ૨ |
| ૨૦૦૨ | ૨ |
| ૨૦૦૩ | ૩ |
| ૨૦૦૪ | ૧ |
| **કુલ :** | **૪૧** |

(૨) બનતી ત્વરાએ.

**કચ્છ જિલ્લાના દેવપર (ગઢ) ગામે ગૌચરની જમીન પર દબાણ**

અતારાંકિત : ૩૧૪૭ (૨૭-૧-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લાના દેવપર (ગઢ) ગામે ગૌચર જમીનમાં કયારથી દબાણ કયા કયા માથાભારે વ્યકિતઓએ કેટલા એકરમાં કરેલ છે,

(૨) આ બાબતે તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ તાલુકા-જિલ્લાકક્ષાની કેટલી ફરિયાદો મળી,
(૩) લાંબા સમયથી ફરિયાદો હોવા છતાં દબાણ ખાલી ન કરાવવાનાં કારણો શા છે,
(૪) જવાબદાર કર્મચારી/અધિકારી સામે કોઇ પગલાં ભરવામાં આવ્યા છે કે કેમ, અને
(૫) જો ના, તો તેનાં કારણો શા છે અને કેટલા સમયમાં આવા દબાણ ખાલી કરાવવામાં આવશે?

**પંચાયત મંત્રીશ્રી** (૨૫-૨-૦૫) :
(૧) પરિશિષ્ટ-અ મુજબ.

**પરિશિષ્ટ-અ**

કચ્છ જિલ્લાના દેવપર (ગઢ) ગામે સને ૧૯૬૭-૬૮ માં નીચેના દબાણકારોએ ગૌચર જમીનમાં દબાણ કરેલ છે.

| ક્રમ | દબાણદારનું નામ | દબાણનો વિસ્તાર એકર-ગુંઠા | રહેવાસી |
|---|---|---|---|
| ૧ | જત અબ્દુલ ઇબ્રાહીમ | ૪.૦૦ | કોટડા (રો) તા.નખત્રાણા. |
| ૨ | હરિજન મંગરીયા આતુ | ૮.૦૦ | કોટડા (રો) તા.નખત્રાણા. |
| ૩ | મારાજ ગાંગજી ડોરૂ | ૪.૦૦ | કોટડા (રો) તા.નખત્રાણા. |
| ૪ | હરિજન બુધીયા શામજી | ૮.૦૦ | કોટડા (રો) તા.નખત્રાણા. |
| ૫ | હરિજન ડાયા ગાંગા | ૭.૦૦ | દેવપર તા.માંડવી |
| ૬ | સોઢા રણુભા ભોજરાજજી | ૧૦.૦૦ | દનણા, તા.નખત્રાણા. |
| ૭ | સોઢા ટપુભા ગાભુભા | ૧૫.૦૦ | દનણા, તા.નખત્રાણા. |
| ૮ | સોઢા જસતુભા જખુભા | ૧૭.૦૦ | કોટડા (રો) નખત્રાણા. |
| ૯ | શ્રી કલ્યાણેશ્વર મહાદેવ હ. દેવેન્દ્ર કલ્યાણજી | ૪૪.૦૦ | કોટડા (રો) તા.નખત્રાણા. |
| ૧૦ | સોઢા બાબુભા વાઘજી | ૮.૦૦ | કોટડા (રો) તા.નખત્રાણા. |
| ૧૧ | સોઢા લાખુભા બનેસંગજી | ૩૯.૦૦ | કોટડા (રો) તા.નખત્રાણા. |
| ૧૨ | હરિજન ગાભા માયા | ૩.૦૦ | કોટડા (રો) તા.નખત્રાણા. |
| ૧૩ | હરિજન મંગરીયા રાણા | ૮.૦૦ | કોટડા (રો) તા.નખત્રાણા. |
| ૧૪ | હરિજન નરશી કચુ | ૬.૦૦ | કોટડા (રો) તા.નખત્રાણા. |
| ૧૫ | હરિજન ખેરાજ શામજી | ૬.૦૦ | કોટડા (રો) તા.નખત્રાણા. |
| ૧૬ | હરિજન હાજા ધનજી | ૧૦.૦૦ | કોટડા (રો) તા.નખત્રાણા. |
| | **કુલ :** | **૧૯૭.૦૦** | |

(૨) ૬ (છ).
(૩) આ બાબત સબજયુડીસ હોવાથી દબાણ ખાલી થયેલ નથી.
(૪) આ બાબતે દનણા અને કોટડા રોહા ગ્રામ પંચાયતો કોર્ટમાં ગયેલ છે. જેથી કર્મચારી/અધિકારીની જવાબદારીનો પ્રશ્ન નથી.
(૫) વિવાદનો ઉકેલ આવ્યા બાદ ચુકાદાને આધિન કાર્યવાહી કરવામાં આવશે.

------------

**જૂનાગઢ જિલ્લા પંચાયતને ૩૨-ક હેઠળના કેસોમાં સ્ટેમ્પ ડયુટી પરના ઉપકરની ચૂકવવાની બાકી રકમ**

અતારાંકિત : ૩૦૦૪ (૨૮-૨-૨૦૦૫) **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સરકાર દ્વારા સ્ટેમ્પ પેપર ઉપર જે ડયુટી લગાડવામાં આવે છે તેના ઉપર જિલ્લા પંચાયત ઉપકર નાખે છે પરંતુ જે કેસ ૩૨-ક માં જાય અને સ્ટેમ્પ ડયુટી ઓછી હોય અને પછીથી નોટીસથી સ્ટેમ્પ ડયુટી ભરાય તેવી કેટલી રકમ જૂનાગઢ જિલ્લા પંચાયતને સને ૨૦૦૨-૨૦૦૩ અને ૨૦૦૩-૨૦૦૪ના વર્ષની ચૂકવવાની બાકી છે અને તેના કારણો શા છે, અને
(૨) આ રકમ કેટલા સમયમાં ચૂકવવામાં આવશે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૨૮-૨-૦૫) :

(૧) અને (૨) : વર્ષ ૨૦૦૨-૨૦૦૩ રૂા.૪,૬૭,૯૩૨.
વર્ષ ૨૦૦૩-૨૦૦૪ રૂા.૭,૧૨,૦૪૫.

ઉપર જણાવેલ વર્ષો માટે તેની સામે દર્શાવેલ રકમ જૂનાગઢ જિલ્લા પંચાયતને હિસ્સા મુજબની રકમ ચૂકવવાની થતી હતી, જેની ગ્રાન્ટ ફાળવી આપવામાં આવેલ હોઇ હવે રકમ ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## કચ્છ જિલ્લામાં જમીન માપણીની અરજીઓનો ઝડપી નિકાલ

અતારાંકિત : ૩૧૫૯ (૨૭-૧-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લામાંઈન્સ્પેકટર જમીન રેકર્ડની કચેરીમાં તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ જમીન માપણી કરાવવા અંગેની તાલુકાવાર કેટલી અરજીઓ પડતર છે,

(૨) આ અરજીઓમાંથી જુનામાં જુની અરજી કઈ તારીખની છે,

(૩) આ કાર્યવાહી ઝડપી બનાવવા શું આયોજન છે,

(૪) લાંબા સમયથી અરજીઓ પડતર રહેવાના કારણો શા શા છે અને,

(૫) કેટલા સમયમાં આ અરજીઓનો નિકાલ કરવામાં આવશે?

**મહેસુલ મંત્રીશ્રી** (૨૮-૨-૦૫) :

(૧) કચ્છ જિલ્લામાં ઇન્સ્પેકટર જમીન રેકર્ડની કચેરીમાં તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ જમીન માપણી કરાવવા અંગેની તાલુકાવાર પડતર અરજીઓની વિગત નીચે જણાવ્યા મુજબ છે.

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ પડતર અરજીઓની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ભુજ | ૩૧ |
| ૨ | ગાંધીધામ | ૦૪ |
| ૩ | ભચાઉ | ૦૨ |
| ૪ | રાપર | ૦૬ |
| ૫ | અંજાર | ૧૭ |
| ૬ | માંડવી | ૧૫ |
| ૭ | મુન્દ્રા | ૧૨ |
| ૮ | નખત્રાણા | ૦૧ |
| ૯ | અબડાસા | ૩૦ |
| ૧૦ | લખપત | ૦૬ |
| | **કુલ :-** | **૧૨૪** |

(૨) આ અરજીઓમાંથી જુનામાં જુની અરજી તા. ૨-૮-૨૦૦૪ની છે.

(૩) આ કાર્યવાહી ઝડપી બનાવવા નીચે જણાવ્યા મુજબનું આયોજન કરવામાં આવેલ છે.

(અ) બરસાત સીઝનના ચાર માસ દરમ્યાન તાકીદના કેસો સિવાય માપણીની કામગીરી બંધ રાખવામાં આવતી હતી. તા. ૧૭-૮-૨૦૦૪ના પરિપત્ર ક્રમાંક એલ.આર. ૫૨૭-૦૪થી વરસાદની સીઝન દરમ્યાન પણ અતિ વરસાદ સિવાયના દિવસોમાં માપણીની કામગીરી ચાલુ રાખવા સુચના અપાયેલ છે.

(બ) સેટલમેન્ટ કમિશનરશ્રીના તા. ૩૧-૧૨-૨૦૦૨થી માપણી ફીના દરો રીવાઈઝ કરવા હુકમ કરેલ છે તેમાં તાકીદની માપણીના કેસો માટે ફીનું ધોરણ ઠરાવી બે કક્ષા નક્કી કરવામાં આવેલ છે.

કક્ષા-૧ :- દિન-૧૫માં માપણી કામગીરી પુર્ણ કરી માંગણી થયેથી માપણી શીટની નકલ આપવી.

કક્ષા-૨ :- દિન-૧૬ થી ૪૫ દિવસ સુધીમાં માપણી કામગીરી પુર્ણ કરી માંગણી થયેથી માપણી શીટની નકલ આપવી.

(૪) બરસાત સીઝન દરમ્યાન વગડાની કામગીરી, કેટલાંક કિસ્સાઓમાં અરજદાર તરફથી માંગવામાં આવતી મુદત તેમજ જમીન ગ્રાન્ટના કેસોમાં સક્ષમ અધિકારીના હુકમો, રોજકામ વિગેરે જરૂરી દસ્તાવેજોની નકલ સક્ષમ કચેરી/કબજેદાર પાસેથી મેળવવાની રહેતી હોવાથી, તેવા કારણોસર અરજીઓ પડતર રહેતી હોય છે.

(૫) આ અરજીઓનો ક્રમાનુસાર સત્વરે નિકાલ કરવા આયોજન કરેલ છે.

## પાટણ જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાઓ રીપેરીંગના કામો

અતારાંકિત : ૨૯૮૪ (૮-૧-૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) પાટણ જિલ્લા પંચાયત હસ્તકના રસ્તાઓ રીપેર કરવા માટે નાણાંકીય વર્ષ ૨૦૦૩-૦૪ અને નાણાકીય વર્ષ૨૦૦૪-૦૫માં તા. ૩૧-૮-૦૪ સુધી ડીવીઝન વાર કેટકેટલો ખર્ચ કરવામાં આવ્યો,
(૨) સિધ્ધપુર તાલુકામાં કયા કયા રોડ પર રીપેરીંગ કામ પૂર્ણ કરવામાં આવ્યું,
(૩) તેમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો,
(૪) નાણાંકીય વર્ષ ૨૦૦૪-૦૫માં તા. ૩૧-૮-૦૪ પછી કયા કયા રોડનું રીપેરીંગ કામ હાથ ધરવાનું આયોજન છે, અને
(૫) તેની પાછળ કેટલો ખર્ચ થનાર છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૪-૨-૦૫) :

(૧) રસ્તાઓના રીપેરીંગ માટે ખાસ મરામત હેઠળ પાટણ (મા.મ) પંચાયત વિભાગ હેઠળ નીચે મુજબ ખર્ચ થયો.

| **વર્ષ** | **ખર્ચ** |
|---|---|
| ૨૦૦૩-૦૪ | રૂા. ૧૪૯.૩૮ લાખ |
| ૨૦૦૪-૦૫ (તા. ૩૧-૮-૦૪ સુધી) | રૂા. ૨૮.૩૧ લાખ |

(૨) અને (૩) : બીલીયા- લાલપુર રસ્તાનું ખાસ મરામતનું કામ પૂર્ણ અને રૂા. ૧૪.૮૦ લાખનો ખર્ચ થયો.
(૪) અને (૫) : ઉમરૂ- કાકોશી રસ્તાનું કામ ૩૧-૮-૦૪ પછી રૂા. ૨૨.૭૮ લાખના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે.

------------

## કડી શહેરમાં લાયસન્સ વિનાની માંસની ગેરકાયદેસર દુકાનો અને કતલખાના

અતારાંકિત : ૨૯૩૬ (૧૨-૧-૦૫) **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ (જૂનાગઢ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કડી શહેરના કસ્બા વિસ્તારમાં આશરે ૫૦ જેટલી લાયસન્સ વિનાની માંસની દુકાનો તથા ગેરકાનૂની કતલખાના ચાલી રહયા છે તેને બંધ કરવા શી કાર્યવાહી કરવામાં આવી,
(૨) આ ગેરકાનૂની પ્રવૃત્તિ કેટલા સમયથી ચાલુ હતી, અને
(૩) આરોપીઓ સામે શી કાર્યવાહી થઈ છે ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૩-૩-૦૫) :

(૧) આવી ગેરકાનૂની પ્રવૃત્તિ બંધ કરવા કડી નગરપાલિકા દ્વારા અવારનવાર લેખિત તેમજ મૌખિક નોટીસો આપવામાં આવેલ છે.
(૨) અને (૩) : આવી ગેરકાનૂની પ્રવૃત્તિ લાંબા સમયથી ચાલતી હોવાથી અવારનવાર નોટીસો આપવા છતા આરોપીઓએ ગેરકાનૂની પ્રવૃત્તિ બંધ નહીં કરતા કડી નગરપાલિકા દ્વારા પોલીસ ફરિયાદ તેમજ એસ.ડી.એમ. મહેસાણાની કોર્ટમાં ફરીયાદ દાખલ કરેલ છે.

------------

## કડી શહેરના કસ્બા વિસ્તારમાં ગેરકાયદેસર કતલખાના તથા માંસની દુકાન બંધ કરવા ગયેલા અધિકારી/કર્મચારી ઉપર હુમલો

અતારાંકિત : ૨૯૫૮ (૧૨-૧-૦૫) **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ (જૂનાગઢ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જુલાઈ, ૨૦૦૪માં કડી શહેરના કસ્બા વિસ્તારમાં ૪૦ જેટલી ગેરકાયદેસર માંસની દુકાનો તથા કતલખાના બંધ કરવા ગયેલ અધિકારી/કર્મચારીઓ પર વેપારીઓ/દુકાનદારો દ્વારા ગંભીર હુમલાઓ થયા હતા તે હકીકત સાચી છે, અને
(૨) જો હા, તો આ આરોપીઓ કોણ કોણ હતા તથા તેની સામે ગુના નોંધી શાં પગલાં લેવાયા છે?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૨૩-૨-૦૫) :
(૧) ના, જી
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**વાજપાઈ નગર વિકાસ યોજના નીચે લીંબડી નગરપાલિકાને આપેલ ગ્રાન્ટ**

અતારાંકિત : ૩૦૧૯ (૨૦-૧-૦૫) **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -
(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વાજપાઈ નગર વિકાસ યોજનામાં લીંબડી નગરપાલિકાને રસ્તા/ વીજળી/વિકાસ તથા અન્ય કામો માટે કુલ કેટલી ગ્રાન્ટ મળવા પાત્ર છે,
(૨) આમાંથી કેટલી ગ્રાન્ટ અપાઈ છે, અને
(૩) બાકીની ગ્રાન્ટ કયારે આપવામાં આવનાર છે ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૧૪-૨-૦૫) :
(૧)

| **વાજપાઈ નગરવિકાસ યોજનાનો તબક્કો** | **મળવાપાત્ર ગ્રાન્ટની રકમ** |
|---|---|
| પ્રથમ | રૂા. ૬૦.૦૦ લાખ |
| બીજો | રૂા. ૩૫.૯૨ લાખ |
| **કુલ** | **રૂા. ૯૫.૯૨ લાખ** |

(૨)

| **વાજપાઈ નગરવિકાસ યોજનાનો તબક્કો** | **આપવામાં આવેલ ગ્રાન્ટની રકમ** |
|---|---|
| પ્રથમ | રૂા. ૬૦.૦૦ લાખ |
| બીજો | રૂા. ૩૫.૯૨ લાખ |
| **કુલ** | **રૂા. ૯૫.૯૨ લાખ** |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**વાંકાનેર ખાતે સ્પોર્ટસ કલબ ફરી સક્રિય બનાવવા અંગે**

અતારાંકિતઃ૩૦૭૦ (૨૦-૧-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી): માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -
(૧) ૧૯૨૧માં વાંકાનેર ખાતે સ્પોર્ટસ કલબની સ્થાપના થઈ હતી તેનું સંચાલન હાલમાં સરકાર હસ્તક છે, તે હકીકત સાચી છે,
(૨) આ કલબને ફરી સક્રિય બનાવવાની બાબત વિચારણા હેઠળ છે કે કેમ, અને
(૩) જો હા, તો કયા તબક્કે છે?

**રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** (૨૧-૨-૦૫) :
(૧) વાંકાનેર ખાતેની સ્પોર્ટસ કલબનું સંચાલન સરકાર હસ્તક ન હતું અને હાલમાં પણ સરકાર હસ્તક નથી.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**દશમી પંચવર્ષીય યોજના દરમ્યાન કચ્છ જિલ્લામાં ૬૬ કે.વી. સબ સ્ટેશન સ્થાપવાનું આયોજન**

અતારાંકિત :૩૨૨૩ (૩૧-૧-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે -
(૧) દશમી પંચવર્ષીય યોજના દરમ્યાન કચ્છ જિલ્લામાં ગુજરાત વિદ્યુત બોર્ડ દ્વારા કુલ કેટલા ૬૬ કે.વી. સબ સ્ટેશનો સ્થાપવાનું રાજ્ય સરકારનું આયોજન છે,
(૨) તે પૈકી વર્ષ ૨૦૦૩-૦૪માં અને ૨૦૦૪-૦૫માં ડીસે.-૦૪ સુધીમાં કેટલા સબ-સ્ટેશનો કયાં કયાં સ્થાપવામાં આવ્યાં,
(૩) કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને બાકી સબ સ્ટેશનો તબક્કાવાર કયાં કયાં સ્થાપવામાં આવશે, અને

(૪) સબ સ્ટેશન વાર કેટલો ખર્ચ થશે?

**મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** (૨૮-૨-૦૫) :

(૧) ૬૬ કે. વી. ના ૧૩ સબ સ્ટેશનો.

(૨) વર્ષ ૨૦૦૩-૦૪માં એક સબ સ્ટેશન દસરડી, તા. માંડવી ખાતે અને વર્ષ ૨૦૦૪-૦૫માં ડિસેમ્બર- ૦૪ સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ ૪ સ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા.

૧. વરસાણા (પડાણા) તા. ભૂજ
૨. મામુઆરા (ધાનેટી) તા. ભૂજ
૩. થારવડા, તા. ભૂજ
૪. ડોન, તા. માંડવી

(૩) પાંચ સબ સ્ટેશનો માટે કુલ રૂા. ૧૨.૫ કરોડ ખર્ચ કરવામાં આવ્યો અને બાકી સબ સ્ટેશનો તબક્કાવાર નીચે મુજબનાં સ્થળે સ્થાપવામાં આવશે.

૧. મુન્દ્રા ઈન્ડસ્ટ્રી.
૨. મોખા
૩. મોથાલા
૪. સુખપુર
૫. ખિરાઈ

(૪) સબ સ્ટેશનવાર અંદાજીત રૂા. ૨.૫ કરોડ.

------------

## અતારાંકિત્ત યાદીમાં સમાવેલ પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૨૬૦૩, ૩૧૦૭, ૩૧૦૮, ૩૧૧૩, ૩૧૧૪, ૩૧૭૧ | ૬ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૨૯૨૨, ૩૦૨૫, ૩૧૯૪, ૩૨૦૦, ૩૨૨૫. | ૫ |
| ૩ | નાણા વિભાગ | ૩૧૫૫ | ૧ |
| ૪ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૩૦૪૮, ૩૦૭૮, ૩૧૩૨, ૩૧૩૪, ૩૧૩૫. | ૫ |
| ૫ | વન અને પર્યાવરણ વિભાગ | ૩૦૪૫, ૩૦૪૬, ૩૦૭૯, ૩૦૮૧ | ૪ |
| ૬ | ગૃહ વિભાગ | ૨૯૨૯, ૨૯૫૭, ૩૦૦૫, ૩૦૧૬, ૩૦૪૨, ૩૦૪૩, ૩૦૫૮, ૩૦૯૬ | ૮ |
| ૭ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૨૯૭૨, ૨૯૯૩, ૩૦૦૦, ૩૦૫૧, ૩૧૦૨ | ૫ |
| ૮ | કાયદા વિભાગ | ૨૦૦૭, ૨૪૧૧, | ૨ |
| ૯ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૨૯૭૫, ૩૨૧૦, ૩૨૧૨, ૩૨૧૪, | ૪ |
| ૧૦ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૩૧૪૦, ૩૧૪૭. | ૨ |
| ૧૧ | મહેસૂલ વિભાગ | ૩૦૦૪, ૩૧૫૯. | ૨ |
| ૧૨ | માર્ગ અને મકાન વિભાગ | ૨૯૮૪ | ૧ |
| ૧૩ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૨૯૩૬, ૨૯૫૮, ૩૦૧૯. | ૩ |
| ૧૪ | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | ૩૦૭૦ | ૧ |
| ૧૫ | ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ | ૩૨૨૩. | ૧ |
| | | **કુલ :-** | **૫૦** |

------------

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

## ગુજરાત કોમ્યુનિકેશન એન્ડ ઈલેકટ્રોનિકસ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજયકક્ષાના ઉદ્યોગમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત કોમ્યુનિકેશન એન્ડ ઈલેકટ્રોનિકસ લિમિટેડનો સન ૨૦૦૦-૨૦૦૧ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ પર મૂકવામાં આવ્યાં.**

## ગુજરાત અલ્પ સંખ્યક નાણા અને વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી રમણલાલ વોરા (સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત અલ્પ સંખ્યક નાણા અને વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૩-૨૦૦૪ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ પર મૂકવામાં આવ્યાં.**

## ગુજરાત રાજય પ્રટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી સૌરભ પટેલ (રાજયકક્ષાના પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૩-૨૦૦૪ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ પર મૂકવામાં આવ્યાં.**

## ગુજરાત વિદ્યુત બોર્ડનો વાર્ષિક અહેવાલ

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિદ્યુતબોર્ડનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

## ગુજરાત રાજય હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૦-૨૦૦૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલો, ટીપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતનો વાર્ષિક અહેવાલ

**શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ (રાજય કક્ષાના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતનો સન ૨૦૦૦-૨૦૦૧, ૨૦૦૧-૨૦૦૨, ૨૦૦૨-૨૦૦૩ અને ૨૦૦૩-૨૦૦૪ના વાર્ષિક અહેવાલ તથા ઓડિટ અહેવાલ તેમજ સન ૨૦૦૦-૨૦૦૧, ૨૦૦૧-૨૦૦૨ અને ૨૦૦૨-૨૦૦૩ના અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

### ઉદ્યોગ અને ખાણ વિભાગની અધિસૂચના

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગ અને ખાણ વિભાગની સન ૨૦૦૪ના ગુજરાત ખાસ આર્થિક ઝોન અધિનિયમ અન્વયેની તા. ૨-૩-૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક : જીએચયુ-૨૦૦૫(૪)-એસઈઝેડ-૧૦-૨૦૦૪૦૮૯૦-ગ સભાગૃહના મેજ પર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃના મેજ પર મૂકવામાં આવી.**

## વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

### બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના નવમા અહેવાલની રજૂઆત

**શ્રી દિલુભા ટે. ચુડાસમા**(સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો નવમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

### અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના ત્રીજા અહેવાલની રજૂઆત

**શ્રી ઇશ્વરભાઇ ધ. મકવાણા** (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિનો ત્રીજો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

### બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ

**શ્રી દિલુભા ટે. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે "આ સભાગૃહ, બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના નવમા અહેવાલ સાથે સંમંત થાય."

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

## વિધેયકો (સરકારી)

### ગુજરાત રાજવિત્તીય જવાબદારી વિધેયક, ૨૦૦૫ (ક્રમશઃ)

**અધ્યક્ષશ્રી :** હવે આજની પહેલી બેઠકમાં વિધેયક ક્રમાંક :૧૧ ઉપરની અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલશે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર)**: (ક્રમશઃ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રીએ, એપ્રિલ-૩૧, ૨૦૦૮ સુધીમાં મહેસૂલી ખાધ ઝીરો કરશે એવી જાહેરાત કરી છે પણ મને લાગે છે કે ૩ વર્ષમાં ઝીરો કરવાની વાત છે તે શકય નથી, છેલ્લા કેટલાક સમયથી આપણે જોઈ રહયા છીએ કે એમાં જે ઘટાડો થવો જોઈએ તે આજની તારીખમાં થતો નથી, જેમ કર્ણાટકમાં આ રીતે જે બિલ લાવ્યા હતા અને માનનીય નાણા મંત્રીશ્રીએ ૩ વર્ષની વાત કરી હતી, મારું તો એવું સૂચન છે કે ખરેખર આ ૩ વર્ષમાં શકય નથી, પણ જો ચાર વર્ષમાં કરવામાં આવે તો મને લાગે છે કે કદાચ તેની શકયતા દેખાઈ શકે, અને તો જ મહેસૂલી ખાધ ઝીરો કરી શકાય. એટલે ૩ વર્ષને બદલે ૪ વર્ષ કરે તેવું મારું સૂચન છે. રાજ ખાધ સરકારે ૩ ટકા ઘટાડાની વાત ૪ વર્ષમાં કરી છે, કે આ ૩ ટકાનો ઘટાડો ૪ વર્ષમાં કરવાનો છે. પણ એ મને શકય એટલા માટે લાગતું નથી કે આપણો મહસૂલી ખર્ચ છે એ અને રાજયની ખાધ છે એ દિનપ્રતિદિન વધતી જાય છે. જ્યાં આગળ રાજય સરકારે જાહેર કરેલા કરકસરના પગલાં અને ખાધને કાબૂમાં લેવા માટેના પગલાં જાહેર કરેલા છે તેમ છતાં આ સરકાર એને કાબૂમાં લેવા સફળ થઈ નથી. તેથી આનો ચાર વર્ષનો ગાળો રાખવામાં આવ્યો છે એના બદલે માનનીય નાણામંત્રીશ્રી પાંચ વર્ષનો રાખે તો આપણે ખાધ ને કાબૂમાં લઈ શકીશું.

રાજય સરકારનું દેવું છે એ ૨૦૦૫ થી આજ સુધી સતત વધતું ગયું છે. અહીંયા માનનીય નાણામંત્રીશ્રીએ એમાં દર વરસે ૩૦ ટકાના ઘટાડાની વાત કરી છે. આપણે છેલ્લા પાંચ વર્ષની આ રાજયની પરિસ્થિતિનો અનુભવ કરી ચૂકયા છીએ. દેવું ઘટવાને બદલે સતત વધતું ગયું છે. રાજય સરકારનું આ દેવું ધીમે ધીમે ૭૦ હજાર કરોડને પણ આંબી જશે તેવી પરિસ્થિતિ ઊભી થઈ છે. દર વરસે ૧૫ થી ૨૦ ટકાનો વધારો કરવાની વાત કરતાં હોઈએ ત્યારે મને એમ લાગે છે કે આપણે ૩૦ ટકા ઘટાડવાની વાત કરી છે અને

એના માટે ૨૦૦૮ સુધીનો સમય મૂક્યો છે એ સમયમાં શકય લાગતું નથી. ૩૦ ટકા ઘટાડવાની જે વાત છે એ ૨૦૧૦ સુધીનો સમય નક્કી કરીશું તો જ ૩૦ ટકાના લક્ષ્યાંકે આપણે પહોંચી શકીશુ એવું મને લાગી રહ્યું છે.

રાજય સરકારે આઠ હજાર કરોડ ઉપરાંતની પૂરક માગણી અહીંયા મૂકી છે. એ ઓછી કરવા માટે કોઈ સમય મર્યાદા નિશ્ચિત કરેલ નથી. બજેટના ભાગરૂપે પૂરક માગણી એટલી બધી આવે છે, એમાં સતત વધારો થઈ રહ્યો છે. તો આ બાબતે સરકારે જાગૃત થઈને કોઈ સમય મર્યાદા નક્કી કરે, કારણ કે દર વરસે પૂરક માગણી વધતી જ જાય છે તેથી એમાં સમય મર્યાદા નક્કી કરવામાં આવશે તો જ પૂરક માગણીઓ ઓછી થઈ શકેશ. આના માટે સરકારે કોઈ ચોક્કસ પ્રકારનું આયોજન કરવું પડશે તો જ મને લાગે છે કે આપણે એ કરી શકીશું.

રાજય સરકારનો કુલ ખર્ચ છે એમાંથી ૬૦ ટકા ખર્ચ તો બિન વિકાસકીય કામો પાછળ ખર્ચાઈ જાય છે. તેથી કોઈપણ રાજય હોય એને બિન વિકાસકીય ખર્ચમાં હંમેશા ઘટાડો કરવો જ રહ્યો. જો બિન વિકાસકીય ખર્ચમાં ઘટાડો કરી શકે તો જ વિકાસ પાછળ વધારે ખર્ચો કરી શકે. આ રાજયના કુલ બજૅટની ૬૦ ટકા રકમ પગાર અને બિન વિકાસલક્ષી ખર્ચ પાછળ થાય છે. અને છેલ્લા આંકડા આપણે જોઈએ એ વિકાસ પાછળ આપણે ફક્ત ૧૩ થી ૧૪ ટકા રકમ જ વાપરી શક્યા છીએ.

જાહેર દેવું અને ઉત્પાદકીય મૂડીને જાળવવા માટે રાજય સરકાર કરતી હોય ત્યારે મને લાગે છે કે કોઈ ઉત્પાદકીય મૂડી એ વિકાસલક્ષી કામમાં એનો ખર્ચ નહિ કરવામાં આવે અને બિન વિકાસલક્ષી કામ પાછળ એ નાણાં વાપરવામાં આવે તો આપણું દેવું સતત વધતું જાય. માનનીય વજુભાઈ ક્હેતા હોય છે દેવું એ કરી શકે કે જેની પાસે ભરવાની શકિત હોય, દેવું કરીને લીધેલા પૈસા જો સારી યોજના પાછળ ખર્ચવામાં આવે તો બરાબર છે. છેલ્લા બે ત્રણ મહિનાના આવકના અંદાજો છે એને આપણે તપાસીએ અને એના હિસાબો સમયસર બે-ત્રણ મહિને તપાસીએ તો આપણને ખ્યાલ આવશે કે આપણે સુધારા તરફથી જઈ રહ્યા છીએ નહિ એ જોઈ શકાય.

ભારત સરકારનો દરેક રાજય સરકારને આ બિલ મોકલવા પાછળનો હેતુ છે કે કોઈપણ રાજયની આર્થિક પરિસ્થિતિ સારી ન હોય તો એ રાજય નિષ્ફળ જાય છે અને એનો વિકાસ અટકી જાય છે. એટલા માટે એવું કહેવાય છે કે નાણાં વગરનો નાથિયો નાણે નાથાલાલ, એમ આ સરકારમાં કદાચ જો આપણી પાસે પરિસ્થિતિ નહીં રહે તો હવે નાથાલાલના બદલે નાથિયા જેવી પરિસ્થિતિ ગુજરાતની થાય નહીં તે માટે મેં જે સૂચનો કર્યા છે તે સૂચનો માનનીય નાણાંમંત્રી ચોક્કસ ધ્યાને લે, અમે હંમેશા રાજયની પરિસ્થિતિ સુધરે અને રાજયનો વિકાસ થાય, અમારી વિપક્ષી ભૂમિકા એકલક્ષી નહીં પણ વિકાસ થાય તે માટે સાથ-સહકાર આપતા હોઈએ છીએ.

**શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ગુજરાત રાજવિત્તીય જવાબદારીઓ વિધેયક ૨૦૦૫ લઈને આવ્યા છે, તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

કેન્દ્ર સરકાર, રિઝર્વ બેંક અને ૧૨મા નાણપંચની માનનીય નાણામંત્રીશ્રીએ વાત કરી અને આ વિધેયક રાજય સરકારને એક સારા હેતુ માટે અને ભવિષ્ય માટે આ વિધેયક જ્યારે લઈને આવ્યા છે, ત્યારે ૨૦૦૫નું ગુજરાત વિધેયક મહેસૂલી ખાધમાં ક્રમિક ઘટાડો કરવા માટેના વિચારો માટેની વાત લઈને આપના દ્વારા વાત કરું છું કે અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ કે આકસ્મિક કોઈ ખર્ચ રાજયમાં આવે તો ખર્ચમાં વધારો જરૂર થાય છે, છેલ્લા બે-ચાર વર્ષમાં આવી કુદરતી આફતો આવી પણ છે પણ આજે ગુજરાતનું ૫૬ હજાર કરોડનું જાહેર દેવું થયું છે. વજુભાઈ તો કહે છે, અમારા વડીલો પણ કહેતા કે ગાયનું ઘી પીવું હોય તો દેવું કરીને પણ ઘી પીવાય. સૌરાષ્ટ્રમાં ઘી પીવું હોય તો કહે કે કરજ કરાય. તેમાં વાંધો નહીં. દેવું કરીને ઘી પીવાનું. તેમ આ રાજયનું ૫૬ હજાર કરોડનું દેવું થયું છે. એ ક્રમિક ઘટાડવા માટેની વાત કરી છે તેમાં જે વાત કરવા માગું છું કે આજે ૧૦ હજાર કરોડ જેવી રકમ બજૅટની છે. તમે બજૅટ લઈને આવો છો તેમાં વ્યાજની ચૂકવણી કરવાની થશે. આમાં મારે આપને એટલા માટે કહેવું છે કે જે કરજ જે તે વખતે લીધું હશે ૧૨, ૧૬ કે ૧૭ ટકા, તેમાં વ્યાજનો દર ઘટ્યો છે. તો વ્યાજની નવી જૂની લોન કરીને અત્યારના નવા વ્યાજના દરના હિસાબે રાજય સરકારને ફાયદો થાય એવી લોન ટ્રાન્સફર કરીને રાજય સરકારના દેવામાં વ્યાજની રકમમાં ઘટાડો થાય એવી આપના દ્વારા વાત કરવા માગું છું. આજે ગુજરાતમાં એક વ્યકિતનો જન્મ થાય એટલે ૧૨ હજારનું કરજ લઈને આવે છે. આ પરિસ્થિતિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે વ્યાજની વાત કરી એવી જ વાત સેલ્સ ટેક્સની આપના દ્વારા કરું છું કે સેલ્સ ટેક્સની કરોડો રૂપિયાની આવક મોટા ઉદ્યોગોમાં બાકી બોલે છે. ૮થી ૧૦ હજાર કરોડ રૂપિયાની આવક બાકી બોલે છે. એ તાત્કાલિક અસરથી વસૂલ આવે તો ગુજરાતના દેવામાં જમા પાસું રહે.

નાની બચતની વાત કરવી છે. આજે ઘણી બધી રકમ છે. ગુજરાતના નાના, સામાન્ય લોકો પણ નાની બચતથી પોસ્ટમાં નાણાંનું રોકાણ કરે છે. તેમાં વ્યાજ દર ઓછો છે. આજે ૧૦થી ૧૨ ટકા કે ૧૧ ટકામાં લોન

લેવાના બદલે ખુલ્લા બજારમાંથી વધારેમાં વધારે ચારેક હજાર કરોડ રૂપિયાની ડિપૉઝિટ છે. તેના બદલે ૮ કે ૧૦ હજાર કરોડ રૂપિયા એ પણ આપના દ્વારા વાત કરવા માગું છું. બીજી એક વાત કે ટોકન બજૅટમાં આજે નવી જાહેરાતો કરી દે છે. નવા કામોની જાહેરાત કરે છે. બજૅટની જોગવાઈ જ હોય, કન્ટીજન્સી ફંડમાંથી જે કાર્યવાહી થાય છે એ કાં તો કરવું ન જોઈએ. મોટા દેખાવના હિસાબે ખોટો ખર્ચ ન થાય એ નવી જોગવાઈઓ છે એ પણ બજૅટની જોગવાઈઓ સિવાય આકસ્મિક સિવાય કોઈ ખોટો ખર્ચ ન થાય એ વાત કરીને મારા વિચારો માનનીય નાણાંમંત્રીશ્રી સ્વીકારે એટલી વાત કરીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, જાગ્યા ત્યાંથી સવાર ગણી અને માનનીય નાણામંત્રીશ્રી જે ગુજરાત Gujarat Fiscal Responsibility Bill લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૧૦ વર્ષની અંદર જે નાણાકીય indiscipline અને જેમ જેસાભાઈએ વાત કરી એમ કરજ કરીને ઘી પીવાની રાજય સરકારની જે નીતિ છે એને કારણે આજે ગુજરાત રાજયની પ્રજા છે એ કરજના ભારથી ડૂબી રહી છે. લગભગ આજની ગણતરીએ ૬૫ હજાર કરોડ રૂપિયા જેટલું દેવું રાજય સરકારે કર્યું છે અને સરેરાશ લગભગ ૧૩૦૦૦ રૂપિયા પર કેપિટા કરજ આ રાજયની પ્રજા ઉપર છે. આ બિલને જો નાણા મંત્રીશ્રી પોતે જ, આ કદાચ સૌથી વધારે વખત આ રાજયની અંદર બજેટ રજૂ કરવાનો માનનીય નાણામંત્રીશ્રીને મોકો મળ્યો હતો. દરેક વખતે એ નાણાકીય પરિસ્થિતિથી વાકેફ ન હોય એવું હતું નહીં. પરંતુ રાજયની નાણાકીય સ્થિતિ સુધારવા માટે financial discipline મજબૂત કરવા માટે એમને કયારેય આ વિચાર ન આવ્યો. જો અગાઉ ચોથું બજેટ મૂકતી વખતે, પાંચમું બજેટ મૂકતી વખતે આજે જે વિચાર આવ્યો એ ત્યારે થયો હોત તો રાજયની નાણાકીય પરિસ્થિતિ આજે જેટલી ખરાબ છે એટલી ખરાબ ન હોત, આટલા દેવાના ડુંગર નીચે ડૂબેલા ન હોત. છતાં મેં કહ્યું એમ જાગ્યા ત્યારથી સવાર. આ પોતે discipline ન રહે તો એવો કાયદો બનાવીને discipline રહેવું પડે એવી પરિસ્થિતિ ઉભી થઈ છે એના માટે હું આપના મારફત કહેવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજા ઘણા રાજયો છે. માનનીય નાણામંત્રીશ્રી બિલ રજૂ કરતા હતા ત્યારે દાખલો આપ્યો કે બીજા રાજયો તો પ્રગતિશીલ રાજયો હતા. પરંતુ ઉત્તર પ્રદેશ જેવું રાજય છે એણે પણ Fiscial Management Bill છે એ આપણા પહેલાં લાવી દીધું છે. પરંતુ આપણા તો compulsion આવ્યા કે બારમા નાણાપંચની શરત છે કે જે લોકોએ, કારણ કે, બારમા નાણાપંચની અંદર આપણા બધાને માટે ખુશીની વાત છે કે, જે લોકો Fiscal Management Bill પાસ કરી અને એનો હિસ્સો જે છે એના પછી એની pre condition છે, એના પછી આ નાણાપંચ હેઠળ માતબર allocation મળવાનું છે. એ allocation મળે એના માટે આ બિલ લાવવામાં આવ્યું છે અને કોઈએ ન કર્યું, આપણે પોતે વિચાર્યું નહીં. પરંતુ જેમ માનનીય નાણામંત્રીશ્રીએ કહ્યું કે એ પ્રમાણે એમની વાત સાચી છે કે, રિઝર્વ બેંક અને કેન્દ્રના નાણા વિભાગે અને બારમા નાણાપંચની જે શરતો છે, એના કારણે આ બિલ લાવવું પડે. કેન્દ્રની બારમા નાણાપંચની સહાય મેળવવી હોય તો આ શરતોને કારણે આ બિલ લાવવામાં આવ્યું છે અને મોડું થયું છે છતાંપણ આ બિલને અમે આવકારીએ છીએ. આ બિલના લક્ષાંકો છે એ લક્ષાંકો હું હમણાં જોતો હતો. રાજય વિત્તિય સંચાલનના લક્ષો છે એ ૨૦૦૮ સુધીમાં મહેસૂલી ખાધને શૂન્ય બનાવવાની વાત છે. કર્ણાટક રાજય એવું છે કે, એણે તો ૨૦૦૬ની અંદર એટલે કે, આવતા વર્ષે આ જે fiscal લક્ષો રાખ્યા હતા એ ૨૦૦૬ની અંદર પ્રાપ્ત કરી શકાય. એવી મજબૂતીથી આ રાજયો આગળ વધી રહ્યા છે, પરંતુ આપણે દેવાળું કરી દીધું એના પછી આજે આ નિર્ણય લેવા બેઠા છીએ.

આપણે કેટલા અંશે આ લક્ષ્યાંક છે એ પ્રાપ્ત કરી શકીશું એ તો હવે જોઈશું પરંતુ દેવામાં ઘેરાઈ ગયા પછી આ બિલ લાવવામાં આવ્યું છે. એ માત્ર હું આપનું ધ્યાન દોરવા માગું છું. અત્યારની જે નાણાકીય પરિસ્થિતિ છે એનું માત્ર આપના મારફત સરકારનું ધ્યાન દોરવા માગું છું કે ૧૯૯૩-૯૪માં ગુજરાતની અંદર જે કુલ રેવન્યુ ખર્ચ છે એ ૬૯૩૪ કરોડ હતું અને એમાં વ્યાજનું ભારણ ૧૦૪૬ કરોડ, ૨૦૦૨-૦૩ની અંદર રેવન્યુ ખર્ચ છે ૨૧૪૪૦ કરોડ હતું એનો જયારે વ્યાજનો દર તો ઘટી રહ્યો છે પણ કુલ વ્યાજ એ ખર્ચ છે એ છતાં પણ ૪૯૪૮ કરોડ હતું, ૨૦૦૩-૦૪ની અંદર કુલ રેવન્યુ એકસપેન્ડીચર છે એ ૨૪૦૬૫ કરોડ હતું અને એની અંદર વ્યાજનો જે ખર્ચ હતો એ ૫૫૪૨કરોડની સ્થિતિએ પહોંચ્યો છે. આ પરિસ્થિતિ આપણા રાજયની જે નાણાકીય પરિસ્થિતિની અંદર આ જે દર્શન છેલ્લા વર્ષોથી અંદર થયા એના કારણે વ્યાજ અને સૌથી મોટું દેવું છે એ એટલા બધા મલ્ટીપ્લીકેશનમાં વધ્યું છે કે ભૂતકાળના વર્ષોની અંદર આટલું દેવું અને વ્યાજ ચૂકવવાનો વારો આપણે કયારેય નથી આવ્યો, એટલા માટે આ જે રાજયની સ્થિતિ છે અને આ જે ફીસ્કલ મેનેજમેંટ માટેના જે લક્ષ્યાંકો રાખ્યા છે, રાજનીતિ સંચાલનના લક્ષ્યાંકો રાખ્યા છે એને કેવી રીતે પહોંચી વળાશે એની સ્પષ્ટતાઓ પણ થઈ નથી. અહીંયા બિલની વાત થઈ અને એમાં સૌથી જે મુખ્ય એલોટમેંટ છે આ બિલનું એ ટ્રાન્સપરન્સી , એના હિસાબોની અંદર, એની વ્યવસ્થાની અંદર, લક્ષ્યાંકોની અંદર અને સરખામણીની

અંદર સંપૂર્ણપણે પારદર્શકતાની જોગવાઈ કરી છે અને એનું પાયાનું વર્ષ ગણ્યું છે. પહેલી એપ્રિલ, ૨૦૦૫થી, માનનીય અધ્યક્ષશ્રી, જો ત્યારથી ગણેલું હોત તો મને આનંદ થાત કે જો નાણામંત્રીશ્રી તો છેલ્લા ૨ વર્ષનો ટ્રાન્સપરન્ટ અહેવાલ , નાણાકીય સ્થિતિનું સ્વતંત્રપણે જો આ ગૃહ સમક્ષ મૂકયું હોત તો એમાંથી ઘણા બધા માર્ગદર્શક સૂચનો આપણે કરી શકયા હોત પરંતુ જે દર વખતે બને છે એ પ્રમાણે જે ખાધ છે, રેવન્યુ ડૅફિસિટ એ શરૂઆતની અંદર બહુ ઓછી બતાવે અને જયારે સુધારેલું બજેટ રજૂ કરે ત્યારે એની અંદર ફેરફારો કરી અને એમાં મોટી ખાધ દર્શાવી દેવાય જેથી વર્ષ આખું જયાં સુધી આપણે એપ્રોપ્રિએશન બિલ ન આવે ત્યાં સુધી આપણને કોઈ ખ્યાલ ના આવે, કેગનો અહેવાલ ના આવે ત્યાં સુધી કોઈને ખ્યાલ ના આવે કે આ રાજયની અંદર ખરેખરા અર્થમાં કેટલી રેવન્યુ ડૅફિસિટ હતી, કેટલી ટોટલ ફીસ્કલ ડૅફિસિટ હતી, એનો કોઈને પણ ખ્યાલ ના આવે, પહેલાં એવું હતું કે ૫ વર્ષના બજેટની જોગવાઈઓ અને એના ખર્ચના ૫ વર્ષ સુધીના આંકડાઓ બજેટની બૂક સાથે આપતા પણ આજે ઘટાડીને માત્ર ૩ વર્ષ કરી નાખવામાં આવ્યા એટલે કોઈ માણસ છે એ ચર્ચાઓ દરમિયાન કોઈ સભ્યશ્રી એની સરખામણી કરી અને સાચું ચિત્ર આપી શકે નહીં, એટલે જે લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે એ લક્ષ્યાંક મુજબ રાજયની જે રાજવીત્તીય ખાધ છે એ આપણે કુલ ધરગથ્થું ઉત્પાદનના ૩ ટકાથી વધુ જાય અને આપણું જે કર્જ છે, જાહેર દેવું છે એ રાજયના કુલ ઘરગથ્થું ઉત્પાદનના ૩૦ ટકાના દરે નિયંત્રિત કરેલું હોવું જોઈએ, માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને આજની આપણી સ્થિતિ કહીશ, આપના આંકડા નહીં પરંતુ આ ક્ષેત્રના નિષ્ણાતો મારફત તપાસ કરાવી અને આંકડા અપાય કે આજની આપણી આ છેલ્લા ૩વર્ષની અંદર જે આપણી રાજવિત્તીય ખાધ ૩ ટકાની અંદર રાખવાની, કુલ ધરગથ્થું ઉત્પાદનના ૩ ટકાની અંદર રાખવાની વાત થઈ છે. આ છેલ્લા ૩ વર્ષમાં શું સ્થિતિ છે એ રાજય સરકારે બતાવ્યું હોત તો એ આ બિલ લઈ આવે છે એ આપણે સાર્થક થયું ગણાત.

આપણું કરજ છે, જાહેર દેવું છે એ ૩૦ ટકા કુલ ઘરગથ્થું ઉત્પાદનનું રાખ્યું છે. પરંતુ આજે કરજ કેટલું છે એ બતાવ્યું હોત તો પણ આપણને રાજયની જે અત્યારની સ્થિતિ છે એ સ્થિતિનો ખ્યાલ આવી શકતો. બીજા રાજયો છે એ આ ફિસ્કલ મેનેજમેન્ટ બિલ લઈ આવ્યા એના પછી એના પરફોર્મન્સમાં કર્ણાટક, પંજાબ આ બધા રાજયોની અંદર ખૂબ સુધારો થયો છે અને એની વિશ્વસનીયતા નાણાકીય સંસ્થાઓ વચ્ચે ખૂબ સારી વધી છે અને એના કારણે આ ફિસ્કલ મેનેજમેન્ટ હોવાના કારણે એને જે નાણાકીય સંસ્થાઓ છે એ ઓછા વ્યાજના દરથી બહુ સરળતાથી ધિરાણ આપતી હોય છે. પરંતુ આપણી એક પરંપરા ચાલી આવી છે કે જે નાણાકીય સંસ્થાઓ છે એને આપણે સમયસર હપ્તો જરૂર ભરી દઈએ છીએ એમાં ના નહિ, પરંતુ સરળ અને ઓછા વ્યાજવાળી લોન હજુ આપણા રાજયને આપવા માટે કોઈ તૈયાર નથી. આપણે ચૂકવણીની જે નાણાકીય સંસ્થાઓ છે એ સિવાયની સંસ્થાઓને આપણી ચૂકવણીની વિશ્વસનીયતા ઉપર વારંવાર સવાલો ઊભા થયા છે. એના કારણે બજારમાં ગુજરાત સરકારની જે શાખ હોવી જોઈએ એ શાખ સારી રહી શકી નથી. બિલ તો લઈ આવ્યા આવતા વર્ષને ધ્યાનમાં રાખીને, પરંતુ ચાલુ વર્ષે આ માર્ચ મહિનો આવે એ પહેલા તા. ૩૧-૩-૦૫ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જે ફિસ્કલ આપણે લક્ષાંકો રાખ્યા છે એ લક્ષાંકો સામે આજે રાજયની સ્થિતિ શું છે એ દર્શાવ્યું હોત તો આ ગૃહને ઘણું બધું જાણવા મળ્યું હોત. સરકારને કેટલાંક સારાં સૂચનો પ્રાપ્ત થયાં હોત. રાજયની સ્થિતિ સારી હોય તો એનાથી રાજયનો ખૂબ સારી રીતે વિકાસ થઈ શકે. આખા રાજયમાં એના જે લક્ષ્યાંકો છે એ નાણાકીય કે સામાજિક હોય એ પ્રાપ્ત કરવામાં એનાથી ખૂબ ફાયદો થાય એમ હતું. પરંતુ એ આપણી આ ફિસ્કલ રિસ્પોન્સિબિલિટી બિલ લાવ્યા છે એ પહેલા માહિતી આપી શક્યા નથી. હું આપના મારફત માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે આ બિલ તો લઈ આવ્યા પરંતુ આ બિલ પ્રમાણે એના જે લક્ષાંકો આપ્યા છે એ પ્રમાણે આ વર્ષનું બજેટ જે રજૂ થયું છે એના પેરામીટર્સ આની સાથે સરખાવી અને એમાં આપણે કઈ સ્થિતિએ ઊભા છીએ એની સાચી સ્થિતિ જણાવે તો રાજયનું જે ૧૧મી વખત બજેટ આટલા અનુભવી નાણામંત્રીએ રજૂ કર્યું પરંતુ કરજ કરીને ઘી પીવાની વાત કરી એ પ્રમાણે આપણે ખરેખર કરજ કરીને ઘી પીધું છે કે કરજ કરીને ગામડાંમાં કોઈ ટ્રેકટર કે સાઈકલ લે એવું કંઈ કર્યું છે? જો ઘી પીધું હશે તો આ રાજયના વિકાસમાં મોટો પ્રશ્નાર્થ ઊભો થવાનો છે. એટલે કોઈ એમ કહેતા હોય કે અમે ઓવર ડ્રાફટ લીધો નથી. વેઝ એન્ડ મીન્સમાંથી લોન લીધી છે. એ તો બધી જે વાતો છે એ ઓવર ડ્રાફટ કદાચ એકાદ વર્ષમાં બે-પાંચ વખત લેવાતો હોય તો એ મેઝરમેન્ટ નથી. મેઝરમેન્ટ તો એ છે કે જે તમે આંતરિક સાધનો દ્વારા આ રાજયનો કેટલો વિકાસ કર્યો છે. કરકસર કેટલી કરી છે? જે વહીવટી ખર્ચ છે એ કેટલો ઘટાડ્યો છે? આ બધાની અંદર જો કંઈક સુધારો દેખાયો હોત તો વાંધો નથી. પરંતુ કરજ કરીને વિકાસ કરતા રહ્યા હોય તો એમાં આ રાજય સરકારની વહીવટી કુશળતાનો કોઈ ફાળો નથી એમ મારે નમ્રપણે કહેવું પડે એમ છે. હું ફરીથી આ રાજવિત્તીય જવાબદારી વિધેયક લઈને આવ્યા છે એને આવકારું છું અને એવી જ રીતે આ ફિસ્કલ રિસ્પોન્સિબિલિટી બિલ છે, આ બિલ છે એ માત્ર આજે આ રાજ્ય સરકાર લઈ આવી છે. હું ઈચ્છુ કે આવનારા દિવસોની અંદર આપણે આવાજ પ્રકારના બિલ લઈ આવીએ જિલ્લા પંચાયતો, મ્યુનિસિપલ કોરપોરેશનો અને નગરપાલિકાઓ એ બધા જ માટે આ પ્રકારની discipline લઈ આવે અને આખા દેશની અંદર એક નમૂનેદાર વહીવટ આપણે આપવો જોઈએ એટલા માટે કે જે વ્યવસ્થા છે એ વ્યવસ્થાની અંદર જે

આપણી રાજ્ય સરકાર છે એની સાથે સાથે બોર્ડ કોરપોરેશનો, સ્વૈચ્છિક સંસ્થાઓ, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની અંદર ખૂબ મોટા પાયે એમણે વહીવટોની અંદર પણ આ રાજ્યની જે પરિસ્થિતિ છે એમાં એનું contribution ખૂબ મોટું હોય છે અને આ સંસ્થાઓ discipline અને કાર્યક્ષમતાથી જો કામ કરતી થાય તો જ આખા રાજ્યના વિકાસને ગતિશીલ બનાવી શકાય. એટલે આના પછીનું પગલું છે, આપણે ખાસ કરીને જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતો, છેલ્લે ગ્રામ પંચાયતો મોડી આવશે. પરંતુ નગરપાલિકા અને કોરપોરેશનોની અંદર આ પ્રકારના બિલ લઈ આવે અને આ સંસ્થાઓને સરકારની જે દાસ અત્યારે બનાવી છે એને બદલે એને self reliant પોતાના પગ પર ઊભી રહે તેવી સંસ્થાઓ બનાવે અને જે મહાત્મા ગાંધીનું સ્વપ્ન હતું ગ્રામ સ્વરાજનું એ તો જ સાકાર થઈ શકે કે એ સરકારની દાસ કે સરકારની ગ્રાન્ટ પર નભતી સંસ્થા નહિ, પરંતુ પોતાના પગ ઉપર અને કાંઈ પણ ગ્રાન્ટ મળતી હોય તો એને હકથી મળે છે તેવો ભાવ આ સંસ્થાઓની અંદર ઊભો થાય અને એના માટે મોનિટરીંગ જરૂર કરાય. પરંતુ નિર્ણય કરવાની સત્તાઓ પણ એને અપાય, એના ઉપર સારામાં સારું ઓડિટ થાય અને સરકાર એના clutches માંથી બહાર કાઢે. અને એક મજબુત સંસ્થા જેમ બીજા રાજ્યની અંદર નહિ પણ બીજા દેશોની અંદર આ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ મજબુત છે એવી મુજબુત સંસ્થા આ બિલનો વ્યાપ થોડો વધારીને આવનારા દિવસોમાં આપણે કરીએ એવા સૂચન સાથે આ બિલને આવકારી હું મારી વાત પૂરી કરું છું.

**ડૉ. સી. જે.ચાવડા (ગાંધીનગર)**:માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના નાણામંત્રીશ્રી ગુજરાત રાજવિત્તીય જવાબદારી વિધેયક ૨૦૦૫ લઈને આવ્યા છે એ વિધેયકને હું આવકારું છું પણ આમ તો તબેલામાંથી ઘોડા નીકળી ગયા પછી તાળાં મારવા જેવી વાત. અમારા વિરોધ પક્ષના નેતાએ કહ્યું એમ જાગ્યા ત્યારથી સવાર - Every cloud has a silver lining - એક સોનેરી તક છે એ પણ જતી ના કરવી જોઈએ. એ નાણામંત્રીશ્રીએ કરી નથી એટલા માટે આવકારું છું, પણ એમાં જે ઉલ્લેખો કર્યા છે એના માટે આજથી જ જાગૃત્ત બનવું પડશે. આ બિલની કલમ ૪ ની પેટા કલમ (૧)માં કહ્યું છે કે રાજ્ય સરકારે મહેસૂલી ખાધ ઘ ટાડવા સઘન પ્રયત્નો કરવા પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, વ્યકિત પાસે ખૂબ ઓછી રકમ કે આવક હોય, રૂપિયા મર્યાદિત હોય ત્યારે પણ એનું management કરવું પડે કે કઈ રીતે વાપરીશું, ખૂબ રૂપિયા હોય ત્યારે પણ એનું management કરવું પડે નહિ તો આપણે ઉડાઉ ગણાઈએ. એટલે અત્યારે ભૂતકાળમાં આપણી રાજકીય પરિસ્થિતિ, નાણાકીય પરિસ્થિતિ સારી નહોતી ત્યારે પણ આપણે આયોજનબદ્ધ રીતે ૪૫ વર્ષ સુધી ચાલ્યા ગયા. અત્યારે જ્યારે આપણી આર્થિક પરિસ્થિતિ સારી બની છે ત્યારે અને રાજ્ય સરકારની આવકો વધી છે ત્યારે આપણે એની જાળવણી પણ કરવી પડશે. મહેસૂલી ખાધ ઘટાડવા બે પાસાનો વિચાર કરવો પડે. એક તો, મહેસૂલી આવક વધે મહેસૂલી ખર્ચ કરતા તો જ પૂરાંતવાળી આપણી નાણાકીય પરિસ્થિતિ થાય. આ દિશામાં આપણે ચોક્કસ આગળ છીએ પણ રાજયની જે મહેસૂલી આવક છે એ મહેસૂલી આવક મુખ્યત્વે ખાસ કરીને વેચાણ વેરામાંથી અને સ્ટૅમ્પ ડયૂટીમાંથી મળે છે એવું મારું માનવું છે. રાજયે ખાસ કરીને નાણા વિભાગે જે આવક થાય છે એ આવકમાં લોસ ન જાય, છટકબારી ન રહે એ જોવું જોઈએ. વેચાણવેરાની પરિસ્થિતિ જોઈએ તો જયારથી અધિનિયમ દાખલ થયો ત્યારથી દર વર્ષે આવક વધતી જાય છે. છેલ્લા ત્રણ વર્ષમાં ૭૧૦૦કરોડ જેટલી રાજયની વેચાણવેરાની આવક હતી. ૨૦૦૪-૨૦૦૫માં ૮૧૬૦કરોડ અને ૨૦૦૫-૨૦૦૬માં ૯૧૦૦કરોડની આવક થઈ. આવક વધી છે પરંતુ હજી નાણા મંત્રાલય વેચાણવેરા વિભાગ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે તો હજી આવક વધારી શકાય એવું છે.

સેલ ટેકસમાં ચોરી કરતા કેસ પકડાય કે ખેડૂતો વીજ ચોરી કરતા પકડાય તો ૩૦ દિવસમાં અપીલ કરીને જે રકમ આકારી હોય ખરી કે ખોટી જી.ઈ.બી.એ એના ૫૦ટકા રકમ જમા કરાવે તો જ એની અપીલ દાખલ થાય એવી નીતિ સરકારની રહી છે. સ્ટેમ્પ ડયૂટી અધિનિયમમાં ચોરી કરતા સરકારને લાગે અને કલેકટર જજમેન્ટ આપે અને જો અપીલ કરવી હોય તો ૫૦ ટકા ડિપોઝિટ મૂકવી પડે અને પછી અપીલ કરી શકે. આ ખેડૂતની વાત હતી એમાં પણ આવક વધારવા માટે ચોક્કસ પગલાં નિર્ધારિત કરવામાં આવ્યા છે તો વેચાણ વેરા માટે જે મોટા ઉદ્યોગપતિ છે, મોટા લોકો છે, વેપાર-વાણિજ્ય કરે છે એ પોતે પ્રોફિટ લે છે. નફાનો અમુક ભાગ રાજય સરકારને લોકોના હિત માટે આપવાનો છે એ જ્યારે ચોરી કરે વેચાણવેરામાં ત્યારે એના હજારો કેસ પડતર છે. હું આપના ધ્યાન ઉપર મૂકું કે ૨૦૦૧માં ૪૧૯૫ વેચાણવેરાના કેસ પેન્ડીંગ હતા, ૨૦૦૧-૦૨માં ૪૬૦૦ કેસ, ૨૦૦૨-૨૦૦૩માં ૫૩૦૦ કેસ અને ૨૦૦૩માં ૫૧૦૦ અને ૨૦૦૪માં ૫૨૦૦ આમ વર્ષના અંતે ૫૦૦૦થી ઉપર કેસ વેચાણવેરામાં પેન્ડીંગ રહ્યાં છે. ટ્રિબ્યુનલ કામ કરતી હોય એની પ્રોસિઝર જે હોય તે પણ આમાં મારી ખાસ વિનંતી છે કે વેચાણવેરામાં ચોરી કરે છે એની પાસે અપીલ કરતા પહેલાં ૫૦ ટકા રકમ જમા કેમ લેવામાં આવતી નથી? અગાઉની સરકારે નથી કર્યું, અત્યારે કરતા નથી એવું નથી પણ જ્યારે આવક વધી છે અને વર્ષો સુધી આ કેસો પેન્ડીંગ રહે છે. એક વેપારીને એક લાખ ભરવાના આવે અને એ અપીલ કરે, કેસ ટ્રીબ્યુનલમાં પડ્યો રહે. દસ વર્ષ પછી હાઈકોર્ટમાં જાય, સુપ્રીમ કોર્ટમાં જાય લડ્યા કરે.

૩૦ વર્ષ પછી ભરવાના આવશે તો એક લાખ જ ભરવાના આવશે. પણ ૫૦ટકા ડિપોઝિટ હોય તો ખેડૂત પાસેથી ચોરીમાં લે છે, સ્ટેમ્પ ડયુટીમાં લે છે એમ આમાં લેવી જોઈએ. મારું એટલા માટે માનવું છે કે જ્યારે મેનેજમેન્ટની જવાબદારીની વાત લાવ્યા છીએ ત્યારે આ તબક્કે આ મુદ્દાની વિચારણા થાય એવી વિનંતી.

બીજી વાત કલમ-૩માં આખી નીતિ નક્કી કરી છે. એ નીતિ પ્રમાણે કેવી રીતે આવક વધે અને ખાધ દ ાટે એ સરકારે નિયમ દ્વારા નક્કી કર્યું છે પણ કલમ-૪, પેટા કલમ-૩ના ખંડ-૬માં લખ્યું છે કે સરકારી દેવું વ્યવહારિક સ્તર સુધી જાળવી રાખવાનું રહેશે. વ્યવહારિક સ્તર તો આપણે ઓળંગી ગયા. એટલે જાળવવાની વાત તો બાજુએ રહી પણ જયાં છીએ ત્યાંથી પાછા વળવાની વાત છે. નાણામંત્રીશ્રીએ રાજયના હિતમાં દેવું કર્યુ હશે એની ટીકા ટિપ્પણમાં પડવા માગતો નથી. કારણકે કાયમ માટે નાણામંત્રીશ્રી કે સરકારની ટીકા જ કરવી. મહાભારતના યુદ્ધની જેમ શૈલ્યની જેમ નીતિ અપનાવવામાં માનતો નથી. પ્રશ્નની ભૂમિકા ભજવીને સાચી દિશા આપીને, સાચો રથ હંકારીને કેવી રીતે ગુજરાતની પ્રજાનું હિત થાય એ રીતે અમે આગળ વધવાવાળા છીએ. એટલા માટે આપનું ધ્યાન દોરું છું કે જે દેવું થયું છે ૬૬૦૦૦કરોડનું એમાં દર વર્ષે જે વ્યાજની ચૂકવણી કરવામાં આવે છે. ૨૦૦૧-૦૨માં ૪૨૦૦કરોડ, ૨૦૦૨-૨૦૦૩માં ૪૯૦૦કરોડ, એમ કરતાં કરતાં ૨૦૦૫-૨૦૦૬માં ૬૧૪૫કરોડ વ્યાજની ચૂકવણી થશે. આ દેશના નાના રાજયો છે ગોવા, કેરાલા જેનું વાર્ષિક બજેટ ૭૦૦૦કરોડ હોય છે. રાજકીય બજેટ કરતા આપણે દેવામાં વધારે રકમ ચૂકવીએ છીએ. એ ચિંતાનો વિષય છે. આમાં નાણામંત્રીશ્રી જવાબદાર છે, સત્તાધારી પક્ષ જવાબદાર છે એવું નથી.

આપણે ભેગા થઈને જયારે આ વિધેયક લાવ્યા છીએ. ત્યારે રાજયનું દેવું કેવી રીતે ઘટે, વ્યાજમાં ચુકવણી કેવી રીતે ઓછી થાય અને આવક કેવી રીતે વધે. આ બેનો સમન્વય કરીને મહેસૂલી ખાધ કેવી રીતે દ ાટાડી શકાય, એ દિશામાં આગળ વધવું પડશે. મહેસૂલી ખાધ ઘટાડવામાં ત્રીજું જે પરિબળ છે એ કરકસર યુકત વહીવટ. આ કરકસર યુકત વહીવટ ચોક્કસ કરવો જોઈએ અને જ્યાં જરૂર જણાય ત્યાં નુકસાન થતું હોય તો ત્યાં પણ સેવાઓ આપવી પડે. દા.ત. ખેડૂત હોય, ખેડૂતને સસ્તી વીજળી આપવામાં હોર્સપાવર દીઠ ભાવ ઘટાડવામાં રાજયને નુકસાન ૧૦૦ ટકા જાય, પણ એ ખેડૂતનું નુકસાન વેઠ્યા પછી પાકનું ઉત્પાદન થશે, એમાં તમે જેટલું નુકસાન વેઠ્યું હશે તેના કરતાં ૧૦ ગણી નહિ, પણ ૧૦૦ ગણી આવક વધશે, એના લીધે રાજયની જવાબદારી પ્રજા ઉપર ઓછી થશે, એટલે આવી જગ્યાઓએ સરકારને નુકસાન જાય છે, આમ કરવાથી સરકારને નુકસાનમાં ઊતરવું પડશે, એમાં પડ્યા સિવાય ખરેખર જે નુકસાન કરે છે, એ તરફ આપણે એ દિશામાં દોડવું પડશે. એની પેટા કલમ-૮ માં લખેલ છે કે ખાસ, પ્રોત્સાહનો, રાહતો અને મુકિત ઘટાડીને કરવેરાના માળખાની એકરૂપતા જાળવવી. અત્યાર સુધી જળવાયેલ નથી, એટલા માટે આગળ વધવું પડશે. રાહતો આપવાની વાત ચોક્કસ છે, એમાં રાહતો ખેડૂતોને આપો, કર્મચારીઓને આપો, બેકાર યુવાનોને આપો, તમે રાહતો મહિલા અને બાળ વિકાસમાં આપો, રાહતો ગુજરાત રાજયના વિકાસમાં આપો, એમાં વાંધો નથી, પણ આપણે કેટલીક વાર લ્હાણીઓ કરીએ છીએ. આપણે કેટલાક પ્રોગ્રામ કરીએ અથવા તો આપણી કેટલીક વાતો માને એના માટે રાહતોના બદલે લ્હાણી કરીએ છીએ, તે બંધ કરવી પડે. આનો લાભ ગુજરાતની ગરીબ પ્રજા લેતી હોય તો વાંધો નથી, પરંતુ આનો લાભ કેટલાક ઉદ્યોગપતિઓ લઈ જાય છે. આના કારણે ગુજરાતની પ્રજાનું હિત કરતા એ લોકો એમની પેઢીનું, એમની સંસ્થાનું હિત જોતા હોય છે, એટલે આપણે રાજયના હિતમાં હંમેશા ચોક્કસ પણે, મક્કમપણે આગળ વધવું પડશે.

આમાં લોકકલ્યાણની વાત રજૂ કરવામાં આવી છે, ત્યારે લોકકલ્યાણને પ્રોત્સાહન આપે તેવી ખર્ચની નીતિને અનુસરવી પડશે. મારે ગુજરાત રાજયના ૪ બોર્ડની વાત કરવી છે. ગામડામાં જઈએ તો ગામવાળા એવું કહેતા થઈ ગયા છે કે બોર્ડવાળા આવ્યા. ચાર બોર્ડ: ગુજરાત ઈલેક્ટ્રિસિટી બોર્ડ, એસ.ટી. બોર્ડ, પાણી પુરવઠા બોર્ડ અને ચોથું માધ્યમિક શિક્ષણ બોર્ડ. માધ્યમિક શિક્ષણ બોર્ડની કામગીરીની ટીકા કરી શકીએ તેવી પોઝિશનમાં નથી. સારી ચાલે છે, પણ ગુજરાત ઈલેક્ટ્રિસિટી બોર્ડ, એસ.ટી. બોર્ડ અને પાણી પુરવઠા બોર્ડ આમાં ખોટ આવતી હોય તો પણ સરવાળે આર્થિક સેવાઓનો ગુજરાત સરકારનો મુખ્ય અભિગમ છે, એને અપનાવવો પડે. એસ.ટી. આજે ૧૧૦૦ કરોડની ખોટે પહોંચી છે. ભલે પહોંચી. આપણે આવકો વધારીશું, પણ લોકોને પ્રાથમિક સેવા, એસેન્શિયલ સર્વિસીસ જે રાજય સરકારની પ્રાથમિક જવાબદારી છે, એ પણ નિભાવવી પડે, એમાં પીછેહઠ ન કરી શકીએ. જી.ઈ.બી. બોર્ડ દ્વારા ઊર્જા મંત્રીશ્રીની પ્રશંસા કરીએ. એમણે શુલ્કને કેટલીક એ દિશામાં રાહતો આપી છે. ૨૩૦ કરોડની આપી છે. અગાઉના વર્ષમાં ૪૦૦ કરોડ આપી છે, એના અગાઉના વર્ષમાં ૫૮ કરોડની આપી છે. કાંઈ વાંધો નહિ. રાજયના હિતમાં, વેપારીઓ, નાના વેપારીઓ, લઘુ ઉદ્યોગ હોય તો બધાના હિતમાં જ્યારે ઘટાડ્યું છે, વાંધો નથી. હવે તમે એસ.ટી. બંધ કરવાનું વિચારો, પ્રાઈવેટલાઈઝેશન કરવાનું વિચારો, ખાનગીકરણ કરવાનું વિચારો એ દિશામાં આગળ ન વધવું જોઈએ.

જીઈબી બોર્ડના ટુકડા કર્યા છે. ૩ ભાગ કર્યા છે. એમાં સફળતા મળે તો સારું છે, નહિતર અમને તો અત્યારે દિલકે ટુકડે કર દીયા, ૩ ટુકડા કર્યા હોય તેવું લાગે છે. આમાં ખૂબ સાવચેતીપૂર્વક જે હેતુથી ટુકડા કર્યા છે, જે હેતુથી વિભાજન કર્યુ છે. વીજળી કેવી રીતે મેળવવી, કેવી રીતે જાળવવી અને કેવી રીતે મોકલવી.

એ ૩ વિભાગ કર્યા છે. એમાં ખાધ જાય છે, એને પ્રોફિટ તરફ લઈ જવા માટે જે દિશામાં આગળ વધીએ છીએ. હાલ એમાં મને શંકા છે. એકાદ-બે વર્ષમાં કેવું કામ કરે છે, એના પરથી નિશ્ચિત થશે.

બાળ, મહિલા અને યુવા વિકાસ આ બધી રાજય સરકારની જવાબદારી છે. રાજય સરકારે જવાબદારી નીભાવી રહી છે, ત્યારે ક્યાંકને ક્યાંક નાણાકીય દૂર્વ્યય થતો હોય, ખોટા ખર્ચા થતા હોય તો વિરોધ પક્ષ તરીકે અમારે ધ્યાન દોરવું જરૂરી છે અને દોરીએ છીએ. એમને યોગ્ય જણાય તો ભલે ખર્ચ કર્યા રાખે, પણ અમારે જ્યાં ધ્યાન દોરવા જેવું હતું, ત્યાં દોરીએ છીએ. રથયાત્રા ઓછી કરો, ઉત્સવો ઓછા કરો, સુજલામ્ સુફલામ્ માં તમે ગાગરમાં સાગરના તહેવાર તમે ઓછા મનાવો, બધાં કામ કરો છો. સારું છે. ૦તમે આ ઉત્સવની પ્રસિદ્ધિમાં પડી જાઓ છો, એટલે તમારા કામ ઉપર પાણી ફરી વળે છે, એટલે વિપક્ષ તરીકે ધ્યાન દોરીએ છીએ કે કરોડો રૂપિયાનો ખર્ચ કરો છો તે બચાવો અને ગરીબલક્ષી યોજનાની વાત કરો છો, ત્યાં અમલ કરો, એટલી વિનંતી કરું છું અને સરવાળે નાણા મંત્રીશ્રી ભારત સરકારની નીતિને અનુસરીને જે દિશામાં આગળ વધ્યા છે, એમાં સફળતા પ્રાપ્ત કરે તેટલી વિનંતી સાથે વિરમું છું.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર(ઉત્તર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ગુજરાત રાજવિત્તીય જવાબદારીઓ વિધેયક ૨૦૦૫ લઈને આવ્યા છે તેમાં લાંબી વાત કરવા માગતો નથી. પરંતુ સાહેબ આજે જયારે વિશ્વની અંદર એક એવું વાતાવરણ સર્જાયું છે ત્યારે કોમ્પીટીટીવ મેનેજમેન્ટ જે લોકો કરશે તે ટકી શકશે. આ અસ્તિત્વની લડાઈમાં આપણે પણ હથિયારો સજાવીને બરાબર તૈયાર રહેવું પડે, સક્ષમ બનવું પડે અને મને લાગે છે કે જે જરૂરિયાતને પોષવા માટે થઈને અને તે જરૂરિયાતની પૂર્તતા કરવા માટે થઈને આ વિધેયક આ વિધાનસભામાં આજે લાવવામાં આવેલ છે તે ખૂબ જ સમયસરનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલાક મારા મિત્રોએ ઘણી બધી વાતો કરી અને બિલને આવકાર્યુ અને કેટલાકે સૂચનો કર્યા અને ટીકા કરી, તેમને કરવાનો અધિકાર છે. હું પણ મારા મનમાં એક વાત છે અને એક વાત માનનીય અર્જુનભાઈએ કરી અને તે સારું સૂચન છે જે પ્રમાણે નાણાકીય શિસ્ત તેને આપણે વિધેયકના રૂપમાં રાજય સરકારમાં લાવી રહ્યા છે ત્યારે આ પ્રકારની શિસ્ત તે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં પણ આવશે. કારણ કે એમાં આના કરતાં ખરાબ હાલત હોય છે અને તે કરવાની આજે આવશ્યકતા છે. આમાં કેટલીક જોગવાઈઓ દા.ત. એક સુંદર વસ્તુ છે કે આ વિધેયકમાં કેટલીક ફરજો નાંખવામાં આવી છે કે તમારું દેવું આટલું જ હોવું જોઈએ. એનાથી આગળ ન વધે તેનો આ બિલથી ખ્યાલ આવે કે આપણે જેટલી પથારી હોય એટલી જ સોડ કરાય. તેનાથી વધારે આપણે આગળ ન વધે તેની તકેદારી રાખીએ. છેવટે રાજય કલ્યાણ રાજયને વરેલું છે અને પ્રજાના કલ્યાણકારી જે કંઈ કાર્યક્રમો હોય તેના ભોગે રાજય સરકાર બીજું કંઈ કરી શકે નહીં. આ બંને જે પાટા છે તેમાં એકબાજુ પ્રજાનું કલ્યાણ અને બીજું નાણાકીય શિસ્ત આ બંને ટ્રેક ઉપર આપણી ગાડી બેલેન્સથી ચલાવવી પડે કે જેથી પ્રજાજન પણ કરકસરની નીતિનો ભોગ ન બને. છતાંય રાજયની નાણાકીય શિસ્તની અંદર આપણે કયારેય પ્રજાના કલ્યાણકારી કાર્યક્રમોને અવરોધરૂપ બન્યા વગર નાણાકીય જવાબદારી બરાબર નિભાવી શકીએ.

આપણી આબરૂ વર્ષોથી ગુજરાતે જે મેળવી છે તે આબરૂ વધારી શકીએ અને ઉજળી કરી શકીએ તેવી વાત માટે આ બંને પાટા ઉપર બેલેન્સ રાખવાની જરૂર છે. દા.ત. બિલની અંદર એક જોગવાઈ છે કે રાજય સરકારના સ્ત્રોતનો એવી રીતનો ઉપયોગ થાય કે નાણાંનું શ્રેષ્ઠ વળતર મળે તે સુનિશ્ચિત કરવું જોઈએ. આમાં એક એક ઉદાહરણ જોવાની જરૂર નથી. કેટલાક ઉદાહરણો સભ્યોની નજર સમક્ષ હશે કે જયાં કંઈને કંઈ રાજયની તિજોરીમાંથી પૈસા નાંખીને નિર્માણકાર્ય આરંભ્યું છે, તે કોઈ કારણસર અધવચ્ચે રહેતું હોય ત્યારે અને પૂર્ણ થયા પછી બીજા કારણોસર તેનો ઉપયોગ ન થાય. છેવટે તો જે હેતુ માટે કયાંકને કયાંક પૈસા ખર્ચવામાં આવે છે તે હેતુની જરૂરિયાત એક ક્ષણનો પણ વિલંબ કર્યા વગર પ્રજા માટે વપરાય તેના માટે આની અંદર વ્યવસ્થા કરવામાં આવી છે. આની અંદરથી પારદર્શકતા એવી આવશે કે નાની વાતોનું આપણી કક્ષાએ જ મોનીટરીંગ થશે અને આ એમ નથી છોડી દીધુ સાહેબ એમાં એક જોગવાઈ પણ કરવામાં આવી છે કે પ્રતિવર્ષ કેટલી નીતિ વિષયક બાબતો એકદમ રાજયની તિજોરીને અસર કરનાર કોઈ ખાનગી વાત હોય તે સિવાયની બધી જ બાબતો આ વિધાનસભાગૃહમાં નિવેદનના રૂપમાં મૂકવી પડશે આ એક મહત્ત્વની જોગવાઈ છે અને મને લાગે છે કે એનાથી નાણાંકીય વ્યવહારો અને નાણાંકીય જવાબદારીમાં ખૂબ જ પારદર્શકતા આવવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ પ્રકારના આની અંદર જે નિયમો બનાવવવાના છે એ નિયમો બનશે એ પણ સભાગૃહ પાસે આવવાના છે એની પણ જોગવાઈ આ બિલમાં કરવામાં આવી છે. મારે એ વાત પણ કરવી છે કે, જે પ્રકારે આવકનો સ્ત્રોત છે, એની ઉપર પણ આપણી નજર રહે અને ખર્ચના છેડા ઉપર પણ આપણી નજર રહે એવી એક આદર્શ વ્યવસ્થા એ આના આધારે આપણા રાજયમાં આપણે ઊભી કરી શકીએ અને છેવટે તો આપણે બધા જ આ રાજયની સમગ્ર પ્રજાના એક ટ્રસ્ટી તરીકે એનો વહીવટ કરી રહ્યા છીએ, ત્યારે એક આદર્શ નાણાકીય વ્યવસ્થા ઊભી કરીને રાજયની પ્રજાને એકએક પૈસાનો વધારેમાં વધારે કેમ ફાયદો કરાવી શકીએ અને કેમ કલ્યાણકારી રાજય તરીકે જે આપણા રાજયના પૂજ્ય રવિ શંકર દાદા જેવા

મહાપુરુષોએ જે કલ્પના કરી હતી એવું રાજય ગુજરાત રાજય કાયમ બની રહે એના માટે પણ આપણે ખેવના કરીએ એમ મને લાગે છે અને હું વારંવાર એ વાત દોહરાવું છું કે, અમારા અમુક લોક સાહિત્યકારાએ બહુ સરસ વાત કરી છે કે એક ભાઈ કહે કે મારા ત્યાં ઘીની શીશી એક મહિનો ચાલે છે, જ્યારે બીજો કહે કે મારા ત્યાં તો ઘી ખૂટતું જ નથી, પેલો કહે કે તમે ઘી કેવી રીતે વાપરો છો, તો કહે કે શીશીના બૂચમાં નાનું કાણું પાડીને આખો મહિનો ઘી વાપરીએ છીએ અને જે કહેતો હતો કે મારા ત્યાં ઘી ખૂટતું જ નથી એણે એમ કહ્યું કે અમે તો કાણું પાડ્યા વગર જ બૂચ ઘસ્યા કરીએ છીએ એટલે ઘી અંદરથી વપરાય જ નહીં , એમ આપણા આ કલ્યાણકારી રાજય માટેની કલ્પના છે એ પૈસા કરકસરનો અર્થ એવો નથી કે જેમાં એના સુધી પૈસા પહોંચે જ નહીં અને પછી આપણે એમ કહી શકીએ કે અમે આટલી કરકસર કરી એટલે એ પણ ધ્યાનમાં રહે એવી અપેક્ષા સાથે માનનીય નાણા મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું અને વિપક્ષના બધા માનનીય સભ્યશ્રીઓએ પણ આ બિલને આવકાર આપ્યો છે તો વિના વિરોધે આ બિલ આ સન્માનનીય સભાગૃહ પસાર કરે તેવી વિનંતી સાથે હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી ગુજરાત રાજવિત્તીય જવાબદારીઓ વિધેયક લઈને આવ્યા છે એના ઉપર હું મારા મંતવ્યો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલનો હેતુ એ રાજયની નાણાકીય સેસ સારી રીતે આપણે જાળવી શકીએ અને એ માટે અને કેટલાક નિર્ધારિત સમયમાં કેટલીક વસ્તુઓ આ રાજય સિદ્ધતા મેળવી શકે એ હેતુસરનું છે. આ અગાઉ આવી વાત કેમ નથી આવી એમ નહીં, વારંવાર આપણને કેન્દ્ર સરકાર તરફથી માર્ગદર્શન મળતું હોય છે, રિઝર્વ બેંક તરફથી માર્ગદર્શન મળતું હોય છે અને આપણે આયોજન મંડળ પાસે પણ જઈએ છીએ ત્યારે નાણાકીય શિસ્તની અંદર ગુજરાતની જે પરંપરા છે એ પ્રમાણે એનાં વખાણ થાય છે પણ વખાણની પાછળ જે થયું છે એ ભાજપના શાસનમાં માનનીય અધ્યક્ષશ્રી, ટીકા કે રાજકીય અવલોકનની રીતે ન મુલવણી થાય એ હું આ સન્માનનીય સભાગૃહમાં કહેવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શરૂઆતથી મેં વાત કરેલી કે ૨૦૦૦ દિવસોમાં રોજના દશ કરોડના હિસાબે ૨૦ કરોડ રૂપિયા ડ્રેઈન આઉટ થયા છે એ જ વાતને હું તાલબદ્ધ રીતે આગળ વધારવા માટે પ્રયાસ કરું છું એટલા માટે કે ૧૯૯૭-૯૮ના નાણાકીય વર્ષના અંતે આ રાજયનું કરજ ૧૪૦૫૯ કરોડ રૂપિયા હતું એમાં આંતરિક દેવુ માત્ર ૨૪૭૮ કરોડ હતું, કેન્દ્ર સરકારનું દેવું ૧૧૫૮૦ કરોડનું હતું, સન ૨૦૦૪ના મોડીફાઈ જે અંદાજો છે એ પ્રમાણે કેન્દ્રનું દેવું એ ૧૫૫૭૭ કરોડનો અંદાજ છે પણ આંતરિક દેવું ૪૦૯૩૯ કરોડનું છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં કહેવામાં આવ્યું કે, આ રાજયમાં વ્યાજનું ભારણ, ઓછા વ્યાજની રકમ લઈ અને ઊંચા વ્યાજની રકમની ભરતી કરી છે તો પછી માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષના સુધારેલા અંદાજોમાં વ્યાજની રકમ વધુ શા માટે માગવી પડી? જે રકમ માગવી પડીએ ગણીએ તો અગાઉના આ ૫૫૯૯ કરોડના બદલે ૫૭૫૪ કરોડ રૂપિયા માગવા પડ્યા. ૨૦૦ કરોડ રૂપિયા વધારે માગવા પડ્યા. ૮૦૦ કરોડ રૂપિયાની બચત થઈ હોય તો સુધારેલો અંદાજ ઓછો હોવો જોઈતો હતો. એમાં કેન્દ્ર સરકાર તરફથી વ્યાજનો દર ઓછો થતો જાય છે કારણ કે ૧૭૧૫ કરોડ રૂપિયા જે અંદાજેલા હતા એની જગ્યાએ સુધારેલો અંદાજ પ્રમાણે ૧૬૯૮ કરોડ થયા અને આવતા વર્ષે ૯૮૯ કરોડ જ થશે. આવતા વર્ષ માટે પણ માનનીય નાણામંત્રીશ્રીએ ૫૮૦૦ કરોડ રૂપિયાની માગણી કરી છે અને આજે એપ્રોપ્રિએશન બિલ પાસ પણ કર્યું છે તો આ રાજયનું કરજ ઘ ટાડવા માટેનો જે મોટીવ છે એ કઈ રીતે સિદ્ધ થઈ શકશે એ સમજાતું નથી. માનનીય નાણામંત્રીશ્રી ખૂબ અનુભવી નાણામંત્રી છે. મારા જેવા તો એકાદ વર્ષ પૂરતા આવ્યા હતા પણ દસ-દસ બજૅટ જે લાવ્યા હોય અને આ રાજયનું કરજ પણ એમના જ સમય કાળ દરમ્યાન વધ્યું છે એ શા કારણે વધ્યું છે?

**( વિરામ ૪-૩૦ થી ૫-૦૦ )**

**(સભાપતિશ્રી મહેન્દ્ર મશરૂ અધ્યક્ષ સ્થાને)**

**શ્રી બાબુભાઈ મે. શાહ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે એ બિલનો હેતુ એમણે સમજાવતી વખતે કહ્યું હતું કે આ પ્રકારના બિલ અગાઉ અહીંયા વિધાનસભામાં પણ આવી ગયા છે,ખાસ કરીને કેન્દ્ર સરકાર, રિઝર્વ બેન્ક અને ૧૨માં નાણા પંચનું જે સૂચન હતું એ પ્રમાણે આ બિલ ડિસિપ્લિન માટે એક માર્ગદર્શકતા નકકી કરવા માટેનું છે. ૧૨માં નાણાપંચ પાસે રાજયના તમામ પક્ષના આગેવાનો પણ રજૂઆત કરવા માટે તૈયાર થયા હતા અને ૧૨માં નાણાપંચના અધ્યક્ષશ્રી રંગનાથનજીએ ગુજરાતની રજૂઆતની પ્રસંશા પણ કરેલી. અહીં રાજયની કોઈ બાબતની વિસંગતતા હોય તો અમે સન્માનીય ગૃહમાં કે નાણામંત્રીશ્રીને કે મુખ્યમંત્રીશ્રીને રજૂઆત કરીએ પણ રાજય બહાર આપણા રાજયની નબળાઈઓને છતી કયારેય કરતા નથી. એ વખતે પણ અમે કહી શકયા હોત કે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે લિમિટીને પહોંચી વળવા માટેનો ૧૦ ટકા સેલ્સટેકસ ઉપરનો સરચાર્જ છે એ રાજયની તિજોરીમાં નથી ગયો પણ અમે કહ્યું ન હતું. માનનીય નાણામંત્રીશ્રીનું અમે ધ્યાન દોર્યું ત્યારે એનો પ્રતિભાવ જે હતો એ મારો મુદો સ્વીકારતો પ્રતિભાવ લાગ્યો પણ પછી શું થયું કે (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા :** માનનીય અધ્યક્ષશ્રી, આ ૧૦ ટકા સરચાર્જ ચાર વર્ષ પહેલા કર્યો હતો. આ નાણા આમાં નથી ગયા એ વાત આ બિલમાં કયાંથી આવે? એને આની સાથે કાંઈ લાગેવળગે નથી.

**શ્રી બાબુભાઈ મે. શાહ :** માનનીય અધ્યક્ષશ્રી, આ એટલા માટે કે, આ રાજયની આવક સરભર કરવાની હોય છે.

**શ્રી વજુભાઈ વાળા :** રાજયની આવકનું આ બિલ મૂકયું છે એ આગામી વર્ષ માટેનું આ મારું બિલ છે અને એમાં ભૂતકાળ ચાવ્યે રાખે એનો કોઈ અર્થ નથી. એકની એક વાતનું રિપિટેશન કરે છે. (અંતરાય)

**શ્રી બાબુભાઈ મે. શાહ :** તમારે ઈતિહાસને યાદ રાખવો પડે, ઈતિહાસને જો યાદ ન રાખો તો ભવિષ્યમાં આપણે આગળ જઈ શકતા નથી. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, ૫૦ વર્ષથી હું બોલું, ૪૮ વર્ષનું હું બોલું કે આ દેશના ગુજરાત રાજયમાં કયા મુખ્યમંત્રી આવ્યા અને એમણે શું આવકમાં વધારો-ઘટાડો કર્યો એ બધી વાત બરાબર નથી. એમણે બિલ ઉપર જે છે એ બિલ ઉપર બોલે

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ટ્રેઝરી બેન્ચ પરથી મારી એકાગ્રતા તોડવા માટેના પ્રયત્નો થાય છે, દશ ટકા સેલ્સટેકસનો જે સરચાર્જ છે રાજયના ટેકસ પેયર્સોએ એક રૂપિયા ઉપર દશ પૈસા ભર્યા હોય એ એ જ હેતુ માટે જવા જોઈએ કે નહિ એ વાત કરી ત્યારે એમણે એ વાત સ્વીકારી લીધી કે હા બરાબર છે પણ એ બધું એવું થતું હોય.. એક બીજો મુદ્દો હું આપને કહું કે મારા ધ્યાનમાં એક આવેલું એટલે મેં મુદ્દો મૂક્યો કે નહાવાના સાબુ ઉપર આપણે જે રાહતો આપેલી એની મુદત તારીખ ૩૧-૩-૦૩ ના દિવસ પૂરી થઈ ગઈ હતી અને પાછી ફરીથી એ મુદત વધારવામાં આવી તેની વચ્ચે ચાર મહિના અને સાત દિવસનો જે ગાળો છે એની અંદર અઢી ટકા ટેકસ ઓછો ભર્યો છે એ ટેકસ ભરવો જોઈએ કે કેમ ત્યારે પ્રતિભાવ એવો હતો કે ટેકસ ભરવો જોઈએ પણ કયા દબાણોના કારણે આમ થતું હોય છે કે મને જે જવાબ આપવામાં આવ્યો.

**શ્રી વજુભાઈ વાળા** : આ બિલને અને આ એક એક આઈટેમને કંઈ લાગતુંવળગતું નથી. રાજય સરકારની એગ્રીગેટ આવક માટેની વાત છે આ બિલ પરને બદલે રાજયની જનરલ આવક પર બોલે છે. આ બિલની અંદર મહેસૂલી આવક ના આવે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : બિલનું જે હાર્દ છે.

**સભાપતિશ્રી** : આપની જે વાત છે એ આ બિલના ક્ષેત્રમાં નથી આવતી બાબુભાઈ એટલે આપ બિલ ઉપર બોલો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : આ બિલનું જે હાર્દ છે રાજયની આવક જો આ રીતે ડ્રેઈનઆઉટ થવા દઈશું તો કઈ રીતે થશે?

**સભાપતિશ્રી** : બિલની સાથે જોડાયેલી વાત હોય એ જ વાત આપ કરો પ્લીઝ,

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની આવક જે ઘટતી ચાલી છે એને કારણે રાજયનું કર્જ વધ્યું છે એ મારો કહેવાનો મતલબ હતો. માત્ર ગમતી જ વાતો કહેવાની હોય તો એ ગમતી વાતો કહેવા માટેનો કોઈ અર્થ પણ નહિ રહે. આ સન્માનનીય ગૃહનો જયારે આપણે સમય લઈએ છીએ ત્યારે એક એક મિનિટ કિંમતી હોય છે આ પૈસા કયાંથી આવ્યા અને ક્યાં જાય છે એ જોવાની ફરજ છે.

**શ્રી વજુભાઈ વાળા** : આ ગમતી ન ગમતી વાતનો સવાલ નથી હું માનનીય બાબુભાઈને વિનંતી કરું છું એ પણ એક વખતના નાણામંત્રી હતા આ બિલની અંદર આ મુદ્દો તમે મહેસૂલી આવક અને મહેસૂલી ખર્ચ આ આવક થઈ કે ના થઈ એનો કોઈ અર્થ નથી. આ બજેટની જનરલ ચર્ચાની વાત આમાં કરે છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : ડાહીડમરી વાતો કરતું બિલ માનનીય નાણામંત્રીશ્રી લાવ્યા છે પણ માનનીય મંત્રીશ્રી આમાં આત્ખોજ કરે કે એમના સમયની અંદર આ કર્જ વધ્યું છે શાના કારણે વધ્યું છે એની પણ શોધ થવી જોઈએ એવી મારી માગણી મેં મારી અગાઉની સ્પીચમાં પણ કરી છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ખર્ચ વધવાનો કે ઘટવાનો પ્રશ્ન જ નથી આખું બિલ વાંચીને કહે કે હું આ કલમ ઉપર બોલું છું તો અમે સાંભળવા માટે તૈયાર છીએ. મારે એ જાણવું છે કે માનનીય બાબુભાઈ બિલની કઈ કલમ ઉપર બોલી રહ્યા છે. બિલના હાર્દ પર બોલે છે કે બિલના ઉદ્દેશો ઉપર બોલે છે કે એમને મનફાવે તેમ બોલે છે પ્રશ્ન આટલો જ છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મને આ રીતે ડિસ્ટર્બ કરવામાં આવી રહ્યો છે

**શ્રી અશોક ભટ્ટ** : ડિસ્ટર્બન્સનો કોઈ પ્રશ્ન જ નથી.

**શ્રી વજુભાઈ વાળા** : આપ સમજો હું તમને કહું..

**સભાપતિશ્રી** : આની જનરલ ચર્ચા ન કરો બાબુભાઈ

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય બાબુભાઈ હવે બિલ પર જ આવી જશે.

**શ્રી અશોક ભટ્ટ** : નવા સભ્ય આ રીતે વાત કરતા હોય તો અમે ક્યારેય ન બોલત.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હવે બિલ પર જ બોલશે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની આવક ડ્રેઈનઆઉટ થતી હોય તો એની ચિંતા કરવી જોઈએ, કોઈ માનનીય સભ્યશ્રી ગૃહમાં કે બહારથી પણ આમાં ધ્યાન દોરે તો એની તરફ જોવું જોઈએ કે આ આવક ડ્રેઈનઆઉટ થતી નથીને એની કાળજી લેવી જોઈએ. આ રાજયની આવક ક્યાં જાય છે એનું ધ્યાન મેં દોરેલ છે ત્યારે એને વસૂલ કરવાના બદલે જયારે એને માફ કરી દેવામાં આવતી હોય અને એને કારણે સાથોસાથ આ રાજયની આવક જ જતી રહેતી હોય તો આ જ નાણામંત્રીશ્રીના સમયગાળામાં એમના વિભાગ દ્વારા.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હવે તો પોઈન્ટ ઓફ ઓર્ડર હું ઉઠાવું છું કે, આ કાળ દરમ્યાન આ આવક જતી થઈ છે એને અને આ બિલને કંઈ લાગતુવળગતું નથી. આ શબ્દો રેકર્ડ પરથી કાઢી નાંખવા જોઈએ. માનનીય સભ્યશ્રીને આટલી વિનંતીઓ કરેલ હોવા છતાં પણ એકની એક વાત રિપિટ કર્યે જાય છે.

**સભાપતિશ્રી** : આપ બિલની કલમ ઉપર આવી જાવ. બિલના ઉદ્દેશ્ય ઉપર આવી જાવ.

**શ્રી બાબુભાઈ મે.શાહ** : માનનીય નાણામંત્રીશ્રી તરફ પણ અમને ખૂબ માન છે. અમારા મુદ્દાઓ પણ તે સ્વીકારે છે પણ પાછળથી કયા અગમ્ય કારણોસર તેમાં ફેરફાર થઈ જાય છે

**શ્રી વજુભાઈ વાળા** : હજુ તેનું જ રીપીટેશન કરે છે માનનીય મંત્રીશ્રી માટે માન છે પણ મારી વાત સાચી એમ કરીને વાત કરે છે. આ કોઈ રીતે.

**સભાપતિશ્રી** : બિલના મુદ્દા ઉપર આવી જાવ.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : એટલા માટે કે તે મેં વાત કરી ચાર મહિના અને સાત દિવસની અંદર મહિનાના ૭૦ લાખ રૂપિયાનો ટેકસ વસૂલ થયો.

**શ્રી વજુભાઈ વાળા** : રેકર્ડ તે જ વાગે છે, ખાડામાં પીન સલવાઈ ગઈ લાગે છે. હવે તો બદલાવો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : એકનું એક ગાણું હું નહીં ગાવ. આ હકીકત છે તેનો ઈન્કાર તે કરી શકે તેમ નથી. હું મારી વાત ટૂંકાવી, તો આ વાત રાજયની આવકો વધારવા માટે થઈને, સાંભળવા માટે થઈને પણ નાણામંત્રીશ્રીની ધીરજ ના હોય એટલા માટે કે તેમના સમયકાળ દરમિયાન.

**શ્રી વજુભાઈ વાળા** : તમારી સાથે આટલા વર્ષ સુધી સાંભળીએ છીએ અને હજુ પણ સાંભળુ છું. ૪૦ વર્ષથી આપણે ભેગા હતા સાંભળતો જ આવ્યો છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : આ ડાહયા ડમરા બિલ લઈને આવ્યા છે કે આપણે આવતા ત્રણ વર્ષની અંદર મહેસૂલી ખાધ છે તેને નાબૂદ કરવી છે, કયાંથી થાય. રાજયની આવકો ડ્રેઈન આઉટ થાય અને એક રૂપિયાનું નુકસાન થાય અને સો રૂપિયાની બરકત જતી હોય છે. આ ગૃહની અંદર રાજયની આવકો વધે તે માટે આપણા સૌની ભાવના હોય, આપણી ઈચ્છા હોય અને તેનો લાભ ગુજરાતની પ્રજાને મળે. આપણી ઈચ્છા હોય છે કે આ રાજયની ડિસિપ્લીન માટે થઈને નાણાં ખાતું મેં પહેલાં કહયું છે કે નાણાં ખાતું હંમેશા એક ઘરરખ્ખું સ્ત્રી જેવું હોય છે કે કયારેય પણ ખામી વર્તાવા દે નહીં તેને કારણે આ નાણાં ખાતું કરી રહયું છે પણ આપણે જરૂરિયાત ના હોય અને કરજ લેતા જઈએ અને તેને કારણે આપણું કરજ વધતું જાય છે તેના એકાદ બે ઉદાહરણ આપીને મારી વાતને ટૂંકાવી દઈશ.

મારી ઈચ્છા હતી કે વિસ્તૃત વાતો થાય. તો આવતા દિવસોની અંદર આપણને ગાઈડ લાઈન મળે, આપણને તેનું માર્ગદર્શન મળે કે ભૂતકાળની અંદર કયાં ક્ષતિ થઈ છે. કોઈએ એમ કહયું અગાઉમાં કે અગાઉ ૧૫ વર્ષ માટેની ટેકસ રાહતો આપવામાં આવતી હતી અમે તો પાંચ વર્ષની આપી છે. નેશનલ ડેવલપમેન્ટ કાઉન્સિલના આદેશ પ્રમાણે ભારતનું કોઈ રાજય ૨૦૦૦ પછી જે છે તે વધુ રાહતો આપી શકતું નથી. પાંચ વર્ષની આપણે રાહત આપી તે ભૂકંપગ્રસ્ત વિસ્તારો માટે કેન્દ્રની એકસાઈઝ પોલિસી આવી તેને અનુસાર માત્ર આપણે આપી છે પણ એક દરખાસ્ત એવી આવે છે જેની ચર્ચા થઈ રહી છે. અગાઉ કોઈ ઉદ્યોગને આપવામાં આવેલી રાહત ઉદ્યોગ શરુ થાય છે ત્યારે તેની કોસ્ટ વધી ગઈ છે તેને કારણે વધારેલી કોસ્ટનો પણ સમાવેશ કરવામાં આવે આ એક પંડોશ બોકસ આપણે ખોલવા જઈ રહયાં છીએ. મારે ભયસ્થાન કહેવું છે રાજયની આવકો તમે સરભર કરવા માગો છો અત્યારે નહી થઈ શકે એટલા માટે થઈને આ બિલનું હાર્દ છે તેને સાર્થક કરવું હોય તો આવતા દિવસોમાં આપણે નાણાકીય શિસ્ત માટેના ધોરણો છે તેનાથી જરા પણ વિચલિત નહી થઈ શકીએ. નાણા ખાતા પાસે આવે ત્યારે ચકાસણી કરે અને તેની અંદર રાજયને કોઈ નુકસાન આવકોને ના થતું હોય તો જ આને આગળ વધારે એવું આપના મારફતે ધ્યાન દોરું છું કહેવાનું ખૂબ છે તેમાં કેટલાય એવા evasion છે કે આપણે નાણાં પંચને આપણું રાજયનું માનનીય સનત મહેતા સાહેબનું નાણા પંચ હતું તે પછી એશિયન ડેવલપમેન્ટ બેન્કની લોન લેવાની હતી ત્યારે તેમની પણ કેટલીક બાબતો હતી અને તેને કારણે ખોટ ખાતી કંપનીઓ બંધ કરવાની restructuring and reform ત્રણેયનું હતુ. Restructuring ની અંદર આપણે તેની લોન disburse થઈ તેને કારણે નહીં કેટલા ખોટ કરતા એકમો બંધ કર્યા. ૧૭ સ્લેબમાંથી સેલટેક્ષના પણ આપણે ૬ સ્લેબ કર્યા અને જયાં જયાં ઓછા સ્લેબ કર્યા ત્યાં આવકો વધી પણ ખરી. અલંગના શીપ બ્રેકીંગ યાર્ડની અંદર ૪ ટકાના ૨ ટકા કર્યા તો તેની આવકો વધી પણ કેટલાક ઉદ્યોગોની અંદર દેખીતી રીતે, દેખાય

આવે કે ઈમ્પોર્ટ આટલી વસ્તુ થાય છે હું મારા પોતાના ઉપર લઉં છું. મારા જિલ્લામાંથી ટેક્સ ચોરી થતી હોય એ રોકવા માટેનો પ્રયત્ન નહીં કરીએ તો આવતા દિવસોમાં આને કેવી રીતે સરભર કરી શકીશું? એટલા માટે હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે ટેક્ષ ઈવેશન કરતા હોય એની પ્રત્યે કડક પગલાં લેવાં જોઈએ અને એ ના લેવાય તો આ બિલ મંજૂર કરીશું તો એની કોઈ સાર્થકતા આવતા દિવસોમાં નહીં દેખાય. એટલે આ મંજૂર કરીએ ત્યારે એની સાર્થકતા રહે એટલી વાત માનનીય મંત્રીશ્રી સમક્ષ મૂકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારે ત્યાં આયાતી લાકડાની આવક થાય છે અને એ આવક ૨ હજાર કરોડ રૂપિયાની થતી હોય તો રાજયની તિજોરીમાં ટેક્સ આવતો હોય છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ ૧૩૦ ઉપર માનનીય સભ્યશ્રીનું ધ્યાન દોરું છું કે ૧૩૦(૨) માં બહુ સ્પષ્ટ છે કે (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી બાબુભાઈ એક સિનિયર સભ્યશ્રી છે એટલા માટે હું નિયમ ટાંકીને તેમને કહેવા માગું છું કે નિયમમાં એમ કહયું છે કે (અંતરાય) માનનીય બાબુભાઈ તો નાણામંત્રીશ્રી તરીકે રહી ચૂકયા છે અને આ બિલમાં કયાંય આયાતી લાકડું આવતું નથી, અપ્રસ્તુત વાતો કરવાની પણ કોઈ મર્યાદા હોવી જોઈએ અને માનનીય સભ્યશ્રી એ મર્યાદા ચૂકયા છે ત્યારે મારે તેમને નિયમ બતાવવો જોઈએ. તો નિયમ એ છે કે જે દિવસે પ્રસ્તાવ લાવવો હોય એ ૪ દિવસની અંદર આવવો જોઈએ. એમાં ૧૩૦ (૨) માં કહયું છે કે વિધેયકના પહેલા વાંચન વખતે વિધેયકનો સિધ્ધાંત, તેની સામાન્ય જોગવાઈઓ અંગેની ચર્ચા થઈ શકશે, પરંતુ વિધેયકની વિગતવાર જોગવાઈઓ અને એની ઉપર તેનો સિધ્ધાંત સમજાવવા માટે જરૂરી હોય તે કરતાં વધુ ચર્ચા કરી શકાશે નહીં તેમજ આ વિધેયક ઉપર કોઈ સુધારો રજૂ કરશે નહીં. આ વિધેયકનો સિધ્ધાંત સમજાવવાનો તેમનો અધિકાર છે, પરંતુ એમાં 'આયાતી લાકડું' એ બાબતની વાત સાંભળી ત્યારે (અંતરાય) નિયમ ૧૩૦(૨) પ્રમાણે આ બિલમાં એ ના આવે. આપે એ વાત વન વિભાગની ચર્ચા વખતે કરવી જોઈતી હતી, એ વખતે આયાતી લાકડા વિશે બોલવું જોઈતું હતું. આ તો લાકડાના વેપારીઓ આવ્યા છે એટલે એ વાત કરવાની છે. હું નિયમ ૧૩૦(૨) ઉપર ધ્યાન દોરીને માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીને વિનંતી કરવા માગું છું કે તેમના માનનીય સભ્યશ્રીને સમજાવે કે તેઓશ્રી સિનિયર સભ્યશ્રી છે અને એ જાણે છે કે કયા નિયમની મર્યાદામાં શું આવે છે. એટલે એનું પાલન થાય તો સભાગૃહની કાર્યવાહી આગળ ચાલે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા સભ્યશ્રી જે બોલે છે એ તેઓ નાણાકીય બાબતોના જાણકાર છે. માનનીય અશોકભાઈને વિષયની ખબર ના હોય એટલી 'આયાતી લાકડું' છે એટલા જ શબ્દોને બાંધી લે છે, પરંતુ એના રેફરન્સમાં ફિસ્કલ મેનેજમેન્ટ બિલ છે એનો સ્કોપ ખૂબ મોટો છે. આ રાજયની નાણાકીય સ્થિતિ મજબૂત કરવા માટેનું બિલ છે એટલે રેફરન્સ ટુ કોન્ટેકસમાં આ બધા જ માનનીય સભ્યશ્રીઓ બોલ્યા છે એ આવે જ છે. એટલે એમાં કોઈ પોઈન્ટ ઓફ ઓર્ડર આવતો જ નથી. માત્ર 'આયાતી લાકડું' એવા શબ્દો બોલ્યા અને ફીસ્કલ મેનેજમેન્ટમાં આ શબ્દોચ્ચાર ના કરી શકાય એવું છે જ નહીં. એટલે માનનીય અશોકભાઈને વિનંતી છે કે જયારે બાબુભાઈ ઉભા થાય ત્યારે વારંવાર તેમને ડિસ્ટર્બ કરે છે, એમના કોઈ જૂના હિસાબ કિતાબ હોય તો એ બહાર પૂરા કરવામાં આવે, પરંતુ અહીંયાં તેમને બોલવા દે, પોતાની વાત કરવા દે એટલી મારી તેમને વિનંતી છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીને મારી વિનંતી છે કે તેમના સભ્યશ્રીને સમજાવે કે આ બિલના સિધ્ધાંતની મર્યાદામાં બોલવાનું છે અને એમાં ગમે તેટલું બોલે એમાં કોઈ અમને વાંધો નથી, પરંતુ સિધ્ધાંતની મર્યાદા નિયમ ૧૩૦(૨) માં બતાવેલી છે એ મર્યાદામાં રહીને વાત કરે એટલી જ મારી વિનંતી છે અને એ વાત આપ જોઈ લો. મારી તેમને કોઈ ડખલગીરી કરવાની વાત નથી, પરંતુ આપ આપના સભ્યશ્રીને કહી શકતા નથી.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : એ બરાબર બોલે છે.

**શ્રી અશોક ભટ્ટ** : એ બરાબર બોલતા નથી એ જ મારે કહેવાનું છે એ એમાં નથી આવતું અને બરાબર બોલે છે કે નહીં એ માનનીય અધ્યક્ષશ્રીને નકકી કરવા દો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અશોકભાઈ તો આ સભાગૃહના ખૂબ સિનિયર સભ્ય છે અને બિલો ઉપર બોલવાનો તેમનો રેકર્ડ બે-બે, ત્રણ-ત્રણ અને ચાર-ચાર કલાકનો સામાન્ય રીતે તેમણે રેકર્ડ સ્થાપેલ છે અને ગૃહ શાંત ચિત્તે એ સાંભળતું હોય કારણ કે તેમની મૌલિક વાતો, કેવી મૌલિક વાતો જે આપણને ગમે અને ધીરજપૂર્વક સાંભળવી પડે. મારે આ બિલનો જે હાર્દ છે એના માટે પ્રોસ એન્ડ કોન્સની વાત કરવી પડે અને એના માટેની ભૂમિકા બાંધવી પડે.

રાજયની આવક કયાંથી આવે છે અને કયાં ડ્રેઈન આઉટ થાય છે અને જે જગ્યાએ આપણે અંદાજ કાઢીએ કે સો કરોડ આવવાના છે અને માત્ર ૯૫ કરોડ આવે તો સમજી શકાય, પણ માત્ર દસ કરોડ આવતા હોય ત્યારે આપણે સચેત થવું જોઈએ. અને સચેતતા નાણા ખાતાના કુશળ અધિકારીઓ રાખે છે અને સતત જાગૃતિ પણ રાખતા હોય છે, કોણ શું કરી રહ્યા છે તેના ઉપર. પણ તેઓ જયારે પગલાં લેવા માગતા હોય ત્યારે તેના ઉપર કયાંયથી રૂકવાટ ન આવે તેવી કાળજી માનનીય નાણા મંત્રીશ્રી રાખશે તો આવતા દિવસોમાં

રાજયની આવક ચોક્કસ વધારી શકાશે. કારણ કે રાજયમાં ઔદ્યોગીકરણ, વાયબ્રન્ટ ગુજરાત અને પતંગોત્સવ જેવા મહોત્સવો પછી રોકાણો આવ્યા છે તે જયારે સ્ટ્રીમમાં આવશે ત્યારે, કારણ કે આ રોકાણોમાં કોઈ સેલ્સટેક્સ બેનિફિટ કચ્છ સિવાય કોઈને મળવાનો નથી, જયારે તે ઉદ્યોગો આવે ત્યારે એમાં કોઈ નુસ્ખા ન કરે તેની કાળજી પણ લેવાની છે. ઘણી વખત નુસ્ખા કેવા થતા હોય છે તેની વાત કરીએ તો આજુબાજુમાં કોઈ એક કંપની છે તેને ટેકસ બેનિફિટ આપતા હોઈએ, અને તેની બાજુમાં નવી કંપની આવે તેને સેલ્સટેકસ બેનિફિટ ન મળતો હોય, ત્યારે એ નવી ઉભી કરેલી કંપનીનું ઉત્પાદન જુની કંપનીમાંથી વેંચવામાં આવે છે અને રાજયને નુકસાન થાય છે એવા કેટલાક દાખલા નાણા મંત્રીશ્રી સાંભળવા તૈયાર હોય તો અત્યારે પણ હું આપવા તૈયાર છું, પણ હું આ ગૃહની ચિંતા છે તે વ્યકત કરી રહ્યો છું આ બિલ છે એમાં આપણે ન માત્ર મહેસૂલી ખાધ પરંતુ તેના કર્જમાં પણ વિચારવું જોઈએ, રાજયની આવક છે અને જે ઉત્પાદન છે તે પણ અમુક પ્રમાણ કરતાં વધવું જોઈએ નહીં તેવી ગાઈડ લાઈન પણ આ બિલમાં આપેલી છે. રાજયનું જે ઉત્પાદન છે તેના પ્રમાણમાં રાજયનું કર્જ સિમિત રહેવું જોઈએ તે વાત પણ આવે છે. રાજયનું કર્જ કયારે ન વધે કે જયારે આવક વધારે હોય, અને વ્યાજ અને કર્જ ઓછું હોય, તો જ આપણે તેને પહોંચી શકીએ. ઔદ્યોગીકરણના કારણે જયારે રાજયનું ઉત્પાદન વધવાનું છે ત્યારે આ રાજયની સેલ્સટેકસની આવક છે તેમાં હું કહું તો ૧૯૯૩ થી આ હું કહેતો આવ્યો છું કે બે લાખ કરોડ રૂપિયાનું ઔદ્યોગિક રોકાણ આ રાજયમાં હોય તો સ્વાભાવિક પણે ૪ ટકાના હિસાબે આઠ હજાર કરોડ રૂપિયાની આવક હોવી જોઈએ. પણ આ તો એ વખતની વાત છે, તે પછી તો ઔદ્યોગિક રોકાણ વધ્યું છે અને લિગ્નાઈટ અને પેટ્રોલિયમ પ્રોડકટમાં ૨૦ ટકાનો ટેકસ છે અને મોટર સ્પીરીટમાં પણ છે, તો આમાં રાજયની ડાયરેકટ ઈન્કમ ૧૩ હજાર કરોડ છે તે વધીને ૨૦ હજાર કરોડ થવી જોઈએ. તે શેના કારણે નથી થતી? સરકારી જમીન આપણે પાણીના મૂલે વેચીએ તો સ્ટેમ્પ ડયુટીમાં પણ માર પડે અને આ ગૃહ સમક્ષ મેં આંકડા આપેલા છે દક્ષિણ ગુજરાતથી કચ્છ સુધીના આપેલા છે જયારે ઉદ્યોગોને અપાતા પાણીના દર સ્વીકારેલા હોય અને અમુક લોકો ભરતા હોય અને કેટલાક લોકો ઠાગાઠૈયા કરીને બીજા રસ્તાઓ લઈ અને પૈસા ભરતા ન હોય ત્યારે એમની પાસેથી પૈસાની વસૂલાત કરવા માટે તંત્રએ જાગૃતિ રાખવી પડશે. રૂરલ ડેવલપમેન્ટના બે ટકા રાજયની તિજોરીમાં પૈસા જમા થાય છે તે આપણને કામ આવે છે, જે હેતુ માટે છે તે ગોકુળિયું ગામ યોજનામાં કામ આવશે, આ પૈસા કેટલાક ઉદ્યોગોએ નથી ભર્યા તે સાબિત થઈ ગયું છે તેનું લિસ્ટ પણ આવી ગયું છે તો તેની પાસેથી વસૂલાત કરવા માટે શું કરવા માગો છો? આવતા દિવસોમાં રાજયની આવક વધે અને માત્ર, જેમ માનનીય જેસાભાઈએ કહ્યું તેમ કરજ કરીને ઘી ખાવાની વાત છે, પણ અમે વાણિયા એવું ન કરીએ, હું તો એમ કહું છું કે પછેડી હોય તે પ્રમાણે સોડ રાખીને ચાલવું જોઈએ. આ વ્યાજ તો ૨૪ કલાક ચાલતું હોય છે તેનો કાંટો કયારેય અટકતો નથી. એટલે પાંચ કરોડની પ્રજા વ્યાજના બોજામાં વધુ ને વધુ પીસાતી જાય છે તેને કન્ટ્રોલ કરવા માટે આ બિલનો ઉપયોગ થઈ શકે એમ છે. એટલે મારા નેતાશ્રીએ જે વાત કરી છે તે વાતમાં આ બિલની અંદર કોઈ વિરોધ હોઈ શકે નહીં, પણ તેનું અમલીકરણ સારી રીતે થાય તે રાજયના હિતમાં ખૂબ જરૂરી છે. પણ અમલીકરણ કયારે થશે કે નાણા ખાતું જો આના માટે સજાગ રહેશે. બાકી તો જતું કરવાની રીત છે અને મૂળ રકમ પણ જતી થાય તેવા કેટલાક દાખલા પણ મેં આપેલા છે. રાજયનું કર્જ આપણે વિકાસના કામ માટે કરીએ છીએ તેથી એનો ઉપયોગ વિકાસના હેતુ માટે જ થાય છે કે કેમ એ પણ જોવું પડશે. કારણ કે એનું વ્યાજ આપણે ભરવું પડતું હોય છે. આ બધી બાબતો હું એટલા માટે કહી રહ્યો છું કારણ કે આ ભાજપના શાસનમાં કર્જ વધ્યું છે એના પુરાવા મારી પાસે છે એટલા માટે કહેવા માગું છું કે ૨૦૦૦ સુધીમાં રોજના દસ કરોડના હિસાબે ૨૦હજાર કરોડ ડ્રેઈન આઉટ થયા છે ત્યારે એની તપાસ કરવા માટે આ ધારાસભ્યોનું પંચ નીમે તેવી વિનંતી કરું છું.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : અમારા માનનીય સભ્યશ્રી બોલ્યા એટલે માનનીય મંત્રીશ્રી વજુભાઈની એકાગ્રતા તૂટી ગઈ છે. તેથી માનનીય નટવરસિંહભાઈને પાંચ મિનિટ બોલવાની તક આપવામાં આવે તો તેઓશ્રીની એકાગ્રતા પાછી આવી જાય.

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બાબુભાઈની શકિત વિશે મને માન છે. થોડો સમય તમારી ભેગા રહેવા દો એ તમારી એકાગ્રતા પણ તોડી નાખશે.

હું આપને કહીશ કે આ બિલની અંદર ઈનગ્રેડીયન રેવન્યુ ડૅફિસિટ, ગ્રૉસ ફિસ્કલ ડૅફિસિટ, આઉટસ્ટેન્ડિગ ગૅરન્ટી આ ચાર જ બાબત છે. મને લાગે છે કે જોઈએ એના કરતાં વધારે ચર્ચા થઈ છે. આમાં કોઈ સભ્યશ્રીનો વિરોધ નથી. આ બિલ ગમે તે પક્ષની સરકાર હોય એણે લાવવું જોઈએ.

**સભાપતિશ્રી** : માનનીય મંત્રીશ્રી, બે મિનિટ નટવરસિંહભાઈને આપીએ.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ જે બિલ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય વજુભાઈ તો ભારતીય જનતા પાર્ટીમાં સિનિયર નેતા છે ત્યારે ગુજરાતમાં નાણાંના સ્ત્રોત કઈ રીતે વધારવા અને એ રકમ કઈ રીતે ખર્ચવી એ બહુ જ વિચારવા જેવું છે. નાણાં કેવી રીતે મેળવવા એ તો વાણિયાને ખબર પડે અને બીજી બ્રાહ્મણને ખબર પડે. ડાહી માના દીકરા હોય એને ખબર પડે. માનનીય મંત્રીશ્રીમાં સૂઝ સમજ હોત તો આટલું બધુ દેવું ન થયું હોત. આ રાજયમાં પૈસા કેવી રીતે વપરાય છે એ બતાવું તો આપણે મોટા મોટા બિલ્ડિંગો બનાવવા પાછળ પૈસા વાપરીએ છીએ. કૃષિ ભવન બનાવ્યું એની શું જરૂર હતી. નાની ઝૂંપડી બરાબર છે. મહેલો બાંધવાની કોઈ જરૂર નથી. એ રકમનો ઉપયોગ જો વિકાસ પાછળ કર્યો હોત તો ઘણા બધા કામો થઈ શકયા હોત. નાણું નાણાંને ખેંચી લાવે. નાણું કઈ રીતે મેળવવું અને કઈ રીતે વાપરવું એના માટે અમારા બાબુભાઈ જે વાણીયા છે એની સલાહ લો, એવા થોડાક સલાહકાર રાખો, જેથી ખોટો પૈસાનો ખર્ચ ન થાય.

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ ઉપર માનનીય સભ્યશ્રીઓએ આર્થિક બાબતો અંગેની ચર્ચાઓ કરી છે. બિલનો કોઈ વિરોધ નથી. આ બિલ કોઈ એવા ડિસ્પ્યુટેડ સિદ્ધાંતવાળું નથી કે જેને કારણે મતમતાંતર હોઈ શકે. આ બિલ એટલે રાજયની જે કંઈ આર્થિક પરિસ્થિતિ છે એ આર્થિક પરિસ્થિતિને કંટ્રોલમાં રાખવા માટે, તેને સુવ્યવસ્થિત કરવા માટે થઈને આ બિલ લાવવામાં આવેલ છે. આ બિલમાં મુખ્ય ચાર આશય છે કે આપણી જે રેવન્યુ ડેફીસીટ છે એ અત્યારે જેટલી હોય તેમાંથી ૨૦૦૭ અને ૨૦૦૮ના અંતે આપણે આપણી રેવન્યુ ડેફીસીટ ઝીરો કરી દઈશું. આ એક મુખ્ય આશય છે. બીજી વાત એ છે કે આપણો ગ્રોસ ફીસ્કલ ડેફીસીટ એટલે જી.એફ.ડી. કેટલો છે તેને ગ્રોસ સ્ટેટ ડોમેસ્ટીક પ્રોડકટ, જી.એસ.ડી.પી. જે રાજયના ઘરગથ્થું ઉત્પાદન છે તેની સાથે બન્નેનો રેશિયો એટલે રાજયનું દેવું અને રાજયનું ઘરગથ્થું ઉત્પાદન ૩૦ ટકાથી વધવું ન જોઈએ એ બીજો સિદ્ધાંત છે અને ત્રીજી વાત છે કે આપણું કરજ છે અને ગ્રોસ સ્ટેટ ડોમેસ્ટીક પ્રોડકટ એટલે રાજયનું ઘરગથ્થું ઉત્પાદન ૩૦ ટકાથી વધુ ન હોવું જોઈએ. એ ૨૦૦૭ અને ૨૦૦૮માં ત્યાં સુધી લાવવા માટેની વાત અને જે આપણે ગેરેન્ટી આપીએ છીએ એ ૨૦૦૭ અને ૨૦૦૮માં ૨૦ કરોડથી વધવું ન જોઈએ. તેના માટેની વાત છે.પહેલી વાત છે, રેવન્યુ ડેફીસીટ જે ૨૦૦૫-૦૬માં જે અંદાજવામાં આવ્યું છે એ રેવન્યુ ડેફીસીટ ૧૪૩૯ કરોડ થશે. આ રેવન્યુ ડેફીસીટ ૨૦૦૦-૦૧માં ૬૩૦૨ હતું. તેમાંથી ઘટતું ઘટતું ૧૪૩૯ કરોડ થાય પરંતુ આ જે રેવન્યુ ડેફીસીટ છે તેને ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલે આપણને સૂચના આપી છે કે તમે જેને ગ્રાન્ટ આપો છો એ ગ્રાન્ટ તમે બે હેતુ માટે આપો છો. હેક રેવન્યુ એટલે કે મહેસૂલી ખર્ચ કરવા માટે અને એક મૂડી માટે આપો છો. તો તમે જે મૂડી ખર્ચ માટે આપો છો તે રેવન્યુ એકસપન્ડીચર છે તેમાંથી એ રકમ ઘટાડી દેવી જોઈએ. એટલે ૧૪૩૯ કરોડમાંથી આ ૬૯૦ કરોડ રૂપિયાની રકમ તમારે ઘટાડવી જોઈએ. એટલે તમારી રેવન્યુ ડેફીસીટ, મહેસૂલી ખાધ ૭૪૯ કરોડ રૂપિયા થશે. ૭૪૯ એટલે આપણી જે મહેસૂલી આવક છે તેના પ્રમાણમાં જોઈએ તો મહેસૂલી ખાધ ૩.૨૨ ટકા થશે. આજે આપણે જોઈ શકીએ, ૨૦૦૧માં જે ૪૦ ટકા મહેસૂલી ખાધ હતી, ૨૦૦૩-૦૪માં ૨૦ ટકા મહેસૂલી ખાધ હતી એ મહેસૂલી ખાધ ૨૦૦૫-૦૬માં ૩.૨૧ રહેશે અને આ મહેસૂલી ખાધ આપણે બિલ મુજબ જે ૨૦૦૭-૦૮માં ઝીરો કરવાની છે તેના બદલે જે ફકત ૩.૨૨ જ મહેસૂલી ખાધ છે. આ મહેસૂલી ખાધ ૨૦૦૭-૦૮ના બદલે ૨૦૦૬-૦૭માં ઝીરો લાવી દઈશું. એ નિર્વિવાદ વાત છે. હું આ એટલા માટે કહું છું કે રેવન્યુ ડેફીસીટ છે તેમાં આપણી જે મહેસૂલી આવક છે તે વધતી જાય છે. ૨૦૦૦-૦૧માં ૯૦૦૦ કરોડ હતી. ૨૦૦૫-૦૬માં ૧૩,૯૦૦ કરોડ એટલે અંદાજે ૬૦ ટકા જેટલો મહેસૂલી આવકમાં વધારો થયો છે જયારે મહેસૂલી ખર્ચમાં ત્યાંને ત્યાં ઉભા છીએ અથવા તો નજીવો મહેસૂલી ખર્ચ થયો છે. મહેસૂલી ખર્ચ ઓછો થાય છે અને મહેસૂલી આવક વધે છે જેના કારણે મહેસૂલી ખાધ દિવસે દિવસે ઘટતી જાય છે અને આવતા વર્ષે આ જે મહેસૂલી ખાધ છે એ ૨૦૦૬-૦૭માં નિર્વિવાદપણે ઝીરો થઈ જશે તેમાં કોઈ સવાલ નથી. બીજી જે વાત છે કે આપણી ફીસ્કલ ડેફીસીટ કેટલી છે. અને fiscal deficit એટલે આપણું મહેસૂલી ખર્ચ, મહેસૂલી મૂડી અને મહેસૂલી આવક. એમાંથી મહેસૂલી ખર્ચ અને મહેસૂલી મૂડી બાદ કરીએ અને જે આપણે બીજાને લોન આપી હોય, લોનની પેશગીઓનું જે વળતર મળે એ એમાં ઉમેરવામાં આવે તો અને જે બાકી રહે એને fiscal deficit કહેવામાં આવે. આ fiscal deficit આપણું જે મહેસૂલી ખર્ચ પણ ઘટતું જાય છે, મહેસૂલી આવક વધતી જાય છે. એના કારણે મહેસૂલી deficit ઓછું થતું જાય છે. અને ચોક્કસ છે કે એ રાજયનું ઘરગથ્થું ઉત્પાદન બે બાબતો ઉપર આધાર રાખે છે. આપણા રાજયની અંદર agriculture product છે એમાં કેટલો વધારો થયો છે? ઔદ્યોગિક રીતે કેટલો વધારો થશે? Service sector ની અંદર કેટલો વધારો થયો છે? Agriculture, industries and service sector આ ત્રણેયની અંદર સરવાળો થાય. એ આ વર્ષનું આ રાજયનું ઘરગથ્થું ઉત્પાદન કહેવાય. આપણું સ્પષ્ટ ઘરગથ્થું ઉત્પાદન અત્યારે ૪.૦૬ ટકા છે. એના બદલે આ બિલની અંદર ૨૦૦૮-૦૯ની અંદર આપણે ૩ ટકા કરવા માગીએ છીએ. પરંતુ આપણે જોઈએ છીએ કે, ગુજરાત રાજયની અંદર જે નવા ઉદ્યોગો માટે એમ.ઓ.યુ. થયા છે, જે કચ્છ વિસ્તારમાં નવી ઇન્ડસ્ટ્રીઝ થઈ છે

અને કુદરતી રીતે છેલ્લા દોઢ વર્ષથી માર્કેટ પણ સારું છે. એના કારણે આપણે ઇન્ડસ્ટ્રીઝ, એગ્રીકલ્ચર એમાં એગ્રીકલ્ચર ઉત્પાદનમાં ચેકડેમના કારણે એક-બે વર્ષની અંદર અને નર્મદા યોજનાના પાણી મળતાં થઈ જશે,

સુજલામ્-સુફલામ્નાં પાણી મળતા થઈ જશે અને ખેડૂતો જે આધુનિક પ્રણાલી પ્રમાણે ખેતી કરે છે એના કારણે આપણી એગ્રીકલ્ચર પ્રોડકટ વધશે, આપણી ઔદ્યોગિક પ્રોડકટસ વધશે અને દિવસે દિવસે સર્વિસ સૅકટરની અંદર આવક વધશે. આ ત્રણેય આવક વધશે એના કારણે રાજયનું ઘરગથ્થું ઉત્પાદન ચોક્કસ વધશે. એકતરફ fiscal deficit ઓછું થાય અને એગ્રીકલ્ચર ઉત્પાદન વધે તો ૪.૦૬ ટકા છે એના બદલે ૩ ટકાએ ચોક્કસ લાવી શકીશું. આપણે બિલની અંદર મૂક્યું છે. ૨૦૦૮-૦૯ની અંદર ૩ ટકાએ પહોંચી શકીશું. ૨૦૦૬-૦૭ની અંદર પહોંચી જઈશું. એ જ રીતે આપણું કરજ છે એ કરજ આપણા રાજયનું ઘરગથ્થું ઉત્પાદન છે એ ૩૦ ટકા હોવું જોઈએ. આજે ૩૧-૧૨-૦૪ના રોજ ૫૬૪૩૮ કરોડ રૂપિયાનું કરજ છે. આ કરજની સાથોસાથ આપણું ઘરગથ્થું ઉત્પાદન વધે એના કારણે ૩૦ ટકાએ પહોંચી જઈશું. આ ૨૦૦૭-૦૮ના બદલે ૨૦૦૬-૦૭ની અંદર પહોંચી શકીશું. આપણી ગૅરન્ટીની મર્યાદા ૧૭૬૨૪ કરોડ છે. એને બદલે ૨૦૦૭-૦૮ની અંદર ૨૦ હજાર કરોડની ગૅરન્ટી મર્યાદા રાખવાની. પણ આપણે ગૅરન્ટીની મર્યાદા ૨૦ હજાર કરોડ કરતાં ઓછી કરીશું. એટલા માટે થઈને જી.ઈ.બી.ને આપેલી ગૅરન્ટી બીજી independent power projects ને આપેલી ગૅરન્ટી દિવસે દિવસે ઓછી થતી જાય છે. સહકારી ક્ષેત્રમાં નવી ગૅરન્ટી આપતા નથી, જૂની ગૅરન્ટી આપણને પાછી મળતી જશે અને ગૅરન્ટીને પહોંચી શકીશું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓએ જે દહેશત બતાવી છે કે કરજ વધતું જાય છે. હું ફરીથી કહું છું કે, કરજ જે છે એ આપણી ઇચ્છા પ્રમાણે નથી મળતું. ગુજરાત રાજય કે કૅબિનૅટ કે વિધાનસભા નક્કી કરે કે ૨૦ હજાર કરોડ રૂપિયાનું કરજ આપણે લેવું છે તો આપતા નથી. જે કરજ આપે છે એ કેન્દ્ર સરકારની મંજૂરીથી મળે છે. આપણે નાબાર્ડ પાસેથી લોન લેવી હોય, નાબાર્ડ પાસેથી પૈસા લેવા હોય તો પ્લાનીંગ કમિશન નક્કી કરે એટલા પૈસા મળે છે. કોઈ individual ગુજરાત રાજયને, કેન્દ્ર સરકારની મંજૂરી વગર રાજય સરકાર એકપણ પૈસો લઈ શકતી નથી. કેન્દ્ર સરકાર જ્યારે મંજૂરી આપે ત્યારે રાજય સરકારની આર્થિક પરિસ્થિતિ નજર સમક્ષ રાખીને કરજ કરવાની મંજૂરી આપે છે. અને આજની તારીખે, આજના દિવસે એકપણ દિવસ એનું વ્યાજ મોડું ભર્યું હોય, હપ્તો મોડો ભર્યો હોય એવો પ્રસંગ બન્યો નથી.

આપણે માગણાવાળાને સમયસર પૈસા ન આપ્યા હોય એવું કયારેય બન્યું નથી અને ગુજરાત રાજયનું જે ૧૩ સંસ્થા તરફથી રેન્કીંગ આપવામાં આવે છે એ ગુજરાત રાજય એ એ રેંકનું રાજય છે એ રેંકના રાજયની અંદર શું એની પરિસ્થિતિ હશે એ આપ સૌ વિચાર કરી શકો છો. માનનીય ધારાસભ્યશ્રીએ જે વાત કરી છે એ હું તમામ વાતોની અંદરના સૂચનોનો સ્વીકાર કરી અને સ્પષ્ટપણે કહું છું કે આ જે કાયદો બનાવીએ છીએ, આજનું જે બિલ લાવીએ છીએ એ બિલની અંદર જે તારીખો આપી છે એ તારીખો કરતા એક વર્ષ આપણે વધુમાં વધુ એક વર્ષ અગાઉથી આ બધું પ્રાપ્ત કરી શકીશું અને બાકીના માનનીય સભ્યશ્રીઓએ જે વાત કરી છે, કરજ વધારવા માટેની, બીજા કામ માટેની એનો હું સૂચન તરીકે સ્વીકાર કરી અને હું ચોકકસ એ દિશામાં આગળ વધીશ એટલે માનનીય સભ્યશ્રીઓને હું વિનંતી કરીશ કે આ બિલ એ કોઈ ડીસ્પ્યુટેડ બિલ નથી. તમામ લોકો એ બિલને સર્વાનુમતે સ્વીકારે એવી સૌને વિનંતી

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક: ૧૧-સન ૨૦૦૫નું ગુજરાત રાજવિત્તીય જવાબદારીઓ વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૧૧ કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક: ૧૧-સન ૨૦૦૫નું ગુજરાત રાજવિત્તીય જવાબદારીઓ વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**સભાપતિશ્રી** : સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક: ૧૧ સન ૨૦૦૫નું ગુજરાત રાજવિત્તીય જવાબદારીઓ વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૦૫નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૩
## ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટી વિધેયક, ૨૦૦૫

### કાયદા દ્વારા ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટી, નડિયાદ, ગુજરાતની સ્થાપના કરવાની અને તેમ કરીને તેને યુનિવર્સિટીનો દરજ્જો આપવાની અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતોની જોગવાઈ કરવા બાબત વિધેયક.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શિક્ષણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંક ૧૩ સન ૨૦૦૫નું ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટી વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

**સભાપતિશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંક ૧૩ સન ૨૦૦૫નું ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટી વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૬૮થી નડિયાદ ખાતે ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજીની સ્થાપના કરવામાં આવી હતી. આ નડિયાદના જ વતની અને શિક્ષણપ્રેમી અને નાગરિક, અને ઉદ્યોગવીર એવા શ્રી ધર્મસિંહ દાદુભાઈ દેસાઈ દ્વારા આ ઈન્સ્ટિટયૂટની સ્થાપના કરવામાં આવી હતી. આ સંસ્થામાં ગુજરાતના ઔદ્યોગિક વિકાસને વેગ આપવાના હેતુથી એની પ્રાથમિક જરૂરિયાત રૂપે કેમીકલ એન્જિનિયરના શિક્ષણની શરૂઆત થઈ હતી. એમના પિતાજી પણ સ્વાતત્ર સેનાની હતા. જાહેર જીવનમાં ઉમદા સ્થાન અને પ્રતિભા ધરાવતા હતા. મહાત્મા ગાંધીજી અને સરદાર પટેલના નિકટના સાથીદાર પણ હતા. એમના તરફથી આ ઈન્સ્ટિટયૂટને ૪૨ એકર જમીન ફાળવવામાં આવી હતી અને કેમિકલ એન્જિનિયરીંગના શિક્ષણમાં નામના અને પ્રતિષ્ઠા મેળવીને સંસ્થાએ ઈલેકટ્રોનિકસ એન્ડ કોમ્યુનિકેશન, સિવિલ ઈજનેરી, ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કન્ટ્રોલ, કોમ્પ્યુટર એન્જિનિયરીંગ તેમજ ઈન્ફર્મેશન ટેકનોલોજીના ઈજનેરી પદવી અભ્યાસક્રમો શરૂ કર્યા. હાલમાં માસ્ટર ઓફ એન્જિનીયરીંગ તેમજ પી.એચ.ડી.ના અભ્યાસક્રમોનો વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યા છે. પી.એચ.ડી. અભ્યાસક્રમોમાં ઈન્ડિયન ઈન્સ્ટિટયૂશન ઓફ મેનેજમેન્ટ, ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન, ગુજરાત યુનિવર્સિટી તેમજ મુદ્રા ઈન્સ્ટિટયૂટ ઓફ કોમ્યુનિકેશન જેવી લબ્ધ પ્રતિષ્ઠિત સંસ્થાના વિદ્યાર્થીઓ અધ્યાપક તરીકે તેમની સેવાઓ આપે છે. આ સંસ્થાના સ્થાપક ધર્મસિંહ દેસાઈ ફાઉન્ડેશનના નેજા હેઠળ ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટયૂટ ઓફ કોમર્સ, ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટયૂટ ઓફ બીઝનેશ એડમિનિસ્ટ્રેશન તેમજ ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટયૂટ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન સુસ્થાપિત છે, એ ઉપરાંત ડેન્ટલ સર્જરીના અભ્યાસક્રમની ૧૦૦ બેઠકોની સુવિધા આવતા વર્ષથી શરૂઆત કરવા માગે છે. ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી ખાતે દેશભરમાં અજોડ એવો બી.ઈ. લીંક એમ.બી.એ.નો સંયુકત અભ્યાસક્રમ પણ ચાલે છે. જે પણ ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન દ્વારા માન્યતા પ્રાપ્ત છે. સંસ્થાના પુસ્તકાલયમાં ૨૫ હજાર કરતાં વધુ પુસ્તકો અને જર્નલ્સ ઉપલબ્ધ છે. એની વિશેષતા એ છે કે આ સંસ્થાની સમગ્ર શૈક્ષણિક કાર્ય પ્રણાલી ૨૦૦૨ ના વર્ષથી આઈ.એસ.ઓ. ૯૦૦૧ ના ઈન્ટરનેશનલ ધોરણો મુજબ કે.પી.એમ.જી. હોલેન્ડ દ્વારા પ્રમાણિત થયેલ છે. કે જે દેશની તમામ યુનિવર્સિટીઓમાં પ્રથમ ઘટના છે. આ સંસ્થા ૧૯૯૦ના વર્ષમાં ગુજરાતની પ્રથમ સ્વાયત્ત કોલેજ તરીકે ઘોષિત થઈ એ પછી એની કામગીરીથી પ્રભાવિત થઈને ૨૦૦૦ના વર્ષમાં યુ.જી.સી. દ્વારા ડિમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થઈ. સમગ્ર શૈક્ષણિક વર્ષ દરમિયાન શિક્ષણ કાર્ય તેમજ પરીક્ષણ કાર્ય તેના વર્ષ પહેલા પૂર્વ નિર્ધારિત થતા સમય પત્રક મુજબ કોઈપણ ફેરફાર કર્યા વગર વિદ્યાર્થીઓને પ્રવેશના પ્રથમ દિવસે જ ચાર વર્ષ પછી આવનારા પદવીદાન સમારંભનું માળખું ઘોષિત થાય છે અને એ મુજબ પરીક્ષા અને પરિણામો તેમજ પદવીદાન સમારંભ પણ યોજાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર કેમ્પસ સાદા પાન-મસાલા તેમજ ગુટખા સહિત તમાકુની કોઈ આઈટમ માટે પ્રતિબંધિત છે. રેગીંગની કોઈપણ ઘટના આજ સુધીમાં બની નથી. વિદ્યાર્થીઓ દ્વારા કોઈ હડતાલનો આશરો અત્યાર સુધીમાં લેવામાં આવ્યો નથી. સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓને તૈયાર કરવા માટે આ સંસ્થા જાણીતી છે. એ ઉપરાંત તાજેતરમાં જ રાષ્ટ્ર કક્ષાએ ૩૦ કવીઝ કોમ્પીટેશનમાં આ સંસ્થાના વિદ્યાર્થીઓએ પ્રથમ સ્થાન અને લીટરરી ઈન્વેન્ટરીમાં રનર્સ-અપ સ્થાન મેળવી અને ગુજરાતને ગૌરવ અપાવવાનું કામ કર્યું છે. આ

---

* વિધેયક તા. ૧૭મી ફેબ્રુઆરી ૨૦૦૫ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેજેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

સંસ્થામાં સરકારી ધારા-ધોરણ મુજબ સરકારી પદ્ધત્તિનું પાલન થાય છે. અત્યાર સુધીમાં યુ.જી.સી. દ્વારા ૮૦ લાખ રૂપિયા ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન દ્વારા રૂપિયા ૩ કરોડની એમને સહાય પ્રાપ્ત થઈ છે. ગુજરાત સરકાર દ્વારા પણ પ્રતિવર્ષ રૂપિયા ૨.૧૦ કરોડનું અનુદાન એમને આપવામાં આવે છે. આ ઉપરાંત આ સંસ્થાને અમેરિકાની અગ્રગણ્ય યુનિવર્સિટી ઓફ આઈઓવા સાથે ઉચ્ચ શૈક્ષણિક સંશોધન અને વિકાસ અર્થે શૈક્ષણિક આદાન-પ્રદાનના સહિયારા કરાર પણ કરેલા છે. એ ઉપરાંત અમેરિકાની જ ઈલીનોઈ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી, શિકાગો સાથે તેમજ કેન મેલન સાથે શૈક્ષણિક વિકાસના સમજૂતિ કરાર પણ છેલ્લા તબક્કામાં છે. અત્રેના સંશોધનો અને વિકાસ કેન્દ્રો દ્વારા વિકસાવાયેલા પોર્ટેટ બિલ્ડીંગ સોફટવેર કેન્દ્ર સરકારમાં નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો દ્વારા માન્ય થયેલ છે. તેમજ સમગ્ર દેશના આશરે ૨૫ હજાર પોલીસ સ્ટેશનમાં ગુનેગારોની ધરપકડ માટે વપરાઈ રહ્યું છે. એ આપણા માટે ગૌરવની બાબત છે. ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધી હત્યા કેસમાં પણ આ સોફટવેર ગુનેગારોને પકડવામાં સહાયક નીવડ્યું હતું. આ સોફટવેરને વધુ વિકસાવવા માટે કેન્દ્ર સરકારે સંસ્થાને ૪૦ લાખ રૂપિયા ફાળવ્યા છે. ઓ.એન.જી.સી. દ્વારા તેના રિઝર્વોયર્સ સ્ટડીઝ માટે સોફટવેર બિલ્ડીંગનો પ્રોજેકટ આ સંસ્થાને અપાયેલ છે. ગુજરાતી માધ્યમમાંથી અત્રે પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને માટે પ્રથમ વર્ષે ઈંગ્લિશ પ્રોફેશનના વર્ગો ચલાવાય છે. બીજા વર્ષે યોગા એન્ડ મેડીટેશનનો અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. ત્રીજા વર્ષે વ્યકિત વિકાસના અભ્યાસક્રમો નિયમિત વર્ગો રૂપે શીખવાડવામાં આવે છે. અભ્યાસના અંતિમ સત્રમાં વિદ્યાર્થીઓએ સંપૂર્ણપણે સંબંધિત ઉદ્યોગ ગૃહમાં રહીને પ્રોજેકટ ટ્રેનિંગ પૂર્ણ કરવાની રહે છે. સંસ્થામાં ૬૦૦ કમ્પ્યુટર તેમજ ૪૦ અદ્યતન પ્રયોગશાળાની સુવિધાઓ છે. પાવર પોઈન્ટ ટીચીંગ મેથર્ડોલોજીનો ઉપયોગ વર્ગ શિક્ષણમાં થાય છે. સંસ્થા પાસે ૬૦૦ બેઠકો ધરાવતું એક અદ્યતન ઓડિટોરિયમ તેમજ ૧૨૫ બેઠકોનો પરિસંવાદ ખંડ પણ ઉપલબ્ધ છે. ૧૮૫ શૈક્ષણિક કર્મચારીઓ ગણ સંસ્થાઓ ધરાવે છે. દરેક વર્ષે આ રીતે રાષ્ટ્રીય કક્ષાએ ટેકનીકલ પરિસંવાદમાં દેશભરમાંથી ૬૦૦ ઈજનેરી વિદ્યાર્થીઓ ભાગ લે છે. આ સંસ્થા સાથે ડિમ્ડ એ જો કામ કરવાનું ચાલુ રાખે તો તેઓને ઈજનેરી પ્રવેશ દેશભરના વિદ્યાર્થીઓ માટે ઓલ ઈન્ડિયા લેવલની પરીક્ષા દ્વારા ખુલી મૂકવી પડે. અત્યાર સુધીમાં ઓલ ઈન્ડિયામાં UGC ની પરમિશન લઈને ગુજરાતના વિદ્યાર્થીને આ સંસ્થામાં પ્રવેશ અપાય છે. પરંતુ વારંવાર માગણી કરવા માટે જવું એના બદલામાં જ્યારે સ્ટેટ યુનિવર્સિટી બને તો આવા કોઈ પ્રશ્નો રહેશે નહિ. એટલા જ માટે હું આ બિલ લાવી છું જેનાથી ગુજરાતના વિદ્યાર્થી માટે આ સંસ્થામાં પ્રવેશનો સાવ જ ધૂંધળી ના બને.

હાલમાં ૫૪૫ ઈજનેરી બેઠકોમાંથી ૨૧૦ બેઠકો રાજ્ય સરકારના અનુદાન હેઠળ છે અને બાકીની ૩૩૫ બેઠકો સ્વનિર્ભર વ્યવસ્થા હેઠળ છે. આથી આ સંસ્થાને જો યુનિવર્સિટી તરીકે જાહેર કરવામાં આવે તો ઉપર્યુકત તમામ બેઠકો પર ગુજરાતના વિદ્યાર્થી માટે પ્રવેશની તક સંપૂર્ણપણે ખુલી થઈ શકે તેમ છે માટે આ બિલ આપણે લાવ્યા છીએ અને હવે બિલની અંદર બધા જ પ્રકારની જોગવાઈઓ કરેલી છે તો ધારાસભ્યોને આપના મારફત વિનંતી છે કે ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટી તરીકે માન્યતા આપવા વિનંતી કરું છું.

**સભાપતિશ્રી** : માનનીય બાબુભાઈ.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણમંત્રીશ્રી ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટીનું બિલ લઈને આવ્યા છે એ બિલને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વ્યાપારીઓ, ઉદ્યોગપતિઓ લક્ષ્મી કમાય અને લક્ષ્મીનો સદ્દુપયોગ જ્ઞાનના પ્રસાર માટે કરીને એ એવા લોકોને માર્ગદર્શક બનતી હોય છે એવા ધર્મસિંહ દાદુભાઈ દેસાઈ કે જેઓ પરંપરાગત કુટુંબ રીતે કહું કે સ્વાતંત્ર્ય સેનાની પરિવાર અને પોતે ટેકનોક્રટ અને એ જમાનામાં જ્યારે કોઈ સરકારની સબસિડી નહોતી મળતી, એ વખતે એમણે એમના ઉદ્યોગનો વિકાસ કરેલો. એમની બ્રાંચો ઘણા ઠેકાણે હતી. મુંબઈમાં પણ એમનો પરિવાર રહે, પરંતુ વતન નિડયાદની અંદર શૈક્ષણિક સંસ્થાની સ્થાપના અને વિકાસ, રાજકીય ક્ષેત્રે પણ એટલા જ જાગૃત્ત હતા. આપણા સંસદ સભ્ય તરીકે પણ એમણે ગુજરાતનું પ્રતિનિધિત્વ કરેલું. આજે હયાત ના હોય પરંતુ

*ના મળે હંતા ઠકરા નાણા નહિ રહંત્*
*કીર્તિ કેરા કોટડા પાયા નહિ પડંત્*

એ રીતે આજે શૈક્ષણિક સ્થાપત્ય એમણે પોતાની લક્ષ્મીના સદ્દુપયોગ દ્વારા કરીને અને હજારો વિદ્યાર્થીઓને ત્યાંથી

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શિક્ષણ મળી રહ્યું છે. આ સંસ્થા સાથે પરિચય છે, પરિવાર સાથે પણ પરિચય છે અને માનનીય જાહેર જીવનને અમારા મિત્ર સન્માનનીય ગૃહમાં પણ સાથે હતા દિનેશભાઈ પટેલ પણ કોઈક રીતે સંકળાયેલા હોય એમના મારફત ૧૯૯૭-૯૮ માં પણ કેટલીક શૈક્ષણિક સંસ્થાઓને જે જગ્યા હતી એને નાણા ખાતાએ મંજૂરી આપવાની વાત હતી. એમાં અમે હકારાત્મક અભિગમ આપીને એ કરેલું. એટલું મને યાદ છે, એ પછી એમની સાથનો બહુ સંપર્ક રહ્યો નથી પણ આ સંસ્થાનો અનેકગણો વિકાસ થયો છે. મેનેજમેન્ટ એન્જિનિયરિંગ ટેકનીકલ

એજ્યુકેશન અને બીજી અનેક પ્રવૃત્તિઓ, સમૃદ્ધ એવી લાયબ્રેરી પણ આ કોલેજોનું સંકુલ છે અને એની અંદર એને યુનિવર્સિટીનો દરજો નિયમાનુસાર એનું મહેકમ હશે, કોલેજીસ હશે એ અનુસાર આપવા માટેની દરખાસ્તનું બિલ લઈને માનનીય શિક્ષણમંત્રીશ્રી આવ્યા છે ત્યારે હું એને મારું હ્રદયપૂર્વક સમર્થન આપું છું.

**શ્રી પંકજભાઈ વિ. દેસાઈ (નડિયાદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વિધેયક ક્રમાંક-૧૩ ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટી વિધેયક લઈને આવ્યા છે એ માટે એમને હું અભિનંદન આપું છું. ધર્મસિંહ દેસાઈ મારી જ્ઞાતિના છે. તેઓ ખૂબ મોટા ઉદ્યોગપતિ હતા અને એમણે ૧૯૬૮ની અંદર ડી.ડી.આઈ.ટી. કોલેજ કેમિકલ એન્જીનીયરીંગથી કોલેજની શરૂઆત કરી હતી. ક્રમશઃ એમાં ટેકનીકલ એજયુકેશન વધારતા આઈ.ટી. એન્જીનીયર, માસ્ટર ઓફ એન્જીનીયર, પી.એચ.ડી. અભ્યાસક્રમ વગેરે ક્રમશઃ અભ્યાસક્રમો વધારતા ગયા. ત્યારબાદ આ યુનિવર્સિટીનો દરજજો આપવા માટેની જે વાત માનનીય મંત્રીશ્રી લઈને આવ્યા છે એને મારું અનુમોદન આપું છું.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (પોરબંદર)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ડી.ડી.દેસાઈ ઈન્સ્ટીટયૂટ ઓફ ટેકનોલોજી યુનિવસિર્ટીનું બીલ લઈને આવ્યા છે, એમાં હું સમર્થન આપવા ઉભો થયો છું.

આઝાદી પછી એક સમાજની સેવા કરવા માટે થઈને જે આવા વિદ્યાધામ અસ્તિત્વમાં આવ્યા એ પૈકીનું આ એક વિદ્યાધામ હતું. હું ટેકનોલોજીનો વિદ્યાર્થી છું એટલે ગુજરાતમાં જ નહીં પરંતુ સમગ્ર ભારતમાં જેને સારી કહી શકાય એવી સંસ્થામાંની આ એક સંસ્થા છે. એમની સાથે જોડાયેલા ટ્રસ્ટીઓ છે એ ટ્રસ્ટીઓ સમાજને કાંઈક આપવાના ધ્યેયને વરેલા લોકો છે અને જયારે આ સંસ્થાને એક યુનિવર્સિટીનો દરજજો આપવાનું ગૌરવભર્યું વિધેયક રાજય સરકાર લઈને આવી હોય ત્યારે મારું આ વિધેયકને સમર્થન છે અને અપેક્ષા એવી રાખું છું કે જે રીતે એક ટેકનીકલ ઈન્સ્ટીટયૂટ તરીકે આ સંસ્થા જેણે ઉચ્ચ કક્ષાની સંસ્થા તરીકે જે રીતે નામ કાઢયું હતું એ જ રીતે આ સંસ્થા ભવિષ્યમાં રાજયની યુનિવર્સિટીઓ છે એ યુનિવર્સિટીમાં પણ પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કરશે અને એમાં આપણા સૌનો સહયોગ મળી રહેશે એવી અપેક્ષા સાથે આ બીલને હું સમર્થન આપું છું.

**શ્રી બિમલ શાહ (કપડવંજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી ધર્મસિંહ દેસાઈ ઓફ ટેકનીકલ ઈન્સ્ટીટયૂટ, નડીયાદને યુનિવર્સિટીનું સ્ટેટસ આપવા માટેનું બીલ લઈને આવ્યા છે એને સમર્થન આપું છું, સાથોસાથ શિક્ષણ મંત્રીશ્રીને અભિનંદન આપું છું અને એમનો આભાર પણ માનું છું.

મારા વિદ્યાર્થી કાળથી મને યાદ છે જે વખતે કર્ણાવતી મહાનગર ટૅક્સટાઈલ અને કેમિકલ માટે મોટું સ્થાન હતું કેમિકલ એન્જીનીયરીંગનું મહત્વ હતું એ વખતે કોઈપણ કેમિકલ એન્જીનીયરીંગની વાત હોય એમાં પણ ડી.ડી.આઈ.ટી.ના કેમિકલ એન્જીનીયરીંગનું મહત્વ સ્વાભાવિક રીતે ખૂબ વધારે હતું. એવા સમયે નડિયાદને ડી.ડી.આઈ.ટી.કોલેજ, જેમ આજે સરકાર તરફથી આપણે જોઈ શકયા છીએ કે નિરમા યુનિવર્સિટી હોય, રીલાયન્સ યુનિવર્સિટી હોય એવી અનેક યુનિવર્સિટીને સ્ટેટસ આપીને સાચા અર્થમાં વાત થાય છે. જેની પાસે લક્ષ્મી છે એને સરસ્વતિ સાથે જોડીને સરસ્વતિ પ્રદાન કરવાના પ્રયત્નો થયા છે એ આનંદની વાત છે. મારા ખેડા જિલ્લામાં છે એ પણ આનંદની વાત છે. અને ગૌરવ એટલા માટે છે કે મારી પાર્ટીનો આ અભિગમ છે. મને યાદ છે આજથી ૫-૭ વર્ષ પહેલા ઘણા વિદ્યાર્થીઓ બહાર જઈ રહ્યા હતા. ગુજરાતમાં એડમિશનનો પ્રશ્ન હતો. એક અંદાજ અમે એવો મૂકયો હતો કે નર્મદા યોજનામાં જેટલા પૈસા વપરાય એના કરતાં વધારે ગુજરાતના પૈસા બહારની યુનિવર્સિટીમાં જઈ રહ્યા હતા. આવા સંજોગોમાં સેલ્ફ ફાઈનાન્સનો નવો કન્સેપ્ટ આવ્યો અને સીટ વધી. ત્યારપછી સેલ્ફ ફાઈનાન્સને જે દિવસે પરમિશન આપવામાં આવી. શરૂઆત કરી નિરમાએ, નિરમાને આપણે યુનિવર્સિટીનું સ્ટેટસ આપ્યું છે. શરૂઆત કરી રિલાયન્સે, રિલાયન્સને આપણે યુનિવર્સિટીનું સ્ટેટસ આપ્યું. આ બધાથી ઉપર ઊઠીને સાચા અર્થમાં સમાજની સેવા કરવાની બાબતમાં જેમ કહ્યું તેમ ગાંધીજી કે સરદારજી સાથે કામ કરનારાં એમણે જ્યારે આ સ્ટેટસ આપ્યું છે, સ્વાભાવિક રીતે જિલ્લા તરીકે ગૌરવ થાય. ડી.ડી.આઈ.ટી.માંથી કેમિકલ યુનિટ તરીકે કેમિકલ એન્જિનિયર તરીકે બહાર નીકળતા હતા, એ લોકોનું કામ અને સ્વાયત્તતાનું સ્ટેટસ આપીએ તેવું કામ અને ડિમ્ડ યુનિવર્સિટીના સ્ટેટસ તરીકેનું કામ અને એને આઈ.એસ.ઓ. ૯૦૦૪ નું સ્ટેટસ મળ્યું આ બધું કાર્ય અને એક પછી એક એનો પ્રોગ્રેસ આપણે જોઈએ તો સ્વાભાવિક ગુજરાતી તરીકે ગૌરવ લઈએ. ડિમ્ડ યુનિવર્સિટી એની પાસે હતી. શા માટે યુનિવર્સિટીનું સ્ટેટસ મળ્યું? એના મનમાં જે ગુજરાતી, ગુજરાત તરીકેની જે ભાવના છે, તે દેખાઈ આવે છે. એણે શા માટે આપણી પાસે યુનિવર્સિટીનું સ્ટેટસ માગ્યું? મને બહું આનંદ થાય છે કે મંત્રીશ્રીએ વાતને સ્વીકારીને યુનિવર્સિટીનું સ્ટેટસ આપવાનો પ્રયત્ન કર્યો છે. એમની ભાવના હતી. સામાન્ય સંજોગોમાં ડિમ્ડ યુનિવર્સિટીના કારણે ગુજરાતની અંદર જે પરીક્ષા લેવાય, ત્યારે ઑલ ઈન્ડિયાના બધા જ નિયમો લાગુ પડે અને એમાં ગુજરાતના વિદ્યાર્થીઓને પ્રમાણમાં ઓછો ચાન્સ મળતો હતો. આજે યુનિવર્સિટીનું સ્ટેટસ આપ્યા પછી ગુજરાતની યુનિવર્સિટીઓને

વધુને વધુ લાભ મળે, કારણ કે આમાં ૨૧૦ બેઠકો રાજય સરકારની અનુદાયક હેઠળ છે અને બાકીની એમની ૫૪૫ બેઠકો આ સેન્ટ્રલમાંથી અને ડિમ્ડ યુનિવર્સિટીના આધારે મળતી હતી, તો આનો લાભ ગુજરાતના વિદ્યાર્થીઓને મળે અને હું એચ.એમ.દેસાઈ સાહેબને ઓળખું છું. ગુજરાત યુનિવર્સિટીમાં સેનેટ સભ્ય હતા, ત્યારથી પરિચય છે. એમની કાર્યપદ્ધતિનો ખ્યાલ છે, એટલા માટે આ યુનિવર્સિટી ચોક્કસ સફળ થવાની છે. માનનીય શિક્ષણ મંત્રીશ્રીને આ બિલ લાવ્યા તે બદલ લાખ લાખ અભિનંદન આપું છું અને વિરોધપક્ષના નેતા અને બાબુભાઈએ સહયોગ આપ્યો ફરીથી અભિનંદન આપીને મારી વાત કહીને હું વિરમું છું.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ચાર ધારાસભ્યશ્રીઓએ ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટી બનાવવા માટેનો સપોર્ટ કર્યો છે અને એટલા માટે એમને અભિનંદન આપું છું, કારણ કે કોઈપણ શિક્ષણનું કામ હોય ત્યારે પૉલિટિક્સ વચ્ચે ન લાવતા એનાથી પર રહીને ગુજરાતમાં વિદ્યાર્થીઓનું શિક્ષણ સારું બને, એની ગુણવત્તા સારી બને, ગુજરાત બહાર વિદ્યાર્થીને જવું ન પડે, એટલા માટે આ પ્રયાસ રાજય સરકારે કર્યો છે. મને આનંદ એટલા માટે થાય છે કે એક નિરમા યુનિવર્સિટીને પણ સ્ટેટ યુનિવર્સિટી બનાવી, એ જ રીતે ધીરુભાઈ અંબાણીને પણ સ્ટેટ યુનિવર્સિટી બનાવી અને આજે ત્રીજી સ્ટેટ યુનિવર્સિટી ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટી બને છે. સન ૨૦૦૦માં યુ.જી.સી. દ્વારા ધર્મસિંહ દેસાઈને યુનિવર્સિટી તરીકે જાહેર કરવામાં આવી હતી. એ જાહેર થઈ ત્યારે સ્વાભાવિક પણે ઑલ ઈન્ડિયા ટેસ્ટ થાય અને ગુજરાતના વિદ્યાર્થીઓ પાછળ પડતા હતા. ઑલ ઈન્ડિયા વિદ્યાર્થીઓને પ્રવેશ મળતો હતો, પરંતુ એના વી.સી. હર્ષદભાઈએ રાજય સરકારને વિનંતી કરી કે એમણે જ્યારે ૨૦૦૦માં ડિમ્ડ યુનિવર્સિટી બનાવી, ત્યારે રાજય સરકારે આવી કોઈ સ્વાયત્ત યુનિવર્સિટી બનાવી નહોતી, પરંતુ જ્યારે નિરમાને સ્વાયત્ત યુનિવર્સિટી બનાવી ત્યારે વી.સી. એચ.એમ.દેસાઈ અમારી પાસે આવ્યા અને રાજય સરકારની પાસે માગણી કરી ધર્મસિંહ દેસાઈને અલગ યુનિવર્સિટીનું સ્ટેટસ આપો, ત્યારે એનો સ્વીકાર મંત્રી મંડળે કર્યો અને મંત્રી મંડળે સ્વીકાર્યા પછી બિલ બનાવ્યું અને બિલ આની અંદર મંજૂર થાય છે. ગુજરાતના અનેક વાલીઓએ પણ રજૂઆત કરી હતી કે ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટ્યૂટમાં પ્રવેશ નહિ મળે, ત્યારે આજે જ્યારે યુનિવર્સિટી બનાવીએ છીએ, ત્યારે ગુજરાતના વાલીઓની ચિંતા ટળી જશે, કારણ કે પોતે પ્રવેશની પ્રક્રિયા કરશે અને બારમાં ધોરણનું પરિણામ આવશે, એના આધારે મેરિટ લિસ્ટ બનાવી પ્રવેશ અપાશે, જેના કારણે કોઈપણ વિદ્યાર્થીને કોઈપણ પ્રકારનું નુકસાન નહિ થાય. ખૂબ સારું બિલ, સારી ઇન્સ્ટિટ્યૂટ ગુજરાતની અંદર આવી છે. ખૂબ સુંદર કાર્ય કરેલ છે, ત્યારે ગુજરાત માટે સારું કાર્ય કરેલ છે, ત્યારે ગુજરાતના વિદ્યાર્થીઓને સંપૂર્ણ લાભ મળે, એટલે યુનિવર્સિટીનું સ્ટેટસ આપવા માટે સૌ ધારાસભ્યશ્રીઓને વિનંતી કરું છું કે બિલ સર્વાનુમતે પાસ કરીએ.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૧૩નું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨થી ૩૫ અને કલમ-૧ દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૧૩નું ત્રીજું વાંચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી . :** સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંક-૧૩નું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૦૫નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૯
## ગુજરાત આવશ્યક ચીજવસ્તુ અને ઢોર (નિયંત્રણ) વિધેયક, ૨૦૦૫

**ગુજરાત રાજયમાં કેટલીક ચીજવસ્તુના ઉત્પાદન, હેરફેર, પુરવઠા અને વહેંચણીના અને તેના વેપાર વાણિજય અને ઢોરના નિભાવ તથા હેરફેરના નિયંત્રણ અને નિયમન માટે જાહેર હિતમાં જોગવાઈ કરવા બાબત વિધેયક.**

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ (અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૯-સન ૨૦૦૫નું ગુજરાત આવશ્યક ચીજવસ્તુ અને ઢોર(નિયંત્રણ) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંક-૯ સન ૨૦૦૫ ગુજરાત આવશ્યક ચીજવસ્તુ અને ઢોર(નિયંત્રણ) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એસેન્શ્યલ કોમોડીટઝ એન્ડ કેટલ્સ કંટ્રોલ એકટ ૧૯૫૮માં તત્કાલિન બોમ્બે સ્ટેટના સમયથી આ કાયદો અસ્તિત્વમાં છે. ૧૯૬૦ પછી ગુજરાત રાજય અલગ થયું પરંતુ આ કાયદાને સુધારવા માટે આટલી ડીટેઈલ વિગતવાર ચર્ચા આવી કે જ્યારે ગુજરાત રાજય અલગ થયું છે ત્યારે બૉમ્બેના બદલે ગુજરાત શબ્દ વાપરીને આ કાયદો સુધારવા આ ગૃહમાં આ વિધેયક લઈને આવ્યો છું. આ કાયદાની મૂળ જોગવાઈઓ, મૂળ હેતુઓ અને ઉદેશો ૧૯૫૮માં જે હતા તે એઝ ઈટ ઈઝ રહેવાના છે. માત્ર મુંબઈની જગ્યાએ ગુજરાત શબ્દ વાપરવા માટે આ બિલ લઈને આવ્યો છું.

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, ઢોર નિંયંત્રણ વિધેયક ઉપર મારા મંતવ્યો અને સૂચનો વ્યકત કરું છું. બોમ્બેની જગ્યાએ ગુજરાત શબ્દ રાખ્યો સારું છે. પરંતુ કોઈ સુધારો નથી કર્યો તો તેમાં થોડો સુધારો કરવો જોઈતો હતો. આજે એ પરિસ્થિતિ છે કે ઢોર એટલે ગાય અને ગાયને આપણે બધા માતા તરીકે માનીએ છીએ. અમારા પશુપાલકો છે તે ગાયને કયાંક રખડતી હોય, કોઈ મારતું હોય અને દૂધ ન આપતી હોય છતાં સારવાર માટે રાખતા હોય છે. જ્યારે શહેરની અંદર મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકાઓમાં ઘણી વખતે એવું થાય છે કે પેલો બિચારો ગાયને બચાવવા ઘરે બે ગાયોને બાંધતો હોય છે અને બીજે દહાડે છોડે તો તેના ઉપર નોટિસ આવે છે, તેના ઉપર કેસ થાય છે અને નોટિસ ન લે તો બે સાક્ષીઓ કરીને દીવાલે ચોંટાડે છે. એ તો તેની ફરજ છે. તેના લોહીમાં છે અને કોઈપણ ગાયની પરિસ્થિતિ ખરાબ હોય તેને બચાવવા માટે આ બધુ કરતો હોય છે. તેમાં ગાય માટે સુધારો લાવવો જોઈએ. આપણે જે ગૌચર નામ આપ્યું છે. ૧૯૪૭માં પણ આ કાયદો હતો. ગૌચર શેના માટે રાખ્યું છે. જેનું નામ ગૌચર છે. રેવન્યુ જમીન માત્ર ગૌચરના હેડે જમીન જે દાખલ કરેલ છે તે મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકા, ગ્રામ પંચાયત હોય તેની અંદર ૯૫ ટકા ગૌચર દબાઈ ગયા છે, ખેડી નાંખ્યા છે, અનઓફીશ્યલ વેચી માર્યા છે. તો તેમાં સુધારો લાવવો જોઈએ. કાં તો નામ ગૌચર કાયદામાંથી કાઢી નાંખવું જોઈએ. આજે કાયદો અમલમાં છે તેમાં ૧૦૦ ઢોરે ૪૦ એકર ગૌચર રાખેલ છે. અને આજે એ કાયદા મોજૂદ છે. ઠીક છે વિકાસના કામો માટે જરૂરી હોય એ લેવું પડે, પાણી માટે કે ડેમ માટે એવી કોઈપણ યોજના હોય એના માટે લેવું પડે એમાં અમારી ના નથી, એવા સિવાય પણ બધા જ આજે ગૌચરો પૂરા થઈ ગયા છે, આજે ઢોરોને રોડ સિવાય બીજું કશું બચ્યું નથી ત્યારે ઘણી વખત એમ કહેવામાં આવે છે કે હવે આટલો યુગ સુધરી ગયો છે, (અંતરાય) હા, બેન, એ જ વાત છે હું સુધારા માટે જ કહું છું કે આમાં સુધારો મૂકવો જોઈએ. માનનીય મંત્રીશ્રી, આપ ખાલી નામનો જ ફેરફાર કરવાની વાત લઈને આવ્યા છો તો એની સાથે આ સુધારો પણ લાવવો જોઈતો હતો, આપ એનાથી વાકેફ છો તો એ સુધારો લાવવો જોઈતો હતો, ફરીથી લાવો અથવા આમાં ઉમેરો કરો કે ખરેખર આ પરિસ્થિતિ છે અને રોડ ઉપર જ ઢોરો આવે છે તો એના માટે બીજો કાયદો લાવીએ છીએ તો આ પણ સુધારો લાવવો જોઈએ એવું મારું સૂચન છે.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ (અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદામાં નામનો ફેરફાર કરવાની વાત છે. અને આનો ઢોરોનો સમાવેશ કરવાના મૂળભૂત ઉદ્દેશ ૧૯૫૮માં એ વખતે દુષ્કાળ પડયો હતો એ વખતે રાજયનું કિમતી પશુધન બીજા રાજયોમાં જતું રહેવાની પરિસ્થિતિ ઉભી થઈ હતી એટલા માટે આવશ્યક ચીજની સાથે એ વખતે જે કાયદો જયારે વૈધાનિક વિભાગ દ્વારા લાવવામાં આવ્યો હતો એટલે આની અંદર આવી જે જે વસ્તુઓ રાજયની સંપત્તિ હોય એ સંપત્તિ ઉપર નિયંત્રણ રહે, હેરાફેરી થઈને બીજા રાજયોમાં જતી ન રહે અને આપણા ગુજરાત રાજયમાં ખૂબ જ કિમતી પશુધન છે જે રીતે જર્શી ગાયોની જે બધી વાતો થાય છે કે લોકો એના ટેસ્ટ માટે અહીંથી બહાર લઈ જાય છે, એવો ભવિષ્યમાં સમય ના આવે કે આપણા જે કિમતી ઢોરો છે અને બીજા પશુઓ છે એને બીજે ટેસ્ટિંગ કરવા માટે લઈ જાય અને એવી પરિસ્થિતિ ઉભી થાય કે આપણું કિમતી પશુધન જતું રહે એ જતું ના રહે એટલે આપણે કયાં કન્ટ્રોલ કરી શકીએ, ભવિષ્યમાં જો આવી પરિસ્થિતિ ઉભી થાય એટલે એનું એ પ્રોવીજન જે ૧૯૫૮માં હતું એ જ ચાલુ રાખી અને ફકત નામ બદલવા માટે આ બિલ લઈને હું આવ્યો છું.

* વિધેયક તા.૧૭મી ફેબ્રુઆરી, ૨૦૦૫ના ગુજરાત ગર્વનમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

માનનીય ગોવાભાઈએ જે વાત કરી છે  એ અલગ બાબત છે એમની ગૌચરની અલગ બાબત છે એ આ કાયદાને લાગેવળગે છે ત્યાં સુધી એ આ કાયદા સાથે એમની વાત અનુરૂપ નથી.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ (અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.નામંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂરું છું કે, સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંક ૯ નું બીજું વાચન કરવામાં આવે. :

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૨૧, અનુસૂચિ, કલમ ૧, દીઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ (અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનામંત્રીશ્રી):**માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંક ૯ નું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંક ૯નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૦૫નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૦**

**ગણપત યુનિવર્સિટી વિધેયક, ૨૦૦૫**

**કાયદા દ્વારા ગણપત યુનિવર્સિટી, ખેરવા, જિલ્લા મહેસાણા, ગુજરાત-ની સ્થાપના કરવાની અને તેને બિનસંલગ્ન (જોડાણ ન કરતી) યુનિવર્સિટીનો દરજજો આપવાની અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષાંગિક બાબતોની જોગવાઈ કરવા બાબત વિધેયક**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શિક્ષણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિધ્ધ થયેલા સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંક : ૨૦- સન ૨૦૦૫ના ગણપત યુનિવર્સિટી વિધેયક આપની અનુમતિથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી :** વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂં કરું છું કે, સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંક : ૨૦- સન ૨૦૦૫ના ગણપત યુનિવર્સિટી વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અને વિશેષત: લોકમાતા સરસ્વતીના પુનિત પ્રવાહથી પાવન થતી આનર્ત પ્રદેશની ભૂમિની યુવા પેઢીનું ભાવિ ઉજ્જવળ બનાવવા ઉચ્ચ કક્ષાના ટેકનિકલ, વ્યવસાયલક્ષી અને પારંપરિક શિક્ષણની સુવિધાઓ સર્જવાના ઉદાત્ત હેતુ સાથે ઉત્તર ગુજરાત અને ખાસ કરીને મહેસાણા જિલ્લાના ઉદ્યોગપતિઓ, શિક્ષણકારો અને અન્ય પ્રબુધ્ધ નાગરિકોના સહિયારા પ્રયાસ દ્વારા આ ટ્રસ્ટ-મહેસાણા ડિસ્ટ્રિકટ એજયુકેશન ફાઉન્ડેશનની તા.૧૩ માર્ચ, ૧૯૯૭ના દિવસે સ્થાપના થઈ.

વિદ્યા દ્વારા સમાજ ઉત્કર્ષની નેમ સાથે શરૂ થયેલા આ જ્ઞાનયજ્ઞને સ્થાનિક લોકો તેમજ આ વિસ્તારના વિદેશમાં વસતા વતનપ્રેમી સપૂતોનો ઉષ્માભર્યો પ્રતિસાદ સાંપડયો અને મહેસાણાની ભાગોળે, ખેરવા ગામની સીમમાં ૩૦૦ એકરના વિશાળ અને પાવન ભૂમિખંડ ઉપર તા.૧ જાન્યુઆરી, ૧૯૯૮ના શુભ-દિને ભૂમિપૂજન સાથે ગણપત વિદ્યાનગર સંકુલની વિકાસ યાત્રાનો પ્રારંભ થયો.

માનનીય અધ્યક્ષશ્રી, એ સમયે હું પણ ત્યાં ઉપસ્થિત હતી અને એટલા માટે હજારો ઉત્તર ગુજરાતના શિક્ષણ પ્રેમીઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. એક જેમ વલ્લભ વિદ્યાનગર એ ખેડા જિલ્લામાં બન્યું અને આખાય દેશને જયારે ગૌરવ અપાવે છે એવું જ એક ગણપત વિદ્યાનગર એ ઉત્તર ગુજરાતમાં ઉભું કરવા માટેનો એક સંકલ્પ કરવામાં આવ્યો. આ જે ફાઉન્ડેશનની રચના થઈ એમાં સૌથી વધારે જો કોઈ નોંધપાત્ર સેવા પ્રદાન કરી હોય તો એ ઉત્તર ગુજરાતના અગ્રણી ઉદ્યોગપતિ, દૃષ્ટિવંત કેળવણીકાર અને અત્યારે ગુજરાત સરકારમાં ઉદ્યોગમંત્રી તરીકે જેઓ જવાબદારી નિભાવી રહ્યા છે એમણે આ હાઈટેક એજયુકેશન માટેની શરૂઆત કરી. એટલા માટે મને આનંદ છે કે આપણા જ ઉદ્યોગમંત્રી દ્વારા આ ફાઉન્ડેશનની રચના થઈ હતી. ગુજરાતની જરૂરતને પારખી અને આવા સંકુલના સર્જનનું સ્વપ્નું સેવ્યું હતું અને સમાન વિચારસરણીવાળા

---

*** વિધેયક તા. ૯મી માર્ચ, ૨૦૦૫ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. :**

બીજા સાથી મિત્રોના સહકાર અને સહયોગ સાથે ગણપત વિદ્યાનગરના નામે મૂર્તિમંત થયું. આ પ્રસંગે મારે બીજી એક વ્યકિતના નામનો પણ ઉલ્લેખ એટલા માટે કરવો છે કે જેમના નામ સાથે આ યુનિવર્સિટીનું નામ જોડાયેલ છે તે નામ છે ગણપતભાઈ પટેલ કે જેઓ ઉત્તર ગુજરાતના ભુણાવ ગામના વતની છે અને હાલ અમેરિકામાં ઉદ્યોગપતિ તરીકે તેઓ નામના મેળવી રહ્યા છે. આ ગણપતભાઈ પટેલે એ સમયે જયારે ૧૯૯૭માં ૧૩મી માર્ચે આની શરૂઆત થઈ ત્યારે એમણે પોતાના તરફથી ૧૦ કરોડ રૂપિયાનું દાન જાહેર કર્યું હતું અને મારું કહેવું છે કે અત્યાર સુધીમાં એક જ વ્યકિતએ આટલું મોટું દાન કર્યું હોય એવો મને કોઈ પ્રસંગ યાદ નથી અને એટલા માટે આ પ્રસંગે હું ગણપતભાઈને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. તેઓ અહીં રહેવાના હતા પરંતુ તેઓ પાછા અમેરિકા ગયા છે અને એટલા માટે આપણે બધા જ એમને અભિનંદન આપીએ કારણ કે, એમના પ્રયાસોથી વિદેશમાંથી પણ અનેક નાણા આ કોલેજ વિસ્તાર પામે એટલા માટે મળ્યાં છે. આ પ્રસંગે હું એમના ધર્મપત્ની મંજુલાબેનને પણ યાદ એટલા માટે કરું છું કે, આ રાજય સરકારે ગુજરાતની અંદર મહિલા સૈનિક સ્કૂલ બને એના માટેનો પ્રયત્ન કર્યો હતો અને મહિલા સૈનિક સ્કૂલ આજે ખેરવા યુનિવર્સિટીમાં આકાર લઈ રહી છે અને ૫ વર્ષથી વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે. એના મકાન માટેનું ડોનેશન આ મંજુલાબેન ગણપતભાઈ પટેલે ૧.૫૦ કરોડ રૂપિયા ફાળવ્યું છે. એની અંદરથી અમે અત્યારે એનું મકાન કરવા માટેની તૈયારી કરી રહ્યા છીએ. આ ઉપરાંત અનેક સહકારી બેન્કો, મહેસાણા ડિસ્ટ્રીકટ બેન્કે, પોલિટેકનીક કોલેજમાં બેચરભાઈ પટેલે એવા અનેક લોકોએ સવા કરોડ, કરોડ, એકાવન લાખ એવી માતબર રકમો આપી અને એજ સમયે લગભગ ૨૦ કરોડ રૂપિયા એકત્ર થયા હતા અને એમાંથી અત્યારે આ સંસ્થા ખૂબ સારી નામના મેળવી રહી છે. અત્યાર સુધીમાં એમણે ૩૮ કરોડ જેવી માતબર રકમ આ સંસ્થામાં ખર્ચી છે અને સ્થાપત્ય કલાની દૃષ્ટિએ નમૂનારૂપ એમણે આધૂનિક ભવનો ત્યાં બનાવ્યા છે. એમણે આધુનિક ભવનો ત્યાં બનાવ્યા છે, હોસ્ટેલો ઉભી કરી છે, ગ્રંથાલયો બનાવ્યા છે, વર્કશોપ્સ અને કમ્પ્યુટર્સના અતિ આધુનિક શૈક્ષણિક ઉપકરણો પણ સુલભ બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત પૌરાણિક ગુરૂકૂળનું સ્મરણ કરાવે તેવું હરિયાળું-ઉપવન જેની અંદર પચાસ હજાર કરતાં પણ વધારે વૃક્ષો એમણે અત્યારસુધીમાં વાવ્યા છે અને ખૂબ સુંદર કામ એમણે કર્યુ છે. એમાં સાકળચંદ કાળીદાસ કોલેજ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ નામની સંસ્થા પણ ચાલે છે એ ઉપરાંત યુ.વી. પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ એ પણ જુલાઈ, ૧૯૯૭થી શરૂ થઈ છે અને એની અંદર મિકેનિકલ એન્જિનિયરિંગ, ઈલેકટ્રોનિકસ એન્ડ કોમ્યુનિકેશન એન્જિનિયરિંગ, મેકાટ્રોનિક્સ એન્જિનિયરિંગ, બાયોમેડિકલ ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્જિનિયરિંગ, કમ્પ્યુટર એન્જિનિયરિંગ અને ઈન્ફરમેશન ટેકનોલોજી એન્જિનિયરિંગ જેવા વિવિધ પ્રકારના અભ્યાસક્રમો પણ તેઓ ચલાવે છે એ ઉપરાંત દેશ વિદેશની વિકસતી જતી નવી ટેકનોલોજી અને ભાવિ જરૂરિયાતને ધ્યાનમાં રાખી એકવીસમી સદીને અનુરૂપ એવા મેકાટ્રોનિકસ અને બાયોમેડિકલ ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્જિનિયરિંગ જેવા આધુનિક કોર્સની પણ ત્યાં શરૂઆત થઈ છે. ત્રીજી સંસ્થા ચાલે છે. શ્રી બી. એસ. પટેલ પોલિટેકનિક, જે જુલાઈ, ૧૯૯૯થી સંસ્થા શરૂ થઈ છે. ધોરણ દશ પાસ કરનાર વિદ્યાર્થીઓને એની અંદર પ્રવેશ આપવામાં આવે છે એમાં પણ લગભગ છ સાત પ્રકારના એન્જિનિયરિંગ કોર્સો ચાલે છે, ચોથો ભાગ છે આચાર્ય મોતીભાઈ પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ એમાં પણ ત્રણ પ્રકારના અભ્યાસક્રમો ચાલે છે પોષ્ટગ્રેજ્યુએટ ડિપ્લોમા, બેચલર ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન, જેમાં ૧૨૦ની ક્ષમતા છે આ ઉપરાંત માસ્ટર ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એમાં પણ ૬૦ વિદ્યાર્થીઓની પ્રવેશ ક્ષમતા છે અને યુનિવર્સિટીની પરીક્ષાઓમાં પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમાંકે પાસ થવાની સિદ્ધિ હાંસલ કરવામાં આ કોલેજના વિદ્યાર્થીઓ હંમેશા અગ્રેસર રહે છે.

પાંચમી સંસ્થા છે શ્રી વી.એમ. પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ, બી.બી.એ. પ્રોગ્રામ ત્યાં ચાલે છે, ધોરણ બાર પાસ કરેલ વિદ્યાર્થીઓ માટેનો ત્રણ વર્ષનો આ કોર્સ ૧૯૯૬થી શરૂ થયો છે અને ૧૮૦ સીટની ક્ષમતા ધરાવે છે, એ ઉપરાંત એમ.બી.એ. નો પ્રોગ્રામ પણ એની અંદર છે અને કેન્દ્રિય પ્રવેશ પદ્ધતિ દ્વારા તેમાં વિદ્યાર્થીઓને પ્રવેશ અપાય છે અને તે રીતે તેઓ સુંદર મજાનું કામ કરી રહ્યા છે. મેં કહ્યું તેમ શ્રીમતી મંજૂલાબેન ગણપતભાઈ પટેલ કન્યા સૈનિક શાળા પણ આની અંદર જ શરૂ થઈ છે અને અત્યારે બારમા ધોરણ સુધી વિદ્યાર્થીનીઓ પહોંચી છે અને દરેક વર્ગની અંદર ૭૦ની સંખ્યાની પ્રવેશક્ષમતા છે અને એ જ વિદ્યાર્થીઓને લશ્કરી તાલીમ આપવામાં આવે છે, ટ્રેકીંગ, સ્વીમિંગ, ઘોડેસવારી, રાયફલ શૂટિંગ અને પર્વતારોહણ જેવી વિશેષ ટ્રેનિંગ પણ આ વિદ્યાર્થીનીઓને આપવામાં આવે છે. આ ઉપરાંત એ. એમ. પટેલ સેકન્ડરી ઈંગ્લિશ સ્કૂલ ચાલે છે એ તો વિશેષ એમની બાબત છે. એની અંદર લગભગ પાંચેક હજાર જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને બધાજ વિદ્યાર્થીઓને ત્યાં રહેવા માટે હોસ્ટેલની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. દરેક હોસ્ટેલ બ્લોક સાથે ઓફિસ, ડાઈનીંગ હોલ અને રેકટર ક્વાટર્સ વિગેરે પણ છે. હમણાં ગણપત વિદ્યાનગર ઉમા પરિવાર ટ્રસ્ટે પણ ૩૦૦ વિદ્યાર્થીઓ એકસાથે રહી શકે એવી વિશાળ સુંદર આધુનિક સુવિધાવાળી સજ્જ હોસ્ટેલ પણ ઉભી કરી છે. એ ઉપરાંત ભવિષ્યમાં ૩૦૦ વિદ્યાર્થીનીઓ એકસાથે રહી શકે એવી હોસ્ટેલ પણ બાંધવા માટેનો એમનો વિચાર છે અને ભવિષ્યમાં તેઓ બાંધવાના પણ છે અને આ જ કેમ્પસની અંદર બે હજાર વિદ્યાર્થીઓ રહીને અભ્યાસ કરી શકે એવી સુંદર મજાની હોસ્ટેલ, સ્ટાફ ક્વાટર્સ વિગેરે પણ છે એ ઉપરાંત વિદ્યાર્થીઓના

હિત માટે અને કોલેજ કેમ્પસની અંદર જ એમને બીજી પણ સુવિધા પ્રાપ્ત થાય એટલા માટે શોપિંગ સેન્ટર અને બેન્ક કાઉન્ટર પણ ત્યાં રાખવામાં આવ્યા છે એ ઉપરાંત વિદ્યાર્થીઓને બીજું જ્ઞાન પણ સાથોસાથ પ્રાપ્ત થાય એટલા માટે ખેતીવાડી અને બાગાયતી અને વૃક્ષઉછેરની પ્રવૃત્તિઓને પણ એમાં જોડવામાં આવી છે અને આસપાસના ખેડૂતોને બોલાવીને એમને પણ તાલીમ આપવામાં આવે છે જેથી એ પોતે પોતપોતાના ખેતરોની અંદર આ પ્રકારનું કામ કરે એવી વિશેષ જોગવાઈ પણ કૃષિ વિકાસ કેન્દ્ર દ્વારા એમણે કરી છે. બસ સર્વિસ પણ એમને ત્યાં છે અને એમના કેમ્પસની જે વિશેષતા છે એમાં ૩૦૦ એકર જેવી વિશાળ ભૂમિખંડ આ વિદ્યાસંકુલ પથરાયેલું છે. પચાસ હજાર જેટલા વૃક્ષો એમાં ઉગાડવામાં આવ્યા છે અને સુંદર હરિયાળું ઉપવનસમું સુંદર સ્થાન બનાવ્યું છે. સંકુલમાં અભ્યાસ કરતા તેમજ રહેતા વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ માટે તેમજ વૃક્ષો, ખેતીવાડી, માટે પાણીની વ્યવસ્થા માટે પાંચ જેટલા ટ્યૂબવેલ વિકસાવવામાં આવ્યા છે સંકુલને વિશાળ રીતે ત્રણ ભાગમાં વહેંચવામાં આવ્યું છે. પ્રથમ ખંડમાં શાળા-કોલેજો વિકસાવવામાં આવ્યા છે, બીજા ખંડમાં હોસ્ટેલો અને સ્ટાફ કવાર્ટર્સ ઉભાં કરાયાં છે અને ત્રીજા ખંડમાં અન્ય ટ્રસ્ટ સંસ્થાઓને જમીન ફાળવવામાં આવેલ છે અને વિદ્યાર્થીઓને મુશ્કેલી ન પડે એટલા માટે આ પ્રયાસ કરવામાં આવ્યો છે. એ ઉપરાંત વિશેષ તો એ છે કે અત્યારસુધી હું નથી માનતી કે યુનિવર્સિટીમાં આ દરેક પ્રકારની વ્યવસ્થા હોય એ રીતે સ્થાપત્યકલાની દૃષ્ટિએ નમૂનેદાર બનાવેલ છે એટલું જ નહિ પણ આખાય સંકુલની અંદર સ્ટ્રીટલાઈટ્સ સોલાર ઉર્જાથી તેઓ ચલાવે છે, જે કોઈ આવે છે તે જુએ છે અને તેનો અનુભવ પણ કરે છે કે સ્ટ્રીટ લાઈટ પણ કરે છે કે સ્ટ્રીટ લાઈટ પણ આપણે સોલારથી પણ ચલાવી શકીએ છીએ અને કેમ્પસમાં ૧૦ હજાર વિદ્યાર્થીઓ બેસી શકે એટલું વિશાળ હરિયાળી લોન સાથેનું ઓપન એર થિયેટર પણ આ સંસ્થા પાસે છે અને એટલા જ માટે આવી એક સુંદર ઉત્તર ગુજરાતની અંદર જ્યારે ઈન્સ્ટ્રીટયુટ છે તેનો લાભ ગુજરાતના વિદ્યાર્થીઓ મેળવી શકે અને વિદેશ સાથે તેમનો જ્યારે ઘરોબો છે ત્યારે ગુજરાતના વિદ્યાર્થીઓને પણ વિદેશના લેક્ચરર અને વિદેશની જે નવી નવી ટેકનોલોજી છે તેનો લાભ પણ ગુજરાતના વિદ્યાર્થીઓને મળી શકે તે હેતુને ધ્યાનમાં રાખીને આનો પણ સારો એક યુનિવર્સિટી તરીકે વિકાસ થાય એટલા માટે આ ગણપતિ વિદ્યાનગરને ગણપત યુનિવર્સિટી બનાવવા માટેનું આ વિધેયક હું વિધાનસભામાં લાવી છું અને સૌને વિનંતી કરું છું કે વિના વિરોધે આ વિધેયકને પાસ કરવામાં આવે.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ મંત્રીશ્રી જ્યારે ગણપત યુનિવર્સિટીનું વિધેયક લઈને આવ્યા છે ત્યારે હું મારું અનુમોદન આપવા માટે ઊભો થયો છું. ગણપત યુનિવર્સિટી માટેની જે વિશિષ્ટતાઓ હતી તે માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ ખૂબ વિગતે જણાવી છે એટલે તેના ઊંડાણમાં ના જતાં મહેસાણા જિલ્લાનાં ૬૦૦ જેટલાં આગેવાન નાગરિકો દ્વારા આ ટ્રસ્ટનું સંચાલન થઈ રહ્યું છે એટલું જ નહી ૩૦૦ એકર જેવી જમીનમાં આ શિક્ષણનું કાર્ય ચાલી રહ્યું છે અને તે વખતના મુખ્યમંત્રીશ્રી શંકરસિંહજી વાઘેલા દ્વારા આ જમીન આ સંસ્થાને આપવામાં આવી અને મારે કહેવું જોઈએ કે માણસના જીવનમાં તેનું પોતાનું એક આગવું ચિત્ર હોય છે, નકશો હોય છે. ભાઈ અનિલભાઈ તેમની પોતાની પાસે એક આગવી સૂઝ અને એક આગવો અનુભવ પોતે પરદેશ ભણ્યાં, અમેરિકા વર્ષો સુધી રહ્યાં અને તે જ લાઈન ઉપર તેમણે આવીને આ શિક્ષણના કામને ઓપ આપ્યો. આપને જણાવતાં આનંદ થશે કે શકયતાઓ તો બધે પડેલી હોય છે પણ યોજકો દુર્લભ હોય. યોજના કરનાર માણસો દુર્લભ છે. મદદ કરનારા તૈયાર છે પણ તેનું સંકલન કરવું, તેને ઓપ આપવો, તેને દ્રષ્ટિ આપવી , તેને વિચાર આપવો અને વિચારને આગળ લઈ જવો અને દ્રષ્ટિપૂર્વક તે વિચારને કેવી રીતે આગળ વધારવો તે કામ અનિલભાઈ કરી રહ્યા છે ત્યારે મારે કહેવું જોઈએ અને ગૌરવ સાથે એક વાત કહેવા માગું છું કે મારું અને અનિલભાઈનું વતન એક જ છે. અમે બન્ને એક જ ગામના વતની છીએ. અમારો કૌટુંબિક નાતો રહ્યો છે વર્ષો સુધી તેમના પિતાજી પણ ફ્રિડમ ફાઈટર હતા અને તેમના સંસ્કારો પણ તે રીતે આમ જીવનની અંદર એક સેવાના શિક્ષણરુપે તેમના સંસ્કારો રહ્યા છે તે દ્રષ્ટિએ મારી બહુ સ્પષ્ટ માન્યતા છે કે ગુજરાતમાં જે નવી યુનિવર્સિટીઓ આકાર લઈ રહી છે તેની અંદર આ ગણપત યુનિવર્સિટીનું એક આગવું નામ બનશે એટલું હું વિશ્વાસપૂર્વક કહી શકું તેમ છું કારણકે તેમની દ્રષ્ટિ, તેમનો વિચાર અને તેમની પોતાની આગવી સૂઝ અને સૌમ્યતા સાથે લઈને ચાલવાનું એક આગવું કૌશલ્ય છે તેને કારણે મને લાગે છે કે આ યુનિવર્સિટી દેશમાં નહીં પણ દુનિયાના બીજા રાષ્ટ્રોમાં પણ તેની નામના કાઢશે અને આ એક સારી બાબત લઈને આવ્યા છે. આમ તો મહેસાણા જિલ્લાની ધરતી તે બળુકી ધરતી છે. તેનામાં એક જાતની તાકાત છે. જે ખેડૂતો હજાર ફૂટથી પાતાળમાંથી પાણી કાઢીને અને હિન્દુસ્તાનમાં મોંઘામાં મોંઘી ખેતી કરનારા તે ખેડૂતો છે તે ખેડૂત પુત્ર આ જાતનું સ્વપ્ન જ્યારે લઈને આગળ વધી રહ્યો છે ત્યારે આ યુનિવર્સિટીનું જે બિલ લઈને આવ્યા છે તેમાં માનનીય શિક્ષણ મંત્રીશ્રીને હું મારું હ્દયપૂર્વકનું અનુમોદન આપું છું.

**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી સન-૨૦૦૫નું ગણપત યુનિવર્સિટીનું જે વિધેયક લઈને આવ્યા છે તેમાં મારું અનુમોદન આપવા ઊભો થયો છું. આપણી સંસ્કૃતિની અંદર, રાજય વ્યવસ્થાની અંદર શિક્ષણ, આરોગ્ય અને ન્યાયને પ્રાધાન્ય આપવામાં આવતું અને સમયાંતરે પ્રશાસન દ્વારા શિક્ષણ, આરોગ્ય અને ન્યાયને એક જવાબદારીપૂર્વક હજારો વર્ષો સુધી આ સંસ્કૃતિની અંદર તેનું વહન કરવામાં આવતુ હતું, પરંતુ જેમ જેમ સમય બદલાતો ગયો અને જેમ જેમ વિજ્ઞાનની પ્રગતિ વધતી ગઈ અને જે ગતિએ પ્રગતિ વધતી ગઈ તે જોતાં આજના સમયમાં શિક્ષણ અને આરોગ્યમાં લોક ભાગીદારી એ જરૂરી અને આવશ્યક બની ગઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપ પણ એ જ વિસ્તારમાંથી આવો છો, જે વિસ્તારમાંથી આપણે સૌ આવીએ છીએ. ત્યાં એક સમય એવો હતો કે શિક્ષણનું પ્રમાણ ખૂબ જ ઓછું હતું. આ વિદ્યાલયને ગણપત વિદ્યાલય નામ કેમ આપવામાં આવ્યું? તો સો માણસનું ટોળું ઉભું હોય અને એમ કહેવામાં આવે કે બાબુ, ભીખો, અમરત અને ગણપત એક બાજુ આવી જાય. તો ૮૦ ટકા લોકો એક બાજુ આવી જાય એવી પરિસ્થિતિ હતી. એવા ગણપતભાઈએ જયારે એમણે ખેતરમાં મહેનત કરીને પરદેશમાં સ્થાયી થયા ત્યારે તેઓશ્રી પોતાના વતનનું ઋણ ભૂલ્યા નથી. ત્યારે પોતાની મહેનત કરીને મહેસાણા જિલ્લામાંથી, ઉત્તર ગુજરાતમાંથી, ખેડા જિલ્લામાંથી અનેક લોકોએ સ્થળાંતર કર્યુ, વ્યવસાયિક સ્થળાંતર કર્યુ, પછી શિક્ષણમાં આગળ ગયા, શહેરની અંદર આવ્યા અને શહેરમાંથી આગળ જઈને મોહ માયા નગરી મુંબઈમાં ગયા અને ત્યાંથી દરિયો ભેદીને દરિયાપાર પરદેશમાં પણ પોતાની આગવી ઓળખ ઉભી કરી અને આજે ગણપતભાઈ જેવા અનેક સપૂતો જયારે સંપત્તિ કમાયા છે ત્યારે એનો ઉપયોગ એ પાતાની કર્મભૂમિ માટે કરી રહયા છે ત્યારે આપણે સૌએ તેમને બિરદાવવા પડે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની પરિભાષા શું છે, શિક્ષણની વ્યાખ્યા શું છે? આ દેશમાં અનેક હોનહાર તબીબોની જરૂર છે, કાર્યકૂશળ ઈજનેરોની જરૂર છે, અખંડ ભારતના નકશાની જે લકીર જે સરદાર વલ્લભભાઈ પટેલે ખેંચી છે એ અખંડ ભારતના નકશાનું રક્ષણ કરનાર જાંબાજ જવાનોની જરૂર છે, પોતાના પ્રસ્વેદ બિંદુઓથી ભૂમિને ભીંજવીને ધાન્ય પેદા કરતા ભૂમિપૂત્રોની જરૂર છે, એવા સારા શિક્ષકોની જરૂર છે....(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આ સભાગૃહ શેરબજાર હોય એવું મને લાગે છે, શેરબજારમાં ફરતા હોય એમ ફરીને વાતો કરે જાય છે એ બરાબર નથી. આપણે ગૃહને શેર બજારમાં ફેરવવાનું નથી.

**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રમાણિક નાગરિકોની જરૂર છે અને આ બધાથી બનતો સમાજ મજબૂત સમાજ બનતો હોય છે, મજબૂત રાજય અને મજબૂત રાષ્ટ્ર પણ બનતું હોય છે. આ ગણપત વિદ્યાલયમાં મને ખૂબ આનંદ થયો કે બહેનોને માટેની લશ્કરી તાલીમની પણ જોગવાઈ કરવામાં આવેલ છે, પરંતુ જે એક જોગવાઈ કરવામાં નથી આવી એ અત્યારસુધી આ વિસ્તારમાં કોઈ તબીબી કોલેજ માટેની હજુસુધી કોઈ જ જોગવાઈ નથી. જયારે માનનીય અનિલભાઈ અહીં બેઠા છે ત્યારે અનેક લોકોએ એના માટેના અનુદાનની તૈયારી બતાવી છે ત્યારે ઉત્તર ગુજરાતમાં પણ એક તબીબી કોલેજ બને એના માટે સૌએ પ્રયત્નો કરવા જોઈએ અને માનનીય અનિલભાઈ અને માનનીય આનંદીબેન પાસેથી પણ જો એક ખાતરી આપવામાં આવે કે આવનાર વર્ષોમાં ઉત્તર ગુજરાતમાં મેડીકલ કોલેજ બનશે તો મને લાગે છે કે સમગ્ર ઉત્તર ગુજરાત જે અત્યારસુધી મેડીકલ કોલેજથી વંચિત રહી ગયું છે એને હંમેશ માટે ફાયદો થશે.

માનનીય અધ્યક્ષશ્રી, જે શિક્ષકોની ભરતી કરવામાં આવે છે અને આપણા મુરબ્બીઓ કહેતા હતા કે માસ્તર તો કોઈપણ શિક્ષકને માસ્તર એટલા માટે કહેવામાં આવે છે કે જેનું સ્તર મા જેવું હોય અથવા તો મા એટલે ના એટલે જેનું સ્તર ના હોય, પરંતુ આપણે સારા શિક્ષકો દ્વારા સારા સમાજની રચના કરીએ અને જયારે આ ગણપત યુનિવર્સિટી માટેનું વિધેયક લઈને આવ્યા છે ત્યારે સૌ કોઈ એને અનુમોદન આપે એ જ અભ્યર્થના સાથે વિરમું છું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણમંત્રીશ્રી આનંદીબહેન પટેલ જયારે ગણપત યુનિવર્સિટી વિધેયક લઈને આવ્યાં છે ત્યારે એને હું હ્દયપૂર્વક આવકારું છું અને તેની સાથે સાથે બહેનશ્રીએ વિસ્તૃત માહિતી આપી છે. તો માનનીય ગણપતભાઈ એ અમારા જૂના સિધ્ધપુર તાલુકાના વતની છે. મને ખ્યાલ છે કે મંજુલાબેનનું નામ લીધું એ કરલી ગામ કે જે અમારા સમાજનું એક મોટું ગામ છે ત્યાં આગળ એક ફંકશન કરેલ ત્યારે અમે બધા ભેગા થયા હતા ત્યારે પણ એક દાતા તરીકે અમે સૌએ અને સમગ્ર ગામે તેમનું બહુમાન કરેલ અને મુરબ્બી શ્રી અનિલભાઈનું પણ નામ લેવાયું છે. તેવી જ રીતે ખાસ કરીને કોઈ માણસ પૈસા આપે, કોઈ માણસ મહેનત કરે તો એની સાથે સાથે મારા સિધ્ધપુરના વતની છે જેમણે આ સંસ્થામાં અનેક ગણા પ્રયત્નો કર્યા છે એવા કેશુભાઈ શેઠ, જેઓ આ સંસ્થાના પ્રમુખ પણ છે, તેઓને પણ અત્યારે એટલા માટે યાદ કરવા પડે કે છેલ્લા વીસ-પચ્ચીસ વર્ષની એમની પ્રવૃત્તિ અમે જોઈ છે, નાગરિક બેંકમાં પણ એમની સાથે મેં કામ કરેલું છે, એટલે કેશુભાઈ શેઠે પણ આ યુનિવર્સિટીમાં વધારેમાં વધારે મહેનત કરેલી છે અને એમનો પણ સાથ સહકાર રહ્યો છે, એટલે એમને પણ અત્યારે આપણે ધન્યવાદ આપીએ, ગણપતભાઈ

સાહેબ અને અનિલભાઈ સાહેબને પણ ધન્યવાદ આપીએ, અને બહેનશ્રીને હું આ તકે એક નાનકડી વિનંતી કરવા માગું છું કે આ યુનિવર્સિટીમાં મધ્યમવર્ગ અને સામાન્ય વર્ગના વિદ્યાર્થીઓ માટે ફી નું ધોરણ ઓછું રહે તે બાબતની વ્યવસ્થા થાય તેવું આ તબક્કે મારું નમ્ર સૂચન છે. તેની સાથે સાથે અનામતની સીટોમાં પણ આર્થિક રીતે પછાત વર્ગના હોય કે અપંગ લોકા હોય તેના માટે પણ અનામતની સીટો રાખે તેવું મારું નમ્ર સૂચન છે. ત્યારે આ બોર્ડ તો સારું છે અને હંમેશા સારું જ કામ કરે છે પણ ઉત્તર ગુજરાત અને ખાસ કરીને મહેસાણામાં આ યુનિવર્સિટી આપી છે તેને હું હ્યદયપૂર્વક આવકારું છું.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, ગણપત યુનિવર્સિટીનું જે બિલ લઈને આવ્યા છે તેને આવકારવા માટે હું ઉભો થયો છું. અત્યાર સુધી જે જે સ્ટેટ યુનિવર્સિટીના બિલો આવ્યા છે તેમાં ખૂબ માતબર સંસ્થાઓ, સમાજને કંઈક આપવાના હેતુથી આવેલી છે. ઉત્તર ગુજરાતમાં પણ આવી એક સંસ્થાની જરૂરત હતી તે સંસ્થા આ દાતાઓ, સમાજના શ્રેષ્ઠીઓ, વિચારકો વગેરેના શુભ સહયોગથી પ્રાપ્ત થઈ છે. જેમની પાસે લક્ષ્મી હોય, અને સંચાલનનો અનુભવ હોય, જેમની પાસે શૈક્ષણિક સંસ્થાઓ ચલાવવાનો અનુભવ હોય તેઓ બધા ભેગા મળે તો કેવું સારું પરિણામ લાવી શકે તે આ ગણપત યુનિવર્સિટીમાં આપણને દેખાય છે. આમ તો આ યુનિવર્સિટી થોડા સમય પહેલાં શરૂ થઈ, દાતાઓએ દાન આપ્યા, અનિલભાઈ અને એમના સાથીઓ છે તેમણે દૃષ્ટિવંત આયોજન કર્યુ અને તેના કારણે આ એક ઉત્તમ કક્ષાની ઈન્સ્ટિટયૂટ સમાજને મળી છે, હું એમની સાથે જોડાયેલા બધા જ લોકો છે એમને એટલા માટે અભિનંદન આપું છું કે સંસ્થા સારી ચલાવવી હોય તો રિસોર્સિસનું પ્લાનિંગ કરે, પરંતુ એમાં જે આંતરિક વહીવટ છે એમાં મોકળાશ પણ આપે, આ મોકળાશ આ સંસ્થામાં અપાયેલ છે, અને સારી ટેલેન્ટ સમાજની કહી શકાય તેમને આકર્ષે છે, મારા ગુરુ પ્રો. એન.આર. દવે છે તેઓ પણ આ સંસ્થા સાથે જોડાયેલા છે, એમના અનુભવ અને એમના જ્ઞાનનો લાભ આ સંસ્થાને મળી રહ્યો છે. આ તબક્કે મારી એક અપેક્ષા છે, સ્ટેટ યુનિવર્સિટીઓ બને છે એમાં આપણે એને ગૌરવવંતુ સ્થાન આપીએ, એમની સાથે જોડાયેલા અનિલભાઈ અહીં બેઠા છે ત્યારે મારી અપેક્ષા છે કે, જયારે આ યુનિવર્સિટીઓ બને તે પછી પાંચ કે દસ વર્ષનું પ્લાનિંગ રાજય સરકારને આપે, પાંચ કે દસ વર્ષમાં વિકાસ કરીને આ સંસ્થાને આ દરજ્જે પહોંચાડવાના છીએ, અને તે પહોંચાડવા માટેના દર વર્ષના રિસોર્સિસનું પ્લાનિંગ કેવી રીતે કરવાના છીએ, બીજું પ્લાનિંગ કેવી રીતે કરવાના છીએ, એમ કરીને દસ વર્ષમાં આ યુનિવર્સિટીને કયાં લઈ જવાના છીએ તેના માટેનું પ્લાનિંગ આપે અને તેના માટે મોનિટરિંગ એજન્સી પણ ઉભી કરે અને આવી દરેક સ્ટેટ યુનિવર્સિટીઓ છે તેની પાસે આવી અપેક્ષા રાખવી જરૂરી છે. માનનીય અનિલભાઈ ભલે આમાં જોડાયા ન હોય તો પણ આ દસ વર્ષનું પ્લાનિંગ આપ સમગ્ર યુનિવર્સિટીનું ગૃહને આપો, આપ સક્ષમ છો, તમે આ બધું કરી શકશો અને તેના દ્વારા બીજી યુનિવર્સિટીઓને પણ માર્ગદર્શન આપી શકશો. બીજી વાત કે સંસ્થાની સ્થાપનામાં રિઝિયોનલ બેલેન્સ પણ રહેવું બહુ જરૂરી છે, હું સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં હતો ત્યારે પણ આ બેલેન્સ રાખવા અમે ખૂબ પ્રયાસ કર્યો છે. એટલે હવે નવી પ્રાઇવેટ યુનિવર્સિટીઓ આવે એના માટે એવું પ્લાનિંગ કરવું જોઈએ કે જે દૂરના વિસ્તારો છે, જે પછાત વિસ્તારો છે, જે આદિવાસી વિસ્તારો હોય, સૌરાષ્ટ્ર હોય કે કચ્છ હોય એવા વિસ્તારની અંદર આ પ્રકારની યુનિવર્સિટીઓ સ્થપાય, આવી સંસ્થાઓ સ્થપાય અને તેને ખાસ ઈન્સેન્ટીવ્સ મળે જેથી ત્યાંના વિદ્યાર્થીઓને લાભ મળે તેવું આયોજન કરવું જોઈએ. એમાં એક મારું સૂચન છે એ છે કે થોડોક સામાજિક અભિગમ રાખીને આ સંસ્થાઓમાં શિક્ષકોની ભરતીમાં અને એમાં વિદ્યાર્થીઓને પ્રવેશ વખતે જે બંધારણમાં રિઝર્વેશનની જોગવાઈ કરેલી છે એ પ્રમાણે બધી જ યુનિવર્સિટીઓમાં થાય એ પણ જોવું પડશે. એટલા માટે કે રાષ્ટ્રીય નીતિ અત્યારે શિક્ષણની આવી રહી છે એમાં ખાનગી યુનિવર્સિટીઓ છે એણે પણ સમાજના નબળા વર્ગના લોકો છે એના માટે અનામતો રાખવી પડશે. આપણે પણ આ સુધારા વિધેયક લાવીને જે બીજી યુનિવર્સિટીઓ છે એમાં પણ આ પ્રકારની જોગવાઈઓ થાય એટલી અપેક્ષા રાખી ફરીથી આ સંસ્થા સાથે જોડાયેલા તમામને આ યુનિવર્સિટીના દરજ્જા સુધી લઈ જવાનું કામ કરેલ છે એ તમામને અભિનંદન આપીને આ બિલને હું આવકાર આપું છું.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ ધારાસભ્યશ્રીઓએ ગણપત યુનિવર્સિટી માટે સ્પૉર્ટ કર્યો છે. એમાં અનામત છે જ. આર.જે. શાહ કમિશને જે ફીનું ધોરણ નક્કી કરેલ છે એ પ્રમાણે આ યુનિવર્સિટીઓ લેતી હોય છે. એટલે વધારે ફી લેવાની શંકા છે એ રહેશે નહિ.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે, સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૨૦-સન ૨૦૦૫નું ગણપત યુનિવર્સિટી વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૩૧ વિધેયકનો ભાગ બની.**

**કલમ-૩૨ ઉપરનો સુધારો**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ(મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ-૩૨ ઉપરનો મારો સુધારો રજૂ કરુ છું.

In section : 32, in line No. 6, the words, brackets and figure "under sub-section (1)" shall be deleted.

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**
**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**
**સુધારેલી કલમ-૩૨ વિધેયકનો ભાગ બની**
**કલમ-૩૩ થી ૩૬ વિધેયકનો ભાગ બની.**

**કલમ-૩૭ ઉપરનો સુધારો**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૩૭ ઉપરનો સુધારો રજૂ કરુ છું.

In Section : 37, in line No. 4, for the words, brackets and figure "(3) V.N. Patel College of Management Studies", the words, brackets and figure "(3) V.M. Patel College of Management Studies" shall be Substituted.

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**
**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**
**સુધારેલી કલમ-૩૭ વિધેયકનો ભાગ બની.**
**કલમ-૩૮, કલમ-૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકિટંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન-૨૦૦૫ના વિધેયક ક્રમાંક-૨૦નું (સુધારેલા સ્વરૂપમાં) ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન-૨૦૦૫ના વિધેયક ક્રમાંક-૨૦નું (સુધારેલા સ્વરૂપમાં) ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, ક્રમાંક-૨૫ અને ક્રમાંક-૧૦ તેમાં સુધારા હોવાથી તે આવતીકાલના કાર્યક્રમમાં લઈએ છીએ. સન-૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૨૫ સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીનું અને સન-૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૧૦ સૅન્ટર ફૉર એન્વાયરમેન્ટલ પ્લાનીંગ એન્ડ ટૅક્નૉલૉજી યુનિવર્સિટી વિધેયક તે બન્નેમાં સુધારા હોવાથી એ આવતી કાલ ઉપર રાખીએ છીએ. ૧૦, ૧૧ અને ૧૨ અત્યારે લઈ લઈએ છીએ. ત્યાર પછી મારું સંસદીય બાબતોનું વિધેયક છે. આપણે ૮ અને ૯ નથી લેતા. સુધારાવાળા છે. એ બાકી રહેવા દઈએ છીએ. આજે બે રદ કરીએ છીએ અને પછી એક મારું બિલ છે એ લઈને પૂરું કરીએ છીએ. સાતમું મેરીટાઈમ બોર્ડ વિધેયક અત્યારે લઈએ છીએ.

**ગુજરાત મેરીટાઈમ બોર્ડ (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયક, ૨૦૦૫**
**ગુજરાત મેરીટાઈમ બોર્ડ અધિનિયમ, ૧૯૮૧ વધુ સુધારવા અને વોટરફ્રન્ટ રૉયલ્ટી લેવા અને તેની વસૂલાતને માન્ય ઠરાવવા બાબત વિધેયક.**

**શ્રીઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (બંદરો અને મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૧૯, સન-૨૦૦૫નું ગુજરાત મેરીટાઈમ બોર્ડ(સુધારા અને માન્ય ઠરાવવા) બાબત વિધેયક્ને આપની અનુમતિથી હું દાખલ કરુ છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

---

* વિધેયક તા.૫મી માર્ચ, ૨૦૦૫ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન-૨૦૦૫ના વિધેયક ક્રમાંક-૧૯, સન-૨૦૦૫ના ગુજરાત મેરીટાઈમ બોર્ડ (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત મેરીટાઈમ બોર્ડ એકટમાં આ સુધારો કરવાનું રાજય સરકારના અને સમસ્ત રાજયની આવકમાં વધારો થઈ શકે તે માટે અત્યારે જરૂરી બન્યું છે. અત્યાર સુધી ગુજરાત મેરીટાઈમ બોર્ડને કોઈ ટેક્સ ભરવાનો આવતો નહોતો. પરંતુ ઈનકમટેકસમાં ૨૦૦૩-૦૪માં જે પ્રકારના સુધારા થયા અને તેના અનુસાર રાજય સરકારને આપવામાં આવતી રૉયલ્ટી, એમાં પણ ઇન્કમટૅક્સ જ્યારે લાગુ પડવાનો છે ત્યારે રાજય સરકાર જે પ્રજાકીય હિતોના કાર્યો કરે છે અને આ પૈસા રાજય સરકારને જે waterfront royalty ના પ્રાપ્ત થાય છે, એ વિકાસના કાર્યોમાં વાપરવાના છે એવા સ્વરૂપે સ્વયં સ્પષ્ટ આ બિલ છે. જે કાયદામાં સુધારો કરીને જે local authority ની વ્યાખ્યા બદલાય છે એમાં જરૂરી સુધારા કરીને, આ પ્રકારના સુધારા સાથે કાર્યવાહી કરીએ તો જ રાજય સરકારને જે મેરીટાઈમ બોર્ડ દ્વારા waterfront royalty માટેની જે રકમ પ્રાપ્ત થાય છે એ રકમની અંદરથી ઇન્કમટૅક્સ આપવાની રકમ બચાવી શકીએ અને રાજય સરકારને ફાયદો પ્રાપ્ત થાય. એના અનુસાર ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા રાજય સરકારને waterfront royalty પેટે રકમ ચૂકવવામાં આવે અને એ ઇન્કમટૅક્સના હેતુ માટે બાદ મળે એ પ્રકારે ગુજરાત મેરીટાઈમ બોર્ડ એકટ ૧૯૮૧માં નવી કલમ- ૨૨(અ) ઉમેરવા માટેની જોગવાઈ સમાવવામાં આવેલ છે. માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે કે, જે એકટમાં સુધારો કરી રહ્યા છીએ એના કારણે રાજય સરકારની તિજોરીમાં આવક વધવાની છે અને વિકાસના વધુ કામો માટે વાપરી શકવાના છીએ અને તમામ સભ્યશ્રીઓને અપીલ કરું છું કે, સર્વાનુમતે આ સુધારો માન્ય રાખે.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, આ મેરીટાઈમ બોર્ડ બિલ એટલા માટે કે, આ સન્માનનીય ગૃહની અંદર આ બિલ જ્યારે સૌથી પ્રથમ વખત આવ્યું ત્યારે માનનીય અશોકભાઈ અને ૯ ધારાસભ્યશ્રીઓ સાથે અમે એક જ પક્ષના સભ્યો હતા. એ વખતે માનનીય વિજયદાસજી મહંત બિલ લઈને આવ્યા હતા અને ત્યારે મેં બિલ ઉપર વિચારો વ્યક્ત કર્યા હતા. આ મેરીટાઈમ બોર્ડ પણ ગુજરાતના સ્વપ્નદૃષ્ટા નેતા માનનીય શ્રી મકરંદ દેસાઈની દેન છે. ગુજરાતને ખૂબ વિશાળ સાગરકાંઠો મળ્યો છે અને આ વિશાળ સાગરકાંઠાનો ઉપયોગ ૮૪ બંદરોનો આપણે ત્યાં સુરતમાં વાવટો હતો. ૮૪ બંદરો ગુજરાતના હતા. ગુજરાત મેરીટાઈમ બોર્ડ બનાવવા પાછળનો જે હેતુ છે એ આ ગુજરાતના બંદરોનો સંપૂર્ણપણે વિકાસ થાય અને એના દ્વારા યાતાયાતની સગવડો વધે, વ્યાપાર વધે અને એક જમાનાની અંદર વેરાવળ, માંગરોળ, પોરબંદર ધીકતા બંદરો હતા. મુંબઈને પણ ભુલાવી દે એવો વ્યાપાર આફ્રિકા સાથે હતો. મેરીટાઈમ બોર્ડ જ્યારે થયું ત્યારે ગુજરાતના બંદરો ઉપરનો ટ્રાફિક ૨ લાખ ટનની ઉપરનો હતો. ઓખા, નવલખી, માંડવી. વગેરે બંદરો હતાં. આજે ૧૯૯૫ પછી આ બોર્ડની નીતિ, મેરીટાઈમ બોર્ડના બંદરીકરણની નીતિ જે બનાવી એના કારણે, જે બનાવે એનું પૉર્ટ. એના કારણે બંદરોનો વિકાસ વધતો ચાલ્યો છે. પણ પરંપરાગત આપણા બંદરો છે એની હાલત શું થઈ છે? આજે માંડવી બંદરને પૂછવાવાળું કોઈ છે? એવા સૌરાષ્ટ્રના કેટલાય બંદરો અને waterfront ના નામે એની રૉયલ્ટીની આવકો ઇન્કમટૅક્સમાં જાય છે. એના કારણે આ ઉતાવળે આવેલું બિલ છે એવું કહેવું છે. એટલા માટે ૧૯૯૯ની અંદર એક બંદર ખાતાનો પરિપત્ર છે એ માનનીય જાડેજા સાહેબ જોઈ જાય અને એ પત્રની અંદર આખા ધરમૂળના આ મૅરી ટાઈમ બોર્ડ માટેના જે રાજય ભરના ફેરફારો જે છે એ એમાં મૂકવામાં આવેલા એની અંદર એક જગ્યાએ તો વાર્ષિક ૧ કરોડ રૂપિયાની ફી જે થતી હતી એ ૨૫ લાખની કરવામાં આવી. કોના લાભાર્થે? માનનીય અધ્યક્ષશ્રી, આની વારસાઈ ચાર્જીસને કારણે એની આવકો નહોતી થતી એ કરવા માટેના પણ અમે બધા કારણો પૂછીએ.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ ઉપર માનનીય બાબુભાઈ બોલતા હોત તો સારું હતું. આ બિલ સિવાયની બાકીની બધી વિગતો આપે છે. બિલ જે છે એ રાજય સરકારની તિજોરીમાં આવક વધારવા માટેનું છે અને ઈન્કમટેકસમાંથી ફાયદાને એમાં ૯૯નો પરિપત્ર અને બાકીની સ્થિતિ બંદરો ઉપરનો વિકાસ આ બધું કયાં અંદર આવશે?

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે આપનું ધ્યાન દોરવા માગું છું કે આ ૧૯૯૯નો જે પરિપત્ર હતો બંદર વિભાગનો અને એ પત્ર જાડેજાસાહેબ જોઈ જાય તો નિર્દોષતા બિલની અંદર એ સાબિત કરવા માગે છે એ નહીં રહે. વારસાઈ ચાર્જીસની અંદર જે ઘટાડો થયો એ કોના લાભાર્થે, કોઈ બંદર આપણે સમજતા હોઈએ કે ખાનગી બંદર કૅપ્ટિવ જેટી અને મૅરી ટાઈમ બોર્ડના બંદરો ઉપરના ભાવોની અંદર મૅરી ટાઈમ બોર્ડના ઉપરના બંદરોનો ભાવ ઘટે નહીં પણ એ ખાનગી ઉપરના વારસાઈ ચાર્જીસ છે અને કોઈ એ બંદર ઉપરથી જે માલ થઈ શકે એમ હોય એના ભાવો આશ્ચર્યજનક રીતે ઘટાડી નાખવામાં આવેલા છે. એમાં કરોડો રૂપિયાની રકમની વાત છે , આજે આપણે આ આવકો જે થઈ છે એ આવકો નો ટેકસ

ભરવો પડે તો આ ટેક્સ ભારત સરકારમાં જવાનો છે. આવા આપણા કેટલાય એવા એકમો, કોર્પોરેશનો છે અને ટેક્સ પ્લાનીંગ કરવું હોય તો માનનીય સૌરભભાઈ જેવા કાર્યદક્ષ મંત્રી આપની પાસે છે, એમને પૂછો કે આ ટેક્સ ન ભરવો હોય તો પ્લાનીંગ કેવી રીતે થઈ શકે? આજે અનેક રીતે થઈ શકે, મૅરી ટાઈમ બોર્ડના જે કર્મચારીઓ છે એના વેલફેર માટે થઈ, એના રીસર્ચ માટે થઈ અને સર્ટીફાઈ સી.સી.માં પણ આપ એમને મેળવી શકો છો પણ ઈન્કમટેક્સની અંદર જયારે એટલા માટે થઈને આ ફેરફારો ભાવોના કરવા માટેની અનુમતિ આપી શકાય નહીં એ રીતે વગર ચર્ચાએ નહીં વિસ્તૃત ચર્ચાની હું આપના મારફત માનનીય આઈ. કે. જાડેજા સાહેબને વિનંતી કરું છું. એ મૅરી ટાઈમ બોર્ડની કરોડો રૂપિયાની આવક આજે છે.

## સભાગૃહનો સમય લંબાવવા માટે

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, બાકીના કેટલા વિધેયકો લઈ શકાય તે માટે થઈને સમયની અવધી લંબાવવા માટે વિનંતી છે. આ જેમાં ચર્ચા થવાની છે તે અને જે મૂકવાના છે તે.

**અધ્યક્ષશ્રી** : નીચેથી દરખાસ્ત એવી છે કે વિધેયકો ૮ અને ૯ બે આવતી કાલે લેવાના છે. એમાં સુધારા છે એટલા માટે ૧૦ પણ અને ૧૧,૧૨, એ લેવા માગે છે તો ૮ તો પહેલાં લેવાઈ જશે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ૮-અ લો બાકીના બધા આવતી કાલે લઈ લઈએ. કારણ કે બીલ જ હજી અમે વાંચ્યું નથી, જોયું નથી

**શ્રી અશોક ભટ્ટ** : ના, ૧૦ કાલે રાખીએ. ૧૧-૧૨ બિલ રદ કરવાના બિલ છે. (અંતરાય) કરી દેવાનો પ્રશ્ન નથી કાલે આપણી પાસે ૪ બિલો ચર્ચાના એકી સાથે થશે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : ગૃહને ૫ મિનિટની વાર છે અશોકભાઈ અને બાકીના તમારા ચર્ચા વગરના બિલ છે એ કાલે થઈ શકે એમ છે. પૂરતો સમય છે આપણી પાસે અને નહીં પૂરું થાય તો આપણે થોડો ઘણો સમય આઘોપાછો કરીને પણ કરી લઈશું પણ આજે જે ૮ પછીનું જે ૮- અ છે એ ૮' અ બિલ લઈ લો, બધા સભ્યશ્રીઓને એમાં રસ છે. વધારો તો એ લઈ લો અને પૂરું કરીએ આપણે એના માટે આ બધા બેઠા છે.

**અધ્યક્ષશ્રી** : અશોકભાઈ, પ્લીઝ, કાલે લઈશું. કંઈ વાંધો નહીં લંબાવીશું, કાલે એક જ બેઠક છે.

**શ્રી અશોક ભટ્ટ** : કાલે પ્રશ્ન એટલો થશે કે કાલે આપણી પાસે માત્ર અડધો દિવસ છે. અડધો દિવસ બિન સરકારી સભ્યોના બિન સરકારી પ્રસ્તાવો છે. એટલા માટે હું વિનંતી કરું છું કે..(અંતરાય)

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : હું એટલા માટે કહું છું કે બાકી રહેતા કેટલાક બિલો છે જેમાં ચર્ચા કરવાની જરૂર નથી તે અને જે મૂકવાના છે તે માટે સમય વધારીએ. ૮-અ આવે છે અને આ પૂરું થાય ત્યાં સુધી ટાઈમ વધારીએ.

**શ્રી અશોક ભટ્ટ** : નેતાશ્રી તમે લિસ્ટ જુઓ તો મુંબઈ ઉદ્યોગ છે એમાં મુંબઈનું ગુજરાત કરીએ છીએ. એમાં ફેર પડતો નથી. આપણને કાલે બાકીના બિલો ઉપર પૂરતો સમય મળે. કારણ કે કાલે જે બિલો લઈએ છીએ એના ઉપર ચર્ચાને પૂરતો અવકાશ રહે છે. બીજું ગુજરાત અધિનિયમ રદ કરવાનું છે. જેમાં આપણે રદ કરવાના છીએ એ બિલ છે અને એક મનોરંજન બિલ છે. ૧૧ અને ૧૨ લઈ લઈએ. ૧૨ પૂરું થાય એટલે ૮-અ લઈ લઈએ. ૧૫ મિનિટમાં ત્રણેય પૂરા થાય એવું છે. (અંતરાય) મને જરાય વાંધો નથી. કાલે છેલ્લા દિવસનો પ્રસ્તાવ પણ છે.

**અધ્યક્ષશ્રી** : રદ કરવાના વિધેયક છે એ આજે પૂરા કરી દઈએ. કંઈ છે નહીં.

**શ્રી અશોક ભટ્ટ** :ગુજરાત સુધારા વિધેયક એટલે મુંબઈનું ગુજરાત થાય છે. એમાં મુંબઈનું ગુજરાત કરીએ છીએ. બીજું કશું નથી.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : ૧૧ અને ૧૨ વિધેયકો પૂરા થાય અને ૮-અ પૂરું થાય ત્યાં સુધીનો સમય લંબાવવામાં એવો મારો પ્રસ્તાવ છે.

**અધ્યક્ષશ્રી** : વિધેયક ૮-અ, ૧૧ અને ૧૨ પૂરા થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

## ગુજરાત મેરીટાઈમ બોર્ડ (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયક, ૨૦૦૫ (ક્રમશઃ)

**શ્રી બાબુભાઈ મે. શાહ** : ગુજરાત મેરિટાઈમ બોર્ડના વાઈસ ચેરમેન, ચીફ એકઝિકયુટીવ ઓફિસરને તા.૨૧-૫-૧૯૯૯ના પોર્ટ એન્ડ ફીસરીઝ ડિપાર્ટમેન્ટનો જે પત્ર લખવામાં આવેલ છે, એ પત્રને માનનીય જાડેજા સાહેબ પોતાના રીવ્યુમાં લે અને એ પત્રમાં જે ધરમૂળથી ફેરફારો કરવામાં આવેલા છે એ ફેરફારો કોના લાભાર્થે કરવામાં આવેલા છે એની તપાસ કરે. રાજયના બંદરો એ રાજયની પ્રજાની માલિકીના બંદરો છે. એના ઉપરની આવકો એ મેરીટાઈમ બોર્ડના હસ્તક જો બંદરો હોય તો એ સતત વધારે અને રાજયની તિજોરીમાં જમા થાય. ખાનગીકરણની પણ આપણે ત્યાં માનનીય કેશુભાઈ પટેલ જ્યારે આ વિભાગના મંત્રી હતા ત્યારે

હકારાત્મકતા સાથેનું કરેલું ત્યારે વેગ મળેલો છે. પરંતુ આ કોઈના લાભાર્થે ન થાય અને ગુજરાતની પ્રજાના હિતમાં રહે એ ખૂબ જરૂરી છે. એટલે મારા આ વિચારો આપના મારફત આ સભાગૃહ અને માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું. ધન્યવાદ.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (બંદરો અને મત્સ્યોદ્યોગમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારાં મુરબ્બી મિત્ર બાબુભાઈએ જે વિચારો વ્યકત કર્યા છે એ આ બિલને લાગુ પડતા નથી, એ એમના સૂચનો રહેલ છે અને માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે તો ફકત એટલો જ સુધારો લાવી રહ્યાં છીએ કે મેરીટાઈમ બોર્ડ એની જે કાંઈ એકટીવીટી થવાની છે એ બંદરોના વિકાસ માટે થવાની અને બંદરોના વિકાસ માટે થશે એ ગુજરાતના હિતમાં થવાની છે. Incomeમાંથી રાજ્ય સરકાર waterfront royalty જે પ્રાપ્ત થવાની છે પણ વિકાસના કાર્ય માટે વપરાવાના છે એટલે અત્યારે અન્ય કોઈ ચાર્જીસ કે બાકીના ચાર્જીસમાં કોઈ ફેરફાર નથી. પરંતુ રાજ્ય સરકારને વર્ષે દહાડે ૨૨ કરોડ જેટલી આવક પ્રાપ્ત થાય એના માટેનું બિલ છે અને આ સ્વયંસ્પષ્ટ બિલ છે. માનનીય સભ્યશ્રીઓને હું વિનંતી કરીશ કે આને સર્વાનુમતે ગ્રાહ્ય રાખે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંક ૧૯- સન ૨૦૦૫ ના ગુજરાત મેરીટાઈમ બોર્ડ (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૪, કલમ-૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંક ૧૯- સન ૨૦૦૫ ના ગુજરાત મેરીટાઈમ બોર્ડ (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૫ ના વિધેયક ક્રમાંક-૧૯ નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૦૫નું ગુજરાત વિધેયક ક્રમાંક:૨૯
## ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના, મંત્રીઓના અને વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાંને લગતા કાયદા (સુધારા) વિધેયક, ૨૦૦૫

## ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના, મંત્રીઓના અને વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાંને લગતા કાયદા વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રી અશોક ભટ્ટ (વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, *રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૫નું ગુજરાત વિધેયક ક્રમાંક:૨૯, ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના, મંત્રીઓના અને વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાંને લગતા કાયદા (સુધારા) વિધેયક, ૨૦૦૫ આપની અનુમતીથી દાખલ કરુ છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે - સન ૨૦૦૫નું ગુજરાત વિધેયક ક્રમાંક:૨૯, ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના, મંત્રીઓના અને વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાને લગતા કાયદા (સુધારા) વિધેયક, ૨૦૦૫નું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલીવાર ગુજરાત વિધાનસભાની અંદર, આ સભાગૃહની અંદર વિધાનસભાના સભ્યો માટે, અધ્યક્ષ માટે, ઉપાધ્યક્ષ માટે અને મંત્રીમંડળના સભ્યો માટેના પગાર બિલની અંદર એક નવો અભિગમ અપનાવવામાં આવ્યો છે અને એ નવો અભિગમ એ છે કે અત્યાર સુધી આ બિલ આવતું હતું ત્યારે એ જે તે વખતના સંસદીય બાબતોના મંત્રીશ્રી અને પગારભથ્થા સમિતિઓના અહેવાલોના આધારે આવતું હતું.

---

* વિધેયક તા. ૧૬મી માર્ચ, ૨૦૦૫ ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. :

માનનીય અધ્યક્ષશ્રી, હું આભાર માનું છું પગાર-ભથ્થા સમિતિનો અને રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ જે એક અભિગમનું સૂચન કર્યુ એ અભિગમ દેશમાં કદાચ પહેલીવાર હશે. એ અભિગમ એ છે કે વિધાનસભાના સભ્યોનો પગાર વર્ગ-૧ ના અધિકારીને લઘુત્તમ પગાર ધોરણ સાથે જોડવામાં આવ્યું છે, એને પરિણામે જે સુધારાઓ આવશે તે આ પ્રમાણે આ બિલની અંદર એ અભિગમ રહ્યો છે કે વિધાનસભાના સભ્યશ્રીનો પગાર વર્ગ-૧ના લઘુત્તમ પગારના ધોરણ સાથે જોડવામાં આવે છે. એના પરિણામે જે સુધારા આવ્યા છે એ આ બીલની અંદર આવે છે. એની કેટલીક વિગતો હું આપવા માગું છું. આમ ધારાસભ્યશ્રી અને રાજય સરકારના વર્ગ-૧ના અધિકારીઓને જે લઘુત્તમ મુળ પગાર ૮૦૦૦ મળે છે તે પગાર આપતા હાલના ધારાસભ્યશ્રીઓને મળતા ૧૦૦૦૦ના પગાર ભથ્થામાં ૮૦૦૦નો વધારો, પ્રતિ માસ ૧૮૦૦૦ મળવાપાત્ર થાય છે. વળી કલમ-૪ પ્રમાણે રોજ ૧૫૦ રૂપિયા દૈનિક ભથ્થું મળે છે તેમાં ૫૦ રૂપિયા વધારો કરીને ૨૦૦ રૂપિયા કરવાની દરખાસ્ત છે. ધારાસભ્યશ્રીઓને સુધારેલા પગાર અને ભથ્થા દૈનિક ભથ્થા સિવાય એટલે કે ૧૮૦૦૦ ઉપર સરકારી કર્મચારીઓને હવે પછી ભવિષ્યમાં મોંઘવારી ભથ્થામાં જે દરે વધારો થાય છે એ એકત્રિત ભથ્થુ તા.૧-૪-૨૦૦૫ થી મળવાપાત્ર થાય તેવી જોગવાઈ કરવાની દરખાસ્ત છે. આ જોગવાઈને કારણે સભ્યશ્રીના પગાર ભથ્થાના સુધારા માટે ભવિષ્યમાં વિધાનસભામાં આવવું નહીં પડે. એટલે કદાચ આ છેલ્લું બીલ રહેશે કે જેમાં વિધાનસભાના સભ્યશ્રીને એક લિંક કરવામાં આવે એવું ધોરણ આ બીલમાં પ્રસ્થાપિત કરવામાં આવ્યું છે અને માનનીય મંત્રીશ્રી, અધ્યક્ષ, ઉપાધ્યક્ષ, વિરોધ પક્ષના નેતા, નાયબ મંત્રીશ્રીને હાલના નીચેના ધોરણને પગાર ભથ્થા અને સબંધિત અધિનિયમની જોગવાઈમાં મળે છે. એને પણ આપી આ તમામ પદાધિકારીઓને પ્રતિ માસ ૧૦૦૦૦ એકત્રિત ભથ્થુ, ૭૦૦૦ વાહન ભથ્થુ ૪૦૦૦ મળીને ૨૧૦૦૦ પ્રતિ માસ મળે તેવી જોગવાઈ કરવાની દરખાસ્ત છે. આમ તમામ પદાધિકારીઓને પ્રતિ માસ ૧૧૦૦૦ ના બદલે ૨૧૦૦૦ થશે પરંતુ રાજય સરકારના વર્ગ-૧ ના અધિકારીઓના લઘુત્તમ પગારમાં ભવિષ્યમાં જ્યારે જ્યારે વધારો થાય ત્યારે ત્યારે ધારાસભ્યશ્રીઓને પણ તે મળવાપાત્ર થશે. ધારાસભ્યશ્રીઓના પગારમાં જેટલા ટકા વધારો થાય, જેટલો વધારો થાય એટલા પ્રમાણસરનો ઉકત પદાધિકારીને પગારમાં વધારો થશે. પદાધિકારીને સુધારેલા પગાર ભથ્થા ઉપર એટલે કે ૨૧૦૦૦ ઉપર જેમાં ધારાસભ્યશ્રીઓને મોંઘવારી ભથ્થુ મળશે એ સરકારી કર્મચારીઓને હવે પછી ભવિષ્યમાં મોંઘવારી ભથ્થુ જે દરે વધે તે દરે મોંઘવારી ભથ્થુ તા.૧-૪-૨૦૦૫થી મળવાપાત્ર થાય તેવી જોગવાઈ આ દરખાસ્તમાં છે અને ભવિષ્યમાં આ જોગવાઈ કરીને પદાધિકારીઓને પગાર ભથ્થામાં સુધારો કરવા માટે ભવિષ્યમાં આ વિધાનસભા ગૃહમાં આવવું પડશે નહીં. આનુષાંગિક રીતે વિરોધ પક્ષના નેતાને હાલ પ્રતિ માસ ટપાલ ખર્ચના ૫૦૦ મળે છે એને પ્રતિ માસ ૧૦૦૦ કરવાની જોગવાઈ પણ આ દરખાસ્તમાં કરવામાં આવી છે. એના પરિણામે સભ્યશ્રીઓના, પદાધિકારીઓના પગાર ભથ્થામાં સુધારો કરવા માટે જે નીચેના અધિનિયમમાં સુધારો કરવાનો છે એ હું લઈને આવ્યો છું.

૧. ગુજરાત વિધાનસભાના સભ્યના પગાર ભથ્થા બાબત અધિનિયમ ૧૯૬૦.
૨. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના પગાર ભથ્થા બાબત અધિનિયમ ૧૯૬૦.
૩. ગુજરાત વિધાનસભાના વિરોધ પક્ષના નેતાના પગાર અને ભથ્થા બાબત અધિનિયમ ૧૯૬૯.
૪. ગુજરાતના મંત્રીમંડળના સભ્યશ્રીઓના પગાર ભથ્થા બાબત અધિનિયમ ૧૯૬૦.

સભ્યશ્રીઓને અને ઉપર જણાવેલ પદાધિકારીઓને પગાર ભથ્થામાં ઉપર પ્રમાણે સુધારો કરતાં અંદાજીત નાણાકીય ખર્ચ ૨,૦૭,૬૦,૨૪૦નો વધારાનો ખર્ચ કુલ અંદાજે એકત્રિત વાર્ષિક ખર્ચ થવાનો છે. સભ્યશ્રીઓ અને અન્ય પદાધિકારીઓના પગાર અને ભથ્થામાં સુધારો કરવા માટે સબંધિત કાયદામાં સુધારો કરવાનું જરૂરી બનશે એ માટે જે સુધારા કરવાના છે એ બીલ લઈને હું આ સભાગૃહ સમક્ષ આવ્યો છું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંસદીય મંત્રીશ્રી અશોકભાઈ ભટ્ટ જે બિલ લઈને આવ્યા છે. આ બિલ ૧૯૯૮ ની અંદર પગાર ભથ્થાનું આવેલું. એની પછી આજે ૭ વર્ષ પછી વિધાનસભાની અંદર સભ્યશ્રીઓનાં ભાડાંભથ્થાંની સમિતિએ જે ભલામણ કરી છે, એ ભલામણના આધાર ઉપર રાજય સરકાર જે બિલ લઈને આવી છે, તેના કેટલાક મુસદ્દા સમગ્ર દેશે અનુસરવા પડે તેવા છે. ખાસ કરીને જે ધારાસભ્યશ્રી માટેની જે વાત છે. આજે એક ધારાસભ્ય તરીકે જ્યારે માણસ દૂરદૂરથી ગામડેથી આવતો હોય છે, ત્યારે અને એના મત વિસ્તારની અંદર સમગ્ર જગ્યાએ કામ કરતો હોય છે, ત્યારે આજની સ્થિતિએ માનનીય સભ્યશ્રીઓને જે ભાડાંભથ્થાં પ્રાપ્ત થાય છે, એની અંદર એટલા બધા ખર્ચા હોય છે, જેના કારણે ધારાસભ્યશ્રીઓનું પોષણ થતું હોતું નથી. આજે કેટલાય સમયથી એની અંદર મોંઘવારીની અંદર દિનપ્રતિદિન વધારો થયો છે, જેના કારણે સમગ્ર દેશની અંદર જુદી જુદી જગ્યાએ તમામ ક્ષેત્રે ભાડાં ભથ્થાં વધ્યાં છે, જ્યારે હું આ વાત કરું છું, ત્યારે હું પોતે એ વાતને માનું છું કે આ ગૃહના સદસ્યશ્રી અને મહેન્દ્ર મશરૂ સાહેબ ભાડાંભથ્થાં નથી લેતાં. તેમની સાથે સાથે હું પણ આ ગૃહની અંદર ભાડાંભથ્થાં નથી લેતો, પણ એક વાત ચોક્કસ છે કે મારાં અંગત કારણો છે. મહેન્દ્રભાઈ સાહેબનાં પણ કારણો હશે, પણ હું ચોક્કસ માનું

છું કે આજની તારીખે જે સ્થિતિ છે, એ સ્થિતિમાં માનનીય સંસદીય મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે લઘુત્તમ પગારને મૂળ પગાર તરીકે ગણવા માટેનું એને હું મારું સમર્થન આપું છું અને આવકારું છું.

નાનકડો દાખલો આપું છું કે બીજાં બધાં રાજયોમાં જે આપવામાં આવે છે, એ આપણે પંજાબનો દાખલો લઈએ, પંજાબની અંદર ૧,૨૦,૦૦૦ રૂપિયા ત્યાં થયા છે. ટેલિફોન બિલ આપવામાં આવે છે, એ આજે ૧૦,૦૦૦ રૂપિયાથી વધારે ત્યાં આગળ આપવામાં આવે છે. એ જ રીતે ઝારખંડમાં ૫,૦૦૦ રૂપિયા આપવામાં આવે છે. તો જે રીતે સંસદીય મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે. આજની તારીખમાં પણ હું સમજું છું અને જે રીતે જોઉં છું. જે વધારો કરવામાં આવ્યો છે એ પણ દૂરદૂરથી આવનારા લોકો હજુ પણ આનાથી ઘરના પૈસા ઉમેરી અને લોકસેવક માટેનું એક ઉત્તમ પ્રકારનું કામ કરી રહ્યા છે. એક માણસ જ્યારે ચૂંટાય, ત્યારે મગજમાં નક્કી કરીને આવે છે કે મારે સમાજ માટે કઈક કરી છૂટવું છે. એ કરી શકવાની ભાવના સાથે પોતાની સંપૂર્ણ જિંદગી સમગ્ર લોકો માટે વીતાવવાની નક્કી કરે છે, ત્યારે માણસ સમજે છે કે જે જન્મે છે, તેનું મૃત્યું નિશ્ચિત છે અને પાંચમી પેઢી આપણા દાદા કોણ હતા એ આપણને ખબર નથી હોતી, એવા સંજોગોમાં માણસ સાચું ભાથું સમાજ માટે ઉપયોગી થઈ અને કંઈક ઉપર લઈને જાય, જેના કારણે ઉપયોગી થાય એ આધાર ઉપર જ્યારે સદસ્ય એક લાગણી બતાવીને સમાજની સેવા કરવા માટે જ્યારે અહી આગળ આવતો હોય છે, ત્યારે જે માનનીય મંત્રીશ્રી જે લઈને આવ્યા છે, એને હું આવકારું છું.

**શ્રી મહેન્દ્ર લી. મશરૂ (જુનાગઢ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી જે વિધેયક લઈને આવ્યા છે, એ વિધેયક ઉપર મારા વિચારો વ્યક્ત કરવા માગું છું અને કેટલાંક સૂચનો પણ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક વસ્તુ હવે તો આપણે કાયમ માટે દૂર થશે. તે છે આપણો ક્ષોભ અને માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું અને માનનીય અશોકભાઈનો પણ આભાર માનું છું કે આવતા દિવસોની અંદર હવે આવું બિલ કયારેય આ વિધાનસભામાં આવશે નહીં કે જેથી આપણે એવો કાયદો કરવો પડતો હોય અને કાયદો કરવાની સત્તા મળતી હોય ત્યારે તેનો ફાયદો પણ આપણે મેળવતા હોય ત્યારે તેવી પરિસ્થિતિનું નિર્માણ થતું હતું તે પરિસ્થિતિનું ભવિષ્યમાં નિર્માણ ન થાય અને વર્ગ-૧ કર્મચારીઓના લઘુત્તમ વેતનના આધારે તેના સમકક્ષ ધારાસભ્યશ્રીઓ તથા સર્વે મંત્રીમંડળના સભ્યશ્રીઓ વગેરેનો પગાર નક્કી થાય છે તે સ્વાભાવિક છે. અલબત્ત મારી ઓળખ જુદી જ છે.

હું આ વસ્તુને માનતો નથી અને સ્વીકારતો નથી. એટલે આ બિલને આવકારું નહીં તે સ્વાભાવિક છે. પરંતુ મારે રેકર્ડ ઉપર થોડી વાત મૂકવાની જરૂર લાગતી હતી એટલા માટે બોલવા ઉભો થયો છું. ૧૯૯૨ અને ૧૯૯૮માં આ જ પ્રકારના બિલ/વિધેયક આ હાઉસમાં આવ્યા હતા. ત્યારે મારા વિશે થોડીક ગેરસમજણો ઉભી કરવામાં આવી હતી અને કહેવામાં આવતું હતું કે બૅન્કમાં નોકરી કરે છે માટે જરૂર નહીં હોય, અપરિણીત છે એટલે આવી જરૂર ન હોય આવી કેટલીક બાબતોની વાતો થતી હતી. પરંતુ આ બાબતોથી પર રહીને પણ તે વખતે મે આ બિલને આવકાર્યું ન હતું. મારે એટલી ચોખ્ખવટ કરવાની કે જે રેકર્ડ ઉપર ભૂતકાળમાં આવી ગઈ છે. એટલે કહું કે હું અત્યારે બૅન્કમાં સર્વિસ કરતો નથી. ચૂંટાયા પહેલાં, ૧૯૯૦માં જ્યારે ચૂંટણીમાં ઉભો હતો ત્યારે ચૂંટાયા પહેલાંજ મેં જાહેર કર્યુ હતું કે ચૂંટાઈશ તો પ્રજાના પૈસાને અડીશ નહીં. હું આજે આ ગૃહને જણાવું છું અને આ સન્માનનીય ગૃહ છે અને બધા મારા માટે ૧૮૧ સભ્યશ્રીઓ ખૂબ સન્માનનીય છે. હું કોઈને મારાથી નીચા દર્શાવવા માગતો નથી. પરંતુ હું જે આદર્શ લઈને આવ્યો છું તે આદર્શની વાત કરવા માગું છું. તે આદર્શ પૂરતી વાત કરવા માગું છું. હું નહીં લઉ પણ એમ નથી કહેતો કે કોઈ બીજા ન લે. એમ કયારેય પણ મેં કહ્યું નથી. ભૂતકાળમાં પણ કહ્યું છે. પરંતુ જે આદર્શ વિચારધારા લઈને જાહેર જીવનમાં આવું છું તેની જ વાત કરવા માગું છું. આ ધારાસભાની અંદર પંદર વર્ષમાં બૅન્કમાં ખાતું નથી. પંદર વર્ષ દરમ્યાન મેં સમિતિની મીટિંગમાં નાસ્તો પણ કર્યો નથી. કેટલીક સમિતિઓમાં અધ્યક્ષસ્થાને બેઠો હોવા છતાં પણ. મારા પોતાના અંગત સિદ્ધાંતો છે કે મેં ગાંધીનગરનો ધારાસભ્યને મળતો પ્લોટ પણ લીધો નથી. ટિકિટ ભાડું પણ લીધું નથી, બસ અને રેલવેના પાસ પણ કયારેય નથી લીધા. આ બધી ટીકાઓ એટલે થતી હતી કે ધારાસભ્ય તરીકે બે પગાર ન લઈ શકે, બૅન્કમાં નોકરી કરે છે માટે ન લઈ શકે. પણ આ ભથ્થાંઓ હતાં, આ પગાર ન હતા અને ટેલિફોન ભથ્થાં કે ટપાલ ભથ્થાં ધારત તો લઈ શકત પણ ન લીધા. છતાં ટીકા થઈ હતી. ચોખ્ખવટ એટલા માટે કરવાની જરૂર પડી છે કે આજે પણ ધારાસભ્ય તરીકે છું ત્યાં સુધી કોઈ વસ્તુ લેવાનો નથી, સ્વીકારવાનો નથી. માનનીય બલવંતભાઈએ વાત કરી કે કોઈ કારણ હશે પણ કોઈ કારણ નથી. માત્ર કારણ એક કે આ મની છે તે પ્રજાના મની છે અને આપણે તો એક ટ્રસ્ટી તરીકે આવીએ છીએ. આપણે ટ્રસ્ટી છીએ અને આ તો પ્રજાની મિલકત છે. તે બને ત્યાં સુધી જેટલી સચવાઈ રહે તેટલી સાચવવી પડે. આપણે ન અડીએ, આ મારું પોતાનું મંતવ્ય છે. આ એક આદર્શ લઈને આવ્યો છું. આપના કારણો જૂદા છે, જે હોય તે. અંગતરીતે કહું કે હું અત્યારે બૅન્કમાં નોકરી કરતો નથી. જે આવક છે તે બધી ગ્રેજ્યુઈટી મળી જે આવક થઈ છે અને તેનું મેં ઇન્કમટૅક્સ બાધ કરતાં રોકાણ કર્યુ છે. આજે મારી આવક ૭૫૦૦ થી વધારે નથી. આ એક ચોખ્ખવટ કરવાની હતી. રેકર્ડ ઉપર

રહે એટલા માટે કહું છું. હું ફક્ત ૭૫૦૦ રૂપિયામાં ચલાવું છું. ધારાસભ્ય તરીકે પણ હું હમણાં કાયદા વિભાગની ચર્ચા થતી હતી અને સાંભળતો હતો ત્યારે મને બહું આનંદ થતો હતો. બધા સન્માનનીય મિત્રો બહુ સારી વાત કરતા હતા ત્યારે બહું આનંદ થતો હતો. મારી છાતી ગદગદ ફૂલતી હતી. એ કહેતા હતા કે કાયદો એના માટે બનાવવા જોઈએ, કાયદો કોના માટે? તો કાયદો આમપ્રજા માટે બનાવવા જોઈએ, આમપ્રજાના લાભ માટે કાયદો બનાવવો જોઈએ. હું સાંભળતો હતો એટલે મને આનંદ થતો હતો. ભવિષ્યમાં આ કાયદામાં એવો કોઈ કાયદો આ હાઉસમાં નહીં આવે કે આપણે આપણા ફાયદા માટે આ કાયદાનો ઉપયોગ કરવો પડે, મારી પાસે અત્યારે આ બિલ આવ્યું નથી એટલે બિલની કલમો વિશે વાત નહીં કરી શકું પણ એક સૂચન કરું કે, ભવિષ્યમાં જ્યારે આવું કોઈ બિલ આવે ત્યારે અગાઉથી ત્રણ ચાર દિવસ પહેલાં વિભાગ તરફથી મૂકવામાં આવે તો ઘણુ સારું થશે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશનાં કુલ રાજયો છે એમાંથી સાત રાજયોમાં દશ હજાર કરતાં ઓછા પગાર છે, દશ રાજયોમાં દશથી પંદર હજાર રૂપિયાની વચ્ચેના પગાર છે અને સાત રાજયોમાં પંદર હજાર થી વીસ હજાર રૂપિયાની વચ્ચેના પગાર છે અને માત્ર ત્રણ રાજયો એવાં છે કે જ્યાં વીસ હજાર કરતાં પણ વધારે પગાર છે, હું જે મૂળ વાત કરવા જતો હતો કે આ ટ્રસ્ટીશીપ સિદ્ધાંત પ્રમાણે હવે આ બધું લઈ શકાય કે નહીં, હું એમ માનું છું અને મારા અંગત વિચારો છે કે ના લઈ શકાય, પણ જ્યારે લોકશાહીમાં સંસદીય પ્રણાલિમાં બેઠા હોઈએ ત્યારે બહુમતી જ આપણા માટે અગત્યની છે, આ તો, આ જે અત્યારે જે બે કરોડ અને આઠ લાખ રૂપિયા જેવી રકમ દર વર્ષે વધારો થઈ રહ્યો છે. જ્યારે બાકીની રકમ બે કરોડ અને પચીસ લાખ જેવી રકમ તો દર વર્ષે અપાય છે એટલે કુલ પાંચ કરોડ અને અઠ્ઠાવન લાખ જેવી રકમ અથવા એનાથી પણ વધારે એક કરોડ પચીસ લાખ ટી.એ. પણ થશે, એટલે લગભગ છ કરોડ રૂપિયાની આસપાસની રકમનું ભારણ આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારે એક વાત એ કહેવી છે કે, પગાર જેવું નામ ન આપતા, પણ આપણે એને કંઈક માનધન અથવા એવો બીજો કોઈ શબ્દ માનદ વેતન એવું કંઈક કહી શકીએ એવું નામ આપો, કારણ કે પગાર છે એ મને લાગે છે કે નોકરિયાતો માટેનો શબ્દ છે . અને આ બિલ બાબતે હું સમજું છું કે, મારો એકલાનો વિરોધ હશે છતાં પણ આ બિલ પાસ થવાનું છે, પણ આ જે પગાર જેવો શબ્દ છે એ શબ્દ સારો નથી લાગતો એટલે માનધન કે માનદ વેતન કે માનદ એવો કોઈ શબ્દ શોધી કાઢો અને આ કંઈક થાય તો સારું પરંતુ હું આ બિલને આવકારતો નથી પણ જ્યારે આટલો ખર્ચ રાજયની પ્રજા ભોગવે છે ત્યારે આપણે બધા આ રાજયની પ્રજાની ખૂબ સારી સેવા કરીએ, આપણે સૌ જવાબદારી સમજીને વધારેમાં વધારે લોકોની સેવા કરીએ તો લોકોને, પ્રજાને એમ થશે કે અમે જે પેટે પાટા બાંધીને જે કંઈ ખર્ચ કરીએ છીએ એ સાર્થક થશે એટલી વાત કરીને હું મારી વાત પૂરી કરું છું.

**ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી The Gujarat Salaries and Allowances of Members, Speaker and Deputy Speaker of the Gujarat Legislative Assembly, Ministers and Leader of the Opposition Laws (Amendment) Bill, ૨૦૦૫ ગુજરાત વિધાનસભા માટે જે લઈને આવ્યા છે અને માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્યો પણ એક પદાધિકારી છે એટલે હું આવકારું છું અને ઘણા સમય પછી આ બિલ આવ્યું છે, માનનીય અધ્યક્ષશ્રી, નાણાં અગત્યનાં નથી, હું પણ ક્લાસ વન અધિકારી હતો, અને ૧૯૯૪માં રાજનામું મૂકીને પેન્શન સ્વીકાર્યા વગર જાહેર સેવા સ્વીકારીને હું આવ્યો છું, દશ વર્ષના અનુભવ પછી મને લાગે છે કે, પ્રજાના હિતના કાર્યો કરતા હોઈએ ત્યારે પ્રજાના ઉપયોગ માટે મત વિસ્તારનો પ્રવાસ કરતા હોઈએ, પ્રજાના વિકાસના કામો માટે ટેલિફોનનો ઉપયોગ કરતા હોઈએ, આપણે રાતદિવસ પ્રજાના વિકાસના કામો માટે એક આસિસ્ટંટ રાખીને કામ કરતા હોઈએ ત્યારે જો પદાધિકારી પાસે પોતાના ખિસ્સામાં નાણાં નહીં હોય તો એ કરપ્શન તરફ પ્રેરાશે એટલે દીર્ઘદ્રષ્ટિ રાખીને ૧૯૯૮માં જે બિલ લાવ્યા હતા એ પછી જે કંઈ મોંઘવારી વધી, ટેલિફોન, લાઈટ અને પેટ્રોલ ડિઝલના ભાવ વધ્યા , આ બધા ભાવોની સમતુલા જાળવવા માટે આ માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે એને આપણે બધાએ પ્રજા હિતના પૈસાનો કયાંય દૂર્વ્યય કરતા નથી એવા સંજોગોમાં મારા વ્યકિતગત મંતવ્ય પ્રમાણે કંઈ ખોટું નથી અને આ પ્રજાના જે નાણાંનો ઉપયોગ કરશું એના બદલામાં પ્રજાના વધુ પ્રકારે હિતોનાં કાર્યો થાય એ દિશામાં આપણે ચોક્કસપણે ચોવીસ કલાકની ડ્યૂટી બજાવીને પ્રજાના હિતના કાર્યો કરીશું તેવી ખાતરી પણ આપું છું.

**શ્રી અશોક ભટ્ટ (વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના સભ્યો એ સમગ્ર દેશની અંદર લોકપ્રતિનિધિ તરીકે જે ફરજો બજાવે છે એ ફરજો આપણી વિધાનસભાના સભ્યોનું આ એક શ્રેષ્ઠતમ કાર્ય છે એમ ગણી શકાય એવું આપણે કહી શકીએ એમ છીએ. હું અન્ય રાજયોના જોતો હતો એમાં ગુજરાત એક જ સમગ્ર દેશમાં એવું રાજય છે કે જેની વિધાનસભાએ પેન્શન લેવાનું નકકી

નથી કર્યું. ના પાડી દીધી છે. પેન્શનનો કાયદો રદ કરતો પ્રસ્તાવ આપણે કર્યો છે. પરંતુ જેમ વિરોધ પક્ષના સભ્યશ્રીઓએ અને અન્ય સભ્યશ્રીઓએ મને વ્યકિતગત વાત કરી હતી એ પ્રમાણે ૧૯૯૮ પછી આ વિધેયક આવ્યું ન હતું. પરંતુ આ પહેલી વાર આ વિધેયકમાં જે ખાસ માપદંડ નકકી કરવામાં આવ્યો છે એ માપદંડ વર્ગ-૧ને મળતું લઘુતમ વેતનદર અને એને મળતું મોંઘવારી ભથ્થું લઈને એ પ્રમાણે વધારો થાય. એટલે આ વિધેયક કદાચ ચોકકસપણે કહી શકાય કે છેલ્લું વિધેયક રહેશે ધારાસભ્યશ્રીઓના પગાર ભથ્થા અંગેનું, અને આ જે પ્રણાલિકા આપણે અપનાવી છે એ પ્રણાલિકા માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન નીચે તૈયાર થઈ. અનેક ચિંતકોએ ચિંતા પણ કરી હતી એને દિશા બતાવનારું આ બિલ બનશે અને આવનારા દિવસોમાં અન્ય રાજયો પણ આપણને અનુસરશે એવી આશા સાથે આ વિધેયકમાં જેમણે પણ સહકાર આપયો છે એ સૌ સભ્યશ્રીઓને અને આ સન્માનીય ગૃહને વિના વિરોધે આ બિલ પસાર કરવા માટે હું વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી અશોક ભટ્ટ (વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંક :૨૯ ગુજરાત વિધાનસભાના સભ્યોના પગાર અને ભથ્થાંને લગતા કાયદા (સુધારા) વિધેયક, ૨૦૦૫નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની**

**શ્રી અશોક ભટ્ટ (વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંક ૨૯ ગુજરાત વિધાનસભાના સભ્યોના પગાર અને ભથ્થાંને લગતા કાયદા (સુધારા) વિધેયક, ૨૦૦૫નું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંક ૨૯નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૦૫નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૧૮
## મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૫
## મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ, ૧૯૪૬ વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રી રમણલાલ વોરા (શ્રમ અને રોજગારમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી,*રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૧૮-સન ૨૦૦૫નું મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત સુધારા) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરુ છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંક-૧૮ સન ૨૦૦૫ મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત સુધારા) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી રમણલાલ વોરા:** માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારની અંદર આ કાયદો ઔદ્યોગિક વિવાદ સંબંધ, ૧૯૪૭ ચાલે છે એજ પ્રકારનો રાજ્ય સરકારનો ઔદ્યોગિક વિવાદ સંબંધનો આ કાયદો છે, આ અગાઉ નામદાર હાઈકોર્ટના એડવોકેટ જનરલશ્રીએ આપેલ સૂચના મુજબ આ સુધારો હું લાવ્યો છું, માનનીય એડવોકેટ જનરલશ્રીએ જ્યારે બહુ સ્વયંસ્પષ્ટ વિગતો આપી છે ત્યારે આ વિગતો સાથે સભાગૃહ સંમત થાય એવી હું વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૧૮નું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

---

* વિધેયક તા૪થી માર્ચ, ૨૦૦૫ના ગુજરાત ગર્વનમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૧૮નું ત્રીજું વાંચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંક-૧૮નું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૦૫નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૨૪

## ગુજરાતના અધિનિયમો રદ કરવા બાબત વિધેયક, ૨૦૦૫

## અમુક અધિનિયમો રદ કરવા બાબત વિધેયક.

**શ્રી સૌરભ પટેલ (ઉર્જા અને પેટ્રોકેમિકલમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૨૪-સન ૨૦૦૫નું ગુજરાતના અધિનિયમો રદ કરવા બાબત વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંક-૨૪ સન ૨૦૦૫ ગુજરાતના અધિનિયમો રદ કરવા બાબતના વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વિધેયક બહુ સ્વયંસ્પષ્ટ છે રિપિલ કરવાના છે, જુના થઈ ગયા છે એના માટે આ વિધેયક હું લાવ્યો છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૨૪નું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૨૪નું ત્રીજું વાંચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંક-૨૪નું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**સભાગૃહની બીજી બેઠકનું કામકાજ સાંજના ૭-૪૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરૂવાર, તારીખ ૧૭મી માર્ચ, ૨૦૦૫ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

* વિધેયક તા:૧૧મી માર્ચ, ૨૦૦૫ના ગુજરાત ગર્વનમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

**ગુજરાત વિધાનસભા**
**ગુરૂવાર, તા.૧૭મી માર્ચ, ૨૦૦૫**
**ફાલ્ગુન ૨૬, ૧૯૨૬ શાકે**

**(સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું)**
**(અધ્યક્ષશ્રી પ્રો. મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને)**

# તારાંકિત પ્રશ્નો

## ગામ નમૂના નંબર-૮/અ અને ૭/૧૨નું કોમ્પ્યુટરાઈઝેશન

***૧૨૪૩૮ શ્રી રમેશભાઈ ના. મિસ્ત્રી (ભરૂચ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સમગ્ર રાજયમાં ગા.નં. નં-૮/અ તથા ૭/૧૨ નું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવેલ છે તે વાત સાચી છે,

(૨) જો ના, તો કયા જિલ્લાનું બાકી છે, અને

(૩) કયાં સુધીમાં આ કામગીરી સરકાર પૂર્ણ કરવા માગે છે?

**મહેસૂલ મંત્રીશ્રી :**

(૧) હા, જી. રાજયના ૩૧ ગામોને બાદ કરતાં.

(૨) અમદાવાદ, કચ્છ, આણંદ, સુરત અને પોરબંદરના ગામો બાકી છે.

(૩) વહીવટી કારણોનો નિકાલ થયે સત્વરે કરાશે.

**શ્રી રમેશભાઈ ના. મિસ્ત્રી** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે એમના જવાબમાં જે ૩૧ ગામો બાકી છે એવું જણાવ્યું છે તો તે કયા કયા ગામો બાકી છે અને તે ગામોને કયારે પૂર્ણ કરવામાં આવશે? અને ૭/૧૨ અને ૮/અ ની નકલો ગ્રામ્ય કક્ષાએ આપવામાં આવે છે કે કેમ? અને કોમ્પ્યુટરાઈઝેશન સિસ્ટમ ફૂલપ્રુફ ન થાય ત્યાં સુધી ગ્રામ્ય કક્ષાએ આ નકલો સરળતાથી મળી રહે તે માટે વૈકલ્પિક વ્યવસ્થા શું વિચારી છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : ૭/૧૨ અને ૮/અ ની નકલો માટે ફકત ૩૧ ગામો જ એમાં બાકી છે, એમાં જે ગામો બાકી છે તેમાં ભચાઉમાં ૬ બાકી છે, અંજારમાં ૧ બાકી છે અને ભૂકંપને કારણે તેના રેકર્ડના કારણે એ બાકી છે, પોરબંદરનું ૧ ગામ બાકી છે જેમાં કોર્ટ કેસ છે તેના કારણે બાકી છે, અમદાવાદના બે ગામો બાકી છે એમાં રેકોર્ડ નવેસરથી તૈયાર કરવાનું છે, એ.સી.બી.નો કેસ ચાલે છે, બાવળામાં બે ગામો બાકી છે એ તાલુકા કક્ષાએ ખાતકીય તપાસ માટે બાકી છે, બરવાળામાં બે ગામો બાકી છે અને રેકોર્ડ નવેસરથી તૈયાર કરવાનું છે, સીટી તાલુકો અમદાવાદમાં ૩ ગામો બાકી છે અને ધોળકામાં ૧ બાકી છે, સુરતમાં ૧૦ ગામો બાકી છે અને પ્રોમલગેશન માટે બાકી છે, આણંદમાં ૧ બાકી છે, ખંભાતમાં અને પેટલાદમાં પણ એક એક બાકી છે. કોર્ટ કેસ અને નવેસરથી રેકોર્ડ બનાવવાનું છે તે સિવાયના ગામોમાં પંદરેક દિવસમાં પુરા થઈ જશે. બીજી વાત કે રાજય સરકારે હાલમાં ગ્રામ્ય કક્ષાએ ૭/૧૨ અને ૮/અ ની વ્યવસ્થા કરી છે અને ૧.૫૪ કરોડ રેકોર્ડની પ્રિન્ટિંગની કામગીરી એક મહિનમાં પૂરી કરી અને ૧૭૦૬૭ ગામોમાં આજે તલાટીઓ પાસે આ નકલો અવેલેબલ છે. અને ફી લઈને આપવામાં આવે છે.

**શ્રી પ્રવિણભાઈ છ. રાઠોડ** : હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ખેડૂતો જયારે મામલતદાર ઓફિસે નકલ લેવા જાય છે ત્યારે ત્યાં અધિકારી ન હોવાને કારણે ખેડૂતોને આખો દિવસ ઓફિસમાં બેસી રહેવું પડે છે, તો એવી વ્યવસ્થા કરવા માગે છે કે કોઈ પર્ટીકયુલર એક અધિકારીને જવાબદારી આપવામાં આવે કે જેથી ખેડૂતો જયારે નકલ લેવા આવે ત્યારે તેમને તરત જ નકલો મળી જાય અને બીજો પ્રશ્ન એ છે કે આદિવાસી વિસ્તારોમાં દા.ત. નિઝર અને ઉચ્છલ એવા મોટા તાલુકાઓ છે જયાં લોકોને ગ્રામ્ય કક્ષાએથી તાલુકા કક્ષાએ કચેરીમાં આવે તો તેને આખો દિવસ નીકળી જાય છે, તો તેમના માટે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તાલુકા કક્ષાએ કોઈપણ ખાતેદાર નકલ લેવા જાય અને નકલ માગે તો સીધી આપવામાં આવે છે, અને સરકારે વૈકલ્પિક વ્યવસ્થા કરી છે ૧૭૦૬૭ ગામોમાં તો તલાટીઓ પાસે આખા ગામના સરવે નંબરની એક એક કોપી આપેલ છે અને આજની તારીખે તલાટી દરેકને આપે છે, પણ એમણે કહ્યું કે તલાટીઓ ગેરહાજર હોય છે તો તેના માટે ચોક્કસ ફૂલપ્રુફ વ્યવસ્થા કરીશું.

**શ્રી દિલીપસિંહ વ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, દરેક ગામોમાં નકલો પહોંચી ગઈ છે અને નકલો મળે છે. પણ નકલ તલાટીને એક જ આપેલી હોય છે, હવે તલાટીએ જે ખાતેદારને નકલ આપી દીધી હોય તે નકલ માટે તલાટીને એવી સૂચના આપવામાં આવેલી છે કે દર ગુરુવારે તાલુકા મથકે આવી અને તેમણે તે

નકલ મેળવી લેવાની હોય છે. પણ તલાટીએ નિયમિત રીતે તે નકલો લાવતા નથી તો તેના માટે કોઈ વ્યવસ્થા કરવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : ગ્રામ્ય કક્ષાએ જેટલા સરવે નંબરો હોય તેની એક એક નકલો આપેલી છે. કોઈ સરવે નંબરની નકલ કોઈ ખાતેદાર લઈ જાય તો બીજી નકલ તલાટી તાલુકા કક્ષાએથી લાવીને એમને આપે છે, એટલે અત્યારે બે બે નકલો આપવાનો કોઈ અર્થ નથી. અને તલાટીઓ નિયમિત લાવીને ગ્રામ્ય કક્ષાએ આ નકલો આપે તેવી વ્યવસ્થા કરી છે.

**શ્રી દિલીપસિંહ વ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે તલાટીઓને એવી સૂચના આપવામાં આવી છે કે દર ગુરુવારે તાલુકા મથકે જવું અને જે નકલો આપી દીધી હોય તે લઈ આવવી પણ નિયમિત આવી નકલો તલાટીઓ લાવતા નથી તો એમાં શું વ્યવસ્થા કરવા માગે છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : જો આવી નકલો નહીં લાવતા હોય તો અમે ફરીથી સૂચના આપીશું અને ગ્રામ્ય કક્ષાએ નકલો ચોકકસ મળે તેવી વ્યવસ્થા કરાવીશું.

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, પાણી પત્રકો છેલ્લા બે વર્ષથી ૭/૧૨ માં નિયમિત ભરાય છે કે કેમ? તે હું જાણવા માગું છું.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : છેલ્લે મારા પ્રશ્નના જવાબમાં અને મારી ડિમાન્ડ વખતે કહેલું. હવે આ સાતબાર અને આઠ(અ)થી આગળ વધીને ૧૨૮ તાલુકાઓમાં છના હક્કપત્રકો આપવાનું થોડા દિવસમાં ચાલુ થઈ જશે. તમામ તલાટીઓને કહેવામાં આવેલ છે કે તમામ એન્ટ્રીઓ તાલુકા કક્ષાએ લઈ જઈને પડાવી લેવી.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : સાતબાર અને આઠ(અ)ની એન્ટ્રીઓ કોમ્પ્યુટરમાં ફીટ કરેલ છે પરંતુ એમાં ઘણી ક્ષતિઓ રહી ગયેલ છે. એમાં એકના નામની જમીન હોય એ બીજાના નામે થઈ ગયેલ છે. તો આ સ્પેસિફિક ટાઈમમાં, સમય મર્યાદાની અંદર આ સુધારો કરવા માગો છો કે કેમ? બીજું સાત બાર અને આઠ(અ) અને છ ની વાત છે. આઠ(અ) માં તમે ૧૫ રૂપિયા લો એમાં વાંધો નથી. પરંતુ સાતબારનો ડેટા છે એ દસ પાનાનો પણ હોય છે તેથી એમાં ફીની રકમ વધારે થાય છે. તેથી સાતબારની નકલમાં એક ખેડૂત પાસેથી ૧૫ રૂપિયા જ લઈને કાઢી આપવા માગો છો કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : પહેલો પ્રશ્ન ડેટા એન્ટ્રીનો પૂછયો છે એની અંદર જણાવવાનું કે ડેટા એન્ટ્રી કર્યા પછી તમામ ખાતેદારને વેરિફિકેશન માટે એક કોપી ફ્રી આપવામાં આવી હતી. એ પાછી આવ્યા પછી જે ડેટા ફીટ કરેલ એમાં સુધારો પણ થઈ ગયેલ છે. બીજો પ્રશ્ન ચાર્જ અંગેનો છે. આ કોમ્પ્યુટરાઈઝ કોપી છે એમાં ભવિષ્યને ધ્યાને રાખીને એ સ્વનિર્ભર બને અને ખેડૂતોને ચોખ્ખું રેકોર્ડ મળી રહે એનું મરામત થઈ શકે એટલે ૧૫ રૂપિયાનો ચાર્જ રાખ્યો છે.

**શ્રી ધનસુખભાઈ ના. પટેલ** : સુરત જિલ્લામાં દસ ગામોમાં પ્રોમલગેશનના કારણે કોમ્પ્યુટરાઈઝેશન નથી થયું. તો એ કેટલા સમયથી બાકી છે અને કયારે પૂર્ણ થશે? અને કેટલા સમયમાં અહીંના ખેડૂતોને સાતબારની નકલ મળી શકશે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : તમામ ગામોમાં કોમ્પ્યુટરાઈઝ કરવાની કામગીરી ચાલુ કરી હતી. સુરત જિલ્લામાં ૧૦ ગામો પ્રોમલગેશન થઈ ગયેલ છે. ટેકનિકલ પ્રોબ્લેમ ન હોય તો એ કદાચ દસ-પંદર દિવસમાં થઈ જશે.

**શ્રી રણજિતસિંહ ન. ચાવડા** : તલાટી લેવલે ઉતારા આપવાની વાત કરી છે. એમાં કોમ્પ્યુટરાઈઝ નકલ જ ખેડૂત ખાતેદારને આપવાની સૂચના છે. ત્યાં પરિસ્થિતિ એવી થઈ છે કે અત્યારે ખેડૂત ગ્રોફેડમાં કે બીજે માલ વેચવા કે ખરીદવા જાય ત્યારે તલાટીની હાથની કોપી ચલાવતા નથી. તો જયાં સુધી કોમ્પ્યુટરાઈઝ કોપી ઈસ્યુ ન થાય કારણ કે પાણીપત્રકનું ઈન્સ્ટોલેશન મામલતદાર ઓફિસમાં ન થાય ત્યાં સુધી પાણીપત્રકમાં કયો પાક છે એ આવે નહિ એના લીધે ખેડૂતોને તકલીફ પડે છે. તો જયાં સુધી કોમ્પ્યુટરાઈઝ કોપી ન થાય ત્યાં સુધી તલાટીએ કરેલ પાણીપત્રકની હાથની કોપી એલાઉ કરવામાં આવે તેવી વિનંતી છે.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : આ પ્રોજેકટ પણ ઝડપથી હાથમાં લીધેલ છે. ચાર મહિનામાં આખા ગુજરાતની ડેટા એન્ટ્રીઓ કરી. એક મહિનામાં ૧.૫ કરોડ પ્રિન્ટિંગ કરીને આપી. હવે છ નું હકકપત્રક ૧૨૮ તાલુકાઓમાં ચાલુ છે. આપણે આ કોમ્પ્યુટરાઈઝ કોપી આપીએ અને બીજી બાજુ હાથની કોપી ચાલુ રાખીએ તો બંને વચ્ચે વિસંગતતા થાય. હાથની કોપીમાં જુદુ બોલે અને કોમ્પ્યુટરાઈઝ કોપીમાં જુદુ બોલે. પણ તાત્કાલિક એન્ટ્રીઓ પાડવાની છે કોમ્પ્યુટરાઈઝ કોપી તાલુકામાં પડે અને ગામમાં આવી જાય એવી ચોકકસ ફુલપ્રુફ વ્યવસ્થા નજીકના ભવિષ્યમાં થઈ જવાની છે.

## વાવ તાલુકામાં માટીકામ થયેલા આડબંધો પાકા કરવા અંગે

***૧૨૩૬૧ શ્રી હેમાજી દ. રાજપૂત (વાવ): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) મહાવરી તા. વાવ થી બોરુ તા. વાવમાં અછતમાં માટીકામ થયેલા કેટલા આડબંધો છે, અને

(૨) તેને પાકા કરવા શું આયોજન છે?

**જળસંપત્તિ મંત્રીશ્રી:**

(૧) ૫૫

(૨) ગ્રાન્ટની ઉપલબ્ધી મુજબ આડબંધોને પાકા કરવાનું આયોજન વિચારણા હેઠળ છે.

**શ્રી હેમાજી દ. રાજપૂત** : ૫૫ આડબંધને પાકા કરવા માટે સરકારે શું આયોજન કર્યુ છે, આ આડબંધો કયારે કરવામાં આવ્યો અને એની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે? આ આડબંધો કેટલીવાર રિપેર કરવામાં આવ્યા છે. આ આડબંધો રણના કાંઠે બનાવવામાં આવેલા છે. એ રિપેર કરવામાં આવે તો ૫૦૦ એકર જમીનમાં ખેતી થઈ શકે એમ છે. તો આ કેટલા સમયમાં પાકા કરવા માગો છો?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વાવ તાલુકામાં જે વિસ્તારના આડબંધની વાત છે તે બધા જ આડબંધ અછત વિસ્તારમાં અછતના સમયે કરવામાં આવેલ છે. એટલે અછત વખતે થયેલ ખર્ચ છે એ અનાજ આપીને મજૂરો દ્વારા કરવામાં આવેલ છે. એ અમારી પાસે પાકા કરવા માટે આવે છે. અત્યારે પાણી રોકવા માટે વાવ તાલુકામાં આડબંધો છે એ કાચા છે. વાવ તાલુકામાં પાણી રોકવા માટે બીજી કોઈ વ્યવસ્થા નથી. એટલા માટે આડબંધ છે. અત્યારે વાવ તાલુકામાં ૧૦૪ આડબંધ છે. તે પાકા કરેલ છે તેમાં પણ નુકસાન થયેલ છે. ૫૫ આડબંધ છે તેને પાકા કરવાના બાકી છે. તેમની માગણી એવી છે કે આ પાકા કરવા માગો છો કે કેમ? સરકાર અને વિભાગે વિચાર્યું છે કે એસ.જી.આર.વાય.માં ૫૫ પૈકી ૬-૮ બંધને પાકા કરવાનો પ્લાન છે. ફુડ ફૉર ગ્રેઈનમાં ૨૧ આડબંધને આ વર્ષે પાકા કરવા માગીએ છીએ. સેફ સ્ટેજે બીજી ગ્રાન્ટથી કરવા માગીએ છીએ. બૉર્ડર એરિયા પ્રોગ્રામ માટે અમારી પાસે બજૅટ હોય છે. તેમાં પણ ૬ આડબંધોનું આયોજન છે. તેમાં ૩૬ને આ રીતે કરવા માગીએ છીએ. બાકી ૧૯ આડબંધને સુજલામ્-સુફલામ્ યોજના બનાસકાંઠા જિલ્લામાં છે અને પાણીને સ્ટોરેજ કરવા માટેની યોજના કરીને ૧૯ આડબંધને પણ પાકા કરવા માગીએ છીએ. કારણ કે આ જિલ્લાનો આ તાલુકો ખૂબ જ સૂકો છે અને આડબંધને પાકા કર્યા સિવાય પાણીનું સ્ટોરેજ થઈ શકે એવું નથી. એ સરકારના ખ્યાલમાં છે એટલે ૫૫ આડબંધને પાકા કરવાની કામગીરી હાથમાં લેવાની છે.

**શ્રી હરજીવન હી. પટેલ** : વાવ તાલુકો રણને અડીને આવેલો છે. આ રણને આગળ વધતું અટકાવવા સરકાર કટિબદ્ધ છે ત્યારે વાવ તાલુકાના છેવાડાના ગામો નજીક જે રણ વિસ્તાર આવેલો છે તે રણને આગળ વધતું અટકાવવા માટે સળંગ આડબંધ આ સરકાર બાંધવા માગે છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : ૫૫ આડબંધની વાત કરો.

**શ્રી હરજીવન હી. પટેલ** : જે ૫૫ ચેકડેમો બાકી છે તે પાકા કરવાનું આયોજન છે એ કેટલા સમયમાં સુજલામ્-સુફલામ્ યોજના દ્વારા પૂર્ણ કરવામાં આવશે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : ૫૫ આડબંધને પાકા કરીને પાણી ભરવા માટેનું આયોજન છે. એ મેં કાર્યક્રમ જણાવ્યો તે મુજબ પાકા કરવાના છીએ. અગર અમને ફંડ અંગે કોઈ મુશ્કેલી આવશે તો સુજલામ્-સુફલામ્ યોજના દ્વારા પણ ૫૫ આડબંધને પાકા કરવાનું અને પાણીને સ્ટોરેજ કરવાનું સરકારે વિચારી લીધું છે.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : હું એ જાણવા માગું છું કે આ આડબંધ કયા વર્ષના અછત કાર્યક્રમમાં બનાવાયા છે? બીજું, આ જે પાકા બનાવવાના હતા..

**અધ્યક્ષશ્રી** : એ બરાબર નહીં,

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : મહત્ત્વનો પ્રશ્ન છે. આખા વિસ્તારના પાણીનો પ્રશ્ન છે. આ પાકા બનાવવા માટેની સરકારમાં કોઈ દરખાસ્ત આવી? એસ.જી.આર.વાય.માં મૂકવાની વાત છે. તેમાં મટિરિયલ કોમ્પોનન્ટનો સમાવેશ થતો નથી તો એ કરવા માગો છો કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : જ્યાં સુધી સેન્ટ્રલ ગવર્નમૅન્ટમાંથી ફંડ મળતું હોય તો ગુજરાત ગવર્નમૅન્ટ તેનો ઉપયોગ કરીને એસ.જી.આર.વાય.માં કરવા માગે છે. આ અછતના જે વર્ષો છે તેમાં મારી પાસે આખું લિસ્ટ છે ૨૦૦૨-૦૩ની સાલમાં અછતનું વર્ષ હતું તે વર્ષથી માંડીને જૂના પણ આડબંધો છે. વર્ષોથી ચાલતી પ્રક્રિયા છે. બનાસકાંઠામાં એક અછતનું વર્ષ નથી. ઘણાં ખરાં અછતનાં વર્ષો હોય છે. તેમાં તબક્કાવાર તેના કાર્યક્રમો ચાલે છે. જ્યારે જ્યારે અછતના વર્ષો આવે છે ત્યારે આડબંધ બાંધવાના કામો ચાલ્યા કરે છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : ૫૫ આડબંધો બાંધ્યા છે તેમાં ખાસ કરીને અમારા સભ્યશ્રીની લાગણી છે તે એ છે કે ૫૫ આડબંધો બંધાયા પણ કાચા હોવાના કારણે ઘણાં તૂટી જાય છે. તો કેટલા તૂટ્યા, તૂટવાનું મેઈન કારણ છે, ૨૦૦ મીટર પાકું કરી દઈએ તો આપણે પૈસા ખર્ચ્યા છે એ પૈસા ઉગી નીકળે અને પાણી રહે એટલા માટે ૨૦૦-૩૦૦ મીટર પાકું કરવા માગો છો કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : પાકા કરવા તેનો અર્થ એ કે વચ્ચે વિયર બાંધવાનો કે પાણી રોકીને કાઢી શકાય. કાચા બંધ બંધાય છે અને કાચા બંધો પાકા કરતી વખતે વચ્ચે વિયર તૈયાર કરવો પડે છે. તેના કારણે પાણી રોકી શકાય અને પાણી કાઢી શકાય.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, જે ૫૫ કાચા, માટી કામના, અછતના સમયમાં બનેલા છે. એમાં હું એ જાણવા માગું છું કે, આના પ્લાન એસ્ટિમેટ તૈયાર થયા હોય તો, એનો આશરે કુલ કેટલો ખર્ચ થવાનો અંદાજ છે? અછતની અંદર સામાન્ય રીતે કામો થતાં હોય છે, રોજીરોટી માટે થતા હોય છે એટલે એનો ખર્ચ પણ વધારે થતો હોય છે એ ભલે આપવામાં આવ્યો હોય પણ આ જ્યારે પૂર્ણતાને આરે છે ત્યારે ખૂબ ઓછો ખર્ચ થતો હોય છે, એને સેઈફ સ્ટેજે લઈ જવાનો ખર્ચ ખૂબ ઓછો થતો હોય છે. આ નાના હોવા છતાં એમાં પાણીનો ખૂબ સંગ્રહ થાય એવી સુવિધા હોય છે. આ ૫૫નું આડબંધનું સરવે થયું હોય તો કુલ ખર્ચ કેટલું થશે? અલગથી ફંડ ફાળવીને પણ આ કામ પૂર્ણ કરવા માગો છો કે કેમ? એમાં ખૂબ જ ઓછો ખર્ચ થાય એમ છે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે પૂછ્યું છે કે આ ૫૫ નો કેટલો ખર્ચ થાય? ૩૬ આડબંધો છે એ એસ.જી.આર.વાય., ફુડ ફોર ગ્રેઈન, એનું આખું આયોજન આપ્યું છે. એના ૧ કરોડ ૯૯ લાખનો ખર્ચ છે અને ૧૯ જે બાકી રહ્યા એનો ખર્ચ ૮૦ લાખ રૂપિયા થાય એમ છે. ટોટલ ર કરોડ ૭૯ લાખ રૂપિયાનો ખર્ચ કરીને આ આડબંધો કરવાનું અમારું આયોજન છે.

**ખેડા જિલ્લામાં શેઢી શાખા નહેરનું પાણી ખેડૂતોને નહીં મળવા અંગે**

***૧૨૧૧૦ શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેડા જિલ્લામાં શેઢી શાખા નહેરમાં હાલમાં પાણી ચાલુ છે તેમાં છેવાડાના ખેડૂતોને પાણી મળતું નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો છેવાડાના ખેડૂતોને પાણી મળે તે માટે સરકાર શું આયોજન કરવા માગે છે?

**માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી :**

(૧) અંશતઃ સાચી છે.

(૨) નહેરના બાકી કામો પૂર્ણ કરવાનું આયોજન છે.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર :** માનનીય અધ્યક્ષશ્રી, આમ તો નરોત્તમભાઈ મારા વડીલ છે. શેઢી શાખા ખેડા જિલ્લા પૂરતી સીમિત હતી. છતાં એનું અમદાવાદ સુધી પાણી લઈ ગયા. અમદાવાદને નર્મદાનું પાણી મળે એવું છે. અમારા છેવાડાના ગામો પાણી વગર તરસે મરે છે, લોકો ખેતી કરી શકતા નથી. અમારી શેઢી શાખા હોવા છતાં અમારા છેવાડાના ગામો તો રહી જાય છે અને પાણીની વહનશકિત ઓછી છે તો આ વહનશકિત વધારે કરવા માગો છો કે કેમ? અમદાવાદને પાણી બંધ કરીને અમારા તરસ્યા વિસ્તારોને પાણી આપવા માગો છો કે કેમ? અમારા ખેડા જિલ્લાના કેટલાય ગામોને આનું પાણી મળે છે અને કેટલાય બાકી છે અને જે બાકી નહેરો છે એ ક્યારે રિપેર કરવામાં આવશે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારે આયોજન કર્યું છે કે, નર્મદાના પાણી અમદાવાદ શહેરને આપવા રાસ્કાવિયર દ્વારા ત્યાંથી પાણી લઈને શેઢી શાખા દ્વારા ત્યાં પાણી પહોંચાડવામાં આવે છે. આ આયોજન સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા પાયલોટ પ્રોજૅકટ તરીકે ડેવલપ કર્યો. પાયલોટ પ્રોજૅકટનો અર્થ એ હતો કે આ ડેવલપ કરવા માટે નર્મદા નિગમ ધ્યાન આપતું હતું પરંતુ પાછળથી ડેવલપ થયું અને સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા નર્મદા કેનાલ ત્યારે આ વિભાગ મારા વિભાગને સોંપ્યો છે અને આ સોંપ્યા પછી શેઢી વિસ્તારમાં ડેવલપ કરવાનું કામ પણ થોડુંક અઘરું છે. અત્યારે ૪૭૭૦૦ હેકટર જમીનમાંથી ૨૮૦૦૦ હેકટર જમીન ડેવલપ કરી છે. બાકીનું આયોજન છે, એનું કામ ચાલુ છે અને ૯૦ લાખ રૂપિયાના ખર્ચે અમે પૂરું કરવાના છીએ. આપના વિસ્તારમાં, આપની જે ફરિયાદ છે એમાં કોઈ તકલીફ રહેવાની નથી. અલગ અલગ વિસ્તારમાં પાણી કયાં ગામડાઓમાં ઓછું મળે છે એનું આખું લિસ્ટ છે.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, શેઢી શાખામાં જે કાંસળીઓ છે એ પાકી ક્યારે કરવા માગો છો ? અને પૂરેપૂરા લેવલે પાણીને પૂરું કરવામાં આવતું નથી એ કયારે કરવામાં આવશે? અને અમદાવાદ શહેરને આ પાણી બંધ કરીને નર્મદાનું પાણી આપવા માગો છો?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે મહિમાં પૂરતું પાણી છે. શેઢીમાં મહી કેનાલ દ્વારા જ આપણને પાણી મળે છે અને આયોજન કરીને આ વર્ષે હાથમાં લીધું છે અને શકય તેટલું વહેલું આ વર્ષે કામો અમે પૂરાં કરીશું.

**શ્રી રાકેશ રાવ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર અને ઈરીગેશન વિભાગ દ્વારા અમારા ખેડા જિલ્લાના જે ખેડૂતો છે એમને પૂરતું પાણી મળ્યું છે એટલા માટે હું એમનો આભાર વ્યકત કરું છું અને વિશેષમાં મારા માતર તાલુકાનો વિસ્તાર એ મહી કેનાલની દૃષ્ટિએ અને ઈરીગેશનની દૃષ્ટિએ ટેઈલ વિસ્તારમાં

આવે છે. એના કારણે મારા વિસ્તારના ખેડૂતોને પૂરતું પાણી નથી મળતું એ વિભાગ જાણે છે. તો મારા ટેઈલ વિસ્તારના લોકોને પાણી મળી રહે તે માટે નહેરોમાં સુધારણા કરવા રાજય સરકાર શું આયોજન કરવા માગે છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ શેઢી શાખાની આવતી નહેરો અને પ્રશાખાઓ એને રીપેરીંગ કરવાની આવશ્યકતા છે એ વાત એમની સાચી છે અને એના માટે સરકારે આયોજન કર્યુ છે. એની કેનાલોને ડીસીલ્ટીંગ કરવાનું અને એનું રીપેરીંગ કરવાનું કામ હાથમાં લીધું છે. આ આખો વિસ્તાર છે જે એમાં માતર તાલુકો એમને લાગુ પડે છે અને માતર તાલુકામાં ૧૬૯ ગામોને પાણી આપવામાં આવે છે. ગામોની સંખ્યા એક જ છે. એક જ ગામને મુશ્કેલી પડે છે પણ એની કેનાલ રીપેરીંગ કરવાનું કામ અમે હાથમાં લઈશું.

**શ્રી સુંદરસિંહ ભ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાથી પણ શેઢી શાખા કેનાલ પસાર થાય છે. ત્યાં ઉંચાણવાળો ભાગ છે ત્યાં ખેડૂતોને પાણી મળતું નથી પણ રામપુર વિસ્તારમાં આવી માઈનોર કાઢવા માટે અમે દરખાસ્ત મૂકી હતી એ મંજૂર કરી છે એ બદલ આમ તો અભિનંદન આપું છું અને આભાર પણ વ્યકત કરું છું પરંતુ એ કામ કયારે શરૂ કરવામાં આવશે? કયારે પૂરું થશે અને કેટલો ખર્ચ થશે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, આ જે રામપુર માઈનોર શાખા છે એ એક નવી શાખા ખોદવાની છે એ ૩.૭૦ કિલોમિટર લાંબી એક કેનાલ ખોદવાથી એમના વિસ્તારની જે ફરિયાદ છે એને પાણી પહોંચાડી શકાય એમ છે. એના માટે ૧૩.૮૫ લાખ રૂપિયાનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે અને નહેરોનું કામ અને સહભાગી ધોરણે લોકજૂથો દ્વારા પણ આ કામ હાથમાં લેવાનો નિર્ણય કર્યો છે. આગામી વર્ષમાં અમે આ કામ પૂરું કરવાના છીએ.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, જે શેઢી શાખાની વહનશકિત ઓછી છે એને વધારવા માગો છો કે કેમ? બીજું બાકી જે માઈનોર શેઢી શાખાની બોરડી મહુધા, ડાકોર બાકી છે એવી ઘણી પેટા શાખા છે એ અધૂરી છે તો એને તાત્કાલિક મંજૂર કરી અને ચાલુ કરવા માગો છો કે કેમ? કેટલા રૂપિયા મંજૂર કર્યા એની દરખાસ્ત આપની પાસે આવેલી છે અને કેટલા મંજૂર કર્યા અને કયારે પૂરી કરવામાં આવશે જો જલદી પૂર્ણ કરવામાં આવે તો નાના નાના ખેડૂતોને ફાયદો થાય.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, શેઢી શાખા અને એને મેઈન્ટેન કરવાનું કામ જરૂરી છે એ વાત સાચી છે કે ૧૮૦૦ કયુસેક પાણીમાંથી ૧૧૦૦ કયુસેક પાણીનું વહન એમાં થાય છે. કારણકે વર્ષોથી સતત આ કેનાલ ચાલે છે અને એને બંધ કરવાનો કોઈ સ્કોપ આજ સુધી આવ્યો જ નથી અને અમદાવાદ શહેરને જે પાણી આપવામાં આવે છે એ રાસ્કા વીયરનું એને પણ આ શેઢી દ્વારા આપવામાં આવે છે. અમદાવાદ સાથે સંકલન કરીને આ કેનાલને થોડાક સમય માટે ડીટેઈન કરીને, બંધ કરીને આ અંદરથી ડીસીલ્ટીંગ કરી અને એની અંદર ઉગી ગયેલ વનસ્પતિ, એને દૂર કરવાનું સરકારે પણ ગંભીરપણે વિચારેલું છે કારણ કે ૧૮૦૦ કયુસેકના બદલે એની વહનશકિત ઘટી ગઈ છે એટલે એના કારણે ટેઈલ વિસ્તારમાં પાણી પહોંચવાની મુશ્કેલી પડે છે પણ આનું સંકલન કરવામાં ખેડૂતો અને અમદાવાદ શહેરના કમિશ્નરશ્રીનો સહયોગ મળશે તો અમે ચોકકસ વિચારીશું.

## અતિવૃષ્ટિમાં કેન્દ્રીય સહાય

***૧૨૫૫૩ શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) સને ૨૦૦૪-૦૫ના વર્ષમાં આવેલ અતિવૃષ્ટિને કારણે થયેલ નુકશાનને પહોંચી વળવા કેન્દ્ર સરકાર તરફથી કેટલી રકમ રાજ્યને તારીખ ૩૧-૧-૦૫ સુધીમાં આપવામાં આવી, અને

(૨) આ રકમ કયા જિલ્લાને કેટલી ફાળવી ?

**માનનીય મહેસૂલ મંત્રીશ્રી :**

(૧) ૧૧મા નાણા પંચની ભલામણ પ્રમાણે રાજ્યને મળવાપાત્ર કેલીમીટી રીલીફ ફંડ (સી.આર.એફ.)માંથી વર્ષ:૨૦૦૪-૦૫માં રૂપિયા ૧૪૭.૧૪ કરોડ ઉપરાંત નેશનલ કેલીમીટી કન્ટીજન્સી (એન.સી.સી.એફ.)માંથી રૂપિયા ૫૫ કરોડ કેન્દ્ર સરકાર તરફથી મળેલ છે.

(૨)

| **ક્રમ.** | **જિલ્લાનું નામ** | **રકમ રૂપિયા (લાખમાં)** |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૧૨૫.૦૦ |
| ૨. | અમરેલી | ૬૫.૦૦ |
| ૩. | આણંદ | ૬૦.૦૦ |
| ૪. | બનાસકાંઠા | ૬૬.૦૦ |
| ૫. | ભરૂચ | ૯૧૫.૦૦ |
| ૬. | ભાવનગર | ૬૭.૦૦ |
| ૭. | દાહોદ | ૫૧૮.૦૦ |
| ૮. | ડાંગ | ૫૮.૦૦ |
| ૯. | ગાંધીનગર | ૫૮.૦૦ |
| ૧૦. | જામનગર | ૬૭.૦૦ |
| ૧૧. | જુનાગઢ | ૧૦૮૭.૦૦ |
| ૧૨. | ખેડા | ૬૭.૦૦ |
| ૧૩. | કચ્છ | ૧૦૬.૦૦ |
| ૧૪. | મહેસાણા | ૬૫.૦૦ |
| ૧૫. | નર્મદા | ૫૨૦.૦૦ |
| ૧૬. | નવસારી | ૨૩૭૦.૦૦ |
| ૧૭. | પંચમહાલ | ૭૬.૦૦ |
| ૧૮. | પાટણ | ૬૦.૦૦ |
| ૧૯. | પોરબંદર | ૫૮.૦૦ |
| ૨૦. | રાજકોટ | ૭૦.૦૦ |
| ૨૧. | સાબરકાંઠા | ૫૭૭.૦૦ |
| ૨૨. | સુરત | ૨૦૨૪.૦૦ |
| ૨૩. | સુરેન્દ્રનગર | ૭૭.૦૦ |
| ૨૪. | વડોદરા | ૨૧૧૦.૦૦ |
| ૨૫. | વલસાડ | ૧૯૭૬.૦૦ |
| | | કુલઃ- ૧૪૨૪૨.૦૦ |

**વિભાગને ફાળવેલ રકમ**

| ક્રમ વિભાગનું નામ. | રૂપિયા(લાખમાં)ફાળવેલ રકમ |
|---|---|
| ૧. માર્ગ અને મકાન વિભાગ | ૧૦૦૦.૦૦ |
| ૨. ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ | ૨૩૦૦.૦૦ |
| ૩. કૃષિ અને સહકાર વિભાગ | ૧૨૦૦.૦૦ |
| ૪. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૫૦૦.૦૦ |
| ૫. શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૫૦૦.૦૦ |
| કુલઃ- | ૫૫૦૦.૦૦ |

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે અતિવૃષ્ટિને કારણે દક્ષિણ ગુજરાતમાં અન્ય જિલ્લાઓ કરતાં વધારે નુકસાન થયું છે તો વલસાડ જિલ્લાને કેમ ઓછી ગ્રાન્ટ ફાળવવામાં આવેલી છે? બીજો પ્રશ્ન કેન્દ્ર સરકારે ૧૪૭ કરોડ અને ૧૪ લાખ જેવી રકમ

ફાળવી છે તો તેમાંથી ૪ કરોડ અને ૭૨ લાખ વણવપરાયેલી રહેલી છે તો સરકાર એનું આયોજન કરવા માગે છે કે કેમ? અને કયારે વાપરવા માગે છે ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જુન જુલાઈ ૨૦૦૪માં લગભગ ૧૧ જિલ્લામાં જે વધારે વરસાદ આવ્યો, અતિવૃષ્ટિને કારણે રાજયમાં ઘણા મોટા પ્રમાણમાં નુકસાન થયું. માનનીય સભ્યશ્રીએ જે વલસાડની વાત કરી છે, માનનીય સભ્યશ્રીને , મારે તો કોંગ્રેસના ધારાસભ્યશ્રીઓને વિનંતી છે કે આ ગુજરાતમાં જે વખતે આ નુકસાન થયું માનનીય મુખ્યમંત્રીશ્રી જાતે વડાપ્રધાનશ્રીને મળ્યા, ડિસેમ્બર ૨૦૦૪માં, જે આપણે નુકસાનના આંકડા આપ્યા, માહિતી આપી, એક મેમોરેન્ડમ આપ્યું. આખા ગુજરાતમાં કેટલું નુકસાન થયું છે, પરોક્ષ નુકસાન, પ્રત્યક્ષ નુકસાન, જાહેર માલ મિલકતને નુકસાન એની સામે ફક્ત ૫૫ કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે. એટલે સૌ ધારાસભ્યશ્રીઓને વિનંતી છે કે આજે પણ માગણી ઊભી છે. અનેક પત્રો લખ્યા છે. મુખ્યમંત્રીશ્રી જાતે ગયા છે પણ કેન્દ્ર સરકાર તરફથી કોઈ પ્રત્યુત્તર આપવામાં આવતો નથી.

**શ્રી છત્રસિંહ પૂં. મોરી** : આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગયા ચોમાસામાં સમગ્ર ગુજરાતમાં અને ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં અતિવૃષ્ટિના કારણે ખૂબ મોટું નુકસાન થયું છે ત્યારે કેન્દ્ર સરકારમાંથી એક કમિટીની રચના થઈ હતી તે કમિટીનું નામ શું હતું? એની રચના ક્યારે થઈ અને એ કમિટી અહીં આવી તો એની ભલામણો શું હતી? એ ભલામણો આવ્યા પછી એણે કેટલા રૂપિયા મંજૂર કર્યા છે. ભરુચ, સુરત અને વડોદરા માટે કેટલા રૂપિયા ફાળવ્યા છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : ભારત સરકાર દ્વારા જ્યાં જ્યાં રાજયોમાં આવી કુદરતી આફતો આવે ત્યારે હાઈ લેવલ કમિટી મોકલતી હોય છે. ગુજરાતમાં તારીખ ૨૫ થી ૨૮ ઓગષ્ટ દરમિયાન આ કમિટી આવી હતી. એ પહેલા આપણે સમગ્ર ગુજરાતમાં જે નુકસાન થયું છે, બધા વિભાગો, પ્રાઈવેટ નુકસાન આ બધું થઈને જે મેમોરેન્ડમ રૂપિયા ૩૪૮૫.૭૨ કરોડનું આપ્યું હતું. હાઈ લેવલ કમિટી આપણે ત્યાં આવી ત્યારે એણે એવું સૂચન કર્યું કે કેલિમિટી રિલીફ ફંડના ધોરણો મુજબ તમે માગણી કરો. એ પ્રમાણે ૭૭૦.૦૫ કરોડ રૂપિયાની આ કેલિમિટીની નિયમાનુસાર માગણી કરવામાં આવી. એમાંથી એ કમિટીએ માત્ર ૯૪.૦૪ કરોડ પાસ કર્યા અને એની સામે ૫૫ કરોડ આપ્યા. વર્ષ ૨૦૦૩-૦૪ના સી.આર.એફ. ફંડમાં મજરે કરીને જમા કર્યા. કેલિમિટી રિલીફ ફંડે જે વાત કરી છે એ પણ રૂપિયા આપ્યા નથી. આ કમિટીએ જે વાત કરી હતી કે ૫ કરોડ રૂપિયા ટેકસટાઈલ માટે અલગથી આપવાના હતા. પણ એ પણ આજની તારીખે આપવામાં આવ્યા નથી.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને આપના મારફત પૂછવા માગું છું કે જ્યારે આ અતિવૃષ્ટિ થઈ એના પછી આ અતિવૃષ્ટિમાં કેન્દ્ર સરકારમાં શું રજૂઆતો થઈ છે અને દરેક જિલ્લાવાર કેટલું નુકસાન થયું છે એનો એક પત્ર મેં માનનીય મુખ્યમંત્રીશ્રીને અને માનનીય મહેસૂલ મંત્રીશ્રીને લખ્યો હતો. દોઢ મહિના પછી મને એવો જવાબ આપ્યો કે આપ જિલ્લા કલેકટર કચેરીમાંથી માહિતી મેળવી લો. આ સરકાર આ બાબતમાં કેવી ગંભીર છે એ આ ગૃહને હું કહેવા માગું છું. એમને પૂછવા માગું છું કે જો આપ કેન્દ્ર સરકાર પાસેથી પૈસા મેળવવા માટે આટલા બધા ગંભીર હતા તો મને શા માટે દોઢ મહિના પછી માત્ર ત્રણ લીટીનો જવાબ આપવામાં આવ્યો? હવે આપ માહિતી આપવા માગો છો કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય વિરોધ પક્ષના નેતાએ પત્ર લખ્યો હતો. સાહેબ આમાં આખો સરવે કરવો પડ્યો. ૧૧ જિલ્લામાં આ કામગીરી થઈ છે. રાજય સરકારે ૩૪૮૫.૭૨ કરોડનું મેમોરેન્ડમ આપ્યું છે. દરેકને નુકસાન થયું છે, પુલો વિગેરેને નુકસાન થયું છે એનો સરવે જિલ્લા લેવલે થતો હોય છે. આ બધી વિગતો સરકાર પાસે આવે પછી.

**અધ્યક્ષશ્રી** : એમને રૂબરૂ બોલાવીને પણ વાત થઈ શકે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : મને જવાબ આપવામાં આવ્યો છે કે કલેકટર ઓફિસમાંથી મેળવી લો. માહિતી કમ્પાઈલ થયેલ પડેલ છે તો પણ આપી નથી. સરકાર કેટલી ગંભીર છે એ આના ઉપરથી સાબિત થાય છે.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** :અમે પત્રો લખ્યા, મુખ્યમંત્રીશ્રી જાતે ગયા. એમને લઈને પણ રજૂઆત કરાવીશું.

**ડૉ. અતુલ કે. પટેલ** : મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે અતિવૃષ્ટિમાં કલોલમાં ખૂબ મોટું નુકસાન થયું હતું. ગાંધીનગર જિલ્લામાં લગભગ ૫૮ લાખ ચૂકવવામાં આવ્યા એમાં કલોલને કેટલા ચૂકવવામાં આવ્યા અને કલોલમાં કેટલું નુકસાન થયું હતું?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : તાલુકાવાર માહિતી કે વિગતો ન હોય, જિલ્લાવાર નુકસાન હોય અને અમે વિભાગને પૈસા આપીએ છીએ.

**શ્રી વેચાતભાઈ હ. બારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા વડોદરા જિલ્લાના પાવીજેતપુર તાલુકામાં ઘણા મોટા પ્રમાણની અંદર નુકસાન થયું હતું. હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગુજરાત રાજ્યમાં અતિવૃષ્ટિથી વાસ્તવિક કેટલું નુકસાન થયું હતું અને કેન્દ્ર પાસેથી કેટલા નાણા માગવામાં આવ્યા હતા અને વાસ્તવિક રીતે કેન્દ્ર પાસેથી કેટલા નાણા મળ્યા?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા જવાબમાં કહ્યું, રાજ્ય સરકારે ૩૪૮૫.૭૨ કરોડનું મેમોરેન્ડમ આપ્યું હતું. હાઈ લેવલ કમિટી આવી એને પણ CRF ધોરણ મુજબ શું થઈ શકે એના માટે ૭૭૦.૦૫ કરોડનું એમને આપ્યું હતું એમાંથી ફકત ૯૪ કરોડ પાસ કર્યા છે અને રોકડા આપ્યા છે ૫૫ કરોડ, બાકીના ૫૮ કરોડ તો ૨૦૦૩-૦૪ ના ફંડમાં એડજેસ્ટ કર્યા છે.

**શ્રી દોલતરાય ના. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, આ જે અતિવૃષ્ટિથી નુકસાથ થયું છે એમાં મને લાગે છે કે પહેલા નંબરે વલસાડ જિલ્લો છે, છતાં પણ ફાળવણીની વિસંગતતા છે એ ઠીક છે પણ મારે એ જાણવું છે કે માર્ગ અને મકાન વિભાગને ૨૩૦૦ લાખ ફાળવ્યા છે તેમાં વલસાડ જિલ્લાને કેટલા ફાળવવામાં આવ્યા છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમે વિભાગને આપીએ છીએ એટલે માર્ગ મકાન વિભાગનું આ ૧૧ જિલ્લામાં કયા કયા નુકસાનસ થયું એ માર્ગ મકાન વિભાગ કામગીરી કરે છે એટલે અમે જિલ્લાને પૈસા ફાળવીએ છીએ, એકદમ ડિટેઈલ.. કારણ કે, બધા વિભાગ આમાં સંકળાયેલા છે.

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૪-૦૫ માં આવેલ અતિવૃષ્ટિના કારણે અમારાં નવસારી જિલ્લામાં સમગ્ર જિલ્લા કરતા વધારેમાં વધારે નુકસાન થયું છે. તવડી જેવા ગામમાં અઠવાડિયા સુધી ડૂબેલો રહેલો. નવસારી જિલ્લા કલેકટરશ્રીએ લાભાર્થીઓને, અસરગ્રસ્તોને કેટલી રકમ ચૂકવી અને હજુ ઘણા અસરગ્રસ્તો રહી ગયેલા છે જેની સ્થાનિક કક્ષાએથી કલેકટરશ્રીને રજૂઆત કરવામાં આવેલ છે તો તેમને સરકાર ચૂકવવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ મેં આપ્યો તેમ નવસારી જિલ્લાને ૨૩૭૦ લાખ જિલ્લામાં બધા વિભાગના થઈને આપવામાં આવ્યાં છે. આ અતિવૃષ્ટિ આવી ત્યારે રાજ્ય સરકાર દ્વારા ગણતરીના કલાકોમાં બચાવ અને રાહતની કામગીરી કરવામાં આવી હતી. માનનીય મુખ્યમંત્રીશ્રીએ એકેએક જિલ્લે એકેએક મંત્રીશ્રીને અને એકેએક સિનિયર અધિકારીઓને મોકલ્યા હતા. સમગ્ર રાજ્ય લેવલે ૧૭૩ કરોડ રૂપિયા રાહત અને બચાવ કાર્યમાં વાપર્યા હતા.

**શ્રી બિમલ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ખેડા જિલ્લાની અંદર અને મારી માહિતી પ્રમાણે સુરેન્દ્રનગર જિલ્લો આ બંને જિલ્લાની અંદર કલેકટરશ્રીએ માહિતી આપને મોકલી નથી અને એટલા માટે અતિવૃષ્ટિથી જે નુકસાન થયું એની માહિતી જે આપના સુધી પહોંચી નથી તો આના માટે બીજી કોઈ વૈકલ્પિક વ્યવસ્થા છે કે નહિ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ચોક્કસ, આવા કોઈ રહી ગયા હશે, ધારાસભ્યશ્રીને માહિતી છે તો અમે પર્ટિક્યુલર એ જિલ્લામાંથી વ્યવસ્થિત માહિતી મંગાવી લઈશું.

## પાદરા જંબુસર હાઈવેમાં ગયેલ ખેડૂતોની જમીનો

***૧૨૭૨૪ શ્રી પુનમ ર. પરમાર (પાદરા)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) પાદરા તાલુકામાં "પાદરા-જંબુસર" હાઈવે એસ.આર.પી.માં રસ્તાના કામ અંગે જે ખેડૂતોની જમીનો આ રસ્તામાં ગઈ છે તેનાં નકશામાં દૂરસ્તી થઈ છે, કે કેમ,

(૨) તા.૩૧-૧.૦૫ની પરિસ્થિતિએ આ જમીનનું મહેસૂલ કોણ ભરે છે, અને

(૩) આ જમીન અંગે સરકાર સ્પેશીયલ લેન્ડ એકવીઝિશન કરી જરૂરી કાર્યવાહી કરવા માગે છે કે કેમ?

**મહેસૂલ મંત્રીશ્રી :**

(૧) દુરસ્તની કાર્યવાહી ચાલુ છે.

(૨) એવોર્ડ મુજબ સંપાદિત થયેલ જમીન સિવાય ખાતેદારના ખાતે રહેતી અન્ય જમીનો પરત્વે લાગુ પડતા વેરા જે તે ખાતેદારે ભરવાના રહે છે.

(૩) ખંડ (૧)ના જવાબની વિગતે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી પુનમ ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારા જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે દૂરસ્તીની કાર્યવાહી ચાલુ છે તો એ કેટલા સમયમાં પૂરી કરવામાં આવશે અને જમીન સંપાદન કરવા માટે કોઈ ચોક્કસ સમય મર્યાદા હોય છે કે કેમ અને આવા બીજા રસ્તાઓમાં આજ પ્રકારની કાર્યવાહી કરવાની બાકી છે તો એ કહેવા માગો છો કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જમીન સંપાદનનો કાયદો એ ભારત સરકારનો કાયદો છે. જ્યારે જ્યારે કોઈ ઉદ્યોગોને અથવા રાજ્ય સરકારને જમીન સંપાદન કરવી હોય તો એ નીચે અરજી આવ્યા પછી ચાલુ જાહેરનામું, ૬ નું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે, પણ કાયદાની અંદર સ્પષ્ટ જોગવાઈ છે કે આવી કાર્યવાહી ૩ વર્ષમાં પૂરી કરવી. જો એ કાર્યવાહી ૩ વર્ષમાં પૂરી ના થાય તો આખી કાર્યવાહી લેપ્સ જાય છે. પાદરાના સભ્યશ્રીનો રોડ છે એમાં ધારાસભ્યશ્રીએ પણ એમાં ૯/૨/૨૦૦૪ ના રોજ

એવોર્ડ જાહેર થઈ ગયેલ છે અને ૨૨/૪/૦૪ ના રોજ રેકર્ડ ૧૧/૩/ થી ૧૫/૩/૦૫ માં ગ્રામ રેકર્ડ ઉપર અમલવારી થઈ ગઈ છે, કમી દૂરસ્તીની તમામ કામગીરી પૂર્ણ થઈ ગઈ છે અને પેમેન્ટ પણ ચૂકવાઈ ગયું છે.

**શ્રી ધનસુખભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મનારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જમીન સંપાદનનો એવોર્ડ થયો પણ એવોર્ડ થયા બાદ જે ૭/૧૨માં કમી નથી થઈ તો તે સમયે જો છૂટછાટ આપીને પણ આવી કાર્યવાહી કરવા માગો છો કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જમીન સંપાદન કરતી વખતે જરૂરી ડોકયુમેન્ટ જોઈતા હોઈ, પ્રાંત અધિકારીના લેવલે ફાઈનલ કરે છે. ચારનું જાહેરનામુ બહાર પડે એ પછી એક વર્ષમાં ૬નું જાહેરનામુ બહાર પડે અને ૬નું જાહેરનામુ બહાર પડયા પછી બે વર્ષમાં કલમ-૧૧ મુજબ તમામ કાર્યવાહી પૂરી કરવાની હોય છે. એટલે જે તે કક્ષાએ તાત્કાલિક ડોકયુમેન્ટ મેળવીને ત્રણ વર્ષમાં પૂરું કરવાનું હોય છે.

### વેરાવળમાં શરતભંગ કરી જમીનો ઉપર બહુમાળી મકાનો બાંધવા અંગે.

***૧૨૫૭૪ ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) જુનાગઢ જિલલાના વેરાવળમાં સર્વે નં.૧૩/૧૭/૩૯માં અંદાજે ૨૦એકર પડતર ખુલ્લી જમીન ઉપર શરતભંગ કરી કેટલાક ઔદ્યોગિક એકમો દ્વારા ગેરકાયદેસર બહુમાળી મકાનો બાંધી દેવામાં આવ્યા છે, તેવી કોઈ ફરિયાદ તારીખ:૩૧/૧/ ૦૫ની સ્થિતિએ છેલ્લા છ માસમાં સરકારને મળી છે, અને

(૨) જો હા, તો શરતભંગ દ્વારા કરોડો રૂપિયાની ગેરરીતિ કરવા બદલ ગુન્હેગારો સામે સરકારે શું પગલાં લીધાં?

**મહેસૂલ મંત્રીશ્રી :**

(૧) કોઈ ફરિયાદ મળી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે એમાં વેરાવળના ૧૩,૧૭ અને ૩૯ સરવે નંબરની ૧૯૬૨માં ૨૩૫ એકર જમીન આપી છે ત્યારે પાંચ વર્ષની શરતે આ જમીન આપી હતી. કલેકટરશ્રીએ નોટિસ આપી અને નોટિસ વિથડ્રો પણ થઈ. ત્યારે મારે પૂછવું છે કે ગરીબ માણસોના ઝૂંપડા તોડવાની વાત અને ૨૩૫ એકર ઉદ્યોગને અપાયેલ જમીન ખાલસા કરવાને બદલે નગરપાલિકામાં પણ જે ઉદ્યોગને કૅન્સલ કરેલ છે ત્યારે મારે પૂછવું છે કે ૨૦ એકર જમીનમાં મકાન બનાવ્યા એ સ્ટાફ ક્વાર્ટરના નામે બનાવ્યા છે પરંતુ સ્ટાફ ક્વાર્ટરના મકાન નથી પરંતુ પ્રાઈવેટ લોકોને વહેંચાયા છે. તો સરકાર તપાસ કરીને ઉદ્યોગની જમીન પડતર છે એ શરતો, નિયમો મુજબ ખાલસા કરવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જમીન ૧૯૬૦-૬૨માં કોંગ્રેસે જે તે ધારાધોરણથી આપી છે, તમે આપી છે. આજની તારીખે ધારાસભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે કે છેલ્લા ૬ મહિનામાં કોઈ ફરિયાદ મળી છે? તો છેલ્લા ૬ મહિનામાં કોઈ ફરિયાદ મળી નથી. અમારી પાસે ૨૦૦૩માં ફરિયાદ આવી છે. એમણે જે પૂછયું છે એમાં કોઈ ફરિયાદ આવી નથી, ૨૦૦૩માં ફરિયાદ આવ્યા પછી રાજય સરકારે જરૂરી પગલાં લેવા માટે અથવા કાર્યવાહી કરવા માટે તા.૨૩-૧૨-૨૦૦૩ના રોજ નોટિસ આપી અને કંપનીએ તા.૨૭-૧-૨૦૦૪ ના રોજ એની સમગ્ર વાત રજૂ કરી અને ૨૩૫ માંથી ૨૧૨ એટલે કે ૯૦ ટકા જમીન જે શરતે આપી છે એ શરતો પ્રમાણે કામ પૂરું કરેલ છે. ૯૦ ટકા જમીન ઓલરેડી ઉપયોગમાં લેવાઈ છે. નિયમ અને ધારાધોરણ પ્રમાણે કલેકટરે તા.૨૫-૫-૨૦૦૪ ના રોજ સંતોષકારક કામગીરી અને રજૂઆત પછી વીથડ્રો કરવામાં આવી છે.

**શ્રી રતિલાલ ગો. સુરેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ ઈન્સ્ટ્રીઝ જે આવેલી છે એનો ગુજરાતના વિકાસમાં કોઈ ફાળો છે કે નહીં?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે તે વખતે કોંગ્રેસે જે કાંઈ વિચાર કરીને આ જમીન આપી હતી (અંતરાય) તમે આપેલી જમીન છે. તમે ઉદ્યોગોની વાત કરો છો કે મફત જમીન આપી દીધી છે તમારા વખતમાં પણ ઉદ્યોગો ડેવલપ કરવાની વાત તમે કરી છે. સારું કર્યું છે. (અંતરાય) એના માટે તમે આપી છે. ભૂતકાળમાં એમાં પણ રાજયના હિતમાં ઉદ્યોગો ડેવલપ કરવા માટે(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : જયાં કોંગ્રસનું નામ આવે ત્યાં ઉભા થઈ જાઓ છો, જેસાભાઈ, પૂછો.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રતિભાઈનો જવાબ બાકી છે. હું જવાબ આપું છું. આ જમીન તો અપાઈ હશે પણ આજની તારીખે સભ્યશ્રીએ પૂછયું કે આ બિરલા કંપનીનો ગુજરાત રાજયના વિકાસમાં ફાળો શું છે? આજની તારીખે મારી પાસે માહિતી છે આ કંપની તરફથી માસિક ૪કરોડનું વેતન ચૂકવવામાં આવે છે એટલે રોજગારી આપે છે સેન્ટ્રલ તથા સ્ટેટ ગવર્મેન્ટ એકસાઈઝ ડયૂટીની ૬કરોડનો ટેકસ

વર્ષે ભરે છે, એને ૧૪ જેટલા નેશનલ એવોર્ડ મળેલ છે, ૬ જેટલા સ્ટેટ એવોર્ડ મળ્યા છે, ૫ જેટલા Energy Conversion Awards ૩ જેટલા Experts એવોર્ડ મળેલ છે. ૪ જેટલા Environment એવોર્ડ મળેલ છે. આ કંપનીનું આજની તારીખે યોગદાન છે. ધારાસભ્યશ્રી ચિંતા કરતા હોય તો રાજય સરકારે નિયમમાં રહીને જે કઈ કરવાનું હશે તેમાં પાછી પાની કરી નથી. રાજય સરકાર નિયમોનુસાર કાર્યવાહી કરવા બંધાયેલી છે અને કરશે. ૧૯૬૦માં આ કંપનીઓનું કોન્ટ્રીબ્યુશન ગુજરાતની અંદર જાણીને તમે જામીન આપી છે.(અંતરાય)

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે. મારા મત વિસ્તારનો છે. વેરાવળ તાલુકાનો છે. આ ૨૩૫ એકર જમીન જે તે વખતે ફાળવ્યા પછી ૫ વર્ષના નીતિ નિયમ પ્રમાણે જે હેતુસર રાજય સરકાર જમીન આપે તે હેતુસર કામ કરવું જોઈએ, એ હેતુસર કામગીરી ન કર્યા પછી જમીન નાના નાના plots ફાળવી વેચી નાખી હતી. મારી વાત એટલા માટે કરવી છે કે મેં આ રજૂઆત લેખિત આપના દ્વારા છાતી ઠોકીને કહું છું કે લેખિતમાં, સાહેબનો જવાબ ન હોય તો મારી ચેલેન્જ છે કે સચિવશ્રીનો એક મહિના પહેલાનો જવાબ છે. લેખિતમાં સંપૂર્ણપણે લેખિતમાં આપ્યો છે અને ૨૨ એકર જમીન આજની તારીખે ખુલ્લી છે. ૨૨ એકર જમીન બી.પી.એલ. કાર્ડ ધારકોને જમીનનો કબજો, રેકર્ડ ઉપર ભલે હોય ખુલ્લી જમીન છે, તે ગરીબ લોકોને આપવા માગો છો કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : ૧૯૬૨માં જમીન અપાઈ. વર્ષો સુધી રાજ કર્યુ, ત્યાં સુધી એમનામાં આવ્યું નહિ. એમની જ્યારે પહેલી અરજી અમારી પાસે આવી. ૫-૫-૦૩ ના રોજ, બીજી અરજી આવી ૧૬-૮-૦૩ ના રોજ અને ૨૩-૧૨-૦૩ એ કલેક્ટરે નોટિસ આપી છે. જે તે કરવાની કાર્યવાહી અમે કરી છે. ૩૫ વર્ષ સુધી કશું કર્યુ નથી.(અંતરાય)

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : મામલતદારને સ્પેસિફિક (અંતરાય) બે મહિના સુધી તપાસ પૂરી કરીને રિપોર્ટ હમણા આપ્યો છે અને આ રિપોર્ટ રાજય સરકાર સુધી મોકલવામાં આવ્યો છે. કલેકટરને જે નોટિસ આપી છે, એનો જવાબ આપ્યો છે. ૨૨ એકર જમીન આજની તારીખે ખુલ્લી છે. ૨.૫ કરોડ રૂપિયા કહો છો. આ સંકલન સમિતિના હિસાબે ૨.૫ કરોડ રૂપિયાનો પાણીનો વેરો રેયોને હજુ ભર્યો..... (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, પ્લીઝ.

**શ્રી વજુભાઈ વાળા** : આ ૧૯૬૨માં જમીન આપી. ૫ વર્ષનું કામ પૂરું કરવાનું આપ્યું. ૧૯૬૭માં આપી. ૧૯૬૭ થી આજે ૨૦૦૫ સુધી, ૧૯૯૫ સુધી તો તમે સત્તા ઉપર હતા તો તમે શું કર્યુ? તમે એની અંદર કેમ ન કર્યુ. કારણ કહો? કલેક્ટરે નોટિસ આપી, એનો રિપોર્ટ મંગાવ્યો છે, ગેરકાયદેસર હશે તો એ જમીન લઈ લેશે. ચંદ્રિકાબેન અને જેસાભાઈ મહેસૂલ મંત્રી હતા તો પણ યાદ ન આવ્યું?

## દિવાળીના તહેવારોમાં ગરીબોને અપાયેલ વધારાની ખાંડ અને તેલ

***૧૨૧૦૧ શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજય સરકાર દ્વારા ચાલુ વર્ષ ૨૦૦૪-૦૫માં દિવાળીના તહેવારોમાં ગરીબીની રેખા નીચે જીવતા લોકો માટે કેટલી વધારાની ખાંડ અને તેલ શા ભાવે આપ્યા, અને

(૨) આવા ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોને દિવાળીના તહેવારોમાં ખાંડ અને તેલ આપવાનું બંધ કરી દેવામાં આવેલ છે તે હકીકત સાચી છે?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી:-**

(૧) રાજય સરકારે ૨૦૦૪-૦૫ના દિવાળીના તહેવારોમાં બી.પી.એલ. અને અંત્યોદય કાર્ડ ધારકોને રેગ્યુલર વ્યકિત દીઠ ૫૦૦ ગ્રામ ઉપરાંત કાર્ડદીઠ ૧ કિલોગ્રામ વધારાની ખાંડ રૂપિયા ૧૩.૫૦ના ભાવે વિતરણ કરવામાં આવેલ હતું. જયારે કાર્ડ દીઠ એક કિલોગ્રામ પામોલીનનું રૂપિયા ૪૦ પ્રતિકિલોના ભાવે વિતરણ કરવામાં આવેલ.

(૨) ના,જી.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ :** માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૨૦૦૪-૦૫ના વર્ષના બી.પી.એલ.કાર્ડ ધારકોને ખાંડ આપવાની હતી. ત્યારે બી.પી.એલ. કાર્ડ ધારકો રાજયમાં જેટલા છે તેની સામે પુરવઠાની જરૂરિયાત કેટલી હતી અને મંત્રીશ્રીએ જવાબમાં જણાવ્યું છે તે પ્રમાણે વધારાની ખાંડ રૂપિયા ૧૩.૫૦ના ભાવે વિતરણ કરવામાં આવેલ હતી. તો આ ૧૩.૫૦ રૂપિયાના ભાવે બી.પી.એલ. કાર્ડ ધારકોને વધારાનું વિતરણ કયા મહિનામાં અને કંઈ તારીખે વિતરણ કરવામાં આવેલ હતું?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા બી.પી.એલ અને અંત્યોદય ગ્રાહકોને જે ખાંડ વિતરણ કરવામાં આવે છે. તહેવારો વગરના સામાન્ય સમયની અંદર વ્યકિતદીઠ ૫૦૦ ગ્રામ એક કિલોના ૧૩.૫૦ પૈસે અને તહેવારોમાં વિશેષ રાહત થાય અને લાભ થાય તે માટે કાર્ડદીઠ વધારાની એક કિલોગ્રામ ખાંડ આપીએ છીએ. પુંજાભાઈ બેસો. તારીખો આપું છું. તમે કહ્યું તે આપું છું. ઑગસ્ટ-૨૦૦૪માં ૪૩૬૮ મેટ્રિક ટન ખાંડનું વિતરણ કર્યુ છે. સપ્ટેમ્બર-૨૦૦૪માં ૫૯૨૫ મેટ્રિક ટન ખાંડનું વિતરણ કર્યુ છે.

ઑક્ટોબર-૨૦૦૪માં ૫૦૭૮ ખાંડનું વિતરણ કર્યુ છે. નવેમ્બર-૨૦૦૪માં ૭૭૩૭ મેટ્રિક ટન વધારાની ખાંડનું વિતરણ કર્યુ છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં સવાલ પૂછયો છે કે બી.પી.એલ.કાર્ડ ધારકો છે તે કાર્ડ ધારકો સામે કેટલા પુરવઠાની જરૂરિયાત હતી. દિવાળીના તહેવારો પછી ૧૩.૫૦ પૈસે વધારાની એક કિલોગ્રામ ખાંડનું વિતરણ કરવામાં આવેલ છે તે દિવાળી પહેલાં કયા મહિનામાં આપવામાં આવેલ છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઑગસ્ટ, સપ્ટેમ્બર, ઑક્ટોબર અને નવેમ્બર આ ચાર મહિનામાં કેટલા મેટ્રિક ટન આપી છે તેની વાત કરી છે. આ ચાર મહિનાની વાત કરી છે. ખાંડનો વિષય એવો છે. રાજય સરકાર જે આપે તેમાં બધા ખાંડ લઈ જતા નથી. ઘણીવાર જે ફાળવણી કરીએ છીએ તેમાં કોઈકવાર ૬૦ ટકા, કોઈકવાર ૭૦ ટકા લોકો લઈ જાય છે. કોઈકવાર ૪૫ ટકા લોકો લઈ જાય છે. પણ આ. ૧૩.૫૦ પૈસાના ભાવે રાજય સરકાર તહેવારોમાં કાર્ડદીઠ ૧.કિલોગ્રામ વધારાની અને રેગ્યુલર ૫૦૦ ગ્રામ વ્યકિતદીઠ આપવામાં આવે છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, બી.પી.એલ. કાર્ડ ધારકો છે તેની સામે કેટલા પુરવઠાની જરૂરિયાત હતી? સ્પષ્ટ પૂછવા માગું છું.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર આપણને લેવી ખાંડ આપે છે તે આઠ થી નવ હજાર મેટ્રિક ટન આપે છે તેમાં કોઈક મહિને ૫૦ ટકા ઉપડે, કોઈ મહિને ૬૦ ટકા ઉપડે છે અને જે વેચાઈ જાય છે તે આપે છે.

**અધ્યક્ષશ્રી** : આખા રાજયનો આંકડો, બી.પી.એલ. કાર્ડ ધારકોને કેટલી ખાંડની જરૂરિયાત હતી તે હોય તો આંકડો આપો. આંકડા ન હોય તો ના પાડો.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં જવાબ આપ્યો છે. કેન્દ્ર સરકાર લેવી ખાંડ આપે છે. સાત હજાર, આઠ હજાર મેટ્રિક ટન આપે છે. તે આ ચાર મહિનામાં આપણે આપી છે અને આ તહેવારોના મહિના છે.

**અધ્યક્ષશ્રી** : આંકડા ટેબલ ઉપર મૂકી દેજો. કેટલી ખાંડ આવી છે, તે આંકડા ટેબલ ઉપર મૂકી દેજો. આખા રાજયનો આંકડો છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો બહુ સ્પષ્ટ સવાલ છે જે બી.પી.એલ. કાર્ડ ધારકો રાજયમાં છે તે કાર્ડ ધારકોને વિતરણ કરવા માટે કેટલા પુરવઠાની જરૂરિયાત હતી. નોર્મ્સ મુજબ.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પુંજાભાઈ જવાબ સાંભળો, રાજયની અંદર ૩૬.૧૦ લાખ બી.પી.એલ. કાર્ડ ધારકો અને અંત્યોદય કાર્ડધારક છે. મેં કહ્યું તેમ બધા કાર્ડ હોલ્ડર ખાંડ લઈ જતા નથી. સરકાર વધારાની ફાળવે છે એટલે જે મહિને ૫૦ ટકા લઈ જાય તો એટલી આવે. ૬૦ ટકા ખાંડ લઈ જાય તો એટલી આવે, જે લઈ જાય એનો રેકર્ડ હોય.(અંતરાય) જે લોકો લઈ ગયા હોય એનો તો આંકડો આપ્યો.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે માહિતી માગી છે એ જો અત્યારે ન હોય તો આ પ્રશ્ન મુલતવી રાખો.

**અધ્યક્ષશ્રી** : એ વિગતો ટેબલ ઉપર ...

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : માનનીય અધ્યક્ષશ્રી, મને સમજાતું નથી કે માનનીય પુંજાભાઈ, ગયા ચાલીશ વર્ષ કે પચાસ વર્ષના જે કંઈ આપણી પાસે રેકર્ડ છે એ રેકર્ડ કાઢીશું તો સરકાર અનુભવના આધારે અનુમાન કરતી હોય છે કે ભાઈ, આ વખતે ૩૬ લાખ કાર્ડધારકો છે તો વર્ષે એવરેજ આટલા માલનો ઉપાડ છે એ માલના આધારે નિર્ણયો થતા હોય છે અને તેથી બીપીએલની સંખ્યા પ્લસ આપવાપાત્ર ખાંડ એવા ગુણાકારથી દેશ ન ચાલે , લોકો કેટલા માલનો ઉપાડ કરે છે એના આધારે ચાલતો હોય છે અને એ રીતે રાજય સરકાર વહીવટ કરતી હોય છે અને આ પરંપરા, જે ઉચ્ચ પરંપરાઓ આપણી ભૂતકાળની સરકારોએ પાડી છે એને અમે આમાં વળગી રહ્યા છીએ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પુંજાભાઈની વાત એટલી જ છે કે કેટલો જથ્થો જોઈએ છે. માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો કે આટલા ટકા ઉપાડ છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, ખાંડ અને કેરોસીન માટે તો લાઈનો લાગે છે અને પોલીસની વ્યવસ્થા કરવી પડે છે, જ્યારે એનો ઉપાડ થાય ત્યારે એ વખતે પોલીસની વ્યવસ્થા કરવી પડતી હોય છે એટલે એમની આ વાત ખોટી છે, દર વખતે આ થાય છે, પોલીસની વ્યવસ્થા દર વખતે કરવી પડે છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ તો રૂપિયા ૧૩.૫૦ ના ભાવની ખાંડ છે એની લાઈનો ન લાગે, ગામમાં પણ ચૌદ રૂપિયાના ભાવથી ખાંડ મળે છે અને આ રૂપિયા ૧૩.૫૦ના ભાવની છે.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય વિપક્ષના નેતાશ્રીને કહેવા માગું છું કે, કેરોસીનની પરિસ્થિતિ કરતાં ખાંડની પરિસ્થિતિ ઊંધી છે. મેં પહેલાં પણ કહ્યું કે ખાંડ લેવા તો લોકો આવતા

નથી, ખાંડનો ઉપાડ ૫૦ ટકા, ૬૦ ટકા, ૭૦ ટકા થાય છે, ખાંડ રૂપિયા ૧૩.૫૦ના ભાવે આપીએ તો પણ લોકો લેવા આવતા નથી.

## સુરેન્દ્રનગર જિલ્લામાં જમીન માપણીની અરજીઓ

***૧૨૨૯૭ શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તારીખ ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં જમીન માપણીની કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કર્યો, અને

(૩) બાકી અરજીઓનો સરકાર ક્યારે નિકાલ કરવા માગે છે?

**મહેસૂલ મંત્રીશ્રી :**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં જમીન માપણીની ૧૫૨૨ અરજીઓ આવી.

(૨) તે પૈકી ૧૩૦૨ અરજીઓનો નિકાલ કર્યો.

(૩) બાકી અરજીઓનો સત્વરે નિકાલ કરવામાં આવશે.

**શ્રી ધનરાજભાઈ કેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે, સુરેન્દ્રનગર જિલ્લામાં જમીન માપણીની ૧૫૨૨ અરજીઓ આવે અને તે પૈકી ૧૩૦૨ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે, બાકીની જે અરજીઓ પડતર છે એ અરજીઓનો કયાં સુધીમાં નિકાલ કરવામાં આવશે અને ખાસ કરીને આ જે કંઈ જમીન માપણી માટેની અરજીઓ કરી છે એમાં જે રેગ્યુલર ફી છે એનાથી પણ વિશેષ ફી લઈને ઘણી વખત જમીન માપણી કરવામાં આવે છે તો આ જે અરજીઓ પેન્ડિંગ છે એ કેટલા સમયથી છે અને વિશેષ ફી લઈને અરજીઓ લીધી છે એવી કેટલી અરજીઓ છે ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૫૨૨ અરજીઓ આવી હતી એમાંથી ૧૩૦૨ અરજીઓનો નિકાલ કર્યો છે એટલે ૨૨૦ અરજીઓ પડતર છે એમાંથી ૧૯૮ તા. ૨૮-૨-૨૦૦૫ના દિવસે નિકાલ કરી દીધી છે. હવે ૨૨ બાકી રહી એ ૨૨માંથી ૧૯ અરજીઓનો તા. ૩૧-૩-૨૦૦૫ના રોજ નિકાલ કરવામાં આવશે અને જે ત્રણ બાકી રહી છે એમાંથી બે અરજદારોએ અરજીઓ પાછી ખેંચી લીધી છે અને એકમાં જમીનનું લોકેશન નથી જડતું એટલે ત્રણ બાકી રહી છે, ૧૯ તો તા. ૩૧-૩-૨૦૦૫ના દિવસે પૂરી થશે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, જમીન માપણીના જે કેસો છે એમાંથી સિત્તેર ટકા તો એવા હોય છે કે આજુબાજુના પાડોશીની જમીનના શેઢાની તકરારના કેસો હોય છે અને માપણીમાં એવું કહેવામાં આવે છે કે, પાડોશીની તમે સહી લઈ આવો, પાડોશી સાથે વાંધો હોય એટલે એ સહી નથી કરતો, એટલા માટે રાજય સરકાર દ્વારા માપણીની સમય મર્યાદા અને અરજદારોની અરજીના આધારે જમીન માપણી કરવા માગો છો કે કેમ ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જમીન માપણી માટે જે જરૂરી ડોકયુમેન્ટ અને દસ્તાવેજો જે જોઈતા હોય એ તો જોઈએ, એમને એમ તો માપણી કરાય નહીં, નહીં તો બીજા પ્રશ્નો ઊભા થાય કે આ ખોટી રીતે કરી આપી છે. માપણીનો જે વિષય છે એમાં સામાન્ય અરજી કરે તો ૭૫ થી ૯૦ દિવસમાં માપણી કરી આપવામાં આવે છે, અરજન્ટ અરજી કરે તો પંદર થી પિસ્તાળીસ દિવસમાં અને એનાથી અરજન્ટ કરીને વધારે પૈસા ભરે તો પંદર દિવસમાં કરી આપીએ છીએ, માનનીય અધ્યક્ષશ્રી, આ જે સાત નંબરનો પ્રશ્ન બનાસકાંઠાનો હતો એમાં સમયમર્યાદામાં તમામ થઈ હતી. સુરેન્દ્રનગર જિલ્લામાં જે સ્ટાફ હતો એમાંથી લગભગ ૫૦ ટકા સ્ટાફ ગેરહાજર હોવાના કારણે ૬૦ ટકા કામગીરી ઈનટાઈમમાં પૂરી થઈ છે અને બાકીની ૪૦ ટકા કામગીરી જે બાકી છે એ મેં કહ્યું એમ ૨૮મી તારીખે પૂરી કરવામાં આવી છે અને હવે બાકી ત્રણ અરજીઓ રહે છે અને રાજય સરકારે
રાજય સરકારે આ માપણીનો પ્રશ્ન અવારનવાર આવવાથી સુધારો કર્યો છે અને રાજય સરકાર આ કામગીરી ઝડપથી થાય એના માટે પણ પગલા ભરશે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મોહનભાઈએ સ્પષ્ટ પૂછયું છે માનનીય મંત્રીશ્રીને અને એ વાતને હું પણ ફરીથી દોહરાવું છું કે, અત્યારે જે નોમ્સ છે એમાં અરજદારે પોતાની માલીકીના સર્વે નંબરની માપણી કરવા માટેની માપણી ફી ભરીને અરજી કરી છે એ અરજદારે જે અરજી કરી છે એની જમીનમાં પેશકદમી થઈ હોય, ઘટ હોય કે બીજા કારણસર માપણી કરાવવાની જરૂરત હોય ત્યારે ડિસ્ટ્રીકટ લેન્ડ રેકર્ડ તરફથી એવું માગવામાં આવે છે કે બાજુના ખેડૂતના સર્વે નંબર છે એની સંમતિ લાવો તો માપણી થઈ શકે. આના કારણે ઘણો બધો વિલંબ થાય છે, ઝગડા થાય છે, તકરાર થાય છે, ફરિયાદ

થાય છે અને મોટી મુશ્કેલી ઉભી થાય છે. તો આ પધ્ધતિ છે એમાં આપણે કોઈ નવા નોમ્સ કરી અરજદારની અરજીના આધારે સીધી માપણી થઈ જાય અને તાત્કાલિક થાય એવા કોઈ ધોરણો કરવા માગીએ છીએ કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તમારા વખતમાં નથી થયું પણ અમે ચોકકસ કોઈ યોગ્ય વ્યવસ્થા કરવા માગીએ છીએ.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનીય સભ્યો શ્રી મોહનભાઈ અને પુંજાભાઈએ બહુ સ્પષ્ટ વાત કરી. જમીન માપણી કચેરીએ અરજદારે કયારે આવવું પડે કે શેઢાનો વાંધો હોય, આજુબાજુના પડોશીએ ગેરકાયદેસર દબાણ કર્યું હોય ત્યારે પોતાની હક્ની જમીન ખુલ્લી કરાવવા માટે જમીન માપણી કચેરી, સરકારશ્રી યોગ્ય જમીન હોય એ માપી આપે એટલા માટે અરજી કરે છે, ત્યારે હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, અરજદાર જયારે પોતાની રેકર્ડ ઉપરની હકકની જમીન હોય એ મેળવવા માટે યોગ્ય માપણી કરાવવાના આશયથી જમીન માપણી ફી ભરીને માપણી કરાવવાની અરજી કરે ત્યારે અરજીમાં આજુબાજુના સર્વે નંબરવાળાની સંમતિના આધારે નહીં પણ સરકારના રેકર્ડ ઉપર જે જમીન હોય એ જમીનનું પઝેશન માપીને સોંપવાની યોગ્ય અને ઝડપી કાર્યવાહી થાય એવું કરવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સ્થળ ચકાસણીની જરૂર માટે એ માગતા હશે. પણ કોઈ સ્પેસિફિક હેરાન કરવાનો કેસ હોય, પશ્ન હોય તો ધ્યાન દોરે. માપણી કરવા આવનાર જવાબદાર અધિકારી હોય છે એટલે એને લખવાનું હોય છે સ્થળ તપાસણી માટે જરૂરી હોય એટલા પૂરતું માગતા હશે.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, માપણી માટે અરજદાર અરજી આપે છે ત્યારે બાજુના ખેડૂતની સહીની જરૂરત છે કે કેમ, એ માનનીય મંત્રીશ્રી જાણે છે કે કેમ? માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા પૂછવા માગું છું કે જયારે માપણી કરવા આવે ત્યારે મૂળ ખેડૂતને અને દબાણ કરવાવાળાને બન્નેને હાજર રાખવાના હોય છે અને અરજદારને અરજી આપતી વખતે કોઈ પણ બાજુના ખેડૂતની સહીની જરૂરત નથી હોતી. ત્યારે પ્રશ્ન એ ઉભો થાય છે કે માનનીય મંત્રીશ્રી જે જવાબ આપ્યો છે એમાં માનનીય મંત્રીશ્રીને એની ખબર જ નથી કે અરજીમાં એની સહી જોઈએ કે ન જોઈએ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આના માપણી અધિકારી પાસે જે ધોરણો હોય એ માગતા હશે. એવો કોઈ સ્પેસિફિક કેસ હોય, માનનીય પુંજાભાઈ કહે છે એવો તો માહિતી આપે, અને અમારી પાસે આંકડા છે એ મુજબ છેલ્લા એક વર્ષમાં સમય મર્યાદામાં માપણીની કામગીરી થયેલી છે.

### સરકારી જમીનો ગ્રાન્ટ કરતી વખતે લેવાની કિંમતના ધોરણોમાં તફાવત

***૧૨૧૧૯ શ્રી રણછોડભાઈ ચ. ફળદુ (કાલાવડ)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) સરકારી જમીન મહાનગરપાલિકા અને નગરપાલિકાઓને ગ્રાન્ટ કરવા અંગે કિંમત લેવાના ધોરણોમાં તફાવત છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આવો ભેદભાવ દૂર કરવા માટે સરકાર શું પગલાં લેવા માગે છે?

**મહેસૂલ મંત્રીશ્રી:-**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી રણછોડભાઈ ચ. ફળદુ** : માનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીના જવાબમાં મહાનગરપાલિકા અને નગરપાલિકાને જમીન ફાળવવા અંગે કોઈ તફાવત નથી એવું જાણવા મળ્યું. ત્યારે મારે એ પૂછવું છે કે, નગરપાલિકાઓને સ્વનિર્ભર થવા માટે આવકના સ્ત્રોત ઉભા કરવા માટે આવી જમીનની આવશ્યકતા હોય તો આ અંગે જમીન ફાળવવા અંગેના કોઈ નોમ્સ છે, અને કિંમતનું ધોરણ શું છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૭-૧-૨૦૦૫ના રોજ રાજય સરકારે નિર્ણય લીધો છે કે, જે ધોરણથી મહાનગરપાલિકાઓને આપીએ છીએ એજ ધોરણથી નગરપાલિકાઓને પણ આપીએ છીએ.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોતરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો
## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### બનાસકાંઠા જિલ્લામાં એગ્રીકલ્ચર જમીનોના સર્વે

૧૨૭૨૬ **શ્રી ગોવાભાઈ હ. રબારી(ડીસા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર એગ્રીકલ્ચર જમીનોના સર્વે માટે છેલ્લા બે વર્ષમાં ૩૧-૧-૦૫ની સ્થિતિએ કેટલી અરજીઓ સામાન્ય અને કેટલી અરજીઓ અરજન્ટ ફી ભરીને કરવામાં આવી,

(૨) ડી.એલ.આર.માં સર્વે માટે કયા કયા નિયમો છે, અને

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર એગ્રીકલ્ચર જમીનોના સર્વે માટે છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ સામાન્ય અને અરજન્ટ ફી ભરીને કરવામાં આવેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | તારીખ ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ અરજીઓની સંખ્યા. | |
|---|---|---|---|
| | | સામાન્ય | અરજન્ટ |
| ૧. | પાલનપુર | ૩૬૭ | ૩૨ |
| ૨. | ડીસા | ૧૭૫ | ૨૮ |
| ૩. | અમીરગઢ | ૧૭ | ૦૧ |
| ૪. | વડગામ | ૨૧૮ | ૧૬ |
| ૫. | દાંતા | ૯૪ | ૧૯ |
| ૬. | દાંતીવાડા | ૧૨ | ૦૧ |
| ૭. | વાવ | ૩૩ | -- |
| ૮. | થરાદ | ૬૪ | -- |
| ૯. | ધાનેરા | ૧૨૮ | ૦૬ |
| ૧૦. | ભાભર | -- | -- |
| ૧૧. | દિયોદર | ૫૫ | -- |
| ૧૨. | કાંકરેજ | ૭૪ | ૦૫ |
| ૧૩. | રાધનપુર | ૫૬ | ૦૪ |
| ૧૪. | સાંતલપુર | ૩૪ | ૦૧ |
| | કુલઃ- | ૧૩૨૭ | ૧૧૩ |

(૨) ડી.એલ.આર.માં સર્વે માટેના મુખ્યત્વે નિયમો નીચે મુજબ છે.

(અ) ગુજરાત રાજ્યના જમીન રેકર્ડ ખાતાના કર્મચારીઓની ફરજો તથા તેમના ઉપરની દેખરેખને લગતા નિયમો તથા સ્થાયી હુકમોના ભાગ-૩માં જમીન રેકર્ડના જિલ્લા નિરીક્ષકો માટેના નિયમોના નિયમ ૮,૯માં માપણીની કામગીરી બાબતે તથા ભાગ-૪માં જિલ્લા સર્વે કચેરી માટેના નિયમો છે.

(બ) જમીન દફતર ખાતાના પ્રસિદ્ધ કરાયેલ નાગરિક અધિકાર પત્રમાં ખેતીની જમીનોની માપણી પદ્ધતિનો ઉલ્લેખ છે.

(ક) માપણી ફી માટે તારીખ ૩૧-૧૨-૦૨ના હુકમથી દરો નક્કી થયેલ છે.

(ડ) ગુજરાત જમીન મહેસૂલ નિયમો ૧૯૭૨ના નિયમ-૧૩૯ની જોગવાઈ તથા નિયમ-૧૪૨ની જોગવાઈ મુજબ ઠરાવેલ ફી ચુકવી માપણી કરાવેલ માપણી શીટની નકલ ડી.આઈ.એલ.આર. કચેરીએથી મેળવી શકાય છે.

(૩) કેટલી અરજીઓનાં સર્વે કામ પૂર્ણ થયાં ?

(૩) તારીખ ૩૧-૧-૦૫ની સ્થિતિએ સામાન્ય ફી વાળી ૧૨૬૪ તથા અરજન્ટ ફી વાળી ૧૦૯ અરજીઓના સર્વે કામ પૂર્ણ થયેલ છે.

----------

**હાલોલ તાલુકામાં પાણીની ટાંકીઓમાં પાણી નહીં ચઢવા અંગે**

૧૩૦૦૦ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) હાલોલ તાલુકામાં આવેલ પાવાગઢ જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ જેટલા ગામો આવેલ છે તેમાં પાણીની ઉંચી ટાંકી બનાવેલ છે તેમાં પાણી ચઢતું નથી તેવી ફરિયાદ વિભાગને મળેલ છે,

(૨) તાંત્રિક દૃષ્ટિએ આ કામ બરાબર થયેલ નહીં હોઈ લાગતા વળગતા સામે તપાસ કરવામાં આવશે કે કેમ, અને

(૩) જે ગામોને પાણી મળતું નથી અને ટાંકીમાં પાણી ચઢતું નથી તે અંગે સરકાર શું કરવા માંગે છે?

**જવાબ**

(૧) પાવાગઢ જૂથ યોજના હેઠળ ૧૨ ગામોએ ઉંચી ટાંકી બનાવેલ તે પૈકી ૬ ગામોની ઉંચી ટાંકીમાં પાણી ચઢતું નથી.

(૨) તાંત્રિક દ્રષ્ટિએ આ બાબતે ક્ષતિ જણાશે તો તપાસ કરવામાં આવશે.

(૩) જે ગામોની ટાંકીમાં પાણી ચડતું નથી તે માટે યોજનામાં જરૂરી સુધારા વધારા કરી ગામોને ટાંકી દ્વારા પાણી મળી રહે તે અંગેની કામગીરી પ્રગતિ હેઠળ છે.

----------

**અમદાવાદ જિલ્લાને સિંચાઈ માટે નર્મદાનું પાણી**

૧૧૯૨૪ **શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) નર્મદાનું પાણી સાબરમતી દ્વારા ફતેવાડીમાં નાંખી ફતેવાડી કમાન્ડમાં પાણી સિંચાઈ માટે આપવામાં આવે છે તેમાં ફતેવાડીના કમાન્ડ સિવાયના અમદાવાદ જિલ્લાના વિસ્તારમાં માઈનોર અને સબ માઈનોરનું કામ કયાં સુધીમાં પુરૂં કરવામાં આવશે, અને

(૨) આ પાણી સિંચાઈ માટે કયારે પુરૂં પાડવામાં આવશે?

**જવાબ**

(૧) સને ૨૦૦૭-૦૮ સુધીમાં તબક્કાવાર પુરૂં કરવાનું આયોજન છે.

(૨) નહેરોના કામ પૂર્ણ થયે સિંચાઈ માટે પાણી પુરૂં પાડવામાં આવશે.

----------

**બનાસકાંઠા જિલ્લામાં ગામતળ વધારવા અંગે**

૧૨૭૦૮ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તારીખ ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ગામતળ વધારવાની કેટલી માગણીઓ નિકાલ વગરની બાકી છે,

(૨) આ માગણીઓ કેટલા વખતથી બાકીમાં છે, અને

**જવાબ**

(૧) પત્રક - 'અ' મુજબ
કુલ - ૨૯

(૨) પત્રક - 'બ' માં દર્શાવ્યા મુજબ.

(૩) આ ગામોની ગામતળ વધારવાની માગણીઓનો કયારે નિકાલ કરવામાં આવશે?

(૩) બનતી ત્વરાએ.

**પત્રક-'અ'**

| અ.નં. | તાલુકાનું નામ | બાકી માંગણીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | વાવ | ૨ |
| ૨ | ડીસા | ૮ |
| ૩ | વડગામ | ૩ |
| ૪ | પાલનપુર | ૬ |
| ૫ | અમીરગઢ | ૧ |
| ૬ | થરાદ | ૨ |
| ૭ | દિયોદર | ૨ |
| ૮ | કાંકરેજ | ૩ |
| ૯ | દાંતીવાડા | ૨ |
| | કુલ..... | ૨૯ |

**પત્રક-'બ'**

| અ.નં. | તાલુકાનું નામ | ગામનું નામ | કેસ ઉપસ્થિત થયા તારીખ |
|---|---|---|---|
| ૧ | વાવ | દૈયમ | ૨ માસથી |
| ૨ | વાવ | સણવાલ | ૨ માસથી |
| ૩ | ડીસા | બાઈવાડા | ૧૫-૨-૨૦૦૦ |
| ૪ | ડીસા | ઝેરડા | ૩૦-૧-૨૦૦૨ |
| ૫ | ડીસા | શેરપુરા | ૭-૮-૨૦૦૩ |
| ૬ | ડીસા | કમોડા | ૧-૫-૨૦૦૫ |
| ૭ | ડીસા | ચત્રાલા | ૩૧-૭-૨૦૦૪ |
| ૮ | ડીસા | મેડા | ૨૪-૮-૨૦૦૪ |
| ૯ | ડીસા | જેનાલ | ૨૮-૫-૨૦૦૪ |
| ૧૦ | ડીસા | માલગઢ | ૧૨-૪-૨૦૦૪ |
| ૧૧ | વડગામ | માલોસણા | ૨૦-૩-૨૦૦૪ |
| ૧૨ | વડગામ | સીસરાણા | ૨૧-૧૧-૨૦૦૪ |
| ૧૩ | વડગામ | કોદરામ | ૧૬-૧૧-૨૦૦૪ |
| ૧૪ | પાલનપુર | ચંડીસર | ૧૧-૧૨-૨૦૦૩ |
| ૧૫ | પાલનપુર | રૂપપુરા | ૯-૩-૨૦૦૪ |
| ૧૬ | પાલનપુર | હોડા | ૧૯-૭-૨૦૦૩ |
| ૧૭ | પાલનપુર | જગાણા | ૧૫-૧૧-૨૦૦૩ |
| ૧૮ | પાલનપુર | અસ્માપુરા | ૧૬-૧૨-૨૦૦૪ |
| ૧૯ | પાલનપુર | લાલાવાડા | ૧૧-૫-૨૦૦૪ |
| ૨૦ | અમીરગઢ | અમીરગઢ | ૧૧-૯-૨૦૦૨ |
| ૨૧ | થરાદ | લુણાવા | ૧૨-૨૦૦૩ |
| ૨૨ | થરાદ | લોઢનોલ | ૧ માસથી |
| ૨૩ | દિયોદર | ગોલવી | ૬ માસથી |
| ૨૪ | દિયોદર | રૈયા | ૨ માસથી |
| ૨૫ | કાંકરેજ | ચેખલા | ૨-૬-૨૦૦૪ |
| ૨૬ | કાંકરેજ | ખીમાણા | ૨-૫-૨૦૦૪ |
| ૨૭ | કાંકરેજ | નાણોટા | ૬-૧૨-૨૦૦૪ |
| ૨૮ | દાંતીવાડા | ભાંડોત્રા | ૨૫-૧૦-૨૦૦૪ |
| ૨૯ | દાંતીવાડા | ઉત્તમપુરા(ડાં) | ૮-૪-૨૦૦૪ |

## અબડાસા તાલુકામાં સિંચાઈ વિભાગે બનાવેલ પુલને દુરસ્ત કરવા અંગે

૧૧૮૮૫ **શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાના સુડધ્રો નાની સિંચાઈ યોજના જે ઘણાં વર્ષો પહેલાં બનાવવામાં આવેલ છે. આ ડેમના અપસ્ટ્રીમમાં સુડધ્રો મોટી તથા સુડધ્રો નાની બે ગામ આવેલ છે. જે ગામોમાં જવા માટે એકમાત્ર રસ્તો છે તેના પર જે તે વખતે આ ડેમ બનાવવામાં આવ્યો ત્યારે સિંચાઈ વિભાગ દ્વારા એક સાંકડો પુલ બનાવવામાં આવેલ જે હાલમાં જર્જરીત હાલતમાં છે તો હાલમાં આ ડેમને વિશ્વબેન્કની ગ્રાન્ટમાંથી ભૂકંપ પ્રુફ બનાવવામાં આવી રહેલ છે ત્યારે આ પુલને મજબૂત પાકો તેમજ પહોળો કરવાનું કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ? | વિચારણા હેઠળ છે. |

----------

## સાવરકુંડલા તાલુકામાં પીવાના પાણી અંગે

૧૩૦૫૬ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાવરકુંડલા તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારના ૮૧ ગામોને પીવાના પાણીની મુશ્કેલી છે તે વાત સાચી છે, | (૧) ના, જી. સાવરકુંડલા તાલુકાના ૩૪ ગામોમાં પીવાના પાણીની મુશ્કેલી છે. |
| (૨) જો હા, તો તાલુકાના ૮૧ ગામોને પીવાનું પાણી પુરુ પાડવા માટે શું કાર્યવાહી ચાલે છે, અને | (૨) તાલુકાના કુલ ૮૧ ગામો પૈકી ૪૭ ગામ અને ૧ શહેરને મહિ આધારિત યોજનામાંથી પાણી પુરવઠો શરૂ કરેલ છે. જ્યારે બાકી રહેતા ૩૪ ગામો પૈકી ૮ ગામોમાં ટેસ્ટીંગની કાર્યવાહી ચાલુ છે તથા અન્ય ૨૬ ગામો માટે એક રેલ્વે ક્રોસીંગની કામગીરી પ્રગતિમાં છે. |
| (૩) પીવાનું પાણી કયાં સુધીમાં પુરું પાડી શકાશે? | (૩) તાલુકાના તમામ ગામોને જૂન-૨૦૦૫ સુધીમાં પાણી પુરું પાડવાનું આયોજન છે. |

----------------

## જામનગર તાલુકાની બેડ બંધારા યોજનાનું કામ

૧૦૨૭૨ **ડૉ. દિનેશ પરમાર (જામનગર (રુરલ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર તાલુકામાં માન. મુખ્યમંત્રીશ્રીના હસ્તે બેડ બંધારા યોજનાનું ઉદ્દ્ઘાટન કયારે કરવામાં આવેલ, | (૧) તા. ૧૮-૦૮-૨૦૦૨ના રોજ. |
| (૨) બેડ બંધારા યોજનાનું કામ કયારે શરૂ કરવામાં આવ્યું, | (૨) તા. ૧૯-૦૪-૨૦૦૪ના રોજ વર્ક ઓર્ડર આપવામાં આવેલ, કામ તા. ૧૧-૦૯-૨૦૦૪થી શરૂ કરવામાં આવેલ. |
| (૩) વિલંબ કયા કારણોસર થયેલ છે, | (૩) અગાઉ બે વખત ટેન્ડરો માંગવામાં આવેલ હતા જે સૌરાષ્ટ્રના ટેન્ડરો બાબત મળેલી ફરીયાદ તથા પૂર્વ લાયકાત ધોરણો સામે કોર્ટ કેસ થતાં બે વખતના ટેન્ડરો રદ કરવામાં આવેલ હતાં, |
| (૪) આ યોજનાના પ્રાથમિક તબક્કાના કામમાં સબલેટ (પેટા) દ્વારા ચોથા/પાંચમા કોન્ટ્રાકટરે કામ કરી એગ્રીમેન્ટની શરતો ભંગ | (૪) ના, જી. |

કર્યાની હકિકત સાચી છે,

| | |
|---|---|
| (૫) આ સબબ તથા ગુણવત્તા અંતર્ગત સ્થાનિક તંત્રને અસંખ્ય ફરીયાદો મળેલ છે તે હકિકતથી સરકાર વાકેફ છે, અને | (૫) તા. ૧૦-૦૩-૨૦૦૫ના રોજ એક અનામી અરજી મળી છે. |
| (૬) જો હા, તો સરકાર દ્વારા શા પગલાં લેવામાં આવ્યાં છે ? | (૬) બાબત ચકાસવામાં આવશે. |

----------------

## હાથમતી-ઈન્દ્રાસી જળાશય યોજનાનો લાભ ગાંધીનગરને આપવા અંગે

૧૩૦૫૪ **ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| હાથમતી-ઈન્દ્રાસી જળાશય યોજનાના 'ડ' ઝોન તરીકે ગણાતા ખારીકટ કેનાલ યોજનાના અમદાવાદ અને ખેડા જિલ્લાના ૧૦૨૦૦ જેટલા હેકટર વિસ્તારને નર્મદા મુખ્ય નહેરમાંથી સિંચાઈનું પાણી ઉપલબ્ધ થતાં આ વિસ્તારની સિંચાઈ યોજનાનું બચત રહેતું પાણી ગાંધીનગર તાલુકાના સાબરમતી નદીથી પૂર્વ તરફ નર્મદા મુખ્ય નહેરથી ઉત્તર તરફના ધણપ, ચિલોડા, વલાદ, લિંબડીયા વિગેરે વિસ્તારની જમીનને સિંચાઈનો લાભ આપવા સરકાર વિચારે છે કે કેમ? | હાથમતી-ઈન્દ્રાસી જળાશય યોજનાના 'ડ' ઝોનના વિસ્તારમાં હાલમાં સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ થાય છે. સાબરમતી નદીથી પૂર્વ તરફ નર્મદા મુખ્ય નહેરથી ઉત્તર તરફના બાકી રહેતા ગામોને સિંચાઈ માટે પાણી આપવા સુજલામ્ સુફલામ્ યોજના સમગ્ર આયોજનના ભાગરૂપે સમાવવાનું વિચારાયેલ છે. |

----------------

## ખોરસમ-સરસ્વતી પાઈપ લાઈનના ટેન્ડર અંગે

૧૨૪૪૩ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર(ઉત્તર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મોઢેરાથી ધરોઈ તેમજ ખોરસમ સરસ્વતીની પાઈપ લાઈનના કામમાં એસ્ટીમેટ એકસાઈઝની રકમ સાથે કરવામાં આવેલ જયારે ટેન્ડરમાં એકસાઈઝની માફી અપાયેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) કેન્દ્ર સરકારના એકસાઈઝ ના પરિપત્ર પ્રમાણે એકસાઈઝનું એકઝમસન મળવાપાત્ર છે. |
| (૨) જો હા, તો આમ કરવાથી રાજ્યને ઉંચા ભાવે કામ આપવાથી કેટલું નુકશાન થયેલ છે ? | (૨) આને કારણે સરકારને નુકસાન નહીં પરંતુ આર્થિક ફાયદો થયેલ છે. |

----------------

## અમદાવાદ શહેરમાં ગ્રાહક ફરિયાદના કેસોનો ભરાવો

૧૩૦૦૮ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગ્રાહક ફરિયાદના કેટલા કેસોનો ભરાવો થયો છે, અને | (૧) ૨૫૮૯. |
| (૨) પડતર કેસોના ઝડપી નિકાલ માટે સરકાર તરફથી શું આયોજન છે ? | (૨) પડતર કેસોના ઝડપી નિકાલ માટે સરકાર તરફથી કરવામાં આવેલ આયોજન નીચે મુજબ છે.<br>(અ) કાયદાની જોગવાઈ મુજબ રાજ્ય કમિશન દ્વારા સદર ફોરમના પડતર કેસો પૈકી અમુક કેસો જરૂર જણાયે નજીકના ફોરમને ટ્રાન્સફર કરવાનું આયોજન કરેલ છે.<br>(બ) એક વધારાના ફોરમની રચના કરવાનું આયોજન કરેલ છે. |

## અમદાવાદ શહેરમાં ગ્રાહક સુરક્ષાના કેસોનો ભરાવો

૧૧૯૦૭ **શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા (રાજપીપળા) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમદાવાદ શહેરમાં ગ્રાહક ફરીયાદના કેસોનો ભરાવો થયો છે તે વાત સરકાર જાણે છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો પડતર કેસોનો ઝડપી નિકાલ થાય તે માટે શું આયોજન કરવામાં આવેલ છે, અને | (૨) પડતર કેસોના ઝડપી નિકાલ માટે સરકાર તરફથી કરવામાં આવેલ આયોજન નીચે મુજબ છે.<br>(અ) કાયદાની જોગવાઈ મુજબ રાજ્ય કમિશન દ્વારા સદર ફોરમના પડતર કેસો પૈકી અમુક કેસો જરૂર જણાયે નજીકના ફોરમને ટ્રાન્સફર કરવાનું આયોજન કરેલ છે.<br>(બ) એક વધારાના ફોરમની રચના કરવાનું આયોજન કરેલ છે. |
| (૩) આ કેસોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે? | (૪) સત્વરે. |

---------------

## જોડીયા તાલુકાની સેવા સહકારી મંડળીઓને ભૂકંપમાં કરેલ કામગીરીનું કમિશન ચૂકવવા અંગે

૧૩૦૧૨ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) જામનગર જિલ્લામાં જોડીયા તાલુકામાં સન ૨૦૦૧ના ભૂકંપ સમયે અગિયાર જેટલી સેવા સહકારી મંડળીઓએ સીમેન્ટ વિતરણ માટે મટીરીયલ બેંક તરીકે કામગીરી કરી હતી તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ સહકારી મંડળીઓને ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ સરકાર તરફથી મળવાપાત્ર કમીશનના રૂપિયા ૩,૯૬,૧૫૩ ત્રણ વર્ષ જેટલા લાંબા સમયથી ચુકવાયા નથી તે હકીકત પણ સરકાર જાણે છે, | (૨) આ સહકારી મંડળીઓને નિયમ અનુસાર કમીશનની રકમ ચુકવવામાં આવેલ છે, પરંતુ ગેરરીતી સબંધે ચુકવણી બાકી છે. |
| (૩) મળવાપાત્ર રકમ ન ચુકવવાના શા કારણો છે અને તેને માટે કોને જવાબદાર ઠરાવવામાં આવ્યા છે, અને | (૩) સબંધિત મંડળી સામે ગેરરીતી/વહીવટી તથા નાણાંકીય અનિયમિતતા જણાતાં પોલીસ કેસની કાર્યવાહી કરવામાં આવેલ હોવાથી રકમ ચૂકવાયેલ નથી, અને તેને માટે સબંધિત મંડળી જવાબદાર છે. |
| (૪) મળવાપાત્ર તમામ રકમ ક્યાં સુધામાં ચુકવી આપવામાં આવશે ? | (૪) ગેરરીતી/વહીવટી તથા નાણાંકીય અનિયમિતતા અંગે થયેલ પોલીસ કેસ અંગેની કાર્યવાહી પૂર્ણ થયેથી મળવાપાત્ર રકમ ચૂકવવામાં આવશે. |

-----------

## સખવાણીયા પારીમાંથી મગોડી રેભોડા રોડ સિંચાઈનો રોડ મંજુર થવા બાબત

૧૦૪૫૬ **શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર (મેઘરજ): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| સખવાણીયા પાટીયાથી મગોડી રેભોડા રોડ | (૧) સખવાણીયા પાટીયાથી મગોડી રેભોડા |

| | |
|---|---|
| સિંચાઈનો છે આ રોડ મંજુર થયેલ હોવા છતાં તેનું પેવર કામ શરુ થયેલ નથી તો આ કામ ક્યારે શરુ થશે ? | રોડના ડ્રાફ્ટ ટેન્ડર પેપર મંજુર કરવાની કાર્યવાહી ચાલુ છે, જે મજુંર થયે કામ શરુ કરવાનું આયોજન છે. |

----------

**ગાંધીનગર જિલ્લામાં બદલીપાત્ર કર્મચારીઓને ફાળવેલ રહેણાંકના પ્લોટોમાં દબાણ**

૧૨૧૧૧ **શ્રી ચીમનભાઈ ધ. સાપરિયા (જામજોધપુર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સરકાર દ્વારા બદલીપાત્ર કર્મચારીઓને ગાંધીનગર ટાઉનશીપ ખાતે રહેણાંકના હેતુસર પ્લોટની ફાળવણી કરવામાં આવેલ છે તેમાં સેતુબંધ કો.ઓ. સોસાયટી, સરગાસણને પણ ફાળવણી કરવામાં આવેલ છે તે વાત સાચી છે, | (૧) સેતુબંધ કો.ઓ.હા.સો.ને ગાંધીનગર ટાઉનશીપમાં જમીન ફાળવવામાં આવેલ નથી પરંતુ મોજે : સરગાસણ, તા. જી. ગાંધીનગર ખાતે રહેણાંકના હેતુ માટે જમીન ફાળવવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો આ સોસાયટીને ફાળવેલ જમીનમાં અન્ય કો.ઓ.સોસાયટી દ્વારા ગેરકાયદે દબાણ કરવામાં આવતાં, તે તાત્કાલિક હટાવવા મામલતદાર કોર્ટ દ્વારા આદેશો જારી કરવામાં આવેલ છે. તે સરકાર જાણે છે ખરી, | (૨) હા, જી. |
| (૩) જો હા, તો તે મુજબ આ ગેરકાયદે દબાણ દૂર કરવા કોઈ રજૂઆતો મળેલ છે કે કેમ અને સરકાર આ દબાણ હટાવવા માંગે છે કે કેમ, અને | (૩) હા, જી. |
| (૪) જો ના, તો તે માટેના શાં કારણો છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**જમીનના ૭/૧૨ અને ૬ના હક્ક પત્રક આપવાનો સમય વધારવા અંગે**

૧૨૭૧૧ **શ્રી હરજીવન હી. પટેલ (ધાનેરા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જમીનના ૭/૧૨ અને ૬ ના હક્ક પત્રકના ઉતારાઓ જે પમેલા ગામના તલાટી મારફતે મળતા હતા તે ઉતારા હવે મામલતદાર કચેરીએથી મળે છે પરંતુ આ કચેરીએ સવારે ૧૧ થી ૨ દરમિયાન જ ઉતારો મળે છે. જેના પરિણામે ખેડૂતોને ખૂબજ હેરાન થવું પડે છે અને તેનો ચાર્જ રૂપિયા ૧૫ લેવામાં આવે છે. ખેડૂતોના હિતમાં સરકાર આ સમય આખો દિવસ કરવા માંગે છે કે કેમ, | (૧) ૭/૧૨ અને ૮-અની કમ્પ્યુટરાઈઝ નકલ ઈ-ધરા કેન્દ્ર ખાતેથી કે ગામે તલાટી પાસેથી રૂા. ૧૫/-નું મુલ્ય ચૂકવીને કચેરી સમય દરમ્યાન મેળવી શકે છે. નમૂના ૬ કમ્પ્યુટરાઈઝેશન કાર્યરત થયે નકલની વ્યવસ્થા નક્કી કરાશે. |
| (૨) જો હા, તો કેટલા સમયમાં, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) વિકલ્પે આવા ઉતારા ગામના તલાટી મારફતે આપવા સરકાર માંગે છે કે કેમ ? | (૩) ગામે તલાટી પાસેથી નકલ મળે તે વ્યવસ્થા કરવામાં આવેલ છે. |

---------

**અમદાવાદ શહેરમાં કાર્ડધારકોને અપાતું ઓછું કેરોસીન**

૧૨૮૧૨ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં પ્રતિ કાર્ડ ધારક પ્રતિ માસ ૧૫ લીટર કેરોસીન આપવામાં આવે છે તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) અગાઉ પ્રતિ કાર્ડ પ્રતિમાસ ૨૦ લીટર આપવામાં આવતું હતું તે હકીકત સાચી છે, | (૨) હા, જી. |

(૩) જો હા, તો આટલું ઓછું આપવાનાં શું કારણો છે, અને

(૩) અગાઉ કેરોસીનની ફાળવણી જિલ્લાના ઔદ્યોગિકરણ, શહેરીકરણ જિલ્લાઓમાં આવેલ રેશનકાર્ડની સંખ્યા, ઉપાડનું વલણ, વૈકલ્પિક બળતણની ઉપલબ્ધિ વગેરે પાસાઓને લક્ષમાં લઈને ઐતિહાસિક ધોરણે કરવામાં આવતી હતી અને જિલ્લા કક્ષાએથી માંગણી અનુસાર ગ્રામ્ય વિસ્તારોમાં ૫ થી ૧૦ લીટર તેમજ શહેરી વિસ્તારોમાં ૧૦ થી ૨૦ લીટર પ્રતિકાર્ડ કરવામાં આવતી હતી. જિલ્લાવાર આ વિતરણના ધોરણોના તફાવતમાં ક્રમશઃ ઘટાડો કરી એક સમાન ધોરણ કરવાનો અભિગમ અપનાવેલ છે. કાર્ડની સંખ્યામાં વધારો થતો હોવાથી કેરોસીનની જરૂરીયાત વધુ છે અને કેન્દ્ર સરકારશ્રી તરફથી મળતી કેરોસીનની ફાળવણીમાં ઉત્તરોઉત્તર ઘટાડો થવા પામેલ છે.

(૪) જો ના, તો હવે પછી સરકાર કાર્ડદીઠ ૨૦ લીટર કેરાસીન આપવા માંગે છે કેમ ?

(૪) કેન્દ્ર સરકારશ્રી તરફથી મળતી ફાળવણીમાં વધારો થાય નહી ત્યાં સુધી કાર્ડદીઠ ૨૦ લીટર કેરોસીન આપી શકાય તેમ નથી.

### રાજ્યમાં પામોલીન તેલની આયાત

૧૧૮૭૫ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સને ૨૦૦૨-૨૦૦૩ તથા ૨૦૦૩-૨૦૦૪ સુધીમાં કેટલું પામોલીન તેલ આયાત કરવામાં આવ્યું, | (૧) રાજ્ય સરકાર દ્વારા જાહેર વિતરણ વ્યવસ્થાના સંદર્ભમાં સને ૨૦૦૨-૨૦૦૩ તથા ૨૦૦૩-૨૦૦૪માં પામોલીન તેલ આયાત કરવામાં આવેલ નથી. |
| (૨) આ આયાતી પામોલીન તેલનો ઉપયોગ સીંગતેલમાં ભેળસેળમાં થાય છે, તે હકિકત સાચી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો, હા, તો તે રોકવા સરકારે શાં પગલાંઓ લીધાં ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### અમરેલી જિલ્લામાં ગણોત જમીનની ખરીદ કિંમત ભરવાની મુદતમાં વધારો કરવા અંગે

૧૧૭૭૩ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગણોતધારા હેઠળ અમરેલી જિલ્લામાં કેટલા ગણોતિયા ખરીદ કિંમતની રકમ નહી ભરી શકવાના કારણે ગણોતધારા કલમ-૩૨- નીચે પ્રમાણપત્ર તા. ૩૧/૧૨/૨૦૦૪ સુધીમાં મેળવી શકયા નથી, અને | (૧) ૪૩૯. |
| (૨) ખરીદ કિંમત ભરવાની મુદતમાં સરકાર વધારો કરી આપવા માંગે છે કે કેમ ? | (૨) ના. જી |

### શહેરા તાલુકામાં મહી અને પાનમ આધારિત ઉદ્‌વહન સિંચાઈ યોજનાઓ

૯૫૫૭ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકામાં મહી અને પાનમ આધારિત કેટલી ઉદ્‌વહન સિંચાઈ યોજના બનાવવાની માંગણીઓ આવી, | (૪) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકામાં મહી અને પાનમ આધારિત પંદર ઉદ્‌વહન સિંચાઈ યોજના બનાવવાની માંગણીઓ આવી, |

| | |
|---|---|
| (૨) આ પૈકી કેટલી મંજૂર કરી, | (૫) મંજૂરી હેઠળ છે. |
| (૩) આ યોજનાઓને વહીવટી મંજૂરી આપેલ છે કે કેમ, અને | (૬) વહીવટી મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે. |
| (૪) જો, ના, તો ક્યારે આપવામાં આવનાર છે ? | (૭) વહેલામાં વહેલી તકે. |

------------

**સુજલામ સુફલામ યોજના હેઠળ સૌરાષ્ટ્રમાં મોટા ચેકડેમો**

૧૨૯૮૦ **શ્રી દીનુભાઈ બો. સોલંકી (કોડીનાર) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુજલામ સુફલામ યોજના હેઠળ સૌરાષ્ટ્ર વિસ્તારમાં મોટા ચેકડેમો કરવાના કામની શું પરિસ્થિતિ છે, | (૧) સુજલામ સુફલામ યોજના હેઠળ સૌરાષ્ટ્ર વિસ્તારમાં મોટા ચેકડેમો કરવાના કામની પરિસ્થિતિ નીચે મુજબ છે<br>(અ) ૩૫ ચેકડેમોના ટેન્ડર મંજૂર થયા છે અને કામો શરૂ થયેલ છે.<br>(બ) ૧૯ ચેકડેમોના ટેન્ડર ચકાસણી હેઠળ છે.<br>(ક) ૫૩ ચેકડેમોના ટેન્ડર મેળવવામાં આવી રહ્યા છે. |
| (૨) આ કામો ક્યારે પૂરાં કરવામાં આવશે, અને | (૨) આ કામો ડિસેમ્બર-૨૦૦૫ સુધીમાં પૂરાં કરવાનું આયોજન છે. |
| (૩) આ માટે કેટલો અંદાજીત ખર્ચ થનાર છે ? | (૩) આ કામો માટે અંદાજી રૂા. ૮૧.૪૪ કરોડનો ખર્ચ થનાર છે. |

--------

**વડોદરા જિલ્લામાં જમીનો સરકારી દફતરે દાખલ કરવાના કેસો**

૧૨૧૧૪ **શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ (સાવલી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લા કલેકટરશ્રી ધ્વારા તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કેસોમાં જમીન સરકારી દફતરે દાખલ કરવાના હુકમો કર્યા, | (૧) ૨૪ |
| (૨) આ પૈકી કેટલા કેસોમાં જમીનમાલિકો કોર્ટમાં ગયા, અને | (૨) ૧૧ |
| (૩) કેટલા કેસોમાં જમીન ખરેખર સરકારી દફતરે દાખલ કરી દેવામાં આવી અને કબજો લઈ લેવામાં આવ્યો ? | (૩) ૦૫ |

----------

**રાજ્યમાં હક્કપત્રક નોંધોના નિકાલની ઝુંબેશ**

૧૧૯૧૨ **શ્રી બિમલ શાહ (કપડવંજ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૪ ની સાલમાં સમગ્ર રાજ્યમાં હક્કપત્રક નોંધોના નિકાલની ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |

(૨) જો હા, તો તેનાં પરિણામો શું આવ્યા છે?

(૨) તા. ૧-૭-૨૦૦૪થી તા. ૩૧-૭-૨૦૦૪ દરમ્યાન રાજ્યવ્યાપી હક્કપત્રક નોંધ નિકાલ ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં તા. ૩૧-૫-૨૦૦૪ના રોજની સ્થિતિએ બાકી રહેલ ૧૦૨૨૫૨ નોંધો પૈકી ૯૮૪૧૮ નોંધોનો નિકાલ કરી, ૯૬.૨૫% સિધ્ધિ હાંસલ કરવામાં આવી છે.

----------

**વલસાડ જિલ્લામાંથી પસાર થતી દમણગંગા યોજનામાં લીકેજ**

૧૨૪૯૦ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

દમણગંગા યોજના વલસાડ જિલ્લાના પારડી કપરાડા અને ઉમરગામ તાલુકામાંથી પસાર થાય છે અને લીકેજ મોટા પ્રમાણમાં થાય છે તે સરકાર જાણે છે કે કેમ ?

**જવાબ**

સામાન્ય પ્રકારનું લીકેજ થતું હોવાનું સરકાર જાણે છે.

----------

**જાહેર દસ્તાવેજોની પ્રમાણિત નકલ ન આપવા અંગે જામનગર કલેકટર સામે ફરિયાદો**

૧૩૦૪૭ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી ૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન, જામનગર કલેકટરશ્રી પાસે સહકારી મંડળીઓએ જાહેર દસ્તાવેજી કાગળો, (પબ્લીક ડોક્યુમેન્ટ) ની માંગેલ પ્રમાણિત નકલો ન આપવામાં આવતી હોવાની મહેસૂલ વિભાગના અગ્રસચિવશ્રીને કેટલી રજૂઆતો મળી,

(૨) અગ્રસચિવશ્રીએ પોતાને મળેલ ઉપરોક્ત રજૂઆતો સંદર્ભે કાયદેસર કોઈ પગલાં લીધેલ હોય તો તેવા પગલાંની વિગતો શું છે, અને

(૩) જો કોઈ પગલાં ન લીધા હોય તો તેનાં શાં કારણો છે ?

**જવાબ**

(૧) બે

(૨) કલેકટરશ્રી જામનગરને અત્રે મળેલ રજૂઆતોની નકલો યોગ્ય કાર્યવાહી કરવા સૂચના સાથે મોકલેલ..

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**મહાનગરપાલિકાની હદ બહાર આવેલ સોસાયટીઓને પીવાનું પાણી આપવા અંગે**

૧૨૯૯૮ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય પાણી-પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) મહાનગરની હદ બહાર એકદમ નજીક આવેલી રહેણાંકી સોસાયટીઓને મહાનગરપાલિકા તરફથી પીવાનું પાણી પુરું પાડવામાં આવતું નથી અને ગ્રામ્ય વિસ્તારથી આ સોસાયટીઓ દૂર આવેલી હોવાથી ત્યાંથી પાણી મેળવવું વાસ્તવિક શક્ય બનતું નથી તે રાજ્ય સરકાર જાણે છે, અને

(૨) જો હા, તો આવી સોસાયટીઓને પાણી આપવા સને ૨૦૦૫-૦૬ના વર્ષમાં કશું આયોજન કરવા સરકાર માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) સાત મહાનગર પાલિકાઓ પૈકી ચાર મહાનગરપાલિકાઓમાં એકદમ નજીક આવેલ સોસાયટીઓને પાણી આપવામાં આવતું નથી.

(૨) ના, જી. સને ૨૦૦૫-૦૬ના વર્ષમાં કોઈ આયોજન નથી, પરંતુ ભવિષ્યમાં આ બાબતે વિચારણા કરવામાં આવશે.

---------

**ખાનપુર તાલુકામાં પુનઃવસનના લાભાર્થીઓને નાણાં ચૂકવવા અંગે**

૧૦૫૬૦ **શ્રી કાળુભાઇ હી. માલીવાડ (લુણાવાડા)** : **માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગોધરાકાંડ પછી રાજ્યમાં ઉદ્‌ભવેલ પરિસ્થિતિમાં પંચમહાલ જિલ્લાના ખાનપુર તાલુકામાં પાંડરવાડા, લીમડીયા અને ખાનપુર તેમજ અન્ય ગામોના પુનઃવસનમાં કેટલા અને કયા કયા લાભાર્થી હતા, | (૧) પંચમહાલ જિલ્લાના ખાનપુર તાલુકામાં કુલ : ૨૪ ગામોના ૫૩૭ લાભાર્થી હતા. (પત્રક * અ મુજબ) |
| (૨) આ તમામ લાભાર્થીને સરકાર તરફથી કેટલાં નાણાં ચૂકવવામાં આવ્યા, અને | (૨) સરકાર તરફથી તમામ લાભાર્થીને રૂા. ૧૫૯.૪૬/- લાખ ચુકવવામાં આવ્યા. |
| (૩) ઘણા અરજદારોને સરકાર ધ્વારા અપાયેલ નાણાં/ચેક સ્થાનિક અધિકારીઓ દ્વારા પરત લેવાયેલ છે, જેના નાણાં ફરીથી ક્યારે ચૂક્વવાયાં ? | (૩) કોઈ અરજદારો પાસેથી પરત નાણાં લીધેલ નથી. જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**( * પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)**

**બનાસકાંઠા જિલ્લામાં હક્કપત્રકે વારસાઈ નોંધ**

૧૧૯૧૭ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર)** : **માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા, ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં હક્કપત્ર કે વારસાઈ નોંધો પાડવાની બાકી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૨) તમામ નોંધો પાડવામાં આવેલ છે જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**સરકારી જમીનોને ગ્રાન્ટ કરવામાં નડતો બાનમુક્તિનો પ્રશ્ન**

૧૧૯૦૪ **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારી જમીનો ગ્રાન્ટ કરવામાં બાનમુક્તિનો પ્રશ્ન ઉપસ્થિત થયો છે તે હકીકત સરકાર જાણે છે, અને | (૧) બાનમુક્તિની પ્રક્રિયા સરકારે રદ કરેલ છે. |
| (૨) જો હા, તો તે અંગે સરકાર શા પગલાં લેવા માગે છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**ઉકાઈ ડેમમાં ઉપલબ્ધ પાણીનો જથ્થો**

૧૨૮૧૪ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉકાઈ ડેમમાં આગામી ચોમાસું સીઝન સુધી ચાલે એટલો પાણીનો પર્યાપ્ત જથ્થો છે, | (૧) આયોજીત પાણી માટે નિયત રોટેશન મુજબ પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ છે. |
| (૨) જો, હા, તો સિંચાઈકારોને રોટેશન વિના તમામ પાકો માટે એકધારો પાણીનો જથ્થો ઉપલબ્ધ કરાવી શકાશે, અને | (૨) આયોજીત રોટેશન પ્રમાણે આયોજીત પાકો માટે પાણીનો જથ્થો ઉપલબ્ધ કરી શકાશે. |
| (૩) જો ના, તો રોટેશનનો સમયગાળો શું હશે અને ઉનાળું સીઝનમાં કયા પાક માટે કેટલું પાણી ઉપલબ્ધ કરાવી શકાશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**સરકારી જમીનને બિનખેતીના હેતુ માટે મંજૂરી આપવામાં વિલંબ**

૧૨૯૮૭ **શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારી તથા સરકારનું જેમાં હિત હોય | (૧) હા, જી. |

તેવી જમીનોનું બીન ખેતીના હેતુ માટે મંજૂરી આપવામાં મૂલ્યાંકનની પ્રક્રિયાના કારણે વિલંબ થાય છે તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો એ અંગે સરકાર શું પગલાં લેવા માંગે છે?

(૨) (અ) મહેસુલ વિભાગના તા. ૬-૬-૨૦૦૩ના ઠરાવ અંતર્ગત જિલ્લા મૂલ્યાંકન સમિતિની બેઠક દર મહિને ઓછામાં ઓછી એકવાર મળે તેવી સૂચનાઓ પ્રસિધ્ધ કરી.
(બ) મહેસૂલ વિભાગના તા.૨૨-૧૧-૦૦૪ ના ઠરાવથી મૂલ્યાંકનની પ્રક્રિયા સરળ બનાવેલ છે.

----------

## પાલનપુર તાલુકામાં ખેતીની જમીનમાં શરતભંગના કિસ્સા

૧૩૧૧૫ **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જાન્યુઆરી ૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના વર્ષદીઠ ખેતીની જમીનના વિવિધ શરતભંગના કેટલા કિસ્સા શોધી કાઢવામાં આવ્યા.

(૧)

| વર્ષ | કેસોની સંખ્યા |
|---|---|
| ૨૦૦૨ | શુન્ય |
| ૨૦૦૩ | ૦૧ |
| ૨૦૦૪ | ૦૨ |
| ૨૦૦૫ | શુન્ય |

(૨) શરતભંગના એ કિસ્સાઓ પૈકી કેટલા કિસ્સામાં જમીનો રાજ્યસાત કરવામાં આવી,

(૨) ત્રણે કિસ્સામાં જમીન રાજ્યસાત કરવામાં આવી.

(૩) રાજ્યસાત થયેલ જમીનો પૈકી અગ્રિમતાના ધોરણે પાત્રતા ધરાવતા કેટલા ઈસમોને જમીનો ગ્રાન્ટ કરવામાં આવી, અને

(૩) એકપણ નહિ.

(૪) રાજ્યસાત થયેલ જમીનો પાત્રતા ધરાવતા ઈસમોને ગ્રાન્ટ ન કરવામાં આવી હોય તો તેના શા કારણો છે ?

(૪) બાબત ન્યાયધિન હોઈ.

----------

## જુનાગઢ જિલ્લાના ચોરવાડ ખાતેના ચેકડેમના દરવાજા બદલવા અંગે

૧૨૭૨૮ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જુનાગઢ જિલ્લાના માળીયા, હાટીના ચોરવાડ ગામે આવેલ મેધલ નદી પરના ચેકડેમના લોખંડના કટાઇ ગયેલ દરવાજા કાઢી ઢોળાવ આપવાની કામગીરી રાજ્ય સરકાર કરવા માંગે છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો આ અંગેની નાણાંકીય જોગવાઈ શું છે તેમજ આ કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે, અને

(૨) ક્ષાર પ્રવેશ નિવારણના કામો માટે વર્ષ ૨૦૦૪-૦૫ના વર્ષના બજેટમાં રૂા. ૨૨૨૪.૩૦ લાખની ઉચ્ચક જોગવાઇ કરવામાં આવેલ છે તેમાં આ કામનો સમાવેશ થાય છે. તેમજ વર્ષ ૨૦૦૫-૦૬માં પૂરતી જોગવાઇ મેળવીને આ કામગીરી ટૂંક સમયમાં શરૂ કરી પૂર્ણ કરવાનું આયોજન વિચારણા હેઠળ છે.

(૩) ગત ચોમાસા દરમ્યાન આ ડેમના દરવાજા સદંતર તુટી જવાથી પાણી વહી ગયુ છે તે વાત

(૩) યોજનાના એક દરવાજામાં નુકશાન થતાં પાણી ધીમે ધીમે વહી જતાં લાગેલ જે માટીના

| | |
|---|---|
| ખરી છે? | બાચકા મૂકી અટકાવી મહતમ સપાટી સુધી પાણીનો સંગ્રહ કરવામાં આવેલ. |

------------

**ગામ નમૂના નંબર ૭/૧૨, ૮-અ અને ૬ની નકલો ગ્રામ્ય કક્ષાએ મળવા અંગે**

૧૨૩૪૧ **શ્રી રાજેશ પાઠક (બાલાસિનોર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સરકારે ૭/૧૨ અને ૮-અ અને ફેરફાર એન્ટ્રી નંબર ૬ તાલુકા મથકેથી આપવાની જાહેરાત કરી છે જેનાથી ગ્રામ્ય પ્રજાને પારાવાર મુશ્કેલી પડે છે, તો ઉક્ત દાખલા, નકલો વિગેરે જે તે ગામે જ તલાટી કમ મંત્રી આપે તેવી વ્યવસ્થા કરવા માંગે છે કે કેમ? | હા, જી. |

--------------

**શ્રમિકોને રોમીંગ રેશનકાર્ડ આપવા અંગે**

૧૨૪૪૦ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૦૪ની સ્થિતિએ એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં મજૂરી કામ માટે જતા શ્રમિકોને રોમીંગ રેશનકાર્ડ આપવાની યોજના શરૂ કરવામાં આવી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના કયા કયા જિલ્લામાં લાગુ પાડવામાં આવી છે, અને | (૨) હાલ પંચમહાલ, દાહોદ અને વડોદરા. |
| (૩) આ યોજના હેઠળ શ્રમિકોને સરળતાથી ખાદ્ય પૂરવઠો મળી રહે એ માટે સરકાર શી કાર્યવાહી કરવા માંગે છે ? | (૩) એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં મજૂરી માટે જતાં બીપીએલ / અંત્યોદય કાર્ડ ધરાવતા શ્રમિકોને પોતાના મૂળ વિસ્તારના મામલતદારને નિયત નમૂનામાં અરજી કરવાથી રોમીંગ રેશન કાર્ડ આપવામાં આવશે. અને સ્થળાંતરવાળા વિસ્તારની કોઈપણ વ્યાજબી ભાવની દુકાનેથી મળવાપાત્ર આવશ્યક ચીજવસ્તુનો જથ્થો સરળતાથી મેળવી શકશે. |

------------

**અમદાવાદ શહેરમાં ગ્રાહક ફરિયાદોના કેસોનો ભરાવો**

૧૨૯૭૬ **શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં ગ્રાહક ફરિયાદના કેસોનો ભરાવો થયો છે તે વાત સરકાર જાણે છે, અને | (૧) હા, જી. |
| (૨) પડતર કેસોનો ઝડપી નિકાલ થાય તે માટે શું આયોજન કરેલ છે ? | (૨) પડતર કેસોનો સમય મર્યાદામાં નિકાલ થાય તે માટે નીચે મુજબ આયોજન કરેલ છે.<br>(અ) કાયદાની જોગવાઈ મુજબ રાજ્ય કમિશન ધ્વારા સદર ફોરમના પડતર કેસો પૈકી અમુક કેસો |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| | જરૂર જણાયે નજીકના ફોરમને ટ્રાન્સફર કરવાનું આયોજન કરેલ છે.<br>(બ) એક વધારાના ફોરમની રચના કરવાનું આયોજન કરેલ છે. |

------------

**ખેડા તાલુકાના વાસણા, મારગીયા, સાંખેજ ભાલીયાપરા વહેળો ઉંડો કરવા બાબત**

૧૦૪૮૬ **શ્રી રાકેશ રાવ (માતર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી ૨૦૦૫ની સ્થિતિએ ખેડા તાલુકાના વાસણા, મારગીયા, સાંખેજ, ભાલીયાપરા વહેળો ઉંડો કરવાની દરખાસ્ત સરકારને મળેલ છે, અને | (૧) હા, જી. |
| (૨) ચોમાસામાં આ વિસ્તારની હજારો એકર જમીનમાં બોરાણ થતું હોઈ સરકાર આ વહેળો ઉંડો કરવા કોઇ આયોજન કરેલ છે કે કેમ ? | (૨) આયોજન વિચારણા હેઠળ છે.. |

-----------

**ચોટીલી, સાયલા તાલુકામાં સરકારી ખરાબામાં દબાણો**

૧૨૯૯૪ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચોટીલા અને સાયલા તાલુકામાં સરકારી ખરાબામાં દબાણના કેટલા કેસો નોંધાયેલ છે, | (૧) ચોટીલા ૧૪૨<br>સાયલા ૩૭ |
| (૨) તે પૈકી કેટલા કિસ્સામાં દબાણ નિયમિત કરવા માંગણીઓ આવી છે, અને | (૨) ચોટીલા તાલુકા ૩૪<br>સાયલા તાલુકા ૭ |
| (૩) કેટલી માંગણીઓ મંજૂર કરી અને કેટલી નામંજૂર કરવામાં આવી ? | (૩) <u>તાલુકો</u> <u>મંજૂર</u> <u>નામંજૂર</u><br>ચોટીલા ૨ ૪<br>સાયલા ૧ ૪ |

------------

**રાજ્યમાં હક્કપત્રક નોંધોના નિકાલની ઝુંબેશ**

૧૨૪૩૫ **શ્રી પ્રવિણભાઈ છ. રાઠોડ (કામરેજ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૪ની સાલમાં સમગ્ર રાજ્યમાં હક્કપત્રક નોંધોના નિકાલની ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ તે વાત સાચી છે, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો તેના પરિણામો શું આવેલ છે ? | (૨) તા. ૧-૭-૨૦૦૪થી તા. ૩૧-૭-૨૦૦૪ દરમ્યાન રાજ્યવ્યાપી હક્કપત્રક નોંધ નિકાલ ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં તા. ૩૧-૫-૨૦૦૪ના રોજની સ્થિતિએ બારી રહેલ ૧૦૨૨૫૨ નોંધો પૈકી ૯૮૪૧૮ નોંધોનો નિકાલ કરી, ૯૬.૨૫% સિધ્ધિ હાંસલ કરવામાં આવી છે. |

------------

## જુનાગઢ જિલ્લામાં પેટ્રોલ/ ડીઝલમાં ભેળસેળના કિસ્સા

૧૨૨૯૬ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર (તલાલા) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૦/૧૧/૦૪ની સ્થિતિએ જુનાગઢ જીલ્લામાં પેટ્રોલપંપ અને ડીઝલ પંપમાં ભેળસેળના કેટલા કિસ્સા સરકારના ધ્યાનમાં આવ્યા, | (૧) બે કિસ્સા. |
| (૨) તે પૈકી કેટલા સંચાલકો સામે કાર્યવાહી કરી, અને | (૨) બંને સંચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી. |
| (૩) કેટલા સંચાલકોને પુનઃ પરવાનાઓ આપ્યા? | (૩) એક કિસ્સામાં. |

------------

## રાજુલા તાલુકામાં સિમેન્ટ કંપની પાસે બિનઆકારી વેરાની બાકી રકમ

૧૧૦૦૮ **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧/૦૫ની સ્થિતિએ રાજુલા તાલુકામાં કોવાયા સ્થિત સિમેન્ટ કંપની પાસે રાજુલા જાફરાબાદ તાલુકાની બીનખેતી માટે લીધેલ જમીનનો બિનઆકારી વેરો કેટલા સમયનો બાકી છે, | (૧) બે વર્ષનો |
| (૨) કંપની પાસે આવા વેરાની કેટલી રકમ વસૂલ લેવાની બાકી છે, અને | (૨) રૂા. ૫૦,૭૬,૦૮૪/- |
| (૩) આ વેરાની બાકી રકમ વસૂલ લેવા સરકાર દ્વારા શું પગલાં લેવામાં આવેલ છે,? | (૩) (૧)બાકી રકમનું ડીમાન્ડ આપવામાં આવેલ છે.<br>(૨) સત્વરે ભરવા માટે તાકીદ નોટિસ આપવામાં આવેલ છે.<br>(૩) કંપનીના અધિકારીઓને રૂબરૂમાં સત્વરે રકમ ભરવા સુચના આપવામાં આવેલ છે. |

------------

## રાજકોટ જિલ્લામાં ગામતળ વધારવા માટે અરજીઓ

૧૨૫૭૬ **શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧૧/૧૨/૦૪ની સ્થિતિએ ત્રણવર્ષમાં રાજકોટ જિલ્લાના રાજકોટ, લોધીકા, કોટડાસાંગાણી, જસદણ, પડધરી, વાંકાનેર, મોરબી, ગોંડલ, જામકંડોરણા તાલુકાના કેટલા ગામોની અરજી ગામતળ વધારવા માટે આવી, | (૧) ૮૯ |
| (૨) આવેલ અરજીમાંથી કેટલા ગામતળ વધારવાની અરજી મંજુર કરવામાં આવી, | (૨) ૪૧ |
| (૩) કેટલી અરજી ના મંજુર કરવામાં આવી, | (૩) ૧૬ |
| (૪) ના મંજુર કરવાના કારણો શું, અને | (૪) ના મંજુર કરવાના કારણો :-<br>(૧) માંગણીવાળી જમીનમાં દબાણ હોવાથી<br>(૨) અગાઉ મંજુર કરેલ ગામતળના પ્લોટ ઉપલબ્ધ હોવાથી નવું ગામતળ નીમ કરવાની માંગણી વ્યાજબી ન હોવાથી<br>(૩) માંગણીવાળી જમીન ઉપરથી જીઈબીની |

| | |
|---|---|
| | લાઈન પસાર થતી હોવાથી<br>(૪) રુડા વિસ્તારમાં આવેલ રાજકોટ તાલુકાના ગામોમાં ખેતી ઝોનમાં આવેલ હોવાથી.<br>(૫) માંગણીવાળી જમીનમાં વિવાદ અને વાંધો હોવાથી. |
| (૫) હાલ કેટલી અરજીઓ પેન્ડીંગ છે. તેને ક્યાં સુધીમાં મંજુર કરવામાં આવશે ? | (૫) ૩૨ અરજીઓ પેન્ડીગ છે. તેનો નિયમોનુસાર સત્વરે નિકાલ કરવામાં આવશે. |

------------

**સાબરકાંઠા જીલ્લા માટે સુજલામ સુફલામ યોજનાની કરવામાં આવેલ જોગવાઈ**

૧૩૧૧૮ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુજલામ્ સુફલામ્ યોજના માટે વર્ષ ૨૦૦૪-૦૫માં સાબરકાંઠા જિલ્લા માટે નાણાની કેટલી જોગવાઈ કરવામાં આવી હતી, અને | (૧) સુજલામ સુફલામ યોજના માટે વર્ષ ૨૦૦૪-૦૫માં સાબરકાંઠા જિલ્લા માટે ૧૧૩.૧૦ કરોડ નાણાની જોગવાઇ કરવામાં આવેલ છે. |
| (૨) આમાંથી ભિલોડા, વિજ્યનગર અને મેઘરજ તાલુકામાં તા. ૩૧/૧૨/૨૦૦૪ની સ્થિતિએ કયા કયા કામો માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) તા. ૩૧/૧૨/૨૦૦૪ અંતિત સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ આ તાલુકામાં ૮૦ :૨૦ હેઠળના ચેકડેમો પેટે નીચે મુજબનો ખર્ચ થયેલ છે. |

| તાલુકો | થયેલ ખર્ચ રૂા. કરોડમાં |
|---|---|
| ભિલોડા | ૮.૨૪ |
| વિજયનગર | ૧.૪૨ |
| મેઘરજ | ૧.૭૭ |

-----------

**ટંકારા,પડધરી અને મોરબી તાલુકામાં બે ગુંઠા જમીન ફાળવવાની માંગણી**

૧૨૧૦૪ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ટંકારા, પડધરી અને મોરબી તાલુકામાં ૨ (બે) ગુંઠા જમીન ફાળવવા માટે છેલ્લા બે વર્ષમાં તારીખ ૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં કેટલા અરજદારોની માંગણી આવેલ છે, | (૧) <u>તાલુકો-અરજદારોની માંગણીની સંખ્યા</u><br>ટંકારા -૧૬૭<br>પડધરી - ૪૪<br>મોરબી - ૧૫૨ |
| (૨) તેમાંથી કેટલા અરજદારોની માંગણી મંજુર કરવામાં આવી અને પડતર રહેલ માંગણીઓ ક્યારે મંજૂર કરવામાં આવશે, અને | (૨) <u>તાલુકો-મંજૂર કરેલ માંગણીની સંખ્યા</u><br>ટંકારા -૮૦<br>પડધરી - ૭<br>મોરબી - ૧૧૫<br>પડતર માંગણીઓનો નિયમાનુસાર, શકય તેટલી ઝડપે નિકાલ કરવામાં આવશે. |
| (૩) કેટલી માંગણીઓ નામંજુર કરવામાં આવી અને તેના કારણો શા છે ? | (૩) <u>તાલુકો-નામંજુર કરેલ માંગણીની સંખ્યા</u><br>ટંકારા -૪૭<br>પડધરી-૧૨<br>મોરબી -૨૦<br>નામંજુરના કારણો :-<br>-ઉદ્યોગના હેતુ માટે બે ગુંઠા માગેલ હોઈ,<br>-ખરાબાને બદલે ખરાવાણની જમીનની માંગણી |

કરેલ હોય,
-માંગણીવાળી જમીનના નકશા, વિગતો રજુ કરેલ ન હોય વગેરે.

-------

**માંડવી, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં લિફ્ટ ઈરીગેશન યોજનાઓ**

૧૨૪૫૯ **શ્રી કાંતિલાલ રે. ગામીત (સોનગઢ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત જિલ્લાના માંડવી, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં કેટલી લિફ્ટ ઈરીગેશન સ્કીમોની કેટલી માંગણી સરકાર પાસે તારીખ ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં આવેલી છે, અને | (૧) સુરત જિલ્લાના માંડવી તાલુકામાં ૬, સોનગઢ તાલુકામાં ૧, ઉચ્છલ તાલુકામાં ૩ અને નિઝર તાલુકામાં ૨ લિફ્ટ ઈરીગેશન સ્કીમોની માંગણી આવેલી છે. |
| (૨) દરેક સ્કીમ માટે સરકારે શું કાર્યવાહી કરી છે? | (૨) ઉચ્છલ અને માંડવી તાલુકાની સ્કિમો નાણાકીય ઉપલબ્ધિ મુજબ હાથ ધરવાનું આયોજન છે, જ્યારે નિઝર અને સોનગઢ તાલુકાની સ્કિમો તાંત્રિક રીતે યોગ્ય ન જણાતા પડતી મુકવાનું વિચારેલ છે. |

----------

**મહેસાણા જિલ્લામાં નવી/જૂની શરતની જમીનો**

૧૨૧૨૫ **શ્રી દિલીપસિંહ વ. પરમાર (મોડાસા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં નવી શરતની જમીનોને જૂની શરતમાં ફેરવવાના કેટલા કેસો પડતર હતા, અને | (૧) ૨૨૬. |
| (૨) પડતર રહેવાનાં કારણો શું છે ? | (૨) ખાતેદારો દ્વારા ૬૦ પટની રકમ નહિ ભરવાના કારણે તથા પૂર્તતા પર પડતર રહેવા પામેલ છે. |

----------

**ઉત્તર ગુજરાતના ડેમોમાં નર્મદાનું પાણી**

૯૫૬૬ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય જળસંપત્તિ** મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ધરોઈ ડેમ સહિત ઉત્તર ગુજરાતના અન્ય ડેમોમાં નર્મદાનાં પાણી નાખવાની કાર્યવાહી કયાં સુધી આવી, અને | (૧) ધરોઈ સહિત ઉત્તર ગુજરાતમાં હયાત નવ જળાશયો નર્મદા મુખ્ય નહેરમાંથી ૧૦ પાઈપ લાઈન દ્વારા ભરવાનું આયોજન કરવામાં આવેલ છે. જે પૈકી ધરોઈ ડેમની એક લાઈનનું કામ પૂર્ણ થયેલ છે અને એક પાઈપ લાઈનનું કામ પ્રગતિ હેઠળ છે. જ્યારે બે પાઈપ લાઈનના કામોના નકશા અંદાજો બનાવવાની કામગીરી ચાલુમાં છે. હાથમતી-ગુહાઈ જળાશયો અને સરસ્વતી બેરેજની પાઈપ લાઈનનું કામ પ્રગતિમાં છે. વાત્રક, માઝમ અને મેશ્વો જળાશયની એક પાઈપ લાઈનની લાઈન દોરી નક્કી કરવામાં આવેલ છે. દાંતીવાડા, સીપુ અને મુક્તેશ્વર જળાશયોની ત્રણ પાઇપ લાઇનની લાઇન દોરી નક્કી કરવાની કામગીરી પ્રગતિમાં છે. |

(૨) કયા કયા ડેમોમાં પાણી નાંખવામાં આવ્યું ?

(૨) ધરોઈ ડેમમાં પાણી નાંખવામાં આવેલ છે.

----------

**કડી તાલુકા ના સર્વે નં. ૭૯૧માં શરત ભંગ કરી બાંધકામ**

૧૩૦૦૨ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મોજે થોળ તા. કડી ના સ. નં. ૭૯૧માં શરતભંગ કરી બાંધકામ કરવામાં આવેલ છે તે દૂર કરવા સરકારને કેટલી ફરિયાદો તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળી, અને | (૧) કોઈ ફરિયાદ મળેલ નથી. |
| (૨) શરતભંગ કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ ક્યારે દૂર કરવામાં આવશે ? | (૨) નિયમોનુસારની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે જેથી સત્વરે. |

----------

**સરકારી જમીનોને બિનખેતીની મંજૂરી આપવામાં વિલંબ**

૧૧૮૮૭ **શ્રી છત્રસિંહ પૂં. મોરી (જંબુસર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સરકારી તથા સરકારનું જેમાં હિત હોય તેવી જમીનોને બીન ખેતીના હેતુ માટે મંજૂરી આપવામાં મૂલ્યાંકનની પ્રક્રિયાના કારણે વિલંબ થાય છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે અંગે સરકારે શું પગલાં લીધાં અને લેવા માંગે છે ? | (૨) (અ) મહેસુલ વિભાગના તા. ૬-૬-૨૦૦૩ના ઠરાવ અંતર્ગત જિલ્લા મૂલ્યાંકન સમિતિની બેઠક દર મહિને ઓછામાં ઓછી એકવાર મળે તેવી સૂચનાઓ પ્રસિધ્ધ કરી.<br>(બ) મહેસુલ વિભાગના તા. ૨૨-૧૧-૨૦૦૪ના ઠરાવથી મૂલ્યાંકનની પ્રક્રિયા સરળ બનાવેલ છે. |

----------

**ગ્રાહકોના હિતોની જાળવણી માટે પગલાં**

૧૧૯૧૧ **શ્રીમતી રમીલાબેન બે. બારા (ખેડબ્રહ્મા) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| રાજ્યમાં ગ્રાહકોના હિતોની જાળવણી માટે કાયદા, નિયમોની ગ્રાહકોને જાણકારી મળે તે માટે સરકારે શાં પગલાં લીધાં છે ? | (૧) સરકારે ગ્રાહકોના રક્ષણ માટે કાયદાઓ ઘડેલ છે અને જરૂર જણાય ત્યાં સુધારા વધારા કરેલ છે.<br>(૨) ગ્રાહકો છેતરાય નહીં તે માટે-૧૯ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ તથા રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનની રચના કરવામાં આવેલ છે. જેમાં ગ્રાહકો પોતાની ફરિયાદો દાખલ કરી શકે છે.<br>(૩) રાજ્યના તમામ ગ્રાહકોની જાગૃતિ માટે તારીખ ૧-૭-૨૦૦૪થી ગ્રાહક સુરક્ષા કચેરીને કાનૂની માપ વિજ્ઞાન તંત્ર, અમદાવાદમાં ભેળવી દેવામાં આવેલ છે.<br>(૪) સરકાર દ્વારા ગ્રાહક સુરક્ષા મંડળોને માન્યતા અને નાણાં સહાય આપી પ્રદર્શન/સેમીનાર/ગ્રામસભાનું આયોજન |

કરવા જણાવવામાં આવેલ છે.
(૫) ગ્રાહક સુરક્ષા વિષયને અભ્યાસક્રમમાં દાખલ કરવામાં આવેલ છે.
(૬) કન્ઝયુમર કલબની યોજના અમલમાં મુકાઇ રહેલ છે.
(૭) તોલમાપ/બીઆઇએસ/ખોરાક ઔષધ/ગ્રાહક સુરક્ષાનાં પ્રદર્શનો યોજી ગ્રાહક જાગૃતિ માટે પેમ્ફલેટોનું વિતરણ કરવામાં આવેલ છે.
(૮) નાના બાળકો છેતરાતાં અટકે તે માટે બાળપોથી તૈયાર કરી વિતરણ કરવામાં આવેલ છે. તોલમાપ અંગે સી.ડી. તૈયાર કરવામાં આવેલ છે.
(૯) રાજ્યમાં નવ માહિતી કેન્દ્રો ખોલવામાં આવેલ છે.
(૧૦) ૧૫મી માર્ચ વિશ્વ ગ્રાહક સુરક્ષાદિન તથા ૨૪મી ડિસેમ્બર રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષાદિન નિમિત્તે રેડિયો, ટી.વી., ભવાઇ, દૈનિક પત્રો દ્વારા માહિતી આપવામાં આવે છે.
(૧૧) ક્રેડીટકાર્ડ, દૂધનીડેરી, ગ્રાહક સુરક્ષા કાયદાઓ અંગે નિષ્ણાત વ્યક્તિઓની મદદ લઇ સૂચનો મેળવવામાં આવે છે.
(૧૨) ૧૫મી માર્ચ-૨૦૦૪ના રોજ કાયમી માન્યતા પ્રાપ્ત મંડળોએ ઉજવણી પેટે કરેલ ખર્ચ માટે મંડળોને વધુમાં વધુ રૂા. ૫,૦૦૦/-ની નાણાં સહાય આપવામાં આવી.
(૧૩) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તોલમાપ તંત્ર દ્વારા ૨,૧૧,૭૯૪ તપાસો કરી ૧૫૬૧૩ કેસો કરવામાં આવ્યા છે અને રૂા. ૫૪.૬૨ લાખ ગુન્હા માંડવાળ ફી તરીકે વસુલ કરવામાં આવેલ છે.

----------

## સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં નાની સિંચાઇ માટે ગ્રાન્ટની ફાળવણી

૧૩૦૬૩ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) અમરેલી, ભાવનગર, જૂનાગઢ, જામનગર, રાજકોટ અને પોરબંદર જિલ્લામાં નાની સિંચાઇ માટે તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) તેમાંની કઇ કઇ યોજનાઓમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને

**જવાબ**

(૧) ૨૦૦૩-૨૦૦૪ તથા ૨૦૦૪-૨૦૦૫ના નાણાંકીય વર્ષમાં તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ જિલ્લાવાર ફાળવેલ ગ્રાન્ટની રકમ દર્શાવતું પત્રક એનેક્ષર-૧ મુજબ.

**એનેક્ષર-૧**

| ક્રમ | જિલ્લો | નાણાંકીય વર્ષ ૨૦૦૩-૨૦૦૪ અને ૨૦૦૪-૨૦૦૫ (૩૧-૧-૦૫ સુધી) ફાળવેલ ગ્રાન્ટની રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧. | અમરેલી | ૮૧૨.૯૧ |
| ૨. | ભાવનગર | ૧૬૧૬.૭૧ |
| ૩. | જામનગર | ૨૪૧૭.૪૭ |
| ૪. | રાજકોટ | ૨૪૫૨.૭૮ |
| ૫. | જૂનાગઢ અને પોરબંદર | ૯૭૮.૬૧. |
| | કુલ : | ૮૨૭૮.૪૮ |

(૨) યોજનાઓ નામ અને ખર્ચની વિગતો એનેક્ષર-૨ મુજબ.

કરવામાં આવ્યો, અને

એનેક્ષર-૨ મુજબ.

**એનેક્ષર-૨**

| અ.નં. | યોજનાનું નામ | થયેલ ખર્ચ |
|---|---|---|
| ૧ | સરદાર પટેલ સહભાગીના | ૪૭૦૬.૪૩ |
| ૨ | બાંટવાખારો | ૨૪.૯૩ |
| ૩ | ધ્રાફડ (ઓઝત) | ૦.૦૦ |
| ૪ | સાબલી | ૧૬૫.૭૮ |
| ૫ | મોટા ગુજરીયા | ૧૨૯.૫૮ |
| ૬ | ભાખરવડ | ૩૯૬.૮૭ |
| ૭ | ઓઝત પીકઅપ વિયર | ૩૨.૧૬ |
| ૮ | ઓઝત વીયર | ૨૨.૩૦ |
| ૯ | ઉતાવળી | ૦.૩૫ |
| ૧૦ | ફુલઝર પીંડા ખાઇ | ૦.૭૮ |
| ૧૧ | મઘરડી | ૨૬.૫૩ |
| ૧૨ | પ્રેમપરા | ૫.૦૦ |
| ૧૩ | ખાખરા હડમતીયા | ૦.૦૪ |
| ૧૪ | ઓઝત (ગોરવીયાલી) | ૦.૩૯ |
| ૧૫ | સીંધણી | ૪૮.૦૯ |
| ૧૬ | શેઢા ભાડથરી | ૮.૪૮ |
| ૧૭ | કાબરકા | ૪૯.૪૫ |
| ૧૮ | ગઢકી | ૧૨૯.૦૪ |
| ૧૯ | મીનસર વાનાવડ | ૩૨૬.૬૯ |
| ૨૦ | રુપારેલ | ૨૨૬.૮૩ |
| ૨૧ | ફલ્લા (કંકાવટી) | ૧.૩૫ |
| ૨૨ | ફુલઝર (કોટડા બાવીસી) | ૨૯.૦૮ |
| ૨૩ | વેરાડી-૧ | ૩૩.૧૦ |
| ૨૪ | વેરાડી-૨ | ૩૩૨.૯૦ |
| ૨૫ | રુપાવટી (લાલપુર) | ૨૦.૦૨ |
| ૨૬ | વોડીસાંગ | ૧૧.૯૬ |
| ૨૭ | ઉમીયા સાગર | ૬૫૭.૩૮ |
| ૨૮ | ઉન્ડ-૪ | ૦.૬૦ |
| ૨૯ | સસોઇ-૨ | ૧.૬૦ |
| ૩૦ | વાગડીયા | ૧.૨૧ |
| ૩૧ | બાવની | ૦.૦૦ |
| ૩૨ | ફોફળ-૨ | ૨૮૦.૦૮ |
| ૩૩ | ઉન્ડ-૩ | ૨.૮૯ |
| ૩૪ | સોડવદર | ૯૫.૦૦ |
| ૩૫ | ન્યારી-૨ | ૭.૮૧ |
| ૩૬ | મોતીસર | ૦.૩૮ |
| ૩૭ | ડોંડી | ૯૬.૩૮ |
| ૩૮ | સુરવો | ૧૫૮.૩૨ |
| ૩૯ | નાગવદર ચેકડેમ | ૧.૧૫ |
| ૪૦ | અમરનગર | ૦.૨૭ |
| ૪૧ | ખોડાપીપર | ૭.૯૦ |
| ૪૨ | ગરણી કર્ણુકી | ૨૭૭.૩૦ |
| ૪૩ | દેવકીગાલોલ | ૦.૨૩ |
| ૪૪ | મેઘપર | ૨.૧૫ |
| ૪૫ | ઝીંઝુ | ૦.૦૦ |
| ૪૬ | મહા | ૦.૧૩ |
| ૪૭ | અડવાણા | ૧૫.૭૦ |
| ૪૮ | સારણ | ૪.૧૦ |
| ૪૯ | ઠેબી | ૩.૮૩ |
| ૫૦ | વડી | ૮૧.૦૪ |
| ૫૧ | શેલદેદુમલ | ૨૬.૩૭ |
| ૫૨ | ધાતરવાડી-૨ | ૩૮૮.૨૬ |
| ૫૩ | ખાખરીયા દરેડ | ૦.૭૪ |
| ૫૪ | રાણીંગપરા | ૦.૮૯ |
| ૫૫ | કાનીયાડ | ૬.૩૩ |
| ૫૬ | જસપરા માંડવા | ૨.૧૫ |
| ૫૭ | પીંગળી | ૧૬૦.૫૯ |
| ૫૮ | સાળંગપુર ગાલા | ૦.૬૬ |
| ૫૯ | લાલપરી | ૬.૫૯ |
| ૬૦ | વેરી | ૩.૦૪ |
| ૬૧ | વાછાપરી | ૯.૪૧ |
| ૬૨ | વિજરખી | ૭.૪૯ |

| | | |
|---|---|---|
| ૬૨ | વિજરખી | ૭.૪૯ |
| ૬૩ | લાલકા | ૧૧૫.૦૬ |
| ૬૪ | નીલવડા | ૪.૮૦ |
| ૬૫ | નાળ | ૧.૯૯ |
| ૬૬ | હમાપર | ૦.૬૦ |
| ૬૭ | નાના ચેકડેમ અનુશ્રવણ તળાવ બંધારા | ૨૧૬.૦૧ |
| ૬૮ | છાયા | ૫.૩૪ |
| ૬૯ | વરલ | ૦.૦૩ |
| ૭૦ | કરમદીયા | ૧૧.૮૪ |
| ૭૧ | વીરપુર | ૮.૩૫ |
| ૭૨ | સંગચિરોડા | ૧૧૯.૫૬ |
| ૭૩ | વંગડી | ૬૭.૫૬ |
| ૭૪ | ઝાંક્સીયા | ૨.૭૦ |
| ૭૫ | નવીવેરાવળ | ૦.૧૫ |
| ૭૬ | ગોવાણા | ૮.૨૭ |
| ૭૭ | લાંછડી | ૩.૦૦ |
| ૭૮ | ચાંદ્રાવડી | ૪.૨૪ |
| ૭૯ | સોનારડી | ૯.૨૬ |
| ૮૦ | બાદલપરા ઉદવહન સિંચાઇ | ૧૦.૦૦ |
| ૮૧ | વેકરી | ૨.૨૨ |
| ૮૨ | હડાળા | ૫.૦૩ |
| ૮૩ | પાટીયાળી | ૬.૯૭ |
| ૮૪ | ટંકારા | ૯.૨૨ |
| ૮૫ | ટોળ | ૫.૫૦ |
| ૮૬ | સરિયામતી | ૪.૫૨ |

(૩) બાકી રહેલી યોજનાના ખર્ચની ચાલુ નાણાંકીય વર્ષમાં કેટલી જોગવાઇ કરવામાં આવી છે?

(૩) રૂા. ૩૮૩૯.૦૦ લાખ.

-------

**કચ્છ જિલ્લામાં ચેકડેમો માટે અરજીઓ**

૧૧૮૮૦ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સને ૨૦૦૪માં સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજનામાં કચ્છ જિલ્લાના ૧૦ તાલુકામાં ચેકડેમ બનાવવા માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૭૭૯. |
| (૨) મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ, | (૨) ૩૨૧. |
| (૩) મંજૂર થયેલ અરજીઓ પૈકી કેટલા કામો થયા, અને | (૩) ૪૮. |
| (૪) બાકી રહેતા કામો ક્યાં સુધી પૂર્ણ કરવામાં આવશે ? | (૪) શક્ય તેટલા વહેલા પૂર્ણ કરવામાં આવશે. |

----------

**કલોલ તાલુકાને સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ સિંચાઇનો લાભ આપવા બાબત**

૧૧૨૪૭ **ડૉ. અતુલ કે. પટેલ (કલોલ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| કલોલ તાલુકાને સિંચાઇ માટે પાણી આપવા સુજલામ્ સુફલામ્ યોજનામાં શી વ્યવસ્થા કરેલ છે ? | સુજલામ્ સુફલામ્ નહેર અને નર્મદા નહેર વચ્ચેના વિસ્તારને પ્રશાખા દ્વારા સિંચાઇ માટે પાણી આપવાનું વિચારાયેલ છે. જેમાં કલોલ તાલુકાનો પણ સમાવિષ્ટ કરવાનું આયોજન છે.<br><br>સુજલામ્ સુફલામ્ યોજના અંતર્ગત પિયજ ધરોઇ પાઇપ લાઇન દ્વારા કલોલ તાલુકાના જુદા જુદા તળાવો ભરવાનું આયોજન કરવામાં આવેલ છે.<br><br>તદ્ઉપરાંત કલોલ તાલુકાની ડ્રેઇનો ને ઉંડી કરી |

ચેકડેમો બનાવવાનું આયોજન કરેલ છે.

----------

**સુરેન્દ્રનગર જિલ્લામાં જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાની માંગણીઓ**

૧૨૧૦૭ **શ્રી જયંતિલાલ ર. કવાડિયા (હળવદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવી શરતની જમીનો જૂની શરતમાં ફેરવવા માટે તાલુકાવાઈઝ કેટલી માંગણીઓ આવી,

(૨) આવેલ માંગણીઓ પૈકી તાલુકાવાઈઝ કેટલી માંગણીઓનો સ્વીકાર કરવામાં આવ્યો, અને

(૩) જો ના, તો ન સ્વીકારવાના કારણો શું છે?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | આવેલ માંગણીઓ |
|---|---|
| ૧. વઢવાણ | ૧૨૦ |
| ૨. ધ્રાંગધ્રા | ૨૦૭ |
| ૩. લીંબડી | ૩૨૨ |
| ૪. સાયલા | ૩૩૬ |
| ૫. મૂળી | ૨૧૭ |
| ૬. ચોટીલા | ૩૭૭ |
| ૭. દસાડા | ૨૮૫ |
| ૮. ચુડા | ૧૩૩ |
| ૯. લખતર | ૦૩૪ |
| ૧૦. હળવદ | ૨૧૯ |
| કુલ | ૨૨૫૦ |

(૨)

| તાલુકાનું નામ | આવેલ માંગણીઓ |
|---|---|
| ૧. વઢવાણ | ૧૨૦ |
| ૨. ધ્રાંગધ્રા | ૧૦૨ |
| ૩. લીંબડી | ૩૨૨ |
| ૪. સાયલા | ૩૦૧ |
| ૫. મૂળી | ૧૯૮ |
| ૬. ચોટીલા | ૩૬૯ |
| ૭. દસાડા | ૨૬૯ |
| ૮. ચુડા | ૧૧૨ |
| ૯. લખતર | ૦૩૪ |
| ૧૦. હળવદ | ૨૧૯ |
| કુલ | ૨૦૪૬ |

(૩) બાકી રહેલ ૨૦૪ માંગણીઓ અન્વયે ચકાસણીની કાર્યવાહી બાકી હોઈ સ્વીકારવામાં આવેલ નથી.

----------

**કચ્છ જિલ્લાની સ્વૈચ્છિક સંસ્થાઓની કેટલ કેમ્પની ચૂકવવાની બાકી સબસીડી**

૧૨૮૨૦ **શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કચ્છ જિલ્લાની કઈ કઈ સ્વૈચ્છિક સંસ્થા/પાંજરાપોળ, ગૌશાળાની ગત અછત વર્ષની કેટલ કેમ્પની સબસીડી ચૂકવવાની બાકી છે,

(૨) છેલ્લા એક વર્ષમાં આવી કઈ કઈ સંસ્થાને કેટલી રકમ ચૂકવવામાં આવી છે, અને

**જવાબ**

(૧) પશુસહાય માટે નકકી કરેલ નીતિ અનુસાર સબસીડી ચૂકવવાની બાકીમાં નથી.

(૨) તા. ૧-૧-૦૪ થી ૩૧-૧૨-૦૪ સુધીમાં કચ્છ જિલ્લાના અબડાસા તાલુકમાં નીચે આપેલ સંસ્થાઓને તા. ૭-૪-૦૩ થી તા. ૨૯-૬-૦૩ સુધીની સબસીડી ચૂકવવામાં આવેલ છેઃ-

| | |
|---|---|
| ૧.શ્રી ભાવેશ સેવા સ્મૃતિ ટ્રસ્ટ, ડુમરા | રૂ. ૮,૪૦,૦૦૦/ |
| ૨.શ્રી નારાણપર પાંજરાપોળ ટ્રસ્ટ, નારાણપર | રૂ. ૩,૧૯,૨૦૦/ |
| ૩.શ્રી નાની વમોટી પાંજરાપોળ ટ્રસ્ટ,નાની વમોટી | રૂ. ૨,૫૪,૫૨૦/ |

| | |
|---|---|
| પાંજરાપોળ ટ્રસ્ટ,નાની વમોટી | |
| ૪.શ્રી આઈ સોનલ પાંજરાપોળ ટ્રસ્ટ,કરોડીયામોટા | રૂ. ૪,૬૪,૫૨૦/ |
| ૫. શ્રી મંજલ પાંજરાપોળ ટ્રસ્ટ,મંજલ | રૂ. ૩,૪૫,૨૪૦/ |
| ૬.શ્રી મહાવીર જીવદયા પાંજરા પોળ ટ્રસ્ટ, કનકાવતી | રૂ. ૮,૪૦,૦૦૦/ |
| | રૂ. ૩૦,૬૩,૪૮૦/- |

(૩) કઈ કઈ સંસ્થાને ચુકવવાની બાકી છે તે કેટલા સમયમાં ચુકવવામાં આવશે?

(૩) સબસીડીની રકમ ચૂકવવાની બાકી ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**રાજ્યમાં હક્કપત્રક નોંધોના નિકાલની ઝુંબેશ**

૧૨૪૪૯ **શ્રી મોહનભાઈ ધ. ઢોડિયા (મહુવા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સન ૨૦૦૪ની સાલમાં સમગ્ર રાજ્યમાં હક્કપત્રક નોંધોના નિકાલની ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ તે વાત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા તો તેના પરિણામો શું આવેલ છે?

(૨) તા. ૧-૭-૨૦૦૪ થી તા. ૩૧-૭-૨૦૦૪ દરમ્યાન રાજયવ્યાપી હક્કપત્રક નોંધ નિકાલ ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં તા. ૩૧-૫-૨૦૦૪ના રોજની સ્થિતિએ બાકી રહેલ ૧૦૨૨૫૨ નોંધો પૈકી ૯૮૪૧૮ નોંધોનો નિકાલ કરી, ૯૬.૨૫ % સિધ્ધિ હાંસલ કરવામાં આવી છે.

----------

**અમદાવાદ અને ગાંધીનગર શહેરમાં નર્મદા કેનાલનું પીવાનું પાણી આપવા બાબત**

૧૨૨૯૪ **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અમદાવાદ અને ગાંધીનગર શહેરમાં નર્મદા યોજનાની કેનાલમાં આવતા પાણી ધ્વારા પીવાનું અને વપરાશનું પાણી પુરૂ પાડવામાં આવે છે તે હકીકત સાચી છે.

(૧) હા, જી.

(૨) આ પાણી આ બંને શહેરના રહીશોને એક-બે કલાકને બદલે ચોવીસ કલાક પુરૂં પાડવા માટે સરકારે આયોજન કરેલ છે તે વાત સાચી છે, અને

(૨) ચોવીસ કલાક પાણીની વ્યવસ્થા માટે બંને શહેરોમાં આયોજન થયેલ નથી.

(૩) જો હા, તો આનો અમલ કેટલા સમયમાં થશે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**નર્મદા યોજનાનું દરિયામાં વહી જતું પાણી ઉત્તર ગુજરાતને આપવા અંગે**

૧૨૮૧૭ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) નર્મદા યોજનાનું દરિયામાં વહી જતું પાણી ઉત્તર ગુજરાતમાં લઈ જવા સુજલામ્

(૧) નર્મદા યોજનાનું દરિયામાં વહી જતું પાણી ઉત્તર ગુજરાતમાં લઈ જવા માટે સુજલામ્

| | |
|---|---|
| સુફલામ્ યોજના અન્વયે તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં કુલ્લે કેટલું ખર્ચ થયું, | સુફલામ્ યોજના અન્વયે તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં જળસંપત્તિ વિભાગનો રૂા. ૫૨૪.૦૧ કરોડનો, પાણી પુરવઠા વિભાગનો રૂા. ૨૪૫.૦૦ કરોડ તથા કૃષિ વિભાગનો રૂા. ૫૦.૦૦ કરોડ એમ કુલ રૂા. ૮૧૯.૦૧ કરોડના કામો કરેલ છે. |
| (૨) પાઈપ લાઈન અને કેનાલના પૂરા થયેલ કામો પછી સિંચાઈ માટે પાણીનો કેટલો જથ્થો તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં પહોંચાડવામાં આવ્યો, અને | (૨) ૧૭૫ કયુસેકસ પ્રમાણે પાણીનું વહન કરવામાં આવે છે. |
| (૩) આયોજન પંચ દવારા આ સુજલામ્ સુફલામ્ યોજનાને કઈ તારીખે મંજુરી આપવામાં આવી ? | (૩) કેન્દ્ર સરકાર આયોજન પંચના પરામર્શમાં રાજ્યની યોજનાનું કદ નકકી કરાવેલ છે. જેમાં સુજલામ્ સુફલામ્ યોજનાનો વર્ષ ૨૦૦૪-૦૫ (સુધારેલ અંદાજપત્ર) માં સમાવેશ કરેલ છે. |

----------

## ભરુચ જિલ્લામાં નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવા અંગે

૧૨૦૯૮ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) નિયંત્રીત સત્તા પ્રકાર હેઠળની નવી શરતની જમીન જુની શરતમાં તબદીલ કરવાની કેટલી અરજીઓ ૩૧-૧૨-૦૪ સુધીમાં છેલ્લા એક વર્ષમાં ભરુચ જિલ્લામાં તાલુકાવાર મળી, અને

(૨) આવેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓનો નિકાલ થયો અને બાકી રહેતી અરજીઓનો નિકાલ કયારે થશે ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| જંબુસર | ૩૨૦ |
| આમોદ | ૦૯૧ |
| વાગરા | ૧૧૨ |
| ભરુચ | ૧૯૩ |
| અંકલેશ્વર | ૦૦ |
| હાંસોટ | ૦૦ |
| જગડીયા | ૦૦ |
| વાલીયા | ૦૦ |
| કુલ | ૭૧૬ |

(૨) તમામ,
પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

## સરકારી જમીનો ગ્રાન્ટ કરવામાં નડતો બાનમુક્તિનો પ્રશ્ન

૧૧૯૨૧ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારી જમીનો ગ્રાન્ટ કરવામાં બાનમુક્તિનો પ્રશ્ન છે તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો, હા તો તે નિવારવા સરકાર શું પગલાં લેવા માંગે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## ભરૂચ જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો બંધ કરવા અંગે

૧૨૫૭૫ **શ્રી છોટુભાઈ અ. વસાવા (ઝગડિયા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જીલ્લાના કયા કયા ગામોમાં પંડિતદીન દયાલ વ્યાજબી ભાવની દુકાનો બંધ કરવામાં આવી,

**જવાબ**

(૧) નીચે મુજબના ગામોમાં વાજબી ભાવની દુકાનો ગેરરીતિ અથવા રાજીનામાના કારણે બંધ થયેલ છે.

(૧) સુણેવકલ્લા
(૨) ભાદી
(૩) ઈલાવ
(૪) પારખેત

(૫) પાજરોલી
(૬) સરભાણ
(૭) ભોટનગર
(૮) નવીનગરી
(૯) કાવા
(૧૦) શામલોદ
(૧૧) પાનોલી
(૧૨) કરમાડ
(૧૩) થવા
(૧૪) ઘોડા
(૧૫) આસરમા

| | |
|---|---|
| (૨) બંધ કરવાના શા કારણો છે, અને | (૨) ગેરરીતિ અથવા રાજીનામાના કારણે બંધ થયેલ છે. |
| (૩) સરકાર નવી વ્યાજબી ભાવની દુકાનો કયા કયા ગામમાં શરુ કરવા માંગે છે અને કેટલા સમયમાં? | (૩) ભરુચ જિલ્લામાં ૧૩૫ ગામોમાં વાજબી ભાવની દુકાનો ખોલવા જાહેરાત આપવામાં આવેલ છે. અને આ દુકાનો સત્વરે શરૂ કરવામાં આવશે. |

----------

## સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનો પરથી આપવામાં આવતી ખાદ્ય સામગ્રી

૧૧૯૭૭ **શ્રી સિધ્ધાર્થ મા. પરમાર (રાજકોટ ગ્રામ્ય) માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સરકાર માન્ય વ્યાજબી ભાવની દુકાનોમાંથી ગરીબ વર્ગના લોકોને તા. ૧-૧-૨૦૦૩ થી તા. ૩૧-૧૨-૦૪ સુધી કઇ કઇ ખાદ્ય સામગ્રી આપવામાં આવતી હતી, અને | (૧) ઘઉં<br>ચોખા<br>ખાદ્યતેલ<br>લેવી ખાંડ |
| (૨) હાલ રેશનીંગ કાર્ડ ઉપર કઇ કઇ ખાદ્ય સામગ્રી આપવામાં આવે છે? | (૨) ઘઉં<br>ચોખા<br>લેવી ખાંડ |

------------

## માછીમારોના દરિયાઇ તોફાનમાં આકસ્મિક મૃત્યુ થયા પછી સહાય

૧૧૦૧૦ **ડૉ.કનુભાઇ કળસરિયા (મહુવા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) માછીમારોના દરિયાઇ તોફાનમાં આકસ્મિક મૃત્યુ થયા ત્યારે તેના પરિવારને સહાય આપવા અંગેની કોઇ યોજના અમલમાં છે, કે કેમ, અને | (૧) હા. |
| (૨) જો હા, તો આ યોજનામાં તેઓના પરિવારને કેટલી સહાય આપવામાં આવે છે? | (૨) રૂા. ૫૦,૦૦૦/- |

----------------

## રાજ્યના નવા જિલ્લાઓમાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમો

૧૨૧૨૨ **શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર (પશ્ચિમ): માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના નવા જિલ્લામાં ગ્રાહકોને સ્થાનીક રીતે ન્યાય મળી રહે તે માટે સરકારે કોઇ વિચારણા કરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગત શી છે? | (૨) વિગત નીચે મુજબ છે.<br>(અ) નવ રચિત જિલ્લાઓના મૂળ જિલ્લામાં કાર્યરત ગ્રાહક તકરાર નિવારણ ફોરમો મહિનામાં |

અમુક ચોક્કસ દિવસોએ સ્થાનિક રીતે કેસો ચલાવે તેવું આયોજન કરેલ છે.
(બ) જે જિલ્લામાં પડતર કેસોનું પ્રમાણ વધારે છે તેવા નવા જિલ્લાઓ પૈકીના જિલ્લાઓમાં જિલ્લા ફોરમ સ્થાપવાનું આયોજન કરેલ છે.

------------

**ગણોત ધારા હેઠળ ગ્રાન્ટ થયેલ જમીનો જૂની શરતમાં ફેરવવા અંગે**

૧૨૪૯૨ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| ગણોતધારા હેઠળ ગ્રાન્ટ થયેલ જમીનોની કબજા હક્કની રકમ ખેડૂતોએ નિયત સમયમર્યાદામાં ભરપાઇ કરી નમૂના નં. ૯ (૩૨-એમ) નું પ્રમાણપત્ર મેળવેલ ન હોઇ, પ્રતિબંધિત સત્તા પ્રકારની જમીનો બિનખેતીના હેતુ માટે જૂની શરતમાં ફેરવવામાં આવતી નથી. અને શરતભંગની કાર્યવાહી કરવામાં આવે છે તો સરકાર કબજા હક્કની રકમ ખેડૂતો પાસેથી સ્વીકારવા માટે કોઇ મુદત વધારી, તેઓને પ્રતિબંધિત સત્તા પ્રકારમાંથી જૂની શરતમાં ફેરવી આપવા વિચારે છે કે કેમ ? | ના, જી. |

-----------

**અમદાવાદ શહેરમાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં પડતર કેસો**

૧૨૭૧૫ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં કેટલા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ છે, | (૧) એક ફોરમ કાર્યરત છે. |
| (૨) અમદાવાદ ગ્રાહક તકરાર નિવારણ ફોરમોમાં ડીસેમ્બર, ૦૪ની સ્થિતિએ ત્રણ વર્ષથી બાકી હોય તેવા કેટલા કેસો છે, અને | (૨) ૧૦૭૭. |
| (૩) પડતર કેસો અંગે સરકાર તરફથી મોનીટરીંગ કોણ કરે છે? | (૩) રાજ્ય કમિશન. |

------------

**અમદાવાદ જિલ્લામાં જમીન બીનખેતી કરવાનાં કેસો**

૧૨૭૨૧ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ શહેર તથા જિલ્લામાં તા. ૧-૧-૦૩ થી ૩૧-૧૨-૦૪ સુધીમાં મકાનો બાંધવા કેટલા કેસોમાં જમીનને બીનખેતી કરવાની પરવાનગી આપવામાં આવી છે, | (૧) ૪૭૪ મંજૂર. |
| (૨) કેટલા કેસો નામંજૂર થયા છે, અને | (૨) ૧૦૫ નામંજૂર. |
| (૩) કેટલા કેસો પેન્ડીંગ છે ? | (૩) ૭૩ પેન્ડીંગ. |

------------

## રાજ્યમાં ૭/૧૨ અને ૮- અનું કોમ્પ્યુટરાઇઝેશન

૧૧૮૯૯ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સમગ્ર રાજ્યમાં ગા.ન. નં. ૮-અ તથા ૭/૧૨નું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા જી, રાજ્યના ૩૧ ગામોને બાદ કરતાં. |
| (૨) જો ના, તો ક્યા જિલ્લાનું બાકી છે, અને | (૨) અમદાવાદ, કચ્છ, આણંદ, સુરત અને પોરબંદરના ગામો બાકી છે. |
| (૩) ક્યાં સુધીમાં આ કામગીરી સરકાર પૂરી કરવા માંગે છે ? | (૩) વહીવટી કારણોનો નિકાલ થયે સત્વરે થશે. |

------------

## મહેસાણા જિલ્લામાં નવી જૂની શરતની જમીનો

૧૧૮૯૨ **શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા (શહેર કોટડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં નવી શરતની જમીનોને જૂની શરતમાં ફેરવવાના કેટલા કેસો પડતર હતા, અને | (૧) ૨૨૬. |
| (૨) પડતર રહેવાના સામાન્ય કારણો શું છે ? | (૨) ખાતેદારો દ્વારા ૬૦ પટની રકમ નહિ ભરવાના કારણે તથા પૂર્તતા પર પડતર રહેવા પામેલ છે. |

------------

## સુરત જિલ્લામાં નવા રેશનકાર્ડ

૧૩૦૫૧ **શ્રી પરેશભાઈ ગો. વસાવા (નિઝર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ રાજ્યમાં ગરીબી રેખાથી નીચે જીવતાં કુટુંબોને નવા કાર્ડ આપવાની જાહેરાત અન્વયે છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલા નવા રેશનકાર્ડ આપવામાં આવ્યા, | (૧) સુરત જિલ્લામાં તાલુકાવાર કુલ ૫૫૦૮ નવા રેશનકાર્ડ આપવામાં આવ્યા (તાલુકાવાર રેશનકાર્ડની માહિતીનું પત્રક સામેલ છે.) |
| (૨)હજુ સુધી આવા કાર્ડ કેટલાં તાલુકાઓમાં આપવાના બાકી છે, | (૨) આવા કાર્ડ કોઇ તાલુકામાં આપવાના બાકીમાં નથી. |
| (૩)આવા કાર્ડ ન આપવાના કારણો શાં છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪)કાર્ડ કેટલા સમયમાં આપવાનું આયોજન છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### પત્રક

### તા. ૩૧-૧-૦૫ સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં (ફેબ્રુઆરી-૦૪ થી જાન્યુઆરી-૦૫) આપેલ બી.પી.એલ. કાર્ડની માહિતી

| ક્રમ | તાલુકા/ઝોનલનું નામ | કુલ |
|---|---|---|
| ૧ | ઉમરપાડા | ૫૮૮ |
| ૨ | માંગરોળ | ૫૨૫ |
| ૩ | માંડવી | ૨૧૨ |
| ૪ | બારડોલી | ૪૭ |
| ૫ | મહુવા | ૪૯૪ |
| ૬ | વાલોડ | ૧૮૯ |

| | | |
|---|---|---|
| ૭ | વ્યારા | ૫૧૮ |
| ૮ | સોનગઢ | ૧૪ |
| ૯ | ઉચ્છલ | ૨૨૮૪ |
| ૧૦ | નિઝર | ૩૪૪ |
| ૧૧ | ચોર્યાસી | ૪૫ |
| ૧૨ | પલસાણા | ૬૯ |
| ૧૩ | ઓલપાડ | ૧૨૦ |
| ૧૪ | કામરેજ | ૧૧ |
| ૧૫ | ચોકઝોન | ૦ |
| ૧૬ | નાનપુરા ઝોન | ૦ |
| ૧૭ | ઉધના ઝોન | ૦ |
| ૧૮ | રાંદેર ઝોન | ૪૭ |
| ૧૯ | વરાછા ઝોન | ૧ |
| ૨૦ | કતારગામ ઝોન | |
| | કુલ :- | ૫૫૦૮ |

------------

**નવી-જૂની શરતમાં ભૂમિદાનમાં આપેલ જમીનનો સમાવેશ**

૧૨૯૭૫ **શ્રી કનુભાઇ મે. ભાલાળા (વિસાવદર ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવાની જોગવાઇઓમાં ભૂમિદાનમાં આપેલ જમીનનો સમાવેશ થયેલ છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો ના, તો સરકાર સમાવેશ કરવા માંગે છે? | (૨) બાબત વિચારણા હેઠળ છે. |

------------

**જામનગર જિલ્લાની નદી અને તળાવોમાં નર્મદાનું પાણી**

૧૧૧૨૭ **શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નર્મદા યોજના આધારિત જામનગર જિલ્લામાં તળાવો ભરવાનું તથા નદીઓમાં પાણી વહેવડાવવાનું આયોજન થયેલ છે, | (૧) હા |
| (૨) જો હા, તો જિલ્લાના કયા તળાવો ભરવામાં આવશે તથા કઈ કઈ નદીઓમાં પાણી વહેવડાવવામાં આવશે, અને | (૨) તળાવો (જળાશયો) અને નદીઓની યાદી એનેક્ષર ૧ પર સામેલ છે. |
| (૩) આ યોજના કેટલા સમયમાં સાકાર થશે ? | (૩) ૨૦૦૯ સુધીમાં. |

**સૌરાષ્ટ્રમાં નર્મદાના પૂરના વધારાના ૧ મીલીયન એકર ફૂટ પાણી ભરી શકાય તેવા જામનગર જિલ્લાના જળાશયો/નદીઓની યાદી**

**એનેક્ષર--૧**

| **મચ્છુ-૨ થી ફૂલઝર-૨ લીંક કેનાલ** | |
|---|---|
| **નદીઓ** | **જળાશયો** |
| (૧) ડેમી-૩ | (૧) ડેમી |
| (૨) આજી-૪ | (૨) આજી |
| (૩) ઉન્ડ-૨ | (૩) ઉન્ડ |
| (૪) કંકાવટી | (૪) ફૂલઝર |

| | |
|---|---|
| (૫) ઉન્ડ-૧ | (૫) કંકાવટી |
| (૬) વીજરખી | (૬) જગેડી |
| (૭) સપડા | (૭) રૂપારેલ |
| (૮) રંગમતી | (૮) સપડા |
| (૯) સસોઈ | (૯) સુવેડા |
| (૧૦) પુના | (૧૦) નાગમતી |
| (૧૧) ફૂલઝર-૨ | (૧૧) રંગમતી |
| (૧૨) રૂપારેલ | (૧૨) સસોઈ |
| (૧૩) રણજીતસાગર | (૧૩) પન્ના |
| (૧૪) બાલંભા બંધારા | |
| (૧૫) જાબુંડા બંધારા | |
| (૧૬) સરમતખારા બેરાજાબંડ | |
| (૧૭) બેડબંધારા | |
| (૧૮) જોડીયા માણામોરાબંડ | |
| (૧૯) ખીજડીયા ધુવાવ બંડ | |

----------

## કોર્ટ સ્ટેમ્પ ફીના વધારાથી થયેલ આવક

૧૨૨૮૫ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

રાજ્ય સરકારે કોર્ટ સ્ટેમ્પ ફીમાં વધારો કર્યા પછી છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ સરકારને કેટલી વધારાની આવક થઈ ?

**જવાબ**

રૂા. ૧૦,૨૬,૦૮,૮૩૬/-

----------

## ૭/૧૨ ના ઉતારા આપવાના તલાટી કમ મંત્રીના અધિકારો પરત લેવા અંગે

૧૦૮૧૭ **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે મહેસુલ હસ્તકનું કોમ્પ્યુટરાઈઝેશન કર્યા બાદ ૭/૧૨ના ઉતારા આપવાના તલાટી-કમ-મંત્રીના અધિકારો પરત લીધેલ છે તે વાત સાચી છે, અને

(૨) આ અધિકારો કોને સુપ્રત કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) ના જી, રાજ્ય સરકારે મહેસુલ હસ્તકનાં રેકર્ડનું કોમ્પ્યુટરાઈઝેશન કર્યા બાદ ફક્ત કોમ્પ્યુટરાઈઝડ નકલને માન્ય ગણવા હુકમો કરેલ છે.

(૨) તાલુકા-કક્ષાએ ઈ-ધરા કેન્દ્રમાંથી કોમ્પ્યુટરાઈઝડ નકલો આપવાના અધિકારો નાયબ મામલતદારશ્રીને સુપ્રત કરવામાં આવ્યા છે.

----------

## વેરાવળ તાલુકામાં ઘરથાળના પ્લોટની ફાળવણી અંગે

૧૨૯૦૬ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના વેરાવળના તળપદના સ.નં. ૭૪-૭૪ તથા ૭૭ માંથી રહેણાંકના હેતુસર ૧૪૯ માંગણીદારોને ૫૦ ચો.મી. જમીનના પ્લોટની ફાળવણીના હુકમો કલેક્ટરે ઓકટો.-૯૪ માં કર્યાના દસ વર્ષ જેટલો સમયગાળો પસાર થયો હોવા છતાં

**જવાબ**

(૧) સ.નં. ૭૩-૭૪ તથા ૭૭ અન્વયે તા. ૮-૧૨-૯૮ ના રોજ કબજો સોંપવામાં આવેલ છે.

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તથા હજુ સુધી બધી શરતો પૂર્ણ કરી હોવા છતાં લાભાર્થીઓને પ્લોટના કબજા મળ્યા નથી તે સરકાર જાણે છે, | |
| (૨) જો હા, તો તેના કારણો શું છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |
| (૩) આ લાભાર્થીઓને ક્યાં સુધીમાં પ્લોટના કબજા મળશે ? | (૩) પ્લોટ કબજો સોંપેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**કડાણા તાલુકામાં અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થીઓને અનાજનું વિતરણ**

૧૩૦૦૧ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ): માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)પંચમહાલ જિલ્લાના કડાણા તાલુકામાં પ્રાથમિક માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની કેટલી વિદ્યાર્થીઓને સન ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ના વર્ષમાં ડિસેમ્બર ૨૦૦૪ ની સ્થિતિએ અનાજનું વિતરણ કરવામાં આવેલ છે, | (૧) પંચમહાલ જિલ્લાના કડાણા તાલુકામાં પ્રાથમિક માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની ૯૪ વિદ્યાર્થીનીઓને સને ૨૦૦૩-૦૪ માં ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ અનાજનું વિતરણ કરવામાં આવેલ છે. જ્યારે ૨૦૦૪-૦૫ના વર્ષમાં વિદ્યાર્થીનીઓને અનાજ વિતરણ કરવાની પ્રક્રિયા ચાલુ છે. |
| (૨) જો ના, તો કયા કારણોસર નથી કરવામાં આવતું, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |
| (૩) કયાં સુધીમાં વિતરણ કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |

----------

**અમદાવાદ જિલ્લામાં નવી જૂની શરતની જમીનની દરખાસ્તો**

૧૧૯૨૬ **શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં સન ૨૦૦૪ના વર્ષમાં જમીન જૂની શરતમાં ફેરવવાની કેટલી દરખાસ્તો આવી, અને | (૧) ૧૬૦૩૩ |
| (૨) તેમાંથી કેટલી મંજૂર કરવામાં આવી અને હવે કેટલી દરખાસ્તો પેન્ડીંગ છે ? | (૨) ૨૨૪૯ : મંજૂર<br>૧૩૭૮૪ : પેન્ડીંગ |

----------

**મહેસુલ વિભાગમાં વિવાદ અંગેના પડતર કેસો**

૧૨૨૯૮ **શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ મહેસૂલ સિચિવશ્રી (વિવાદ)માં કઈ સાલથી અને કેટલા કેસો પેન્ડીંગ છે, | (૧) ૧૯૯૦ ની સાલથી કુલ ૮૬૨૩ કેસો પેન્ડીંગ છે. |
| (૨) હાલમાં કઈ સાલના કેસો બોર્ડ પર ચાલે છે, અને | (૨) ૧૯૯૯ સુધીના કેસો. |
| (૩) પેન્ડીંગ કેસોનો ઝડપથી નિકાલ થાય તે માટે સરકાર શું કરવા માંગે છે ? | (૩) સત્વરે નિકાલ થાય તે મુજબ કાર્યવાહી કરવામાં આવશે. |

----------

**જિલ્લા પુરવઠા અધિકારી કચેરીઓ દ્વારા સસ્તા ભાવની દુકાનો અને પેટ્રોલપંપોની તપાસ**

૧૨૧૨૧ **શ્રી રણછોડભાઈ ચ. ફળદુ(કાલાવડ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જિલ્લા પુરવઠા અધિકારી કચેરીઓ દ્વારા વ્યાજબી ભાવની દુકાનોની અને પેટ્રોલ/ડીઝલ પંપોની છેલ્લા એક વર્ષ (તા. ૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ) દરમ્યાન કેટલી તપાસ કરવામાં આવી, | (૧) તપાસણી<br>વ્યાજબી ભાવની દુકાનો ૧૯૩૬૪<br>પેટ્રોલપંપો ૧૨૫૩ |

અને

(૨) જવાબદારો સામે શું પગલાં લેવામાં આવ્યા છે ?

(૨) **વ્યાજબી ભાવની દુકાનો સાથે :-**

(ક) રૂ.૨૬,૮૫,૧૯૪/-કિંમતનો જથ્થો કબજે લીધો તે પૈકી
(ખ) રૂ. ૧૦,૩૩,૧૭૧/-ની કિંમતનો જથ્થો રાજ્યસાત
(ગ) રૂ.૨૭,૦૬,૩૭૫/- પરવાના અનામત રાજ્યસાત
(ઘ) ૧૮૯ પરવાના મોકૂફ
(ચ) ૮૪ પરવાના રદ
(છ) ૫૮ કોર્ટ કેસ.
(જ) ૧૪ કેસમાં અટકાયત

**પેટ્રોલ પંપો સામે :-**

(ક) રૂ.૯૭,૨૬,૭૯૮/-કિંમતનો જથ્થોકબજે લીધો તે પૈકી
(ખ) રૂ. ૧૬,૩૨,૨૭૨/-ની કિંમતનો જથ્થો રાજ્યસાત
(ગ) રૂ. ૧,૩૦,૮૨૧/-પરવાના અનામત રાજ્યસાત
(ઘ) ૧૫ પરવાના મોકુફ
(ચ) ૨ પરવાના રદ
(છ) ૧૭ કોર્ટ કેસ
(જ) ૧ કેસમાં અટકાયત

----------

## બનાસકાંઠા જિલ્લામાં પેટ્રોલ-ડીઝલમાં ભેળસેળ અંગે દરોડા

૧૨૭૦૯ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં સને ૨૦૦૪-૦૫ના વર્ષમાં ૩૧ મી જાન્યુઆરી, ૦૫ સુધીમાં પેટ્રોલ-ડીઝલમાં ભેળસેળ અને બીજી ગેરરીતિઓ અંગે કેટલા પેટ્રોલપંપો ઉપર દરોડા પાડવામાં આવ્યા છે,

(૨) કેટલા પેટ્રોલપંપો ગેરરીતિઓ કરતા ઝડપાયા છે, અને

(૩) આ અંગે કેવા પ્રકારનાં પગલાં લેવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) તા. ૧-૧-૦૪ થી ૩૧-૧-૦૫ સુધીમાં ૬૫ પેટ્રોલ પંપો પર કુલ ૯૫ દરોડા પાડવામાં આવ્યા.

(૨) ૯ (નવ)

(૩) **લીધેલ પગલાં.**

(અ) રૂ. ૨,૬૮,૬૬૮/-ની કિંમતનો પેટ્રોલ-ડીઝલનો જથ્થો કબ્જે લીધો તે પૈકી
(બ) રૂ. ૧૭,૯૩૧/-ની કિંમતનો પેટ્રોલ ડીઝલનો જથ્થો રાજ્યસાત કર્યો.
(ક) રૂ. ૭૫૦/-પરવાના અનામત રાજ્યસાત.

----------

## અબડાસા તાલુકાના બારા ગામમાં નદી પર કોઝ વે બનાવવા અંગે

૧૧૮૮૬ **શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાના મીકી ડેમમાં કે જયાં છેવાડાનું પાણી રહે છે તેવા બારા ગામમાં અવર જવર કરવા માટે એ નદીમાંથી એક માત્ર કાચો રસ્તો છે જયારે મીકી ડેમ ભરાઈ જાય છે ત્યારે આ નદીમાં પાણી ભરાઈ જાય છે જેના કારણે આ ગામ લોકોને અવર જવરમાં ખૂબ જ મુશ્કેલી પડે છે તો હાલમાં મીકી ડેમને ભૂકંપપ્રુફ બનાવવાનું કામ શરૂ થવાનાં છે ત્યારે આ ગામ પાસે નદીમાં નાળાવાળી કોઝવે બનાવવાનું કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ ?

**જવાબ**

મીટ્ટી ડેમને ભૂકંપ-પ્રુફ બનાવવાની કામગીરીમાં કોઝ-વે બનાવવા આયોજન નથી.

---------

## સાવરકુંડલા તાલુકામાં મહી પરિએજ યોજનાની ધીમી પ્રગતિ

૧૩૦૫૮ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાવરકુંડલા તાલુકાની મહી પરિએજ યોજનાની કામગીરી ખૂબજ ધીમી ગતિએ અને નબળી ચાલે છે તે વાત સાચી છે, | (૧) યોજનાના કામોમાં ચાર રેલ્વે ક્રોસીંગની મંજૂરી મોડી મળવાના કારણે કામગીરી ધીમી થયેલ અને યોજનાની કામગીરીની ગુણવત્તા બાબતે તપાસ ચાલુ છે. |
| (૨) જો હા, તો તેના માટે તા. ૩૧-૧-૦૫ સુધીમાં છેલ્લા બે વર્ષમાં વિભાગને કોઇ ફરિયાદ મળેલ છે કે કેમ, અને | (૨) હા જી, ફરિયાદો મળેલ છે. |
| (૩) ફરિયાદ મળેલ હોય તો શી કાર્યવાહી કરવામાં આવેલ છે ? | (૩) આ બાબતે તપાસ ચાલુ છે. |

------------

## ગાંધીનગર જિલ્લાને પીયજ ધરોઇ ઉદ્‌વહન પાઇપ લાઇનનો લાભ આપવા અંગે

૧૩૦૫૫ **ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં સાબરમતી નદીથી પશ્ચિમ તરફના નારદીપુર, સરઢવ, રૂપાલ, રાંધેજા, જલુંદ, કોલવડા, કોબા, ટીંટોડા વિગેરે ગામોને પીયજ ધરોઇ ઉદ્‌વહન પાઇપ લાઇનના પાણીનો લાભ આપવા સરકાર વિચારે છે કે કેમ ? | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કયા પ્રકારનું આયોજન છે, અને | (૨) પિયજ-ધરોઇ પાઇપ લાઇનમાં મુકવામાં આવેલ સ્કાવર વાલ્વ દ્વારા તળાવો ભરવામાં આવે છે. અન પાઇપ લાઇનમાં ટેપીંગ કરી ફીલ્ટ્રેશન પ્લાન્ટ દ્વારા શુધ્ધ પાણી આપવાનું આયોજન છે. |
| (૩) જો ના, તો આ વિસ્તારને સરકારે રાજ્યમાં સૌથી પ્રથમ ઓવર એક્સ્પ્લોઇટેડ ઝોન જાહેર કરેલ હોઇ, સિંચાઇ અને પીવાના પાણીના પ્રશ્નના નિકાલ માટે સરકાર શું વિચારે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------------

## રાજ્યના નવા જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમો

૧૧૯૧૮ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવા રચાયેલા જિલ્લામાં ગ્રાહકોને સ્થાનીક રીતે ન્યાય મળી રહે તે માટે સરકારે કોઇ વિચારણા કરી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શું છે, અને | (૨) વિગત નીચે મુજબ છે.<br>(અ) નવ રચિત જિલ્લાઓના મૂળ જિલ્લામાં કાર્યરત ગ્રાહક તકરાર નિવારણ ફોરમો મહિનામાં અમુક ચોક્કસ દિવસોએ સ્થાનિક રીતે કેસો ચલાવે તેવું આયોજન કરેલ છે.<br>(બ) નવ રચિત જિલ્લાઓ પૈકી જ્યાં પડતર કેસોનું પ્રમાણ વધારે છે તેવા જિલ્લાઓમાં જિલ્લા ફોરમ સ્થાપવાનું આયોજન છે. |
| (૩) જો ના, તો તેના કારણો શાં છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## મહેસાણા જિલ્લામાં નવી-જૂની શરતની જમીનો

૧૧૯૦૯ **શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા (રાજપીપળા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં નવી શરતની જમીનોને જૂની શરતમાં ફેરવવાના કેટલા કેસો પડતર હતા, અને | (૧) ૨૨૬ |
| (૨) પડતર રહેવાના કારણો શું છે? | (૨) ખાતેદારો દ્વારા ૬૦ પટની રકમ નહિ ભરવાના કારણે તથા પૂર્તતા પર પડતર રહેવા પામેલ છે. |

------------

## ભૂજ અને નખત્રાણા તાલુકામાં ડેમોમાંથી કાંપ કાઢવા અંગે

૧૩૦૧૩ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના ભૂજ અને નખત્રાણા તાલુકામાં ડીસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ જળસંપત્તિ વિભાગ હસ્તક આવેલા કયા કયા મોટા, મધ્યમ અને નાના ડેમોમાં કાંપ જમા થયો છે, | (૧) બધી જ સિંચાઇ યોજનાઓમાં કાંપ જમા થયેલ છે. |
| (૨) કાંપ જમા થવાથી પાણીની સંગ્રહશક્તિ પણ ઘટી છે તે હકીકત પણ સાચી છે, અને | (૨) હા જી. |
| (૩) જો હા, તો જમા થયેલો કાંપ ક્યાં સુધીમાં દુર કરવામાં આવશે ? | (૩) વિચારણા હેઠળ છે. |

-----------

## ગ્રાહક સુરક્ષાના કેસોનો ભરાવો

૧૧૮૯૫ **શ્રી હરજીવન હી. પટેલ (ધાનેરા) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગ્રાહક તકરાર નિવારણ કમિશન અને જિલ્લા ફોરમો હસ્તકના કેસોનો મોટી સંખ્યામાં ભરાવો થયેલ છે તે સરકાર જાણે છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેસોના ઝડપી નિકાલ માટે સરકારે શા પગલાં લીધા છે ? | (૨) કેસોના નિકાલ માટે સરકારે નીચે મુજબના પગલા લીધા છે.<br>(અ) જે જિલ્લા ફોરમોમાં કેસોનું પ્રમાણ વધુ હોય, તેના નજીકના જિલ્લાના ફોરમને કાયદાની જોગવાઇ મુજબ કમિશન દ્વારા કેસો ટ્રાન્સફર કરવામાં આવેલ છે.<br>(બ) પ્રમુખ/મેમ્બરની જગ્યાઓ ખાલી ન રહેતેની તકેદારી રાખવામાં આવેલ છે.<br>(ક) રાજ્ય કમિશન માટે વધારાની સરકીટ બેંચની રચના કરવાનું આયોજન કરેલ છે.<br>(ડ) રાજ્યના મોટા શહેરોમાં વધારાના ફોરમ સ્થાપવા આયોજન કરેલ છે.<br>(ઇ) નવરચિત જિલ્લાઓ પૈકી જ્યાં પડતર કેસોનું પ્રમાણ વધારે છે, તેવા જિલ્લાઓમાં જિલ્લા ફોરમ રચવાનું આયોજન કરેલ છે. |

-----------

**ગ્રામ્ય વિસ્તારોના ખેડૂતોને ૭/૧૨ અને ૮-અ ના પ્રમાણપત્રો આપવા અંગે**

૧૨૮૧૩ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગ્રામ્ય વિસ્તારમાં ખેડૂતોને ૭/૧૨ અને ૮-અ જેવા જરૂરી પ્રમાણપત્રો તલાટી દ્વારા ગામમાંજ મળી રહે તેવો કોઈ નિર્ણય સરકારે કરેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) આ નિર્ણય પહેલાની જેમ વિના મુલ્યે આપવાનો થયેલ છે, અને | (૨) ના, જી. |
| (૩) આ નિર્ણયનો અમલ કરવામાં તલાટી-મંત્રીઓ દ્વારા અવરોધ થયો છે કે કેમ ? | (૩) આ નિર્ણયનો અમલ કરવામાં તલાટીઓ દ્વારા અગાઉ અવરોધ થયેલ હતો, પરંતુ ત્યારબાદ તલાટી મહામંડળ દ્વારા કરવામાં આવેલ વિરોધ પાછો ખેંચી લઈ કામગીરી શરૂ કરેલ છે. |

----------

**અમદાવાદ શહેરમાં અનાજ અને કેરોસીનનું વિતરણ**

૧૧૮૭૬ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧-૧-૨૦૦૪ થી ૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં અમદાવાદ શહેરમાં કેટલા ઘઉં, ચોખા અને કેરોસીનનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) થયેલ વિતરણ (કિવન્ટલમાં)<br>(i) ઘઉ-૨૦૨,૩૦૯<br>(ii) ચોખા-૪૭,૯૫૦<br>(iii) કેરોસીન-૮૩,૫૮૦ (કી.લી.) |
| (૨) પ્રજાજનોને ઘઉં, ચોખા અને કેરોસીન પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટે સરકાર દ્વારા શું આયોજન કરવામાં આવ્યું છે ? | (૨)<br>૧. દરમાસે તા. ૧ થી ૧૦ સુધીમાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળના અનાજનો ગોડાઉનમાંથી ઉપાડ કરવો.<br>૨. ગોડાઉનમાંથી ઈસ્યુ થયેલ જથ્થો દુકાન ઉપર પહોંચ્યાની ખરાઈ.<br>૩. તા. ૧ થી ૧૦ સુધીમાં કેરોસીનના જથ્થાનો ૬૦ ટકા ફરજીયાત ઉપાડ<br>૪. તા. ૧૧ થી ૨૧ સુધીમાં ૧૦૦ ટકા કેરોસીનનો ફરજીયાત ઉપાડ<br>૫. પાત્ર કાર્ડધારકોને નિયિમત રીતે સરળતાથી પૂરતું કેરોસીન ઉપલબ્ધ થઈ શકે તે માટે સતત દેખરેખ અને તકેદારી કાર્યાન્વિત રાખવામાં આવી છે તેમજ ગેસ જોડાણ ધરાવતા રેશનકાર્ડો ઉપર ગેસ જોડાણ હોવાનું સ્ટેમ્પીંગ પૂરેપુરૂં કરાવવાનું આયોજન કરેલ છે અને વધુ ફાળવણી મળવા અંગે કેન્દ્ર સરકારશ્રીને અનુરોધ કરવામાં આવેલ છે. |

**ગ્રાહક તકરાર નિવારણ પંચમાં અમરેલી જિલ્લાના પ્રતિનિધિ**

૧૧૭૭૫ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગ્રાહક તકરાર નિવારણ પંચમાં અમરેલી જિલ્લામાં પ્રતિનિધિઓની નિમણૂંક કેટલા સમયથી કરવાની બાકી છે, અને | (૧) એક પ્રતિનિધિની ત્રણ વર્ષથી. |
| (૨) જિલ્લામાં પ્રતિનિધિઓની નિમણૂંક ક્યારે કરવામાં આવશે ? | (૨) સત્વરે. |

**શહેરા અને લુણાવાડા તાલુકામાં બી.પી.એલ. અને એ.પી.એલ. કાર્ડ ધારકો**

૧૩૧૬૧ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ શહેરા અને લુણાવાડા તાલુકામાં કુલ કેટલા એ.પી.એલ. અને બી.પી.એલ.ના કાર્ડ ગ્રાહકો છે,

(૨) તે પૈકી કેટલા અરજદારોની બી.પી.એલ. કાર્ડની માંગણીઓ આવેલ છે, અને

(૩) જેઓ ગરીબી રેખા નીચે જીવે છે તેમને એ.પી.એલ. કાર્ડ છે, તો તેઓને બી.પી.એલ. કાર્ડ માટે ક્યારે માંગણીઓ મંજૂર કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) ૩૧-૧-૦૫ ની સ્થિતિએ કાર્ડની સંખ્યા

| તાલુકા | એ.પી.એલ. | બી.પી.એલ. |
|---|---|---|
| શહેરા | ૨૩૦૮૫ | ૧૯૫૯૪ |
| લુણાવાડા | ૨૮૪૯૩ | ૧૭૭૪૭ |

(૨) કોઈપણ માંગણીઓ મળેલ નથી.

(૩) તા. ૨૯-૯-૦૨ના ઠરાવ મુજબ જે કુટુંબોને અગાઉ બીપીએલ રેશનકાર્ડ ધારણ કરતા હતા તેવા કુટુંબોને અરજી કર્યેથી બીપીએલ કાર્ડ આપવામાં આવેલ છે દરમ્યાન ભારત સરકાર તરફથી ગ્રામ વિકાસ વિભાગ/શહેરી વિકાસ વિભાગ મારફતે નવેસરથી બીપીએલ યાદી આખરી થાય તે પછી નવા કાર્ડ આપવામાં આવશે.

--------

**પેટ્રોલ/ડીઝલમાં ભેળસેળ નિવારવા પગલાં**

૧૧૯૦૨ **શ્રી દીનુભાઈ બો. સોલંકી (કોડીનાર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

રાજ્યમાં પેટ્રોલ/ડિઝલમાં ભેળસેળ નિવારવા સરકાર દ્વારા લીધેલ પગલા તથા લેવા ધારેલ પગલા શા છે?

**જવાબ**

(અ) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૨૭૮૦ પંપોની તપાસણી કરી જેમાં ભેળસેળ સંદર્ભે ૩૭ કેસોમાં નમુના ધોરણસર ન જણાતા.

-૧૯ પરવાના મોકુફ રાખ્યા

-૬ પરવાના રદ કર્યા

-૧૯ કેસમાં અટકાયતના પગલાં લીધા.

-૮ કેસમાં અટકાયતના પગલાં લીધા.

(બ) પેટ્રોલ/ડીઝલમાં ભેળસેળ નિવારવા પેટ્રોલ પંપોની નિયમિત આકસ્મિક અને ઝુંબેશ સ્વરૂપે સઘન તપાસણીઓ કરાવવામાં આવશે. અને તેમાં દોષિત જણાયેથી કાયદાનુસાર પગલાં લેવામાં આવશે.

----------

**સાવલી તાલુકામાં નર્મદા કેનાલ નીચે આડબંધ બાંધવા અંગે**

૯૧૭૧ **શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ (સાવલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં નર્મદાની કેનાલ નીચે આવતી નદીઓ અને કોતરોમાં પાણી ભરવા માટે સરકારે આડબંધ બાંધવા માટે આયોજન કરેલ છે કે કેમ,

(૨) જો હા, તો તા. ૩૧/૧/૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કઈ કઈ જગ્યાએ આવા આર. સી. સી. આડબંધો બાંધવા માટે સર્વે કરવામાં આવેલ છે, અને

(૩) કેટલા સમયમાં આ કામો ચાલુ કરવામાં આવશે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા.૩૧/૧/૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાવલી તાલુકાના (૧) પરચમપુરા (૨) છાલીયેરા (૩) શિહોરા અને (૪) પાન્દુ જગ્યાઓએ સર્વેક્ષણ કરવામાં આવેલ છે.

(૩) પૂરતી બજેટ જોગવાઈ કરી કામો હાથ ધરવામાં આવશે.

## સરકારી જમીનો ગ્રાન્ટ કરવામાં નડતો બાનમુકિતનો પ્રશ્ન

૧૧૯૧૩ **શ્રી બિમલ શાહ (કપડવંજ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારી જમીનો ગ્રાન્ટ કરવામાં બાનમુકતિનો પ્રશ્ન આડે આવે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો, હા તો તે અંગે સરકાર શું પગલાં લેવા માંગે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## વલસાડ તાલુકામાં ખેડૂતોને સિંચાઈ માટે પાણી

૧૨૪૯૧ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના વલસાડ તાલુકાના ૧૮ ગામોમાં ઉકાઈ ડાબાકાંઠા ૧૭ અને ૧૮ નંબરના બ્લોક દ્વારા પાણી આપવામાં આવતું હતું પરંતુ હાલે નહેર સફાઈ ન કરવાથી છેલ્લા ૨ વર્ષથી ખેડૂતોને પાણી મળતું નથી તે સરકાર જાણે છે કે કેમ, અને | (૧) વલસાડ જિલ્લાના વલસાડ તાલુકાના ૧૮ ગામોમાં ઉકાઈ ડાબાકાંઠા ૧૭ અને ૧૮ નંબરના બ્લોક દ્વારા પાણી આપવામાં આવતું હતું. તેમાંથી ૧૩ ગામોને પાણી આપવામાં આવે છે. જ્યારે બાકીના ગામોને પાણી મળતું નથી. તે સરકાર જાણે છે. |
| (૨) આ વિભાગમાં પાણી સિંચાઈ માટે આપવા શી વ્યવસ્થા થઈ છે ? | (૨) પિયત વિસ્તારમાં આવેલ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળીના સહયોગથી ૮૦ : ૨૦ ના ધોરણે કામો હાથ ધરી સિંચાઈ વ્યવસ્થા કરવાનું આયોજન છે. તદુપરાંત હાલ પ્રગતિ હેઠળની સિંચાઈ ઉદ્‌વહન સિંચાઈ યોજનાથી બ્લોક નં. ૧૮ હેઠળના બાકીનાં ગામોને સિંચાઈનો લાભ આપવાનું પણ આયોજન છે. |

-------------

## જાહેર દસ્તાવેજોની નકલ મેળવવા સંબંધે જામનગર કલેકટર સામે ફરિયાદ

૧૩૦૪૮ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાહેર દસ્તાવેજી કાગળો (પબ્લીક ડોક્યુમેન્ટ)ની પ્રમાણિત નકલો મળવા માટેની નકલ ફી પેટે માંગણીદારો તરફથી ડીપોઝીટની રકમો નાં મોકલવાતાં ઓર્ડરો, જામનગર કલેકટરશ્રી તરફથી અસ્વીકાર કરી દેવાના જાન્યુઆરી ૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન વર્ષ દીઠ કેટ કેટલા બનાવો બન્યા ? | (૧) એક. |
| (૨) આ રીતે નકલ ફીની ડીપોઝીટ સ્વીકારવાનો ઈન્કાર કરી દઇ માંગણીદારોને પ્રમાણિત નકલો નહિ આપીને આચરવામાં આવેલ સજાને પાત્ર કૃત્યો બદલ અગ્રસચિવશ્રી, મહેસૂલ વિભાગ તરફથી જો કાંઇ પગલાં લેવામાં આવ્યા હોય તો તેવાં પગલાંની વિગતો શું છે, અને | (૨) અને (૩)નકલો માટે મનીઓર્ડરથી ફી સ્વીકારવાની પ્રથા ન હોઈ તે પરત કરવામાં આવેલ ત્યારબાદ માંગણીદારોને દસ્તાવેજોની પ્રમાણિત નકલો આપીને કાર્યવાહી પૂર્ણ કરેલ હોઈ પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો કોઇ પગલાં ન લેવામાં આવ્યા હોય તો તેનાં શાં કારણો છે ? | |

------------

## જૂનાગઢ જિલ્લામાં ટાઇડલ રેગ્યુલેટર અને બંધારા બાંધવા અંગે

૧૩૦૬૭ **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ક્ષાર ઉપર નિયંત્રણ લાવવા સમુદ્ર કિનારા ઉપરના વિસ્તારમાં ટાઇડલ રેગ્યુલેટર તથા બંધારા બાંધવામાં આવે છે એ વાત ખરી છે. | (૧) હા, જી. |

(૨) જો હા તો જુનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ કેટલા ટાઇડલ રેગ્યુલેટર અને બંધારા કયાં ક્યાં બાંધવામાં આવેલ છે, અને હવે બીજા નવા ક્યાં ક્યાં બાંધવાનું આયોજન છે, અને

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં નીચેના પત્રક-૧માં જણાવેલા ટાઇડલ રેગ્યુલેટર અને બંધારા બાંધવામાં આવેલા છે જ્યારે પત્રક-૨ મુજબના ટાઇડલ રેગ્યુલેટર અને બંધારા બાંધવાનું આયોજન છે.

**પત્રક-૧**

| ક્રમ | યોજનાનું નામ | ગામ | તાલુકો |
|---|---|---|---|
| ટાઇડલ રેગ્યુલેટર | | | |
| ૧ | વાસોજ | વાસોજ | ઉના |
| ૨ | મૂળદ્વારકા | મૂળદ્વારકા | કોડીનાર |
| ૩ | પાંચ પીપળવા | પાંચ પીપળવા | કોડીનાર |
| ૪ | વડોદરા ઝાલા | વડોદરા ઝાલા | સૂત્રાપાડા |
| ૫ | મેઘલ | ચોરવાડ | માળીયા હાટીના |
| બંધારા | | | |
| ૦૧ | ખડા | સીમર | ઉના |
| ૦૨ | ઝાંખરવાડા | ઝાંખરવાડા | ઉના |
| ૦૩ | સોડમ | વેલણ | કોડીનાર |
| ૦૪ | બરડા | બરડા | કોડીનાર |
| ૦૫ | બાદલપુર | બાદલપુર | સૂત્રાપાડા |
| ૦૬ | લાતી | લાતી | વેરાવળ |
| ૦૭ | આદ્રી | આદ્રી | વેરાવળ |
| ૦૮ | સોમનાથ કૉઝવે | સોમનાથ | વેરાવળે |
| ૦૯ | શારદાગ્રામ | શારદાગ્રામ | માંગરોળ |
| ૧૦ | સાંગાવાડા | સાંગાવાડા | માંગરોળ |
| ૧૧ | શીલ | શીલ | માંગરોળ |
| ૧૨ | શેરીયાજ | શેરીયાજ | માંગરોળ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| ક્રમ | યોજનાનું નામ | ગામ | તાલુકો |
| ટાઇડલ રેગ્યુલેટર | | | |
| ૧ | સોમનાથ | સોમનાથ | વેરાવળ |
| ૨ | મચ્છુન્દ્રી | નવાબંદર | ઉના |
| ૩ | સૈયદરાજપરા | સૈયદરાજપરા | ઉના |

(૩) આ યોજનાથી ક્ષાર ઉપર નિયંત્રણ લાવવામાં શું પરિણામ આવ્યા ?

(૩) આ યોજનાથી જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૧૯૮૮ની સરખામણીમાં વર્ષ ૨૦૦૪ સુધીમાં ૫૧૨૨ હેકટર વિસ્તારમાં સુધારો થયેલ છે તથા ૩૩૮૦ હેકટર વિસ્તાર સુધારણા હેઠળ છે.

-----------

## ભરૂચ જિલ્લામાં જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા અંગે

૧૨૯૨૧ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવા કેટલી અરજીઓ આવેલ છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓને જૂની શરતમાં ફેરવવામાં આવે છે, અને

**જવાબ**

(૧) ૪૪૯૫૬.

(૨) ૩૬૭૨૧

| | |
|---|---|
| (૩) બાકી રહેલ અરજી અંગે શું કાર્યવાહી કરી છે? | (૩) બાકીના ૮૨૩૫ દફતરે કરેલ છે. |

------------

**રાજ્યમાં ખેત જમીન ટોચ મર્યાદા ધારા હેઠળ ફાજલ જમીન**

૧૩૧૧૬ **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તારીખ ૩૧-૧-૦૫ની સ્થિતિએ ગુજરાતમાં ખેત જમીન ટોચ મર્યાદા ધારા હેઠળ કુલ કેટલા હેકટર જમીન સરકાર પાસે ફાજલ પડી, અને | (૧) ૭૧૯૧૩ હેકટર. |
| (૨) પાછલા બે વર્ષમાં સરકારે ભૂમિહીન ખેતમજૂરોને કેટલા હેકટર જમીન વહેંચી છે? | (૨) ૧૬૫-૦૬ હેકટર. |

-----------

**જૂનાગઢ જિલ્લામાં ચેક ડેમોનું આયોજન**

૧૨૭૨૯ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં ચેકડેમ બાંધવા અંગેની સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાનો લાભ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાઇઝ કેટલા ગામોએ લીધેલ છે,

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | છેલ્લા ત્રણ વર્ષમાં લાભિત ગામોની સંખ્યા |
|---|---|
| જૂનાગઢ | ૧૮ |
| માણાવદર | ૬ |
| વંથલી | ૧૨ |
| કેશોદ | ૩૧ |
| માળીયા (હા) | ૪૩ |
| માંગરોળ | ૧૨ |
| વેરાવળ | ૨૬ |
| ભેંસાણ | ૭ |
| મેંદરડા | ૩૨ |
| વિસાવદર | ૨૫ |
| કોડીનાર | ૨૦ |
| ઉના | ૨૯ |
| તાલાલા | ૪૦ |
| સુત્રાપાડા | ૨૦ |
| કુલ. | ૩૨૧ |

| | |
|---|---|
| (૨) આ તાલુકાઓમાં કેટલા ચેકડેમ બાંધવામાં આવ્યા અને રાજ્ય સરકારને કેટલો ખર્ચ ભોગવવો પડેલ છે, અને | (૨) ૧૫૭૧ ચેકડેમો પૂર્ણ થયેલ છે થયેલ ખર્ચ રૂપિયા ૧૬૨૭.૮૪ લાખ |
| (૩) જે ગામો ૬૦:૪૦ ની નાણાકીય અગવડતાને કારણે લાભ લઇ શકેલ નથી તેવા ગામો માટે રાજ્ય સરકાર કેવા પ્રકારનું આયોજન કરવા માંગે છે ? | (૩) સમગ્ર રાજ્યમાં ૮૦:૨૦ના ધોરણે ચેકડેમો બાંધવાનો નિર્ણય સરકારે લીધેલ છે. |

------------

**બારડોલી અને માંડવી તાલુકામાં વ્યાજબી ભાવની દુકાનો**

૧૨૪૪૧ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ આદિવાસી વિસ્તારોમાં ૧૦૦ કાર્ડદીઠ સસ્તા અનાજની દુકાનની ફાળવણી કરવી એવું સરકારે નક્કી કરેલ છે એ વાત સાચી છે, | (૧) ના જી. |
| (૨) જો હા, તો સુરત જિલ્લાના બારડોલી અને માંડવી તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારોમાં કેટલી સસ્તા અનાજની દુકાનો ફાળવવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૩) બાકી રહેલી દુકાનોની ફાળવણી કેટલા સમયમાં કરવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**રાજકોટ, જામનગર, કચ્છને નર્મદા કેનાલનું પાણી આપવા બાબત**

૧૨૯૭૯ **શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા કેનાલ બંધ અન્વયે રાજકોટ, જામનગર અને કચ્છને પાણી આપવા માટે શું વ્યવસ્થા કરવામાં આવી છે, | (૧) મચ્છુ-૨ ડેમ આધારિત તાકીદની યોજના બનાવી તેને આ શહેરો માટેની બલ્ક પાઇપ લાઇન સાથે જોડાણ કરી, પાણી પુરવઠો આપવામાં આવ્યો છે. |
| (૨) આ યોજના દ્વારા પૂરતા પ્રમાણમાં પાણી મળનાર છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) નર્મદાનું પાણી આપવા માટે શી મુશ્કેલી છે? | (૩) હાલ નર્મદા કેનાલની સૌરાષ્ટ્ર શાખા તેમજ માળીયા શાખામાં લાઇનીંગનું કામ ચાલુ હોવાથી, પાણી ઉપલબ્ધ નથી. |

------------

**નેશનલ હાઇવે નં. ૮ પર આવેલ હોટલો દ્વારા ગ્રાહકોની છેતરપીંડી**

૧૨૨૩૬ **શ્રી રાકેશ રાવ (માતર) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં બારેજા ચોકડીથી પીપલગ ચોકડી વચ્ચે આવેલ નેશનલ હાઇવે નં. ૮ ઉપર આવેલ હોટલો ગ્રાહકોને ખાવા પીવાની ચીજવસ્તુઓ ઉપર છાપેલી કિંમતથી વધારે નાણાં પડાવતા હોવાની ફરીયાદ મળેલ છે, | (૧) હા, જી. |
| (૨) આ હોટલ માલીકો તેમની હોટલ બહાર ભાવ પત્રક ગ્રાહકોને દેખાય તે રીતે મૂકતા નહિ હવોની હકીકત ખરી છે, | (૨) વજનમાપ ધારાની જોગવાઈઓ અન્વયે ફક્ત સીલબંધ પેકેજો પર ચીજવસ્તુની મહત્તમ વેચાણ કિંમત દર્શાવવા બાબતે તપાસ કરવાની થાય છે. ભાવ પત્રક પ્રદર્શિત કરવાની બાબતે અત્રે લાગુ પડતી નથી. |
| (૩) જાન્યુઆરી, ૨૦૦૪ થી જાન્યુઆરી, ૨૦૦૫ ના એક વર્ષમાં વિભાગ દ્વારા કેટલીવાર ચેકીંગ કરવામાં આવ્યા, | (૩) પાંચ વખત. |
| (૪) ચેકીંગ દરમ્યાન ગેરરીતિઓ જણાયેલ છે કે કેમ, અને | (૪) હા, |
| (૫) જો જણાયેલ હોય તો વિભાગ દ્વારા શું કાર્યવાહી કરવામાં આવેલ છે ? | (૫) ૭ પ્રો. કેસ કરવામાં આવેલ છે. |

------------

**ચોટીલા અને સાયલા તાલુકામાં સર્વે નંબરોની ચકાસણી**

૧૨૯૯૫ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસૂલ અધિકારીઓએ ફેરણી દરમ્યાન સરકારી સર્વે નંબરોમાં દબાણ ચકાસણી કરવાની જોગવાઇ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ચોટીલા અને સાયલા તાલુકાના ક્યા અધિકારીઓ દ્વારા તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા સર્વે નંબરોની ચકાસણી કરવામાં આવી, અને | (૨) ચોટીલા તથા સાયલા તાલુકામાં સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ દ્વારા તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ-૫૦૦ સરકારી નંબરોની ચકાસણી કરવામાં આવેલ છે, |
| (૩) તપાસણી ન કરનાર અધિકારી સામે કયા પગલાં લેવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

પગલાં લેવામાં આવશે ?

------------

**અંત્યોદય યોજના હેઠળ ભિલોડા તાલુકામાં નિરાધાર વૃધ્ધોની સંખ્યા**

૧૩૧૧૯ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ અંત્યોદય યોજના માટે ૬૫ વર્ષથી ઉપરની ઉંમરના નિરાધાર વૃધ્ધ લાભાર્થીઓની સંખ્યા ભિલોડા તાલુકામાં કેટલી છે, | (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ અંત્યોદય યોજના માટે ૬૫ વર્ષથી ઉપરની ઉંમરના નિરાધાર વૃધ્ધ લાભાર્થીઓ સંખ્યા ભિલોડા તાલુકામાં ૧૨૪ છે. |
| (૨) આમાંથી અંત્યોદય યોજના હેઠળ કેટલા નિરાધાર વૃધ્ધોને ૨૫ કિલો અનાજ આપવામાં આવે છે, અને | (૨) ૧૨૪ નિરાધાર વૃધ્ધોને. |
| (૩) બાકીના નિરાધાર વૃધ્ધોને કયારે અનાજ આપવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**ટંકારા, પડધરી અને મોરબી તાલુકામાં લાગુ જમીનની માંગણી**

૧૨૧૦૫ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ટંકારા, પડધરી અને મોરબી તાલુકામાં લાગુ જમીન ફાળવવા માટે છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૪ સુધી કેટલા અરજદારોની માંગણી આવેલ છે,

**જવાબ**

(૧)

| તાલુકો | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| ટંકારા | ૨૦ |
| પડધરી | ૩૭ |
| મોરબી | ૩૧ |

(૨) તેમાંથી કેટલા અરજદારોની માંગણી મંજુર કરવામાં આવી અને પડતર રહેલ માંગણીઓ કયારે મંજૂર કરવામાં આવશે, અને

(૨)

| તાલુકો | મંજુર કરેલ માંગણીની સંખ્યા |
|---|---|
| ટંકારા | ૦ |
| પડધરી | ૦ |
| મોરબી | ૫ |

પડતર માંગણીઓનો નિયમાનુસાર શક્ય તેટલી ઝડપે નિકાલ કરવામાં આવશે.

(૩) કેટલી માંગણીઓ નામંજુર કરવામાં આવી અને તેના કારણો શા છે ?

(૩)

| તાલુકો | નામંજુર કરેલ માંગણીની સંખ્યા |
|---|---|
| ટંકારા | ૧૨ |
| પડધરી | ૦૮ |
| મોરબી | ૧૧ |

<u>નામંજુરના કારણો</u>

-ખેતીના હેતુ માટેની લાગુ જમીનની માંગણીઓમાં ટુકડા પ્રકારની માંગણી નહોય.

-પાત્રતા ધરાવતા ન હોય.

-માંગણીવાળી જમીનની કાર્યવાહી ન્યાયાધિન હોય,

-નગરપાલિકાની હદથી ૫ કિ.મી.ની ત્રીજ્યામાં માગણી કરેલ હોય,

-મોટા ક્ષેત્રફળમાંથી માંગણી કરેલ હોય વગેરે.

----------

**માંડવી અને સોનગઢ તાલુકામાં જૂથ પાણી પુરવઠા યોજના**

૧૨૪૬૦ **શ્રી કાંતિલાલ રે. ગામીત (સોનગઢ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ સુરત | (૧) માંડવી તાલુકામાં ૨૯ ગામોને અને |

જિલ્લાના માંડવી અને સોનગઢ તાલુકાના કેટલા ગામોને જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ આવરી લીધા છે, અને

સોનગઢ તાલુકામાં એકપણ નહીં.

(૨) હાલમાં કેટલા ગામોને નિયમીત પાણી મળે છે?

(૨) માંડવી તાલુકામાં ૫ ગામોને.

----------

## નર્મદા પાઈપ લાઈનથી સાબરકાંઠા જિલ્લાના ડેમો ભરવા અંગે

૧૩૦૫૦ **શ્રી દિલીપસિંહ વ. પરમાર (મોડાસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) નર્મદા પાઈપ લાઈનથી સાબરકાંઠા જિલ્લાના વાત્રક, માઝમ અને મેશ્વો ડેમ ભરવા સરકારે શું આયોજન કરેલ છે,

(૨) સદરહુ આયોજન હાલ કયા તબક્કે છે, અને

(૩) સદરહુ કામ કયારે શરૂ કરી અને કયારે પુરું કરવામાં આવશે ?

**જવાબ**

(૧) નર્મદા મુખ્ય નહેરની સાંકળ ૧૫૩ કી.મી. થી ૯૦ કી.મી. લાંબી પાઈપ લાઈન ધ્વારા પમ્પીંગ કરી વાત્રક, માઝમ અને મેશ્વો જળાશયો ભરવાનું આયોજન કરેલ છે.

(૨) પાઈપ લાઈનની પથરેખા મંજુર થયેલ છે, અને અંદાજો મંજુરીની પ્રક્રિયા હેઠળ છે.

(૩) અંદાજો મંજુર થયેથી કામ શરુ કરી જૂન-૨૦૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન વિચારાયેલ છે.

----------

## બ્લ્યૂ કેરોસીનનો જથ્થો વગે થતો અટકાવવા અંગે

૯૫૯૭ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

સન ૨૦૦૪માં પી. ડી. એસના બ્લ્યૂ કેરોસીનનો જથ્થો મહેસાણા અને પાટણ જિલ્લામાંથી વગે થતો અટકાવવા સરકારે શું પગલાં લીધેલ છે ?

**જવાબ**

સન ૨૦૦૪માં પી. ડી. એસના બ્લ્યૂ કેરોસીનનો જથ્થો મહેસાણા અને પાટણ જિલ્લામાંથી વગે થતો અટકાવવા પુરવઠા તંત્ર ધ્વારા નિયમિત, આકસ્મિક અને ઝુંબેશ સ્વરુપે સઘન તપાસણી કરવામાં આવે છે. નીચે મુજબ પગલાં લીધેલ છે.

| | મહેસાણા | પાટણ |
|---|---|---|
| ૧. કરેલ તપાસો | ૨૭૬ | ૩૭૯ |
| ૨. કબજે લીધેલ જથ્થાની રકમ | રૂા. ૧,૭૩,૬૮૧ | રૂા.૮૦,૮૨૦ |
| ૩. રાજ્યસાત કરેલ જથ્થાની રકમ | રૂા. ૫૮,૪૫૬ | રૂા. ૩૨,૩૪૮ |
| ૪. અનામત રાજ્યસાત | રૂા.૩૧,૨૬૧ | રૂા. ૧,૫૭,૭૮૪ |
| ૫. પરવાના મોકુફ | ૧ | ૫ |
| ૬. પરવાના રદ | ૧ | ૩ |
| ૭. કોર્ટકેસ | ૨ | ૮ |
| ૮. અટકાયત કેસ | ૧ | - |

----------

## કડી તાલુકામાં પીવાના પાણીની ચકાસણી

૧૩૦૦૪ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કડી તાલુકામાં કેટલા ટયુબવેલના પીવાના પાણીની લેબ. ચકાસણી કરવામાં આવી, | (૧) ૧૦૪ ટયુબવેલના પીવાના પાણીની લેબ. ચકાસણી કરવામાં આવી. |
| (૨) કેટલા નમુનાઓ ચકાસણી બાદ નામંજૂર થયા અને | (૨) ૯ નમુનાઓ. |
| (૩) નામંજૂર થયેલ નમૂનાવાળા ગામોને પીવાના પાણી માટે સરકારે શી વ્યવસ્થા કરી ? | (૩) નામંજૂર થયેલ નમૂનાવાળા ગામોને પીવાના પાણી માટે સરકારે નર્મદા કેનાલ આધારિત એમ-૧ ભાગ-૧ જુથ પાણી પુરવઠા યોજનામાં સમાવેશ કરી પાણી પુરવઠો આપવાનું આયોજન કરેલ છે. |

----------

## મહેસૂલ વિભાગના ઠરાવો/પરિપત્રોનું સંકલન

૧૧૮૯૧ **શ્રીમતી રમીલાબેન બે. બારા (ખેડબ્રહ્મા)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસૂલ વિભાગે છેલ્લા બે વર્ષમાં સરકારી ઠરાવો/પરિપત્રોને સંકલન કરીને બહાર પાડયા છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલા અને કયા કયા, અને | (૨) સાત, યાદી મુજબ. |
| (૩) જો ના, તો બહાર પાડવાનું આયોજન કરેલ છે કે કેમ ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**<u>મહેસૂલ વિભાગે છેલ્લા બે વર્ષમાં સંકલિત કરીને બહાર પાડેલ ઠરાવો/પરિપત્રોની યાદી.</u>**

| અ.નં. | વિષય | ઠરાવ ક્રમાંક/તારીખ |
|---|---|---|
| ૧ | અછત-રાહત અંગેના ઠરાવો/પરિપત્રો સંબંધની પુસ્તિકા | વર્ષ ૨૦૦૨-૨૦૦૩ના અછત રાહત અંગેના ઠરાવો. |
| ૨ | સરકારી જમીનની જાળવણી કરવા તેમજ તેના પર થતું અનધિકૃત દબાણ અટકાવવા બાબત | તા. ૧૬-૧૦-૨૦૦૪નો ઠરાવ ક્રમાંકઃઅદજ-૧૦૨૦૦૨-૧૬૬૭-ભાગ-૨-લ. |
| ૩ | બીનખેતીના હેતુ માટે સરકારી પડતર જમીન આપવા બાબત | તા. ૬-૬-૨૦૦૩નો ઠરાવ ક્રમાંકઃ જમન-૩૯૨૦૦૩ - ૪૫૪-અ. |
| ૪ | ન ખેડી શકાય તેવી સરકારી પડતર જમીનોના વિકાસ માટેની રાષ્ટ્રીય યોજના ફળઝાડ અને અન્ય વૃક્ષના ઉછેર માટે આપવા ઉપરાંત કપાસ તથા અન્ય પાકોના વાવેતર માટે આપવા બાબત | તા. ૧૦-૬-૨૦૦૩નો ઠરાવ ક્રમાંક : જમન-૩૯૨૦૦૩-૪૫૪-(૨) - અ. |
| ૫ | ખેતી વિષયક હેતુ માટે સરકારી પડતર જમીનના નિકાલ બાબત. | તા. ૧-૧૧-૨૦૦૩ના ઠરાવ ક્રમાંક : જમન-૩૯૨૦૦૩ - ૪૫૪-(૧)-અ. |
| ૬ | હક્કપત્રક (રેકર્ડ ઓફ રાઈટસ) અદ્યતન રાખવા બાબત. | તા. ૧-૧૨-૨૦૦૩ના ઠરાવ ક્રમાંક : હકપ-૧૦૨૦૦૩ - ૨૭૨૭-જ. |
| ૭ | વિક્રિયાદી નિયંત્રિત (નવી અને અવિભાજય) શરતે ખેતીના હેતુ માટે ધારણ કરાતી જમીનો બાબતના સરકારી હુકમોનું સંકલન | તા. ૧૮-૧૨-૨૦૦૪ના ઠરાવ ક્રમાંક : નશજ-૧૦૨૦૦૩ - ૨૬૦૦-જ. |

----------

**સુરેન્દ્રનગરના શહેરી વિસ્તારમાં ડ્રેનેજ વ્યવસ્થા**

૧૨૦૮૫ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ ની સ્થિતિએ સુરેન્દ્રનગરના શહેરી વિસ્તારોમાં ડ્રેનેજ (ગટર)ની વ્યવસ્થા કેટલા શહેરમાં ચાલુ છે, અને | (૧) એકપણ નહીં. |
| (૨) બાકી રહેતા શહેરોમાં ડ્રેનેજ (ગટર) ની વ્યવસ્થા કરવા અંગે સરકારનું શું આયોજન છે ? | (૨) કુલ ૭ શહેરી વિસ્તારો પૈકી ૩ શહેરી વિસ્તારોમાં ડ્રેનેજ (ગટર)ની વ્યવસ્થા માટેના કામો ચાલુ છે. બાકી રહેતા ૪ શહેરો માટે સંબંધિત નગરપાલિકાઓ તરફથી ડ્રેનેજ (ગટર) માટે માંગણી થયેથી જ્યારે અને ત્યારેના ધોરણ હેઠળ યોજના બનાવી વ્યવસ્થા ઉભી કરવાનું આયોજન કરી શકાશે. |

----------

**કચ્છ જિલ્લાને મચ્છું ડેમમાંથી પીવાનું પાણી**

૧૨૮૨૧ **શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ ની સ્થિતિએ કચ્છ જિલ્લાને મચ્છું ડેમમાંથી પીવાનું પાણી રોજ કેટલું આપવાનું આયોજન છે, | (૧) રોજનું ૬૦ એમ. એલ.ડી. પીવાનું પાણી આપવાનું આયોજન છે. |
| (૨) છેલ્લા બે મહિનામાં કેટલું પાણી આપવામાં આવ્યું છે, | (૨) ૨૧૫૩ એમ. એલ. ડી. |
| (૩) ઓછું પાણી આપવાનાં કારણો શા છે, અને | (૩) મચ્છુ ડેમના કેનાલ સમારકામ, ગેટ વાલ્વની કામગીરી એન.સી.-૯ પાઈપ લાઈનમાં બટરફલાય વાલ્વની બે વખતની લીકેજ રીપેરીંગની કામગીરી વિગેરેના કારણોને લીધે. |
| (૪) નિયમિત કયારે પાણી આપવામાં આવશે? | (૪) નર્મદા નહેર લાઈનીંગ કામ પૂર્ણ થયેથી તા. ૩૧-૩-૦૫ સુધીમાં નિયમિત પાણી આપવાનું આયોજન છે. |

**મુન્દ્રા તાલુકાની ગૌચર જમીન ઔદ્યોગિક હેતુ માટે આપવા અંગે**

૧૨૮૧૮ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છનાં મુન્દ્રા તાલુકામાં ભૂજ પર ગામની ગૌચરની જમીન ગ્રામ પંચાયતની સંમતિ લીધા સિવાય ઔદ્યોગિક હેતુસર ફાળવવામાં આવી છે, તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો કેટલા પશુધન સામે કેટલા પ્રમાણમાં જમીન રાખ્યા પછી જ ગૌચરની જમીનનો અન્ય હેતુસર ઉપયોગમાં લેવાનાં ધોરણો અનુસાર કોની કોની સંમતી ક્યારે ક્યારે મેળવવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**ભરૂચ જિલ્લામાં નવા રેશનકાર્ડ માટેની અરજીઓ**

૧૨૦૯૯ **શ્રીમતી રશીદા ઈ. પટેલ(વાગરા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

ભરૂચ જિલ્લામાં ૩૧ ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર નવા રેશનકાર્ડ મેળવવા કેટલી રજુઆતો આવી ?

**જવાબ**

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| અંકલેશ્વર | ૭૭ |
| જંબુસર | ૧૧૧ |

| | |
|---|---|
| આમોદ | ૨૯ |
| | ------------ |
| | ૨૧૭ |

બાકીના તાલુકાઓમાં અરજી/રજુઆતો આવેલ નથી.

----------

## દાહોદ જિલ્લામાં પીવાના પાણીનું આયોજન

૧૨૯૮૨ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં પીવાના પાણી માટે સુજલામ્ સુફલામ્ યોજનાનું સરકાર અમલીકરણ કરવા માંગે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) આ કામગીરી ક્યારે હાથ ધરવામાં આવશે અને ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે? | (૨) આ કામગીરી ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. ટેન્ડર મંજૂર થયે કામો શરૂ કરી માહે ડિસેમ્બર-૨૦૦૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

----------

## રાજ્યમાં બી.પી.એલ. કાર્ડ માટે આર્થિક માપદંડ

૧૧૯૭૪ **શ્રી સિધ્ધાર્થ મા. પરમાર (રાજકોટ ગ્રામ્ય): માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં બી.પી.એલ. કાર્ડમાં આવનાર વ્યક્તિના આર્થિક માપદંડ શું નક્કી કરવામાં આવેલ છે, | (૧) આ યોજના હેઠળ રૂા. ૧૧,૦૦૦/- સુધીની કુટુંબ દીઠ વાર્ષિક આવકના માપદંડ પ્રમાણે હાલના ધોરણ છે. |
| (૨) નવા બી.પી.એલ. કાર્ડ સરકાર આપવા માંગે છે, અને ? | (૨) હા, જી. |
| (૩) જો હા, તો કેટલા સમયમાં આપવા માંગે છે? | (૨) નવી બી.પી.એલ. યાદીઓ ગ્રામ વિકાસ વિભાગ/શહેરી વિકાસ વિભાગ દ્વારા તૈયાર થાય ત્યાર બાદ. |

----------

## સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ ગુજરાતમાં મોટા ચેકડેમો

૧૨૯૮૪ **શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર (પશ્ચિમ): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ મધ્ય ગુજરાતમાં મોટા ચેકડેમોનું શું આયોજન છે, અને | (૧) પંચમહાલ જિલ્લામાં રૂા. ૨૮.૯૦ કરોડના ખર્ચે ૧૪૫ મોટા ચેકડેમો અને દાહોદ જિલ્લામાં રૂા. ૧૩.૧૮ કરોડના ખર્ચે ૬૩ મોટા ચેકડેમો બનાવવાનું આયોજન છે. |
| (૨) સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ ક્ષાર પ્રવેશ નિયંત્રણના કામો આવરી લેવાનું આયોજન છે કે કેમ? | (૨) વિચારણા હેઠળ છે. |

----------

## નવી શરતથી ગ્રાન્ટ થયેલ જમીનો જૂની શરતમાં ફેરવવા અંગે

૧૨૪૯૩ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| નવી શરતથી ગ્રાન્ટ થયેલ જમીનો ખરીદ કિંમતની રકમ ન ભરાવવાના કારણે તેમજ પૂર્વ મંજુરી સિવાય વહેંચણી કે વેચાણ કરવાથી અને સતત | નવી અને અવિભાજ્ય શરતની જમીનોને મૂળ માલીક/ખાતેદાર દ્વારા તેમના જ પુત્ર/પુત્રી/પત્નિ વચ્ચે પૂર્વ મંજુરી સિવાય કૌટુંબિક વહેંચણી |

પડતર રહેવાથી જૂની શરતમાં ફેરવવામાં આવતી નથી અને કલમ-૭૯એ હેઠળ શરત ભંગની કાર્યવાહી કરવામાં આવે છે અને જમીન સરકાર હસ્તક લેવામાં આવે છે તો આ અંગે સરકાર શું વિચારે છે?

કરવામાં આવે તો તેને શરતભંગ નહી ગણવા સરકારશ્રીએ સુચનાઓ આપેલ છે. જ્યારે ગણોત ધારા અન્વયેની પ્રતિબંધિત સત્તા પ્રકારની જમીનોમાં આવી પૂર્વ મંજુરી લેવી કાયદાનુસાર ફરજીયાત છે. આ સિવાય અન્ય કારણોસર શરતભંગ થતો હોય તો નિયમોનુસાર શરતભંગની કાર્યવાહી કરી સરકાર હસ્તક લેવામાં આવે છે, જેમાં કોઈ ફેરફાર કરવાનો પ્રશ્ન નથી.

----------

## અમદાવાદમાં કેરોસીનની ફાળવણી

૧૨૭૧૬ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં ઝોન પ્રમાણે કેરોસીનનો કેટલો જથ્થો ફાળવવામાં આવે છે,

**જવાબ**

(૧) જાન્યુઆરી ૨૦૦૫ માં ઝોનવાર નીચે મુજબ કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવેલ છે.

| ઝોનનું નામ | ફાળવેલ કેરોસીનનો જથ્થો (આંકડા કી.લી.) |
|---|---|
| (૧) અસારવા | ૫૪૨ |
| (૨) સાબરમતી | ૪૭૪ |
| (૩) રખિયાલ | ૭૫૮ |
| (૪) કાલુપુર | ૧૭૭ |
| (૫) ખાડિયા | ૧૮૨ |
| (૬) મણિનગર | ૧૨૪૨ |
| (૭) શહેર કોટડા | ૩૮૭ |
| (૮) એલીસબ્રીજ | ૩૪૩ |
| (૯) દરિયાપુર-કાઝીપુર | ૩૧૮ |
| (૧૦) શાહપુર | ૨૦૧ |
| (૧૧) જમાલપુર | ૧૦૭૭ |
| (૧૨) નરોડા | ૧૧૦૭ |

(૨) ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ માસમાં કેરોસીનની અછત ઉભી થઈ હતી તે સરકાર જાણે છે, અને

(૨) અમદાવાદ શહેરમાં કેરોસીનની કોઈ અછત ઉભી થયેલ નથી. ગેસ કનેકશન વગરના કાર્ડધારકોને દર માસે કાર્ડદીઠ ૧૫ લીટરના પ્રમાણથી વ્યાજબી ભાવની દુકાનદારો અને કેરોસીન પરવાનેદારો દ્વારા કેરોસીનનું વિતરણ થાય છે.

છેલ્લા ત્રણ માસમાં અમદાવાદ શહેરમાં ગેસ કનેકશન વગરના પાત્ર કાર્ડ હોલ્ડરોની કુલ ૨૦૪૫૫ કી.લી. કેરોસીનના જથ્થાનું વેચાણ કરવામાં આવેલ છે.

(૩) જો હા, તો અછતના શાં કારણો છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## સુરેન્દ્રનગર જિલ્લામાં જમીન બીન ખેતી કરવાના કેસો

૧૨૭૨૨ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા કેસોમાં તાલુકાવાર જમીનોને બિનખેતીની મંજૂરી તા.૧-૧-૦૪થી તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં આપવામાં આવી છે,

(૨) કેટલા કિસ્સા નામંજૂર થયા છે, અને

(૩) કેટલા કેસો પેન્ડીંગ છે ?

**જવાબ**

(૧) (૨) અને (૩)

| ક્રમ | તાલુકો | મળેલ અરજી | મંજૂર | નામંજૂર | પેન્ડીંગ |
|---|---|---|---|---|---|
| ૧ | સાયલા | ૧૨ | ૩ | ૯ | ૦ |
| ૨ | લખતર | ૩ | ૨ | ૧ | ૦ |
| ૩ | દસાડા | ૬ | ૦ | ૬ | ૦ |
| ૪ | ધાંગધ્રા | ૨૬ | ૭ | ૧૯ | ૦ |
| ૫ | વઢવાણ | ૨૮ | ૧૮ | ૧૦ | ૦ |
| ૬ | ચુડા | ૩ | ૨ | ૧ | ૦ |
| ૭ | લીંબડી | ૨૦ | ૬ | ૧૪ | ૦ |
| ૮ | ચોટીલા | ૨૧ | ૧૭ | ૪ | ૦ |
| ૯ | મૂળી | ૧૪ | ૭ | ૭ | ૦ |
| ૧૦ | હળવદ | ૨૦ | ૧૧ | ૯ | ૦ |
| ૧૧ | સુરેન્દ્રનગર | ૬૨ | ૩૧ | ૩૧ | ૦ |
| | કુલ | ૨૧૫ | ૧૦૪ | ૧૧૧ | ૦ |

------------

## સુરત જિલ્લામાં વિવિધ હેતુઓ માટે સરકારી જમીનની ફાળવણી

૧૨૯૨૫ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં સને ૨૦૦૩-૦૪ના વર્ષમાં જુદા જુદા હેતુ માટે કેટલી સરકારી જમીનની ફાળવણી કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી ઓલપાડ તથા ચોર્યાસી તાલુકામાં કેટલી, અને

(૩) સરકારી જમીન ફાળવણીથી સરકારને કેટલી આવક થઇ ?

**જવાબ**

(૧) સને ૨૦૦૩-૦૪ ના મહેસુલી વર્ષમાં હે. ૧૮૪-૩૭-૧૬ ચો.મી.

(૨) ઓલપાડ તાલુકામાં ૧૪૦-૮૯-૪૯ ચો.મી. તથા ચોર્યાસી તાલુકામાં કુલ ૩૩-૧૦-૯૭ ચો.મી.

(૩) કુલ રૂા. ૬,૩૯,૩૭,૬૨૭-૦૦ની આવક થઇ.

-----------

## બનાસકાંઠા જિલ્લામાં હક્કપત્રકે વારસાઇ નોંધો

૧૧૮૯૩ **શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા (શહેર કોટડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં હક્કપત્રકે વારસાઈ નોંધો પાડવાની બાકી છે કે કેમ, અને

(૨) જો હા, તો તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તમામ નોંધો પાડવામાં આવેલ છે જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## સુરત જિલ્લામાં કેરોસીનના કાળાબજાર

૧૩૦૫૨ **શ્રી પરેશભાઈ ગો. વસાવા (નિઝર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તારીખ ૩૧-૧-૦૫ની સ્થિતિએ સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વ્યાજબી ભાવની દુકાનોને ફાળવવામાં આવેલ કેરોસીન કાળાબજારમાં વેચવા અંગે કેટલી ફરિયાદો સરકારને મળેલ છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ સુરત જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં તાલુકાવાર વ્યાજબી ભાવની દુકાનોને ફાળવવામાં આવેલ કેરોસીન કાળાબજારમાં વેચવા અંગે નીચે પ્રમાણે ફરિયાદો મળેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ ફરિયાદો |
|---|---|---|
| ૧. | સુરત શહેર | ૪૪ |
| ૨. | ચોર્યાસી | ૭ |
| ૩. | પલસાણા | ૨ |
| ૪. | કામરેજ | ૧ |
| ૫. | માંડવી | ૨ |
| ૬. | માંગરોળ | ૧ |
| ૭. | ઓલપાડ | ૨ |
| ૮. | વ્યારા | ૩ |
| ૯. | બારડોલી | ૫ |
| ૧૦. | વાલોડ | ૧ |
| ૧૧. | મહુવા | ૨ |
| ૧૨. | સોનગઢ | ૨ |
| ૧૩. | ઉચ્છલ | ૧ |
| ૧૪. | નિઝર | ૬ |
| ૧૫. | ઉમરપાડા | - |
| | કુલ | ૭૯ |

(૨) આ ફરિયાદો પૈકી કેટલી ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો, અને ?

(૨) ૬૨

(૩) બાકી રહેલી ફરિયાદો અંગે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) બાકી રહેલી ૧૭ ફરિયાદો અન્વયે તપાસણી ટીમો દ્વારા તપાસણી કરાવી કસુરદારો સામે નિયમોનુસાર પગલાં લેવાની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

-----------

## ભાણવડ તાલુકાની સોનમતી સિંચાઇ યોજનાના પડી ગયેલ ફ્યુઝ દરવાજા

૧૩૦૨૧ **શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ભાણવડ તાલુકાના જામપર ગામે સોનમતી સિંચાઇ યોજનાના ફ્યુઝ ગેઈટ કેટલા સમયથી પડી ગયેલ છે, અને

**જવાબ**

(૧) ભારે પૂરના કારણે તા. ૧૬-૬-૦૧ ના રોજ પડી ગયેલ છે.

(૨) આ ફ્યુઝ ગેઈટ ફરીથી મુકવા કોઇ આયોજન થયેલ છે કે કેમ ?

(૨) હા જી, આયોજન થયેલ છે.

-----------

**બનાસકાંઠા જિલ્લા કલેક્ટર કચેરીનું મહેકમ**

૧૨૭૧૦ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તારીખ ૩૧-૦૧-૦૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લા કલેક્ટર કચેરીમાં સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર કરવામાં આવેલું છે, | (૧) તારીખ ૩૧-૦૧-૦૫ની સ્થિતિએ કલેક્ટર કચેરી હસ્તક નીચેની વિગતે સંવર્ગવાર મહેકમ મંજૂર થયેલ છે.<br>(૧) નાયબ કલેક્ટર ૧૪<br>(૨) મામલતદાર ૧૮<br>(૩) નાયબ મામલતદાર ૧૩૭<br>(૪) કારકુન ૯૪<br>(૫) ગુજરાતી ટાઈપીસ્ટ ૨૩<br>(૬) અંગ્રેજી ટાઈપીસ્ટ ૧<br>(૭) કારકુન-કમ-ટાઈપીસ્ટ ૫<br>(૮) ડ્રાઈવર ૪<br>(૯) પટાવાળા ૧૫ |
| (૨) હાલમાં કેટલી જગ્યાઓ સંવર્ગવાર ખાલી છે, | (૨) હાલમાં નીચે મુજબની જગ્યાઓ સંવર્ગવાર ખાલી છે.<br>(૧) નાયબ કલેક્ટર ૪<br>(૨) મામલતદાર ૫<br>(૩) નાયબ મામલતદાર ૧૧<br>(૪) કારકુન ૩<br>(૫) ગુજરાતી ટાઈપીસ્ટ ૨<br>(૬) અંગ્રેજી ટાઈપીસ્ટ -<br>(૭) કારકુન-કમ-ટાઈપીસ્ટ ૨<br>(૮) પટાવાળા ૧૫ |
| (૩) આ જગ્યાઓ કયારથી ખાલી છે, અને | (૩) આ સાથેના પત્રક-૧ મુજબ. |
| (૪) આ ખાલી જગ્યાઓ કયારે ભરવામાં આવશે? | (૪) આ જગ્યાઓ બનતી ત્વરાએ ભરવામાં આવશે. |

**પત્રક-૧**

**નાયબ કલેકટરશ્રી સંવર્ગ**

| ક્રમ | જગ્યાનું નામ | કઈ તારીખથી ખાલી છે |
|---|---|---|
| (૧) | નિવાસી નાયબ કલેકટરશ્રી, બનાસકાંઠા પાલનપુર | ૧૭/૧૧/૦૪ |
| (૨) | વહીવટદારશ્રી, અંબાજી મંદિર, અંબાજી | ૨૫/૧૧/૦૪ |
| (૩) | નાયબ પ્રાયોજના વહીવટદારશ્રી ટ્રાયબલ, પાલનપુર | ૨૦/૧/૦૫ |
| (૪) | જિલ્લા આયોજન અધિકારીશ્રી, પાલનપુર | ૧/૧૨/૦૪ |

**મામલતદારશ્રી સંવર્ગ**

| ક્રમ | જગ્યાનું નામ | કઈ તારીખથી ખાલી છે |
|---|---|---|
| (૧) | મામલતદારશ્રી, નાની બચત, કલેકટર કચેરી, પાલનપુર | ૩/૫/૦૪ |
| (૨) | મામલતદારશ્રી. ડીઝાસ્ટર, કલેકટર કચેરી, પાલનપુર | ૧/૬/૦૪ |
| (૩) | ચીટનીશ ટુ કલેકટર, પાલનપુર | ૨/૬/૦૪ |
| (૪) | એસ્ટેટ ઓફિસર, અંબાજી મંદિર | ૫/૧૦/૦૪ |
| (૫) | જનસંપર્ક અધિકારીશ્રી, કલેકટર કચેરી, પાલનપુર | ૧/૧/૦૨ |

**નાયબ મામલતદાર સંવર્ગ**

| ક્રમ | જગ્યાનું નામ | કઈ તારીખથી ખાલી છે |
|---|---|---|
| (૧) | નાયબ મામલતદાર, અંબાજી મંદિર કોટેજ હોસ્પિટલ | ૮/૩/૦૪ |
| (૨) | નાયબ મામલતદાર (વહીવટ) અંબાજી મંદિર | ૨૫/૧૧/૦૪ |
| (૩) | નાયબ મામલતદાર (મભોયો) કલેકટર કચેરી | ૨૫/૧૧/૦૪ |
| (૪) | ના. મામ. (મભોયો) મામલતદાર કચેરી ડીસા | ૮/૩/૦૪ |
| (૫) | સર્કલ ઓફિસર, ધાનેરા મામલતદાર કચેરી, ધાનેરા | ૮/૩/૦૪ |
| (૬) | ના. મામ. (મહેસુલ) મામલતદાર કચેરી, દિયોદર | ૩૧/૧૦/૦૪ |
| (૭) | ના. મામ. (જમીન) મામલતદાર કચેરી, અમીરગઢ | ૩૧/૫/૦૪ |
| (૮) | ના. મામ. (જમીન) મામલતદાર કચેરી, દાંતીવાડા | ૩૧/૫/૦૪ |
| (૯) | ના. મામ. (જમીન) મામલતદાર કચેરી, ભાભર | ૩૧/૫/૦૪ |
| (૧૦) | ના. મામ. (જમીન) પ્રાંત કચેરી, થરાદ | ૩૧/૮/૦૪ |
| (૧૧) | ના. મામ. (વસુલાત) કલેકટર કચેરી, પુરવઠા શાખા | ૮/૩/૦૪ (એબીયન્સ થયેલ છે) |

**કારકુન સંવર્ગ**

| ક્રમ | જગ્યાનું નામ | કઈ તારીખથી ખાલી છે |
|---|---|---|
| (૧) | કારકુન હિસાબી શાખા કલેકટર કચેરી, પાલનપુર | ૨૨/૬/૦૪ |
| (૨) | કારકુન મામલતદાર કચેરી, પાલનપુર | ૩૧/૮/૦૪ |
| (૩) | કારકુન, અંબાજી મંદિર, અંબાજી | ૧/૬/૦૪ |

**ગુજરાતી ટાઈપીસ્ટ સંવર્ગ**

| ક્રમ | જગ્યાનું નામ | કઈ તારીખથી ખાલી છે |
|---|---|---|
| (૧) | ગુજરાતી ટાઈપીસ્ટ, મામલતદાર કચેરી દિયોદર | ૧૨/૨/૦૪ |
| (૨) | ગુજરાતી ટાઈપીસ્ટ, મામલતદાર કચેરી ડીસા | ૩૦/૪/૦૪ |

**કારકુન કમ ટાઈપીસ્ટ સંવર્ગ**

| ક્રમ | જગ્યાનું નામ | કઈ તારીખથી ખાલી છે |
|---|---|---|
| (૧) | કારકુન કમ ટાઈપીસ્ટ બે જગ્યાઓ | ૧/૬/૦૪ (એબીયન્સ)<br>૫/૧/૦૪ |

-------------

## અમરેલી જિલ્લામાં બોગસ રેશનકાર્ડ

૧૩૦૫૯ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોગસ રેશનકાર્ડ પકડવામાં આવેલ છે, અને રદ કરવામાં આવેલ છે તે વાત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો છેલ્લા બે વર્ષમાં સમગ્ર જિલ્લામાં કેટલા કાર્ડો રદ થયેલા છે, કેટલા રેશનીંગ કાર્ડ નવા કાઢેલા છે, અને | (૨) આ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૭૮૪૮-બોગસ રેશનકાર્ડ રદ કરવામાં આવેલ છે. અને ૨૨૪૬૮ નવા કાર્ડ અપાયેલ છે. |
| (૩) રેશનીંગ કાર્ડ રદ કરવાના શાં કારણો છે? | (૩) સ્વૈચ્છિક ભૂતિયા કાર્ડ નાબૂદી ઝૂંબેશ તથા તપાસણીની કાર્યવાહીમાં રદ થયેલ છે. |

---------

**સરકારી જમીનો ગ્રાન્ટ કરતી વખતે લેવાની કિંમતના ધોરણમાં તફાવત**

૧૧૯૨૦ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સરકારી જમીન મહાનગરપાલિકા અને નગરપાલિકાઓને ગ્રાન્ટ કરવા બાબતે કિંમત લેવાના ધોરણોમાં તફાવત છે તે હકિકત સરકાર જાણે છે, અને

(૨) જો હા, તો આવો તફાવત દૂર કરવા માટે સરકાર શું કરવા માંગે છે?

**જવાબ**

(૧) કોઇ તફાવત નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**કચ્છ જિલ્લામાં પરકોલેટીંગ વેલ**

૧૩૦૧૪ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં વરસાદી પાણી પરકોલેટીંગ વેલ દ્વારા જમીનમાં ઉતારવા કોઇ આયોજન થયુ છે કે કેમ,

(૨) સન ૨૦૦૪ વર્ષમાં કઇ કઇ જગ્યાએ કેટલા પરકોલેટીંગ વેલ તૈયાર કરવામાં આવ્યા, અને

(૩) કચ્છ જિલ્લામાં ભૂજ અને નખત્રાણા તાલુકા સહીત આવા વધુ કુવા તૈયાર કરવા શું આયોજન છે?

**જવાબ**

(૧) રીચાર્જ વેલનું આયોજન છે.

(૨) કોઇ કામ કરવામાં આવેલ નથી.

(૩) સામેલ પત્રક મુજબ રીચાર્જ વેલનું આયોજન છે.

**પત્રક**

**કચ્છ જિલ્લામાં પરકોલેટીંગ વેલ**

| તાલુકાનું નામ | રીચાર્જ વેલનાં આયોજનની સંખ્યા |
|---|---|
| રાપર | ૩ |
| ભચાઉ | ૨૧ |
| અંજાર | ૧૦ |
| મુન્દ્રા | ૪૪ |
| માંડવી | ૨૦ |
| અબડાસા | ૩૦ |
| લખપત | ૨૨ |
| ભૂજ | ૦ |
| નખત્રાણા | ૦ |
| **કુલ :** | **૧૫૦** |

---------

**બનાસકાંઠા જિલ્લામાં કાચા નેળિયા પરનું દબાણ હટાવવા અંગે**

૧૨૭૧૨ **શ્રી હરજીવન હી. પટેલ (ધાનેરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં એક ગામથી બીજા ગામે જવાના વર્ષોથી જે કાચા નેળિયા હતા જે આજથી ૨૦ વર્ષ પહેલા મહેસૂલી રીતે ૩૩ ફૂટના પહોળા હતા પરંતુ આજે એવી સ્થિતિ છે કે એક વાહન પણ આ રસ્તે નીકળી શકતું નથી. તો આવા જુના કાચા નેળિયાવાળા રસ્તાનું દબાણ દૂર કરાવીને પહોળા કરવા સરકાર માંગે છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા સમયમાં?

**જવાબ**

(૧) નેળિયા પરના દબાણો અંગે કોઇ રજુઆતો મળેલ નથી. છતાં ચોક્કસ માહિતી મળ્યેથી દબાણો દૂર કરાવવા કાર્યવાહી કરાશે.

(૨) હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રાજ્યમાં ફલોરાઇડયુકત પીવાનું પાણી**

૧૧૮૭૭ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત રાજ્યમાં તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ કેટલા જિલ્લાઓમાં કેટલા ગામોમાં ફલોરાઇડયુકત પીવાનું પાણી હોવાની માહિતી સરકાર પાસે છે, અને | (૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ રાજ્યના ૨૩ જિલ્લાઓનાં ૨૭૬૨ ગામોમાં. |
| (૨) આ તમામ ગામોમાં ફલોરાઇડ મુકત પીવાનું પાણી આપવા સરકારે શું આયોજન કરેલ છે? | (૨) આ ગામોનો સમાવેશ સરફેસ સોર્સ આધારિત જૂદી જૂદી જૂથ યોજનાઓમાં તેમજ પીવા લાયક સોર્સ દ્વારા વ્યકિતગત પાણી પુરવઠા યોજના હેઠળ આવરી લેવાનું આયોજન કરેલ છે. |

---------

**મહેસૂલ વિભાગના ઠરાવો/પરિપત્રોનું સંકલન**

૧૧૯૦૩ **શ્રી દીનુભાઈ બો. સોલંકી (કોડીનાર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસૂલ વિભાગે છેલ્લા બે વર્ષમાં સરકારી ઠરાવો/પરિપત્રોને સંકલિત કરીને બહાર પાડયાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલા અને કયા કયા? | (૨) સાત, યાદી મુજબ. |

**મહેસૂલ વિભાગે છેલ્લા બે વર્ષમાં સંકલિત કરીને બહાર પાડેલ ઠરાવો/પરિપત્રોની યાદી**

| અ.નં. | વિષય | ઠરાવ ક્રમાંક/તારીખ |
|---|---|---|
| ૧ | અછત-રાહત અંગેના ઠરાવો/પરિપત્રો સંબંધની પુસ્તિકા. | વર્ષ ૨૦૦૨-૨૦૦૩ના અછત રાહત અંગેના ઠરાવો. |
| ૨ | સરકારી જમીનની જાળવણી કરવા તેમજ તેના પર થતું અનધિકૃત દબાણ અટકાવવા બાબત. | તા.૧૬-૧૦-૨૦૦૪નો ઠરાવ ક્રમાંકઃઅદજ-૧૦૨૦૦૨-૧૬૬૭-ભાગ-૨-લ. |
| ૩ | બીનખેતીના હેતુ માટે સરકારી પડતર જમીન આપવા બાબત. | તા.૬-૬-૨૦૦૩નો ઠરાવ ક્રમાંકઃજમન-૩૯૨૦૦૩-૪૫૪-અ. |
| ૪ | ન ખેડી શકાય તેવી સરકારી પડતર જમીનોના વિકાસ માટેની રાષ્ટ્રીય યોજના.<br>ફળઝાડ અને અન્ય વૃક્ષના ઉછેર માટે આપવા ઉપરાંત કપાસ તથા અન્ય પાકોના વાવેતર માટે આપવા બાબત. | તા.૧૦-૬-૨૦૦૩નો ઠરાવ ક્રમાંકઃજમન-૩૯૨૦૦૩-૪૫૪-(૨)-અ. |
| ૫ | ખેતી વિષયક હેતુ માટે સરકારી પડતર જમીનના નિકાલ બાબત. | તા.૧-૧૧-૨૦૦૩ના ઠરાવ ક્રમાંકઃજમન-૩૯૨૦૦૩-૪૫૪-(૧)-અ. |
| ૬ | હકકપત્ર (રેકર્ડ ઓફ રાઇટસ) અદ્યતન રાખવા બાબત. | તા.૧-૧૨-૨૦૦૩ના ઠરાવ ક્રમાંકઃહકપ-૧૦૨૦૦૩-૨૭૨૭-જ. |
| ૭ | વિક્રિયાદી નિયંત્રિત (નવી અને અવિભાજય) શરતે ખેતીના હેતુ માટે ધારણ કરાતી જમીનો બાબતના સરકારી હુકમોનું સંકલન. | તા.૧૮-૧૨-૨૦૦૪ના ઠરાવ ક્રમાંકઃનશજ-૧૦૨૦૦૩-૨૬૦૦-જ. |

---------

## વલસાડ જિલ્લામાં અતિવૃષ્ટિથી નુકશાન

૧૨૭૨૦**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૪માં વલસાડ જિલ્લામાં ચોમાસા દરમ્યાન અતિવૃષ્ટિ થતાં અને દમણગંગા ડેમમાંથી પાણી એકી સાથે છોડતા તાલુકાવાર કેટલી જાનહાનિ થઇ હતી, | (૧) તાલુકાવાર નીચે મુજબ જાનહાનિ થઇ.<br>વલસાડ - ૪<br>પારડી - ૩<br>ધરમપુર - ૨<br>કપરાડા - ૭<br>ઉમરગામ - ૪ |
| (૨) તાલુકાવાર કેટલી સહાયતા ચૂકવવામાં આવી, અને | (૨) ચૂકવેલ સહાય.<br>(રૂા.લાખમાં)<br>વલસાડ - ૪.૦૦<br>પારડી - ૨.૫૦<br>ધરમપુર - ૨.૦૦<br>કપરાડા - ૪.૫૦<br>ઉમરગામ - ૩.૬૦ |
| (૩) એમાં સરકારની શું ભૂમિકા રહી હતી? | (૩) અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહતની કામગીરી યુધ્ધના ધોરણે કરવામાં આવી, પાણીથી ઘેરાયેલા લોકોને સલામત સ્થળે ખસેડવામાં હેલીકોપ્ટરની તથા હોડીઓની મદદ લેવામાં આવી હતી, વધુમાં એસ.આર.પી.ની ૨ કંપનીઓ, ૧ પ્લાટુન અને ૩૩ મેડીકલ ટીમની સેવા લેવામાં આવી હતી, માન.મુખ્ય મંત્રીશ્રી, મુખ્ય સચિવશ્રીએ અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લીધી હતી, જયારે જિલ્લાના પ્રભારી માન.મંત્રીશ્રી તથા પ્રભારી સચિવશ્રીએ બચાવ રાહતની કામગીરી માટે જિલ્લામાં કેમ્પ કરેલ હતા. અસરગ્રસ્તોને તમામ પ્રકારની સહાય ઝડપથી ચૂકવવા માટેની સરકારશ્રીની અસરકારક ભૂમિકા રહી હતી. |

---------

## જામનગર કલેકટરને મળેલ જાહેર દસ્તાવેજોની પ્રમાણિત નકલો માટેની અરજીઓ

૧૩૦૪૯ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન જામનગર કલેકટરશ્રીને, વર્ષ દીઠ કઇ-કઇ સહકારી મંડળીઓ તરફથી વિવિધ પ્રકારના જાહેર દસ્તાવેજી કાગળોની પ્રમાણિત નકલો માંગતી અરજીઓ મળી, | (૧) જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કલેકટરશ્રી ખાણ ખનીજ શાખાને લગતી શ્રી નાગબાઇ મજુર બાંધકામ સહકારી મંડળી લિ. મું.પાટણ, તા.જામજોધપુર તરફથી તા.૧૬-૧૨-૨૦૦૩ના રોજ દસ્તાવેજી કાગળોની પ્રમાણિત નકલો મેળવવા માંગણી કરેલ છે. |
| (૨) કઈ-કઈ માંગણીદાર મંડળીને એણે માંગેલ પ્રમાણિત નકલો આપવામાં આવી, અને | (૨) શ્રી નાગબાઇ મજુર બાંધકામ સહકારી મંડળી લિ.મું.પાટણ, તા.જામજોધપુરની તા.૧૬-૧૨-૦૩ ની અરજી અન્વયે કલેકટર કચેરી તરફથી તા.૧૨-૨-૦૪ના પત્રથી જરૂરી પ્રમાણિત નકલો મેળવી લેવા જાણ કરેલ. મંડળી તરફથી તા.૨૬-૫-૦૪ના રોજ રજૂ થયેલ દસ્તાવેજોની પ્રમાણિત નકલો આપવામાં આવેલ છે. |
| (૩) કઈ-કઈ સહકારી મંડળી પાસેથી પ્રમાણિત નકલોની કેટલી નકલ ફી દ્વારા સરકારને કુલ કેટલી રકમની આવક થઇ? | (૩) સામાન્ય રીતે પોતે કરેલ અરજીઓ બાબતે તેનીજ પ્રમાણિત નકલો મેળવવા માટેની અરજીઓ નહીંવત થતી હોય છે. અને તેથી આવી |

નકલોથી આવકનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અંકલેશ્વર અને હાંસોટ તાલુકામાં પીવાના પાણી માટે આયોજન**

૧૨૮૧૫ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અંકલેશ્વર અને હાંસોટ તાલુકાના તમામ ગામોને પીવા માટે પર્યાપ્ત પાણી છે, | (૧) અંકલેશ્વર અને હાંસોટ તાલુકાના મોટા ભાગના ગામોમાં પીવા માટે પાણી પર્યાપ્ત છે. |
| (૨) જો ના, તો સરકાર તરફથી કોઇ યોજના મંજૂર કરવામાં આવી છે, અને | (૨) પાણીની મુશ્કેલીવાળા ગામોની યોજના બનાવેલ છે. |
| (૩) જો હા, તો સદરહુ યોજના કયારે શરુ કરી કયારે પૂરી કરવામાં આવશે? | (૩) માર્ચ-૦૪ માં યોજનાના કામો શરૂ કરેલ છે જે ડિસેમ્બર-૦૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**વેરાવળ તાલુકામાં પાણી પુરવઠા યોજના**

૧૨૭૩૦ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના વેરાવળ તાલુકામાં હિરણ-૨ ઉપરથી જૂથ પાણી પુરવઠા યોજના કયારે મંજૂર કરવામાં આવી, | (૧) હિરણ-૨ ડેમ આધારિત પ્રથમ ૪૦ ગામને આવરી લેતી જૂથ યોજના સપ્ટેમ્બર-૧૯૯૨ અને વધારાના ૮ ગામોને આવરી લેતી યોજના એપ્રિલ-૧૯૯૫ માં મંજૂર કરવામાં આવી. |
| (૨) હાલ આ યોજના તમામ ગામડાઓને પાણી પૂરું પાડે છે કે કેમ, અને | (૨) ના, હાલ કુલ ૪૮ ગામો પૈકી ૪૨ ગામોને પાણી પુરું પાડે છે. |
| (૩) જો ના, તો એના કારણો શાં છે? | (૩) પાઇપ લાઇન ટેસ્ટીંગનું કામ તથા સબ-હેડવર્કસનું કામ પ્રગતિમાં હોવાથી. |

---------

**માતર અને ખેડા તાલુકામાં રેશનકાર્ડ અલગ કરવા માટે અરજીઓ**

૧૨૨૩૭ **શ્રી રાકેશ રાવ (માતર) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ ખેડા જિલ્લાના માતર અને ખેડા તાલુકાના કેટલા અરજદારોની રેશનકાર્ડ અલગ કરવાની અરજીઓ કેટલા સમયથી પેન્ડીંગ છે, | (૧) માતર તાલુકો : ૧૫૦ અરજીઓ.<br>ખેડા તાલુકો : ૪૮૫ અરજીઓ. |
| (૨) અરજદારોને કયાં સુધીમાં અલગ કાર્ડ આપી દેવામાં આવશે, અને | (૨) તાલુકા માતર અને તાલુકા ખેડામાં ખંડ(૧) માં દર્શાવેલ તમામ અરજીઓનો નિકાલ ફેબ્રુઆરી-૦૫ સુધીમાં કરી દેવામાં આવેલ છે. |
| (૩) અરજદારને વિના વિલંબે અલગ કાર્ડ કરવાની અરજી લઇ કાર્ડ અલગ કરી આપવા રાજ્ય સરકાર શું વ્યવસ્થા ગોઠવવા માંગે છે? | (૩) નાગરિક સુવિધા કેન્દ્રમાં નિયત થયા મુજબ કોમ્પ્યુટર સોફટવેરમાં નિયત નમુનામાં તમામ પુરાવા સાથેની અરજી સ્વીકારી ૧૫ દિવસમાં અલગ રેશનકાર્ડ આપવાની વ્યવસ્થા ગોઠવેલ છે. |

---------

## સાબરકાંઠા જિલ્લાના ડેમો અને તળાવોમાંથી કાંપ દૂર કરવા અંગે

૧૩૧૨૦ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠામાં હાથમતી ડેમ અને મોટાભાગના તળાવો કાંપ અને માટીથી ભરાઇ ગયેલ છે તે સરકારના ધ્યાન પર છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ ડેમ અને તળાવોનો કાંપ કાઢવાનું કોઇ આયોજન સરકારે કરેલ છે? | (૨) હાથમતી પીકઅપ વીયરનો કાંપ કાઢવાની કામગીરી હિંમતનગર નગરપાલિકા દ્વારા પ્રગતિ હેઠળ છે. જયારે તળાવોમાંથી કાંપ ખેડૂતો દ્વારા લઇ જવામાં આવે તો તે અંગેની મંજૂરી આપવામાં આવશે. |

---------

## ટંકારા, પડધરી અને મોરબી તાલુકામાં ગામતળ નીમ કરવા અંગે

૧૨૧૦૬ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ટંકારા, પડધરી, અને મોરબી તાલુકામાં નવા ગામતળ નીમ કરવા માટે તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ કયા કયા ગામોની કેટલી અરજીઓ આવી, અને

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | ગામતળનું નામ |
|---|---|---|
| ૧ | ટંકારા | ૧ મોટા ખીજડીયા |
| ૨ | પડધરી | ૧ નારણકા<br>૨ નારણકા (શિવપુર)<br>૩ સરપદડ |
| ૩ | મોરબી | ૧ લખધીરપુર<br>૨ ખરેડા<br>૩ અમરાપર (ના)<br>૪ અમરેલી<br>૫ મકનસર<br>૬ ગુંગણ<br>૭ લાલપર<br>૮ મકનસર<br>૯ ઘુંટુ<br>૧૦ મોટી વાવડી<br>૧૧ ઉંચી માંડલી |
| | **કુલ :** | **૧૫** |

**પ્રશ્ન**

(૨) તેમાંથી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને પડતર રહેલ અરજીઓ કયારે મંજૂર કરવામાં આવશે?

**જવાબ**

(૨) ૩ (ત્રણ) અરજીઓ મંજૂર અને ૮ (આઠ) પડતર અરજીઓનો સત્વરે નિકાલ કરવામાં આવશે.

---------

## બનાસકાંઠા જિલ્લામાં હકકપત્રકે વારસાઇ નોંધો

૧૨૧૨૬ **શ્રી દિલીપસિંહ વ. પરમાર (મોડાસા) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં હકકપત્રકે વારસાઇ નોંધો પાડવાની બાકી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા તો, તે કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૨) તમામ નોંધો પાડવામાં આવેલ છે જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## કાંકરેજ તાલુકામાં સરકારી જમીનોમાં દબાણો

૧૧૯૮૦ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં કાંકરેજ તાલુકાના કસરા તથા દેવપુરા ગામોમાં સરકારી પડતર જમીનોમાં દબાણો થયા છે તે હકીકત સાચી છે,

(૨) દબાણો દૂર કરનારા ઇસમો કોણ કોણ છે, અને

(૩) દબાણો દૂર કરવા સરકાર શું પગલાં ભરવા માંગે છે, અને કેટલા સમયમાં દબાણ દૂર કરવામાં આવશે?

**જવાબ**

(૧) કસરાગામે દબાણો થયેલા છે જયારે દેવપુરા ગામે દબાણો થયેલા નથી.

(૨) ૧. શ્રી મણીલાલ ભાણદાસ શ્રીમાળી
૨. શ્રી અમરાભાઇ ભાણદાસ શ્રીમાળી
૩. શ્રી પ્રવિણભાઇ કરશનભાઇ શ્રીમાળી
૪. શ્રી ઇશ્વરભાઇ હીરાભાઇ વિ.શ્રીમાળી.

(૩) જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૧ તથા ૨૦૨ હેઠળની કાર્યવાહી પૂર્ણ થયેથી.

---------

## સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લાના શહેરી વિસ્તારોમાં જમીન બિનખેતી કરવાની માંગણીઓ

૧૨૧૦૮ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં આવતા કલેકટર કચેરી હસ્તકના શહેરી વિસ્તારોમાં છેલ્લા એક વર્ષમાં જમીન બિનખેતી કરવા માટે શહેરવાઇઝ કેટલી માંગણીઓ આવી,

(૨) આવેલ માંગણીઓમાં કલેકટર દ્વારા કેટલા વિભાગના નોઓબ્જેકશન સર્ટીફીકેટ માંગવામાં આવેલ છે, અને

(૩) આ વિભાગોએ નોઓબ્જેકશન સર્ટીફીકેટ આપવાની સમયમર્યાદા શું છે?

**જવાબ**

(૧)

| ક્રમ | રાજકોટ | | ક્રમ | સુરેન્દ્રનગર | |
|---|---|---|---|---|---|
| | શહેરી વિસ્તાર | મળેલ બિનખેતી અંગેની માંગણીઓ | | શહેરી વિસ્તાર | મળેલ બિનખેતી અંગેની માંગણીઓ |
| ૧ | રાજકોટ | ૨૮૮ | ૧ | ધાંગધ્રા | ૨ |
| ૨ | ઉપલેટા | ૨૬ | ૨ | વઢવાણ | ૬ |
| ૩ | ધોરાજી | ૩૫ | ૩ | સુરેન્દ્રનગર | ૬ |
| ૪ | જેતપુર | ૪૬ | ૪ | લીંબડી | ૯ |
| ૫ | મોરબી | ૫ | ૫ | થાનગઢ | ૯ |
| ૬ | ગોંડલ | ૮ | ૬ | હળવદ | ૮ |
| | કુલ : | ૪૦૮ | | કુલ : | ૪૦ |

(૨) જે તે કેસમાં જમીનની સ્થળ સ્થિતિ ધ્યાને લઇને લાગુ પડતી કચેરીઓનો અભિપ્રાય માંગવામાં આવે છે, જેમાં મુખ્યત્વે જમીન સંપાદન તેમજ રીબન ડેવલપમેન્ટ રૂલ્સની જોગવાઇઓના પાલન અંગેની સંબંધિત કચેરીનો સમાવેશ થાય છે.

(૩) વધુમાં વધુ ૧૦ થી ૨૮ દિવસની સમય-મર્યાદા નક્કી કરેલ છે.

---------

## કચ્છ જિલ્લામાં મીઠું પકવતા એકમોએ નહી ભરેલ મહેસૂલ

૧૨૮૧૯ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં મીઠું પકવવા અને આનુષંગિક કામગીરી માટે મહેસુલ વિભાગ તરફથી ૧૦૦ એકર કે વધુ જમીન મેળવનાર વ્યક્તિ કે એકમોએ લાંબા સમયથી જમીન મહેસુલની રકમ ભરી નથી તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો કયા કયા એકમો કે વ્યક્તિઓ પાસે કેટલા એકર જમીન અન્વયે તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કયા કયા હેતુસરની કેટલી વસુલાત બાકી છે,અને

(૩) જો ના, તો ગત ત્રણ વર્ષમાં ૩૧-૧૨-

**જવાબ**

(૧) હા જી.

(૨) સામેલ પત્રક મુજબ

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

૦૪ સુધીમાં ૧૦૦ એકર કે વધુ જમીનો લીઝ મેળવનાર એકમો કે વ્યક્તિઓએ કેટલી રકમ કયા કયા હેતુસર રાજ્ય સરકારની તિજોરીમાં જમા કરાવી?

**પત્રક**

**કચ્છ જિલ્લામાં મીઠુ પકવતા એકમોએ નહીં ભરેલ મહેસુલ**

| ક્રમ | એકમનું નામ | ગામ/તાલુકો | લીઝપર આપેલ જમીન | બાકી વસુલાત (રૂા.-પૈસા) |
|---|---|---|---|---|
| ૧ | રામેશ્વર સોલ્ટ વર્કસ | સંઘડ, તા.અંજાર | ૨૩૮-૦૫ | ૩૧૭૨૧.૬ |
| ૨ | શ્રી વિષ્ણુ કોર્પોરેશન, ગાંધીધામ | સંઘડ, તા.અંજાર | ૧૦૫-૦૦ | ૧૦૭૧૦ |
| ૩ | શ્રી વેલજી બીજલ હુંબલ | સંઘડ, તા.અંજાર | ૧૦૦-૦૦ | ૫૯૦૯૩.૫ |
| ૪ | શ્રી શાંતિ સોલ્ટ ઈન્ડસ્ટ્રીઝ | વીરા, તા. અંજાર | ૨૫૫-૧૫ | ૪૦૭૨૩.૬ |
| ૫ | શ્રી લક્ષ્મીબેન લાલજી તથા ગાતમ લાલજી | વીરા, તા. અંજાર | ૧૧૦-૦૦ | ૪૬૫૯૪ |
| ૬ | વીરા મીઠા ઉત્પાદક સહકારી મંડળી | વીરા, તા. અંજાર | ૧૫૯-૦૮ | ૮૯૯૨૦ |
| ૭ | શ્રી નગાવલાડીયા મીઠા ઉત્પાદક સહકારી મંડળી | રામપર, તા. અંજાર | ૧૦૫-૦૦ | ૨૮૩૫૦ |
| ૮ | શ્રી પરીયાણી નારણ મહાદેવમલ | દેવીસર, તા. અંજાર | ૧૦૫-૦૦ | ૧૦૭૧૦ |
| ૯ | અરિહંત સોલ્ટ વર્કસ | વોંધ, તા. ભચાઉ | ૧૧૦-૦૦ | ૬૦૦૦ |
| ૧૦ | શ્રી આમદ મામદ ત્રાયા | નાની ચીરઈ, તા. ભચાઉ | ૧૧૦-૦૦ | ૨૦૩૫૨ |
| ૧૧ | શ્રી પ્રકાશ દેવીસહાય નારણમલ | ભચાઉ, તા. ભચાઉ | ૧૦૯-૦૦ | ૨૦૬૦૧ |
| ૧૨ | શ્રી નારણ ભચુ આહીર | નાની ચીરઈ, તા. ભચાઉ | ૧૧૦-૦૦ | ૧૯૧૫૦ |
| ૧૩ | શ્રી કચ્છ સોલ્ટ એન્ડ એલાઈડ લી. | જખૌ, તા. અબડાસા | ૨૬૨૦-૦૦ | ૫૮૦૫૦૧ |
| ૧૪ | શ્રી ભારત સોલ્ટ રીફાઈનરી | જખૌ, તા. અબડાસા | ૮૫૦૦-૦૦ | ૪૭૯૪૦૦ |
| ૧૫ | દુર્ગા સોલ્ટ, ગાંધીધામ | જખૌ, તા. અબડાસા | ૨૯૬-૦૦ | ૩૦૬૦૦ |
| ૧૬ | શ્રી વેલબ્રાઈન કેમીકલ્સ લી. | જખૌ, તા. અબડાસા | ૬૦૦૦-૦૦ | ૨૫૯૨૦૦ |
| ૧૭ | શ્રી સાંઘી સિમેન્ટ કંપની | અકરી, તા. લખપત | ૧૧૦૪-૦૦ | ૩૮૪૧૯૨ |
| ૧૮ | શ્રી વિરેન્દ્ર એલ. કાનાણી | ગુંદીયાળી, તા. માંડવી | ૩૫૦-૦૦ | ૨૧૫૬૬૪ |
| ૧૯ | લુહાંગ સોલ્ટ | ગુંદીયાળી, તા. માંડવી | ૩૦૦-૦૦ | ૨૦૦૭૮૮ |
| ૨૦ | વિનોદ સોલ્ટ | નાનાભાડીયા, તા. માંડવી | ૩૦૦-૦૦ | ૨૧૫૬૬૪ |
| ૨૧ | બાલાજી સોલ્ટ | નાનાભાડીયા, તા. માંડવી | ઘ૨૫-૦૦ | ૧૧૬૦૨૫ |
| ૨૨ | શ્રી હરેશ ડી ભોજવાણી | ભદ્રેશ્વર, તા. મુંદરા | ૧૧૦-૦૦ | ૯૦૧૨ |
| ૨૩ | ડાલીમા સોલ્ટ | ભદ્રેશ્વર, તા. મુંદરા | ૨૯૨-૦૦ | ૨૩૯૩૦ |
| ૨૪ | ચોખંડા મીઠા ઉત્પાદક મંડળી | ભદ્રેશ્વર, તા. મુંદરા | ૧૦૧-૦૦ | ૧૭૨૧૩ |
| ૨૫ | ડાંગર એન્ડ કંપની | ભદ્રેશ્વર, તા. મુંદરા | ૨૦૦-૦૦ | ૬૦૧૮૮ |
| ૨૬ | મહેન્દ્ર જવાહર મહેતા | ભદ્રેશ્વર, તા. મુંદરા | ૧૧૦-૦૦ | ૬૦૧૦ |
| ૨૭ | લક્ષ્મણ સોલ્ટ ઈન્ડસ્ટ્રીઝ | કુકડસર, તા. મુંદરા | ૨૦૦-૦૦ | ૨૮૮૯૪ |
| ૨૮ | સગુણા ટ્રાન્સપોર્ટ | કુકડસર, તા. મુંદરા | ૬૩૨૫-૦૦ | ૨૮૮૯૪ |
| ૨૯ | જય જોગણીનાર ઈન્ડસ્ટ્રીઝ | કુકડસર, તા. મુંદરા | ૨૦૦-૦૦ | ૨૮૮૯૪ |
| ૩૦ | નારણ ભીમા આહીર | કુકડસર, તા. મુંદરા | ૨૦૦-૦૦ | ૩૩૦૮૨ |

-----------

**ભરૂચ જિલ્લામાં રેશનકાર્ડ અલગ કરવા માટેની અરજીઓ**

૧૨૧૦૦ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં ૩૧ ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ કેટલા રેશનકાર્ડ અલગ કરવા માટેની તાલુકાવાર કેટલી અરજીઓ છેલ્લા એક વર્ષમાં આવી, અને

(૨) મળેલ અરજીઓ પૈકીના કયા તાલુકામાં કેટલા રેશનકાર્ડ અલગ કરવામાં આવ્યા?

**જવાબ**

(૧)

| **તાલુકાનું નામ** | **મળેલ અરજીની સંખ્યા** |
|---|---|
| જંબુસર | ૮૩૫ |
| આમોદ | ૩૨૦ |
| **કુલ** | **૧૧૫૫** |

(૨)

| **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓ પૈકી અલગ** |
|---|---|
| જંબુસર | ૯૫ |
| આમોદ | ૧૯ |
| **કુલ** | **૧૧૪** |

| કુલ | ૧૧૪ |
|---|---|

------------

## સરકારી જમીનોને બિનખેતીની મંજૂરી આપવામાં વિલંબ

૧૧૯૨૨ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારી તથા સરકારનું જેમાં હિત હોય તેવી જમીનોને બીન ખેતીના હેતુ માટે મંજુરી આપવામાં મૂલ્યાંકનની પ્રક્રિયાના કારણે વિલંબ થાય છે તે હકીકત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો એ વિલંબ નિવારવા સરકારે શું પગલાં લીધા છે અને લેવા માંગે છે? | (૨) (અ) મહેસુલ વિભાગના તા. ૬-૬-૨૦૦૩ના ઠરાવ અંતર્ગત જિલ્લા મૂલ્યાંકન સમિતિની બેઠક દર મહિને ઓછામાં ઓછી એકવાર મળે તેવી સૂચનાઓ પ્રસિધ્ધ કરી. (બ) મહેસુલ વિભાગના તા. ૨૨-૧૧-૨૦૦૪ના ઠરાવથી મૂલ્યાંકનની પ્રક્રિયા સરળ બનાવેલ છે. |

------------

## રાજ્યમાં સસ્તા અનાજની દુકાનની ફાળવણીના ધોરણોમાં ફેરફાર

૧૧૯૭૫ **શ્રી સિધ્ધાર્થ મા. પરમાર (રાજકોટ ગ્રામ્ય): માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં રેશનીંગની વ્યાજબી ભાવની દુકાનો આપવામાં પ્રથમ અનુસુચિત જાતિના વ્યક્તિની પસંદગી કરવામાં આવતી અને હાલ આ નિયમમાં ફેરફાર કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) ના જી. |
| (૨) જો હા, તો આ ફેરફાર કરવા પાછળનું કારણ શું છે અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ફેરફાર કરવામાં આવેલ હોય તો કયા પ્રકારનો ફેરફાર કરવામાં આવેલ છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## નવા જિલ્લાઓમાં ગ્રાહક તકરાર ફોરમોની રચના

૧૨૯૮૬ **શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર (પશ્ચિમ): માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના નવા જિલ્લામાં ગ્રાહકોને સ્થાનિક રીતે ન્યાય મળી રહે તે માટે સરકારે કોઈ વિચારણા કરી છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો તેની વિગત શું? | (૨) વિગત નીચે મુજબ છે. (અ) નવ રચિત જિલ્લાઓના મૂળ જિલ્લામાં કાર્યરત ગ્રાહક તકરાર નિવારણ ફોરમો મહિનામાં અમુક ચોક્કસ દિવસોએ સ્થાનિક રીતે કેસો ચલાવે તેવું આયોજન કરેલ છે. (બ) જે જિલ્લામાં પડતર કેસોનું પ્રમાણ વધારે છે તેવા નવા જિલ્લાઓ પૈકીના જિલ્લાઓમાં જિલ્લા ફોરમ સ્થાપવાનું આયોજન કરેલ છે. |

## ગાંધીનગર જિલ્લામાં જમીન બિનખેતી કરવાના કેસો

૧૨૭૨૩ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી)** : **માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં તા. ૧-૧-૦૩ થી તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં કેટલા કિસ્સામાં જમીનોની બિનખેતીની દરખાસ્તો મંજૂર કરવામાં આવી છે, | (૧) ૧૭૫ |
| (૨) કેટલા કિસ્સા ના મંજૂર થએલ છે, અને | (૨) ૨૪૪ |
| (૩) કેટલા કેસો પેન્ડીંગ છે? | (૩) ૮૬ |

------------

## સુરત જિલ્લામાં પેટ્રોલ પંપો પર દરોડા

૧૩૦૫૩ **શ્રી પરેશભાઈ ગો. વસાવા (નિઝર)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ સુરત જિલ્લાનાં તાલુકાઓમાં આવેલા પેટ્રોલ પંપો અને ડીઝલ પંપોમાં માપના ચેકીંગ માટે છેલ્લા બે વર્ષમાં કેટલા દરોડા પાડવામાં આવ્યા, | (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ સુરત જિલ્લાના તાલુકાઓમાં આવેલ પેટ્રોલ પંપો અને ડીઝલ પંપોના માપનાં ચેકીંગ માટે છેલ્લા બે વર્ષમાં કુલ-૧૧૨ દરોડા પાડવામાં આવ્યા. |
| (૨) આ પૈકી કેટલા પંપ પર ગેરરીતિઓ જણાઈ આવી, અને | (૨) આ પૈકી કુલ-૧૭ પેટ્રોલ/ડીઝલ પંપો પર ગેરરીતિઓ જણાઈ આવી. |
| (૩) ગેરરીતિઓ જણાઈ આવી તે અંગે સરકારે શાં પગલાં લીધા? | (૩) વજનમાપ ધારા કલમ/નિયમન ભંગ સબબ કાયદેસરની કાર્યવાહી કરી રૂા. ૩૯,૦૦૦/- માંડવાળ ફી વસુલ કરેલ છે. તથા નામદાર કોર્ટ દ્વારા એક એકમને રૂા. ૫૫૦૦/- દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા અને દંડ ના ભરે તો એક માસની સાદી કેદની સજાનો હુકમ કરેલ છે, અને હાલ એક કેસ નામદાર કોર્ટ ખાતે ચાલુ છે. |

------------

## ભાણવડ, લાલપુર અને ખંભાળીયા તાલુકાની જૂથ પાણી પુરવઠા યોજનાઓ

૧૩૦૨૩ **શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ જામનગર જિલ્લાના ભાણવડ, લાલપુર અને ખંભાળીયા તાલુકાની કુલ કેટલી જૂથ પાણી પુરવઠા યોજના છેલ્લા ત્રણ વર્ષમાં શરુ કરવામાં આવી, અને | (૧) એક જૂથ યોજના |
| (૨) તે પૈકી પૂર્ણ થયેલ નથી, તે યોજના કયારે પૂર્ણ કરવાનું આયોજન છે? | (૨) આ યોજના એપ્રિલ-૨૦૦૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

------------

અધ્યક્ષશ્રીને અધ્યક્ષપદેથી દૂર કરવા માટેના પ્રસ્તાવને સભાગૃહે પરવાનગી આપવા બાબત

**શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : માનનીય અધ્યક્ષશ્રી, હું આ પ્રસ્તાવ મૂવ કરવા માગતો નથી.
**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

### એસ.ટી.બસ કેનાલમાં ખાબકતાં મુસાફરોનાં નિપજેલ મોત અંગે

**શ્રી ભગવાનસિંહ રા. ચૌહાણ (ઠાસરા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)નું ધ્યાન દોરું છું અને તેમને તે સંબંધે નિવેદન કરવાની વિનંતી કરું છું.

"તાજેતરમાં ખેડા જિલ્લાના ડાકોર પાસેની કેનાલમાં એક એસ.ટી. બસ ખાબકતાં બસના તમામ મુસાફરોના મોત નિપજ્યાની કરૂણ ઘટનાથી આજુબાજુના વિસ્તારોમાં વ્યાપેલ શોકની લાગણી દૂર કરવા અને ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે રાજ્ય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં. "

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, તારીખ ૧૨-૩-૨૦૦૫ના રોજ મહી કેનાલ, નેસ ગામ નજીક થયેલ એસ.ટી. બસ દૂર્ઘટના અનુસાર રાત્રે ૮-૦૦ વાગ્યે એસ.ટી. બસ નંબર-જીજે-૧૮-વી-૧૮૫૧ કે જે રાણીયાથી ડાકોર તરફ જતી હતી તે વખતે નેસ ગામ પાસે મહી નદીની કેનાલ પાસે એસ.ટી. બસના ડ્રાયવર શ્રી મહોબતસિંહ એસ. પરમાર, બેજ નંબર- ૧૧૩૧૨ દ્વારા સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા બસ નાળાને અથડાઈને કેનાલમાં પડી ગયેલ હતી. જે સમયે કેનાલમાં ૧૬ થી ૧૮ ફૂટ પાણી હતું, પરિણામે એસ.ટી. બસ સમગ્રપણે પાણીમાં ડૂબી ગયેલ હતી, પરિણામે તે સમયે બસમાં પ્રવાસ કરતા મુસાફરો પૈકી કુલ ૧૬ પ્રવાસીઓના મૃત્યુ થયેલ છે તેમજ એસ.ટી. બસના કંડકટરનું પણ દૂર્ઘટનાને કારણે મૃત્યુ થવા પામેલ છે. એસ.ટી. બસના ડ્રાયવર સ્થળ પરથી નાસી ગયેલ છે, જેમની પોલીસ તપાસ ચાલુ છે. સદરહુ એસ. ટી. બસ પાણી ભરેલી મહી કેનાલમાં ઉથલી પડવાથી તે બસના એક પ્રવાસી શ્રી મહંમદ શફીભાઈ મલેક સમયસર બહાર કૂદી પડતાં બચી જવા પામેલ તેમજ તેમણે આ કેસમાં ફરિયાદી બની ડાકોર પોલીસ સ્ટેશન ખાતે આઈ.પી.સી. ૨૭૯, ૩૦૪-અ, ૩૩૭ તથા મોટર વાહન અધિનિયમ,૧૯૮૮ ની કલમ-૧૭૭ તથા ૧૮૪ મુજબ એસ. ટી. ડ્રાયવર વિરુદ્ધ એફ.આઈ.આર. નોંધવામાં આવેલ છે. આ અકસ્માતની જાણ થતાં નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી, મુખ્ય વ્યવસ્થાપકશ્રી (વહીવટ) તથા મુખ્ય પરિવહન અને વાણિજ્ય વ્યવસ્થાપકશ્રી અકસ્માત સ્થળ ઉપર તાત્કાલિક પહોંચી ગયેલ તે સમયે કેનાલમાં વધુ પાણી હોવાના કારણે તથા રાત્રીનો સમય હોઈ પ્રથમ પાણીનો પ્રવાહ ઉપરથી બંધ કરવામાં આવેલ અને ક્રેઈન તથા ફલડ લાઈટોની વ્યવસ્થા કરીને યુદ્ધના ધોરણે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી, જે સમયે કલેકટરશ્રી, ખેડા, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી તેમજ વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. નડિયાદ પણ સ્થળ ઉપર કામગીરી માટે ઉપસ્થિત રહેલ. રાત્રીના સમયે મોડે સુધી બસમાંથી પ્રવાસીઓને કાઢવા ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ, અમદાવાદના તાલીમબદ્ધ લશ્કરો દ્વારા જહેમત ઉઠાવીને મૃતકો બહાર કાઢી ઓળખવિધિ કરવામાં આવેલ. આ સમગ્ર બનાવના કારણો અને જવાબદારી નક્કી કરવા માટેની ખાસ તપાસ નડિયાદ વિભાગના વિભાગીય પરિવહન અધિકારીશ્રીને સોંપવામાં આવેલ છે. આ દૂર્ઘટનામાં મૃત્યુ પામેલ, પ્રત્યેક મૃતકના વાલી, વારસોને નિગમ તરફથી રૂા.૫૦,૦૦૦ તાત્કાલિક સહાય ચૂકવવામાં આવેલ છે. આ દૂર્ઘટનામાં ૧૨ પુરૂષો સહિત ૦૨ સ્ત્રીઓ તેમજ ૦૨ નાની બાળકીઓના મૃત્યુ થયેલ છે. આ દૂર્ઘટનામાં મહેસૂલ વિભાગ તરફથી રૂા.૫,૦૦૦ વ્યક્તિદીઠ આર્થિક સહાય ચૂકવવાના આદેશ કરવામાં આવેલ છે.

**શ્રી ભગવાનસિંહ રા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, તારીખ ૧૨-૩-૨૦૦૫ના રોજ રાત્રે ૮-૦૦ વાગે ઠાસરા તાલુકાના રાણીયા મુકામેથી ડાકોર આવતી બસ નહેરમાં ગબડી પડતાં ૧૫ મુસાફરોના સ્થળ પર મોત નિપજેલા હતા અને સવારે એક મુસાફરની લાશ હાથમાં આવી હતી. આ કમનસીબ ઘટનાથી સમગ્ર તાલુકામાં દુ:ખની લાગણી અને ઘેરા શોકની લાગણી ફેલાયેલી હતી. જો કે તંત્ર દ્વારા પૂરેપૂરી કાળજી લેતાં અમને પૂરેપૂરો સંતોષ થયો હતો, ખેડા જિલ્લાના માનનીય ધારાસભ્યશ્રીઓ વિષ્ણુભાઈ, પંકજભાઈ, સુંદરસિંહ, અંબાલાલ પણ સ્થળ પર રાત્રે આવ્યા હતા, હજારો માણસોની માનવમેદની વચ્ચે ફાયરબ્રિગેડના કર્મચારીઓએ એક કલાકમાં જ ત્યાં આવીને કેનાલના ગેઈટના દરવાજા બંધ કરીને ભારે જહેમત બાદ પંદર લાશો બહાર કાઢવામાં આવી હતી. તંત્ર દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રીને જાણ થતાં બીજાજ દિવસે દરેક મૃતકોને પચાસ પચાસ હજારની સહાય અને બીજા પાંચ હજાર રૂપિયાની સહાય પણ આપી દેવામાં આવી હતી. માનનીય મુખ્યમંત્રીશ્રીનો હું ખૂબ ખૂબ આભાર માનું છું, પણ વાત માત્ર એટલી જ છે કે ભવિષ્યમાં આવા અકસ્માતો ન બને તે માટે જાહેર રસ્તા પર જ્યારે કેનાલ પસાર થતી હોય ત્યારે સરકારી તંત્ર દ્વારા કેનાલ પર રેલિંગની વ્યવસ્થા કરવી જોઈએ અને આવા

ડ્રાયવરને તંત્ર દ્વારા પકડવામાં આવ્યા છે કે કેમ અને તેમને કડકમાં કડક શિક્ષા થવી જોઈએ એવી હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે બનાવ બન્યો છે એમાં કોની બેદરકારી છે, તંત્રની બેદરકારી છે કે ડ્રાયવરની બેદરકારી છે?, ડ્રાયવરની બેદરકારી નથી, બેદરકારી તો તંત્રની છે એટલા માટે કે આપણે જ્યારે હાઈવે પર જઈએ છીએ ત્યારે જોઈએ છીએ કે કેટલીય બસો પડેલી હોય છે, રસ્તામાં બે - ચાર બસો તો પડેલી જ રહેતી હોય છે એટલે તંત્ર બરાબર નથી, તંત્રના એન્જિનિયરો બરાબર નથી, બસને એ લોકો રિપેર કરાવતા નથી, એમણે જોવું જોઈએ કે આ બસની બ્રેક બરાબર નથી. બ્રેક બરાબર ન હોય તો ડ્રાયવર કેવી રીતે બસને કાબૂમાં રાખી શકશે. બસની બ્રેક જો બરાબર હોત તો આ ન બનત. બસની બ્રેક સારી નહોતી એટલે તૂટી પડી એટલે આ બન્યું છે. પણ એસ. ટી.ના તંત્રએ આ વ્યવસ્થિત કરીને બસ મૂકી હોત તો આ બનાવ બનત નહિ તો આ બનાવ માટે તંત્ર જવાબદાર છે, નહિ કે ડ્રાયવર, ડ્રાયવર તો ગરીબ માણસ હોય બિચારો, ખોટી રીતે ઓછું કોઈને મારી નાંખે, વીસ માણસોને અકસ્માત કરીને કેમ મારી નાંખે ડ્રાયવર? આ બ્રેક નહિ લાગવાથી બસ પડી ગઈ છે. બ્રેક નહિ લાગી એટલા માટે તંત્ર જવાબદાર છે. ડાકોર પાસે જે દૂર્ઘટના બની એમાં જે ઉચ્ચ અધિકારી કે વિભાગીય કચેરી છે જે મિકેનિકલ સ્ટાફ છે એમણે જોવું જોઈએ. તેને જોવું જોઈએને કે આ કેમ શું હતું. કેટલી બસો રસ્તામાં પડેલી છે બે-ત્રણ પડેલી જ હોય છે પછી લોકો મરી જ જાયને? એટલે તંત્ર જવાબદાર છે. એટલે આ બસો છે તે સારી કરવી જોઈએ, સારી રાખવી જોઈએ. આ જનહિતનું કામ છે અને આમાં ગમે એટલો ખર્ચો કરવો હોય તો કરવો પડે. આ દૂર્ઘટના બને છે તેમાં વ્યવસ્થા ગોઠવવી જોઈએ. આ ઘટના બની તે વખતે તેઓ તાત્કાલિક સ્થળ ઉપર ગયા હોત. અકસ્માત પછી ક્યારે કાઢ્યા, જુઓ, તાત્કાલિક ઉપાય ના કર્યો એટલે મરી ગયા. આમાં થોડું તાત્કાલિક કર્યુ હોત તો જીવત.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ડાકોરની અંદર જે કમનસીબ દૂર્ઘટના થઈ છે તેમાં એકી સાથે ૧૬ પ્રવાસીઓના મૃત્યુ થયાં. સામાન્ય રીતે જે એસ.ટી.ના ડ્રાયવરો છે તે બીજા જે પ્રાયવેટ અને ખાનગી બસો ચાલે છે તેના પ્રમાણમાં તાલીમ પામેલ અને થોડું સલામત ડ્રાઈવીંગ કરતા હોય છે એવો સામાન્ય અનુભવ જે કાયમ બસમાં મુસાફરી કરવાવાળાનો રહ્યો છે,પરંતુ છેલ્લા દિવસોની અંદર આ એસ.ટી.ના પોતાના અકસ્માત અને એસ.ટી.સાથે બીજા વાહનો જે ભટકાય છે અને તેને કારણે અકસ્માત બનવાની ઘણી બધી ઘટનાઓ પ્રકાશમાં આવી છે. એસ.ટી.માં જે બસ છે માનનીય સભ્યશ્રીએ સાચી વાત કરી કે આજે લગભગ જે તેના નિયત કરેલા કિલોમીટરો છે..

**શ્રી અમિત અ. શાહ** : મારા નિવેદન કરતા લાંબો પ્રશ્ન ના હોઈ શકે?

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : લાંબો પ્રશ્ન નથી, કારણોમાં હું જાઉં છું. મારે ધ્યાન દોરવાનું છે. ઠરાવ છે અને આપે સાંભળવો જોઈએ અમિતભાઈ,

**શ્રી અમિત અ. શાહ** : વિભાગની ચર્ચા વખતે બોલવાનું હોય અત્યારે તો પ્રશ્ન પૂછવાનો હોય. જવાબ મારે આપવાનો છે તમે જવાબ કયાં આપો છો.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : પ્રશ્ન સાંભળવાની તૈયારી રાખો પહેલાં. આજે દરરોજ બસના જે કિલોમીટર પૂરા થઈ ગયા. આજે એસ.ટી.પાસે ભાગ્યે જ ૫-૫૦ બસ એવી હશે કે જે તેના કિલોમીટરો પૂરા થવાના બાકી હોય. આપનું ધ્યાન દોરું છું. (અંતરાય) આ ટૂંકી મુદ્દતનો પ્રશ્ન નથી. આ આપના મારફતે ધ્યાન દોરું છું આને કારણે દરરોજ હાઈવે હોય કે નાના રસ્તા હોય તેની ઉપર એસ.ટી.બસો બંધ પડી જાય છે. ડ્રાયવર કાબૂ ગુમાવે છે, સ્ટીયરીંગ ઉપરનો કાબૂ ગુમાવે છે, બ્રેક ઉપરનો કાબૂ ગુમાવે છે અને હમણાં તો એવો સરવે થયો કે જે એકસ્પ્રેસ હાઈવે છે તેમાં એવરેજ દરરોજ ૯ બસ એકસ્પ્રેસ હાઈવે ઉપર પડી રહી છે અને તેને કારણે મહિનાની અંદર ૫ થી ૭ અકસ્માતો આવી બસની સાથે બીજા વાહનો અથડાવાથી થાય છે. ખૂબ ગંભીર બાબત છે એટલે અત્યારની જે બસો છે તે ચાલવા લાયક કેટલી રહી છે તેની તપાસ માનનીય અધ્યક્ષશ્રી ઈન્ડીપેન્ડન્ટ એજન્સી મારફતે કરાવવી પડે તે પ્રકારની બસની આજે હાલતો થઈ ગઈ છે અને જો આવુ નહીં કરે તો આજે તો ભલે ૫૦ હજાર રૂપિયા જિંદગીની કિંમત આંકી હોય પણ ૫૦ હજાર નથી જિંદગી અમૂલ્ય છે. તેની કિંમત અમૂલ્ય છે. વજુભાઈ ચિંતા કરવી જોઈએ. આ ખૂબ ગંભીર બાબત છે આપ ઘણી બધી રમૂજ કરી શકો છો. પ્લીઝ, આની અંદર રમૂજ કરવા જેવું નથી.

**શ્રી વજુભાઈ વાળા** : આપ ૧૧૬ની નોટિસ વાંચી જુઓ તેમાં બે-ત્રણ પ્રશ્નો પૂછાય.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : હું ધ્યાન દોરું છું આમાં ટૂંકી મુદ્દતનો પ્રશ્ન નથી.

**શ્રી વજુભાઈ વાળા** : નોટિસ છે. પ્રશ્નોત્તરી મુજબ પ્રશ્નો પૂછાય.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : હા મને ખ્યાલ છે. એટલે દરરોજ આટલા અકસ્માતોને કારણે આટલા માણસો મરે છે અને એટલું જ નહીં પરંતુ બીજી ખાનગી બસોમાં રોજમદાર ડ્રાઈવરોના કારણે પણ મરે છે. એટલે આના માટે જે આ એસ.ટી.ની બસો છે એની જે નિયત થયેલ એની લાઈફ છે એટલે કે એના જે નિયત થયેલા કિલોમિટર હોય છે એ ચકાસવા માગે છે કે કેમ અને જે ખાનગી બસો ચાલે છે અને એમાં કોઈપણ ધારાધોરણ વિનાના ડ્રાઈવરોથી ચલાવાય છે એના માટે આ સરકાર કોઈ પગલાં લેવા માગે છે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આ ગૃહમાં જે બજેટ રજૂ થયું એ બજેટમાં જ આ એસ.ટી. માટેની જે જોગવાઈ કરવામાં આવી છે એ જોગવાઈનો જો અભ્યાસ કર્યો હોત તો આ પ્રશ્ન જ ઉભો થયો ના હોત. રાજયની સ્થાપના થયા પછી પહેલીવાર ૧૮૫ કરોડ રૂપિયા રાજય સરકાર તરફથી એસ.ટી.ની બસોની ખરીદી માટે સહાયના આપવામાં આવ્યા છે. એટલે આ વસ્તુ ઉપર પણ ધ્યાન આપવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. સવાલ નવી બસો, જૂની બસો એ બરાબર છે, પરંતુ આર.ટી.ઓ. નો નિયમ છે એ પ્રમાણે એસ.ટી.ની દરેકે દરેક બસની નિયમ પ્રમાણે ચકાસણી થાય છે અને એ ચાલવા લાયક છે કે નહીં એનું સર્ટિફિકેશન થાય છે અને એ પ્રમાણે આ બસનું પણ સર્ટિફિકેશન થયું છે અને એમાં કોઈપણ પ્રકારની તાંત્રિક ખામી નહોતી એવું જણાવાયા પછી જ આ બસ રોડ ઉપર આવી છે. બસ ખોટકાય અને અકસ્માત થાય એ અલગ વસ્તુ છે, તાંત્રિક ખામીનું સર્ટિફિકેશન સમયસર થઈ ચૂકયું હતું અને એ પછી જ આ બસ રોડ ઉપર મૂકી હતી એટલે એમાં તાંત્રિક ખામીને લીધે અકસ્માત થવાનો પ્રશ્ન ઉભો થતો નથી. બાકી દુ:ખ તો અમને પણ તમારા બધા જેટલું જ છે, આ પ્રશ્નને કોઈ જ હળવાશથી લીધો નથી, ખૂબ જ ગંભીરતાથી લીધો છે અને યોગ્ય પગલાં ભરવાની જરૂર હોય તો ચોકકસ ભરવામાં આવશે અને અત્યારસુધીમાં એસ.ટી.નો અકસ્માત થાય તો વધુમાં વધુ ૨૫ હજાર રૂપિયા ચૂકવાયા હતા, પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રીએ બીજા જ દિવસે નિર્ણય કરીને એડહોક સહાય તરીકે ૫૦ હજાર રૂપિયા ચૂકવી દીધા છે અને પાંચ હજાર રૂપિયાની સહાય રેવન્યુ વિભાગ તરફથી પણ ચૂકવાયેલ છે અને ડ્રાઈવરની પણ જે ચિંતા માનનીય સભ્યશ્રી તરફથી કરવામાં આવી કે ડ્રાઈવરની ધરપકડ કરવામાં આવી છે કે કેમ? તો ડ્રાઈવરની પણ ધરપકડ કરવામાં આવી છે.

**શ્રી રાકેશ રાવ** : માનનીય અધ્યક્ષશ્રી, ખેડા જિલ્લામાં આજે બસના અકસ્માતની ઘટના બની એના કારણે જિલ્લામાં એક ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે. અકસ્માત થયો એ અકસ્માત જ છે, પરંતુ માનવીય ભૂલને કારણે જો આવા અકસ્માતો થતા હોય તો તંત્રે ભવિષ્યમાં ચિંતા કરવા માટેની પણ જોગવાઈ કરવી જોઈએ. મારી જાણમાં આવ્યું છે કે આ જે ડ્રાઈવર હતો એ દારૂ પીધેલ હાલતમાં હતો અને જયાં સુધી એ દારૂ ના પીએ ત્યાં સુધી બસ ચલાવતો નહીં એવા પ્રકારની વાત હતી. તો એ બાબતમાં તંત્ર શું કાર્યવાહી કરવા માગે છે અને બીજું કે આ ડ્રાઈવરો જયારે અનેક નિર્દોષ માણસોની જીંદગીને લઈને વહન કરતા હોય છે એ સંજોગોમાં ડ્રાઈવર જયારે ફરજ ઉપર હોય ત્યારે એ પીધેલ હાલતાં છે કે નહીં એની તપાસણી કરવા માટે શું કાર્યવાહી કરવા માગે છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી રાકેશભાઈએ જે વાત કરી એ અમારી આ તપાસ જેને સોંપવામાં આવી છે એ દાયરામાં પહેલેથી જ આવી જાય છે.ડ્રાઈવર એ વખતે પીધેલી હાલતમાં હતો કે નહીં એ બાબતમાં શિક્ષણાત્મક અને શિક્ષાત્મક બન્ને પગલાં ભરવાની એસ.ટી.માં વ્યવસ્થિત જોગવાઈ છે. એમને નિમણૂક આપણાં પહેલાં બે અઠવાડિયાની તાલીમ આપવામાં આવે છે, ઈન્સપેકટિંગ ઓથોરિટી મારફત એનું ચેકિંગ પણ થાય છે, ડેપો મેનેજર દ્વારા મહિનામાં એકવાર મિટિંગ થતી હોય છે અને નશા મુકત થાય એના માટેના સામાજીક સંગઠનો દ્વારા એના માટેનું પણ કાઉન્સિલીંગ થતું હોય અને આર.ટી.ઓ.ના સાધનથી પણ એન.જી.ઓ. દ્વારા તાલીમની વ્યવસ્થા કરેલ છે, પરંતુ કોઈ અકસ્માત થાય એમાં જવાબદાર હોય એના માટે પગલાં ભરવાં જોઈએ અને એમાં કોઈ કચાશ રાખવામાં આવશે નહીં.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આ દૂર્ઘટના માટેની કોઈ ઉચ્ચ કક્ષાની તપાસ સમિતિ સરકાર નીમવા માગે છે કે કેમ અને આ જે બસ હતી એ ૧૦ લાખ કિલોમિટર ઉપર ચાલેલી હતી કે એનાથી ઓછા કિલોમિટર ફરેલી હતી?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આની તપાસ તો એસ.ટી.એ મૂકી જ દીધી છે અને એના નિયમ પ્રમાણેના કિલોમિટરની મારી પાસે અત્યારે માહિતી નથી, પરંતુ એક વાત અગાઉ પણ કહી છે અને ફરીવાર ગૃહના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે આ બસ માર્ગ ઉપર ચાલવા માટે યોગ્ય હતી કે નહીં એની તપાસ આર.ટી.ઓ. દ્વારા થઈ ગઈ હતી અને એનું સર્ટિફિકેશન થયા પછી જ આ બસ માર્ગ ઉપર મૂકવામાં આવી હતી.

# મુખ્યમંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)
## ડ્રીપ/સ્પ્રિંકલર જેવી માઈક્રોઈરિગેશન પદ્ધતિ દાખલ કરવા અંગે

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (મુખ્યમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, એક મહત્વની યોજનાની જાહેરાત માટે હું ઉભો થયો છું. જળસંપત્તિ, પંચામૃત યોજના, જળ સંચયનું દેશમાં સિમાચિન્હ રૂપ કામ આપણે કરી શકયા છીએ, અને લોકભાગીદારીથી કરી શકયા છીએ. પરંતુ એમાં હજુ આધુનિકતા લાવી શકાય અને ખેડૂતોને સીધો લાભ મળે તે દૃષ્ટિથી એક બહુ જ મોટી મહત્વાકાંક્ષી યોજના આ રાજય સરકારે વિચારી છે. આ ગૃહમાં હું આ વિષય એટલા માટે મૂકું છું કે મારી અપેક્ષા છે કે માનનીય ધારાસભ્યશ્રીઓ પોતાના ક્ષેત્રના ખેડૂતોને આ

બાબતમાં પ્રેરિત કરે અને આધુનિકતા તરફ જો લઈ જશે તો ખેડૂતોને પણ મોટો લાભ થશે. અને તેથી બધાના સહકારની અપેક્ષાએ હું આ નિવેદન કરવા ઉભો થયો છું.

"ગુજરાત રાજયમાં પિયત હેઠળનો વિસ્તાર મર્યાદિત છે. રાજયમાં પાણીના સ્ત્રોત પણ મર્યાદિત છે. આથી પાણીના વૈજ્ઞાનિક વ્યવસ્થાપન દ્વારા મહત્તમ ખેત ઉત્પાદન ઓછા ખર્ચે થાય અને કિસાનોની આવક બમણી થાય તે દિશામાં રાજય સરકારે રાજયના કિસાનોને પ્રેરિત કરવા અને જળ શકિત ક્રાંતિ દ્વારા કૃષિ ક્ષેત્રે આધુનિક કાયાપલટ થાય તે માટે રાજયમાં જળસંચય અભિયાન હાથ ધરેલ છે. રાજયમાં સિંચાઈના વિવિધ સ્ત્રોતોમાંથી પાણીનો ખૂબ જ કાર્યક્ષમ અને કરકસરભર્યો ઉપયોગ થાય તે હેતુસર વિવિધ વિભાગો દ્વારા ડ્રીપ/સ્પ્રિંકલર જેવી માઈક્રોઈરીગેશન પદ્ધતિ અમલમાં મૂકવામાં આવેલ છે. આ જુદી જુદી યોજનાઓમાં સહાય આપવાની કાર્યપદ્ધતિ, સહાયના ધોરણો તેમજ શરતો અને બોલીઓ જુદા જુદા હોવાથી યોજનાના લાભ મેળવતી વખતે કિસાનો દ્વિધા અનુભવે છે, આથી પ્રક્રિયામાં રહેલી તમામ અસમમાનતાઓ અને વિસંગતતાઓ દૂર કરી ઉપલબ્ધ નાણાંનો વધુ કાર્યક્ષમ ઉપયોગ કરી વધુ ને વધુ કિસાનોને લાભ આપી શકાય તે હેતુથી એક સંકલિત યોજના અમલમાં મૂકવાનું સરકારની વિચારણામાં હતું.

આ ગૃહને જણાવતાં મને આનંદ થાય છે કે સરકારે આ અનુસંધાને રૂ.૧૫૦૦ કરોડના અંદાજીત ખર્ચથી એક સંકલિત યોજના અમલમાં મૂકવાનું નક્કી કર્યુ છે, જે અંતર્ગત ગ્લોબલ ગુજરાત ઈન્વેસ્ટમેન્ટ સમીટ ૨૦૦૫ દરમિયાન કરવામાં આવેલી જાહેરાત મુજબ રાજય સરકારે એક સ્પેશિયલ પરપઝ વ્હીકલ તરીકે ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપનીની સ્થાપના કરેલ છે. આ કંપની ડ્રીપ સ્પ્રિંકલર જેવી માઈક્રોઈરિગેશન પદ્ધતિની યોજનાનો સંકલિત રીતે અમલ કરવાનું કામ કરશે. આ યોજના હેઠળ કોઈપણ પાક માટે કોઈપણ કિસાન સહાય મેળવી શકશે. યોજનાનો લાભ મેળવવા ઈચ્છતા ખાતેદારો તરફથી માંગણી થતાં સ્થળની તાંત્રિક અને ભૌતિક ચકાસણી કરી કંપની દ્વારા તેમના ખેતરમાં સંપૂર્ણ રીતે જે તે સેટ ગોઠવી આપવાની વ્યવસ્થા કરવામાં આવશે. આ માટે ખર્ચના પ્રાથમિક હિસાબ પેટે કંપનીએ નક્કી કરેલ રકમના ૫ % પોતાના ફાળા તરીકે કિસાનો દ્વારા જમા કરાવવાની થશે. સમગ્ર યોજનામાં માત્ર પાંચ ટકા રકમ જ ખેડૂતોએ પ્રારંભમાં આપવાની રહેશે. ૫૦ ટકા સબસિડી આપવામાં આવશે અને ૪૫ ટકા જે રકમ છે તે નાબાર્ડના લાંબાગાળાના ધિરાણના દરે એને લોન ઉપલબ્ધ કરી આપવા માટે થઈને પ્રબંધ કરવામાં આવશે.

જે રીતે ચેક ડૅમની મોટા ભાગની માગણીઓ લોક ભાગીદારીને જોડીને રાજય સરકારે પૂરી કરી તેમજ ખેત તલાવડીનું વ્યાપક અભિયાન પણ પૂર્ણ કર્યુ, તે જ ધોરણે ગુજરાતના કિસાનોને ઉપલબ્ધ સિંચાઇના સ્ત્રોતમાંથી ડ્રીપ, સ્પ્રિંકલર જેવી માઈક્રો ઈરિગેશન પદ્ધતિ પૂરી પાડવા રાજય સરકાર કટિબદ્ધ છે. આ અંગે એક લોક જાગૃતિ અભિયાન પણ સરકાર હાથ ધરવા માગે છે. રાજયના પાણીની ઓછી ઉપલબ્ધિવાળા વિસ્તારોને આ પદ્ધતિએ સિંચાઇ માટે પાણી પહોંચાડી વધુને વધુ કિસાનોને પિયત હેઠળ આવરી લેવાનો રાજય સરકારનો ઉદ્દેશ છે, તે આ યોજનાથી સિદ્ધ થશે. આ વાત આ નિવેદન દ્વારા આ સભાગૃહ સુધી પહોંચાડવાની રજા લઉં છું.

**શ્રી અશોક ભટ્ટ (વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે સરકારી કામકાજ માટે એક કલાકનો જ સમય રહે છે. એમાં આપણી પાસે પાંચ બિલો છે. વિરામ પછીનો પિરિયડ છે એમાં બિન સરકારી કામકાજ છે. તેથી પહેલા સરકારી કામકાજ હાથ ધરીએ અને એ પૂરું થઈ જાય પછી બિન સરકારી કામકાજ હાથ ધરવામાં આવે.

**અધ્યક્ષશ્રી** : સરકારી વિધેયકો પૂરાં થાય, એટલો સમય લંબાવીએ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : જે સમય છે એ પ્રમાણે જ કામકાજનો ક્રમ નક્કી થયેલો છે.

**અધ્યક્ષશ્રી** : આપણી પાસે સરકારી કામકાજ માટે ફક્ત પોણો કલાક જ રહે છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : આપણી પાસે હજી આવતી કાલનો દિવસ છે જ. કામકાજ સલાહકાર સમિતિની બેઠકમાં એવું નક્કી થયું હતું કે આપણી પાસે જે સમય છે એ સમય દરમિયાન પૂરું થાય તો ઠીક છે નહિ તો એના પછીના દિવસે લેવું. આજે આપણી પાસે જે સમય છે એ દરમિયાન થાય તો વાંધો નથી.

**અધ્યક્ષશ્રી** : આપણી પાસે પોણો કલાક જ વધશે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : આવતી કાલે સમય છે જ.

**શ્રી અશોક ભટ્ટ** : બે-ત્રણ બિલો જ છે. પછી સરકારી કામકાજ રહેતું જ નથી. એટલે આવતી કાલે બેઠક બોલાવવાની રહેશે નહિ. પાંચ બિલો પસાર થઈ જાય. કાલે બિલ લવાતું હતું ત્યારે કહ્યું હતું અને આજે ફરીથી વિનંતી કરું છું કાલે આપે જ કહ્યું હતું કે બિલો પૂરા કરીશું.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : મેં અશકિત દર્શાવી હતી. કામકાજ હોય તો ૧૮ તારીખ સુધી અમે ગૃહ ચલાવવા માગીએ છીએ એવું મેં ત્યાં પણ કહ્યું હતું અને અહીંયા પણ વાત કરું છું. અમે બીજી વાત જ નથી કરી. છેલ્લે કામકાજ સલાહકાર સમિતિ મળી ત્યારે આ વાતનો આગ્રહ રાખ્યો હતો. કામકાજ હોય તો ૧૮ તારીખ સુધી લઈ જઈએ છીએ અને કામકાજ પૂરું થઈ જાય તો મને વાંધો નથી.

**અધ્યક્ષશ્રી** : સમય એક કલાકનો જ છે.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, એકાદ કલાક લંબાવવામાં આવે તો કામકાજ પૂરું થઈ જાય તેમ છે.

**શ્રી અશોક ભટ્ટ** : નહિતર મારે પ્રસ્તાવ મત માટે મૂકવો પડે.

**અધ્યક્ષશ્રી** : પ્રસ્તાવ મૂકીએ એ ઠીક નહિ.

**શ્રી અશોક ભટ્ટ** : એટલા માટે હું વારંવાર વિનંતી કરું છું. આપણે બે કલાક ચાર કલાક જેટલું ખેંચવું હોય એટલું ખેંચીશું. ચર્ચા જેટલી થાય એટલે અમને કોઈ વાંધો નથી. વિરામની અંદર કામકાજ સલાહકાર સમિતિની બેઠક બોલાવવામાં આવે એની અંદર ચર્ચા કરી લઈએ.

**અધ્યક્ષશ્રી** : અહીંયા પ્રસ્તાવ મૂકવાની પ્રણાલિકા નથી.

**શ્રી અશોક ભટ્ટ** : કામકાજ સલાહકાર સમિતિની બેઠક વિરામમાં બોલાવવા આપને વિનંતી કરું છું. ત્યાં સુધી કામકાજ હાથ ધરવામાં આવે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : કામકાજ સલાહકાર સમિતિ તો બીજું કંઈ નવું કામકાજ ઉમેરવાનું હોય તો બોલાવવામાં આવે. એની ચર્ચા અહીંયા થઈ શકે નહિ. એટલે આ કામકાજ સલાહકાર સમિતિ ગઈકાલે મળી હતી એમાં ક્રમમાં ફેરફાર કરવાનો હતો એ કરી લીધો છે. ક્રમમાં ફેરફાર કરવાનો હતો એ કરી લીધો. બીજું કંઈ કરવા પૂરતું છે નહીં.

**શ્રી અશોક ભટ્ટ** : કામકાજ સલાહકાર સમિતિ બોલાવવાનો આપનો અધિકાર છે. હું આપને વિનંતી કરું છું કે કામકાજ સલાહકાર સમિતિની બેઠક વિરામના સમય દરમ્યાન બોલાવવામાં આવે અને આપણે તેમાં ચર્ચા કરીએ.

# વિધેયકો (સરકારી)

સન ૨૦૦૫નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨૫

**શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વિધેયક, ૨૦૦૫**

સંસ્કૃત અને સંસ્કૃત સાહિત્યમાં વૈજ્ઞાનિક સંશોધન અને બૃહદ અભ્યાસ હાથ ધરવા અને તેના અધ્યાપનના હેતુથી, સંસ્કૃત અને સંસ્કૃત સાહિત્યમાં પ્રસ્તુત થયેલા વૈશ્વિક મૂલ્યો, જ્ઞાન, પ્રજ્ઞા અને દર્શનને અને જનસમુદાયની આવશ્યકતાઓ અને અર્વાચીન વૈજ્ઞાનિક અને પ્રોદ્યોગિકીયુકત પ્રગતિના સંદર્ભમાં, પ્રગટ કરવા અને તેનું વ્યવહારોપયોગી અર્થઘટન કરવાના હેતુથી, ગુજરાત રાજયમાં શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી તરીકે ઓળખાતી શિક્ષણ આપતી અને જોડાણ કરતી યુનિવર્સિટીની સ્થાપના અને સંસ્થાપન કરવા માટેની જોગવાઈ કરવા બાબત વિધેયક.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શિક્ષણમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૨૫-સન ૨૦૦૫નું શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વિધેયક આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૨૫-સન ૨૦૦૫નું શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આખાય ગુજરાતમાંથી અનેક કેળવણીકારો, શિક્ષણવિદો, સંસ્કૃતના પંડિતો અને સંસ્કૃત પાઠશાળા ચલાવતા સૌ ટ્રસ્ટીઓની વર્ષોથી એક માગણી હતી કે ગુજરાતમાં એક સંસ્કૃત યુનિવર્સિટી બનાવવામાં આવે. આપણાં જ ગુજરાતના અને ભારતના પનોતાપુત્ર સરદાર વલ્લભભાઈ પટેલ આઝાદી મળ્યા પછી પહેલી વાર જ્યારે ૧૩મી નવૅમ્બર-૧૯૪૭ના દિવસે સોમનાથની મુલાકાતે આવ્યા અને તે સમયે સોમનાથનું મંદિર ભગ્ન હાલતમાં જોયું, તૂટેલી હાલતમાં, ખંડેર અવસ્થામાં જોયું. ત્યારે તેમણે સોમનાથના દરિયા કિનારે જઈને હાથમાં સમુદ્રજળની અંજલિ લઈને સંકલ્પ કર્યો હતો કે આ સોમનાથ મંદિરનું હું પુન:નિર્માણ કરાવીશ અને તેમની સાથે કનૈયાલાલ મુન્શી પણ જોડાયા અને આ બન્ને મહાપુરુષોના પ્રયત્નોના કારણે એમના તન, મન અને ધનથી આજે સોમનાથનું ભવ્ય મંદિર ઉભું થયું છે. મંદિર

* વિધેયક તા. ૧૧મી માર્ચ,૨૦૦૫ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

તો બન્યું અને તેની જ્યારે પ્રાણપ્રતિષ્ઠા થઈ ૧૧મી મે, ૧૯૫૧ના દિવસે. આપણા જ દેશના પહેલાં રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્રપ્રસાદજીના વરદ હસ્તે જ્યારે પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી ત્યારે પણ એ સમયે એક સંસ્કૃત પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું અને એ વખતે પણ નિર્ણય કરવામાં આવ્યો હતો કે ગુજરાતમાં અને ખાસ કરીને સોમનાથમાં સંસ્કૃત યુનિવર્સિટીની સ્થાપના કરવી જોઈએ અને આગળ વધવું જોઈએ. એ વખતે પણ આ નિર્ણય કરવામાં આવ્યો હતો. કોઈને કોઈ કારણવશાત્ આ સંસ્કૃત યુનિવર્સિટી ગુજરાતમાં ન બની શકી. ત્યાર પછી વારંવાર મેં કહ્યું તેમ અનેક સંસ્કૃતના પંડિતો અને દેશભરમાંથી પણ અનેક વ્યકિતઓના સંસ્કૃત યુનિવર્સિટી ગુજરાતમાં બનાવવી જોઈએ તેના માટેના વિચારો વ્યક્ત થયા, મળવા પણ આવતા હતા અને વાત પણ કરતા હતા. આજે જ્યારે રાજય સરકારે સંસ્કૃત યુનિવર્સિટી બનાવવા માટેનો નિર્ણય કર્યો છે ત્યારે રાજય સરકારે એ પણ નિર્ણય કર્યો છે કે સંસ્કૃત યુનિવર્સિટીનું સ્થાન સોમનાથ ભગવાન જ્યાં બિરાજમાન છે તે જ સ્થાન ઉપર હશે. કારણ કે આપણો જે પ્રાચીન ગ્રંથ ઋગ્વેદ છે તેમાં સોમતીર્થનો ગૌરવભર્યો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને તેના માટે એમ કહેવામાં આવ્યું છે કે-

યત્ર ગંગા ચ યમુના ચ યત્ર પ્રાચી સરસ્વતી
યત્ર સોમેશ્વરો દેવઃ તત્ર મામ્ અમૃતમ્ દ્યુતિ.

આ આપણા ઋગ્વેદમાં કહેવામાં આવ્યું છે. એટલે આપણને એમ લાગે કે સોમનાથનું સ્થાન એ કેટલું પવિત્ર છે અને આજથી હજારો વર્ષ પહેલાં સોમતીર્થનો ગૌરવભર્યો ઉલ્લેખ આપણાં ઋગ્વેદમાં પણ કરવામાં આવ્યો છે. સોમનાથ માત્ર એક આધ્યાત્મિક સ્થાન નથી રહ્યું પણ આધ્યાત્મિક વિદ્યા સાથે વેદ વિદ્યા, સંસ્કૃત સાહિત્ય, અને પદાર્થ વિજ્ઞાનના વિકાસનું પણ મહત્ત્વનું કેન્દ્ર રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં બહુ જ આનંદ થાય છે કે, કેવી કેવી વ્યકિતઓએ આ સોમનાથનું જે સ્થાન છે એની અંદર આવીને કેવા સુંદર કામો કર્યા છે અને પ્રેરણા લેવા જેવા કાર્યો એમણે કર્યો છે એનો ઉલ્લેખ કર્યા વગર રહી શકતી નથી. મહર્ષિ વેદ વ્યાસના મહાન શિષ્ય ઋષિ વૈષ્વંપાનો આશ્રમ પણ પ્રભાસમાં હતો. તેમજ તેમના દોહિત્ર મહર્ષિ યાજ્ઞવલ્ક્યે પણ અહીં યર્જુવેદના અભ્યાસની શરૂઆત કરી હતી. આધુનિક અણુવિજ્ઞાને જેમાંથી પ્રેરણા લીધી છે એવા પ્રાચીન પદાર્થ વિજ્ઞાની મહર્ષિ અક્ષપાત કણાદ પણ પ્રભાસ ક્ષેત્રના નિવાસી હતા એવું વાયુપુરાણની પરંપરાઓથી પ્રસ્થાપિત થયું છે. ભારતના સર્વ દર્શનોમાં આ મહત્ત્વનું દર્શન વૈષ્ટિક દર્શન છે. એ મહર્ષિ કણાદની ઉપલબ્ધિ છે. તદ્ઉપરાંત શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય, શ્રી મહાપ્રભુજી વલ્લભાચાર્યજી તેમજ દેવાનંદ જેવી વિભૂતિઓએ અહીંની યાત્રા, તપસ્યા અને દર્શન કર્યા છે. મધ્યયુગીન સોલંકી કાળમાં શ્રી પ્રભાસ વેપાર, વાણિજ્ય, કલા, સાહિત્ય, સંગીત અને નૃત્ય વગેરે વિદ્યાઓના ઉપાર્જન માટેનું મહત્ત્વનું કેન્દ્ર હતું. આમ શ્રી પ્રભાસ અધ્યાત્મ સંસ્કૃતિ અને વિદ્યાભ્યાસ તેમજ સામાજિક ચેતનાનું પ્રેરણાતીર્થ બની રહ્યું છે. ત્યારે અને જ્યારે પ્રભાસ પાટણ આવીને સરદાર વલ્લભભાઈ પટેલે સંસ્કૃત યુનિવર્સિટી બનાવવી જોઈએ એવી વાત કરી હોય ત્યારે આપણે સૌ સાથે મળીને સોમનાથને રાષ્ટ્રીય અસ્મિતા અને આધ્યાત્મિક ચેતનાની સાથે સાથે સંસ્કૃત ભાષા અને વેદવિજ્ઞાનના વિદ્યાદાન તરીકે વિકસાવવા ઉદ્યમ કરીએ અને તે રીતે અખંડ ભારતના નિર્માતા આપણા આદ્ય પુરુષ સરદારશ્રી વલ્લભભાઈ પટેલનું સ્વપ્ન પણ સાકાર કરીએ અને એટલા માટે રાજય સરકાર ગુજરાતની અંદર આ યુનિવર્સિટી બને એના માટેનું બિલ લઈને હું આવી છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ યુનિવર્સિટી જે બનશે એમાં વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો હશે. જેમાં વાસ્તુશાસ્ત્ર, કર્મકાંડ, યજ્ઞ કાર્યો, જયોતિષ, લલિતકલાઓ, વનસ્પતિજન્ય ઔષધિ નિર્માણ, સંસ્કૃત શિક્ષણ- પ્રશિક્ષણ. એ ઉપરાંત સંશોધનલક્ષી વિષયો પણ એમાં ઉમેરવામાં આવશે. જેમાં સંસ્કૃત અને વિજ્ઞાનો જેવાં કે, રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, વિમાનશાસ્ત્ર, વૈદિક વિજ્ઞાન વગેરે. તે ઉપરાંત પૂરાલિપિશાસ્ત્ર, હસ્તપ્રત વિદ્યા, પુરાતત્ત્વ વિભાગ. એ ઉપરાંત અધ્યયન લક્ષી અભ્યાસક્રમો પણ આની અંદર ઉમેરવામાં આવશે. જેમાં સંસ્કૃત વાક્વ્યવહાર કે જેમાં વિદ્યાથી અથવા તો શિક્ષક કે અથવા તો કોઈપણ સંસ્કૃતમાં બોલ-ચાલની ભાષામાં સંસ્કૃતનો ઉપયોગ થઈ શકે એ પ્રકારના અભ્યાસવર્ગો પણ ત્યાં ચલાવવામાં આવશે. સાહિત્ય, વ્યાકરણ, ભાષાશાસ્ત્ર, ભારતીય દર્શનો અને આયુર્વેદ, પુરાણ, ધર્મશાસ્ત્ર, વેદવેદાંત, લલિતકલાઓનો પણ અહીં અભ્યાસ અને સંશોધન કરવા માટેનો નિર્ણય રાજય સરકારે સંસ્કૃત યુનિવર્સિટીના માધ્યમ દ્વારા કરવામાં આવશે એવું નક્કી કર્યું છે. આ યુનિવર્સિટી ટીચીંગ અને એફિલેટીંગ પ્રકારની યુનિવર્સિટી બનશે અને જેનો સમગ્ર ખર્ચ રાજય સરકાર ઉઠાવશે. સિવાય કે, જે અભ્યાસક્રમો સ્વનિર્ભરતાના ધોરણે ચલાવવાનો નિર્ણય લેવામાં આવે તે.

માનનીય અધ્યક્ષશ્રી, એનું વડુ મથક અગાઉ મેં કહ્યું તેમ ભગવાનશ્રી સોમનાથ જ્યાં બિરાજમાન છે એ જ સ્થળ હશે. એમાં રાજ્યભરમાં હકૂમત ક્ષેત્ર રહેશે. એમાં અન્ય કૉલેજો, સંસ્થાઓ, પાઠશાળાઓ વગેરેને સંલગ્નતા પણ પ્રદાન કરી શકાશે, માન્યતા આપી શકાશે. તેમજ એપ્રૂવ્ડ યુનિવર્સિટી તરીકે બહાલી પણ આપી શકશે. આમાં યુનિવર્સિટીના ચાન્સેલર તરીકે માનનીય રાજયપાલશ્રી રહેશે અને સર્ચ કમિટી પણ અન્ય યુનિવર્સિટીમાં સર્ચ કમિટી છે એ જ પ્રકારની સર્ચ કમિટી આમાં પણ રહેશે. ફેકલ્ટીના ડીનનો હોદ્દો પણ રાખવામાં આવ્યો છે. જેમાં નોમિનેશનથી કુલપતિ દ્વારા એની નિમણૂક થશે. યુનિવર્સિટીમાં ખાસ કરીને આ યુનિવર્સિટીમાં રીસર્ચ ડાયરેક્ટરની ખાસ જગ્યા ઊભી કરવામાં આવશે. જેના કારણે રીસર્ચ વર્ષ એમના

માર્ગદર્શન હેઠળ કરવામાં આવશે. એ ઉપરાંત રજિસ્ટ્રાર, લાયબ્રેરી, યુનિવર્સિટી ફાયનાન્સ અંગે એકાઉન્ટન્ટ ઑફિસરો વગેરે પણ એમાં રહેશે. પરીક્ષાની કામગીરી સંભાળવા માટે પણ અધિકારીઓની નિમણૂક કરવામાં આવશે. યુનિવર્સિટીને જે સત્તાઓ આપવામાં આવી છે એની અંદર પણ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની અંદર ૯ સભ્યો રાખવામાં આવ્યા છે અને ખાસ કરીને નોમિનેશનની અંદર ગુજરાત રાજય બહારના ૨ અધ્યાપકોની નિમણૂક કરવામાં આવશે અને ૩ મહિલા અધ્યાપકોની પણ નિમણૂંક કરવામાં આવશે. સામાન્યતઃ સિન્ડિકેટ યા સેનેટની અંદર બહેનોને બહુ ઓછું પ્રતિનિધિત્વ મળે છે. એટલા માટે ખાસ કરીને આની અંદર બહેનોનું પણ પ્રતિનિધિત્વ જળવાય એના માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે. આની અંદર સેનેટની જોગવાઈ નથી કરવામાં આવી કારણ કે નવી યુનિવર્સિટી બને છે એટલા માટે અમે સાહિત્ય દર્શન, ઇન્ડિયન કલ્ચર, ફાઈન આર્ટસ અને ગુજરાત રાજયની લોકકલા પ્રણાલિકાઓ, શિક્ષણ તાલીમ, આધુનિક વિજ્ઞાન, પ્રાચીન શાસ્ત્ર, તુલનાત્મક અભ્યાસક્રમો પણ શીખવવામાં આવે છે. આ ઉપરાંત એની જે સૂચિત યુનિવર્સિટી છે એ સૂચિત યુનિવર્સિટીની અંદર પણ જે રીકરીંગ ખર્ચ અને નોન રીકરીંગ ખર્ચની પણ જોગવાઈ કરવામાં આવી છે અને ૫ વર્ષની અંદર સંપૂર્ણપણે તૈયાર થાય એના માટે ૧૦ કરોડ અને ૯૦ લાખ રૂપિયાની રાજય સરકારે જોગવાઈ કરી દીધી છે જેના કારણે પૈસાના અભાવે આ યુનિવર્સિટી શરૂ ન થાય એવું ન બને અને આવતા વર્ષે આવતા જૂન મહીનાથી આ યુનિવર્સિટી શરૂ થાય એના માટેનો નિર્ણય પણ રાજય સરકારે કર્યો છે. હજી તો યુનિવર્સિટીનું બિલ આજે પસાર થાય છે તે પહેલાં સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની સ્થાપના સોમનાથ ખાતે કરી છે અને એટલા માટે જ સોમનાથ ટ્રસ્ટે હમણાં જ એક જાહેરાત કરી છે કે ટ્રસ્ટ હસ્તકનો રાજમહેલ, ૧૬ એકર જમીન તેમજ ૫૦ લાખ રૂપિયા રોકડાનું અનુદાન પણ સોમનાથ ટ્રસ્ટ આપશે એવી જાહેરાત પણ કરવામાં આવી છે અને એટલા માટે એનું જ્યારે માનનીય ધારાસભ્યશ્રી ભરતભાઈ પંડયા આ ખાનગી વિધેયક જયારે વિધાનસભામાં લઈને આવ્યા હતા ત્યારે પણ આની ઉપર ઘણી બધી ચર્ચા થઈ ચૂકી છે. અનેક ધારાસભ્યશ્રીઓએ એ વખતે વાત કરી હતી અને એટલા માટે આ વિધાનસભા ગૃહની અંદર રાજય સરકારે વચન આપ્યું હતું કે આજ બજેટ સત્રની અંદર આપણે આ બિલ લાવવાના છીએ એટલે બિલ પાછું ખેંચાયું હતું અને આજે એ બિલ જયારે હું અહીં રજૂ કરી રહી છું ત્યારે સૌ ધારાસભ્યશ્રીઓને મારી વિનંતી છે કે આ બિલને પણ સર્વાનુમતે પસાર કરી અને એક સારી ગુજરાતની અંદર સંસ્કૃત યુનિવર્સિટી બની રહી છે ત્યારે રાજયનો વિકાસ પણ થશે અને આપણી જે પ્રાચીન ભાષાઓ અને આપણા જે ગ્રંથો વગેરે છે એ બધાનો પણ અભ્યાસ કરવામાં આવશે. ગુજરાતની પ્રજા સમક્ષ અને વિશ્વભરના લોકોની સમક્ષ પણ આપણે ઘણું બધું કામ કરી શકીશું.

**શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ)**: માનનીય અધ્યક્ષશ્રી, સોમનાથ ભગવાનના જ સાનિધ્યમાં અને ૧૨ જયોર્તિલિંગમાં જે સોમનાથ ભગવાનનું પ્રથમ જયોર્તિલિંગ છે ત્યાં આ ગૃહની શરૂઆતમાં જ ગવર્નરશ્રીએ પોતાની સ્પીચમાં જયારે વાત કરેલી કે સંસ્કૃત યુનિવર્સિટીની સ્થાપના સોમનાથ નામે કરવા માગીએ છીએ. બહુ આનંદની વાત છે. મારો મત વિસ્તાર છે. સોમનાથ ભગવાનના સ્થાનકમાં મેં મંત્રીશ્રીને તે દિવસે જ વાત કરેલી કે આ ચાલુ સત્રની અંદર જ આ બિલ આ તમારું વિધેયક છે એ ચાલુ સત્રમાં આવે. સોમનાથના જ પ્રભાસપાટણ છે ત્યાં જ યુનિવર્સિટીની સ્થાપના થાય એવી એક વિનંતી પણ કરેલી. આજે હું આપના દ્વારા વાત કરવા માગું છું કે માનનીય મંત્રીશ્રીએ સોમનાથ ભગવાનના સાનિધ્યમાં સૌરાષ્ટ્ર તેમજ ખાસ કરીને પ્રભાસપાટણ જે સોમનાથ ટ્રસ્ટ છે એના સહયોગથી સંસ્કૃત યુનિવર્સિટીની જે સ્થાપનાની વાતનું આજે બિલ લઈને આવ્યા છે એ અભિનંદનને પાત્ર છે અને એને હું આવકારું છું. મારે વાત તો એટલા માટે કરવી છે કે સોમનાથ ભગવાનનું જે મંદિર છે એનો આખા વિશ્વની અંદર જુદો મહિમા છે અને આ સંસ્કૃત યુનિવર્સિટીએ પણ એક સંસ્કૃતિના ભાગરૂપે આ યુનિવર્સિટી ગુજરાતમાં કોઈપણ જગ્યાએ યુનિવર્સિટી ન હોય અને તે ધ્યાનમાં રાખીને પ્રાચીન સંસ્કૃતિને ધ્યાનમાં રાખીને આ યુનિવર્સિટીની જે સ્થાપના કરી છે એ આવકાર્ય છે.

મારે બીજી વાત કરવી છે કે વિશ્વની સંસ્કૃતિમાં સંસ્કૃત ભાષાનું મહત્ત્વ સમજીને મેકસમૂલર અને ગટે આખા જર્મનીમાં એનો ફેલાવો કરેલો. સંસ્કૃત ભાષા એ માત્ર હિન્દુસ્તાન નહિ પણ વિશ્વમાં બહુ મોટું મહત્ત્વ ધરાવે છે. તેના આધારે ગુજરાતમાં જે ૨૨ સંસ્કૃત પાઠશાળાઓ આવેલી છે એમાં માનનીય મંત્રીશ્રીને વિનંતી કરીશ કે આ ૨૨ પાઠશાળાઓને આ યુનિવર્સિટી સાથે જોડવામાં આવે. રૂપિયા ૧૦.૩૦ કરોડ ફાળવ્યા છે, જમીન સાથે સોમનાથ ટ્રસ્ટ કે જેમાં માનનીય કેશુભાઈ પટેલ આ ટ્રસ્ટના પ્રમુખ છે, જમીન અને બીજી સવલતો તો ત્યાં મળી રહેશે. જમીનની કોઈ મુશ્કેલી નહિ પડે પરંતુ જે ૧૦ કરોડ છે એ ઓછા પડશે. માનનીય મંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રી, કે જેઓ અમારા પ્રભારી પણ છે એટલે પૈસાની કોઈ મુશ્કેલી નહિ પડે એવી આશા રાખું છું. કચ્છ યુનિવર્સિટી બનાવવાનું નક્કી કર્યું હતું ત્યારે એક વર્ષમાં સંકલ્પબદ્ધ જેમ નક્કી કર્યું હતું એમ આમાં પણ કલેકટરના અધ્યક્ષસ્થાને નક્કી કરી એને કામગીરી સોંપવામાં આવે અને ૨૦ થી ૨૫ કરોડનું આયોજન રાખી અને આવતા જૂન મહિના સુધીમાં જેમ મંત્રીશ્રીએ વાત કરી છે કે આવતા જૂન મહિનાથી આ યુનિવર્સિટી કાર્યરત થાય એવી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાચીન ભારતમાં આ સંસ્કૃત ભાષાનું જે મહત્ત્વ રહેલું છે, ત્યારે ચાર વિદ્યાપીઠો હતી એમાં તક્ષશીલા પાકિસ્તાનમાં જતી રહી હતી. હિન્દુસ્તાન આઝાદ થયું એ પહેલાની આ વાત છે. ચાર વિદ્યાપીઠો હતી. તક્ષશીલા, નાલંદા જે બિહારમાં છે, વલભી જે ભાવનગરમાં છે અને વિક્રમશીલા જે ઉજ્જૈનમાં છે. આ ચાર વિદ્યાપીઠો હતી અને આખા વિશ્વમાં એનું નામ હતું અને આપણી સંસ્કૃત ભાષાનું ગૌરવ લઈ શકીએ એવું વિદ્યાપીઠોનું મહાત્મ્ય હતું. એ જ રીતે આ સંસ્કૃત યુનિવર્સિટીની સ્થાપના કરી એ ખૂબ જ સારી બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત એ કરવી છે કે વિદેશમાં મંદિરો પુષ્કળ પ્રમાણમાં આવેલા છે અને સંસ્કૃત ભાષાનો ડિપ્લોમા કે ડીગ્રી કક્ષાનો અભ્યાસ કરીને પાસ કરનારાની ત્યાં મંદિરોમાં સેવા-પૂજા કરનારાઓની ખૂબ જ માગ છે. આ યુનિવર્સિટીથી એને નોકરીની સવલતો મળશે અને આપણા દેશની સંસ્કૃતિને વિદેશમાં પણ ફેલાવવાનો લાભ મળશે. સંસ્કૃત પરિષદ દ્વારા પ્રથમ, મધ્યમ અને આચાર્ય સુધીની પદવીની પરીક્ષા લેવાય છે. એને પણ આ યુનિવર્સિટી સાથે જોડવામાં આવશે તો ઘણું અનુકૂળ રહેશે. પ્રાચીન ભારતના શિલાલેખો અમારા જુનાગઢ જિલ્લામાં ઘણા છે. એ વાંચનારા ઘણા ઓછા છે. એમાં પણ આ અભ્યાસમાં આવરી લેવામાં આવે તો પાંચ હજાર વર્ષ પહેલાના શિલાલેખો આપણે જોઈ શકીએ અને આપણી સમજી શકીએ એ પણ આ યુનિવર્સિટી દ્વારા કંઈક કરવામાં આવે એવી વિનંતી છે. વિશ્વ શાંતિ માટે, સર્વધર્મ સમાન, આમાં દરેક સંદેશ લઈને આખા વિશ્વમાં શાંતિનો સંદેશ ફેલાય એ માટે આ યુનિવર્સિટીની કામગીરી રહે એવી અપેક્ષા રાખીએ છીએ. જામનગરમાં આયુર્વેદિક યુનિવર્સિટી આખા દેશમાં એક જ યુનિવર્સિટી છે. એનું મહત્ત્વ આજે પણ એટલું જ છે. એવી જ રીતે ગુજરાતમાં સોમનાથ ભગવાનના સાનિધ્યમાં આ સંસ્કૃત યુનિવર્સિટી બને, એનું પણ આખા વિશ્વમાં નામ રહે એવી અપેક્ષા અને આશા રાખું છું. આવતા જૂન મહિનામાં આ યુનિવર્સિટી કામ કરતી થાય એવી અપેક્ષા પણ રાખું છું.

**ડૉ. દિનેશ પરમાર (જામનગર (રુરલ)** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૨૫ - સન ૨૦૦૫નું શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વિધેયક માનનીય મંત્રીશ્રી લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ જ આનંદ અને ગૌરવની વાત છે કે ગુજરાતની અંદર આવી સારી મજાની યુનિવર્સિટીની સ્થાપના થઈ રહી છે અને આ પણ સોમનાથના નામ સાથે દ્વાદશ જયોતિર્લિંગ સાથે સંકળાયેલ ભગવાન સોમનાથ જેને આ દુનિયાની અંદર શીવશકિત ઉપાસના ધર્મની સ્થાપના કરનાર મહાપુરુષ એ પણ એમના નામથી અને એ પણ દ્વાદશ જયોતિર્લિંગ જે સોમનાથ જંબુ રીતે પ્રભાસ કહીએ આ દેશના જન નાયક જે શ્રીકૃષણની નિર્વાણ ભૂમિ પર આ યુનિવર્સિટી આકાર લઈ રહી એ ખૂબજ આનંદ અને ગૌરવની વાત છે. સમગ્ર ગુજરાતના લોકો અને સૌરાષ્ટ્રના લોકો એના માટે આનંદ લઈ રહ્યાં છે. આ દેશ એ ભારતીય સંસ્કૃત્તિનો દેશ છે. આ દેશ વિશ્વને માર્ગદર્શક હતો, એવો દેશ કે જ્યાં તક્ષશીલા અને નાલંદા જેવી વિશ્વ વિદ્યાલય કે જ્યાં વિશ્વના લોકો અહીંયા આવીને અભ્યાસ પ્રાપ્ત કરતા એવું જ વાતાવરણનું પાછું સર્જન થાય. આ એવી અપેક્ષા સાથે યુનિવર્સિટીને જે આવકારવામાં આવી છે એ ખૂબજ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે સંસ્કૃત શબ્દ આવે ત્યારે કાયમ માટે વિચાર આવે કે સંસ્કૃત યુનિવર્સિટી એટલે શું? માત્ર સંસ્કૃતને લગતું જ કામ કરશે કે કેમ? પણ એમાં ગુરુ શિષ્ય સાથેની પરંપરાની વાત લઈને આવવા વાળા મંત્રીશ્રી જે ક્ષમાઓના સેવાધીન શારીરિક જીવન આવી શકે, માનસિક, નૈતિક અને રસલક્ષી, આધ્યાત્મિક વિકાસની ક્ષમતા, મૂલ્યોના સંવર્ધનને સહાયક એવા પર્યાવરણને ઊભું કરવાના ઉદ્દેશોથી પૂર્વ અને પાશ્ચ્યાત દેશો સાથેનું મિલન અથવા તો સમન્વય સાથેની કામ કરવાની ભાવના સાથે જે આ સંસ્કૃત યુનિવર્સિટીનું બિલ લાવ્યા છે, જેની અંદર સંશોધન કેન્દ્ર, જૈવ તબીબી, તબીબી શાસ્ત્ર, તબીબ શાસ્ત્ર, રસાયણ શાસ્ત્ર, ભૌતિક, શસ્ત્રક્રિયા સંબંધિત આધ્યાત્મિક વિજ્ઞાન સમાવિષ્ઠ અને અનેક આર્યુવેદ અને ઔષધ શાસ્ત્ર, વાસ્તુ શાસ્ત્ર, શિલ્પ શાસ્ત્ર, અર્થ શાસ્ત્ર અને રાજ્ય શાસ્ત્ર, વ્યાકરણ અને અર્વાચીન ભાષા શાસ્ત્ર વગેરેને આવરી લઈને ભાષાઓ તત્ત્વજ્ઞાન, વેદ-વેદાંત, શિક્ષણ-પ્રશિક્ષણ, ધર્મ શાસ્ત્ર, શાળા અને વિનિમા હેઠળ જે કામ કરવાનું નક્કી કર્યુ છે ત્યારે મને કહેવાનું મન થાય કે આ દેશને ૪-૪ યુગોથી સનાતન ધર્મ એ માનવ ધર્મ છે ત્યારે પ્રશ્ન ઊભો થાય કે - શું હિન્દુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ, બૌધ, પારસી, જૈન, ક્રિશ્ચિન આને આપણો ધર્મ કહીશું ખરા? એક જીવન જીવવાની રહેણીકરણીની રીત છે.

ગૃહ ધારીયંતે્ યસ્થ સહ ધારયા

એટલે આપણે ધારણ કરવું શું? મનુષ્ય ધર્મ પ્રાપ્ત થયા પછી આપણા સંસ્કારોને આપણે ભૂલી ગયા છીએ અને પુનઃ પ્રાપ્ત કરવા માટેનું જે કામ છે એને જ આપણે ધર્મ કહીશું. જેમ કોલસાનો ધર્મ દાહકતા, પાણીનો ધર્મ શીતળતા, પવનનો ધર્મ મૃદુતા એમ મનુષ્યનો ધર્મ છે માનવતા, તો આ માનવતાના સંદેશ સાથે સંસ્કૃત યુનિવર્સિટીમાં કામ કરવા માગીએ છીએ. આ સનાતન ધર્મની સાથે લઈને ચાલે એ સનાતન ધર્મ એ છે કે જેને બુદ્ધે કહેલું - યશો ધર્મ સનાતનો, આ જ સનાતન ધર્મ છે કે આ જે સનાતન ધર્મને આદિ ધર્મ કહીએ, મહાધર્મ

કહીએ, નીજ ધર્મ કહીએ, બીજ ધર્મ, કુદરતના કાનૂનનો ધર્મ કહીએ, પ્રકૃત્તિના નિયમનો ધર્મ કહીએ, નિર્જર ધર્મ કહીએ કે સંત પરંપરાનો ધર્મ કહીએ. આ ધર્મનો સંદેશો આ સંસ્કૃત યુનિવર્સિટીની અંદર લાવવામાં આવશે તો ખૂબજ આવકારદાયક ગણાશે. એમ કહીએ કે દર્શન શાસ્ત્રનો પણ એમાં અભ્યાસ હશે ત્યારે આ દર્શન ભારતીય સંસ્કૃતિના ખટદર્શન, ૬ દર્શનશાસ્ત્ર છે. સાંખ્ય દર્શન, વૈશેષિક, મીમાંશા, ન્યાય, યોગ અને વેદાંત આ છ દર્શનની અંદર સાંખ્ય દર્શનના કપિલ મુનિની શોધ કે જેણે સાંખ્યના દર્શનની શોધ કરી, એકેશ્વરવાદની વાત કરી. આ દુનિયાની અંદર જડ અને ચેતન આ બે આદિ-અનાદિથી છે. ચેતનની સર્વોપરિતા પ્રાણી માત્રમાં જીવ સ્વરૂપે આ ચેતન બિરાજમાન છે અને પ્રાણ એ સર્વશ્રેષ્ઠ એટલા માટે છે એના ગુણ અને જ્ઞાનના લીધે આ ગુણિયલ અને જ્ઞાની માણસ બનાવવા માટેનું કામ જો આ સંસ્કૃત યુનિવર્સિટી કરશે તો ખૂબજ આવકારદાયક ગણાશે અને એ જ કપિલ મુનિની શોધના સાંખ્ય દર્શન, કણાદ અને જૈમીન નામના ઋષિઓએ પણ અનુમોદન આપીએ અને એના શિષ્ય કે ઘોર અંગિરસ નામના કે જેના શિષ્ય આધ્યાત્મિક શિષ્ય કૃષ્ણ એના શિષ્ય છે. કૃષ્ણના બે ગુરુ છે એક છે સાંદિપની જે દુન્યવી ગુરુ છે અને આધ્યાત્મિક ગુરુ ઘોર અંગિરસ નામના મુનિ છે કે જે એણે સાંખ્ય દર્શન, યોગ શિખવાડ્યા છે અને આ કૃષ્ણ પછી મહાવીર, બુદ્ધ, કબીર, નાનક, દાદુ, રવિદાસ, મીરા જેવાં અનેક સંતોની પરંપરા આ દેશની અંદર જે ઊભી થઈ છે. આ દેશ સમગ્ર દુનિયાને એક માર્ગદર્શક બની શકે એવો દેશ છે એના સાંખ્યદર્શન, વૈશષિક દર્શન, મીમાંશા દર્શન શાસ્ત્ર, ન્યાય દર્શન શાસ્ત્ર અને સાથે સાથે યોગ, વેદાંત શીખાવવામાં આવે છે તો એ ખૂબ જ આવકારદાયક ગણાશે, જેમ શિવ સહજ ખટ કર્મ છે કે છાજન, ભોજન, મિથુન, ભય, નિંદ્રા, મોહ એવી જ રીતે મનુષ્યની પણ જીવન સહજ આ બાબત છે. મનુષ્ય આમાં સુધારો કરીને જીવવાવાળો છે. પ્રાણીની જેમ મનુષ્ય જીવતો નથી આવા મનુષ્યને સર્વશ્રેષ્ઠ બનાવવાનું કામ યુનિવર્સિટી કરશે તો ખૂબ આવકારદાયક ગણાશે. માણસ, માણસ તરીકે જન્મ લે છે પણ આપણી વચ્ચે રહીને આપણા જેવો થઈ જાય છે. જન્મ લે તે વખતે કુદરતના કાનુન પ્રમાણે જીવતો હોય છે. આપણી વચ્ચે રહીને ખોટું બોલતા શીખી જાય છે. કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકારથી ગ્રસ્ત બની જાય છે. આવી પરિસ્થિતિમાંથી બહાર લાવવાની કોશિષ કરવી પડશે તો ખૂબ મોટું અભિયાન કરવું પડશે. ખૂબ મોટા પ્રયત્નો કરવા પડશે. જીવન સુધારવા પ્રયત્ન કરવા પડશે. મન, વચન, કર્મની શુદ્ધિ જોઈશે. મનની, વચનની શુદ્ધિ..

**અધ્યક્ષશ્રી** : ડોકટર ફિલોસોફર દેખાય છે.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, વાણીની શુદ્ધિ માટે ખોટું ન બોલવું, કડવું ન બોલવું અને નિંદા પાછળથી કોઈની ન કરવી. મનની શુદ્ધિ માટે ઈર્ષા, દ્વેષ, અહંકારનો ત્યાગ કરવો, કર્મની શુદ્ધિ માટે ચોરી, વ્યભિચાર, હિંસા, માંસાહાર, નશીલા પદાર્થોનું સેવન ન કરવું આ ૧૦ દોષથી મુકત થવાની વાત સંતોએ કરી છે. એ જ વાત બુદ્ધે કરી भाणाति भासा वैर मनि सिक्का पदम समाध्यासी હું પ્રાણી માત્રની હિંસા નહીં કરું. अधिन: दाना: वैर मनि सिक्का पदम समाध्यासी એટલે હું દીધા વગર કાંઈ લઈશ નહીં. દાન જ સ્વીકારીશ અને मुस वादा वैरमणि सिक्का पदम એટલે હું ખોટું બોલીશ નહીં, કડવું બોલીશ નહીં અને ककामस्य मिच्छा मचारा वैर मणि सिक्का पदम समाध्यासी कामेश्व मिच्छा पदम समाध्यासी હું વ્યભિચાર નહીં કરું અને सूस मेरे मज प्रमाद खाना बैर मसि सिक्का पदम समाध्यामि હું નશીલા પદાર્થોનું સેવન નહીં કરું આ મનુષ્યને આપ્યું છે.મન મુકિતનું સાધન છે.મન બંધનનું કારણ બને છે. આ મન આપણા વશમાં રહેતું નથી. મન સ્થિર રહેતું નથી એટલે વિટંબણા ઉભી થાય છે. મનને વશ કરવા માટે ધ્યાન, સાધના તરફ આ યુનિવર્સિટી સાધના કરવા લઈ જાય તો વિશ્વના લોકો અત્યારે જેની પાછળ ગાંડા બન્યા છે એ દિશામાં આપણે પ્રયત્ન કરી શકીશું અને મનની મુકિતથી માણસ નિજ સ્વરૂપમાં સ્થિર થઈને પોતાની ઉપલબ્ધી પ્રાપ્ત કરવા પ્રયત્ન કરશે તો એને વાસ્તવિકતાની ખબર પડશે કે દુનિયાની અંદર જીવન શું છે? વાસ્તવિકતા શું છે? હકીકત શું છે? સત્ય શું છે? અસત્ય શું છે. કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકારથી માણસ મુકત થઈ અને ઉર્ધ્વગામી બની મહામાનવ બનવા માટેના પ્રયત્ન કરશે. સત્ય, અહિંસા, પ્રેમ, દયા, અનુકંપા, શીલ, ચારિત્ર , સમ્યક, સમાધિ તરફ આગળ વધવા પ્રયત્ન કરશે. ત્યારે પોતાના સ્વરૂપને પામી શકશે.पूजिए विप्रगुण शील हिना: न पूजिए शुद्र विय गुण शील प्रविणा આ કક્ષાએ પહોંચી વળવા માટે સહાનુભૂતિ અનિવાર્ય છે. ત્યારે આ યુનિવર્સિટી અંધશ્રદ્ધા, અજ્ઞાનતા, કર્મકાંડ જેવી અવૈજ્ઞાનિક બાબતો ન આવે એની ખાસ કાળજી લેવા પ્રયત્ન કરવા પડશે અને કોઈપણ એક કોમનો આ યુનિવર્સિટી ઉપર એકાધિકાર ન રહે એ જોવાની ખાસ જરૂર છે. હું તો ત્યાં સુધી કહેવા માગું છું કે જેમ રામાયણમાં કહયું છે કે ગુણ અને શીલમાં પ્રવિણ હોય તો શુદ્રની પૂજા ન કરવી અને ગુણ અને શીલમાં હીન હોય વિપ્ર તો પણ એની પૂજા કરવી એ બાબતથી આપણે પર રહીને આ દેશનું બંધારણ છે અને સમતા, સમાનતા, ભાતૃભાવ, પ્રેમ, દયાની જે વાત લઈને આ દેશનું બંધારણ આવ્યું છે એને અનુરૂપ આપણે આગળ વધી અને સાચો મોકો તો ત્યારે આપ્યો કહેવાય કે આ સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના પહેલા કુલપતિ તરીકે જે સંસ્કૃતના સ્કોલર છે ડો. પ્રોફેસર પરમાર જે વેરાવળમાં રહે છે એ માણસ એસી. સી. છે. અને પાછા ટ્રસ્ટી પણ છે. સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી પણ છે. સંસ્કૃતમાં સ્કોલર પણ છે. આ એક એવો સંદેશો આખા વિશ્વને આપણે આપી શકીએ કે અમારી પાસે કોઈપણ જાતના, નાતજાતના ભેદભાવ નથી કારણકે નાતજાતના ભેદભાવ તો આપણે ઉભા કરેલા છે. નહીંતર આ દેશની અંદર રૂષિકુળની અંદર વશિષ્ટ મુનિ એ પણ ઉર્વશી જેવી નાચવાવાળી નૃત્યાંગનાના પુત્ર હતા છતાં આપણે એને પૂજીએ છીએ અને

પરાશર રૂષિ ચાંડાલ કન્યાના પુત્ર હતા અને પરાશર રૂષિ અને ધીમર મચ્છીમારની પુત્રી મત્સ્યગંધાના સબંધથી વેદવ્યાસજીનો જન્મ થાય કે જે આ ભારતીય સંસ્કૃતિના નિર્માણકર્તા એવા દેશના મહાભારતના રચયિતા એવા વેદવ્યાસના આ કુળના લોકો કહી શકાય ત્યારે કબીર અને માતા સીતા જેને આદરણીય ગણીએ છીએ. એવા માતા સીતા પરમ સતી સીતા એના માતાપિતા કોણ હતા એની ખબર નથી, કબીરના માતા પિતા કોણ હતા એની ખબર નથી. હનુમાનજીના પિતા કેસરીનંદન, પવનસુત કે શીવજીના પુત્ર હતા એ નકકી ન હોવાછતાં એની ઘેરઘેર પૂજા થાય છે. કહેવાનો મતલબ એ છે કે આ દેશની સંસ્કૃતિ એવી સંસ્કૃતિ હતી જેમાં નાતજાતના અને કોમના ભેદભાવ નહોતા.માત્ર જ્ઞાન અને ગુણથી પૂજા થતી હતી અને રૂષિ તરીકે એને સ્વીકારવામાં આવે છે ત્યારે આ દેશની અંદર વચ્ચેના સમયની અંદર જે બરબાદી આવી. ત્યારે આ દેશની અંદર વચ્ચેના સમયની અંદર જે બરબાદી આવી. યજ્ઞોની અંદર પશુઓને કાપી, હિંસા કરી અને મારી જે હિંસક રીતે જે યજ્ઞો કરવામાં આવ્યા, ત્યારપછી ભગવાન મહાવીર સ્વામિ અને બુદ્ધનો જન્મ થયો અને અહિસા પરમો ધરમ સુધીની વાત લઈ જવા પ્રયત્ન કર્યો. રાજા પ્રશ્યેનજિતના યજ્ઞની અંદર વર્ણન છે. ૫૦૦ વાંજણી ગાય, ૫૦૦ ઊંટ, ૫૦૦ ઘોડા, ૫૦૦ બકરા, ૫૦૦ ઘેંટા, ૫૦૦ આંખલા અને ૫૦૦ બળદને કાપીને સંહાર કરીને નાખવામાં આવ્યા. કઈ રીતે ચલાવી શકાય? એમાંથી શુદ્ધિ થઈ અને આ દેશનો સનાતન ધર્મ પાછો પ્રસ્થાપિત થવાની દિશામાં જઈ રહ્યો છે, ત્યારે મને ખરેખર આનંદ થાય છે. મારે આટલી ચોક્કસ વાત કરવાનું મન થાય છે કે બહેન તમે ખાસ ધ્યાન રાખજો. જેમ બુદ્ધે કહ્યું નહિ વૈરેને, વૈરાની સંમતિહે કદાચના, અવેરેન સંમતિ, એશ ધર્મ સંમતો. આ જ સનાતન ધર્મ છે. તેવી રીતે કૃષ્ણ પણ આ જ સિદ્ધાંતને માનવાવાળા હતા. એ દિશાની અંદર પ્રયત્ન કરી બધી જ જાતની વિદ્યા આપી અને મનુષ્યને સર્વશ્રેષ્ઠ મનુષ્ય બનાવવા માટેનું કૃત્ય કર્યુ, આદર્શ સમાજની રચના કરવા માટેનું કૃત્ય કર્યુ કે જ્યાં કોઈ જાતનો ભેદભાવ ન હોય. આ દેશના બંધારણને અનુરૂપ રીતે આ યુનિવર્સિટીનું સંચાલન થાય. એ રાજકારણનો ભોગ ન બને, કોઈ પક્ષાપક્ષી કે કોઈ પાર્ટીનો હાથો ન બને, તે કક્ષા સુધી લઈ જઈ વિશ્વના લોકોને આકર્ષવા માટેનું કૃત્ય કરીશું તો જ સાચા અર્થની અંદર આપણે આ યુનિવર્સિટી સ્થાપી અને એમાં સફળતા પ્રાપ્ત થઈ એમ હું માનું છું. માટે મંત્રીશ્રીને હું કહું છું કે એવું પ્રોવિઝન કરજો કે જેની અંદર ભારતીય સંસ્કૃતિનું સારી રીતે નિરૂપણ કરીને સાચા અર્થની અંદર સમગ્ર વિશ્વને સંદેશો આપી આ દેશને ગુરુ તરીકે પ્રસ્થાપિત કરી અને વિશ્વની મહાસત્તા બનાવી, વિશ્વને માર્ગદર્શક અને પથદર્શક બનાવવાનું કામ કરીએ, એટલું કહીને હું વિરમું છું.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર(ઉત્તર)** : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી સરસ્વતે વ્યોહ નમઃ સન્માનનીય અધ્યક્ષ મહોદય.

***પ્રથમ તાવત ગુજરાત***
***સર્વકાર અભિનંદનાની અર્હન્તિ***
***સંસ્કૃત વિશ્વવિદ્યાલયસ્ય***
***સ્થાપના ક્રિયતે***
***સંસ્કૃતં નામ્ અસ્માકં***

સંસ્કૃતે ભાષા

***અદ્યપર્યની અસ્માકં રાજ્યે***
***સંસ્કૃત ભાષા સાહિત્યસ્ય અધ્યયન્***
***અધ્યાપનાર્થે વિશ્વવિદ્યાલય સદૃશી સંસ્થા ન આસિત.***
***અધુના તસ્યા અધ્યાનનાય***
***ધ્વારાણી ઉદ્‌ઘાટીતાનિ.***

માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રયાસથી અધ્યયનના દ્વાર ખુલી રહ્યા છે અને એનો પ્રભાવ સંસ્કૃતની અંદર બધી વાત એટલા માટે કે એક ભાષાની અભિવ્યક્તિથી વાત કરવાની છે, એને ન્યાય ન મળે, એના માટે સંસ્કૃત યુનિવર્સિટીના અનુસંધાનમાં સરકારને અભિનંદન આપવાની વાત મેં અહીંયા સંસ્કૃતમાં કહી, પછી હું મારી વાત આ સન્માનનીય ગૃહની અંદર ગુજરાતીમાં કહેવા માગું છું. હું અહીયા જે ચર્ચા હમણા સાંભળતો હતો. કદાચ એક-બે દિવસ પહેલાં આ ગૃહમાં મુલાકાતી તરીકે કોઈ ગેલેરીમાં બેસીને પાછા આવે અને એ જ મુલાકાતી આ ગૃહમાં ઉપસ્થિત હોત તો એ પૂછેત એની જાતને કે શું હું આ એ જ સન્માનનીય ગૃહમાં આવ્યો હતો કે જ્યાં બે દિવસ પહેલા આવ્યો હતો? એક ભાષાનો કેવો પ્રભાવ છે, એ આ ગૃહની અંદર આપણે તાદૃશ્ય જોઈ રહ્યા છીએ, અનુભવી રહ્યા છીએ, એટલે ઘણીવાર કોઈ કહે એ દેવ ભાષા છે તો એનો પુરાવો શું? આ જ પુરાવો છે કે આ દેવ ભાષા છે. આપણને બધાને ખબર છે, બહેને બિલનું પહેલું વાંચન મૂક્યું ત્યારે એની ભૂમિકામાં શિક્ષણમંત્રીશ્રીએ આપણા સન્માન સમક્ષ સરસ ઈતિહાસની વાત મૂકી. આપણે જાણીએ છીએ કે રાષ્ટ્રના નિર્માણના એક પ્રતીક તરીકે આપણી સમાન અને અસ્મિતા માટેની ચીજો હોય છે, એવી અનુભૂતિ જે રાષ્ટ્ર ન

કરી શકે એ મહાન ન બની શકે એ રાષ્ટ્ર ગૌરવભેર ન ઊભું રહી શકે. એટલે સ્વમાનના પુનઃ સ્થાપનનું પ્રતીક સોમનાથ છે ત્યારે તે વખતે સન્માનનીય સરદાર પટેલ અને ક.મા.મુનશીએ જે આશા વ્યકત કરી હતી કે આ રાજયની અંદર આમ તો એવી એક રાષ્ટ્રીય કક્ષાનું સંસ્કૃત વિશ્વ વિદ્યાલય બનવું જોઈએ તેવી અપેક્ષા હતી.

રાષ્ટ્રીય સંસ્કૃત યુનિવર્સિટી બનવી જોઈએ તે વખતે તેઓએ ભાવ વ્યકત કર્યો હતો અને એટલે આજે આ બાબતને નજરમાં રાખીને રાજય સરકારે અને માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ યુનિવર્સિટીના બે બિલ ગઈકાલે પાસ કર્યા ડીમ્ડ યુનિવર્સિટી પ્રકારના તે મર્યાદિત યુનિવર્સિટી હતી પણ આ યુનિવર્સિટીની વ્યાપકતા સાથેનું બિલ આ સભાગૃહ પાસે આવ્યું છે ત્યારે મને લાગે છે કે This is real tribute to our leaders like Sardar Patel **K.M. Munshi** and **Honourable Jam Saheb**. આ સંસ્કૃત યુનિવર્સિટીની રચના માટેની વાત છે. ત્યારે એક વાત કહેવાનું મન થાય છે કે સભાગૃહની જાણકારી માટે કે જે તે સમયે બંધારણ સભાની રચના થઈ ત્યારે રાષ્ટ્રભાષા કઈ બનાવવી તેની ચર્ચાઓ થયેલી. તે ચર્ચાઓ વાંચે તો ખ્યાલ આવે છે. તે વખતે બંધારણ સભાએ અને મને કહેતાં આનંદ થાય છે કે બંધારણ સભામાં એક સભ્ય મુસ્લિમ કોમ્યુનિટીના પણ હતા તે વખતે તેમણે એમ કહયું કે સંસ્કૃતને આ રાષ્ટ્રની રાષ્ટ્રભાષા બનાવવી જોઈએ. કમનસીબે ન થઈ શક્યું. આ સંસ્કૃતનું મહત્વ બંધારણ સભાએ બતાવ્યું છે. આ સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી જે યુનિવર્સિટીની સ્થાપના થવી જોઈએ. માનનીય શિક્ષણમંત્રીશ્રીએ તેમની વાતમાં કહયું તેમ બહુ વખતથી તેના માટેના પ્રયાસો શરૂ થયા હતા. ૧૯૯૮માં આના માટેની કમિટિ બનાવી હતી અને જુન ૨000માં તેનો રિપોર્ટ આવ્યો છે. છેવટે આજે ૨૦૦૫ના આ દિવસે આ બિલને આ સભાગૃહની અંદર લાવીને ભવિષ્યના રાષ્ટ્રની અંદર માનનીય સભ્યશ્રી દિનેશભાઈએ સરસ રીતે કહયું કે માણસને માણસ બનાવવા માટે ભાષા એક સૌથી અગત્યની વાત હોય છે. ભાષાના માધ્યમથી આ રાષ્ટ્રની અંદર રહેલી અનેક ગુપ્ત શાસ્ત્રોની વાતો અને ભવિષ્યની પેઢી તેની જાણકારી મેળવશે. તેને જર્મન નહીં જવું પડે. એટલા માટે મારે અભિનંદન આપવાં છે કે આજે આપણે બહુ જ મોટું કામ કર્યુ છે. સાહેબ કોઈ આંબાની ગોટલી વાવે એટલે કેરી તો પછી કદાચ એ ન ખાય પણ તેની ભવિષ્યની પેઢી ખાય. ત્યારે હું એ વાત કહીશ કે આજે આ બિલ લાવીને જે કામ કરી રહયા છે તે રાષ્ટ્ર નિર્માણ માટે એક આંબાની ગોટલીનું વાવેતર કરી રહયા છીએ અને તેના ફળ આવતી પેઢી ખાશે અને આશીર્વાદ આપશે.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે અત્યારે આ બિલની ચર્ચા કરી રહયા છીએ ત્યારે કેટલીક વસ્તુ જોગાનુજોગ છે. મને જણાવતાં આનંદ થાય છે કે આવતીકાલથી જ સોમનાથની અંદર સંસ્કૃતનું રાષ્ટ્રીય કક્ષાનો પરિસંવાદ ત્રણ દિવસ માટે થઈ રહયો છે અને આપણા નામદાર રાજયપાલશ્રી તેનું ઉદઘાટન કરવાના છે. અત્યારે એ જ મોકાએ આપણે આ બિલ પાસ કરીને સંસ્કૃત યુનિવર્સિટીની ભેટ ગુજરાતની પ્રજાને આપી રહયા છીએ ત્યારે યોગાનુયોગ કદાચ કુદરતને પણ આનંદ વ્યકત કરવો હશે એટલે આ ઘટના બની હશે. મને ખૂબ જ આનંદ થાય છે. કેટલીક બાબતો ઈતિહાસની ઘણી વાતો કરી અને બાકીના સભ્યશ્રીઓએ સરસ રીતે આધ્યાત્મિકતાના દર્શન કરાવ્યા, શાસ્ત્રોની બધી વાતો થઈ. પણ આ બિલમાં કેટલીક સરસ જોગવાઈઓ છે તેનો ઉલ્લેખ પણ કરવો જોઈએ. દા.ત. કેટલીક બાબતો તેમાં સેનેટ અને બાકીની જે બધી એકઝિકયુટિવ કાઉન્સિલ અને તેની રચના અને તેના માટે આ યુનિવર્સિટીમાં એક ઈલેકશનના બદલે સિલેકશનનું સરસ પ્રોવિજન રાખવામાં આવ્યું છે. તેના કારણે સારા લોકો કાયમ માટે પોતાનું માર્ગદર્શન આપતા રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, જેમ કહેવામાં આવ્યું કે દશ કરોડ રૂપિયાની વ્યવસ્થા અત્યારથી જ કરવામાં આવી છે, આપણું એક કમિટમૅન્ટ છે એટલા માટે એની વ્યવસ્થા કરી અને એમાં આપણને એક ઉમેરણ મળ્યું છે કે સોમનાથ ટ્રસ્ટે પણ ૫૦ લાખ રૂપિયા એના પોતાના અને જમીનની, બાકીની બધી અત્યારની જે સુવિધાઓ છે, એમના મહેલો છે એ અત્યારે વાપરવા દેવા માટે એમણે ઑફર કરી છે એ બહુ આનંદની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને આ સાથે માનનીય શિક્ષણ મંત્રીશ્રીને એક સૂચન કરવાનું મન થાય છે કે, કેટલીક વસ્તુ એવી છે કે એ નિયમિત રીતે નાણાંનો પ્રવાહ જ્યારે ક્યારેક ન આવે ત્યારે એવી કોઈ સારી વસ્તુ પણ માંદી પડવાના સંભવ રહે છે અને એટલે જ્યારે આવી રાષ્ટ્રકક્ષાની યુનિવર્સિટી સંસ્કૃતની બનાવવા માટે આપણે જઈ રહ્યા છીએ ત્યારે એના માટેનું કૉર્પસ ફંડ બની શકે જેથી એ યુનિવર્સિટી નાણાકીય રીતે સ્વાયત્ત રહે એને કયાંય આવવું ન પડે તો એવી કોઈ વ્યવસ્થા જો થઈ શકતી હોય તો કરવામાં આવે, આ એક સૂચનના રૂપમાં માનનીય મંત્રીશ્રીને કહું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રોજબરોજના કામો અત્યારે જે યુનિવર્સિટીની શરૂઆત થશે ત્યારે રોજબરોજના કામો એવા હોય કે જેમાં ટૅક્નીકલ સ્ટાફની જરૂર પડશે, સિવિલ ઈજનેર, કાર્યપાલક ઈજનેરની યુનિવર્સિટીના મકાન બનાવવા માટે જરૂર પડશે, ઈલેકિટ્રકના લોકો અને બીજા લોકોની પણ જરૂર પડશે તો આ પ્રકારનો ટૅક્નીકલ સ્ટાફ એની અંદર જોઈશે તો એની પણ વ્યવસ્થા કરવાની વિચારણા અને વ્યવસ્થા થાય એ માટેનું પણ મારું સૂચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, ફેકલ્ટી અને જે બધા અન્ય બાકીના કર્મચારીગણ અને યુનિવર્સિટીની જે વ્યવસ્થા છે એમાં આપણે ગુજરાતના લોકો કે જે એની લાયકાત ધરાવતા હોય એમને પ્રાથમિકતા કમસેકમ આપવામાં

આવે એને પણ આપણે ધ્યાનમાં રાખીએ એ વધારે જરૂરી થશે અને એ વધારે ટકાઉ પણ નીવડશે ભવિષ્યની દ્રષ્ટિથી એટલા માટે આ પણ મારું એક સૂચન હતું.

કુલપતિની અને બાકીની બધી જે અમુક ફેકલ્ટીની અંદર ઉંમરની મર્યાદા આજકાલ કાયદાની દ્રષ્ટિથી કરી છે ત્યારે મને લાગે છે કે, આ સંસ્કૃત યુનિવર્સિટી એ એક વિશ્વ વિદ્યાલય છે જ્યાં જેમ મોટી ઉંમરના કોઈ લોકો મળે છે તો એવા લોકો વધુ સારું પ્રદાન આમાં આપી શકશે એના લાંબા અનુભવના કારણે અને એટલે આમાં શું આવા પ્રકારનો કોઈ અપવાદ કરી શકતા હોય તો એને અપવાદની રીતે પણ થાય તો આ યુનિવર્સિટી સક્ષમ બને અને વધુ સક્ષમ બને એટલા માટે અને ઉંમરનો બાધ ન નડે એટલા માટે જો આવી વ્યવસ્થા થાય તો એ અંગે પણ માનનીય શિક્ષણ મંત્રીશ્રીને મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બેચલર ડીગ્રી સુધી તો જે કૉલેજો એફીલીએટેડ હોય, આ યુનિવર્સિટી સાથે જ્યાં ને ત્યાં ભણે, કોઈ વાંધો નહીં, કૉલેજ રાજકોટમાં હોય અને એનું એફીલીએશન ત્યાં હોય, કોઈ વાંધો નહીં, સંસ્કૃતની ડીગ્રી મેળવે પણ માસ્ટર ડીગ્રી માટે તો ગુરુશિષ્યની પરંપરાની પદ્ધતિ છે કે ત્યાં જ રહીને, ગુરુ પણ ત્યાં રહે અને શિષ્ય પણ ત્યાં રહે તો આ રીતની માસ્ટર ડીગ્રીની વ્યવસ્થા થાય આ સંસ્કૃત યુનિવર્સિટી માટે તો એ ખૂબ જ આવશ્યક છે એક વાતાવરણની દ્રષ્ટિએ, આપણે ગુરુકુળની પરંપરાઓ યાદ કરીએ અને આપણને ખબર છે કે કેવી રીતે શિક્ષણ થયું હશે તો માસ્ટર ડીગ્રી માટે આવી વ્યવસ્થા થાય એ પણ ખૂબ જ અગત્યની છે, આ પ્રકારની યુનિવર્સિટીમાં કાયમ કદાચ કેટલાક લોકો ન આવી શકે એવા પણ વિદ્વાન લોકો જેની વીજીટિંગ ફેકલ્ટી તરીકેની વ્યવસ્થા આપણે કેવી રીતે ગોઠવી શકીએ એનું આયોજન પણ ખૂબ જ મહત્ત્વનું હોય છે એટલે એ પણ ધ્યાનમાં રાખવામાં આવી એવી માનનીય શિક્ષણ મંત્રીશ્રીને મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક બાબત બહુ જ ધ્યાનમાં રાખવા જેવી છે કે આ સંસ્કૃત યુનિવર્સિટી બનાવવી છે, સાચું, પણ ત્યાં જે વિદ્યાર્થી ભણશે એ કેવળ સંસ્કૃતનું જ્ઞાન મેળવે તો એ લોકો એક સંકુચિત તળાવમાં બંધિયાર થઈ જાય તો આપણા શાસ્ત્રો છે એનું મહત્ત્વ છે અને એમાં જે રહેલી શકિત છે, પશ્ચિમના દેશો દા. ત. જર્મનીને ખબર પડી કે આમાં બહુ તાકાત છે, તો કેટલાક બધા એવા છે કે જ્યાં તમે આ શાસ્ત્ર એ માત્ર ભાષાના કારણે પહોંચી ન શક્યું હોય તો અહીંયાં જે ભણનારો વિદ્યાર્થી છે એ અંગ્રેજીનો પણ સ્કોલર બને જેથી કરીને એ આપણા સંસ્કૃતના શાસ્ત્રોનું ભાષાંતર કરી, અંગ્રેજીમાં અનુવાદ કરીને આપણા સંસ્કૃતના શાસ્ત્રોને આપણે વિદેશમાં મોકલી શકીએ, આપણી આ વાતને અને એટલા માટે આ યુનિવર્સિટીમાં અંગ્રેજી અને કૉમ્પ્યુટર બે વસ્તુ તો ત્યાં જે વિદ્યાર્થીઓ ભણતા હોય એમને માટે ફરજિયાત અભ્યાસક્રમના ભાગરૂપે રહે એવું પણ એક મારું સૂચન છે.

વિદ્યાશાખાઓમાં કલમ-૨૭માં સરસ વ્યવસ્થા છે એમાં પણ એક વધારાની વ્યવસ્થા થઈ શકે એ માટે પણ એક સૂચન વ્યવસાયલક્ષી દૃષ્ટિથી છે એમાં મારું એક કહેવું છે કે, ટેમ્પલ આર્કીટેકટ પણ આ સંસ્કૃત યુનિવર્સિટીનો એક ભાગ બનવો જોઈએ કારણ કે, આપણી મંદિર શિલ્પ કળા છે એ સોમપુરા બ્રાહ્મણો પાસે છે અને એ વેરાવળમાં જ મોટાભાગના વસે છે, અને એ લોકો આખા હિન્દુસ્તાનમાં અને વિશ્વમાં મંદિર બને છે ત્યાં આ સોમપુરા બ્રાહ્મણો શિલ્પની આખી કળા જાણે છે. તો એને એક અભ્યાસક્રમના રૂપમાં કેવી રીતે ગોઠવી શકાય જેથી રોજગારી પણ પેદા થાય. એટલે એવા બધા જે વિષયો છે, કર્મકાંડના અને બીજા જે બહેને કહ્યા પણ ખરા, વ્યવસાયલક્ષીમાં તો એ બધાને પણ આપણે એમાં સમાવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ યુનિવર્સિટીનું નામ સોમનાથ રાખ્યું છે એટલે એની આઈડેન્ટીટી બની રહે એટલા માટે એક મારું રચનાત્મક સૂચન છે કે, આ યુનિવર્સિટી શેવિઝમ ઉપરનું આખા વિશ્વનું શ્રેષ્ઠ અભ્યાસ કેન્દ્ર બનવું જોઈએ. શિવ વિશેની આખી જે ફિલોસોફીનું જ્ઞાન હોય, એનાથી વધારે કયાંય ન હોય એવું પણ એક અદ્યતન કેન્દ્ર બને કે જયાં કોઈને રીસર્ચ કરવું હોય એના ઉપર તો એ કરી શકે. એટલા માટે એની આઈડેન્ટીટી એવી રીતે ઉભી થાય કે ત્યાં શૈવિઝમનું ઉચ્ચ અને શ્રેષ્ઠ કેન્દ્ર બની જાય અને સોમનાથ સાથે એનું બરાબર અનુરૂપ લિંકેજ થાય.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું આપણા ગુજરાતની અંદર આપણું સદભાગ્ય છે કે આપણે ત્યાં ખૂબ સારા ભાગવતજ્ઞ કથાકારો ડોંગરેજી મહારાજથી લઈને કૃષ્ણશંકર શાસ્ત્રી, રમેશભાઈ ઓઝા સુધીની પેઢીને યાદ કરીને ભાગવત માટેનું પણ ત્યાં એક સરસ અભ્યાસ કેન્દ્ર ઉભું થાય તો સારું કામ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, એક બીજું પણ અગત્યનું સૂચન મારા મનમાં આવ્યું છે એ વાત કરું તો આપણી પાસે કેવળ ગુજરાતમાં જ ૫ લાખ જેટલી હસ્તપ્રતો છે. હવે એ બધાને ઠીક કરવા માટે Language Laboratory, It is most essential thing અને હમણાં હું અઠવાડિયા પહેલાં જ એક વિદ્યાર્થિની બહેન જે એમ.ફીલ કરે છે એને પૂછતો હતો કે કયાં કરો છો? એટલે એણે કહ્યું કે, ગુજરાત યુનિવર્સિટીના ભાષા ભવનમાં. મેં કહ્યું લેંગવેજ લેબોરેટરીની કેવી સુવિધા છે? તો કહે સાહેબ, સાધનો નથી હું નિરમામાં જાવ છું. એટલે લેંગવેજ લેબોરેટરી યુનિવર્સિટી માટે ખૂબ જ મહત્વની છે. એના માટેની પણ વ્યવસ્થા યોગ્ય રીતે થાય, વૈજ્ઞાનિક ઢબે બધા ઉપકરણો મળે અને એના નિષ્ણાંત લોકો પણ હોય તો મને લાગે છે કે, એક બહુ સરસ કામ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ ઉપરની ઘણી બધી વાતો કરી, આજે જયારે સંસ્કૃત યુનિવર્સિટીના બિલ ઉપર ચર્ચા કરી રહ્યા છીએ ત્યારે આ વિધાનસભાગૃહમાં યુનિવર્સિટી ભલે આજે થઈ પણ યુનિવર્સિટીની ગેરહાજરીમાં પણ પોત પોતાની નાની નાની યુનિવર્સિટી જેવી સંસ્થાઓ ચલાવીને સંસ્કૃતને જેણે પોષણ આપ્યે રાખ્યું છે, એવા મહાપુરુષોને પણ યાદ કરવા જેવા છે. જેમ કે સાત્વલેકરજી, કિલ્લા પારડી, કે. કા. શાસ્ત્રી, કરૂણાશંકર શાસ્ત્રી, ડાહ્યાભાઈ શાસ્ત્રી, વિષ્ણુદેવ પંડિત, ભગવતીકુમાર પંડયા, ડો.વસંત પરીખ અને ગૌતમ પટેલ વગેરે બધા મહાનુભાવોએ સંસ્કૃતનું પોષણ કર્યું છે. પૂ. મોરારીબાપુ દરવર્ષે સંસ્કૃતના વિદ્વાનને ૧ લાખ રૂપિયાનો એવોર્ડ આપે છે. તત્વજ્ઞાન વિદ્યાપીઠ-રાજુલા પછી અહીંયા આપણે સોલા ભાગવત વિદ્યાપીઠમાં સંસ્કૃતની પાઠશાળા, નડિયાદ પાસે ડાહ્યાભાઈ શાસ્ત્રીની પાઠશાળા, પોરબંદરમાં પુજય રમેશભાઈની સાંદીપની વિદ્યાનિકેતન આવી સંસ્થાઓ દ્વારા આ લોકોએ ધૂણી ધખાવીને સંસ્કૃતની જે સેવા કરી છે એને પણ આપણે આ સભાગૃહમાં બિરદાવ્યા વગર રહી ન શકીએ કારણ કે, આ બિલ એમને યાદ કર્યા વગર અધૂરું રહે એટલા માટે હું આ બધાને યાદ કરું છું. એમનું આ યોગદાન ગુજરાત કાયમ યાદ રાખશે.

છેલ્લી વાત પણ ખૂબ જ અગત્યની છે એટલા માટે કે, હું રહું છું ભાવનગરમાં અને ભાવનગરમાં અમે બહુ વખતથી ધીમે ધીમે પછાતપણું અનુભવતા ગયા છીએ, એનું કારણ અમારી કોઈ વસ્તુ હોય તો એ છે કે અમારું કનેકશન જે વિકસતો આખો ભાગ છે એ મુંબઈ હોય, સુરત હોય કે રાજકોટ હોય એમાં અમે કોર્નરમાં થઈ ગયા હોય એવું લાગે છે અને અમે દૂર છીએ. મારે બિલકુલ દ્વેષ વગર મને જે અનુભવ થયો છે એ મુજબ અને ભવિષ્યમાં મુશ્કેલી ન થાય એટલા માટે હું એક ખ્યાલ ધ્યાનાકર્ષક કરવા માગું છું આ સભાગૃહના માનનીય મંત્રીશ્રીનું અને સરકારશ્રીનું. કે સોમનાથ યુનિવર્સિટી સાથે નામ રાખ્યું એ તો બહુ જ સારું પણ સોમનાથ યુનિવર્સિટી સોમનાથમાંજ થવી જોઈએ. એવું નહોતું અને એટલા માટે વિશ્વભરના વિદ્વાનો કે બીજા લોકો વિદ્યાર્થીઓ એને ઈઝી એપ્રોચેબલ એવું કોઈ સ્થાન ગાંધીનગરથી શ્રેષ્ઠ કોઈ ન હોઈ શકે. એટલા માટે ફરીથી હું તો સૂચનના રૂપમાં પણ એમ કહીશ કે આ યુનિવર્સિટીનું વડું મથક જો ગાંધીનગર રાખવામાં આવ્યું હોત તો મને બરાબર યાદ છે સંસ્કૃતની અંદર જેટલા વિદ્વાનો આજે કામ કરે છે એ બધાએ પણ સરકારશ્રીને વિનંતી કરેલી જ છે અને એટલા માટે જો હજી પણ એની અંદર કંઈ થઈ શકે તો સારું થાત. હું ઈચ્છું કે એ સોમનાથમાં ભલે થાય હવે, પણ આ કારણસર આ યુનિવર્સિટીને ક્યારેય કોઈ મુશ્કેલી ન પડે એની વ્યવસ્થા આપણે બધાએ કરવાની છે એ માટે પણ હું સરકારશ્રીને વિનંતી કરું છું એટલે જે વાત મારે કરવાની હતી એ કરીને મારે છેલ્લે અહીંયા સન્માનનીય સભાગૃહને ફરીથી સરસ આજના પ્રસંગે એક વાત એ કહેવી છે કે, સંસ્કૃત યુનિવર્સિટી આપણી ખૂબ જ વિકસીત થાય એના માટે જે શ્લોકના રૂપની અંદર કહું છું.

***પ્રદાનં સવક્ષેત્રેષુ, ગુર્જરસ્ય વિશિષ્યતે સંસ્કૃતઅપિ ચ તત ભૂયાત શુભદં સુખદં સદા***

ગુજરાતનું પ્રદાન બધાજ ક્ષેત્રમાં ખૂબજ વિશેષ પ્રમાણમાં રહેલું છે અને સંસ્કૃતમાં એવું જ બને અને શુભદં, સુખદં કાયમ એવું શુભદં અને સુખદં થાય એવી ભગવાનને પ્રાર્થના સાથે ફરીથી સરકારશ્રીને પણ ખૂબ ખૂબ અભિનંદન આપીને આ બિલની અંદર આપણે સૌ સરસ ચર્ચા કરીએ અને આને પાસ કરીએ એ જ અભ્યર્થના સાથે ધન્યવાદ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણમંત્રીશ્રી શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીનું બિલ લઈને આવ્યા છે એને હું આવકારવા માટે ઉભો થયો છું.

સંસ્કૃત, ભારતીય સંસ્કૃતિ, એના વિશે અગાઉ ઘણું કહેવાયું છે. આજે આપણા માનનીય સભ્યશ્રીઓએ પણ આમાં ખૂબ પ્રકાશ પાડ્યો છે. એક વખત એવો હતો કે વિદ્વાનો ચર્ચા પણ સંસ્કૃત ભાષામાં કરતા હતા અને એને કારણે આ સંસ્કૃત ભાષા એટલી સમૃદ્ધ, એટલી રીચ છે કે જે શબ્દો આજે ગુજરાતીમાં ન મળે તો એ શબ્દો આપણે સંસ્કૃતમાંથી લઈ અને ભાષાંતર કરીએ છીએ. હું ટેકનોલોજીનો વિદ્યાર્થી છું. વચ્ચેના સમયમાં અંગ્રેજીમાંથી ગુજરાતી ભાષાંતર કરવાનું બહુ ચાલ્યું, સદનસીબે એ બંધ થઈ ગયું પણ જ્યારે એ ચાલતું હતું ત્યારે જે શબ્દો એમાંથી મળતા હતા એ ગુજરાતીમાં ક્યાંય શબ્દો નહોતા એ તમામ શબ્દો આપણે સંસ્કૃતમાંથી લઈ અને ગુજરાતી ભાષાંતરમાં સીધા જ લઈ આવ્યા, આપણને ખબર નહિ હોય કે એન્જિનિયર હોય એને ગુજરાતીમાં આપણે એન્જિનિયર જ કહીએ છીએ પણ એને જો ગુજરાતીમાં ખરેખર વાંચવું હોય તો એને અભિયન્તા અથવા અભિયંત્ર આવો શબ્દ વાપરવો પડે. પણ સંસ્કૃતની અંદર તો આ પ્રકારના તમામે તમામ એકદમ નાના નાના શબ્દો છે એ પણ મળી રહે. અંગ્રેજી અને રોમન ભાષાની સમકક્ષ આવે એટલી સમુદ્ધ ભાષા એ સંસ્કૃત હતી પરંતુ ગમે તેમ આને માત્ર દેવોની ભાષા બનાવી દેવામાં આવી, દેવોની ભાષા જરૂર હતી, પણ જો સામાન્ય માણસ બોલતો હોય તો આજે આ સંસ્કૃત યુનિવર્સિટી આપણને બનાવવાની જરૂર ન પડી હોત. આપણે આપસઆપસમાં પણ આ સંસ્કૃત ભાષાને બોલચાલની ભાષા તરીકે અપનાવી લીધી હોત પણ કમનસીબે એવું બન્યું કે આ જે ભાષા છે એ સામાન્ય લોકોને ભણાવાય નહિ એને કારણે આવી સમૃદ્ધ ભાષા છે એનો ખૂબ મોટો વિકાસ થાય અને એ વિકાસ થયા પછી આમ લોકો સુધી આ ભાષા પહોંચી શકી. આ ભાષાની અંદર એટલું બધું સાહિત્ય હતું તે સાહિત્ય પણ મૂળરુપમાં આપણાં સુધી આવ્યું નહી અને તેને કારણે

જે ભાષા તે આખા એશિયા ખંડને સમૃદ્ધ બનાવ્યો. તેની સમૃદ્ધિથી આપણે પર રહી ગયા. હું એક સેમિનારની અંદર થાઈલેન્ડ ગયેલો ત્યારે ત્યાં એક બૌદ્ધ મઠ છે. સૌથી પહેલો મઠ તે બન્યો તેની અંદર ગયો અને ત્યાં ' બુધ્ધમ્ શરણંમ્ ગચ્છામિ ' ની પ્રાર્થના ગવાતી હતી. તેની પોતાની ભાષા સિવાય બીજી કોઈ ભાષા વપરાતી નથી. પણ તે શ્રીલંકાનો જે સાધુ હતો તે સાધુને મેં પૂછ્યું કે આ જે પ્રાર્થના ગવાય છે તે પ્રાર્થના તો મને સંસ્કૃત જેવી લાગે છે. તે વિદ્વવાન સાધુ હતા તેણે મને વાત કરી આ સંસ્કૃત ભાષા છે માત્ર થાઈલેન્ડ અસર કર્યુ છે ૪૦ ટકા થાઈલેન્ડ નહીં એશિયાના બધાજ દેશો છે તેની અંદર ૪૦ ટકા શબ્દો છે તે આજે પણ સંસ્કૃતના છે. તે ચાયના હોય, વિયેટનામ હોય, ફિલિપાઈન્સ હોય કે સિંગાપુર અને બીજા દેશો હોય આટલી બધી સમૃદ્ધ ભાષા છે. તેને આજે પણ આપણે માત્ર થોડાં લોકો પૂરતી ભાષા બનાવી અને મૂકી દેવામાં આવી છે.

મને સંસ્કૃત ભાષા ગમે છે. હું ૮ થી ૧૦ સંસ્કૃત ભણ્યો છું પણ રામંમ્ રામો, રામાહા સિવાય બીજું તેનાથી કંઈ આગળ વધી શકયો નથી. હું ઇચ્છું છું કે આ સંસ્કૃતની ભાષા છે તેના કોઈ ફોરમની અંદર ગ્રામેટીકલ બહુ માળખામાં ગયા વગર સામાન્ય લોકો શીખી શકે એવી વાણીની અંદર એવા દ્વારા લોકો સુધી પહોંચે કાંઈ નહીં તો તેનું સાહિત્ય પહોંચે એવો પ્રયાસ આ યુનિવર્સિટી દ્વારા થવાનો છે. હું સંસ્કૃતની અંદર ભલે નબળો રહી ગયો પણ હું સદ્‌ભાગી છું કે આ રાજયની જે ટોચની જે સંસ્કૃતની ઇન્સ્ટિટ્યૂટ છે અમે આ બધા જ દ્વારકાધિશ સંસ્કૃત Academy and Indological Research Institute દ્વારકા જે શંકરાચાર્ય મહારાજ જેના ચેરમેન છે તેમના મારે જોઈન્ટ સેક્રેટરી તરીકે રહેવાનું વર્ષોથી સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે. આ એક સંસ્થા એવી છે મહેન્દ્રભાઈ નીકળી ગયા પણ હું તેમનું ધ્યાન દોરવા માંગુ છું કે, દ્વારકા જેવું એક છેવાડાનું સેન્ટર અને તેની અંદર આખા ગુજરાતમાંથી સૌથી વધુમાં વધુ પી.એચ.ડી.થનાર વિદ્યાર્થીઓ આખા ગુજરાતમાંથી હોય યુનિવર્સિટીઓ પછી તો તે ત્યાંથી આવ્યા છે. આખા દેશની અંદર જેટલી વખત સંસ્કૃતના આંતરરાષ્ટ્રીય સેમિનારો નથી થયો એટલા સેમિનારો ત્યાં થયા છે એટલે સ્થળ ગાંધીનગર હોય તો જ વિકાસ થઈ શકે એવું નહીં હું તો ઇચ્છું કે છેવાડાના વિસ્તારોની અંદર ઈન્સ્ટીટયુટ થાય અને મને આનંદ તે વાતનો છે કે વેરાવળ, સોમનાથ જેવી જગ્યાએ આનું હેડકવાર્ટર રહેવાનું છે. વિદ્વવાનો છે તે તો વિદ્યાપીઠ છે ત્યાં આવવાના છે તેમાં કોઈ શંકાની વાત નથી. હું આ દ્વારકાધિશ સંસ્કૃત Academy and Indological Research Institute ની વાત કરતો હતો. આ સંસ્થાને ૧૯૯૨ની અંદર જે તે વખતની જે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન છે તેને ત્રણ વાઈસ ચાન્સલરોની કમિટી નીમી કે આને યુનિવર્સિટીનો દરજજો આપી શકાય કે કેમ? તો તેનો અહેવાલ યુ.જી.સી.ને અપાયો. યુ.જી.સી.એ સ્વીકાર્યો અને આ સંસ્થા યુનિવર્સિટી જેટલું જ Deemed યુનિવર્સિટી થઈ શકે એવી ક્ષમતા છે એવી એ ભલામણ રાજય સરકારમાં આવી. રાજય સરકાર અને કેન્દ્ર સરકારમાં આ આગળ ભલે ના ગઈ પણ આવી સંસ્થાઓ આપણી પાસે છે. મહેન્દ્રભાઈએ બીજી સંસ્થા અમારી પોરબંદરની સાંદીપનિ વિદ્યા નિકેતન હોય કે અહીંયાની આપણે કૃષ્ણશંકર શાસ્ત્રીજીની વિદ્યાપીઠ હોય. એવી વિદ્યાપીઠોના નામ આપ્યા છે આવા લોકોએ સંસ્કૃતને એક ખૂણાની અંદર રહીને પણ જીવતી રાખી છે તેને ખરેખર અભિનંદન આપવાં જોઈએ અને તેમનો આભાર પણ માનવો જોઈએ. આ સંસ્કૃતની અંદર આજે પણ માનનીય દિનેશભાઈએ જે ચિંતા વ્યક્ત કરી હશે કે ૫૦ ટકા જગ્યાઓ આજે ખાલી રહે છે કારણકે તેની અંદર જે અનામત જગ્યાઓ છે ભરાતી નથી. આપણે ત્યાં પ્રયાસ થતા નથી કે આ વિદ્યાર્થીઓ છે. છેવાડાના જે પછાતવર્ગના વિદ્યાર્થીઓ છે તેમને થોડાકને ભણાવીને તૈયાર કરીને તેમને શિક્ષકો બનાવીએ તો આ જગ્યાઓ છે એ પણ ભરાય અને છેવાડાના લોકો સુધી સંસ્કૃતનું શિક્ષણ પણ પહોંચી શકે.આખરે સર્વવ્યાપી સંસ્કૃત ભણાવવું હશે તો આ રસ્તો લીધા સિવાય શકય બનશે નહીં. સંસ્કૃતમાં દરેક ક્ષેત્રે માત્ર .સંસ્કૃત યુનિવર્સિટી બનાવી છે, પરંતુ હું આપના દ્વારા માનનીય શિક્ષણ મંત્રીશ્રીને એનો સ્કોપ થોડોક મોટો બને અને આપણી જે પ્રાચીન વિદ્યાઓ છે એ બધી જ વિદ્યાઓ આ યુનિવર્સિટીમાં આવરી લેવાય તો જ આ સંસ્કૃત યુનિવર્સિટીમાં ભણેલ વિદ્યાર્થીઓ એના પગ ઉપર ઉભા રહી શકશે. માત્ર સંસ્કૃતના પંડિતો થશે તો એનાથી ભાષાની કદાચ સેવા થશે, પરંતુ સમાજની સેવા નહીં થઈ શકે કારણ કે સામાન્ય શિક્ષણ સાથે આપણામાંના મારા સહિતના ઘણા બધા લોકો સંકળાયેલા છે.

સંસ્કૃતના લેકચરર કે માધ્યમિક શાળાના સંસ્કૃતના શિક્ષકની ભરતી કરવી હોય તો એની જાહેરાત બહાર પડે તો એક જગ્યા હોય અને ૫૦૦ અરજીઓ લેકચરરની જગ્યા માટેની આવે અને માધ્યમિક શિક્ષકની જગ્યા માટેની ૧૦૦૦ અરજીઓ આવે. એટલે એ રોજગારી નહીં આપી શકે તો આ સંસ્કૃતનું શિક્ષણ છે એ 'પોથીમાંના રીંગણા' જેવું થઈ જશે. સાચી વાત કરી કે વાસ્તુશાસ્ત્ર હોય, મંદિરના બાંધકામનું શાસ્ત્ર હોય, પૂરાણું જૂનું આપણું આર્કિટેકટ હોય કે પછી ભાષાંતર કરવા માટેની કોઈ આર્ટ હોય અને બહુ મોટા વિદ્વાનો જો બનાવવા હોય તો અંગ્રેજી સાથે ભણ્યા વિના કયારેય પણ ચાલવાનું નથી. પહેલા વર્ષથી જ જો એ આવે તો જ અંગ્રેજીમાં અને સંસ્કૃત બન્નેનો સમન્વય કરીને ના ચલાય તો સંસ્કૃત યુનિવર્સિટીનો વ્યાપ વધારવા માગીએ છીએ, સંસ્કૃત ભાષાનો વ્યાપ વધારવા માગીએ છીએ એ બહુ મોટો બનશે નહીં અને એના માટે આપણે આ યુનિવર્સિટીને પણ અગાઉની જે વિદ્યાપીઠો હતી એ વિદ્યાપીઠોની જેમ સેલ્ફ રિલાયન્ટ બનાવવાની જરૂર છે અને એના માટે વિદ્વાનોના હાથમાં જ આ યુનિવર્સિટીનો વહીવટ રહે એ પણ એટલું જ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળના દાખલા અપાયા નાલંદા તક્ષશીલા વિદ્યાપીઠનો તો એનો વહીવટ કોઈ અધિકારીઓ પાસે નહોતો કે કોઈ સરકારો પાસે નહોતો, પરંતુ એનો વહીવટ વિદ્વાનો પાસે જ હતો અને એટલા માટે જ પ્રોસ્પર થઈ હતી, વિકાસ પામી હતી. અત્યારે પણ જે નામો દેવાયાં એ વિદ્યાપીઠો છે એ વિદ્યાપીઠોનો વહીવટ છે એ કોઈ સરકારી સંસ્થાઓ પાસે નથી, પરંતુ વિદ્વાનો અને સમાજના લોકોના હાથમાં છે અને એટલા માટે આ સંસ્કૃતની વિદ્યાપીઠો જેટલી જેટલી જયાં થઈ એ ખૂબ પ્રોસ્પર થઈ છે, વિદેશમાં એના વિદ્યાર્થીઓ ગયા છે. હું દાખલો આપું કે પોરબંદરની સાંદીપની વિદ્યા નિકેતન સંસ્થા છે એના વિદ્યાર્થીઓ ભલે એના મર્યાદિત માળખામાં અભ્યાસ કરે છે, પરંતુ એને કોમ્પ્યુટર શીખવાય છે અને પ્રિસ્ટ બનીને ઓછામાં ઓછા ૧૫ થી ૨૦ વિદ્યાર્થીઓ વિદેશમાં ગયા છે, પરંતુ એનો સ્કોપ મર્યાદિત છે, પરંતુ જયારે યુનિવર્સિટી બનાવીએ ત્યારે એનો સ્કોપ ખૂબ મોટો રાખવો પડે અને એના માટે વિદ્વાનો અને સમાજના લોકોને એનું કામ સોંપવું પડે, પરંતુ જે અહીંયાં યુનિવર્સિટીનું માળખું લઈને આવ્યા છે એ માળખું તો એવું છે કે સરકારી માળખામાંથી આ યુનિવર્સિટી કયારેય બહાર નીકળી નહીં શકે. મને એમ હતું કે હું અંદર વાંચીશ તો કોઈ જગ્યાએ એવું આવશે કે આ સંસ્થાના વાઈસ ચાન્સેલર હશે એની નિમણૂક આ દેશના સૌથી મોટા સંસ્કૃતના ભારતીય સંસ્કૃતિના વિદ્વાન લોકો કરશે એવું લાગતું હતું, પરંતુ જે વ્યવસ્થા થઈ એ વ્યવસ્થામાં તો..

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે, માનનીય અર્જુનભાઈ, આપનું પ્રવચન ચાલુ રહેશે.

**વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫**
**સભાગૃહ બપોરના ૩-૧૫ કલાકે મળ્યું**
**અધ્યક્ષશ્રી પ્રો. મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

### કામકાજ સલાહકાર સમિતિના આઠમાં અહેવાલની રજૂઆત

**અધ્યક્ષશ્રી** : ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૯૨ અન્વયે મળેલી સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો આઠમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક આજે એટલે કે ગુરૂવાર, તા. ૧૭મી માર્ચ, ૨૦૦૫ના રોજ સભાગૃહની બેઠકના વિરામ સમયમાં મળી હતી.

સમિતિ ભલામણ કરે છે કે, આજના એટલે કે ગુરુવાર, તા. ૧૭મી માર્ચ, ૨૦૦૫ના દિવસના કામકાજની યાદીમાં બતાવેલા પાંચ સરકારી વિધેયકોની વિચારણા પૂરી કરવામાં આવે ત્યાં સુધી તે રીતે સભાગૃહની બેઠકનો સમય લંબાવવો અને ત્યારબાદ બિન-સરકારી સંકલ્પો અને છેલ્લા દિવસનો પ્રસ્તાવ હાથ ધરવો.

**કામકાજ સલાહકાર સમિતિનો આઠમો અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

## પોઈન્ટ ઓફ ઓર્ડર

### કામકાજ સલાહકાર સમિતિના અહેવાલ અંગે

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાની બેઠક બોલાવતી વખતે માનનીય રાજયપાલશ્રી આહવાન કરતા હોય છે, અને આહવાનમાં કયા દિવસે શરૂ થશે અને કયા દિવસે પૂર્ણ થવાનું હોય છે તેની યાદી આપતા હોય છે. એટલે આ પહેલી વખત જે અમોને યાદી મળી એમાં ૧૭મી તારીખથી શરૂ કરીને ૧૮મી તારીખ સુધીનું કામકાજ દર્શાવેલ છે. એટલે આ તારીખ જે છેલ્લી તારીખ છે. તેમાં ફેરફાર કરવાનો બિઝનેશ એડવાઈઝરી કમિટીને અધિકાર નથી.

બીજું જે ગૃહના કામકાજમાં છેલ્લા દિવસના આગલા દિવસનું કામકાજ છે એટલે આજના દિવસનું કામકાજ, એ બિન સરકારી કામકાજ માટેના સભ્યો માટેનું છે, એટલે આજે જ એ લેવું જોઈએ, અને ત્રીજું જે છેલ્લા દિવસનો પ્રસ્તાવ છે તેમાં છેલ્લા દિવસના પ્રસ્તાવની યાદી સભ્યશ્રી છેલ્લા દિવસે જ કરતા હોય છે, અને સભ્ય સામાન્ય રીતે તે દિવસે જ હાજર રહેતા હોય છે. એટલે આ ત્રણ રીતે આઉટ ઓફ ઓર્ડર છે. એટલે અમે તો અત્યાર સુધી સભાગૃહના કામકાજમાં આ બાબતમાં સહકાર આપ્યો છે. સરખી રીતે ચલાવવામાં આપ્યો છે અને વિસ્તૃત રીતે ચર્ચા પણ થઈ છે. સમયનો ખૂબ સદઉપયોગ પણ થયો છે. આજે સમય વધારવો પડે એવી ઘટના પણ બની છે. નર્મદા યોજનામાં ૨૫૦ કરોડ રૂપિયા આપણા પુનર્વસન માટે અગાઉની સરકારે રાખેલા અને તેમાં ૧૪ જેટલાને પુનર્વસન કરવાના હતા. અને તેને નથી કરી શકયા તેના ઉપર સ્ટે આવ્યો છેઅને એના

કારણે આખી યોજના ઉપર એ સ્ટે આવવાથી તેની ચર્ચા પણ આ ગૃહમાં કરવી પડે એમ છે. એટલે બધા સભ્યો સાથે મળીને આ ચર્ચા કરીએ, આવતીકાલે ૧૨ વાગ્યા સુધીમાં આ ગૃહ પૂરું કરવામાં આવે તેમાં અમને કોઈ તકલીફ નથી. બહુ શાંતિથી ગૃહમાં કામકાજ ચલાવીએ એવી મારી આપના મારફત ટ્રેઝરી બેંચને પણ વિનંતી છે. આ કામકાજ સલાહકાર સમિતિ આ બાબતમાં નિર્ણય ન કરી શકે. નિયમ મુજબ હોય તો વાંધો નથી. માનનીય અધ્યક્ષશ્રી, નિયમની વિરૂધ્ધમાં જઈને કામકાજ સલાહકાર સમિતિ ભલામણ ન કરી શકે, નિયમની મર્યાદામાં જ કરવી જોઈએ.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહ ઘણા સમય પછી મળેલું, વચ્ચેના ગાળામાં આપણે પૂરતો સમય આપી અને ગૃહને ગુજરાતતની પ્રજા લક્ષી જે કામગીરી કરવાની હોય તે થઈ શકેલ નથી. આ ગૃહ પૂરેપૂરા સમય સુધી મળે તે જાતની સભ્યશ્રીઓને અપેક્ષાઓ પણ છે. આ ગંભીર મુદ્દો ઊભો થયો છે તે પણ આવતીકાલના કામકાજમાં આપણે ચર્ચામાં લઈ શકીએ અને નર્મદાના વિસ્થાપિતો માટે ૧૪ વ્યકિતઓ માટેના ૨૫૦ કરોડ ફાળવેલા તે નહીં વપરાવાને લીધે એક વ્યકિત કોર્ટમાં જાય અને તેના લીધે નર્મદાનું કામ ઠપ થઈ જાય એવા સંજોગો હોય ત્યારે પક્ષાપક્ષીથી ઉપર ઉઠીને, ભેદભાવ ભૂલી અને સાથે મળીને ચર્ચા વિચારણા કરી આ દિશામાં કાર્ય કરીએ જેમાં કોઈ પક્ષાપક્ષી ન હોવી જોઈએ. ભેદભાવ ભૂલી આપણે સાથે મળીને ચર્ચા વિચારણા કરીને આ દિવસોની અંદર કાર્ય કરીએ કે જેમાં કોઈ પક્ષાપક્ષી ન હોવી જોઈએ. નર્મદા આપણી જીવાદોરી છે, એ અતિ મહત્વની બાબત છે. આવી બાબતો આપણે ચર્ચામાં લઈએ એ યોગ્ય ગણાશે અને લોકો સુધી એનો મેસેજ મોકલીએ કે આ ગૃહ પણ એના માટે ચિંતિત છે. ૨૫૦ કરોડ રૂપિયા નહિ વપરાવાના લીધે આવી પરિસ્થિતિનું નિર્માણ થયું એટલે એમાં એટલું ઈચ્છીએ કે આ પોઈન્ટ ઓફ ઓર્ડર છે એ યોગ્ય છે અને એમાં આપનું રૂલિંગ અને માર્ગદર્શન માગીએ છીએ. જેથી ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજના ખોરંભે ન પડે અને જો એ ખોરંભે પડતી હોય તો એના માટે પગલાં લઈ શકીએ.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજના અંગેના જે શબ્દો છે એ રેકોર્ડમાંથી કાઢી નાખવા જોઈએ. પોઈન્ટ ઓફ ઓર્ડર છે એના ઉપર બોલે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : પોઈન્ટ ઓફ ઓર્ડર જે રજૂ કર્યો છે એના ઉપર કોઈ ઉલ્લેખ માનનીય સભ્યશ્રીએ કર્યો નથી. તેથી બાકીના શબ્દો રેકોર્ડમાંથી કાઢી નાંખવા જોઈએ.

**અધ્યક્ષશ્રી** : આમાં નર્મદાની વાત ન આવે.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા સરકારને વિનંતી કરીએ છીએ કે જે સમય સરકારે નક્કી કર્યો હોય, એનું ટાઈમ ટેબલ નિર્ધારીત કરીને નક્કી કર્યુ હોય, કામકાજ બતાવેલ હોય એ મુજબ ચલાવવાની જવાબદારી સરકારની થાય છે. વિધાનસભાનો સમય ટૂંકાવવામાં આવે અને સ્વગર્સ્થ અમરસિંહભાઈને શ્રદ્ધાંજલિ આપવા માટે એક દિવસ હાઉસ બોલાવ્યું એને સત્ર ગણી લેવામાં આવે એ યોગ્ય નથી. ધારાસભ્ય આ સભાગૃહમાં વાત નહિ કરી શકે તો કયાં કરી શકશે? આપની સમક્ષ સરકાર અને વિપક્ષ આ ગુજરાતની ચિંતા નહિ કરે તો કયાં કરશે. ધારાસભ્યશ્રીઓની ચિંતા સાથે સામૂહિક ગુજરાતના વિકાસ માટે નિર્ણય લેવાનો છે એ અહીયા નહિ લઈશું તો કયાં લઈશું? એટલે બંધારણમાં અને નિયમોમાં શું છે એની મને વ્યકિતગત ખબર નથી. પરંતુ કયાંક પરંપરા એવી પ્રસ્થાપિત થઈ હોય એને પણ આપણે જાળવવી પડશે. એ પરંપરા અને આવતા ભવિષ્યની વાત કરવી પડશે. નીતિ નિયમ નથી પણ કયાંક કોઈક ચર્ચાને અવકાશ હોય કયાંક કોઈક ગુજરાતના હિતની ચિંતા કરવાનો અવસર આવતો હોય ત્યારે ભૂતકાળના દાખલા જોવા મળશે. આજે આપણે સારી વાત કરતા હોય તો એકબીજા ભેગા થઈને સરકાર પણ સારી વાત કરે અને વિપક્ષ પણ સ્વીકારે તેવા અસંખ્ય બનાવો ભૂતકાળમાં બનેલા છે. એનો હાસ થઈ જાય એવા બનાવોનું પુનરાવર્તન થાય છે ત્યારે વિનંતી કરું કે ગુજરાતના વિકાસની ચિંતાનો મુદ્દો એજન્ડામાં ન હોય, સમય પણ ઓછો હોય. નીતિ નિયમમાં ન હોય તો પણ કયાંક ને કયાંક એને સ્થાન આપવું પડશે તેવી વિનંતી કરું છું.

**શ્રી વજુભાઈ વાળા** : આપના તરફથી આજની કામકાજ સલાહકાર સમિતિનો જે રિપોર્ટ છે એ આપે હાઉસ સમક્ષ મૂકયો છે. એટલે મારે એટલું જ કહેવાનું કે આજના દિવસના કામકાજની યાદી છે એ યાદીમાં જે વસ્તુ વર્ણવેલી છે એ તમામ વસ્તુનો આપણે સ્વીકાર કરીએ છીએ. એની અંદર બિલ છે એ પાસ થાય અને એના માટે સમય વધારવા માટેની વાત છે. ભૂતકાળમાં અનેક વખત બિલો પૂરા કરવા માટે કે બીજી કોઈ ચર્ચા કરવા માટે કે જે ખાતાની માગણીઓ હોય ડિમાન્ડ હોય એ પૂરી કરવા માટે થઈને સમય વધાર્યો જ છે. આજે ફકત એટલું જ છે કે કોઈ વસ્તુ સરકારી કામકાજ કે બિન સરકારી કામકાજ છે એ આપણે ડ્રોપ કરતા નથી. છેલ્લા દિવસનો પ્રસ્તાવ પણ આજે આ કામકાજની યાદીમાં અમલમાં મૂકેલો છે. તે તમામ કામકાજ આજે પૂરાં થતાં હોય તો સવાલ એટલો છે કે આ કામ પૂરું થવા માટે કામકાજ સલાહકાર સમિતિએ સમય વધારવાની વાત કરી છે. એમાં સમય વધારીએ જ છીએ. આજની કામકાજના દિવસની યાદી આપી છે એમાં કોઈ નવું કામ મૂકતા નથી તથા કોઈ કામ આપણે ડ્રોપ કરતા નથી. ભૂતકાળમાં કામ છે એ માટે વાત છે. હાઉસ એડજોર્ન કરવું કે ન કરવું એ છેલ્લે આપના હાથમાં રહેશે. અમે તો એટલું જ કહીએ છીએ કે આજની જે કામકાજની

યાદી છે તેમાં વર્ણવેલા તમામ કામો છે એ આપ પૂર્ણ કરો અને પૂર્ણ કરવા માટે થઈને ભૂતકાળમાં સમય વધારેલા છે. આજે પણ એના માટે સમય વધારો એટલો જ આ કામકાજ સલાહકાર સમિતિનો રિપૉર્ટ છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉભો કર્યો છે અને પૉઈન્ટ ઑફ ઑર્ડરમાં પહેલાં કહ્યું કે રાજયપાલશ્રી સત્રનું આહ્વાન કરે ત્યારે તેનો આખરી દિવસ બતાવે છે. સૌથી પહેલાં તો સત્રના આહ્વાન માટે આપણી કાર્યપ્રણાલિકાના ૩૭માં  પાના ઉપર કહ્યું છે કે સમન્સ દ્વારા આહ્વાન થાય છે. બ્રિટનની જેમ ભારતની સંસદના બન્ને ગૃહો અને રાજય વિધાનસભાના મંડળનું દરેક ગૃહ ફક્ત રાષ્ટ્રપતિ કે રાજ્યપાલના આદેશથી જ મળી શકે છે. બંધારણની કલમ- ૮૫ અને ૧૭૪ રાષ્ટ્રપતિ કે રાજ્યપાલના આદેશ સિવાય કોઈ પણ ગૃહ સત્ર માટે મળી શકતું નથી. દરેક વર્ષના પ્રથમ સત્રમાં સામાન્ય ચૂંટણીઓ પછીના પહેલાં સત્રની શરૂઆતમાં રાષ્ટ્રપતિ સંસદના બન્ને ગૃહને અને રાજયપાલશ્રી જ્યાં બે હોય ત્યાં ગૃહને અથવા જ્યાં એક હોય ત્યાં ગૃહને સંબોધન કરે છે. તો સમન્સ શબ્દ વાપર્યો છે. એ આહ્વાન છે એ સમન્સ પણ  હું વાંચી સંભળાવું છું,

"In exercise of the powers conferred by clause (1) of article 174 of the Constitution of India, I, Nawal Kishore Sharma, Governor of Gujarat, hereby summon the Gujarat Legislative Assembly to meet at Assembly Hall, Gandhinagar at 12.00 Noon on Thursday, the 17th February, 2005."

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને મારે એટલું કહેવું હતું કે સમન્સ, જે ગૃહને આહ્વાનની વાત કરી તે ગૃહ બોલાવવાની તારીખ નક્કી હોય છે. છેલ્લી તારીખ કયારેય નક્કી નથી હોતી. બીજી વાત હું તેમનું નિયમના પાના નં. ૭ ઉપર ધ્યાન દોરું છું.  એ સરકારી કામકાજ અંગેનું છે. સરકારી કામકાજ અંગે ફાળવવામાં આવેલ દિવસે સરકારી કામકાજને અગ્રતા આપવામાં આવશે અને અધ્યક્ષ સભાગૃહના નેતા સાથે મંત્રણા કરીને ઠરાવે તે ક્રમે સચિવ આ સભાગૃહ ગોઠવશે. આપણે ગઈ કાલે જે ગોઠવ્યું છે તેમાં છેલ્લા દિવસનો પ્રસ્તાવ  બતાવેલો છે. એટલે એ એમ કહે છે કે છેલ્લા દિવસના પ્રસ્તાવના અમારા સભ્ય હાજર નથી. એ એમની જવાબદારી રહે છે. સભ્યની પોતાની જવાબદારી રહે છે. ત્રીજી વાત કામકાજ સલાહકાર સમિતિની જે વાત છે તે તરફ હું તેમનું ધ્યાન દોરું છું કે કામકાજ સલાહકાર સમિતિ વિધાનસભાની શરૂઆતમાં અને વખતોવખત અધ્યક્ષ કામકાજ સલાહકાર સમિતિની રચના કરશે, આ સમિતિ અધ્યક્ષ ઉપરાંત અધ્યક્ષે નીમેલા.. હવે એ સમિતિના કાર્યો ૧૯૧-૧માં લખ્યું છે કે કયા સરકારી વિધેયકો અથવા બીજું કયું સરકારી કામકાજ સભાગૃહે કયા દિવસે, કયા ક્રમે હાથ ઉપર ધરવું તે અંગે લેશે. આજની કામકાજ સલાહકાર સમિતિમાં એટલા માટે જ બોલ્યા અને કામકાજ સલાહકાર સમિતિનો અહેવાલ જ્યારે રજૂ થાય છે તે અહેવાલમાં અમે કહ્યું કે આટલા, આજના દિવસ પૂરતું, ત્રીજી વાત એ છે કે એમના સભ્ય હાજર ન હોય તો તેમની જવાબદારી છે. આ સભાગૃહમાં કામકાજ સલાહકાર સમિતિના અહેવાલમાં જે અંદર બન્યું છે એ બહાર કહેવાનું હોતું નથી. પણ તેમના પૉઈન્ટ ઑફ ઑર્ડરમાં બીજી વસ્તુ કહી કે નર્મદા અંગેની ચર્ચા. એ પ્રશ્ન અહીં ઉપસ્થિત થતો નથી. મારે એ વાત કહેવી છે કે આવો અગત્યનો પ્રશ્ન હતો(અંતરાય) ભાઈ ભવાનભાઈ, આ અત્યંત નિયમોના આધારે ચર્ચા ચાલે છે અને આપના નેતાશ્રીને એ જરા સમજાવું જોઈએ કે  કામકાજ સલાહકાર સમિતિમાં આવા અગત્યના પ્રશ્ન ઉપર તેઓ એક અક્ષર પણ બોલ્યા નથી કે આ અમારે ચર્ચવું છે. મારે કામકાજ સલાહકાર સમિતિમાં અંદર થયેલી વાત નહોતી કહેવી પરંતુ જ્યારે ભવાનભાઈએ કહ્યું કે આજે ઉપસ્થિત થયું છે. આ સભાગૃહના પૉઈન્ટ ઑફ ઑર્ડરમાં કહેવામાં આવે, તો જો વિરોધપક્ષના નેતાએ નર્મદા ઉપર આટલી બધી વાત હોત તો તેમણે કામકાજ સલાહકાર સમિતિમાં કહ્યું હોત કે આમાં સમય ફાળવવો જોઈએ. એવી કોઈ વાત તેમણે ત્યાં કરી નથી અને તેમણે એ વાત કરી હોત તો ચોક્કસ એ અંગે (અંતરાય)..અને એટલા માટે જે અગત્યના મુદ્દાઓ હોય, એટલા માટે કામકાજ સલાહકાર સમિતિ આજે મળી હતી.(અંતરાય) ભવાનભાઈને પણ હું આપના દ્વારા જણાવવા માગું છું કે, આપના નેતા બહાર આવીને વાત કરે છે એ મુદ્દો કામકાજ સલાહકાર સમિતિમાં, નર્મદાનો ઉપસ્થિત કર્યો નથી. (અંતરાય) અહીંયાં નહીં, અંદર કરવો જોઈએ. એટલા માટે હું આપને કહું છું કે, આપને સમજાવવાનો અને આપના દ્વારા એમને સમજાવવાનો, જે પ્રશ્નો અગત્યના લાગતા હોય એ નિયમ ૧૦૧ નીચે લાવી શકાય, ૧૦૦ નીચે લાવી શકાય, તાકીદની જાહેર અગત્યની બાબત નીચે લાવી શકાય અને કન્સર્ન મિનિસ્ટરનું ધ્યાન દોરીને શૂન્યકાળની અંદર પણ લાવી શકાય. આવો કોઈ પ્રયત્ન અત્યાર સુધી કર્યો નથી. એ બતાવે છે કે, વિરોધપક્ષના નેતાશ્રીને નિયમોની ખબર નથી કાં તો નિયમો પ્રમાણે ચાલવા માગતા નથી. અને જે નિયમ પ્રમાણે કાર્યવાહી થાય છે. એટલા માટે એમને પહેલાં વિનંતી કરી કે, સરકારી કામકાજ માટે આપણે મળીએ છીએ એ પહેલું લઈ લઈએ અને આજના અહેવાલની અંદર, હું બિનસરકારી કામકાજની એક મિનિટ પણ ઓછી કરવા માગતો નથી. અને હું આપને વિનંતી કરું છું કે, અહેવાલને મત માટે મૂકો.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં જે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપસ્થિત થયો એમાં બિનસરકારી કામકાજ માટેના આજનો દિવસ ઠરાવેલો છે અને એ બિનસરકારી કામકાજ માટેના સંકલ્પો

છે એની ચર્ચા કરવાનો આજે સમય છે. સરકારી જે કામકાજ, જે વિધેયકો માટેનું કામ છે એ આજે ન થાય અને આવતી કાલે થાય તો એવી કોઈ ઇમરજન્સી, મેં કામકાજ સલાહકાર સમિતિમાં પણ વાત કરી છે અને અહીંયાં પણ હું કહું છું કે, એવી ઇમરજન્સી ઊભી થઈ નથી. પોલિટિકલ ઇમરજન્સી હોય એ કાંઈ ઇમરજન્સી ન કહી શકાય. પણ આ બિલ આજે પાસ ન થાય તો આવતી કાલે સરકારનો આખો વહીવટ થંભી જશે એવી કોઈ પરિસ્થિતિ ઊભી થઈ નથી.

પોલિટિકલ ક્રાઈસીસ ટાળવા માટે થઈને જે કામકાજ સલાહકાર સમિતિને આડા ધરવામાં આવે એ વાજબી નથી. અમે ચર્ચા કરવા માગીએ છીએ એમ પહેલા દિવસથી અમે કહીએ છીએ. અમારી આ બાબતને ગૃહની અંદર ચર્ચા કરવાની અને બીજું આપનું વિનયપૂર્વક ધ્યાન દોરવા માગું છું કે, કામકાજ સલાહકાર સમિતિને પણ એ બીઝનૅસ ક્રમો નક્કી કરે એમાં વધારો કરવો કે ઘટાડો કરવો એ નક્કી કરી શકે. પણ એ સમય વધારી મોડી રાત સુધીમાં કોઈ કારણ વગર ચલાવવાનો એમને પણ અધિકાર નથી. એ તો ગૃહમાં જ નક્કી થવું જોઈએ. આ સમય લંબાવવા માગો છો કે કેમ? અનુકૂળતા ન હોય તો આપણે ઘણી વખત ગૃહ લંબાવેલું છે અને એમાં અમે સહકાર આપ્યો છે. ઘણા સભ્યોને તક ન મળતી હોય તો. હું એમ કહું છું કે, આ બીઝનૅસ જો કાલે પૂરો ન થાય તો આવતી કાલની રાત સુધી ચર્ચા કરવાની અમારી તૈયારી છે. આમાં નર્મદા યોજના હોય, એસ.ટી.ની વાત હોય કે ગમે તેની ચર્ચા કરવી હોય તો એ ચર્ચા માટેની અમારી બધી તૈયારી છે. મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે, •( XXX)એટલે એમને ..

**અધ્યક્ષશ્રી** : નો... નો... એ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, * ( XXX) એ શબ્દો એમણે પાછા ખેંચવા જોઈએ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, અમે પાછા ખેંચવાના નથી. તમારા વાળા પણ પાછા ખેંચતા નથી તો અમે કયાંથી પાછા ખેંચીએ? એમને એક જ વ્યકિતને નિયમોની ખબર છે એવું નથી. ૧૮રએ ૧૮ર સભ્યોને નિયમો મુજબ ચાલતા આવડે છે. જે લોકોને નથી આવડતું એ લોકો અમને શિખામણ ન આપે, નિયમ મુજબ જ અમે ચાલીએ છીએ. એટલે આ અમારો અધિકાર છે. એવી કોઈ ઇમરજન્સી હોય કે આજેને આજે આ બધી બાબતોની ચર્ચા કરવી પડે એવું છે. તો હું ખુલ્લા દિલે બધા સાથી સભ્યો આ બાબતે મોડે સુધી ચર્ચા કરવા તૈયાર છીએ પણ કોઈ કારણ નથી. કોઈપણ પ્રકારનું કારણ નથી, માત્ર એની પોતાની મેળે, આની પહેલાં પણ મારે ધ્યાન દોરવું છે કે, આપે રોક્યા, નહીંતર સંસદીય મંત્રીશ્રી તો અહીંયાં પ્રસ્તાવ લાવીને ક્રમ નક્કી કરવા માગતા હતા.

અમારી સાથે ચર્ચા પણ નથી કરતા અને અહીં અને અહીં પ્રસ્તાવ કરી દેવાનો, બીઝનેસ એડવાઈઝરી કમિટીએ ભલે બહુમતીએ પસાર કર્યો પણ એના પહેલા પણ અહીં કોઈ જાતના નિયમો વગર સીધે સીધુ કહે કે હું પ્રસ્તાવ રજૂ કરું છું. કયો પ્રસ્તાવ રજૂ કરે છે? શેનો પ્રસ્તાવ રજૂ કરે છે, છેલ્લે બેંચમાંથી, આ બાજુથી આવીને કોઈક કરશે, ત્યાંથી કરશે કે હું પ્રસ્તાવ રજૂ કરી દઉ છું. હોદ્દાઓ આવે એટલે પ્રસ્તાવો ગમે ત્યારે ગમે તેમ ન થઈ શકે એના માટેના નિયમોની જાણકારી હોવી જોઈએ એટલે અમારો બિન સરકારી કામકાજ માટેનો આજનો દિવસ નિયમોમાં ફાળવેલો છે . બુકસની અંદર પણ ફાળવેલ છે અને એવાં કોઈ કારણો નથી કે એની અંદર નિયમોને ઉવેખીને માત્ર સલાહકાર સમિતિનો દરજ્જો છે, બીઝનેસ એડવાઈઝરી એ સલાહકાર સમિતિ છે, નિયમોની ઉપરવટ જઈ શકે નહીં, ક્રમ મુજબ જે કામ કરવાનું છે એ કામની અંદર આઘું પાછું કરવાની ઈમરજન્સી થઈ હોય અને સાથે ઉભા થઈએ કંઈ વાંધો નથી. આજનો જે સમય છે એ સમય વધારવાનો પણ આ સમિતિને કોઈ અધિકાર નથી.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા થોડા દિવસથી નાની બાબતોનું મોટું સ્વરૂપ આ ગૃહમાં અપાઈ રહ્યું છે. સર્વાનુમતે ભૂતકાળમાં અનેક કામો આ ગૃહમાં આપણે કર્યા છે. ભૂતકાળમાં ગૃહ વહેલાં પણ પૂરાં થયાં છે. આજે પણ શાસક પક્ષને વહેલું પૂરું કરવામાં કોઈ રસ નથી, આજનો ઓર્ડર ઓફ ધ ડે જોઈએ તો એમાં સરકારી બિન સરકારી તમામ કામકાજનો ઉલ્લેખ છે. છેલ્લા દિવસનો પ્રસ્તાવનો ઉલ્લેખ છે, ગઈકાલે આ ઓર્ડર ઓફ ધ ડે બધાને મળી ગયો છે અને માનનીય માધુભાઈ ભોયે આજે ૧ર-૦૦ વાગે ગૃહમાં હાજર હતા (અંતરાય) એટલે ગૃહ બહાર. પણ ટૂંકમાં અહીં ગાંધીનગરમાં તો હાજર છે જ એટલે કોઈનો આક્ષેપ એ બીન પાયાદાર બની રહે છે. કોઈ પોલીટીકલ ક્રાઈસીસ નથી. આવા નાના ઈસ્યુને મોટા બનાવવાનો, સમયનો બચાવ કરવાના બહાને આપણે આવી ચર્ચામાંજ સમય વ્યતિત કરતા હોઈએ છીએ એટલે આજના આ દિવસના ઓર્ડર પ્રમાણે આપણું કામકાજ આજે પૂરું કરવામાં આવે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈએ કહ્યું કે આ જે છે એ કામકાજ સલાહકાર સમિતિએ નકકી કરવાનું નથી. સમય વધારવો હોય તો આ હાઉસને સત્તા છે એમ એમણે કહ્યું તો હું એટલું જ કહું છું કે કામકાજ સલાહકાર સમિતિમાં જે વસ્તુ નકકી થઈ છે એનો પ્રસ્તાવ હાઉસ પાસે

---

• (XXX) * આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

મૂકવામાં આવે છે. હાઉસ જો એને રિઝેકટ કરી નાખે તો કોઈ વધારવાનો સવાલ નથી. હાઉસ જો એને મંજૂર કરે તો કામકાજ સલાહકાર સમિતિ છે એ ફાઈનલ વસ્તુ છે. એ તો એ ૧૮૨ ધારાસભ્યો જ નકકી કરે છે.

બીજું આજના કામકાજ સલાહકાર સમિતિમાં આપણે એવું નકકી નથી કર્યુ કે નવી કોઈ આઈટમ લેવી જે આજના ઓર્ડર ઓફ ધ ડેની અંદર બતાવેલી વસ્તુ છે એ જ વસ્તુ આપણે લીધી છે અને એમાં વિરોધપક્ષને જે અધિકાર છે છેલ્લા દિવસનો પ્રસ્તાવ, અથવા તો ૧૦૦ નીચે જે છે એ તમામ કામ લઈએ છીએ. આપણે આમાં એક પણ કામ ડ્રોપ નથી કરતા. બે જ લીગલ પોઈન્ટ કહું, એક પણ કામ આમાંથી ડ્રોપ નથી કરતા અને કામકાજ સલાહકાર સમિતિમાં જે વસ્તુ નકકી કરી છે એ હાઉસની મંજૂરી લઈને જ આપણે આગળ વધવાનું છે એટલે એમાં કોઈ ઈલીગલ નથી થતું કોઈ ઉતાવળું પગલું નથી થતું, કોઈ વસ્તુ આમાંથી ડ્રોપ નથી થતી.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિદ્વાન વિરોધ પક્ષના નેતાશ્રીને પાના નં. ૭૦ ઉપર ૧૯૧-ખ તરફ ધ્યાન દોરું છું. (અંતરાય) માનનીય, અધ્યક્ષશ્રી, હું નિયમ ૧૯૧ ખ તરફ સરકારી વિધેયકની તબકકા અથવા તબકકાઓ ઉપર તેમજ બીજા સરકારી કામકાજ ઉપર ચર્ચા કરવા કેટલો સમય ફાળવવા તે અંગે ભલામણ લઈને આવ્યા છીએ. એ અંગેની જે જે વાત - ખ ની અંદર કહી છે એ અંગેની ભલામણ લઈને આવ્યો છું. આ ભલામણ મત માટે મૂકવા માટે હું આપને વિનંતી કરું છું. એમણે કામકાજ સલાહકાર સમિતિ માટે જે કહ્યું કે આ સમિતિનું આ કાર્યક્ષેત્ર નથી. આ 'ખ'માં કલીયર છે અને એ પ્રમાણે કામકાજ સલાહકાર સમિતિએ જે નિર્ણય કર્યો છે એ નિર્ણય હું મતદાન માટે મૂકવા માટે આ સભાગૃહમાં પ્રસ્તાવ રજૂ કરું છું.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય સંસદીય મંત્રીશ્રીએ નિયમ બતાવ્યો છે કે એમાં કેટલો સમય ફાળવવો. આ સમય ફાળવવા માટેની ભલામણ જ નથી. ભલામણ જે છે એ જે આજનો સમય છે એમાં અમારો અધિકાર છે. આજના દિવસમાં એ અધિકારને વાયોલેટ કરે છે. અમારા બિન સરકારી કામકાજ છે એ આજના દિવસમાં સમય મર્યાદામાં આવી જવાં જોઈએ. બીજું જો સમયની વાત કરતા હોય તો સમય બીઝનેસ એડવાઈઝરી કમિટીમાં કયું કામ કયા સમયે લેવું એની કોઈ ચર્ચા જ થઈ નથી. એનો કોઈ રેફરન્સ જ નથી. અમારી તૈયારી છે કે સમયની અંદર ફાળવણી કરવી હોય તો બીઝનેસ એડવાઈઝરી કમિટી બોલાવીએ અને આજનો સમય પૂરો થાય પછી આવતી કાલે કેટલી ચર્ચા રાખવી, કયા બિલ પાછળ કેટલી ચર્ચા કરવી એ આવતી કાલે કરી શકીએ. પણ આ જે વાત છે એ વાજબી નથી. આજે સમયસર ગૃહ પૂરું કરી અને જે કાંઈ હોય એ આવતી કાલે કરી શકીશું.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : કોઈ અધિકારોનું વાયોલેશન થતું નથી.

**અધ્યક્ષશ્રી** : પોઈન્ટ ઓફ ઓર્ડરનો મારે નિર્ણય આપવો પડશે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : હું ફરી પાછી આપના મારફત ટ્રેઝરી બેંચને વિનંતી કરવા માગું છું કે અમસ્તા આપણે ત્યાં વારંવાર ચર્ચાઓ થઈ છે કે સરકારી કામકાજો માટે અને બીજા માટે જે વિધાનસભાઓ સામાન્ય રીતે ૫૫-૬૦ દિવસ સુધી મળતી હતી અને એમાં જે ભલામણો થઈ છે, માનનીય અશોકભાઈએ પણ વાત કરી છે કે હમણાં મુખ્ય દંડકશ્રીઓ અને દંડકશ્રીઓની પરિષદ હતી એમાં ૬૦ દિવસ માટે વર્ષમાં વિધાનસભા ચાલવી જોઈએ એવી ભલામણ થયેલ છે. (અંતરાય) એટલે એના માટે દિવસો વધારવા જોઈએ. ૬૦ દિવસ ચાલવી જોઈએ. એના પહેલા ૯૦ દિવસ ચાલી હોય એવું બન્યું છે. આપણે માત્ર ૨૫ દિવસ માટે મળીએ છીએ. એમાંય દિવસો ઘટાડીએ એ કોઈ કારણ વાજબી નથી. માનનીય ભૂપેન્દ્રસિંહજીએ વાત કરી કે અરસ-પરસ સહકારથી ચાલવું જોઈએ. સહયોગ કરીને ચાલવું જોઈએ. એમણે જે વિનંતી કરેલી એ વખતે કે નર્મદા જેવો મુદ્દો છે એના ઉપરની માગણીઓ સર્વાનુમતે મંજૂર કરીએ એમાં અમે પોલિટિકલ ઓબ્ઝર્વેશન કર્યા વગર એવી માગણીઓ, રચનાત્મક માગણીઓ માન્ય રાખેલ છે. અત્યારે જે બિલ ઘણા બધા પસાર થયા છે એમાં સરકારને અભિનંદન આપીને અમે સ્વીકાર્યા છે. પણ આ દિવસો ઘટાડીએ છીએ એનાથી ગૃહની જે પ્રતિભા છે એના અંદર પણ ઘટાડો કરીએ છીએ. કોઈ ક્રાઈસીસ નથી. ક્રાઈસીસ હોય તો હું સ્વીકારવા તૈયાર છું અને ચર્ચા કર્યા વગર, એવું લાગતું હોય તો આપણે ચર્ચામાં વધારે સમય કાઢીશું. આવતી કાલે એક કલાક વધારી દઈએ અને પૂરી ચર્ચા કરીશું.

**શ્રી અશોક ભટ્ટ** : પોલિટિકલ ક્રાઈસીસની ચિંતા કરવાની જરૂર નથી. કોઈપણ પ્રકારનું પોલિટિકલ ક્રાઈસીસ નથી. ક્રાઈસીસ પેદા થઈ હોય તો વિરોધ પક્ષના નેતાની આવડતમાં ક્રાઈસીસ પેદા થઈ છે. અહીંયા નથી થઈ. એટલા માટે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર ફરીથી કહું છું કે આ કામકાજ સલાહકાર સમિતિના નિયમ ૧૯૧ (ખ) માં તબક્કાઓ, સરકારી કામકાજના તબક્કાઓ કહ્યા છે. મેં કહ્યું છે કે આ તબક્કામાં આ કામ પૂરું કરીએ. ત્યારપછી બીજા તબક્કામાં બિન સરકારી કામકાજ લઈએ. એ અહેવાલમાં છે. અહેવાલ આવ્યો છે ત્યારે સામાન્ય પ્રણાલિકા રહી છે કે કામકાજ સલાહકાર સમિતિના અહેવાલ ઉપર કયારેય ચર્ચા થતી નથી. પરંતુ એમણે પોઈન્ટ ઓફ ઓર્ડર ઊભો કરીને ચર્ચા કરી છે.તો અમે ચર્ચાનો પૂર્ણ જવાબ આપ્યો છે. હવે આપ પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર આપના અવલોકનો આપો અને ત્યાર પછી આપણે..

**અધ્યક્ષશ્રી** : કોઈને પૉઈન્ટ ઑફ ઑર્ડર વિષે કાંઈ કહેવાનું છે? ( થોડીવાર બાદ) માનનીય અર્જુનભાઈનો પૉઈન્ટ ઑફ ઑર્ડર હતો, જેની મેં વિષયવાર વાત કરી છે. માનનીય અશોકભાઈ અને માનનીય વજુભાઈએ પણ એમની દલીલો કરી છે, બીજા મિત્રોએ પણ વાત કરી છે. બધી ચર્ચા હું બરોબર સમજ્યો છું. એના ઉપરથી એટલું કહું છું કે અર્જુનભાઈનો પૉઈન્ટ ઑફ ઑર્ડર રહેતો નથી અને આ પૉઈન્ટ ઑફ ઑર્ડર વિષે વિગતવાર જે મારે કહેવાનું છે એ હવે પછી કહીશ.

## સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

**શ્રી અશોક ભટ (વૈદ્યાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના આઠમા અહેવાલ સાથે સંમત થાય.

**અધ્યક્ષશ્રી** : હવે હું પ્રસ્તાવ..(અંતરાય)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ફરી પાછી મારી એટલી જ વિનંતી છે કે આ ગૃહની અંદર આવા નિર્ણયો બહુમતિથી ના કરાય અને એમાં..(અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : આ કોઈ છે નહિ, પછી જે કહેવું હોય એ કહે..(અંતરાય)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : અમારી ભાવનાનો પણ ખ્યાલ રાખવો જોઈએ (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : પ્રસ્તાવ મતદાન પર મૂકાયો હોય ત્યારે વચ્ચે કાંઈ હોય જ નહિ. (અંતરાય)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : અમારે એવી જરૂર નથી, (અંતરાય) આ રીતે (અંતરાય) અમારી ભાવનાનો ખ્યાલ રાખવો જોઈએ.

**શ્રી વજુભાઈ વાળા** : પ્રસ્તાવ મતદાન પર છે(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હવે હું પ્રસ્તાવ મત માટે મૂકું છું - પ્રશ્ન એ છે કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના આઠમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે નિર્ણય થયો છે એ ખૂબ દુ:ખદ નિર્ણય છે આપણે માનનીય અધ્યક્ષશ્રી, કોઈ સંજોગોમાં આવો નિર્ણય ગૃહની અંદર નહિ કરવો જોઈએ અને આપણી બધી પરંપરાઓને આપણે તોડીએ છીએ.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હાઉસે પ્રસ્તાવ રજૂ કર્યો હોય એને ઉપર કોઈ ટીકા-ટિપ્પણ ના થાય. (અંતરાય) એના ઉપર કાંઈ હોય નહિ, (અંતરાય) એનો સમગ્ર હાઉસે નિર્ણય કર્યો છે માનનીય અધ્યક્ષશ્રી (અંતરાય)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : દુ:ખદ નિર્ણય છે માનનીય અધ્યક્ષશ્રી (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : એના પર ફરીથી પાછી ચર્ચા ચાલુ કરવાની (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : કોનું પ્રવચન ચાલુ હતું? અર્જુનભાઈ આપનું પ્રવચન ચાલુ છે, અર્જુનભાઈ પ્રવચન ચાલુ કરે છે હવે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, અમે આવી કાર્યવાહીની અંદર ભાગ ના લઈ શકીએ. આ રીતે બહુમતિએ નિર્ણય કરી એને તો તો પછી બે દિવસની અંદર જ માનનીય અધ્યક્ષશ્રી, પૂરું કરવાની જરૂર હતી. આ રીતે કરવાની ક્યાં જરૂર હતી? આ બાબતે માનનીય અધ્યક્ષશ્રી, હું ફરીવાર પાછી વિનંતી કરું છું કે આની અંદર પુન:વિચારણા કરો. માનનીય અધ્યક્ષશ્રી, આ ખોટી પરંપરાઓ આ વખતે ગૃહમાં ઘણી પાડી, એમાંની આ ફરી પાછી છે એટલે આપણે ના કરીએ અધ્યક્ષશ્રી (અંતરાય) એનાથી ફરક શું પડી જતો હતો? એક દિવસ ઘટાડીને આ સરકારને શું ફાયદો મેળવવાનો છે? મારે એ પૂછવું છે (સતત અંતરાય) મને એવો વાંધો નથી, અહીંથી પડાઈ છે. અમે પરંપરા પાડવાવાળા છીએ જ નહિ. માનનીય અધ્યક્ષશ્રી અમે આ કાર્યવાહીમાં ભાગ લઈ શકીએ નહિ..

( આ તબક્કે વિરોધપક્ષના નેતા સહિત સભાગૃહમાં હાજર રહેલા તમામ વિરોધપક્ષના સભ્યોએ સભા ત્યાગ કર્યો.)

**અધ્યક્ષશ્રી** : સંસ્કૃત યુનિવર્સિટી ઉપર કોઈને બોલવું હોય તો બોલો. શંકરભાઈ,

# વિધેયકો (સરકારી) (ક્રમશઃ)

સન ૨૦૦૫નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨૫

**શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વિધેયક, ૨૦૦૫** (ક્રમશઃ)

**શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના શિક્ષણ મંત્રીશ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વિધેયક લઈને આવ્યા છે ત્યારે તેને અનુમોદન આપવા માટે અને મારા વિચારો વ્યકત કરવા માટે ઉપસ્થિત થયો છું.

माननीय महोदय,

अध दिने संस्कृत भाषा माध्यमे वदाम्यहम् संस्कृत भाषास्य महत्वम् शुभा संस्कृता, संस्कुतभाषा सरल: सरसा, सत्वचुक्ताश्च,संस्क्रत परा देवता ।संस्कृत भाषा अतिवप्रियाध्र स्निग्धाश्च । मान्यवर महोदय, संस्कृतभाषा दैववाणी ,गीर्वाणी इत्यादिकै: सम्मान सूचकै: शब्दे: सम्मानितं एषाभाषा । न अन्य भाषा । मान्य महोदय संस्कारे: संस्कारिता इति ।विश्वस्य प्राचिनत्तम् भाषासु परिगण्यते । जननी संस्कृत भाषा जगतस्य सर्वे प्राचिनग्रंथो वेदोअपि संस्कृत भाषायांएव विशियते । मान्य महोदय , "विघा विनयेन शाभेतं" इति संस्कृत भाषा मध्ये स्थितम् । तथा हि बूदताम् । मान्य महोंदय , महाकवि कुलगुरु कालिदासोअपि विनम्रभावे रघुवंश महाकाव्य मंडालश्लोकंउच्यताम् ।

वागथौ इव संपृक्तौ वागथौ प्रतिपत्तये ।
जगतपितरौवन्दे पार्वति परमेश्वरौ ।।

इति कालिदास विरचिंतं महाकाव्य रघुवंश महाकाव्ये स्थितम् ।

माननीय महोदय, सर्वथा विशुध्दा, नियमबदधा परममधुरा, भावप्रकटन समर्था: अस्ति संस्कृत भाषा: । एवसर्वगुण सम्पन्न सदशा अन्यभाषा नास्ति इति संसारे । माननीय महोदय,

नित्यं नाविन्यतां, नवोन्मेषशालिनिम् , विचार अभिव्यक्तर्थं सक्षमा एषा ।

सर्वथा एवं अमृता नही मृतास्ति ।सरलोत्तमा सा । दुर्बोधा नैव ।

अस्या भाषाया: साहित्यंमपिसुविशालं सुविचारंसमुत्तमं ज्ञान-विज्ञान सम्पन्नम् । वेदेउपनिषदषु अपिचएयम् रामायण महाभारत, स्मृति इत्यादि व इयमश्लोका: । गध- पध निबध्दाच । माननीय महोदय भाससबाणभ्झारविदंडकालिदासमाघश्चादिनामं संस्कृत समृध्धि संस्कृत भाषायां एव । अत: एवं उक्तम् ।

उपमाकालिदासस्य , भारवे अर्थ गौरवम् ।
दण्डिने पदलालित्यं, माधेसन्ति तयोगुणा: ।

माननीय महोदय,

नानाविषयेषु लिखितानि परम सहस्तामी पुस्तकानी अस्याभाषायां अघापि । तानी प्राप्तानि पठित्वा । माननीय महोदय, तानि पठित्वा जर्मन, इग्लेण्ड,चीन,जापान इत्यादि आडगालभाषाय विद्यवानोअपि अतिवचकिता अभवत् । संस्कृतभाषा एवं भारतस्य संस्कारइतिइहे आध्यत्मिकतस्य , ज्ञानस्य प्राचिनाय: । सभ्यतायास्च । प्रकटिकरणं साधनं अभूता । माननीय महोदय, संस्कृतभाषा अतिव लाघव भाषा तेन हि उदाहरण स्वरुपेण उक्तम्

कोकिल: कोकिल: काक:काक: ।
हंसा: हंसा: बक: बक: ।।

अस्या: अस्या: महत्वम कालोअपि न हर्यते ।
निश्चिता: अस्या: भाषाप्रयोगा: ।
अत: एव कम्प्युटरयुगे अपि स्वीकृते:एसा: ।
विश्वंसमग्रे गरियसि संस्कृतभाषा ।
वयमपि एवमेव गानंकुर्म:यत् ।
वंदेसंस्कृतभाषा वंदेमातरम्
समाप्त

માનનીય અધ્યક્ષશ્રી, થોડું ગુજરાતીમાં સમજાવું. લાઘવ ભાષા. લાઘવ એટલે ટૂંકમાં ઘણું બધું કહી જવાનું. ઘડામાં સાગર સમાવવાની જો ક્ષમતા હોય તો સંસ્કૃત સાહિત્યમાં છે, એમાં અહીંયાં એટલું જ કહીને વાંચક વર્ગ ઉપર છોડી દીધું. કોયલ એ કોયલ છે, કાગડો એ કાગડો છે, હંસલો એ હંસલો છે અને બગલો એ બગલો છે. બાકીનું અધ્યાહાર.

संस्कतभाषा एवं भारतस्य संस्कतिहि अध्यात्मिकतस्य ज्ञानस्य प्राचीनाय: सभ्यताय ययाश्चय प्रकटिकरण साधनम भूतासंस्कतभाषा

प्रअतिव लाधवभाषा : तैनहि उदास्वरुपेण अतिम कोकिलं कोकिल: काक: काक: हंसा: हंसा: बक: बक:

अस्या महत्वम कालोपि नर्हयत निश्चिता: अस्या : भाषाप्रयोगा: अत: एव कम्म्पयुर युगे अपि
स्वीकतैयसा: विश्वं समग्र गरियसि संस्कतभाषा वयमपि एवमेव गानं कुर्म: यत वदें संस्कतभाषा
वंदे मातरम

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શિક્ષણમંત્રીશ્રી)** : શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી માટે ૫ ધારાસભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. સંસ્કૃત એ કોઈ ધર્મ કે લઘુમતિ કે બહુમતીની ભાષા નથી, પરંતુ સમગ્ર ભારતના સાંસ્કૃતિક વારસાનું વર્ષોથી માધ્યમ છે અને રહેવાનું છે. ભારતની ભાવાત્મક એકતામાં સંગીન ફાળો આપ્યો છે અને આપવા પણ સક્ષમ છે, એવું ભારતની સર્વોચ્ચ અદાલતે પણ સ્વીકાર્યું છે, માટે સંસ્કૃતિનું અધ્યયન, અધ્યાપન, સંશોધન, સંવર્ધન અને અધ્યાપનના, આધુનિકીકરણ માટે જેટલા પ્રયત્નો થાય તેટલા ઓછા છે. ભારતમાં અનેક રાજયમાં સંસ્કૃત યુનિવર્સિટી પોતપોતાનું કાર્ય કરે છે, એમાં એક નવી સંસ્કૃત યુનિવર્સિટી ગુજરાતે ઉમેરી છે. અગાઉ મેં કહ્યું તેમ આ દેશના એક નાયબ વડાપ્રધાન અને ભારતના ગુજરાતના પનોતા પુત્ર સરદાર વલ્લભભાઈ પટેલે પણ સંસ્કૃત યુનિવર્સિટી ગુજરાતમાં બને એના માટેના અથાગ પ્રયત્નો કર્યા હતા. ત્યારપછી કનૈયાલાલ મુન્શી અને અનેક સંતો-મહંતોએ સંસ્કૃત યુનિવર્સિટી બને એના માટેના ઘણા બધા પ્રયત્નો કર્યા હતા અને જે તે વખતના શાસક પક્ષને પણ કોંગ્રેસના શાસનમાં પણ અનેક આવેદન પત્ર આપવામાં આવ્યાં હતાં. અનેક વિદ્વાને સંસ્કૃત યુનિવર્સિટી ગુજરાતમાં બને એના માટેના ઘણા બધા પ્રયત્નો કર્યા હતા, પરંતુ કોંગ્રેસને ગુજરાતમાં સંસ્કૃત ભાષા બચે, સંસ્કૃતિનો બચાવ થાય, સંસ્કૃતિનો વિકાસ થાય અને આપણી જે પરંપરા છે, આપણી સંસ્કૃતિ છે, આપણા વેદ અને વેદાંતોનું સાહિત્ય અને જ્ઞાન ગુજરાતનાં, દેશનાં બાળકો પ્રાપ્ત ન કરે એવી મુનસફી એમના મનમાં પડેલ હતી, એટલા માટે કોંગ્રેસના શાસનમાં આટલો બધો પ્રયત્ન કરવા છતાં પણ કોંગ્રેસે ગુજરાતમાં સંસ્કૃત યુનિવર્સિટી ન બને એના માટેનો ભરપૂર પ્રયત્ન કર્યો છે, એવું હું આ સભાગૃહમાં કહેવા માગું છું, પરંતુ આ રાજય સરકાર જ્યારે ૧૯૯૮ માં બની કે તરત જ સંસ્કૃત યુનિવર્સિટી ગુજરાતમાં બનશે તેની વાત કરી હતી અને મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યારે આ હવાલો સંભાળ્યો પછી તુરત જ સંસ્કૃત યુનિવર્સિટી બનાવવા માટે સમિતિ બનાવવામાં આવી અને તાત્કાલિક અહેવાલ મંગાવીને એક જ મહિનામાં સંસ્કૃત યુનિવર્સિટીનું બિલ બનાવ્યું. તે કટિબદ્ધતા સાથે ભારતીય જનતા પાર્ટીએ સંકલ્પ કર્યો હતો અને તે સંકલ્પને પૂર્ણ કરવા માટેના પ્રયત્નો કર્યા તેનો મને ખૂબ આનંદ છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેનું કેટલું મહત્ત્વ છે તે તો અત્યારે રીસેસ સમય દરમ્યાન મારી ઑફિસમાં રાજસ્થાન અને અન્ય રાજયોની અંદર જેઓ સંસ્કૃત યુનિવર્સિટીમાં અને સંસ્કૃત વિદ્યાપીઠો ચલાવી રહ્યા છે તેવા વિદ્વાનો મારી ઑફિસમાં આવેલ અને આશીર્વાદ આપી ગયા ત્યારે સમજાય છે કે ગુજરાતમાં આજે નહીં ૨૫ વર્ષ પહેલાં ગુજરાતમાં સંસ્કૃત યુનિવર્સિટી બનાવવા જેવી હતી. પણ તેઓ ન બનાવી શક્યા. કારણ કે તેમને વિરોધપક્ષને એની અંદર કોઈ રસ ન હતો. તેમને સંસ્કૃત યુનિવર્સિટીમાં કોઈ રસ ન હતો. આજે પણ રાજય સરકાર જ્યારે સંસ્કૃત યુનિવર્સિટીનું બિલ આ વિધાનસભાગૃહમાં લાવી રહી છે ત્યારે તેને સપોર્ટ કરવાના બદલામાં આજે વિપક્ષો વોક આઉટ કરી ગયા છે. તેનો અર્થ એ થયો કે ગુજરાતમાં સંસ્કૃત યુનિવર્સિટી બને તેમાં તેમને કોઈ રસ નથી અને એટલા માટે આજે એમણે વોક આઉટ કર્યો છે અને તે બાબત આજે આ વિધાનસભાના ધારાસભ્યશ્રીઓએ જોઈ છે.

આજે ધારાસભ્યશ્રીઓએ જે કંઈ સૂચનો કર્યા તેમાં ખાસ હું મહેન્દ્રભાઈ ત્રિવેદીનો ઉલ્લેખ કરીશ. ફિલોસોફી રજૂ કરવી તે જુદી વાત છે. પરંતુ જ્યારે એકટ વાંચ્યો હોત અને એકટની કલમો ઉપર વિચાર કર્યો હોત તો એમણે જે કંઈ સૂચનો કર્યા છે તે બધા સૂચનોનો ઉલ્લેખ આ એકટની અંદર કરી દેવામાં આવ્યો છે. ખાસ કરીને હું માનનીય મહેન્દ્રભાઈને એટલા માટે કહેવા માગું છું કે એમણે ખૂબ સારાં સૂચનો આપણને કર્યા છે. ત્યારે હું કહીશ કે આ બધા સૂચનોનો ઉલ્લેખ આપણા એકટની અંદર કરી દેવામાં આવ્યો છે. સંસ્કૃત, પ્રાકૃત, પ્રાચીન એશિયન ભાષા અને સાહિત્ય જેવા ક્ષેત્રોમાં નામાંકિત હોય તેવી વ્યકિતઓને કુલપતિ તરીકે નિયુકત કરવામાં આવશે. આ યુનિવર્સિટીનું વડુ મથક સોમનાથ જરૂર રહેશે પરંતુ રાજયમાં અન્ય સ્થળોએ પણ કેન્દ્ર ચલાવી શકાશે અને તેની જોગવાઈ પણ આવરી લેવામાં આવેલ છે. અધ્યાપન માટે ભાષા, પ્રયોગશાળા, પુસ્તકાલય, સંગ્રહાલયની જોગવાઈ પણ આ બિલની અંદર કરવામાં આવેલ છે. તેમાં કૉમ્પ્યુટર પણ હશે અને લેંગ્વેજ પ્રયોગશાળા પણ તેની અંદર હશે તેનો ઉલ્લેખ પણ આ એકટની અંદર કરવામાં આવ્યો છે. તે ઉપરાંત માત્ર સંસ્કૃત ભાષા શીખવવી છે તેવું નથી પરંતુ સંસ્કૃત ભાષા શીખીને પંડિત બનતો કોઈપણ વિદ્યાર્થી અંગ્રેજી ભાષામાં પણ એટલું જ પ્રભુત્વ ધરાવે એટલા માટે અંગ્રેજી ભાષાનો અભ્યાસ કરવાની જોગવાઈ પણ આ એકટમાં કરવામાં આવી છે. મુલાકાતી વ્યાખ્યાતાઓની જોગવાઈ પણ આની અંદર કરવામાં આવી છે. લિપિશાસ્ત્ર, હસ્તપ્રત વાંચન વગેરે બાબતોનો આ એકટની અંદર સમાવેશ કરવામાં આવેલ છે. સંસ્કૃત શીખવતી પ્રતિષ્ઠિત સંસ્થાઓને મંજૂરી, માન્યતા આપવાની જોગવાઈ પણ આમેજ કરવામાં આવેલ છે. ભાષાના વિદ્વાનોને પણ કો.ઓપ્ટ કરવાની જોગવાઈ પણ આમાં કરવામાં આવી છે. દૂરવર્તી શિક્ષણ, નિરંતર શિક્ષણ વગેરે શિક્ષણની સુવિદ્યા પ્રાપ્ય બને તેની કાળજી પણ લેવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે આ રાજય સરકારે સંસ્કૃત ભાષાને કેટલું મહત્ત્વ આપ્યું છે તે કદાચ એમને ખબર નહીં હોય. કારણકે એમના સમયમાં આ બધુ થયું નથી. પહેલીવાર છઠ્ઠા,સાતમા ધોરણની અંદર સંસ્કૃત વિષય દાખલ કરવામાં આવ્યો છે અને છેલ્લા ચાર વર્ષથી આજે પ્રાથમિક

શાળાના છઠ્ઠા અને સાતમા ધોરણના બાળકોને પણ સંસ્કૃત શીખવી રહ્યા છે એટલું જ નહીં સંસ્કૃતમાં તેઓ કાર્યક્રમો પણ કરી રહ્યા છે અને સંસ્કૃત ભાષા પણ અપનાવી રહ્યા છે. તે ઉપરાંત મને કહેતાં આનંદ થાય છે કે ડીસાની એક માધ્યમિક શાળાના તમામ બાળકો પોતાની જે વાતચીત કરે છે તે માત્રને માત્ર સંસ્કૃતની અંદર કરે છે. સંસ્કૃત સિવાય કોઈ અન્ય ભાષામાં તેઓ બોલતા નથી. તે પણ આ ગુજરાતની અંદર બન્યું છે. તે ઉપરાંત શિક્ષકો નહીં પણ માધ્યમિક શિક્ષકો શાળાની અંદર સંસ્કૃત ભાષા શીખવે ત્યારે ગુજરાતી માધ્યમમાં નહીં પરંતુ સંસ્કૃત માધ્યમમાં વિદ્યાર્થીઓને શીખવે તે બાબતની ટ્રેનિંગ આ રાજય સરકારે કર્મયોગીની તાલીમના સમયે તેમને આપવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું અહીં એક વાતનો ઉલ્લેખ કરીશ તે છે સંસ્કૃત ભારતી. ગુજરાતની અંદર સંસ્કૃત ભારતી એક સંસ્થા છે તે સંસ્થા સમયે સમયે આમપ્રજાને સંસ્કૃત ભાષાની અંદર વાતચીત કેવી રીતે કરી શકાય તેના વર્ગો ચલાવે છે અને માત્ર દસ પંદર દિવસની અંદર કોઈપણ વ્યકિત જે સંસ્કૃત ન જાણતો હોય તે સંસ્કૃત ભાષાની અંદર વાતચીત કરી શકે છે અને તેવા ગુજરાતની અંદર હજારો ભાઈ બહેનો આ સંસ્કૃત ભાષા શીખીને બોલચાલતી ભાષાની અંદર તેનો ઉપયોગ કરતા થયા છે. આવું સુંદર કામ જ્યારે ગુજરાતની અંદર ચાલી રહ્યું છે ત્યારે અને રાજયપાલશ્રીએ પણ સંસ્કૃત યુનિવર્સિટી ગુજરાતમાં બને તેવી વાત કરી છે. આપણા બજૅટની અંદર તેનો ઉલ્લેખ કર્યો હતો. આમ આ એકટની અંદર કોઈપણ જોગવાઈ રહી ન જાય એટલા માટે રાજયપાલશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીના પ્રયાસોને કારણે રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ અને જ્યાં કોઈ આ સંસ્કૃત વિદ્યાપીઠો કે સંસ્કૃત યુનિવર્સિટીઓ ચાલે છે એમના વિદ્વાનોની ચાર કલાકની બેઠક કરી હતી, જેમાં હું પણ ઉપસ્થિત હતી અને ગુજરાતના વિદ્વવાનો પણ એમાં ઉપસ્થિત હતા, આપણા લબ્ધ પ્રતિષ્ઠિત કે. કા. શાસ્ત્રીજી પણ એમાં ઉપસ્થિત હતા અને શ્રી ડાહ્યાભાઈ શાસ્ત્રી પણ એમાં ઉપસ્થિત હતા, આ બધાયની સામે આ એક્ટની અંદર કરેલી જોગવાઈઓનો સંપૂર્ણ અહેવાલ મૂકવામાં આવ્યો હતો અને એમના પણ વિચારો એમાં લેવામાં આવ્યા હતા અને એ બધાયને આમેજ કરીને આ એકટ હું જ્યારે માનનીય સભાગૃહ સમક્ષ લઈને આવી છું ત્યારે આપ સૌ માનનીય ધારાસભ્યશ્રીઓ આ એક્ટને મંજૂર કરશે એવી મને પૂરી શ્રદ્ધા અને ખાતરી છે અને જે ધારસભ્યશ્રીઓએ આની અંદર પોતાના વિચારો વ્યક્ત કર્યા છે એવા સૌ માનનીય સભ્યશ્રીઓને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ખાસ કરીને માનનીય સભ્ય પ્રો. શંકરભાઈએ કે જેઓ સંસ્કૃતના પ્રાધ્યાપક છે અને સંસ્કૃતના પ્રાધ્યાપક હોવાના નાતે એમણે સુંદર રીતે સંસ્કૃત ભાષાની અંદર આપણને સારું એવું માર્ગદર્શન આપ્યું છે એટલે એમનો ખાસ કરીને હું ઉલ્લેખ કરું છું એમને પણ અભિનંદન આપું છું અને માનનીય મહેન્દ્રભાઈ ત્રિવેદીને પણ અભિનંદન આપું છું, પણ જે ધારાસભ્યો અહીં નથી રહ્યા એમના માટે મારે કંઈ કહેવું નથી અને એમની ઇચ્છા ન હતી કે આ સંસ્કૃતનું બિલ આ સભાગૃહમાં પાસ થાય. માનનીય સૌ ધારાસભ્યશ્રીઓને આ બિલ પાસ કરવા માટે હું વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંક -૨૫નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ- ૨ વિધેયકનો ભાગ બની.**

**કલમ- ૩ પરનો સુધારો**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે પ્રમાણેનો સુધારો રજૂ કરું છું કે

"In clause 3, -

(a) in sub-clause (1), delete the word 'Somnath' after the words 'Sanskrit University;

(b) in sub-clause (2), after the words "the Academic Council of the University", add the words "the first Registrar".

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ -૩ વિધેયકનો ભાગ બની.**

**કલમ ૪ વિધેયકનો ભાગ બની.**

**કલમ- ૫ પરનો સુધારો**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનો સુધારો રજૂ કરું છું

**In clause ૫, -**

(a) in sub-clause (e), after the words 'pathyashalas' add the word 'respectively';
(b) in sub-clause (w), for the words "guidelines of", read the word 'guideline'.
(c) in cub-clause (K) (ii), for the words "to carry on research on", read the word "to carry out research on".

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**
**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**
**સુધારેલી કલમ-૫ વિધેયકનો ભાગ બની**
**કલમ-૬ થી ૧૭ વિધેયકનો ભાગ બની**

**કલમ-૧૮ ઉપરનો સુધારો**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ :** માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે પ્રમાણે મારો સુધારો રજૂ કરુ છું.

In clause ૧૮, in sub-clause (૨) in clause (v), after the words and brackets " the Director (Research ), add the word " and ".

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**
**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**
**સુધારેલી કલમ-૧૮ વિધેયકનો ભાગ બની**
**કલમ-૧૯ થી ૨૨ વિધેયકનો ભાગ બની**

**કલમ-૨૩ ઉપરના સુધારા**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે પ્રમાણે મારો સુધારો રજૂ કરું છું.

In Clause 23, -

(a) in sub-clause (2), after the words "shall consider", add the word "and";
(b) in sub-clause (2), in clause (i), for the words "study in", add the words "study on";
(c) in sub-clause (4), for the words "and regulations", read the words "or under the regulations".

સુધારો રજૂ કરવામાં આવ્યો

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**
**સુધારેલી કલમ-૨૩ વિધેયકનો ભાગ બની**

**કલમ-૨૪ ઉપરનો સુધારો**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે પ્રમાણે મારો સુધારો રજૂ કરું છું.

In Clause : ૨૪, in sub-clause (૧), renumber the clause ક્ષ(g)ખ as clause ક્ષ(f)ખand renumber the clause ક્ષ(f)ખ as clause ક્ષ(g)ખ.

સુધારો રજૂ કરવામાં આવ્યો

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**
**સુધારેલી કલમ-૨૪ વિધેયકનો ભાગ બની**
**કલમ-૨૫ થી ૨૮ વિધેયકનો ભાગ બની**

કલમ-૨૯ ઉપરનો સુધારો

શ્રી જીતેન્દ્ર સુખડીઆ: **માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ ૨૯ ઉપરનો નીચે મુજબનો સુધારો રજૂ કરું છું.**

**In clause 29, in sub-clause (4), for the words "Finance Committee", read the words "Finance and Accounts Committee".**

સુધારો રજૂ કરવામાં આવ્યો.

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ ૨૯ વિધેયકનો ભાગ બની**
**કલમ ૩૦ થી ૩૪ વિધેયકનો ભાગ બની**

કલમ- ૩૫ ઉપરનો સુધારો

શ્રી જીતેન્દ્ર સુખડીઆ: **માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ ૩૫ ઉપરનો નીચે મુજબનો સુધારો રજૂ કરું છું.**

**In clause 35, for the words "under this Act or by", read words "by this Act or under".**

સુધારો રજૂ કરવામાં આવ્યો.

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ ૩૫ વિધેયકનો ભાગ બની**
**કલમ ૩૬ થી ૫૪ વિધેયકનો ભાગ બની**

કલમ-૫૫ ઉપરનો સુધારો

શ્રી જીતેન્દ્ર સુખડીઆ: **માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ ૫૫ ઉપરનો નીચે મુજબનો સુધારો રજૂ કરું છું.**

**In clause 55,-**

**(a) delete the words "or as the case may be, the recognised institution";**

**(b) for the words 'recognition of, read the words "recognition under".**

સુધારો રજૂ કરવામાં આવ્યો.

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ ૫૫ વિધેયકનો ભાગ બની**
**કલમ ૫૬ થી ૬૨, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકિંટગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૨૫નું (સુધારેલા સ્વરૂપમાં) ત્રીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંક-૨૫, સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંક: ૨૫નું (સુધારેલા સ્વરૂપમાં) ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

મારે સહેજ ટકોર કરવી છે કે કોઈપણ બિલ જ્યારે પહેલીવાર ગૃહની અંદર નવેનવું આવતું હોય ત્યારે બિલમાં આટલા બધા સુધારા આવવા જોઈએ નહિ, ઘણી ક્ષતિ છે અને એટલા માટે હું જે વિભાગનું બિલ હોય તે વિભાગને કાળજી રાખવા જણાવું છું.

**સન ૨૦૦૫નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૧૦**
**સેન્ટર ફોર એન્વાયર્મેન્ટલ પ્લાનિંગ એન્ડ ટૅક્નૉલૉજી યુનિવર્સિટી વિધેયક, ૨૦૦૫**
**ગુજરાત રાજયમાં સ્થાપત્ય, ડિઝાઈન, કળા, પર્યાવરણીય આયોજન અને ટેકનોલોજીના સંબંધિત ક્ષેત્રોમાં શિક્ષણ પૂરું પાડવા અને સેન્ટર ઓફ એન્વાયર્મેન્ટલ પ્લાનિંગ એન્ડ ટેકનોલોજી યુનિવર્સિટી અમદાવાદ-એ નામની જોડાણ ન આપતી અધ્યાપન યુનિવર્સિટી સ્થાપવા અને સંસ્થાપિત કરવા અને તેની સાથે સંકળાયેલી અને તેને આનુષંગિક બાબતોની જોગવાઈ કરવા બાબત વિધેયક.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૧૦, સન ૨૦૦૫નું સૅન્ટર ફોર એન્વાયર્મેન્ટલ પ્લાનીંગ એન્ડ ટૅક્નૉલૉજી યુનિવર્સિટી વિધેયક આપની અનુમતિથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૧૦, સન ૨૦૦૫નું સેન્ટર ફોર એન્વાયર્મેન્ટલ પ્લાનીંગ એન્ડ ટૅક્નૉલૉજી યુનિવર્સિટી વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સૅન્ટર ફોર એન્વાયર્મેન્ટલ પ્લાનીંગ એન્ડ ટૅક્નૉલૉજી જેને ટૂંકમાં CEPTના નામે ઓળખવામાં આવે છે. તેને રાજયની યુનિવર્સિટી તરીકેની માન્યતા આપવા માટેનું આ સૂચિત વિધેયક હું લઈને વિધાનસભામાં આવી છું. CEPT યુનિવર્સિટીની સ્થાપના અમદાવાદ એજ્યુકેશન સોસાયટી દ્વારા કરવામાં આવેલ છે. અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના વડા શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ અને ગણેશ માવલંકરજી વગેરેએ આમાં અગત્યનું યોગદાન આપેલું છે. ગુજરાત રાજયની સ્થાપના બાદ તાલીમબદ્ધ પ્લાનર્સની અછતને ધ્યાનમાં લેતા ગુજરાત સરકાર, ભારત સરકાર The Ford Foundation અને અમદાવાદ એજ્યુકેશન સોસાયટી મળીને ૧૯૬૨માં The School of Architect ની સ્થાપના કરી હતી. ૧૯૭૨માં વિવિધ વિદ્યાશાખાઓની તાલીમને એક જ છત્ર નીચે લાવવાના આશયથી The Centre for Environment Planning and Technologyની સ્થાપના કરી. આ CEPTની ગવર્નીંગ બોડીમાં AICT ગુજરાત સરકાર, અમદાવાદ એજ્યુકેશન સોસાયટી અને વિવિધ ક્ષેત્રોના નિષ્ણાંતોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે નામાંકિત સંસ્થાને ૧૯૯૪માં CEPTના અલગ ટ્રસ્ટની રચના કરી. આ સંસ્થાને Scientific and Research Organisation ની માન્યતા મળી. શરૂઆતમાં CEPTને અમદાવાદ એજ્યુકેશન સોસાયટીને ગુજરાત યુનિવર્સિટી ટાવરની સામે શરુ કરી હતી અને અત્યારે હાલ લગભગ ૨૦૦ કરોડની એસેટસ સાથે આ આખીય સંસ્થા ચાલી રહી છે. અત્યારે હાલ તેનું પાટણ યુનિવર્સિટી સાથે affiliation થયેલું છે. આ સંસ્થામાં Engineering, Architecture, Interior Design, Construction Technology વગેરે જેવા પાંચ વર્ષના સ્નાતક કક્ષાના પૂર્ણ સમયના અભ્યાસક્રમો ચાલે છે. તેમજ Urban and Regional Planning, Environmental Planning, Urban Housing Design, Land scape Architecture, Construction and Project Management, Structure Design વગેરે જેવા બે વર્ષના અનુસ્નાતક કક્ષાના પૂર્ણ સમયના અભ્યાસક્રમો પણ ચાલે છે. આ સંસ્થામાં સ્નાતક કક્ષાએ અત્યારે ૬૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યાં છે અને અનુસ્નાતક કક્ષાએ ૨૫૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યાં છે. CEPT દ્વારા તેમને School of Architecture, School of Planning, School of Building Science and Technology, School of Interior Design માં વિવિધ પ્રોગ્રામ અને અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. આ આખીય સંસ્થા AICTની ગાઈડ લાઈન્સ મુજબ કામ કરે છે તેની સંસ્થાના અભ્યાસક્રમોને રાજય સરકાર અને યુનિવર્સિટીએ પણ માન્યતા આપેલી છે. તે ઉપરાંત રાજય સરકાર અને કેન્દ્ર સરકાર તરફથી તેને ગ્રાન્ટ વગેરે પણ પ્રાપ્ત થાય છે. આ સંસ્થા પોતાના જ કેમ્પસની અંદર સ્કૂલો અને કૉલેજો ચલાવવાનું કાર્ય પણ કરે છે તે ઉપરાંત તે સામાન્ય પ્રવાહના અભ્યાસક્રમો જે યુનિવર્સિટી ચલાવે છે તેના કરતાં વિશિષ્ટ અભ્યાસક્રમો આ CEPT ચલાવે છે અને શહેરના નાગરિક જીવન અને પર્યાવરણના શહેરી આયોજનના સ્તરને ઊંચો લઈ જવામાં પણ આ CEPTનો મહત્ત્વનો ફાળો છે. એટલું જ નહીં જ્યારે ગુજરાતની અંદર ભૂકંપ આવ્યો ત્યારે પણ ડિઝાઇનો કરવામાં પણ CEPTએ ગુજરાત સરકાર સાથે રહીને ખૂબ સુંદર એવું કાર્ય કર્યું

* વિધેયક તારીખ: ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૦૫ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

હતું અને એટલા માટે જ્યારે ગુજરાતની અંદર એક સારી એવી સંસ્થા જ્યારે ચાલી રહી હોય ત્યારે વિદ્યાર્થીઓને ઓલ ઈન્ડિયાનો લાભ પ્રાપ્ત થાય અને સાથે સાથે વિદેશની સાથે પણ તેમની જયારે સંલગ્નતા છે ત્યારે ગુજરાતના વિદ્યાર્થીઆને વિદેશની સાથે રહીને પણ સારું એવું પ્લાનિંગ અને ડિઝાઈનિંગ કરવામાં તેમને સહાય થાય એ માટે પણ આ સંસ્થાને યુનિવર્સિટીનું લેબલ આપવાની જરૂરિયાત છે. આની પાસે અદ્યતન કોમ્પ્યુટર લાઈબ્રેરી પણ છે, સાઈબર કાફે પણ છે અને એડમિશન અને અન્ય પ્રવૃત્તિઓ પણ કોમ્પ્યુટરાઈઝ પધ્ધિતથી થાય છે. અત્યાર સુધીમાં દર વર્ષે તે ૨૦૦ જેટલાં સંશોધનો રજૂ કરે છે. યુએસ.એ., કેનેડા, યુરોપીય યુનિયનના કેટલાક દેશો, શ્રીલંકા, ચીન જેવા દેશો સાથે સ્ટુડન્ટ એકસચેઈન્જ પ્રોગ્રામ પણ અત્યારે હાલ અમલમાં છે. ભારત અને બીજા વિવિધ દેશમાં સેપ્ટના વિદ્યાર્થીઓ ઉચ્ચ કક્ષાની જગ્યાઓ ઉપર છે. એટલે આ એક આવી સુંદર સંસ્થા ગુજરાતમાં છે ત્યારે એને યુનિવર્સિટીનો દરજજો આપવાનું વિધેયક હું આપની સમક્ષ લઈને આવી છું અને મારી આ સભાગૃહના સૌ સભ્યશ્રીઓને વિનંતી છે કે એને અનુમોદન આપીને પસાર કરવામાં આવે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સેપ્ટ એ યુનિવર્સિટી બને અને રાજયમાં ટેકનીકલ શિક્ષણનો આખા દેશમાં જે નવો ક્રેઝ અને નવો આયામ આવ્યો છે એની અંદર આ યુનિવર્સિટી બનતાં ટેકનોલોજીના ક્ષેત્રમાં પછી એ કસ્ટ્રકશનની બાબત હોય, પ્લાનિંગની બાબત હોય એમાં આખા રાજયને નવી દિશા મળશે અને એનાથી પણ વધારે આ દેશની અને વિદેશની નામાંકિત એવી સંસ્થા યુનિવર્સિટીનું સ્વરૂપ લઈ રહી છે ત્યારે માનનીય શિક્ષણમંત્રીશ્રીને અભિનંદન આપીને આ બિલને સમર્થન કરું છું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, સેન્ટર ફોર એન્વાયર્મેન્ટલ પ્લાનિંગ એન્ડ ટેકનોલોજી યુનિવર્સિટી વિધેયક, ૨૦૦૫ ને હું આવકારું છું એટલા માટે કે આ સેપ્ટમાં એજયુકેશનલ, ટ્રેઈનિંગ, ડિસ્ટન્સ એન્ડ કન્ટીન્યુઈંગ એજયુકેશન આજના સમયની તાતી જરૂરિયાત પ્રમાણે પૂરું પાડવામાં આવી રહયું છે. સેપ્ટમાં ડીગ્રી, ડિપ્લોમા, ડોકટરેટ ઉપરાંત આટર્સ, સાયન્સ અને કલ્ચરલ સંબંધિત ડેવલપમેન્ટની સાથે કુદરતી પર્યાવરણ જેવા વિષ્યોનો પણ અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. સેન્ટર ફોર એકસેલન્સ સ્થાપી નેશનલ અને ઈન્ટરનેશનલ લેવલે શ્રેષ્ઠ પ્રતિભાઓ પૂરી પાડવાનું કામ પણ આ સેપ્ટ દ્વારા થાય છે. એજયુકેશનલ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટના માધ્યમથી એની પ્રક્રિયા ઉચ્ચ કક્ષાએ હાથ ધરીને રાજય અને રાષ્ટ્રને આ યુનિવર્સિટીના માધ્યમથી અનેક હકારાત્મક ઉદ્દેશો એના ફલસ્વરૂપે આપણને જોવા મળશે. વ્યવસાય અને ઉદ્યોગને કલોઝ લીંકેજ કરીને નેશનલ અને ઈન્ટરનેશનલ લેવલે સમાજની જરૂરિયાત પ્રમાણે ટિંચીંગ, ટ્રેઈનિંગ અને રિસર્ચ માટેનું આયોજન આ યુનિવર્સિટી દ્વારા હાથ ધરાનાર છે.

અનેક પ્રકારની સામાજીક સમસ્યાઓ અને વિવિધ પ્રકારની પધ્ધતિઓ અને તકોનું સફળતાપૂર્વક આયોજન કરવાની દિશામાં પ્રશિક્ષિત કરવાનું કામ પણ આ યુનિવર્સિટી દ્વારા હાથ ધરાનાર છે. ૨૧ મી સદીના શિક્ષણ માટે મોર્ડન ઈકવીપમેન્ટ અને ફીઝીકલ ફેસિલિટી અતિ આવશ્યક છે અને આ પ્રમાણેની મોર્ડન ઈકવીપમેન્ટ અને ફીઝીકલ ફેસિલિટીના માધ્યમથી આજનો યુવાન અભ્યાસક્રમની દ્રષ્ટિએ કયાંય પાછો ના પડે એ પણ આ સેપ્ટના માધ્યમથી પૂરું પાડવામાં આવનાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, સેટેલાઈટના માધ્યમથી ઈલેકટ્રોનિક મિડીયાના માધ્યમથી ડિસ્ટન્સ એજયુકેશન કરીને આખા સમાજમાં અભ્યાસક્રમનું પૂરું પાડવાનું કામ પણ હાથ ધરાનાર છે. સેપ્ટ એ સમાજની આવશ્યકતા પ્રત્યે શૈક્ષણિક શ્રેષ્ઠતા અને યોગદાન માટે જાણીતું છે જેમાં એનવાયરમેન્ટ સાયન્સ, અર્બન ડેવલપમેન્ટ, રૂરલ હાઉસિંગ, બિલ્ડિંગ સાયન્સ એન્ડ ટેકનોલોજી, કન્સ્ટ્રકશન, ડિઝાઈન એન્ડ આર્કિટેકટ જેવા અભ્યાસક્રમો સાથે છેલ્લા ચાર દાયકાથી કામ કરતી સંસ્થા તરીકે આપણે સૌ જાણીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ સેપ્ટે વિશ્વ વ્યાપી એજન્સીઓ સાથે કામ કરીને, પાણી પુરવઠા, આરોગ્ય, શહેરી બાબતો, પ્રદૂષણ નિયંત્રક તરીકે દેશ અને દેશની બહાર પણ સહયોગી સંસ્થા તરીકે કામ કર્યુ છે જે આપણા બધા માટે ગૌરવની વસ્તુ છે, ૨૧મી સદીમાં સમગ્ર વિશ્વને, રાષ્ટ્રને અને રાજયને સ્પર્શતો સૌથી અગત્યનો કોઈ પ્રશ્ન હોય તો તે આ પર્યાવરણનો પ્રશ્ન છે, આ સેપ્ટના માધ્યમથી સૌથી અગત્યનું કામ થતું હોય તો આ પર્યાવરણની દિશામાં થાય છે. પર્યાવરણ શા માટે આપણી ચિંતાનું કારણ છે, કેમ કે ગ્લોબલ વોર્નિંગ માટે આપણે સૌ જાણીએ છીએ કે પ્રદૂષણ જવાબદાર છે. આપણે અમદાવાદ શહેરની વાત કરીએ તો અમદાવાદ શહેર આજે સમગ્ર દેશમાં પ્રદૂષિત નગર તરીકે જાણીતું છે, એસ.પી.એમ. અને આર.એસ.પી.એમ. લેવલ એટલું હાઈ છે કે અમદાવાદની ક્ષમતા કરતાં ચાર ગણું પ્રદૂષણ છે, આજે ઘટતા વૃક્ષો, અને વધતું પ્રદૂષણને કારણે શહેરમાં જોઈએ છીએ કે અર્બન ડેવલપમેન્ટનું પ્રોપર પ્લાનિંગ નહીં થવાને કારણે પીવાનું પાણી અને ગટરનું પાણી મિશ્ર થવાથી અનેક રોગો ચિંતાકારક સ્થિતિમાં મળે છે, આ એન્વાયરોન્મેન્ટના કારણે પક્ષીઓની સંખ્યામાં ૩૦ ટકાનો ઘટાડો થયો છે અને જળાશયોના પ્રદૂષણના કારણે ચોખાના ઉત્પાદનમાં પણ

માઠી અસર જોવા મળે છે. ભૂગર્ભ જળમાં મરકયુરી સહિત ઝેરી ધાતુઓનું પ્રમાણ વધતુ જાય છે. ઉદ્યોગો જેટલી જરૂર છે તેના કરતાં આઠ ગણું પાણી વધારે વાપરે છે અને પ્રદૂષિત કરે છે. ૨૧મી સદીની આ વિકાસની ભૂખમાં કુદરતી સંપત્તિનો સંતુલિત ઉપયોગ અને તેની સમાજ ઉપર પડનારી અસરનો અભ્યાસ અને તેના નિરાકરણ માટે આ યુનિવર્સિટી સાચા અર્થમાં ઉપયોગી નિવડવાની છે. બિલ્ડીંગ સાયન્સ એન્ડ ટેકનોલોજી અને કન્સ્ટ્રકશન એરિયાની અંદર, ભૂકંપ આવ્યો અને ભૂકંપ પછી બિલ્ડીંગોની હાલત થઈ ત્યારે તેનું એસેસમેન્ટ અને નવા સજેશન માટે સેપ્ટનો આપણે ઉપયોગ કર્યો હતો. અને તેના આધારે આપણે આ દિશામાં કામ કર્યુ હતું. કન્સ્ટ્રકશનની દિશામાં આપણે જોઈએ તો એ દરમિયાન થતાં અકસ્માતો અને તેને અટકાવવા માટે સેપ્ટની ગાઈડ લાઈન ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ એરિયા માટે પણ એટલી જ જરૂરી છે. અર્બન ડેવલપમેન્ટમાં આપણે સૌ જાણીએ છીએ કે ૪૦ ટકા વસતિ શહેરોમાં વસે છે અને સિમિત ફેસિલિટીની અંદર સેપ્ટના માધ્યમથી છેલ્લા કેટલાક વર્ષોમાં આપણને સારું યોગદાન મળ્યું હતું. રૂરલ હાઉસિંગ ડેવલપમેન્ટ માટે સેપ્ટના માધ્યમથી ઈફેકટીવ અને કોસ્ટ ઈફેકટીવ બાંધકામ કરીને ગ્રામીણ આબોહવા અને જગ્યાને અનુરૂપ બાંધકામ કરવાનું માર્ગદર્શન પણ સેપ્ટના માધ્યમથી મળ્યું છે. ગુજરાતના યુવાન પાસે નોલેજ છે, સ્કીલ છે તેને પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવે, આર્કીટ્રેકચરની દૃષ્ટિએ તે અગ્રેસર કામ કરી શકે છે. આમ પર્યાવરણ સહિત અનેક વિષયોમાં તેનું યોગદાન છે તેના કારણે આ સેન્ટર ફોર એન્વાયર્મેન્ટલ પ્લાનિંગ એન્ડ ટેકનોલોજીનું વિધેયક છે તેને હું હાર્દિક અભિનંદન સાથે આવકારું છું.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી શંકરભાઈ ચૌધરી અને પ્રદિપસિંહભાઈએ આ બિલને સંપૂર્ણ ટેકો આપ્યો છે તે બદલ હું એમનો આભાર માનું છું અને અભિનંદન આપું છું. પ્રદિપસિંહભાઈએ ઘણી સુંદર વાત સેપ્ટના વિષયમાં કરી છે. ખૂબ સુંદર કામ કરતી આ સંસ્થા છે, અને એટલા માટે આપણે તેને યુનિવર્સિટીનો દરજ્જો આપ્યો છે. રાજયના હજારો વિદ્યાર્થીઓને આસેપ્ટ યુનિવર્સિટી દ્વારા ઘણો મોટો લાભ થવાનો છે. અને એટલા માટે આ બિલ હું લાવી છે તેને આપણે પસાર કરીએ તેવી સૌને વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૧૦-સન ૨૦૦૫નું સેન્ટર ફોર એન્વાયર્મેન્ટલ પ્લાનિંગ એન્ડ ટેકનોલોજી યુનિવર્સિટી વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**
**કલમ ૨ થી ૮ વિધેયકનો ભાગ બની.**

**કલમ-૯ ઉપરનો સુધારો**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ-૯ ઉપરનો નીચે મુજબનો સુધારો રજૂ કરું છું.

In clause : 9, in sub-clause (4),

(a) in the sexcond line, for the words " out of which ", read the words " out of whom ";

(b) In sub-clause (i), for words "Chairman of the CEPT Trust", read the words "Member of the Ahmedabad Education Society".

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**
**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**
**સુધારેલી કલમ-૯ વિધેયકનો ભાગ બની.**
**કલમ-૧૦ થી ૧૩ વિધેયકનો ભાગ બની.**

**કલમ-૧૪ ઉપરનો સુધારો**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ-૧૪ ઉપરનો નીચે મુજબનો સુધારો રજૂ કરું છું.

In clause 14 --

(a) after sub-clause (1), add the following sub-clause
"(2) The Chairman shall be the Chairman of the Governing Body",

(b) the existing sub-clause (2) shall be read as sub-clause (3),

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**
**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**
**સુધારેલી કલમ-૧૪ વિધેયકનો ભાગ બની.**

**કલમ-૧૫ ઉપરનો સુધારો**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ-૧૫ ઉપરનો નીચે મુજબનો સુધારો રજૂ કરું છું.

In clause 15, in sub-clause (2), after the words "to obtain", add the word "information"

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**
**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**
**સુધારેલી કલમ-૧૫ વિધેયકનો ભાગ બની.**
**કલમ-૧૬ થી ૧૯ વિધેયકનો ભાગ બની.**

**કલમ-૨૦ ઉપરનો સુધારો**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ :** માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ-૨૦ ઉપરનો નીચે મુજબનો સુધારો રજૂ કરું છું.

In clause 20, in sub-clause (3), for the words "the members other than the ex-officio members" , read the word "nominated".

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**
**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**
**સુધારેલી કલમ-૨૦ વિધેયકનો ભાગ બની.**

**કલમ-૨૧ ઉપરનો સુધારો**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ-૨૧ ઉપરનો નીચે મુજબનો સુધારો રજૂ કરું છું

In clause 21, in sub-clause (3), for the words" the members other than the ex-officio members". read the word "nominated".

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**
**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**
**સુધારેલી કલમ-૨૧ વિધેયકનો ભાગ બની.**
**કલમ-૨૨ વિધેયકનો ભાગ બની.**

**કલમ-૨૩ ઉપરનો સુધારો**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ-૨૩ ઉપરનો નીચે મુજબનો સુધારો રજૂ કરું છું

In clause 23, in the first line, for the words "the University", read the words

"CEPT Trust ".

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**
**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**
**સુધારેલી કલમ-૨૩ વિધેયકનો ભાગ બની.**
**કલમ-૨૪ થી ૩૧ વિધેયકનો ભાગ બની.**

**કલમ-૩૨ ઉપરનો સુધારો**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ-૩૨ ઉપરનો નીચે મુજબનો સુધારો રજૂ કરું છું

**In clause ૩૨, in the last line, delete the words "sub-section (૪) of"**

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**
**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**
**સુધારેલી કલમ-૩૨ વિધેયકનો ભાગ બની.**
**કલમ-૩૩ થી ૪૦ અને કલમ-૧ વિધેયકનો ભાગ બની.**

**પ્રસ્તાવના ઉપરનો સુધારો**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવના ઉપરનો નીચે મુજબનો સુધારો રજૂ કરું છું

(B) in the preamble in paragraph : 4 in the first line after the words "education" add the words "and the said institution".

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**
**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**
**સુધારેલી પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.**
**ઈનેકર્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**દીર્ઘસંજ્ઞા ઉપરનો સુધારો**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું દીર્ઘસંજ્ઞા ઉપરનો નીચે મુજબનો સુધારો રજૂ કરું છું

(A) in the long title in the first line after the words "a teaching" add the words "and".

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**
**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**
**સુધારેલી દીર્ઘસંજ્ઞા વિધેયકનો ભાગ બની.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૧૦ સન ૨૦૦૫નું સૅન્ટર ફૉર એન્વાયર્મેન્ટલ પ્લાનીંગ એન્ડ ટૅક્નૉલૉજી યુનિવર્સિટી વિધેયકનું (સુધારેલા સ્વરૂપમાં) ત્રીજું વાંચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક- ૧૦નું (સુધારેલા સ્વરૂપમા) ત્રીજું વાંચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે અને હવે હું આશા રાખું છું કે, ભવિષ્યમાં આટલા સુધારાવાળું નવીન બિલ કોઈપણ વખત ગુજરાત વિધાનસભામાં ન આવે.

સન ૨૦૦૫નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૭

**ગુજરાત સ્થાનિક સત્તામંડળોને લગતા કાયદા (સુધારા) વિધેયક, ૨૦૦૫**

**મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કૉર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ અને ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ વધુ સુધારવા બાબત વિધેયક.**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૧૭- સન ૨૦૦૫નું ગુજરાત સ્થાનિક સત્તામંડળોને લગતા કાયદા (સુધારા) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૧૭- સન ૨૦૦૫નું ગુજરાત સ્થાનિક સત્તામંડળોને લગતા કાયદા (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ઇતિહાસમાં એક ઐતિહાસિક બિલ આજે આ વિધાનસભામાં આવી રહ્યું છે, જે પ્રકારે આ બિલ લાવવાનો ઉદ્દેશ રહેલો છે, પ્રજાકીય પ્રતિનિધિઓ દ્વારા જાગરૂકતા માટેના અનેક વિશેષ કાર્યો હાથ ધરાતાં હોય છે અને એક સ્વરૂપમાં સીધી જ ભાગીદારી વસતી નિયંત્રણના કાર્યમાં પ્રજાકીય પ્રતિનિધિઓ જોડાય અને એ પ્રકારનો મુખ્ય આશય આ બિલ સાથેનો રહેલો છે.

* (*) વિધેયક તા.૩જી માર્ચ, ૨૦૦૫ના ગુજરાત ગવર્નમૅન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

મને આનંદ થાત કે, રાજયના વિકાસમાં અતિ મહત્ત્વની જે બાબત બનવાની છે જન ભાગીદારીને જોડવાની, ગુજરાતના વિકાસ માટેની અનેક નવી તાકાત બનવા માટેની અનેક ક્ષેત્રોના એવા કાર્યો કે જેમાં ગુજરાતે મોડેલ સ્વરૂપે કાર્યો કર્યા છે અને દેશને એક દિશા અને રાહ આપી છે. એવા સ્વરૂપમાં આ પ્રકારના બિલમાં મારા સાથી વિપક્ષી મિત્રો જો હાજર રહીને ચર્ચામાં ભાગ લીધો હોત તો હું માનું છું ત્યાં સુધી ગુજરાતના વિકાસમાં એ પ્રત્યક્ષ અને પરોક્ષ બન્ને રીતે સહભાગી થઈ શકત.

માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રકારે સમગ્ર ગુજરાતમાં વસતી માટેની સ્થિતિ રહેલી છે. વસતી ગણતરીના ૨૦૦૧ના પરિણામો જોતાં ગુજરાત રાજયની વસતી ૧૯૯૧માં ૪.૧૩ કરોડથી વધીને ૨૦૦૫માં ૫.૦૭ કરોડ થઈ છે. ૧૯૯૧થી ૨૦૦૧ના દશકા દરમિયાન ૨૨.૬૬ ટકા વસતીનો વધારો થયેલ છે, પરંતુ હું આ સભાગૃહના સભ્યશ્રીઓને એ વાત ચોક્કસપણે ધ્યાન ઉપર મૂકવા માગું છું કે, જે પ્રમાણે વસતી નિયંત્રિત કરવા માટે, ઈન્સેન્ટીવ અને ડિસઈન્સેન્ટીવ યોજનાઓનો વિચાર કરવા સિવાય ફક્તને ફક્ત એક હકારાત્મક અભિગમ સાથે એક પૉઝિટીવ એટીટયુડ સાથે આ બિલ અત્યારે અહીંયાં લાવી રહ્યો છું. પ્રજાકીય પ્રતિનિધિઓ, જે ગુજરાતમાં એક ગ્રામ પંચાયતના સભ્યથી માંડીને તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકાના ૧,૪૨,૭૦૬ સભ્યો રહેલા છે અને એ સ્થિતિમાં આ બિલ દ્વારા એ પ્રકારની સમજદારી, સમજદારીની ભાગીદારી, જનજીવન ઉપર જેમની એક વિરાટ પ્રમાણમાં અસર રહેલી છે એવા પ્રજાકીય પ્રતિનિધિને આ કાર્યમાં આગળ જોતરવા અને એ કાર્ય થકી ગુજરાતના વિકાસ માટેનો વિચાર અને વિકાસ માટે જરૂરી એવી વસ્તીને નિયંત્રિત કરી શકાય એ પ્રકારના ઉમદા વિચાર સાથેનું આ બિલ આવ્યું છે. રાજયમાં દસકા દરમ્યાન નોંધાયેલ વસ્તી વધારો સમગ્ર બાબતમાં જે નોંધાયેલો ૧૯૯૧ થી ૨૦૦૧માં ભારતમાં સમગ્ર દેશમાં ૨૧.૫૩ ટકાનો વસ્તીવધારો નોંધાયેલો છે અને એની સરખામણીમાં ગુજરાતમાં ૨૨.૬૬ ટકા જેટલો નોંધાયેલો છે. રાજયના કેટલાક જિલ્લાઓ એવા છે સુરત જિલ્લો કે જ્યાં બહારથી રોજગારી માટે લોકો આવતા હોય અને વસ્તીનો વધારો થતો હોય, એ બધાની સાથોસાથ અન્ય પણ જિલ્લાઓ એવા છે કે જયાં આ પ્રકારની જાગૃતતા, આ પ્રકારની સક્રિયતા હાથ ધરાય, દેશના કેટલાક રાજયોમાંનું ગુજરાત એવું રાજય છે કે ૨૦૦૧ની વસ્તીના આંકડા જેવા જાહેર થયા અને તુરત જ માનનીય મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં સ્ટેટ પોપ્યુલેશન કમિશન જે રચાયેલું છે એની મીટિંગ મળે, ચિંતા વ્યકત કરાય, કયા પ્રકારના સરકારી, બીન સરકારી સ્વૈચ્છિક સંસ્થા, લોકોને સાથે લઈને કાર્ય કરી શકાય અને કયા પ્રકારે વસ્તીને નિયંત્રિત કરી શકાય એનો માનનીય મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં ગુજરાતના શ્રેષ્ઠીજનો કલાકો સુધી વિચાર કરે અને આ બધા જ વિચાર સાથે આજે જરૂરી લાગ્યું છે કે જે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં જે પ્રતિનિધિઓ રહેલા છે એ પ્રતિનિધિઓને બે બાળકોના વસ્તી નિયંત્રણના કાર્યની સાથે જો સાંકળવામાં આવે તો ગુજરાતની વસ્તીને આગામી દિવસોમાં, આગામી વર્ષોમાં કોઈને કોઈ રીતે આપણે નિયંત્રિત કરી શકીએ. સવાલ એ એક લાખ અને ૪૨ હજાર જેટલા લોકો માટેનો નથી પરંતુ આ ૧,૪૨,૭૦૬ એવા જનપ્રતિનિધિઓ છે કે જેમના દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે, કે જેમના દ્વારા સમગ્ર ગુજરાતના એક એક વ્યકિત ઉપર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પરિચય રહેલો છે. ઓળખાણ રહેલી છે અને એ ઓળખાણ અને એ પરિચયનો યોગ્ય ઉપયોગ કરીને આ કાર્યને વધુને વધુ તાકાત સાથે કયા પ્રકારે કાર્ય કરી શકાય એ પ્રકારના વિચાર સાથે આ જે આ બિલ અહીં આવ્યું છે,ગુજરાતમાં આ પ્રકારની કાર્યવાહી શરૂઆતથી એવા સ્વરૂપમાં રહેલી છે કે જે કાર્યક્રમના કારણે અનેક પ્રકારે આપણે વસ્તીને નિયંત્રિત કરી શકીએ છીએ. ૧૯૫૨માં વસ્તી નિયંત્રણ કરવા માટે સૌ પ્રથમ વખત સમગ્ર રાષ્ટ્રે વિચાર વ્યક્ત કર્યો હતો. ૧૯૫૨૫છી જે જે પ્રકારના વિચાર વ્યકત કર્યા એની અમલવારી કરવામાં ગુજરાત મોખરે રહ્યું હોવા છતાં આજે ગુજરાતની વસ્તીના વધારાનું જે પ્રમાણે રહ્યું છે એક જ દાખલો આપું કે કુટુંબ નિયોજનની વિવિધ પદ્ધતિને કારણે અમલીકરણને કારણે જે શરૂઆતથી અત્યાર સુધીમાં એક આંકડા મુજબ ૨.૪૩ કરોડ જન્મોને આપણે અટકાવી શકયા છીએ અને આ વાત અહીં એટલા માટે મૂકું છું કે ગુજરાતમાં વસ્તીને નિયંત્રિત કરવા માટે કુટુંબ નિયોજનની ભાવનાને આગળ વધારવા માટે અનેકવિધ પ્રયત્નો સરકારે, સંસ્થાઓએ, લોકોએ કરેલા છે અને એના કારણોસર ૨.૪૩કરોડ જન્મોને આપણે અટકાવી શકયા છીએ. પરંતુ આમ છતાં અત્યારે જે પ્રકારની સ્થિતિ રહેલી છે એ સ્થિતિમાં કોઈને કોઈ પ્રકારે એક સઘન કાર્યવાહી હાથ ધરીને આ દિશામાં આગળ વધવાનો નિર્ણય કરેલો છે. સમગ્ર દેશ આના માટે ચિંતા વ્યકત કરી રહ્યું છે અને એ સ્થિતિમાં રાજય સરકારે જે વસ્તી નીતિ જાહેર કરેલી છે એમાં પુરૂષ સ્ત્રી જાતે ભેદભાવ ઓછો કરીને સ્ત્રીઓને સક્ષમ કરીને ૨૦૧૦ની સાલ સુધીમાં ચાહે પ્રજનન પુનઃસ્થાપન સ્તર પ્રાપ્ત કરવાનું હોય અથવા બાળક કે માતાના મૃત્યુદર ઘટાડવાની વાત હોય એ બધી બાબતો આવરી લીધેલી છે. પરંતુ જયાં સુધી સીધો સંબંધ છે પ્રજાના પ્રતિનિધિઓ જાતે જો નાના કુટુંબની ભાવનાને સ્વીકારે તો ઉદાહરણ સ્વરૂપ અમલીકરણ પ્રજા સમક્ષ મૂકી શકાય એ હેતુ સાથે જે બે કરતા વધુ બાળકો ધરાવતી વ્યકિત પંચાયતના સભ્ય અથવા નગરપાલિકાના અને મ્યુનિસિપલ કોર્પોરેશનના કાઉન્સિલર થતા અટકાવવા માટે મુંબઈ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ ૧૯૪૯ ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ અને ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩માં સુધારો કરવા માટેનું આજે અહીં વિધેયક લઈને આવ્યો છું. આ પ્રકારનો વિચાર ગુજરાતે એટલા માટે કર્યો છે કે જે પ્રકારે વિકાસની તાકાત

ગુજરાત અપનાવી રહ્યું છે, જે પ્રકારના વિકાસ માટેની એક નવી દૃષ્ટિ સાથે કાર્ય કરી રહ્યા છે અને એ સ્વરૂપમાં આ વસ્તીને જો નિયંત્રિત કરવામાં આવે તો હાલની ગુજરાતની તમામ વસ્તી, તમામ નાગરિકો વધુ સુખ અને સંપત્તિ પ્રાપ્ત કરી શકશે. વસ્તી નિયંત્રણથી લોકોના જીવન ધોરણમાં સુધારો લાવી શકાશે. પ્રવર્તમાન આંતરમાળખાકીય સુવિધાઓ ઉપર વસ્તીના ભારણના લીધે આંતરમાળખાકીય સુવિધાઓ ઊભી કરવાનું મુશ્કેલ બને છે એને આ કારણે આસાન કરી શકાશે. આંતરમાળખાકીય સુવિધાઓ માટેના મૂડી રોકાણને પહોંચી વળવાનું જ્યારે વિકટ બનતું જાય છે, જો વસ્તી વધારો થાય તો એ કાર્ય વધારે વિકટ બને અને એ સ્થિતિમાં છેવાડાના માણસ સુધી વિકાસના ફળ પહોંચાડી ન શકીએ. પ્રાથમિક કે માળખાકીય સુવિધાઓ એ પછી પરિવહનની સેવા હોય કે પાણી પુરવઠાની સેવાઓ હોય કે અન્ય કોઈ સુવિધાઓ ઊભી કરવાની બાબત હોય, આ પરિસ્થિતિને આપણે એવા સ્વરૂપમાં લઈ જવી છે કે જે કોઈ રાજયની આવકો રહેલી છે એ આવકોને યોગ્ય સ્વરૂપમાં ગુજરાતના સુખ અને સમૃદ્ધિ સાથે દરેક વ્યકિત એનો ઉપભોગ કરી શકે એ વિચારને લઈને આ કાર્ય કરી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલીક બાબતો માનનીય સભ્યશ્રીઓના ધ્યાન ઉપર મૂકવા માગું છું. કેટલાક મિત્રોનું કહેવું એ પ્રમાણે છે કે આ કાયદાકીય પ્રક્રિયા દ્વારા એ પ્રકારનું કાર્ય કોઈ નકારાત્મક અભિગમ તો ઊભો નહિ કરે ને? હું વિચાર વ્યક્ત કરું છું કે આ રાજય સરકારે કોઈ disincentive scheme ઉપર વિચાર કર્યો નથી. પરંતુ એવો વિચાર કર્યો છે કે જે રાજયની જન ભાગીદારી લોકો સાથે રહેલી છે, સામાન્ય રીતે આ વસ્તી નિયંત્રણનું કાર્ય એવું છે કે જે કાર્યમાં સૌથી વધારે લોક ભાગીદાર થાય, લોકોની જાગરૂકતા થાય, લોકોમાં આ વિચાર માટેની સક્રિયતા થાય તો વધુને વધુ વસ્તી નિયંત્રણનું આપણે કાર્ય કરી શકીએ. એટલા માટે થઈને આ બિલ લઈને આવ્યો છું. મારે એટલી જ વાત કહેવી છે કે જુદા જુદા રાજયોએ આ કાર્ય માટે વિચાર કરેલો છે. આ કાર્યને આગળ ધપાવવામાં આવી રહ્યું છે. લોકસભા અને રાજયસભાના સભ્યો માટે, ધારાસભાના સભ્યો માટે પણ કેન્દ્રમાં એક વખત વિચાર થયેલો છે. કેટલાક દિવસો પહેલા કેન્દ્રમાં આ પ્રકારનો વિચાર વ્યક્ત કરાયો ત્યારે કેટલાક લોકો દ્વારા એવો વિચાર વ્યક્ત કરાયો કે આ વિચારને પડતો મૂકવો જોઈએ. જે લોકોએ આ પ્રકારનો વિચાર કર્યો એની સામે દેશના નાગરિકો સુપ્રીમ કોર્ટમાં ગયા અને સુપ્રીમ કોર્ટે પણ આ પ્રકારના વિચાર સાથે અસંમતિ દર્શાવી. એટલું જ નહિ રાજય આ પ્રકારના બિલ માટે વિચાર કરીને એ વિચારને સર્વગ્રાહી આખા દેશ માટે વિચાર હાથ ધરે એવા અવતરણો કરેલા છે. હું બધા મુદ્દા કહેવા માગતો નથી. સુપ્રીમ કોર્ટે એક-બે બાબતમાં અગત્યનું ધ્યાન દોર્યું છે એ અંગે આ સભાગૃહના સભ્યશ્રીઓને જાણ કરવા માગું છું કે, સુપ્રીમ કોર્ટે જે ડાયરેકશન્સ આપ્યા છે એમાં બે મુદ્દાનો ઉલ્લેખ કરવા માગું છું. આદરણીય સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે કે, "Sharp distinction must be drawn between the religious faith and belief and religious practices. What the State protects is religious faith and belief. If religious practices run counter to public order, morality or help or a policy of social welfare upon which the State is embarked, then the religious practices must give way before the good of the people of the State as a whole."

માનનીય અધ્યક્ષશ્રી, આ સિવાય સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને પણ એ બાબતે જણાવ્યું છે કે આ પ્રકારનો કોઈ વિચાર ધારાસભ્યો માટે, લોકસભાના સભ્યો માટે કેન્દ્ર સરકાર આ બાબતના વિચારને પડતો મૂકવાનો વિચાર કરે છે કે કેમ? બીજી વાત જે બાબત fundamental rights નો જે ત્યાં વારંવાર ઉલ્લેખ થઈ રહ્યો છે એના કારણે સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે કે, "Fundamental rights are not to be read in isolation. They have to be read along with the chapter on a directive principles of the State policy and the fundamental duties assigned in article 51(a)."

માનનીય અધ્યક્ષશ્રી, મારા કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે સમગ્ર દેશની વસ્તીને જ્યારે નિયંત્રિત કરવા માટે એક સઘનતા સાથે વિચાર કરતા હોય, ગુજરાત સમગ્ર દેશને આપી શકે એવા પ્રકારની દિશા સાથે સુખ અને સમૃદ્ધિ તરફ આગળ વધી રહ્યું હોય, દરેક ક્ષેત્રમાં ગુજરાત જ્યારે વિકાસની નવી તાકાતો પ્રાપ્ત કરી રહ્યું હોય ત્યારે ગુજરાતનો વસ્તી વધારો ૧૯૯૧ થી ૨૦૦૧માં રહ્યો છે. નેશનલ રેશિયો છે એના કરતાં વધારે રહ્યો છે ત્યારે એ સ્વરૂપને હકારાત્મક રીતે લઈ પ્રજાકીય પ્રતિનિધિઓ, ગ્રામ પંચાયતના સભ્યથી માંડીને મહાનગરપાલિકાના સભ્ય સુધી આ પ્રકારની વિચારધારા, એ પ્રકારની પ્રસ્થાપિત કરીએ કે એ વિચારથી એક પ્રકારની દિશા બધાને મળે. જે હેતુ ફકત ને ફકત કોઈ સરકારી લેવલે નહિ પણ સામૂહિક, સામાજિક રીતે આપણે આગળ વધવા માગીએ છીએ. એ હેતુ સમગ્ર ગુજરાતનો હેતુ બને અને આગામી દિવસોમાં વસ્તીને આપણે નિયંત્રિત કરી શકાય.

**ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, Gujarat Local Authorities Laws (Amendment) Bill, 2005 લઈને આવ્યા છે, એમને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ પહેલાના સત્રમાં તારીખ બીજી ઑગસ્ટ, ૨૦૦૧ નાં રોજ એક સંકલ્પ લઈને આ સન્માનનીય સભાગૃહમાં હું આવી હતી. એ સંકલ્પમાં એ વખતે વસ્તી વિસ્ફોટની ચિંતા વ્યકત કરી હતી અને તત્કાલીન આરોગ્ય મંત્રી માનનીય સુરેશભાઈ મહેતાએ ગૃહને ખાતરી આપી હતી કે આવું એક બિલ લઈને અમે આવીશું, એટલે આપનો સંકલ્પ તમે પાછો ખેંચી લો. આજે મને ખૂબ આનંદ થાય છે કે મારા એ સંકલ્પનો સ્વીકાર કરીને એને બિલના સ્વરૂપે માનનીય મંત્રીશ્રી લઈ આવ્યા છે એટલે એમને ખૂબ અભિનંદન આપું છું. Bombay Provincial Municipal Corporations Act, Gujarat Municipalities Act, Gujarat Panchayat Act માં જોગવાઈઓ કરીને લોક પ્રતિનિધિઓની ભાગીદારીનો આમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકારે દરેક ક્ષેત્રમાં લોક ભાગીદારી અને લોક પ્રતિનિધિઓની સહભાગનો જ્યારે વિચાર કરતી હોય ત્યારે આજના સમયની સૌથી મોટામાં મોટી સમસ્યા વસ્તી વધારો છે, વસ્તી વિસ્ફોટ છે તો એમાં લોક પ્રતિનિધિઓની ભાગીદારીને આપણે સ્વીકારવી જ રહી. જ્યારે દેશ આઝાદ થયો ત્યારે ૩૪ કરોડની જનસંખ્યા અને માત્ર ૫૭ વર્ષના ટૂંકાગાળામાં આજે ૧૦૫ કરોડ થવા જઈ રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમજાતું નથી કે આટલો પ્રાચીન આપણો દેશ હજારો વર્ષો સુધી સંખ્યા આપણી ૩૪ કરોડ થઈ અને માત્ર ૫૭ વર્ષના ટૂંકાગાળામાં આપણી સંખ્યા ૩ ગણી વધી ગઈ. આ વસ્તી વિસ્ફોટને રોકવાના નિષ્ઠાવાન પ્રયત્નો પણ થયા છે, છતાં પણ કોઈને કોઈ આપણને સફળતા મળી નથી. ગુજરાતમાં માનનીય મંત્રીશ્રીએ કહ્યું ૧૯૯૧ માં ૪.૩ કરોડ અને ૨૦૦૧ માં ૫.૬ કરોડ. ચિંતા એ વિષે છે કે ૨૨.૬ નો ગ્રોથ એ પહેલા જે ૧૯૮૧માં ૨૧.૧૯ હતો એ ઘટવો જોઈએ એને બદલે ગ્રોથ વધ્યો છે એટલે આ આપણા સૌની ચિંતાનો વિષય હોવો જોઈએ. ૧૯૯૧માં growth rate ૨૭.૬ હતો એ ઘટીને ૨૧.૧૯ થયો જે ક્રમશઃ ઘ ટવાને બદલે ફરીથી ૨૦૦૧માં વધ્યો. એટલા માટે જ્યારે ભારતનો growth rate ૨૧.૫૩ હોય અને ગુજરાતનો ૨૨.૬૬ હોય ત્યારે આપણે સૌના માટે આ ચિંતાનો વિષય બનવો જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ૫૨ સ્કવેર ચોરસ મિટર વસ્તીની ગીચતા ૨૫૮ છે. સાચા અર્થમાં જોવા જઈએ તો આખા વિશ્વનો ભૂ ભાગ ગણવા જઈએ તો અઢી ટકા માત્ર ભૂ ભાગ ભારત પાસે છે અને વસ્તીની દૃષ્ટિએ જોઈએ તો ૧૬.૧૭ ટકા વસ્તી ભારતની છે. શું આપણે વિશ્વ રેકૉર્ડ પ્રસ્થાપિત કરવો જોઈએ? વિશ્વ રૅકૉર્ડ સારા અનેક પાસામાં કરી શકાય પણ આવા વસ્તી વિસ્ફોટમાં રેકર્ડ પ્રસ્થાપિત કરવા જઈએ, તો એ ખૂબ ખૂબ આવનારા દિવસોમાં ઘાતક પુરવાર થવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજથી ૨૦૦ વર્ષ પહેલાં ૧૭૯૮માં એક અર્થશાસ્ત્રીએ પુસ્તક લખ્યું હતું Growth on the principle of population અને એમાં એમણે લખ્યું હતું કે હવે પછીના દિવસોમાં વસ્તી વધારો અને વસ્તી વધારાના કારણે ગરીબી અને ગરીબીના કારણે મૃત્યુ થશે.આજથી ૨૦૦ વર્ષ પહેલાં પણ વસ્તી નિયંત્રણની આવશ્યકતા હશે અને" દૂરંદેશી દેખી" પુસ્તકમાં એનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એ ખૂબ આનંદની વાત છે કે ૨૦૦૧ની વસ્તી ગણતરીના આંકડા બહાર આવ્યા એ જ દિવસથી ગુજરાત રાજયમાં મુખ્યમંત્રીશ્રીએ વસ્તી આયોગની રચના કરી. તા.૭ ઓકટોબર, ૨૦૦૪ના રોજ એની પ્રથમ મિટિંગ બોલાવી. મારા માટે આનંદ એ વાતનો છે કે વસ્તી આયોગના સભ્ય તરીકે મને જવાની તક મળી. એમાં ચર્ચા થઈ ત્યારે મુખ્યમંત્રીશ્રીએ કહ્યું ભલે ૧૯૯૪ની કેરો બેઠકમાં ઈન્સેન્ટીવ અને ડીસઈન્સેન્ટીવ ઉપર ભાર ન મૂકવાનું કહેવામાં આવ્યું હોવા છતાં પણ આપણે આપણા ગુજરાતની પરિસ્થિતિના આધારે નિર્ણય કરવો પડશે. આ પોલિટિકલ બીલ નથી, આ બીલ કાંઈ નાનુંસૂનું નથી. ગુજરાતના ૧૮૦૦૦ ગામડાંની ગ્રામ પંચાયતના સદસ્યો, ૨૦૦થી વધારે તાલુકા પંચાયતના સદસ્યો, ૨૫થી વધારે જિલ્લા પંચાયતમાં સાત મહાનગરપાલિકાના સદસ્ય અને ૧૪૧ નગરપાલિકાના સદસ્યોને અસર કરનારું આ બીલ લાવવામાં આવે ત્યારે એના માટે મોટું પોલિટિકલ વીલ હોય તો જ આ બીલ લાવી શકાય. આ બીલ લઈને આવ્યા છો ત્યારે ખૂબ ગંભીરતા સમજી હૃદયપૂર્વક અભિનંદન આપું છું. આપણે કહીએ છીએ કે સંપત્તિ વધે તો આનંદ થાય. ખરેખર સંપત્તિ વધે તો આનંદ થવો જોઈએ. પણ આ માનવ સંપત્તિ વધે એ આનંદનો વિષય નથી. આપણા સૌ માટે આ ચિંતાનો વિષય છે. માનવ સંપત્તિ વધે તો જીવનધોરણની ગુણવત્તા ઘટે છે. જે પ્રકારનું જીવનધોરણ આપવા માટે આપણે કટિબદ્ધ છીએ એ પ્રકારનું જીવનધોરણ આપણે આપી શકતા નથી. એટલા માટે આપણા સૌ માટે આ ચિંતાનો વિષય બન્યો છે. આજે જેટલી પણ સમસ્યા છે એ બધી જ સમસ્યાનું મૂળ વસ્તી વિસ્ફોટ છે. ગરીબી, બેકારી, અરાજકતા, નિરક્ષરતા એનાથી પણ આગળ વધીને અપરાધીકરણ હોય, આતંકવાદી કૃત્ય હોય એ બધાની પાછળ કયાંક ને કયાંક વસ્તી વધારો છે. બાળ મજૂરીનો પ્રશ્ન પણ આ વસ્તી વધારાને કારણે છે. આજે રોજ લગભગ ૩૫૦૦૦ બાળકો જન્મે છે એટલે દર કલાકે ૧૫૦ બાળકો. ગુજરાતમાં જન્મદર ૨૫.૬ છે અને આધુનિક ટેકનોલોજીને કારણે મેડિકલની સુવિધા વધવાને કારણે મૃત્યુ દર આપણે ૭.૬ સુધી લાવી શકયા છીએ એને કારણે પણ વસ્તી વધી રહી છે. કેરળમાં જયાં સાક્ષરતા ખૂબ સારી છે ત્યાં આજે જન્મ દર ૧૪ છે અને ગોવા જેવા રાજયમાં જન્મ દર ૧૬ છે. ગુજરાત માટે લક્ષ્ય એ હોવું જોઈએ કે ૨૫.૬થી જન્મ દર નીચો કેવીરીતે લાવી

શકાય? ફીમેલ પોર્ટીલીટી રેટ જે ૧૯૫૧માં ફીમેલ પોર્ટીલીટી રેટ ૫.૬ હતો એ આજે આપણે ૨.૮ ઉપર લાવી શક્યા છીએ પણ હજી એ ફીમેલ પોર્ટીલીટી રેટ બે કરવો પડે. આ હું એટલા માટે કહું છું કે ચીને આમાં સફળતા મેળવી છે. ચીનનો ફીમેલ પોર્ટીલીટી રેટ ૧૯૫૧માં ૬ હતો એ આજે એક ઉપર આવી ગયો છે. ચીનમાં ફીમેલ પોર્ટીલીટી રેટ ૧૦વર્ષ પહેલા ૧.૯ હતો એટલે એ લોકાએ દરેક દાયકામાં પોતાને ત્યાં ફીમેલ પોર્ટીલીટી રેટ ઘટાડયો છે. વસ્તી નિયંત્રણમાં સફળતા મળી છે. ચીનમાં કોમ્યુનિઝમ અને સરમુખત્યારશાહીના કારણે આ સફળતા મળી શકી છે એવું જો આખા વિશ્વમાં કહેવાતું હોય તો લોકશાહીમાં બાળકો આપવા એ જન્મસિદ્ધ અધિકાર છે એ વખતે રાષ્ટ્રીય કર્તવ્ય ભૂલી જવાય, રૂણ અદા કરવાનું ભૂલી જવાય સામાજિક જવાબદારીને ભૂલી જવાય એ ના ચાલે. વસ્તી વધતી જશે તો આપણા જ રાષ્ટ્ર ઉપર ભારરૂપ થવાનું છે.હ એ વાતને સ્વીકારીને ચિંતા કરવી પડશે.

માથાદીઠ આવક ધીરે ધીરે વધી છે. ગુજરાતમાં ૯,૦૦૦ હતી, આજે ૧૬,૦૦૦ વાર્ષિક થઈ છે, પરંતુ વસ્તી વધારાને કારણે આપણે જોઈ શકીએ છીએ કે આનો લાભ આપી શકતા નથી. આજે ઘણા વિવેચકો, ઘણા ચિંતકો અને હ્રુમન રાઈટસના એક્ષપર્ટ લોકો એમ કહે છે કે આ જ કારણે મનુષ્યના જન્મસિદ્ધ અધિકાર ઉપર તરાપ મૂકવામાં આવે છે. એ લોકોને પૂછવું પડશે કે આજે પ્રતિવર્ષ ૯ લાખ બાળકોનો વધારો થતો હોય, ગમે એટલું ખેતીનું ઉત્પાદન વધશે, ગમે એટલું ઔદ્યોગિક ઉત્પાદન વધશે તો દર વર્ષે ૮ લાખ ક્વિન્ટલ અનાજ વધારે જોઈશે, દર વર્ષે ૧૨ લાખ મિટર કાપડ વધારે જોઈશે, દર વર્ષે ૮,૦૦૦ નવી શાળાઓ જોઈશે, દર વર્ષે ૨૫૦૦ નવા શિક્ષકો જોઈશે, પાણીનો ઉપયોગ વધારે થશે, વીજળીનો ઉપયોગ વધારે થશે આ બધા જ પાસાંઓને જોઈને આપણે આનો હલ શું? આની ચિંતા કરવી પડે. ભારત વર્ષમાં ચિંતા થઈ અને એના જ કારણે ૧૯૫૧માં પરિવાર નિયોજનની એક યોજના દાખલ થઈ. આજે ગામડામાં જોઈશું કે દીવાલ ઉપર લાલ ઊંધા ત્રિકોણ દેખાય છે, એટલો બધો પ્રચાર થયો. પરિવાર નિયોજન શું છે એની ખબર લોકોને પડી. પરંતુ આ પરિવાર નિયોજનની યોજના હોવા છતાં સફળતા મળી નહીં. એ પછી ૧૯૭૭-૭૮માં પરિવાર નિયોજનનું નામ બદલીને પરિવાર કલ્યાણની યોજના જેમાં માતા અને બાળક બંનેના કલ્યાણની યોજનાનો આમાં સમાવેશ કરવામાં આવ્યો, પરંતુ આ બધા નિષ્ઠાવાન પ્રયત્નો છતાં પણ આજે પણ ૫૫ ટકા દંપતીઓ આ પરિવાર કલ્યાણની યોજનાનો લાભ લેતી નથી. કુલ ૮૦ લાખ દંપતી ગુજરાતમાં છે, એમાંથી માત્ર ૪૫ લાખ દંપતી એ વિવિધ પરિવાર યોજનાનો લાભ લે છે. બાકી આજે ૫૫ લાખ દંપતીઓ આ બધા લાભ લેવામાં પોતાની જાતને વંચિત રાખે છે, અથવા લઈ શકતી નથી. સામાજિક રીતે પણ આમાં કોઈપણ રીતે જાગૃતિ લાવી શકાય, ધાર્મિક રીતે ઘણા બધા પ્રયત્નો થયા હશે, ધર્મગુરુ, ધર્મ, મૌલવીઓનો સંપર્ક કરીને વસ્તી નિયંત્રણ કરવાનો, વસ્તી સ્ટેબિલાઈઝેશન કરવાનો પ્રયત્ન થયો હશે, પરંતુ ક્યાંકને ક્યાંક કાયદાના જોગવાઈની જરૂર લાગે છે અને એટલા માટે આ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં લોકપ્રતિનિધિ માટે આચાર સંહિતાનો વિષય લઈને માનનીય મંત્રીશ્રી ગૃહ સમક્ષ આવ્યા છે, કારણ કે લોકપ્રતિનિધિની રાષ્ટ્રીય જવાબદારી, રાષ્ટ્રીય કર્તવ્ય છે, એટલા માટે માનનીય મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. દાખલો બેસાડવો હોય તો સમાજને કંઈક કર્યુ છે એવું કરીને બતાવવું પડે. એક દિવસ સંત જ્ઞાનેશ્વરની પાસે એક માતા એના બાળકને લઈને ગઈ કે આ બાળક ગોળ ખાય છે, તે બંધ કરાવવો છે. સંત જ્ઞાનેશ્વરે એમ કહ્યું કે તમે આવતીકાલે આવજો, તમારા બાળકને હું આવતીકાલે શિખામણ આપી શકીશ. બીજા દિવસે માતા એ બાળકને લઈને તેમની પાસે આવી અને સંત જ્ઞાનેશ્વરે બાળકના કાનમાં મંત્ર આપ્યો અને ગોળ છોડવા માટેની શિખામણ આપી, ત્યારે માતાએ પૂછ્યું કે આપે ગઈકાલે કેમ વાત ન કરી? ત્યારે સંત જ્ઞાનેશ્વરે કહ્યું કે ગઈકાલે હું પોતે ગોળ ખાતો હતો.

લોકપ્રતિનિધિ પોતાનાથી શરૂઆત કરે. સ્વથી શરૂઆત કરે, ત્યાર પછી સમાજના બીજા લોકોને જઈને કહી શકે. અમે એમ નથી કહેતા કે લાલુપ્રસાદ જેવા રાજનેતા બિહારમાં જઈને કેવી રીતે વસ્તી નિયંત્રણનો પ્રચાર કરતા હશે. લોકો હ્રદયથી ન કહી શકે કે તમે વસ્તી નિયંત્રણ કરો. લાલુપ્રસાદ યાદવ જેવા નેતા આ દેશને કેટલું નુકસાન પહોંચાડી શકે છે એ આપણા માટે જાણીતો વિષય છે. અભિનંદન એ માટે આપું છું કે એમણે કલમ-૨ ની ૧ માં ઉલ્લેખ કર્યો છે કે 'Child' does not include an adopted child or children". એટલે જે બાળકોને એડપ્ટ કર્યા હોય તેનો આમાં સમાવેશ કરવામાં ન આવે. આ ઉદાત વિષયમાં માનવતાભર્યો વિષય છે. જે દંપતીઓ બાળકોને દત્તક લેશે તેની આમાં ગણતરી કરવામાં નહીં આવે એના કારણે આપણા ત્યાં અનાથ બાળકોને એડપ્ટ કરવાની વૃત્તિને પ્રોત્સાહન મળશે. એનાથી આગળ વધુ એક વિષય કહેવા માગું છું કે લોકપ્રતિનિધિઓ માટે આ બિલ લાવ્યા છે તે આવકારદાયક છે. આમ સરકારમાં નોકરી ઈચ્છતા કર્મચારીઓ, અધિકારીઓ કે જેમણે સરકારની નોકરી લેવી હોય તેમના માટેની આચારસંહિતા કે તેના નિયમોનો ઉમેરો કર્યો હોત અથવા તો તે માટે બીજું બિલ લઈ માનનીય મંત્રીશ્રી આવે તો ખૂબ આવકારદાયક થશે. તો આ ગુજરાત ખૂબ સારી રીતે વિકાસની દિશામાં આગળ વધશે.(સમયસૂચક ઘંટડી) સાહેબ જરૂરી સૂચનો છે. આ બિલમાં ક્યાંકને ક્યાંક કોઈ પુરુષને બે પત્ની હોય તો દરેક પત્નીના બાળકોનો ઉલ્લેખ કેવી રીતે કરવો તેની પણ ચિંતા કરવી પડશે. કારણ કે કોઈ ક્યાંકને ક્યાંક ધર્મના નામે બે-ત્રણ-ચાર પત્નીઓ હોય અને દરેક પત્નીને બે-બે બાળકો હોય તો આ પુરુષના કુલ બાળકો ગણાવવા પડશે અને તેના આધારે નિર્ણય

કરવામાં આવવો જોઈએ. કોઈ પુરુષને બે બાળકો હોય અને બે બાળકો પછી પત્નીનું અવસાન થાય. કદાચ તે બીજા લગ્ન કરે અને બીજા લગ્ન કર્યા પછી બીજી પત્નીથી ફરીથી બાળક થાય ત્યારે આ વિસંગતતા ઊભી ન થાય તેની સ્પષ્ટ જોગવાઈ આ બિલમાં કરવામાં આવે તો સારું થશે. માનનીય મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે વસ્તી વિસ્ફોટ જે રીતે આગળ વધી રહ્યો છે તેને રોકવા માટેનો પ્રયત્ન કર્યો છે અને તેના માટેનું સુંદર બિલ લઈને આવ્યા છે એટલે ફરીથી તેમને અભિનંદન આપું છું. ભારત માતાકી જય.

**અધ્યક્ષશ્રી** : એક મિનિટ, બોલનાર વધારે છે, એટલે દરેકને બે-બે મિનિટ મળશે. એટલે કાળજી રાખે. વધારેમાં વધારે ત્રણ મિનિટ. માત્ર સૂચન કરો. માનનીય પ્રદીપસિંહજી, ત્રણ મિનિટમાં પૂરું કરો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, મ્યુનિસિપલ કૉર્પોરેશન, ગુજરાત નગરપાલિકા અને ગુજરાત પંચાયત વધુ સુધારવા બાબતનું વિધેયક લઈને આવ્યા છે તેને હું આવકારું છુ.

માનનીય અધ્યક્ષશ્રી, આ ભારતની એકતા, અખંડિતતા માટે જરૂરી છે. વિભિન્ન સમુદાયોના પ્રમાણમાં ભારે વિષય વધારો ન થાય તેના માટે જરૂરી છે. દુનિયામાં જ્યાં જ્યાં આ પ્રમાણ બદલાયું છે ત્યાં ત્યાં વિભાજનની પ્રક્રિયાનો આરંભ થાય છે. ૧૯૪૭ના ભાગલા માટે મોટા સમુદાયોના કારણે ભારતમાતાના ટૂકડા થયા હતા તે ગોજારી ઘટના આજે પણ સ્મૃતિપટ ઉપરથી ભૂંસાતી નથી. આજે ફરીથી આપણે ડોકાય છે. મહાત્મા ગાંધી સહિત અનેક ક્રાંતિકારીઓની લડતના પરિણામે આઝાદી મળી. આ મહામૂલી આઝાદી સામે ભૌગોલિક રીતે કોઈ એક ભાગમાં કોઈ એક જાત કે સંપ્રદાયના અસંતુલિત વધારાના કારણે આવતીકાલે દેશની ભૂગોળ ન બદલાઈ જાય, તેના માટે આ વિધેયક જરૂરી છે. શિક્ષણની અંદર હિન્દુ સાક્ષરતા ૫૫ ટકા છે, જ્યારે મુસ્લિમ સાક્ષરતા ૪૮ ટકા છે, તેમાં હિન્દુ મહિલા સાક્ષરતા ૪૫ ટકા છે અને મુસ્લિમ મહિલા સાક્ષરતા ૪૦ ટકા છે. માત્ર શિક્ષણમાં મુસ્લિમ મહિલામાં ૫ ટકાનો તફાવતની અંદર વસ્તી ગણતરીમાં કમિશનરશ્રી જે.કે. બાખીયાના અહેવાલ પ્રમાણે ૨૦૦૧માં હિન્દુ વસ્તીવૃદ્ધિ દર ૨૦ ટકા હતો, જ્યારે મુસ્લિમ વસ્તીવૃદ્ધિ દર ૩૦ ટકા થયો. માત્ર એટલું જ નહિ, પણ પૂર્વોત્તર રાજયો ત્રિપુરા, સિક્કિમ, મેઘાલય, કેરળ, નાગાલેન્ડના આંકડાઓ આપણા ગુજરાત માટે રેડએલર્ટ સિચ્યુએશન જેવા છે. આ અસંતુલિત વસ્તી વધારો એટલે કે ડૅમોક્રેસીમાં થતા ફેરફારો જે રાષ્ટ્રીય સલામતિનો સવાલ ઊભો કરે છે. દંભી બિનસાંપ્રદાયિકતાના ઓથા હેઠળ સાંપ્રદાયિકતાને પોષતા દંભી સેક્યુલારિસ્ટો સાતમી સપ્ટેમ્બરે વસ્તી વધારાના જે આંકડાઓ પ્રસિદ્ધ થયા તેને દબાણ હેઠળ ફેરફાર કરાયા. એમણે જમ્મુ કાશ્મીરને ગણતરીમાં ન લઈએ તો આ આંકડા આમ થાય. શું જમ્મુ કાશ્મીર એ ભારતનું અવિભાજ્ય અંગ નથી? આ માત્ર ભારતના ગુજરાતની નહિ, પણ સમગ્ર વિશ્વની સમસ્યા છે. રાષ્ટ્ર નિર્માણની સાથે રાષ્ટ્રની અખંડિતતા જળવાઈ રહે તે માટે આ ક્રાંતિકારી સુધારો છે. ગુજરાત સરહદી રાજય છે, ગુજરાતના કેટલાક તાલુકામાં વસ્તી ગણતરી પણ અગાઉના સાપેક્ષમાં ચિંતાકારક છે, ક્યાંક આપણું સોહામણું કચ્છ આપણા આ વસ્તી વધારાના કારણે અલગ ન થઈ જાય, તેની ચિંતા છે. માનનીય અધ્યક્ષશ્રી હું આ વિધેયકને આવકારું છું.

**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, ગુજરાત સ્થાનિક સત્તામંડળોને લગતા કાયદા અંગેનું વિધેયક લઈને આવ્યા છે એ બદલ એમને લાખ લાખ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે થોડાક દિવસ પહેલાં આ સભાગૃહમાં એક એલ.એ.ક્યુ. આવ્યો હતો કે દીકરીઓ અને દીકરાઓની સમતુલા અત્યારે જળવાતી નથી. અત્યારે આ બિલ લાવવાથી ગુજરાતમાં આશરે એક લાખ વ્યકિતઓને આ બિલ લાગુ પડવાનું છે. આ વસતિ નિયંત્રણ માટે, આપણા ગુજરાતમાં આશરે એક કરોડ દંપતી છે તો આ એક કરોડ દંપતીની સામે એક લાખ વ્યકિતને આ બિલ લાગુ પડવાનું છે. તો ખરા અર્થમાં વસતિ વધારાને નાથવા માટે આપણા ગુજરાત રાજયની અંદર જે કોઈ લોકોને રાજય સરકાર તરફથી જે કોઈપણ સુવિધાઓ આપવામાં આવતી હોય એ સુવિધાઓ બંધ કરવી જોઈએ. આ એક સુધારો લાવવો જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત એ છે કે, કોઈપણ માણસને એક દીકરી હોય અને એક દીકરો હોય તો બે બાળકો એમ કહી શકાય, બે બાળકો હોય અને એ બંને પુત્ર હોય તો બે બાળકો કહી શકાય પણ જ્યારે અત્યારે દીકરી અને દીકરાની અસમતુલા છે એને પરિપૂર્ણ કરવા માટે દીકરીની વસતિ છે એને બે બાળકોમાં બાકાત રાખી ગમે તેટલી દીકરીઓ હોય એને આ લાગુ ના પડે, આ એક મારો સુધારો છે. જ્યારે અત્યારે મહેસાણા જિલ્લામાં દીકરીઓની ઘટ પંદર ટકા છે તો આ અસમતુલા રહેવાથી ગુજરાત રાજયમાં વર્ષો પછી પરિસ્થિતિ ખરાબ થવાની છે ત્યારે આ બિલમાં આ સુધારો લાવવો જોઈતો હતો. મને આજે અત્યારે ખબર પડી કે આ બિલ લાવવાને કારણે અમુક રાજકારણી જે માણસો છે એનો એક કમ્મીટેડ વર્ગ છે એને આ બિલ વધુ લાગુ પડે એના માટે આજે આ મારા મિત્રો કદાચ વોકઆઉટ કરીને ગયા હોય એમ મને લાગે છે, આ બિલ ખરેખર આવકારદાયક છે પણ આમાં આ સુધારો થાય એવી મારી લાગણી છે.

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ)** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૫નું ગુજરાત સ્થાનિક સત્તામંડળોને લગતા કાયદા સુધારા વિધેયક ક્રમાંક - ૧૭ માનનીય મંત્રીશ્રી લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર છેલ્લા પાંચ વર્ષ થયા વસતિ નિયંત્રણ સમગ્ર ગુજરાતમાં લાવવા માટે અનેક વખત વિચારો કરવામાં આવ્યા છે અને આ સભાગૃહમાં અનેક વખત સંકલ્પો પણ અમુક સભ્યશ્રીઓ લઈને લાવ્યા હતા. છતાં રાજયમાં જ્યારે એક રાજયની ચિંતા કરવા માટે સમગ્ર ધારાસભ્યશ્રીઓ, આપણે સૌ અહીંયા બેઠા છીએ, ત્યારે હું એમ કહેવા માગું છું કે, ખરેખર ભારતની ૨૦૦૧ની વસતિ ગણતરી મુજબ જ્યારે ગુજરાતમાં એક ટકાનો વસતિ વધારાનો જે ફરક પડ્યો છે એ આપણા માટે એક ચિંતાનો વિષય છે અને હું તો એમ કહેવા માગું છું કે, ૧ લાખ ૪૨ હજાર લોકોને લાગુ પડશે પણ એના કરતાં ડબલ લોકોને આ લાગુ પડવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણા લોકો ભલે નગરપાલિકાની ચૂંટણીમાં લડવાની ઇચ્છા જે વ્યક્ત કરી રહ્યા હોય કે આવતી ચૂંટણીમાં મારે બે-પાંચ- દશ વર્ષ પછી ચૂંટણી લડવી છે એવા લોકોના માનસ ઉપર અસર કરશે. તેના કારણે અનેક લોકોને આ બિલથી ફાયદો થવાનો છે અને ખરેખર આજે તો હું એમ કહું છું કે, ધારાસભ્યો પછી આની અંદર તો હું એમ કહું છું કે, એપીએમસીના માર્કેટ યાર્ડમાં ચૂંટણી લડતા સભ્યો, ખરીદ વેચાણ સંઘમાં લડતા સભ્યો, ખરીદ વેચાણ સંઘ સહકાર વિભાગ અને એની પણ આગળ વધીને એમ કહું છું કે, આજે ચેરીટી કમિશનરમાં ટ્રસ્ટ જ્યારે મંજૂર કરવા જાય અને એને પણ આ જે ટ્રસ્ટમાં મંજૂર કરે છે એ સભ્યો જે રાખવાના હોય એ સભ્યોને આ લાગુ પડે, બોર્ડ નિગમો હોય, રાજય સરકારની કોઈ પણ સીધી નિમણૂકની જગ્યા હોય આ બધાય માટે જો ખરેખર મારું સૂચન છે કે, ભલે અત્યારે સુધારો લઈને આવો, એવું હું નથી કહેતો, પણ આવતા દિવસો માટે આ રાજય માટે આ રાજયને ભારત દેશમાં ખરેખર આપણે બધાએ અલગ રીતે જોવું હોય અને રાજયને કોઈ અલગ દિશા બતાવવી હોય, આજે આપણે ફોરલેન્ડ કર્યા પણ હવે આપણે સીકસલેન્ડ પણ કરવા પડશે, દસ વર્ષ પછી એ પણ જરૂર પડશે. એવી રીતે હું એમ કહું છું કે, હું વિશ્વના પાંચ-છ દેશોમાં જઈ આવ્યો છું અને મેં જોયું છે ખરેખર એ દેશો સુખી છે. એ દેશોમાં મેં જોયું કે વસતિ નિયંત્રણના કારણે જ એ દેશો સુખી છે. એ કરવા માટે આ ભારતમાં કોઈ પણ પ્રાન્ત હોય ઉત્તરપ્રદેશ હોય, બિહાર હોય, રાજસ્થાન હોય કે મધ્યપ્રદેશ હોય એના કરતા આ ગૃહમાં બેઠેલા સભ્યોએ આપણા રાજયને કોઈ જુદી દિશામાં લઈ જવું હોય તો અને ગુજરાતનું સારું કરવા ઈચ્છતા હોઈએ તો હું તો માનનીય મંત્રીશ્રીને એમ કહું છું કે, આવતા સત્રમાં ગુજરાત વસતિ નિયંત્રણ બિલ લઈને આવો. મને એક-બે સભ્યશ્રીઓએ એમ કહ્યું કે જયંતિભાઈ, તમારે તો પાંચ બાળકો છે. પણ હું તો એમ કહું છું કે, આજે આ બિલ લઈને આવો મને લાગુ પડતું હોય તો ભલે લાગુ પડે ગુજરાતના હિત માટે આ કરવું જરૂરી છે, પછી ભલે હું ધારાસભ્ય ન રહું પણ ગુજરાતના હિતમાં બિલ લાવે. ભલે મારે પાંચ બાળકો હોય અને હું આજે જ ધારાસભામાંથી નીકળી જાવ પણ આ ગુજરાતના હિતમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોઈ આપણે એક ભૂલ કરી હોય અને એ ભૂલ જયારે આપણને સમજાય ત્યાંથી આપણે એમ માનવું કે આજથી સવાર પડયું. તો ખરેખર આ માનનીય મંત્રીશ્રીએ ગુજરાતના હિતમાં અને રાજયના મુખ્યમંત્રીશ્રીને જયારે ૨૦૦૦ના વસતિના આંકડા જોઈને એમ લાગ્યું કે આ કરવું જરૂરી છે ત્યારે આ સારામાં સારો વિચાર છે, સારામાં સારું પગલું છે. હું તો એમ કહું છું કે આવતા સત્રમાં આના કરતા કડક બિલ લઈને આવો અને અમે એને આનંદથી વધાવીએ એવી શુભેચ્છા.

**શ્રી મહેન્દ્ર લી. મશરૂ (જુનાગઢ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી જે વિધેયક લઈને આવ્યા છે એ બહુ જ સમયસરનું છે. એને હું આવકરું છું અને અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમાં મારે એક ભયસ્થાનની વાત કરવી છે. મારે બહુ લાંબી વાત નથી કરવી, માનનીય માયાબહેને ઘણી વાત કરી છે એટલે રિપિટ નથી કરતો. charity begins at home. આપણે બીજા માટે કાયદો કરીએ છીએ. સરપંચે બે બાળકોથી વધારે નહીં રાખવા જોઈએ તો જ ચૂંટણી લડી શકે, કોરપોરેશનમાં પણ એજ પરિસ્થિતિ, જિલ્લા પંચાયતમાં, તાલુકા પંચાયતમાં અને નગરપાલિકાઓમાં પણ એજ પરિસ્થિતિ, તો એ લોકોને સ્વાભાવિક એમ થશે કે તો આ ધારાસભ્યો માટે શું? જે લોકો કાયદો કરે છે એ લોકો અમલ નથી કરતા. એટલે મને લાગે છે કે આને માટેની જે પ્રક્રિયા કરવી જોઈએ અને આ કાયદો ધારાસભામાં ધારાસભ્ય તરીકે eligible થવા માટે એમને પણ બે બાળકોથી વધારે ન હોવા જોઈએ. એવી રીતે એમ.પી.ને માટે પણ, આવતા દિવસોમાં કેન્દ્ર સરકારની સંમતિ લઈને અથવા પરામર્શ કરીને આ કાયદો આવતા સત્રમાં આવે એવી હું વિનંતી કરું છું. અને તો જ મને લાગે છે કે, આપણે જે દિશામાં જવા માગીએ છીએ વસતિ વધારો નાથવા માટે અને કન્ટ્રોલ કરવા માટે તો લોકોને પણ આપણા ઉપર ભરોસો આવશે અને એ ભરોસો આવશે તો જ આપણે સફળ થઈશું. એટલી વાત સાથે મારી વાત પૂરી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંક-૧૭નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**કલમ-૨ થી ૪, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકિંટગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંક-૧૭નું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંક-૧૭નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

સન ૨૦૦૫નું ગુજરાત વિધેયક ક્રમાંક ૨૩

## ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયક,૨૦૦૫

### ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (માહિતી અને પ્રસારણમંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલું *સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૨૩, સન ૨૦૦૫ના ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૨૩ સન ૨૦૦૫ના ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં મનોરંજન કર માટેની આવક ખૂબ સારા પ્રમાણમાં રાજ્યના કરમાં રહેલી છે, ૧૯૯૭માં જે સુધારો કરવામાં આવેલો અને એ સુધારાના કારણે જે પ્રકારની ત્રિજ્યામાં ફેરફાર કરવામાં આવેલો, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, સન ૧૯૭૭ની કલમ-૬માં ઉચ્ચક મનોરંજન કર ભરવાની જોગવાઈ છે અને ત્રણ લાખથી ઓછી વસતિ ધરાવતા વિસ્તારોમાં ઉચ્ચક મનોરંજન કરનો વિકલ્પ આપવાની જોગવાઈ છે. આ કલમમાં સુધારો કરીને ઉચ્ચક કર ભરતા સિનેમાગૃહના સંદર્ભમાં સ્થાનિક વિસ્તારની પાંચ કિલોમીટરની ત્રિજ્યામાં તેનાથી વધુ વસતિવાળા સ્થાનિક વિસ્તાર આવેલા હોય તો ઓછી વસતિવાળા સ્થાનિક વિસ્તારને પણ જે તે વધુ વસતિવાળા સ્થાનિક વિસ્તારને લાગુ પડતા દર પ્રમાણે કર ભરવાનું લાગુ પાડવાનું વિધેયક લઈને હું આવ્યો છું.

બીજું જે બાબત રહેલી છે એ બાબતમાં ગુજરાત મનોરંજન કર, અધિનિયમ, સન ૧૯૭૭ની કલમ-૩ માં લૂઝ કર અને કલમ-૬માં ઉચ્ચક કર ભરવાની જોગવાઈ છે. પ્રવર્તમાન જોગવાઈઓમાં કર ભરતા સિનેમાગૃહો માટે ટિકિટનો ન્યૂનતમ દર રૂપિયા પાંચ અને લૂઝ દર ભરતા સિનેમાગૃહો માટે ટિકિટનો ન્યૂનતમ દર રૂપિયા દશની જોગવાઈની આ દરખાસ્ત છે, આ બન્ને દરખાસ્તો એક સામાન્ય વહીવટી પ્રક્રિયા છે પરંતુ આ સામાન્ય વહીવટી પ્રક્રિયાના કારણે શહેરની આજુબાજુના પાંચ કિલોમીટરના વિસ્તારના સિનેમા-થિયેટરને શહેરની વસતિનું ધોરણ લાગુ પાડી અને એ પ્રકારની કાર્યવાહીમાં જે લોકો ટિકિટના દર સામાન્ય રીતે રાખતા હોય છે એમણે મિનિમમ ન્યૂનતમ દર નક્કી કરીને કાર્યવાહી કરવાની થાય તો સરકારની મનોરંજન કરની રાજ્યની આવકમાં વાર્ષિક છ કરોડ રૂપિયા જેટલો વધારો થવાનો અંદાજ છે અને આ વધારાના પૈસા રાજ્યના વિકાસના હિતમાં વાપરી શકાય એમ છે, મારી સન્માનનીય ગૃહના સભ્યશ્રીઓને વિનંતી છે કે આ બન્ને સુધારા મનોરંજન કરના એક્ટમાં, અધિનિયમ, ૧૯૭૭માં ફેરફાર કરવા માટેના છે એ સભાગૃહ માન્ય રાખે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૨૩નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

* વિધેયક તારીખ. ૧૧મી માર્ચ, ૨૦૦૫ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

**કલમ-૨ અને ૩, કલમ-૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૨૩નું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંક-૨૩નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

સન ૨૦૦૫નું ગુજરાત વિધેયક ક્રમાંક ૨૬

## ગુજરાત દીવાની કોર્ટ વિધેયક,૨૦૦૫

### ગુજરાત રાજયમાં દીવાની કોર્ટને લગતો કાયદો એકત્રિત કરવા અને સુધારવા માટેનું વિધેયક

**શ્રી અશોક ભટ્ટ (કાયદામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલું સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૨૬, સન ૨૦૦૫ના ગુજરાત દીવાની કોર્ટ વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૨૬, સન ૨૦૦૫ના ગુજરાત દીવાની કોર્ટ વિધેયક્નું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં ખૂબ આનંદ થાય છે કે, ગુજરાતના કાયદા વિભાગે અને આ વિધાનસભા ગૃહે સમગ્ર દેશને દિશા બતાવતું એક વિધેયક તે ગુજરાત દીવાની કોર્ટ વિધેયક તરીકે હું આ સભાગૃહમાં આજે લાવ્યો છું.

આ કાયદો ૧૮૬૯માં હતો. ૧૩૬ વર્ષ જૂનો કાયદો અત્યારે બદલવામાં આવે છે સૌથી પહેલો તો ઈતિહાસ આ છે. આ સભાગૃહના સંસદીય પ્રવૃત્તિઓનો આ સભાગૃહની ધારાકીય પ્રવૃત્તિઓનો અને આ સભાગૃહ ક્ષેત્રે ધારાકીય ક્ષેત્રનાં ગૌરવનો આ પ્રસંગ છે કે આપણે આઝાદી મેળવી અને આઝાદી મેળવીને છ દાયકા પૂરા થવા છતાં પણ બ્રિટિશકાલીન બ્રિટિશરો જે કાયદો બનાવીને ગયા હતા તેના તે જ કાયદાઓ આપણે ત્યાં તે જ સ્થિતિમાં ચાલુ રહ્યા અને એટલા માટે ગુજરાત સરકારનું આજનું આ વિધેયક સરકાર દ્વારા આજના આ વિધનાસભા ગૃહની અંદર જે કાયદો ગુલામીની માનસિકતાવાળો કાયદો હતો તેને પરિવર્તિત કરતો આ વિધેયક લઈને હું આવ્યો છું. ગુજરાત રાજયના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈએ જ્યારે શપથ ગ્રહણ કર્યા ત્યારે તેમણે એક શબ્દ ગુજરાતની પ્રજાને આપ્યો હતો અને હવે તે શબ્દ ગુજરાતની પ્રજા માટે લોકસૂત્ર બની ગયો છે. અને એ શબ્દ એ હતો કે " આપણું ગુજરાત આગવું ગુજરાત " આ આપણું ગુજરાત આગવું ગુજરાત. કોઈ પણ રાજયની ઓળખ હોય તે તેના ન્યાયની પ્રણાલિકા ઉપર હોય છે. તેના ધારાકીય સત્તાઓ ઉપર હોય છે અને તેના કાયદા ઉપર હોય છે અને એટલા માટે બ્રિટિશકાલીન કાયદાને બદલીને ગુજરાતે એક આગવી પ્રણાલિકા, આગવો કાયદો કેવો હોઈ શકે તેની જે દિશા બતાવી છે અને એટલા માટે આ સરકારે નક્કી કર્યુ છે કે ગુજરાતની અંદર મુંબઈના નામના કાયદાઓ હશે અને આવતા સત્ર સુધીમાં લાવીને બદલી નાખવાના છીએ.

બ્રિટીશ કાલીન અનેક એવા કાયદાઓ છે જેની અસરકારક જરૂર હશે તો બદલીશું નહીંતર એ રદ કરીશું એવું એક અભિયાન તરીકે લેવાયું છે. આ વિધેયકના કારણે આ વિધેયકમાં જે વિશિષ્ટતાઓ છે કે અત્યારે રાજયમાં જે ન્યાયિક અધિકારીઓ છે એ ડિસ્ટ્રિક્ટ જજ, એડિશનલ ડિસ્ટ્રિકટ જજ, જોઈન્ટ ડિસ્ટ્રિકટ જજ, આસિસ્ટન્ટ ડિસ્ટ્રિકટ જજ, સિવિલ જજ (સિનિયર ડિવિઝન), સિવિલ જજ (જુનિયર ડિવિઝન) આમ પાંચ તબકકામાં એ પાંચ સ્તરીય છે અને આ ઉપરાંત સ્મોલ કોઝ કોર્ટ પણ છે, આ બધા જ જજો માટે સામાન્ય માણસ માટે બહુ મૂંઝવણ થાય છે કે કઈ કોર્ટમાં કેવી રીતે અને કયારે જવું, એના માટે એ મૂઝવણભર્યો સવાલ ઉભો થાય છે અને એટલા માટે શેઠી કમિશનની કેન્દ્ર સરકારે રચના કરી હતી અને શેઠી કમિશને જયુડિશિયલ તંત્રમાં કેટલીક મૂળભૂત એકસૂત્રતા લાવવા માટે ભલામણ કરી અને એ ભલામણને સર્વોચ્ચ અદાલતે પણ બહાલી આપી છે એટલું જ નહીં, પરંતુ સર્વોચ્ચ અદાલતના માનનીય ન્યાયમૂર્તિ શ્રી રમેશચંદ્ર લાહોરીએ એમ કહયું હતું કે આ ૨૦૦૫ નું વર્ષ છે એ વર્ષને ન્યાય ક્ષેત્રનું શ્રેષ્ઠત્તમ વર્ષ તરીકે આપણે ઉજવવું છે અને એ ન્યાય ક્ષેત્રના શ્રેષ્ઠત્તમ વર્ષ તરીકે ઉજવવાનું હોય તો એની સાથે સાથે ગુજરાતે પણ આને ન્યાયતંત્રના શ્રેષ્ઠત્તમ વર્ષ તરીકે ઉજવવાનો નિણય કર્યો છે અને એના માટે ન્યાયતંત્રતએ જરૂરી કાયદાના

* વિધેયક તા.૧૧મી માર્ચ, ૨૦૦૫ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

સુધારા આ શેઠી કમિશનની ભલામણ નીચે કર્યા છે. એટલે આ વિધેયકમાં સૌથી પહેલાં ન્યાયની દિવાની કોર્ટની પાંચ સ્તરીય પધ્ધિત હતી એના બદલે ત્રણ સ્તરીય કરીએ છીએ અને એટલે જિલ્લા અદાલતો, સિનિયર સિવિલ જજ અને સિવિલ જજ વિષયક અદાલતોનું કામકાજ ઘટશે અને એના કારણે જે આ કાયદામાં વિશિષ્ટતાઓ છે એને હું નીચે રીતે કહું તો આ રીતે છે કે એક તો જુદા જુદા નામાભિદાન ધરાવતા ન્યાયિક અધિકારીના સ્થાને એક સમાન નામવાળા ન્યાયધીશ હવે સમગ્ર દેશમાં રહેશે. શેઠી કમિશનની ભલામણોનો એમાં અમલ કરવામાં આવ્યો છે. સાચા વિધેયકના મુસદ્દો એમાં ગુજરાતની હાઈકોર્ટનો સહકાર મળ્યો છે અને એના ઉપરથી જરૂરી સુધારા વધારા સાથે આ વિધેયક અત્યારે પ્રસ્તુત કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, વિધેયકની કલમ ૩ થી રાજયની દિવાની અદાલતો ત્રપ સ્તરીય રહેશે. એક જિલ્લા અદાલત, સિનિયર દિવાની જજ અદાલત અને દિવાની જજની અદાલત એમ ત્રણ  પ્રકાર રહેશે. આ વિધેયકની જોગવાઈથી રાજય સરકારે  હાઈકોર્ટ સાથે પરામર્શ કરીને દરેક જિલ્લામાં જિલ્લા અદાલત, સિનિયર દિવાની જજની અદાલત અને દિવાની કોર્ટની સ્થાપના કરી શકશે. આ ત્રણ સ્તરીય અદાલતના અધ્યક્ષપદે પણ અનુક્રમે મુખ્ય જિલ્લા ન્યાયાધીશ, મુખ્ય સિનિયર દિવાની જજ  અને મુખ્ય દિવાની જજ રહેશે. ત્રણ સ્તરીય એ અદાલતોમાં સરકાર હાઈકોર્ટ સાથે પરામર્શ કરીને એડિશનલ જજની નિમણૂક કરી શકશે અને તેમના કામની ફાળવણી જે તે સ્તરની અદાલતના મુખ્ય જજ કરશે. એ જોગવાઈ વિધેયકની કલમ ૪, ૫ અને ૬ માં કરેલી છે. ત્રણ સ્તરીય અદાલતોમાં જે એડિશનલ જજની નિમણૂક કરવાની છે તે યોગ્ય લાયકાતવાળા, ગુણવત્તા ધરાવતા જજને જે તે જગ્યાએ નીમવામાં આવશે એ આ વિધેયકમાં સુનિશ્ચિત કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે હાઈકોર્ટના પરામર્શમાં રહીને આ વિધેયકમાં દર્શાવવામાં આવેલ દિવાની અદાલતની સ્થાનિક હકુમતો નકકી કરશે અને જરૂર પડશે તો તેમાં ફેરફાર કરશે. વિધેયકની જોગવાઈ અનુસાર દિવાની કોર્ટની હકુમતો વિષય વસ્તુનું મૂલ્ય ૨ લાખથી વધુ ન હોય તેટલી રહેશે જયારે સિનિયર સિવિલ જજની નાણાકીય હકુમતો અમર્યાદિત રહેશે, પરંતુ વિષય વસ્તુનું મૂલ્ય ૫ લાખથી ઓછું હશે તો તેમના ચુકાદા સામે ડિસ્ટ્રિકટ કોર્ટમાં અપીલ કરી શકશે જયારે બીજા કેસમાં હાઈકોર્ટમાં અપીલ થશે જેના કારણે હાઈકોર્ટનું ભારણ ઓછું થશે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્મોલ કોઝ કોર્ટના પાવર્સ હાઈકોર્ટના નોટિફિકેશનથી  સિનિયર દિવાની જજ અથવા દિવાની જજને આપી શકાય એવી કલમ ૧૭ માં જોગવાઈ છે. વિધેયકની કલમ ૧૮ મુજબ જે જજને કોઈ કેસમાં અંગત હિત સંકળાયેલું હોય  અને તે તેના પક્ષકાર તરીકે હોય તે જજ આવો દાવો કે અપીલ ચલાવી શકશે નહીં. આ વિધેયકની સૌથી મહત્વની અને ગુજરાતની પ્રજા અને દેશની પ્રજા માટે સૌથી વધારે કારણ કે ઘણા બધા કેસો પડતર છે.

આપણા રાજયના મુખ્ય મંત્રીશ્રી, જયારે ચીફ જસ્ટીસ અને ચીફ મિનિસ્ટરની કોન્ફરન્સમાં ગયા ત્યારે ખૂબ સરસ સૂચન હિંમતપૂર્વક કર્યુ હતું અને તે સૂચનનો અમલ પણ અમે આ કાયદામાં કરવાનો પ્રયત્ન કર્યો છે. આ વિધેયકમાં મહત્વની જોગવાઈ એ છે કે હવે દીવાની અદાલતોમાં કુલ ૩૦ દિવસથી વધુ વેકેશન રાખી શકાશે નહીં. જે કોઈ કેસમાં સરકાર પક્ષકાર હોય તેના દાવા સિનિયર ડિવિઝન જજથી નીચેની કોર્ટોની અદાલતોમાં ચલાવી શકાશે નહીં એવી જોગવાઈ પણ કરવામાં આવી છે. આ વિધેયકની મહત્વની જોગવાઈ એ છે કે હાઈકોર્ટ દરેક જિલ્લા માટે પરામર્શ સમિતિની રચના કરશે અને આવી પરામર્શ સમિતિ કોર્ટોની માળખાકીય સુવિધાઓ, કોર્ટોનું વર્ક કલ્ચર વધારવાનું અને બાર અને બેન્ચ વચ્ચે અને અન્ય સત્તા મંડળો વચ્ચે યોગ્ય સેતુ, સંકલન કરવા માટેના સૂચનો અંગેનો પરામર્શ કરશે. ૧૩૬ વર્ષ પછી બ્રિટીશ કાળના કાયદામાં લોકશાહીનું તત્વ નહોતું તે ગુજરાતના દિવાની કોર્ટના આ કાયદામાં આ રીતે મૂકવાનો પ્રયાસ કર્યો છે. અને આ પ્રકારનું વિધેયક લાવવામાં સમગ્ર દેશમાં ગુજરાત પહેલું રાજય છે. અને તે વિધેયક પાસ કરવા માટે હું સૌ સભ્યોને વિનંતી કરું છું.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાયદા મંત્રીશ્રી જે વિધેયક લઈને આવ્યા છે એને મારો ટેકો આપું છું અને મારા મંતવ્યો રજૂ કરું છું.

સૌ પ્રથમ તો કાયદા મંત્રીશ્રી અશોકભાઈને મારે અભિનંદન આપવાં છે કે મુંબઈ રાજયના વર્ષો પુરાણા બ્રિટીશ શાસનના કાયદાઓને ગુજરાતના નામના કરવાનું અભિયાન શરૂ કર્યુ છે, આ સભાગૃહમાં પણ વખતો વખત લાગણી હતી કે ગુજરાતની સ્થાપનાને આટલા વર્ષો થયા છતાં પણ મુંબઈ રાજયના કાયદા આપણા ગુજરાતમાં ચાલુ રહે તે ઈચ્છનીય નથી. શેઠ્ઠી કમિશનની ભલામણોને સુપ્રિમ કોર્ટે પણ માન્યતા આપી છે તે જોતાં ન્યાયધીશો સમગ્ર દેશના ન્યાયતંત્રમાં કામ કરતાં ન્યાયીક અધિકારીઓ અને એમની કોર્ટોનું નામકરણ એકસરખું હોય તેવી ભલામણ શેઠ્ઠી કમિશને કરી છે. જેથી ગુંચવણો અને ગેરસમજો ઓછી થાય. એવા સંજોગોમાં માનનીય મંત્રીશ્રી જે વિધેયક લઈને આવ્યા છે ત્યારે આ સમગ્ર દેશમાં રેશનલ મોડિફિકેશન કરવાની જરૂર છે ત્યારે આ કાયદો ખરેખર યોગ્ય સમયે ગુજરાતમાં આવ્યો છે તે અભિનંદનને પાત્ર છે. માનનીય મંત્રીશ્રીએ તો તે અંગે વાત કરી છે, પરંતુ એમાં ઉંડાણમાં બે ત્રણ કલમો છે જેનાથી ગુજરાતની જનતા અને

ગુજરાતના વકીલોને જે ફાયદો થવાનો છે અને પક્ષકારોને જે ફાયદો થવાનો છે તે અંગે હું ધ્યાન દોરવા માગું છું. કલમ ૧૪ માં હકુમતમાં ફેરફાર કરીને દિવાની કોર્ટોને એક લાખ રૂપિયાની સત્તા હતી તેમાં વધારો કરી અને બે લાખ રૂપિયાની સત્તા કરી છે એટલે એક લાખનો વધારો કર્યો છે તેના કારણે એક લાખ રૂપિયાની મર્યાદા વધી છે તેથી વકીલોને પણ ફાયદો થશે અને પક્ષકારોને પણ ફાયદો થશે. એ જ રીતે કલમ ૧૫ માં પેટા કલમ (૨) (ક) એમાં પાંચ લાખ સુધીના મૂલ્યના દાવાઓની કાર્યવાહી જિલ્લા કોર્ટમાં કરવાની જોગવાઈ કરવામાં આવી છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે. અત્યાર સુધી હાઈકોર્ટમાં જવું પડતું હતુ અને હવે હાઈકોર્ટનું પણ ભારણ આનાથી ઓછું થશે. અને જિલ્લા કોર્ટમાં અપિલ થવાનો આ સુધારો કર્યો છે તે પણ આવકાર દાયક છે. એ જ રીતે અત્યાર સુધી સમગ્ર રાજયની કોર્ટોમાં ૫૦ દિવસનું વેકેશન ચાલતું હતું તેમાં પણ જયારે શેઠ્ઠી કમિશનના પગારો પણ ગુજરાતે આવકાર્યા હોય અને ન્યાયાધીશોના પગાર વધાર્યા હોય ત્યારે તેમની પાસેથી જે કામ લેવાનું છે એમાં પણ વીસ દિવસના સમયનો વધારો આ વિધેયકથી કરવામાં આવ્યો છે તેથી કામમાં પણ ગતિ આવશે. તેથી હું આ વિધેયકને આવકારું છું.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયકને જે રીતે પ્રાગજીભાઈએ આવકાર્યુ છે અને બાકીના સભ્યશ્રીઓએ પણ પોતાના સ્થાન ઉપર બેસીને આવકાર આપ્યો છે તે સૌનો હું આભાર માનું છું. અને ગુજરાત પોતાની ઓળખ સમગ્ર દેશમાં બતાવી રહ્યું છે તેના માટે આ વિધાનસભા ગૃહ પોતે ગૌરવ અનુભવે છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૨૬-સન ૨૦૦૫નું ગુજરાત દીવાની કોર્ટ વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૩૧, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૨૬-સન ૨૦૦૫નું ગુજરાત દીવાની કોર્ટ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી .** : સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૨૬-સન ૨૦૦૫નું ગુજરાત દીવાની કોર્ટ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તેને પસાર કરવામાં આવે છે.

## બિન સરકારી સંકલ્પો

### ભૂકંપની કામગીરી દરમ્યાન થયેલ ગેરરીતિની તપાસ અંગે

**સચિવશ્રી:** માનનીય સભ્યશ્રી શિવજીભાઈ આહીર. (થોડીવાર બાદ) માનનીય સભ્યશ્રી ગેરહાજર

### બોગસ પ્રમાણપત્રોની ચકાસણી અંગે

**સચિવશ્રી:** માનનીય સભ્યશ્રી ડો.ચંદ્રિકાબેન ચૂડાસમા. (થોડીવાર બાદ) માનનીય સભ્યશ્રી ગેરહાજર

છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)

### આદિજાતિઓના વિકાસ માટે બજેટમાં કરવામાં આવેલ જોગવાઈનો પૂરેપૂરા ઉપયોગનું નકકર આયોજન કરવા અંગે

**સચિવશ્રી:** માનનીય સભ્યશ્રી માધુભાઈ ભોયે. (થોડીવાર બાદ) માનનીય સભ્યશ્રી ગેરહાજર

# અતારાંકિત પ્રશ્નો - નિયમ ૮૭(ક) અન્વયે સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નોની

**સચિવશ્રી :** માનનીય અધ્યક્ષશ્રી, હું જેના લેખિત જવાબો આ સત્ર દરમિયાન મળ્યા છે પરંતુ સમયના અભાવે સભ્યશ્રીઓને મોકલી શકાયા નથી તેવા ૧૪૧ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો ગુજરાત વિધાનસભાના
નિયમોના નિયમ ૮૭(અ) અન્વયે સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

**ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૭(ક) અન્વયે તા.૧૭મી માર્ચ, ૨૦૦૫ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવેલ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોની યાદી**

| ક્રમ | સભ્યશ્રીનું નામ | પ્રશ્ન ક્રમાંક |
|---|---|---|
| ૧. | શ્રી અમિત ચાવડા | ૨૯૩૧, ૨૯૩૩, ૨૯૩૫, ૨૯૭૭ |
| ૨. | શ્રી કાન્તિભાઇ તડવી | ૩૨૩૫, ૩૨૪૦ |
| ૩. | શ્રી ગોપાલભાઇ ધુઆ | ૨૯૧૦, ૨૯૧૩, ૨૯૧૪, ૩૦૫૫, ૩૦૫૭ |
| ૪. | શ્રી ગોવિંદભાઇ પરમાર | ૩૨૪૧, ૩૨૯૯ |
| ૫. | શ્રી છોટુભાઇ વસાવા | ૩૦૬૨, ૩૦૭૧ |
| ૬. | શ્રી છબીલભાઇ પટેલ | ૩૦૭૪, ૩૦૭૫, ૩૦૭૬, ૩૦૮૨, ૩૦૮૪, ૩૦૮૫, ૩૦૮૬, ૩૦૮૭, ૩૦૮૮, ૩૦૮૯, ૩૦૯૦, ૩૦૯૨, ૩૧૦૦, ૩૧૦૩, ૩૧૦૪, ૩૧૦૬, ૩૧૧૫, ૩૧૧૭, ૩૧૧૯, ૩૧૨૨, ૩૧૨૪, ૩૧૨૫, ૩૧૩૭, ૩૧૩૯, ૩૧૪૪, ૩૧૪૫, ૩૧૪૬, ૩૧૪૯, ૩૧૫૦, ૩૧૫૬, ૩૧૫૭, ૩૧૫૮, ૩૧૬૦, ૩૧૬૨, ૩૧૬૭, ૩૧૬૯, ૩૧૭૨, ૩૧૭૩, ૩૧૭૪, ૩૧૮૨, ૩૧૮૪, ૩૧૮૫, ૩૧૮૭, ૩૧૮૮, ૩૧૯૦, ૩૧૯૧, ૩૧૯૩, ૩૧૯૫, ૩૧૯૬, ૩૨૦૧, ૩૨૦૩, ૩૨૦૫, ૩૨૦૯, ૩૨૧૧, ૩૨૧૩, ૩૨૧૫, ૩૨૧૬, ૩૨૨૦, ૩૨૨૧, ૩૨૨૨, ૩૨૩૮ |
| ૭. | શ્રી જગદીશ ઠાકોર | ૨૩૯૧, ૨૫૩૪, ૨૫૩૯ |
| ૮. | શ્રી જ્યંતિલાલ કવાડીયા | ૨૧૪૨, ૨૧૮૪, ૩૧૮૭ |
| ૯. | ડૉ.જીતેન્દ્ર પટેલ | ૩૨૮૮ |
| ૧૦. | શ્રી દોલતભાઇ પરમાર | ૩૨૬૩ |
| ૧૧. | ડૉ.દિનેશ પરમાર | ૨૩૨૦, ૨૩૨૮, ૨૪૭૮ |
| ૧૨. | શ્રી ધીરૂભાઇ ગજેરા | ૩૨૫૪ |
| ૧૩. | શ્રી ધનસુખભાઇ પટેલ | ૩૨૩૯ |
| ૧૪. | શ્રી નારાયણભાઇ પટેલ | ૩૨૩૨ |
| ૧૫. | શ્રી બળવંતસિંહ રાજપૂત | ૨૬૫૩, ૨૬૬૧, ૨૬૬૨, ૨૭૫૫, ૨૭૬૦, ૨૯૮૨, ૨૯૮૫, ૨૯૮૭, ૨૯૯૦, ૨૯૯૨, ૨૯૯૪, ૨૯૯૭, ૨૯૯૮, ૨૯૯૯, ૩૦૦૧, ૩૦૦૨ |
| ૧૬. | શ્રી ભાવિન શેઠ | ૩૨૪૬ |
| ૧૭. | શ્રી ભવાનભાઇ ભરવાડ | ૩૦૨૦, ૩૦૨૨, ૩૦૨૩, ૩૦૩૦, ૩૦૩૩, ૩૦૬૩, ૩૦૬૬ |
| ૧૮. | શ્રીમતી ભારતીબેન પટેલ | ૨૫૦૬, ૨૯૦૧, ૨૯૦૪ |
| ૧૯. | શ્રી મોહમંદ ફારૂક શેખ | ૨૮૪૧, ૨૮૬૭, ૨૮૬૯, ૨૮૭૦ |
| ૨૦. | શ્રી માધુભાઇ ભોયે | ૩૨૬૬ |
| ૨૧. | શ્રી મહેન્દ્ર મશરૂ | ૨૯૪૪, ૨૯૪૬, ૨૯૪૯, ૨૯૫૫ |
| ૨૨. | શ્રી રાકેશ રાવ | ૩૨૭૧ |
| ૨૩. | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર | ૩૨૫૩ |

| | | |
|---|---|---|
| ૨૪. | શ્રી વેચાતભાઇ બારીયા | ૨૯૬૬, ૨૯૭૦, ૨૯૭૬, ૩૦૦૭ |
| ૨૫. | શ્રી શિવજીભાઇ આહીર | ૨૬૮૩, ૨૮૮૯, ૨૮૯૦, ૨૮૯૩, ૨૯૧૯, ૩૦૪૭, ૩૦૪૯ |
| ૨૬. | શ્રી સિધ્ધાર્થ પરમાર | ૨૭૩૯, ૨૭૯૧ |

-----------

## જી-૧ થી જી-૫ કેટેગરીના ભૂકંપગ્રસ્તોને ચૂકવવાની બાકી સહાય

અતારાંકિત : ૨૭૫૫ (૨૫-૧૦-૦૪) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં ક્યા ક્યા ભૂકંપગ્રસ્ત જિલ્લાઓમાંના જી-૧ થી જી-૫ સુધી કેટેગરીવાળા કેટલા લાભાર્થીઓને મકાન સહાય, દુકાન સહાય અને નાના-મોટા ઉદ્યોગોને સહાય આપવાની થતી હતી,

(૨) આમાંથી તા.૧લી સપ્ટેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ કેટલાને આ સહાયો કેટલી રકમની ચૂકવવાની બાકી છે,

(૩) રાજ્ય સરકાર દ્વારા આ ક્યારે આપવાનું આયોજન છે, અને

(૪) તા.૧-૯-૨૦૦૪ની સ્થિતિએ ક્યા ક્યા ગામમાં લાભાર્થીઓને સહાય ચૂકવવાની બાકી છે?

**મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) (૧૦-૩-૦૫) :

(૧) (અ) મકાન સહાય : માહિતી પત્રક-"ક" મુજબ સામેલ છે.

(બ) ૧ - દુકાન સહાય :
૨ - નાના/મોટા ઉદ્યોગ : માહિતી પત્રક-"ડ" મુજબ સામેલ છે.
૩ - કુટિર ઉદ્યોગ :
૪ - પ્રવાસન ઉદ્યોગ :

(૨) (અ) મકાન સહાય : કુલ ૨૦,૦૪૯ લાભાર્થી બાકી (ઓનર ડ્રીવન પ્રોગ્રામ હોઇ રકમ અંદાજી શકાય નહીં)

(બ)

| | | એકમોની સંખ્યા | સહાય ચૂકવવાની બાકી |
|---|---|---|---|
| **૧ - દુકાન સહાય** | : | **૭** | **૪.૮૦ લાખ** |
| **૨ - નાના/મોટા ઉદ્યોગ** | : | **૧૮૩** | **૩૨૯.૭૪ લાખ** |
| **૩ - કુટિર ઉદ્યોગ** | : | **૫૪૩** | **૫૦૫.૭૯ લાખ** |
| **૪ - પ્રવાસન ઉદ્યોગ** | : | **૪૧** | **૩૩૦.૧૪ લાખ** |

(૩) (અ) મકાન સહાય માટે : સરકારશ્રીના હાઉસીંગ પેકેજમાં મકાનો લાભાર્થી દ્વારા બનાવવાના હોઇ તેઓ જ્યારે મકાનો પૂર્ણ કરાવે ત્યારે ચૂકવવાના છે.

(બ) દુકાન, નાના/મોટા ઉદ્યોગો, કુટિર ઉદ્યોગ, પ્રવાસન ઉદ્યોગ માટે : રાજ્ય સરકાર દ્વારા હાલના તબક્કે ભૂકંપ સહાયની ચૂકવણી તબક્કાવાર કરવામાં આવી રહેલ છે. કામની પ્રગતિ જોઇ ચૂકવણું કરવામાં આવશે.

(૪) : તા.૧-૯-૨૦૦૪ની સ્થિતિએ નીચે દર્શાવેલ પત્રકોમાં દર્શાવેલ ગામોમાં લાભાર્થીઓને સહાય ચૂકવવાની બાકી છે.

(અ) મકાન સહાય : પરિશિષ્ટ-બ સામેલ છે.

(બ) દુકાન, નાના/મોટા ઉદ્યોગો, કુટિર ઉદ્યોગ, પ્રવાસન ઉદ્યોગ માટે : * પરિશિષ્ટ-અ સામેલ છે.

(* પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

------------

## અંબાજી મંદિરમાંથી ગ્રંથો લાંબા સમયથી ગુમ થવા અંગે

અતારાંકિત:૩૦૫૭ (૨૦-૧-૦૫) **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) અંબાજી મંદિરમાંથી વહીવટદારોની બેદરકારીને કારણે કેટલાક અલભ્ય ગ્રંથો લાંબા સમયથી ગુમ થયા છે તે હકીકત સાચી છે,
(૨) જો હા, તો આ ગ્રંથો કોને સોંપવામાં આવ્યા હતા, તેની પાસેથી પરત ન લેવાના શાં કારણો છે,
(૩) વહીવટદારોને શી શિક્ષા થઇ છે, અને
(૪) અલભ્ય ગ્રંથો ક્યાં સુધીમાં પરત મેળવાશે ?

**યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (૧૪-૩-૦૫) :

(૧) ગ્રંથો ગુમ થયાની હકીકત સાચી નથી.
(૨) ગ્રંથો ગુમ થયેલ નથી. પરંતુ "મા અંબા" ટીવી સિરીયલ બનાવવા માટે શ્રી રામાનંદ સાગરને તા.૨૯-૦૫-૮૯ના રોજ સંસ્કૃત પાઠશાળામાંથી કુલ પાંચ ગ્રંથો આપવામાં આવેલ હતા. તેમાંથી એક સિવાયના તમામ પરત આવી ગયેલ છે.
(૩) અને (૪) : બાકી રહેલ એક ગ્રંથ પરત મેળવવાના પ્રયત્નો ચાલુ છે.

------------

## બેકલોગ કારકુનોની ભરતી બાબત

અતારાંકિત : ૩૦૬૩ (૨૭-૧-૦૫) **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

(૧) પછાતવર્ગ, અનુ.જાતિ તથા અનુસૂચિત જનજાતિના કારકુનોની બેકલોગ ભરવા માટે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા છેલ્લે ક્યારે સ્પર્ધાત્મક પરીક્ષા લીધી હતી,
(૨) તેનું રીઝલ્ટ ક્યારે બહાર પડાયું હતું,
(૩) આમાથી અન્ય પછાતવર્ગ અનુ.જાતિ તથા જનજાતિના વર્ગવાર કેટલાને નોકરી અપાઇ છે,
(૪) અન્યને નોકરી નહિ આપવાના શા કારણો છે, અને
(૫) બાકી રહેલાને ક્યાં સુધીમાં નિમણૂંક આપવાનું આયોજન છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) (૫-૩-૦૫) :

(૧) તા.૮-૮-૧૯૯૯ના રોજ.
(૨) તા.૩૧-૧-૨૦૦૦ અને તા.૩૧-૫-૨૦૦૦ના જાહેરનામાથી.
(૩)

| | | | | |
|---|---|---|---|---|
| (અ) | સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ | - | ૧૨૩ | |
| (બ) | અનુ.જાતિ | - | ૦૬ | |
| (ક) | અનુ.જનજાતિ | - | ૧૧૫ | |
| | | **કુલ** | **: ૨૪૪** | ઉમેદવારોની મંડળે ફાળવણી કરી. |

(૪) અનામતના બેકલોગની જગ્યા ઉપલબ્ધ ન હોવાથી.
(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## કચ્છ જિલ્લા કલેકટર કચેરીમાં નાગરિક અધિકાર પત્રની પેન્ડીંગ અરજીઓ અંગે

અતારાંકિત : ૩૦૮૮ (૨૭-૧-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લાની કલેકટર કચેરીમાં નાગરિક અધિકાર પત્ર અન્વયે કુલ કેટલી અરજીઓ તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મળી,
(૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ થયો છે, અને
(૩) કેટલી અરજીઓ પેન્ડીંગ છે અને તેના કારણો શા શા છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) (૨૧-૨-૦૫) :

(૧) કચ્છ જિલ્લાની કલેકટર કચેરીમાં નાગરિક અધિકાર પત્ર અન્વયે કુલ ૧૦૦૯૮૭ અરજીઓ છેલ્લા ત્રણ વર્ષમાં મળી.
(૨) તે પૈકી ૧૦૦૮૧૦ અરજીઓનો નિકાલ થયેલ છે અને
(૩) ૧૮૬ અરજીઓ પેન્ડિંગ રહેલ છે. જે તાલુકા કક્ષાએ બાકીમાં છે.

(૧) મોટાભાગની અરજીઓ ડિસેમ્બર-૦૪માં રજૂ થયેલ છે.
(૨) તપાસ માટે અને વહીવટી કારણસર પડતર રહેલ છે.

------------

**કચ્છ જિલ્લાના તીર્થો/ધાર્મિક સ્થળોને પવિત્ર યાત્રાધામમાં સમાવેશ કરવા અંગે**

અતારાંકિત : ૩૦૯૦ (૨૦-૧-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) પવિત્ર યાત્રાધામ હેઠળ કચ્છ જિલ્લામાં ડીસેમ્બર-૨૦૦૪ સુધીમાં ક્યા ક્યા તીર્થો કે ધાર્મિક સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યો છે,
(૨) ક્યા ક્યા સ્થળની દરખાસ્ત વિચારણા હેઠળ છે, અને
(૩) ક્યાં સુધી સમાવેશ કરવા વિચારણા છે ?

**યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (૨૩-૨-૦૫) :

(૧) કચ્છ જિલ્લામાં ડીસેમ્બર-૨૦૦૪ સુધીમાં કોઇ પણ તીર્થો કે ધાર્મિક સ્થળોનો પવિત્ર યાત્રાધામ તરીકે સમાવેશ કરવામાં આવેલ નથી.
(૨) કચ્છ જિલ્લામાં આવેલ શ્રી નારાયણ સરોવર તથા શ્રી કોટેશ્વર તીર્થ સ્થાનોનો પવિત્ર યાત્રાધામમાં સમાવેશ કરવાની દરખાસ્ત વિચારણા માટે મળેલ છે.
(૩) સરકારશ્રી દ્વારા જાહેર કરવામાં આવેલ છ પવિત્ર યાત્રાધામોનો સંપૂર્ણ વિકાસ થયા બાદ વિચારણા કરવામાં આવશે.

------------

**નાગરિક અધિકાર પત્રના નિકાલની સમય મર્યાદાનો ભંગ**

અતારાંકિત : ૩૨૪૧ (૫-૨-૦૫) **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર (તલાલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

(૧) સરકારે દરેક સરકારી ઓફિસમાં નાગરિક અધિકાર પત્ર મુજબ કામનો નિકાલ કરવાની સમય મર્યાદા નક્કી કરેલ છે, તે અંગે કેટલાક ખાતાઓએ નાગરિક અધિકાર પત્રનો ભંગ કરેલ છે, તે સરકારની જાણમાં છે કે કેમ,
(૨) જો હા, તો તેની અમલવારી કરવા માટે સરકારે શું આયોજન કરેલ છે, અને
(૩) અમલવારી નહી કરતા સરકારી ખાતાઓની જવાબદારી નક્કી કરેલ છે કે કેમ ?

**મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) (૧૧-૩-૦૫) :

(૧) નાગરિક અધિકાર પત્ર અન્વયે કામના નિકાલની સમય મર્યાદાના ભંગની કોઇ બાબત ધ્યાનમાં આવી નથી.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**રાજ્યની સહકારી બેંકોને અપાયેલ ગ્રેડ**

અતારાંકિત : ૩૦૪૭ (૧૨-૧-૦૫) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ): માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યની જિલ્લાવાર સહકારી બેંકોના ઓડીટ પછી ઓડીટરોએ બેંકોને સપ્ટેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ ગ્રેડ આપ્યા છે તે હકીકત સાચી છે,
(૨) જો હા, તો જિલ્લાવાર કઇ કઇ સહકારી બેંકોને ક્યા ક્યા ગ્રેડ અપાયા છે, અને
(૩) સહકારી બેંકના બોર્ડ તથા સાહિત્ય ઉપર આવા અપાયેલા ગ્રેડ લખવા સરકારે કોઇ આદેશ આપ્યો છે કે કેમ ?

**સહકાર મંત્રીશ્રી** (૨૧-૨-૦૫) :

(૧) ના, જી.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## કૃષિ પાકો અને જીવ સૃષ્ટિને વિનાશક અસર ધરાવતું ગાજર ઘાસનો નાશ કરવા અંગે

અતારાંકિત : ૩૦૫૫ (૨૦-૧-૦૫) **શ્રી ગોપાલભાઈ ગા. ઘુઆ (મુંદ્રા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કૃષિ પાકો તથા જીવ સૃષ્ટિને ભારે વિનાશક અસર ધરાવતું ગાજર ઘારા (પાર્થેનિયમ હોસ્ટેરોફોરસ) પંચમહાલ અને અમરેલી જિલ્લાઓમાં ઉગી ગયું છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ગાજર ઘાસનો નાશ કરવા, તેને કાયમી નિયંત્રણમાં લેવા ખેતીવાડી ખાતા તરફથી શાં સઘન પગલાં લેવાયા છે, અને

(૩) આ જવાબદારી કોને સોંપાઇ છે ?

**કૃષિ મંત્રીશ્રી** (૧૮-૨-૦૫) :

(૧) હા, જી.

(૨) ભારત સરકારશ્રી અને કૃષિ યુનિવર્સિટી દ્વારા આ ઘાસને ફેલાતુ અટકાવવા માટેની ભલામણો મળેલ છે. જે રાજ્યની તમામ જિલ્લા પંચાયતોના જિલ્લા ખેતીવાડી અધિકારીઓને મોકલી બહોળો પ્રચાર/પ્રસાર કરવા જણાવવામાં આવેલ છે. અને આ અંગે દૈનિક પત્રોમાં પ્રેસનોંધ પણ આપાવમાં આવેલ છે. વિસ્તરણ તંત્ર દ્વારા ભરાતી ખેડૂત સભાઓ અને ખેડૂત શિબિરોમાં પણ ખેડૂતોને આ અંગે પૂરતું માર્ગદર્શન આપવામાં આવેલ છે. તે પ્રમાણે ખેડૂતો ખેડાણ વિસ્તારમાંથી આ ઘાસને દૂર કરે છે અને ખેતી પાકોમાં ફેલાવો અટકે છે.

(૩) ખેતરમાં થતા આ ઘાસ માટે આ ખાતાના વિસ્તરણ તંત્ર મારફતે ખેડૂતોને માર્ગદર્શન આપાવમાં આવે છે. જ્યારે ગૌચર અને પડતર જમીનોમાં જંગલખાતુ, સ્વૈચ્છિક સંસ્થાઓ, યુવક મંડળો, સહકારી સંસ્થાઓ, ગ્રામજનો, ગ્રામ પંચાયતો, નગર પંચાયતો વગેરેએ સાથે મળી તથા લોકોને જાતે આ ઘાસને દૂર કરવા જન જાગૃતિ અભિયાન ધરી નિયંત્રણ કરવાના પ્રયત્નો કરવા જોઇએ.

------------

## કચ્છ જિલ્લાની અનુસૂચિત જનજાતિની મજૂર કામદાર સહકારી મંડળીઓને વિશેષ લાભો મળતા બંધ થવા બાબત

અતારાંકિત : ૩૧૧૫ (૨૪-૧-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી): માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કચ્છ જિલ્લાની અનુસૂચિત જનજાતિની મજૂર કામદાર મંડળીઓને કચ્છ જિલ્લામાંથી કોળી, પારાઘી અને દેવીપૂજક જાતિઓને અનુસૂચિત જનજાતિમાંથી બાકાત કરવામાં આવતા વિશેષ લાભ આપાવમાં આવતો નથી તે વાત સાચી છે,

(૨) જો હા, તો તેના કારણો શા શા છે,

(૩) આવી કઇ કઇ મજૂર મંડળીઓને કામ આપતા રોકવામાં આવે છે,

(૪) આ બાબતે સરકારે શાં પગલાં ભર્યા છે, અને

(૫) અગાઉથી નોંધણી થયેલ મંડળીઓને લાભ ન આપવાના કારણો શા છે ?

**સહકાર મંત્રીશ્રી** (૧૪-૩-૦૫) :

(૧) હા, જી.

(૨) સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા (આદિજાતિ વિકાસ) વિભાગના તા.૫-૯-૨૦૦૩ અને તા.૧૬-૭-૨૦૦૪ના ઠરાવથી કચ્છ જિલ્લામાં અનુસૂચિત જનજાતિઓમાંથી કોળી, પારાઘી અને વાઘરી જાતિઓને બાકાત કરવામાં આવતા તે તારીખ બાદ તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કચ્છ જિલ્લાની અનુસૂચિત જનજાતિની મજૂર કામદાર સહકારી મંડળીઓને વિશેષ લાભ આપવામાં આવતો નથી.

(૩) કોઇ રજૂઆત મળી નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## કચ્છ જિલ્લાના તાલુકામાં ભૂમિ સંરક્ષણના કામો

અતારાંકિત : ૩૧૧૯ (૨૪-૧-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લાના માંડવી, નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાઓમાં ગામવાર તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ વર્ષવાર ત્રણ વર્ષમાં ભૂમિ સંરક્ષણના કુલ કેટલા કામો કર્યા,
(૨) આ કામો પાછળ કુલ કેટલી રકમ વાપરવામાં આવેલી,
(૩) આ કામો ક્યા ક્યા હતા, અને
(૪) કોના મારફત અમલીકરણ કરવામાં આવ્યું ?

**કૃષિ મંત્રીશ્રી** (૧૬-૨-૦૫) :

(૧) છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લાના માંડવી, નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાઓમાં તા.૩૧-૧૨-૦૪ સુધીમાં ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ દ્વારા કરાયેલ ભૂમિ સંરક્ષણના કામોની માહિતી નીચે મુજબ છે.

| **કામગીરી** | **તાલુકા** | | | |
|---|---|---|---|---|
| | **માંડવી** | **નખત્રાણા** | **લખપત** | **અબડાસા** |
| લેવલીંગ હેકટર | - | ૧૬.૮૦ | ૫.૧૦ | ૧૯.૦૭ |
| ખેત તલાવડી સંખ્યા | - | ૯૮ | ૨૦ | ૨૧ |
| લુઝ બોલ્ડર્સ સ્ટ્રકચર સંખ્યા | - | ૩૫ | ૫૦ | - |
| વોટર હાર્વેસ્ટીંગ સ્ટ્રકચર સંખ્યા | ૩૦ | ૪૪ | ૪૮ | ૪૪ |
| ગામ તળાવ સંખ્યા | ૧ | ૩ | ૩ | ૬ |
| બાળ ચેતના કેન્દ્ર સંખ્યા | ૧ | - | - | ૨ |
| **કુલ હેકટર** | - | **૧૬.૮૦** | **૫.૧૦** | **૧૯.૦૭** |
| **સંખ્યા** | **૩૨** | **૧૮૦** | **૧૨૧** | **૭૩** |

ગામવાર/તાલુકાવાર/વર્ષવાર પત્રક સામેલ છે.

(૨) આ કામો પાછળ થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| **અ.નં.** | **તાલુકો** | **ખર્ચ (રૂપિયા લાખમાં)** |
|---|---|---|
| ૧. | માંડવી | રૂા. ૩૮.૦૯ |
| ૨. | નખત્રાણા | રૂા. ૫૩.૫૫ |
| ૩. | લખપત | રૂા. ૭૩.૦૨ |
| ૪. | અબડાસા | રૂા. ૯૫.૪૦ |
| | **કુલ :-** | **રૂા.૨૬૦.૦૬** |

(૩) આ ભૂમિ સંરક્ષણના કામો જેવાં કે, લેવલીંગ, લુઝ બોલ્ડર્સ, જળ સંચય માટે ખેત તલાવડી, ગામ તળાવ, ઉંડા કરવા તેમજ વોટર હાર્વેસ્ટીંગ સ્ટ્રકચર.
(૪) ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લી. દ્વારા અમલીકરણ કરવામાં આવેલ.

### પ ત્ર ક
### તાલુકાવાર, ગામવાર, વર્ષવાર હાથ ધરવામાં આવેલ કામો તેમજ તેની પાછળ થયેલ ખર્ચ અને કામગીરીના પ્રકારવાર માહિતી.

| અ.નં. | તાલુકો | ગામ | યોજનાનું નામ | કામગીરીનો પ્રકાર | ભૌતિક હેકટર/સંખ્યા | ખર્ચ રૂા.લાખમાં | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| **વર્ષ ૨૦૦૧-૨૦૦૨** | | | | | | | |
| ૧ | માંડવી | વેકરા | જિલ્લા વિ.કેન્દ્રીય યોજના | વો.હા.સ્ટ્ર. | ૧ | ૧.૪૮ | |
| ૨ | માંડવી | વેકરા | એસ.એલ.સી.૧૪, ને.વો.ડે.પ્રો. | વો.હા.સ્ટ્ર. | ૧ | ૦.૪૦ | |
| ૩ | માંડવી | મો.આસંબીયા | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | વો.હા.સ્ટ્ર. | ૨ | ૪.૯૭ | |
| ૪ | માંડવી | દરસડી | એસ.એલ.સી.૧૧, વો.હા.સ્ટ્ર. | વો.હા.સ્ટ્ર. | ૨ | ૧.૫૦ | |
| ૫ | માંડવી | વિંગડીયા | એસ.એલ.સી.૧૧, વો.હા.સ્ટ્ર. | વો.હા.સ્ટ્ર. | ૨ | ૧.૨૬ | |
| ૬ | માંડવી | રામપર | એસ.એલ.સી.૧૧, વો.હા.સ્ટ્ર. | વો.હા.સ્ટ્ર. | ૨ | ૧.૫૦ | |
| | | | | **કુલ :-** | **૧૦** | **૧૧.૧૧** | |
| **વર્ષ ૨૦૦૨-૨૦૦૩** | | | | | | | |
| ૧ | માંડવી | - | - | - | - | - | - |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **વર્ષ ૨૦૦૩-૨૦૦૪** | | | | | | | |
| ૧ | માંડવી | મો.આસંબીયા | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | વો.હા.સ્ટ્ર. | ૮ | ૧.૯૮ | |
| ૨ | માંડવી | વિંગડીયા | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | વો.હા.સ્ટ્ર. | ૪ | ૭.૧૧ | |
| ૩ | માંડવી | વિંગડીયા | એસ.એલ.સી.૧૨, ગામ તળાવ | ગામ તળાવ | ૧ | ૨.૦૦ | |
| ૪ | માંડવી | જામથળા | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | વો.હા.સ્ટ્ર. | ૩ | ૫.૪૩ | |
| ૫ | માંડવી | ગોણીયાસર | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | વો.હા.સ્ટ્ર. | ૨ | ૩.૯૫ | |
| ૬ | માંડવી | ઉનડી | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | વો.હા.સ્ટ્ર. | ૧ | ૧.૯૭ | |
| ૭ | માંડવી | હરાદી | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | વો.હા.સ્ટ્ર. | ૧ | ૧.૯૬ | |
| | | | | **કુલ :-** | **૨૦** | **૨૪.૪૦** | |
| **વર્ષ ૨૦૦૪-૨૦૦૫ : : (ડીસેમ્બર-૨૦૦૪ અંતિત)** | | | | | | | |
| ૧ | માંડવી | મસકા | એસ.એલ.સી.૧૪, ને.વો.ડે.પ્રો. | બા.ચે.કે. | ૧ | ૦.૬૮ | |
| ૨ | માંડવી | ગોણીયાસર | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | વો.હા.સ્ટ્ર. | ૧ | ૧.૯૦ | |
| | | | | **કુલ :-** | **૨** | **૨.૫૮** | |

## પ ત્ર ક

## તાલુકાવાર, ગામવાર, વર્ષવાર હાથ ધરવામાં આવેલ કામો તેમજ તેની પાછળ થયેલ ખર્ચ અને કામગીરીના પ્રકારવાર માહિતી.

| અ. નં. | તાલુકો | ગામ | યોજનાનું નામ | કામગીરીનો પ્રકાર | ભૌતિક હેકટર/સંખ્યા | ખર્ચ રૂ.લાખમાં | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| **વર્ષ ૨૦૦૧-૨૦૦૨** | | | | | | | |
| ૧ | નખત્રાણાં | અરલ મોટી | એસ.એલ.સી.૧૪, ને.વો.ડે.પ્રો. | લુઝ બોલ્ડર | ૩૫ | ૦.૪૨ | |
| ૨ | નખત્રાણાં | અરલ મોટી | આદિમ જૂથ | ખે.ત. | ૬ | ૧.૦૫ | |
| ૩ | નખત્રાણાં | જાડાય | એસ.એલ.સી.૧૧, વો.હા.સ્ટ્ર. | વો.હા.સ્ટ્ર. | ૩ | ૫.૧૧ | |
| ૪ | નખત્રાણાં | જાડાય | એસ.એલ.સી.૯, ખે.ત. | ખેત તલાવડી | ૨૦ | ૨.૦૨ | |
| ૫ | નખત્રાણાં | વ્યાર | એસ.એલ.સી.૧૧, વો.હા.સ્ટ્ર. | વો.હા.સ્ટ્ર. | ૧ | ૧.૮૦ | |
| ૬ | નખત્રાણાં | વ્યાર | એસ.એલ.સી.૯, ખે.ત. | વો.હા.સ્ટ્ર. | ૨૫ | ૨.૪૦ | |
| ૭ | નખત્રાણાં | મોટી વિરાણી | આદિમ જૂથ | ખેત તલાવડી | ૨ | ૦.૩૪ | |
| ૮ | નખત્રાણાં | મોટી વિરાણી | એસ.એલ.સી.૯, ખે.ત. | ખેત તલાવડી | ૧ | ૦.૧૦ | |
| ૯ | નખત્રાણાં | જતાવીરા | આદિમ જૂથ | ખેત તલાવડી | ૨ | ૦.૩૫ | |
| ૧૦ | નખત્રાણાં | રતડિયા | એસ.એલ.સી.૯, ખે.ત. | ખેત તલાવડી | ૫૨ | ૫.૨૭ | |
| ૧૧ | નખત્રાણાં | અમરા | એસ.એલ.સી.૯, ખે.ત. | ખેત તલાવડી | ૨ | ૦.૨૧ | |
| ૧૨ | નખત્રાણાં | વિગોડી | એસ.એલ.સી.૯, ખે.ત. | ખેત તલાવડી | ૨ | ૦.૨૧ | |
| | | | | **કુલ :-** | **૧૫૧** | **૧૯.૨૮** | |
| **વર્ષ ૨૦૦૨-૨૦૦૩** | | | | | | | |
| ૧ | નખત્રાણાં | - | - | - | - | - | - |
| **વર્ષ ૨૦૦૩-૨૦૦૪** | | | | | | | |
| ૧ | નખત્રાણાં | નાના નખત્રાણાં (બેરુ) | એસ.એલ.સી.૧, નોર્મલ | લે.લેવલીંગ | ૯.૪૦ | ૧.૧૩ | |
| ૨ | નખત્રાણાં | નાની ખોંભડી | એસ.એલ.સી.૧, નોર્મલ | લે.લેવલીંગ | ૭.૪૦ | ૦.૭૯ | |
| ૩ | નખત્રાણાં | નાની ખોંભડી | એસ.એલ.સી.૧૧, વો.હા.સ્ટ્ર. | ખેત તલાવડી | ૫ | ૦.૬૦ | |
| ૪ | નખત્રાણાં | મા.ટ.અરલ | એસ.એલ.સી.૧૧, વો.હા.સ્ટ્ર. | વો.હા.સ્ટ્ર. | ૪ | ૬.૨૫ | |
| ૫ | નખત્રાણાં | આણંદસર (યક્ષ) | અછત | ગામ તળાવ | ૧ | ૧.૯૦ | |
| ૬ | નખત્રાણાં | કોટડા (રોહા) | અછત | ગામ તળાવ | ૨ | ૩.૬૯ | |
| ૭ | નખત્રાણાં | સરલી | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | વો.હા.સ્ટ્ર. | ૨ | ૩.૯૯ | |
| ૮ | નખત્રાણાં | રતીયા | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | વો.હા.સ્ટ્ર. | ૨ | ૩.૭૮ | |
| ૯ | નખત્રાણાં | વંગ | એસ.એલ.સી.૧૧, વો.હા.સ્ટ્ર. | ખેત તલાવડી | ૬ | ૦.૬૮ | |
| ૧૦ | નખત્રાણાં | ખિરસરા (નેત્રા) | એસ.એલ.સી.૧૪, ને.વો.ડે.પ્રો. | વો.હા.સ્ટ્ર. | ૪ | ૬.૫૫ | |
| | | | **કુલ :-** | **હે.<br>સંખ્યા** | **૧૬.૮૦<br>૨૬** | **૨૯.૩૬** | |
| **વર્ષ ૨૦૦૪-૨૦૦૫ : : (ડીસેમ્બર-૨૦૦૪ અંતિત)** | | | | | | | |
| ૧ | નખત્રાણાં | ખિરસરા (નેત્રા) | એસ.એલ.સી.૧૪, ને.વો.ડે.પ્રો. | વો.હા.સ્ટ્ર. | ૧ | ૧.૯૧ | |
| ૨ | નખત્રાણાં | મોટી અરલ | એસ.એલ.સી.૧૧, વો.હા.સ્ટ્ર. | વો.હા.સ્ટ્ર. | ૨ | ૩.૦૦ | |
| | | | | **કુલ :-** | **૩** | **૪.૯૧** | |

**પ ત્ર ક**

**તાલુકાવાર, ગામવાર, વર્ષવાર હાથ ધરવામાં આવેલ કામો તેમજ તેની પાછળ થયેલ ખર્ચ અને કામગીરીના પ્રકારવાર માહિતી.**

| અ. નં. | તાલુકો | ગામ | યોજનાનું નામ | કામગીરીનો પ્રકાર | ભૌતિક હેકટર/સંખ્યા | ખર્ચ રૂ.લાખમાં | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| **વર્ષ ૨૦૦૧-૨૦૦૨** | | | | | | | |
| ૧ | લખપત | દોલતપર | એસ.એલ.સી.૧૪, ને.વો.ડે.પ્રો. | લુઝ બોલ્ડર | ૫૦ | ૦.૫૭ | |
| ૨ | લખપત | ડેણમા | એસ.એલ.સી.૧૧, વો.હા.સ્ટ્ર. | વો.હા.સ્ટ્ર. | ૫ | ૨.૩૦ | |
| ૩ | લખપત | કાલી તલાવડી | એસ.એલ.સી.૧૧, વો.હા.સ્ટ્ર. | વો.હા.સ્ટ્ર. | ૧ | ૦.૪૭ | |
| ૪ | લખપત | સુજાવાં | એસ.એલ.સી.૧૧, વો.હા.સ્ટ્ર. | વો.હા.સ્ટ્ર. | ૨ | ૦.૯૮ | |
| ૫ | લખપત | માતાના મઠ | આદિમ જૂથ યોજના | વો.હા.સ્ટ્ર. | ૭ | ૩.૨૩ | |
| ૬ | લખપત | વિરાણી | આદિમ જૂથ યોજના | વો.હા.સ્ટ્ર. | ૨ | ૧.૭૭ | |
| ૭ | લખપત | ફુલરા | જિલ્લા વિ.કેન્દ્રીત યોજના | વો.હા.સ્ટ્ર. | ૧ | ૦.૯૮ | |
| ૮ | લખપત | પીપર | જિલ્લા વિ.કેન્દ્રીત યોજના | વો.હા.સ્ટ્ર. | ૧ | ૧.૯૧ | |
| | | | | **કુલ :-** | **૬૯** | **૧૨.૨૧** | |
| **વર્ષ ૨૦૦૨-૨૦૦૩** | | | | | | | |
| ૧ | લખપત | ગુનેરી | જિલ્લા વિ.કેન્દ્રીત યોજના | વો.હા.સ્ટ્ર. | ૧ | ૧.૬૦ | |
| | | | | **કુલ :-** | ૧ | ૧.૬૦ | |
| **વર્ષ ૨૦૦૩-૨૦૦૪** | | | | | | | |
| ૧ | લખપત | વીરાણી | એસ.એલ.સી.૨, સ્પે. કોમ્પો. | લેન્ડ શેપીંગ | ૫.૧૦ | ૦.૨૯ | |
| ૨ | લખપત | જુમારા | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | ગામ તળાવ | ૧ | ૧.૯૩ | |
| ૩ | લખપત | જુમારા | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | ખેત તલાવડી | ૧૧ | ૧.૬૨ | |
| ૪ | લખપત | જુમારા | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | વો.હા.સ્ટ્ર. | ૩ | ૫.૬૩ | |
| ૫ | લખપત | સાયરા | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | ગામ તળાવ | ૧ | ૧.૮૧ | |
| ૬ | લખપત | સાયરા | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | વો.હા.સ્ટ્ર. | ૨ | ૩.૮૦ | |
| ૭ | લખપત | અટડા | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | ગામ તળાવ | ૧ | ૦.૧૬ | |
| ૮ | લખપત | અટડા | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | વો.હા.સ્ટ્ર. | ૨ | ૩.૭૭ | |
| ૯ | લખપત | ગુનેરી | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | ખેત તલાવડી | ૯ | ૧.૧૯ | |
| ૧૦ | લખપત | ગુનેરી | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | વો.હા.સ્ટ્ર. | ૨ | ૩.૯૪ | |
| ૧૧ | લખપત | નરેડા | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | વો.હા.સ્ટ્ર. | ૨ | ૩.૭૪ | |
| ૧૨ | લખપત | ખીરસરા | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | વો.હા.સ્ટ્ર. | ૨ | ૩.૬૪ | |
| ૧૩ | લખપત | ઉનરી | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | વો.હા.સ્ટ્ર. | ૨ | ૩.૪૬ | |
| ૧૪ | લખપત | ગુગરીયાના | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | વો.હા.સ્ટ્ર. | ૧ | ૧.૮૭ | |
| ૧૫ | લખપત | છેહ | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | વો.હા.સ્ટ્ર. | ૧ | ૧.૨૪ | |
| ૧૬ | લખપત | ઝારા | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | વો.હા.સ્ટ્ર. | ૩ | ૫.૭૯ | |
| ૧૭ | લખપત | ખટીયા | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | વો.હા.સ્ટ્ર. | ૨ | ૩.૭૪ | |
| | | | **કુલ :-** | **હે.<br>સંખ્યા** | **૫.૧૦<br>૪૫** | **૪૭.૬૨** | |
| **વર્ષ ૨૦૦૪-૨૦૦૫ : : (ડીસેમ્બર-૨૦૦૪ અંતિત)** | | | | | | | |
| ૧ | લખપત | વિરાણી | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | વો.હા.સ્ટ્ર. | ૨ | ૩.૯૫ | |
| ૨ | લખપત | બિટીયારી | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | વો.હા.સ્ટ્ર. | ૨ | ૩.૯૨ | |
| | લખપત | સુભાષપર | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | વો.હા.સ્ટ્ર. | ૨ | ૩.૭૨ | |
| | | | | **કુલ :-** | ૬ | **૧૧.૫૯** | |

**પ ત્ર ક**

**તાલુકાવાર, ગામવાર, વર્ષવાર હાથ ધરવામાં આવેલ કામો તેમજ તેની પાછળ થયેલ ખર્ચ અને કામગીરીના પ્રકારવાર માહિતી.**

| અ. નં. | તાલુકો | ગામ | યોજનાનું નામ | કામગીરીનો પ્રકાર | ભૌતિક હેકટર/સંખ્યા | ખર્ચ રૂ.લાખમાં | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| **વર્ષ ૨૦૦૧-૨૦૦૨** | | | | | | | |
| ૧ | અબડાસા | વિંજાણ | જિલ્લા વિ.કેન્દ્રીત યોજના | વો.હા.સ્ટ્ર. | ૧ | ૧.૮૫ | |
| ૨ | અબડાસા | ચિયાસર | જિલ્લા વિ.કેન્દ્રીત યોજના | વો.હા.સ્ટ્ર. | ૧ | ૧.૮૮ | |
| ૩ | અબડાસા | ચિયાસર | એસ.એલ.સી.૧૧, વો.હા.સ્ટ્ર. | વો.હા.સ્ટ્ર. | ૩ | ૪.૦૦ | |
| ૪ | અબડાસા | સુથરી | એસ.એલ.સી.૧૧, વો.હા.સ્ટ્ર. | વો.હા.સ્ટ્ર. | ૨ | ૨.૯૮ | |
| ૫ | અબડાસા | ખારુઆ | એસ.એલ.સી.૧૧, વો.હા.સ્ટ્ર. | વો.હા.સ્ટ્ર. | ૨ | ૩.૦૦ | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | **કુલ :-** | **૯** | **૧૩.૭૧** | |
| **વર્ષ ૨૦૦૨-૨૦૦૩** | | | | | | | |
| ૧ | અબડાસા | મોટીબાલાચોંડ | એસ.એલ.સી.૧૨, ગામ તળાવ | ગામ તળાવ | ૧ | ૨.૦૦ | |
| ૨ | અબડાસા | કોઠારા | એસ.એલ.સી.૧૨, ગામ તળાવ | ગામ તળાવ | ૧ | ૧.૯૦ | |
| ૩ | અબડાસા | બીટા | એસ.એલ.સી.૧૨, ગામ તળાવ | ગામ તળાવ | ૧ | ૧.૯૫ | |
| | | | | **કુલ :-** | ૩ | ૫.૮૫ | |
| **વર્ષ ૨૦૦૩-૨૦૦૪** | | | | | | | |
| ૧ | અબડાસા | આરીખાણા | એસ.એલ.સી.૧, નોર્મલ | લે.લેવલીંગ | ૧૩.૨૬ | ૧.૦૦ | |
| ૨ | અબડાસા | આરીખાણા | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | વો.હા.સ્ટ્ર. | ૧ | ૧.૯૬ | |
| ૩ | અબડાસા | આરીખાણા | એસ.એલ.સી.૧૪, ને.વો.ડે.પ્રો. | વો.હા.સ્ટ્ર. | ૧ | ૧.૮૬ | |
| ૪ | અબડાસા | આરીખાણા | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | ગામ તળાવ | ૧ | ૧.૯૦ | |
| ૫ | અબડાસા | આરીખાણા | એસ.એલ.સી.૯, ખેત તલાવડી | ખેત તલાવડી | ૨૧ | ૨.૪૭ | |
| ૬ | અબડાસા | મોથાળા | એસ.એલ.સી.૧, નોર્મલ | લે.લેવલીંગ | ૨.૮૧ | ૦.૨૯ | |
| ૭ | અબડાસા | ચિયાસર | એસ.એલ.સી.૧, નોર્મલ | લે.લેવલીંગ | ૩.૦૦ | ૦.૩૧ | |
| ૮ | અબડાસા | ચિયાસર | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | વો.હા.સ્ટ્ર. | ૩ | ૪.૭૩ | |
| ૯ | અબડાસા | રાયઘણઝર | એસ.એલ.સી.૨, સ્પે. કોમ્પો. | વો.હા.સ્ટ્ર. | ૦ | ૦.૪૫ | |
| ૧૦ | અબડાસા | રાયઘણઝર | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | વો.હા.સ્ટ્ર. | ૩ | ૫.૪૯ | |
| ૧૧ | અબડાસા | રાપરગઢ | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | વો.હા.સ્ટ્ર. | ૨ | ૩.૭૬ | |
| ૧૨ | અબડાસા | કડુલી | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | વો.હા.સ્ટ્ર. | ૧ | ૧.૯૬ | |
| ૧૩ | અબડાસા | તેરા | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | વો.હા.સ્ટ્ર. | ૧ | ૧.૯૬ | |
| ૧૪ | અબડાસા | બીટા | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | વો.હા.સ્ટ્ર. | ૧ | ૧.૯૮ | |
| ૧૫ | અબડાસા | વાયોર | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | વો.હા.સ્ટ્ર. | ૨ | ૩.૭૨ | |
| ૧૬ | અબડાસા | બારા | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | વો.હા.સ્ટ્ર. | ૨ | ૪.૦૦ | |
| ૧૭ | અબડાસા | મંજલ | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | વો.હા.સ્ટ્ર. | ૧ | ૧.૯૪ | |
| ૧૮ | અબડાસા | મો.બાલાચોંડ | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | વો.હા.સ્ટ્ર. | ૪ | ૫.૯૮ | |
| ૧૯ | અબડાસા | મિયાણી | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | વો.હા.સ્ટ્ર. | ૨ | ૩.૮૦ | |
| ૨૦ | અબડાસા | બોહા | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | વો.હા.સ્ટ્ર. | ૨ | ૪.૦૦ | |
| ૨૧ | અબડાસા | આમરવાંઢ | એસ.એલ.સી.૧૪, ને.વો.ડે.પ્રો. | વો.હા.સ્ટ્ર. | ૧ | ૧.૭૩ | |
| ૨૨ | અબડાસા | આમરવાંઢ | એસ.એલ.સી.૧૪, ને.વો.ડે.પ્રો. | બા.ચે.કે. | ૧ | ૦.૨૫ | |
| | | | **કુલ :-** | **હે.<br>સંખ્યા** | **૧૯.૦૭<br>૫૦** | **૫૫.૫૪** | |
| **વર્ષ ૨૦૦૪-૨૦૦૫ : : (ડીસેમ્બર-૨૦૦૪ અંતિત)** | | | | | | | |
| ૧ | અબડાસા | આમરવાંઢ | એસ.એલ.સી.૧૪, ને.વો.ડે.પ્રો. | વો.હા.સ્ટ્ર. | ૧ | ૧.૭૨ | |
| ૨ | અબડાસા | આમરવાંઢ | એસ.એલ.સી.૧૪, ને.વો.ડે.પ્રો. | ગામ તળાવ | ૨ | ૪.૦૦ | |
| ૩ | અબડાસા | આરીખાણા | એસ.એલ.સી.૧૪, ને.વો.ડે.પ્રો. | વો.હા.સ્ટ્ર. | ૧ | ૨.૦૩ | |
| ૪ | અબડાસા | આરીખાણા | એસ.એલ.સી.૧૪, ને.વો.ડે.પ્રો. | બા.ચે.કે. | ૧ | ૦.૬૮ | |
| ૫ | અબડાસા | વાળા પધ્ધર | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | વો.હા.સ્ટ્ર. | ૪ | ૭.૯૧ | |
| ૬ | અબડાસા | પીયોણી | એસ.એલ.સી.૧૮, બી.એ.ડી.પી. | વો.હા.સ્ટ્ર. | ૨ | ૩.૯૬ | |
| | | | | **કુલ :-** | **૧૧** | **૨૦.૩૦** | |

**પ ત્ર ક**

**વર્ષ ૨૦૦૧-૨૦૦૨ થી ૨૦૦૪-૦૫ ડીસેમ્બર-૨૦૦૪ અંતિત**

**વર્ષવાર થયેલ કામગીરી તથા ખર્ચની તાલુકાવાર તારીજ.**

| અ.નં. | તાલુકો | વર્ષ | ભૌતિક હેકટર/સંખ્યા | ખર્ચ રૂ.લાખમાં | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | માંડવી | ૨૦૦૧-૦૨ | ૧૦ | ૧૧.૧૧ | |
| | | ૨૦૦૨-૦૩ | ૦ | ૦.૦૦ | |
| | | ૨૦૦૩-૦૪ | ૨૦ | ૨૪.૪૦ | |
| | | ૨૦૦૪-૦૫ (ડીસે.૦૪ અંતિત) | ૨ | ૨.૫૮ | |
| | | **તાલુકાનું કુલ :-** | **૩૨** | **૩૮.૦૯** | |
| ૨ | નખત્રાણાં | ૨૦૦૧-૦૨ | ૧૫૧ | ૧૯.૨૮ | |
| | | ૨૦૦૨-૦૩ | ૦ | ૦ | |
| | | ૨૦૦૩-૦૪ | ૧૬.૮૦ | ૨૯.૩૬ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | સંખ્યા | ૨૬ | | |
| | | ૨૦૦૪-૦૫ (ડીસે.૦૪ અંતિત) | ૩ | ૪.૯૧ | |
| | | **તાલુકાનું કુલ :-**<br>**સંખ્યા** | **૧૬.૮૦**<br>**૧૮૦** | **૫૩.૫૫** | |
| ૩ | લખપત | ૨૦૦૧-૦૨ | ૬૯ | ૧૨.૨૧ | |
| | | ૨૦૦૨-૦૩ | ૧ | ૧.૬૦ | |
| | | ૨૦૦૩-૦૪<br>સંખ્યા | ૫.૧૦<br>૪૫ | ૪૭.૬૨ | |
| | | ૨૦૦૪-૦૫ (ડીસે.૦૪ અંતિત) | ૬ | ૧૧.૫૯ | |
| | | **તાલુકાનું કુલ :-**<br>**સંખ્યા** | **૫.૧૦**<br>**૧૨૧** | **૭૩.૦૨** | |
| ૪ | અબડાસા | ૨૦૦૧-૦૨ | ૯ | ૧૩.૭૧ | |
| | | ૨૦૦૨-૦૩ | ૩ | ૫.૮૫ | |
| | | ૨૦૦૩-૦૪<br>સંખ્યા | ૧૯.૦૭<br>૫૦ | ૫૫.૫૪ | |
| | | ૨૦૦૪-૦૫ (ડીસે.૦૪ અંતિત) | ૧૧ | ૨૦.૩ | |
| | | **તાલુકાનું કુલ :-**<br>**સંખ્યા** | **૧૯.૦૭**<br>**૭૩** | **૯૫.૪૦** | |
| | | **એકંદરે કુલ :-**<br>**સંખ્યા** | **૪૦.૯૭**<br>**૪૦૬** | **૨૬૦.૦૬** | |

------------

**કચ્છ જિલ્લામાં ખેડૂતોને પાક વિમાની ચૂકવવાની બાકી રકમ**

અતારાંકિત : ૩૧૭૨ (૨૭-૧-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સને ૨૦૦૧-૦૨, ૨૦૦૨-૦૩ અને ૨૦૦૩-૦૪ માં તા.૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ગાંધીધામ, ભૂજ, રાપર, મુન્દ્રા, અંજાર અને ભચાઉ તાલુકામાં કેટલા ખેડૂતોને પાક વિમાની કેટલી રકમ મળવાપાત્ર છે, આ રકમો ક્યા ક્યા વર્ષથી બાકી છે,

(૨) આ રકમ પૈકી કેટલી રકમ ખેડૂતોને ચૂકવવામાં આવી અને કેટલી રકમ ચૂકવવાની બાકી છે, અને

(૩) બાકી રહેતી રકમ ખેડૂતોને ક્યાં સુધીમાં ચૂકવી આપવામાં આવશે ?

**કૃષિ મંત્રીશ્રી** (૯-૩-૦૫) :

(૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કચ્છ જિલ્લાના ગાંધીધામ, ભૂજ, રાપર, મુન્દ્રા, અંજાર અને ભચાઉમાં સાથે **બીડેલ પત્રક** મુજબ મંજુર થયેલ પાક વિમાના દાવાઓ ચૂકવી આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૩-૦૪ માં પાક વિમાના કોઇ દાવા મંજુર થયેલ નથી. મંજુર થયેલ પાક વિમાના દાવાઓની રકમ ચૂકવી આપેલ હોવાથી કોઇ વર્ષની રકમ ચૂકવવાની બાકી રહેતી નથી.

(૨) વર્ષ ૨૦૦૧-૦૨ અને ૨૦૦૨-૦૩ માં પાક વિમાના દાવાઓની રકમ રૂપિયા ૫૭૩૮૦૮૮.૭૩ મંજુર થયેલ. મંજુર થયેલ બધી જ રકમ લાભાર્થી ખેડૂતોને ચૂકવી આપવામાં આવેલ છે. સદરહુ રકમ કોઇ વર્ષની બાકી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પ ત્ર ક**

| **અ.નં.** | **વર્ષ** | **તાલુકો** | **પાક** | **લાભાર્થી ખેડૂતોની સંખ્યા** | **ચૂકવેલ દાવાઓની રકમ (રૂપિયામાં)** |
|---|---|---|---|---|---|
| ૧ | ખરીફ-૦૧ | ભચાઉ | દિવેલા, કપાસ | ૮ | ૧૯૨૧૭૯.૨૫ |
| ૨ | રવિ/ઉનાળુ ૦૧/૦૨ | અંજાર | ઉ.મગફળી | ૧૩ | ૨૦૫૩૧૩.૫૭ |
| | | માંડવી | ઉ.મગફળી, પિયત ઘઉં | ૯ | ૪૧૭૧.૦૫ |
| | | નખત્રાણા | ઉ.મગફળી, પિયત ઘઉં | ૧૦૬ | ૧૨૨૧૨૫.૫૭ |
| ૩ | ખરીફ-૦૨ | અંજાર | બાજરી, દિવેલા, મગફળી, તલ | ૮ | ૧૦૦૪૧.૩૮ |
| | | ભચાઉ | બાજરી, દિવેલા, કપાસ, તલ | ૧૮૪ | ૩૨૬૩૨૧૯.૪૨ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | ભૂજ | બાજરી, દિવેલા, કપાસ, મગફળી, તલ | ૫ | ૩૮૫.૧૮ |
| | | માંડવી | બાજરી, દિવેલા, કપાસ, મગફળી | ૧ | ૯૧.૫૦ |
| | | મુન્દ્રા | બાજરી | ૩ | ૧૦૯.૦૧ |
| | | રાપર | બાજરી, કપાસ, મગ | ૧૨૨૨ | ૧૮૬૩૫૩૫.૩૪ |
| ૪ | રવિ/ઉનાળુ ૦૨/૦૩ | અંજાર | ઉ.મગફળી | ૫ | ૭૬૯૧૭.૪૬ |
| | | | | **કુલ રકમ :-** | **૫૭૩૮૦૮૮.૭૩** |

------------

## કચ્છ જિલ્લામાં ખેડૂતોને ફળઝાડનાં વાવેતર માટે સહાય

અતારાંકિત : ૩૧૭૩ (૩૧-૧-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોને વર્ષવાર ફળઝાડનાં વાવેતર માટે ક્યા પ્રકારની અને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે, અને

(૨) આ ફળઝાડ રોપાઓનું ક્યા ક્યા સરકારી-અર્ધસરકારી ફાર્મમાંથી કેટ કેટલી કિંમતે રોપાનું વિતરણ કરવામાં આવેલ છે ?

**કૃષિ મંત્રીશ્રી** (૯-૩-૦૫) :

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ફળઝાડના વાવેતર માટે રાજ્ય અને કેન્દ્ર સરકારની યોજનાઓ હેઠળ જુદા જુદા પાકો પ્રમાણે હેકટરે રૂા.૨૫૦૦/- થી ૭૦,૦૦૦/- સુધીના સહાયના ધોરણો અનુસાર મળવાપાત્ર થતી સહાય નીચે મુજબ ૬૭૩ ખેડૂતોને કુલ રૂા.૪૫,૪૭,૨૬૪/- સહાય ચૂકવવામાં આવેલ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **વર્ષ ૨૦૦૨-૦૩** | | **વર્ષ ૨૦૦૩-૦૪** | | **વર્ષ ૨૦૦૪-૦૫ તા.૧-૪-૦૪ થી ૩૧-૧૨-૦૪ સુધી** | |
|---|---|---|---|---|---|---|---|
| | | **ચૂકવેલ સહાય રૂા.** | **ખેડૂતોની સંખ્યા** | **ચૂકવેલ સહાય રૂા.** | **ખેડૂતોની સંખ્યા** | **ચૂકવેલ સહાય રૂા.** | **ખેડૂતોની સંખ્યા** |
| ૧ | અંજાર | ૩૦૭૭૦૫ | ૫૫ | ૫૦૬૦૫૮ | ૯૫ | ૧૭૩૪૦૦ | ૨૨ |
| ૨ | અબડાસા | ૭૩૮૫ | ૨ | ૭૪૪૮૫ | ૧૩ | - | - |
| ૩ | ભૂજ | ૭૭૪૩૫ | ૧૪ | ૫૨૭૧૨૫ | ૭૧ | ૧૪૮૪૦૦ | ૯ |
| ૪ | ભચાઉ | ૧૫૩૩૦૦ | ૩ | ૧૨૭૬૮૦ | ૫ | - | - |
| ૫ | મુન્દ્રા | ૭૨૯૪૦ | ૧૦ | ૧૯૩૯૨૦ | ૪૦ | - | - |
| ૬ | માંડવી | ૧૨૨૩૪૩ | ૩૪ | ૧૦૭૭૭૧૩ | ૧૬૩ | ૨૦૮૩૪૫ | ૩૧ |
| ૭ | નખત્રાણા | ૧૨૧૮૦ | ૫ | ૫૮૧૭૦૦ | ૭૯ | ૧૭૫૧૫૦ | ૨૨ |
| ૮ | રાપર | - | - | - | - | - | - |
| ૯ | લખપત | - | - | - | - | - | - |
| ૧૦ | ગાંધીધામ | - | - | - | - | - | - |
| | કુલ :- | ૭૫૩૨૮૮ | ૧૨૩ | ૩૦૮૮૬૮૧ | ૪૬૬ | ૭૦૫૨૯૫ | ૮૪ |

(૨) આ ફળઝાડ રોપાઓનું કચ્છ જિલ્લાના મુન્દ્રા ખાતેની સરકારી નર્સરી ઉપરથી નીચે મુજબની કિંમતે કલમ/રોપાઓનું વિતરણ કરવામાં આવેલ છે.

| **અ.નં.** | **કલમ/રોપાનું નામ** | **એક કલમ/રોપાની કિંમત રૂા.** |
|---|---|---|
| ૧. | આંબા (કલમ) | ૫૦ |
| ૨. | ચીકુ (કલમ) | ૩૫ |
| ૩. | દાડમ (કલમ) | ૮ |
| ૪. | ખારેક (રોપા) | ૧ |
| ૫. | નાળિયેર (દેશી) | ૧૨ |
| ૬. | નાળિયેર (હાઇબ્રીડ) | ૨૫ |
| ૭. | આમળા (રોપા) | ૫ |

| | | |
|---|---|---|
| ૮. | જામફળ (રોપા) | ૫ |
| ૯. | કાળા જાંબુ (રોપા) | ૫ |
| ૧૦. | બદામ (રોપા) | ૫ |

------------

**કચ્છ જિલ્લામાં લાઇવ સ્ટોક ઇન્સ્પેકટરની ખાલી જગ્યાઓ**

અતારાંકિત : ૩૧૭૪ (૩૧-૧-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) :માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ક્યા ક્યા પશુ સારવાર કેન્દ્રમાં લાઇવ સ્ટોક ઇન્સ્પેકટરની જગ્યાઓ ખાલી છે,

(૨) આ જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવાનું સરકારનું શું આયોજન છે, કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**પશુપાલન મંત્રીશ્રી** (૧૫-૩-૦૫) :

(૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં નીચે દર્શાવેલ પશુ સારવાર કેન્દ્રમાં લાઇવસ્ટોક ઇન્સ્પેકટરની જગ્યાઓ તે સામે તારીખથી ખાલી છે.

| **અ.નં.** | **પશુ સારવાર કેન્દ્રનું નામ** | **પશુધન નિરીક્ષકની ખાલી જગ્યા** | **કઇ તારીખથી ખાલી છે.** |
|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** |
| | **ભુજ જિલ્લા પંચાયત ભુજ** | | |
| ૧ | પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર (જિ.પં.) મકાર | ૧ | ૧-૨-૦૩ |
| ૨ | ઘેટા-બકરા રોગ સંશોધન ભુજ કચેરી | ૧ | ૧-૫-૦૩ |
| ૩ | મરઘાં વિસ્તરણ, ભુજ કચેરી | ૧ | ૧-૬-૦૨ |
| ૪ | સેન્ટર - કુકમાં | ૧ | ૧૨-૧૨-૦૧ |
| | **તાલુકો અબડાસા** | | |
| ૫ | નલીયા સેન્ટર બિરા | ૧ | ૧-૪-૯૮ |
| ૬ | પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર (જિ.પં.) સેન્ટર - મોથાળા | ૧ | ૩૧-૩-૦૨ |
| | **તાલુકો લખપત**<br>પ્રાથિમક પશુ સારવાર કેન્દ્ર (જિ.પં.) | | |
| ૭ | સેન્ટર - બરંદા | ૧ | ૩૦-૧૦-૦૨ |
| ૮ | સેન્ટર - મેઘપર | ૧ | ૩૦-૧૦-૦૨ |
| | **તાલુકો નખત્રાણા**<br>મરઘાં વિસ્તરણ યોજના કેન્દ્ર | | |
| ૯ | સેન્ટર - નખત્રાણા | ૧ | ૧-૯-૦૧ |
| | **તાલુકો રાપર**<br>પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર (જિ.પં.) | | |
| ૧૦ | બેલા - સેન્ટર | ૧ | ૧-૫-૯૫ |
| ૧૧ | સુઘઇ - સેન્ટર | ૧ | ૧-૮-૦૨ |
| ૧૨ | બળીયા નાબુદી યોજના કેન્દ્ર - સણવા | ૧ | ૧૦-૨-૦૪ |
| | **તાલુકો ભચાઉ** | | |
| ૧૩ | પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર (જિ.પં.) આઘોઇ | ૧ | ૧૦-૧૦-૦૩ |
| ૧૪ | પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર (જિ.પં.) જમાણ | ૧ | ૧-૫-૦૩ |
| ૧૫ | બળિયા નાબુદી કેન્દ્ર (જિ.પં.) આમરડી | ૧ | ૭-૧-૦૧ |
| | **અંજાર તાલુકો** | | |
| ૧૬ | બળિયા નાબુદી કેન્દ્ર (જિ.પં.) આદિપુર | ૧ | ૧૯-૧-૦૪ |
| | **ગાંધીધામ તાલુકો** | | |
| ૧૭ | પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર (જિ.પં.) ખેડોઇ | ૧ | ૪-૧૦-૦૧ |
| | **મુન્દ્રા તાલુકો** | | |
| ૧૮ | પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર (જિ.પં.) યત્રી | ૧ | ૧૭-૭-૦૨ |

| | | | |
|---|---|---|---|
| ૧૯ | મરઘાં વિસ્તરણ - પાલનપુર રામાણીયા | ૧ | ૩૧-૮-૦૧ |
| | **માંડવી તાલુકો** | | |
| ૨૦ | પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર (જિ.પં.) કોટડી | ૧ | ૨-૧૧-૦૨ |
| ૨૧ | પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર (જિ.પં.) ગોધરા | ૧ | ૧૮-૯-૦૨ |
| ૨૨ | બળીયા નાબુદી કેન્દ્ર - મોટા આસલીયા | ૧ | ૧૬-૮-૦૪ |
| | **કુલ :-** | **૨૨** | |

(૨) આ જગ્યાઓ ઉપર પત્રકમાં દર્શાવ્યા તારીખથી ખાલી છે.

(૩) પશુધન નિરીક્ષકની ભરતી અંગેની પ્રક્રિયા રાજ્ય સરકારમાં વિચારણા અર્થે છે. અને આ કાર્યવાહી પૂર્ણ થયેથી જેમ બને તેમ જલ્દીથી આ જગ્યાઓ ભરવામાં આવશે.

------------

## ડાંગ જિલ્લામાં જંગલ કામદાર સહકારી મંડળીઓ પાસે બાકી લેણા

અતારાંકિત : ૩૨૬૬ (૨૧-૨-૦૫) **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ડાંગ જિલ્લામાં આવેલી જંગલ કામદાર સહકારી મંડળીઓ પાસે સરકારના કેટલા લેણા તા.૩૧-૧૨-૦૪ સુધીમાં નીકળે છે, અને

(૨) રાજ્ય સરકાર લેણાં પરનું વ્યાજ માફ કરવા સરકારનું શું આયોજન છે?

**સહકાર મંત્રીશ્રી** (૧૦-૩-૦૫) :

(૧) રૂા. ૮,૫૩,૨૦,૬૧૫/-

(૨) હાલમાં આવું વ્યાજ માફ કરવાનું કોઈ આયોજન નથી.

------------

## ચીખલી તાલુકાની શાળાઓમાં વિષયવાર શિક્ષકોની ઘટ અંગે

અતારાંકિત : ૨૫૦૬ (૫-૯-૦૪) **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૦-૬-૨૦૦૪ની સ્થિતિએ ચીખલી તાલુકામાં કેટલી માધ્યિમક અને ઉચ્ચત્તર માધ્યિમક શાળાઓ આવેલ છે, અને

(૨) તે પૈકીની કઈ શાળામાં વિષયવાર શિક્ષકોની ઘટ છે?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૫-૨-૦૫) :

(૧) માધ્યમિક શાળાઓ ૨૦ અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ ૨૩

(૨) સામેલ પત્રક મુજબ

**પત્રક**

**ચીખલી તાલુકામાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વિષયવાર શિક્ષકોની ઘટ દર્શાવતું પત્રક**

| ક્રમ<br>૧ | શાળાનું નામ<br>૨ | માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક<br>૩ | વિષયવાર શિક્ષકોની ઘટ<br>૪ |
|---|---|---|---|
| ૧ | જનતા ઉચ્ચત્તર માધ્યમિક શાળા, ખેરગામ, તા. ચીખલી | ઉચ્ચત્તર માધ્યિમક | જીવ વિજ્ઞાન-૧<br>ભૌતિક વિજ્ઞાન-૧<br>ભૌતિક/રસાયણ-૧<br>લેબ. કો. |
| ૨ | લાયન્સ જુહુ શ્રી વી. કે. પટેલ વિદ્યાલય, સારવણી, તા. ચીખલી | માધ્યમિક | ઈતિહાસ/ભૂગોળ-૧<br>સમાજવિદ્યા |
| ૩ | નિ. લા. પટેલ સાર્વજનિક હાઈસ્કુલ, રાનકૂવા, તા. ચીખલી | માધ્યમિક | અંગ્રેજી-૧ |
| ૪ | આઈ. સી. દેસાઈ હાઈસ્કુલ, તલાવચોરા,તા. ચીખલી | માધ્યમિક | ઈતિહાસ-૧<br>ગણિત-વિજ્ઞાન-૧ |
| ૫ | નવ નિર્માણ ઉ.બુ. વિદ્યાલય, બામણવેલ, તા. ચીખલી | માધ્યમિક | ગણિત-વિજ્ઞાન-૧ |

| | | | |
|---|---|---|---|
| ૬ | શારદા વિદ્યાલય,<br>વેલણપુર, તા. ચીખલી | માધ્યમિક | ગણિત-વિજ્ઞાન-૧ |
| ૭ | જે. એમ. પટેલ હાઈસ્કુલ,<br>દિગેન્દ્રનગર | માધ્યમિક<br>માધ્યમિક<br>ઉચ્ચત્તર માધ્યમિક<br>ઉચ્ચત્તર માધ્યમિક | હિન્દી-૧<br>ચિત્રકામ-૧<br>ગુજરાતી-૧<br>ઈલેટ્રીક ગેઝેટ-૧ |

રિમાર્કસ શિક્ષકોની ઘટ દૂર કરવા એન.ઓ.સી. આપેલ છે.

----------------

## રાજ્યમાં ધોરણ ૧ થી ૭ના વિદ્યાર્થીઓના ડ્રોપ આઉટ દર (અંગે)

અતારાંકિત : ૨૬૬૧ (૩-૯-૦૪) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જુલાઈ-૦૪ની સ્થિતિએ રાજ્યમાં ૫૦ ટકા કરતાં પણ વધારે એકંદરે ડ્રોપ આઉટ દર ધો.૧ થી ૭ ધોરણમાં હોય એવા કેટલા જિલ્લાઓના કેટલા ગામો છે,

(૨) આમાં કુમાર અને કન્યાઓનો ડ્રોપ આઉટ દર કેટલો છે,

(૩) રાજ્ય સરકારે તારીખ ૧૪ જૂન, ૨૦૦૪ થી ૧૬ જૂન, ૨૦૦૪ સુધી "કન્યા કેળવણી રથયાત્રા" અને " શાળા પ્રવેશોત્સવ : ૨૦૦૪" ના કારણે આ ગામોમાં એનરોલમેન્ટ દરમાં કેટલો વધારો થયો, અને

(૪) રાજ્ય સરકાર દ્વારા આ અંગે કુલ કેટલો ખર્ચ આ ગામોમાં કરવામાં આવ્યો ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૬-૨-૦૫) :

(૧) શૂન્ય

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## રાજ્યમાં કન્યા કેળવણી રથયાત્રા અને શાળા પ્રવેશોત્સવના ખર્ચ (અંગે)

અતારાંકિત : ૨૬૬૨ (૩-૯-૦૪) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જુલાઈ-૦૪ની સ્થિતિએ રાજ્યમાં તાલુકાવાર "કન્યા કેળવણી રથયાત્રા" અને " શાળા પ્રવેશોત્સવ ૨૦૦૪ " માટે કુલ કેટલું ખર્ચ કરવામાં આવ્યું,

(૨) આને કારણે વર્ષ : ૨૦૦૩-૦૪ની સરખામણીએ ચાલુ વધારો વરસે કેટલી કન્યાઓ અને વિદ્યાર્થીઓના પ્રવેશમાં વધારો થયો,

(૩) આ બન્ને કાર્યક્રમોમાં તાલુકા કક્ષાએ કયા કયા અધિકારીઓ હાજર રહેતા હતા, અને

(૪) કઈ કઈ જાતિની કન્યાઓ અને વિદ્યાર્થીઓનો વધારો આ કાર્યક્રમને કારણે થયો ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૫-૨-૦૫) :

(૧) રૂા. ૫૭,૫૫,૫૦૯/-

(૨) કન્યાઓ - ૩૦૯૫૦
વિદ્યાર્થીઓ (કુમાર) -૩૧૭૫૭

(૩) તાલુકા કક્ષાએ તાલુકા વિકાસ અધિકારીશ્રી, મામલતદાર, કેળવણી નિરીક્ષકશ્રીઓ, બી.આર.સી. કોર્ડીનેટરશ્રીઓ વગેરે સ્થાનિક અધિકારીઓ તથા રાજ્ય/જિલ્લા કક્ષાએથી પણ અધિકારીઓ હાજર રહેતા હતા.

(૪) તમામ જાતિ.

------------

## ફાજલ શિક્ષકોનો નિમણૂંક લેવા ઈન્કાર

અતારાંકિત : ૨૮૬૭ (૩-૯-૦૪) **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) અમદાવાદ શહેરમાં ઓકટોબર, ૦૪માં ફાજલ માધ્યમિક શાળાના શિક્ષકોને સમાવી લેવા યોજાયેલા કેમ્પમાં બહારગામ નિમણૂંક આપેલ કેટલાંક શિક્ષકોએ નિમણૂંક લેવા સ્થળ પરજ ઈન્કાર કરી દીધો હતો તે હકીકત સાચી છે.

(૨) જો હા, તો રાજ્ય સરકારના આદેશનું પાલન ન કરનાર ફાજલ શિક્ષકો કોણ કોણ છે, તેઓની સામે શાં પગલાં લેવાયા છે,

(૩) નિમણૂંક ન સ્વીકારનારા શિક્ષકોનો પગાર ચાલુ રાખવામાં આવ્યો છે કે કેમ, અને

(૪) સરકારી આદેશોનું ચુસ્ત પાલન કરવા શી વ્યવસ્થા કરી છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૬-૨-૦૫) :

(૧) હા જી,

(૨) આદેશનું પાલન ન કરનાર કુલ-૩૭ શિક્ષકોની યાદી (પત્રક-અ) સામેલ છે. તેઓના પગાર બંધ કરેલ છે.

(૩) ના જી,

(૪) વિભાગના તા. ૨૧-૫-૯૪ના ઠરાવની જોગવાઈઓ અનુસાર ફાજલ કર્મચારીને સમાવેલ જિલ્લામાં/જગ્યાએ હાજર થવા જવું ફરજીયાત છે, ન જાય તો પગાર બંધ કરવા તથા ફાજલનું રક્ષણ રદ કરવા સુધીની કાર્યવાહી હાથ ધરવાની જોગવાઈ છે.

**પત્રક-અ**

| ક્રમ | ફાજલ શિક્ષકો |
|---|---|
| ૧ | શાહ મંજરીબેન એન. |
| ૩ | પટેલ શારદાબેન આઈ. |
| ૫ | પટેલ સરસ્વતી એમ. |
| ૭ | પટેલ ગીતાબેન જે. |
| ૯ | પટેલ નીતાબેન સી. |
| ૧૧ | પટેલ જસુમતિબેન એસ. |
| ૧૩ | પટેલ મીનાબેન વી. |
| ૧૫ | પટેલ મંજુલાબેન કે. |
| ૧૭ | પટેલ દિપ્તીબેન કે. |
| ૧૯ | પટેલ રીટાબેન કે. |
| ૨૧ | રવિયા પ્રજ્ઞાબેન એલ. |
| ૨૩ | દવે રંજનાબેન એચ. |
| ૨૫ | પટેલ સુશીલાબેન કે. |
| ૨૭ | શ્રી ભરતભાઈ એ. પટેલ |
| ૨૯ | રાઠોડ જ્યોત્સનાબેન એસ. |
| ૩૧ | પટેલ ચંદુબેન પી. |
| ૩૩ | ફલદુ દમયંતીબેન એમ. |
| ૩૫ | પટેલ બી. સી. |
| ૩૭ | પટેલ તુષાર એ. |

| ક્રમ | ફાજલ શિક્ષકો |
|---|---|
| ૨ | દવે સાધનાબેન એમ. |
| ૪ | પટેલ કૈલાસબેન જે. |
| ૬ | પટેલ ચંપાબેન ડી. |
| ૮ | નાયક શોભનાબેન કે. |
| ૧૦ | પટેલ ચંદ્રિકાબેન એન. |
| ૧૨ | રાજપુત જયશ્રીબેન એ. |
| ૧૪ | ક્રિષ્ટી જેનેટ વાય. |
| ૧૬ | શ્રી ધર્મેશકુમાર પી. પટેલ |
| ૧૮ | રાઠોડ ડાહીબેન એમ. |
| ૨૦ | કેસરીયા તરૂલત્તા એમ. |
| ૨૨ | ચૌધરી કાંતાબેન જે. |
| ૨૪ | પટેલ રીમલાબેન ડી. |
| ૨૬ | પટેલ હીનાબેન આર. |
| ૨૮ | ચૌધરી સરોજબેન એસ. |
| ૩૦ | ક્રિશ્ચયન એલીઝાબેથ વી. |
| ૩૨ | પટેલ છાયાબેન આર. |
| ૩૪ | પરમાર સુરજબેન એમ. |
| ૩૬ | ધ્રુવલત્તાબેન કે. પટેલ |
| | |

------------

## ખાનગી શાળા-કોલેજોમાં વિવિધ નામ હેઠળ ઉઘરાવાતી ફી

અતારાંકિત : ૨૯૩૫ (૧૮-૧-૦૫) **શ્રી અમીત ચાવડા (બોરસદ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં કન્યા કેળવણી મફત છે,

(૨) જો હા, તો શાળા-કોલેજોમાં ટયુશનફી, ડેવલોપમેન્ટ ફી, જેવી અનેક રીતે કન્યાઓ પાસેથી ફી લેવામાં આવે છે તે સરકારની જાણમાં છે,

(૩) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ અંગે કોઈ ફરિયાદ મળેલ છે, અને

(૪) જો હા, તો જવાબદારો સામે શું પગલાં લેવામાં આવેલ છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૫-૩-૨૦૦૫) :

(૧) હા જી,

(૨) પરંતુ આ નીતિ ખાનગી નોન ગ્રાન્ટેડ શાળા કોલેજોમાં લાગુ પડતી નથી.

(૩) ના જી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**જેતપુર-પાવી તાલુકાના ઈંટવાડા ગામની શાળાનું લાંબા સમયથી ચાલતું રીપેરીંગ કામ(અંગે)**

અતારાંકિત :૨૯૬૬(૧૮-૧-૨૦૦૫) **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ જેતપુર-પાવી તાલુકાના ઈંટવાડ ગામની પ્રાથમિક શાળાનું રીપેરીંગ કામ છેલ્લા પાંચ વર્ષથી ચાલે છે તે હકીકત સાચી છે, અને

(૨) આ અંગે તપાસ કરી સરકાર કોઈ પગલાં ભરવા માંગે છે કે કેમ, અને

(૩) આ શાળાનું કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૫-૩-૦૫) :

(૧) ના જી,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) સદર શાળાની મરામત માટે રૂા. ૨,૪૮,૩૫૦/-ની રકમ ફાળવવામાં આવેલ છે, મરામતનું કામ ચાલુ છે, જે ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે.

------------

**ગુજરાત યુનિવર્સિટી હસ્તકની પાંચ કોલેજોને ગ્રાન્ટેડ કરવા અંગે**

અતારાંકિતઃ૩૦૦૭ (૧૮-૧-૨૦૦૫) **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ગુજરાત યુનિવર્સિટીની પાંચ કોલેજોને સરકારે ગ્રાન્ટ ઈન એઈડ જાહેર કરેલ છે, જે બાબત સાચી છે, અને

(૨) તેઓને વાર્ષિક કેટલી ગ્રાન્ટ આપવામાં આવે છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૫-૩-૦૫) :

(૧) હા જી,

(૨) જરૂરી ચકાસણી બાદ નિયમોનુસાર ગ્રાન્ટ ચૂકવવાની કાર્યવાહી કરવામાં આવશે.

------------

**કચ્છ જિલ્લામાં ધોરણ-૧૦ અને ૧૨ની શાળાના નબળા પરિણામ**

અતારાંકિત :૩૧૯૫ (૨૮-૧-૨૦૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લાનું માર્ચ-૨૦૦૪નું એસ.એસ.સી. તથા એચ.એસ.સી.નું શાળાવાર પરિણામ કેટલા ટકા આવ્યું,

(૨) શાળા વાર પરિણામની ટકાવારી વધે તે માટે શાં શાં પગલાં ભરવામાં આવ્યા છે, અને

(૩) તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં નબળા પરિણામ વાળી શાળાઓ સામે શાળાવાર શા શા પગલાં ભરવામાં આવ્યા છે?

**શિક્ષણ મંત્રીશ્રી** (૪-૩-૦૫) :

(૧) પત્રક-૧ અને પત્રક-૨ મુજબ

(૨) નીચે મુજબના પગલાં ભરવામાં આવ્યા છે.

૧ શાળાવાર પરિણામ વધે તે માટે શાળાઓના માર્ગદર્શન માટે પ્રશ્ન બેન્કની પુસ્તીકાઓ આપી

૨ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા એકશન પ્લાન તૈયાર કરી માર્ગદર્શન આપવામાં આવેલ અને તજજ્ઞ રિપોર્ટ શાળાઓને વિતરણ કરવામાં આવેલ છે.

૩ રજાના દિવસે તેમજ સ્કુલ તાસમાં વધારાના વર્ગો ગોઠવી નબળા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી માસિક ટેસ્ટનું આયોજન કરવામાં આવેલ છે.

૪ રાત્રી વર્ગોની વ્યવસ્થા કરી શિક્ષકો મારફત વધુ માર્ગદર્શન મળી રહે તેવા પગલાં ભરવા તેમજ ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવેલ છે.
૫ જિલ્લાની વધુ પરિણામ મેળવતી શાળાઓ સાથે જોડાણ, દત્તક યોજના તેમજ કર્મયોગી યોજના અંતર્ગત શિક્ષકોને તાલીમ આપી
૬ CBSC અને NCERT ની પેટર્ન મુજબ પ્રશ્નપત્રના નવા પરિરુપ તૈયાર કરવામાં આવેલ છે.

(૩) ગ્રાન્ટકાપની કાર્યવાહી

**પત્રક-૧**
**માર્ચ-૨૦૦૪ મા.શા.પ્ર. (એસ.એસ.સી.) પરિક્ષાનું શાળાવાર પરિણામ**

| ક્રમ | શાળાનું નામ | પરિણામ |
|---|---|---|
| ૧ | આલ્ફ્રેડ હાઈસ્કૂલ, ભૂજ | ૨૭.૫૬ |
| ૨ | પ્રાણકુવર ચુનિલાલ મહેતા હાઈસ્કૂલ, ભૂજ | ૨૯.૬૬ |
| ૩ | શ્રી ઈન્દ્રાબાઈ ગર્લ્સ  હાઈસ્કૂલ, | ૫૮.૪૬ |
| ૪ | શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભૂજ | ૭૬.૬૯ |
| ૫ | શેઠ વી.ડી. હાઈસ્કૂલ, ભૂજ | ૮૪.૩૦ |
| ૬ | એમ.એસ.વી. હાઈસ્કૂલ, માધાપર | ૬૩.૮૮ |
| ૭ | શેઠ જે.પી. એન્ડ એલ.એસ. હાઈસ્કૂલ, કેરા | ૮૧.૯૦ |
| ૮ | માનકુવા કેળવણી મંડળ સંચાલિત હાઈસ્કૂલ, માનકુવા | ૬૩.૩૩ |
| ૯ | શ્રી સારસ્વતમ હાઈસ્કૂલ, સંચાલિત ખાવડા હાઈસ્કૂલ, ખાવડા | ૨૬.૦૯ |
| ૧૦ | શ્રી કે.જી. રાઠોડ વિદ્યાલય, કુકમા | ૯૧.૮૦ |
| ૧૧ | શ્રી સારસ્વતમ હાઈસ્કૂલ સંચાલિત કોટડા ચાકર, કોટડા ચાકર | ૫૭.૩૩ |
| ૧૨ | શ્રી બી. એમ. સરકારી ઉ.મા.શાળા, બીડાડા | ૩૭.૮૨ |
| ૧૩ | બી. કે. સરકારી વિદ્યાલય, ગોધરા | ૬૪.૫૨ |
| ૧૪ | શેઠ જી.ટી. હાઈસ્કૂલ, માંડવી | ૭૧.૫૪ |
| ૧૫ | શ્રી રામકૃષ્ણ હાઈસ્કૂલ, માંડવી | ૮૦.૮૩ |
| ૧૬ | શેઠ ખેમજી રામદાસ કન્યા વિદ્યાલય, માંડવી | ૯૧.૮૯ |
| ૧૭ | માતૃશ્રી ડી.ટી. હાઈસ્કૂલ, માંડવી | ૪૩.૪૮ |
| ૧૮ | બાઈ મામી.બાઈ ભાણાજી જાદવજી એન્ડ શ્રી એચ.કે.પી. હાઈસ્કૂલ, ગઢસિસા, | ૭૮.૪૨ |
| ૧૯ | પટેલ એસ. પી. દયાણી હાઈસ્કૂલ, દરસાડી | ૮૦.૬૦ |
| ૨૦ | શ્રી એમ.એચ. ગાલા હાઈસ્કૂલ, મોડા અસામ્બીયા | ૪૦.૬૩ |
| ૨૧ | શ્રી સારસ્વાતમ સંચાલિત સિરવા હાઈસ્કૂલ, મુ. સિરવા | ૭૨.૩૪ |
| ૨૨ | માતૃશ્રી વી.કે.જે. એન્ડ વી.ડી. સામજી હાઈસ્કૂલ, કોટડી મહાદેવપુરી | ૪૦.૦૦ |
| ૨૩ | માતૃશ્રી આર.એચ.પ્રેમજી હાઈસ્કૂલ, મસકા | ૬૯.૪૪ |
| ૨૪ | ગાંધી વિદ્યાલય, પટરી | ૭૦.૨૭ |
| ૨૫ | શ્રી એ.જે. હાઈસ્કૂલ, ભુજપુર | ૬૨.૬૫ |
| ૨૬ | શેઠ આર.ડી.ઉ.મા.શાળા, મુન્દ્રા | ૭૦.૨૧ |
| ૨૭ | સી.કે.એમ. ગર્લ્સ હાઈસ્કૂલ, મુન્દ્રા | ૮૯.૨૩ |
| ૨૮ | પી. કે. રાજગોર હાઈસ્કૂલ, ભંદ્રેશ્વર | ૬૮.૫૭ |
| ૨૯ | છાસરા હાઈસ્કૂલ, છાસરા | ૪૨.૮૬ |
| ૩૦ | શ્રી એમ.આર.રામભાઈઆ હાઈસ્કૂલ, ગુડાલા | ૧૨.૫૦ |
| ૩૧ | શ્રી સારસ્વતમ સંચાલિત કે.જી. સાવલા હાઈસ્કૂલ, રામણીયા | ૬૨.૧૨ |
| ૩૨ | શેઠ કે.વી. ગર્વમેન્ટ હાઈસ્કૂલ, નખત્રાણા | ૨૯.૬૮ |
| ૩૩ | શ્રી શેઠ નાગજી એન.વી. હાઈસ્કૂલ, કોડટા (રોહા) | ૨૭.૨૭ |
| ૩૪ | શ્રી સારસ્વતમ સંચાલિત નૈત્રા હાઈસ્કૂલ, નૈત્રા | ૮૧.૮૨ |
| ૩૫ | એમ.એસ. અગરસિંહજી જાડેજા હાઈસ્કૂલ, મંજલ | ૩૦.૩૦ |
| ૩૬ | જ્ઞાન સરિતા હાઈસ્કૂલ, ગવાપર | ૧૮.૯૭ |
| ૩૭ | શ્રી સરકારી ઉ.મા.શાળા, ડુમરા | ૪૦.૦૦ |

| ક્રમ | શાળાનું નામ | પરિણામ |
|---|---|---|
| ૩૮ | શેઠ ખોકળદાસ તેજપાલ સ્મારક મહાશાળા, કોથારા | ૭૦.૦૬ |
| ૩૯ | શ્રી સારસ્વતમ સંચાલિત બીડા હાઈસ્કૂલ, બીડા | ૫૪.૮૪ |
| ૪૦ | શ્રી સુથરી હાઈસ્કૂલ, સુથરી | ૬૯.૫૭ |
| ૪૧ | વી.એલ. હાઈસ્કૂલ, નલીયા | ૮૬.૨૭ |
| ૪૨ | શ્રી સારસ્વતમ સંચાલિત દયાપર હાઈસ્કૂલ, દયાપર | ૫૧.૮૨ |
| ૪૩ | શેઠ ગોકલદાસ હંસરાજ વિવિધ લક્ષી વિદ્યાલય, માંડવી | ૫૮.૭૫ |
| ૪૪ | શ્રી સારસ્વતમ સંચાલિત કોડાય હાઈસ્કૂલ, કોડાય | ૪૧.૧૮ |
| ૪૫ | શ્રી એસ.એસ.એલ.એ. એન્ડ એસ.ડી. હાઈસ્કૂલ, મોથાવા | ૬૨.૮૬ |
| ૪૬ | શ્રી સારસ્વતમ સંચાલિત કન્યા વિદ્યાલય, નલીયા | ૯૫.૬૫ |
| ૪૭ | શ્રી બી.એમ. વિદ્યાલય, મોટાલાઈયા, | ૭૦.૨૭ |
| ૪૮ | શ્રી માતૃછાયા કન્યા વિદ્યાલય, ભૂજ | ૯૭.૧૭ |
| ૪૯ | સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, ભૂજ | ૧૦૦.૦૦ |
| ૫૦ | શ્રીમતી ઝેડ. જી. હંસરાજ ટી. કન્યા વિદ્યાલય, માંડવી | ૭૯.૬૯ |
| ૫૧ | સંતશ્રી ખેતબાબા હાઈસ્કૂલ, વિથોણ, | ૭૫.૦૦ |
| ૫૨ | સંજીવનિ વિદ્યાલય રાતળીયા (ગણેશ) | ૯૦.૯૧ |
| ૫૩ | પટેલ ભીમજી ખેસરા હાઈસ્કૂલ, કોટડા (જડોદર) | ૬૮.૧૪ |
| ૫૪ | કુ.ટી.ડી. વેલાઈ કન્યા હાઈસ્કૂલ, નખત્રાણા | ૭૭.૨૭ |
| ૫૫ | શ્રી સારસ્વતમ સંચાલિત બડા હાઈસ્કૂલ, બડા | ૭૦.૦૦ |
| ૫૬ | શ્રી રૂદ્રમાતા ઉ.બુ. હાઈસ્કૂલ, રૂદ્રમાતા | ૧૧.૪૩ |
| ૫૭ | સાકરબાઈ કે. આર. મેમો. (અંગ્રેજી માધ્યમ) માડવી | ૮૯.૧૯ |
| ૫૮ | જૈનાચાર્યશ્રી શ્રી અજરામજી હાઈસ્કૂલ, ભૂજ | ૮૫.૧૬ |
| ૫૯ | શ્રી પૂંજા આનંદજી હાઈસ્કૂલ, નિરોના | ૬૫.૩૧ |
| ૬૦ | શ્રી આદર્શ નિવાસી શાળા, ભૂજ | ૬૪.૭૧ |
| ૬૧ | શ્રી સ્વામીનારાયણ કન્યા વિદ્યાલય, નારણપુરા | ૯૮.૧૮ |
| ૬૨ | ધી મુસ્લીમ સંચાલીત એન્ડ વેલ્ફર સંચાલિત હાઈસ્કૂલ, ભૂજ | ૬૭.૦૨ |
| ૬૩ | સરકારી હાઈસ્કૂલ, ધોરી | ૨૩.૮૧ |
| ૬૪ | સરકારી હાઈસ્કૂલ, દહીસરા | ૨૦.૫૯ |
| ૬૫ | સરકારી હાઈસ્કૂલ, દેસલપુર | ૩૭.૫૦ |
| ૬૬ | સરકારી હાઈસ્કૂલ, હાજાપર | ૮૩.૩૩ |
| ૬૭ | સરકારી હાઈસ્કૂલ, જખાઉ | ૬૬.૬૭ |
| ૬૮ | સરકારી હાઈસ્કૂલ, નરેડી | ૧૪.૨૭ |
| ૬૯ | શ્રી શ્યામ કૃષ્ણ વર્મા હાઈસ્કૂલ, પાંઘડ, લખતપ | ૬૭.૪૪ |
| ૭૦ | સરકારી હાઈસ્કૂલ, ગડોલી | ૩૬.૩૬ |
| ૭૧ | સરકારી હાઈસ્કૂલ, પાન્દ્રો | ૦૦.૦૦ |
| ૭૨ | શ્રી કચ્છી લેઉઆ પટેલ કન્યા વિદ્યા મંદિર, ભૂજ | ૯૫.૧૨ |
| ૭૩ | મૌલાના આઝાદ ઉ.બુ. હાઈસ્કૂલ, ગોરેવલ્લી (બન્ની) | ૨૧.૦૫ |
| ૭૪ | કચ્છ વિકાસ સેન્ટ ઝેવિયર્સ ઈંગ્લીશ હાઈસ્કૂલ, રાઈધાનપુર | ૬૫.૨૨ |
| ૭૫ | સરકારી હાઈસ્કૂલ, મોટા કડગરા | ૭૩.૯૧ |
| ૭૬ | સરકારી હાઈસ્કૂલ, મગવાના | ૨૫.૯૩ |
| ૭૭ | સરકારી હાઈસ્કૂલ, દેવીસર | ૨૧.૨૧ |
| ૭૮ | સરકારી હાઈસ્કૂલ, દેસલપુર (ગુંડાલી) | ૪૨.૩૧ |
| ૭૯ | જ્ઞાનદિપ હાઈસ્કૂલ, લોડઈ | ૪૨.૫૫ |
| ૮૦ | માતૃશ્રી બી.જી.એન. ભદ્ર હાઈસ્કૂલ, તેરા | ૯૦.૬૩ |
| ૮૧ | વિવેકાનંદ વિદ્યાલય, ધાનેરી | ૭૫.૦૦ |
| ૮૨ | શ્રી ભદ્ર માધ્યમિક શાળા, ભદ્ર | ૧૫.૩૮ |
| ૮૩ | હિન્દી માધ્યમિક શાળા, ભૂજ | ૪૬.૪૩ |
| ૮૪ | ભડાઈ માધ્યમિક શાળા, ભડાઈ | ૮૪.૦૦ |

| ક્રમ | શાળાનું નામ | પરિણામ |
|---|---|---|
| ૮૫ | વિવિધ લક્ષી વિદ્યાલય, વાયોર | ૪૭.૮૩ |
| ૮૬ | કમલારાણી સાંગી પબ્લીક સ્કૂલ, સાંગીપુરમ | ૧૦૦.૦૦ |
| ૮૭ | જૈનાચાર્ય શ્રી અજરામર હાઈસ્કૂલ, ભૂજ | ૭૬.૪૭ |
| ૮૮ | કેશવ માધ્યમિક શાળા, ભૂજ | ૮૭.૫૦ |
| ૮૯ | શ્યામજી કૃષ્ણ વર્મા વિદ્યાલય, કોવીનગર | ૬૬.૬૭ |
| ૯૦ | શ્રી સ્વામીનારાયણ વિદ્યાલય, બળદીયા | ૯૨.૩૧ |
| ૯૧ | શ્રી સ્વામીનારાયણ વિદ્યાલય, માંડવી | ૯૫.૨૪ |
| ૯૨ | શ્રી કચ્છ સ્વામીનારાયણ માધ્યમિક શાળા, ભુજોડી | ૬૮.૩૫ |
| ૯૩ | માતૃશ્રી આર.ડી. વરસાણી કુમાર વિદ્યાલય, ભૂજ | ૮૮.૮૯ |
| ૯૪ | શ્રી સ્વામિનારાયણ મહાવિદ્યા કેન્દ્ર, કોડાય | ૬૭.૭૪ |
| ૯૫ | જી.એમ.ડી.સી. હાઈસ્કૂલ, સુખપર | ૭૮.૩૧ |
| ૯૬ | જી.એમ.ડી.સી. હાઈસ્કૂલ, વિરાણી મોડી | ૪૬.૬૭ |
| ૯૭ | શ્રી તપોવન ગુરૂકુલ માધ્યમિક વિદ્યાલય, નારાયણ સરોવર | ૨૩.૫૩ |
| ૯૮ | મા આશાપુરા અંગ્રેજી મીડીયમ સ્કૂલ, ભૂજ | ૮૫.૭૧ |
| ૯૯ | શ્રી સ્વામીનારાયણ સેકન્ડરી સ્કૂલ, કોડયપુલ | ૧૦૦.૦૦ |
| ૧૦૦ | શ્રી હરી વિદ્યા મંદિર, રામપરા-વેકરા | ૭૭.૭૮ |
| ૧૦૧ | આમીર ફેસલ ઉ.બુ.હાઈસ્કૂલ, નારા | ૧૬.૬૭ |
| ૧૦૨ | માધ્યમિક શાળા, માધાપર | ૬૩.૬૪ |
| ૧૦૩ | હાજી દલીખાન ઉ.બુ. હાઈસ્કૂલ, હોડકા | ૦૦.૦૦ |
| ૧૦૪ | આમીર ફાહદ ઉ.બુ. હાઈસ્કૂલ, જુના (ટુગા) | ૦૦.૦૦ |
| ૧૦૫ | એ.ઝેડ. અગાડી હાઈસ્કૂલ, ભીરંદીયારા (બન્ની) | ૦૦.૦૦ |
| ૧૦૬ | શેઠ ધરમસિંહ વલ્લભદાસ હાઈસ્કૂલ, અંજાર | ૪૬.૫૦ |
| ૧૦૭ | શેઠ કે. કે.એમ. શેઠીયા કન્યા વિદ્યાલય, અંજાર | ૬૧.૪૦ |
| ૧૦૮ | સ્વામી વિવેકાનંદ વિદ્યાલય, અંજાર | ૫૫.૬૨ |
| ૧૦૯ | મૈત્રી મહાવિદ્યાલય, આદીપુર | ૭૧.૫૪ |
| ૧૧૦ | કન્યા મહાવિદ્યાલય, આદીપુર | ૮૭.૬૯ |
| ૧૧૧ | આદર્શ મહાવિદ્યાલય, ગાંધીધામ | ૬૬.૬૭ |
| ૧૧૨ | ડૉ. સી.જી. હાઈસ્કૂલ, ગાંધીધામ | ૮૫.૪૮ |
| ૧૧૩ | સરદાર વલ્લભભાઈ પટેલ ગુજરાત વિદ્યાલય, ગાંધીધામ | ૭૭.૭૮ |
| ૧૧૪ | મોર્ડન સ્કૂલ, ગાંધીધામ | ૯૨.૯૧ |
| ૧૧૫ | ભારતીય વિદ્યા મંદિર, ન્યુ કંડલા | ૭૨.૪૧ |
| ૧૧૬ | શ્રી ખેડોઈ કેળવણી મંડળ, માધ્યમિક શાળા, ખેડોઈ | ૫૭.૪૧ |
| ૧૧૭ | માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ, ગાંધીધામ | ૯૯.૧૬ |
| ૧૧૮ | શ્રી સરકારી ઉ.મા. શાળા, ભચાઉ | ૨૨.૭૮ |
| ૧૧૯ | શ્રી વર્ધમાન જૈન બોર્ડીંગ એન્ડ વિદ્યાલય, વલ્લભપુરી | ૫૮.૩૩ |
| ૧૨૦ | સાર્વજનિક હાઈસ્કૂલ, ફોર બોય, ભચાઉ | ૫૨.૯૪ |
| ૧૨૧ | એલ. કે. મંડળ સંચાલિત હાઈસ્કૂલ, લાકડીયા | ૬૧.૪૦ |
| ૧૨૨ | જે. એસ. આદર્શ કન્યા મહા વિદ્યાલય, ગાંધીધામ | ૯૩.૦૬ |
| ૧૨૩ | એમ. પી. પટેલ કન્યા વિદ્યાલય, ગાંધીધામ | ૯૧.૪૫ |
| ૧૨૪ | શ્રી વિનય મંદિર ઉ.બુ.શાળા, નિલપર | ૭૫.૬૧ |
| ૧૨૫ | ઉત્તર બુનિયાદી વિદ્યાલય, આદેસર | ૬૮.૭૫ |
| ૧૨૬ | સરસ્વતી વિદ્યાલય, ભચાઉ | ૫૫.૦૦ |
| ૧૨૭ | શ્રી આર. પી. પટેલ ગુજરાત વિદ્યાલય માધ્યમિક શાળા, આદીપુર | ૮૧.૬૧ |
| ૧૨૮ | શ્રી એચ. ડી. ડી. કન્યા વિદ્યાલય, ભચાઉ | ૫૬.૪૭ |
| ૧૨૯ | માધ્યમિક શાળા, સિનાઈ | ૪૪.૯૦ |
| ૧૩૦ | માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ, ગાંધીધામ | ૮૨.૬૧ |
| ૧૩૧ | શ્રી પી.બી. છાયા હાઈસ્કૂલ, સામખીયાળી | ૫૬.૨૫ |

| ક્રમ | શાળાનું નામ | પરિણામ |
|---|---|---|
| ૧૩૨ | સરકારી હાઈસ્કૂલ, પલાનસાવા | ૧૧.૧૧ |
| ૧૩૩ | સરકારી હાઈસ્કૂલ, ફતેહગઢ | ૩૭.૮૪ |
| ૧૩૪ | સરકારી હાઈસ્કૂલ, અઢોઈ | ૪૧.૦૩ |
| ૧૩૫ | સરકારી હાઈસ્કૂલ, દેસલપુર (વંધીયાર) | ૪૧.૪૩ |
| ૧૩૬ | સરકારી હાઈસ્કૂલ, ભીમાસર | ૨૨.૨૨ |
| ૧૩૭ | સરકારી હાઈસ્કૂલ, ઘડોધર | ૩૦.૭૭ |
| ૧૩૮ | સરકારી હાઈસ્કૂલ, મનફરા | ૪૦.૦૦ |
| ૧૩૯ | સેન્ટ ઝેવીયર્સ હાઈસ્કૂલ, આદીપુરા | ૧૦૦.૦૦ |
| ૧૪૦ | સરસ્વતી કન્યા વિદ્યાલય, રાપર | ૭૮.૪૯ |
| ૧૪૧ | સરકારી હાઈસ્કૂલ, મોટીરાવ | ૦૦.૦૦ |
| ૧૪૨ | શ્રી જે. એચ. શુકલ માધ્યમિક શાળા, ગાંધીધામ | ૫૧.૩૫ |
| ૧૪૩ | ઓમ વિદ્યામંદિર, ગાંધીધામ | ૯૨.૩૧ |
| ૧૪૪ | એક્ષલસર મોર્ડન સ્કૂલ, આદીપુર | ૯૬.૦૮ |
| ૧૪૫ | સરકારી હાઈસ્કૂલ, બેલા | ૦૦.૦૦ |
| ૧૪૬ | શ્રી ચિત્રોડ સરકારી માધ્યમિક શાળા, ચિત્રોડ | ૧૯.૦૫ |
| ૧૪૭ | દુધઈ સરકારી હાઈસ્કૂલ, દુધઈ | ૨૬.૪૭ |
| ૧૪૮ | સરકારી હાઈસ્કૂલ, ચાંદીયા | ૧૭.૬૫ |
| ૧૪૯ | પી.એન.એમ્બેસરી હા.સે. ગાંધીધામ | ૯૧.૨૧ |
| ૧૫૦ | સરકારી હાઈસ્કૂલ, ભીમાસરા (ચકાસર) | ૫૮.૩૩ |
| ૧૫૧ | સરકારી હાઈસ્કૂલ, સેકટર-૫, ગાંધીધામ | ૪૦.૦૦ |
| ૧૫૨ | સાંદીપની વિદ્યાલય, શેલારી, તા.રાપર | ૬૬.૬૭ |
| ૧૫૩ | સરસ્વતી વિદ્યાલય, લોન્દ્રાણી | ૦૦.૦૦ |
| ૧૫૪ | શ્રી સરસ્વતી વિનય મંદિર રામ વાવ | ૨૭.૫૯ |
| ૧૫૫ | પીર હાજી અલીસા બુખારી હાઈસ્કૂલ, સામખીયારી, ભચાઉ | ૫૦.૦૦ |
| ૧૫૬ | સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, આદીપુર | ૯૬.૧૫ |
| ૧૫૭ | શ્રી સરસ્વતી વિદ્યાલય, ગાંધીધામ | ૫૨.૬૩ |
| ૧૫૮ | શ્રી શાન્તીકુંજ માધ્યમિક શાળા, | ૯૨.૫૯ |
| ૧૫૯ | સાર્વજનિક વિદ્યાલય, ગેડી | ૧૫.૦૦ |
| ૧૬૦ | શ્રી વિવિધ લક્ષી વિદ્યા મંદિર, સાંઈ | ૩૦.૦૦ |
| ૧૬૧ | મારૂતી માધ્યમિક શાળા, ગાંધીધામ | ૪૮.૭૮ |
| ૧૬૨ | શ્રી ઉત્તમ સેકન્ડરી ઈંગ્લીશ સ્કૂલ, અંજાર | ૧૦૦.૦૦ |
| ૧૬૩ | શ્રી કચ્છ મચ્છોયા અહિર માધ્યમિક શાળા, આદીપુર | ૮૮.૦૦ |
| ૧૬૪ | આનંદ માર્ગ હાઈસ્કૂલ, ગાંધીધામ | ૯૧.૧૮ |
| ૧૬૫ | શ્રી હરી ઓમ વિદ્યામંદિર, સુશિલગામ | ૨૫.૦૦ |
| ૧૬૬ | સરદાર પટેલ બી.એસ.ઈ.એસ.સે. સ્કૂલ, ઈન્દ્રપ્રસ્થ, દુધારાઈ | ૫૯.૪૬ |
| ૧૬૭ | શ્રી સાર્વજનિક માધ્યમિક શાળા, પરાગપુર | ૩૬.૮૪ |
| ૧૬૮ | ઠક્કર એન.પી. હાઈસ્કૂલ,અંજાર | ૯૫.૦૦ |
| ૧૬૯ | કેમ્બ્રીજ ઈંગ્લીશ સ્કૂલ, | ૯૩.૧૦ |
| ૧૭૦ | શ્રી હરીહર વિદ્યાલય, ઝારૂ | ૧૬.૬૭ |
| ૧૭૧ | શ્રી ગોપાલાનંદજી વિદ્યામંદિર | ૯૬.૬૭ |
| ૧૭૨ | સાધુ વાસવાણી ઈન્ટર નેશનલ સ્કૂલ, ગાંધીધામ | ૯૨.૦૦ |
| ૧૭૩ | સાધુ હિરાનંદ નવરલાલ એકેડમી, આદીપુર | ૧૦૦.૦૦ |
| ૧૭૪ | અંબે ભવનાથ હાઈસ્કૂલ, ગાંધીધામ | ૬૬.૬૭ |
| ૧૭૫ | સેન્ટ ઝેવીયર્સ હાઈસ્કૂલ, ભચાઉ | ૧૦૦.૦૦ |
| ૧૭૬ | આદર્શ નિવાસી શાળા (કુમાર), વલ્લભપુરા, રાપર | ૧૧.૧૧ |

**પત્રક-૨**

**માર્ચ-૨૦૦૪ ઉ.મા.પ્ર. પરીક્ષાનું શાળાવાર પરિણામ**

| ક્રમ | શાળાનું નામ | પરિણામ | |
|---|---|---|---|
| | | સામાન્ય પ્રવાહ | વિજ્ઞાન પ્રવાહ |
| ૧ | ડૉ. સી.જી. હાઈસ્કૂલ, ગાંધીધામ | ૭૦.૭૩ | - - |
| ૨ | શેઠખીમજી રામદાસ કન્યા વિદ્યાલય, માંડવી | ૯૬.૮૮ | ૭૩.૪૦ |
| ૩ | કન્યા મહાવિદ્યાલય, આદીપુર | ૯૫.૮૩ | - - |
| ૪ | એસ.વી.પી. ગુજરાત વિદ્યાલય | ૮૫.૬૩ | ૭૦૬૭ |
| ૫ | આદર્શ મહાવિદ્યાલય હા.સે.સ્કૂલ, ગાંધીધામ | ૫૨.૦૦ | ૮૩.૫૨ |
| ૬ | સ્વામી વિવેકાનંદ વિદ્યાલય અંજાર | ૩૩.૩૩ | ૫૪.૬૭ |
| ૭ | શ્રી કે.કે. એમ. એસ. સરકારી ગર્લ્સહાઈ., અંજાર | ૮૬.૦૬ | - - |
| ૮ | શેઠ આર. ડી. હા.સે. સ્કૂલ, મુન્દ્રા | ૮૮.૭૪ | - - |
| ૯ | મોર્ડન સ્કૂલ હા.સે. સ્કૂલ, ગાંધીધામ | ૮૭.૦૫ | - - |
| ૧૦ | શેઠ કે. વી. હા. સે. સ્કૂલ, નખત્રાણા | ૮૮.૯૮ | ૦૦.૦૦ |
| ૧૧ | શ્રી ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલ, | ૮૮.૮૧ | ૫૭.૫૮ |
| ૧૨ | એમ.એસ.વી. હાઈસ્કૂલ, માધાપર, તા. ભૂજ | ૭૯.૭૦ | - - |
| ૧૩ | શેઠ ડી.એન.ટ્રસ્ટ સંચાલિત શેઠ વિરજી દેસાઈ, ભૂજ | ૮૧.૬૫ | ૬૮.૮૨ |
| ૧૪ | આલ્ફ્રેડ હાઈસ્કૂલ, ભૂજ | ૫૪.૩૨ | ૪૨.૨૪ |
| ૧૫ | શ્રી માતૃછાયા કન્યા વિદ્યાલય, ભૂજ | ૯૬.૮૦ | ૬૭.૧૪ |
| ૧૬ | શેઠ ગો.તે. હાઈસ્કૂલ, માંડવી | ૮૫.૮૦ | - - |
| ૧૭ | શ્રી રામકૃષ્ણ હાઈસ્કૂલ, માંડવી | ૮૯.૮૦ | - - |
| ૧૮ | જેઠીબેન સિપાહી માલાની આદર્શ કન્યા મહાવિદ્યાલય, ગાંધીનગર | ૯૧.૪૯ | - - |
| ૧૯ | શેઠ ડી. વી. હાઈસ્કૂલ, અંજાર | ૭૧.૨૬ | - - |
| ૨૦ | સરકારી ઉ. મા.શાળા, રાપર | ૬૦.૭૮ | - - |
| ૨૧ | એમ. પી. પટેલ કન્યા વિદ્યાલય, ગાંધીધામ | ૮૯.૬૩ | - - |
| ૨૨ | શ્રી સરકારી ઉ.મા.શાળા, ભચાઉ | ૨૫.૭૪ | - - |
| ૨૩ | વી. એલ. હાઈસ્કૂલ, નળીયા, તા. અબડાસા | ૮૭.૫૦ | - - |
| ૨૪ | સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, ભૂજ | ૮૭.૩૦ | ૬૮.૦૯ |
| ૨૫ | શ્રી સરસ્વતમ સંચાલિત દયાપર હાઈસ્કૂલ, દયાપર | ૭૮.૨૬ | - - |
| ૨૬ | કુમારી ટી.ડી. વેલાણી ગર્લ્સ હાઈસ્કૂલ, નખત્રાણા | ૧૦૦.૦ | - - |
| ૨૭ | શ્રી સ્વામીનારાયણ વિદ્યાલય, ભૂજ | ૮૧.૧૮ | - - |
| ૨૮ | ગઢસીસા બાઈ એમ.બી.જે. એન્ડ શ્રી એચ.કે. પુજાણી હાઈસ્કૂલ, માંડવી | ૯૪.૯૪ | - - |
| ૨૯ | શેઠ જે.પી. એન્ડ એલ.એસ. હાઈસ્કૂલ, | ૭૨.૮૮ | - - |
| ૩૦ | સરકારી ઉ.મા.શાળા, ડુમરા | ૫૫.૫૬ | - - |
| ૩૧ | શ્રી બી.બી.એમ. સરકારી હાઈસ્કૂલ, | ૮૫.૨૯ | - - |
| ૩૨ | શ્રી સાકરબાઈ ખીમજી રામદાસ મેમો. સ્કૂલ, માંડવી | ૮૨.૬૧ | - - |
| ૩૩ | માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ, ગાંધીધામ | ૮૬.૮૨ | - - |
| ૩૪ | ઓમ વિદ્યામંદિર, ગાંધીધામ | ૮૯.૦૯ | ૭૪.૧૯ |
| ૩૫ | શ્રી કચ્છી લેઉઆ પટેલ કન્યા વિદ્યામંદિર, ભૂજ | ૧૦૦.૦૦ | - - |
| ૩૬ | સંત શ્રી ખેતાબાપા હાઈસ્કૂલ, વિઠોન | ૯૮.૬૧ | - - |
| ૩૭ | શ્રી સરકારી  ઉ.મા.શાળા, દેસલપર (વાઘ્ય) | ૬૪.૮૬ | - - |
| ૩૮ | શ્રી લકડીયા કેળવણી મંડળ સંચાલિત હાઈસ્કૂલ, લકડીયા | ૬૩.૮૯ | - - |
| ૩૯ | સરકારી ઉ.મા.શાળા દહીસરા | ૧૦૦.૦૦ | - - |
| ૪૦ | શ્રી એસ.એસ. નૈત્રા હાઈસ્કૂલ, નૈત્રા | ૯૬.૧૫ | - - |
| ૪૧ | પી. એન. અમરસી હાઈસ્કૂલ, ગાંધીધામ | ૯૦.૭૪ | ૭૧.૪૩ |
| ૪૨ | શ્રીમતી એચ.ડી.ડી.ગર્લ્સ હાઈસ્કૂલ, ભચાઉ | ૭૫.૭૬ | - - |
| ૪૩ | શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા વિદ્યાલય, લખપત | ૭૪.૫૮ | - - |
| ૪૪ | શ્રી સરસ્વતી વિદ્યાલય, ગાંધીધામ | ૮૫.૦૦ | - - |

| | | | |
|---|---|---|---|
| ૪૫ | સરસ્વતી કન્યા વિદ્યાલય, રાપર | ૯૨.૦૦ | - - |
| ૪૬ | મૈત્રી મહાવિદ્યાલય, આદીપુર | ૬૯.૨૩ | - - |
| ૪૭ | શ્રી કચ્છ સ્વામીનારાયણ મા. શાળા, ભુજોડી | ૯૩.૩૩ | - - |
| ૪૮ | શ્રી સ્વામીનારાયણ વિદ્યાલય, માંડવી | ૧૦૦.૦૦ | - - |
| ૪૯ | સરદાર પટેલ હા.સે. સ્કૂલ, ઈન્દ્રપ્રસ્થ, અંજાર | ૮૦.૦૦ | - - |
| ૫૦ | માતૃશ્રી આર.ડી. વરણાસર્સી બોઈઝ વિદ્યાલય, ભૂજ | ૯૯.૦૨ | - - |
| ૫૧ | ધી મુસ્લીમ એજ્યુકેશન એન્ડ વેલફેર સોસાયટી સંચાલિત એચ.એસ.સ્કૂલ, ભૂજ | ૬૩.૪૧ | - - |
| ૫૨ | શ્રી કચ્છ મચ્છોયા આહિર સમાજ સંચાલિત મા.શા. આદીપુર | ૧૦૦.૦૦ | - - |
| ૫૩ | શ્રી સ્વામીનારાયણ મહાવિદ્યા કેન્દ્ર હા.સે. સ્કૂલ, કોડાઈકુઈ | ૧૦૦.૦૦ | - - |
| ૫૪ | કેમ્બ્રીજ અંગ્રેજી સ્કૂલ, ગાંધીધામ | - - | ૩૪.૬૨ |

-------------

**કચ્છ જિલ્લામાં સ્વૈચ્છિક સંસ્થાઓ ધ્વારા બનાવેલ શાળાના ઓરડાઓ**

અતારાંકિતઃ ૩૧૯૬ (૨૮-૧-૨૦૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) કચ્છ જિલ્લામાં ભૂકંપ આવ્યા બાદ કઈ કઈ પ્રાથમિક શાળાઓમાં ફાઈબર, પ્રીફેબ્રીકેટેડ, તેમજ અન્ય વસ્તુઓના હંગામી ઓરડાઓ કેટ કેટલી સંખ્યામાં સરકાર, સ્વૈચ્છિક સંસ્થાઓ, દાતાઓ ધ્વારા આપવામાં આવ્યા,
(૨) એજ જગ્યાએ પાકા નવા ઓરડા બનતાં હંગામી ઓરડાઓની શી વ્યવસ્થા કરવામાં આવશે, કઈ પધ્ધતિએ નિકાલ કરવામાં આવશે, અને
(૩) આવા હંગામી ઓરડાઓનું વેચાણ થયેલ છે કે કેમ, જો હા, તો કેટલી રકમની આવક થઈ છે?

**શિક્ષણ મંત્રીશ્રી** (૪-૩-૦૫) :

(૧) સામેલ પત્રક-અ અને પત્રક-બ મુજબ
(૨) હંગામી ઓરડાઓના નિકાલ અંગેની કાર્યવાહી જિલ્લા શિક્ષણ સમિતિએ કરવાની રહે છે. આ બાબતે પ્રાથમિક શિક્ષણ નિયામક ધ્વારા જિલ્લાને સુચના આપવામાં આવેલ છે.
(૩) ના જી, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

-------------

**અગિયારમા નાણા પંચ હેઠળ ફાળવાયેલ ગ્રાન્ટ**

અતારાંકિત : ૨૯૩૧ (૨૮-૧-૨૦૦૫) **શ્રી અમીત ચાવડા (બોરસદ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) અગિયારમા નાણાપંચ હેઠળ રાજ્યને વર્ષવાર કેટલી ગ્રાન્ટ મળી,
(૨) વિભાગવાર કેટલી ફાળવણી કરવામાં આવી તથા કેટલો ખર્ચ કરવામાં આવેલ છે,
(૩) જિલ્લા દીઠ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, તા. ૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો,
(૪) વણવપરાયેલ ગ્રાન્ટ અન્ય જિલ્લાને માંગણી મુજબ ફાળવી શકાય, અને
(૫) આવકના સ્ત્રોત ન હોવાથી લોકફાળો ભરવામાં અસમર્થ પંચાયતોને નાણાપંચની યોજનાઓનો લાભ આપવા કોઈ પધ્ધતિ છે?

**નાણા મંત્રીશ્રી** (૯-૩-૦૫) :

(૧) અગિયારમા નાણાપંચ હેઠળ રાજ્યને નીચે મુજબ ગ્રાન્ટ મળેલ છે.

| **ક્રમ** | **વર્ષ** | **રકમ (રૂા. લાખમાં)** |
|---|---|---|
| ૧ | ૨૦૦-૨૦૦૧ | ૧૭૧૮૪૧.૫૦ |
| ૨ | ૨૦૦૧-૨૦૦૨ | ૧૭૩૫૨૩.૮૮ |
| ૩ | ૨૦૦૨-૨૦૦૩ | ૧૬૨૯૪૩.૮૦ |
| ૪ | ૨૦૦૩-૨૦૦૪ | ૨૧૫૨૭૫.૬૯ |
| ૫ | ૨૦૦૪-૨૦૦૫ | ૨૭૩૦૯૩.૩૧ |

(૨) નાણા પંચના અહેવાલ અને તેમાં સૂચવ્યા મુજબના નીચેની વિગતે વિભાગવાર ફાળવણી કરવામાં આવી છે. જ્યારે બાકીની રકમ ખર્ચના આધારે જરૂરીયાત મુજબ ફાળવવામાં આવે છે.

| **વિભાગ** | **ફાળવાયેલ રકમ (કરોડમાં)** | **થયેલ ખર્ચ (કરોડમાં)** |
|---|---|---|
| ગૃહ વિભાગ | ૭૭.૦૦ | ૨૮.૩૭ |
| કાયદા વિભાગ | ૪૮.૨૨ | ૨૪.૭૫ |
| નાણા વિભાગ | ૧૭.૦૦ | ૧૬.૯૨ |
| આરોગ્ય અને પરિવાર કલ્યાણ | ૧૮.૦૦ | ૭.૩૮ |
| શિક્ષણ વિભાગ | ૧૯.૭૫ | ૯.૦૦ |
| રમત-ગમત યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિનો વિભાગ | ૧૧.૦૦ | ૬.૧૪ |
| નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ | ૩૦.૮૮ | ૨૦.૮૧ |
| પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૩૪૮.૦૪ | ૨૭૦.૫૯ |
| શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૧૪૫.૫૨ | ૧૩૭.૭૫ |
| મહેસૂલ વિભાગ | ૬૬૮.૮૮ | ૬૬૮.૮૮ |

(૩) નાણા પંચની ગ્રાન્ટ વિભાગવાર ફાળવવામાં આવે છે. જિલ્લાદીઠ આપવામાં આવતી નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) હા જી.

--------------

## રાજ્યમાં જુદા જુદા નિગમો પાસેથી વેચાણવેરાની બાકી રકમ

અતારાંકિત : ૩૧૫૦ (૨૮-૧-૨૦૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ રાજ્યમાં આવેલ કયા કયા નિગમો પાસેથી વેચાણવેરાની કેટલી રકમ લેણી નીકળે છે,

(૨) આ લેણી રકમ કયા કયા વર્ષની કેટકેટલા નિગમવાર બાકી છે, અને

(૩) બાકીની લેણી રકમ વસુલ લેવા સરકારે શું શું કાર્યવાહી નિગમવાર કરી છે?

**નાણા મંત્રીશ્રી** (૯-૩-૦૫) :

(૧) અને (૨) સામેલ પત્રક-૧ મુજબ

(૩) સામેલ પત્રક-૨ મુજબ

**પત્રક-૧**

| **ક્રમ** | **નિગમનું નામ** | **કયા કયા વર્ષની બાકી** | **રકમ રૂા. કરોડમાં** |
|---|---|---|---|
| ૧ | ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન | ૯૩-૯૪ | ૦.૨૨ |
| | | ૯૫-૯૬ | ૦.૯૯ |
| | | ૯૭-૯૮ | ૦.૦૨ |
| ૨ | ગુજરાત સ્મોલ ઈન્ડ. કોર્પો. | ૯૫-૯૬ | ૧૬.૫૬ |
| | | ૯૬-૯૭ | ૪૩.૨૮ |
| | | ૯૯-૨૦૦૦ | ૦.૬૧ |
| ૩ | ગુજરાત સ્ટેટ સીડઝ કોર્પો | ૯૬-૯૭ | ૦.૦૭ |
| ૪ | ગુજરાત સ્ટેટ સીવીલ સપ્લાય કોર્પો. | ૯૬-૯૭ | ૦.૩૮ |
| ૫ | ગુજરાત રાજ્ય નાણાંકીય નિગમ | ૯૫-૯૬ | ૩.૩૭ |
| | | ૯૬-૯૭ | ૨૨.૭૮ |
| | | ૯૮-૯૯ | ૧૨.૪૦ |
| | | ૯૯-૨૦૦૦ | ૦.૨૧ |
| ૬ | ગુજરાત કોમ્યુનિકેશન એન્ડ ઈલેકટ્રોનીકસ લી. | ૯૪-૯૫ થી ૨૦૦૧-૦૨ | ૨.૪૬ |
| | | ૮૬-૮૭ થી ૨૦૦૧-૦૨ | ૬.૦૯ |

------------

**પત્રક-૨**

| ક્રમ | નિગમનું નામ | કરેલ કાર્યવાહીની વિગત |
|---|---|---|
| ૧ | ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન | ૧. નામદાર હાઈકોર્ટનો મનાઈ હુકમ. નાયબ વેચાણવેરા કમિશનરશ્રી વિવાદનો મનાઈ હુકમ છે. તેથી હાલ વસુલવાની રહેતી નથી.<br>૨. એસ.એમ.આર.ની દરખાસ્ત કરેલ છે. એકમના કેસમાં ૧૯૮૫/૮૬ થી ૧૯૮૮/૮૯ના વર્ષ માટે પસાર કરેલ આકારણી આદેશો સમયમર્યાદા બહારના હોઈ નામદાર પંચના તા. ૧૩-૧૦-૦૩ના ચુકાદા મુજબ સેટ એસાઈડ થયેલ હોઈ વસુલાત કરવાની રહેતી નથી. |
| ૨ | ગુજરાત સ્મોલ ઈન્ડ. કોર્પોરેશન | ૧. એકમની ગાંધીનગર, વડોદરા, સુરત, રાજકોટ, વિઠ્ઠલઉદ્યોગનગર ખાતે આવેલ સ્થાવર મિલકતો ટાંચમાં લીધેલ છે.<br>૨. એકમના દેણદાર પાસેથી રૂા. ૨૩.૩૮ લાખ માટે ડેબ્ટ રીકવરી ટ્રીબ્યુનલ પાસે દાવો નોંધાવેલ છે.<br>૩. એકમના બાકી દેવાદારો સામે થર્ડ પાર્ટી રીકવરી માટે નોટીસ કાઢેલ છે. |
| ૩ | ગુજરાત સ્ટેટ સીવીલ સપ્લાય કોર્પોરેશન | નામદાર વેચાણવેરા પંચનો મનાઈ હુકમ હોઈ વસુલાત કરવાની રહેતી નથી. |
| ૪ | ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ | વસુલાત અંગેની કાર્યવાહી ચાલુ છે. નિગમ સાથે વિચાર વિમર્શ ચાલે છે. |
| ૫ | ગુજરાત કોમ્યુનિકેશન એન્ડ ઈલેકટ્રોનીકસ લી. | ૧-૪-૦૨ થી એકમ બંધ છે. ઓફીશીયલ લીકવીડેટર (ડેબ્ટ રીકવરી) સમક્ષ દાવો નોંધાવેલ છે. |
| ૬ | ગુજરાત સીડઝ કોર્પોરેશન | વસુલાતની કાર્યવાહી નાયબ વેચાણવેરા કમિશનરશ્રી વિવાદ મહેસાણા સમક્ષ વિવાદ દાખલ કરેલ છે. |

----------------

## રાજ્યમાં ગરીબીરેખા હેઠળ જીવતા કુટુંબોને રેશનકાર્ડ

અતારાંકિતઃ૨૭૬૦ (૧૪-૧૦-૨૦૦૪) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર): માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં ઓગષ્ટ-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વરસમાં ગરીબી રેખા હેઠળ કેટલા કુટુંબોને રેશનકાર્ડ આપવામાં આવ્યા,

(૨) કેટલા કુટુંબોને રેશનકાર્ડ આપવાના બાકી છે,

(૩) કયા કારણોસર બાકી છે, અને

(૪) બાકી રહેતા કુટુંબોને રેશનકાર્ડ કયાં સુધીમાં આપવાનું આયોજન છે ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૧૫-૨-૨૦૦૫) :

(૧) ૪,૫૬,૬૯૭ કુટુંબોને છેલ્લા બે વર્ષમાં બી.પી.એલ. રેશનકાર્ડ આપવામાં આવેલ છે.

(૨) સરકારના તા. ૧-૧-૦૨ના પરિપત્રથી બી. પી. એલ. રેશનકાર્ડ આપવાની નીતિ નકકી કરવામાં આવેલ છે. સદરહુ ઠરાવની જોગવાઈઓ મુજબ અગાઉ જે કુટુંબો બી.પી.એલ. રેશનકાર્ડ ધારણ કરતા હતા અને નવા કોમ્પ્યુટરાઈઝડ રેશનકાર્ડ મેળવવા માટે અરજી કરેલ હોય તેવા કુટુંબોને બી. પી. એલ. રેશનકાર્ડ આપવાનું નકકી કરવામાં આવેલ છે. આ મુજબ જે બી.પી.એલ. કુટુંબોએ બી.પી.એલ. રેશનકાર્ડ મેળવવા અરજી કરેલ છે તેવા તમામ કુટુંબોને બી.પી.એલ. રેશનકાર્ડ આપવવામાં આવેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## રાપર તાલુકામાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ગરીબોને આપવાના ઘઉં વગે કરવાનું કૌભાંડ

અતારાંકિત : ૩૦૪૯ (૧૧-૧-૨૦૦૫) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જીલ્લાના રાપર તાલુકામાં રેશનકાર્ડ ધારકોને આપવાના ૨૭૫૦ મે. ટન ઘઉંનો જથ્થો વ્યાજબી ભાવની દુકાન સાથે સાંઠગાંઠ રચી વગે કરી દેવાનું મોટું કૌભાંડ સને ડીસેમ્બર-૨૦૦૪માં થયું તે હકીકત સાચી છે,

(૨) આ કૌભાંડમાં સરકારી કર્મચારીઓ કોણ કોણ સંડોવાયેલા છે તથા કયા દુકાનદારો સંડોવાયા છે,
(૩) સરકારી અનાજ ખરીદનાર ઈસમો કોણ કોણ છે,
(૪) તમામ ગુન્હાહીતો સામે શા પગલાં લેવામાં આવેલ છે, અને
(૫) આવા કૌભાંડ થતાં અટકે તે માટે શી વ્યવસ્થા ગોઠવેલ છે ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૨૧-૨-૨૦૦૫) :

(૧) માસ ડીસેમ્બર-૨૦૦૪માં આવું કૌભાંડ થયેલ નથી. પરંતુ આ કૌભાંડ માસ મે-૦૩ થી ડીસેમ્બર-૦૩ના ગાળામાં બનેલ છે અને ડીસેમ્બર-૦૩માં પ્રકાશમાં આવતાં ૮૯૦ મે.ટન ખનીજનો જથ્થો વધુ ઉપાડ થઈ ગયાનું જાહેર થતાં અત્રથી આ બાબતે કાર્યવાહી કરવા જણાવતા મામલતદારશ્રી રાપર તરફથી નીચે મુજબ પોલિસ ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે.

(૧) FIR નં. ૬૦/૦૪ તા. ૨-૭-૦૪
FFW ના ઘઉં ૯૨૬૦ કિવ. કિંમત રૂા. ૧૮,૫૨,૦૦૦-૦૦
FFW ના ચોખા ૩૫૬૬ કિવ. કિંમત રૂા. ૧૦,૬૯,૮૦૦-૦૦

(૨) FIR નં. ૭૪/૦૪ તા.૨૬-૭-૦૪
FFW ના ઘઉં ૧૪૧૫ કિવ.
FFWના ચોખા ૩૫૬૬ કિવ.
} કિંમત રૂા. ૧૩,૪૫,૫૦૦-૦૦

(૩) FIR નં. ૧૨૯/૦૪ તા. ૨૧-૧૨-૦૪ SGRY ના ઘઉં ૩૩૩૮.૮ કિવ.
કિંમત રૂા. ૧૬,૮૬,૦૯૪-૦૦

(૨) આ કૌભાંડમાં નીચે મુજબની વિગતોના સરકારી કર્મચારીઓ તથા વાજબી ભાવના દુકાનદારો સંડોવાયા છે જેમની સામે પોલિસ ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. અને નીચેની વિગતે ગુન્હા રજીસ્ટરથી જે તે પોલિસ સ્ટેશન પર ફરીયાદ નોંધાવવામાં આવેલ છે.

(A) FIR નં. ૬૦/૦૪ તા. ૨-૭-૨૦૦૪
(૧) શ્રી કે. કે. નિનામા, નાયબ મામલતદાર પુરવઠા રાપર
(૨) શ્રી આર. આર. કાયસ્થ ગોડાઉન મેનેજરશ્રી રાપર
(૩) શ્રી ધમેન્દ્રસિંહ બી. વાઘેલા (વા.ભા.દુ.) બાલાસર
(૪) શ્રી પ્રાણલાલ હેમચંદ વોરા (વા.ભા.દુ.) ગાગોદર
(૫) શ્રી અમરચંદ કુંવરજી વોરા (વા.ભા.દુ.) કીડીયાનગર
(૬) શ્રી નાનાલાલ ચુનીલાલ વોરા (વા.ભા.દુ.) કાનમેર, ગાગોદરા
(૭) શ્રી સંચાલકશ્રી જેસડા જુથસહકારી મં. (વા.ભા.દુ.) ત્રંબો
(૮) શ્રી અમૃતલાલ વી. વોરા (વા.ભા.દુ) કીડીયાનગર

(B) FIR નં. ૭૪/૦૪ તા. ૨૬-૭-૨૦૦૪
(૧) કે. કે. નિનામા, નાયબ મામલતદાર પુરવઠા રાપર
(૨) શ્રી આર. આર. કાયસ્થ ગોડાઉન મેનેજરશ્રી રાપર
(૩) શ્રી પ્રાણલાલ પુરુષોતમ ઠકકર (વા.ભા.દુ.) ભીમાસર. તા. રાપર

(C) FIR નં. ૧૨૯/૦૪ તા. ૨૧-૧૨-૨૦૦૪
(૧) શ્રી એમ. બી. પટેલ ગોડાઉન કલાર્ક, રાપર
(૨) આર. આર. કાયસ્થ ગોડાઉન મેનેજરશ્રી રાપર
(૩) શ્રી ડી. કે. ઠાકોર ઈન્ચાર્જ ના. મા. પુરવઠા, રાપર
(૪) શ્રી એમ. એસ. દવે ના. મા. પુરવઠા, રાપર
(૫) શ્રી કે. કે. નિનામા, નાયબ મામલતદાર પુરવઠા રાપર
(૬) શ્રી એ. બી. વ્યાસ કલાર્ક મામલતદાર કચેરી રાપર

વાજબી ભાવના દુકાનદારો :-
(૧) શ્રી પ્રાણલાલ હેમચંદ વોરા (વા.ભા.દુ.) ગાગોદર
(૨) શ્રી નાનાલાલ ચુનીલાલ વોરા (વા.ભા.દુ.) કાનમેર
(૩) શ્રી અમૃતલાલ વી. વોરા (વા.ભા.દુ.) કીડીયાનગર
(૪) શ્રી અમરચંદ કુંવરજી વોરા (વા.ભા.દુ.) કીડીયાનગર
(૫) શ્રી મયુરકાંત એસ. મકવાણા (વા.ભા.દુ.) આણંદપર
(૬) શ્રી દશરથસિંહ બી. વાઘેલા (વા.ભા.દુ.) બેલા

(૭) શ્રી લક્ષ્મણસિંહ જે. વાઘેલા (વા.ભા.દુ.) બેલા
(૮) શ્રીમતી કપિલાબા એચ. વાઘેલા (વા.ભા.દુ.) લોદ્રાણી

(૩) આ બાબતે પ્રશ્ન-૨ ની વિગતે પોલિસ ફરિયાદ નોંધાવવામાં આવેલ છે. પોલિસ તપાસ ચાલુ છે.

(૪) તમામ ગુન્હાહીતો સામે રાપર પોલિસ સ્ટેશનમાં FIR નં. ૬૦/૦૪ તા. ૨-૭-૦૪, FIR નં.૭૪/૦૪ તા. ૨૬-૭-૦૪ તથા FIR નં. ૧૨૯/૦૪ તા. ૨૧-૧૨-૦૪ થી પોલિસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. અને તપાસની કાર્યવાહી ચાલુ છે જીલ્લા કક્ષાએથી (૧) શ્રી ધમેન્દ્રસિંહ બી. વાઘેલા (વા.ભા.દુ.) બાલાસર (૨) શ્રી પ્રાણલાલ હેમચંદ વોરા (વા.ભા.દુ.) ગાગોદર (૩) શ્રી અમરચંદ કુંવરજી વોરા (વા.ભા.દુ.) કીડીયાનગર (૪) શ્રી નાનાલાલ ચુનીલાલ વોરા (વા.ભા.દુ.) કાનમેર (૫) શ્રી સંચાલકશ્રી જેસડા જુથસહકારી મં. (વા.ભા.દુ.) ત્રંબો (૬) શ્રી અમૃતલાલ વી. વોરા (વા.ભા.દુ.) કીડીયાનગર ના પરવાના/દુકાન રદ કરવામાં આવેલ છે. જયારે (૧) શ્રી મયુરકાંત એસ. મકવાણા (વા.ભા.દુ.) આણંદપર (૨) શ્રી દશરથસિંહ બી. વાઘેલા (વા.ભા.દુ.) બેલા (૩) શ્રી લક્ષ્મણસિંહ જે. વાઘેલા (વા.ભા.દુ.) બેલા (૪) શ્રીમતી કપિલાબા એચ. વાઘેલા (વા.ભા.દુ.) લોદ્રાણીના પરવાના ૯૦ (નેવું) દિવસ માટે મોકુફ રાખવામાં આવેલ છે.

(૫) આવા કૌભાંડ થતાં અટકે તે માટે સરકારશ્રી ધ્વારા આપવામાં આવતી પરમીટ કે જેના આધારે ગોડાઉનમાંથી જથ્થો મેળવવામાં આવે છે તે પ્રથા સરકારશ્રી ધ્વારા ચાલુ કરવામાં આવેલ છે. અને ગોડાઉન સાથે માસના અંતે અપાયેલ જથ્થાની પરમીટોની વિગતો તથા જથ્થાની ખરાઈ કરવામાં આવે છે. તેમજ ગોડાઉન ઉપરથી વેપારીઓ ધ્વારા લેવામાં આવેલ જથ્થાનું મેળવણું કરવામાં આવે છે તથા આ બાબતે નિગમના જનરલ મેનેજરશ્રી ધ્વારા પણ તા. ૬-૫-૨૦૦૪ થી પરિપત્ર બહાર પાડવામાં આવેલ છે. જે મુજબ કાર્યવાહી ચાલુ છે પરંતુ આ કૌભાંડમાં આ પ્રથાનો અમલ નહી કરવામાં આવતા આવું કૌભાંડ થવા પામેલ છે. જે માટે જવાબદાર સરકારી કર્મચારી/દુકાનદારો સામે શિક્ષાત્મક પગલાં ના ભાગરૂપે ઉપરોક્ત પોલિસ ફરિયાદ નોંધાવવામાં આવેલ છે અને પોલિસ તપાસ ચાલુ છે.

------------

## જીલ્લા પુરવઠા તંત્રો ધ્વારા વ્યાજબી ભાવની દુકાનો તથા પેટ્રોલ પંપો પર દરોડા

અતારાંકિત : ૩૨૩૫ (૧૨-૨-૨૦૦૫) **શ્રી કાંતિભાઈ ભા. તડવી (સંખેડા)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જીલ્લા પુરવઠા અધિકારી કચેરીઓ ધ્વારા વ્યાજબી ભાવની દુકાનોની અને પેટ્રોલ-ડીઝલ પંપોની સન ૨૦૦૪ માં કેટલી તપાસ કરવામાં આવી, અને,
(૨) જવાબદારો સામે શું પગલાં લેવામાં આવ્યા છે ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૧૧-૩-૨૦૦૫) :

(૧) વ્યાજબી ભાવની દુકાનો :- ૧૯૩૬૪ તપાસણી
પેટ્રોલ પંપો :- ૧૨૫૩ તપાસણી

**(૨) વ્યાજબી ભાવની દુકાનો સામે :-**
(ક) રૂ. ૨૬,૮૫,૧૯૪-૦૦ કિંમતનો જથ્થો કબજે લીધો તે પૈકી
(ખ) રૂ. ૧૦,૩૩,૧૭૧-૦૦ ની કિંમતનો જથ્થો રાજ્યસાત
(ગ) રૂ. ૨૭,૦૬,૩૭૫-૦૦ પરવાના અનામત રાજ્યસાત
(ઘ) ૧૮૯ પરવાના મોકૂફ
(ચ) ૮૪ પરવાના રદ
(છ) ૫૮ કોર્ટ કેસ
(જ) ૧૪ કેસમાં અટકાયત

**પેટ્રોલ પંપો સામે :-**
(ક) રૂ. ૯૭,૨૬,૭૯૮-૦૦ કિંમતનો જથ્થો કબજે લીધો તે પૈકી
(ખ) રૂ. ૧૬,૩૨,૨૭૨-૦૦ ની કિંમતનો જથ્થો રાજ્યસાત
(ગ) રૂ. ૧,૩૦,૮૨૧-૦૦ પરવાના અનામત રાજ્યસાત
(ઘ) ૧૫ પરવાના મોકુફ
(ચ) ૨ પરવાના રદ
(છ) ૧૭ કોર્ટ કેસ
(જ) ૧ કેસમાં અટકાયત

## રાજ્યમાં રીલાયન્સના પેટ્રોલ પંપો

અતારાંકિતઃ૩૨૫૪ (૮-૨-૨૦૦૫) **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર(ઉત્તર): માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) વર્ષ-૨૦૦૩ અને વર્ષ-૨૦૦૪ માં રીલાયન્સ બ્રાન્ડના કેટલા પેટ્રોલ-ડીઝલ પંપો રાજ્યમાં ચાલુ થયા,

(૨) આ પંપોને રાજ્ય સરકારના કયા કાયદાઓ લાગુ પાડવામાં આવેલ છે, અને કાયદા ભંગની કેટલી ફરીયાદો મળેલ છે, અને

(૩) આ ફરીયાદોના અનુસંધાને શું પગલાં ભરવામાં આવ્યા ?

**અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૧૧-૩-૨૦૦૫) :

(૧) વર્ષ-૨૦૦૩માં ૧(એક) અને વર્ષ-૨૦૦૪માં ૬૬ (છાસઠ)

(૨) ગુજરાત આવશ્યક ચીજવસ્તુ (પરવાના, નિયંત્રણ અને જથ્થા જાહેરાત) આદેશ-૧૯૮૧ લાગુ પાડવામાં આવેલ છે. કાયદાભંગની કોઈ ફરિયાદ મળેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## રાજ્યના અનાજના ગોડાઉનોમાં અનાજની ઘટ

અતારાંકિતઃ૩૨૬૩ (૧-૩-૨૦૦૫) **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં અનાજના ગોડાઉનોમાં સને ૨૦૦૨-૦૩ અને ૨૦૦૩-૦૪ના વર્ષમાં અનાજની કેટલી ઘટ પડી છે,

(૨) આ ગોડાઉનોમાં સડી જવાના કારણે કેટલા અનાજનો બગાડ થયો છે, અને

(૩) આ નુકશાન અટકાવવા સરકારે શું પગલાં લીધા છે ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૧૧-૩-૨૦૦૫) :

(૧)

| **વર્ષ** | **ઘટ** |
|---|---|
| ૨૦૦૨-૦૩ | ૧૫.૧૫ મે.ટન |
| ૨૦૦૩-૦૪ | ૧૦.૩૪ મે.ટન |

(૨) સડી જવાના કારણે કોઈ અનાજનો બગાડ થયેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## લાખણકા ગામની સીમમાં મોરની હત્યા

અતારાંકિત : ૨૮૯૩ (૧૦-૧૨-૨૦૦૪) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ભાવનગર તાલુકાના લાખણકા ગામની સીમમાં મે-૨૦૦૪ ની સાલમાં આઠ જેટલા રાષ્ટ્રીય પક્ષી મોરની ઝેરી ચણ આપી હત્યા કરવામાં આવી હતી તે હકીકત સાચી છે,

(૨) આ ગુન્હાહીત કામના આરોપી કોણ છે, અને

(૩) આ આરોપી સામે અત્યાર સુધીમાં શા પગલા લેવાય છે ?

**વન મંત્રીશ્રી** (૧૫-૨-૨૦૦૫) :

(૧) ના જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## કચ્છ જિલ્લામાં ઘોરડ પક્ષીની અભ્યારણમાં પક્ષીની ગણતરી

અતારાંકિત : ૨૯૧૦ (૭-૧-૨૦૦૫) **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લાના ઘોરડ પક્ષી અભ્યારણ્યમાં ભયજનક સ્થિતિમાં મુકાયેલા ઘોરડ પક્ષીની ગણતરી સપ્ટેમ્બર, ૨૦૦૪માં થઈ હતી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો વસ્તી ગણતરી મુજબ કેટલા ઘોરડ પક્ષી નોંધાયા, અને

(૩) ઘોરડ પક્ષીને રક્ષણ આપવા તથા તેની વસ્તી વધારવા શું આયોજન થયું છે ?

**વન મંત્રીશ્રી** (૧૭-૨-૨૦૦૫) :

(૧) હા જી.

(૨) વસ્તી ગણતરી દરમિયાન ૪૫ ઘોરડ પક્ષી નોંધાયેલા છે.

(૩) ઘોરડ પક્ષીને રક્ષણ આપવા તથા તેની વસ્તી વધારવા માટે કચ્છ બસ્ટાર્ડ અભયારણ્યના સંરક્ષણ અને વિકાસના મેનેજમેન્ટ પ્લાનમાં દર્શાવ્યા મુજબ કામગીરી કરવામાં આવે છે.

------------

## રાષ્ટ્રિય પક્ષી મોરનો ગેરકાનૂની શિકાર

અતારાંકિત : ૨૯૧૯ (૧૧-૧-૨૦૦૫) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જાન્યુઆરી, ૨૦૦૩ થી નવેમ્બર, ૦૪ સુધીમાં રાજ્યમાં રાષ્ટ્રીય પક્ષી મોરના ગેરકાનુની શિકાર તથા મારી નાખવાની કેટલી ઘટનાઓ નોંધાઈ,

(૨) આ ઘટનાઓમાં કુલ કેટલા મોરના મૃત્યુ થયા,

(૩) ગુન્હાહિતોને શી શીક્ષા થઈ, અને

(૪) રાષ્ટ્રીય પક્ષીને રક્ષણ માટે વન વિભાગ દ્વારા શાં નકકર પગલાં લેવામાં આવ્યા ?

**વન મંત્રીશ્રી** (૧૪-૩-૨૦૦૫) :

(૧) મોરના ગેરકાનુની શિકારની ૧૮ ઘટના તેમજ અન્ય રીતે મારી નાંખવાની ૧૪ ઘટનાઓ નોંધાઈ છે.

(૨) કુલ ૧૨૯ મોરના મૃત્યુ થયા છે.

(૩) તહોમતદારો સામે કાયદાકીય કાર્યવાહી કરી તેમની સામે કેસ દાખલ કરવામાં આવેલ છે.

(૪) વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ (સુધારેલ ૨૦૦૨) હેઠળ વન્ય પ્રાણી તથા રાષ્ટ્રીય પક્ષી મોર જેવા પક્ષીઓના રક્ષણ માટે કરવામાં આવેલ જોગવાઈઓની સંબંધિત તમામ કર્મચારી/અધિકારીઓને પૂરતી તકેદારી રાખવાની સૂચના આપવામાં આવેલ છે. સ્થાનિક ગામ લોકોમાં પણ કાયદાકીય જોગવાઈઓની જાણ વધે તે માટે સતત પ્રયત્નો કરવામાં આવે છે.

------------

## ખાંભા તાલુકાનાં જામકા ગામમાં કૂવામાં પડી ગયેલ દીપડો

અતારાંકિત : ૨૯૪૪ (૧૧-૧-૨૦૦૫) **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ (જૂનાગઢ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જુલાઈ, ૨૦૦૪ માં ખાંભા તાલુકામા જામકા ગામમાં આવેલ કૂવામાં દીપડો પડી ગયો હતો તે હકીકત સાચી છે,

(૨) વન્ય જીવો માટે ભયજનક ખુલ્લા કુવા ફરતે સંરક્ષિત પાળ બાંધવા વન વિભાગને શી યોજના કરી છે, અને

(૩) આ જવાબદારી કોને સોંપાઈ છે ?

**વન મંત્રીશ્રી** (૧૭-૨-૨૦૦૫) :

(૧) હા, જી.

(૨) વન્યજીવો ભયજનક ખુલ્લા કુવામાં ન પડે તે માટે જંગલ વિસ્તાર અંદર આવેલ કુવાને પારાપેટ દિવાલ અથવા પત્થરની આડશ અથવા જાળી કે ઝાડી ઝાંખરાની આડશ ઉભી કરીને કુવાને સુરક્ષિત કરવામાં આવે છે.

(૩) અભયારણ્ય વિસ્તારની અંદરના ભાગે ખુલ્લા કુવા સુરક્ષિત કરવાની કાર્યવાહી વન વિભાગ ધ્વારા કરવામાં આવે છે. જ્યારે અભયારણ્ય વિસ્તારથી ૧૦ કિ.મી. અંદર આવતા કુવાઓનું સર્વેક્ષણ કરી કુવાના માલિકોને કુવા સુરક્ષિત કરવા માટે સમજણ આપવામાં આવેલ છે.

------------

## કામરેજ તાલુકાના ટીંબા ગામે પક્ષીઓના રહસ્યમય રીતે મૃત્યુ

અતારાંકિત : ૨૯૪૬ (૧૧-૨-૨૦૦૫) **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ (જૂનાગઢ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કામરેજ તાલુકાના ટીંબા ગામે જુલાઈ, ૨૦૦૪ માં જુદા જુદા પક્ષીઓ રહસ્યમય રીતે ઉડતા જમીન પર પટકાઈને સતત મૃત્યુ પામ્યા હતા, તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) જો હા, તો આ રહસ્યમય રીતે પક્ષીઓના મોતની વૈજ્ઞાનિક તપાસ કરવામાં આવી છે કેકેમ, તેમજ તેના શા કારણો બહાર આવ્યા છે, અને

(૩) સતત મૃત્યુ પામતા પક્ષીઓને બચાવી લેવા શું આયોજન થયું છે ?

**વન મંત્રીશ્રી** (૨૧-૨-૨૦૦૫) :

(૧) હા જી.

(૨) પક્ષીઓના મોતની વૈજ્ઞાનિક તપાસ વેટરનરી ડોકટર દ્વારા કરવામાં આવેલ છે, જેમાં રાનીકેટ નામના વાયરસ દ્વારા ફેલાતો રોગ કારણભૂત રોગ હોવાનું માલુમ પડેલ છે.

(૩) વન ખાતા દ્વારા આવા પક્ષીઓને બચાવી લેવા પૂરતી તકેદારી રાખવામાં આવે છે તેમજ આવા બનાવો બને તો તાત્કાલિક સારવાર અને નિયંત્રણ માટેની કાર્યવાહી કરવામાં આવે છે.

------------

## વ્યારા તાલુકાના વાંકલા - પાટી ગામે દીપડાની હત્યા

અતારાંકિત : ૨૯૪૯ (૧૮-૧-૨૦૦૫) **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ(જૂનાગઢ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જુલાઈ, ૨૦૦૪ માં વ્યારા તાલુકાના વાંકલા-પાટી-ગામે ગામલોકોએ દીપડાને ઘેરી લઈ તેના પર સામુહિક હુમલો કરી તેનું મોત નીપજાવ્યું હતું, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો દિપડાને વન ખાતાએ કાળજીપૂર્વક પાંજરામાં પૂરી રક્ષિત ન બતાવવાના શા કારણો છે,

(૩) દિપડાની હત્યા માટે કોને જવાબદાર ગણવામાં આવ્યા છે, અને

(૪) વન ખાતાના જવાબદાર કર્મચારીઓ સામે દિપડાને રક્ષણ ન આપવા બદલ શાં પગલાં લેવાયા છે ?

**વન મંત્રીશ્રી** (૨૧-૨-૨૦૦૫) :

(૧) હા, જી.

(૨) દિપડાની જે જગ્યાએ હત્યા થયેલ તે દિવસ પહેલાં આ વિસ્તારમાં દિપડાએ દેખા દીધી ન હતી કે કોઈ ઉપદ્રવ કરેલ ન હતો. જેથી પાંજરામાં પૂરી શકાયેલ નથી.

(૩) દિપડાની હત્યા માટે વોંકલા ગામના ૬ (છ) ઈસમોને જવાબદાર ગણવામાં આવેલ છે, જેની સામે ન્યાયિક ધોરણે કાર્યવાહી ચાલુ છે.

(૪) આ દિપડાની હત્યાના બનાવમાં વન ખાતાના કોઈ કર્મચારી આંતરીક કે બાહ્ય રીતે સંડોવાયેલ ન હોઈ, તેમની સામે પગલાં ભરવાના રહેતા નથી. ઉપર જણાવ્યા પ્રમાણે વનખાતાના કર્મચારીઓને રક્ષણ ન આપવા બદલ જવાબદાર ગણી શકાય નહી.

------------

## કચ્છ જિલ્લાનાં અભયારણ્યમાંથી પાણી પુરવઠો, વીજળી અને ટેલિફોનની લાઈન પસાર કરવા બાબત

અતારાંકિત : ૩૦૮૨ (૨૦-૧-૨૦૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લામાં અભ્યારણ્યમાંથી રોડ, પાણીપુરવઠા, વીજળી, ટેલીફોન લાઈનો પસાર કરવા પ્રતિબંધ રાખવામાં આવેલ છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેનાં કારણો શાં શાં છે,

(૩) કયા કયા ગામો અભ્યારણ્યના કારણે રોડ, પાણી પુરવઠા, વીજળી, ટેલીફોન લાઈનોથી વંચિત છે, અને

(૪) આવા ગામોની સુવિધા આપવા માટે સરકારે શાં શાં પગલાં ભર્યા છે ?

**વન મંત્રીશ્રી** (૧૯-૨-૨૦૦૫) :

(૧) અભયારણ્ય વિસ્તારમાંથી સાર્વજનિક વિકાસના કામો કરવા માટે સક્ષમ અધિકારીની પુર્વ મંજુરી વગર કામ કરવા ઉપર પ્રતિબંધ છે.

(૨) અભયારણ્ય જાહેર થયેલ વિસ્તારમાં વન્યપ્રાણી વિકાસના કામો સિવાયના કામો કરવા અંગે વન્યપ્રાણી (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૭૨નો સુધારો ૨૦૦૨ લાગુ પડે છે. આવા કામો કરવા માટે આ અધિનિયમ હેઠળ જાહેર કરેલા સક્ષમ અધિકારીની પુર્વ મંજુરી લેવી ફરજીયાત બને છે.

(૩) અભયારણ્યના કારણે જાહેર સુખાકારીથી વંચિત રહી ગયા હોય એવા કોઈપણ ગામ માટેની દરખાસ્ત વન વિભાગ પાસે પડતર નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## કચ્છ જિલ્લામાં સુરખાબ નગર તરીકે વિકસાવવાના સ્થળો

અતારાંકિત : ૩૦૮૯ (૨૭-૧-૨૦૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લામાં સુરખાબનગર તરીકે વિકસાવવા કયા સ્થળની પસંદગી કરવામાં આવી છે,
(૨) કયા કયા સ્થળને સુરખાબનગર તરીકે વિકસાવવા સરકાર પાસે દરખાસ્તો પડતર છે,
(૩) કયા કયા સ્થળને સુરખાબનગર તરીકે માન્યતા આપવામાં આવી છે, અને
(૪) ડિસેમ્બર, ૦૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરખાબ નગરના વિકાસ માટે શી શી પ્રવૃત્તિઓ માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**વન મંત્રીશ્રી** (૧૭-૨-૨૦૦૫) :

(૧) કચ્છ જિલ્લામાં સુરખાબ નગર તરીકે કોઈ સ્થળની પસંદગી કરવામાં આવેલ નથી. પરંતુ કચ્છના મોટા રણમાં અંડાબેટમાં મોટી સંખ્યામાં સુરખાબ માળા કરી સંવર્ધન કરે છે, જેને સુરખાબ નગર તરીકે ઓળખવામાં આવે છે.
(૨) આવી કોઈ દરખાસ્ત નથી, જેથી પડતર રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) કચ્છના મોટા રણમાં અંડાબેટમાં સુરખાબ કુદરતી રીતે જ જગ્યા પસંદ કરી માળા બાંધી સંવર્ધન કરે છે, તેને "ફલેમીગો સીટી" (સુરખાબ નગર) તરીકે ઓળખવામાં આવે છે.
(૪) અંડાબેટનો સુરખાબનગરી તરીકે ઓળખાતો વિસ્તાર કચ્છના મોટારણના અભયારણ્ય વિસ્તારમાં આવેલ હોઈ તેના વિકાસ અને વ્યવસ્થાપન મુજબ કામગીરી કરવામાં આવે છે. જેમાં સુરખાબનું રક્ષણ કરવાની કામગીરીનો પણ સમાવેશ થાય છે. સુરખાબનગર માટે અલગથી કોઈ યોજના નથી.

------------

## વન વિભાગે જંગલ વિસ્તારમાં ખનીજોની લીઝ અને સંશોધન માટે આપેલ મંજૂરી

અતારાંકિત : ૩૨૩ ૯ (૧૨-૨-૨૦૦૫) **શ્રી ધનસુખભાઈ ના. પટેલ(ઓલપાડ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં વન વિભાગે તા. ૩૦-૪-૦૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ગામોમાં જંગલ વિસ્તારમાં ખનીજોની લીઝો તથા સંશોધન માટે મંજૂરી આપેલ છે કે કેમ, અને
(૨) સંશોધન માટે મંજૂરી આપેલ ગામો પૈકી કેટલા ગામોમાં સરકાર સંશોધન તથા અન્ય સંશોધન ખનીજ અને ખાણ ખાતાએ પૂર્ણ કરેલ છે. તથા કેટલા ગામોમાં સંશોધન બાકી છે ?

**વન મંત્રીશ્રી** (૯-૩-૨૦૦૫) :

(૧) કોઈ મંજૂરી આપેલ નથી.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## અમદાવાદ સિવિલ હોસ્પિટલના 'છ' જેટલા કંપાઉન્ડોમાં પાંચ હજાર વૃક્ષ વાવવા બાબત

અતારાંકિત : ૨૬૮૩ (૧૪-૯-૨૦૦૪) **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જુલાઈ ૨૦૦૨માં અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં આવેલા જુદા જુદા છ કપાઉન્ડોમાં પાંચ હજાર જેટલા વૃક્ષો વાવવામાં આવ્યા હતા તે હકીકત સાચી છે,
(૨) આ વૃક્ષોને ઉછેરવાની બે જવાબદારીના કારણે તે નાશ પામ્યા છે તથા પાંજરા પણ ચોરાઈ ગયા છે તે હકીકત સાચી છે,
(૩) આ વૃક્ષો ઉછેરવાની જવાબદારી કોને સોપાઈ હતી તથા સામે શાં પગલાં લેવાયા છે, અને
(૪) વૃક્ષો નાશ થવાથી તથા પાંજરા ચોરાઈ જવાથી સરકારને કુલ કેટલું નુકશાન થયેલ છે ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૧૭-૨-૨૦૦૫) :

(૧) હા, જી
(૨) મોટાભાગના રોપા સખત ગરમી અને પાણીની તંગીને કારણે નાશ પામ્યા છે, અમદાવાદ સિવિલ હોસ્પિટલ તરફથી પાંજરા લગાવવામાં આવેલ ન હતા. તેથી આ અંગેની માહિતિ રેકર્ડ પર ઉપલબ્ધ નથી.
(૩) 'છ' કપાઉન્ડ-બી. જે. મેડીકલ કાલેજ, કેન્સર હોસ્પિટલ, આંખ વિભાગ, ડેન્ટલ કોલેજ, પેરાપ્લેજીયા હોસ્પિટલ તથા કિડની હોસ્પિટલ કંપાઉન્ડમાં વૃક્ષો રોપવામાં આવેલ, રોપા અંગે સબંધિત સંસ્થાએ દેખરેખ રાખવાની થાય વ્યકિગત રીતે કોઈને જવાબદારી સોપેલ ન હતી.

(૪) રૂા. ૧૮,૪૧૫-૦૦ નું નુકશાન થયેલ છે.

------------

## ગાંધીધામ શહેરમાં બોગસ તબીબો

અતારાંકિત : ૨૮૮૯ (૧૨-૨-૨૦૦૫) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ગાંધીધામ શહેરમાં ઓકટોબર-૦૪ ની સ્થિતિએ ત્રણ મહિનામાં ૪૦ જેટલા બોગસ તબીબો કામ કરે છે તે હકીકત સાચી છે,

(૨) તે પૈકી ત્રણ બોગસ તબીબો તા. ૨૬-૧૦-૦૪ ના રોજ પકડી પાડવામાં આવ્યા હતા તે હકીકત સાચી છે,

(૩) આ ત્રણ બોગસ તબીબો કોણ કોણ અને તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) બાકી ના ૩૭ બોગસ તબીબોને કયાં સુધીમાં ઝડપી લેવાશે ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૭-૩-૨૦૦૫) :

(૧) અને (૨) નાજી, ચાલીસ નહી. પણ સાત બોગસ તબીબો પકડાયેલ છે જેની સામે પોલીસ કેસ નોંધાયેલ છે.

(૩) ત્રણ નહી પણ સાત બોગસ તબીબો પકડાયેલ છે જેમની સામે પોલીસ કેસ નોધાવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | ડોકટરનું નામ | નોંધાયેલ પોલીસ કેસ નંબર-તારીખ |
|---|---|---|
| ૧ | ડો. અશોક દામજી મહેશ્વરી | એફ.આર.નં.૩૧૨૭ તા. ૧૪-૭-૦૪ |
| ૨ | ડો. ઈશ્વર એસ. મહેશ્વરી | એફ.આર.નં.૩૧૨૬ તા. ૧૪-૭-૦૪ |
| ૩ | ડો. રાજેશ રાઠોડ | એફ.આર.નં.૩૧૨૮ તા. ૧૪-૭-૦૪ |
| ૪ | ડો. મમતાબેન ચંદુ પંચવાની | એફ.આર.નં.૩૧૨૯ તા. ૧૪-૭-૦૪ |
| ૫ | ડો. મનુભાઈ પુરસુમલ ગદાર | પોલીસ ફરિયાદ નોંધાવેલ છે. |
| ૬ | ડો. મોહનભાઈ એ. પટેલ | પોલીસ ફરિયાદ નોંધાવેલ છે. |
| ૭ | ડો. અશોક સુખુમલ આશવાની | પોલીસ ફરિયાદ નોંધાવેલ છે. |

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## કચ્છ જીલ્લામાં બોગસ તબીબો

અતારાંકિત : ૨૮૯૦ (૨૪-૧૨-૨૦૦૪) **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જીલ્લામાં ઓકટોબર-૦૪ની સ્થિતિએ ત્રણ મહિનામાં કુલ-૨૨ બોગસ તબીબો આરોગ્ય તંત્રએ પકડી પાડેલ છે તે હકીકત સાચી છે,

(૨) આ બોગસ તબીબો કોણ કોણ હતા, કેટલા સમયથી પ્રેકટીસ કરતા હતા,

(૩) બોગસ તબીબોને શી શિક્ષા થઈ છે, અને

(૪) જીલ્લાના બાકી રહેતા બોગસ તબીબોને કયાં સુધીમાં શોધી કાઢવામાં આવશે ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૭-૩-૨૦૦૫)

(૧) હા જી, કુલ-૨૪ (ચોવીસ) સામે પોલીસ ફરીયાદ કરતા પાલીસે તપાસ હાથ ધરી છે.

(૨) આ સાથે યાદી સામેલ છે. (પત્રક-અ)

(૩) તમામ સામે પોલીસ ફરિયાદ કરવામાં આવેલ છે.

(૪) તંત્ર ધ્વારા વખતો વખત ચેકીંગ અને ફરિયાદ મળતા પગલાં લેવામાં આવે છે.

**પત્રક-અ**

| ક્રમ | બોગસ ડોકટરનું નામ | કેટલા સમયથી પ્રેકટીસ કરતા હતા |
|---|---|---|
| ૧ | ડો. મનુભાઈ પુરસુમલ ગદાર<br>૯૬, બી, આદિપુર-કચ્છ | માહિતી ઉપલબ્ધ નથી |
| ૨ | ડો. અશોક સુખુમલ આશવાની<br>૪૦, લાલમંદિર આદિપુર-કચ્છ | માહિતી ઉપલબ્ધ નથી |
| ૩ | ડો. મહેન્દ્ર આર. યાદવ | માહિતી ઉપલબ્ધ નથી |

| | | |
|---|---|---|
| | બજારચોક, સામખીયાળી તા. ભચાઉ | |
| ૪ | ડો. લવશીભાઈ સુરેશચંદ્ર વૈધ<br>નવજીવન હોસ્પીટલ, નવા બસ સ્ટેશન સામે, હાઈવે રોડ, સામખીયાળી તા. ભચાઉ | માહિતી ઉપલબ્ધ નથી |
| ૫ | ડો. હીરાલાલ માવજીભાઈ દરજી<br>બજારચોક, લાકડીયા, તા. ભચાઉ | માહિતી ઉપલબ્ધ નથી |
| ૬ | ડો. સખાભાઈ ધારશીભાઈ જીવાણી<br>સેલારી નાકા, રાપર-કચ્છ | માહિતી ઉપલબ્ધ નથી |
| ૭ | ડો. ચંદુલાલ ગોરધનભાઈ પરીખ<br>બસ સ્ટેશન પાસે, રાપર | માહિતી ઉપલબ્ધ નથી |
| ૮ | ડો. ઘનશ્યામભાઈ ગોહિલ<br>મુ. આડેસર, તા. રાપર | માહિતી ઉપલબ્ધ નથી |
| ૯ | શ્રી અઝીઝ ઉમર થેઈમ<br>બજાર ચોક, સુમરાસર તા. ભૂજ | માહિતી ઉપલબ્ધ નથી |
| ૧૦ | શ્રીમતી માલતીબેન એન. મહેતા<br>રે. મંદીર સામે, સુમરાસર તા.ભૂજ | માહિતી ઉપલબ્ધ નથી |
| ૧૧ | શ્રી દીપક શાંતિલાલ ઠકકર<br>બજારચોક, સુમરાસર તા.ભૂજ | માહિતી ઉપલબ્ધ નથી |
| ૧૨ | ડો. રમેશ ડાહયાભાઈ પ્રજાપતિ (રાઠોડ)<br>ચિત્રકુટ-૧, મકા-૧/૪ અંજાર | માહિતી ઉપલબ્ધ નથી |
| ૧૩ | ડો. વેલજીભાઈ એમ. બોદાણીયા<br>ભૂજ, ઓકટ્રોય ચોકી, દબડારોડ અંજાર | માહિતી ઉપલબ્ધ નથી |
| ૧૪ | ડો. દિલીપ મણીલાલ ભેદા<br>મફતનગર, અંજાર-કચ્છ | માહિતી ઉપલબ્ધ નથી |
| ૧૫ | ડો. અડવાણી દવાખાનું<br>કૃપા કલીનીક, કોર્ટ સામે, અશ્વમેઘ કોમ્પલેક્ષ, નવા અંજાર-કચ્છ | માહિતી ઉપલબ્ધ નથી |
| ૧૬ | ડો. કિશોરભાઈ સોની<br>બ્રહમક્ષત્રીય કોમ્પલેક્ષ, નગરપાલીકા ઓફીસ સામે,<br>અંજાર-કચ્છ | માહિતી ઉપલબ્ધ નથી |
| ૧૭ | ડો. અશોક દામજી મહેશ્વરી<br>સીયારામ દવાખાનું, ઓસ્લો ટોકીઝ, ગાંધીધામ-કચ્છ | માહિતી ઉપલબ્ધ નથી |
| ૧૮ | ડો. ઈશ્વર એસ. મહેશ્વરી<br>મહેશ્વરીનગર, ગાંધીધામ | માહિતી ઉપલબ્ધ નથી |
| ૧૯ | ડો. રાજેશભાઈ રાઠોડ<br>આર્દશ કલીનીક સેકટર નં. ૫, ગાંધીધામ-કચ્છ | માહિતી ઉપલબ્ધ નથી |
| ૨૦ | શ્રી મમતાબેન ચંદુ પંચવાની<br>સપના નગર, ગાંધીધામ | માહિતી ઉપલબ્ધ નથી |
| ૨૧ | મોહનભાઈ એ. પટેલ<br>જુની સુંદરપુરી પાસે, ગાંધીધામ | માહિતી ઉપલબ્ધ નથી |
| ૨૨ | ડો. રાજેશ એસ. પટેલ<br>કુકમા, તા. ભૂજ | માહિતી ઉપલબ્ધ નથી |
| ૨૩ | શ્રી મહેન્દ્ર આર. જેઠી<br>કુકમા, તા. ભૂજ | માહિતી ઉપલબ્ધ નથી |
| ૨૪ | ડો. યોગાનંદ બિહારીલાલ ગુપ્તા<br>મુન્દ્રા, કચ્છ | માહિતી ઉપલબ્ધ નથી |

------------

### વડોદરા ખાતેની વેકસીન ઈન્સ્ટિટયુટના સાધનોને કાર્યશીલ બનાવવા બાબત

અતારાંકિતઃ૨૯૦૧ (૨૪-૧૨-૨૦૦૪) **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) વડોદરા વેકસીન ઈન્સ્ટિટયુટ સંસ્થામાં હાલ વેકસીન બનાવવા માટે કયા કયા સાધનો ઉપલબ્ધ છે જે ઉપલબ્ધ સાધનો છે તેનો પુરેપુરો ઉપયોગ કરવામાં આવે છે કે કેમ,

(૨) જો, ના તો તેના શા કારણો છે, અને

(૩) ઉપલબ્ધ સાધનો કાર્યરત થાય તે માટે સરકારનું શું આયોજન છે ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૧૭-૨-૨૦૦૫) :

(૧) (૨) અને (૩) : વડોદરા વેકસીન ઈન્સ્ટિટયુટ સંસ્થામાં વેડકસીન બનાવવા માટે એમપ્યુલ ફીલીંગ અને સીલીંગ મશીન એમપ્યુલ વોશીગ મશીન, રેફ્રીજરેટર્સ, વોકઈન કુલર, ઓટં કલેવ, ઈન્કયુબેટર ડ્રાયર, જનરેટર ૧૨૫ કે.વી.એ. અને આઈ.બી.આર.બોઈલર વિગેરે સાઘનો ઉપલબ્ધ છે, પરંતુ કેન્દ્ર સરકારના પરીપત્ર મુજબ હડકવા વિરોધી રસી ન્યુરલ, ટીશ્યુ વેકસીનનું ઉત્પાદન બંધ કરવામાં આવતાં હાલમાં આ ઉપલબ્ધ સાધનોના ઉપયોગ કરવામાં આવતો નથી, અને ઉપલબ્ધ સાધનો પૈકી જરૂરીયાત મુજબના સાધનો અન્ય કચેરીમાં તબદીલ કરવા અંગે જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

------------

### વડોદરાની વેકસીન ઈન્સ્ટિટયુટમાં ટીસ્યુ કલ્ચર વેકસીનનું ઉત્પાદન

અતારાંકિત :૨૯૦૪ (૨૪-૧૨-૨૦૦૪) **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી): માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં વડોદરા ખાતે વેકસીન ઈન્સ્ટિટયુટ ધ્વારા કલ્ચર વેકસીન ઉત્પાદન કરવા શી કાર્યવાહી કરવામાં આવી છે,

(૨) આ અન્વયે ટી.સી.એ.આર.વી. તાત્કાલિક ઉપલબ્ધ થાય તે માટે રાજ્ય સરકારે કાઈ યોજના બનાવી છે કે કેમ,

(૩) જો હા, તો તેની વિગતો શું છે ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૧૭-૨-૨૦૦૫) :

(૧) હાલમાં ટીસ્યુ કલ્ચર વેકસીનનું ઉત્પાદન "સીડ વાયરસ" અને તાંત્રિક સ્ટાફના અભાવે થઈ શકે તેમ નથી જેથી ભારત સરકારના તા.૧૯-૩-૨૦૦૪ ના જાહેરનામાં અનુસાર તા. ૩૧-૧૨-૨૦૦૪ થી ન્યુરલ ટીસ્યુ વેકસીન (એન.ટી.વી.) નું ઉત્પાદન બંધ કરેલ છે.

(૨) હા, જી

(૩) રાજ્ય સરકાર ધ્વારા ન્યુરલ ટીસ્યુ વેકસીનને ધીમે ધીમે ફ્રેઝ આઉટ કરી ટીસ્યુ કલ્ચર વેકસીન વાપરવા જરૂરી ટીસ્યુ કલ્ચર વેકસીન ખરીદવા કાર્યવાહી કરવામાં આવેલ છે.

------------

### માંડવી તાલુકાના ડોણ ગામે સરકારી દવાખાનામાં ડોકટરની ખાલી જગ્યા

અતારાંકિતઃ ૨૯૧૩ (૭-૧-૨૦૦૫) **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૧-૨-૦૫ની સ્થિતિએ કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના ડોણ ગામે સરકારી દવાખાનામાં છેલ્લા પાંચ વર્ષમાં ડોકટર નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના શાં કારણો છે,

(૩) આ તાલુકાને વર્ષો સુધી તબીબી સેવાથી વંચિત રાખવાનાં શાં કારણો છે, અને તેને માટે કોને જવાબદાર ગણવામાં આવ્યા છે, અને

(૪) આ દવાખાનામાં કયારે ડોકટર મુકવામાં આવશે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૧૫-૨-૨૦૦૫) :

(૧) ના, જી

(૨) પ્રશ્ન રહેતો નથી.

(૩) કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના ડોણ સરકારી દવાખાનાના તબીબી અધિકારી, વર્ગ-રની આ જગ્યા તા. ૩૦-૯-૦૨ થી ખાલી રહેવા પામેલ છે. આ જગ્યાનો હવાલો શેરડી દવાખાનાનાં તબીબ હસ્તક છે જેથી તાલુકાને તબીબી સેવાઓ ઉપલબ્ધ હોઈ જવાબદારીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) રાજ્ય હસ્તકની તબીબી કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારો ઉપલબ્ધ થયે અથવા વોક-ઈન-ઈન્ટરવ્યુમાં યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા ઈચ્છુક ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

------------

**માંડવી તાલુકાના મોટી ભાડાઈ દવાખાનામાં ડોકટર ન હોવા બાબત**

અતારાંકિત : ૨૯૧૪ (૭-૧-૨૦૦૫) **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના મોટી ભાડાઈ દવાખાનામાં નવેમ્બર-૦૪ ની સ્થિતિએ છેલ્લા બાર મહિનાથી ડોકટર નથી હકીકત સાચી છે,

(૨) આ વિસ્તારને તબીબી સેવાથી વંચિત રાખવાના શા કારણ છે, અને

(૩) આ દવાખાનામાં ડોકટરની જગ્યા કયાં સુધીમાં ભરવામાં આવશે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૧૫-૨-૨૦૦૫) :

(૧) ના, જી

(૨) મોટી ભાડાઈ દવાખાનામાં તબીબી અધિકારીની જગ્યા તા. ૧-૮-૦૪ સુધી ભરાયેલ હતી. હાલ આ દવાખાનાનો વધારાનો હવાલો તબીબી અધિકારી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ગોધરા, તા. માંડવીને સોંપી તેઓ પાસેથી કામગીરી લેવામાં આવે છે.

(૩) રાજ્ય હસ્તકની તબીબી કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારો ઉપલબ્ધ થયે અથવા વોક-ઈન-ઈન્ટરવ્યુમાં યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા ઈચ્છુક ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

------------

**મધ્યસ્થ ઔષધ ભંડાર તંત્ર સામે ખરીદીમાં ગેરરીતી અંગેની ફરીયાદા**

અતારાંકિત : ૩૨૩૮ (૮-૨-૨૦૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) મધ્યસ્થ ઔષધ ભંડાર તંત્રની ખરીદીની કાર્યવાહી સામે નિયમ ભંગ/ અનિયમીતતા /અન્યાય/ ભ્રષ્ટાચાર બાબતો તા. ૩૦-૯-૦૪ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન, મંત્રીશ્રી/સચિવશ્રીને કુલ કેટલી ફરીયાદો મળેલ છે, અને

(૨) ઉપરોકત ફરિયાદો પૈકી ધારાસભ્યશ્રીઓની કેટલી ફરિયાદો હતી ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૧૪-૩-૨૦૦૫) :

(૧) ૫૦ ફરિયાદો

(૨) ૧૧ ફરિયાદો

------------

**પાળિયાદ પાસેના બોળી ગામેથી ગૌ-વંશ પકડવા બાબત**

અતારાંકિત : ૨૯૫૫ (૩૧-૧-૨૦૦૫) **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ (જૂનાગઢ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) ભાવનગર જિલ્લાના પાળિયાદ પાસેના બોળી ગામ પાસેથી જુલાઈ ૨૦૦૪ માં ગેરકાનૂની કતલખાનામાં લઈ જવાતા ૧૨ જેટલા ગૌવંશ બળદોને બાતમીને આધારે પોલીસે બચાવી લીધા હતા તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ ગેરકાનૂની કામમાં સંડોવાયેલા આરોપી, ખરીદ વેચાણ કરનારાઓ, સંડોવાયેલ વાહન સામે શાં ઉદાહરણ રૂપ પગલાં લેવાયા છે, અને

(૩) રાજ્યમાં વારંવાર થતી ગાવંશ હત્યા તથા હેરાફેરી રોકવા શું આયોજન થયું છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૫-૩-૨૦૦૫) :

(૧) હા, જી.

(૨) પ્રાણી પ્રત્યે ઘાતકીપણાની કાયદા ૧૯૬૦ની કલમ ૧૧ ડી.એલ. મુજબ તથા આઈપીસી કલમ ૨૭૯ મુજબ ગુન્હો દાખલ કરી ત્રણ આરોપીઓની ધરપકડ કરી ગુન્હામાં સંડોવાયેલ ટ્રક કબ્જે કરી આરોપીઓ વિરુધ્ધ નામદાર કોર્ટમાં કેસ કમીટ કરવામાં આવેલ છે.

(૩) હાઈવે ઉપર પોલીસનું પેટ્રોલીંગ ગોઠવવામાં આવેલ છે. તેમજ આવા ગેરકાયદેસર પ્રાણીઓની હેરાફેરી કરતાં વાહનો મળી આવ્યે કાયદેસર કાર્યવાહી કરવામાં આવે છે.

------------

## વડોદરા, અમદાવાદ, રાજકોટ અને સુરતમાં આત્મહત્યાના બનાવો

અતારાંકિત : ૨૯૭૦ (૩૧-૧-૨૦૦૫) **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર): માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યના વડોદરા, અમદાવાદ, રાજકોટ અને સુરત શહેરમાં ઓગષ્ટ, સપ્ટેમ્બર અને ઓકટોબર-૦૪માં ૫૦ ઉપરાંત આત્મહત્યાના બનાવો બન્યા તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ બનાવો પાછળના કારણો તપાસી નિવારવા કોઈ પગલાં લીધા છે ખરાં, અને

(૩) જો હા, તો કયા પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૧૪-૨-૨૦૦૫) :

(૧) હા.

(૨) હા.

(૩) આવા બનાવોમાં મહિલાઓના આત્મહત્યાના બનાવો મહત્તમ હોય છે જે નિવારવા તથા મહિલાઓમાં જનજાગૃતિ લાવવા મહિલા પોલીસ સ્ટેશન ખોલવામાં આવેલ છે તેમજ સ્વયંસેવી સંસ્થા સાથે સંકલન કરી બાબતે કાર્યક્રમો પણ રાખવામાં આવે છે.

------------

## રાજ્યમાં એટ્રોસીટી એકટ નીચે નોંધાયેલા કેસો

અતારાંકિતઃ૩૦૩૦(૨૭-૧-૨૦૦૫) **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં તા. ૧-૧-૦૪ થી ૩૧-૧૨-૦૪ સુધીમાં એટ્રોસીટી એકટ નીચે કેટલા કેસો મૃત્યુના, મહાવ્યથાના, વ્યથાના, બળાત્કારના જિલ્લાવાર નોંધાયા છે,

(૨) તે પૈકી કુલ કેટલા કેસો કોર્ટમાં દાખલ થયા છે, અને

(૩) કેટલા કેસો તપાસ હેઠળ છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૧૪-૨-૨૦૦૫)

(૧)

| જિલ્લાનું નામ | મૃત્યુ | મહાવ્યથા | વ્યથા | બળાત્કાર |
|---|---|---|---|---|
| અમદાવાદ શહેર | ૦૧ | - | ૧૪ | ૦૫ |
| વડોદરા શહેર | - | ૦૩ | ૦૧ | ૦૩ |
| સુરત શહેર | - | ૦૧ | - | ૦૧ |
| રાજકોટ શહેર | - | - | ૦૨ | ૦૧ |
| અમદાવાદ ગ્રામ્ય | - | - | - | ૦૪ |
| આણંદ | - | ૦૧ | - | ૦૪ |
| ખેડા | - | ૦૧ | - | ૦૨ |
| સાબરકાંઠા | ૦૩ | ૦૨ | ૦૪ | - |
| ગાંધીનગર | ૦૧ | ૦૧ | ૧૪ | ૦૨ |
| મહેસાણા | - | - | ૦૬ | ૦૧ |
| પાટણ | - | ૦૨ | ૦૮ | ૦૧ |
| બનાસકાંઠા | ૦૧ | ૦૩ | ૧૧ | ૦૪ |
| વડોદરા રૂરલ | ૦૧ | ૦૫ | ૦૧ | ૦૨ |
| પંચમહાલ | - | ૦૧ | ૦૯ | ૦૧ |
| દાહોદ | - | - | - | ૦૩ |
| ભરૂચ | ૦૧ | ૦૨ | ૦૨ | ૦૪ |
| નર્મદા | - | ૦૨ | - | - |
| સુરત રૂરલ | - | ૦૨ | - | ૦૫ |
| વલસાડ | ૦૧ | ૦૧ | - | - |

| જિલ્લાનું નામ | મૃત્યુ | મહાવ્યથા | વ્યથા | બળાત્કાર |
|---|---|---|---|---|
| નવસારી | ૦૧ | - | - | ૦૧ |
| જુનાગઢ | ૦૨ | ૦૬ | ૧૧ | ૦૧ |
| પોરબંદર | - | - | ૦૩ | - |
| અમરેલી | - | ૦૧ | ૦૬ | - |
| ભાવનગર | - | ૦૬ | ૦૨ | ૦૪ |
| રાજકોટ રૂરલ | ૦૧ | ૦૧ | ૧૧ | ૦૧ |
| સુરેન્દ્રનગર | ૦૧ | ૦૩ | ૫૨ | - |
| જામનગર | - | ૦૪ | ૦૪ | ૦૨ |
| કચ્છ | ૦૧ | ૦૪ | ૧૩ | ૦૧ |
| ડાંગ-આહવા | - | - | - | - |
| પશ્ચિમ રેલવે | - | ૦૧ | - | - |
| કુલ.... | ૧૫ | ૫૩ | ૧૭૪ | ૫૫ |

(૨) ૨૭૩
(૩) ૧૫

------------

**પોલીસ કોન્સ્ટેબલો અને પોલીસ સબ ઈન્સ્પેકટરોની મંજુર થયેલી અને ખાલી જગ્યાઓ**

અતારાંકિત : ૩૦૩૩ (૨૭-૧-૨૦૦૫) **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં પોલીસ કોન્સ્ટેબલ તથા પોલીસ ઈન્સ્પેકટરોની તા. ૩૧-૧૨-૦૪ના રોજ કુલ કેટલી જગ્યાઓ મંજુર થઈ છે,
(૨) આમાંથી કેટલી જગાઓ તા. ૩૧-૧૨-૦૪ના રોજ ખાલી છે, અને
(૩) આ જગાઓ રાજ્ય સરકાર કયારે ભરનાર છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૧૫-૨-૨૦૦૫) :

(૧) રાજ્યમાં પોલીસ કોન્સ્ટેબલ તથા પોલીસ ઈન્સ્પેકટરની તા. ૩૧-૧૨-૦૪ની રોજ નીચે મુજબની જગ્યાઓ મંજુર થયેલ છે.
પોલીસ કોન્સ્ટેબલ - ૩૨૯૧૯
પોલીસ સબ ઈન્સ્પેકટર - ૧૯૦૧
(૨) તા. ૩૧-૧૨-૦૪ના રોજ નીચે મુજબની જગ્યાઓ ખાલી છે.
પોલીસ કોન્સ્ટેબલ - ૫૩૭૨
પોલીસ સબ ઈન્સ્પેકટર - ૭૨૯
(૩) આ ખાલી જગ્યાઓ પૈકી લોકરક્ષક (પો.કો.)ની ૪૦૬૪ જગ્યાઓ તથા પો.સ.ઈ.ની ૧૮૬ જગ્યાઓ સીધી ભરતીથી અને ૧૮૯ જગ્યાઓ ખાતાકીય બઢતીથી સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરવા અંગેની કામગીરી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ધ્વારા કાર્યવાહી ગતિમાં છે.

------------

## રાજ્યમાં સ્વરક્ષણ માટે હથિયારના પરવાના માગતી અરજીઓ

અતારાંકિત : ૩૦૯૨ (૨૭-૧-૨૦૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર સ્વરક્ષણ માટે હથિયાર પરવાના માટે કુલ કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરી પરવાના આપવામાં આવ્યા,

(૩) કેટલી અરજીઓ જિલ્લાવાર નામંજુર કરવામાં આવી, અને કેટલી અરજીઓ પેન્ડીગ છે, અને

(૪) ના મંજુર થવાના અને પડતર રહેવાનાં કારણો શા શા છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૫-૩-૨૦૦૫) :

(૧) (૨) અને (૩) પત્રક -૧ મુજબ

(૪) **ના મંજૂર થવાના કારણો**

૧. તપાસણી અધિકારીશ્રીઓ તરફથી પરવાનો આપવા ભલામણ/અભિપ્રાય નકારાત્મક હોવાના કારણે...

૨. સ્વરક્ષણ હેઠળ પરવાનો મંજુર કરવા અંગે પુરતા અને સબળ કારણો ન હોવાથી.

૩. અરજદાર સમાજમાં સારી પ્રતિષ્ઠા કે સારું ચારિત્ર્ય ધરાવતા ન હોવાના કારણે.

૪. અરજદાર પોલીસ ગુન્હામાં સીધી કે આડકતરી રીતે સંડોવાયેલા હોવાના કારણે.

૫. અરજદાર ફકત આર્થિક ઉપાર્જન તરીકે સિકયુરીટી માટેની નોકરી મેળવવા માટે જ પરવાનો માંગતા હોવાથી.

૬. અરજદારે સ્વરક્ષણ માટે હથિયાર જરૂરી હોવા અંગેના પ્રતીતીકર આધાર પુરાવા રજુ કરેલ ન હોવાથી.

૭. અરજદાર સ્થાનિક જિલ્લાના સામાન્ય રહીશ નહી હોવાથી.

૮. અરજદાર પરવાનો મેળવવા સક્ષમ કે લાયક ન હોવાના કારણે.

૯. અરજદારને અનેક મુદતો આપવા છતાં જાણી બુઝીને સુનાવણી માટે હાજર ન રહેવાના કારણે.

**પડતર રહેવાના કારણો**

૧. તપાસણી અધિકારીશ્રીઓનો અભિપ્રાય આવવા ઉપર બાકી હોવાના કારણે.

૨. અરજદાર ધ્વારા ખૂટતા આધાર/પુરાવા રજુ ન થવાના કારણે.

૩. અરજદાર રૂબરૂ સુનાવણી દરમ્યાન મુદતે હાજર ન રહેવાના કારણે.

**પત્રક-૧**

**તા. ૩૧-૧૨-૨૦૦૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર સ્વરક્ષણ માટે હથિયાર પરવાના માટેની અરજીઓની વિગત.**

| અ.નં. | જિલ્લાનું નામ | કુલ આવેલી અરજીઓ | મંજુર કરી પરવાના આપવામાં આવેલ અરજીઓ | નામંજુર કરવામાં આવેલ અરજીઓ | પેન્ડીંગ અરજીઓ |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૦૬૮ | ૧૫૦ | ૫૨૬ | ૩૯૨ |
| ૨ | વડોદરા | ૫૦૧ | ૨૭૦ | ૧૫૨ | ૭૯ |
| ૩ | સુરત | ૩૭૮ | ૧૦૯ | ૧૨૧ | ૧૪૮ |
| ૪ | રાજકોટ | ૫૫૬ | ૨૬૬ | ૨૩૬ | ૫૪ |
| ૫ | અમરેલી | ૧૭૪ | ૭૧ | ૬૪ | ૩૯ |
| ૬ | બનાસકાંઠા | ૪૫૦ | ૧૩૪ | ૧૦૩ | ૨૧૩ |
| ૭ | ભરૂચ | ૨૪૫ | ૧૨૪ | ૧૦૬ | ૧૫ |
| ૮ | વલસાડ | ૮૮ | ૩૮ | ૩૬ | ૧૪ |
| ૯ | જામનગર | ૧૯૯ | ૧૯ | ૧૩૬ | ૪૪ |
| ૧૦ | જુનાગઢ | ૪૦૨ | ૨૬૧ | ૧૦૧ | ૪૦ |
| ૧૧ | ખેડા | ૮૫ | ૩૨ | ૪૩ | ૧૦ |
| ૧૨ | કચ્છ | ૮૧ | ૨૩ | ૨૯ | ૨૯ |
| ૧૩ | મહેસાણા | ૧૨૨ | ૬૦ | ૩૧ | ૩૧ |
| ૧૪ | પંચમહાલ | ૧૮૦ | ૫૯ | ૫૬ | ૬૫ |
| ૧૫ | સાબરકાંઠા | ૪૩૦ | ૧૮૮ | ૧૬૬ | ૭૬ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૬ | ભાવનગર | ૩૦૨ | ૧૨૭ | ૧૧૬ | ૫૯ |
| ૧૭ | સુરેન્દ્રનગર | ૪૬૫ | ૧૦૫ | ૩૨૪ | ૩૬ |
| ૧૮ | ગાંધીનગર | ૨૬૩ | ૮૩ | ૧૩૩ | ૪૭ |
| ૧૯ | પાટણ | ૧૫૧ | ૭૧ | ૬૬ | ૧૪ |
| ૨૦ | દાહોદ | ૨૮૪ | ૭૩ | ૧૪૩ | ૬૮ |
| ૨૧ | નર્મદા | ૨૯ | ૦૮ | ૧૯ | ૦૨ |
| ૨૨ | નવસારી | ૫૨ | ૨૦ | ૧૫ | ૧૭ |
| ૨૩ | પોરબંદર | ૮૯ | ૪૬ | ૦૯ | ૩૪ |
| ૨૪ | આણંદ | ૧૯૫ | ૮૮ | ૭૮ | ૨૯ |
| ૨૫ | ડાંગ | ૨૮ | ૦૯ | ૦૭ | ૧૨ |
| | **કુલ...** | **૬૮૧૭** | **૨૪૩૪** | **૨૮૧૬** | **૧૫૬૭** |

------------

**કચ્છ જિલ્લાના પોલીસ સ્ટેશન કે આઉટ પોસ્ટ અપગ્રેડ કરવા અંગે**

અતારાંકિત : ૩૧૦૦ (૨૭-૧-૨૦૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ કચ્છ જિલ્લાના કયા કયા પોલીસ સ્ટેશન કે આઉટ પોસ્ટ અપગ્રેડ કરવાની દરખાસ્તો પડતર છે, અને

(૨) આ દરખાસ્તોનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૧૬-૩-૨૦૦૫) :

(૧) એકપણ નહી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**કચ્છ જિલ્લાના પોલીસ કર્મચારીઓની માંગણી અન્વયે સમિતિની રચના**

અતારાંકિત : ૩૨૨૦ (૩૧-૧-૨૦૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) પોલીસ કર્મચારીઓના પ્રશ્નો અને માંગણીઓ સાંભળવા અને તેનો નિકાલ કરવા કચ્છ જિલ્લામાં જિલ્લા કક્ષાની કોઈ સમિતિ રચવામાં આવી છે કે કેમ,

(૨) આ સમિતિની રચના કયારે કરવામાં આવી અને તેના અધ્યક્ષ તેમજ સભ્યો કોણ કોણ છે,

(૩) આ સમિતિની તા. ૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી મીટીંગો મળી,

(૪) કેટલા પ્રશ્નો તથા ફરીયાદો આવી,

(૫) તે પૈકી કેટલી ફરીયાદોનો સ્વીકાર કર્યો અને કેટલી પડતર છે,

(૬) પડતર અને નામજુર ના કારણો શા છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૧૪-૩-૨૦૦૫) :

(૧) હા.

(૨) ગૃહ વિભાગના ઠરાવ ક્રમાંક : પીઈએ-૧૦૮૯-૧૦૭૪-સ, તા.૨૦-૩-૧૯૮૯ થી સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિના અધ્યક્ષ હોદ્દાની રુએ પોલીસ અધિક્ષક, કચ્છ-ભૂજ છે. સભ્યોની વિગતનું પત્રક-અ સામેલ છે.

(૩) ૮

(૪) ૮૪

(૫) ૮૦ પ્રશ્નોનો સ્વીકાર કર્યો, ૦૨ પ્રશ્નો નામંજુર કર્યા, ૦૨ પડતર રહેલ છે.

(૬) પડતર પ્રશ્નોના કારણો :

(ક) જી.પી.એફ. ખાતામાં રકમ જમા નહિં થવાની બાબતમાં એ. જી. શ્રી રાજકોટ સાથે પત્ર વ્યવહાર કરવામાં આવેલ છે.

(ખ) હિસાબી શાખામાં પે સ્લીપ તૈયાર કરવાનો પ્રોગ્રામ તૈયાર થયેલ ન હોવાથી.

**નામંજૂર પ્રશ્નોના કારણો :**

(ક) ઉચ્ચતર પગાર ધોરણના બદલે બઢતી મળવી જોઈએ તેવી નીતિ વિષયક બાબત હોવાથી નામંજુર કરેલ છે.

(ખ) સિનિયોરીટીની માંગણી અસ્વિકાર્ય જણાતાં.

**કચ્છ જિલ્લા પોલીસ દાદ ફરીયાદ સમિતિની રચના અન્વયે અધ્યક્ષ તથા સભ્યોના નામની વિગત દર્શાવતું પત્રક**

**પત્રક : અ**

| અ.નં. | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | શ્રી સુભાષ ત્રિવેદી, આઈ.પી.એસ.<br>શ્રી પિયુષ પટેલ, આઈ.પી.એસ. | પોલીસ અધિક્ષક, કચ્છ-ભૂજ-અધ્યક્ષશ્રી |
| ૨ | શ્રી પી. એમ. છાપીયા | નાયબ પોલીસ અધિક્ષક, મું મ. ભુજ-સભ્યશ્રી |
| ૩ | શ્રી બી. કે. પુરોહીત | પો.ઈન્સ્પેકટરશ્રી, સી.પી.આઈ. રાપર-સભ્યશ્રી |
| ૪ | શ્રી આર. આર.બંસલ | પો.સ.ઈ., ભુજ શહેર-સભ્યશ્રી |
| ૫ | શ્રી ડી. બી. બારડ | રી.પો.સ.ઈ., પો.હેડ કવા.,ભુજ-સભ્યશ્રી |
| ૬ | શ્રી પી.એમ. મારૂ | પો. વા. સ. ઈ., ભુજ-સભ્યશ્રી |
| ૭ | શ્રી સારજીતસિંહ માનસંગજી ઠાકોર | એ.એસ.આઈ.જિલ્લા પોલીસ કન્ટ્રોલરૂમ,<br>ભુજ-સભ્યશ્રી |
| ૮ | શ્રી બચુભાઈ વીછીયાભાઈ મકવાણા | એ.એસ.આઈ.,પો.હેડ કવા., ભુજ-સભ્યશ્રી |
| ૯ | શ્રી અનંત જયનાથ | આ.હે.કો.-૨, પો.હેડ કવા.,ભુજ-સભ્યશ્રી |
| ૧૦ | શ્રી દયારામ જાદવજી વેગડ | આ.હે.કો.-૨, ભચાઉ પો.સ્ટે. -સભ્યશ્રી |
| ૧૧ | શ્રી અતુલ ઈશ્વરલાલ જોષી | અ.પો.કો., એલ.સી.બી., -સભ્યશ્રી |
| ૧૨ | સુ.શ્રી ભગવતીબેન વી. લીંબાચીયા | મ.પો.કો.,ભુજ શહેર પો. સ્ટે.-સભ્યશ્રી |
| ૧૩ | શ્રી ભીખાલાલ ધનજી ચૌહાણ | પોલીસ પગી, પો.હેડ કવા., ભુજ -સભ્યશ્રી |

આ ઉપરાંત અત્રેની કચેરીમાં ફરજ બજાવતા મુખ્ય કારકુનશ્રી, પત્ર વ્યવહાર શાખા, શીટ શાખા, હિસાબી શાખા તથા રજીસ્ટ્રી શાખાનાઓ હોદાજોગ સમિતિમાં સભ્ય તરીકે હાજર રહે છે.

------------

**પાસા હેઠળનાં અટકાયતી કેદીઓની સંખ્યા**

અતારાંકિતઃ૩૨૪૬ (૧૨-૨-૨૦૦૫) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ (એલીસબ્રીજ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) ડીસે.૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પાસા હેઠળ અટકાયત કરેલ કેદીઓની સંખ્યા કેટલી છે,

(૨) આ પૈકી પેરોલ પર છૂટેલા અને ફરાર થઈ ગયેલાં કેદીઓની સંખ્યા કેટલી છે, અને

(૩) પાસા હેઠળ અટકાયત કરેલ ઈસમો પેરોલ દરમ્યાન ફરાર ન થાય તે માટે સરકારે શાં પગલાં લીધા છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૧૫-૩-૨૦૦૫) :

(૧)

| વર્ષ-૨૦૦૨ | વર્ષ-૨૦૦૩ | વર્ષ-૨૦૦૪ | કુલ |
|---|---|---|---|
| ૧૦૪૬ | ૧૦૫૧ | ૧૪૦૨ | ૩૪૯૯ |

(૨) પેરોલ પર છુટેલા ૧૧૪ પાસા અટકાયતીઓ છે અને તેમાંથી કોઈ પેરોલ દરમ્યાન ફરાર થઈ ગયેલ નથી.

(૩) પાસા હેઠળના અટકાયતીઓ પેરોલ દરમ્યાન ફરાર ન થાય તે માટે તેઓને પુરતા પોલીસ જાપ્તા સાથે પેરોલ મંજુર કરવામાં આવે છે. આ ઉપરાંત અટકાયતીઓને વ્યકિતગત બોન્ડ અને બે પ્રતિષ્ઠિત વ્યકિતઓની બાહેધરી લઈને પેરોલ પર છોડવામાં આવે છે, તેમજ મંજુર કરાયેલ પેરોલ દરમ્યાન જે તે પોલીસ અધિકારીઓને વોચ રાખવા પણ જણાવવામાં આવે છે.

------------

**રાજ્યમાંથી ઘાતક હથિયારો પકડાવા અંગે**

અતારાંકિત :૩૨૮૮ (૧૯-૨-૨૦૦૫) **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી)**: **માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ઘાતક હથિયારો પકડાયાં,

(૨) આ પકડાયેલા હથિયારોમાં રીવોલ્વર, બંધુક, તમંચા, વિદેશી બનાવટોની ઘાતક હથિયારોની અલગ-અલગ સંખ્યા કુલ કેટલી છે, અને

(૩) ગેરકાયદેસર આવા ઘાતક હથિયાર રાખનાર ઈસમો સામે શાં પગલાં ભરવામાં આવેલ છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૫-૩-૨૦૦૫) :

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૦૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ ૫૩૩ ઘાતક હથિયારો તથા કારતુસો નંગ ૧૪૫૪ પકડાયાં છે.

| **પ્રકાર** | **દેશી** | **વિદેશી** | **કુલ** |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| રીવોલ્વર | ૧૦૫ | ૧૪ | ૧૧૯ |
| પિસ્તોલ | ૯૯ | ૫૪ | ૧૫૩ |
| તમંચા | ૧૫૫ | ૦૦ | ૧૫૫ |
| બંદુક | ૭૫ | ૦૬ | ૮૧ |
| બોમ્બ | ૨૫ | ૦૦ | ૨૫ |
| **કુલ :** | **૪૫૯** | **૭૪** | **૫૩૩** |

(૨) રાજ્યમાં પકડાયેલ હથિયારો નીચે મુજબ છે.

| **પ્રકાર** | **દેશી** | **વિદેશી** | **કુલ** |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| રીવોલ્વર | ૧૦૫ | ૧૪ | ૧૧૯ |
| બંદુક | ૭૫ | ૦૬ | ૮૧ |
| તમંચા | ૧૫૫ | ૦૦ | ૧૫૫ |
| **કુલ :** | **૩૩૫** | **૨૦** | **૩૫૫** |

(૩) આવા ગેરકાયદેસર ઘાતક હથિયારો રાખનાર ઈસમો સામે, હથિયાર ધારા એકટ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી, ગુન્હાના કામે અટક કરી નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

-----------

## વાયબ્રન્ટ ગુજરાત અને ત્યારબાદ રાજ્યમાં જિલ્લાવાર નવા ઉદ્યોગો અંગે

અતારાંકિતઃ૨૩૨૦ (૩૦-૬-૨૦૦૪) **ડૉ. દિનેશ પરમાર (જામનગર (રુરલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) વાયબ્રાન્ટ ગુજરાતના ઉત્સવથી શરુ કરીને તા. ૩૧-૩-૨૦૦૪ સુધીમાં કેટલા અને કયા કયા જિલ્લાવાર નવા ઉદ્યોગો શરુ થયા,

(૨) તેમાં ઉદ્યોગવાર જિલ્લાવાર મૂડી રોકાણ કુલ કેટલુ છે,

(૩) કેટલા ઉદ્યોગો ઉત્પાદનક્ષેત્રે કાર્યરત થઈ ગયા છે, અને

(૪) આ ઉદ્યોગોમાં કેટલા લોકોને રોજગારી મળતી થઈ છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** (૧૧-૩-૨૦૦૫) :

(૧) થી (૪) વાયબ્રન્ટ ગુજરાતના ઉત્સવથી શરુ કરીને એટલે કે, તા. ૧-૧૦-૨૦૦૩ થી ૩૧-૩-૨૦૦૪ સુધીમાં ૬ માસમાં કુલ ૫૨ (ઉદ્યોગો) એકમો નવા શરુ થયા, જિલ્લાવાર એકમોની સંખ્યા, મૂડી રોકાણ તથા રોજગારી દર્શાવતી વિગતો એનેક્ષર-બી, ઉદ્યોગવાર અને જિલ્લાવાર થયેલ મૂડી રોકાણની વિગતો એનેક્ષર-એ મુજબ અને કાર્યરત થયેલ એકમોની સંખ્યા એનેક્ષર-સી મુજબ દર્શાવવામાં આવેલ છે.

i. વિશેષમાં વાઈબ્રન્ટ ગુજરાત-૨૦૦૩ સમયે રૂા. ૬૬૦૬૮ કરોડના જે એમ.ઓ.યુ. થયેલ તે પૈકી ૬૪૨૦ કરોડના રોકાણના ઉદ્યોગો ઉત્પાદનમાં ગયેલ છે. અને ૪૭૩૦૦ કરોડના રોકાણના ૪૭ ઉદ્યોગો અમલીકરણ હેઠળ છે.

ii. તે ઉપરાંત ઓકટોબર-૨૦૦૩થી ડિસેમ્બર-૨૦૦૩ દરમ્યાન રૂા. ૧૭૯૧૮ કરોડના રોકાણના ૧૪૩ આઈ.ઈ.એમ.ને મંજૂરી મળેલ છે, જયારે જાન્યુઆરી-૨૦૦૪ થી એપ્રિલ-૨૦૦૪ સુધીમાં અન્ય ૧૨૫૧૪ કરોડના રોકાણ સાથે ૧૭૨ આઈ.ઈ.એમ. ને મંજૂરી આપવામાં આવેલ છે.

**એનેક્ષર-એ**

**તા. ૧-૧૦-૨૦૦૩ થી તા. ૩૧-૩-૨૦૦૪ સુધીમાં સ્થાપિત થયેલા ઉદ્યોગો (પ્રોડકટ વાઈઝ)**

| | | **સંખ્યા** | **ઈન્વે.રકમ (કરોડ)** | **રોજગાર** |
|---|---|---|---|---|
| ૧ | મેટાલીજીકલ ઈન્ડ. | ૩ | ૨૮૫ | ૮૪૨ |
| ૨ | ઈલેકટ્રીકલ ઈકવીપમેન્ટ | ૨ | ૧૦ | ૭૮ |

| | | સંખ્યા | ઈન્વે.રકમ (કરોડ) | રોજગાર |
|---|---|---|---|---|
| ૩ | ટ્રાન્સપોર્ટેશન | ૧ | ૦ | ૦ |
| ૪ | મશીન ટુલ્સ | ૧ | ૦ | ૦ |
| ૫ | એન્જીનીયરીંગ ઉદ્યોગો | ૪ | ૨૧ | ૬૫ |
| ૬ | મેડીકલ અને સર્જીકલ ઈન્સ્ટ્રુમેન્ટસ | ૧ | ૦ | ૨૦૦ |
| ૭ | ઈન્ડ. ઈન્સ્ટ્રુમેન્ટસ | ૨ | ૮ | ૩૧૫ |
| ૮ | કેમીકલ્સ | ૯ | ૨૧ | ૨૦૩ |
| ૯ | ટેક્ષટાઈલ્સ | ૧૩ | ૩૪ | ૫૭૫ |
| ૧૦ | ફુડ પ્રોસેસીંગ ઈન્ડ. | ૧ | ૩ | ૨૧ |
| ૧૧ | વેજીટેબલ ઓઈલ તથા વનસ્પતિ | ૧ | ૩ | ૭૨ |
| ૧૨ | સીરામીક (આઈટમ) | ૪ | ૯ | ૧૧૯ |
| ૧૩ | સિમેન્ટ અને પ્રોડકટ | ૧ | ૦ | ૦ |
| ૧૪ | મોસેલીયન આઈટમ | ૫ | ૧૪ | ૮૦૫ |
| ૧૫ | પ્લાસ્ટીક તથા પ્લાસ્ટીક પ્રોડકટ | ૪ | ૪૯ | ૧૮૧ |
| | **કુલ :** | **૫૨** | **૪૫૭** | **૩૪૭૬** |

## એનેક્ષર-બી

## જિલ્લાવાર ઉત્પાદનમાં ગયેલા એકમોની સંખ્યા

| અ.નં. | જિલ્લાનું નામ | એકમની સંખ્યા | મૂડીરોકાણ (રૂા.કરોડમાં) | રોજગાર |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૫ | ૯ | ૪૧૫ |
| ૨ | આણંદ | ૪ | ૧ | ૪ |
| ૩ | ભરૂચ | ૩ | ૨૪૧ | ૯૦૨ |
| ૪ | દાહોદ | ૦ | ૦ | ૦ |
| ૫ | ડાંગ-આહવા | ૦ | ૦ | ૦ |
| ૬ | ગોધરા | ૧ | ૪ | ૩૮ |
| ૭ | ખેડા | ૨ | ૪ | ૭૨ |
| ૮ | નર્મદા | ૦ | ૦ | ૦ |
| ૯ | નવસારી | ૧ | ૧૭ | ૦ |
| ૧૦ | સુરત | ૨૦ | ૪૮ | ૧૩૩૩ |
| ૧૧ | વડોદરા | ૪ | ૧૪ | ૧૨૩ |
| ૧૨ | બનાસકાંઠા | ૦ | ૦ | ૦ |
| ૧૩ | ગાંધીનગર | ૦ | ૦ | ૦ |
| ૧૪ | મહેસાણા | ૧ | ૦ | ૦ |
| ૧૫ | પાટણ | ૦ | ૦ | ૦ |
| ૧૬ | સાબરકાંઠા | ૨ | ૬ | ૨૬ |
| ૧૭ | અમરેલી | ૦ | ૦ | ૦ |
| ૧૮ | ભાવનગર | ૨ | ૧૦ | ૧૭૪ |
| ૧૯ | જામનગર | ૦ | ૦ | ૦ |
| ૨૦ | જુનાગઢ | ૧ | ૩ | ૭૦ |
| ૨૧ | પોરબંદર | ૦ | ૦ | ૦ |
| ૨૨ | રાજકોટ | ૩ | ૪ | ૧૨૯ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૧ | ૧૦ | ૪૨ |
| ૨૪ | કચ્છ | ૨ | ૮૬ | ૧૪૮ |
| | **કુલ :** | **૫૨** | **૪૫૭** | **૩૪૭૬** |

**પત્રક - સી**

**જિલ્લાવાર ઉદ્યોગોની યાદી મૂડીરોકાણ સાથે (સ્થાપિત થયેલા)**

| | | મૂડીરોકાણ (કરોડમાં) | રોજગારી |
|---|---|---|---|
| (૧) | **અમદાવાદ** | | |
| ૧. | ઈન્ડસ્ટ્રીયલ પાર્ટસ (એન્જી.ઉદ્યોગ) | ૮ | ૩૧૫ |
| ૨. | મેટાલોજીકલ ઈન્ડ. | ૧ | ૧૦૦ |
| | **કુલ ૨ ઉદ્યોગો** | **૯** | **૪૧૫** |
| (૨) | **આણંદ** | | |
| ૧. | મશીન ટુલ્સ (એન્જી.) | ૦ | ૪ |
| ૨. | ટ્રાન્સપોર્ટેશન | ૪ | ૩૫ |
| ૩. | મીસેલીયન | ૧ | ૦ |
| | **કુલ ૩ ઉદ્યોગો** | **૫** | **૩૯** |
| (૩) | **ભરૂચ** | | |
| ૧. | કેમીકલ ઉદ્યોગ | ૦ | ૩૪ |
| ૨. | મેટાર્લોજીકલ | ૨૪૧ | ૬૬૮ |
| ૩. | મેડીકલ ઈન્સ્ટ્રુમેન્ટ | ૦ | ૨૦૦ |
| | **કુલ ૩ ઉદ્યોગો** | **૨૪૧** | **૯૦૨** |
| (૪) | **ભાવનગર** | | |
| ૧. | કેમીકલ | ૯ | ૯૪ |
| ૨. | મીસેલિયન આઈટમ | ૧ | ૮૦ |
| | **કુલ ૨ ઉદ્યોગો** | **૧૦** | **૧૭૪** |
| (૫) | **ગોધરા** | | |
| ૧. | એન્જી. (ઉદ્યોગ) | ૪ | ૩૮ |
| | **કુલ ૧ ઉદ્યોગ** | **૪** | **૩૮** |
| (૬) | **જુનાગઢ** | | |
| ૧. | વેજીટેબલ તથા વનસ્પતિ ઓઈલ | ૩ | ૭૦ |
| | **કુલ ૧ ઉદ્યોગ** | **૩** | **૭૦** |
| (૭) | **ખેડા** | | |
| ૧. | ફૂડ આઈટમ | ૩ | ૨૧ |
| ૨. | પ્લાસ્ટીક ઉદ્યોગ | ૧ | ૫૧ |
| | **કુલ ૨ ઉદ્યોગો** | **૪** | **૭૨** |
| (૮) | **કચ્છ** | | |
| ૧. | મેટાર્લોજીકલ ઈન્ડ. | ૪૩ | ૩૯ |
| | **કુલ ૧ ઉદ્યોગ** | **૪૩** | **૩૯** |
| (૯) | **મહેસાણા** | | |
| ૧. | ઈલેકટ્રીકલ આઈટમ | ૧ | ૬૦ |
| | **કુલ ૧ ઉદ્યોગો** | **૧** | **૬૦** |
| (૧૦) | **નવસારી** | | |
| ૧. | એન્જીનીયરીંગ | ૧૭ | ૦ |
| | **કુલ ૧ ઉદ્યોગ** | **૧૭** | **૦** |
| (૧૧) | **રાજકોટ** | | |
| ૧. | સીરોમીક ઉદ્યોગ | ૩ | ૧૦૦ |
| ૨. | પ્લાસ્ટીક ઉદ્યોગ | ૧ | ૩૬ |
| | **કુલ ૨ ઉદ્યોગો** | **૪** | **૧૩૬** |
| (૧૨) | **સાબરકાંઠા** | | |
| ૧. | સીરામીક ઉદ્યોગ | ૬ | ૨૬ |
| | **કુલ ૧ ઉદ્યોગ** | **૬** | **૨૬** |

| | | | |
|---|---|---|---|
| **(૧૩)** | **સુરત** | | |
| ૧. | ટેક્ષટાઈલ | ૩૧ | ૫૫૨ |
| ૨. | મીસેલીયન | ૧૨ | ૭૨૫ |
| ૩. | કેમીકલ્સ | ૨ | ૩૩ |
| | **કુલ ૩ ઉદ્યોગો** | **૪૫** | **૧૩૧૦** |
| **(૧૪)** | **સુરેન્દ્રનગર** | | |
| ૧. | કેમીકલ્સ | ૧૦ | ૪૨ |
| | **કુલ ૧ ઉદ્યોગ** | **૧૦** | **૪૨** |
| **(૧૫)** | **વડોદરા** | | |
| ૧. | ઈલેકટ્રીકલ ઈન્સ્ટુમેન્ટ | ૧૦ | ૭૮ |
| ૨. | એન્જી. ઉદ્યોગ | ૦ | ૨૫ |
| ૩. | પ્લાસ્ટીક ઉદ્યોગ | ૪ | ૨૦ |
| ૪. | ગ્લાસ પ્રોસેસીંગ | ૨ | ૩૦ |
| | **કુલ ૪ ઉદ્યોગો** | **૧૬** | **૧૫૩** |
| | **કુલ ૨૯ ઉદ્યોગો** | | |

------------

## જામનગર જિલ્લામાં બાજપાઈ સ્વરોજગાર યોજના નીચે આવેલ અરજીઓ અંગે

અતારાંકિત : ૨૩૨૮ (૩૦-૬-૨૦૦૪) **ડૉ. દિનેશ પરમાર (જામનગર (રુરલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) બાજપાઈ સ્વરોજગાર યોજના નીચે માર્ચ-૨૦૦૪ ની સ્થિતિએ જામનગર જીલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી,

(૩) મંજુર કરવામાં આવેલ અરજીઓની ચુકવણી કરવામાં આવેલ છે કે કેમ, અને કેટલી અરજીઓ બાકી છે, અને

(૪) કેટલી અરજીઓ કયા કારણોસર તાલુકાવાર નામંજુર કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** (૧૭-૨-૨૦૦૫)

તાલુકાવાર મળેલ અને મંજુર થયેલ અરજીઓ નીચે મુજબ છે.

ખંડ (૧) અને (૨)

| તાલુકાનું નામ | વર્ષ દરમ્યાન આવેલ અરજીઓ. | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ મંજુર કરેલ | બેન્ક કક્ષાએ મંજુર કરેલ | કુલ |
|---|---|---|---|---|
| જામનગર શહેર | ૭૮૦ | ૭૦૪ | ૩૫૪ | ૭૮૦ |
| જામનગર ગ્રામ્ય | ૨૬૨ | ૨૫૬ | ૨૦૩ | ૨૬૨ |
| ધ્રોલ | ૭૪ | ૪૨ | ૩૧ | ૭૪ |
| જોડીયા | ૫૮ | ૪૫ | ૩૨ | ૫૮ |
| કાલાવડ | ૫૬ | ૩૮ | ૨૪ | ૫૬ |
| લાલપુર | ૩૪ | ૩૦ | ૨૨ | ૩૪ |
| જામજોધપુર | ૯૦ | ૮૮ | ૫૦ | ૯૦ |
| ભાણવડ | ૫૦ | ૩૭ | ૨૫ | ૫૦ |
| ભંભાળીયા | ૬૯ | ૫૭ | ૩૧ | ૬૯ |
| કલ્યાણપુર | ૬૭ | ૫૮ | ૪૯ | ૬૭ |
| **કુલ...** | **૧૬૬૦** | **૧૪૪૧** | **૮૫૧** | **૧૬૬૦** |

ખંડ ૩ હા, ૮૫૧ લાભાર્થીઓને રૂા. ૫૩૦.૬૮ લાખ તા. ૩૧-૩-૦૪ સુધીમાં બેન્કે લોન ચૂકવેલ છે. તા. ૩૧-૩-૦૪ ના ૧૨૦ અરજીઓ બેન્ક પાસે પડતર પૈકી તા. ૧-૭-૦૪ સુધીમાં ૫૪ અરજીઓમાં રૂા. ૪૦.૫૧ લાખ ચૂકવાયેલ છે, ૬૬ અરજીઓ તા. ૩૦-૬-૦૪ ના રોજ બેન્ક પાસે પડતર છે.

(૪) બેન્કોએ નામંજુર કરેલ અરજીઓના કારણો :

| કારણો | જામ-નગર શહેર | જામ-નગર ગ્રામ્ય | ધ્રોલ | જોડીયા | કાલા-વાડ | લાલ-પુર | જામ-જોધ-પુર | ભાણ-વડ | ખંભા-ળીયા | કલ્યાણ-પુર | દ્વારકા | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ચાલુ વર્ષના લક્ષ્યાંકો પુર્ણ થવાથી | ૯૫ | ૧૪ | ૪ | ૩ | ૩ | ૨ | ૮ | ૬ | ૭ | ૫ | ૧૮ | ૧૬૫ |
| અરજદાર/તેના કુટંબી સભ્યો અન્ય બેન્કના બાકીદીર હોવાથી | ૬ | ૩ | ૧ | ૦ | ૧ | ૧ | ૨ | ૦ | ૧ | ૦ | ૪ | ૧૯ |
| ધંધો કાર્યક્ષમ રીતે ચાલી શકે તેમ ન હોવાથી | ૩૮ | ૧૮ | ૦ | ૧ | ૦ | ૧ | ૧૫ | ૧ | ૧ | ૦ | ૮ | ૮૩ |
| અરજદાર બેન્કમાં જરુરી માહિતી રજુ ન કરતા હોવાથી | ૨૪ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૩૧ |
| અરજદાર અન્ય ધંધામાં રોકાયેલા હોવાથી | ૧૮ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૨૫ |
| અરજદાર બેન્કના કાર્યક્ષેત્ર બહાર રહેતા હોવાથી | ૧૧૫ | ૮ | ૪ | ૩ | ૪ | ૦ | ૭ | ૩ | ૦ | ૨ | ૧૭ | ૧૬૩ |
| **કુલ...** | **૨૯૬** | **૪૫** | **૧૧** | **૯** | **૯** | **૪** | **૩૨** | **૧૦** | **૯** | **૭** | **૫૪** | **૪૮૬** |

-------------

## ગાંધીનગર જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને કુટિર ઉદ્યોગ શરૂ કરવાની મળેલી અરજીઓ

અતારાંકિત : ૨૩૯૧ (૫-૭-૨૦૦૪) **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) ગાંધીનગર જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને ૨૦૦૨-૨૦૦૩ નાં નાણાકીય વર્ષમાં કુટિર ઉદ્યોગ શરૂ કરવા માટે કેટલી અરજીઓ મળેલ છે,

(૨) ઉપરોકત અરજીઓમાંથી કેટલી મંજૂર થઈ અને કેટલી નામંજૂર થઈ, અને

(૩) અરજીઓ નામંજૂર થવાના મુખ્ય કારણો શાં છે ?

**મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** (૧૪-૨-૨૦૦૫) :

(૧) કુલ-૧૫૭૫ અરજીઓ

(૨) આ પૈકી ૮૩૭ અરજીઓ મંજૂર થઈ, ૫૫૬ નામંજૂર થઈ અને ૧૮૨ વિચારણા હેઠળ હતી.

(૩) અરજીઓ નામંજૂર થવાના મુખ્ય કારણો અરજદાર તરફતી જરૂરી પૂર્તતાનો અભાવ, અરજદાર બેન્કના બાકીદાર હોવાથી, અરજદારે અન્ય યોજનાઓનો લાભ લીધેલ હોવાથી, અરજદાર અન્ય ધંધામાં રોકાયેલ હોવાથી તેમજ તેમણે રજૂ કરેલ પ્રોજેકટ કાર્યક્ષમ રીતે ચાલી શકે તેમ ન હોવા અંગેના છે.

------------

## વડાપ્રધાન રોજગાર યોજનાની મંજુર થયેલી અને ચૂકવાયેલી સબસીડી બાબત

અતારાંકિત : ૨૫૩૪ (૯-૮-૨૦૦૪) **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) વડાપ્રધાન રોજદાર યોજના હેઠળ તા. ૩૦-૬-૦૪ ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા એક વર્ષના કેટલા કેસોમાં સબસીડી મંજુર કરવામાં આવી છે અને કુલ કેટલી રકમની,

(૨) મંજુર કરેલ સબસીડી પૈકી કુલ કેટલા કેસોમાં સબસીડી ચુકવવામાં આવી,

(૩) સબસીડી ચુકવવાના કુલ કેટલા કેસો બાકી છે, અને

(૪) બાકી કેસોમાં સબસીડી ન ચુકવવાના કારણો શાં છે?

**મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** (૧૫-૨-૨૦૦૪) :

(૧) (૨) અને (૩) : તા. ૧-૭-૦૩ થી ૩૦-૬-૦૪ ના એક વર્ષના ગાળામાં કુલ ૮૨૦૧ કેસોમાં રૂા. ૨૫૪-૩૦ લાખની સબસીડી મંડુર કરાઈ અને ચુકવાઈ છે.

(૪) સબસીડી માટેની ગ્રાન્ટ એકસાથે નહિ પરંતુ સમયાંતર અને તબકકાવાર ઉપલબ્ધ થયેથી, ચુકવણી કરવામાં આવે છે. તેથી ૧૬૦૯ કેસોમાં ગ્રાન્ટની અપેક્ષાએ ચુકવણીઓ બાકી હતી.

------------

## પાટણના વિશ્વ પ્રસિધ્ધ પટોળાંની કળાને બચાવી લેવાના પ્રયાસો

અતારાંકિત : ૨૮૪૧ (૯-૧૨-૨૦૦૪) **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) પાટણ ખાતે વિશ્વ પ્રસિધ્ધ પટોળાં બનાવતાં હાલના તબકકે ફકત ૪ (ચાર) કુટુંબો બચ્યા છે, તે ગંભીર હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) જો, હા તો આ અનમોલ વિરાસત લુપ્ત થતી બચાવી લેવા સરકારે શી વ્યવસ્થા કરી છે, અને

(૩) આ જવાબદારી કોને સોપાંઈ છે ?

**મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** (૧૪-૨-૨૦૦૫) :

(૧) હા જી,

(૨) અને (૩)

(૧) આ માટે રાજ્ય સરકારના ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા નિગમ ધ્વારા પટોળા વણાટના કારીગરોને જ્યારે જરુર જણાય ત્યારે વિવર્સ સર્વિસ સેન્ટર, અમદાવાદ ખાતે તાલીમ આપવામાં આવે છે.

(૨) આ નિગમ જરુરીયાત મુજબની પટોળા સાડીની ખરીદી કરી વેચાણ કરે છે.

(૩) જુદા જુદા રાજ્યોમાં યોજાતા હેન્ડલુમ પ્રદર્શનોમાં પટોળા વેચાણ માટે વ્યવસ્થા કરવામાં આવે છે, અને

(૪) પાટણ પટોળાની બ્રાન્ડ નેમ વાપરવાના અધિકારો આ કુટુંબોને મળે તે માટે માર્ગદર્શન અપાયેલ છે.

------------

## ભૂકંપ બાદ સ્થાપવામાં આવેલ ઉદ્યોગોને કેન્દ્રીય એકસાઈઝની મુકિત મર્યાદા વધારવા અંગે રજુઆત બાબત

અતારાંકિત : ૨૯૮૫ (૧૯-૧-૨૦૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) નવેમ્બર-૨૦૦૪ ની સ્થિતિએ રાજ્ય સરકારે ભૂકંપ બાદ સ્થાપવામાં આવેલ દરેક ઉદ્યોગોને કેન્દ્રીય એકસાઈઝ મુકિતની લીમીટ વધારવા અંગે છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી વાર કેન્દ્ર સરકાર સમક્ષ કોને અને કયારે રજુઆતો કરી,

(૨) આ અંગે કેન્દ્ર સરકારનો શું પ્રતિભાવ આવ્યો, અને કયારે ?

**મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** (૧૧-૩-૨૦૦૫) :

(૧) નવેમ્બર-૨૦૦૩ થી નવેમ્બર-૨૦૦૪ સુધી કુલ ૯ વાર કેન્દ્ર સરકાર સમક્ષ નીચેની વિગતે રજુઆતો કરી.

| | | |
|---|---|---|
| (૧) | મા. વડાપ્રધાનશ્રી | તા. ૧૫-૪-૨૦૦૪ |
| (૨) | મા.નાયબ વડાપ્રધાનશ્રી | તા. ૧૫-૪-૨૦૦૪ |
| (૩) | મા. નાણાં મંત્રીશ્રી | તા. ૧૫-૪-૨૦૦૪ |
| (૪) | મા. નાણાં મંત્રીશ્રી | તા. ૧૦-૬-૨૦૦૪ |
| (૫) | નાણાં સચિવશ્રી | તા. ૧૩-૭-૨૦૦૪ |
| (૬) | નાણાં સચિવશ્રી | તા. ૨૪-૮-૨૦૦૪ |
| (૭) | મા. વડાપ્રધાનશ્રી | તા. ૨૬-૮-૨૦૦૪ |
| (૮) | મા. નાણાં મંત્રીશ્રી | તા. ૨૬-૧૦-૨૦૦૪ |
| (૯) | મા.નાયબ અધ્યક્ષશ્રી આયોજન પંચ | તા. ૬-૧૨-૨૦૦૪ |

(૨) ભારત સરકારે તા. ૯-૧૧-૨૦૦૪ ના જાહેરનામાથી કેન્દ્રીય એકસાઈઝ મુકિતની મુદત તા. ૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં વધારી આપેલ છે.

------------

## કચ્છ જિલ્લામાં ઉદ્યોગોને વેચાણવેરાના જાહેર કરાયેલા લાભ

અતારાંકિત : ૨૯૮૭ (૨૫-૧-૨૦૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર): માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છમાં વેચાણવેરાના લાભો રાજ્ય સરકારે કયા કયા ઉદ્યોગો માટે ચાલુ વરસે જાહેર કર્યા છે,

(૨) આ લાભોને કારણે કચ્છના ક્યા કયા ઉદ્યોગોને રૂા. ૧ કરોડ કરતાં પણ વધારે વેચાણવેરાનો લાભ મળશે,

(૩) આ જિલ્લામાં આ સિવાય બીજા કોઈ નાણાંકીય લાભો આપવાના સરકારે જાહેર કર્યા છે કે કેમ, અને

(૪) જો હા, તો કયા કયા ?

**મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** (૭-૩-૨૦૦૫) :

(૧) તારીખ ૯-૧૧-૨૦૦૧ ના ઠરાવની જોગવાઈઓ મુજબના પ્રતિબંધિત ઉદ્યોગો સિવાયના તમામ ઉદ્યોગો માટે રાજ્ય સરકારે વેચાણવેરાના પ્રોત્સાહનો જાહેર કર્યા છે.

(૨) નીચે જણાવેલ વિગતે તા. ૩૧-૧૨-૨૦૦૪ ની પરિસ્થિતિએ રૂા. ૧ કરોડથી વધારે વેચાણવેરાનો લાભ મળશે.

| **ઉદ્યોગ** | **સંખ્યા** |
|---|---|
| ઈલેકટ્રોનિકસ | ૧ એકમ |
| ટાઈલ્સ ઉદ્યોગ | ૨ એકમ |
| ટેરીટોવેલ્સ | ૧ એકમ |
| કોરુગેટેડ બોક્ષીમ | ૧ એકમ |
| કોલ પ્લાન્ટ (કોલ) | ૧૯ એકમ |
| કેમીકલ્સ ઉદ્યોગ | ૮ એકમ |
| કોટન જીનીંગ | ૨ એકમ |
| ઈન્ડસ્ટ્રીયલ ગેસ | ૧ એકમ |
| ફાયરબીકસ | ૧ એકમ |
| સોલ્ટ | ૧ એકમ |
| એન્જીનીયરીંગ | ૬ એકમ |
| પોલીપ્રોપીલીન ફીલ્મ | ૩ એકમો |
| સ્ટીલ પ્લાન્ટ | ૧૩ એકમો |
| ટોઈલેટ સોપ | ૩ એકમ |
| બિસ્કીટસ | ૧ એકમ |
| એડીબલ ઓઈલ (સહકારી ક્ષેત્રે) | ૧ એકમ |

(૩) હા.

(૪) ૧. સ્થાયી અસ્કયામતોમાં રૂા. ૧૦ કરોડ સુધીનું ગ્રોસ મૂડીરોકાણ ધરાવતા નવા એકમો તેમજ હયાત એકમો વિસ્તૃતીકરણ, વૈવિધ્યકરણ કે આધુનિકરણ કરે તો મંજૂર કરવામાં આવેલ મુદ્દતી ધિરાણના ૫ ટકા લેખે વાર્ષિક રૂા. ૫-૦૦ લાખની મહત્તમ મર્યાદામાં પાંચ વર્ષ માટે સહાય મળવાપાત્ર છે.

પરંતુ, રાજ્ય સરકારની અન્ય કોઈ યોજનાનો લાભ લીધેલ હોય તો આ યોજનાનો લાભ મળવાપાત્ર નથી.

૨. લઘુ તેમજ મધ્યમ કક્ષાના એકમો જે ગુણવત્તા સુધારવા માટે આઈએસઆઈ માર્ક, આઈએસઓ-૯૦૦૦,આઈએસઓ ૧૪૦૦૦, આઈએસો-૧૮૦૦૦, ડબલ્યુએચઓ, જીએમપી, સી.ઈ. એચએસીસીપી વિગેરે ગુણવત્તા અંક મેળવે તો આ ગુણવત્તા અંક મેળવવા માટે કરેલ ખર્ચના ૫૦ ટકા પરંતુ મહત્તમ રૂા. ૨ લાખની મર્યાદામાં સહાય મળવાપાત્ર છે.

૩. આ ઉપરાંત કેન્દ્ર સરકાર ધ્વારા એકસાઈઝ ડયુટીમાં મુકિતનો લાભ આપતી યોજના પણ જાહેર કરેલ છે.

------------

## રાજ્યમાં થયેલ વિદેશી મૂડી રોકાણ

અતારાંકિત : ૨૯૯૦ (૧૯-૧-૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

(૧) ૧૫મી નવેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં કુલ કેટલું વિદેશી મૂડી રોકાણ આવ્યું અથવા થયું,

(૨) ક્યા ક્યા મહિનામાં કેટલું મૂડી રોકાણ થયું,

(૩) આ મૂડી રોકાણ કઇ કઇ કંપનીઓ દ્વારા કરવામાં આવ્યું,

(૪) આ અંગે રાજ્ય સરકારે સેલ્સટેક્ષ કે અન્ય રાહતો આપી હતી કે કેમ, અને

(૫) જો હા, તો કેટલી ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) (૧૫-૩-૦૫) :

(૧) તા.૧-૧૧-૨૦૦૩ થી ૩૧-૧૦-૨૦૦૪ દરમ્યાન ભારત સરકારે રૂા.૧૪૩૨ કરોડના વિદેશી મૂડી રોકાણની ૪૯ દરખાસ્તો મંજૂર કરેલ છે.

(૨) માસવાર વિગતો *પત્રક-૧ મુજબ છે.

(૩) માસવાર વિગતો *પત્રક-૨ આ સાથે સામેલ છે.

(૪) ના, જી.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

------------

**અમેરીકન કંપની સાથે ઉદ્યોગોના ગંદાપાણીને શુધ્ધ કરવાના કરારો**

અતારાંકિત : ૨૯૯૪ (૨૭-૧-૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

(૧) સરકારે ઉદ્યોગોના ગંદા પાણીને શુધ્ધ કરવાના પ્રોજેક્ટો માટે અમેરીકન કંપની સાથે કરારો ર્ક્યા હતા કે કેમ,

(૨) જો હા, તો ક્યારે, કેટલા ખર્ચે,

(૩) કરારમાં હેતુઓ, અમલીકરણ અને મોનીટરીંગ અંગે શી જોગવાઇઓ હતી,

(૪) નવેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ આ પ્રોજેક્ટોની સ્થિતિ દરેક જી.આઇ.ડી.સી.ઓમાં શું છે, અને

(૫) આ અંગે રાજ્ય સરકારનું આગામી વર્ષોમાં શું આયોજન છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) (૧૪-૩-૦૫) :

(૧) રાજ્ય સરકારે ગંદા પાણીના પુનઃવપરાશ માટે શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરવા માટે કરાર કરેલ છે.

(૨) તા.૧૫-૬-૨૦૦૧ના રોજ યુએસટીડીએ સાથે ફીઝીબીલીટી સ્ટડી અંગોને કરાર થયેલ અને તા.૧૯-૯-૨૦૦૨ના રોજ મેસર્સ ટેટ્રા ટેક ઇ એમ આઇ એન સી સાથે ૨,૦૨,૬૨૦-૦૦ યુ.એસ.ડોલર્સના ખર્ચ અંગેનો કરાર કરાયેલ, જે માટે ગ્રાંટની ફાળવણી યુ.એસ.ટી.ડી.એ દ્વારા કોન્ટ્રાક્ટરને કરવામાં આવે છે.

(૩) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની અંકલેશ્વર, ઝઘડીયા તથા પાનોલી વસાહતો અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ તેમાં આવેલા ઔદ્યોગિક વિસ્તારના ગંદાપાણીનું શુધ્ધીકરણ કરી તેના પુનઃવપરાશ માટે શક્યતા અહેવાલ તૈયાર કરાવી પ્રોજેક્ટના અમલીકરણનો હેતુ રહેલો છે.

a. મે. ટ્રેટા ટેક ઇએમઆઇએનસીનો અહેવાલ મળેલ છે. જે ચકાસણી હેઠળ છે.

b. પ્રોજેક્ટનું મોનેટરીંગ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર તરફથી નક્કી થયેલ નિયમાનુસાર કરવામાં આવશે.

(૪) આ કરાર મુજબ જી.આઇ.ડી.સી.ની સમાવિષ્ટ કરેલ નરોડા, ઓઢવ, વટવા તથા અંકલેશ્વર, ઝઘડીયા અને પાનોલી ઔદ્યોગિક વસાહતોના ગંદાપાણીને રીસાયકલ/રી યુઝ (પુનઃવપરાશ) અંગે સૂચવેલ ટેકનિકલ વિકલ્પો અન્વયે આર્થિક રીતે પોષણક્ષમ વિકલ્પની સ્વિકૃતિ બાબતે, હાલ ચકાસણી હેઠળ છે.

(૫) તજજ્ઞ તરફથી મળેલ અહેવાલમાં સમાવિષ્ટ તાંત્રિક તથા આર્થિક બાબતોની ચકાસણી બાદ પોષણક્ષમ જણાયે તેની અમલવારી અને તે દ્વારા પર્યાવરણની જાળવણી માટે સરકારનું આયોજન છે.

------------

**ઇલેક્ટ્રોનિક ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ગાંધીનગરમાં નોન પોલ્યુટીંગ ઇન્ડસ્ટ્રીઝને આપેલ પરવાનગી**

અતારાંકિત : ૨૯૯૭ (૧૨-૨-૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

(૧) નવેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ રાજ્ય સરકારે ઇલેક્ટ્રોનિક ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ગાંધીનગરમાં નોન પોલ્યુટીંગ ઇન્ડસ્ટ્રીઝને પરવાનગી આપી છે તે વાત સાચી છે,

(૨) જો હા, તો કેટલી ઇન્ડસ્ટ્રીઝને આપવામાં આવી,

(૩) આ એસ્ટેટમાં કાયદાકીય રીતે અન્ય ઇન્ડસ્ટ્રીઝને પરવાનગી આપી શકાય છે ખરી,

(૪) ક્યા હેતુસર,

(૫) જો હા, તો કઇ જોગવાઇને આધારે આપવામાં આવી,

(૬) આ ઇન્ડસ્ટ્રીઝ મુખ્યત્વે ક્યા ક્યા સેકટરની છે, અને

(૭) આનાથી રાજ્ય સરકારને કુલ કેટલું મૂડી રોકાણ મળ્યું ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) (૧૫-૩-૦૫) :

(૧) હા, જી.

(૨) નવેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ ઇલેક્ટોનિક ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ગાંધીનગરમાં કુલ ૭૩ કામચલાઉ લઘુ ઉદ્યોગ નોંધણી પ્રમાણપત્ર નોન પોલ્યુટેડ ઇન્ડસ્ટ્રીઝને આપવામાં આવેલ છે. અને કુલ ૦૭ એકમોને કાયમી લઘુ ઉદ્યોગ નોંધણી પ્રમાણપત્ર આપવામાં આવેલ છે.

(૩) બિનપ્રદુષણવાળા ઔદ્યોગિક એકમોને કાયદાકીય રીતે નોંધણી/પરવાનગી આપી શકાય.

(૪) બિનપ્રદુષિત ઉદ્યોગોને હેતુસર લઘુ ઉદ્યોગ એકમોને લઘુ ઉદ્યોગ નોંધણી/પરવાનગી આપી શકાય.

(૫) ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગર નિર્ણિત ૯૯ બિનપ્રદુષિત ઔદ્યોગિક જુથની યાદીના આધારે.

(૬) આ ઇન્ડસ્ટ્રીઝ મુખ્યત્વે ઇલેક્ટ્રોનિક અને પ્લાસ્ટીક એન્જીનીયરીંગ સેકટરની છે.

(૭) કાયમી લઘુ ઉદ્યોગ એકમો દ્વારા રૂા.૧૧૧.૦૬ લાખનું મૂડી રોકાણ થયેલ છે.

------------

## રાજ્યમાં કેમિકલ ઉદ્યોગોના વિકાસ અર્થ લેવાયેલ પગલાં

અતારાંકિત : ૨૯૯૮ (૨૭-૧-૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

(૧) નવેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેમિકલ ઉદ્યોગકારોની સંખ્યા કેટલી છે,

(૨) નવેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા નવા કેમિકલ ઉદ્યોગોના યુનિટો સ્થપાયા,

(૩) કેમિકલ ઉદ્યોગકારોની સંખ્યામાં ઘટાડો થઇ રહ્યો છે તે રાજ્ય સરકાર જાણે છે કે કેમ, અને

(૪) જો હા, તો આ અંગે રાજ્ય સરકારે શા પગલાં લીધાં ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) (૧૪-૩-૦૫) :

(૧) નવેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેમિકલ ઉદ્યોગોની સંખ્યા નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | અમદાવાદ | - | ૮૧૩ |
| ૨. | આણંદ | - | ૨૯ |
| ૩. | અમરેલી | - | ૦૧ |
| ૪. | ભાવનગર | - | ૪૪ |
| ૫. | ભરૂચ | - | ૧૦૨૪ |
| ૬. | ગાંધીનગર | - | ૨૭ |
| ૭. | ખેડા | - | ૧૩ |
| ૮. | મહેસાણા | - | ૦૮ |
| ૯. | સુરત | - | ૩૩૨ |
| ૧૦. | વડોદરા | - | ૨૯૦ |
| ૧૧. | વલસાડ | - | ૧૦૦૯ |

(૨) નવેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૨૩ જેટલા નવા કેમિકલ ઉદ્યોગો સ્થપાયા.

(૩) કેમિકલ ઉદ્યોગોની સંખ્યામાં કોઇ ઘટાડો થયેલ નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## સુરત અને અમદાવાદમાં એપેરલ પાર્ક બનાવવાની કામગીરી

અતારાંકિત : ૨૯૯૯ (૨૭-૧-૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્ય સરકાર દ્વારા સુરત અને અમદાવાદ શહેરોમાં એપેરલ પાર્ક બનાવવાનું ક્યારે જાહેર કરાયું હતું,

(૨) આ અંગે નવેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ આ પાર્કનું કામ ક્યા તબક્કામાં છે,

(૩) આ બંને પાર્ક અંગે રાજ્ય સરકાર દ્વારા અને કેન્દ્ર સરકાર દ્વારા કુલ કેટ કેટલું ખર્ચ કરવાનું આયોજન છે,

(૪) નવેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ આ બંને સ્થળે સરકાર દ્વારા કેટ કેટલું ખર્ચ કરવામાં આવ્યું, અને

(૫) આ બંને સ્થળે આ પાર્કોનું કામ ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) (૧૪-૩-૦૫) :

(૧) સુરત એપેરલ પાર્ક અને અમદાવાદ એપેરલ પાર્ક બનાવવાનું અનુક્રમે તા.૩૧-૧-૨૦૦૩ અને તા.૩૧-૧૦-૨૦૦૪ના રોજ જાહેર કરાયું.

(૨) સુરત એપેરલ પાર્ક ખાતે પાયાની આંતરમાળખાકીય સુવિધા સંપન્ન થયેલ છે. તા.૨૧-૧-૨૦૦૫ સુધીમાં ૩૦ એકમોને ૧.૩૩ લાખ ચો.મીટરની ફાળવણી પૂર્ણ થયેલ છે અને ૬ અરજીઓ ફાળવણી સારુ ચકાસણી સમિતિ સમક્ષ પડતર છે. જ્યારે અમદાવાદ એપેરલ પાર્ક ખાતે પાયાની આંતરમાળખાકીય સુવિધાઓનું કામ હાથ ધરવામાં આવેલ છે જે મે, ૨૦૦૫ સુધીનાં પૂર્ણ થશે.

(૩) સુરત એપેરલ પાર્કના કુલ રૂ.૬૧ કરોડના પ્રોજેક્ટ ખર્ચ પૈકી રૂ.૧૭ કરોડ રાજ્ય સરકાર, રૂ.૧૭ કરોડ કેન્દ્ર સરકાર અને બાકીની રકમ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ ખર્ચશે. અમદાવાદ એપેરલ પાર્કના કુલ રૂ.૪૦ કરોડના પ્રોજેક્ટ ખર્ચ પૈકી રૂ.૧૪.૮૦ કરોડ રાજ્ય સરકારે આપેલ છે. રૂ.૧૭ કરોડની સહાય કેન્દ્ર સરકાર પાસે માંગેલ છે અને બાકીની રકમ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ ખર્ચશે.

(૪) નવેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ સુરત એપેરલ પાર્ક માટે રૂ.૨૯.૯૬ કરોડનું ખર્ચ કરવામાં આવેલ છે. અમદાવાદ એપેરલ પાર્ક માટે રૂ.૧૪.૮૦ કરોડનો ખર્ચ જમીન પેટે કરવામાં આવેલ છે. જ્યારે રૂ.૩૨.૯૭ લાખની સુવિધાઓ માટેના કામો પ્રગતિ હેઠળ છે.

(૫) સુરત અને અમદાવાદ એપેરલ પાર્ક ખાતે આંતરમાળખાકીય પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ થયા બાદ તુરત જ કાર્યાન્વિત કરવાનું આયોજન છે.

------------

## રાજ્યમાં થયેલ મૂડી રોકાણ

અતારાંકિત : ૩૦૦૧ (૨૭-૧-૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

(૧) સપ્ટે. ૨૦૦૪ સુધીમાં છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં કુલ કેટલું મૂડી રોકાણ થયું હતું,

(૨) ૩૦મી નવેમ્બર, ૨૦૦૪ સુધીમાં છેલ્લા બે મહિનામાં કુલ કેટલા મૂડી રોકાણો રાજ્યમાં થયા હતા,

(૩) ક્યા ક્યા ઉદ્યોગોમાં કેટ કેટલું મૂડી રોકાણ અને ક્યા ક્યા ઉદ્યોગકારો દ્વારા, અને

(૪) આ મૂડી રોકાણોને કારણે રાજ્યમાં છેલ્લા એક વર્ષમાં કેટલી રોજગારી ઉભી થઇ હતી ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) (૧૫-૩-૦૫) :

(૧) રૂ.૧,૦૭,૨૦૯.૯૫ કરોડના મૂડી રોકાણની દરખાસ્તો મળી છે.

(૨) રૂ.૫૭,૬૯૧.૨૭ કરોડનું મૂડી રોકાણ થઇ રહેલ છે.

(૩) વાયબ્રન્ટ ગુજરાત-૨૦૦૩ દરમ્યાન થયેલ રૂ.૬૬૦૬૮.૫ કરોડની વિગતો પત્રક-૧ ઉપર સામેલ છે.

(૪) લઘુ ઉદ્યોગ-૩૦૯૭૮ મોટા અને મધ્યમ ઉદ્યોગો ઉત્પાદનમાં ગયા બાદ સીધી/આડકતરી રોજગારીની માહિતી મળી શકે.

**પત્રક-૧**

**માહે સપ્ટે. ૨૦૦૪ સુધીમાં છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં થનાર ઉદ્યોગ ક્ષેત્રવાર મૂડીરોકાણનું પત્રક**

| અ.નં. | ઉદ્યોગ ક્ષેત્રનું નામ | આઇ.ઇ.એમ. | | વાયબ્રન્ટ ગુજરાત-૨૦૦૩ એમ.ઓ.યુ. | |
|---|---|---|---|---|---|
| | | સંખ્યા | મૂડી રોકાણ રૂ.કરોડ | સંખ્યા | મૂડી રોકાણ રૂ.કરોડ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | કૃષિ અને ખાદ્ય | ૪૨ | ૪૮૮.૦ | ૫ | ૨૨૫.૦ |
| ૨. | કાપડ | ૮૧ | ૩૨૨૨.૦ | ૫ | ૫૭૦૬.૦ |
| ૩. | ખનિજ આધારિત | ૫૦ | ૫૪૨૭.૦ | ૮ | ૩૭૭૦.૦ |
| ૪. | રસાયણ અને પેટ્રો | ૧૪૭ | ૬૦૭૨.૦ | ૮ | ૧૨૭૨૦.૦ |
| ૫. | એન્જિનીયરીંગ અને સ્ટીલ | ૧૨૪ | ૧૦૩૪૬.૦ | ૫ | ૩૩૮૯.૦ |
| ૬. | ઔદ્યોગિક પાર્ક | - | - | ૮ | ૬૬૩૮.૦ |
| ૭. | તેલ અને વાયુ | ૬ | ૧૦૫૬.૦ | ૬ | ૬૪૦૦.૦ |
| ૮. | ઉર્જા | ૩ | ૪૧.૦ | ૧૦ | ૨૦૭૨૦.૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯. | પોર્ટ | - | - | ૨ | ૨૨૦૦.૦ |
| ૧૦. | રોડ રેલ્વે અને ઇન્ફ્રાસ્ટ્રકચર | ૨૨ | ૧૩૫૩૬.૦ | ૨ | ૨૫૦.૦ |
| ૧૧. | આરોગ્ય | - | - | ૧ | ૬૦.૦ |
| ૧૨. | શિક્ષણ | - | - | ૯ | ૩૧૫.૦ |
| ૧૩. | પ્રવાસન | - | - | ૧૭ | ૩૬૭૫.૫ |
| ૧૪. | અન્ય | ૪૨ | ૫૯૬.૦ | - | - |
| | **કુલ :-** | **૫૧૭** | **૪૦૭૮૪.૦** | **૭૬** | **૬૬૦૬૮.૫** |

------------

**વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૦૪ માટે થયેલ ખર્ચ અને થયેલા સમજુતી કરાર અંગે**

અતારાંકિત : ૩૦૦૨ (૨૭-૧-૨૦૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૦૪ માટે રાજ્ય સરકાર દ્વારા કુલ કેટલું ખર્ચ કરવામાં આવ્યું,
(૨) આ કાર્યક્રમ માટે આયોજન કયા કયા દિવસે (તારીખે) અને કયાં કયાં કરવામાં આવ્યું.
(૩) આ કાર્યક્રમને અંતે કુલ કેટલા ઉદ્યોગકારોએ મૂડી રોકાણ માટે રસ દાખવ્યો, તેઓ કયા કયા દેશના હતા,
(૪) આમાંથી વિદેશી મૂડી રોકાણકારો - ઉદ્યોગકારો કેટલાં હતાં,
(૫) આ કાર્યક્રમને અંતે કુલ કેટલાં મૂડી રોકાણો અંગેના સમજુતી કરાર થયાં, અને કયા કયા ઉદ્યોગ માટે થયાં ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) (૧૫-૩-૦૫) :

(૧) ઉદ્યોગકારોને રોકાણ કરવા આકર્ષવા માટે વાઈબ્રન્ટ ગુજરાત-૨૦૦૪ યોજાયેલ નથી જેથી ખર્ચનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૨) વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૪ યોજાયેલ ન હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૬) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**કચ્છ જિલ્લામાં ટેક્ષ હોલીડે અન્વયે ઉદ્યોગને મળનાર લાભો**

અતારાંકિત : ૩૧૦૩ (૨૭-૧-૨૦૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) કચ્છ જિલ્લામાં ભૂકંપ બાદ ટેક્ષ હોલીડે સરકારે જાહેર કરતાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ઉદ્યોગને શા શા લાભ કઈ કઈ પદ્ધતિએ આપવામાં આવશે,
(૨) કઈ કઈ ચીજવસ્તુનાં ઉત્પાદન સામે શા શા લાભ આપવામાં આવશે, અને
(૩) ટેક્ષ હોલીડેની સમય મર્યાદા કેટલી નક્કી કરવામાં આવી છે?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) (૧૦-૩-૦૫) :

(૧) રાજ્ય સરકાર કચ્છ જિલ્લાના આર્થિક વિકાસ માટે પ્રોત્સાહન યોજના-૨૦૦૧ તા. ૯-૧૧-૨૦૦૧ના ઠરાવથી જાહેર કરેલ છે. જે અનુસાર કચ્છ જિલ્લામાં સ્થાપિત થતાં નવા ઔદ્યોગિક એકમોને વેચાણવેરાના પ્રોત્સાહનો મંજુર કરવામાં આવે છે. આ વેચાણવેરાના પ્રોત્સાહનો વેચાણવેરા મુક્તિ, વેચાણવેરા વિલંબિત ચૂકવણી અથવા વેચાણવેરા કમ્પોઝીટના સ્વરૂપે મંજુર કરવામાં આવે છે.
વધુમાં કેન્દ્ર સરકારે કચ્છ જિલ્લામાં સ્થાપિત થતા નવા ઔધોગિક એકમો માટે એકસાઈઝ માફીની યોજના જાહેર કરેલ છે. આ યોજના અનુસાર એકમ વાણિજ્ય ઉત્પાદન શરૂ કરે ત્યારથી પાંચ વર્ષ સુધી લાભો મળવાપાત્ર છે.
(૨) ઉક્ત તા. ૯-૧૧-૨૦૦૧ના ઠરાવમાં નિર્દિષ્ટ જોગવાઈઓથી પ્રતિબંધિત કરેલ ઉદ્યોગો સિવાયના ઉદ્યોગો જે ચીજ વસ્તુઓનું ઉત્પાદન કરશે તે સામે વેચાણ વેરા પ્રોત્સાહનના લાભ મળશે. આ લાભ નીચે મુજબ મળવાપાત્ર છે.
(અ) રૂા. ૧૦ કરોડ સુધી પાત્ર મૂડીરોકાણના ૧૦૦ ટકાના દરે વાણિજ્ય ઉત્પાદન તારીખથી પાંચ વર્ષ માટે

(બ) રૂા. ૧૦ કરોડથી વધુ પરંતુ ૫૦ કરોડ સુધીના પાત્ર મૂડીરોકાણના ૧૦૦ ટકાના દરે વાણિજ્ય ઉત્પાદન તારીખથી સાત વર્ષ માટે.
(ક) રૂા. ૫૦ કરોડથી વધુ મૂડીરોકાણના ૧૦૦ ટકાના દરે વાણિજ્ય ઉત્પાદન તારીખથી ૧૦ વર્ષ માટે.

(૩) ટેક્ષ હોલીડેની સમય મર્યાદા તા. ૩૧-૧૨-૦૫ સુધી નક્કી કરવામાં આવેલ છે. એટલે કે તા. ૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં ઉત્પાદનમાં જનાર એકમોને લાભ મેળવશે. જયારે પાઈપલાઈન એકમો તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં ઉત્પાદનમાં જાય તો લાભ મેળવશે.

------------

**ભૂકંપ બાદ કચ્છ જિલ્લામાં ટેક્ષ હોલીડે અન્વયે ઉદ્યોગગૃહો દ્વારા ઉદ્યોગ શરૂ કરવાની દરખાસ્તો અંગે**

અતારાંકિત : ૩૧૦૪ (૨૭-૧-૨૦૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) કચ્છ જિલ્લામાં ભૂકંપ બાદ ટેક્ષ હોલીડેનો લાભ લેવા કયા કયા ઉદ્યોગગૃહોએ તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ઉદ્યોગ શરૂ કરવા દરખાસ્તો કરી છે,
(૨) તે પૈકી કયા કયા ઉદ્યોગગૃહો કેટલું મૂડી રોકાણ કયા કયા વિસ્તારમાં કરવા માંગે છે,
(૩) ઉદ્યોગવાર કઈ કઈ ચીજ વસ્તુઓનું ઉત્પાદન કરાશે,
(૪) ઉદ્યોગવાર કેટ કેટલા બેરોજગાર યુવાનોને રોજગારી અપાશે અને કયા કયા ઉદ્યોગગૃહોની દરખાસ્ત મંજૂર થઈ, અને
(૫) તે પૈકી હાલ કયા કયા ઉદ્યોગગૃહોએ બાંધકામ કે ઉત્પાદન શરૂ કર્યું છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) (૧૫-૩-૦૫) :

(૧) (૨) અને (૩) : તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ ઉદ્યોગ શરૂ કરવા કુલ ૫૫ દરખાસ્ત મળી છે જેની વિગતો એનેક્ષર-અ મુજબ છે.
(૪) ઉપરોક્ત ઉદ્યોગોને કારણે સીધી અને આડકતરી રોજગારી મોટા પ્રમાણમાં ઉભી થશે જેની ચોક્કસ વિગતો એકમો ઉત્પાદનમાં ગયા પછી મળી શકશે.
(૫) તે પૈકી ૫૩ ઉદ્યોગોએ બાંધકામ કે ઉત્પાદન શરૂ કર્યું છે તેની વિગતો એનેક્ષર-બ ઉપર આપેલ છે.

(* પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

------------

**કચ્છ જિલ્લામાં ભૂકંપ બાદ કુટીર ઉદ્યોગને લોન-સહાયમાં ગેરરીતી અંગે તપાસ**

અતારાંકિતઃ ૩૧૮૨ (૩૧-૧-૨૦૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) કચ્છ જિલ્લામાંકુટિર ઉદ્યોગને ભૂકંપથી થયેલ નુકશાન બાદ આવા ઉદ્યાગોને આપવામાં આવેલ લોન-સહાયમાં ગેરરીતિ આચરવામાં આવી હોવાની ફરિયાદો બાદ જનરલ મેનેજર જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ભૂજ દ્વારા તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિ છેલ્લા બે વર્ષમાં આવી તપાસ કરવાની છૂટ મેળવવા ઉદ્યોગ કમિશ્નરને કયારે ક્યારે પત્રો લખવામાં આવ્યાં ?
(૨) ઉદ્યોગ કમિશ્નર દ્વારા તપાસ કરવાની છુટ કયારે આપવામાં આવી, અને શું શું તપાસ કરી શા પગલાં ભરવામાં આવ્યા છે, અને
(૩) જો તપાસની છૂટ ન આપવામાં આવી હોય તો તેનાં કારણો શાં છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) (૨૧-૨-૦૫) :

(૧) તારીખ ૧૪-૯-૨૦૦૪ના રોજ પત્ર લખવામાં આવેલ છે.
(૨) અને (૩) : આ અંગે ફોજદારી તપાસ હાથ ધરવામાં આવી હોઈ, કમિશ્નર દ્વારા અલગ તપાસ કરવાની રહેતી નથી.

------------

**લખપત તાલુકાનાં કપુરાસી, કોરીપાણી અને મોટાછેર ગામમાં કુટીર ઉદ્યોગના ધંધાર્થીઓને લોન-સહાય**

અતારાંકિત : ૩૧૮૪ (૨૭-૧-૨૦૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) કચ્છ જિલ્લામાં લખપત તાલુકાનાં કપુરાસી, કોરીપાણી, મોટાછેર ગામનાં ભૂકંપથી અસરગ્રસ્ત કયા કયા કુટિર ઉદ્યોગનાં ધંધાર્થીઓને કયા કયા ધંધા માટે કેટલી સહાય અને લોન આપવામાં આવી,
(૨) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ આ અસરગ્રસ્તો પૈકી કેટલાનાં ધંધા શરૂ થયા છે,

(૩) તેની ચકાસણી કઈ કઈ તારીખે કરવામાં આવી છે અને ?
(૪) ધંધા શરૂ ન કર્યા હોય તેવી કઈ કઈ વ્યક્તિ છે અને તેના કારણો શા છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) (૨૧-૨-૦૫) :

(૧) પત્રક-અ સામેલ છે.
(૨) બેન્કો તરફથી રજુ થયેલ વિગતો મુજબ બધાં લાભાર્થીઓએ લોનનો જે તે ધંધા માટે વપરાશ કરેલ છે.
(૩) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા આ એકમોની ચકાસણી કરવામાં આવેલ નથી.
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**લખપત તાલુકામાં કપુરાશી, કોરપાણી અને મોટીછેર ગામમાં કુટીર ઉદ્યોગના ધંધાર્થીઓને લોન સહાયની વિગતો દર્શાવતું પત્રક-અ**

| ગામનું નામ | વેપાર ધંધાનું નામ | લાભાર્થી સંખ્યા | કુલ લોનની રકમ (રૂા. લાખમાં) | ૬૦ ટકા લેખે સબસીડી રકમ રૂા. (લાખમાં) | નોંધ |
|---|---|---|---|---|---|
| **કપુરાશી** | આઈસ કેન્ડી | ૨ | ૧.૭૦ | ૧.૦૨ | |
| | પ્રોવીઝન સ્ટોર | ૨૩ | ૨૧.૧૦ | ૧૨.૬૬ | |
| | કાપડનો વેપાર | ૪ | ૪.૦૦ | ૨.૪૦ | |
| | પશુ આહારનો વેપાર | ૪ | ૩.૬૦ | ૨.૧૬ | |
| | વાસણનો વેપાર | ૩ | ૩.૦૦ | ૧.૮૦ | |
| | કટલરીનો વેપાર | ૨ | ૧.૮૬ | ૧.૧૨ | |
| | હાર્ડવેર | ૧ | ૧.૦૦ | ૦.૬૦ | |
| | વાળંદકામ | ૧ | ૦.૭૩ | ૦.૪૪ | |
| | ફુટવેરનો વેપાર | ૧ | ૦.૮૪ | ૦.૫૦ | |
| | સીમેન્ટ બ્લોક ઉત્પાદન | ૫ | ૪.૮૩ | ૦.૫૦ | |
| | રેડીમેડ ગારમેન્ટ | ૨ | ૧.૮૦ | ૧.૦૯ | |
| | સેન્ટ્રીંગ | ૮ | ૮.૦૦ | ૪.૮૦ | |
| | ફલોરમીલ | ૧ | ૦.૬૭ | ૦.૪૦ | |
| | ફરસાણ બનાવવાનો | ૧ | ૦.૯૦ | ૦.૫૪ | |
| | **કુલ :-** | **૫૮** | **૫૪.૦૩** | **૩૨.૪૨** | |
| **કોરીપાણી** | પ્રોવીઝન સ્ટોર | ૧૩ | ૧૧.૭૦ | ૭.૦૨ | |
| | કાપડનો વેપાર | ૩ | ૨.૯૦ | ૧.૭૪ | |
| | પશુ આહારનો વેપાર | ૫ | ૪.૫૦ | ૨.૭૦ | |
| | એસ.ટી.ડી પી.સી.ઓ. | ૧ | ૦.૬૭ | ૦.૪૦ | |
| | કટલરીનો વેપાર | ૧ | ૧.૦૦ | ૦.૬૦ | |
| | સીમેન્ટ બ્લોક ઉત્પાદન | ૨ | ૨.૦૦ | ૧.૨૦ | |
| | સેન્ટ્રીંગ | ૧૯ | ૧૯.૦૦ | ૧૧.૪૦ | |
| | **કુલ :-** | **૪૪** | **૪૧.૭૭** | **૨૫.૦૬** | |
| **મોટીછેર** | પ્રોવીઝન સ્ટોર | ૧૧ | ૧૦.૦૦ | ૬.૦૦ | |
| | કાપડનો વેપાર | ૧ | ૦.૯૦ | ૦.૫૪ | |
| | પશુઆહારનો વેપાર | ૨ | ૧.૭૭ | ૧.૦૬ | |
| | વાસણનો વેપાર | ૨ | ૧.૮૦ | ૧.૦૮ | |
| | સ્પેરપાર્ટસનો વેપાર | ૧ | ૧.૦૦ | ૦.૬૦ | |
| | હાર્ડવેર | ૫ | ૫.૧૭ | ૩.૧૦ | |
| | સીમેન્ટ બ્લોક ઉત્પાદન | ૮ | ૮.૦૦ | ૪.૮૦ | |
| | સેન્ટ્રીંગ | ૮ | ૭.૮૩ | ૪.૭૦ | |
| | **કુલ :-** | **૩૮** | **૩૬.૪૭** | **૨૧.૮૮** | |
| | **કુલ :-** | **૧૪૦** | **૧૩૨.૨૭** | **૭૯.૩૬** | |

-----------

## કચ્છ જિલ્લામાં ભૂકંપને કારણે જી.આઈ.ડી.સી. વિસ્તારોમાં ઔદ્યોગિક એકમોને નુકશાન

અતારાંકિત : ૩૧૮૫ (૩૧-૧-૨૦૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ભૂકંપ આવ્યા બાદ કયા કયા જી.આઈ.ડી.સી. વિસ્તારોમાંકયા કયા ઔદ્યોગિક એકમોને કેટ કેટલું નુકશાન થયું,
(૨) આવા એકમોને એકમવાર શી સહાય આપવામાં આવી છે.
(૩) આ એકમોને બેઠા કરવા કેટ કેટલી સહાય/સબસીડી માટે એકમવાર માંગણી આવી છે,
(૪) આવી દરખાસ્તો હાલ કયા તબક્કે છે,
(૫) આ એકમોને કયાં સુધી સહાય/સબસીડી ચુકવાશે, અને
(૬) વિલંબના કારણો શા છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) (૧૦-૩-૦૫) :

(૧) કચ્છ જિલ્લામાં ભૂકંપ આવ્યા બાદ ભૂજ, અંજાર અને ગાંધીધામ જી.આઈ.ડી.સી. વિસ્તારમાં આવેલ એકમોને નીચે જણાવ્યા પ્રમાણે નુકશાન થયેલ છે.

| જી.આઈ.ડીસી. | એકમો સંખ્યા | નુકશાનીની વિગત (રૂા. લાખમાં) |
|---|---|---|
| ભૂજ | ૩૦ | ૨૧૮.૬૦ |
| અંજાર | ૧૩ | ૧૫૭.૦૦ |
| ગાંધીધામ | ૧૩ | ૮૫.૫૫ |
| **કુલ એકમ** | **૫૬** | **૪૧૬.૧૫** |

એકમવાર થયેલ નુકશાનીની માહિતિ પરિશિષ્ટ-૧ના કોલમ નંબર-૩ મુજબ છે.

(૨) એકમવાર ચૂકવાયેલ સહાયની માહિતી પરિશિષ્ટ-૧ના કોલમ નંબર-૪ મુજબ છે.
(૩) એકમવાર માંગેલ સહાયની માહિતી પરિશિષ્ટ-૧ના કોલમ નંબર-૫ મુજબ છે.
(૪) જી.આઈ.ડી.સી. ભૂજ, અંજાર તથા ગાંધીધામના કુલ ૫૬ એકમોની મંજૂર કરેલ સહાય રૂા.૨૩૭.૪૧ લાખ છે. તેની સામે ૨૨૩.૬૯ લાખની સહાય ચૂકવેલ છે અને ૪.૪૩ લાખની સહાય ચૂકવવાની બાકી છે. ભૂજના ૨ એકમોની રૂા. ૭.૭૯ લાખની માગણી દફતરે કરવામાં આવેલ છે.
(૫) એકમોએ રજૂ કરેલ દાવાઓની વિગતવાર ચકાસણી કર્યાબાદ ફંડની ઉપલબ્ધતા મુજબ ક્રમશઃ
(૬) એકમોએ રજૂ કરેલ દાવાઓ વિગતવાર ચકાસણી હેઠળ હોવાથી.

### પરિશિષ્ટ-૧
### જી.આઈ.ડી.સી. ભૂજ

(રૂા. લાખમાં)

| ક્રમ | એકમનું નામ | જી.ઉ.કે આપેલ પ્રમાણપત્રમુજબ નુકશાની | ચૂકવેલ સહાય | એકમના જણાવ્યા પ્રમાણેનું નુકશાન |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| ૧ | વિક્રમ ટાઈલ્સ, ભૂજ | ૯.૦૦ | ૨.૬૫ | ૯.૦૦ |
| ૨ | વોરા પ્રોડકટસ, ભૂજ | ૧.૦૦ | ૦.૫૮ | ૧.૯૬ |
| ૩ | મારૂતી રોલીંગ શટર્સ, ભૂજ | ૨.૦૦ | ૦.૮૪ | ૨.૦૦ |
| ૪ | કોટેશ્વર માઈન કેમ ઈન્ડ, ભૂજ | ૯.૫૦ | ૨.૯૪ | ૮.૨૩ |
| ૫ | માધવ મિનરલ્સ, ભૂજ | ૧૫.૦૦ | ૧.૮૭ | ૧૮.૧૫ |
| ૬ | વિક્રમ બિલ્ડીંગ પ્રોડકટસ, ભૂજ | ૩૦. | ૧૪.૬૪ | ૩૦.૦૦ |
| ૭ | વિશ્નું ટાઈલ્સ, ભૂજ | ૬.૦૦ | ૧.૦૫ | ૩.૫૦ |
| ૮ | જયેશ મિનરલ, ઈન્ડ. ભૂજ | ૫.૧૦ | ૬.૬૩ | ૧૪.૯૫ |
| ૯ | ભારત એન્જી. ભૂજ | ૪.૫૦ | ૨.૭૦ | ૪.૫૦ |
| ૧૦ | ઉદય મિનરલ એન્ડ કેમીકલ, માધાપર | ૩.૫૦ | ૧.૮૦ | ૧૯.૯૫ |
| ૧૧ | કર્મયોગી ઈન્ડ. ભૂજ | ૨.૫૦ | ૨.૬૦ | ૯.૭૭ |
| ૧૨ | સહજાનંદ ટીમ્બર માર્ટ, ભૂજ | ૭.૦૦ | ૩.૬૦ | ૮.૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩ | પારસ એન્જી. વર્કસ, ભૂજ | ૬.૦૦ | ૧.૮૩ | ૪.૯૦ |
| ૧૪ | ગીતા રેફરીજરેશન એન્ડ રીવાઈન્ડીંગ, ભૂજ | ૮.૦૦ | ૩.૨૧ | ૪.૩૮ |
| ૧૫ | વી.એમ.કાસ્ટનર્સ, ભૂજ | ૧.૪૦ | ૦.૮૭ | ૧.૪૦ |
| ૧૬ | શ્રી રામ મિનરલ્સ, માધપર | ૩.૦૦ | ૧.૭૫ | ૩.૦૦ |
| ૧૭ | દિપક સિમેન્ટ એન્ડ કેમીકલ પ્રા.લી. ભૂજ | ૨૫.૨૫ | ૧૯.૨૦ | ૫૦.૦૦ |
| ૧૮ | નેહા એન્ટરપ્રાઈઝ, ભૂજ | ૨.૦૦ | ૦.૮૩ | ૨.૦૦ |
| ૧૯ | માણેક મિનરલ્સ, ભૂજ | ૧૫.૫૦ | ૩.૧૯ | ૧૬.૪૯ |
| ૨૦ | મીના મિનરલ્સ, ભૂજ | ૧૨.૫૦ | ૩.૫૨ | ૧૧.૫૫ |
| ૨૧ | અમરદિપ ઈન્ડ. ભૂજ | ૧.૦૦ | ૧.૨૧ | ૨.૦૦ |
| ૨૨ | રાજનપ્રિયા લાઈમ, ભૂજ | ૧૦.૭૦ | ૨.૦૯ | ૧૨.૧૩ |
| ૨૩ | કોટેશ્વર માઈન એન્ડ મિનરલ્સ, ભૂજ | ૧૧.૮૦ | ૩.૯૯ | ૧૦.૬૧ |
| ૨૪ | વિશ્વકર્મા એન્જી. ભૂજ | ૧.૦૦ | ૦.૬૦ | ૧.૦૦ |
| ૨૫ | અવસર ઉદ્યોગ, ભૂજ | ૧.૫૦ | ૦.૯૦ | ૧૦.૯૦ |
| ૨૬ | વિશ્રુ મારબલ્સ, ભૂજ | ૨.૭૫ | ૦.૯૦ | ૧.૫૦ |
| ૨૭ | વર્ધમાન મિનરલ્સ, ભૂજ | ૧.૬૦ | ૫.૩૬ | ૧૫.૪૪ |
| ૨૮ | કર્મયોગ ઈન્ડ. ભૂજ | ૨.૫૦ | ૨.૫૯ | ૯.૭૭ |
| ૨૯ | મિનરલ ઓરીએન્ટલ ઈન્ડ. ભૂજ | ૧૨.૦૦ | ૩.૪૪ | ૯.૦૦ |
| ૩૦ | મારૂતી રીટ્રેડર્સ, ભૂજ | ૫.૦૦ | ૦.૭૨ | ૫.૦૦ |
| | **કુલ :** | **૨૧૮.૬૦** | **૯૮.૧૦** | **૩૦૧.૦૮** |

## જી.આઈ.ડી.સી. અંજાર

(રૂા. લાખમાં)

| ક્રમ | એકમનું નામ | જી.ઉ.કે આપેલ પ્રમાણપત્રમુજબ નુકશાની | ચુક્વાયેલ સહાય | એકમના જણાવ્યા પ્રમાણેનું નુકશાન (એકમની માંગણી) |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ઉમીયા આઈસ ફેકટરી, અંજાર | ૧૦.૯૫ | ૫.૮૩ | ૧૦.૫૦ |
| ૨ | એ. કે. પ્લાસ્ટિક, અંજાર | ૩૪.૦૦ | ૨૪.૦૦ | ૪૦.૦૦ |
| ૩ | હીરજી તેજપર એન્ડ સન્સ, અંજાર | ૨.૦૦ | ૦.૭૪ | ૨.૮૮ |
| ૪ | વિશ્વકર્મા આર્યન પ્રોડકટસ, અંજાર | ૪.૦૦ | ૧.૭૯ | ૪.૦૦ |
| ૫ | શ્રીજી મિનરલ્સ, અંજાર | ૮.૫૫ | ૨.૦૬ | ૭.૫૦ |
| ૬ | શ્રીરામ પોલીટેક, અંજાર | ૧૨.૪૦ | ૭.૦૩ | ૬૮.૩૦ |
| ૭ | રોહીત પ્રોડકટસ પ્રા.લી. અંજાર | ૪૨.૦૦ | ૨૨.૫૯ | ૪૨.૦૦ |
| ૮ | શ્રીજી ઓઈલ મીલ, અંજાર | ૭.૨૫ | ૪.૪૧ | ૨૫.૮૮ |
| ૯ | રોહીત પ્લસ્ટિક, અંજાર | ૧૧.૫૦ | ૧૩.૮૦ | ૧૧.૫૦ |
| ૧૦ | કનૈયા મસાલા ભંડાર, અંજાર | ૫.૧૫ | ૧.૨૯ | ૯.૦૧ |
| ૧૧ | આસર ઉદ્યોગ, અંજાર | ૪.૦૦ | ૧.૭૯ | ૪.૦૦ |
| ૧૨ | સૂર્ય કન્ફેકશનરી વર્કસ, અંજાર | ૮.૭૦ | ૧.૩૧ | ૨.૨૨ |
| ૧૩ | આશાપુરા ટીમ્બર ઈન્ડ. અંજાર | ૬.૫૦ | ૨.૦૫ | ૬.૦૦ |
| | **કુલ :** | **૧૫૭.૦૦** | **૮૮.૬૯** | **૨૩૩.૭૯** |

## જી.આઈ.ડી.સી. ગાંધીધામ

(રૂા. લાખમાં)

| ક્રમ | એકમનું નામ | જી.ઉ.કે આપેલ પ્રમાણપત્રમુજબ નુકશાની | ચૂકવાયેલ સહાય | એકમના જણાવ્યા પ્રમાણેનું નુકશાન (એકમની માંગણી) |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | કોટેશ્વર મીનરલ્સ, ગાંધીધામ | ૧૧.૦૦ | ૩.૦૩ | ૧૦.૬૯ |
| ૨ | ભાવનાફલોરીંગ, ગાંધીધામ. | ૧૨.૦૦ | ૬.૪૦ | ૧૨.૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | એસ.ડી.એન્જી. ગાંધીધામ. | ૧૧.૬૦ | ૬.૧૯ | ૧૧.૬૦ |
| ૪ | સુચિત એન્જી. ગાંધીધામ. | ૫.૧૫ | ૧.૬૭ | ૫.૫૫ |
| ૫ | જગાની વુડ વર્કસ, ગાંધીધામ. | ૦.૩૫ | ૦.૬૨ | ૧.૨૨ |
| ૬ | અશોક પ્લાસ્ટિક, ગાંધીધામ. | ૨૦.૮૫ | ૭.૭૪ | ૨૨.૬૪ |
| ૭ | જયશ્રી સોલ્ટ ઈન્ડ. ગાંધીધામ. | ૪.૦૦ | ૨.૪૭ | ૪.૦૦ |
| ૮ | કોટેશ્વર એન્જી. ગાંધીધામ. | ૪.૦૦ | ૦.૭૧ | ૪.૦૧ |
| ૯ | ગાયત્રી એન્જી. ગાંધીધામ. | ૩.૦૦ | ૧.૮૦ | ૩.૦૦ |
| ૧૦ | મકવાણા એન્જી. ગાંધીધામ. | ૪.૭૫ | ૧.૫૫ | ૪.૫૫ |
| ૧૧ | મુલતાનબીબ એન. નાહટા, ગાંધીધામ. | ૨.૪૫ | ૧.૮૮ | ૪.૦૧ |
| ૧૨ | જયંત એન્જી. વર્કસ, ગાંધીધામ. | ૪.૫૦ | ૨.૭૦ | ૫.૨૫ |
| ૧૩ | શ્રી મહાવીર એલાઈડ બ્લોક એન્ડ એલાઈડ ઈન્ડ. ગાંધીધામ. | ૧.૫૦ | ૦.૧૪ | ૫.૨૭ |
| | **કુલ :** | **૮૫.૫૫** | **૩૬.૯૦** | **૯૩.૭૯** |

------------

**વાયબ્રન્ટ ગુજરાત કાર્યક્રમ અન્વયે રાજ્યમાં ઔદ્યોગિક રોકાણ**

અતારાંકિત : ૩૧૮૭ (૩૧-૧-૨૦૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તારીખ ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત દ્વારા ઉદ્યોગોને આકર્ષવાના આયોજન અન્વયે કયા કયા કાર્યક્રમ દરમ્યાન કયા કયા ઉદ્યોગકારોએ કેટલી રકમનાં એમ.ઓ.યુ. કર્યા,

(૨) આ ઉદ્યોગકારો દ્વારા કયા કયા ઉદ્યોગો શરૂ થયા છે, અને કેટલા પ્રગતીમાં છે, અને

(૩) તે પૈકી કયા કયા ઉદ્યોગોમાં સ્વદેશી અને વિદેશી મૂડી રોકાણ મળયું છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) (૧૦-૩-૦૫) :

(૧) તારીખ ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત દ્વારા ઉદ્યોગોને આકર્ષવાના આયોજન અન્વયે યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૩ દરમ્યાન કુલ ૭૬ ઉદ્યોગકારો દ્વારા રૂા. ૬૬,૦૬૮.૫૦ કરોડની મૂડી રોકાણની દરખાસ્તો મળેલ છે. આ અંગે * પરિશિષ્ટ-૧ આ સાથે સામેલ છે.

(૨) આ ઉદ્યોગકારો પૈકી ૧૦ ઉદ્યોગો ઉત્પાદનમાં ગયેલ છે. અને ૪૬ ઉદ્યોગો વિવિધ તબક્કામાં અમલીકરણ હેઠળ છે. આ અંગેની માહિતી * પરિશિષ્ટ-૨માં સામેલ રાખી છે.

(૩) તે પૈકી કુલ ૧૪ ઉદ્યોગો એનઆરઆઈ/એફડીઆઈ મૂડીરોકાણના છે. જયારે ૬૨ ઉદ્યોગો સ્વદેશી મૂડીરોકાણના છે.

* પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

--------------

**કચ્છ જિલ્લામાં વડાપ્રધાન રોજગાર યોજના અને બેન્કેબલ યોજના હેઠળ મળેલ અરજીઓ અંગે**

અતારાંકિત : ૩૧૮૮ (૩૧-૧-૨૦૦૫)**શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લામાં તાલુકાવાર વડાપ્રધાન સ્વરોજગાર યોજના હેઠલ તેમજ બેન્કેબલ યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ધ્વારા મંજુર કરી બેન્કને ભલામણ કરવામાં આવી, અને કેટલી પડતર છે,

(૩) પડતર રહેવાના કારણો શા છે,

(૪) આ પૈકી બેન્કે કેટલા અરજદારોની લોન મંજૂર કરી અને કેટલી ના મંજૂર કરી, અને ના મંજૂર કરવાના કારણો શાં છે, અને

(૫) મંજૂર થયેલ પૈકી કેટલા અરજદારોએ ધંધો શરૂ કર્યા ?

**મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** (૧૯-૨-૨૦૦૫) :

(૧)

| યોજનાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| શ્રી બાજપાઈ બેન્કેબલ યોજના | ૩૧૦૦ |
| શ્રી વડાપ્રધાન રોજગાર યોજના | ૯૧૦ |

| | |
|---|---|
| કુલ : | ૪૦૧૦ |

(૨)

| અ. નં. | યોજનાનું નામ | ભલામણ કરેલ અરજીઓ | ૩૧-૧૨-૨૦૦૪ના રોજ પડતર |
|---|---|---|---|
| ૧ | શ્રી બાજપાઈ બેન્કેબલ | ૧૯૪૮ | ૪૨૯ |
| ૨ | શ્રી વડાપ્રધાન રોજગાર | ૪૦૫ | ૧૪૯ |
| | કુલ : | ૨૩૫૩ | ૫૭૮ |

(૩) બેન્કેબલમાં અરજી પત્ર સાથે સાધનિક કાગળો પૂર્ણ ન હોવાથી તથા પી.એમ.આર.વાય.માં સાધનિક કાગળોની પૂર્તતા ઉપરાંત ટાસ્કફોર્સ સમક્ષ અરજદાર ગેરહાજર રહેવાથી.

(૪) બેન્કો ધ્વારા મંજૂર કરેલ અરજીઓ

| અ. નં. | યોજનાનું નામ | મંજૂર | નામંજુર |
|---|---|---|---|
| ૧ | શ્રી બાજપાઈ બેન્કેબલ યોજના | ૧૦૭૦ | ૧૦૧૧ |
| ૨ | શ્રી વડાપ્રધાન રોજગાર | ૧૫૮ | ૨૫૯ |
| | કુલ : | ૧૨૨૮ | ૧૨૭૦ |

નામંજુરીના કારણો નીચે મુજબ છે.

૧. અરજદારે દર્શાવેલ ધંધો આર્થિક રીતે અર્થક્ષમ ન હોવાથી.

૨. અરજદાર કે તેના પરિવારના સભ્ય મુદતવીતી બાકીદાર હોવાથી.

૩. અરજદારને અરજીમાંની પૂર્તતા માટે જણાવ્યા છતાં પૂર્તતા માટે હાજર થયેલ ન હોવાથી

(૫) ૧૦૦ ટકા.

--------------

**માંડવી, નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકામાં રંગીન ટી.વી. ગોઠવવા અંગે**

અતારાંકિત : ૩૧૯૦ (૩૧-૧-૨૦૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી (માહિતી)** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ કચ્છ જિલ્લાના માંડવી, નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાનાં કયા કયા ગામોમાં સરકાર તરફથી રંગીન ટી.વી. અને બ્લેક એન્ડ વ્હાઈટ ટી. વી. ગોઠવવામાં આવ્યા છે,

(૨) કયા કયા ગામમાં સેટેલાઈટ ડીસ પણ આપવામાં આવી છે,

(૩) કેટલા અને કયા કયા ગામોમાં રંગીન ટી. વી. ગોઠવવાના બાકી છે, અને

(૪) તે કેટલા સમયમાં ગોઠવવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી (માહિતી)** (૨૨-૨-૨૦૦૫) :

(૧) "પત્રક - અ મુજબ" ના તમામ ગામોમાં રંગીન ટી. વી. ગોઠવવામાં આવ્યા છે. (કોઈ પણ ગામમાં બ્લેક એન્ડ વ્હાઈટ ટી. વી. ગોઠવવામાં આવ્યા નથી.)

(૨) "પત્રક - બ મુજબ",

(૩) અને (૪) : ગ્રામ પંચાયતો/સંસ્થાઓને ફાળાના ધોરણે રંગીન ટી. વી. ફાળવવામાં આવે છે. આ અંગે કોઈ ગામોની રજુઆત કે માંગણી પડતર ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**"પત્રક - અ"**
**રંગીન ટીવી સેટ ગોઠવાયેલ ગામોનું તાલુકાવાર પત્રક**
**માંડવી તાલુકો**

| ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ |
|---|---|---|---|
| ૧ | બાડા | ૭ | ડોણ |
| ૨ | દરશડી | ૮ | કોટડી (મહાદેવપુરી) |
| ૩ | શીરવા | ૯ | માંડવી |
| ૪ | કોડાય | ૧૦ | મોટી ભાડાઈ |
| ૫ | ગુંદીયાળી | ૧૧ | રામપર (વેકરા) |
| ૬ | મસ્કા | | |

**નખત્રાણા તાલુકો**

| ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ |
|---|---|---|---|
| ૧ | રવાપર | ૧૦ | નેત્રા |
| ૨ | વિથોણ | ૧૧ | મંજલ |
| ૩ | નિરોણા | ૧૨ | ઉખેડા |
| ૪ | કોટડા (જ) | ૧૩ | સુમરી (રોહા) |
| ૫ | નખત્રાણા | ૧૪ | નાના અંગીયા |
| ૬ | મોરઝર | ૧૫ | કાદીયા નાના |
| ૭ | દનણા | ૧૬ | જરોદર (કોટડા) |
| ૮ | ધીણોધર | ૧૭ | ભડલી |
| ૯ | લુડબાય | ૧૮ | ફુલાય |

**અબડાસા તાલુકો**

| ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ |
|---|---|---|---|
| ૧ | બીટ્ટા | ૫ | નાના કરોડીયા |
| ૨ | નલીયા | ૬ | રામપર (અબડા) |
| ૩ | મોથાળા | ૭ | ખીરસરા (કોઠારા) |
| ૪ | કોઠારા | | |

**લખપત તાલુકો**

| ક્રમ | ગામનું નામ | ટીવી/સેટેલાઈટ ડીશ |
|---|---|---|
| ૧ | ઘડુલી | ટીવી |
| ૨ | દયાપર | ટીવી |
| ૩ | નારાયણ સરોવર | ટીવી |
| ૪ | કપુરાશી | ટીવી |
| ૫ | નરા બી.ઓ.પી. | ટીવી વત્તા સેટેલાઈટ ડીશ |
| ૬ | મુદાન-બીઓપી | ,, |
| ૭ | ગુનેરી-બીઓપી | ,, |
| ૮ | લખપત બીઓપી | ,, |
| ૯ | કોટેશ્વર-બીઓપી | ,, |
| **ક્રમ** | **ગામનું નામ** | **ટીવીવત્તાસેટેલાઈટ ડીશ** |
| ૧૦ | મોતીચેર-બીઓપી | ,, |
| ૧૧ | બુધબંદર-બીઓપી | ,, |
| ૧૨ | લકકી-બીઓપી | ,, |
| ૧૩ | રોડાસર-બીઓપી | ,, |

**"પત્રક - બ"**
**સેટેલાઈટ ડીસ ગોઠવાયેલ ગામોનું પત્રક**
**તાલુકો : લખપત**

| | |
|---|---|
| ૧ | નરા-બીઓપી |
| ૨ | મુદાન-બીઓપી |
| ૩ | ગુનેરી-બીઓપી |
| ૪ | લખપત બીઓપી |
| ૫ | કોટેશ્વર-બીઓપી |
| ૬ | મોતીચેર-બીઓપી |
| ૭ | બુધબંદર-બીઓપી |
| ૮ | લકકી-બીઓપી |
| ૯ | રોડાસર-બીઓપી |

----------

## કચ્છ જિલ્લાના તાલુકાઓમાં નોંધાયેલ શિક્ષિત બેરોજગારો

અતારાંકિત : ૩૧૨૨ (૨૦-૧-૨૦૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ કચ્છ જિલ્લાના માંડવી, નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાઓમાં ગામદીઠ કુલ કેટલા શિક્ષિત બેરોજગારો નોંધાયેલા છે,

(૨) તેમાંથી કેટલાને સરકારી, અર્ધસરકારી કે ખાનગી નોકરીઓ મળી છે અને બાકી રહેતા બેરોજગારો માટે સરકારે શું આયોજન કરેલ છે,

(૩) આ પૈકી અનુસૂચિત જાતિ, જનજાતિ અને બક્ષીની સંખ્યા કેટલી છે, અને

(૪) તે પૈકી કેટલાને સરકારી, અર્ધસરકારી કે ખાનગી નોકરીઓ મળી છે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૧૨-૩-૨૦૦૫) :

* (૧) પત્રક -૧ થી ૪ મુજબ.

(૨)

| | |
|---|---|
| સરકારી નોકરી | શૂન્ય |
| અર્ધસરકારી | ૪૧ |
| ખાનગી | ૦૧ |

બાકી રહેતા રોજગારો માટે ઔદ્યોગિક વિસ્તારમાં ભરતીમેળા, લશ્કરી મેળા, સ્વરોજગાર શિબિરો, શાળા કોલેજોમાં કેરીયર કોર્નર, રોજગાર સહાય કેન્દ્રો, ટૂંકાગાળાના તાલીમ વર્ગો શરુ કરવામાં આવેલ છે, અને બેરોજગારોની વિગતો વેબસાઈટ પર મૂકવાનું આયોજન કરવામાં આવેલ છે.

(૩)

| | | |
|---|---|---|
| અનુસૂચિત જાતિ | : | ૭૧૮ |
| અનુસૂચિત જનજાતિ | : | ૮૩ |
| બક્ષી પંચ | : | ૬૧૬ |

(૪)

| | **સરકારી** | **અર્ધસરકારી** | **ખાનગી** |
|---|---|---|---|
| અનુસૂચિત જાતિ | - | ૧૩ | ૦૧ |
| અનુસૂચિત જનજાતિ | - | ૧૩ | - |
| બક્ષી પંચ | - | ૦૫ | - |

* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

------------

## રાજ્યમાં બાળ મજૂરીના કિસ્સા તથા પુનઃવસન

અતારાંકિત : ૩૧૬૭ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) બાળ મજૂર પ્રથા નાબુદ કરવા રાજ્ય સરકારે તા. ૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકા અને જિલ્લાવાર કેટલા કિસ્સાઓમાં નિરીક્ષણ કરી કેટલા બાળ મજુરો શોધી કાઢયા,

(૨) તેના માલિકો સામે શું શું પગલાં ભરવામાં આવ્યા,

(૩) કેટ કેટલા કિસ્સાઓમાં ફોજદારી કેસો દાખલ કર્યા, કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો,

(૪) બાળ મજૂરોના પુનઃવસન માટે શી શી કાર્યવાહી થઈ, અને

(૫) આ બાળ મજૂરોને શી શી સગવડો અને લાભ આપવામાં આવ્યા ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૧૬-૩-૨૦૦૫) :

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન તાલુકા અને જિલ્લાવાર કુલ ૬૯,૦૭૦ નિરીક્ષણો કર્યા અને ૧૦૯ બાળ મજૂરો શોધી કાઢેલ છે. તેમજ તાલુકા અને જિલ્લાવાર વિગતો સાથેના * પત્રકમાં દર્શાવેલ છે.

(૨) કસુરવારો સામે કાયદેસરના પગલાં ભરવામાં આવેલ છે.

(૩) ૧૪૨ કિસ્સામાં ફોજદારી કેસો દાખલ કરવામાં આવેલ છે, જે તમામ કેસો અદાલતમાં પડતર છે.

(૪) **અ :** રાજ્યના દરેક જિલ્લામાં બાળ મજૂર કલ્યાણ અને પુનઃવર્સન સમિતિની રચના જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને કરવામાં આવેલ છે.

**બ :** નેશનલ ચાઈલ્ડ લેબર પ્રોજેકટ ધ્વારા ભારત સરકારે રાજ્યના ૯ જિલ્લાઓ પસંદ કરી લાભ આપવા વિચારણા કરેલ છે.

ક : પંચમહાલ જિલ્લામાં બાળ શ્રમ યોગીઓ માટે સર્વે પ્રોજેકટ મંજુર થયેલ છે અને બાકીના ૮ જિલ્લા માટે સર્વે અંગે મંજુરી મેળવવાની કાર્યવાહી ગતિમાં છે.

(૫) ઉપર (૪) જોતાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

------------

**કચ્છ જિલ્લામાં ખેતમજૂરોને વીમા રક્ષણ યોજના હેઠળ ચૂકવેલ રકમ**

અતારાંકિત : ૩૧૬૯ (૩૧-૧-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન ખેતમજૂરોને વીમાનું રક્ષણ યોજના હેઠળ તાલુકા દીઠ કુલ કેટલા ખેતમજૂરોની માંગણી વર્ષ વાર આવી,

(૨) તે પૈકી કેટલી માંગણીઓ મંજૂર કરી આ યોજના હેઠળ કેટલી રકમ ખેતમજૂરને ચુકવવામાં આવી,

(૩) કેટલા ખેતમજૂરોની માંગણીઓ તાલુકાવાર પડતર છે અને તેના કારણો શા છે, અને

(૪) કેટલા ખેતમજૂરોની માંગણી ના મંજૂર કરવામાં આવી છે તેના કારણો શા છે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૧૪-૩-૨૦૦૫) :

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ માંગણી/અરજીઓ (ડીસે. અંતિત) | | |
|---|---|---|---|---|
| | | તા. ૧-૧-૨૦૦૨ થી તા.૩૧-૧૨-૨૦૦૨ | તા.૧-૧-૨૦૦૩ થી તા.૩૧-૧૨-૨૦૦૩ | તા.૧-૧-૨૦૦૪ થી તા.૩૧-૧૨-૨૦૦૪ |
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| ૧ | ભુજ | ૦૭ | ૦૦ | ૦૨ |
| ૨ | માંડવી | ૦૩ | ૦૧ | ૦૪ |
| ૩ | મુદ્રા | ૦૦ | ૦૦ | ૦૨ |
| ૪ | અબડાસા | ૦૧ | ૦૧ | ૦૨ |
| ૫ | નખત્રાણા | ૦૦ | ૦૦ | ૦૨ |
| ૬ | લખપત | ૦૦ | ૦૨ | ૦૨ |
| ૭ | અંજાર | ૦૬ | ૦૦ | ૦૩ |
| ૮ | ગાંધીધામ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૯ | ભચાઉ | ૨૩ | ૦૩ | ૦૦ |
| ૧૦ | રાપર | ૦૩ | ૦૯ | ૧૨ |
| | **કુલ :** | **૪૩** | **૧૬** | **૨૯** |

**ત્રણ વર્ષ દરમ્યાન મળેલ કુલ માંગણી -૮૮**

(૨) કુલ ૮૮ માંગણીઓ પૈકી કુલ ૧૭ માંગણીઓ મંજૂર કરી.
આ યોજના હઠેળ કુલ રૂા. ૩,૮૦,૦૦૦-૦૦ ની રકમ ખેત મજૂરોને ચૂકવવામાં આવી.

(૩)

| અ.નં. | તાલુકાનું નામ | તા. ૧-૧-૨૦૦૨ થી તા. ૩૧-૧૨-૨૦૦૨ | તા. ૧-૧-૨૦૦૩ થી તા. ૩૧-૧૨-૨૦૦૩ | તા. ૧-૧-૨૦૦૪ થી તા.૩૧-૧૨-૨૦૦૪ |
|---|---|---|---|---|
| ૧ | ભુજ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૨ | માંડવી | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૩ | મુદ્રા | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૪ | અબડાસા | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૫ | નખત્રાણા | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૬ | લખપત | ૦૦ | ૦૨ | ૦૦ |
| ૭ | અંજાર | ૦૧ | ૦૦ | ૦૩ |
| ૮ | ગાંધીધામ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૯ | ભચાઉ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૧૦ | રાપર | ૦૦ | ૦૬ | ૦૪ |
| | **કુલ :** | **૦૨** | **૧૦** | **૧૦** |

કુલ ૨૨ ખેતમજૂરોની માંગણીઓ વીમા કંપની પાસે ચકાસણી હેઠળ પડતર બાકી છે.

(૪) કુલ ૪૯ નામંજૂર કરેલ માંગણીઓ પૈકી ૧૨ માંગણીઓ કચેરી ધ્વારા (૧) ખાતેદાર હોવાને કારણે, (૨) સમયમર્યાદા બહારની માંગણી હોવાને કારણે અને (૩) ઉંમર વધુ હોવાને કારણે નામંજુર કરવામાં આવેલ છે, જયારે ૩૭ માંગણીઓ વિમા કંપનીએ (૧) મજુર ન હોવાને કારણે, (૨) ઘર કામ કરતા હોવાને કારણે, (૩) જમીન ધરાવતા હોવાને કારણે તેંમજ (૪) પુરતા દસ્તાવેજ ન હોવાને કારણે નામંજુર કરવામાં આવેલ છે.

------------

**હળવદ અને મૂળી તાલુકામાં નોટરીની નિમણૂંકની પડતર અરજીઓ**

અતારાંકિત:૨૧૨૪ (૨૯-૬-૦૫) **શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ, મુળી તાલુકામાં તા.૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ તાલુકાવાર કેટલા નોટરીઓની નિમણુંક રાજય સરકારે આપી,

(૨) કેટલી નોટરીઓ માટેની અરજીઓ આવેલ હતી, અને

(૩) કેટલી નોટરી માટેની અરજી પડતર છે ?

**કાયદા મંત્રીશ્રી (૧૭-૨-૦૫)**

(૧) તા.૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ અને મુળી તાલુકામાં એક એક નોટરી તરીકે નિમણુંક આપેલ છે.

(૨) નોટરી માટેની ૧૫ અરજીઓ આવેલ હતી.

(૩) નોટરી માટેની એક પણ અરજી પડતર નથી.

---------------

**કચ્છ જિલ્લાની ડીસ્ટ્રીકટ જજની કોર્ટોમાં જમીન વળતર અંગેના પડતર કેસ**

અતારાંકિત : ૩૧૬૨ (૨૮-૧-૨૦૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લા ડીસ્ટ્રીકટ જજની કોર્ટોમાં તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ જમીન વળતર અંગેના વર્ષવાર કેટલા કેસો તાલુકાવાર પડતર છે, અને

(૨) કેસોનો ઝડપી નિકાલ થાય તે માટે શી કાર્યવાહી કરવામાં આવી છે ?

**ન્યાયતંત્ર મંત્રીશ્રી : (૧૭-૩-૨૦૦૫) :**

(૧) પત્રકમાં સામેલ માહિતી મુજબ.

(૨) ૧. જરૂર જણાય નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા જૂના પડતર કેસો ઉપર ધ્યાન રાખે છે. અને ઝડપી નિકાલ માટે સંબંધિતોને જરૂરી સૂચના આપે છે.

૨. કેસોના ઝડપી નિકાલ માટે લોક અદાલતોનું આયોજન થાય છે.

**તા.૩૧-૧૨-૨૦૦૪ અંતિત ડીસ્ટ્રીકટ કોર્ટ કચ્છ જિલ્લામાં જમીન વળતર અંગેના પડતર કેસોની માહિતી અંગેનું પત્રક**

| ક્રમ | તાલુકાનું નામ | તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કુલ પડતર કેસો | વર્ષવાર પડતર કેસો | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૨૦૦૪ | ૨૦૦૩ | ૨૦૦૨ | ૨૦૦૧ | ૨૦૦૦ | ૧૯૯૯ |
| ૧. | ભુજ | ૪૭ | ૧ | ૦ | ૦ | ૦ | ૩૯ | ૭ |
| ૨. | મુદ્રા | ૨૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૧ |
| ૩. | માંડવી | ૨૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૭ |
| ૪. | અંજાર | ૪૯ | ૨૨ | ૨૭ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫. | ભચાઉ | ૨૭ | ૧૪ | ૧૩ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬. | નખત્રાણા | ૮૫ | ૧ | ૦ | ૦ | ૧ | ૪૩ | ૪૦ |
| ૭. | અબડાસા | ૩૩૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૧૯ | ૨૧૧ |
| ૮. | લખપત | ૨૬૩ | ૭૬ | ૧૫૧ | ૨ | ૦ | ૦ | ૩૪ |
| | **કુલ :-** | **૮૪૯** | **૧૧૪** | **૧૯૧** | **૨** | **૧** | **૨૦૧** | **૩૪૦** |

-------

## કમાતર અને અન્ય તાલુકાઓની અદાલતોના મકાન

અતારાંકિત : ૩૨૭૧ (૧૦-૨-૦૫) **શ્રી રાકેશ રાવ (માતર) :માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ રાજયમાં કેટલી તાલુકાની અદાલતો પાસે પોતાના મકાનો ઉપલબ્ધ નથી,
(૨) તે પૈકીની કેટલી દરખાસ્તો રાજય સરકાર પાસે તા.૩૧-૧૨-૦૪ સુધીમાં પડતર પડેલ છે,
(૩) આ સ્થિતિએ કેટલી તાલુકા કોર્ટો પાસે પોતાના મકાનો ઉપલબ્ધ કરવા આયોજન છે, અને
(૪) માતર તાલુકામાં કોર્ટના ભવનનું નિર્માણ કયાં સુધીમાં પૂર્ણ થવાની શકયતા છે ?

**ન્યાયતંત્ર મંત્રીશ્રી** (૧૭-૩-૦૫) :
(૧) ૬૧ (એકસઠ)
(૨) ૬ કામોની દરખાસ્ત સરકાર કક્ષાએ પેન્ડીંગ છે.
(૩) ૩૦ (ત્રીસ)
(૪) માતર તાલુકામાં કોર્ટ બીલ્ડીંગ બાંધવાના કામનો આગામી વર્ષના બજેટમાં સમાવેશ થયેલ છે. જેના નકશા અંદાજો, મળ્યેથી કાયદા વિભાગ દ્વારા વહીવટી મંજુરી આપવામાં આવશે ત્યારબાદ કામગીરી શરૂ કરવામાં આવશે.

-------------------

## નર્મદા ડેમનું વહી જતું પાણી ધરોઈ ડેમમાં ઠાલવવા અંગે

અતારાંકિત: ૨૮૬૯ (૯-૧૨-૦૪) **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) નર્મદા ડેમમાંથી પ્રત્યેક સેકન્ડ એક લાખ કયુસેક દરીયામાં નિરર્થક વહી જઈ રહયું છે તે હકીકત સાચી છે,
(૨) નિરર્થક પાણીને પાઈપલાઈન દ્વારા ધરોઈ ડેમમાં ઠાલવવા પિયજ ગામમાંથી ધરોઈ ડેમ સુધી ૧૦૦ કિ.મી. લાંબી પાઈપ લાઈન યોજના તૈયાર હોવા છતાં ફકત ઉદ્‌ઘાટન વિધિ ન થવાને કારણે અમલી બની શકી નથી તે હકીકત સાચી છે,
(૩) જો હા, તો આને માટે કોને જવાબદાર ગણવામાં આવ્યા છે, અને
(૪) આ યોજના હવે વહેલામાં વહેલી કયારે અમલી બનશે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૧૭-૨-૦૫) :
(૧) ના. જી
(૨) ના, જી
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

-------------------

## અમદાવાદ શહેરમાં આવેલ ખારીકટ કેનાલના રીનોવેશન અંગે

અતારાંકિત :૨૮૭૦ (૧૦-૧૨-૦૪) **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સને ૧૯૯૮ના વર્ષમાં અમદાવાદ શહેરમાં આવેલ ખારીકટ કેનાલ રીનોવેશન માટેની યોજના તૈયાર કરવામાં આવેલી તે હકીકત સાચી છે,
(૨) (૨) ખારીકટ કેનાલથી પ્રતિ વર્ષ ચોમાસામાં સમગ્ર અમદાવાદમાં ભારે તબાહી સર્જાય છે તેમ છતાં ઓકટોબર ૨૦૦૪ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષથી તેને રીપેર ન કરવાના શાં કારણો છે, અને
(૩) આ કેનાલનું સત્વરે રીનોવેશન હાથ ધરી કયારે પુરુ કરવામાં આવશે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૧૭-૨-૦૫) :
(૧) હા જી,
(૨) ખારીકટ કેનાલથી પ્રતિવર્ષ ચોમાસામાં સમગ્ર પૂર્વ અમદાવાદમાં ભારે તબાહી સર્જાવાની બાબત સત્યથી વેગળી છે. ખારીકટ નહેરનું ૨૦૦૧માં જ નવીનીકરણ કરવામાં આવેલ હોવાથી રીપેરીંગ કરવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેમ છતાં જરૂરીયાત મુજબ આવશ્યક કામો કરવામાં આવે છે.

(૩) ખારીકટ કેનાલની વહનશકિત નિષ્ણાંત તજજ્ઞોના અભિપ્રાય મુજબ વધારીને તેની સુધારણાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. આથી ખારીકટ કેનાલને રીનોવેશન કરવાની આવશ્યકતા નથી.

-------------------

**જાંબુઘોડા તાલુકાના લફણી ડેમ ખાલી થવા અંગે**

અતારાંકિત:૨૯૭૬(૭-૧-૨૦૦૫) **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જાંબુઘોડા તાલુકામાં આવેલ લફણી ડેમ ખાલી થઈ ગયેલ છે તે સરકાર જાણે છે, અને

(૨) જો હા, તો તે માટે બેદરકારી દાખવવા બદલ ડેમ સત્તાવાળાઓ સામે સરકાર કોઈ પગલાં ભરવા માંગે છે કે કેમ ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૭-૩-૨૦૦૫) :

(૧) લફણી સિંચાઈ તળાવની છલતી તથા મુખ્ય નિયંત્રક તેમજ નહેરના સાયફનોમાંથી લીકેજ છે.

(૨) ગુજરાત ઈજનેરી સંશોધન સંસ્થા વડોદરાના બંધ સુરક્ષાતંત્ર દ્વારા સ્થળ નિરીક્ષણ કર્યા બાદ કાયમી ધોરણે લીકેજ અટકાવવા માટે જરૂરી અંદાજપત્રકો બનાવી લઘુ સિંચાઈ યોજના આલેખન તંત્રના પરામર્શમાં રહીને તુરંત કામ હાથ ધરવાનું આયોજન કરવામાં આવેલ છે. તેથી ડેમ સતતાવાળાઓ સામે હાલ પગલા લેવાના થતાં નથી.

-------------------

**માંડવી, નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકામાં પાણી પુરવઠા યોજનાઓ**

અતારાંકિત : ૩૦૭૪ (૧૯-૧-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ નખત્રાણા, માંડવી, અબડાસા, લખપત તાલુકામાં કઈ કઈ પાણી પુરવઠા યોજનાઓ ચાલુ છે,

(૨) યોજના વાઈઝ કયા કયા ગામોને સાંકળી લેવામાં આવેલ છે,

(૩) કયા કયા ગામોને કોઈપણ યોજનાઓ લાભ મળ્યો નથી,

(૪) તેવા ગામોને કઈ કઈ યોજના સાથે, સાંકળી લેવામાં આવશે, અને

(૫) કેટલા સમયમાં ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૧૧-૩-૦૫) :

(૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ માંડવી, નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકામાં નીચેની વિગતે યોજનાઓ ચાલુ છે. (પત્રક મુજબ)

| અ.નં. | તાલુકા | જુ.પા.પુ. યોજનાની સંખ્યા | સ્વતંત્ર પાણી પુરવઠા યોજના | | | કુલ પાણી પુરવઠા યોજના |
|---|---|---|---|---|---|---|
| ૧ | માંડવી | ૧૨ | ૨૩ | ૧ | ૦ | ૩૬ |
| ૨ | નખત્રાણા | ૧૨ | ૪૩ | ૨ | ૨ | ૫૯ |
| ૩ | અબડાસા | ૧૧ | ૧૯ | ૨ | ૩ | ૩૫ |
| ૪ | લખપત | ૨ | ૦ | ૧ | ૧ | ૪ |

(૨) યોજનાવાર નીચે મુજબના ગામોને લેવામાં આવેલ છે. (પત્રક મુજબ)

| અ.નં. | તાલુકા | જુથ | | સ્વતંત્ર યોજનાના ગામ/પરા | કુલ ગામ/પરા |
|---|---|---|---|---|---|
| | | યોજના | ગામ / પરા | | |
| ૧ | માંડવી | ૧૨ | ૬૬ | ૨૪ | ૯૦ |
| ૨ | નખત્રાણા | ૧૨ | ૭૧ | ૪૭ | ૧૧૮ |
| ૩ | અબડાસા | ૧૧ | ૧૨૬ | ૨૪ | ૧૫૦ |
| ૪ | લખપત | ૨ | ૮૦ | ૨ | ૮૨ |

(૩) લખપત તાલુકાના ચામરા, ચકરાઈ, મૂડીયા અને ખડક ગામોને લાભ મળેલ નથી.

(૪) આ ગામોને નર્મદા શહેર આધારિત લખપત તાલુકા જુથ પાણી પુરવઠા યોજનામાં સાંકળી લેવામાં આવશે.

(૫) માર્ચ-૨૦૦૬ સુધીમાં આવરી લેવાનું આયોજન છે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

## રાજયમાં પીવાના પાણી માટેના નો-સોર્સ ગામ જાહેર થવા બાબત

અતારાંકિત : ૩૦૭૫ (૨૦-૧-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૧-૧-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજકોટ શહેરને પાણી પુરવઠો આપવા વાંકાનેર તાલુકાના જાંબુડીયા રીઝર્વ ફોરેસ્ટમાંથી કેટલો પાણીનો જથ્થો કેટલા સમય માટે કયારે કયારે આપવામાં આવ્યો, અને

(૨) આની અસરથી પાણીનાં તળ કેટલા ફુટ નીચા ગયા ? તેનો કુલ ખર્ચ કેટલો થયો ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૧૬-૩-૦૫) :

(૧) રાજકોટ શહેરને નીચેની વિગતે પાણીનો જથ્થો આપવામાં આવેલ છે.

૧. તા.૧-૧-૨૦૦૨ થી ૩૧-૧૨-૨૦૦૨ સુધી **૧૬૪૨૫ મીલીયન લીટર**

૨. તા.૧-૧-૨૦૦૩ થી ૦૮-૧૦-૨૦૦૩ તથા
તા.૧૫-૧૦-૨૦૦૩ થી તા.૨૭-૧૧-૨૦૦૩ સુધી **૧૬૪૨૫ મીલીયન લીટર**
તા.૨૮-૧૧-૨૦૦૩ થી પાણી ખેંચવાનું બંધ કરેલ છે.

૩. તા.૦૧-૦૧-૨૦૦૪ થી ૩૧-૧૨-૨૦૪૪ સુધી **શૂન્ય**

(૨) આની અસરથી છેલ્લા ત્રણ વર્ષમાં પાણીના તળ સરેરાશ ૧૫.૨૫ ફુટ નીચા ગયા છે. કુલ ખર્ચ રૂા.૬૦.૮૫ કરોડ થયેલ છે.

-------------------

## અબડાસા તાલુકાના બેરાચીયા ગામને પાણી પુરવઠો આપવા અંગે

અતારાંકિત : ૩૦૭૬ (૧૯-૧-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) અબડાસા તાલુકાના બેરાચીયા ગામનો સમાવેશ જુથ પાણી પુરવઠા યોજનામાં થયા બાદ યોજના નિષ્ફળ જતા ગામને કોઈ પણ યોજનામાંથી પાણી મળતું નથી તે માટે શું આયોજન કરવામાં આવ્યું છે,

(૨) આ ગામને અન્ય કઈ રીતે પાણી પુરવઠો આપવામાં આવશે, અને

(૩) કેટલા સમયમાં ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :**

(૧) બેરાચીયા ગામને બાલાપર બુડધ્રો જુથ પાણી પુરવઠા યોજનામાં સમાવેલ હતું. તેની
પાઈપ લાઈનની જરૂરી મરામત કરીને ૨૮-૨-૦૫ થી પુનઃ પાણી શરૂ કરવાનું આયોજન છે.

(૨) અને

(૩) હંગામી રીતે જરૂરત મુજબ ટેન્કર દ્વારા તા.૨૨-૧-૦૫થી પાણી આપવામાં આવે છે.

-------------------

## રાજયમાં જીલ્લાવાર ચેકડેમો

અતારાંકિત : ૩૦૮૪ (૧૯-૧-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજયમાં જિલ્લાવાર કેટ કેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા છે,

(૨) તે પૈકી માંડવી, નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકના કયા કયા ગામે કેટલા ચેકડેમો કેટલા ખર્ચે બનાવવામાં આવ્યા છે,

(૩) કુલ કેટલો ખર્ચ આ યોજના પાછળ જિલ્લાવાર કરવામાં આવ્યો છે, અને

(૪) કેટલો ખર્ચ અંદાજવામાં આવ્યો હતો ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૧૬-૩-૦૫) :

(૧) સામેલ પરિશિષ્ટ-૧ મુજબ તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજયમાં જિલ્લાવાર કુલ ૭૬૧૬૫ ચેકડેમો થયેલ છે.

(૨) માંડવી તાલુકાના કોટડી અને ફરાદી ગામમાં ૨ ચેકડેમો રૂપિયા ૩.૫૩ લાખના ખર્ચે, નખત્રાણા તાલુકાના મથલ, દનણા, વંગ, અમતગઢ, નાની અરલ, લક્ષ્મીપર, વેસલપર, કોટડા અને ઝાલુ ગામમાં થયેલ કુલ ૧૫ ચેકડેમો રૂપિયા ૨૯.૦૪ લાખના ખર્ચે અબડાસા તાલુકામાં બારા, ઝઘછડીયા અને પીયોણી ગામમાં થયેલ ૪ ચેકડેમો રૂપિયા ૯.૬૪ લાખના ખર્ચે થયેલ

છે. લખપત તાલુકામાં એકપણ ચેકડેમ થયેલ નથી. આમ કુલ ૧૯ ચેકડેમો થયેલ છે જેના માટે કુલ રૂપિયા ૪૨.૨૧ લાખનો ખર્ચ થયેલ છે.
વન અને પર્યાવરણ વિભાગ દ્વારા નખત્રાણા તાલુકાના રોતા, દનણ, રામપર ગામોમાં થઈ ૧૩ ચેકડેમો બનેલ છે જેને માટે રૂપિયા ૨૨.૬૪ લાખનો ખર્ચ થયેલ છે જયારે લખપત તાલુકાના તરૂડી ગામે થયેલ ચેકડેમ પેટે રૂપિયા ૧.૯૯ મળી કુલ ૧૪ ચેકડેમો માટે રૂપિયા ૨૪.૬૩ લાખનો ખર્ચ થયેલ છે.

(૩) રાજયમાં કુલ મળીને રૂપિયા ૩૦૦ કરોડ કરતાં વધારે ખર્ચ કરવામાં આવ્યો છે. જિલ્લાવાર ખર્ચની વિગતો સામેલ પરિશિષ્ટ-૨માં દર્શાવવામાં આવી છે.

(૪) રૂપિયા ૩૦૦ કરોડનો ખર્ચ અંદાજિત હતો.

**પરિશિષ્ટ-૧**

**તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાવવામાં આવેલ ચેકડેમો**

| ક્રમ | જિલ્લાનું નામ | ચેકડેમોની સંખ્યા | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | જળસંપત્તિ વિભાગ | ગ્રામ વિકાસ વિભાગ | | આદિજાતિ વિકાસ વિભાગ | વન અને પર્યાવરણ વિભાગ | કુલ |
| | | | ચેકડેમો | બોરીબંધ | | | |
| ૧ | રાજકોટ | ૨૧૦૪ | ૮૬૧૭ | ૩૦૦૯ | ૦ | ૭૦ | ૧૩૮૦૦ |
| ૨ | ભાવનગર | ૪૯૫ | ૮૩૪ | ૯૬૦ | ૦ | ૧૮ | ૨૩૦૭ |
| ૩ | અમરેલી | ૩૦૫ | ૧૦૪૩ | ૨૨૬૬ | ૦ | ૦ | ૩૬૧૪ |
| ૪ | જુનાગઢ | ૧૮૧૮ | ૧૦૪૬ | ૧૦૮૧ | ૦ | ૦ | ૩૯૪૫ |
| ૫ | પોરબંદર | ૧૫૦ | ૨૩૪ | ૭૫ | ૦ | ૧૫ | ૪૭૪ |
| ૬ | જામનગર | ૩૭૭ | ૧૧૩૧ | ૯૮૨ | ૦ | ૮૧ | ૨૫૭૧ |
| ૭ | સુરેન્દ્રનગર | ૨૪૭ | ૩૨૯ | ૨૫૮૦ | ૦ | ૦ | ૩૧૫૬ |
| ૮ | કચ્છ | ૧૬૩ | ૪૬૭ | ૧૪૨૫ | ૦ | ૩૭ | ૨૦૯૨ |
| ૯ | અમદાવાદ | ૬૦ | ૭૨ | ૧૪૩૭ | ૦ | ૦ | ૧૫૬૯ |
| ૧૦ | ગાંધીનગર | ૧ | ૦ | ૧૩૫૦ | ૦ | ૦ | ૧૩૫૧ |
| ૧૧ | સાબરકાંઠા | ૪૧૩૯ | ૩૬૩ | ૨૩૪૯ | ૭૧ | ૩૫ | ૬૯૫૭ |
| ૧૨ | બનાસકાંઠા | ૧૩૨૯ | ૧૧૯ | ૧૮૨૫ | ૭ | ૫૦ | ૩૩૩૦ |
| ૧૩ | મહેસાણા | ૩૫૧ | ૩ | ૪૮૭ | ૦ | ૧ | ૮૪૨ |
| ૧૪ | પાટણ | ૬૮૮ | ૧૦૩ | ૧૬૨૧ | ૦ | ૧૪ | ૨૪૨૬ |
| ૧૫ | આંણદ/ખેડા | ૩૦૧ | ૭૯ | ૨૪૭૯ | ૦ | ૬ | ૨૮૬૫ |
| ૧૬ | વડોદરા | ૧૦૫૬ | ૪૧૫ | ૨૪૨૮ | ૯૮ | ૬૬ | ૪૦૬૩ |
| ૧૭ | પંચમહાલ | ૩૬૧૨ | ૨૪૬ | ૧૫૧૯ | ૧૩૫ | ૫૭ | ૫૫૬૯ |
| ૧૮ | દાહોદ | ૩૯૪૯ | ૮૮ | ૨૦૦૧ | ૧૨૬ | ૨૬ | ૬૨૯૦ |
| ૧૯ | વલસાડ | ૧૧૮૫ | ૧૬૯ | ૩૭૯ | ૧૧૧ | ૧૫ | ૧૮૫૯ |
| ૨૦ | નવસારી | ૪૮૬ | ૧૬ | ૮૧ | ૧૦૧ | ૩ | ૬૮૭ |
| ૨૧ | ડાંગ | ૬૪૨ | ૪૧ | ૬૧ | ૨૭ | ૫ | ૭૭૬ |
| ૨૨ | નર્મદા | ૧૯૮ | ૬૪ | ૧૨૭૫ | ૧૦ | ૮ | ૧૫૫૫ |
| ૨૩ | ભરૂચ | ૯૬ | ૧૪૬ | ૧૭૫૦ | ૨૧ | ૨ | ૨૦૧૫ |
| ૨૪ | સુરત | ૨૮૯ | ૩૫ | ૧૬૧૦ | ૧૦૯ | ૯ | ૨૦૫૨ |
| | કુલ | ૨૪૦૪૧ | ૧૫૬૬૦ | ૩૫૧૩૦ | ૮૧૬ | ૫૧૮ | ૭૬૧૬૫ |

**પરિશિષ્ટ-૨**

**તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચેકડેમો પાછળ થયેલ ખર્ચ**

| ક્રમ | જિલ્લાનું નામ | જળસંપત્તિ વિભાગ | આદિજાતિ વિકાસ વિભાગ | વન અને પર્યાવરણ વિભાગ | કુલ ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|---|---|---|
| ૧ | રાજકોટ | ૨૨૩૦ | ૦ | **૯૦** | ૨૩૨૦ |
| ૨ | ભાવનગર | ૫૨૦ | ૦ | ૧૦ | ૫૩૦ |
| ૩ | અમરેલી | ૩૨૫ | ૦ | ૦ | ૩૨૫ |

| ક્રમ | જિલ્લાનું નામ | જળસંપત્તિ વિભાગ | આદિજાતિ વિકાસ વિભાગ | વન અને પર્યાવરણ વિભાગ | કુલ ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|---|---|---|
| ૪ | જુનાગઢ | ૧૯૨૦ | ૦ | ૦ | ૧૯૨૦ |
| ૫ | પોરબંદર | ૧૬૫ | ૦ | ૫૨ | ૨૧૭ |
| ૬ | જામનગર | ૪૦૦ | ૦ | ૧૪૪ | ૫૪૪ |
| ૭ | સુરેન્દ્રનગર | ૨૭૫ | ૦ | ૦ | ૨૭૫ |
| ૮ | કચ્છ | ૧૭૦ | ૦ | ૬૨ | ૨૩૨ |
| ૯ | અમદાવાદ | ૬૫ | ૦ | ૦ | ૬૫ |
| ૧૦ | ગાંધીનગર | ૨ | ૦ | ૦ | ૨ |
| ૧૧ | સાબરકાંઠા | ૪૪૦૦ | ૩૦૫ | ૫૬ | ૪૭૬૧ |
| ૧૨ | બનાસકાંઠા | ૧૩૫૦ | ૧૪ | ૬૩ | ૧૪૨૭ |
| ૧૩ | મહેસાણા | ૩૭૦ | ૦ | ૩ | ૩૭૩ |
| ૧૪ | પાટણ | ૭૦ | ૦ | ૨૯ | ૯૯ |
| ૧૫ | આંણદ/ખેડા | ૩૩૦ | ૦ | ૧૧ | ૩૪૧ |
| ૧૬ | વડોદરા | ૧૨૨૫ | ૨૨૩ | ૮૯ | ૧૫૩૭ |
| ૧૭ | પંચમહાલ | ૩૮૦૦ | ૫૧૫ | ૧૦૯ | ૪૪૨૪ |
| ૧૮ | દાહોદ | ૪૦૦૦ | ૫૬૨ | ૪૫ | ૪૬૦૭ |
| ૧૯ | વલસાડ | ૧૨૫૦ | ૭૯૬ | ૭૭ | ૨૧૨૩ |
| ૨૦ | નવસારી | ૫૩૦ | ૪૬૪ | ૧૭ | ૧૦૧૧ |
| ૨૧ | ડાંગ | ૧૨૦૦ | ૨૪૪ | ૧૯ | ૧૪૬૩ |
| ૨૨ | નર્મદા | ૨૦૦ | ૩૩ | ૮ | ૨૪૧ |
| ૨૩ | ભરૂચ | ૧૦૦ | ૬૭ | ૩ | ૧૭૦ |
| ૨૪ | સુરત | ૩૦૦ | ૭૦૦ | ૪૨ | ૧૦૪૨ |
| | **કુલ** | **૨૫૧૯૭** | **૩૯૨૩** | **૯૨૯** | **૩૦૦૪૯** |

ગ્રામ વિકાસ વિભાગ દ્વારા થયેલ ખર્ચના આંકડા ઉપલબ્ધ ન હોઈ તે સિવાયનો ખર્ચ દર્શાવાયેલ છે.

-------------------

**રાજયમાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ તળાવો ઉંડા કરવા અંગે**

અતારાંકિત : ૩૦૮૫ (૧૯-૧-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજયના કયા કયા જીલ્લામાં સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજના હેઠળ ૯૦ : ૧૦ મુજબ કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા,

(૨) કેટલો ખર્ચ અંદાજવામાં આવ્યો હતો અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૩) આ તળાવો કઈ કઈ સ્વૈચ્છિક સંસ્થાઅ ો મારફત કરવામાં આવ્યા, અને

(૪) સ્વૈચ્છિક સંસ્થાઓ પાસેથી અગાઉથી લોકફાળો લેવાનાં કારણો શાં છે ?

**જળસંપત્તિ મંત્રી** (૫-૩-૨૦૦૫) :

(૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજયમાં જૂનાગઢ-૧૩, સુરત-૮, સાબરકાંઠા-૩૫, ગાંધીનગર-૨૪, વલાસાડ-૪, મહેસાણા-૨૯૦, ભાવનગર-૫૯, બનાસકાંઠા-૧૩૨, ખેડા-૪, નવસારી-૭, આણંદ-૧, અમદાવાદ-૬૯, પોરબંદર-૧ અને પાટણ-૧૨૫ એમ કુલ-૧૪ જીલ્લાઓમાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ ૯૦ : ૧૦ મુજબ કુલ - ૭૭૨ તળાવો ઉંડા કરવામાં આવ્યા છે.

(૨) કુલ રૂા.૫૬૦૭.૯૪ લાખનો ખર્ચ અંદાજવામાં આવ્યો હતો તેની સામે ખરેખર રૂા.૪૧૫૬.૧૬ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

(૩) ઉપરોકત તળાવો ઉંડા કરવા વિસ્તાર પ્રમાણે નીચેની સ્વૈચ્છિક સંસ્થાઓ તથા સ્થાનિક લોકજૂથો દ્વારા સહકાર આપેલ છે.

૧. શ્રી સરદાર ચેરીટેબલ ટ્રસ્ટ
૨. શ્રી નાથજી સેવા ચેરીટેબલ ટ્રસ્ટ
૩. શ્રી વિવેકાનંદ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ
૪. શ્રી મોતીભાઈ આર. ચૌધરી ફાઉન્ડેશન મહેસાણા

૫. ચુવાળ ગ્રામ વિકાસ ટ્રસ્ટ, બે,રાજી.
૬. નેચરલ રીસોર્સ ફાઉનડેશન, પાલનપુર.
૭. યુવા વિકાસ ટ્રસ્ટ, દુધવા
૮. કુળદેવી ટ્રસ્ટ, કોઠીગામ
૯. રામજી મંદિર ટ્રસ્ટ, સણવાલ.
૧૦. અસારવાવાસ મજૂર મંડળી
૧૧. દેવીદાનજી વિવિધલક્ષી ટ્રસ્ટ
૧૨. પ્રમુખશ્રી તક્ષશીલા વિકાસ ટ્રસ્ટ, પાટણ
૧૩. મંગલકૃપા જળસંચય જૂથ બાબરા.
૧૪. સર્વોદય ખાદી ગ્રામોદ્યોગ મંડળી
૧૫. માનવસુરક્ષા ટ્રસ્ટ, સુરત
૧૬. માનવ ઉત્થાન ટ્રસ્ટ, સુરત
૧૭. સ્વામી પરમહંસ ફાઉન્ડેશન ટ્રસ્ટ, પાંડેસરા, સુરત
૧૮. માધવમાનવ સેવા ટ્રસ્ટ, પૂના ચોર્યાસી, સુરત
૧૯. શ્રી નિરવ મહિલા ટ્રસ્ટ, સગરામપુરા, સુરત
૨૦. પાર્થ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત
૨૧. શિવકુંજ ગ્રામ વિકાસ ટ્રસ્ટ, પૂના, ચોર્યાસી, સુરત
૨૨. શ્રીનાથજી ફાઉન્ડેશન

(૪) સરકારશ્રીના પરિપત્ર ક્રમાંક : એસ-૨૦૦૦/૧૨/૨૦૬૦/(૧૯)/ક.૩, તા.૫/૮/૦૨ અને એસઆઈસી-૨૦૦૨-એમ-૧૨૩-૭૦-જલ તા.૬/૬/૦૩ મુજબ ૯૦ : ૧૦ માં નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવે છે.

-------------------

**તળાવો ઉંડા કરવાની યોજના (૯૦ : ૧૦) કચ્છ જીલ્લામાં લાગુ પાડવા બાબત**

અતારાંકિત : ૩૦૮૬ (૧૯-૧-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના (૯૦ : ૧૦) અંતર્ગત તળાવો ઉંડા કરવા અને નવા બનાવવાની યોજના કચ્છ જિલ્લામાં લાગુ ન કરવાના તથા અન્ય જિલ્લામાં આ યોજના લાગુ કરવાના કારણો શા છે,
(૨) કચ્છ જિલ્લામાં આ યોજના લાગુ કરવાના કોના કોના તરફથી માંગણી આવી છે, અને
(૩) કચ્છ જિલ્લામાં આ યોજના લાગુ કરવા સરકારે શી વિચારણા કરી છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૧૧-૩-૦૫) :

(૧) કચ્છ જિલ્લાનો સમાવેશ કરવામાં આવેલ છે.
(૨) કોઈના તરફથી માંગણી આવેલ નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------------

**રાજયમાં ચેકડેમ બનાવવાના ધોરણો**

અતારાંકિત : ૩૦૮૭ (૧૯-૧-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ કયા કયા જિલ્લામાં ચેકડેમો બનાવવા ૮૦ : ૨૦ નું ધોર છે,
(૨) કયા કયા જિલ્લામાં ૬૦ : ૪૦ નું ધોરણ છે,
(૩) અલગ અલગ ધોરણો રાખવાનાં કારણો શાં છે,
(૪) કચ્છ જિલ્લામાં ૮૦ : ૨૦ નું ધોરણ લાગુ કરવા કોની કોની માંગણીઓ આવી છે, અને
(૫) કચ્છ જિલ્લામાં આ ધોરણ કેટલા સમયમાં લાગુ કરવામાં આવશે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૧૬-૩-૦૫) :

(૧) બિડાણમાંના પરિશિષ્ટ-૧ મુજબના જિલ્લાઓ / તાલુકાઓમાં ચેકડેમો બનાવવા ૮૦ : ૨૦ નું ધોરણ છે.

(૨) ગુજરાતના ઉપરોકત નિર્દિષ્ટ જીલ્લાઓના નિશ્ચિત તાલુકાઓ સિવાયના અન્ય વિસ્તારમાં ૬૦ : ૪૦ નું ધોરણ અમલમાં છે.

(૩) આદિવાસી વિસ્તારોમાં તથા આર્થિક દ્રષ્ટિએ અતિ પછાત વિસ્તારોમાં લોકોની લોકફાળો આપવાની ક્ષમતા ઓછી હોવી, હયાત સિંચાઈ યોજનાના પિયત વિસ્તારમાં ન હોય તેવા વિસ્તારોને પ્રાધાન્ય આપવાની જરૂરીયાત, વગેરે પરિબળો ધ્યાને રાખતાં અલગ અલગ ધોરણો જરૂરી જણાતાં રાખવામાં આવેલ છે.

(૪) શ્રી વિશ્રામભાઈ પ્રેમજી રાબડીયા દ્વારા આવી રજૂઆત મળેલ છે.

(૫) આગામી નાણાકીય વર્ષથી સમગ્ર રાજયના બધા જ જિલ્લાઓમાં ૮૦ : ૨૦ ના ધોરણે ચેકડેમો બાંધવાનો નિર્ણય લેવાયેલ છે.

**પરિશિષ્ટ - ૧**

**સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અંતર્ગત ૮૦ : ૨૦ ના વિસ્તારોનું પત્રક**

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાના નામ |
|---|---|---|
| ૧ | પંચમહાલ | ગોધરા, કલોલ, હાલોલ, ખાનપુર, શહેરા, જાંબુઘોડા, લુણાવાડા, ઘોઘંબા (૯) |
| ૨ | દાહોદ | દાહોદ, દેવગઢબારીયા, ધાનપુર, ફતેપુરા, ગરબાડા, કડાણા, લીમખેડા, સંતરામપુર, ઝાલોદ (૯) |
| ૩ | સાબરકાંઠા | બાયડ, ભિલોડા, ધનસુરા, હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, માલપુર, મેઘરજ, પ્રાંતિજ, તલોદ, વડાલી, વિજયનગર (૧૩) |
| ૪ | બનાસકાંઠા | સમગ્ર જિલ્લામાં |
| ૫ | ખેડા | બાલાસિનોર, મહુધા, વિરપુર, કાપડવંજ (૪) |
| ૬ | પાટણ | સમગ્ર જિલ્લામાં |
| ૭ | મહેસાણા | ખેરાલુ, સતલાસણા (૨) |
| ૮ | ભરુચ | અંકલેશ્વર, વાલિયા, ઝઘડીયા (૩) |
| ૯ | ડાંગ | ડાંગ |
| ૧૦ | નર્મદા | ડેડિયાપાડા, નાંદોદ, સાગબારા, તિલકવાડા (૪) |
| ૧૧ | નવસારી | ચિખલી, ગણદેવી, વાંસદા (૩) |
| ૧૨ | સુરત | બારડોલી, કામરેજ, મહુવા, માંડવી, માંગરોલ, નિઝર, સોનગઢ, ઉચ્છલ, વાલોદ, વ્યારા (૧૦) |
| ૧૩ | વડોદરા | છોટા ઉદેપુર, જેતપુર-પાવી, કવાંટ, નસવાડી, સંખેડા (૫) |
| ૧૪ | વલસાડ | ધરમપુર, કપરાડા, પારડી, ઉમરગામ, વલસાડ (૫) |

-------------------

**કચ્છ જિલ્લામાં ક્ષાર નિયંત્રણ માટે બંધારા**

અતારાંકિત:૩૧૧૭ (૯-૧-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૧-૧-૦૫ની સ્થિતિએ લખપત તાલુકાના કપુરાશી ગામ પાસે કાળી નદી ઉપર ક્ષાર અટકાવવા બંધારા બનાવવાની દરખાસ્ત કયા તબકકે છે,

(૨) કચ્છ જિલ્લાના અન્ય કયા કયા ગામો પાસે ક્ષાર અટકાવવા બંધારા બનાવવાની દરખાસ્તો પડતર છે, અને

(૩) આ યોજનાનો અમલ કયારે કરવામાં આવશે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૧૦-૩-૦૫) :

(૧) વહીવટી મંજુરીના તબકકે છે.

(૨) આ સાથેના પત્રક મુજબના બંધારા વહીવટી મંજુરીના તબકકે છે.

(૩) આ યોજના અમલના તબકકે છે.

| અનુ. નંબર | કામનું નામ | જીલ્લો | તાલુકો |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| **ટાઈડલ રેગ્યુલેટર** | | | |
| ૧ | મોટી ચીરાઈ | કચ્છ | ભચાઉ |
| ૨ | મોરવદર | | અંજાર |

| અનુ. નંબર | કામનું નામ | જીલ્લો | તાલુકો |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૩ | ભદ્રેશ્વર | | મુન્દ્રા |
| ૪ | મુન્દ્ર | | મુન્દ્રા |
| ૫ | જરપારા | | મુન્દ્રા |
| ૬ | વાંઢ | | મુન્દ્રા |
| ૭ | ઈલયાનાના | | માંડવી |
| ૮ | પાંચટીયા | | માંડવી |
| ૯ | બડા | | માંડવી |
| ૧૦ | બમ્ભા ડાઈ | | માંડવી |
| ૧૧ | લાઠેડી | | અબડાસા |
| ૧૨ | હુવા | | અબડાસા |
| ૧૩ | કડોલી | | અબડાસા |
| ૧૪ | કોસા (વડસર) | | અબડાસા |
| **બંધારા** | | | |
| ૧૫ | જોધપુર | | રાપર |
| ૧૬ | નવાગામ | | રાપર |
| ૧૭ | વાંડીયા | | ભચાઉ |
| ૧૮ | લખપત | | ભચાઉ |
| ૧૯ | જાંગ | | ભચાઉ |
| ૨૦ | આમીયારા | | ભચાઉ |
| ૨૧ | છડવલા | | ભચાઉ |
| ૨૨ | ભચાઉ | | ભચાઉ |
| ૨૩ | ચીરાઈ | | ભચાઉ |
| ૨૪ | વરસના | | અંજાર |
| ૨૫ | ખારીરોહર | | અંજાર |
| ૨૬ | વીરા | | મુંન્દરા |
| ૨૭ | કુકડસર | | મુંન્દરા |
| ૨૮ | ભદ્રેશ્વર | | મુંન્દરા |
| ૨૯ | લુણી | | મુંન્દરા |
| ૩૦ | ગુંદાળા | | મુંન્દરા |
| ૩૧ | મુન્દરા | | મુંન્દરા |
| ૩૨ | ધરભ | | મુંન્દરા |
| ૩૩ | નવીનાલ | | મુંન્દરા |
| ૩૪ | કાંડગરા | | મુંન્દરા |
| ૩૫ | ભડીયાનાના | | માંડવી |
| ૩૬ | ગુંદીયાળી | | માંડવી |
| ૩૭ | મસ્કા | | માંડવી |
| ૩૮ | ભરાપરા / રાતડીયા | | માંડવી |
| ૩૯ | મોડકુવા | | માંડવી |
| ૪૦ | ખુડા | | અબડાસા |
| ૪૧ | સુથારી | | અબડાસા |
| ૪૨ | કમાન્ડ-૧ | | અબડાસા |
| ૪૩ | કમાન્ડ-૨ | | અબડાસા |
| ૪૪ | સંઘોરી મોટી | | અબડાસા |
| ૪૫ | બુડીયા | | અબડાસા |
| ૪૬ | ચારોપાડી મોટી | | અબડાસા |
| ૪૭ | ગુનઈ | | અબડાસા |

| અનુ. નંબર | કામનું નામ | જીલ્લો | તાલુકો |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૪૮ | ગોલય | | અબડાસા |
| ૪૯ | ખીરસરા | | અબડાસા |
| ૫૦ | નારાયણ સરોવર | | લખપત |
| ૫૧ | કોરીયાની | | લખપત |
| ૫૨ | કોરી કીક | | લખપત |

------------------

**કચ્છ જિલ્લાની નાની તથા મધ્યમ સિંચાઈ યોજનાના કામો**

અતારાંકિત :૩૧૨૪ (૭-૧-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના કયા કયા વિસ્તારોમાં નાની અને મધ્યમ સિંચાઈ યોજનાઅ ો બનાવવા સર્વે કરવામાં આવ્યો છે,

(૨) યોજના વાઈઝ પ્રગતિ કયા તબકકે છે,

(૩) આ સિવાયની કઈ કઈ યોજના કયા વિસ્તારમાં બનાવવાની માંગણી છે, અને

(૪) આ યોજનાઅ ોનું સર્વે કામ કયારે હાથ ધરવામાં આવશે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૧૭-૩-૦૫) :

(૧) છેલ્લા બે વર્ષમાં એક પણ નાની તેમજ મધયમ સિંચાઈ યોજનાઓ નવી બનાવવાનો સર્વે કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) સામેલ પત્રકમાં દર્શાવેલ માંગણીઓ છે.

(૪) શકય તેટલા વહેલાં શરૂ કરવામાં આવશે.

સંશોધન હેઠળની સૂચિત નાની અને મધ્યમ સિંચાઈ યોજનાઅ ોની માહિતી દર્શાવતું પત્રક

| અનુક્રમ | યોજનાનું નામ | તાલુકો | સિંચાઈ શકિત (હેકટરમાં) | અંદાજીત કિંમત (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | કાક | નખત્રાણા | ૨૦૩ | ૧૯૪.૪૪ |
| ૨ | જતાવીરા | નખત્રાણા | ૧૨૪ | ૧૩૯.૬૦ |
| ૩ | બીબર | નખત્રાણા | ૧૮૧ | ૬૧.૫૪ |
| ૪ | લાખાડી | નખત્રાણા | ૧૦૦ | ૧૪૦.૦૦ |
| ૫ | ભડલી | નખત્રાણા | ૧૮૧ | ૪૭.૧૩ |
| ૬ | મકડા | માંડવી | ૧૫૬ | ૩૪.૦૧ |
| ૭ | પુનડી | માંડવી | ૯૨ | ૭૩.૬૭ |
| ૮ | પ્યાકા | માંડવી | ૪૭૧ | ૧૫૩.૮૪ |
| ૯ | પતાલીયા | અંજાર | ૯૪ | ૨૬.૬૩ |
| ૧૦ | હીરાવીરી | અબડાસા | ૨૪૬ | ૧૭૨.૯૫ |
| ૧૧ | મેઘપર | લખપત | ૧૪૬ | ૩૮૮.૧૭ |
| ૧૨ | કીડીયાનગર | રાપર | ૩૨૪ | ૪૫૪.૯૦ |
| ૧૩ | સેલારી | રાપર | ૪૨૫ | ૩૭૬.૩૦ |
| ૧૪ | લોદ્રાણી | રાપર | ૧૨૮ | ૬૧.૯૦ |
| ૧૫ | કટારીયા | ભચાઉ | ૩૪૫ | ૨૭૮.૮૭ |
| ૧૬ | ચાંગ | ભચાઉ | ૨૨૦ | ૨૦૫.૫૭ |
| ૧૭ | ચાપર શોભારેલ | ભચાઉ | ૯૦ | ૬૬.૪૭ |
| ૧૮ | કનકાવતી-૨ | અબડાસા | ૬૪૦ | ૧૨૧૨.૮૯ |
| ૧૯ | બેરાચીયા-૨ | અબડાસા | ૮૮૬ | ૧૯૩૭.૭૭ |

------------------

## માંડવી, નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાઓમાં પીવાનું પાણી પહોંચાડવા અંગે

અતારાંકિત : ૩૨૦૯ (૨૭-૧-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કચ્છ જિલ્લાના માંડવી, નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકામાં કઈ કઈ જુથ પાણી પુરવઠા, સ્વતંત્ર પાણી પુરવઠા યોજનાઅ ો ચાલુ છે,

(૨) યોજનાવાર કયા કયા ગામો સંકળાયેલા છે,

(૩) આ યોજનાઅ ોમાંથી કયા કયા ગામોને નિયમિત પાણી મળતુ નથી તેના કારણો શા છે, અને

(૪) આવા ગામોને નિયમિત પાણી મળે તે માટે શું આયોજન કરવામાં આવ્યું છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૧૧-૩-૦૫) :

(૧) અને (૨) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કચ્છ જિલ્લાના માંડવી, નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકામાં નીચેની વિગતે યોજનાઅ ો ચાલુ છે અને યોજનાવાર ગામોની વિગત પત્રક મુજબ છે.

| અ.નં. | તાલુકા | જુથ | | વ્યકિતગત પાણી પુરવઠા યોજના | | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | યોજના | ગામ/પરા | પાઈપ યોજના | સાદો કુવો | હેન્ડ પંપ | યોજના | ગામ/પરા |
| ૧ | માંડવી | ૧૨ | ૬૬ | ૨૩ | ૧ | ૦ | ૩૬ | ૯૦ |
| ૨ | નખત્રાણા | ૧૨ | ૭૧ | ૪૩ | ૨ | ૨ | ૫૯ | ૧૧૮ |
| ૩ | અબડાસા | ૧૧ | ૧૨૬ | ૧૯ | ૨ | ૩ | ૩૫ | ૧૫૦ |
| ૪ | લખપત | ૨ | ૮૦ | ૦ | ૧ | ૧ | ૪ | ૮૨ |

(૩) અને (૪) નીચે મુજબની વિગતે

| અ.નં. | તાલુકો | ગામનું નામ | કારણો | નિયમિત પાણી માટે | |
|---|---|---|---|---|---|
| | | | | આયોજન | લક્ષાંક |
| ૧ | લખપત | ઝારા | જોડાણ લાઈનનું કામ પ્રગતિમાં હોવાથી | પાઈપ લાઈન નાંખવાની કામગીરી પુર્ણ કરીને | ૩૦/૪/૦૫ |
| ૨ | લખપત | અમીયા | હેન્ડપંપમાં આવરો ઘટી જવાથી | લખપત જુથ યોજનામાંથી ટેપીંગ આપીને | ૩૧/૩/૦૬ |
| ૩ | અબડાસા | હરીપર | પાઈપ લાઈન મરામતના કારણે | મરામત કામગીરી પુર્ણ કરીને | ૩૧/૩/૦૫ |
| ૪ | અબડાસા | નારણપર | કુવામાંથી પાણી ઓછું થવાથી | નવો સોર્સ ઉભી કરીને | ૩૧/૧૨/૦૫ |
| ૫ | નખત્રાણા | થાન | છેવાડાનું ગામ અને અપુરતી વીજળી | નર્મદા આધારીત લાઈન સાથે જોડાણ કરીને | ૩૧/૩/૦૬ |
| ૬ | નખત્રાણા | ઝાલુ | છેવાડાનું ગામ અને અપુરતી વીજળી | નર્મદા આધારીત લાઈન સાથે જોડાણ કરીને | ૩૧/૩/૦૬ |
| ૭ | નખત્રાણા | ઓરીરો | કુવામાંથી પાણી સુકાઈ જવાથી | નર્મદા આધારીત લાઈન સાથે જોડાણ કરીને | ૩૧/૩/૦૬ |
| ૮ | નખત્રાણા | મેડીસર | કુવામાંથી પાણી સુકાઈ જવાથી | નર્મદા આધારીત લાઈન સાથે જોડાણ કરીને | ૩૧/૩/૦૬ |

( * પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે. )

-------------------

## કચ્છ જિલ્લામાં કેનાલોની સફાઈ

અતારાંકિત: ૩૨૧૩ (૩૧-૧-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજયમાં તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ નર્મદા યોજનાના વધારાના પાણી ખેતી માટે કયા કયા વિસ્તારને કયા કયા વર્ષથી આપવાનું સરકારે આયોજન કર્યું છે, અને

(૨) મુળ કમાન્ડ કરતાં વધારાના પાણી આપવાનો જિલ્લાવાર અને વિસ્તારવાર કેટલો ખર્ચ અંદાજવામાં આવ્યો છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૧૪-૩-૦૫) :

(૧) રાજયમાં તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ નર્મદા યોજનાના વધારાના પાણી ખેતી માટે નીચેના વિસ્તારોને આપવાનું આયોજન છે.
નર્મદા યોજનામાં પુરના ૩ મી. એકર ફીટ વધારાના પાણીની ફાળવણી ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છને દરેકને ૧ મી. એકર ફીટના હિસાબે કરવામાં આવેલ છે.

(૨) મૂળ નર્મદાના કમાન્ડ સિવાય આ ૩ મી. એક ફીટ પાણીથી લગભગ ૬ લાખ હેકટર સિંચાઈનેં ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં આયોજન આવેલ છે.
હાલમાં આ પાણીનો મહત્તમ ઉપયોગ થાય તે માટે વિવિધ વિકલ્પોની વિચારણા ચાલતી હોવાથી જીલ્લાવાર ચોકકસ વિગતો ઉપલબ્ધ કરી શકાય નહિં, પરંતુ આ વિસ્તારના ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં બે-બે લાખ જેટલી વધારાની સિંચાઈનું આયોજન છે. હાલમાં આ પાણીના મહત્તમ ઉપયોગનું વૈકલ્પિક આયોજન વિચારણા હેઠળ હોવાથી કુલ ખર્ચનો અંદાજ આપી શકાય નહિં, પરંતુ પ્રથમ તબકકામાં નીચે પ્રમાણેનો ખર્ચ અંદાજેલો છે.

(અ) ઉત્તર ગુજરાતના વિસ્તાર માટે આશરે અંદાજે રૂા.૨૮૩૮.૦૦ કરોડનો ખર્ચ અંદાજવામાં આવેલ છે.
(બ) સૌરાષ્ટ્ર વિસ્તાર માટે રૂા.૫૧૫.૦૦ કરોડનો ખર્ચ અંદાજવામાં આવેલ છે.
(ક) કચ્છ જિલ્લાના વિસ્તાર માટે રૂા.૧૩૨૦.૦૦ કરોડનો શકયતાદર્શી અહેવાલ મુજબ ખર્ચ અંદાજવામાં આવેલ છે.

-------------------

**સરદાર સરોવર યોજનાનું પાણી કચ્છ જિલ્લામાં ખેતી માટે આપવાનું આયોજન**

અતારાંકિત : ૩૨૧૫ (૨૭-૧-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સરદાર સરોવર યોજના (નર્મદા યોજના) માં કચ્છ જિલ્લાના કયા કયા તાલુકાની કયા કયા વિસ્તારની કેટલી જમીન ખેતી માટેના પાણી હેઠળ આવરી લેવા આયોજન કરવામાં આવ્યું છે, અને
(૨) કચ્છ જિલ્લાના અતિ પછાત એવા અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકાની ખેતીની જમીનને જ આવરવાના કારણો શાં શાં છે ?

**મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** (૯-૩-૦૫) :

(૧) કચ્છ જિલ્લાના નીચે મુજબના તાલુકાઓની જમીન સિંચાઈ હેઠળ આવરી લેવાનું આયોજન કરવામાં આવેલ છે.

| નંબર | તાલુકો | લાભિત ગામોની સંખ્યા | પિયત વિસ્તાર હેકટરમાં |
|---|---|---|---|
| ૧ | રાપર | ૪૭ | ૩૮,૫૬૧ |
| ૨ | ભચાઉ | ૩૩ | ૨૫,૯૩૫ |
| ૩ | ગાંધીધામ | ૦૮ | ૧,૧૩૪ |
| ૪ | અંજાર | ૨૪ | ૧૩,૩૬૭ |
| ૫ | મુન્દ્રા | ૩૪ | ૧૮,૨૪૦ |
| ૬ | માંડવી | ૩૦ | ૧૧,૧૯૮ |
| ૭ | ભુજ | ૦૬ | ૧,૩૪૩ |
| | કુલ | ૧૮૨ | ૧,૧૨,૭૭૮ |

(૨) આ તાલુકાઓના વિસ્તાર ઉંચાણવાળા વિસ્તારમાં આવેલ હોવાથી તેમજ આયોજન મુજબના કુલ ૧,૧૨,૭૭૮ હેકટર પિયત વિસ્તારમાં સમાવવા માટે લાભિત કમાન્ડ વિસ્તાર કરતાં દૂરના અંતરે આવેલ હોવાથી નર્મદા યોજનાના કમાન્ડ વિસ્તારમાં સમાવેશ કરવામાં આવેલ નથી.

-------------------

**સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ કચ્છ જિલ્લામાં લોકફાળો ૪૦ ટકાથી ઘટાડી ૨૦ ટકા કરવા અંગે**

અતારાંકિત : ૩૨૧૬ (૩૧-૧-૦૫) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

